


ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

પ્રતિમાશતક

શબ્દશઃ વિવેચન

ભાગ-૩

: વિવેચક :

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પ્રતિમાશતક ભાગ-3

શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલન-સંશોધનકારિકા ❋

સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી
તથા પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૦ ✦ વિ. સં. ૨૦૬૦ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : દ્વિતીય ✦ નકલ : ૩૦૦

મૂલ્ય : ૩. ૨૬૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

શ્રી પ્રકાશભાઈ કનુભાઈ શાહ

પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'ગીતાર્થ ગંગા'

૪૦

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા,
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્‌ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન

૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬

૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ની દ્વિતીય આવૃત્તિ

સંકલન-સંપાદનની વેળાએ પ્રાક્કથન

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, સારસ્વતપુત્ર મહોપાધ્યાયજી શ્રી **યશોવિજયજી** મહારાજાની એક અજોડ અનુપમ બેનમૂન સ્વોપજ્ઞવૃત્તિ સહિતની અણમોલ કૃતિરૂપ **પ્રતિમાશતક** ગ્રંથરત્ન, આપણા સૌના અતિ પરમ સદ્‌ભાગ્યને કારણે આપણને દુષમકાળમાં પણ સ્થાપનાનિક્ષેપે રહેલ પરમાત્માના સ્વરૂપને પીછાણવા માટે પ્રાપ્ત થયેલ છે.

પ્રતિમાશતક ગ્રંથરત્ન શબ્દશઃ વિવેચન ભાગ-૧ અને **ભાગ-૨**ના પ્રકાશન પછી **ભાગ-૩**ના પ્રકાશન માટે અનેક વિદ્વાનવર્ગની સતત માંગણી આવતી જ રહી છે કે ભાગ-૩નું પ્રકાશન ક્યારે થશે ? પરંતુ અન્ય સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોના સંપાદન-સંશોધન કાર્યની વ્યસ્તતાને કારણે તેમ જ નાદુરસ્ત તબિયત રહેતી હોવાને કારણે થોડો વિલંબ થયો છે.

ખરું કહું તો, મારી નાદુરસ્ત તબિયતના કારણે રાજનગર મુકામે પૂજ્યોની આજ્ઞાથી સ્થિરતા કરવાનું બન્યું એ અરસામાં યોગ-અધ્યાત્મગ્રંથ-મર્મજ્ઞ પંડિતવર્યશ્રી **પ્રવીણભાઈ ખીમજીભાઈ મોતા** પાસે યોગગ્રંથો અને અધ્યાત્મગ્રંથોના વાચનનો સુઅવસર સાંપડ્યો, તેને મારા જીવનની સોનેરી ક્ષણો ગણું છું. એમાં પણ જ્યારે મહાકીમતી રત્ન કરતાં પણ શ્રેષ્ઠ રત્નસ્વરૂપ, મહામૂલા નજરાણા જેવા **પ્રતિમાશતક** ગ્રંથરત્નના વાચનનો અવસર સાંપડ્યો ત્યારે તો ભૂખ્યાને ક્ષુધા સંતોષવા ઘેબરનું ભોજન મળે, તરસ્યાને તૃષા છિપાવવા જળનું પાન મળે અને જે તૃપ્તિનો - આલ્લાદનો અનુભવ થાય, એનાથી પણ વિશેષ તૃપ્તિનો-આલ્લાદનો અનુભવ થયો છે અને એનું વિવેચન લખવાની ક્ષણોમાં એકાગ્રતાની અનુભૂતિ થઈ છે, તો આંશિક સંવેગના માધુર્યનો રસાસ્વાદ ચાખવા મળ્યો છે, તેના કારણે અસાતાવેદનીયકૃત શરીરની પીડામાં કાંઈક હળવાશનો અનુભવ થયો છે. અન્યથા શરીરવિષયક આર્ત્તધ્યાનથી નવા અનેક કર્મોની હારમાળા સર્જાતી રહેત. પંડિતવર્યશ્રી **પ્રવીણભાઈ** ગ્રંથવાચન કરાવતા તે વખતે રોજેરોજના પાઠની સંકલના સ્વસ્વાધ્યાય માટે નોટરૂપે તૈયાર કરેલ. ત્યારપછી અનેક જ્ઞાનપિપાસુ, તત્ત્વજિજ્ઞાસુ વર્ગની ભાવના-ઇચ્છા-માંગણીને અનુરૂપ એ વિવેચનની પુનઃ સુવાચ્ય અક્ષરરૂપે ટીકા-ટીકાર્થ-વિવેચન સહ ગોઠવણી કરી, પ્રેસકોપી તૈયાર કરી. તેમાંથી **૧ થી ૨૯** શ્લોકની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧** અને **૩૦ થી ૬૦** શ્લોકની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨** રૂપે પ્રકાશિત થયેલ છે. હવે પ્રસ્તુત **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩માં ૬૧ થી ૬૯** શ્લોકની સંકલના ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવે છે, જેમાં સર્વ લુંપાકમતનું-પ્રતિમાલોપકનું નિરાકરણ પૂર્ણ થયેલ છે. હજુ **૭૦ થી ૧૦૪** શ્લોકની સંકલના તૈયાર કરવાની બાકી છે, તે પરમાત્માની અચિંત્ય કૃપાશક્તિથી અનેક ગુરુભગવંતોના આશીર્વાદ અને ઉપબૃંહણાથી તથા તત્ત્વજિજ્ઞાસુ વર્ગની શુભ ભાવનાથી જલદી પરિપૂર્ણ થાય એવી ઇચ્છા રાખું છું.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ની પ્રસ્તાવના લખવાના અવસરે ગ્રંથના મહત્ત્વના અંગભૂત કાવ્યરચના અંગે પણ થોડી વાત કરી લઈએ. જિનપ્રતિમાના ગુણગાન કરતા આ ગ્રંથમાં પ્રાયઃ શાર્દૂલવિક્રીડિત છંદમાં રચેલાં મૂળ કાવ્યો-૧૦૪ છે અને સંસ્કૃત ભાષામાં છે. શ્રેષ્ઠ કાવ્ય માટે આવશ્યક પદલાલિત્ય, અલંકારો, અર્થગંભીરતા, પ્રાસ વગેરે ભૂષણોથી મનોરમ બનેલાં આ કાવ્યો પરમાત્મા-જિનબિંબની ભક્તિ-બહુમાનયુક્ત સ્તુતિઓરૂપ છે અને અનેક અલંકારો વગેરેથી સુગ્રાહ્ય બનેલાં આ કાવ્યોમાં ગ્રંથકાર શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજાએ જિનેશ્વરદેવો પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરીને કાવ્યોને જીવંત બનાવ્યાં છે. જેથી આ કાવ્યો માત્ર પઠનીય કે શ્રવણીય ન રહેતાં સ્મરણીય, મનનીય, ધ્યાતવ્ય પણ બની ગયાં છે. જિનપ્રતિમાની આવશ્યકતા, પૂજ્યતા અને શ્રેષ્ઠતાદર્શક આ કાવ્યો ભક્તિરસ અને અધ્યાત્મરસથી ભરપૂર હોવાથી કમનીય છે, જેનો એક નમૂનો આ રહ્યો –

किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु, ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।
इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता; किं शब्दातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ।।

આ પ્રતિમા શું બ્રહ્મૈકમય છે ? શું ઉત્સવમય છે ? શું શ્રેયોમય છે ? શું જ્ઞાનાનંદમય છે ? શું ઉન્નતિમય છે ? શું સર્વ શોભામય છે ? આ પ્રમાણે 'શું' 'શું' એવી પ્રકલ્પનાઓમાં તત્પર એવા કવિઓ વડે જોવાયેલી આ પ્રતિમા સદ્ધ્યાનના પ્રભાવથી 'किं' શબ્દથી અતીત જ એવા પરં જ્ઞાનપ્રકાશનું દર્શન કરાવે છે.

આ રીતે શ્રેષ્ઠ પ્રતિમાની પૂજ્યતાની સિદ્ધિ **પ્રતિમાશતક** ગ્રંથરત્નમાં ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી મહારાજાએ** અનેક આગમપાઠોની સાક્ષી આપવાપૂર્વક તર્કયુક્તિઓ દ્વારા કરેલ છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩માં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓની છણાવટ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ કરેલ છે અને તેમાં અનેક આગમપાઠોની સાક્ષીઓ આપેલ છે. તે આ પ્રમાણે -

* દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, તે વિધિવૈગુણ્યકૃત છે અને તે પણ ભક્તિથી ઉપહત થાય છે, એ પ્રકારે જ્ઞાપન કૂપદૃષ્ટાંતનું ફળ છે.

* વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન નથી.

* કૂપદૃષ્ટાંતનું યોજન કઈ રીતે, ક્યાં સંગત થાય છે, તે અંગે વિસ્તૃત ચર્ચાપૂર્વક ગ્રંથકાર શ્રી ઉપાધ્યાયજી મહારાજાને સ્ફુરણ થતા પદાર્થનું સ્પષ્ટીકરણ કરેલ છે.

(કૂપદૃષ્ટાંતના યોજન અંગે વિશેષ જિજ્ઞાસુએ 'કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન' ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત થયેલ છે, તે વાંચવાથી ખ્યાલ આવશે.)

* 'જિનપૂજા અર્થદંડરૂપ નથી' એ સિદ્ધ કરવા માટે અનેક તર્કબાણોથી પ્રતિમાલોપકોની માન્યતાને છિન્ન ભિન્ન કરેલ છે.

* દ્રવ્યસ્તવની સિદ્ધિ માટે એક પછી એક અનેક આગમ-પ્રકરણ પાઠોનો ધોધ વહાવ્યો છે.

* સંપૂર્ણ સ્તવપરિજ્ઞા ગ્રંથ આમાં ઉતારીને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો સાંગોપાંગ બોધ કરાવેલ છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩માં આવતા આગમ-પ્રકરણ પાઠો :-

શ્લોક-૬૨માં :-

* અર્થદંડના સ્વરૂપનું ઉદ્ધરણ-સૂયગડાંગનો પાઠ
* દ્રવ્યસ્તવને અર્થદંડરૂપે સ્થાપવા પૂર્વપક્ષીએ આપેલ યુક્તિનું નિરાકરણ-આચારાંગસૂત્રનો પાઠ
* આચારાંગના પરિવંદનાદિ સૂત્રનો ટીકા સહ અર્થ
* દંડસમાદાનમાં પૂજા અસમાવિષ્ટ-આચારાંગનો પાઠ

શ્લોક-૬૩માં :-

* જિનપ્રતિમાની વંદનાદિની સિદ્ધિ માટે ઉપાસકદશાંગનો પાઠ, આનંદ શ્રાવકનું દૃષ્ટાંત
* અન્યતીર્થિકોને નહિ વાંદવારૂપ ઔપપાતિકઉપાંગનો પાઠ, અંબડ પરિવ્રાજકનું દૃષ્ટાંત

શ્લોક-૬૪માં :-

* પ્રતિમાની સિદ્ધિ અર્થે પ્રશ્નવ્યાકરણનો પાઠ, સુવર્ણગુલિકાનું દૃષ્ટાંત
* પ્રશસ્ત કાર્યોમાં દિગ્દ્વયના સ્વીકારમાં હેતુ - સ્થાનાંગ સૂત્રનો પાઠ
* પ્રતિમા સમક્ષ આલોચનાની શાસ્ત્રાર્થતા સંબંધી આલોચના અર્હનો ક્રમ - વ્યવહારઆલાપકનો પાઠ

શ્લોક-૬૫માં :-

* જિનેશ્વરની પ્રતિમાના અર્ચનવિષયક જ્ઞાતાધર્મકથાનો પાઠ, દ્રૌપદીનું દૃષ્ટાંત

શ્લોક-૬૭માં :-

* સિદ્ધાર્થરાજાકૃત જિનાર્ચાવિષયક કલ્પસૂત્રનો પાઠ
* સિદ્ધાર્થરાજા શ્રમણોપાસક અંગે - આચારાંગનો પાઠ
* તીર્થપૂજનાદિથી સમ્યક્ત્વની શુદ્ધિ અંગે - આચારાંગ નિર્યુક્તિનો પાઠ
* સમ્યગ્ભાવિત જિનપ્રતિમા ભાવગ્રામ - કલ્પભાષ્યનો પાઠ
* સાક્ષાત્ ચૈત્યારાધન અંગે - ષડાવશ્યક અંતર્ગત શ્રાવક પ્રતિક્રમણ સૂત્રનો પાઠ
* શાશ્વત જિનપ્રતિમાઓનું વર્ણન - જીવાભિગમ સૂત્રનો પાઠ

શ્લોક-૬૭ અંતર્ગત સ્તવપરિજ્ઞામાં :-

જિનભવન વિધિ, ભૂમિશુદ્ધિ, કાષ્ઠશુદ્ધિ, સ્વાશય શુદ્ધિ, જિનબિંબનિર્માણવિધિ, જિનપૂજાવિધિ, આજ્ઞાવિહિત દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો ભેદ, દ્રવ્યસ્તવથી ભાવસ્તવ પામવાની

પ્રક્રિયા, સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સુસાધુનું સ્વરૂપ, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની સંલગ્નતા, યતિને પણ દ્રવ્યસ્તવનું અનુમોદન, લોકોપચાર વિનયરૂપ દ્રવ્યસ્તવ, વેદવિહિત હિંસા સાથે જિનપૂજાની તુલના-પૂર્વપક્ષ, અનુપપત્તિક એવા વેદવચનમાત્રથી હિંસાની ધર્મરૂપતા, અસિદ્ધ-ઉત્તરપક્ષ, દ્રવ્યસ્તવ ગુણાંતરમાં કારણભૂત, વેદવિહિત હિંસામાં ભાવઆપત્તિ નિવારણનો અભાવ, યતનાયુક્ત દ્રવ્યસ્તવ અહિંસારૂપ, વીતરાગ કૃતકૃત્ય હોવાથી પૂજ્ય, વેદવચનોની અપૌરુષેયતા અસિદ્ધ, આગમવચન અને સર્વજ્ઞ વચ્ચે બીજાંકુર ભાવ ઈત્યાદિ પદાર્થોનું નિરૂપણ કરેલ છે.

શ્લોક-૬૮માં :-

સર્વ લુંપકમતનો ઉપસંહાર કરીને **શ્લોક-૬૯માં** પ્રતિમાની પૂજનીયતાનું સ્વરૂપ અને પરમાત્મભક્તોનું સ્વરૂપ બતાવેલ છે.

વિષયોનું દિગ્દર્શન આ તો માત્ર નમૂનારૂપે દર્શાવેલ છે. બાકી તો આ ગ્રંથરત્નમાં કેવા કેવા અપૂર્વ, ગંભીર પદાર્થોનું નિરૂપણ કર્યું છે. તે પ્રસ્તુત ભાગ-૩ના પદાર્થોની સંકલના અને વિસ્તૃત અનુક્રમણિકા વાંચવાથી વાચકવર્ગને સ્વયં જ ખ્યાલ આવશે. વિસ્તૃત અનુક્રમણિકા બનાવવાનો ઉદ્દેશ એ છે કે ગ્રંથકારશ્રીએ ૧૦૪ શ્લોકના રચેલા આ **પ્રતિમાશતક** ગ્રંથરત્નમાં શાસ્ત્રીય પદાર્થોનો કેવો મહાખજાનો આપણને ભેટસ્વરૂપે આપેલ છે, તે સમજી શકાય.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ના પ્રાક્કથનમાં જણાવ્યા મુજબ ગ્રંથસંપાદનની શૈલીમાં વિષયક્રમ મુજબ ટીકા-ટીકાર્થ લીધેલ છે. ટીકાના અર્થમાં વચ્ચે વચ્ચે અનેક ઉત્થાનો કરેલ છે, જેનાથી તે તે કથન કે તે તે હેતુ શા માટે આપેલ છે, તેનો સુગમતાથી બોધ થઈ શકે છે. ટીકાર્થની નીચે વિશેષાર્થ આપેલ છે, તે વિશેષાર્થ ક્યાંક સંપૂર્ણ ટીકાર્થને અનુલક્ષીને આપેલ છે, તો ક્યાંક ટીકાના અમુક કથનને અનુલક્ષીને આપેલ છે. ટીકાના અર્થની વિશેષાર્થમાં કોઈ કોઈ સ્થાનમાં પુનરુક્તિ પણ થાય છે, પરંતુ સંસ્કૃત ભાષાના અનભિજ્ઞને સળંગ તે પદાર્થનો બોધ થાય તે હેતુ હોવાથી તે પુનરુક્તિ ક્ષંતવ્ય ગણાશે.

ટીકામાં જ્યાં જ્યાં અશુદ્ધ પાઠ લાગ્યો અને સંગત થતો ન જણાયો ત્યાં ત્યાં ગીતાર્થગંગા સંસ્થામાં ઉપલબ્ધ હસ્તલિખિતની ઝેરોક્ષ પ્રતના આધારે શુદ્ધ કરેલ છે અને કેટલાક સ્થાનમાં પાઠ સંગત ન લાગે ત્યાં એ પાઠની અસંગતિને દૂર કરવા માટે ટીકાની નીચે નોંધ આપી છે કે અહીં આવો પાઠ ઉચિત લાગે છે કે ભાસે છે અને ટીકામાં પણ તે પાઠ કૌંસમાં બાજુમાં મૂકેલ છે. ઉદ્ધરણના પાઠોમાં પણ હસ્તલિખિત પ્રતમાં અને મુદ્રિત પુસ્તકમાં અશુદ્ધિઓ રહેલ છે, તે અશુદ્ધિઓનું પરિમાર્જન તે તે ગ્રંથોની પ્રતોમાંથી કરેલ છે. સ્તવપરિજ્ઞામાં કોઈક સ્થાનમાં પંચવસ્તુક ગ્રંથના આધારે શુદ્ધિ કરેલ છે, તેની તે તે સ્થાનમાં નોંધ આપેલ છે.

આ ગ્રંથના પ્રૂફસંશોધન અંગે ૫-૬-૭ પ્રૂફ કઢાવીને પણ શુદ્ધિકરણ કરવાનો પ્રયત્ન કરેલ છે. છતાં કોમ્પ્યુટર વગેરેના કારણે તેમ જ અનાભોગાદિથી અશુદ્ધિઓ રહી હોય તેનું પરિમાર્જન કરી વાચકવર્ગ વાંચે એવી ભલામણ છે.

પ્રસ્તુત ભાગ-૩નું પ્રથમ પ્રૂફવાંચન પૂ. સા. શ્રી **ચંદ્રાનનાશ્રીજી** મ. ના શિષ્યા સા. **ચારુનંદિતાશ્રીજી** મ. ના શિષ્યા સા. **હિતરુચિતાશ્રીજી**એ કરેલ છે. ત્યાર પછી તેમનો વિહાર થયો તેથી બાકીના સઘળા પ્રૂફસંશોધન કાર્યમાં તથા ભાષાકીય સુધારા-વધારા વગેરે માટે અનેક પ્રશ્નો કરીને વિવેચન સુવાચ્ય બને તે માટે શ્રુતોપાસક સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહ**નો વિશેષ સહકાર સાંપડેલ છે અને તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અનુભવેલ છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ની પ્રથમાવૃત્તિની નકલો ટૂંક સમયમાં ખપી જતાં આ દ્વિતીયાવૃત્તિ પ્રકાશિત કરવામાં આવેલ છે. શબ્દશઃ વિવેચનના આધારે અનેક વાચકોને ગ્રંથવાચનમાં સુગતમા રહે છે.

છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઈ જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો તે બદલ 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

પ્રાંતે અંતરની એક જ મહેચ્છા કે દેવ-ગુરુની અસીમ કૃપાથી સ્વાત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને અને મને પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની જે તક મળી તે સ્વાધ્યાયની પરિણતિ દ્વારા ક્રમે કરીને ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત કરી. સંયમયોગને અપ્રમત્તપણે આરાધી, નિઃસંગભાવની અનુભૂતિ, પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ, ક્ષપકશ્રેણિનો પ્રારંભ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, પૂર્ણ વીતરાગતાના આસ્વાદની અનુભૂતિ, યોગનિરોધ દ્વારા સર્વ સંવરભાવની પ્રાપ્તિ અને પરિપૂર્ણ સુખસ્વરૂપ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ નિકટના ભવોમાં થાય, એ જ શુભાશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો, એ જ મારી મનઃકામના.

આસો સુદ-૧૫, વિ. સં. ૨૦૬૮,
તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર
એફ-૨, જેઠાભાઈ પાર્ક,
નારાયણનગર રોડ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૭

પરમપૂજ્ય પરમતારક પરમારાધ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી, પ્રવચનપીયૂષ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી તથા પ. પૂ. સરળસ્વભાવી પ્રવર્તિની સાધ્વી રોહિતાશ્રીજી મ. સા.ના શિષ્યરત્ના સાધ્વી ચંદનબાલાશ્રી

દ્વિતીય આવૃત્તિ-પ્રતિમાશતક ગ્રંથરત્ન ભાગ-૩માં આવતા પદાર્થોની

સંક્ષિપ્ત સંકલના

શ્લોક-૬૧ :-

પૂર્વે **શ્લોક-૬૦માં** કૂપદૃષ્ટાંતની સંગતિ પૂજામાં કઈ રીતે થાય છે, તે અંગેની વિસ્તારથી ચર્ચા કરી, અને તે વિષયમાં વ્યવહારનયને આશ્રયીને શ્રીમદ્ પૂજ્ય ઉપાધ્યાય **યશોવિજયજી** મહારાજાને જે સમાધાન ઉચિત લાગે છે, તે **શ્લોક-૬૧માં** બતાવેલ છે અને શ્લોક-૬૧માં કૂપદૃષ્ટાંત અંગેની વિશદ ચર્ચા પૂરી થાય છે.

શ્લોક-૬૨ :-

'પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તેથી ભગવાનની પૂજામાં ધર્માર્થ હિંસા છે,' એ પ્રકારની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ સૂયગડાંગસૂત્રના બળથી **શ્લોક-૬૨માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

શ્લોક-૬૩ :-

આનંદ શ્રાવકની અને અંબડ પરિવ્રાજકની ચૈત્યપૂજાને કહેનારા આગમપાઠના બળથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે, તે વાત **શ્લોક-૬૩માં** ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

શ્લોક-૬૪ :-

સુવર્ણગુલિકાના સંબંધના નિર્ણયથી અને પૂર્વ-ઉત્તર એ બે દિશામાં સર્વ ઉત્તમ ક્રિયાઓ કરવાના કથનથી તથા સમ્યગ્ભાવિત ચૈત્યની સાક્ષીથી આલોચનાને કહેનારા વચનથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે, તેની વિશદ ચર્ચા **શ્લોક-૬૪માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

તે કથનમાં ગીતાર્થની અપ્રાપ્તિમાં આલોચના કરવા માટે ઉત્સર્ગ અને અપવાદથી શું મર્યાદા છે, તેનો પણ વ્યવહારઆલાપકના કથનથી બોધ થાય છે તથા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગીતાર્થો કેવા હોવા જોઈએ, તેનું વર્ણન **શ્લોક-૬૪માં** બતાવેલ છે.

શ્લોક-૬૫ :-

દ્રૌપદીની ભગવાનની પૂજાને કહેનારા વચનથી પણ ભગવાનની મૂર્તિ પૂજનીય છે અને દ્રૌપદી શ્રાવિકા છે, તેની વિસ્તૃત ચર્ચા **શ્લોક-૬૫માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

ઈહલોકાર્થે પણ કરાતા કેવા સ્થાનમાં તપ-પૂજાદિ અનુષ્ઠાનો દોષરૂપ નથી, તેની યુક્તિ દ્રૌપદીના પ્રસંગને સામે રાખીને **શ્લોક-૬૫માં** બતાવેલ છે.

શ્લોક-૬૬ :-

દ્રૌપદીએ ઈહલોકાર્થે ભગવાનની પૂજા કરી છે, માટે દ્રૌપદીની પૂજાને કહેનારા વચનના બળથી ભગવાનની મૂર્તિ પૂજ્ય સિદ્ધ ન થાય, તેવી લુંપાકની માન્યતાનું નિરાકરણ કરવા માટે દ્રૌપદીની પૂજા ઈહલોકાર્થે નથી, તેની યુક્તિપૂર્વક સંગતિ **શ્લોક-૬૬માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

શ્લોક-૬૭ :-

સિદ્ધાર્થરાજાની ભગવાનની પૂજાને કહેનારા શાસ્ત્રવચનોથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે, તે વાત **શ્લોક-૬૭માં** ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

વળી, સમ્યગ્ભાવિત જિનપ્રતિમા ભાવગ્રામ છે અને તેનું તાત્પર્ય પણ **શ્લોક-૬૭માં** બતાવેલ છે.

વળી, ભગવાનની પ્રતિમા પૂજનીય છે, તેને સ્પષ્ટ કરવા માટે ૨૦૩ ગાથા પ્રમાણ **સ્તવપરિજ્ઞા** નામનો અધિકાર પંચવસ્તુ ગ્રંથમાંથી ગ્રહણ કરીને આ પ્રતિમાશતક ગ્રંથરત્નમાં **શ્લોક-૬૭માં** બતાવેલ છે અને તેના ઘણા ગંભીર પદાર્થો પૂજ્ય મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ **'સ્તવપરિજ્ઞા'**માં સ્પષ્ટ કરેલ છે. તેનો સંક્ષેપથી ભાવ આ પ્રમાણે છે –

દ્રવ્યસ્તવ શું છે અને ભાવસ્તવ શું છે તે બતાવવા માટે, પ્રથમ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું લક્ષણ કર્યા પછી દ્રવ્યસ્તવનું વિસ્તારથી વર્ણન કરેલ છે, તેથી શ્રાવક-શ્રાવિકાઓને દ્રવ્યસ્તવ કઈ રીતે કરવું જોઈએ, તેનો બોધ થાય છે.

વળી, આ દ્રવ્યસ્તવ ભાવસંયમની પ્રાપ્તિરૂપ ભાવસ્તવનું કઈ રીતે કારણ થાય, તે વાત પણ અનેક યુક્તિઓથી સ્તવપરિજ્ઞામાં કરેલ છે.

વળી, દ્રવ્યસ્તવના ફળરૂપ જે ભાવસ્તવ છે તે સુસંયમરૂપ છે, અને સુસંયમવાળો સાધુ કેવી પરિણતિવાળો હોય છે, તેનું વિસ્તારથી વર્ણન સ્તવપરિજ્ઞામાં કરેલ છે. તેનાથી ભાવસાધુમાં રહેલા અઢાર હજાર શીલાંગો કેવા સ્વરૂપવાળા છે, તેનો બોધ થાય છે; તથા ભાવસાધુમાં સુવર્ણ જેવા સર્વ ગુણો કઈ રીતે છે, તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે, જેથી પ્રસ્તુત સ્તવપરિજ્ઞાના બળથી દેશવિરતિધર શ્રાવક કઈ રીતે દ્રવ્યસ્તવ કરીને અઢાર હજાર શીલાંગથી યુક્ત એવું ભાવસંયમ પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત કરેલું ભાવસંયમ કેવા લોકોત્તમ સ્વરૂપવાળું છે, તેનો બોધ થાય છે.

વળી, દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની કે અન્ય પૃથ્વીકાય આદિ જીવોની હિંસા હોવા છતાં જો તેને ધર્મરૂપે સ્વીકારી શકાય તો વેદમાં બતાવેલ યજ્ઞને પણ ધર્મરૂપે સ્વીકારવાની આપત્તિ આવે છે, એ પ્રકારનો પૂર્વપક્ષ અનેક યુક્તિઓથી બતાવીને યજ્ઞમાં કરાતી હિંસા વેદવચનાનુસાર છે, છતાં તે ધર્મરૂપ નથી, અને ભગવાનની પૂજામાં થતી હિંસા પરમાર્થથી હિંસા નથી, પરંતુ સંયમપ્રાપ્તિનો ઉપાય છે, તે વાત અનેક યુક્તિઓથી સ્તવપરિજ્ઞામાં બતાવેલ છે.

વળી, વેદવચન પ્રમાણ નથી અને સર્વજ્ઞનું વચન જ પ્રમાણભૂત છે, તે વાત સ્વમતના રાગથી નહિ પણ યુક્તિઓથી કઈ રીતે સંગત છે, તેનું વિસ્તારથી નિરૂપણ સ્તવપરિજ્ઞામાં કરેલ છે.

સ્તવપરિજ્ઞાના અંતે દાન, શીલ, તપ અને ભાવ - આ ચાર પ્રકારનો ધર્મ દ્રવ્યસ્તવમાં અને ભાવસ્તવમાં કઈ રીતે વણાયેલો છે, તે બતાવવા અર્થે દાનધર્મને દ્રવ્યસ્તવરૂપે અને શીલાદિ ત્રણ ધર્મને ભાવસ્તવરૂપે સ્વીકારવાની યુક્તિઓ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

શ્લોક-૬૮-૬૯ :-

સ્થાનકવાસી મતના નિરાસનો **શ્લોક-૬૮-૬૯માં** ઉપસંહાર કરેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગાદિથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ 'મિચ્છા મિ દુક્કડં.'

આસો સુદ-૧૫, વિ. સં. ૨૦૬૮,
તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ની વિસ્તૃત અનુક્રમણિકા

શ્લોક નં.	વિષય	પાના નં.
૬૧.	વિધિવિકલ દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું વ્યવહારનયના આશ્રયથી યોજન અને વિધિપૂર્વકની જિનપૂજામાં કૂપદૃષ્ટાંતની નિર્વિષયતા.	
	નૈગમનયને આશ્રયીને વિધિશુદ્ધ દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતના યોજનમાં અસ્વરસની પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ની યુક્તિ, જિનપૂજાગત સ્નાનાદિવિષયક સ્યાદ્વાદ, દ્રવ્યસ્તવમાં વિધિવૈકલ્યનું કારણ.	
	દ્રવ્યસ્તવના વિષયમાં વિધિશુદ્ધ દ્રવ્યસ્તવ કૂપદૃષ્ટાંતનો અવિષય અને અવિધિપ્રયુક્ત દ્રવ્યસ્તવ કૂપદૃષ્ટાંતનો વિષય, એ પ્રમાણે વિવેક કરનારમાં જ શુદ્ધપ્રરૂપકતા, ભક્તિમાત્રપ્રયુક્ત વિધિવિકલ પૂજામાં પ્રાચીન આચાર્યો અને નવીન આચાર્યો વડે કૂપદૃષ્ટાંતનું યોજન.	
	પૂર્વ પુરુષોના વચનોમાં અપેક્ષા જોડ્યા વિના આપ્તવચનોરૂપે જ સ્વીકારવામાત્રથી શ્રુતભક્તિના અભાવનું ઉદ્ધરણ.	
	કૂપદૃષ્ટાંતવિષયક પ્રાચીન મત અને નવીન મતોનું અપેક્ષાએ કથન હોવાથી પરસ્પર અવિરોધિતા.	૧-૧૫
૬૨.	પ્રતિમાઅર્ચનમાં ધર્માર્થક હિંસાના અભાવની શાસ્ત્રયુક્તિથી સિદ્ધિ.	૧૬-૧૭
	અર્થદંડના સ્વરૂપનું ઉદ્ધરણ.	૧૭-૧૮
	પૂજામાં ધર્માર્થક હિંસાને સિદ્ધ કરનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૧૮-૨૦
	આચારાંગના પાઠથી દ્રવ્યસ્તવને અર્થદંડરૂપે સ્થાપવા પૂર્વપક્ષીએ આપેલ યુક્તિનું આચારાંગના પાઠના પર્લાયોચનથી નિરાકરણ, દ્રવ્યસ્તવને અર્થદંડરૂપે સિદ્ધ કરવા માટે પૂર્વપક્ષીએ આપેલ આચારાંગના પાઠની વ્યાખ્યા, રાજાના અને મુનિના સુખની તુલના, સંસારી જીવોની આરંભ-સમારંભરૂપ અર્થદંડની પ્રવૃત્તિઓનું સ્વરૂપ, પરિવંદન શબ્દનો વિશેષ અર્થ, મુક્તિની પ્રાપ્તિ માટે અન્ય દર્શનવાળાની હિંસાની પ્રવૃત્તિનું સ્વરૂપ.	૨૦-૨૭
	આચારાંગના પાઠથી જિનપૂજાને અર્થદંડરૂપે સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, અતિથિ અને અભ્યાગતના સ્વરૂપનું ઉદ્ધરણ, 'દંડ સમાદાન' અને 'પાપ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ.	૨૮-૩૨
૬૩.	જિનપ્રતિમાની પૂજનીયતાનું આગમિક દૃષ્ટાંતો દ્વારા સમર્થન, આનંદશ્રાવક અને અંબડપરિવ્રાજક દ્વારા કરાયેલ અન્યતીર્થિક પ્રતિમા વર્જન અને જિનપ્રતિમાની ભક્તિ.	૩૨-૩૫

શ્લોક નં.	વિષય	પાના નં.
	દેશવિરતિના સ્વીકાર પછી સમ્યક્ત્વની દૃઢતા માટે આનંદશ્રાવકે કરેલ અભિગ્રહના સ્વરૂપનું ઉદ્ધરણ સટીક.	
	- નિરતિચાર સમ્યક્ત્વના પરિપાલન માટેનાં કર્તવ્યો.	
	- વંદન અને નમસ્કાર વચ્ચેનો તફાવત.	
	- અન્યતીર્થિકને, અન્યતીર્થિકની પ્રતિમાને કે અન્યતીર્થિક ગૃહીત જિનપ્રતિમાને વંદન આદિથી થતા દોષો.	
	- તપ્તઅયોગોલકકલ્પ શ્રાવકો અને તપ્ततર અયોગોલક તુલ્ય અન્યતીર્થિકો.	
	- અન્યતીર્થિકોને ધર્મબુદ્ધિથી અન્નાદિ પ્રદાનનો નિષેધ અને કરુણાબુદ્ધિથી પ્રદાનની અનુમતિ.	
	- સમ્યક્ત્વના છ આગારો કે અપવાદો.	૩૫-૩૯
	ચૈત્ય શબ્દનો જ્ઞાન કે સાધુ અર્થ કરી પ્રતિમાપૂજ્યતાની અસિદ્ધિ કરનાર લુંપાકમતનું નિરાકરણ, અન્યદર્શનમાં ગયેલ જૈન સાધુના શ્રુતજ્ઞાનનું અન્ય આગમરૂપે પરિણમન-ઉદ્ધરણપૂર્વક.	૩૯-૪૧
	સાતમા અંગના આલાપકમાં 'अन्नउत्थिया' આદિ ત્રણેય પદોને એકાર્થવાચી નહિ ગ્રહણ કરવાની અને 'समणं वा' આદિ પદોને એકાર્થવાચી ગ્રહણ કરવાની મર્યાદાનું સ્વરૂપ.	૪૧-૪૪
	અન્યતીર્થિકોને નહીં વાંદવારૂપ અંબડપરિવ્રાજકે કરેલ પ્રતિજ્ઞાના સ્વરૂપનું ઉદ્ધરણ સટીક.	૪૪-૪૫
	સિદ્ધાંતમાં સ્પષ્ટ ચૈત્યપૂજાને નહિ જોનાર લુંપાકની યુક્તિનું સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનના અવલંબનથી નિરાકરણ.	૪૫-૪૭
૬૪.	પ્રતિમાની પૂજ્યતાની સિદ્ધિના સાક્ષીપાઠો, સમ્યગ્ભાવિત ચૈત્યો સમક્ષ પણ આલોચનાકરણની વિધિથી પ્રતિમામાં પૂજ્યપણાની સિદ્ધિ, સમ્યગ્ભાવિત ચૈત્યોનું સ્વરૂપ.	૪૭-૪૯
	જિનપ્રતિમાના પૂજ્યત્વની સિદ્ધિવિષયક સુવર્ણગુલિકાનું દૃષ્ટાંત.	૪૯-૫૧
	પૂર્વ-ઉત્તર દિશામાં સાધુને કરવા યોગ્ય પ્રશસ્ત કાર્યોના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ.	
	- નિર્ગ્રંથ શબ્દની વ્યુત્પત્તિ.	
	- દીક્ષા માટેની પ્રશસ્ત દિશાના નામોનું ઉદ્ધરણ.	
	- સંયતને યોગ્ય ગ્રહણશિક્ષા-આસેવનશિક્ષાનું સ્વરૂપ.	

શ્લોક નં.	વિષય	પાના નં.
	- ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞાનું સ્વરૂપ. - અતિચારોની આલોચનાનો ક્રમ. - 'નિંદા' અને 'ગર્હા'નું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક. - 'વ્યતિવર્તન'નો સંદર્ભથી વિશેષ અર્થ. - પ્રાયશ્ચિત્ત શબ્દના વ્યુત્પત્તિ અર્થનું ઉદ્ધરણ. - 'જોષિત' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. પૂર્વ-ઉત્તર દિશા અભિમુખ જ શુભ કાર્ય કરવાનું પ્રયોજન, બે દિશા અભિમુખ શુભ કાર્યોના કરણથી જિનપૂજામાં કર્તવ્યતાની સિદ્ધિ, સર્વ પ્રશસ્ત કાર્યોના પૂર્વ અંગરૂપે અરિહંતોનો વિનય.	૫૧-૫૫
	સમ્યગ્ભાવિત ચૈત્ય સન્મુખ આલોચનાની વિધિથી પ્રતિમાની પૂજ્યતાની સિદ્ધિનું ઉદ્ધરણ સટીક. - આલોચના અને પ્રતિક્રમણનો વિશેષ અર્થ. - તાત્ત્વિક નિંદા-ગર્હાની પ્રાપ્તિનો ઉપાય. - આત્મવિશુદ્ધિનો ઉપાય. - પ્રાયશ્ચિત્ત માટે આવશ્યક ક્રિયાનું સ્વરૂપ. - ઉત્સર્ગથી સ્વગચ્છના આચાર્યાદિ પાસે આલોચનાના અગ્રહણમાં ચતુર્ગુરુ-પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ. - 'પોતાના આચાર્ય જ્યાં હોય ત્યાં આલોચના કરે' તે વચનનો એકાકી વિહારના નિષેધના સૂત્ર સાથે વિરોધની શંકાનું નિરાકરણ, અપવાદિક એકાકી વિહારની અનુમતિ. - નિષ્કારણ એકાકી વિહાર કરનારના ચારિત્રનો નાશ અને શુભગતિની અપ્રાપ્તિ. - શક્તિના નિગૂહનમાં શુભભાવની અપ્રમાણતા ઉદ્ધરણપૂર્વક. - આચાર્યાદિ પાંચથી રહિત ગચ્છમાં સાધુને રહેવાના નિષેધનું ઉદ્ધરણ. - આચાર્યના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ. - આચાર્ય દ્વારા સૂત્રવાચના છોડીને અર્થવાચના આપવાના પ્રયોજનનું સટીક ઉદ્ધરણ. - ઉપાધ્યાયના સ્વરૂપનું ઉદ્ધરણ.	

શ્લોક નં.	વિષય	પાના નં.
	- ઉપાધ્યાય દ્વારા કરાતા સૂત્રવાચનાના દાનથી થતા ગુણો-ઉદ્ધરણપૂર્વક.	
	- સૂત્રવાચનાદાનથી ઉપાધ્યાયને મોહજયની પ્રાપ્તિમાં યુક્તિ.	
	- પ્રવર્તકના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ.	
	- 'ઉપગ્રહ' શબ્દના સંદર્ભથી વિશેષ અર્થ.	
	- સ્થવિરના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ.	
	- ગણાવચ્છેદક ગીતાર્થના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ.	
	- 'ઉદ્ધાવન' અને 'પ્રધાવન' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	
	- આલોચના માટે આલોચના યોગ્ય ગુરુના ક્રમવિષયક શાસ્ત્રીય મર્યાદા.	
	- આલોચના યોગ્ય ગુરુના ક્રમના ઉલ્લંઘનમાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	
	- 'બહુશ્રુત' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	
	- 'ઉદ્ભ્રામક' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	
	- સંવિગ્નગીતાર્થની અનુપસ્થિતિમાં અન્ય પાસે પ્રાયશ્ચિત્તકરણ વિધિનું સટીક ઉદ્ધરણ.	
	- આલોચના માટે કરાતા અભ્યુત્થાનનું સ્વરૂપ.	
	- પાર્શ્વસ્થ અને પશ્ચાત્કૃત પાસે આલોચના કરવા માટે ઈત્વરકાલિક લિંગપ્રદાનની વિધિ.	
	- સમ્યગ્ભાવિત દેવતા સમક્ષ આલોચનાકરણની વિધિ/દેવતામાં આલોચના આપવા યોગ્ય યોગ્યતાપ્રાપ્તિનું કારણ.	
	- જિનપ્રતિમા અને સિદ્ધો સમક્ષ આલોચના અને પ્રાયશ્ચિત્તકરણની ગીતાર્થ માટે વિધિ.	
	- પ્રાયશ્ચિત્ત દાનવિધિના જાણકારને અન્ય આલોચનાદાતાના અભાવમાં સ્વયં પ્રાયશ્ચિત્તના ગ્રહણમાં પણ શુદ્ધિની પ્રાપ્તિ.	૫૫-૭૧
	- આલોચના અર્હના પાઠમાં 'सम्मं भाविआइं' પદના વિશેષ્યરૂપે દેવતા અને ચૈત્યના ગ્રહણની ઉચિતતામાં યુક્તિ, સમ્યગ્ભાવિત ચૈત્યો સમક્ષ પ્રાયશ્ચિત્ત કરવાનું પ્રયોજન.	૭૧-૭૨
	- આલોચના અર્હમાં પાઠમાં 'सम्मं भाविआइं' પદથી અવિરત સમ્યગ્દૃષ્ટિને જ ગ્રહણ કરવા પૂર્વક પ્રતિમાગ્રહણનો નિષેધ કરનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ, આલોચના માટે ગીતાર્થના અભાવમાં પ્રતિમાના આશ્રયણથી શુદ્ધિ.	૭૨-૭૫

શ્લોક નં.	વિષય	પાના નં.
૬૫.	પ્રતિમાપૂજ્યત્વની સિદ્ધિમાં દ્રૌપદીનું દૃષ્ટાંત, 'વિસ્ફુર્જિત' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, દ્રૌપદીમાં પંચમગુણસ્થાનકના અભાવની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ, વ્યવહારનયથી પાંચમા ગુણસ્થાનકની નિયામક આચરણાઓ.	૭૫-૭૮
	- દ્રૌપદીએ કરેલ પ્રતિમાઅર્ચનના વર્ણનનું સટીક ઉદ્ધરણ.	
	- વૃદ્ધવાદ અનુસાર વંદન, નમસ્કારનો અર્થ.	
	- દ્રૌપદીના આલાપકના બળથી શ્રાવકને પ્રણિપાત દંડકરૂપ ચૈત્યવંદન સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, ચરિત્રના અનુવાદ વચનોથી વિધિ-નિષેધની અસિદ્ધિ.	
	- અવિરતિધરને પ્રણિપાતદંડકરૂપ ચૈત્યવંદન સ્વીકારવાની જીવાભિગમની વૃત્તિની યુક્તિ, વિરતિધરને સંપૂર્ણ ચૈત્યવંદનની વિધિનો સંભવ.	
	- જીવાભિગમની વૃત્તિ અનુસાર વંદન-નમસ્કારનો વિશેષ અર્થ.	
	- શ્રાવકને પૂર્ણ ચૈત્યવંદનની સ્થાપક યુક્તિ ઉદ્ધરણ સહિત.	
	- લોકોત્તર ભાવાવશ્યકનું સ્વરૂપ.	
	- શ્રાવકનું સ્વરૂપ.	૭૮-૮૨
	- ભાવસ્તવથી જ વિરતિધર જિનપૂજાનો નિર્વાહક, અપુનર્બંધકાદિને સંપૂર્ણ ચૈત્યવંદન-વિધિવિષયક સ્થાનાદિ પાંચ યોગોની પ્રાપ્તિ, દ્રૌપદીના શ્રાવિકાપણાની સિદ્ધિમાં યુક્તિ.	૮૨-૮૩
	- દ્રૌપદીના શ્રાવિકાપણાની સિદ્ધિનું સટીક ઉદ્ધરણ.	
	- નારદનું સ્વરૂપ.	
	- 'માધ્યસ્થ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	
	- પ્રતિહત અને પ્રત્યાખ્યાત પાપકર્મોના ભેદ.	૮૪-૮૬
	- દ્રૌપદીમાં શ્રાવિકાપણાની સિદ્ધિનું ઉદ્ધરણ.	૮૬-૮૭
	- દ્રૌપદીના તપમાં ઈહલૌકિક આશંસા હોવાથી નિયાણામાં અંતર્ભાવની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૮૭-૮૯
	- પૂર્વભવનું નિદાન હોવા છતાં દ્રૌપદીને દેશવિરતિની પ્રાપ્તિમાં યુક્તિ.	૮૯-૯૧
૬૬.	દ્રૌપદીથી કરાયેલ પૂજામાં ઐહિક ફળની આશંસાના અભાવની યુક્તિ. 'પ્રૌઢિ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ,	

શ્લોક નં.	વિષય	પાના નં.
	દ્રૌપદીની જિનપૂજામાં ઈહલૌકિક ફળની આશંસાનો અભાવ અને ભગવદ્‌ગુણનું પ્રણિધાન, ભગવદ્‌ગુણના પ્રણિધાનથી જિનપૂજામાં મહાપૂજારૂપતા અને પ્રણિધાન વિના માત્ર પૂજારૂપતા.	૯૧-૯૬
૬૭.	સિદ્ધાર્થરાજાકૃત યાગનું સ્વરૂપ, સિદ્ધાર્થરાજામાં જિનપૂજારૂપ યાગના સંભવની યુક્તિ, શ્રાવકમાં જિનપૂજાથી અન્ય યાગના અસંભવની યુક્તિ, લોકપ્રસિદ્ધ યાગમાં કુશાસ્ત્રીયતા.	૯૬-૯૮
	સિદ્ધાર્થરાજાએ કરેલ દ્રવ્યસ્તવનું સટીક ઉદ્ધરણ.	૯૮-૯૯
	સિદ્ધાર્થરાજામાં શ્રમણોપાસકતાનું સાધક ઉદ્ધરણ, સિદ્ધાર્થરાજાના અંતિમ અનશનનું સ્વરૂપ.	
	સ્થાવર-જંગમતીર્થના નમસ્કાર આદિથી સમ્યક્‌ત્વની શુદ્ધિનું સટીક ઉદ્ધરણ.	૯૯
	- જંગમતીર્થનું સ્વરૂપ	
	- દર્શનભાવનાનું સ્વરૂપ	
	- સ્થાવરતીર્થનું સ્વરૂપ	
	અરિહંત-સિદ્ધ-ચૈત્ય આદિની ભક્તિથી પરિત્તસંસારીપણાનું ઉદ્ધરણ.	૧૦૦-૧૦૧
	અરિહંત, જિનપ્રતિમા અને સાધુને આશ્રયી સમ્યગ્‌દૃષ્ટિના ભાવનમસ્કારના આઠ ભાંગા ઉદ્ધરણપૂર્વક.	૧૦૨-૧૦૩
	ભાવગ્રામના ભેદોનું ઉદ્ધરણ.	૧૦૩-૧૦૪
	પ્રતિમાના દર્શન વિના પણ સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ હોવાથી વ્યભિચારની આશંકાનું નિરાકરણ, જીવોમાં ચિત્રપ્રકારનું ભવ્યત્વ હોવાને કારણે પ્રતિમા આદિ ભિન્ન ભિન્ન આલંબનોથી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ, વ્યવહારનયને આશ્રયી સમ્યગ્‌દૃષ્ટિ પરિગૃહીત પ્રતિમામાં ભાવગ્રામત્વના ઉપચારનું સટીક ઉદ્ધરણ.	
	- ભાવગ્રામનું સ્વરૂપ.	૧૦૪-૧૦૬
	ચૈત્યની આરાધ્યતાનું ઉદ્ધરણ.	
	- વંદિત્તાસૂત્રમાં 'જાવંતિ ચેઈઆઈં' ગાથા બોલવાનું પ્રયોજન, ઊર્ધ્વલોક, અધોલોક તથા તિર્ચ્છાલોકના દેવવિમાન તથા જિનચૈત્યોની સંખ્યા.	૧૦૭-૧૦૯
	- જિનપ્રતિમામાં અપેક્ષાએ દ્રવ્યજિનત્વ અને અપેક્ષાએ સ્થાપનાજિનત્વ.	૧૧૦
	- વંદિત્તાસૂત્રને શ્રાવકકૃત અને 'તસ્સ ધમ્મસ્સ' આદિ ગાથાને અર્વાચીન દ્વારા પ્રક્ષિપ્ત માનનારની યુક્તિનું નિરાકરણ.	૧૧૦-૧૧૧
	- પ્રતિમાપૂજ્યતાના પ્રામાણ્યનું ઉદ્ધરણ.	
	- શ્રાવકને ધનવ્યયનાં સ્થાનો.	

શ્લોક નં.	વિષય	પાના નં.
	- શ્રાવકનાં કર્તવ્યો.	૧૧૨
	- પ્રતિમાની સ્વતઃ પ્રમાણભૂતતા.	૧૧૨-૧૧૩
	- જિનપ્રતિમાની પૂજ્યતાખ્યાપક ઉદ્ધરણ.	
	- દેવલોકની એક દેવસભાની પ્રતિમાની સંખ્યા તથા પ્રતિમાની ઊંચાઈનું પ્રમાણ.	
	- દેવલોકની શાશ્વત પ્રતિમાનાં અંગ-ઉપાંગ આદિની વિશિષ્ટ રચનાનું વર્ણન.	
	- દેવલોકની શાશ્વત પ્રતિમાની બાજુમાં રહેલ ચામરધરાદિ પ્રતિમાઓનું વર્ણન.	
	- શાશ્વત પ્રતિમાઓની આગળ રહેલ ૧૦૮ ઘંટા-કલશ આદિ પૂજા યોગ્ય ઉપકરણોનું વર્ણન.	૧૧૩-૧૧૭
	- પ્રતિમાઓની સ્વતઃ જગત્પૂજ્યતાની યુક્તિ, ક્લિષ્ટ કર્મોદયથી જ પ્રતિમાનો અસ્વીકાર, શાશ્વત પ્રતિમાઓના જેવી જ અષ્ટાપદ ઉપરની પ્રતિમાઓની રચના.	૧૧૭-૧૧૮
	- જિનપ્રતિમામાં 'દેવ' શબ્દથી વાચ્યતામાં યુક્તિ, શાશ્વત પ્રતિમામાં સ્વતઃ દેવત્વની સ્થાપક યુક્તિ.	૧૧૮-૧૨૧
	સ્તવપરિજ્ઞા	
	દ્રવ્યસ્તવ – ભાવસ્તવનું વર્ણન : ગાથા-૧-૨૦૨	
	સ્તવપરિજ્ઞાનું માહાત્મ્ય.	૧૨૨
	ગાથા-૧ : સ્તવપરિજ્ઞાનું સ્વરૂપ	૧૨૩-૧૨૫
	ગાથા-૨ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ.	૧૨૫-૧૨૭
	દ્રવ્યસ્તવ-જિનભવનનિર્માણની વિધિનું વિવરણ :- ગાથા-૩-૧૯	
	ગાથા-૩ : શુભ આશયની વૃદ્ધિને અનુકૂળ જિનભવન નિર્માણની વિધિ.	૧૨૭
	જિનભવનનિર્માણમાં ભૂમિશુદ્ધિનું વિવરણ ધર્મમાં ઉદ્યત વડે પરની અપ્રીતિના પરિહારની ઉચિતતાનું વિવરણ :- ગાથા-૪-૭	
	ગાથા-૪ : જિનભવનનિર્માણમાં દ્રવ્ય-ભાવથી ભૂમિની શુદ્ધિનું સ્વરૂપ.	૧૨૮-૧૨૯
	ગાથા-૫ : પરની અપ્રીતિના પરિહારથી સંયમનું સાફલ્ય.	૧૨૯-૧૩૨
	ગાથા-૬ : બોધિદુર્લભતાના નિવારણ માટે સાધુને વર્ષાકાળમાં પણ વિહારની અનુમતિ.	૧૩૦-૧૩૨

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૭ : પરલોકઅર્થીએ શક્ય-અશક્ય પરની અપ્રીતિના પરિહાર માટેનું ઉચિત કર્તવ્ય.	૧૩૧-૧૩૨
	જિનભવનનિર્માણમાં આવશ્યક દલશુદ્ધિનું વિવરણ :- ગાથા-૮-૧૧	
	ગાથા-૮ : જિનભવન માટેના કાષ્ઠાદિ શુદ્ધિનું સ્વરૂપ.	૧૩૨-૧૩૪
	ગાથા-૯ : જિનભવનનિર્માણ માટેના કાષ્ઠાદિની શુદ્ધિને જાણવાનો ઉપાય.	૧૩૫
	ગાથા-૧૦ : શુકન-અપશુકનનું સ્વરૂપ.	૧૩૫-૧૩૬
	ગાથા-૧૧ : જિનભવનનિર્માણમાં આવશ્યક કાષ્ઠાદિના સંક્રમણકાળે શુકન-અપશુકન દ્વારા કાષ્ઠાદિનાં હેય-ઉપાદેયતાનો નિર્ણય.	૧૩૬-૧૩૭
	જિનભવનનિર્માણ માટે કામ કરનારાદિ સાથેના ઉચિત વ્યવહારનું વિવરણ :- ગાથા-૧૨-૧૫	
	ગાથા-૧૨ : જિનભવનનિર્માણ માટે ભૃત્યાદિને અધિક પ્રદાનનું ફળ.	૧૩૭-૧૪૧
	ગાથા-૧૩ : જિનભવનનિર્માણ માટે કામ કરનારાદિને અધિક પ્રદાનનું દૃષ્ટ ફળ.	૧૩૮-૧૪૧
	ગાથા-૧૪/૧૫ : જિનભવનનિર્માણ માટે ભૃત્યાદિને અધિક પ્રદાનનું અદૃષ્ટ ફળ. તીર્થપ્રભાવનાનું સ્વરૂપ.	૧૩૮-૧૪૧
	ગાથા-૧૬ : શુભાશય વૃદ્ધિનો ઉપાય. પરમાત્માનું સ્વરૂપ.	૧૪૧-૧૪૫
	ગાથા-૧૭-૧૮-૧૯ : જિનભવનનિર્માણવિષયક શુભાશયની વૃદ્ધિનું સ્વરૂપ.	૧૪૨-૧૪૫
	- ભાવસાધુનું સ્વરૂપ.	૧૪૨
	- જિનબિંબનું ભાવાત્મક સ્વરૂપ.	૧૪૩
	ગાથા-૨૦ : જિનભવનનિર્માણ અનંતર કરણીય કૃત્યનું સ્વરૂપ.	૧૪૫-૧૪૬
	- જિનભવનનિર્માણવિષયક યતનાનું સ્વરૂપ.	૧૪૬
	ગાથા-૨૧ : જિનબિંબનિર્માણની વિધિનું સ્વરૂપ.	૧૪૬-૧૪૭
	- શુભભાવનું સ્વરૂપ.	૧૪૭
	ગાથા-૨૨ : જિનબિંબનિર્માણમાં અવ્યસની શિલ્પીના અભાવમાં અપવાદ.	૧૪૭-૧૪૯
	ગાથા-૨૩-૨૪-૨૫ : જિનબિંબપ્રતિષ્ઠા વિધિનું સ્વરૂપ.	૧૪૯-૧૫૧

શ્લોક નં.	વિષય	પાના નં.
	- જિનબિંબપ્રતિષ્ઠા વિધિગત દિગાદિગત વિશેષપૂજા કરતાં સંઘપૂજાની અધિકતા.	૧૫૦-૧૫૧
	ગાથા-૨૬ : સંઘની મહાનતાનું સ્વરૂપ.	૧૫૧-૧૫૩
	- સંઘ શબ્દના એકાર્થવાચી નામો.	૧૫૨
	- સંઘની તીર્થંકર દ્વારા પણ પૂજનીયતા.	૧૫૨
	- સંઘના ગુણસમુદાયનું સ્વરૂપ.	૧૫૨
	ગાથા-૨૭ : તીર્થને નમસ્કાર કરવાનું કૃતકૃત્ય તીર્થંકરોનું પ્રયોજન.	
	- તીર્થંકરોની તીર્થંકરનામકર્મના ઉદયથી ઉચિત પ્રવૃત્તિ.	૧૫૩-૧૫૪
	ગાથા-૨૮ : સંઘની પૂજનીયતાનું કારણ.	૧૫૪-૧૫૫
	ગાથા-૨૯ : યાવત્ સંઘની પૂજાના અભાવમાં પણ સંઘપૂજાની મહાવિષયતાનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૧૫૫-૧૫૭
	ગાથા-૩૦-૩૧-૩૨-૩૩ : જિનબિંબ પ્રતિષ્ઠા પછી શ્રાવકને કરણીય જિનપ્રતિમાની પૂજાનું સ્વરૂપ, જિનપૂજા કરવા વિષયક વિધિ.	૧૫૭-૧૬૧
	ગાથા-૩૪ : વિધિપૂર્વક કરાયેલ જિનપૂજાનું ફળ, જિનપૂજામાં ચારિત્રની હેતુતા.	૧૬૧-૧૬૩
	તાત્ત્વિક-અતાત્ત્વિક દ્રવ્યસ્તવના સ્વરૂપના નિર્ણયની ચર્ચા :- ગાથા-૩૫-૩૯	
	ગાથા-૩૫ : તાત્ત્વિક-અતાત્ત્વિક દ્રવ્યસ્તવનું સ્વરૂપ.	
	- વિધિપૂર્વક દ્રવ્યસ્તવના કરણમાં ભાવસ્તવનો રાગ હોવાથી દ્રવ્યસ્તવમાં પ્રધાનપણું.	
	- ભાવસ્તવના રાગ વિના કરાતા દ્રવ્યસ્તવમાં ઉત્સૂત્રપણું.	૧૬૩-૧૬૪
	ગાથા-૩૬ : ભાવસ્તવના રાગ વિનાના દ્રવ્યસ્તવમાં ગૃહકાર્ય સદૃશતા.	૧૬૪-૧૬૫
	ગાથા-૩૭ : પ્રધાનદ્રવ્યસ્તવનું લક્ષણ.	૧૬૬-૧૬૯
	ગાથા-૩૮ : અપ્રધાનદ્રવ્યસ્તવનું લક્ષણ.	૧૬૯-૧૭૭
	ગાથા-૩૯ : અપ્રધાનદ્રવ્યસ્તવથી મળતા ફળની અસારતાનું ભાવન.	૧૭૭-૧૭૯
	ગાથા-૪૦ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના અભેદની શંકાનું નિરાકરણ.	૧૭૯-૧૮૦
	ગાથા-૪૧ : દ્રવ્યસ્તવમાં ભાવસ્તવની અપેક્ષાએ હીનતાસ્થાપક યુક્તિ.	૧૮૦-૧૮૨
	ગાથા-૪૨ : ભાવસ્તવ અને પ્રધાનદ્રવ્યસ્તવમાં વર્તતા અધ્યવસાયનો ભેદ.	૧૮૨-૧૮૩
	ગાથા-૪૩ : દુષિતનો સર્વ જ યોગ તત્ત્વથી વિષસિંચિત યોગતુલ્ય.	૧૮૩-૧૮૪

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૪૪ : યતિયોગનું સ્વરૂપ, શુભયોગરૂપે સમાન હોવા છતાં યતિયોગને શુદ્ધ અને દ્રવ્યસ્તવને અશુદ્ધ કહેવામાં યુક્તિ.	૧૮૪-૧૮૬
	ગાથા-૪૫ : દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવની શ્રેષ્ઠતાનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૧૮૭-૧૮૮
	ગાથા-૪૬ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો ભેદ.	૧૮૮-૧૮૯
	ગાથા-૪૭-૪૮-૪૯-૫૦ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ફળ.	૧૮૯-૧૯૫
	ભાવસ્તવનું સ્વરૂપ : ગાથા-૫૧-૯૬	
	ગાથા-૫૧ : ભાવસ્તવની પ્રાપ્તિનો ઉપાય, સ્તોતવ્યના વિષયમાં ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ, શુદ્ધ સંયમરૂપ ભાવસ્તવ.	૧૯૫-૧૯૬
	ગાથા-૫૨ : આજ્ઞાકરણના અધિકારી, ભાવસાધુ વિના અન્યમાં આજ્ઞાકરણના અભાવની યુક્તિ.	૧૯૬-૧૯૮
	અઢાર હજાર શીલાંગોનું સ્વરૂપ અને અઢાર હજાર શીલાંગોનું જીવપ્રદેશોની જેમ પરસ્પર અનુવિદ્ધપણું હોવાથી એકરૂપતાનું વિવરણ : ગાથા-૫૩-૭૫	
	ગાથા-૫૩ : નિરપેક્ષ આજ્ઞાકરણનું સ્વરૂપ, અઢાર હજાર શીલાંગના પાલનરૂપ નિરપેક્ષ આજ્ઞાકરણ.	૧૯૯-૨૦૭
	ગાથા-૫૪-૫૫-૫૬ : અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ.	૧૯૯-૨૦૭
	ગાથા-૫૭-૫૮-૫૯-૬૦ : અઢાર હજાર શીલાંગનું ભાવન.	૨૦૧-૨૦૭
	ગાથા-૬૧-૬૨-૬૩ : સર્વ શીલાંગની હાજરીમાં પરિશુદ્ધ એક શીલાંગની હાજરીનું દૃષ્ટાંતથી ભાવન.	૧૯૯-૨૦૯
	ગાથા-૬૪ : નદીઉત્તરણમાં શીલાંગની ખંડિતતાની શંકાનું નિરાકરણ, અંતરંગ વિરતિને આશ્રયીને શીલાંગતા.	૨૦૯-૨૧૦
	ગાથા-૬૫ : સંયમીની અબુદ્ધિપૂર્વકની બાહ્ય પ્રવૃત્તિમાં શીલાંગના ભંગના અભાવનું ભાવન, નિશ્ચયનયથી પ્રવૃત્તિ-અપ્રવૃત્તિનું સ્વરૂપ, સંયમીનો યોગ નદીઉત્તરણમાં હિંસાનો હેતુ ન હોવા છતાં વધ્યના વધકૃત અલ્પકર્મબંધ માનનાર મતનું નિરાકરણ.	૨૧૦-૨૧૪
	ગાથા-૬૬-૬૭ : બુદ્ધિપૂર્વકની પણ સંયમની અપવાદિક પ્રવૃત્તિમાં શીલાંગના ભંગના અભાવમાં યુક્તિ, મુનિની નદીઉત્તરણની ક્રિયાની હિતકારિતામાં યુક્તિ.	૨૧૪-૨૧૬
	ગાથા-૬૮ : અપવાદિક નદીઉત્તરણ આદિ ક્રિયાઓમાં સંયમની અબાધામાં યુક્તિ, સંયમના નિરભિષ્વંગભાવનું સ્વરૂપ.	૨૧૭-૨૧૮

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૬૯ : સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ પ્રવૃત્તિથી વિરતિનો બાધ, ઉદ્ધરણ સહિત; પ્રજ્ઞાપનીય જીવની વિપરીત પ્રવૃત્તિમાં પણ નિરનુબંધતાની યુક્તિ.	૨૧૮-૨૨૧
	ગાથા-૭૦ : મિથ્યાભિનિવેશથી અપ્રજ્ઞાપનીયની આજ્ઞાબાહ્યપ્રવૃત્તિમાં સાનુબંધતા.	૨૨૧-૨૨૩
	ગાથા-૭૧ : ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત વિહારની જ અનુજ્ઞા.	૨૨૩-૨૨૪
	ગાથા-૭૨ : ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિતમાં અજ્ઞાન-પ્રમાદના અભાવથી ચારિત્રની શુદ્ધિ, અજ્ઞાન અને પ્રમાદથી આજ્ઞાનું ઉલ્લંઘન.	૨૨૪-૨૨૬
	ગાથા-૭૩ : ગીતાર્થને અનુચિત પ્રવૃત્તિના વારણથી અને અગીતાર્થને ગીતાર્થના વચનના સ્વીકારથી જ ચારિત્રની શુદ્ધિ.	૨૨૬-૨૨૭
	અઢાર હજાર શીલાંગને પાળનાર મુનિનું સ્વરૂપ :- ગાથા-૭૪-૮૧	
	ગાથા-૭૪ : સંપૂર્ણ વિરતિભાવનું સ્વરૂપ.	૨૨૭-૨૨૮
	ગાથા-૭૫ : પરિપૂર્ણ અઢાર હજાર શીલાંગથી ચારિત્રની પ્રાપ્તિમાં યુક્તિ, ઉત્સર્ગથી પૂર્ણ અઢાર હજાર શીલાંગધારીમાં જ સંયમ, અપવાદથી સંયમીમાં અઢાર હજાર શીલાંગની ન્યૂનતાની પણ પ્રાપ્તિ.	૨૨૮-૨૩૧
	ગાથા-૭૬-૭૭-૭૮-૭૯-૮૦ : સંયમના અધિકારીનું સ્વરૂપ.	૨૩૨-૨૩૬
	પૂર્વાચાર્ય વડે બતાવાયેલ ભાવસાધુના સ્વરૂપનું વિવરણ :- ગાથા-૮૧-૯૫	
	ગાથા-૮૧ : ભાવસાધુનું સ્વરૂપ.	૨૩૬-૨૩૭
	ગાથા-૮૨ : શાસ્ત્રબાહ્યમાં સાધુતાના અભાવનું અનુમાન.	૨૩૮
	ગાથા-૮૩ : સુવર્ણના આઠ ગુણો.	૨૩૯-૨૪૦
	ગાથા-૮૪-૮૫-૮૬ : ભાવસાધુમાં સુવર્ણના ગુણોનું યોજન.	૨૪૦-૨૪૩
	ગાથા-૮૭-૮૮ : સુવર્ણની કષાદિ ચાર પરીક્ષાના દૃષ્ટાંતથી ભાવસાધુની પરીક્ષાનું ભાવન.	૨૪૩-૨૪૫
	ગાથા-૮૯-૯૦ : અતાત્ત્વિક સુવર્ણમાં વિષઘ્નાતિત્વાદિ ગુણોના અભાવના દૃષ્ટાંતથી વેશધારી સાધુમાં ગુણના અભાવનું ભાવન, યુક્તિસુવર્ણનું સ્વરૂપ.	૨૪૫-૨૪૭
	ગાથા-૯૧ : ભાવસાધુનું સ્વરૂપ.	૨૪૭-૨૪૮
	ગાથા-૯૨ : ભિક્ષાદિ સાધુઆચાર પાળનાર ગુણરહિત સાધુમાં સાધુતાના અભાવનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૨૪૮

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૯૩ : અસાધુનું સ્વરૂપ.	૨૪૮-૨૪૯
	ગાથા-૯૪ : વ્યતિરેકથી સાધુની કષાદિ પરીક્ષાનું ભાવન અને પ્રયોજન.	૨૪૯-૨૫૧
	ગાથા-૯૫ : શાસ્ત્રોક્ત પ્રતિદિન ક્રિયાદિ સાધુગુણોથી ભાવસાધુતાની સ્થાપક યુક્તિ, ભાવશૂન્ય અત્યંત પરિશુદ્ધ પ્રતિદિન ક્રિયાઓથી મોક્ષસિદ્ધિનો અભાવ.	૨૫૧-૨૫૩
	ગાથા-૯૬ : દ્રવ્યસ્તવકાલીન ભાવથી અર્જિત પુણ્યાનુબંધી પુણ્યથી ભાવસ્તવની પ્રાપ્તિ.	૨૫૩-૨૫૭
	ગાથા-૯૭ : ભાવચારિત્રની પ્રાપ્તિમાં કારણીભૂત દ્રવ્યસ્તવગત અધ્યવસાયનું સ્વરૂપ, દ્રવ્યસ્તવગત શુભભાવથી ભાવચારિત્રની શુદ્ધ આરાધનાની પ્રાપ્તિ.	૨૫૪-૨૫૭
	ગાથા-૯૮ : નિશ્ચયનયથી ભાવચારિત્રની શુદ્ધ આરાધનાનું સ્વરૂપ.	૨૫૫-૨૫૭
	ગાથા-૯૯ : નિશ્ચયનયને અભિમત ચારિત્રની આરાધનાથી સાત-આઠ ભવમાં મોક્ષની પ્રાપ્તિ.	૨૫૭
	ગાથા-૧૦૦ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પરસ્પર અનુવિદ્ધતા, નિશ્ચયનયથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની એકવિષયતા.	૨૫૭-૨૬૦
	ગાથા-૧૦૧ : યતિને અનુમોદનારૂપે દ્રવ્યસ્તવની પ્રાપ્તિ.	૨૬૦-૨૬૧
	ગાથા-૧૦૨ : યતિને અનુમોદનારૂપે દ્રવ્યસ્તવની સ્થાપક યુક્તિ.	૨૬૧-૨૬૨
	ગાથા-૧૦૩ : પૂજા-સત્કારનું સ્વરૂપ.	૨૬૧-૨૬૨
	ગાથા-૧૦૪ : તીર્થંકર વડે પણ દ્રવ્યસ્તવની મૌન વડે સંમતિ.	૨૬૨-૨૬૪
	ગાથા-૧૦૫ : મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિમાં જ તીર્થંકરની અનુમતિ.	૨૬૪-૨૬૫
	ગાથા-૧૦૬-૧૦૭ : સત્કાર્યનયથી દ્રવ્યમાં ભાવની સત્તા, ભગવાન વડે દ્રવ્યસ્તવમાં રહેલ દ્રવ્યની અનનુમોદના અને ભાવની અનુમોદના સ્વીકારનાર પૂર્વપક્ષીની માન્યતાનું નિરાકરણ, ભગવદ્‌ભક્તિમાં વર્તતા ભાવલેશનું સ્વરૂપ, દ્રવ્યસ્તવની અનુમોદનાની સિદ્ધિનું ઉદ્ધરણ, દ્રવ્યસ્તવ પછી સંયમપ્રાપ્તિમાં વ્યવધાન હોવાથી ભાવસ્તવના કારણરૂપે દ્રવ્યસ્તવને નહિ સ્વીકારનારની શંકાનું ઋજુસૂત્રનય અને વ્યવહારનયથી સમાધાન.	૨૬૫-૨૭૦
	ગાથા-૧૦૮-૧૦૯ : ભગવાન વડે જિનભવનકરણ વિષયક અનુમતિ. 'अनिषिद्धमनुमतम्' ન્યાય.	૨૭૦-૨૭૨
	ગાથા-૧૧૦-૧૧૧ : વિનયના ભેદો, સાધુને દ્રવ્યસ્તવના સંપાદન માટે 'વંદણવત્તિયાએ' બોલવાની વિધિ.	૨૭૩-૨૭૫

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૧૧૨ : પૂજન-સત્કારના ફળની પ્રાપ્તિની વિશિષ્ટ ઇચ્છારૂપ અભિસંધારણ વડે સાધુને દ્રવ્યસ્તવનું સંપાદન.	૨૭૫-૨૭૬
	ગાથા-૧૧૩-૧૧૪-૧૧૫ : સાક્ષાત્ દ્રવ્યસ્તવમાં યતિની અનધિકારિતા અને શ્રાવકની અધિકારિતા.	૨૭૬-૨૭૯
	ગાથા-૧૧૬ : પુષ્પાદિમાં 'આદિ' પદથી જિનભવનને ગ્રહણ કરવામાં યુક્તિ.	૨૭૯-૨૮૧
	ગાથા-૧૧૭-૧૧૮ : મુનિને સ્વયં દ્રવ્યસ્તવના કરણનો નિષેધ હોવા છતાં અનુમોદના કરવામાં યુક્તિ.	૨૮૧-૨૮૪
	દ્રવ્યસ્તવીય હિંસામાં ધર્મરૂપતાની સિદ્ધિપૂર્વક યાગીય હિંસામાં ધર્મરૂપતાની સિદ્ધિ કરનાર પૂર્વપક્ષીની યુક્તિઓનું નિરાકરણ :- ગાથા-૧૧૯-૧૯૫	
	ગાથા-૧૧૯-૧૨૦-૧૨૧-૧૨૨-૧૨૩ : વેદવિહિત હિંસા અને દ્રવ્યસ્તવીય હિંસામાં તુલ્યતાદર્શક પૂર્વપક્ષીની યુક્તિઓ.	૨૮૫-૨૯૦
	ઉપપત્તિશૂન્ય વચનને નહિ સ્વીકારવા માટેની યુક્તિઓ :- ગાથા-૧૨૪-૧૩૬	
	ગાથા-૧૨૪ : સંસારમોચક મતના ધર્મસ્વરૂપનું ઉદ્ધરણ.	૨૯૦-૨૯૨
	વેદવાક્યને પ્રમાણરૂપે સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિઓનું નિરાકરણ : ગાથા-૧૨૫-૧૩૭	
	ગાથા-૧૨૫ : લોકને પ્રમાણરૂપે સ્વીકારવા જતાં વૈદિકોને આવતી આપત્તિ, વૈદિકમતે છ પ્રમાણોનો સ્વીકાર.	૨૯૨-૨૯૩
	ગાથા-૧૨૬-૧૨૭-૧૨૮ : છ પ્રમાણના ઉપલક્ષણરૂપે લોકને પ્રમાણરૂપે સ્વીકારી, ઘણા લોક દ્વારા વેદના સ્વીકારથી વેદને પ્રમાણરૂપે સ્થાપનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૨૯૪-૨૯૭
	ગાથા-૧૨૯ : બહુલોકના ગ્રહણને પ્રમાણરૂપે સ્વીકારવામાં અનુચિતતાની યુક્તિ.	૨૯૭-૨૯૮
	ગાથા-૧૩૦ : મીમાંસકના મતે રાગાદિ રહિત પ્રમાતાનો અસંભવ.	૨૯૮-૨૯૯
	ગાથા-૧૩૧-૧૩૨ : લોકવચનના બળથી વેદને પ્રમાણરૂપે સ્વીકારવા જતાં મીમાંસકને મ્લેચ્છોની બ્રાહ્મણઘાતની પ્રવૃત્તિને પણ પ્રમાણરૂપે સ્વીકારવાની આપત્તિ.	૨૯૯-૩૦૨

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૧૩૩-૧૩૪-૧૩૫-૧૩૬ : મ્લેચ્છપ્રવર્તક વચનને અપ્રમાણરૂપે સિદ્ધ કરવાની મીમાંસકે આપેલ યુક્તિઓથી જ વેદવચની અપ્રમાણતાની આપત્તિ.	૩૦૨-૩૦૮
	ગાથા-૧૩૭ : સમ્યક્ પ્રવૃત્તિના નિમિત્તભૂત વચન.	૩૦૮-૩૧૧
	દ્રવ્યસ્તવને કહેનાર વચનોમાં દૃષ્ટ-ઈષ્ટ અવિરોધિતા અને યજ્ઞાદિને કહેનાર વચનોમાં દૃષ્ટ-ઈષ્ટ વિરોધિતાની યુક્તિઓ :- ગાથા-૧૩૮-૧૬૭	
	ગાથા-૧૩૮-૧૩૯-૧૪૦-૧૪૧-૧૪૨-૧૪૩ : દ્રવ્યસ્તવમાં દૃષ્ટ-ઈષ્ટ અવિરોધિતાની સ્થાપક યુક્તિઓ.	૩૧૧-૩૨૦
	ગાથા-૧૪૪-૧૪૫ : દ્રવ્યસ્તવીય હિંસા કરતાં વૈદિક હિંસામાં વિસદૃશતા.	૩૨૦-૩૨૩
	ગાથા-૧૪૬-૧૪૭ : વેદવિહિત હિંસાનો વેદ સાથે વિરોધ અને દ્રવ્યસ્તવીય હિંસાનો જૈનાગમ સાથે અવિરોધ.	૩૨૩-૩૨૫
	ગાથા-૧૪૮ : દ્રવ્યસ્તવ નિમિત્તે મરતા જીવોને પરિણામે સુખ માનનાર પૂર્વપક્ષીનું નિરાકરણ.	૩૨૫-૩૨૬
	ગાથા-૧૪૯ : દૃષ્ટ ઈષ્ટ વિરુદ્ધ એવો શુભભાવ મ્લેચ્છાદિ ભાવ જેવો પરમાર્થથી અશુભ.	૩૨૬-૩૨૭
	ગાથા-૧૫૦-૧૫૧ : પંચેન્દ્રિય કરતાં એકેન્દ્રિયની હિંસાની અલ્પતામાં યુક્તિ.	૩૨૭-૩૩૦
	ગાથા-૧૫૨ : દ્રવ્યસ્તવીય હિંસામાં અલ્પતા અને કર્મના અબંધની સિદ્ધિ, ગ્લાનાદિ કૃત્યો અને દ્રવ્યસ્તવમાં યતના તથા ભાવની વિશુદ્ધિથી હેતુ-અનુબંધ હિંસાનો અભાવ, સ્વરૂપમાત્ર હિંસાથી લેશ પણ કર્મબંધના અભાવનું ઉદ્ધરણ.	૩૩૦-૩૩૨
	ગાથા-૧૫૩ : યતનાનું ફળ.	૩૩૨-૩૩૩
	ગાથા-૧૫૪ : યતનાથી રત્નત્રયીની આરાધના.	૩૩૩-૩૩૫
	ગાથા-૧૫૫ : તાત્ત્વિક યતનાનું સ્વરૂપ.	૩૩૫-૩૩૬
	ગાથા-૧૫૬ : દ્રવ્યસ્તવીય યતના માટે થતા ધનવ્યયની સાર્થકતા.	૩૩૬-૩૩૭
	ગાથા-૧૫૭-૧૫૮-૧૫૯-૧૬૦-૧૬૧ : યતનાથી થતી ભગવાનની ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ.	૩૩૭-૩૪૧
	ગાથા-૧૬૨-૧૬૩-૧૬૪-૧૬૫-૧૬૬-૧૬૭ : દ્રવ્યસ્તવથી ભગવાનને ઉપકારાદિનો અભાવ હોવાથી દ્રવ્યસ્તવની નિરર્થકતા બતાવનાર પૂર્વપક્ષીનું નિરાકરણ, દ્રવ્યસ્તવગત હિંસામાં ગુણકારિતાની સિદ્ધિ (૧૬૬/૧૬૭)	૩૪૧-૩૪૮
	ગાથા-૧૬૮ : સર્વજ્ઞ વચનોની સંભવદ્રૂપતામાં યુક્તિ.	૩૪૮-૩૫૦

શ્લોક નં.	વિષય	પાના નં.
	વેદવચનોનું સ્વરૂપ : ગાથા-૧૬૯-૧૮૧	
	ગાથા-૧૬૯ : વેદવચનોની અસંભવદ્રૂપતામાં યુક્તિ.	૩૫૦-૩૫૧
	ગાથા-૧૭૦-૧૭૧-૧૭૨ : વેદવચનોની અપૌરુષેયતાની અસિદ્ધિમાં યુક્તિ.	૩૫૧-૩૫૬
	ગાથા-૧૭૩-૧૭૪-૧૭૫ : વેદવચનોને અપૌરુષેય સ્વીકારવામાં આવતા દોષો.	૩૫૬-૩૬૨
	ગાથા-૧૭૬ : લૌકિક વચનોથી વેદવચનોના વૈધર્મ્યની સાધક વેદાંતીની યુક્તિનું નિરાકરણ.	૩૬૨-૩૬૪
	ગાથા-૧૭૭-૧૭૮ : વેદવચનમાં સ્વભાવથી સ્વાર્થપ્રકાશનના અભાવની યુક્તિ.	૩૬૪-૩૬૭
	ગાથા-૧૭૯ : વેદવચનમાં આગમપ્રયોગથી થયેલ ગુરુસંપ્રદાયનો અભાવ.	૩૬૭-૩૬૮
	ગાથા-૧૮૦ : વેદને જાણનાર પ્રમાણભૂત છે, એ કથન વ્યામોહસ્વરૂપ.	૩૬૮-૩૭૦
	ગાથા-૧૮૧ : વૈદિક આચાર્યથી કહેવાયેલ વ્યાખ્યારૂપ આગમ પણ વ્યામોહસ્વરૂપ.	૩૭૦-૩૭૨
	ગાથા-૧૮૨ : વેદવચનના અર્થવિષયક ગુરુપરંપરાના અભાવનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૩૭૨-૩૭૩
	ગાથા-૧૮૩-૧૮૪ : આગમને અપૌરુષેય કે સર્વજ્ઞને અનાદિ સ્વીકારવાની વેદાંતીએ આપેલ આપત્તિનું નિરાકરણ. - તપથી દેવલોકની અને ધ્યાનથી મોક્ષની પ્રાપ્તિ. - આગમના અર્થ અને સર્વજ્ઞ વચ્ચે બીજ-અંકુર ન્યાય તથા સૂત્ર અને સર્વજ્ઞ વચ્ચે બીજ-અંકુર ન્યાયના અભાવની સાધક યુક્તિ.	૩૭૪-૩૭૯
	ગાથા-૧૮૫-૧૯૧ : દ્રવ્યસ્તવની હિંસામાં અદોષતાના દૃષ્ટાંતથી યાગીય હિંસાને અદોષરૂપે સ્થાપવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૩૭૯-૩૮૮
	ગાથા-૧૮૮-૧૯૫ : યાગીય હિંસામાં અપવાદરૂપતાના અભાવની સ્થાપક યુક્તિ, યાગીય હિંસામાં દુષ્ટતાની સિદ્ધિ.	૩૮૩-૩૯૫
	ગાથા-૧૯૨ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પરસ્પર અનુવિદ્ધતા.	૩૮૮-૩૮૯
	ગાથા-૧૯૩ : અલ્પ-અધિક સત્ત્વની અપેક્ષાએ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની અધિકારિતા.	૩૮૯-૩૯૦
	ગાથા-૧૯૪-૧૯૫ : દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના ક્રમઉલ્લંઘનમાં દોષનું દૃષ્ટાંત દ્વારા ભાવન, દ્રવ્યસ્તવના ક્રમથી જ ભાવસ્તવના સ્વીકારની ઉચિતતામાં યુક્તિ.	૩૯૦-૩૯૫
	ગાથા-૧૯૬ : સદ્વ્યય કરવા માટે અસમર્થમાં સર્વત્યાગનું અસામર્થ્ય.	૩૯૫-૩૯૬

શ્લોક નં.	વિષય	પાના નં.
	ગાથા-૧૯૭ : સંયમગ્રહણથી જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ અને પરિશુદ્ધ દ્રવ્યસ્તવની હાનિ.	૩૯૭-૩૯૮
	ગાથા-૧૯૮ : ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવની હીનતામાં યુક્તિ, દાનાદિ ચાર ધર્મોના ક્રમનું પ્રયોજન.	૩૯૮-૩૯૯
	ગાથા-૧૯૯-૨૦૦ : દાનાદિ ધર્મમાં પૂર્વ પૂર્વની અનિષ્પત્તિ હોતે છતે ઉત્તરોત્તરની તાત્ત્વિક રીતે અપ્રાપ્તિમાં યુક્તિ.	૩૯૯-૪૦૧
	ગાથા-૨૦૧ : દાનધર્મનો દ્રવ્યસ્તવમાં અને શીલાદિ ધર્મોનો ભાવસ્તવમાં અંતર્ભાવ.	૪૦૧-૪૦૨
	ગાથા-૨૦૨ : અનુષ્ઠાનને કહેનારાં સૂત્રોમાં સ્વબુદ્ધિથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના વિભાજનનો અતિદેશ.	૪૦૨-૪૦૩
	ગાથા-૨૦૩ : વિસ્તારના અર્થીએ સ્વતંત્ર સ્તવપરિજ્ઞા નામના ગ્રંથથી જાણવાનો અતિદેશ.	૪૦૩-૪૦૪
	સ્તવપરિજ્ઞાનું માહાત્મ્ય, લુંપાકમતની કુવાસનાના પરિહાર માટે સ્તવપરિજ્ઞાની રચના.	૪૦૪-૪૦૬
૬૮.	સજ્જનોને જિનપ્રતિમાની પ્રમાણતામાં યુક્તિ.	
	પૂજ્યત્વ બુદ્ધિથી પરમાત્માની પૂજા કરનાર અને પૂજા નહિ કરનારના ભાગ્ય વચ્ચેનું અંતર.	૪૦૬-૪૧૧
૬૯.	જડ પ્રતિમાની પૂજાને નિષ્ફળ સ્વીકારનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ.	
	લુંપકનું સ્વરૂપ, પ્રતિમાની પૂજનીયતાનું સ્વરૂપ, પૂ. યશોવિજયજી મહારાજાએ ગ્રંથને આશ્રયીને શિષ્ટ પુરુષોને કરેલ વિનંતિ.	
	પરમાત્મભક્તોનું સ્વરૂપ.	૪૧૧-૪૧૪

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

महामहोपाध्याय श्री यशोविजयजी वाचक निर्मित स्वोपज्ञवृत्तियुत

प्रतिमाशतक

शब्दशः विवेचन

भाग-3

अवतरणिका :-

व्यवहारनयाश्रयणेऽपि स्वोत्प्रेक्षितं समाधानमाह –

अवतरणिकार्थ :-

व्यवहारनयना आश्रयमां पण स्वोत्प्रेक्षित समाधान कहे छे –

भावार्थ :-

पूर्वमां नैगमनयने आश्रयीने धनार्जननी क्रियाने पण पूजानी क्रिया स्वीकारीने कूपदृष्टांतनी संगति करी. हवे व्यवहारनय धनार्जननी क्रियाने पूजानी क्रिया तरीके स्वीकारतो नथी, परंतु पूजा अर्थे स्नानादिनी क्रियाथी ज पूजानी क्रिया स्वीकारे छे, ते व्यवहारदृष्टिनो आश्रय करीने पण कूपदृष्टांत कई रीते संगत थाय तेना विषयमां ग्रंथकारश्री द्वारा जे समाधान करायुं छे ते बतावे छे –

श्लोक :-

अत्रास्माकमिदं हृदि स्फुरति यद् द्रव्यस्तवे दूषणम्,
वैगुण्येन विधेस्तदप्युपहतं भक्त्येति हि ज्ञापनम् ।
कूपज्ञातफलं यतोऽविधियुताप्युक्तक्रिया मोक्षदा,
भक्त्यैव व्यवधानतः श्रुतधराः शिष्टाः प्रमाणं पुनः ।।६१।।

શ્લોકાર્થ :-

અહીં=આ વક્ષ્યમાણ, અમારા હૃદયમાં સ્ફુરે છે. દ્રવ્યસ્તવમાં વિધિના વૈગુણ્યથી જે દૂષણ છે, તે પણ ભક્તિ વડે ઉપહત=નાશ થાય છે, એ પ્રમાણે જ્ઞાપન કૂપજ્ઞાતનું=કૂપદૃષ્ટાંતનું, ફળ છે; જે કારણથી અવિધિથી યુક્ત પણ ઉક્ત ક્રિયા=વૈગુણ્યવાળી ક્રિયા, વ્યવધાનથી=પરંપરાએ ભક્તિ વડે જ મોક્ષ આપનારી છે. વળી (આ અર્થમાં) શ્રુતધર એવા શિષ્ટો પ્રમાણ છે. ।।૬૧।।

ટીકા :-

'अत्राऽस्माकम्' इति :- अत्रोक्तपूर्वपक्षेऽस्माकमिदं हृदि स्फुरति, यत् द्रव्यस्तवे दूषणं तद्विधेर्वैगुण्येन भक्तिमात्रैकतानतासम्भविविधिवैकल्येन, प्राक्कालसम्भव्यारम्भदोषस्य फले समारोपे गृहस्थाश्रमसम्भविदोषस्य चारित्रकाले समारोपेण तत्शोधने तत्रापि कूपदृष्टान्ताभिधानापत्तिरिति प्राचीनपक्षेऽस्वरसः, स्नानादावारम्भश्चित्ते लगतीत्याभिमानिक आरम्भदोषस्त्वधिकारिणो न सङ्गतः, अभिमानस्य भावदोषत्वादल्पदोषस्य च द्रव्यरूपस्यैवेष्टत्वादभिमानस्य विपर्ययरूपदोष-स्याल्पस्य वक्तुमशक्यत्वादुपरितनानां तत्र दोषत्वाभिमानस्तु न विपर्ययः, स्याद्वादमार्गे वस्तुन आपेक्षिकत्वात्, स्थविरकल्पिकस्य यो मार्गः स जिनकल्पिकापेक्षया न मार्ग इतिवदुपपत्तेः, तदपि विधिवैकल्यप्रयुक्तं द्रव्यस्तवदूषणमपि भक्त्या=अधिकतरभक्तिभावेन, उपहतं भवतीति हि ज्ञापनं कूपज्ञातस्य फलं=कूपज्ञातेनैतद् ज्ञाप्यत इत्यर्थः,

पूजाविधिवैगुण्यस्थलीयेऽप्युपलेपे भक्तिप्राबल्यस्य प्रतिबन्धकत्वं कूपे खन्यमाने कर्दमोपलेपादाविव मन्त्रविशेषस्येति भावः, यतोऽविधियुतापि क्रिया व्यवधानेन=अतिपारम्पर्येण, भक्त्यैव कृत्वा मोक्षदोक्ता, (श्रुतधराः) शिष्टाः पुनरत्रार्थे प्रमाणं शिष्टैकवाक्यतया माभूदत्र स्वकपोलकल्पितत्वमात्रमिति भावः इत्थं चाभयदेवसूरिवचनानामुक्तानां शेषाणां च भक्तिमात्रप्रयुक्तपूजैव विषय इति सर्वोऽपि प्राचीननवीनवर्त्मा परिष्कृतो भवति ।

इत्थं विवेचका एव सुज्ञानाः सुप्ररूपकाः, शङ्किकतार्थे पुनः सूत्रे व्याख्याते भक्तिरेव का ? उक्तं च सम्मतौ गन्धहस्तिना–

'ण हु सासणभत्तीमित्तएण सिद्धंतजाणगो होइ ।
ण वि जाणगोवि समए पन्नवणानिच्छिओ णेयो' ।। **त्ति** ।। **(काण्ड-३ गा. ६३)।।**

न परीक्षां विना स्थेयं प्राचीनप्रणयात्परम् । अविमृश्य रुचिस्तत्र निरस्ता गन्धहस्तिना ।

तथा–

'जनोऽयमन्यस्य मृतः पुरातनः पुरातनैरेव समो भविष्यति ।
पुरातनेष्वित्यनवस्थितेषु कः पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत् ।। **(सिद्धसेनीयद्वात्रिंशिका-६/५)** ।

प्राचीनत्वं नवीनत्वमप्यनेकान्तगर्भितं तत्तत्तात्पर्यभेदेन तन्त्रे नातिप्रसञ्जकम्, कूपदृष्टान्त-विशदीकरणेऽधिकमादरात् प्रपञ्चेनोक्तमस्माभिस्ततस्तदवधार्यताम् ।।६१।।

टीकार्थ :-

'अत्र ..... वैकल्येन', अहींयां=उक्त એવા પૂર્વપક્ષમાં=શ્લોક-૬૦માં પંચાશકની ટીકામાં પૂજ્ય અભયદેવસૂરિ મહારાજાના વ્યાખ્યાનમાં બતાવ્યું કે ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઇષ્ટપણું છે એ રૂપ પૂર્વપક્ષમાં, અમારા હૃદયમાં આ સ્ફુરાયમાન થાય છે – દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, તે વિધિના વૈગુણ્યને કારણે છે=ભક્તિમાત્ર એકતાનતાના કાળમાં સંભવી એવું જે વિધિવૈકલ્ય તેના કારણે છે.

શ્લોક-૬૦માં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ ઓઘનિર્યુક્તિના કથન પછી આગળમાં કહ્યું કે, શુદ્ધભાવનો નિર્વિષય કૂપદૃષ્ટાંત છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, તેઓશ્રીને અશુદ્ધ દ્રવ્યસ્તવમાં જ કૂપદૃષ્ટાંતની સંગતિ બતાવવી છે, પરંતુ પરિપૂર્ણ વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત ગ્રંથકારશ્રીને અભિમત નથી. તેથી શ્લોક-૬૦ની ટીકાના અંતમાં કેટલાકનો મત અનાગમિક નથી એમ કહીને નૈગમનયના ભેદના આશ્રયથી તેનું સમાધાન કર્યું, તેમાં પોતાનો અસ્વરસ છે તે યુક્તિથી બતાવે છે -

प्राक्काल ..... ऽस्वरसः, પૂર્વકાળસંભવી આરંભદોષનો ફળમાં સમારોપણ કરવામાં ગૃહસ્થાશ્રમ સંભવી દોષનો ચારિત્રકાળમાં સમારોપણ દ્વારા તેના શોધનમાં=ગૃહસ્થાશ્રમ સંભવી દોષના શોધનમાં, ત્યાં પણ=ચારિત્રના આચરણમાં પણ, કૂપદૃષ્ટાંતના અભિધાનની આપત્તિ આવશે. એથી કરીને પ્રાચીનપક્ષમાં=કેચિત્કારના મતમાં, અસ્વરસ છે.

પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, તે વિધિના વૈગુણ્યને કારણે છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે, જે જીવ વ્યુત્પન્ન અને વિધિમાં તત્પર હોય તે જીવ ભગવાનની પૂજા અર્થે જ્યારે સ્નાનાદિ કરે, ત્યારે તેના ચિત્તમાં આરંભ લાગે છે. તેને એવી બુદ્ધિ થાય છે કે, હું આરંભની ક્રિયા કરું છું, તેથી એ પ્રકારે આભિમાનિક આરંભ દોષ ત્યાં પ્રાપ્ત થાય છે, અને તેનું નિવારણ ભગવાનની પૂજાથી થાય છે; તેથી વિધિશુદ્ધ પૂજા કરનારને પણ કૂપદૃષ્ટાંત સંગત થશે. માટે વિધિના વૈગુણ્યથી જ દ્રવ્યસ્તવમાં દૂષણ છે તેવું નથી, પરંતુ સ્નાનાદિ આરંભનો ચિત્તમાં સ્પર્શ થાય છે, તત્કૃત દૂષણ પણ પૂજામાં છે. તેના નિવારણ અર્થે કહે છે –

स्नानादौ ..... भावदोषत्वात्, સ્નાનાદિવિષયક આરંભ ચિત્તમાં લાગે છે, એ પ્રકારે આભિમાનિક આરંભદોષ અધિકારીને સંગત નથી; કેમ કે અભિમાનનું ભાવદોષપણું છે=અભિમાન ચિત્તના પરિણામ-રૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે, કૂપદૃષ્ટાંતથી શાસ્ત્રમાં પૂજાનું ભાવન કરેલ છે. ત્યાં જો વિધિશુદ્ધ પૂજા કરનારને ભાવદોષ ઇષ્ટ નથી, તો દ્રવ્યસ્તવમાં જે દોષ બતાવેલ તે કયો દોષ ઇષ્ટ બની શકે ? તેથી કહે છે –

अल्पदोषस्य ..... ईष्टत्वात्, દ્રવ્યરૂપ જ અલ્પ દોષનું ઇષ્ટપણું છે=પ્રમાદને કારણે કે અજ્ઞાનને કારણે બાહ્ય આચરણારૂપ યતનાની ખામીસ્વરૂપ અલ્પ દોષનું ઇષ્ટપણું છે.

અહીં પ્રશ્ન થાય કે, સ્નાનાદિકાળમાં ચિત્તમાં જે આરંભ લાગે છે, એ રૂપ આભિમાનિક દોષ અલ્પ છે, એમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

અભિમાનસ્ય ..... અશક્યત્વાત્, વિપર્યયરૂપ દોષસ્વરૂપ અભિમાનને અલ્પરૂપે કહેવું અશક્ય છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી સંયમીઓને સ્નાનાદિમાં દોષપણાનું અભિમાન કેમ થાય છે ? તેથી કહે છે –

उपरितानां ..... न विपर्ययः, ઉપરમાં રહેનારા જીવોને=પૂજાના અધિકારી કરતાં ઉપરના ગુણસ્થાનકમાં રહેલા જીવોને, ત્યાં=સ્નાનાદિમાં, દોષત્વનું અભિમાન વળી વિપર્યય નથી.

અહીં પ્રશ્ન થાય કે, સ્નાનાદિમાં દોષત્વનું અભિમાન સમ્યગ્દૃષ્ટિને વિપર્યયરૂપ છે અને તે જ પ્રકારનું દોષત્વનું અભિમાન સંયમીઓને વિપર્યયરૂપ કેમ નથી ? તેથી કહે છે –

स्याद्वाद ..... आपेक्षिकत्वात्, સ્યાદ્વાદમાર્ગમાં વસ્તુનું આપેક્ષિકપણું હોવાથી સમ્યગ્દૃષ્ટિને પૂજા અર્થે સ્નાનાદિમાં આરંભની બુદ્ધિ થતી નથી અને મુનિને આરંભની બુદ્ધિ થાય છે.

ભગવાનની પૂજા અર્થે કરાતા સ્નાનાદિમાં સમ્યગ્દૃષ્ટિને આરંભની બુદ્ધિ થતી નથી અને તે જ ભગવાનની પૂજામાં મુનિને આરંભની બુદ્ધિ કેમ થાય છે ? તે બતાવતાં કહે છે –

स्थविर ..... उपपत्तेः, સ્થવિરકલ્પિકનો જે માર્ગ તે જિનકલ્પિકની અપેક્ષાએ માર્ગ નથી, એની જેમ સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ પૂજા અર્થે સ્નાનાદિની ક્રિયામાં આરંભ દોષ નથી અને મુનિની અપેક્ષાએ આરંભ દોષ છે, એમ ઉપપન્ન=સંગત, થાય છે.

तदपि ..... इत्यर्थः, ઉપરમાં એ સિદ્ધ કર્યું કે દ્રવ્યસ્તવમાં જે કાંઈ દોષ છે, તે વિધિવૈગુણ્યકૃત છે તે પણ=વિધિવૈગુણ્યકૃત દ્રવ્યસ્તવનું દૂષણ પણ, ભક્તિ વડે=અધિકતર ભક્તિભાવ વડે, ઉપહત થાય છે=દૂષણ કરતાં અધિક એવો ભક્તિનો શુભભાવ છે તેનાથી નાશ થાય છે, એ પ્રકારે જ્ઞાપન કૂપદૃષ્ટાંતનું ફળ છે=કૂપદૃષ્ટાંતથી આ જણાય છે, એ પ્રકારે તાત્પર્ય છે.

❖ 'अत्र=उक्तपूर्वपक्षेऽस्माकं हदि स्फुरति' મૂળ શ્લોક-૬૧માં 'अत्र' છે, તેનો અર્થ ટીકામાં ઉક્ત પૂર્વપક્ષ કરેલ છે. આ ઉક્ત પૂર્વપક્ષ એટલે શ્લોક-૬૦માં પંચાશકની ટીકામાં પૂજ્ય અભયદેવસૂરિ મહારાજના વ્યાખ્યાનમાં બતાવ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઇષ્ટપણું છે તે રૂપ છે, અને તે ઉક્ત પૂર્વપક્ષમાં અમારા હૃદયમાં આ પ્રમાણે સ્ફુરે છે, એમ ગ્રંથકારશ્રી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા કહે છે.

અહીં પ્રશ્ન થાય કે, પૂ. અભયદેવસૂરિ મહારાજાના કથનને પૂર્વપક્ષરૂપે કેવી રીતે કહી શકાય ? તેનું સમાધાન એ છે કે, શ્લોક-૬૦માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, કેટલાકનો મત અનાગમિક ભાસતો નથી અને તેની સંગતિ ત્યાં નૈગમનયના ભેદના આશ્રયથી કરી, ત્યારે તેની સાથે પૂ. અભયદેવસૂરિ મહારાજના કથનનો વિરોધ પ્રાપ્ત થયો; કેમ કે પૂ. અભયદેવસૂરિ મહારાજે એ કથનને પંચાશકની ટીકામાં કેચિત્કારનો મત આગમ અનુપાતી નથી, એમ કહ્યું. તેથી જ્યારે ગ્રંથકારશ્રીએ કેચિત્કારના મતને આગમ અનુપાતી સ્થાપન કર્યો, ત્યારે તે મતને આગમ અનુપાતી નહિ કહેનાર પૂ. અભયદેવસૂરિ મહારાજનું વચન પૂર્વપક્ષરૂપે પ્રાપ્ત થાય છે. તેથી જ પ્રસ્તુત શ્લોક-

૬૧ની ટીકામાં 'अत्र' નો અર્થ ઉક્ત પૂર્વપક્ષ કરેલ છે=પૂર્વમાં જે કથન કર્યું તે રૂપ કહેવાયેલ પૂર્વપક્ષ, જે પૂ. અભયદેવસૂરિ મહારાજના વચનરૂપ છે.

❖ મૂળ શ્લોકમાં જે 'यद्' શબ્દ છે, તેનો અન્વય 'तदपि उपहतं'ની સાથે છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે તે પણ ઉપહત થાય છે, અને ટીકામાં તેનું જોડાણ 'तदपि ..... उपहतं भवतीति' એ પ્રકારે આગળના કથન સાથે છે, અને ટીકાના પ્રારંભમાં 'यद् द्रव्यस्तवे दूषणं' પછી જે 'तद्' છે, તેની સાથે પણ તેનો સંબંધ છે. તે આ રીતે –

જે દ્રવ્યસ્તવમાં દૂષણ છે તે વિધિવૈગુણ્યકૃત છે અને તે પણ ભક્તિથી ઉપહત થાય છે, એ પ્રકારે જ્ઞાપન કૂપદૃષ્ટાંતનું ફળ છે, એમ તાત્પર્ય છે. અહીં પ્રશ્ન થાય કે, ગ્રંથકારશ્રી પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ શ્લોક-૬૦માં કહ્યું કે, शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः=વિધિપૂર્વકની પૂજામાં કૂપદૃષ્ટાંત નિર્વિષય છે. ત્યાર પછી પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબે ચતુર્થ પંચાશકની ટીકામાં કેચિત્કારના મતને અનાગમિક કહેલ, અને કેચિત્કારે વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતની થતી અસંગતિને જોડવા માટે કૂપદૃષ્ટાંતનું યોજન બીજી રીતે કરેલ, અને તે કેટલાકનો મત નૈગમનયના આશ્રયથી સંગત છે, તેમ શ્લોક-૬૦ની ટીકાના અંતમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ સ્થાપન કરેલ, તેથી વિધિશુદ્ધ પૂજામાં પણ પોતાને કૂપદૃષ્ટાંત માન્ય છે, તે અર્થ ફલિત થાય છે; અને પૂર્વમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ સ્વયં કહેલ કે, શુદ્ધભાવનો નિર્વિષય કૂપદૃષ્ટાંત છે, આ રીતે બે વચનનો વિરોધ આવે છે. તેથી આ બે વચનના વિરોધના પરિહાર માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ પ્રસ્તુત શ્લોક-૬૧ની અવતરણિકામાં કહ્યું કે, "વ્યવહારનયના આશ્રયમાં પણ પોતે વિચારેલ સમાધાનને શ્લોકમાં કહે છે." તેનાથી એ ફલિત થયું કે, વ્યવહારનયને આશ્રયીને વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત વિષય નથી અને નૈગમનયને આશ્રયીને શુદ્ધ પૂજામાં પણ કૂપદૃષ્ટાંતનું યોજન થઈ શકે છે.

પ્રસ્તુત શ્લોક-૬૧માં વ્યવહારનયને આશ્રયીને ગ્રંથકારશ્રી પોતે પૂ. અભયદેવસૂરિ મહારાજના કથનની સંગતિ કરી રહ્યા છે. તેથી પોતાને વ્યવહારનયથી કેચિત્કારના મતમાં અસ્વરસ કેમ છે, તે બતાવવા અર્થે જ प्राक्कालसम्भवि ..... प्राचीनपक्षेऽस्वरसः । એ પ્રમાણે કથન વચમાં કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે, પ્રાચીન પક્ષમાં અસ્વરસ છે, એમ કહ્યું, ત્યાં 'પ્રાચીન' શબ્દથી પૂ. અભયદેવસૂરિ મહારાજને ગ્રહણ ન કરતાં કેચિત્કારના મતને કેમ ગ્રહણ કર્યો ? તેનો આશય એ છે કે, પૂ. અભયદેવસૂરિ મહારાજ પંચાશકની ટીકા લખતાં એમ કહે છે કે, કેટલાકના મતે કૂપદૃષ્ટાંત આ રીતે છે. તેથી પૂ. અભયદેવસૂરિ મહારાજ કરતાં કૂપદૃષ્ટાંતને બીજી રીતે યોજનાર કોઈ પૂર્વમાં થયેલ છે. તેથી પૂ. ઉપાધ્યાયજી મહારાજે તે કેટલાકના મતનો પ્રાચીન શબ્દથી ઉલ્લેખ કર્યો છે, અને તે કૂપદૃષ્ટાંતનો બીજી રીતે અર્થ કરનાર પૂ. અભયદેવસૂરિ મહારાજનો અર્વાચીન પક્ષથી ઉલ્લેખ કર્યો છે. બાકી પૂ. ઉપાધ્યાયજી મહારાજની અપેક્ષાએ તો બંને પ્રાચીન છે.

પ્રસ્તુત શ્લોક-૬૧માં કહ્યું કે, ઉક્ત પૂર્વપક્ષમાં અમારા હૃદયમાં આ સ્ફુરે છે કે, દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, તે વિધિના વૈગુણ્યને કારણે છે અને તે પણ ભક્તિથી નાશ પામે છે, એ પ્રમાણેનું જ્ઞાપન કૂપદૃષ્ટાંતનું ફળ છે. એ કથનનો જે ભાવ છે તે બતાવતાં કહે છે –

पूजाविधि ..... भावः, પૂજાવિધિવૈગુણ્યસ્થલીય પણ ઉપલેપમાં ભક્તિના પ્રાબલ્યનું પ્રતિબંધકપણું

છે. જેમ ખોદાતા એવા કૂપમાં પ્રાપ્ત થતા કાદવ ઉપલેપાદિમાં મંત્રવિશેષનું પ્રતિબંધકપણું છે, એ પ્રકારે ભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી કોઈ જીવ પૂર્ણ વિધિપૂર્વક ભગવાનની ભક્તિમાં તન્મય હોય તે જીવને જેમ પૂજાકાળમાં લેશ કર્મબંધ થતો નથી, તે જ રીતે કોઈ જીવની ભગવાનની પૂજામાં બાહ્ય યતનાની ખામી વર્તતી હોય, આમ છતાં તે ભગવાનની ભક્તિમાં તન્મય હોય તો લેશ પણ કર્મબંધ થતો નથી, એમ માનીએ તો, સંપૂર્ણ વિધિવાળી પૂજા અને વિધિની ખામીવાળી પૂજા સમાન પ્રાપ્ત થશે. તેથી કહે છે –

यतो ..... मोक्षदोक्ता । જે કારણથી અવિધિયુક્ત પણ ક્રિયા વ્યવધાનથી=અતિપરંપરાથી, ભક્તિ દ્વારા જ મોક્ષને આપનારી છે.

શ્લોક-૬૦ અને ૬૧ના અત્યાર સુધીના કથનથી ગ્રંથકારશ્રીએ એ સ્થાપન કર્યું કે, વિધિની ખામીવાળી પૂજામાં જે કાંઈ દ્રવ્યદોષો છે, તે ભક્તિની એકતાનતાથી પ્રતિબંધિત થઈ જાય છે, ત્યાં કૂપનું દૃષ્ટાંત સંગત થાય છે; અને વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત નિર્વિષય છે. આ કથન ગ્રંથકારશ્રીની પોતાની કલ્પનાથી નથી, પરંતુ પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના વચનની સાથે એકવાક્યતાવાળું છે, તે બતાવવા અર્થે કહે છે –

(श्रुतधराः) शिष्टाः ..... भावः । શ્રુતધર એવા શિષ્ટો આ અર્થમાં=પ્રસ્તુત શ્લોક-૬૧માં પ્રથમ કહ્યું કે, અમારા હૃદયમાં આ સ્ફુરણ થાય છે એ અર્થમાં, પ્રમાણ છે. શ્રુતધર એવા શિષ્ટોની સાથે એકવાક્યપણું હોવાથી અહીંયાં=પૂજાના વિષયમાં બતાવેલ કૂપદૃષ્ટાંતમાં, સ્વકપોલકલ્પિતપણું નથી, એ પ્રકારે ભાવ છે.

❖ ટીકામાં 'शिष्टाः' પાઠ છે, ત્યાં 'श्रुतधराः शिष्टाः' એ પ્રમાણે પાઠની સંભાવના છે; કેમ કે મૂળ શ્લોકમાં 'श्रुतधराः शिष्टाः प्रमाणं पुनः' એ પ્રમાણે પાઠ છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, સ્વ-અન્ય-દર્શન-સાધારણ એવા શિષ્ટો અમને પ્રમાણ નથી, પરંતુ ભગવદ્ ઉક્ત શ્રુતને ધારણ કરનારા એવા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા આદિ શિષ્ટો અમને પ્રમાણ છે; કેમ કે પંચાશક, ષોડશક આદિ ગ્રંથોમાં તેમણે, અમે કહ્યું એ જ પ્રકારે કૂપદૃષ્ટાંત યોજ્યું છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, પોતે કૂપદૃષ્ટાંતનું જે સ્પષ્ટીકરણ કર્યું છે, તે પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનના બળથી કરેલ છે, પરંતુ સ્વમતિથી કરેલ નથી. આ પ્રકારે સ્પષ્ટીકરણ કરવાથી સ્થૂલદૃષ્ટિથી એમ લાગે કે, ગ્રંથકારશ્રીએ પૂ. અભયદેવસૂરિ મહારાજના વચનનું ખંડન કરીને કેચિત્કારના મતને આગમિક સ્થાપન કર્યો છે, તેથી ગ્રંથકારનું વચન પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનોની સાથે એકવાક્યતાવાળું નથી. તે ભ્રમને દૂર કરવા માટે 'इत्थं च'થી કહે છે –

इत्थं च ..... भवति । અને આ રીતે=શ્લોક-૬૦માં આવશ્યકનિર્યુક્તિનું કથન કર્યું તેની પહેલાં કહ્યું કે, કૂપદૃષ્ટાંત કોઈને યથાશ્રુત આશંકાનું સ્થાન થશે ત્યારથી માંડીને જે કાંઈ કૂપદૃષ્ટાંત અંગે ગ્રંથકારશ્રીએ પોતે સ્પષ્ટતા કરી એ રીતે, પૂ. અભયદેવસૂરિ મહારાજના વચનોનો અને ઉક્ત શેષોનો=પૂ. હરિભદ્રસૂરિ મહારાજના અને પ્રસ્તુત ગ્રંથમાં કહેવાયેલા આવશ્યકનિર્યુક્તિ આદિ ઉક્ત શેષ કથનોનો, ભક્તિમાત્રપ્રયુક્ત પૂજા જ વિષય છે અર્થાત્ વિધિશુદ્ધ પૂજા વિષય નથી, પરંતુ

ભક્તિમાત્રપ્રયુક્ત પૂજા જ વિષય છે, અને એ પ્રકારે સર્વ પણ પ્રાચીન અને નવીન માર્ગ પરિષ્કાર કરાયેલ થાય છે=યથાસ્થાને વિનિયોગ કરી સમ્યગ્ યોજન કરાયેલ થાય છે.

પૂર્વમાં એ સ્થાપન કર્યું કે, ગ્રંથકારશ્રીએ પોતે પૂ. હરિભદ્રસૂરિ મહારાજનાં કે પૂ. અભયદેવસૂરિ મહારાજનાં વચનોનું જ સ્પષ્ટીકરણ કરેલ છે, પરંતુ તેમનાં વચનોથી નવું કાંઈ કથન કર્યું નથી. ત્યાં પ્રશ્ન થાય કે, પંચાશકની ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજે કે પૂ. હરિભદ્રસૂરિ મહારાજનાં આવશ્યકનિર્યુક્તિનાં વચનોમાં ક્યાંય એવું કહેલ નથી કે, આ કૂપદૃષ્ટાંત અશુદ્ધ પૂજામાં જ યોજવું, તો ગ્રંથકારશ્રી તેનો અર્થ તે રીતે ન કરતાં તેના બદલે જે રીતે તેમણે યોજ્યું નથી, તે રીતે યોજીને કેમ બતાવે છે ? આવી કોઈને શંકા થાય. તેનું નિરાકરણ કરીને આ રીતે યોજન કરવું, એ જ શ્રુતની ભક્તિ છે, એ બતાવવા અર્થે કહે છે –

'इत्थं विवेचकाः ..... भक्तिरेव का ?' આ પ્રમાણે વિવેચકો જ સારા જ્ઞાનવાળા અને સુપ્રરૂપક થાય છે. વળી શંકિતાર્થ સૂત્રના વ્યાખ્યાનમાં ભક્તિ જ ક્યાં છે ?

શંકિતાર્થ સૂત્રના વ્યાખ્યાનમાં ભક્તિ નથી, તેને જ પુષ્ટ કરવા માટે સંમતિગ્રંથમાં ગંધહસ્તિએ જે કહેલું છે, તે બતાવે છે –

'उक्तं च ..... णेयो ।। त्ति (काण्ड-३ गो. ६२)=શાસનભક્તિમાત્રથી સિદ્ધાંતનો જાણકાર થતો નથી, અને વળી જાણનાર પણ સિદ્ધાંતની પ્રજ્ઞાપનામાં=પ્રરૂપણામાં, નિશ્ચયવાળો જ હોય એવું નથી.

❖ 'ण वि जाणगो वि' - અહીં 'अपि' શબ્દથી એ કહેવું છે કે, સિદ્ધાંતનો સામાન્ય જાણનાર પણ સૂત્રના અર્થમાં પરીક્ષા કરીને યથાસ્થાને વિનિયોગ કરીને પ્રરૂપણા કરે તો જ પ્રરૂપણાના નિશ્ચયવાળો હોય, પરંતુ જાણનાર હોય એટલામાત્રથી પ્રરૂપણાના નિશ્ચયવાળો હોય જ એવો નિયમ નથી.

ઉપરમાં કહ્યું એ રીતે જ વાસ્તવિક સિદ્ધાંતની ભક્તિ થાય, એ જ અર્થને બતાવતાં કહે છે –

'न परीक्षां ..... गन्धहस्तिना ।' પ્રાચીનના પ્રણયથી=પ્રાચીન પ્રત્યેના સ્નેહથી, પરીક્ષા વગર આસ્થેય=શ્રદ્ધેય, પરમ=શ્રેય, નથી. વિચાર્યા વગરની રુચિ ત્યાં=સંમતિગ્રંથમાં, ગંધહસ્તિ વડે નિરસ્ત કરાઈ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, આ પ્રાચીન પુરુષોની રચના છે, તેથી તેમાં શંકા કરીને પરીક્ષા કરવી તે પ્રાચીન પ્રત્યેના અબહુમાન સ્વરૂપ છે, માટે પૂર્વ પુરુષોના વચનમાં શ્રદ્ધા કરવી એ જ ઉચિત છે. તેથી પ્રસ્તુતમાં કૂપદૃષ્ટાંતના વિષયમાં જે પૂર્વ પુરુષોએ કહ્યું છે કે, દ્રવ્યસ્તવ કૂપદૃષ્ટાંતથી મલિનારંભીને હિતકારી છે, એમાં જ શ્રદ્ધા કરવી ઉચિત છે. તેથી કહે છે –

तथा – जनो ..... रोचयेत् ।। **અને** મરેલો આ જન=પુરુષ, અન્યનો=વિદ્યમાન જનનો પુરાતન=પૂર્વકાલીન, છે અને પુરાતનોની જ સાથે સમાન થશે. આ રીતે અનવસ્થિત એવા પુરાતનો હોતે છતે પુરાતનો વડે કહેવાયેલા કથનોની પરીક્ષા કર્યા વગર કોણ રુચિ કરે ?

પૂર્વમાં કહ્યું કે, પ્રાચીનપણું અનવસ્થિત હોવાને કારણે પુરાતનોનાં કથનો પરીક્ષા કર્યા વગર સ્વીકારવાં જોઈએ નહિ. ત્યાં કોઈ કહે કે, કૂપદૃષ્ટાંતના વિષયમાં પ્રાચીનોએ કહેલાં કથનોની તમે પરીક્ષા કરી અને

પછી કૂપદૃષ્ટાંતનું સ્વયં યોજન કર્યું, પરંતુ જો પ્રાચીનોનું વચન સમ્યગ્ હોય તો તમારે પણ તે રીતે જ કહેવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય, અને તમે વર્તમાનમાં જે રીતે કૂપદૃષ્ટાંત યોજો છો, તે અર્થ સમ્યગ્ હોય તો પ્રાચીનોએ પૂર્વમાં તે કથન તેમ યોજવું જોઈએ. પરંતુ તેમ યોજ્યું નથી, તેથી તેઓનું કથન મિથ્યા છે, તેમ માનવાનો અતિપ્રસંગ આવે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

प्राचीनत्वं ..... नातिप्रसञ्जकं', તંત્રમાં=શાસ્ત્રના વિષયમાં, તે તે પર્યાયના ભેદથી અનેકાંતગર્ભિત એવું પ્રાચીનપણું અને નવીનપણું પણ અતિપ્રસંગ કરનારું નથી.

પૂર્વમાં પ્રાચીન અને નવીન માર્ગનું વર્ણન કર્યા પછી કૂપદૃષ્ટાંતમાં વિશેષ જિજ્ઞાસાવાળા માટે અન્ય સ્થાનનો નિર્દેશ કરે છે –

'कूपदृष्टान्त ..... अवधार्यताम्' ।। કૂપદૃષ્ટાંત વિશદીકરણ નામના ગ્રંથમાં આદરથી=નિરૂપણથી, અમારા વડે વિસ્તારથી અધિક કહેવાયું છે, તેમાંથી=કૂપદૃષ્ટાંત વિશદીકરણ ગ્રંથમાંથી, તે=કૂપદૃષ્ટાંત જાણવું. ॥૬૧॥

ભાવાર્થ :-

શ્લોક-૬૦માં ચતુર્થ પંચાશકની ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજના કથનમાં બતાવ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઇષ્ટપણું છે, એ રૂપ પૂર્વપક્ષમાં ગ્રંથકારશ્રીના હૃદયમાં આ રીતે સ્ફુરાયમાન થાય છે - દ્રવ્યસ્તવમાં જે દૂષણ છે, તે વિધિની ખામીને કારણે છે. તે આ રીતે - કોઈ જીવ ભક્તિમાત્રમાં એકતાન થયેલો હોય, તે કાળમાં જ વિધિનું અજ્ઞાન હોવાને કારણે કે વિધિમાં સુદૃઢ યત્ન કરવા વિષયક પ્રમાદ હોવાને કારણે, બાહ્ય વિધિમાં ખામી થતી હોય તે દ્રવ્યસ્તવમાં દૂષણ છે.

શ્લોક-૬૦માં નૈગમનયના ભેદના આશ્રય દ્વારા દ્રવ્યસ્તવના કારણીભૂત એવા ધનાર્જનને પણ દ્રવ્યસ્તવના કારણરૂપે ગ્રહણ કરીને તજ્જન્ય કર્મનું ક્ષપણ દ્રવ્યસ્તવથી થાય છે, તેથી શુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત સંગત છે, તે બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે, સ્નાનાદિથી માંડીને પૂજાની જે ઇતિકર્તવ્યતા છે, તેના પૂર્વકાળ સંભવી જે ધનાર્જનરૂપ આરંભ દોષ છે, તેનું પૂજારૂપ ફળમાં સમારોપણ કરવામાં આવ્યું; તેથી તે ધનાર્જનની ક્રિયાને પણ પૂજાની ક્રિયા તરીકે સ્વીકારવામાં આવી, અને તે ધનાર્જન કાળમાં લાગેલ જે અલ્પ પાપ છે, તેના શોધનમાં કૂપદૃષ્ટાંતનું અભિધાન કર્યું. અને એ રીતે કરવાથી ચારિત્રગ્રહણના પૂર્વકાળવર્તી ગૃહસ્થાશ્રમ સંભવી દોષનું ચારિત્રકાળમાં સમારોપણ કરી, તે દોષનું શોધન ચારિત્રાચારના પાલનથી થાય, ત્યાં પણ કૂપદૃષ્ટાંતના અભિધાનની આપત્તિ આવે; કેમ કે જેમ નૈગમનયના ભેદના આશ્રય દ્વારા ધનાર્જનની ક્રિયાને પણ પૂજાની ક્રિયારૂપે ગ્રહણ કરી શકાય, તે જ રીતે સંયમગ્રહણ પૂર્વે જે ગૃહસ્થાશ્રમ છે તેને પણ ચારિત્રના સેવનની ક્રિયારૂપે કહી શકાય અને ગૃહસ્થાશ્રમ સંભવી દોષનું શોધન કૂપદૃષ્ટાંતથી બતાવી શકાય, જે વાત યુક્તિથી સ્વીકારવામાં કોઈ બાધ નથી. પરંતુ શાસ્ત્રમાં કૂપદૃષ્ટાંત જિનપૂજામાં યોજવામાં આવે છે, ચારિત્રની ક્રિયામાં કૂપદૃષ્ટાંતનું યોજન શાસ્ત્રમાં પ્રસિદ્ધ નથી. એથી કરીને પ્રાચીન પક્ષમાં ગ્રંથકારશ્રીને અસ્વરસ છે, આથી જ શ્લોક-૬૦માં ગ્રંથકારશ્રીએ કહેલ કે વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત નિર્વિષય છે.

આ કથનથી એ ફલિત થયું કે, પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબે શ્લોક-૬૦માં કૂપદૃષ્ટાંતને શુદ્ધ પૂજામાં નિર્વિષય કહેલ તે વ્યવહારનયને સામે રાખીને જ કહેલ છે; કેમ કે જો શુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતને તે રીતે યોજવામાં આવે તો ચારિત્રમાં પણ કૂપદૃષ્ટાંતના યોજનની આપત્તિ આવે. પરંતુ ચારિત્રમાં શાસ્ત્રકારોએ કૂપદૃષ્ટાંતને યોજ્યું નથી, તેથી શુદ્ધ પૂજામાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાને કૂપદૃષ્ટાંત યોજવું ઉચિત લાગતું નથી. આમ છતાં કોઈક નૈગમનયથી તેને શુદ્ધ પૂજામાં યોજે તો દોષ નથી, તેમ કહેવું છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, વિધિના વૈગુણ્યથી જ દ્રવ્યસ્તવમાં દૂષણ છે એવું નથી. પરંતુ કોઈ જીવ વ્યુત્પન્ન હોય અને વિધિતત્પર પણ હોય એવો જીવ પૂજા માટે સ્નાનાદિની ક્રિયા કરે છે, ત્યાં તેને ચિત્તમાં આરંભ લાગે છે="હું આરંભની ક્રિયા કરું છું," એવો ચિત્તમાં પ્રતિભાસ થાય છે, તેથી સ્નાનાદિની ક્રિયા આરંભક્રિયા છે, તત્કૃત દ્રવ્યસ્તવમાં દૂષણ છે. તેના નિરાકરણ માટે કહે છે –

સ્નાનાદિવિષયક આરંભ ચિત્તમાં લાગે છે, એ પ્રકારે આભિમાનિક આરંભદોષ અધિકારીને સંગત નથી; કેમ કે અભિમાન એ ભાવદોષ છે.

અહીં અભિમાનથી અહંકાર સમજવાનો નથી, પરંતુ સ્નાનાદિમાં હું આરંભની ક્રિયા કરું છું, એવી જાતનો પરિણામ=માન્યતા, એ ભાવદોષ છે.

આશય એ છે કે, પૂજાનો અધિકારી સમ્યગ્દૃષ્ટિ એવો મલિનારંભી છે. તે સમ્યગ્દૃષ્ટિ હોવાથી જાણે છે કે, ભગવાનની આજ્ઞા છે કે, મલિનારંભીએ વિધિપૂર્વક સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી જોઈએ. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે કે, સ્નાનમાં પણ ભગવાનની આજ્ઞા છે, અને જ્યાં ભગવાનની આજ્ઞા હોય તે પ્રવૃત્તિમાં આરંભ હોય નહિ, પરંતુ તે પ્રવૃત્તિ નિર્જરાના કારણરૂપ હોય. તેથી સ્નાનાદિમાં આરંભ છે, એ પ્રકારે તેને ચિત્તમાં લાગતું નથી. આથી જ આભિમાનિક આરંભદોષ અધિકારીને સંગત નથી; કેમ કે અભિમાન એ મિથ્યાત્વના ઉદયકૃત ભાવદોષ છે.

કોઈ જીવ શાસ્ત્રીય પદાર્થથી અજાણ હોય, અને તેને લાગે કે સામાયિકાદિમાં કોઈ આરંભની ક્રિયા નથી, અને પૂજાની ક્રિયામાં જે સ્નાન કરવામાં આવે છે કે પુષ્પાદિને તોડવામાં આવે છે તે આરંભ છે. આ પ્રકારનો ચિત્તમાં આભિમાનિક પરિણામ તેને થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આ આભિમાનિક આરંભદોષ એ મિથ્યાત્વના ઉદયથી થયેલો ભાવદોષ છે તેથી સમ્યગ્દૃષ્ટિને એ સંભવે નહિ.

અહીં પ્રશ્ન થાય કે, કૂપદૃષ્ટાંતથી પૂજાનું ભાવન કરેલ છે, ત્યાં દ્રવ્યસ્તવમાં જે દોષ કહ્યો, તે કયો દોષ સંભવે ? તેથી કહે છે – દ્રવ્યરૂપ જ અલ્પ દોષનું ઇષ્ટપણું છે.

આશય એ છે કે, ભગવાનની પૂજામાં તત્પર થયેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા, ભગવાનની પૂજા આરંભરૂપ છે એ પ્રકારનો વિપર્યયરૂપ ભાવદોષ કરે નહિ, અને તેણે ભગવાનની પૂજામાં તન્મયતાને પ્રાપ્ત કરેલ હોય. આમ છતાં યતનામાં પ્રમાદને કારણે બાહ્ય આચરણાની ખામીરૂપ કોઈ દોષ કરે તો તે દ્રવ્યદોષ ભગવાનની પૂજાથી થયેલા શુભભાવ દ્વારા નાશ પામે છે, અને ભગવાનની પૂજામાં તન્મયતા પ્રાપ્ત ન થઈ હોય તો

પ્રમાદને કારણે ચિત્તમાં ક્વચિત્ અશુભ રાગાદિ ભાવો પ્રગટ થાય તો, તે ભાવ દોષરૂપ હોવા છતાં ઉત્તરકાળમાં ભગવાનની ભક્તિમાં વિશેષ શુભભાવ થવાને કારણે નાશ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે, સ્નાનાદિકાળમાં ચિત્તમાં જે આરંભ લાગે છે, તે રૂપ આભિમાનિક દોષનું ઇષ્ટપણું છે, એમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

વિપર્યયદોષરૂપ અભિમાનને અલ્પરૂપ કહેવું અશક્ય છે.

આશય એ છે કે, જિનપૂજા અર્થે કરાતા સ્નાનાદિમાં આરંભ છે, તે વિપર્યયરૂપ છે, અને તે વિપર્યયરૂપ દોષને અલ્પ કહેવો અશક્ય છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી સંયમી એવા મહાત્માઓને સ્નાનાદિમાં દોષનું અભિમાન કેમ થાય છે ? તેથી કહે છે –

પૂજાના અધિકારી કરતાં ઉપરના ગુણસ્થાનકમાં રહેલા જીવોને સ્નાનાદિમાં દોષનું અભિમાન વિપર્યયરૂપ નથી.

અહીં પ્રશ્ન થાય કે, સ્નાનાદિમાં આરંભરૂપ દોષનું અભિમાન સમ્યગ્દૃષ્ટિને વિપર્યયરૂપ છે અને તે જ પ્રકારનું અભિમાન સંયમીને વિપર્યયરૂપ નથી, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

સ્યાદ્વાદમાર્ગમાં વસ્તુનું આપેક્ષિકપણું છે, તેથી અમુક વ્યક્તિની અપેક્ષાએ તે દોષનું અભિમાન વિપર્યયરૂપ બને અને તે જ દોષનું અભિમાન અન્ય ભૂમિકાની અપેક્ષાએ વિપર્યયરૂપ ન બને. જેમ સ્થવિરકલ્પિકનો માર્ગ જિનકલ્પિકની અપેક્ષાએ માર્ગ નથી, તેમ સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ સ્નાનાદિમાં આરંભરૂપ દોષનું અભિમાન વિપર્યયરૂપ કહેવાય, અને સંયમીની અપેક્ષાએ સ્નાનાદિમાં આરંભરૂપ દોષનું અભિમાન વિપર્યયરૂપ ન કહેવાય, તેની ઉપપત્તિ છે.

આ રીતે સિદ્ધ કર્યું કે, વ્યુત્પન્ન જીવ વિધિપૂર્વક પૂજા કરતો હોય ત્યારે દ્રવ્યસ્તવમાં દૂષણ નથી, પરંતુ દ્રવ્યસ્તવમાં જે કાંઈ દૂષણ છે તે વિધિની ખામીકૃત છે અને વિધિવૈકલ્યકૃત દ્રવ્યસ્તવનું દૂષણ પણ તે દૂષણ કરતાં અધિક એવા ભક્તિના શુભભાવથી નાશ પામે છે. એ પ્રકારે જ્ઞાપન કૂપદૃષ્ટાંતનું ફળ છે અર્થાત્ કૂપદૃષ્ટાંતથી આ જણાય છે, એ પ્રકારે તાત્પર્ય છે.

કોઈ જીવ પ્રણિધાનઆશયપૂર્વક ભગવાનની પૂજા કરતો હોય અને પૂજાની નિષ્ઠાકાળ સુધી ભક્તિમાત્રમાં એકતાનતાથી યત્ન કરતો હોય, આમ છતાં વિધિવિષયક અજ્ઞાનને કારણે કે બાહ્ય આચરણારૂપ વિધિમાં પ્રમાદને કારણે કોઈ ત્રુટિ રહેલી હોય, તો તેનાથી લેશ પણ કર્મબંધ થતો નથી; કેમ કે પૂજાવિધિવિષયક બાહ્ય આચરણામાં જે ખામી થઈ છે, તેનાથી ખરેખર કર્મબંધ થવો જોઈએ, પરંતુ ભગવાનની ભક્તિનું પ્રબળપણું હોવાને કારણે તે શુભઅધ્યવસાય તેમાં પ્રતિબંધક બને છે, તેથી બાહ્યઆચરણાની ત્રુટિથી કોઈ કર્મબંધ થતો નથી. જેમ કૂવો ખોદતી વખતે કાદવથી લેપાવાનો પૂરો સંભવ છે, આમ છતાં મંત્રવિશેષના જાપપૂર્વક કૂવો ખોદવાની ક્રિયા કરવામાં આવે તો કૂવો ખોદનારને લેશ પણ કાદવ સ્પર્શી શકતો નથી; તેમ

પૂજાની ક્રિયામાં જે બાહ્યઆચરણાની ખામી છે, તે ભગવાનની આજ્ઞાથી વિપરીત આચરણારૂપ છે, તેથી તેનાથી કર્મબંધ થવો જોઈએ; આમ છતાં ભગવાનની ભક્તિની તન્મયતારૂપ પરિણામ તે વિધિની ખામીથી થતા કર્મબંધમાં પ્રતિબંધક બને છે, તેથી ત્યાં લેશ પણ કર્મબંધ થતો નથી.

આમ છતાં જે જીવ પરિપૂર્ણ વિધિશુદ્ધ પૂજા કરે છે, તેની અપેક્ષાએ વિધિની ખામીવાળી પૂજાથી મોક્ષની પ્રાપ્તિ વિલંબથી થાય છે. તેનું કારણ એ છે કે વિધિશુદ્ધ પૂજા કરનારને વિશિષ્ટ નિર્જરા થાય છે, તેની અપેક્ષાએ વિધિની ખામીવાળી પૂજાથી કાંઈક ઓછી નિર્જરા થાય છે, તેથી તે અતિ પરંપરાથી મોક્ષનું કારણ બને છે.

અહીં અતિ પરંપરાથી મોક્ષનું કારણ બને છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, વર્તમાનકાળનું સંયમ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી પરંતુ પરંપરાએ મોક્ષનું કારણ છે; કેમ કે વર્તમાનકાળમાં પ્રથમ સંઘયણ નહિ હોવાથી સાક્ષાત્ મોક્ષનું કારણ બને તેવું ઉત્કટ સંયમ પ્રાપ્ત થતું નથી, પરંતુ થોડા ભવોના વ્યવધાનથી= પરંપરાથી, મોક્ષનું કારણ બને છે. અને વિધિશુદ્ધ પૂજા કરનાર શ્રાવક ભગવાનની ભક્તિમાં તન્મય હોવાથી નિર્જરા કરે છે, તોપણ સંયમી જેવી વિશેષ નિર્જરા કરી શકતો નથી, તેથી પરંપરાએ સંયમીને જે રીતે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેનાથી અધિક વ્યવધાનથી=પરંપરાથી, વિધિશુદ્ધ પૂજા કરનારને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને બાહ્યવિધિમાં ખામીવાળાની પૂજામાં ભગવાનની ભક્તિમાં તન્મયતા હોવા છતાં ભગવાનની આજ્ઞાનુસાર વિધિમાં યત્ન નહિ હોવાને કારણે વિધિશુદ્ધ પૂજા કરનાર કરતાં ભગવાનની ભક્તિમાં કાંઈક ન્યૂનતા આવે છે. તેથી વિધિશુદ્ધ પૂજા કરતાં ત્યાં અલ્પ નિર્જરા થાય છે, માટે વિધિશુદ્ધ પૂજા કરનાર કરતાં પણ અધિક ભવોના વ્યવધાનથી તે પૂજા મોક્ષનું કારણ બને છે. આ બતાવવા માટે અવિધિયુક્ત પણ ક્રિયા અતિ પરંપરાથી ભક્તિ દ્વારા જ મોક્ષને આપનારી છે, એમ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, વર્તમાનનું સંયમ પરંપરાએ મોક્ષનું કારણ છે, તેના કરતાં વધુ વ્યવધાનથી=પરંપરાથી, વિધિશુદ્ધ પૂજા મોક્ષનું કારણ છે અને તેના કરતાં પણ ભક્તિમાં તન્મયતાવાળી અવિધિયુક્ત પૂજા વધારે વ્યવધાનથી=વધારે પરંપરાથી, મોક્ષનું કારણ છે, માટે તેને અતિવ્યવધાનથી મોક્ષનું કારણ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, કોઈપણ પ્રવૃત્તિમાં ભગવાનની આજ્ઞાનુસાર સુદૃઢ યત્ન હોય તો નિર્જરા થાય છે અને ભગવાનની આજ્ઞાથી વિપરીત પ્રવૃત્તિ હોય તો તેનાથી કર્મબંધ થાય છે. અહીં બાહ્યવિધિમાં ત્રુટિવાળા દ્રવ્યસ્તવમાં ભગવાનની આજ્ઞાથી વિપરીત પ્રવૃત્તિ છે, આથી જ બાહ્ય આચરણામાં કાંઈક ખામી રહે છે. આમ છતાં તે વખતે જ ભગવાનની ભક્તિના પરિણામનું પ્રાબલ્ય છે, તેથી તે વિપરીત આચરણાથી પણ કર્મબંધ થતો નથી. ફક્ત જે જીવ ભગવાનના વચનાનુસાર વિધિપૂર્વક પૂજા કરે છે, તેની પૂજામાં જેવી ભક્તિની પ્રબળતા છે, તેવી ભક્તિની પ્રબળતા વિધિની ખામીવાળી પૂજામાં નથી. આથી જ બાહ્ય રીતે તેની પૂજામાં ત્રુટિ છે, માટે વિધિશુદ્ધ પૂજામાં જે પ્રકારનો પુણ્યબંધ કે નિર્જરા થાય છે, તેવો પુણ્યબંધ કે નિર્જરા વિધિની ખામીવાળી પૂજાથી થતો નથી.

ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ શુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતને નિર્વિષય કહેલ છે અને અશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન કરેલ છે, આમ છતાં આવશ્યકનિર્યુક્તિ આદિ ગ્રંથમાં તેવો ખુલાસો કરેલ નથી કે, આ કૂપદૃષ્ટાંતનું યોજન અશુદ્ધ પૂજામાં કરવું. તેથી કોઈને શંકા થાય કે, ગ્રંથકારશ્રીની આ સ્વ-કપોલકલ્પના છે. વસ્તુતઃ ગ્રંથકારશ્રીએ પૂજાના વિષયમાં કૂપદૃષ્ટાંતનું જે સ્પષ્ટીકરણ કર્યું છે, તે પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનની સાથે એકવાક્યતાવાળું છે, માટે ત્યાં સ્વ-કપોલકલ્પના નથી, પરંતુ શ્રુતધર એવા શિષ્ટ પૂ. હરિભદ્રસૂરિ મહારાજનાં વચનો જ આ અર્થમાં પ્રમાણભૂત છે. ગ્રંથકારશ્રીએ કૂપદૃષ્ટાંતના વિષયમાં જે કાંઈ અર્થ કરેલ છે, તે પંચાશક, ષોડશકમાં કહેલ પૂ. હરિભદ્રસૂરિ મહારાજનાં વચનોને અવલંબીને જ લોકોને સમજી શકાય તે રીતે દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું તાત્પર્ય ખોલ્યું છે.

પૂ. અભયદેવસૂરિ મહારાજના વચન પ્રમાણે કે આવશ્યકનિર્યુક્તિનાં જે કોઈ વચનો કૂપદૃષ્ટાંતને બતાવે છે, તે સર્વનો વિષય ભક્તિમાત્રપ્રયુક્ત પૂજા જ છે, તેથી ત્યાં કૂપદૃષ્ટાંત સંગત છે, એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો. એથી કરીને પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ કહેલ આવશ્યકનિર્યુક્તિ ટીકા અને પંચાશક-ષોડશક આદિનાં વચનો રૂપ પ્રાચીન માર્ગ અને પૂ. અભયદેવસૂરિ મહારાજનાં વચનોરૂપ નવીન માર્ગ યથાસ્થાને વિનિયોગ કરી સમ્યગ્ યોજન કરાયેલ થાય છે.

આ કથનથી ગ્રંથકારશ્રીને એ કહેવું છે કે, પૂ. અભયદેવસૂરિ મહારાજે પંચાશકની ટીકામાં કૂપદૃષ્ટાંતને અશુદ્ધ પૂજામાં જ યોજવાનું છે, શુદ્ધ પૂજામાં નહિ, એવો ખુલાસો કરેલ નથી, આમ છતાં અશુદ્ધ પૂજાને જ અવલંબીને કૂપદૃષ્ટાંતના યોજનમાં તેમનું તાત્પર્ય છે; અને આવશ્યકનિર્યુક્તિની ટીકામાં પણ પૂ. હરિભદ્રસૂરિ મહારાજે આ કૂપદૃષ્ટાંત અશુદ્ધ પૂજામાં જ યોજવાનું છે, તેવી સ્પષ્ટતા કરી નથી, તોપણ આવશ્યકનિર્યુક્તિમાં જે સંદર્ભ ચાલી રહ્યો છે, તે સંદર્ભ પ્રમાણે ત્યાં, શ્રાવકને પૂજા કર્તવ્ય છે અને સાધુને પૂજા કર્તવ્ય નથી, તે જ બતાવવાનું તાત્પર્ય છે. આમ છતાં આવશ્યકનિર્યુક્તિ ગ્રંથના ટીકાકાર પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ સ્વયં પંચાશક મૂળ ગ્રંથમાં અને ષોડશક ગ્રંથોમાં જે કહ્યું, તેનાથી એ નક્કી થાય છે કે, આવશ્યકનિર્યુક્તિ મૂળ ગાથાનું કથન પણ અશુદ્ધ પૂજામાં જ યોજવાનું છે, વિધિશુદ્ધ પૂજામાં યોજવાનું નથી; અને તે વાત જ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ અનેક યુક્તિઓથી જોડીને પ્રસ્તુત શ્લોક-૬૦/૬૧માં સ્પષ્ટ કરેલ છે. તેથી ગ્રંથકારશ્રીના વચનોમાં પૂ. અભયદેવસૂરિ મહારાજનાં વચનો સાથે કે ઉક્ત શેષ વચનો સાથે કોઈ વિરોધ નથી.

પરિપૂર્ણ વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંત અવિષય છે, અને ભક્તિમાત્રપ્રયુક્ત પૂજામાં કે જ્યાં વિધિનું વૈગુણ્ય છે ત્યાં, કૂપદૃષ્ટાંત વિષય છે, એ પ્રકારના વિવેચકો જ સારા જ્ઞાનવાળા અને સુપ્રરૂપણા કરનારા થાય છે.

આશય એ છે કે, ભગવાને બતાવેલા શ્રુતને યથાર્થ જાણવાની જિજ્ઞાસા હોય અને યથાર્થ જાણીને યોગ્ય શ્રોતાને યથાર્થ બોધ થાય એ પ્રમાણે જ પ્રરૂપણા કરવામાં આવે તો જ શ્રુતની ભક્તિ થાય. પરંતુ શ્રુતના વચનોનો સ્થાને વિનિયોગ કર્યા વગર, ફક્ત જે પ્રમાણે શ્રુતમાં કહેલા શબ્દો હોય, એ પ્રકારે જ

વ્યાખ્યાન કરવામાં આવે તો, વિચારક શ્રોતાને તે શ્રુતના પરસ્પર ભિન્ન ભિન્ન અર્થોને કહેનારા સૂત્રમાં શંકા ઉત્પન્ન થાય. અને તે શ્રોતાને જો શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા હોય તો તેને એ શંકા રહે કે, પંચાશક મૂળ ગાથાનાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજનાં વચનો શુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી તે બતાવે છે, અને આવશ્યકનિર્યુક્તિની પૂ. હરિભદ્રસૂરિ મ.ની ટીકામાં અને પંચાશકની ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજનાં વચનો પૂજામાં ધર્માર્થ પ્રવૃત્તિમાં થતા આરંભથી અલ્પ કર્મબંધ બતાવે છે; તેથી ખરેખર આ બંને વચનોમાંથી કયાં વચનો સાચાં છે અને કયાં વચનો ખોટાં છે, એ પ્રમાણે શ્રોતાને સૂત્રમાં શંકા થાય. અને જો શ્રોતાને શાસ્ત્રમાં દૃઢ શ્રદ્ધા ન હોય તો એ વિચારે કે જૈન શાસનનાં વચનો પરસ્પર વિરોધી કથનવાળાં છે, તેથી પ્રમાણભૂત નથી. માટે વિભાગ કર્યા વગર સૂત્રોનું વિવેચન કરવામાં આવે તો વ્યાખ્યાન કરનારથી વાસ્તવિક શ્રુતની ભક્તિ થતી નથી.

કોઈને ભગવાનના શાસનરૂપ શ્રુત પ્રત્યે હૈયામાં બહુમાનરૂપ ભક્તિ હોય એટલામાત્રથી તે સિદ્ધાંતનો જાણકાર બનતો નથી, પરંતુ શ્રુતની ભક્તિવાળો સિદ્ધાંતને જાણવા માટે યત્ન કરે, તો જ જાણકાર બને છે. વળી જાણવા માટે યત્ન કરવાથી સિદ્ધાંતનું જ્ઞાન થાય, પરંતુ જ્યાં સુધી સિદ્ધાંતમાં કહેલા પદાર્થો કઈ અપેક્ષાએ છે, એ પ્રકારે પરીક્ષા કરી નિર્ણય કરવા યત્ન ન કરે તો સામાન્યથી શાબ્દબોધ થાય છે, પરંતુ સૂત્રાર્થનો નિઃશંકિત બોધ થતો નથી, તેથી તેવો આત્મા પ્રરૂપણાના નિશ્ચયવાળો થતો નથી અર્થાત્ યથાર્થ પ્રરૂપણા કરી શકતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જેને શાસ્ત્ર પ્રત્યે ભક્તિ હોય તેણે સિદ્ધાંતને જાણવા યત્ન કરવો જોઈએ, એટલું જ નહિ, પરંતુ સમ્યક્ પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ, અને ત્યારપછી જ સમ્યક્ પ્રરૂપણા કરવી જોઈએ, તો જ વાસ્તવિક સિદ્ધાંતની ભક્તિ થાય.

આ પૂર્વ પુરુષોએ રચના કરી છે, માટે તે કઈ અપેક્ષાએ છે, એ રીતે નિર્ણય કરવા માટે પરીક્ષા વગર સ્વીકારવું શ્રેયકારી નથી; પરંતુ પરીક્ષા કર્યા પૂર્વે સામાન્યથી શ્રદ્ધેય હોવા છતાં પરીક્ષા કર્યા પછી એ સૂત્ર શ્રદ્ધેય બને છે.

સંમતિગ્રંથની જે સાક્ષી આપી તે ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે, સિદ્ધાંતનો જાણનાર પણ પ્રરૂપણાના નિશ્ચયવાળો જ હોય એવું નથી. આ કથન દ્વારા એ બતાવવું છે કે, સિદ્ધાંતને જાણીને જેઓ પરીક્ષા કરે છે તેઓ જ પ્રરૂપણાના નિશ્ચયવાળા છે, તેથી વિચાર્યા વગર પૂર્વના પુરુષોએ કહ્યું છે માટે સમ્યગ્ છે એ પ્રકારની રુચિ કરવી યોગ્ય નથી, એમ ગંધહસ્તિના કથનનું તાત્પર્ય છે.

'इदम्' શબ્દ નજીકની વ્યક્તિનો પરામર્શક છે, તેથી એ કહેવું છે કે, મરેલો એવો આ જન પુરાતન છે=હમણાં જે વિદ્યમાન છે તેઓને એ મરેલો જન પુરાતન છે, આમ છતાં હમણાં તે પૂર્વના આચાર્યોની સમાન પુરાતન નથી, પરંતુ ૫૦૦/૧૦૦૦ વર્ષ પછી તેઓ પુરાતન આચાર્યની સાથે સમાન થશે; કેમ કે ૫૦૦/૧૦૦૦ વર્ષ પછી વર્તમાનમાં કાળ કરી ગયેલ આચાર્યો પણ પૂર્વાચાર્ય તરીકે જ ઉલ્લેખ પામશે. તેથી આ આચાર્ય પુરાતન છે અને આ આચાર્ય પુરાતન નથી, એ પદાર્થ અવસ્થિત નથી; કેમ કે જેઓ અત્યારે

કાળ કરી ગયા છે, તેઓ અત્યારે પુરાતન નથી પરંતુ ૫૦૦/૧૦૦૦ વર્ષ પછી તેઓ પુરાતન તરીકે ઉલ્લેખ પામવાના છે, તેથી પુરાતન આચાર્યો એ અવસ્થિત પદાર્થ નથી. તેથી જેમ અત્યારે કોઈક આચાર્ય કોઈ સૂત્રનો અર્થ કરતા હોય, અને તે અર્થ શાસ્ત્રની પંક્તિ સાથે બેસતો ન હોય તો તેમના વચનમાં શંકા કરીને જેમ પૂછવામાં આવે કે, કયા શાસ્ત્રવચનોના બળથી તમે આવો અર્થ કરો છો ? અને તેમના વચનમાં શાસ્ત્રવચન અને યુક્તિનું બળ મળે તો જ સ્વીકારવામાં આવે છે; તેમ પૂર્વના આચાર્યો પણ જે કાંઈ કહી ગયા છે, તેમના તે વચનની પરીક્ષા કરીને, જો તેમના વચનને શાસ્ત્રવચન કે યુક્તિનું બળ મળતું હોય, તો જ સ્વીકારવું ઉચિત છે. તેથી પુરાતન આચાર્યોનાં કહેલાં કથનોની પરીક્ષા કર્યા વગર કોણ વિચારક રુચિ કરે ? અર્થાત્ કોઈ વિચારક રુચિ ન કરે, એ પ્રકારનું સિદ્ધસેનીયદ્વાત્રિંશિકા-૬/૫ના કથનનું તાત્પર્ય છે.

આવશ્યકનિર્યુક્તિમાં કૂપદૃષ્ટાંતનું કથન છે એ પ્રાચીન કથન છે, અને એ પ્રાચીન કથનમાં પ્રાચીનત્વ છે; અને પ્રસ્તુત શ્લોક-૬૦/૬૧માં કૂપદૃષ્ટાંતનું પરીક્ષા કરીને સમ્યગ્ યોજન ગ્રંથકારશ્રીએ કર્યું, તે નવીન કથન છે, અને તે નવીન કથનમાં નવીનત્વ છે. સ્થૂલથી તે બે કથનો પરસ્પર વિરુદ્ધ દેખાય છે, તોપણ પરસ્પર વિરુદ્ધ નથી; કેમ કે તે તે તાત્પર્યના ભેદથી પ્રાચીનોનું કથન છે, અને તે તે તાત્પર્યના ભેદથી નવીનોનું કથન છે. તેથી તે તે તાત્પર્યના ભેદથી અનેકાંતગર્ભિત પ્રાચીનો અને નવીનોનું કથન છે, માટે પ્રાચીનોના કથનને મિથ્યા માનવાનો અતિપ્રસંગ નથી, અને પ્રાચીનોએ જે કહ્યું તે પ્રમાણે જ નવીનોને કહેવાનો અતિપ્રસંગ નથી.

અહીં પ્રાચીનોના કથનમાં અને નવીનોના કથનમાં તાત્પર્યભેદ આ રીતે છે –

પ્રાચીનોએ આવશ્યકનિર્યુક્તિમાં ભાવસ્તવને બહુગુણવાળો સ્થાપન કરવા માટે પ્રયત્ન કર્યો અને તેથી કહ્યું કે કૃત્સ્ન સંયમીઓ પુષ્પાદિને ઇચ્છતા નથી. તેથી પ્રશ્ન થયો કે, તો પછી દ્રવ્યસ્તવ અનાદેય છે. તેના સમાધાનરૂપે પ્રાચીનોએ આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું કે, મલિનારંભી એવા ગૃહસ્થને કૂપદૃષ્ટાંતથી દ્રવ્યસ્તવ ઉપાદેય છે. તેથી આવશ્યકનિર્યુક્તિમાં દ્રવ્યસ્તવની માત્ર ઉપાદેયતા સ્થાપન કરવાનો આશય હતો, અને દ્રવ્યસ્તવ કઈ રીતે ઉપાદેય છે, તે બતાવવા માટે કૂપદૃષ્ટાંતના યોજનનું તાત્પર્ય હતું, અને પૂ. અભયદેવસૂરિ મહારાજનું પણ તાત્પર્ય દ્રવ્યસ્તવમાં યોજાયેલા કૂપદૃષ્ટાંતનું જ સ્પષ્ટીકરણ કરવાનું હતું, પરંતુ કયા દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું યોજન કરવાનું છે અને કયા દ્રવ્યસ્તવમાં યોજન કરવાનું નથી, તેવું તાત્પર્ય સામે રાખીને તેઓએ ત્યાં લખાણ કર્યું નથી. જ્યારે તેઓના કથનને વાંચીને અને પંચાશકના ૪/૪૨ ના કથનને વાંચીને ગ્રંથકારશ્રીને પ્રશ્ન થયો કે, આ કૂપદૃષ્ટાંતનું શુદ્ધ પૂજામાં યોજન થઈ શકતું નથી, તેથી ખરેખર દ્રવ્યસ્તવમાં જે કૂપદૃષ્ટાંતનું કથન છે, તેનું પારમાર્થિક તાત્પર્ય શું છે ? માટે કૂપદૃષ્ટાંતનું યોજન ક્યાં કરવું અને ક્યાં ન કરવું, એ પ્રકારના તાત્પર્યથી નવીન એવા પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કૂપદૃષ્ટાંતનું સ્પષ્ટીકરણ કરેલ છે. તેથી તેમના વચનથી પ્રાચીનોના કથનને મિથ્યા માનવાનો અતિપ્રસંગ નથી, અને પ્રાચીનોનું કથન સમ્યગ્ હોય તો પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ પણ તેમ જ કહેવું જોઈએ, એમ માનવાનો પણ અતિપ્રસંગ આવતો નથી; કેમ કે પ્રાચીનોથી ભિન્ન તાત્પર્યમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કૂપદૃષ્ટાંતનું રહસ્ય ખોલ્યું છે, અને તેથી પ્રાચીનોના તાત્પર્યને હાનિ પહોંચતી નથી.

-: કૂપદૃષ્ટાંતના પ્રસ્તુત સ્પષ્ટીકરણથી ફલિત થતો પદાર્થ :-

વિધિશુદ્ધ પૂજામાં બાહ્ય રીતે જે પુષ્પાદિની કિલામણા થાય છે, તે લેશ પણ કર્મબંધનું કારણ નથી, તેથી ત્યાં લેશ પણ હિંસા નથી. તેથી વિધિશુદ્ધ પૂજામાં હિંસા નહિ હોવાને કારણે કૂપદૃષ્ટાંતથી તેની શુદ્ધિ થાય છે, તેમ કહી શકાય નહિ, માટે વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન નથી. આમ છતાં, વિધિશુદ્ધ પૂજામાં પણ કૂપદૃષ્ટાંતનું યોજન કરવું હોય તો પંચાશક-૪/૧૦ની ટીકામાં કેચિત્કારે જે કહ્યું કે, જેમ કૂપખનનથી સ્વ-પરનો ઉપકાર થાય છે, તેમ દ્રવ્યસ્તવથી સ્વ-પરનો ઉપકાર થાય છે, એ રીતે કૂપદૃષ્ટાંત યોજવામાં કોઈ બાધ નથી.

વળી, પૂજાની ક્રિયા દરમ્યાન અજ્ઞાનને કારણે કે પ્રમાદને કારણે બાહ્યવિધિમાં કોઈ પણ ત્રુટિ હોય તો તે વિધિની ખામીકૃત કર્મબંધ થવો જોઈએ, આમ છતાં પૂજાકાળમાં ભક્તિની એકતાનતાનો પરિણામ વર્તતો હોય તો તે વિધિની ખામીકૃત કર્મબંધ પ્રતિબંધિત થઈ જાય છે, જેમ મંત્રવિશેષપૂર્વક=મંત્રના જાપપૂર્વક, કોઈ કૂવો ખોદવાની ક્રિયા કરે તો કૂવો ખોદવાની ક્રિયાથી કાદવનો લેપ લાગતો નથી.

અશુદ્ધ પૂજા કરનાર વ્યક્તિ ભગવાનની ભક્તિમાં એકતાન હોય તો તેના ઉપયોગમાં ભક્તિની એકતાનતારૂપ શુભ પરિણામ વિદ્યમાન છે તેમ વ્યવહારનય માને છે, અને તે વખતે જ અવિધિથી પ્રવૃત્તિ કરે છે તે અપેક્ષાએ, તેને અજ્ઞાનનો પરિણામ કે પ્રમાદનો પરિણામ પણ વિદ્યમાન છે તેમ પણ માને છે, તેથી શુભ અને અશુભ પરિણામનો મિશ્રભાવ વ્યવહારનય સ્વીકારે છે. આમ છતાં ભક્તિની એકતાનતાના કાળમાં વર્તતા અવિધિના પરિણામકૃત લેશ પણ કર્મબંધ થતો નથી, માટે નિશ્ચયનય ત્યાં શુભ ઉપયોગ માને છે, અશુભ ઉપયોગ માનતો નથી; કેમ કે જો શુભ ઉપયોગ સાથે અશુભ ઉપયોગનો મિશ્રભાવ હોય તો મિશ્ર કર્મબંધ થવો જોઈએ, પરંતુ જ્યારે અવિધિથી પૂજા થાય છે, ત્યારે પણ ભક્તિના પરિણામની પ્રબળતાને કારણે અવિધિકૃત કર્મબંધ પ્રતિબંધિત થઈ જાય છે. માટે વ્યવહારનયથી મિશ્રભાવ ફક્ત કથનમાત્રમાં ઉપયોગી છે, ફળની અપેક્ષાએ નિરર્થક છે. ફળ તો નિશ્ચયનયને માન્ય શુભ અધ્યવસાયથી જ પ્રાપ્ત થાય છે.

નિશ્ચયનય કહે છે કે, પૂજાકાળ દરમ્યાન કોઈ વ્યક્તિ ભક્તિમાં એકતાન હોય તો સંપૂર્ણ પૂજા દરમ્યાન એક શુભ અધ્યવસાય હોય છે, અને દીર્ઘકાળની પૂજામાં વચવચમાં કોઈ અશુભ અધ્યવસાયો થાય તો તત્કૃત કર્મબંધ પણ થાય છે, પરંતુ એક જ કાળમાં શુભ-અશુભભાવ બંને સાથે થઈ શકે નહિ. પરંતુ દીર્ઘકાળની પૂજામાં જે કાળમાં અશુભ ભાવ હોય ત્યારે શુભભાવ હોતો નથી, અને જે કાળમાં શુભભાવ હોય ત્યારે અશુભ ભાવ હોતો નથી, તેથી જે વખતે જેવો ભાવ તે પ્રમાણે જ કર્મબંધ થાય છે. જો પૂજામાં અશુભ ભાવ થયા પછી પણ ભક્તિનો શુભ ભાવ પાછળથી ઉત્કર્ષવાળો થાય, તો અશુભ ભાવથી થયેલો કર્મબંધ પણ ઉત્તરના શુભભાવથી નાશ થઈ શકે છે; અને પૂજાની દીર્ઘકાળની ક્રિયામાં અશુભ ભાવની પ્રબળતા હોય અને શુભ ભાવ કદાચ ક્યારેક થતો હોય તોપણ તે દુર્બળ હોય, તો તે ક્રિયા અપ્રધાન દ્રવ્યસ્તવરૂપ છે. આ પ્રકારનું સ્પષ્ટીકરણ કૂપદૃષ્ટાંત વિશદીકરણ ગ્રંથથી થાય છે. ॥૬૧॥

અવતરણિકા :-

પૂજાયાં હિંસાસમ્ભવોક્તિં વિકલ્પ્ય દૂષયન્નાહ –

અવતરણિકાર્થ :-

શ્લોક-૫૯માં સિંહાવલોકિત ન્યાય વડે દ્રવ્યસ્તવમાં હિંસા છે એવી માન્યતાનો નિરાસ કર્યો. આ રીતે ત્યાં કૂપદૃષ્ટાંત વિચારણાનો વિષય પ્રાપ્ત થયો, તેથી ત્યાર પછી તેનું વર્ણન કર્યું. હવે પૂજામાં હિંસાના સંભવની ઉક્તિનો=હિંસાના સંભવના વચનનો, વિકલ્પ કરીને દૂષણ આપતાં કહે છે –

શ્લોક :-

धर्मार्थः प्रतिमार्चनं यदि वधः स्यादर्थदण्डस्तदा,
तत्किं सूत्रकृते न तत्र पठितो भूताहियक्षार्थवत् ।
या हिंसा खलु जैनमार्गविदिता सा स्यान्निषेध्या स्फुटम्,
नाधाकर्मिकवन्निहन्तुमिह किं दोषं प्रसङ्गोद्भवम् ।।६२।।

શ્લોકાર્થ :-

પ્રતિમાઅર્ચન=પ્રતિમાપૂજન, જો ધર્માર્થ વધ હોય, તો અર્થદંડ થાય; તો=જો તે અર્થદંડ હોય તો, શું સૂયગડાંગમાં ત્યાં=અર્થદંડાધિકારમાં, ભૂત, સાપ અને યક્ષાર્થ દંડની જેમ કહેવાયેલ ન હોત ? જે ખરેખર જૈનમાર્ગવિદિત હિંસા છે, તે શું પ્રસંગથી ઉદ્ભવેલ દોષને વારવા માટે અહીં=શાસ્ત્રમાં, આધાકર્મિકની જેમ સ્પષ્ટ નિષેધ્ય નથી ? અર્થાત્ નિષેધ્ય જ છે. (તેથી પૂજામાં હિંસા નથી.) ।।૬૨।।

ટીકા :-

'धर्मार्थः' इति :- यदि पूजायां हिंसा कुमतिना वाच्या, तदा सा किमनर्थदण्डरूपा वा स्यादर्थदण्डरूपा वा ? नाद्यः पक्षः क्षोदक्षमः प्रयोजनराहित्यासिद्धेः, अन्त्ये त्वाह-यदि प्रतिमार्चनं धर्मार्थो वधः स्यात्तदार्थदण्डः स्यात्=अर्थदण्डत्वेन व्यवहार्यः स्यात् । इष्टापत्तावाह-तदर्थदण्डश्चेत् ? तदा सूत्रकृतेऽर्थदण्डाधिकारे किं न पठितः ? किंवत् ? भूताहियक्षार्थो यथा दण्डः पठितस्तद्वत् । इदं हि तत्सूत्रम्-"पढमे दंडसमादाणे अट्ठा दंडवत्तिए त्ति आहिज्जइ, से जहाणामए केइ पुरिसे आयहेउं वा, णाइहेउं वा, अगारहेउं वा परिवारहेउं वा, मित्तहेउं वा णागहेउं वा, भूयहेउं वा, जक्खहेउं वा, तं दंडं तसथावरेहिं पाणेहिं सयमेव णिसिरइ अण्णेहिं वा निसिरावेइ, अण्णं वा णिसिरंतं समणुजाणाइ,

एवं खलु तस्स तप्पत्तियं सावज्जं ति आहिज्जइ" **इति । यदि हि जिनप्रतिमापूजार्थोऽपि वधोऽत्राधिकः स्यात्, तदा-'जिणपडिमाहेउं जिणहेउं वा' इत्यप्यभणिष्यत् सूत्रकारः ।**

ટીકાર્થ :-

यदि ..... राहित्यासिद्धेः=જો કુમતિ=લુંપાક, પૂજામાં હિંસા કહે છે, તો તે શું અનર્થદંડરૂપ છે કે અર્થદંડરૂપ છે ? પ્રથમ પક્ષ=વિકલ્પ, યુક્ત નથી; કેમ કે પ્રયોજનરહિતપણાની અસિદ્ધિ છે અર્થાત્ પ્રયોજન છે.

अन्त्ये ..... स्यात् । વળી બીજા વિકલ્પમાં મૂળ શ્લોકમાં કહે છે - જો પ્રતિમાપૂજન ધર્માર્થ વધ હોય તો અર્થદંડ થાય=અર્થદંડપણાથી તેનો વ્યવહાર થવો જોઈએ.

इष्टापत्तावाह - ..... तद्वत् । અહીં પૂર્વપક્ષી કહે કે, અમને ઇષ્ટાપત્તિ છે, તો કહે છે – જો તે અર્થદંડ છે તો ભૂત, સાપ અને યક્ષ માટે જેમ દંડ કહેલ છે, તેની જેમ સૂયગડાંગમાં અર્થદંડાધિકારમાં કેમ કહેલ નથી ?

इदं हि तत्सूत्रम् – આ તેનું=સૂયગડાંગના અર્થદંડાધિકારનું, સૂત્ર છે –

"पढमे ..... आहिज्जइ" इति ।। પ્રથમ દંડસમાદાનમાં આઠ દંડ માટે છે એમ કહેવાય છે, તે આ પ્રમાણે - કોઈ પુરુષ (૧) આત્મહેતુક, (૨) જ્ઞાતિહેતુક, (૩) અગારહેતુક=ઘરહેતુક, (૪) પરિવારહેતુક, (૫) મિત્રહેતુક, (૬) નાગહેતુક, (૭) ભૂતહેતુક કે (૮) યક્ષહેતુક તે દંડને ત્રસ અને સ્થાવર જીવોના પ્રાણો પર સ્વયં જ કરે અથવા બીજા પાસે કરાવે અથવા કરતા એવા બીજાની અનુમોદના કરે, એ પ્રમાણે તેને=તે પુરુષને, તત્પ્રત્યયિક=તે દંડને આશ્રયીને, સાવદ્ય છે, એ પ્રમાણે કહેવાય છે.

यदि ..... सूत्रकारः । જો જિનપ્રતિમાપૂજાર્થ પણ વધ અહીં=અર્થદંડમાં, અધિક હોત તો સૂત્રકાર જિનપ્રતિમાહેતુક કે જિનહેતુક (દંડ) એ પ્રમાણે પણ કહેત.

ભાવાર્થ :-

ભગવાનની પૂજા કરીને હું સંસારસાગરને તરું, એ પ્રકારના આશયથી શ્રાવક ભગવાનની પૂજા કરે છે, તેથી સંસારસાગરથી તરવાના પ્રયોજનથી શ્રાવક ભગવાનની પૂજા કરે છે માટે ભગવાનની પૂજા પ્રયોજનરહિત નથી; અને અનર્થદંડરૂપ હિંસા તે જ કહેવાય કે, જેમાં કોઈ પ્રયોજન ન હોય. તેથી ભગવાનની પૂજામાં થતી હિંસા અનર્થદંડરૂપ છે, એમ પ્રથમ વિકલ્પ ઉચિત નથી.

શ્લોક-૬૨ના કથનની પૂર્વભૂમિકારૂપે ટીકામાં પ્રથમ વિકલ્પ પાડ્યો કે, જો પૂજામાં ધર્માર્થ હિંસા હોય તો તે અર્થદંડરૂપ કે અનર્થદંડરૂપ એમ બે રીતે થઈ શકે, અને પૂજામાં ધર્માર્થ હિંસા અનર્થદંડરૂપ નથી, તે ટીકામાં બતાવીને હવે મૂળ શ્લોક-૬૨માં તે અર્થદંડરૂપ નથી તે બતાવે છે – ત્યાં પ્રથમ કહે છે કે, જો પ્રતિમાઅર્ચન ધર્માર્થવધરૂપે હોય તો તેનો અર્થદંડરૂપે વ્યવહાર થવો જોઈએ. તેની સામે પૂર્વપક્ષી કહે કે, ખરેખર પૂજામાં અર્થદંડ ઇષ્ટ જ છે. તો તેનું નિરાકરણ શ્લોકના બીજા પાદમાં કરેલ છે, તે આ રીતે –

જો ખરેખર ભગવાનની પૂજા અર્થદંડરૂપ હોય તો સૂયગડાંગના અર્થદંડાધિકારમાં જેમ આઠ અર્થદંડ કહ્યા છે, તેમ જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક પણ અર્થદંડ કહેવા જોઈએ; પરંતુ સૂયગડાંગમાં જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક અર્થદંડ કહ્યા નથી, માટે એને અર્થદંડ કહી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે, લુંપાક જિનપ્રતિમા માટે કરાતા પૂજાદિ આરંભ-સમારંભને અર્થદંડરૂપે કહે છે, પરંતુ જિનહેતુક કયા આરંભ-સમારંભને તે અર્થદંડરૂપે કહે છે ? કે જેથી ગ્રંથકારશ્રીએ કહ્યું કે, જો જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક અર્થદંડ હોય તો સૂયગડાંગમાં તે કહેવા જોઈએ ? તેનો આશય એ છે કે, ભગવાનની પૂજા અર્થે પુષ્પાદિનો આરંભ કરવામાં આવે છે તે જિનપ્રતિમાહેતુક અર્થદંડ છે, અને સાક્ષાત્ કોઈ જિન વિદ્યમાન હોય અને કોઈ અવિવેકી શ્રાવક ભક્તિના વશથી તેમના માટે આધાકર્મિકાદિ કરીને તેમની ભક્તિ કરવાનો આશય કરે, અથવા તો તેમના આગમન વખતે આરંભ-સમારંભની પ્રવૃત્તિપૂર્વક દેશના સાંભળવા જાય તો તે સર્વ જિનહેતુક અર્થદંડ છે, તેમ લુંપાક કહે છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સૂયગડાંગમાં અર્થાધિકારમાં જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક અર્થદંડ બતાવેલ નથી, માટે ભગવાનની પૂજામાં અર્થદંડરૂપ આરંભ છે, તેમ કહી શકાય નહિ. તેની સામે રામદાસ વગેરે લુંપાકના અનુયાયીના સમાધાનને સામે રાખીને શ્લોકના ત્રીજા અને ચોથા પાદનું ઉત્થાન કરે છે –

ટીકા :-

न च सर्वोऽप्यर्थदण्डो गृहस्थानामगारार्थ इत्यगारविषयकेच्छाप्रयोज्येच्छाया हेतोरुक्तशेषे सम्भवान्न न्यूनत्वमिति रामदासादिपामरोक्तं श्रद्धेयम्, एवं सति 'परिवारहेउं' इत्यादेराधिक्यापत्तेः, परिवाराद्यर्थस्यापि तत्त्वतो गृहार्थत्वादिति यत्किञ्चिदेतत् । अथाविवक्षात एव तदपाठ इत्यत आह-या खलु जैनमार्गविदिता हिंसा सा किं प्रसङ्गोद्भवं दोषं निहन्तुं वारयितुं स्फुटं नामग्राहं निषेध्या न स्यात् ? अपि तु स्यादेव, किंवत् ? आधाकर्मिकवत्,

ટીકાર્થ :-

न च सर्वो .... यत्किञ्चिदेतत् । અને સર્વ પણ અર્થદંડ ગૃહસ્થોને અગાર અર્થે છે, એથી કરીને ઉક્તશેષમાં=સૂયગડાંગમાં અર્થદંડાધિકારમાં જે અર્થદંડ બતાવ્યા તે બતાવાયેલાથી અન્યમાં= જિનપ્રતિમાહેતુક અને જિનહેતુકરૂપ અન્યમાં, અગારવિષયક ઈચ્છાથી પ્રયોજ્ય ઈચ્છારૂપ હેતુનો સંભવ હોવાથી ન્યૂનપણું નથી=સૂયગડાંગ સૂત્રમાં અર્થદંડના સંગ્રહમાં ન્યૂનપણું નથી, એ પ્રકારે રામદાસ આદિ પામર વડે કહેવાયેલ શ્રદ્ધેય નથી; કેમ કે એ પ્રમાણે હોતે છતે પરિવારહેતુક ઈત્યાદિ અધિકપણાની=પરિવારહેતુક ઈત્યાદિ અધિક છે એમ સ્વીકારવાની, આપત્તિ છે; કેમ કે પરિવારાદિ અર્થનું પણ તત્ત્વથી ગૃહાર્થપણું છે. એથી કરીને આ=રામદાસાદિ પામરો વડે કહેવાયેલું, યત્કિંચિત્ છે.

अथ ..... आह - અહીં 'અથ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, અવિવક્ષાથી જ તેનો=જિન-પ્રતિમાહેતુક કે જિનહેતુક અર્થદંડનો, અપાઠ છે. એથી કરીને શ્લોકના ત્રીજા અને ચોથા પાદમાં ગ્રંથકારશ્રી કહે છે –

या खलु ..... आधाकर्मिकवत्, જે ખરેખર જૈનમાર્ગવિદિત=જૈનમાર્ગમાં કહેવાયેલી, હિંસા છે, તે પ્રસંગથી ઉદ્ભવેલા દોષને હણવા માટે=વારવા માટે, સ્પષ્ટ નામગ્રહણપૂર્વક આધાકર્મિકની જેમ શું નિષેધ્ય ન થાય ? પરંતુ થાય જ. (છતાં તે રીતે સ્પષ્ટ નિષેધ કરેલ નથી તેથી તેમાં હિંસા નથી.)

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, જિનપૂજા અર્થે થતો દંડ અર્થદંડરૂપે અધિક હોય તો જિનપ્રતિમાહેતુક કે જિનહેતુક અર્થદંડ, એ પ્રમાણે પણ સૂયગડાંગમાં અર્થદંડાધિકારમાં કહેવું જોઈએ. તેનું સમાધાન પૂર્વપક્ષી કરે કે, સૂયગડાંગમાં અર્થદંડાધિકારમાં તેમ કહ્યું નથી, તોપણ ન્યૂનત્વ દોષ આવતો નથી. તે આ રીતે –

સર્વ પણ અર્થદંડ ગૃહસ્થોને ઘર ચલાવવા માટે હોય છે. તેથી સૂયગડાંગમાં અર્થદંડાધિકારમાં કહેલ આઠ અર્થદંડ સિવાયના અર્થદંડોમાં ઘર ચલાવવા વિષયક ઇચ્છાથી પ્રયોજ્ય એવી ઇચ્છા હોય છે, તેથી અગારહેતુકમાં તે સર્વ અર્થદંડનો સમાવેશ થઈ જશે, માટે આઠથી અધિક જિનપ્રતિમાહેતુક કે જિનહેતુક અર્થદંડ કહેવાની જરૂર રહેતી નથી. એ પ્રમાણે રામદાસ વગેરે તત્ત્વવિચારણામાં પામર એવા લુંપાકના અનુયાયી વડે કહેવાયેલ છે.

લુંપાકનો આશય એ છે કે, જિનપ્રતિમાની પૂજા કરવી કે જિનની ભક્તિ કરવી, એ વાસ્તવિક રીતે મોક્ષનું કારણ નથી; કેમ કે તેમાં આરંભ-સમારંભ વગેરે થાય છે, તેથી તે અર્થદંડરૂપ છે. જોકે શ્રાવક મોક્ષના આશયથી જિનપૂજા કરે છે, તોપણ જેમ કોઈ મોક્ષના આશયથી ભોગાદિની પ્રવૃત્તિ કરે તો તે ધર્મની પ્રવૃત્તિ કહી શકાય નહિ, પરંતુ તે સંસારની જ પ્રવૃત્તિ છે, તેથી તે અર્થદંડરૂપ બને છે; તેમ વિપર્યાસને કારણે કોઈ શ્રાવક મોક્ષના આશયથી આરંભ-સમારંભરૂપ પૂજાની પ્રવૃત્તિ કરે તો તે પણ અર્થદંડરૂપ જ બને છે, માટે જિનપૂજાહેતુક અને જિનહેતુક અર્થદંડનો અંતર્ભાવ અગારહેતુક અર્થદંડમાં છે, એ પ્રકારનો રામદાસ આદિ પામરનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, તેમ સ્વીકારીએ તો પરિવારહેતુક અર્થદંડ વગેરેનો પણ અગારાર્થક અર્થદંડમાં અંતર્ભાવ થઈ જશે, તેથી સૂયગડાંગમાં પરિવારહેતુક, ભોગહેતુક આદિ અર્થદંડ કહેવા જોઈએ નહિ.

ઉપરોક્ત આપત્તિનું અન્ય રીતે સમાધાન કરતાં રામદાસ વગેરે 'अथ'થી કહે છે – તો પછી જેમ અગારહેતુકમાં પરિવારહેતુક અર્થદંડ આદિનો અંતર્ભાવ થતો નથી, તેમ જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક અર્થદંડનો પણ અંતર્ભાવ નથી; આમ છતાં સૂયગડાંગમાં તેની વિવક્ષા કરેલ નથી માટે તેનો પાઠ નથી, વસ્તુતઃ તે અર્થદંડરૂપ જ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જૈનશાસનમાં ધર્મની પ્રવૃત્તિ કરનારાઓ ભગવાનની પૂજા ધર્મબુદ્ધિથી કરે છે, તેથી જો તે અર્થદંડરૂપ હોય તો દોષરૂપ છે, તેમ માનવું પડે. તેથી જૈનદર્શનમાં ભગવાનની ભક્તિના પ્રસંગથી ઉદ્ભવેલ હિંસારૂપ દોષનો નિષેધ કરવા માટે સ્પષ્ટ રીતે નામપૂર્વક તેનો નિષેધ કરવો આવશ્યક છે. જેમ સાધુને આધાકર્મિકનો નિષેધ કરવા માટે સ્પષ્ટ કહ્યું કે તે દોષરૂપ છે, તેમ સૂયગડાંગમાં સ્પષ્ટ કહેવું જોઈએ કે, જિનપ્રતિમાહેતુક અને જિનહેતુક આરંભ-સમારંભ અર્થદંડ છે; પરંતુ તેમ કહ્યું નથી, તેથી નક્કી થાય છે કે તે અર્થદંડરૂપ નથી. આ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

ટીકા :-

ननु प्रतिलोममेतत्, एवं सत्यर्थदण्डाधिकारे पूजार्थवधस्याधाकर्मिकस्येवापाठोपपत्तेरिति चेत् ? सत्यम्, तर्हि भगवत्यादावाधाकर्मिकस्येव तस्य स्फुटं निषेधौचित्यमन्यत्र प्रपञ्चेन निरूपितस्यैवात्रोपलक्षणत्वसम्भवादित्यत्र तात्पर्यात् ।

ટીકાર્થ :-

ननु प्रतिलोममेतत् ..... तात्पर्यात् । 'ननु'થી પૂર્વપક્ષી કહે કે **આ=તમારું કથન, પ્રતિલોમ=પ્રતિકૂળ છે; કેમ કે આમ હોતે છતે=પૂર્વમાં કહ્યું કે, જૈનમાર્ગમાં કહેવાયેલી હિંસા, પ્રસંગથી ઉદ્ભવેલા દોષને વારવા માટે આધાકર્મિકની જેમ સ્પષ્ટ નામગ્રહણપૂર્વક શું નિષેધ્ય ન થાય ? અર્થાત્ નામગ્રહણપૂર્વક હિંસાનો નિષેધ કરવો જોઈએ, એ પ્રમાણે તમારા વડે સ્વીકારાયેલ હોવા છતાં, અર્થદંડાધિકારમાં આધાકર્મિકની જેમ=સૂયગડાંગના અર્થદંડાધિકારમાં આધાકર્મિકનો પાઠ જેમ નથી તેમ પૂજાર્થવધના પાઠની ઉપપત્તિ છે=તેમ પૂજાર્થવધનો પણ પાઠ નથી, માટે તમારું કથન તમને જ પ્રતિકૂળ છે. તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે=અર્ધસ્વીકારરૂપે કહે છે કે, જેમ આધાકર્મિકનો અર્થદંડાધિકારમાં ઉલ્લેખ નથી, તેમ પૂજાર્થ વધનો પણ ઉલ્લેખ નથી, એ અપેક્ષાએ તારી વાત સાચી છે, તેમ સ્વીકારીએ તો ભગવતી આદિમાં આધાકર્મિકનો જેમ નિષેધ કર્યો છે, તેમ તેના=પૂજાર્થવધના, સ્પષ્ટ નિષેધનું ઉચિતપણું છે.**

તો પછી ભગવતીમાં આધાકર્મિકનો જેમ નિષેધ છે, તેમ સૂયગડાંગના અર્થદંડાધિકારમાં આધાકર્મિકનો નિષેધ કેમ નથી ? તે બતાવવા માટે હેતુ આપે છે –

અન્યત્ર=ભગવતીમાં પ્રપંચ વડે=વિસ્તાર વડે, નિરૂપિતના જ અહીંયાં=પ્રસ્તુત સૂયગડાંગના અર્થદંડાધિકારમાં, ઉપલક્ષણપણાનો સંભવ હોવાથી (સૂયગડાંગ સૂત્રમાં ઉપલક્ષણથી સ્વીકારી સાક્ષાત્ આધાકર્મિકનો ઉલ્લેખ કરેલ નથી,) એ પ્રકારે અહીં=સૂયગડાંગ સૂત્રમાં આધાકર્મિકનો ઉલ્લેખ નહિ કરવામાં તાત્પર્ય હોવાથી આ પ્રતિલોમ છે, એમ પૂર્વપક્ષીએ કહેલ તે સંગત નથી, એમ પૂર્વકથન સાથે સંબંધ છે.

ટીકા :-

नन्वेतदशिक्षितोपालम्भमात्रम्–'तत्थ खलु भगवया परिण्णा पवेइया, इमस्स चेव जीवियस्स परिवंदणमाणणपूयणाए, जाईमरणमोअणाए दुक्खपडिघातहेउं' **इत्याचारे प्रथमाध्ययने (प्र.उ.११) जातिमरणमोचनार्थं प्राणातिपातस्य दर्शितत्वात्तस्य च कटुतरविपाकोपदर्शनाज्जिनपूजादेरपि भवदभ्युपगमेन मुक्त्यर्थं प्रसिद्धेरर्थदण्डतया साक्षान्निषेधादिति चेत् ? न, एतद्व्याख्यापर्यालोचनायां त्वन्मनोरथस्य लेशेनाप्यसिद्धेः ।**

ટીકાર્થ :-

નન્વેતદ્ ..... લેશેનાપ્યસિદ્ધેઃ । 'ननु'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે આ=તમારું કથન, અશિક્ષિતને ઉપાલંભમાત્ર છે=જિનપ્રતિમાની પૂજા એ અર્થદંડરૂપ છે એ પ્રમાણે શાસ્ત્રમાં ક્યાંય કહેલ નથી એ પ્રમાણે તમે કહેલ જે ઉપાલંભ છે, તે જે શાસ્ત્ર ભણેલા ન હોય તેને જ કહી શકાય; કેમ કે અન્યત્ર શાસ્ત્રમાં અર્થદંડરૂપે તેનો ઉલ્લેખ મળે છે. તે પાઠ 'तत्थ खलु ..... दुक्खपडिघातहेउं'થી બતાવે છે –

ત્યાં=કર્મમાં=ક્રિયામાં, ભગવાને પરિજ્ઞા બતાવેલી છે - આ જ જીવિતના (અર્થે અલ્પ સુખ માટે જીવ ક્રિયામાં પ્રવર્તે છે તથા આ જ જીવિતના) પરિવંદન-માનન-પૂજન માટે (હિંસાદિમાં પ્રવર્તે છે, અને) જાતિ=જન્મ, મરણ અને મોચન માટે (પ્રાણીઓ ક્રિયામાં પ્રવર્તે છે અને કર્મને ગ્રહણ કરે છે અને) દુઃખના પ્રતિઘાત માટે (આરંભોને સેવે છે,) **એ પ્રકારે આચારાંગ પ્રથમ અધ્યયન સૂત્ર-૧૧માં જન્મ, મરણ અને મોચન માટે પ્રાણાતિપાતનું દર્શિતપણું હોવાથી અને તેના કટુતર વિપાકનું ઉપદર્શન હોવાથી તમારા સ્વીકાર વડે મુક્તિઅર્થપ્રસિદ્ધ એવી જિનપૂજાદિનું પણ=જિનપૂજાદિમાં થતી હિંસાદિનું પણ, અર્થદંડપણારૂપે સાક્ષાત્ નિષેધ હોવાથી તમારું આ કથન અશિક્ષિતને ઉપાલંભમાત્ર છે. આ પ્રમાણે 'ननु'થી પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે, એમ ન કહેવું; કેમ કે આની=આચારાંગના આ સૂત્રની, વ્યાખ્યાના પર્યાલોચનમાં તમારા મનોરથની લેશથી પણ અસિદ્ધિ છે.**

❖ નીચે મુજબ આચારાંગસૂત્રની ટીકામાં પાઠ છે તે આચારાંગ સૂત્રની સાક્ષીપાઠમાં જોડાણરૂપે છે.

ટીકા :-

तथाहि - तत्र कर्मणि भगवता 'परिज्ञा' ज्ञपरिज्ञा, प्रत्याख्यानपरिज्ञा च प्रवेदिता, अथ किमर्थमसौ कटुकविपाकेषु कर्माश्रवहेतुभूतेषु क्रियाविशेषेषु प्रवर्त्तते? इत्याह -'इमस्स' इत्यादि । तत्र जीवितमिति जीव-त्यनेनायुष्यकर्मणेति जीवितं=प्राणधारणम्, एतच्च प्रतिप्राणिस्वसंविदितमितिकृत्वा प्रत्यक्षासन्नवाचिनेदमा निर्दिशति चशब्दो वक्ष्यमाणजात्यादिसमुच्चयार्थः, एवकारोऽवधारणे । अस्यैव जीवितस्यार्थे परिफल्गुसारस्य तडिल्लताविलसितचञ्चलस्य बह्वपायस्यादीर्घसुखार्थं क्रियासु प्रवर्त्तते । तथाहि-जीविष्याम्यहमरोगः सुखेन भोगान् भोक्ष्ये, ततो व्याध्यपनयनार्थं स्नेहपानलावकपिशितभक्षणादिषु क्रियासु प्रवर्त्तते, तथाल्पस्य सुखस्य कृतेऽभिमानग्रहाकुलितचेता बह्वारम्भपरिग्रहाद् बह्वशुभं कर्मादत्ते उक्तं च – द्वे वाससी प्रवरयोषिदपायशुद्धा शय्यासनं करिवरस्तुरगो रथो वा काले भिषग् नियमिताशनपानमात्रा राज्ञः पराक्यमिव सर्वमवेहि शेषम् । पुष्ट्यर्थमन्नमिह यत्प्रणिधिप्रयोगैः सन्त्रासदोषकलुषो नृपतिस्तु भुङ्क्ते, यन्निर्भयप्रशमसौख्यरतश्च भैक्षं तत्स्वादुतां भृशमुपैति न पार्थिवान्नम्, भृत्येषु मन्त्रिषु सुतेषु मनोरमेषु कान्तासु वा मधुमदाङ्कुरितेक्षणासु विश्रम्भमेति न कदाचिदपि क्षितीशः सर्वाभिशङ्कितमतेः कतरत्नु सौख्यम् । तदेवमनवबुध्य तरुणकिशलयपलाशचञ्चल-जीवितरतयः कर्माश्रवेषु जीवितोपमर्दादिरूपेषु प्रवर्त्तन्ते । तथास्यैव जीवितस्य परिवन्दनमाननपूजनार्थं हिंसादिषु प्रवर्तन्ते, तत्र परिवन्दनं=संस्तवः=प्रशंसा, तदर्थमाचेष्टते । तथाहि-अहं मयूरादिपिशिताशनाद् बली तेजसा

देदीप्यमानो देवकुमार इव लोकानां प्रशंसास्पदं भविष्यामीति । माननमभ्युत्थानासनदानाञ्जलिप्रग्रहादिरूपं तदर्थं वा चेष्टमानः कर्मोपचिनोति ! तथा पूजनं द्रविणवस्त्रान्नपानसत्कारप्रणामसेवाविशेषरूपम्, तदर्थं च प्रवर्त्तमानः क्रियासु कर्माश्रवैरात्मानं सम्भावयति। तथा 'वीरभोग्या वसुन्धरा' इति मत्वा पराक्रमते, दण्डभयाच्च सर्वाः प्रजा बिभ्यतीति दण्डयतीति, एवं राज्ञामन्येषामपि यथासम्भवमायोजनीयम् अत्र च वन्दनादीनां द्वन्द्वसमासं कृत्वा तादर्थ्ये चतुर्थी विधेया परिवन्दनमाननपूजनाय जीवितस्य कर्माश्रवेषु प्रवर्त्तत इति समुदायार्थः । न केवलं परिवन्दनाद्यर्थमेव कर्मादत्तेऽन्यार्थमप्यादत्त इति दर्शयति-जातिश्च मरणं च मोचनं चेति जातिमरणमोचनम्, समाहारद्वन्द्वात्तादर्थ्ये चतुर्थी एतदर्थं च प्राणिनः क्रियासु प्रवर्त्तमानाः कर्माददते, तत्र जात्यर्थं क्रौञ्चारिवन्दनादिकाः क्रियाः विधत्ते, तथा यान् यान् कामान् ब्राह्मणादिभ्यो ददाति, तांस्तानन्यजन्मनि पुनर्जातो भोक्ष्यते तथा मनुनाऽप्युक्तम् - 'वारिदस्तृप्तिमाप्नोति सुखमक्षयमन्नदः, तिलप्रदः प्रजामिष्टामायुष्कमभयप्रदः' अत्रैकमेव सुभाषितमभयप्रदानमिति तुषमध्ये कणिकावदित्येवमादिकुमार्गोपदेशाद्धि हिंसादौ प्रवृत्तिं विदधाति तथा मरणार्थमपि पितृपिण्डदानादिषु क्रियासु प्रवर्त्तते यदि वा ममानेन सम्बन्धी व्यापादितस्तस्य वैरनिर्यातनार्थं वधबन्धादौ प्रवर्त्तते, यदि वा मरणनिवृत्त्यर्थमात्मनो दुर्गाद्युपयाचितमजादिना बलिं विधत्ते यशोधर इव पिष्टमयकुक्कुटेन तथा मुक्त्यर्थमज्ञानावृत्तचेतसः पञ्चाग्नितपोऽनुष्ठानादिषु प्राण्युपमर्दकादिषु प्रवर्त्तमानाः कर्माददते, यदि वा जातिमरणयोर्विमोचनाय हिंसादिकाः क्रियाः कुर्वते । 'जाइजरामरणभोअणाए' इति पाठान्तरं, तत्र भोजनार्थं कृष्यादिकर्मसु प्रवर्तमाना वसुधाजलज्वलनपवनवनस्पतिद्वित्रिचतुष्कपञ्चेन्द्रियव्यापत्तये, व्याप्रियन्त इति तथा दुःखप्रतिघातमुररीकृत्यात्मपरार्थमारम्भमासेवन्ते, तथा हि - व्याधिवेदनार्त्ता लावकपिशि-तमदिराद्यासेवन्ते, तथा-वनस्पतिमूलत्वक्पत्रनिर्यासादिसिद्धशतपाकादितैलार्थमग्न्यादिसमारम्भेण पापं कुर्वन्ति स्वतः, कारयन्त्यन्यैः, कुर्वतोऽन्यान् समनुजानते, इत्येवमतीतानागतकालयोरपि मनोवाक्काययोगैः कर्मादानं विदधतीत्यायोजनीयमित्यादि ।

ટીકાર્થ :-

तथाहि – તે આ પ્રમાણે – तत्र कर्मणि .....प्रवेदिता । ત્યાં=આચારાંગના પ્રથમ અધ્યયનમાં, ક્રિયાના વિષયમાં ભગવાન વડે પરિજ્ઞા=જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા કહેવાયેલી છે.

ભગવાને સંસારમાં જીવો વડે કરાતી આરંભાદિક ક્રિયાઓનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞપરિજ્ઞાથી બતાવેલ છે=યથાર્થ બોધ કરાવેલ છે, ત્યાર પછી તેનું પ્રત્યાખ્યાન કરવાનું પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી જણાવેલ છે.

પૂર્વમાં કહ્યું કે, ભગવાને આરંભ-સમારંભાદિરૂપ ક્રિયાઓને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પ્રત્યાખ્યાન કરવાનું કહેલ છે, ત્યાં પ્રશ્ન થાય કે, ભગવાને આરંભાદિ ક્રિયાનું પ્રત્યાખ્યાન કરવાનું કહેલ છે, છતાં જીવો આરંભાદિમાં કેમ પ્રવર્તે છે ? તેને સ્પષ્ટ કરવા માટે આચારાંગના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાનું મૂળ સૂત્ર-૧૧ 'इमस्स चेव जीवियस्स'નું ઉત્થાન કરતાં કહે છે –

अथ ..... इत्यादि । શા માટે આ જીવ કટુવિપાકવાળી અને કર્માશ્રવના કારણભૂત એવી ક્રિયામાં પ્રવર્તે છે ? એથી કરીને 'इमस्स' ઇત્યાદિથી કહે છે –

તત્ર ..... પ્રાણધારણમ્, ત્યાં='इमस्स चेव जीवियस्स .....' એ આચારાંગનું સૂત્ર કહ્યું ત્યાં, 'જીવિત'નો અર્થ કરે છે – આ આયુષ્યકર્મ વડે જીવ જીવે છે એથી કરીને આયુષ્યકર્મ જીવિત છે અને તે આયુષ્યકર્મ તે પ્રાણધારણરૂપ છે.

અહીં જીવિતની વ્યુત્પત્તિ કરી, એ પ્રમાણે આયુષ્યકર્મ એ જીવિત પ્રાપ્ત થયું; અને આયુષ્યકર્મનું કાર્ય પ્રાણધારણ છે, તેથી ઉપચારથી પ્રાણધારણને જીવિત કહેલ છે.

एतच्च ..... ऽवधारणे । અને આ=પ્રાણધારણ, પ્રતિપ્રાણી સ્વસંવિદિત છે, એથી કરીને પ્રત્યક્ષ આસન્નવાચી એવા 'इदम्' શબ્દ વડે મૂળ આચારાંગ પ્રથમ ઉદ્દેશ સૂત્ર-૧૧માં તેનો નિર્દેશ કરેલ છે, અને તેથી મૂળ સૂત્રમાં 'इमस्स चेव जीवियस्स' નો પ્રયોગ કરેલ છે. મૂળમાં 'चेव' શબ્દ છે, તેમાં 'च' શબ્દ આગળમાં કહેવાનારા જાતિ=જન્મ, આદિના સમુચ્ચય માટે છે અને 'एव'કાર અવધારણમાં છે. (તેથી એ પ્રાપ્ત થાય કે, આ જ જીવિતના માટે જીવ ક્રિયામાં પ્રવર્તે છે, અને આ જ જીવિતના પરિવંદન=પ્રશંસા, માનન અને પૂજન માટે ક્રિયામાં પ્રવર્તે છે, અને જાતિ, મરણ અને મોચન માટે ક્રિયામાં પ્રવર્તે છે અને દુઃખપ્રતિઘાતના હેતુથી ક્રિયામાં પ્રવર્તે છે.)

अस्यैव ..... प्रवर्तते । પરિફલ્ગુસાર=નિઃસાર, વીજળીના ચમકારા જેવું ચંચળ, બહુ અપાયભૂત=વિઘ્નોથી યુક્ત, એવા આ જ જીવિતના અર્થે અદીર્ઘ કાળના સુખ માટે ક્રિયામાં પ્રવર્તે છે.

આ જ જીવિતના અર્થે અલ્પકાળના સુખ માટે આરંભાદિ ક્રિયાઓમાં જીવ પ્રવર્તે છે, એમ પૂર્વમાં કહ્યું, તે જ 'तथाहि'થી બતાવે છે –

तथाहि – ..... प्रवर्तते । રોગ વગરનો એવો હું જીવીશ, સુખપૂર્વક ભોગોને ભોગવીશ, તેથી=આવા પ્રકારનો અધ્યવસાય હોવાથી, વ્યાધિને દૂર કરવા માટે સ્નેહપાન, લાવકના=પક્ષીવિશેષના, માંસભક્ષણાદિ ક્રિયામાં પ્રવર્તે છે.

અહીં સ્નેહપાન અને માંસભક્ષણાદિ, શરીરના રોગને દૂર કરી ધાતુને પુષ્ટ કરવામાં પ્રબળ કારણરૂપ આહાર છે, તેથી જ દીર્ઘકાળ સુધી રોગરહિત જીવન જીવવાના આશયથી સંસારસિક જીવો તેનો ઉપયોગ કરે છે.

तथाल्पस्य ..... कर्मादते । તે રીતે=શરીરની સુખાકારી રહે અને પુષ્ટ બને તે માટે ક્રિયામાં પ્રવર્તે છે તે રીતે, અલ્પ સુખના માટે અભિમાનગ્રહથી આકુલિત ચિત્તવાળા જીવો બહુ આરંભ-પરિગ્રહથી ઘણા અશુભ કર્મને ગ્રહણ કરે છે.

સંસારરસિક જીવો અભિમાનગ્રહથી આકુલિત ચિત્તવાળા છે અને અલ્પસુખ માટે બહુ આરંભ કરે છે, એ બતાવવા માટે 'उक्तं च'થી તેમાં સાક્ષી આપે છે –

उक्तं च ..... शेषम् । અને કહ્યું છે - બે વસ્ત્ર, અપાયશુદ્ધ=અનર્થ ન કરે તેવી શ્રેષ્ઠ રાણી, શય્યા, આસન, શ્રેષ્ઠ હાથી, ઘોડો કે રથ, અવસરે સારો વૈદ્ય, નિયમિત આહાર-પાણીનું પ્રમાણ – આ બધું રાજાનું છે, શેષ સર્વ પારકા જેવું છે એમ તું જાણ.

આટલા કથનથી રાજા વગેરે સર્વ જીવો અભિમાનગ્રહથી આકુલિત ચિત્તવાળા છે એ વાત બતાવી; કેમ કે રાજા પણ વાસ્તવિક ભોગવટો બે વસ્ત્ર આદિ કહેલા પદાર્થો પૂરતો જ કરી શકે છે, બાકીના પદાર્થોનો ઉપભોગ કરી શકતો નથી; ફક્ત અભિમાન ધારણ કરે છે કે, આ વિશાળ રાજ્ય વગેરે સંપત્તિ મારી છે. તેથી જ અભિમાનગ્રહથી આકુલિત ચિત્તવાળા રાજ્યની વૃદ્ધિ અને રક્ષણાદિ માટે આરંભાદિની પ્રવૃત્તિ કરે છે અને ઘણા અશુભ કર્મને બાંધે છે.

અલ્પ સુખ માટે સંસારી જીવોની સર્વ ભોગાદિની ક્રિયા છે, અને તેના દ્વારા જીવ ઘણા આરંભો કરી કર્મ બાંધે છે, તે બતાવવા અર્થે કહે છે –

પુષ્ટ્યર્થં ..... પાર્થિવાન્નમ્ । અહીંયાં=સંસારમાં, સંત્રાસદોષથી કલુષિત એવો રાજા વળી જે પ્રણિધિપ્રયોગો વડે શરીરની પુષ્ટિ માટે ભોજન કરે છે, અને જે નિર્ભય અને પ્રશમસુખમાં રતિવાળો મુનિ ભિક્ષાને વાપરે છે, તે=મુનિનું ભૈક્ષ, અત્યંત સ્વાદુતાને પામે છે, પાર્થિવ અન્ન નહિ.

રાજા આયુર્વેદની પ્રક્રિયાથી ધાતુને પુષ્ટ કરે એવા પ્રયોગો દ્વારા શરીરની પુષ્ટિ માટે અન્નને ગ્રહણ કરે છે, અને રાજ્યકાર્યની ચિંતાના વિચારો તેમજ પરરાજ્યોના ભયથી સંત્રાસદોષથી કલુષિત માનસવાળો છે, તેથી શરીર પુષ્ટ થવા છતાં અને ઇન્દ્રિયોને અનુકૂળ આહાર કરવા છતાં, ચિત્ત ચિંતાઓથી કલુષિત હોવાથી વિશેષ પ્રકારનાં ઇન્દ્રિયોનાં સુખોનું વેદન પણ કરી શકતો નથી; કેમ કે ચિત્તનું કાલુષ્ય એ સુખને હીન કરે છે. અને મુનિ સર્વથા નિર્ભય હોય છે; કેમ કે મુનિને બાહ્ય કોઈ પદાર્થની અપેક્ષા હોતી નથી, તેથી બાહ્ય કોઈનો ભય હોતો નથી; અને પ્રશમસુખમાં રતિ હોય છે, તેથી જે કાંઈ તુચ્છ અંતપ્રાંત ભિક્ષા મળે છે તેના ભોગકાળમાં પ્રશમસુખના સ્વાદનો અનુભવ કરે છે. મુનિનું ચિત્ત સર્વથા નિર્ભય હોવાથી અને લોલુપતાદિ ભાવોથી રહિત હોવાથી તુચ્છ ભિક્ષાદિ પણ તેમને ઉત્તમ સુખનું વેદન કરાવે છે, જ્યારે રાજાને શ્રેષ્ઠ ભોજન પણ તેવું સુખ આપી શકતું નથી; કેમ કે સંત્રાસથી રાજાનું ભૌતિક સુખ ઉપહત થયેલું હોય છે અને લોલુપતાદિ ભાવોથી આક્રાંત હોય છે. તેથી રાજાનું ભૌતિક સુખ પ્રશમસુખ આગળ અલ્પ માત્રામાં છે.

રાજા આદિનું ચિત્ત સંત્રાસદોષથી કલુષિત કેમ છે ? અને મુનિ જેવું સુખ કેમ રાજાદિ અનુભવતા નથી ? તે બતાવે છે –

ભૃત્યેષુ ..... સૌખ્યમ્ । નોકરો પર, મંત્રીઓ પર, પુત્રો પર કે મધુરૂપી મદને ઝરતી આંખોવાળી મનોરમ એવી સ્ત્રીઓ પર રાજા ક્યારેય વિશ્વાસ રાખી શકતા નથી. સર્વ ઉપર અભિશંકિત મતિવાળાનું સુખ કયું હોય ?

પૂર્વમાં આ જ જીવિતના અર્થે જીવ અલ્પ સુખ માટે આરંભાદિ ક્રિયાઓમાં પ્રવર્તે છે, એમ કહ્યું, ત્યાર પછી 'તથાહિ'થી તે બતાવ્યું. તે સર્વનું નિગમન કરતાં કહે છે –

તદેવમનવબુધ્ય ..... પ્રવર્તન્તે, આ બધું જાણ્યા વિના, તરુણ કિસલય પલાશના જેવા ચંચળ જીવિત પર રતિવાળા જીવો, જીવિતના=જીવોના, ઉપમર્દાદિરૂપ કર્માશ્રવોમાં પ્રવર્તે છે.

આચારાંગ સૂત્રના મૂળ પાઠમાં 'इमस्स चेव जीवियस्स परिवंदणमाणणपूअणाए' કહ્યું, તેનો અર્થ ટીકામાં બતાવે છે –

તથાઽસ્યૈવ ..... ભવિષ્યામીતિ । અને આ જ જીવિતના પરિવંદન, માનન અને પૂજન માટે હિંસાદિમાં પ્રવર્તે છે.

ત્યાં પરિવંદન=સંસ્તવ=પ્રશંસા, તેના માટે ચેષ્ટા=ક્રિયા, કરે છે. તે આ પ્રમાણે –

હું મયૂરાદિના માંસના ભક્ષણથી બળવાળો, તેજથી દેદીપ્યમાન દેવકુમાર જેવો લોકોની પ્રશંસાનું સ્થાન થઈશ.

'इति' શબ્દ પરિવંદનના સ્વરૂપની સમાપ્તિસૂચક છે.

માનનનો, અર્થ બતાવે છે – माननम् ..... उपचिनोति । માનન=અભ્યુત્થાન, આસન આપવું, હાથ જોડવારૂપ માનન છે, અને તેના માટે=માન મેળવવા માટે, ચેષ્ટા કરતો કર્મને એકઠાં કરે છે.

પૂજનનો અર્થ બતાવે છે - तथा पूजनं ..... सम्भावयति । અને પૂજન=ધન-વસ્ત્ર-અન્ન-પાન વડે સત્કાર, અને પ્રણામ દ્વારા સેવાવિશેષરૂપ પૂજન છે, અને તેના માટે=લોકો પાસેથી પૂજા માટે, ક્રિયામાં પ્રવર્તતો કર્મરૂપ આશ્રવ વડે આત્માને સંભાવિત કરે છે=મલિન કરે છે.

तथा ..... दण्डयतीति । અને 'वीरभोग्या वसुंधरा' એમ માનીને રાજા રાજ્યની ઋદ્ધિ માટે પરાક્રમ કરે છે, અને દંડના ભયથી સર્વ પ્રજા ભય પામે છે એથી કરીને દંડ કરે છે.

આ કથન પણ માન-સન્માન મેળવવા માટે જ છે; કેમ કે પરાક્રમ કરીને રાજ્યની વૃદ્ધિ થાય છે, તેથી પોતે મોટા રાજવી તરીકે ખ્યાતિ મેળવે છે અને લોકોને દંડ કરીને પોતાનો પ્રભાવ લોકો ઉપર સ્થાપન કરવા યત્ન કરે છે.

एवं ..... योजनीयम् । આ પ્રમાણે રાજાઓ માટે કહ્યું. રાજા સિવાયના અન્યો પણ પોતપોતાની ભૂમિકા પ્રમાણે વંદન, માનન અને પૂજન માટે આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે, તેનું યોજન કરવું.

अत्र च ..... समुदायार्थः અને અહીંયાં=परिवंदणमाणणपूअणाए મૂળમાં કહ્યું છે ત્યાં, વંદનાદિનો દ્વંદ્વ સમાસ કરીને તાદર્થ્યમાં ચતુર્થી કરવી. ત્યાર પછી મૂળસૂત્રનું જોડાણ બતાવે છે – જીવિતના પરિવંદન, માનન અને પૂજન માટે કર્માશ્રવમાં પ્રવર્તે છે, એ પ્રમાણે સમુદાય અર્થ જાણવો.

આચારાંગ મૂળ સૂત્ર-૧૧માં 'जाईमरणमोअणाए' કહ્યું છે, તેનો અર્થ બતાવે છે –

न केवलं ..... कर्मादत्ते, (૧) ફક્ત પરિવંદનાદિ માટે કર્મ=ક્રિયા, કરે છે એવું નથી, અન્યાર્થ પણ (ક્રિયા) કરે છે, એ પ્રકારે બતાવે છે –

જાતિ અને મરણ અને મોચનનો સમાહાર દ્વંદ્વ કરી તાદર્થ્યમાં ચતુર્થી વિભક્તિ છે.

અને આના માટે=જાતિ, મરણ અને મોચન માટે, ક્રિયામાં પ્રવર્તમાન જીવો કર્મ ગ્રહણ કરે છે.

જાતિ=જન્મ, માટે જીવો શું કરે છે, તે બતાવે છે –

तत्र ..... भोक्ष्यते । ત્યાં=જાતિ-મરણ-મોચન માટે કહ્યું ત્યાં, જાતિ માટે 'कार्तिकेयस्वामी' નામના દેવને વંદનાદિ ક્રિયા કરે છે, તથા બ્રાહ્મણાદિને જે જે કામભોગો આપવામાં આવે છે, તે તે કામભોગોની પ્રાપ્તિ અન્ય જન્મમાં=પરભવમાં, ફરી જન્મેલો ભોગવશે.

तथा मनुना ..... विदधाति તથા મનુએ પણ કહ્યું છે - "પાણી આપનારો તૃપ્તિ પામે છે, અન્ન આપનારો અક્ષય સુખને પામે છે, તલ આપનારો ઈષ્ટ સંતતિ પામે છે અને અભયને આપનારો આયુષ્ય પામે છે. અહીં=મનુસ્મૃતિમાં (આ) એક જ અભયદાન સુભાષિત છે, એ પ્રકારે ફોતરાના મધ્યમાં ધાન્યના કણની જેમ જાણવું. આવા પ્રકારના કુમાર્ગના ઉપદેશથી=પૂર્વમાં બ્રાહ્મણાદિને આપવાથી જે મળે છે, તે રૂપ કુમાર્ગના ઉપદેશથી, તેમ જ મનુએ બતાવેલા કુમાર્ગના ઉપદેશથી, હિંસાદિમાં પ્રવૃત્તિ કરે છે.

મરણ માટે જીવો શું કરે છે, તે બતાવે છે –

તથા મરણાર્થમપિ ..... કુક્કુટેન, મરણ માટે પણ (૧) પિતાને પિંડદાનાદિ ક્રિયામાં પ્રવર્તે છે, (૨) અથવા આના વડે મારા સંબંધીને મારી નંખાયો, તેના વૈરનો બદલો લેવા માટે વધ-બંધાદિમાં પ્રવર્તે છે, (૩) અથવા પોતાના મરણની નિવૃત્તિ માટે=પોતાનું મરણ અટકાવવા માટે, યશોધરે જેમ લોટના કુકડાનો બલિ કર્યો, તેમ દુર્ગાદિ દેવીઓથી યાચના કરાયેલો બકરા આદિથી બલિ આપે છે.

મુક્તિ માટે જીવો શું કરે છે. તે બતાવે છે -

તથા મુક્ત્યર્થમ્ ..... કર્માદદતે, મુક્તિ માટે અજ્ઞાનથી આવૃત ચિત્તવાળા, પ્રાણીના ઉપમર્દનાદિરૂપ પંચાગ્નિ તપ અનુષ્ઠાનાદિમાં પ્રવર્તમાન (જીવો) કર્મને બાંધે છે.

'जाईमरणमोअणाए' નો બીજી રીતે અર્થ બતાવે છે -

यदि वा ..... कुर्वते । (૨) અથવા જાતિ=જન્મ, અને મરણથી મુકાવવા માટે હિંસાદિ ક્રિયા કરે છે.

'जाईमरणमोअणाए' પાઠ છે, તેના બદલે "जाइजरामरणभोअणाए" એ પ્રમાણે પાઠાંતર છે. તેનો અર્થ બતાવે છે –

तत्र ..... व्याप्रियन्त इति । जाइजरामरणभोअणाए એ પ્રમાણે પાઠાંતર છે ત્યાં, ભોજન માટે ખેતી આદિ કર્મમાં પ્રવર્તમાન (જીવ) પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય જીવના વધ માટે પ્રવૃત્ત થાય છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિઅર્થક છે.

આચારાંગ પ્રથમ અધ્યયન-પ્રથમ ઉદ્દેશો સૂત્ર-૧૧ મૂળમાં 'दुक्खपडिघातहेउं' કહ્યું, તે બતાવે છે –

તથા દુઃખપ્રતિઘાત ..... સમનુજાનતે, તથા દુઃખપ્રતિઘાતને આશ્રયીને પોતાના અને પરના માટે આરંભ સેવે છે. તે આ પ્રમાણે - વ્યાધિ અને વેદનાથી પીડિત જીવો લાવક પક્ષીવિશેષનું માંસભક્ષણ, મદિરાપાન કરે છે તથા વનસ્પતિઓનાં મૂળ, છાલ, ત્વચા, પાંદડામાંથી નીકળવા આદિ દ્વારા સિદ્ધ શતપાકાદિ તેલ માટે અગ્નિ આદિના આરંભ વડે પોતે પાપ કરે છે, બીજા પાસે કરાવે છે, કરતા એવા અન્યની અનુમોદના કરે છે.

इत्यमेवमतीत ..... मित्यादि । આ પ્રકારે=વર્તમાનકાળ સંબંધી ક્રિયામાં પ્રવર્તમાન (જીવો) કર્મ બાંધે છે, એમ કહ્યું એ પ્રકારે, ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ મન, વચન અને કાયાના યોગોથી કર્મનું આદાન=કર્મબંધ, કરે છે, એ પ્રકારે જોડવું ઇત્યાદિ.

ટીકા :-

अत्र हि जातिमरणमोचनार्थं कुमार्गोपदिष्टमेव विवृतं न जिनपूजादीति किं दुर्व्यसनं तव तदाशातनायाः? अन्यथा मुक्त्यर्थमनशनलोचाद्यपि हिंसा स्यात्, अनुबन्धतोऽहिंसात्वं तु तुल्यमित्याम्रेडितमेव ।

ટીકાર્થ :-

अत्र हि ..... स्यात्, અહીંયાં=આચારાંગ પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાના સૂત્ર-૧૧ની વૃત્તિમાં, જાતિ-મરણ-મોચન માટે કુમાર્ગથી ઉપદિષ્ટ જ=કહેવાયેલ જ, ટીકામાં વિવૃત છે, જિનપૂજાદિ નહિ. એથી કરીને તેની=સૂત્રની, આશાતનાનું તારું દુર્વ્યસન કેમ છે ? અન્યથા=જિનપૂજાદિને હિંસા કહેવી એ સૂત્રની આશાતના નથી એમ માને તો, અનશન-લોચાદિથી પણ હિંસા થાય.

અહીં પૂર્વપક્ષી કહે કે, અનશન-લોચાદિમાં શુભ અધ્યવસાય હોવાથી પોતાને તેમાં પીડા થવા છતાં એ ક્રિયા અનુબંધથી હિંસારૂપ નથી. તેથી કહે છે –

अनुबन्धतो ..... आम्रेडितमेव । વળી અનુબંધથી અહિંસાપણું અનશન-લોચાદિ અને જિનપૂજાદિમાં તુલ્ય છે, એ પ્રકારે વારંવાર કહેવાયેલું જ છે.

ભાવાર્થ :-

આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાના સૂત્ર-૧૧ની ટીકામાં જાતિ-મરણ-મોચન માટે એ શબ્દોથી કુમાર્ગથી ઉપદિષ્ટ જ પ્રવૃત્તિઓનું આશ્રવ તરીકે વર્ણન કરેલ છે, પરંતુ જિનપૂજાદિનું નહિ; એથી કરીને સૂત્રની આશાતના કરવાનું આવું તારું દુર્વ્યસન કેમ છે ? એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે.

અહીં પ્રશ્ન થાય કે, આચારાંગ સૂત્રની ટીકામાં કહ્યું છે કે, જાતિ અને મરણથી મુકાવવા માટે, અને તેનો અર્થ કર્યો કે મોક્ષ માટે અજ્ઞાનથી આવૃત ચિત્તવાળા પંચાગ્નિ તપ કરે છે અને જીવોની હિંસા કરે છે, તો તેના જેવી જ મોક્ષને માટે જીવહિંસારૂપ ભગવાનની પૂજા છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો છે ? કેમ કે ત્યાં પણ અજ્ઞાનને કારણે જ મોક્ષને માટે પંચાગ્નિ તપ કરે છે, તેમ તત્ત્વને નહિ જાણનારાઓ મોક્ષને માટે ભગવાનની ભક્તિ અર્થે આરંભ-સમારંભ કરે છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

જો ભગવાનની પૂજાને પણ આરંભ-સમારંભરૂપે સ્વીકારીએ તો મોક્ષને માટે અનશન કે લોચાદિ કષ્ટો છે, તેને પણ હિંસારૂપે સ્વીકારવાં પડે; કેમ કે અનશન કરવું કે લોચાદિ કરવા એ પોતાને દુઃખ આપવાની ક્રિયારૂપ છે, તેથી અનશન કે લોચાદિને હિંસારૂપે માનવાં પડે.

અહીં પૂર્વપક્ષી કહે કે, અનશન કે લોચાદિમાં શુભ અધ્યવસાય છે, માટે પોતાને તેમાં પીડા હોવા છતાં એ ક્રિયા અનુબંધથી હિંસારૂપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, એ જ રીતે ભગવાનની પૂજામાં પુષ્પાદિને કિલામણા હોવા છતાં ભગવાનની ભક્તિનો શુભ અધ્યવસાય હોવાથી જિનપૂજાદિ પણ અનુબંધથી હિંસારૂપ નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, તો પંચાગ્નિ તપને પણ તેવો સ્વીકારીએ તો શું વાંધો છે ?

આશય એ છે કે, મુક્તિ માટે કરાતા પંચાગ્નિ તપમાં ભગવાનની ભક્તિનો કોઈ શુભાશય નથી, પરંતુ અજ્ઞાનને કારણે પોતાને કષ્ટ આપવાની ક્રિયા દ્વારા મોક્ષનો આશય છે. એ મોક્ષનો આશય શુભ હોવા છતાં બિનપ્રયોજન અન્ય જીવોની હિંસા થાય તેવા પ્રકારની અનુચિત ક્રિયા પંચાગ્નિ તપમાં છે, માટે અવિવેકપૂર્વક હોવાથી મોક્ષના આશયપૂર્વક પણ કરાયેલ પંચાગ્નિ તપ અહિંસાના અનુબંધવાળો નથી; જ્યારે ભગવાનની પૂજા કે લોચાદિ કષ્ટો વિવેકથી સંવલિત=યુક્ત, હોવાને કારણે અનુબંધથી અહિંસારૂપ છે; કેમ કે વીતરાગ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તેવી પૂજાની ક્રિયા છે અને સમભાવની વૃદ્ધિ થાય તેવી લોચાદિની ક્રિયા છે માટે અનુબંધથી અહિંસારૂપ છે જ્યારે પંચાગ્નિ તપમાં તેવો કોઈ વિવેક નથી નાટે હિંસારૂપ છે.

ટીકા :-

एतेन –

'से अप्पबले, से णाइबले, से मित्तबले, से पेच्चबले, से देवबले, से रायबले, से चोरबले, से अतिहिबले से किविणबले, से समणबले, इच्चेतेहिं विरूवरूवेहिं कज्जेहिं दंडसमादाणं संपेहाए भया कज्जति पावमोक्खो त्ति मण्णमाणे अदुवा आसंसाए तं परिण्णाय मेहावी णेय सयं एतेहिं कज्जेहिं दंडं समारंभेज्जा, णेवण्णेहिं एतेहिं कज्जेहिं दंडं समारंभाविज्जा, णेवण्णेहि एतेहिं कज्जेहिं दंडं समारंभंतं समणुजाणिज्जा' **इति लोकविजयद्वितीयोद्देशकवचनमपि व्याख्यातम्, देवबलेन पापमोक्षालम्बनेन वा देवपूजाया दण्डसमादानत्वाभावादन्यथानशनादेरपि तथात्वापत्तेः, इहपरलोकविरुद्धान्येव च दण्डसमादानानीह गृहीतानीति नैतत्सूत्रविगीतत्वं देवतार्चनस्य ।**

ટીકાર્થ :-

एतेन ..... देवतार्चनस्य । આના દ્વારા=પૂર્વમાં આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયન, પ્રથમ ઉદ્દેશાના સૂત્ર-૧૧ના પાઠની વૃત્તિના કથનનું સમાધાન કર્યું, એ વૃત્તિના પાઠથી જિનપૂજાદિનો નિષેધ થતો નથી, પરંતુ મોક્ષ માટે કરાતા કુમાર્ગથી ઉપદિષ્ટ=કહેવાયેલા એવા, પંચાગ્નિ તપનો નિષેધ કરાય છે, એના દ્વારા, 'से अप्पबले ..... समणुजाणिज्जा એ પ્રકારે લોકવિજયના દ્વિતીય ઉદ્દેશાનું વચન પણ વ્યાખ્યાત કરાયું=લોકવિજયના દ્વિતીય ઉદ્દેશાના વચનમાં 'देवबलेन' શબ્દ છે, એના દ્વારા લુંપાક કહે છે કે, ભગવાનની પૂજા પણ દેવબલ દ્વારા ગ્રહણ થશે અને અર્થદંડરૂપે સિદ્ધ થશે, તેનું નિરાકરણ થયું; કેમ કે દેવબલ દ્વારા કે પાપથી મુક્તિના આલંબન દ્વારા દેવપૂજાના દંડસમાદાનપણાનો અભાવ છે. અન્યથા=દેવપૂજાને દંડસમાદાનપણે કહો તો=અર્થદંડરૂપે કહો તો, અનશનાદિને પણ તથાપણાની= અર્થદંડપણાની, આપત્તિ છે, અને અહીંયાં=લોકવિજયના દ્વિતીય ઉદ્દેશામાં, આલોક-પરલોક વિરુદ્ધ કૃત્યને જ દંડસમાદાનરૂપે ગ્રહણ કરેલાં છે. એથી કરીને આ સૂત્રથી દેવતાપૂજનનું=જિનપૂજાનું વિગીતપણું=નિંદિતપણું નથી.

से अप्पबले ..... समणुजाणिज्जा । આત્મબળ, જ્ઞાતિબળ, મિત્રબળ, પ્રેત્યબળ, દેવબળ, રાજબળ, ચોરબળ, અતિથિબળ, કૃપણબળ, શ્રમણબળ ઇત્યાદિ વિરૂપસ્વરૂપવાળાં=જુદા જુદા સ્વરૂપવાળાં, કાર્યો વડે દંડસમાદાનને સંપ્રેક્ષા વડે=પર્યાલોચના વડે ભયથી કરે છે, અથવા દંડસમાદાનને વિચારીને ભયથી કરે છે. (આ પ્રમાણે આ ભવને આશ્રયીને દંડસમાદાનનું કારણપણું કહ્યું.)

હવે પરલોક માટે પણ પરમાર્થને નહિ જાણનારાઓ દંડસમાદાન કરે છે તે દેખાડે છે –

પાપથી મુક્તિનો હેતુ માનતા દંડસમાદાન કરે છે અથવા આશંસાથી દંડસમાદાનને કરે છે.

વિવેકપુરુષ કઈ રીતે દંડસમાદાનનો પરિહાર કરે છે તે બતાવે છે –

તેને='આત્મબલાધાનાદિ' અર્થે દંડસમાદાનને, જાણીને મેધાવી=બુદ્ધિશાળી, સ્વયં આ કાર્યો=આત્મબલાધાનાદિ

કાર્યો, સમુપસ્થિત થવા વડે દંડને=પ્રાણીના ઉપઘાતને, કરે નહિ, અને આ કાર્યો સમુપસ્થિત થવા વડે બીજા પાસે દંડ કરાવે નહિ, અને આ કાર્યો ઉપસ્થિત થવા વડે દંડસમારંભ કરતા એવા બીજાની અનુમોદના કરે નહિ.

ભાવાર્થ :-

આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાના સૂત્ર ૧૧માં જેમ મુક્તિની પ્રાપ્તિ માટે હિંસા કરે છે એ વચનથી જિનપૂજાનું ગ્રહણ થતું નથી, તેમ લોકવિજય નામના દ્વિતીય ઉદ્દેશાના 'से अप्पबले .....' ઇત્યાદિ વચનથી પણ જિનપૂજાનું ગ્રહણ થતું નથી. માટે દેવબલ દ્વારા જિનપૂજાને અર્થદંડરૂપે કહી શકાશે નહિ, એ પ્રમાણે વ્યાખ્યાત થયું, અને તે જ કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

દેવબલ દ્વારા કે પાપથી મુક્તિના આલંબન દ્વારા ભગવાનની પૂજાનો અર્થદંડરૂપે સ્વીકાર થતો નથી, અને જો ભગવાનની પૂજાને અર્થદંડરૂપે સ્વીકારવામાં આવે તો અનશન કે લોચાદિને પણ અર્થદંડરૂપે સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે અનશન કે લોચની ક્રિયા પણ આત્માને પીડા કરવારૂપ છે, તેથી કોઈને પણ પીડા કરવી તે હિંસાનું લક્ષણ છે, માટે સ્વરૂપથી અનશનાદિની પ્રવૃત્તિ પૂજાની જેમ જ સાવદ્ય છે. આમ છતાં પૂર્વપક્ષી જેમ શુભભાવનો હેતુ હોવાથી અનશનાદિને ધર્મ તરીકે સ્વીકારે છે, તેમ શુભભાવનો હેતુ હોવાથી પૂજા પણ ધર્મ છે. અને લોકવિજયના દ્વિતીય ઉદ્દેશામાં પણ આલોક અને પરલોક વિરુદ્ધ કૃત્યોને દંડસમાદાનરૂપે ગ્રહણ કર્યાં છે, માટે એ સૂત્ર ભગવાનની પૂજાની નિંદા કરતું નથી, તેથી એ સૂત્રના બળથી ભગવાનની પૂજાને અર્થદંડરૂપે કહી શકાય નહિ.

લોકવિજય દ્વિતીય ઉદ્દેશાના સૂત્ર-૭૫ અને ૭૬માં કહેલ 'से अप्पबले ..... समणुजाणिज्जा'નો અર્થ આ પ્રમાણે છે -

ટીકા :-

तथा च वृत्तिः –

'से अप्पबले' आत्मनो बलं शक्त्युपचय आत्मबलम्, तन्मे भावीति कृत्वा नानाविधैरुपायैरात्मपुष्टये तास्ताः क्रिया ऐहिकामुष्मिकोपघातकारिणीर्विधत्ते, तथाहि-'मांसेन पुष्यते मांस' इति कृत्वा पञ्चेन्द्रियघातादावपि प्रवर्त्ततेऽपराश्चालुम्पनादिकाः सूत्रेणैवाभिहिताः, एवं ज्ञातिबलं-स्वजनबलं मे भावीति तथा तन्मित्रबलं मे भविष्यति येनाहमापदं सुखेनैव निस्तरिष्यामि, तत्प्रेत्यबलं मे भविष्यतीति बस्त्यादिकमुपहन्ति तथा देवबलं मे भावीति पचनपाचनादिकाः क्रिया विधत्ते, राजबलं मे भविष्यतीति राजानमुपचरति, चौरा भागं दास्यन्तीति चौरानुपचरति अतिथिबलं वा मे भविष्यतीति अतिथिमुपचरति, अतिथिर्हि निःस्पृहोऽभिधीयत इति, उक्तं च-'तिथिः पर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः' इति । एतदुक्तं भवति-तद्बलार्थमपि प्राणिषु दण्डो न निःक्षेप्तव्यः, एवं कृपणश्रमणार्थमपि वाच्यमित्येवं पूर्वोक्तैर्विरूपरूपैर्नानाप्रकारैः पिण्डदानादिभिः कार्यैर्दण्डसमादानमिति । दण्ड्यन्ते=व्यापाद्यन्ते, प्राणिनो येन स दण्डस्तस्य सम्यगादानं ग्रहणं=समादानम् । तदात्मबलादिकं मम नाभविष्यद्यद्यहमेतन्नाकरिष्यमित्येवं संप्रेक्षया=पर्यालोचनया, एवं

संप्रेक्ष्य वा भयात् क्रियते । एवं तावदिहभवमाश्रित्य दण्डसमादानकारणमुपन्यस्तमामुष्मिकार्थमपि परमार्थमजानानैर्दण्डसमादानं क्रियत इति दर्शयति-'पावमोक्खो त्ति' इत्यादि । पातयति पाशयति वेति पापम्, तस्मान्मोक्षः पापमोक्षः 'इति' हेतौ यस्मान्मम स भविष्यतीति मन्यमानो दण्डसमादानाय प्रवर्त्तत इति । तथाहि – हुतभुजि षड्जीवोपघातकारिणि शस्त्रे नानाविधोपायप्राण्युपघातकृतपापविध्वंसाय पिप्पलशमीसमित्तिलाज्यादिकं शठव्युद्ग्राहितमतयो जुह्वति तथा पितृपिण्डादौ बस्तादिमांसोपसंस्कृतभोजनादि द्विजातिभ्य उपकल्पयन्ति तद्भुक्तशेषानुज्ञातं स्वतोऽपि भुञ्जते, तदेवं नानाविधैरुपायैरज्ञानोपहतबुद्धयः पापमोक्षार्थं दण्डोपादानेन तास्ताः क्रियाः प्राण्युपघातकारिणीः समारम्भमाणा अनेकभवशतकोटिषु दुर्मोचमघमेवोपाददते किञ्च, 'अदुवा' इति पापमोक्ष इति मन्यमानो दण्डमादत्त इत्युक्तम् अथवा, आशंसनमाशंसाऽप्राप्तप्रापणाभिलाषस्तदर्थं दण्डसमादानमादत्ते । तथाहि ममैतत्परुत् परारि प्रेत्य वोपस्थास्यतीति आशंसया क्रियासु प्रवर्त्तते, राजानं वाऽर्थाशाविमोहितमना अवलगतीत्यादि ।

ટીકાર્થ :-

तथा च वृत्तिः – તે પ્રમાણે=લોકવિજયના દ્વિતીય ઉદ્દેશાના વચનને કહેનારું સૂત્ર જિનપૂજાની નિંદા કરતું નથી એમ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે, લોકવિજયના દ્વિતીય ઉદ્દેશાના સૂત્ર-૭૫/૭૬ની વૃત્તિ છે, તેનો અર્થ આ પ્રમાણે –

મૂળમાં से अप्पबले કહ્યું, તેનો અર્થ કરે છે – से ..... अभिहिताः । से=સંસારી પ્રાણી, આત્માનું બળ=શક્તિનો ઉપચય-સંચય, તે મને થાય એથી કરીને નાના પ્રકારના ઉપાયો વડે આત્માની=શરીરની, પુષ્ટિ માટે આલોક અને પરલોકને ઉપઘાત કરનારી તે તે ક્રિયાઓ કરે છે, તે આ પ્રમાણે – માંસ વડે=માંસ ખાવાથી માંસ પોષાય છે અર્થાત્ શરીરમાં માંસ વધે છે, એ પ્રમાણે વિચારીને પંચેન્દ્રિય જીવના ઘાતાદિમાં=વધાદિમાં, પણ પ્રવર્તે છે. બીજી આલુંપનાદિકા ક્રિયા સૂત્રથી જ કહેવાયેલી છે.

एवं ज्ञातिबलं ..... भावीति । એ પ્રમાણે જ્ઞાતિબળ=સ્વજનોનું બળ મને થાય, એથી કરીને આલોક અને પરલોકને ઉપઘાત કરનારી તે તે ક્રિયાઓ કરે છે.

तथा तन्मित्रबलं ..... निस्तरिष्यामि । અને તે મિત્રનું બળ=જે મિત્ર માટે હું આરંભાદિ ક્રિયાઓ કરું છું તે મિત્રનું બળ મને થાય, કે જેથી હું આપત્તિને સુખેથી જ પાર પામી શકું.

तत्प्रेत्यबलं ..... मुपहन्ति તે પ્રેત્યબળ મને થશે=પરલોકમાં મને બળ થશે, એથી કરીને બસ્તિ આદિનો=બકરા આદિનો, ઉપઘાત=વધ, કરે છે=પ્રેત આગળ બકરાનો બલિ આપે છે.

तथा देवबलं ..... विधत्ते । અને દેવબળ=દેવની સહાય મને થાય, એથી કરીને (દેવ માટે) પચન=રાંધવું, પાચન=રંધાવવું આદિ ક્રિયા કરે છે.

राजबलं ..... उपचरति । રાજબળ=રાજાની સહાય મને થાય, એથી કરીને રાજાની સેવા કરે છે.

चौरा ..... उपचरति । ચોરો ભાગ આપશે, એથી કરીને ચોરોને સહાય કરે છે.

अतिथिबलं ..... उपचरति । અને અતિથિનું બળ મને થશે, એથી કરીને અતિથિની સેવા કરે છે.

'અતિથિ'નો અર્થ બતાવે છે –

अतिथिः ..... इति । નિઃસ્પૃહ હોય તે અતિથિ કહેવાય છે. અતિથિના લક્ષણમાં 'उक्तं च'થી સાક્ષી આપે છે –

'उक्तं च' - અને કહ્યું છે. तिथिः ..... विदुः इति । જે મહાત્મા વડે તિથિ-પર્વ-ઉત્સવ સર્વે ત્યાગ કરાયેલાં છે, તેને અતિથિ જાણવો. બીજાને અભ્યાગત=મહેમાન-પરોણા, સમજવા.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❖ નિઃસ્પૃહી મુનિને માટે આરંભ-સમારંભાદિ કરવાથી પોતાને કાંઈ મળે નહિ, આમ છતાં તેમની સેવા વગેરે કરવાથી મારી આપત્તિઓ દૂર થશે, એ પ્રકારના ભૌતિક આશયથી અતિથિબળ માટે આરંભ-સમારંભ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે નિઃસ્પૃહી મુનિઓની ભક્તિ માટે કોઈ આરંભ-સમારંભ કરે તો તેમાં શું વાંધો છે ? તેથી કહે છે –

एतदुक्तं भवति ..... निःक्षेप्तव्यः । અતિથિબલ માટે દંડસમાદાન કરે છે, એ કથનથી આ કહેવાયેલ છે – તેના=અતિથિના, બળ માટે પણ પ્રાણીઓનો વધ કરવો જોઈએ નહિ.

एवं ..... वाच्यम्, આ પ્રમાણે કૃપણ અને શ્રમણ માટે પણ=કૃપણ અને શ્રમણનું બળ મને થાય તે માટે પણ, દંડસમાદાનને કરે છે, એ પ્રમાણે કહેવું.

इति=एवं ..... दण्डसमादानमिति । આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પૂર્વોક્ત વિરૂપ સ્વરૂપવાળાં=જુદા જુદા પ્રકારવાળાં, પિંડદાનાદિ કાર્યો વડે દંડસમાદાન છે.

મૂળ લોકવિજયના દ્વિતીય ઉદ્દેશાના પાઠમાં કહેલ દંડસમાદાનનો અર્થ બતાવે છે –

दण्ड्यन्ते ..... समादानम् । જેના વડે=જે કૃત્ય વડે, પ્રાણીઓ મરાય તે દંડ, તેનું=દંડનું સમ્યગ્ આદાન=ગ્રહણ કરવું, તે દંડસમાદાન કહેવાય.

तदात्मबलादिकं ..... क्रियते । જો હું આ=તેઓના નિમિત્તે આરંભાદિ કૃત્ય, ન કરું તો તે=પૂર્વમાં બતાવેલ આત્મબલાદિ, મને થશે નહિ, એ પ્રકારના પર્યાલોચનથી અથવા તો એ પ્રકારનું સંપ્રેક્ષણ કરીને ભયથી દંડસમાદાનને કરે છે=જો હું આ આરંભાદિ કૃત્ય તેઓના નિમિત્તે ન કરું, તો મને આ બધાનું બળ મળશે નહિ, એ પ્રકારના ભયથી દંડસમાદાનને કરે છે.

एवं ..... इत्यादि । એ પ્રકારે આ ભવને આશ્રયીને દંડસમાદાનનું કારણ કહ્યું. (હવે) પરલોક માટે પણ પરમાર્થને નહિ જાણનારાઓ દંડસમાદાન કરે છે, એ પ્રમાણે બતાવે છે - पावमोक्खो त्ति ઇત્યાદિ મૂળનું પ્રતીક છે.

પાપમોક્ષનો અર્થ કહે છે –

पातयति ..... प्रवर्त्तत इति । જે દુર્ગતિમાં પાડે તે પાપ અથવા (સંસારના) પાશમાં બાંધે તે પાપ. તેનાથી= પાપથી મોક્ષ=મુક્તિ=છૂટકારો, તે પાપમોક્ષ. સૂત્રમાં 'इति' શબ્દ હેતુ અર્થક છે અને સૂત્રમાં पावमोक्खो त्ति मण्णमाणे છે ત્યાં मण्णमाणे નો અર્થ કરે છે – જેનાથી=જે સમાદાનરૂપ ક્રિયાથી, મારો તે=પાપમોક્ષ, થશે, આ પ્રમાણે માનતો દંડસમાદાનમાં પ્રવર્તે છે. 'इति' શબ્દ સૂત્રમાં કહેલ पावमोक्खो त्ति मण्णमाणे એ કથનની સમાપ્તિસૂચક છે.

પાપમોક્ષ માટે દંડસમાદાનમાં પ્રવર્તે છે, તે સ્થાનો 'तथाहि'થી બતાવે છે –

તથાહિ – તે આ પ્રમાણે - હુતભુજિ ..... ઉપાददते । શઠથી વ્યુદ્ગ્રાહિત મતિવાળા જીવો નાના પ્રકારના ઉપાય વડે પ્રાણીના ઉપઘાતથી=નાશથી, કરાયેલ પાપના વિધ્વંસ માટે ષડ્જીવનિકાયનો ઉપઘાત કરનારા અગ્નિરૂપી શસ્ત્રમાં પીપળા, શમી વૃક્ષોની ડાળી, તલ અને ઘી વગેરેને હોમે છે તથા પિતૃપિંડાદિમાં=પિતાને પિંડદાનાદિ આપવામાં, બકરા આદિના માંસથી સંસ્કારિત કરેલા ભોજનાદિ બ્રાહ્મણને આપે છે, અને બ્રાહ્મણે ખાધા પછી શેષ=બચેલું, તેમના વડે અનુજ્ઞા અપાયેલ પોતે પણ ખાય છે. તે આ પ્રકારે અજ્ઞાનથી ઉપહત=હણાયેલી, બુદ્ધિવાળા, જુદા જુદા પ્રકારના ઉપાયો વડે પાપમોક્ષ માટે=પાપથી છૂટવા માટે, દંડના ગ્રહણ વડે=વધ કરવા વડે, પ્રાણીઓને ઉપઘાત કરનારી તે તે ક્રિયાઓને કરતા અનેક સેંકડો ક્રોડ ભવોમાં દુઃખેથી છૂટી શકે તેવા પાપને જ બાંધે છે.

'किञ्च' વળી 'अदुवा' એ પ્રકારે મૂળમાં કહ્યું. તેનાથી બીજી રીતે દંડસમાદાન કરે છે, તે બતાવે છે –

किञ्च ..... आदत्ते । પાપથી મોક્ષ=પાપથી છૂટકારો થાય, એ પ્રકારે માનતો દંડ કરે છે, એ પ્રમાણે ઉપરમાં બતાવ્યું. હવે 'અથવા'થી આશંસા માટે દંડસમાદાન કરે છે, તે બતાવે છે - અથવા આશંસન તે આશંસા, અપ્રાપ્તને પ્રાપ્ત કરવાનો અભિલાષ તે આશંસા, તેના માટે=આશંસા માટે, દંડસમાદાનને કરે છે.

તથાહિ ..... अवलगतीत्यादि । તે આ પ્રમાણે – મને આ=અપ્રાપ્તની પ્રાપ્તિ, કાલે, પરમ દિવસે કે પરલોકમાં પ્રાપ્ત થશે. એ પ્રકારે આશંસા વડે ક્રિયામાં પ્રવર્તે છે અથવા ધનની આશાથી વિમોહિત મનવાળા=લોલુપ જીવો, રાજાની સેવા કરે છે, ઇત્યાદિ.

ટીકા :-

नह्येतदुक्तं किमपि देवार्चन इति वृथा तदाश्वासः कुमतीनाम् ।।६२।।

ટીકાર્થ :-

न ह्येतद् ..... कुमतीनाम् ।। આમાં કહેવાયેલ=લોકવિજયના દ્વિતીય ઉદ્દેશકના સૂત્રની ટીકામાં કહેવાયેલ, કાંઈ પણ જિનપૂજાવિષયક નથી; એથી કરીને કુમતિઓનો=લુંપાકોનો, તે વિશ્વાસ=આ સૂત્રના બળથી જિનપૂજાને અર્થદંડરૂપે સિદ્ધ કરવાનો વિશ્વાસ, વૃથા=નિષ્ફળ છે. ।।૬૨।।

અવતરણિકા :-

सूत्रान्तरवचनान्याह –

અવતરણિકાર્થ :-

સૂત્રાન્તરનાં વચનો કહે છે –

શ્લોક-૬૨માં પૂજાના વિષયમાં હિંસાના સંભવનું જે પૂર્વપક્ષીનું કથન હતું, તેનું નિવારણ આચારાંગના સૂત્ર દ્વારા કર્યું. હવે ચૈત્યની પર્યુપાસનાના અર્થને સિદ્ધ કરનારાં સૂત્રાન્તરનાં=અન્ય સૂત્રનાં, વચનો કહે છે –

અથવા

પૂર્વમાં શ્લોક-૫માં ચારણાદિએ ચૈત્યને નતિ=નમસ્કાર કરેલ, તે સંબંધી સૂત્રનાં વચનો બતાવેલ. હવે ચૈત્યની નતિને સિદ્ધ કરનારાં સૂત્રાન્તરનાં=અન્ય આગમનાં, વચનો કહે છે –

શ્લોક :-

आनन्दस्य हि सप्तमाङ्गवचसा हित्वा परिव्राड्वर-
श्राद्धस्य प्रथितौपपातिकगिरा चैत्यान्तरोपासनम् ।
अर्हच्चैत्यनतिं विशिष्य विहितां श्रुत्वा न यो दुर्मतिम्,
स्वान्तान्मुञ्चति नाश्रितप्रियतया कर्माणि मुञ्चन्ति तम् ।।६३।।

શ્લોકાર્થ :-

આનંદ શ્રાવક સંબંધી સપ્તમાંગના વચન વડે=ઉપાસકદશાંગના વચન વડે, (અને) અંબડ શ્રમણોપાસક સંબંધી પ્રસિદ્ધ એવા ઔપપાતિક ઉપાંગની વાણી વડે, ચૈત્યાંતરની ઉપાસનાને છોડીને (રહેલા આનંદ અને અંબડ શ્રમણોપાસકની) નિશ્ચિત વિશેષ કરીને વિહિત=નામગ્રહણપૂર્વક કર્તવ્યરૂપે કહેવાયેલ, અર્હત્ ચૈત્યની નતિને સાંભળીને જે=લુંપાક, સ્વ અંતઃકરણથી દુર્મતિને મૂકતો નથી, તેને=લુંપાકને, આશ્રિતપ્રિયપણું હોવાને કારણે=આશ્રિત એવાં કર્મોનું પ્રિયપણું હોવાને કારણે, કર્મો મૂકતાં નથી. ।।૬૩।।

ટીકા :-

'आनन्दस्य हि' इति :- हि=निश्चितम्, आनन्दस्य=आनन्दश्रमणोपासकस्य, सप्तमाङ्ग-*वचसा=उपासकदशाङ्गवचनेन, तथा परिव्राट्सु वरः=प्रधानो यः श्राद्धः=अंबडश्रमणोपासकः,* तस्य, प्रथिता=प्रसिद्धा, औपपातिकगीः=औपपातिकोपाङ्गवाक्, तया, चैत्यान्तरोपासनाम्= अन्यतीर्थिकचैत्यतत्परिगृहीतार्हच्चैत्योपासनां, हित्वा=त्यक्त्वा स्थितस्येति शेषः । 'मत्प्रसूतिमना-राध्ये'त्यत्र (रघुवंशे श्लोक-७७) इवान्यथा भिन्नकर्तृकक्त्वाप्रत्ययानुपपत्तेः ।

अथवाऽन्तर्भूतण्यर्थत्वाद् हित्वेत्यस्य हापयित्वेत्यर्थः । एवं ह्यभिमतानभिमतविधानहाप-नयोरेककर्तृकत्वेन क्त्वाप्रत्ययोपपत्तेः, अर्हच्चैत्यानां=अर्हत्प्रतिमानां, नतिं विशिष्य-नामग्राहविहितां कर्त्तव्यत्वेनोक्तां, श्रुत्वा यो दुर्मतिं='प्रतिमा नाराध्ये'ति दुष्टमतिं, न त्यजति तमाश्रितस्य प्रियतया= अत्यन्ताभीष्टतयेवेत्यस्य गम्यमानत्वाद् गम्योत्प्रेक्षेयम् । आश्रिताः प्रिया यस्य तत्तयेति व्याख्याने गुणप्रिय इत्यादाविव विशेषणपरनिपातः, कर्माणि=ज्ञानावरणीयादीनि, न मुञ्चन्ति ।

ટીકાર્થ :-

हि=निश्चितं ..... न मुञ्चन्ति । સપ્તમાંગના વચન વડે=ઉપાસકદશાંગના વચન વડે, આનંદની= આનંદ શ્રમણોપાસકની તથા ઔપપાતિક ઉપાંગની વાણી વડે પરિવ્રાટમાં=પરિવ્રાજકમાં પ્રધાન જે શ્રાવક=અંબડ શ્રમણોપાસક તેની=ચૈત્યાંતરની ઉપાસનાને=અન્યતીર્થિકનાં ચૈત્ય અને તેનાથી પરિગૃહીત અર્હત્ ચૈત્યની ઉપાસનાને છોડીને રહેલા (આનંદ અને અંબડશ્રમણોપાસકની), નિશ્ચિત વિશેષ કરીને=નામગ્રહણપૂર્વક, (ભગવાન વડે) વિહિત=કર્તવ્યપણાથી કહેલી, અર્હત્ ચૈત્યની નતિને=નમનને સાંભળીને જે (લુંપાક) દુર્મતિને="પ્રતિમા આરાધ્ય નથી" એ પ્રકારે દુષ્ટમતિને, છોડતો નથી, તેને આશ્રિતનું પ્રિયપણું હોવાને કારણે, કર્મો=જ્ઞાનાવરણીયાદિ કર્મો, છોડતાં નથી, એ પ્રમાણે અન્વય છે.

हित्वा ..... अनुपपत्तेः । જેમ રઘુવંશમાં 'मत्प्रसूतिमनाराध्य' એ કથનમાં 'स्थितस्य' અધ્યાહાર છે, તેમ મૂળ શ્લોકમાં 'हित्वा' પછી 'स्थितस्य' એ પદ અધ્યાહાર છે; કેમ કે અન્યથા='हित्वा' પછી 'स्थितस्य' અધ્યાહાર તરીકે માનવામાં ન આવે તો ભિન્નકર્તૃક 'क्त्वा' પ્રત્યયની અનુપપત્તિ છે.

'हित्वा'માં क्त्वा પ્રત્યય સંબંધક ભૂતકૃદંતનો છે. તેથી એ પ્રાપ્ત થાય કે, એક ક્રિયા કરીને પછી બીજી ક્રિયા તે કરે છે=એક ક્રિયાનો બીજી ક્રિયા સાથે સંબંધ છે, જેમ 'तत्र गत्वा स आगतः' 'ત્યાં જઈને આવ્યો.' તે રીતે પ્રસ્તુતમાં 'हित्वा' પ્રયોગ સાથે 'विहिता' નો સંબંધ છે. અર્હત્ ચૈત્યની નતિ=નમસ્કાર, ભગવાન વડે કર્તવ્યપણાથી વિહિત છે, તેથી વિહિત ક્રિયાના=વિધાન કરાયેલ ક્રિયાના, કર્તા ભગવાન છે, અને 'हित्वा' ક્રિયાના કર્તા આનંદ શ્રમણોપાસક અને અંબડ શ્રમણોપાસક છે. તેથી ભિન્નકર્તૃક 'क्त्वा' પ્રત્યયની પ્રાપ્તિ છે, અને તે સંગત તો જ બને કે, ત્યાં 'स्थितस्य' એ અધ્યાહાર તરીકે રાખવામાં આવે. તે આ રીતે –

ઉપાસકદશાંગના વચન વડે કરીને અન્યતીર્થિક ચૈત્ય અને અન્યતીર્થિકથી પરિગૃહીત=ગ્રહણ કરાયેલ, ચૈત્યની ઉપાસનાને છોડીને રહેલા એવા આનંદ શ્રમણોપાસકને તથા ઔપપાતિક ઉપાંગના વચન વડે કરીને, અન્યતીર્થિક ચૈત્ય અને અન્યતીર્થિકથી પરિગૃહીત ચૈત્યની ઉપાસનાને છોડીને રહેલા એવા અંબડ શ્રમણોપાસકને ભગવાન વડે અર્હત્ પ્રતિમાની નતિ=નમસ્કાર, કર્તવ્યપણા વડે કહેવાયેલી છે.

अथवा ..... उपपत्तेः । અથવા 'स्थितस्य' અધ્યાહાર તરીકે ન રાખવું હોય તો વ્યાકરણના નિયમ પ્રમાણે અંતર્ભૂત 'ण्यर्थ'પણું=પ્રેરકપણું હોવાથી, 'हित्वा'નો અર્થ 'हापयित्वा' કરવો. અને એ પ્રમાણે= 'हित्वा'નો 'हापयित्वा' અર્થ કર્યો એ પ્રમાણે, અભિમત એવા અર્હત્ પ્રતિમાની નતિનું=નમસ્કારનું, વિધાન, અને અનભિમત એવા અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્ય અને અન્યતીર્થિક પરિગૃહીત અર્હત્ ચૈત્યની ઉપાસનાનું હાપન=ત્યાગ, (તે) ભગવાન કર્તૃક થવાથી 'क्त्वा' પ્રત્યયની ઉપપત્તિ થશે.

આનંદ શ્રમણોપાસકને અને અંબડ શ્રમણોપાસકને અન્યતીર્થિક ચૈત્ય અને તેમનાથી પરિગૃહીત=ગ્રહણ કરાયેલ, અર્હત્ ચૈત્યની ઉપાસનાનો ત્યાગ કરાવીને, અર્હત્ ચૈત્યની નતિને કર્તવ્યપણાથી ભગવાન વડે કહેવાઈ છે. તેથી 'हित्वा' અને 'विहिता' એ બંને પ્રયોગ ભગવાનકર્તૃક થવાથી 'स्थितस्य' એ પદ અધ્યાહાર રાખવાની જરૂર રહેતી નથી.

अर्हत्चैत्यानां ..... गम्योत्प्रेक्षेयं । (ભગવાન વડે)અર્હત્ ચૈત્યની=અર્હત્ પ્રતિમાની, નતિને, વિશેષ કરીને=નામગ્રહણપૂર્વક, વિહિત=કર્તવ્યપણા વડે કહેવાયેલ, સાંભળીને, દુર્મતિને="પ્રતિમા આરાધ્ય નથી" એ પ્રકારે દુષ્ટમતિને, જે છોડતો નથી, તેને આશ્રિતનું પ્રિયપણું હોવાને કારણે=અત્યંત અભીષ્ટપણું હોવાને કારણે=જાણે કે લુંપાકને આશ્રિત એવાં કર્મોનું અત્યંત અભીષ્ટપણું હોવાને કારણે જ કર્મો તેને મૂકતાં નથી, એમ અન્વય છે. અહીં 'इव' શબ્દનું ગમ્યમાનપણું હોવાને કારણે આ ગમ્ય ઉત્પ્રેક્ષા અલંકાર છે.

લુંપાકને આશ્રિત એવા કર્મોનું અભીષ્ટપણું હોવાથી જાણે તેને કર્મો છોડતાં નથી, એ પ્રકારે ગમ્ય ઉત્પ્રેક્ષા અલંકાર પ્રસ્તુત શ્લોકમાં છે; કેમ કે પ્રસ્તુત કથન ઉત્પ્રેક્ષા અલંકાર છે, અને 'इव' એ ગમ્ય હોવાને કારણે=અધ્યાહારરૂપ હોવાને કારણે, અહીં ગમ્ય ઉત્પ્રેક્ષા અલંકાર છે અને ઉત્પ્રેક્ષા અલંકાર એટલા માટે છે કે, વાસ્તવિક રીતે લુંપાકને પણ કર્મો પ્રિય નથી, પરંતુ તે પોતાની દુષ્ટમતિને છોડતો નથી, એ જ જાણે બતાવે છે કે, આશ્રિત એવાં કર્મો તેને અત્યંત પ્રિય છે, એ પ્રકારની ઉત્પ્રેક્ષા ગ્રંથકારશ્રીએ કરેલ છે. અહીં 'કર્મો' અત્યંત અભીષ્ટ છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, જીવને આશ્રિત એવાં કર્મો અત્યંત અભીષ્ટ છે, અને અભીષ્ટતા કર્મોમાં છે અને તે અભીષ્ટનો કર્તા લુંપાક છે. તેથી તે કર્મબંધના કારણીભૂત એવી દુષ્ટમતિને છોડતો નથી.

હવે 'आश्रितप्रियतया'નો સમાસ બીજી રીતે ખોલીને અર્થ કરતાં બતાવે છે –

'आश्रिताः ..... न मुञ्चन्ति । આશ્રિત એવાં કર્મો પ્રિય છે જેને, તે 'आश्रितप्रिय', અને तत्ता=તેનો ભાવ તે आश्रितप्रियता, અને તૃતીયા અર્થ બતાવવા માટે 'तत्तया' એ પ્રમાણે વ્યાખ્યાન કરવામાં 'गुणप्रियः' ઈત્યાદિ પ્રયોગની જેમ વિશેષણનો પરમાં નિપાત છે.

સામાન્ય રીતે વિશેષણનો વિશેષ્યની પૂર્વમાં પ્રયોગ થાય છે, જેમ નીલઘટ બોલાય પણ ઘટનીલ ન બોલાય; કેમ કે 'ઘટ' વિશેષ્ય છે અને 'નીલ' વિશેષણ છે, તેથી વિશેષણનો પૂર્વમાં પ્રયોગ થાય. પરંતુ ગુણ છે પ્રિય જેને તે 'ગુણપ્રિય', આ પ્રયોગમાં 'પ્રિય' શબ્દ ગુણનું વિશેષણ છે; કેમ કે 'પ્રિય છે ગુણો જેને' એવો અર્થ છે. તેથી 'પ્રિય' એ ગુણનું વિશેષણ હોવા છતાં વિશેષણનો પરમાં=પાછળમાં નિપાત છે. તેમ પ્રસ્તુતમાં 'પ્રિય છે આશ્રિત એવાં કર્મો જેને' તે પ્રિયઆશ્રિત કહેવાય. તેથી આશ્રિત એવાં કર્મોનું 'પ્રિય' એ વિશેષણ છે. છતાં 'પ્રિયાશ્રિત' એ પ્રમાણે પૂર્વમાં વિશેષણનો પ્રયોગ ન કરતાં 'ગુણપ્રિય' પ્રયોગની જેમ 'આશ્રિતપ્રિય' એ પ્રમાણે પરમાં નિપાત કરેલ છે.

ટીકા :-

तत्र सप्तमाङ्गालापको यथा –

'तेणं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइअं सत्तसिक्खाव्वइयं दुवालसविहं सावयधम्मं पडिवज्जइ २ समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वदासि-णो खलु मे भंते ! कप्पइ अज्जपभिइ अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहिआइं (वा) अरिहंतचेइयाइं

वा वंदित्तए वा णमंसित्तए वा पुव्विं अणालत्तेणं आलवित्तए वा, संलवित्तए वा तेसिं असणं वा ४ दाउं वा अणुप्पयाउं वा णणत्थ रायाभिओगेणं, गणाभिओगेणं, बलाभिओगेणं, देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तीकंतारेणं, कप्पइ मे समणे निग्गंथे फासुएणं एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वत्थपडिग्गहकंबल-पायपुंछणेणं पीठफलगसिज्जासंथारएणं ओसहभेसज्जेण य पडिलाभेमाणस्स विहरित्तए त्तिकट्टु इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ २ पसिणाइं पुच्छइ २ अट्ठाइं आदियइं'त्ति । **एतद्वृत्तिर्यथा-**'णो खलु' इत्यादि-नो खलु मम भदंत=भगवन् ! कल्प्यते=युज्यते, अद्यप्रभृति=इतः सम्यक्त्वप्रतिपत्तिदिनादारभ्य, निरतिचारसम्यक्त्व-परिपालनार्थं तद्यतनामाश्रित्य ।

'अन्नउत्थिए'त्ति-जैनयूथाद्यन्यद्यूथं सङ्घान्तरं तीर्थान्तरमित्यर्थः, तदस्ति येषां तेऽन्ययूथिकाश्चर-कादिकुतीर्थिकास्तान्, अन्ययूथिकदैवतानि वा हरिहरादीनि, अन्ययूथिकपरिगृहीतानि वा चैत्यान्यर्हत्प्रतिमा-लक्षणानि, यथा भौतपरिगृहीतानि वीरभद्रमहाकालादीनि, वन्दितुं वा-अभिवादनं कर्त्तुम्, नमस्यितुं वा-प्रणामपूर्वकं प्रशस्तध्वनिभिर्गुणोत्कीर्त्तनं कर्त्तुं, तद्भक्तानां मिथ्यात्वस्थिरीकरणादिदोषप्रसङ्गादित्याशयः तथा पूर्वं=प्रथममनालप्तेन सताऽन्यतीर्थिकैस्तानेवालापितुं वा=सकृत्संभाषितुम्, संलपितुं वा=पुनः पुनः संलापं कर्त्तुम्, यतस्ते तप्ततरायोगोलककल्पाः खल्वासनादिक्रियायां नियुक्ता भवन्ति, तत्प्रत्ययश्च कर्मबन्धः स्यात् तथालापादेः सकाशात् परिचयेन तस्यैव तत्परिजनस्य वा मिथ्यात्वप्राप्तिरिति । प्रथमालप्तेन त्वसंभ्रमं लोकापवादभयात् 'कीदृशस्त्वमि'त्यादि वाच्यम्, तथा तेभ्यः=अन्ययूथिकेभ्योऽशनादि दातुं वा सकृत्, अनुप्रदातुं वा पुनः पुनरित्यर्थः अयं च निषेधो धर्मबुद्ध्यैव, करुणया तु दद्यादपि । किं सर्वथा न कल्पते ? इत्याह-'नन्नत्थ रायाभिओगेणं' इत्यादि-न इति-न कल्पत इति योऽयं निषेधः सोऽन्यत्र राजाभियोगात् तृतीयायाः पञ्चम्यर्थत्वात् राजाभियोगं वर्जयित्वेत्यर्थः । राजाभियोगस्तु राजपरतन्त्रता, गणः=समुदायस्तद-भियोगोपारवश्यता गणाभियोगस्तस्मात्, बलाभियोगो नाम राजगणव्यतिरिक्तस्य बलवतः पारतन्त्र्यम्, देवताभियोगो=देवपरतन्त्रता, गुरुनिग्रहो=मातापितृपारवश्यम्, गुरुणां वा चैत्यसाधूनां निग्रहः प्रत्यनीककृतोपद्रवो गुरुनिग्रहस्तत्रोपस्थिते, तद्रक्षार्थमन्ययूथिकादिभ्यो दददपि नातिक्रामति सम्यक्त्वमिति । 'वित्तीकंतारेणं' वृत्तिः=आजीविका, तस्याः कान्तारमरण्यं तदिव कान्तारं क्षेत्रं कालो वा वृत्तिकान्तारं निर्वाहाभाव इत्यर्थः, तस्मादन्यत्र निषेधो दानप्रणामादेरिति प्रकृतमिति । 'पडिग्गहं'ति पात्रं 'पीढं'ति-पट्टादिकम्, 'फलगं'ति-अवष्टम्भादिफलकं 'भेसज्जं'ति-पथ्यम्, 'अट्ठाइं' उत्तरभूतानर्थानाददातीति ।'

❖ સપ્તમાંગ આલાપકમાં 'अण्णउत्थियपरिग्गहिआइं' પછી 'वा' છે તે વધારાનો લાગે છે.

टीकार्थ :-

तत्र सप्तमाङ्गालापको यथा – ત્યાં=આનંદ ગાથાપતિના વિષયમાં, સપ્તમાંગનો આલાપક=ઉપાસક દશાંગનો આલાપક, આ પ્રમાણે છે –

तेणं से ..... आदियइ त्ति ।। તે વખતે આનંદ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ સ્વીકારે છે, અને સ્વીકારીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદન કરે છે, નમસ્કાર કરે. છે અને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે – "હે ભગવંત ! આજથી માંડીને મને અન્યતીર્થિકોને કે અન્યતીર્થિકોના દેવોને કે અન્યતીર્થિકોથી પરિગૃહીત=ગ્રહણ કરાયેલ, અરિહંત-ચૈત્યોને વંદન કરવા માટે કે નમસ્કાર કરવા માટે, પહેલા નહિ બોલાવાયેલા એવા તેઓ સાથે આલાપ=એક વાર બોલાવવા, કે સંલાપ= વારંવાર બોલાવવા, કે તેઓને અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એક વાર આપવા માટે કે વારંવાર આપવા માટે મને કલ્પતા નથી, સિવાય આ છ આગારને છોડીને. તે છ આગાર આ પ્રમાણે – (૧) રાજાભિયોગ વડે, (૨) ગણાભિયોગ વડે, (૩) બલાભિયોગ વડે, (૪) દેવતાઅભિયોગ વડે, (૫) ગુરુનિગ્રહ વડે, (૬) વૃત્તિકાંતાર વડે. મને પ્રાસુક-એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે; વસ્ત્ર-પાત્ર, કામળી, રજોહરણ વડે; પીઠ, ફલક, શય્યા, સંસ્તારક વડે, ઔષધ, ભૈષજ વડે; શ્રમણનિર્ગ્રંથોને પ્રતિલાભતા એવા મને વિહરવું કલ્પે છે." એથી કરીને આ આવા પ્રકારના અભિગ્રહને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરીને પ્રશ્નોને પૂછે છે અને પ્રશ્નોને પૂછીને ઉત્તરભૂત એવા અર્થોને=ભગવાન વડે ઉત્તરરૂપે કહેવાયેલ અર્થોને, ગ્રહણ કરે છે.

❖ 'इति' શબ્દ સપ્તમાંગના આલાપકની સમાપ્તિસૂચક છે.

'एतद्वृत्तिर्यथा' - આની=સપ્તમાંગ આલાપકની વૃત્તિ=ટીકા, જે આ પ્રમાણે –

'णो खलु' इत्यादि - ..... आश्रित्य । "હે ભદંત-ભગવંત ! આજથી માંડીને=આ સમ્યક્ત્વની પ્રાપ્તિના દિનથી માંડીને, નિરતિચાર સમ્યક્ત્વના પરિપાલન માટે, તેની યતનાને આશ્રયીને=સમ્યક્ત્વની જયણાને આશ્રયીને, આ બધું મને કલ્પે નહિ.

'अन्नउत्थिए' त्ति ..... इत्याशयः । - જૈનયૂથથી જે અન્યયૂથ એટલે સંઘાન્તર એટલે તીર્થાંતર=જૈનસંઘથી અન્ય તીર્થ, એ પ્રમાણે અર્થ જાણવો. અને અન્યયૂથ=અન્ય સંઘ=અન્ય તીર્થ જેઓનું છે તે અન્યયૂથિક કહેવાય છે, અને તે ચરકાદિ કુતીર્થિકો છે, તેઓને; અથવા અન્યયૂથિક હરિહરાદિ દેવોને, અથવા અન્યયૂથિક વડે પરિગૃહીત ચૈત્યોને=અન્યયૂથિક વડે પરિગૃહીત અર્હત્ પ્રતિમાઓને, જેમ કે – ભૌત વડે પરિગૃહીત વીરભદ્ર, મહાકાલાદિ તેઓને, વંદન કરવા માટે=અભિવાદન કરવા માટે, કે નમસ્કાર કરવા માટે=પ્રણામપૂર્વક, પ્રશસ્ત ધ્વનિ વડે ગુણોત્કીર્તન કરવા માટે, મને કલ્પતું નથી, એમ અન્વય છે. કેમ કે તેમના ભક્તોના=અન્યતીર્થિકોના ભક્તોના, મિથ્યાત્વસ્થિરીકરણાદિ દોષનો પ્રસંગ છે, એ પ્રમાણે આશય છે.

ઉપાસકદશાંગના પાઠની ટીકામાં કહ્યું કે, ભૌતપરિગૃહીત વીરભદ્ર-મહાકાલ આદિની ઉપાસના કરવાથી તેના ભક્તોના સ્થિરીકરણાદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેનો આશય એ છે કે, ભૌતો વડે પરિગૃહીત અર્હત્ પ્રતિમાને તેઓ વીરભદ્ર કે મહાકાલરૂપે પૂજતા હોય, અને જૈનો આ ભગવાનની પ્રતિમા છે એમ માનીને ભૌતો વડે ગ્રહણ કરાયેલ તે અર્હત્ પ્રતિમાની પૂજા કરે, તો તે જોઈને વીરભદ્ર કે મહાકાલના ભક્તો એમ માને કે જૈનોને પણ આ ઉપાસનીય છે, તેથી ખરેખર આ વીરભદ્ર-મહાકાલ સર્વને ઉપાસનીય છે. એથી તેઓની વિપર્યાસ બુદ્ધિ સ્થિર પરિણામવાળી થાય, માટે મિથ્યાત્વના સ્થિરીકરણાદિ દોષનો પ્રસંગ છે, તેમ કહેલ છે.

तथा पूर्वं ..... मिथ्यात्वप्राप्तिरिति तथा પૂર્વે નહિ બોલાવેલ એવા અન્યતીર્થિકો સાથે આલાપ કરવા માટે=એક

વાર સંભાષણ કરવા માટે, કે સંલાપ કરવા માટે=વારંવાર સંભાષણ કરવા માટે, (મને કલ્પતું નથી;) જે કારણથી આસનાદિ ક્રિયામાં નિયુક્ત એવા તેઓ તપ્તતર અયોગોલક સમાન હોય છે, અને તત્પ્રત્યય=તેમના સંબંધી, કર્મબંધ થાય છે. અર્થાત્ તેઓને યતનાનો ભાવ ન હોવાથી પ્રત્યેક ક્રિયામાં ઘણા જીવોની વિરાધના કરે છે, તેથી તપ્તતર અયોગોલક સમાન કહ્યા છે અને તે સંબંધી કર્મબંધ પોતાને લાગે છે. તેઓની સાથે આલાપાદિથી પરિચય થવાને કારણે તેને જ=આલાપાદિ કરનારને જ, અથવા તેના પરિવારને=આલાપાદિ કરનારના પરિવારને, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.

શ્રાવક તપ્ત અયોગોલક કલ્પ છે એમ શાસ્ત્રમાં કહેલ છે, અને અન્યતીર્થિકો તપ્તતર અયોગોલક કલ્પ છે એમ કહ્યું. તેનો આશય એ છે કે, શ્રાવક જયણાપૂર્વક સંસારની પ્રવૃત્તિ કરે છે, તેથી તેનાથી આરંભ-સમારંભ થવા છતાં યતના પણ રાખે છે; જ્યારે અન્યતીર્થિકો તો તેવા યતનાના પરિણામવાળા હોતા નથી. તેથી તેઓને બેસવા માટે આસનાદિ આપવામાં આવે ત્યારે તેઓ તે આસનાદિ ઉપર બેસવાની ક્રિયા અયતનાપૂર્વક કરે, તેથી ત્રસાદિ જીવોની હિંસા થવાની સંભાવના રહે; કેમ કે શ્રાવકની જેમ યતનાપૂર્વક તેઓને આસનાદિ ઉપર બેસવાની ક્રિયા સંભવે નહિ. તેથી જો તેમની સાથે શ્રાવક સંબંધ રાખે તો અન્યતીર્થિકો તેમને ત્યાં આવે અને અયતનાપૂર્વક બેસે, તત્પ્રત્યય કર્મબંધ શ્રાવકને થાય, અને પરિચય થવાને કારણે શ્રાવકને કે શ્રાવકના સંબંધીઓને અન્યદર્શનના ધર્મ પ્રત્યે રુચિ થાય, તેનાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. માટે શ્રાવક તેમનો પરિચય રાખતા નથી.

प्रथमालप्तेन ..... वाच्यम् । પ્રથમ=પૂર્વે, તેણે=અન્યતીર્થિકે, બોલાવેલ હોય તો સંભ્રમરહિત લોકઅપવાદના ભયથી 'તું કેમ છો ?' ઇત્યાદિ કહેવું.

શ્રાવક, ધર્મના સ્વીકારના પૂર્વમાં જે અન્યતીર્થિકો સાથે આલાપ કરતો હોય તેવા પ્રથમ આલપ્ત અન્યતીર્થિક સાથે જો ધર્મ સ્વીકાર્યા પછી બોલાવે નહિ તો લોકોને લાગે કે, ધર્મ પામ્યા પછી શ્રાવક અવિવેકવાળો બને છે. તેથી તેવા પ્રકારના લોકઅપવાદના ભયથી પૂર્વપરિચિત તેવા અન્યતીર્થિક સાથે "તું કેમ છો ?" ઇત્યાદિ વચનપ્રયોગને અસંભ્રમપૂર્વક કહે, પરંતુ અતિ નજીકથી તેમની સાથે વ્યવહાર કરે નહિ.

અહીં 'અસંભ્રમપૂર્વક' કહ્યું, તેનાથી એ કહેવું છે કે, પૂર્વપરિચિત સાથે જે પ્રકારની લાગણીઓની અભિવ્યક્તિ પૂર્વમાં કરતો હતો, તેવી જ લાગણીઓની અભિવ્યક્તિ વગર તેની પૃચ્છારૂપ આલાપમાત્ર કરે.

तथा तेभ्यः ..... पुनरित्यर्थः તથા તેઓને=અન્યયૂથિકને, અશનાદિ એકવાર આપવા માટે કે વારંવાર આપવા માટે (મને કલ્પે નહિ.)

अयं च ..... दद्यादपि । અને આ નિષેધ ધર્મબુદ્ધિથી જ અશનાદિ આપવા માટે છે, વળી કરુણા વડે તો આપે પણ ખરો.

અહીં પ્રશ્ન થાય કે, અન્યતીર્થિકોને ઉપરમાં કહ્યું તે મુજબ નમસ્કારાદિ સર્વથા કલ્પતા નથી ? એથી કરીને કહે છે –

नन्नत्थ रायाभिआगेणं' इत्यादि ..... वर्जयित्वेत्यर्थः । અન્યતીર્થિકો સાથે આલાપાદિ તથા અશનાદિ આપવાં કલ્પતાં નથી, એ પ્રકારે જે આ નિષેધ છે, તે રાજાભિયોગ ઇત્યાદિથી અન્યત્ર સમજવો. 'रायाभियोगेणं' અહીં તૃતીયા વિભક્તિ પંચમીના અર્થમાં હોવાથી રાજાભિયોગને વર્જીને અન્યતીર્થિકો સાથે આલાપ-સંલાપ કરવો, અશનાદિ આપવાં મને કલ્પતાં નથી, એ પ્રકારે અર્થ જાણવો.

હવે રાજાભિયોગ ઇત્યાદિનો અર્થ બતાવે છે –

राजाभियोगस्तु ..... सम्यक्त्वमिति । વળી રાજાભિયોગ=રાજાની પરતંત્રતા, 'गणः'=ગણ=સમુદાય, તેનો=સમુદાયનો, અભિયોગ=પારવશ્યતા=પરાધીનતા, બલાભિયોગ=રાજા અને ગણથી વ્યતિરિક્ત=અન્ય, એવા બલવાનની પરતંત્રતા, દેવતાભિયોગ=દેવની પરતંત્રતા, 'गुरुनिग्रहो'=ગુરુનિગ્રહ=માતાપિતાની પરવશતા, અથવા ગુરુ=ચૈત્ય-સાધુઓનો, નિગ્રહ=પ્રત્યનીકકૃત ઉપદ્રવ ત્યાં ઉપસ્થિત થયે છતે=શત્રુ વડે ચૈત્ય કે સાધુઓને ઉપદ્રવ ઉપસ્થિત થયે છતે, તેમની રક્ષા માટે અન્યયૂથિકો સાથે આલાપાદિ કરવો કે અશનાદિ આપવા છતાં પણ સમ્યક્ત્વનો અતિક્રમ થતો નથી.

वित्तीकंतारेणं ..... प्रकृतमिति । વૃત્તિ=આજીવિકા, તેનું કાન્તાર=અરણ્ય, તેના જેવું=આજીવિકાનો અભાવ થાય તેવું, અરણ્ય જેવું ક્ષેત્ર કે કાળ તે વૃત્તિકાંતાર=નિર્વાહનો અભાવ, એ પ્રકારે અર્થ જાણવો. તેનાથી=તેવા ક્ષેત્ર કે કાળમાં આજીવિકાના હેતુથી અન્યત્ર દાન-પ્રણામાદિનો નિષેધ છે, એ પ્રકારે પ્રસ્તુતમાં સમજવું.

મૂળ ઉપાસકદશાંગના પાઠમાં 'પ્રતિગ્રહાદિ' કહ્યા, તેનો અર્થ બતાવે છે –

'पडिग्गहं त्ति ..... आददातीति । પ્રતિગ્રહ=પાત્ર, 'पीठं त्ति' પીઠ=પાટ આદિ, 'फलगं त्ति=ટેકા માટે પાટિયું, 'भेसज्जं' त्ति ભેષજ=પથ્ય, **(વગેરે સાધુને વહોરાવવા કલ્પે છે એમ અન્વય છે.)** 'अट्ठाइं'=ઉત્તરભૂત અર્થોને ગ્રહણ કરે છે અર્થાત્ આનંદશ્રાવક ભગવાનને પ્રશ્નો પૂછે છે, અને ભગવાન તેનો ઉત્તર આપે છે તે અર્થોને આનંદ શ્રાવક ગ્રહણ કરે છે.

❖ 'इति' શબ્દ સપ્તમાંગ આલાપકની વૃત્તિના કથનની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

अत्रान्यतीर्थिकपरिगृहीतचैत्यनिषेधेऽनिश्रितार्हच्चैत्यवन्दनादिविधिः स्फुट एव न चात्र चैत्यशब्दार्थो 'ज्ञानं'मूर्खोक्तं घटतेऽर्हद्ज्ञानस्यान्यतीर्थिकपरिगृहीतत्वानुपपत्तेः, नापि साधुः, श्रुतवत्त्वस्यान्यपरिगृहीत-त्वासिद्धेः, सिद्धौ वान्यतीर्थिक एव सोऽन्यागमस्यान्यपरिग्रहेणैव व्यवस्थितत्वात्, 'नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च ब्रूमस्त्वदन्यागममप्रमाणम्'[२] **इति वचनात् ।**

ટીકાર્થ :-

अत्र ..... स्फुट एव । અહીંયાં=ઉપાસકદશાંગના સાક્ષીપાઠમાં, અન્યતીર્થિક દ્વારા પરિગૃહીત ચૈત્યનો નિષેધ કરાયે છતે અનિશ્રિત અરિહંત ચૈત્યવંદનાદિની વિધિ સ્પષ્ટ જ છે.

અહીં પૂર્વપક્ષી=લુંપાક કહે કે, 'ચૈત્ય' શબ્દનો અમે 'જ્ઞાન' અર્થ કરીશું, તેથી કહે છે –

न चात्र ..... अनुपपत्तेः, મૂર્ખ વડે કહેવાયેલ 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જ્ઞાન', અહીં=પ્રસ્તુત ઉપાસકદશાંગના

પાઠમાં, ઘટતો નથી; કેમ કે અર્હત્ જ્ઞાનની અન્યતીર્થિક-પરિગૃહીતપણાની અનુપપત્તિ છે.

આશય એ છે કે, ચૈત્યનો અર્થ જ્ઞાન કરવામાં આવે તો તે અરિહંતનું જ્ઞાન અન્યતીર્થિકો ગ્રહણ કરી શકે નહિ, પરંતુ જો ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા કરીએ તો જ અન્યતીર્થિક દ્વારા પરિગૃહીત ચૈત્યનો અર્થ સંગત થાય.

અહીં પૂર્વપક્ષી કહે કે, 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જ્ઞાન' જ છે, પરંતુ જ્ઞાન અને જ્ઞાનવાનનો અભેદ કરીને 'શ્રુતજ્ઞાનવાળા એવા સાધુને' અમે 'ચૈત્ય' પદથી ગ્રહણ કરીશું, તેનું નિરાકરણ કરતાં કહે છે –

નાપિ સાધુઃ ..... વચનાત્ । 'ચૈત્ય' શબ્દનો અર્થ 'સાધુ' પણ થઈ શકે નહિ; કેમ કે શ્રુતવત્ત્વના= શ્રુતવાળા સાધુના, અન્યપરિગૃહીતપણાની અસિદ્ધિ છે, અથવા તો સિદ્ધિ હોતે છતે= અન્યપરિગૃહીતપણાની સિદ્ધિ હોતે છતે, તે અન્યતીર્થિક જ છે; કેમ કે અન્ય આગમનું અન્યના પરિગ્રહ વડે જ વ્યવસ્થિતપણું છે; કેમ કે નૃશંસ અને દુર્બુદ્ધિના પરિગ્રહથી તમારાથી=તમારા આગમથી, અન્યના આગમને અમે અપ્રમાણ કહીએ છીએ, એ પ્રમાણે વચન છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી એવા લુંપાકનું એ કહેવું છે કે, આત્માના પરિણામરૂપ જ્ઞાનને અન્યતીર્થિકો ગ્રહણ કરી શકે નહિ, તેથી 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જ્ઞાનવાળા સાધુ' અમે કરીશું. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે, શ્રુતવત્ત્વ=શ્રુતવાળા સાધુ, અન્યથી પરિગૃહીત થઈ શકે નહિ; કેમ કે શ્રુતવાન હોય તેવા સાધુને શ્રુતનો સમ્યગ્ બોધ હોવાને કારણે શ્રુતવાન સાધુઓ સ્વદર્શનથી જ=જૈન દર્શનથી જ, પ્રભાવિત હોય છે. તેથી અન્યદર્શનીઓ ગમે તેટલું પોતાનું દર્શન તેમને સમજાવે, તોપણ અન્યદર્શનવાળાની માન્યતાથી જૈન સાધુ પ્રભાવિત બને નહિ, માટે તે અન્યદર્શનથી પરિગૃહીત બની શકે નહિ. આમ છતાં, કર્મના ઉદયથી કે ક્વચિત્ મંદબુદ્ધિના કારણે જૈન સાધુ અન્યદર્શનથી પ્રભાવિત થઈને અન્યદર્શનથી પરિગૃહીત થઈ જાય, તેથી કહે છે –

અથવા અન્ય પરિગૃહીતપણાની સિદ્ધિ હોતે છતે તે=જૈન સાધુ, અન્યતીર્થિક જ છે; કેમ કે અન્ય આગમનું અન્ય પરિગૃહીતપણા વડે જ વ્યવસ્થિતપણું છે.

આશય એ છે કે, આ સ્વ આગમ છે અને આ પર આગમ છે એ જાતની વ્યવસ્થા અન્ય પરિગૃહીતપણા વડે જ છે. આથી જ જૈન દર્શનનો અભ્યાસ કરનાર સાધુ પણ જ્યારે અન્યતીર્થિકથી પ્રભાવિત થઈને તેનાથી પરિગૃહીત થાય છે, ત્યારે તેનામાં રહેલો જિનાગમનો બોધ પણ અન્ય આગમરૂપ જ કહેવાય છે; કેમ કે અન્ય વ્યક્તિએ ગ્રહણ કરેલું=મિથ્યાત્વીએ ગ્રહણ કરેલું, તે આગમ મિથ્યાત્વરૂપ જ છે=અન્ય આગમરૂપ જ છે, અને અન્ય આગમને માનનાર એવો સાધુ અન્યતીર્થિક જ છે.

અન્ય પરિગ્રહ વડે કરીને જ અન્ય આગમનું વ્યવસ્થિતપણું છે, તે જ વાતને દૃઢ કરવા માટે સાક્ષીપાઠ આપે છે –

નૃશંસ ..... વચનાત્ ।। "નૃશંસ અને દુર્બુદ્ધિના પરિગ્રહથી, તમારાથી=સર્વજ્ઞે કહેલા આગમથી, અન્ય આગમ અપ્રમાણભૂત છે, એ પ્રમાણે વચન છે." (અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના ૧૦મા શ્લોકના ઉત્તરાર્ધનું આ કથન છે.)

આ વચનથી એ પ્રાપ્ત થાય છે કે, જેમનામાં નૃશંસતા=ક્રૂરતા અને દુર્બુદ્ધિ નથી, પરંતુ સદ્બુદ્ધિ છે તેમનાથી ગ્રહણ કરાયેલ જે આગમ હોય તે જ આગમ સદાગમરૂપ છે અને પ્રમાણભૂત છે, જ્યારે અન્યદર્શનવાળા તેવા નહિ હોવાથી તેમનાથી ગ્રહણ કરાયેલ આગમ તે અન્ય આગમ છે, માટે તેને માનનાર સર્વ અન્યતીર્થિક જ છે.

પૂર્વમાં કહ્યું કે, અન્યતીર્થિકથી ગ્રહણ કરાયેલ ચૈત્યનો નિષેધ કરાયે છતે અનિશ્રિત અર્હત્ ચૈત્યના વંદનાદિની વિધિ સ્પષ્ટ સિદ્ધ થાય છે. તે કથનમાં પૂર્વપક્ષી કહે છે –

ટીકા :-

अथ 'अण्णउत्थिए वा' इत्यादिपदत्रयमेकार्थमेव-'समणं वा माहणं वा' इति पदद्वयवत्, अन्यथा 'तेसिं असणं'वेत्याद्यनुपपत्तेस्तत्पदस्याव्यवहितपूर्वोक्तपदार्थपरामर्शकत्वात्, चैत्यानामेव चाव्यवहितपूर्वोक्तत्वात्तेषां दानाद्यप्रसङ्गेन तन्निषेधानुपपत्तेरिति चेत् ? न, प्रसक्तानां त्रयाणां नत्यादेरवश्यनिषेध्यत्वात्पदत्रयस्यैकार्थताया वक्तुमशक्यत्वादनीप्सितेन तदा यावदुक्तापरामर्श एकतरपरामर्शतात्पर्यगृहे संप्रदानप्रसङ्गेन मुख्यतयाऽन्यतीर्थिकपरामर्शस्यैव युक्तत्वाच्च ।

ટીકાર્થ :-

अथ "अण्णउत्थिए वा" ..... इति चेत् ? 'अथ'थी પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, ઉપાસકદશાંગના પાઠમાં 'समणं माहणं वा' એ પ્રકારે પદદ્વયની જેમ "अण्णउत्थिआ वा" ઇત્યાદિ પદત્રય એકાર્થ જ છે. અન્યથા=આ ત્રણ પદો=अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहिआइं अरिहंतचेइयाइं वा – આ ત્રણ પદો, એકાર્થવાચી ન માનો તો, 'तेसिं असणं' वा ઇત્યાદિ તે સૂત્રમાં આગળ જે કથન છે તેની અનુપપત્તિ=અસિદ્ધિ છે; કેમ કે 'तेसिं'માં જે तत् પદ છે, તેનું અવ્યવહિત પૂર્વોક્ત પદાર્થનું પરામર્શકપણું હોવાથી અને ચૈત્યોનું જ અવ્યવહિત પૂર્વોક્તપણું હોવાથી, તેઓને=ચૈત્યોને, દાનાદિનો અપ્રસંગ હોવાને કારણે તેના નિષેધની=દાનાદિના નિષેધની, અનુપપત્તિ=અસિદ્ધિ છે.

તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

न, प्रसक्तानां ..... अशक्यत्वात्, એમ ન કહેવું; કેમ કે પ્રસક્ત એવા ત્રણેયની નત્યાદિનું= નમસ્કારાદિનું, અવશ્ય નિષેધ્યપણું હોવાથી પદત્રયની એકાર્થતાનું કહેવા માટે અશક્યપણું છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી 'तेसिं असणं वा' ઇત્યાદિ પદની જે અનુપપત્તિ છે, તેનું શું ? તેથી બીજો હેતુ કહે છે –

ટીકાર્થ :-

अनीप्सितेन ..... युक्तत्वाच्च । અનીપ્સિતને કારણે तदा="तत्" પદથી, યાવદ્ ઉક્તના અપરામર્શમાં એકતર પરામર્શના તાત્પર્યગ્રહમાં સંપ્રદાનના પ્રસંગને કારણે=સંપ્રદાનની સંગતિને કારણે, મુખ્યપણાથી અન્યતીર્થિકના પરામર્શનું જ યુક્તપણું છે.

❖ 'अनीप्सितेन' પછી 'तदा' છે, તે 'तत्' શબ્દનું તૃતીયા એકવચનનું રૂપ છે.

ભાવાર્થ :-

'अथ'થી પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, 'समणं वा माहणं वा' એ બે પદો એકાર્થવાચી છે, તેની જેમ 'अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहियाइं अरिहंतचेइयाइं वा' – આ ત્રણ પદોને એકાર્થવાચી માનવામાં ન આવે તો ઉપાસકદશાંગના આગળના પાઠમાં જે કહ્યું કે, તેઓને અશન-પાન આદિ કાંઈ આપવું કલ્પે નહિ, તે કથન સંગત થાય નહિ; કેમ કે 'तेसिं'માં જે 'तत्' પદ છે, તે અવ્યવહિત=અંતર વગર પૂર્વોક્ત ચૈત્ય પદાર્થનો પરામર્શક બને, અને પ્રસ્તુતમાં 'अण्णउत्थिए वा' ઇત્યાદિ ત્રણેય પદોમાં ચૈત્યપદનું ગ્રહણ અંતિમ પદમાં છે, તેથી 'तत्' પદથી અવ્યવહિત પૂર્વોક્ત પદાર્થ 'ચૈત્ય' પ્રાપ્ત થાય, અને ચૈત્યને અશન-પાનાદિ આપવાનું કથન સંગત થાય નહિ, તેથી તેના નિષેધની સંગતિ થાય નહિ, માટે 'अण्णोत्थिए वा' એ ત્રણેય પદોને એકાર્થવાચી કહીએ તો તે અન્યતીર્થિક અર્થક છે. અને અન્યતીર્થિકને દાનાદિનો નિષેધ સંગત થઈ શકે અને તેમ કરવાથી તેનાથી ચૈત્યવંદનાદિની વિધિ પ્રાપ્ત થાય નહિ. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે, પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે પ્રસક્ત એવા ત્રણેયની નત્યાદિનું અવશ્ય નિષેધ્યપણું હોવાથી પદત્રયની એકાર્થતાનું કહેવું અશક્યપણું છે.

આશય એ છે કે, અન્યતીર્થિક, અન્યતીર્થિકના દેવો અને અન્યતીર્થિકથી પરિગૃહીત અરિહંતની પ્રતિમાઓ એ ત્રણેયમાં નમસ્કારાદિની પ્રસક્તિ છે અર્થાત્ એ ત્રણેયમાં નમસ્કાર માનવાનો પ્રસંગ છે, માટે ત્રણેયમાં નમસ્કાર માનવાની આપત્તિ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પણ ક્વચિત્ તથાવિધ સંયોગને કારણે કે ભ્રમને કારણે મિથ્યાત્વના ઉદયને પામીને ત્રણેયને નમનાદિ ક્રિયા કરે એ પ્રકારની પ્રાપ્તિ છે. તેથી નત્યાદિના વિષયરૂપે ત્રણેય પ્રસક્ત છે, તેથી તે ત્રણેયને નત્યાદિનું અવશ્ય નિષેધ્યપણું છે; કેમ કે એ ત્રણેયને નમસ્કારાદિ કરવામાં આવે તો મિથ્યાત્વની વૃદ્ધિ થાય. તેથી ત્રણેયને નત્યાદિનું અવશ્ય નિષેધ્યપણું છે, અને તે નિષેધ બતાવવો હોય તો તે ત્રણેય પદોથી જ બતાવી શકાય, તેથી પદત્રયની એકાર્થતાનું કહેવું અશક્યપણું છે, માટે પૂર્વપક્ષીનું કથન બરાબર નથી.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી તેઓને અશન-પાન ઇત્યાદિની જે અનુપપત્તિ છે, તેનું શું? તેથી બીજો હેતુ કહે છે -

અનીપ્સિતને કારણે 'तत्' પદથી યાવદ્ ઉક્તના અપરામર્શ થયે છતે એકતર પરામર્શના તાત્પર્યના ગ્રહમાં સંપ્રદાનના પ્રસંગને કારણે મુખ્યપણાથી અન્યતીર્થિકના પરામર્શનું જ યુક્તપણું છે.

આશય એ છે કે, तत् પદથી પૂર્વમાં ઉપાસકદશાંગના પાઠમાં કહેલ 'अण्णउत्थिए वा' ઇત્યાદિ ત્રણેય પદનું ગ્રહણ અનીપ્સિત=ઇચ્છિત નથી. તેથી 'तत्' પદથી યાવદ્ ઉક્તનો અપરામર્શ થાય છે=ત્રણેય પદોનો પરામર્શ થતો નથી=ત્રણે પદોની ઉપસ્થિતિ થતી નથી. પરંતુ જો 'तत्' પદથી એ ત્રણેય પદોનું ગ્રહણ ઈપ્સિત હોત તો 'तत्' પદથી એ ત્રણેયનો પરામર્શ થઈ શકત. પરંતુ એ ત્રણેય પદોમાં દાનક્રિયા સંગત નથી, તેથી એ ત્રણેય પદનું ગ્રહણ 'तत्' પદથી ઈપ્સિત નથી. તેથી 'तत्' પદ દ્વારા એ ત્રણેય પદોનો પરામર્શ થઈ શકતો નથી. તેથી કોઈ એકતરના પરામર્શમાં તાત્પર્યનો ગ્રહ થાય છે, અને એકતરના પરામર્શમાં તાત્પર્યનો ગ્રહ થયે છતે કયા એક પદનો પરામર્શ કરવો, તે સંપ્રદાનના પ્રસંગને કારણે નક્કી થાય છે અર્થાત્ અશન-પાનાદિ દાનની ક્રિયાનો પ્રસંગ શામાં સંગત થઈ શકે, તેમાં નક્કી થાય છે. તેથી મુખ્યપણાથી= અનુપચરિતપણાથી, અન્યતીર્થિક પરામર્શનું યુક્તપણું છે.

અહીં ઉપચારથી તો અન્યતીર્થિક દેવ કે અન્યતીર્થિક દ્વારા પરિગૃહીત જિનપ્રતિમા પણ પ્રાપ્ત થઈ શકે; કેમ કે અન્ય દેવની આગળ કે અન્યતીર્થિક દ્વારા પરિગૃહીત જિનપ્રતિમા આગળ પણ કોઈ ફળ-નૈવેદ્ય આદિ ધરાવે તો ઉપચારથી તેણે દાન આપ્યું, તેમ કહેવાય. પરંતુ મુખ્યતાથી તો અન્યતીર્થિક સાધુને જ દાન આપી શકાય છે, તેથી 'तत्' પદથી તેનો જ પરામર્શ કરવો યુક્ત છે, માટે તે ત્રણેય પદો ભિન્નાર્થવાચી હોવા છતાં કોઈ દોષ નથી.

પૂર્વમાં કહ્યું કે, યદ્યપિ 'तत्' પદ સામાન્યથી અવ્યવહિત પૂર્વોક્ત પદાર્થનો=અંતર વગર પૂર્વે કહેલા પદાર્થનો, પરામર્શક બને તેવો નિયમ છે, તોપણ પ્રસ્તુતમાં સંપ્રદાનના પ્રસંગને કારણે અન્યતીર્થિક પરામર્શનું જ યુક્તપણું છે, તે યુક્તિપૂર્વક બતાવ્યું. હવે 'तत्' શબ્દથી અવ્યવહિત પૂર્વોક્ત પદાર્થનો પરામર્શ કરીએ તોપણ 'तत्' શબ્દથી અન્યતીર્થિકનું ગ્રહણ કઈ રીતે થઈ શકે તે બતાવતાં કહે છે –

ટીકા :-

वस्तुतोऽव्यवहितपूर्वोक्तत्वं मौनिश्लोकानुरोधेनाव्यवहितप्राक्कालीनशाब्दबोधानुकूलव्यापारविषयत्वं वाच्यम् तथा च पूर्वमनालप्तेनेत्यत्रान्यतीर्थिकैरित्यस्याध्याहारस्यावश्यकत्वात्तेषामिति तत्पदेनाव्यवहितपूर्वोक्तान्यतीर्थिकपरामर्शो युक्त इति मदुत्प्रेक्षां प्रमाणयन्तु प्रामाणिकाः ।

ટીકાર્થ :-

वस्तुतः ..... प्रामाणिकाः । વાસ્તવિક રીતે અવ્યવહિત પૂર્વોક્તપણું મૌનીન્દ્ર શ્લોકના અનુરોધથી= ઉપાસકદશાંગના વચનમાં કહેલ ભગવાનના વચનના અનુરોધથી, અવ્યવહિત પ્રાક્કાલીન શાબ્દબોધને અનુકૂળ વ્યાપારવિષયપણું કહેવું અને તે રીતે=અવ્યવહિત પૂર્વોક્તત્વનો અર્થ મૌનીન્દ્ર શ્લોકના અનુરોધથી 'અવ્યવહિત પ્રાક્કાલીન શાબ્દબોધને અનુકૂળ વ્યાપારવિષયત્વ' કર્યો તે રીતે, પૂર્વમાં અનાલપ્તની સાથે એ પ્રમાણેનું જે કથન છે, એમાં 'અન્યતીર્થિકોની સાથે' એ પ્રમાણે અધ્યાહારનું આવશ્યકપણું હોવાથી 'तेषाम्' એ પ્રમાણે (પદમાં જે) 'तत्' પદ છે, તેના વડે અવ્યવહિત પૂર્વોક્ત

અન્યતીર્થિકનો પરામર્શ યુક્ત છે, એ પ્રકારે મારી ઉત્પ્રેક્ષાને=ગ્રંથકારશ્રીની ઉત્પ્રેક્ષાને, પ્રામાણિક પુરુષો પ્રમાણ કરો=સ્વીકાર કરો.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે, 'तत्' પદ અવ્યવહિત પૂર્વોક્ત પદાર્થનો પરામર્શક છે. તેમાં જે 'અવ્યવહિત પૂર્વોક્તત્વ' છે તે, વાસ્તવિક રીતે ઉપાસકદશાંગના વચનરૂપ સર્વજ્ઞના વચનના અનુરોધથી 'અવ્યવહિત પ્રાક્કાલીન શાબ્દબોધાનુકૂળવ્યાપારવિષયત્વ' કહેવું જોઈએ.

આશય એ છે કે, ઉપાસકદશાંગના વચનમાં 'तेसिं असणं वा' એ પદ છે, તેનાથી અવ્યવહિત પૂર્વકાળમાં ઉચ્ચાર કરાયેલા જે શબ્દો છે, તેનાથી થનારા શાબ્દબોધમાં તે શબ્દો શાબ્દબોધને અનુકૂળ વ્યાપારવાળા છે. શાબ્દબોધને અનુકૂળ વ્યાપાર શ્રોતા કરે છે, તેનો વિષય તે શબ્દો છે. તેથી તે શબ્દોમાં શાબ્દબોધને અનુકૂળ વ્યાપારવિષયત્વ છે. અવ્યવહિત પ્રાક્કાલીન શાબ્દબોધને અનુકૂળ વ્યાપારવિષયત્વ એ જ અવ્યવહિત પૂર્વોક્તત્વ કહેવું, અને તે રીતે=મૌનીન્દ્ર શ્લોકના અનુરોધથી અવ્યવહિત પૂર્વોક્તત્વનો અર્થ અવ્યવહિત પ્રાક્કાલીન શાબ્દબોધાનુકૂળ વ્યાપારવિષયત્વ કર્યો તે રીતે, पूर्वमनालप्तेन ..... युक्तः સુધીનું કથન ટીકામાં કહ્યું, તેમાં 'तेषाम्'માં 'तत्' પદ વડે પૂર્વોક્ત અન્યતીર્થિકનો પરામર્શ યુક્ત છે, એ પ્રમાણે મારી ઉત્પ્રેક્ષાને પ્રામાણિક પુરુષો પ્રમાણ કરે, તેમ ગ્રંથકારશ્રીએ કહ્યું. તેનો આશય એ છે કે, ઉપાસકદશાંગના વચનમાં तेसिं असणं वा એ કથન અવ્યવહિત પૂર્વમાં 'पुव्विं अणालत्तेणं' ઇત્યાદિ પાઠ છે, ત્યાં કોની સાથે પૂર્વમાં આલાપ કર્યો નથી, એ જિજ્ઞાસા થાય. તેથી ત્યાં અન્યતીર્થિકને અધ્યાહાર તરીકે સ્વીકારીને શાબ્દબોધ થઈ શકે છે. તેથી તે શાબ્દબોધનો વિષય અન્યતીર્થિક બનશે, તેનો જ 'तेषां'માં રહેલ 'तत्' પદથી પરામર્શ કરવો યુક્ત છે. તેથી અન્યતીર્થિકનો 'तत्' પદથી પરામર્શ કરીને અશનાદિ પદોનું યોજન થઈ શકશે, એ પ્રકારની ગ્રંથકારની વિચારણાને તત્ત્વની વિચારણા કરવામાં પ્રામાણિક પુરુષો પ્રમાણરૂપે સ્વીકારે.

ટીકા :-

औपपातिकालापको यथा –

अंबडस्स णं णो कप्पइ अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहिआणि अरिहंतचेइयाणि वा वंदित्तए वा, णमंसित्तए वा, जाव पज्जुवासित्तए वा, णण्णत्थ अरहंते वा अरहंतचेइयाणि व त्ति (सू.४०) एतद्वृत्तिर्यथा-'अण्णउत्थिए वा'त्ति अन्ययूथिकाः=आर्हत्सङ्घापेक्षयाऽन्ये शाक्यादयः, 'चेइयाइं' इति अर्हच्चैत्यानि जिनप्रतिमा इत्यर्थः, 'नण्णत्थ अरिहंते व'त्ति न कल्पते इह योऽयं नेति प्रतिषेधः, सोऽन्यत्रार्हद्भ्यः अर्हतो वर्जयित्वेत्यर्थः, स हि किल परिव्राजकवेषधारकोऽतोऽन्ययूथिकदेवतावन्दनादि-निषेधेऽर्हतामपि निषेधो मा भूदिति कृत्वा 'नन्नत्थ' इत्याद्यधीतमिति ।।

ટીકાર્થ :-

औपपातिकालापको यथा - ઔપપાતિકસૂત્રનો આલાપક, જે આ પ્રમાણે છે –

अंबडस्स .....: इत्याद्यधीतमिति । અંબડને અરિહંત અને અરિહંત-ચૈત્યોને છોડીને અન્યતીર્થિકોને, અન્યતીર્થિકના દેવોને, અન્યતીર્થિકથી પરિગૃહીત અરિહંત-ચૈત્યોને વંદન કરવા માટે કે નમસ્કાર કરવા માટે કે યાવત્ પર્યુપાસના કરવા માટે કલ્પતાં નથી.

'एतद्वृतिर्यथा' - આની ટીકા=આ ઔપપાતિક સૂત્રની ટીકા, આ પ્રમાણે –

'अण्णउत्थिए वा'त्ति ..... शाक्यादयः, અન્યયૂથિકો, આર્હત સંઘની=જૈન સંઘની, અપેક્ષાએ અન્ય બૌદ્ધ વગેરે સમજવા.

'चेइयाइं' इति ..... जिनप्रतिमा इत्यर्थः । અર્હત્ ચૈત્યો=જિનપ્રતિમા, એ પ્રમાણે અર્થ સમજવો.

'नन्नत्थ अरिहंते'त्ति ..... वर्जयित्वेत्यर्थः । અરિહંત અને અરિહંત-પ્રતિમાને છોડીને અન્યત્ર (અન્યતીર્થિકાદિને વંદન-નમસ્કારાદિ કરવાં) કલ્પતાં નથી. અહીં જે આ 'કલ્પતાં નથી' એ પ્રમાણે પ્રતિષેધ છે, તે અરિહંત અને અરિહંત-પ્રતિમાને છોડીને અન્યતીર્થિકાદિને વંદન-નમસ્કારાદિ કરવાં કલ્પતાં નથી, એ પ્રમાણે અર્થ છે.

स हि ..... अधीतमिति ।। કેમ કે તે=અંબડ, પરિવ્રાજકનો વેષધારક છે, આથી કરીને અન્યયૂથિક દેવતાને વંદનાદિના નિષેધમાં અરિહંતોને પણ વંદનાદિનો નિષેધ ન થાય, એથી કરીને 'नन्नत्थ' ઇત્યાદિ પાઠ કહેલ છે.

'इति' શબ્દ ઔપપાતિકના કથનની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

अत्रार्हच्चैत्यनतिरम्बडस्य कण्ठत एव विहितेति न्यायाद्यनभिज्ञस्यापि सुज्ञानमित्थं च सम्यक्त्वालापक एवार्हच्चैत्यानां वन्दननमस्करणयोर्विहितत्वात्पूजाद्यप्यधिकारिणां सिद्धमिति सिद्धान्ते स्फुट-मर्हच्चैत्यपूजाविधानं न पश्यामः सम्यक्त्वपराक्रमाध्ययने स्फुटं फलानभिधानादिति लुम्पकमतं निरस्तम्, 'न पश्याम' इत्यस्य स्वापराधत्वात्, 'नह्ययं स्थाणोरपराधो यदेनमन्धो न पश्यति' इति, सम्यक्त्वालापक एव सूक्ष्मदृष्ट्या दर्शनात् सम्यक्त्वपराक्रमाध्ययनेऽपि (उत्तरा अ. २९ आ. ४) गुरुसाधर्मिकशुश्रूषाफलाभिधाननैव पूजाफलाभिधानादिति विभावनीयं सूरिभिः (सुधिभिः) ।।६३।।

❖ અહીં 'इति विभावनीयं सूरिभिः' પાઠ છે, ત્યાં 'इति विभावनीयं सुधिभिः' એ પાઠની સંભાવના છે.

ટીકાર્થ :-

अत्र ..... निरस्तम्, અહીંયાં=ઔપપાતિક સૂત્રનો જે આલાપક છે તેમાં, ન્યાયાદિના અનભિજ્ઞને પણ અંબડની અર્હત્ચૈત્યની નતિ કંઠથી જ વિહિત છે=સાક્ષાત્ જ વિહિત છે, એ પ્રકારે સુજ્ઞાન છે અર્થાત્ ન્યાયાદિના નહિ જાણનારાને પણ સારી રીતે સમજાય તેમ છે, અને આ રીતે સમ્યક્ત્વના

આલાપકમાં જ અર્હત્ચૈત્યોના વંદન-નમસ્કારનું વિહિતપણું હોવાથી પૂજાદિ પણ અધિકારીને સિદ્ધ છે. એથી કરીને સિદ્ધાંતમાં સ્પષ્ટ અર્હત્ચૈત્યપૂજાનું વિધાન અમે જોતા નથી; કેમ કે સમ્યક્ત્વ-પરાક્રમ અધ્યયનમાં સ્પષ્ટ ફળનું અનભિધાન છે, એ પ્રમાણે લુંપાકમત નિરસ્ત જાણવો.

ઔપપાતિક સૂત્રમાં અંબડના આલાપકમાં=અંબડની ચૈત્યનતિને કહેનાર એવા સમ્યક્ત્વના આલાપકમાં, વંદન-નમસ્કારનું વિધાન હોવાને કારણે અધિકારીને પૂજાદિ સિદ્ધ થાય છે. તેથી સિદ્ધાંતમાં અમે પૂજાદિનું વિધાન જોતા નથી, એ પ્રકારનું લુંપાકનું કથન નિરસ્ત થાય છે; કેમ કે ઔપપાતિકનો આલાપક એ પણ સિદ્ધાંત છે.

હવે લુંપાકનો મત નિરસ્ત છે, તેને જ દૃઢ કરવા માટે હેતુ કહે છે –

ન પશ્યામ ..... ઇતિ । અમે જોતા નથી, એ પ્રકારે આનું=આ કથનનું, સ્વઅપરાધપણું છે=તે લુંપાકનો પોતાનો જ અપરાધ છે; કેમ કે આ સ્થાણુનો અપરાધ નથી કે જે આંધળો તેને જોતો નથી.

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

આંધળો સ્થાણુને જોતો નથી તે સ્થાણુનો અપરાધ નથી, પરંતુ આંધળાનો અપરાધ છે; તેમ લુંપાક સિદ્ધાંતને જોતો નથી, તે તેનો પોતાનો અપરાધ છે; કેમ કે ઔપપાતિકના આલાપરૂપ સિદ્ધાંતમાં અરિહંતની પ્રતિમાને વંદન-નમસ્કારનું વિધાન છે. તેથી અમે સિદ્ધાંતમાં જોતા નથી, એમ કહેવું તે લુંપાકનો પોતાનો અપરાધ છે.

અહીં પ્રશ્ન થાય કે, ઔપપાતિકના આલાપકમાં તો સ્થૂલ દૃષ્ટિથી જોવાથી એટલું જ મળે છે કે અર્હત્ ચૈત્યની નતિનું કથન છે, પરંતુ અરિહંતની પ્રતિમાને પૂજાનું વિધાન નથી, તેથી કહે છે –

સમ્યક્ત્વલાપકે ..... દર્શનાત્ । સમ્યક્ત્વવિષયક આલાપકમાં જ સૂક્ષ્મ દૃષ્ટિથી દર્શન છે=દેખાય છે.

પ્રસ્તુત સમ્યક્ત્વવિષયક જે ઔપપાતિકનો આલાપક છે, તેમાં સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો પૂજાનું વિધાન પ્રાપ્ત થાય છે, માટે અધિકારીને પૂજા કરવી, એ તેનાથી જ પ્રાપ્ત થાય છે. આથી જ કાયોત્સર્ગમાં વંદણવત્તિયાએ વગેરેમાં પૂજન-સત્કાર-સન્માન આદિનું ગ્રહણ કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી સમ્યક્ત્વ-પરાક્રમ અધ્યયનમાં પૂજાનું વિધાન કેમ કહેલ નથી ? તેથી કહે છે –

સમ્યક્ત્વપરાક્રમ ..... પૂજાફલાભિધાનાત્, સમ્યક્ત્વ-પરાક્રમ અધ્યયનમાં પણ ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાના ફળના અભિધાનથી જ પૂજાના ફળનું અભિધાન છે.

સમ્યક્ત્વ-પરાક્રમ અધ્યયનમાં પણ ગુરુની શુશ્રૂષાનું ફળ બતાવ્યું, સાધર્મિકની શુશ્રૂષાનું ફળ બતાવ્યું. એનાથી એ પ્રાપ્ત થાય છે કે, પરમગુરુ એવા ભગવાનની શુશ્રૂષા મહાન ફળવાળી છે, અને પૂજા એ શુશ્રૂષાવિશેષરૂપ જ છે, માટે પૂજાના ફળનું વિધાન પ્રાપ્ત થાય છે.

ઇતિ ..... સૂરિભિઃ (સુધિભિઃ) ।। આ પ્રમાણે=પ્રસ્તુત શ્લોકમાં શ્લોકનો અન્વયાર્થ બતાવ્યા

પછી ઉપાસકદશાંગનું વચન બતાવ્યું અને તેનાથી સિદ્ધ કર્યું કે, અન્યતીર્થિક દ્વારા પરિગૃહીત ચૈત્યનો નિષેધ કરાયે છતે અનિશ્રિત અર્હત્ ચૈત્યવંદનાદિની વિધિ સ્પષ્ટ જ છે, અને ત્યાર પછી ઔપપાતિક સૂત્રનો આલાપક બતાવ્યો. તેનાથી એ ફલિત થયું કે, અંબડની ચૈત્યનતિ સાક્ષાત્ કંઠથી વિહિત છે. એ પ્રકારે જે ચૈત્યનતિની સિદ્ધિ કરી એ પ્રમાણે, બુદ્ધિશાળીઓ વડે વિભાવન કરવું જોઈએ. ॥૬૩॥

અવતરણિકા :-

પૂર્વના શ્લોકોમાં "દ્રવ્યસ્તવમાં હિંસા છે" ઈત્યાદિ લુંપાકની માન્યતાનું નિરાકરણ કરીને, હવે ગ્રંથકારશ્રી પોતે કયાં શાસ્ત્રવચનોના બળથી સ્થાપનાજિન પ્રત્યે સ્થિર પ્રીતિવાળા થયા છે, તે બતાવતાં કહે છે –

શ્લોક :-

प्रश्नव्याकरणे सुवर्णगुलिकासम्बन्धनिर्धारणे,
शस्ते कर्मणि दिग्द्वयग्रहरहःख्यातौ तृतीयाङ्गतः ।
सम्यग्भावितचैत्यसाक्षिकमपि स्वालोचनायाः श्रुतौ,
सूत्राच्च व्यवहारतो भवति नः प्रीतिर्जिनेन्द्रे स्थिरा ।।६४।।

શ્લોકાર્થ :-

પ્રશ્નવ્યાકરણમાં સુવર્ણગુલિકાનો સંબંધ નિર્ધારણ કરાયે છતે, અને ત્રીજા અંગથી=સ્થાનાંગથી પ્રશસ્ત કર્મમાં દિગ્દ્વયનો=પૂર્વ અને ઉત્તર દિશાનો, જે ગ્રહ તેના રહસ્યની ખ્યાતિ કરાયે છતે=તાત્પર્યની પ્રતિપત્તિ કરાયે છતે, વળી વ્યવહારસૂત્રથી સમ્યગ્ ભાવિત ચૈત્યસાક્ષિક પણ સારી આલોચનાની વિધિનું શ્રવણ હોતે છતે, જિનેન્દ્રમાં=સ્થાપનાજિનમાં, અમારી પ્રીતિ સ્થિર થાય છે. ॥૬૪॥

ટીકા :-

'प्रश्नव्याकरणे' इति :- प्रश्नव्याकरणे सुवर्णगुलिकायाः सम्बन्धनिर्धारणे सति, असम्बन्ध-स्यानभिधेयत्वात्सम्बन्धाभिधानस्यावश्यकत्वे वृत्तिस्थस्य तस्य सौत्रत्वादिति भावः तथा तृतीयाङ्गतः= स्थानाङ्गतः, शस्ते=प्रशस्ते, कर्मणि दिग्द्वयस्य पूर्वोत्तरादिग्रूपस्य यो ग्रहः=पुरस्कारः, तस्य या रहःख्यातिः=तात्पर्यप्रतिपत्तिः, तस्यां । च=पुनः, व्यवहारतः सूत्रात् सम्यग्-भावितानि= अनायतनरूपवर्जनया सद्भावं प्रापितानि, यानि चैत्यानि साक्षीणि यत्र=यस्यां क्रियायां (तत्) तथा, स्वालोचना सुष्ठु=समीचीना, या आलोचना, तस्याः, श्रुतौ=विधिश्रवणे सति, नः=अस्माकं,

प्रीतिः जिनेन्द्रे=स्थापनाजिने, स्थिरा=अप्रतिपातिनी, भवति, स्थापनाजिनस्य जिनेन्द्रत्वं भावजिनेन्द्रवत्सद्यः समुपासनाफलदानसमर्थतयाऽव्यभिचारेणाध्यात्मिकभावाक्षेपकत्वा-च्चावसेयम् ।

❖ 'यस्यां क्रियायां' પછી 'तत्' પદની સંભાવના લાગે છે.

ટીકાર્થ :-

प्रश्नव्याकरणे ..... सति, પ્રશ્નવ્યાકરણમાં સુવર્ણગુલિકાના સંબંધનું નિર્ધારણ થયે છતે જિનેન્દ્રમાં= જિનેન્દ્રવિષયક, અમારી પ્રીતિ સ્થિર થાય છે, એ પ્રમાણે અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે, પ્રશ્નવ્યાકરણમાં તો ચોથા આશ્રવદ્વારના વર્ણન વખતે એટલું જ કહ્યું છે કે, જે પ્રમાણે સુવર્ણગુલિકા માટે સંગ્રામ થયો, પરંતુ ત્યાં જિનપ્રતિમા સાથે તે યુદ્ધના સંબંધનું કથન મૂળમાં કહ્યું નથી. તેથી કહે છે –

असम्बन्धस्य ..... भावः । અસંબંધનું અનભિધેયપણું હોવાથી=અસંબંધનું અકથનીયપણું હોવાથી, સંબંધના અભિધાનનું આવશ્યકપણું હોતે છતે, वृत्तिस्थ=ટીકામાં રહેલ, તેનું=સંબંધનું, સૂત્રરૂપપણું છે.

કોઈપણ કથનમાં અસંબંધનું અનભિધેયપણું છે, પરંતુ સંબંધ હોય તો તે કહેવો જોઈએ અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સંબંધ કહેલો નથી, તોપણ તેનો સંબંધ પ્રતિમા સાથે છે, એ બતાવવું આવશ્યક લાગ્યું, તેથી વૃત્તિકારે જે સંબંધ બતાવ્યો તે સૂત્રસંબંધી છે, એમ સ્વીકારવું ઉચિત છે; કેમ કે સૂત્રરચના વખતે સંબંધ કહેવાની આવશ્યકતા હોવા છતાં વ્યુત્પન્ન વ્યક્તિ તે સંબંધ સ્વયં સમજી શકે તેમ છે એમ જાણીને, સૂત્રની સીમિત મર્યાદા રાખવા માટે તે સંબંધ કહેલ નથી અને તે સંબંધ વૃત્તિકારે સ્પષ્ટ કરેલ છે. તેથી વૃત્તિમાં બતાવેલ સંબંધ સૂત્રકારને અભિમત છે.

तथा तृतीय ..... तस्यां, તથા ત્રીજા અંગથી=સ્થાનાંગ સૂત્રથી, शस्त=પ્રશસ્ત કર્મમાં દિગ્દ્વયનો= પૂર્વ-ઉત્તર દિશારૂપનો, જે ગ્રહ=પુરસ્કાર, તેની જે રહખ્યાતિ=તાત્પર્યખ્યાતિ, તે હોતે છતે, જિનેન્દ્રમાં અમારી પ્રીતિ સ્થિર થાય છે, એમ અન્વય છે.

શાસ્ત્રમાં દીક્ષા આદિ સર્વ શુભ કાર્યો પૂર્વ-ઉત્તર દિશાને આશ્રયીને=પૂર્વ-ઉત્તર દિશા સન્મુખ, કરવાનાં કહ્યાં છે. તે કહેવા પાછળનું તાત્પર્ય વિચારવામાં આવે તો તે એ છે કે, તે દિશામાં જિનેશ્વરો વિચરી રહ્યા છે અને જિનચૈત્યો તે દિશામાં ઘણાં છે. તેથી તે દિશાઓને પૂજ્ય ગણીને તે દિશા સન્મુખ પ્રશસ્ત કર્મો= પ્રશસ્ત કાર્યો, કરવાનાં કહ્યાં છે. તેથી પણ નક્કી થાય છે કે સ્થાપનાજિન પૂજનીય છે.

च=पुनः ..... भवति, વળી વ્યવહારસૂત્રથી સમ્યગ્ભાવિત ચૈત્યસાક્ષિક પણ સુઆલોચનાની=સમીચીન આલોચનાની, श्रुति=વિધિશ્રવણ હોતે છતે, અમારી જિનેન્દ્રમાં=સ્થાપનાજિનમાં, स्थिर=અપ્રતિપાતિ, પ્રીતિ થાય છે, અને સ્થાપનાજિનનું જિનેન્દ્રપણું ભાવજિનેન્દ્રની જેમ सद्य=તરત, સમ્યગ્ ઉપાસનાના ફલ આપવાના સમર્થપણાને કારણે અને અવ્યભિચારથી આધ્યાત્મિક ભાવ આક્ષેપકપણાથી જાણવું.

અહીં સમ્યગ્ભાવિત ચૈત્યસાક્ષિકનો સમાસ આ પ્રમાણે છે –

અનાયતનરૂપ વર્જના વડે સદ્‌ભાવને પ્રાપ્ત કરેલાં એવાં ચૈત્યો સાક્ષી છે જે ક્રિયામાં તે ક્રિયા સમ્યગ્‌ભાવિત ચૈત્યસાક્ષિક છે.

ભાવાર્થ :-

અહીં સમ્યગ્‌ભાવિત ચૈત્યો એ કથનથી અનાયતનરૂપ વર્જનાથી સદ્‌ભાવને પ્રાપ્ત થયેલાં જે ચૈત્યો છે, તે ગ્રહણ કરવાનાં છે, એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, ભગવાનની ભક્તિ અર્થે યત્ન કરનાર શ્રાવકો પૂરી યતનાપૂર્વક જ્યાં નિષ્પ્રયોજન હિંસાનું વર્જન કરવા માટે યતના કરતા હોય તે અનાયતનરૂપ વર્જના વડે સદ્‌ભાવને પ્રાપ્ત થયેલાં ચૈત્યો છે, અને તેવા ચૈત્યની સાક્ષીએ પણ સુઆલોચનાનું વિધિશ્રવણ વ્યવહારસૂત્રમાં છે. તેથી સ્થાપનાજિન પ્રમાણ છે.

વળી 'स्थापनाजिनस्य ..... अवसेयम्' સુધીના કથનનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીને ભાવતીર્થંકરમાં ભાવજિનેંદ્રપણું માન્ય છે, પરંતુ સ્થાપનાજિનમાં જિનેંદ્રપણું માન્ય નથી. તેથી ભાવજિનેંદ્રને દૃષ્ટાંત કરીને કહે છે -

સાક્ષાત્ ભાવજિનેન્દ્ર પણ, જે જીવ ભાવજિનેન્દ્રનું અવલંબન લેતો નથી તેને ઉપકારક થતા નથી, અને યોગ્ય જીવોને ભાવજિનેન્દ્ર તરત જ ઉપકારક બને છે, તેથી જે યોગ્ય જીવ ભાવજિનેન્દ્રનું અવલંબન લઈને તેમની ઉપાસના કરે તો તે ઉપાસનાનું ફળ તેને મળે છે. તે જ રીતે યોગ્ય જીવો સ્થાપનાજિનનું અવલંબન લઈને તેની ઉપાસના કરે તો તેની ઉપાસનાનું ફળ પણ તેમને મળે છે. તેથી ભાવજિનેન્દ્ર અને સ્થાપનાજિનેન્દ્ર અવલંબન લેનારને અવ્યભિચારરૂપે આધ્યાત્મિક ભાવના આક્ષેપક છે. માટે લુંપાક જો ભાવજિનેન્દ્રને સ્વીકારતો હોય તો સ્થાપનાજિનને પણ જિનેન્દ્રરૂપે તેણે સ્વીકારવા જોઈએ.

ટીકા :-

तत्र तुर्याश्रवद्वारे 'सुवन्नगुलिआए' त्ति प्रतीके वृत्तिर्यथासुवर्णगुलिकायाः कृते सङ्ग्रामोऽभूत् । तथा हि –

सिन्धुसौवीरेषु जनपदेषु विदर्भकनगरे उदायनस्य राज्ञः प्रभावत्या देव्याः सत्का देवदत्ताऽभिधाना दास्यभूत् सा च देवनिर्मितां गोशीर्षचन्दनमयीं श्रीमन्महावीरप्रतिमां राजमन्दिरान्तर्वर्त्तिचैत्यभवनव्यवस्थितां प्रतिचरति स्म तद्वन्दनार्थं च श्रावकः कोऽपि देशात्सञ्चरन् समायातः, तत्र चागतोऽसौ रोगेणापटुशरीरो जातस्तया च सम्यक्प्रतिचरितः तुष्टेन च तेन सर्वकामितमाराधितदेवतावितीर्णगुटिकाशतमदायि तथा च तया 'अहं कुब्जा, विरूपा सुरूपा भूयासम्' इति मनसि विभाव्यैका गुटिका भक्षिता, तत्प्रभावाच्च सा सुवर्णगुलिका नाम्ना प्रसिद्धिमुपगता, ततोऽसौ चिन्तितवती-'जाता मे रूपसंपद्, एतया च किं भर्तृविहीनया, तत्र तावदयं राजा पितृतुल्यो न कामयितव्यः शेषास्तु पुरुषमात्रमतः किं तैः ? तत उज्जयिन्याः पतिं चण्डप्रद्योतराजं मनस्याधाय गुटिका भक्षिता, ततोऽसौ देवतानुभावात्तां विज्ञाय तदानयनाय हस्तिरत्नमारुह्य तत्रायातः आकारिता च तेन सा, तयोक्तम्, 'आगच्छामि यदि प्रतिमां नयसि' तेनोक्तम्-'तामहं श्वो नेष्यामि', ततोऽसौ स्वनगरे गत्वा

देवतानिर्मितप्रतिमारूपं कारयित्वा तथैव रात्रावायातः, स्वकीयप्रतिमां देवतानिर्मितप्रतिमास्थाने विमुच्य तां सुवर्णगुलिकां च गृहीत्वा गतः, प्रभाते च चण्डप्रद्योतगन्धहस्तिविमुक्तमूत्रपुरीषगन्धेन विमदान् स्वहस्तिनो विज्ञाय ज्ञातचण्डप्रद्योतावगमो(आगमो)ऽवगतप्रतिमासुवर्णगुलिकानयनोऽसावुदायनराजः परं कोपमुपगतो दशभिर्महाबलै राजभिः सहोज्जयिनीं प्रति प्रस्थितः, अन्तरा पिपासाबाधितसैन्यस्त्रिपुष्करकरणेन देवतया निस्तारितसैन्योऽक्षेपेणोज्जयिन्या बहिः प्राप्तः रथारूढश्च धनुर्वेदकुशलतया सन्नद्धहस्तिरत्नारूढं चण्डप्रद्योतं प्रजिहीर्षुर्मण्डल्या भ्रमतश्चरणतलशरव्याविद्धहस्तिनो भुवि निपातनेन वशीकृतवान्, 'दासीपतिः' इति ललाटपट्टे मयूरपिच्छेनाङ्कितवान् इति ।।

❖ 'ज्ञातचण्डप्रद्योतावगमो' પાઠ છે ત્યાં 'ज्ञातचण्डप्रद्योताऽऽगमो' પાઠની સંભાવના છે.

ટીકાર્થ :-

तत्र ..... ऽभूत् । ત્યાં=પ્રશ્નવ્યાકરણમાં ચોથા આશ્રવદ્વારમાં, 'सुवन्नगुलिआए' એ પ્રમાણે પ્રતીકમાં= એ પ્રમાણે પ્રતીક લઈને, ટીકા છે. જે આ પ્રમાણે – સુવર્ણગુલિકાના માટે સંગ્રામ થયો.

तथा हि – सिन्धुसौवीरेषु ..... इति ।।

તે આ પ્રમાણે – સિંધુસૌવીર જનપદમાં વિદર્ભકનગરમાં ઉદાયન રાજાની પ્રભાવતીદેવીની સંબંધી દેવદત્તા નામે દાસી હતી, અને દેવ વડે બનાવાયેલી ગોશીર્ષચંદનમયી, રાજમંદિરની અંદર ચૈત્યભવનમાં રહેલી શ્રીમાન મહાવીરસ્વામીની પ્રતિમાની તેણી સેવા કરતી હતી, અને દેશથી ફરતો કોઈક શ્રાવક તે પ્રતિમાને વંદન કરવા આવ્યો. ત્યાં આવેલો આ શ્રાવક રોગ વડે અપટુ શરીરવાળો થયો અને તેણી વડે સમ્યગ્ રીતે તે શ્રાવકની સેવા કરાઈ. તુષ્ટ થયેલા તેના વડે=તે શ્રાવક વડે, સર્વ કામિતને=સર્વ ઇચ્છિતને, આપનારી, આરાધિત દેવતા વડે અપાયેલ સો ગુટિકા તેને અપાઈ, અને તે રીતે તેના વડે, હું વિરૂપ એવી કુબ્જા સુરૂપવાળી થાઉં, એ પ્રકારે મનમાં વિચારીને એક ગુટિકા ખવાઈ, અને તેના પ્રભાવથી તેણી સુવર્ણગુલિકા નામ વડે પ્રસિદ્ધિ પામી. ત્યાર પછી આ=સુવર્ણગુલિકા, વિચારે છે કે મને રૂપસંપત્તિ થઈ, પરંતુ સ્વામીરહિત એવી રૂપસંપત્તિ વડે શું ? ત્યાં આ રાજા=ઉદાયન રાજા, પિતાતુલ્ય છે, તેથી ઇચ્છનીય નથી. વળી, બાકીના તો પુરુષમાત્ર છે, તેઓ વડે શું ? તેથી ઉજ્જયિની નગરીનો સ્વામી ચંડપ્રદ્યોત રાજાને મનમાં ધારણ કરીને ગુટિકા ખાધી. તેથી આ=ચંડપ્રદ્યોત, દેવતાના અનુભાવથી=પ્રભાવથી, તેણીને જાણીને તેને લઈ જવા માટે હસ્તિરત્ન ઉપર બેસીને ત્યાં=વિદર્ભકનગરમાં, આવ્યો. તેના વડે=ચંડપ્રદ્યોત વડે, તેણી બોલાવાઈ. તેણી વડે કહેવાયું - જો તું પ્રતિમાને લે તો હું આવું. તેના વડે=ચંડપ્રદ્યોત વડે, કહેવાયું. પ્રતિમાને હું કાલે લઈ જઈશ. તેથી આ=ચંડપ્રદ્યોત, પોતાના નગરમાં જઈને દેવતા વડે બનાવાયેલ પ્રતિમાના રૂપને કરાવીને તે પ્રમાણે જ રાત્રિમાં આવ્યો, અને દેવતાનિર્મિત પ્રતિમાના સ્થાને સ્વકીય પ્રતિમાને=પોતે બનાવેલ પ્રતિમાને, મૂકીને તે પ્રતિમાને અને સુવર્ણગુલિકાને ગ્રહણ કરીને પ્રભાતે ચંડપ્રદ્યોત ગયો. ગંધહસ્તિ વડે મુકાયેલ મૂત્ર અને વિષ્ટાની ગંધ વડે મદરહિત પોતાના હાથીઓને જાણીને ચંડપ્રદ્યોતનું આગમન જાણી, પ્રતિમા અને સુવર્ણગુલિકાનું લઈ જવું જાણી, અત્યંત કોપને પામેલા આ ઉદાયન રાજાએ દશ મહાબળવાળા રાજાઓની સાથે ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. વચ્ચે તરસથી પીડાતા સૈન્યવાળો અને દેવતા વડે (કરેલ) ત્રણ વાવડી વડે વિસ્તારિત સૈન્યવાળો, અક્ષેપથી=વિલંબ રહિત, ઉજ્જયિનીની બહાર પહોંચ્યો, અને રથ ઉપર આરૂઢ થયેલો, બખ્તર સહિત હસ્તિરત્ન ઉપર આરૂઢ થયેલા ચંડપ્રદ્યોતને જીતવાની

ઇચ્છાવાળો, ધનુર્વેદમાં કુશળપણું હોવાને કારણે મંડલી વડે ભમતા એવા ચરણતલમાં બાણથી વીંધાયેલા હાથીને જમીન ઉપર પાડવા વડે વશ કર્યો અને 'દાસીપતિ', એ પ્રમાણે લલાટપટ્ટમાં=કપાળ ઉપર, મોરપીંછા વડે અંકિત કર્યું.

❖ **'इति' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિસૂચક છે.**

ટીકા :-

दिग्द्वयाभिग्रहे स्थानाङ्गालापको द्वितीयस्थाने प्रथमोद्देशके यथा-(सू.७६) "दो दिसाओ अभिगिज्झ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पव्वावित्तए पाईणं चेव उदीणं चेव एवं मुंडावित्तए, सिक्खावित्तए, उवट्ठावित्तए, संभुजित्तए, संवासित्तए, सज्झायं उद्दिसित्तए, सज्झायं समुद्दिसित्तए, सज्झायं अणुजाणित्तए, आलोइत्तए, पडिक्कमित्तए, णिंदित्तए, गरहित्तए, विउट्टित्तए, विसोहित्तए, अकरणयाए अब्भुट्ठित्तए, अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जित्तए । दो दिसाओ अभिगिज्झ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अपच्छिममारणंतियसंलेहणाजूसणाजूसियाणं भत्तपाणपडिआइक्खियाणं पाओवगयाणं कालं अणवक्कंखमाणाणं विहरित्तए, तं पाईणं चेव उदीणं चेव त्ति" ।

ટીકાર્થ :-

द्विग्द्वयाभिग्रहे ..... यथा – બે દિશાના અભિગ્રહમાં=પ્રશસ્ત કાર્ય બે દિશા સન્મુખ કરવામાં, સ્થાનાંગ સૂત્રનો આલાપક દ્વિતીય સ્થાનમાં પ્રથમ ઉદ્દેશકમાં છે, જે આ પ્રમાણે –

दो दिसाओ ..... चेव त्ति । પૂર્વ અને ઉત્તર - આ બે દિશાને અંગીકાર કરીને=તેની સન્મુખ રહીને, સાધુ અને સાધ્વીને પ્રવ્રજ્યા આપવા માટે કલ્પે છે. એ પ્રમાણે મુંડન કરવા માટે, શિક્ષા આપવા માટે, ઉપસ્થાપના કરવા માટે, સંભોજન માટે, સંવાસ માટે, સ્વાધ્યાયના ઉદ્દેશ માટે, સ્વાધ્યાયના સમુદ્દેશ માટે, સ્વાધ્યાયની અનુજ્ઞા માટે, આલોચના માટે, પ્રતિક્રમણ માટે, નિંદા કરવા માટે, ગર્હા કરવા માટે, વ્યાવૃત્ત થવા માટે, વિશોધન કરવા માટે, અકરણ તરીકે સ્વીકારવા માટે, યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપકર્મ સ્વીકારવા માટે કલ્પે છે.

બે દિશાને અંગીકાર કરીને=તેની સન્મુખ રહીને, અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની જોષણાથી જોષિત, ભક્તપાનના પ્રત્યાખ્યાનવાળા, પાદપોપગમન અનશન સ્વીકારેલાં, કાલ=મૃત્યુની, અનવકાંક્ષાવાળા=ઇચ્છા નહિ રાખવાવાળા, સાધુ અને સાધ્વીને રહેવા માટે કલ્પે છે, અને તે=બે દિશા પૂર્વ અને ઉત્તર જાણવી.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

एतद्वृत्ति :- 'दो दिसाओ' इत्यादि-द्वे दिशौ=काष्ठे, अभिगृह्य=अङ्गीकृत्य-तदभिमुखीभूयेत्यर्थः कल्पते=युज्यते निर्गता ग्रन्थाद् धनादेरिति निर्ग्रन्थाः=साधवस्तेषां, निर्ग्रन्थ्यः=साध्व्यस्तासाम्, प्रव्राजयितु-रजोहरणादिदानेन, प्राचीनां=प्राचीं=पूर्वामित्यर्थः, उदीचीनां=उदीचीं=उत्तरामित्यर्थः उक्तं च-पुव्वाभिमुहो उत्तरमुहो व दिज्जाऽहवा पडिच्छेज्जा । जाए जिणादओ वा दिसाइ (हवेज्ज) जिणचेइयाइं वा ।। (वि. आ. भा. ३४०६) एवमिति यथा प्रव्राजनसूत्रं दिग्द्वयाभिलापेनाधीतमेवं मुण्डनादिसूत्राण्यपि षोडशाध्येतव्यानीति । तत्र मुण्डयितुं शिरोलोचनेन

।१। शिक्षयितुं=ग्रहणशिक्षापेक्षया सूत्रार्थौ ग्राहयितुम्, आसेवनशिक्षापेक्षया तु प्रत्युपेक्षणादि शिक्षयितुमिति ।२। उपस्थापयितुं=महाव्रतेषु व्यवस्थापयितुम् ।३। संभोजयितुं=भोजनमण्डल्यां निवेशयितुम् ।४। संवासयितुं=संस्तारकमण्डल्यां निवेशयितुम् ।५। सुष्ठु आ-मर्यादया अधीयत इति स्वाध्यायः-अङ्गादिः, तमुद्देष्टुम्='योगविधिक्रमेण सम्यग्योगेनाधीष्वेदमि'ति एवमुपदेष्टुमिति ।६। समुद्देष्टुम्='योगसामाचार्यैव स्थिरपरिचितं कुर्विदमि'ति वक्तुमिति।७। अनुज्ञातुम्='तथैव सम्यगेतद् धारयाऽन्येषां च प्रवेदये'त्येवमभिधातुमिति ।८। आलोचयितुम्=गुरवेऽपराधान्निवेदयितुमिति ।९। प्रतिक्रमितुं=प्रतिक्रमणं कर्त्तुमिति ।१०। निन्दितुम्-अतिचारान् स्वसमक्षं जुगुप्सितुम्, आह च 'सचरित्तपच्छायावो निंद'त्ति ।११। गर्हितुम्=गुरुसमक्षं तानेव जुगुप्सितुम् । आह च-'गरहावि तहाजातीयमेव णवरं परप्पयासणए'त्ति ।१२। विउट्टित्तए'=व्यतिवर्तयितुं-विव्रोटयितुं-विकुट्टयितुं वा अतिचारानुबन्धं विच्छेदयितुमित्यर्थः ।१३। विशोध-यितुम्=अतिचारपङ्कापेक्षयाऽऽत्मानं विमलीकर्तुमिति ।१४। अकरणतया पुनर्न करिष्यामीत्येवमभ्युत्था-तुमभ्युपगन्तुमिति ।१५। यथार्हमतिचाराद्यपेक्षया यथोचितं पापच्छेदकत्वात् प्रायश्चित्त-विशोधकत्वाद्वा प्रायश्चित्तम् उक्तं च-'पावं छिंदइ जम्हा पायच्छित्तं तु भण्णए तम्हा । पाएण वा वि चित्तं विसोहए तेण पच्छित्तं त्ति । तपःकर्म निर्विकृतिकादिकं प्रतिपत्तुमभ्युपगन्तुमिति ।१६। सप्तदशं सूत्रं साक्षादेवाह-'दो दिसि' इत्यादि, पश्चिमैवामङ्गलपरिहारार्थमपश्चिमा सा चासौ मरणमेव योऽन्तस्तत्र भवा मारणान्तिकी च सा चासौ संलिख्यतेऽनया शरीरकषायादीति संलेखना तपोविशेषः सा चेति अपश्चिममारणान्तिकसंलेखना तस्याः 'जूसणंत्ति-जोषणा=सेवा तया, जोषणलक्षणधर्मेणेत्यर्थः । 'जूसियाणं त्ति - सेवितानां=तद्युक्तानामित्यर्थः, तया वा जोषितानां=क्षपितदेहानामित्यर्थः । तथा भक्तपाने प्रत्याख्याते यैस्ते तथा, तेषां पादपवदुपगतानामचेष्टतया स्थितानामनशनविशेषं प्रतिपन्नानामित्यर्थः, कालं=मरणकालमनव-काङ्क्षताम्, तत्रानुत्सुकानां विहर्त्तुं=स्थातुम्, इति ।। १७।। **एवमेतानि दिक्सूत्राण्यादितोऽष्टादश, सर्वत्र यत्र व्याख्यातं तत्सुगमत्वादिति ।**

ટીકાર્થ :-

एतद्वृत्तिः=આની=સ્થાનાંગ સૂત્રના પાઠની, ટીકા આ પ્રમાણે –

'दो दिसाओ' इत्यादि – ..... स्थातुमिति । બે દિશાનો સ્વીકાર કરીને=તેને સન્મુખ થઈને, એ પ્રમાણે અર્થ જાણવો. પૂર્વ અને ઉત્તર બે દિશાને સન્મુખ થઈને ગ્રંથથી=ધનાદિથી, રહિત સાધુઓને અને નિર્ગ્રંથીઓને=સાધ્વીઓને, રજોહરણાદિ આપવા વડે દીક્ષા આપવા માટે કલ્પે છે. મૂળ સ્થાનાંગના પાઠમાં પાઈણં=પ્રાચીનાં ષષ્ઠી વિભક્તિ છે, તેનો પ્રાચીં=પૂર્વ એ પ્રમાણે અર્થ જાણવો; અને उदीणं=उदीचीनां ષષ્ઠી વિભક્તિ છે, તેનો ઉત્તર એ પ્રમાણે અર્થ જાણવો. તેથી અર્થ આ મુજબ થયો - પૂર્વદિશા અને ઉત્તરદિશા સન્મુખ રહીને સાધુ-સાધ્વીઓને દીક્ષા આપવી કલ્પે છે.

❖ મૂળ સૂત્રમાં 'પ્રાચીનાં' અને 'ઉદીચીનાં' અહીં ષષ્ઠી વિભક્તિ છે, તે દ્વિતીયા વિભક્તિના અર્થમાં છે.

તેમાં સાક્ષી આપે છે –

'उक्तं च' – અને કહ્યું છે – જે દિશામાં જિનેશ્વરો અથવા જિનચૈત્યો રહેલાં છે, (તે દિશામાં) પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ રહીને દીક્ષા આપવી કે લેવી.

સ્થાનાંગના મૂળપાઠમાં एवं मुंडावित्तए ઇત્યાદિ પાઠ કહ્યો, ત્યાં 'एवम्' નો અર્થ કરે છે - જે પ્રમાણે=જે રીતે પ્રવ્રાજન સૂત્ર અર્થાત્ દીક્ષા આપવા સંબંધી સૂત્ર, દિગ્દ્વયના અભિલાપ વડે કહેવાયેલ છે એ રીતે=પૂર્વ-ઉત્તરદિશા સન્મુખ રહીને દીક્ષા આપવી કલ્પે છે એમ કહ્યું એ પ્રકારે, મુંડનાદિ સોળ સૂત્રો પણ કહેવાં.

ત્યાં=સોળ ભેદમાં, (૧) મસ્તકના વાળનો લોચ કરવા વડે મુંડન કરવા માટે, (૨) શિક્ષા આપવા માટે= ગ્રહણશિક્ષાની અપેક્ષાએ સૂત્ર અને અર્થને ગ્રહણ કરાવવા માટે, વળી આસેવનશિક્ષાની અપેક્ષાએ પડિલેહણાદિ ક્રિયા શીખવાડવા માટે, (૩) ઉપસ્થાપના કરવા માટે=મહાવ્રતોમાં વ્યવસ્થાપન કરવા માટે, (૪) સંભોજન માટે=ભોજન માંડલીમાં પ્રવેશ કરાવવા માટે, (૫) સંવાસ માટે=સંસ્તારક માંડલીમાં પ્રવેશ કરાવવા માટે, (૬) સ્વાધ્યાયના ઉદ્દેશા માટે='सुष्ठु'=સારી રીતે 'आ'=મર્યાદાપૂર્વક ભણાય તે સ્વાધ્યાય=અંગાદિ સૂત્રો તેના ઉદ્દેશા માટે=યોગવિધિ ક્રમ સમ્યગ્યોગ વડે "આ તું ભણ," એ પ્રમાણે ઉપદેશ આપવા માટે, (૭) સમુદ્દેશ માટે=યોગ સામાચારીને=યોગની સમ્યગ્ આચરણાને જે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપે ભણવાનો ઉપદેશ આપ્યો, તેને સ્થિરપરિચિત કર, એ પ્રકારે કહેવા માટે, (૮) અનુજ્ઞા માટે=તે પ્રકારે જ=જે પ્રમાણે અંગાદિ સૂત્ર સ્થિરપરિચિત કર્યાં, તે પ્રકારે જ, આ=અંગાદિ સૂત્ર તું સમ્યગ્ ધારણ કર અને બીજાઓને નિવેદન કર, એ પ્રકારે કહેવા માટે,

❖ યોગવિધિના ક્રમ વડે=સમ્યગ્ યોગોદ્વહનની ક્રિયાના ક્રમ વડે, આ અંગાદિ સૂત્ર તું ભણ, આ પ્રમાણે કહીને ગીતાર્થ ગુરુ શિષ્યને ઉચિત તપાદિપૂર્વક સૂત્ર અને અર્થ ભણાવે, અને એ જ પ્રમાણે શિષ્ય ગ્રહણ કરે. અને ગ્રહણ કર્યા પછી સમુદ્દેશમાં ગુરુ તેને કહે કે, હવે આ અંગાદિ સૂત્ર તું જે ભણ્યો તે સ્થિરપરિચિત કર, અને પછી અનુજ્ઞામાં તેને કહે કે, સ્થિરપરિચિત કર્યા પછી આ અંગાદિ સૂત્ર વિચ્છિન્ન ન થાય તે રીતે તું તેને ધારણ કર=વારંવાર સ્વાધ્યાયાદિ કરીને અવિસ્મૃત રાખ, અને અન્યને પણ તે જ પ્રકારે ભણાવ.

(૯) આલોચના કરવા માટે=ગુરુને અપરાધોનું નિવેદન કરવા માટે, (૧૦) પ્રતિક્રમણ કરવા માટે, (૧૧) નિંદા કરવા માટે=પોતાની સમક્ષ=સ્વ સાક્ષીએ, અતિચારોની જુગુપ્સા કરવા માટે. તેમાં સાક્ષી આપે છે - 'आह च' અને કહ્યું છે - સ્વ આચરણાનો પશ્ચાત્તાપ તે નિંદા છે.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

(૧૨) ગર્હા કરવા માટે=ગુરુ સમક્ષ તેની જ=અતિચારોની જ, જુગુપ્સા કરવા માટે. તેમાં સાક્ષી આપે છે - ગર્હા પણ તથાજાતીય જ=નિંદાજાતીય જ છે, ફક્ત બીજા સમક્ષ પ્રકાશ કરવારૂપ છે.

(૧૩) विउट्टित्तए=વ્યતિવર્તન કરવા અથવા વિત્રોટન માટે, અથવા વિકુટ્ટન માટે=અતિચારોના અનુબંધનો વિચ્છેદ કરવા માટે એ પ્રમાણે અર્થ જાણવો, (૧૪) વિશોધન કરવા માટે=અતિચારરૂપ કાદવની અપેક્ષાએ આત્માને નિર્મળ કરવા માટે, (૧૫) અકરણપણા વડે ફરી નહિ કરું, એ પ્રકારે અભ્યુત્થાન કરવા માટે=સ્વીકાર કરવા માટે, (૧૬) યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપકર્મ સ્વીકારવા માટે=યથાર્હ અર્થાત્ અતિચારાદિની અપેક્ષાએ યથાયોગ્ય, પાપનું છેદકપણું હોવાથી પ્રાયશ્ચિત્ત અથવા તો પ્રાયઃ કરીને ચિત્તનું વિશોધકપણું હોવાથી પ્રાયશ્ચિત્ત; તે પ્રાયશ્ચિત્ત તપકર્મ=નીવિ વગેરે સ્વીકારવા માટે,

પ્રાયશ્ચિત્તની આ વ્યુત્પત્તિ કરી, તેમાં સાક્ષી આપે છે - 'उक्तं च' - અને કહ્યું છે - જે કારણથી પાપને છેદે

છે, તે કારણથી પ્રાયચ્છિત્ત કહેવાય છે, અથવા પ્રાયઃ કરીને ચિત્તનું વિશોધક છે તેથી કરીને પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

(૧૭) સત્તરમું સૂત્ર 'दो दिसि' - ઇત્યાદિ મૂળમાં કહેલ છે, તે પાઠ દ્વારા સાક્ષાત્ બતાવે છે –

અપશ્ચિમ એવી મારણાન્તિકી સંલેખનાની જોષણાથી જુષિત દેહવાળા એ પ્રમાણે સમાસ છે. અહીં અમંગલ પરિહાર માટે પશ્ચિમને જ અપશ્ચિમ કહેલ છે. તેમાં અપશ્ચિમ એવી સંલેખના તે આ. મરણ જ જે અંત, તેમાં થનારી મારણાન્તિકી એવી સંલેખના તપોવિશેષ છે. સંલેખનાનો અર્થ કરે છે - આના વડે શરીર-કષાયાદિ સંલેખન કરાય છે, એથી સંલેખના એ તપોવિશેષ છે. તેની 'जूसणं त्ति' – જોષણા=સેવા=આચરણા, તેના વડે=જોષણલક્ષણ ધર્મ વડે, 'जूसियाणं त्ति' સેવિત=તેનાથી યુક્ત, એ પ્રમાણે અર્થ જાણવો. અર્થાત્ અપશ્ચિમ મારણાંતિકી સંલેખનાની આચરણાથી સહિત એવા અથવા તો તેના વડે જોષિત=ક્ષપિતદેહવાળા, એ પ્રકારે અર્થ જાણવો અર્થાત્ છેલ્લી મારણાંતિકી સંલેખનાના સેવનથી ક્ષપિત દેહવાળા, તથા ભક્તપાનનું પ્રત્યાખ્યાન જેઓ વડે કરાયેલું છે, તેવા પાદપોપગમન-પાદપની=વૃક્ષની, જેમ ચેષ્ટારહિતપણા વડે રહેલા=વિશેષ પ્રકારના અનશનનો સ્વીકાર કરેલા, એ પ્રકારે અર્થ જાણવો. તથા કાલ=મરણકાળને, અનવકાંક્ષાવાળા=અનુત્સુક, એવા સાધુ અને સાધ્વીને વિહાર કરવા માટે=અનશન કરીને રહેવા માટે, બે દિશા સન્મુખ કલ્પે છે. ॥૧૭॥

एवमेतानि ..... सुगमत्वादिति । આ પ્રકારે આ દિશાસૂત્રો આદિથી અઢાર છે=પ્રથમ સૂત્ર પ્રવ્રજ્યા સંબંધી કહ્યું, ત્યાર પછી મુંડન વગેરે માટે ૧૬ સૂત્રો કહ્યાં, અને ત્યાર પછી ૧૭મું અનશન સંબંધી સૂત્ર સાક્ષાત્ કહ્યું. એ પ્રકારે કુલ-૧૮ દિશાસૂત્રો છે.

સર્વ દિશા સંબંધી વર્ણનમાં જે વ્યાખ્યાન કરેલ નથી તે સુગમપણું હોવાથી કરેલ નથી.

'इति' શબ્દ સ્થાનાંગસૂત્રની ટીકાની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

अत्र हि दिग्द्वयाभिमुखीकरणमर्हच्चैत्यानां भूम्नाऽभिमुखीकरणायैवेति, तद्विनयस्य सर्व-प्रशस्तकर्मपूर्वाङ्गत्वाद् गृहस्थस्याधिकारिणो लोकोपचारतद्विनयात्मकपूजायाः प्राधान्यमुचितमेवेति तात्पर्यम् ।

ટીકાર્થ :-

अत्र हि ..... इति । અહીંયાં=સ્થાનાંગ સૂત્રના પાઠમાં, આ ૧૮ પ્રકારની ક્રિયા કરવાની કહી, ત્યાં, બે દિશાનું અભિમુખકરણ ઘણા અર્હત્ ચૈત્યોના અભિમુખકરણ માટે જ છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

આ કથનનું તાત્પર્ય શું છે, તે બતાવતાં કહે છે –

'तद्विनयस्य ..... तात्पर्यम् ।' તેના વિનયનું=અર્હત્ ચૈત્યોના વિનયનું, સર્વ પ્રશસ્ત કર્મમાં પૂર્વાંગપણું હોવાથી અધિકારી એવા ગૃહસ્થને લોકોપચારરૂપ તદ્ વિનયાત્મક પૂજાનું=અર્હત્ ચૈત્યોના વિનય સ્વરૂપ પૂજાનું, પ્રાધાન્ય ઉચિત જ છે, એ પ્રકારે તાત્પર્ય છે.

ભાવાર્થ :-

સ્થાનાંગસૂત્રના કથનથી એ પ્રાપ્ત થયું કે, પૂર્વ અને ઉત્તર એ બે દિશામાં ઘણાં ચૈત્યો છે, તેથી તે બે દિશાઓને અભિમુખ બધાં પ્રશસ્ત કાર્યો કરવામાં આવે છે, અને તેમ કરવાથી ઘણાં ચૈત્યોનો વિનય થાય છે, અને તે ઘણાં ચૈત્યોનો વિનય સર્વ પ્રશસ્ત ક્રિયાઓના પૂર્વાંગરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ઘણાં ચૈત્યો એ બે દિશાઓમાં હોવાથી તે બે દિશાઓને અભિમુખ બધા કાર્યો કરવામાં આવે છે, તેથી તે ચૈત્યોનો વિનય થાય છે. અને તેનાથી ફલિત એ થાય છે કે, પૂજાના અધિકારી એવા ગૃહસ્થોને લોકોપચારરૂપ જિનપ્રતિમાના વિનયસ્વરૂપ પૂજાનું પ્રધાનપણું ઉચિત છે. જેમ સંયમ ગ્રહણ કરતી વખતે જિનપ્રતિમાવાળી દિશાઓને અભિમુખ કરીને સંયમ ગ્રહણ કરવું ઉચિત છે, તેમ પૂજાના અધિકારી ગૃહસ્થોને લોકમાં જે રીતે ઉપચાર પ્રવર્તે છે, તે રીતે પુષ્પાદિ દ્વારા ઉપચાર કરીને જિનપ્રતિમાનો વિનય કરવો, તે તેમના માટે પ્રધાન કર્તવ્ય છે.

મૂળ ગાથા-૬૪માં કહેલ છે કે, સુવર્ણગુલિકાના સંબંધનિર્ધારણથી સ્થાપનાજિનમાં અમારી ભક્તિ સ્થિર થાય છે, તેથી પ્રથમ સુવર્ણગુલિકાનો સંબંધ બતાવ્યો. ત્યાર પછી ત્રીજા અંગમાં=સ્થાનાંગમાં, બે દિશામાં પ્રશસ્ત કાર્ય કરવાનાં કહ્યાં છે, તેથી સ્થાપનાજિનમાં અમારી ભક્તિ સ્થિર થાય છે, એમ મૂળ શ્લોક-૬૪માં જ કહ્યું. તેથી તે સ્થાનાંગનો આલાપક ટીકા સાથે આપ્યો. ત્યાર પછી વ્યવહારસૂત્ર પ્રમાણે સમ્યગ્ભાવિત ચૈત્ય પાસે આલોચના કરવાનું કહ્યું છે, તેથી અમારી સ્થાપનાજિનમાં ભક્તિ સ્થિર થાય છે એમ કહ્યું. તેથી હવે વ્યવહારસૂત્રનો આલાપક બતાવે છે –

ટીકા :-

व्यवहारालापको यथा –

"भिक्खु य अण्णयरं अकिच्चट्ठाणं सेवित्ता इच्छेज्जा आलोइत्तए, जत्थेवप्पणो आयरियउवज्झाए पासेज्जा, तस्संतियं आलोएज्जा पडिक्कमिज्जा जाव पायच्छित्तं पडिवज्जिज्जा । णो चेव अप्पणो आयरिय-उवज्जाए पासेज्जा, जत्थेव संभोइयं साहम्मियं पासेज्जा बहुस्सुयं बब्भागमं तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा । णो चेव संभोइयं साहम्मियं, जत्थेव अन्नसंभोइयं साहम्मियं पासेज्जा, बहुस्सुयं बब्भागमं, तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा । णो चेव अन्नसंभोइयं, जत्थेव सारूवियं पासेज्जा बहुस्सुयं बब्भागमं, तस्संतियं आलोएज्जा जाव पडिवज्जेज्जा । णो चेव णं सारूवियं पासेज्जा बहुस्सुयं बब्भागमं, जत्थेव पच्छाकडं पासेज्जा, बहुस्सुयं बब्भागमं, कप्पइ से तस्सन्तिए आलोएत्तए जाव पडिवज्जित्तए । णो चेव पच्छाकडं पासेज्जा बहुस्सुयं बब्भागमं, जत्थेव सम्मं भावियाइं (चेइयाइं) पासेज्जा, कप्पइ से तस्संतिए आलोएत्तए वा पडिक्कमेत्तए वा जाव पायच्छित्तं पडिवज्जेत्तए । नो चेव सम्मं भावियाइं (चेइयाइं) पासेज्जा, बहिया गामस्स वा, नयरस्स वा निगमस्स वा रायहाणीए वा, खेडस्स वा, कब्बडस्स वा मंडबस्स वा, पट्टणस्स वा, दोणमुहस्स वा, आसमस्स वा संवाहस्स वा, सन्निवेसस्स वा पाईणाभिमुहे वा, उदीणाभिमुहे

वा करयलपरिग्गहियंसिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वएज्जा-"एवइया मे अवराहा, एवइखुत्तो अहं अवरद्धो" अरिहंताणं सिद्धाणं अन्तिए आलोएज्जा जाव पडिवज्जिज्जासि त्ति बेमि (उ १. सू. ३३) । **अस्यार्थलेशो यथा -** भिक्षुरन्यतरदकृत्यस्थानं सेवित्वा इच्छेदालोचयितुं स चालोचयितुमिच्छुः यत्रैवात्मन आचार्योपाध्यायान् पश्येत्, तत्रैव गत्वा तेषामन्तिके=समीपे, आलोचयेत्=अतिचारजातं वचसा प्रकटीकुर्यात् । प्रतिक्रामेत्=तद्विषये मिथ्यादुष्कृतं दद्यात् । यावत्करणात्-निंदेज्जा गरहेज्जा, विउट्टेज्जा विसोहेज्जा, अकरणयाए अब्भुट्ठेज्जा, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जेज्जा' इति परिग्रहः । तत्र निन्द्यात्-आत्मसाक्षिकं जुगुप्सेत् । गर्हेत्-गुरुसाक्षिकम् । इह निन्दनगर्हणमपि तात्त्विकं तदा भवति यदा तत्करणतः प्रतिनिवर्त्तते । तत आह-'विउट्टेज्जा' इति, तस्मादकृत्यप्रतिसेवना-द्व्यावर्त्तेत=निवर्त्तेत, व्यावृत्तावपि कृतात्पापात्तदा विमुच्यते, यदाऽऽत्मनो विशोधिर्भवति, तत आह-आत्मानं विशोधयेत्-पापमलस्फेटनतो निर्मलीकुर्यात् सा च विशुद्धिरपुनःकरणतायामुपपद्यते, ततस्तामेवापुनः-करणतामाह-अकरणतया पुनरभ्युत्तिष्ठेत्, पुनरकरणतया अभ्युत्थानेऽपि विशुद्धिः प्रायश्चित्तप्रत्तिपत्त्या भवति, तत आह-यथार्हं=यथायोग्यं, तपःकर्म, तपोग्रहणमुपलक्षणं छेदादिकं प्रायश्चित्तं प्रतिपद्येत । यदि पुनरात्मीयेष्वाचार्योपाध्यायेषु सत्स्वन्येषामन्तिके आलोचयति, ततः प्रायश्चित्तं तस्य चतुर्गुरु आह । ननु पूर्वमेकाकिविहारे दोषाः प्रतिपादितास्तदनन्तरं पार्श्वस्थादिविहारोऽपि निषिद्धस्ततो नियमाद् गच्छे वस्तव्यमिति नियमितम् एवं च नियमिते कथमेकाकी जातो येनोच्यते यत्रैवात्मन आचार्योपाध्यायान् पश्येत्तत्रैव गत्वा तेषामन्तिके आलोचयेदिति । अत्रोच्यते - अशिवादिकारणे एकाकित्वभावे कारणिकमिदं सूत्रमित्यदोषः, कारणाभावे तु पञ्चाऽन्यतराभाववति वासे सशल्यस्य जीवनाशे चारित्रगात्रनाशतः शुभगतिविनाश एव । न चालोचनापरिणतोऽसंपत्तावपि शुद्ध इत्यनेन विरोधः सूत्रप्रामाण्ये निगूहितशक्तेः परिणामस्याप्रामाण्यात् । आह च-**'एवं होइ विरोहो आलोअणपरिणओ शुद्धो अ एगंतेण पमाणं परिणामोवि न खलु अम्हं ति ।।" तथा-"तत्थ न कप्पइ वासो गुणागरा जत्थ नत्थि पंच इमे । आयरियउवज्झाए पवत्तिथेरे य गीयत्थे ।। सुत्तत्थतदुभएहिं उवउत्ता नाणदंसणचरिते । गणतत्तिविप्पमुक्का एरिसया हुंति आयरिया ।।"** गणस्य तप्तिश्चिन्ता तया विप्रमुक्ताः गणावच्छेदिप्रभृतीनां तत्तप्तेः समर्पितत्वात् । उपलक्षणमेतत्, शुभलक्षणोपेताश्च ये एतादृशास्ते भवन्त्याचार्याः, ते चार्थमेव भाषन्ते न सूत्रम्, तत्र कारणानि-**"एगग्गया य झाणे वुड्ढी तित्थयरअणुगिई गुरुआ । आणाथेज्जमिति गुरुकयरिणमुक्खो ण वाएइ ।।"** एकाग्रता ध्यानेऽर्थचिन्तनात्मके सूत्रस्यापि वाचने बहुव्ययत्वात् सा न स्यात् । एकाग्रतायां को गुणोऽत आह-वृद्धिः सूक्ष्मार्थोन्मीलनादर्थस्य स्यात्, तथा तीर्थकृतामनुकृतिः ते हि केवलमर्थं भाषन्ते, गणतप्तिं च न कुर्वन्ति एवमाचार्या अपि तथावर्त्तमानास्तीर्थकरानुकारिणो भवन्ति, अधस्तनपदवर्त्तिभिरप्यधिकृतायाः सूत्रवाचनाया दाने तु लाघवं स्याद् एवं च तेषां तथावर्त्तमानानां लोके राज्ञ इव महती गुरुता स्यात्, तथा च प्रवचनप्रभावना, तथाज्ञायां स्थैर्यं कृतं भवति, इयं हि तीर्थकृतामाज्ञा 'यथोक्तप्रकारेण ममानुकारिणाचार्येण भवितव्यमि'ति । तत एतस्माद्धेतुकलापात्कृतऋणमोक्ष इति च सूत्रं न वाचयत्याचार्यः, सामान्यावस्थायामनेके साधवः सूत्रमध्यापिता

इति ऋणमोक्षः कृतः । **"सुत्तत्थतदुभयविउ उज्जुत्तो नाणदंसणचरित्ते । णिप्फायगसीसाणं एरिसया हुंति उवज्झाया ।"** एतेषां सूत्रवाचनादाने गुणानुपदर्शयति **"सुत्तत्थेसु थिरतं रिणमोक्खो आयती अपडिबन्धो । पाडिच्छे मोहजओ तम्हा वाएइ उवज्झाओ"** । उपाध्यायः शिष्येभ्यः सूत्रवाचनां प्रयच्छन् स्वयमर्थमपि परिभावयति, सूत्रेऽर्थे च तस्य स्थिरत्वमुपजायते तथाऽन्यस्य सूत्रवाचनाप्रदाने सूत्रलक्षणस्य ऋणस्य मोक्षः कृतो भवति तथाऽऽयत्यामाचार्यपदाध्यासेऽप्रतिबन्धः, अनुवर्त्तनं दृढाभ्यासात्तथा सूत्रस्य स्यात् । 'पाडिच्छे'त्ति प्रतीच्छका गच्छान्तरादागत्य सूत्रोपसम्पदं प्रतिद्यमाना, अनुगृह्यैरन्निति शेषः । तथा मोहजयः कृतो भवति, सूत्रवाचनादानमग्नस्य प्रायश्चित्तविस्रोतसिकाया अभावात्, अतः सूत्रं वाचयेदुपाध्यायः । **"तवणियमविणयगुणणिहि पवत्तया नाणदंसणचरित्ते । संगहुवग्गहकुसला पवत्ति एयारिसा हुंति"** । सङ्ग्रहः शिष्याणां सङ्ग्रहणमुपग्रहस्तेषामेव ज्ञानादिषु सीदतामुपष्टम्भकरणम्-**"संजमतवजोगेसु जो जोग्गो तत्थ तं पयट्टेइ । असहुं च णियंतती गणतत्तिल्लो पवित्तीओ"** । तथा च यथोचितं प्रशस्तयोगेषु साधून् प्रवर्त्तयन्तीत्येवंशीलाः प्रवर्तिन इति व्युत्पत्त्यर्थोऽनुगृहीतो भवति । **"संविग्गो मद्दविओ पियधम्मो नाणदंसणचरित्ते । जे अट्ठे परिहायइ सारेंतो तो हवइ थेरो"** ।। त्ति । यो यानर्थान् परिहापयति, तांस्तं स्मारयन् भवति स्थविरः स्थिरीकरोति (इति) स्थविर इति व्युत्पत्तेः तथा चाह-**"थिरंकरणा पुण थेरो पवत्तिवावारिएसु अत्थेसु । जो जत्थ सीयइ जई संतबलो तं पचोएइ"** ।। प्रचोदयति=प्रकर्षेण शिक्षयति । **"उद्धावणापहावणखेत्तोवहिमग्गणासु अविसादी । सुत्तत्थतदुभयविऊ गीअत्था एरिसा हुंति"** । उत्=प्राबल्येन, धावनमुद्धावनम् गच्छकार्यकरणाभ्युपगमः स्त्रीत्वं प्राकृतत्वात् । शीघ्रं तस्य कार्यस्य निष्पादनं प्रधावनम्, क्षेत्रमार्गणा=क्षेत्रप्रत्युपेक्षणा, उपधिमार्गणा=उपध्युत्पादना, एतास्वविषादिनः सूत्रार्थतदुभयविद एतादृशा गीतार्था गणावच्छेदिनो भवन्ति । एवंविधपञ्चकविरहिते गच्छे चेत्प्रायश्चित्तमापन्नः साधुः कारणेन तदा निजाचार्यादीनामन्तिके आलोचनामलभमानः सूत्रोक्तरीत्या परम्परमन्यसाम्भोगिकादिकं तावद् व्रजति यावत् सिद्धान् गच्छति । तत्राचार्याद्यभावे उपाध्यायादिराश्रयणीयः क्रमोल्लङ्घने चतुर्लघु । अथाग्रे सूत्रव्याख्या-यदि पुनरात्मन आचार्योपाध्यायान्न पश्येदभावाद् दूरव्यवधानतो वा ततो यत्रैव सांभोगिकं साधर्मिकं विशिष्टसामाचारीनिष्पन्नम्, बहुश्रुतं=छेदग्रन्थादिकुशलम्, उद्भ्रामकं=उद्यतविहारिणं, पाठान्तरे- बह्वागममर्थतः प्रभूतागमं, पश्येत् तस्यान्तिके आलोचयेत् । अत्रापि यावत्करणात् 'पडिक्कम्मेज्ज' इत्यादिपदकदम्बकपरिग्रहः यदि पुनस्तस्य भावेऽन्यसकाशे आलोचयति तदा चतुर्लघु, तस्याप्यभावेऽसाम्भोगिक-साधर्मिकबहुश्रुतसंविग्न-स्यान्तिके, तस्याप्यभावे सारूपिकस्य बहुश्रुतस्यान्तिके । तस्याप्यभावे पश्चात्कृतस्य गीतार्थस्य । अत्रायं विधिः-**"संविग्गे गीयत्थे सरूविपच्छाकडे य गीयत्थे । पडिक्कंते अब्भुट्ठिय, असती अन्नत्थ तत्थेव ।"** संविग्नेऽन्यसांभोगिकलक्षणेऽसति=अविद्यमाने, पार्श्वस्थस्य गीतार्थस्य समीपे आलोचयितव्यम्, तस्मिन्नपि गीतार्थे पार्श्वस्थेऽसति सारूपिकस्य वक्ष्यमाणस्वरूपस्य गीतार्थस्य समीपे, तस्मिन्नपि सारूपिकेऽसति पश्चात्कृतस्य गीतार्थस्य समीपे आलोचयितव्यमेतेषां च मध्ये यस्य पुरत आलोचनादातुमिष्यते तमभ्युत्थाप्य तदनन्तरं तस्य पुरत आलोचयितव्यम् । अभ्युत्थापनं नाम वन्दनकप्रतीच्छन्नादिकं प्रत्यभ्युपगमकारापणा, तदाह-

अभ्युत्थिते वन्दनकप्रतीच्छनादिकं प्रति कृताभ्युपगमे प्रतिक्रान्तो भूयात् । असति=अविद्यमानेऽभ्युत्थाने पार्श्वस्थादीनां निषद्यामारचय्य प्रणाममात्रं कृत्वाऽऽलोचनीयम्, पश्चात्कृतस्येत्वरसामायिकारोपणं लिङ्गप्रदानं च कृत्वा यथाविधि तदन्तिके आलोचनीयम् । 'अन्नत्थ तत्थेव'त्ति यदि पार्श्वस्थादिरभ्युत्तिष्ठति तदा प्रवचनलाघवभिया तेनाऽन्यत्र गत्वाऽऽपन्नप्रायश्चित्तं शुद्धतपो वा वहनीयम्, मासादिकमुत्कर्षतः षण्मासान्तं यदि वा परिहारतपः । अथ स नाभ्युत्तिष्ठति शुद्धं च तपस्तेन प्रायश्चित्तं दत्तम्, ततश्च तत्रैव तपो वहति । एतदेव व्याचष्टे - **"असतीए लिंगकरणं सामाइअ इतरं च कितिकम्मं । तत्थेव य सुद्धतवो गवेसणा जाव सुहदुक्खे"** ।। असति=अविद्यमाने, पश्चात्कृतस्याभ्युत्थाने, गृहस्थत्वाल्लिङ्गकरणं=इत्वरकालं लिङ्गसमर्पणम् तथा इत्वरम्=इत्वरकालं सामायिकमारोपणीयम्, ततस्तस्यापि निषद्यामारचय्य कृतिकर्म वन्दनकं कृत्वा तत्पुरत आलोचयितव्यं तदेवमसतीति व्याख्यातम् । अधुना तत्रैवेति व्याख्यायते-पार्श्वस्थादिको नाभ्युत्तिष्ठति शुद्धं च तपस्तेन प्रायश्चित्ततया दत्तं ततस्तत्रैव स तच्छुद्धं तपो वहति । यावत्तपो वहति तावत्तस्यालोचनाप्रदायिनः सुखदुःखे गवेषयति=सर्वमुदन्तं वहतीत्यर्थः । पश्चात्कृतविधिमाह-**"लिंगकरणं णिसेज्जा कितिकम्ममणिच्छतो पणामो अ । एमेव देवयाए णवरं सामाइयं मोत्तुं"** ।। पश्चात्कृतस्येत्वरकालसामायिकारोपणपुरस्सरमित्वरकालं लिङ्गकरणं रजोहरणसमर्पणम्, तदनन्तरं निषद्याकरणम्, ततः कृतिकर्म वन्दनकं दातव्यम् । अथ स वन्दनकं नेच्छति ततस्तस्य प्रणामो=वाचा कायेन च प्रणाममात्रं कर्त्तव्यम् । पार्श्वस्थादेरपि कृतिकर्म वन्दनकं दातव्यम् । (अथ स वन्दनकं नेच्छति ततस्तस्य प्रणामो वाचा कायेन च प्रणाममात्रं कर्त्तव्यम्,) पार्श्वस्थादेरपि कृतिकर्मानिच्छायां प्रणामः कर्त्तव्यः । एवमेव=अनेनैव प्रकारेण, देवताया अपि सम्यग्भावितायाः पुरत आलोचयति नवरं सामायिकारोपणं लिङ्गसमर्पणं च न कर्त्तव्यमविरतत्वेन तस्यास्तद्योग्यताया अभावात् । यदुक्तं गवेषणा जाव सुहदुक्खे-तद् व्याख्यानयति-**"आहारउवहिसज्जाएसणमाइसु होइ जइअव्वं । अणुमोयणकारावण सिक्ख त्ति पयम्मि तो सुद्धो"** ।। आहारः=पिण्डः, उपधिः=पात्रनिर्योगादिः, शय्या=वसतिः, एषणाशब्दः प्रत्येकमभिसम्बध्यते आहाराद्येषणात्रये, आदिना तद्विनयवैयावृत्त्यादिषु च भवति तेन यतितव्यमनुमोदनेन कारापणेन च, किमुक्तं भवति ? यदि तस्यालोचनार्हस्य कश्चिदाहारादीनुत्पादयति ततस्तस्यानुमोदनाकरणतः प्रोत्साहने यतते । अथान्यः कश्चिन्नोत्पादयति ततः स्वयमालोचक आहारादीन् शुद्धानुत्पादयति, अथ शुद्धं नोत्पाद्यते ततः श्राद्धान् प्रोत्साह्याकल्पिकानप्याहारादीन् यतनयोत्पादयतीति । अथाकल्पिकाहारादीनुत्पादयतस्तस्य मलीनतोपजायते, अथ च स शुद्धिकरणार्थं तदन्तिकमागतस्ततः परस्परविरोधः । अत्राह- "सिक्खत्ति पयम्मि तो सुद्धो" यद्यपि नाम तस्यालोचनार्हस्यार्थायाकल्पिकानाप्याहारा-दीनुत्पादयति तथाप्यासेवनाशिक्षा तस्यान्तिके क्रियत इति द्वितीयपदेऽपवादपदे वर्त्तमानः शुद्धः एव । इदमेव भावयति-**"चोयइ से परिवारं अकरेमाणे भणेइ वा सड्ढे । अव्वुच्छित्तिकरस्स उ सुयभत्तीए कुणह पूयं"** ।। प्रथमं स तस्यालोचनार्हस्य परिवारं वैयावृत्त्यादिकमकुर्वन्तं चोदयति=शिक्षयति तथा 'ग्रहणासेवनशिक्षानिष्णात एषः, तत एतस्य विनयवैयावृत्त्यादिकं क्रियमाणं महानिर्जराहेतुरिति ।' एवमपि शिक्ष्यमाणो यदि न करोति ततस्तस्मिन्नकुर्वाणे स्वयमाहारादीनुत्पादयति । अथ स्वयं शुद्धं प्रायोग्यमाहारादिकं न लभते ततः श्राद्धान् भणति=प्रज्ञापयति, प्रज्ञाप्य च तेभ्योऽकल्पिकमपि यतनया

सम्पादयति । न च वाच्यं तस्यैवं कुर्वतः कथं न दोषो, यत आह-'अवोच्छित्ती'त्यादि-अव्यवच्छित्तिकरस्य पार्श्वस्थादेः श्रुतभक्त्या हेतुभूतयाऽकल्पिकेनाप्या-हारादिना कुरुत पूजां यूयम्, न च तत्र दोषः । इयमत्र भावना-यथा कारणे पार्श्वस्थादीनां समीपे सूत्रमर्थं गृह्णानोऽकल्पिकमप्याहारादिकं यतनया तदर्थं प्रतिसेवमानः शुद्धो, ग्रहणशिक्षायाः क्रियमाणत्वात्, एवमालोचनार्हस्यापि निमित्तं प्रतिसेवमानः, आसेवनशिक्षायास्तत्समीपे क्रियमाणत्वात् । एतदेव स्पष्टतरं भावयन्नाह-**"दुविहासतीए तेसिं आहारादि करेइ सव्वेसिं । पणहाणीए जयंतो अत्तट्ठाएवि एमेव"** ।। "दुविहासइ त्ति' तेषां पार्श्वस्थादीनां कार्याकरणतः स्वरूपतश्च द्विविधे परिवाराभावे सति, 'से'-तस्यालोचनार्हस्याहारादिकं सर्वं कल्पिकमकल्पिकं वा यतनया करोत्युत्पादयति पञ्चकहान्या उपलक्षणाद्दशादिहान्यापि यतमानो न केवलमालोचनार्हार्थं, कारणे समुत्पन्ने आत्मार्थमप्येवमेव यतमानः शुद्धः । अथाग्रे तस्याप्यभावे यत्रैव सम्यग्भावितानि जिनवचनवासितान्तःकरणानि दैवतानि पश्यति तत्र गत्वा तेषामन्तिके आलोचयेत्, दैवतानि हि भृगुकच्छगुणशिलादौ भगवत्समवसरणेऽनेकशो विधीयमानानि शोधिकारणानि दृष्ट्वा विशोधिदानसमर्थानि भवन्ति महाविदेहेषु गत्वा तीर्थकरानापृच्छ्य वाऽष्टमेनाकम्प्य तत्पुरत आलोचयेत् । तासामपि देवतानामभावेऽर्हत्प्रतिमानां पुरतः स्वप्रायश्चित्तदानकुशल आलोचयति, ततः स्वयमेव प्रतिपद्यते प्रायश्चित्तं, तासामप्यभावे ग्रामादेर्बहिः प्राचीनादिदिगभिमुखः करतलाभ्यां प्रगृहीतस्तं तथा, शिरसावर्त्तो यस्य तमलुक्समासः, अञ्जलिं कृत्वा एवं वदेत् - 'एतावन्तो मेऽपराधा एतावत्कृत्वोऽहमपराद्धः' एवमर्हतां सिद्धानामन्तिके आलोचयेत् प्रायश्चित्तदानविधिविद्वानालोच्य च स्वयमेव प्रतिपद्यते प्रायश्चित्तम्, स च तथा प्रतिपद्यमानः शुद्ध एव सूत्रोक्तविधिना प्रवृत्तेः यदपि च विराधितं तत्रापि शुद्धः प्रायश्चित्तप्रतिपत्तेरिति ।।

टीकार्थ :-

व्यवहारालापको यथा - ..... જે પ્રમાણે વ્યવહાર સૂત્રનો આલાપક છે –

भिक्खु च ..... पडिवज्जिज्जा । અન્યતર અકૃત્યસ્થાનને સેવીને ભિક્ષુ=સાધુ, આલોચના કરવા માટે ઇચ્છે તો જ્યાં પોતાના આચાર્ય-ઉપાધ્યાય દેખાય (ત્યાં જઈને) તેમની પાસે આલોચના કરે, પ્રતિક્રમણ કરે, યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારે.

❖ 'यावत्' શબ્દથી અહીં=વ્યવહાર આલાપકમાં આગળમાં કહેલ નિંદા, ગર્હા, વિકુટ્ટન, વિશોધન, (પાપના) અકરણરૂપે અભ્યુત્થાન અને યથાર્હ તપઃકર્મનું ગ્રહણ કરવાનું છે. આગળ પણ 'यावत्' શબ્દથી આ પ્રમાણે ગ્રહણ કરવું.

णो चेव अप्पणो ..... पडिवज्जेज्जा । જો પોતાના આચાર્ય-ઉપાધ્યાયને જુએ નહિ, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ સાંભોગિક સાધર્મિકને જુએ, તેમની પાસે આલોચના કરે, યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારે.

णो चेव संभोइयं ..... पडिवज्जेज्जा । જો સાંભોગિક સાધર્મિક ન હોય, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ અન્ય સાંભોગિક સાધર્મિક હોય, તેમની પાસે આલોચના યાવત્ પ્રતિક્રમણ કરે.

णो चेवं अन्नसंभोइयं ..... पडिवज्जेज्जा । – જો અન્ય સાંભોગિક સાધર્મિક ન હોય, તો જ્યાં બહુશ્રુત, બહુઆગમજ્ઞ સારૂપિકને જુએ (ત્યાં) તેમની પાસે આલોચના યાવત્ પ્રતિક્રમણ કરે.

णो चेव णं सारूवियं ..... पडिवज्जित्तए । – જો બહુશ્રુત બહુઆગમવાળા સારૂપિકને ન જુએ તો જ્યાં જ બહુશ્રુત, બહુઆગમજ્ઞ પશ્ચાત્કૃતને જુએ તો તેમની પાસે સે=તસ્સ=તેને=આલોચકને આલોચન કરવા માટે યાવત્ પ્રતિક્રમણ કરવા માટે કલ્પે છે.

णो चेव पच्छाकडं ..... पडिवज्जेत्तए । – જો બહુશ્રુત, બહુઆગમજ્ઞ પશ્ચાત્કૃતને ન જુએ તો જ્યાં જ સમ્યગ્ ભાવિત (દેવતા કે ચૈત્યને) જુએ તો તેમની પાસે આલોચના કરવા માટે, પ્રતિક્રમણ કરવા માટે યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારવા માટે કલ્પે છે.

णो चेव सम्मं भावियाइं ..... त्ति बेमि - જો સમ્યગ્ ભાવિત (દેવતા કે ચૈત્યને) પણ ન જુએ તો ગામની, નગરની, નિગમની રાજધાનીની, ખેટકની, કર્બટની, મંડલની, પટ્ટનની, દ્રોણમુખની, આશ્રમની, સંવાહની, સંનિવેશની બહાર પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ હાથ જોડી, શીર્ષાવર્ત કરી, મસ્તકે અંજલિ કરી, આ પ્રમાણે કહે - મારા આટલા અપરાધો છે, મેં આટલી વાર અપરાધ કર્યા છે. (આમ) અરિહંતો અને સિદ્ધોની સમીપે (સાક્ષીએ) આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત કરે, એ પ્રમાણે હું કહું છું=ભગવાન કહે છે. (ઉદ્દેશ-૧, સૂત્ર-૩૩)

❖ વ્યવહારસૂત્રના આલાપકમાં 'सम्मं भाविआइं चेइआइं पासेज्जा' પાઠ છે, ત્યાં 'चेइआइं' પાઠ વ્યવહારસૂત્રમાં છે અને પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતિમાં નથી.

नो चेव सम्मं भाविआइं चेइआइं ..... પાઠ છે, ત્યાં પણ પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતિમાં 'चेइआइं' પાઠ નથી અને चेइआइं નથી તેમ સ્વીકારીએ તો જ આગળમાં ગ્રંથકારશ્રીએ આ આલાપકની ટીકા પૂરી થયા પછી કહ્યું છે કે,

જેમ - 'अहं च भोगरायस्स' એ પ્રકારના દશવૈકાલિકના પાઠમાં પુત્રીનો આક્ષેપ થાય છે, તેની જેમ 'सम्मं भाविआइं' એ વિશેષણ દ્વારા દેવતા અને ચૈત્યરૂપ વિશેષ્યદ્વયનો આક્ષેપ થાય છે, એ વાત સંગત થાય માટે વ્યવહારસૂત્રના પાઠમાં 'सम्मं भाविआइं' પછી બંને સ્થાનમાં 'चेइआइं' પદ સ્વીકારવું ઉચિત નથી.

વ્યવહારસૂત્રની ટીકા આ પ્રમાણે –

अस्यार्थलेशो यथा ..... दद्यात् । આ સૂત્રનો અર્થલેશ, જે આ પ્રમાણે - અન્યતર અકૃત્યસ્થાનનું સેવન કરીને ભિક્ષુ=સાધુ, આલોચના કરવા માટે ઈચ્છે, અને તે આલોચના કરવા માટે ઈચ્છુક (ભિક્ષુ) જ્યાં પોતાના આચાર્ય-ઉપાધ્યાયને જુએ, ત્યાં જ જઈને તેમની પાસે=સમીપમાં, થયેલા અતિચારની આલોચના કરે=વચન વડે પ્રકટ કરે, પ્રતિક્રમણ કરે અર્થાત્ તદ્વિષયક=અતિચારવિષયક, મિચ્છા મિ દુક્કડં આપે.

यावत्करणात् - ..... परिग्रहः । નિંદા કરે, ગર્હા કરે, વ્યાવર્તન કરે, વિશોધિ કરે, (પાપના) અકરણરૂપે અભ્યુત્થિત થાય, યથાર્હ=યથાયોગ્ય, તપઃકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે, આ બધાનું યાવત્ શબ્દથી ગ્રહણ થાય છે.

तत्र ..... गुरुसाक्षिकम् । - ત્યાં='યાવત્' શબ્દથી નિંદા કરે, ગર્હા કરે આદિ કહ્યું ત્યાં, નિંદા કરે એનો અર્થ આત્માની સાક્ષીએ જુગુપ્સા કરે અને ગર્હા કરે એનો અર્થ ગુરુની સાક્ષીએ ગર્હા કરે.

इह ..... प्रतिनिवर्त्तते । - અહીં નિંદા અને ગર્હા પણ તાત્ત્વિક ત્યારે થાય જ્યારે તેના કરણથી=પાપના કરણથી, પાછો ફરે. તેથી કહે છે – વ્યાવૃત્ત થાય અર્થાત્ તે અકૃત્યના પ્રતિસેવનથી વ્યાવૃત્ત થાય=પાછો ફરે.

व्यावृत्तावपि ..... पुनरभ्युत्तिष्ठेत् । વ્યાવૃત્ત થયેલો પણ કરેલા પાપથી ત્યારે મુકાય કે જ્યારે આત્માની વિશોધિ થાય. તેથી કરીને કહે છે - આત્માનું વિશોધન કરે=પાપમળને દૂર કરવા દ્વારા (આત્માને) નિર્મળ કરે, અને તે

વિશુદ્ધિ અપુનઃકરણતામાં=ફરી પાપ નહિ કરવામાં, પ્રાપ્ત થાય છે. તે કારણથી તે જ અપુનઃકરણતાને કહે છે – અકરણપણારૂપે વળી અભ્યુત્થાન કરે.

પુનરકરણતયા ..... પ્રતિપદ્યેત્ । વળી અકરણપણારૂપે અભ્યુત્થાનમાં પણ વિશુદ્ધિ પ્રાયશ્ચિત્તના સ્વીકારથી થાય છે. તેથી કહે છે – યથાયોગ્ય તપઃકર્મને સ્વીકારે. અહીં તપઃગ્રહણ છેદાદિક પ્રાયશ્ચિત્તનું ઉપલક્ષણ છે.

યદિ પુનઃ ..... ચતુર્ગુરુ આહ જો વળી પોતાના આચાર્ય-ઉપાધ્યાય હોવા છતાં બીજાની પાસે આલોચના કરે, તો તેને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત કહેલ છે.

ननु ..... आलोचयेदिति । અહીં શંકા થાય કે, પૂર્વે એકાકી વિહારમાં દોષો કહ્યા, ત્યાર પછી પાર્શ્વસ્થાદિ વિહાર પણ=શિથિલાચારીઓની સાથેનો વિહાર પણ, નિષેધ કર્યો. તેથી નક્કી ગચ્છમાં વસવું જોઈએ, એમ નિયમિત થયું=નિયમન કરાયું. અને એ પ્રમાણે નિયમન કરાયે છતે કેવી રીતે એકલો થયો કે જેથી કહ્યું કે જ્યાં પોતાના આચાર્ય-ઉપાધ્યાયને જુએ, ત્યાં જ જઈને તેમની સમીપમાં આલોચના કરે ?

अत्रोच्यते ..... अदोषः, અહીં=આ પ્રશ્નના સમાધાનમાં, કહેવાય છે - અશિવ વગેરે કારણમાં એકાકીપણાના ભાવમાં=એકાકી થયેલા સાધુને અપેક્ષીને, આ કારણિક સૂત્ર છે, એથી કરીને દોષ નથી.

कारणाभावे ..... एव । વળી કારણના અભાવમાં આચાર્યાદિ પાંચમાંથી અન્યતરના અભાવવાળો=કોઈ એકના અભાવવાળો, વસવાટ હોતે છતે, સશલ્ય=શલ્ય સહિત, એવા સાધુના જીવનાશમાં=મૃત્યુ પામવામાં, ચારિત્રરૂપી ગાત્રના=શરીરના, નાશથી શુભગતિનો વિનાશ જ છે અર્થાત્ તે સશલ્ય સાધુની સદ્ગતિ થાય નહિ.

ગીતાર્થને પણ કારણે જ એકાકી રહેવાનું છે, અને કારણ ન હોય તો ગીતાર્થને પણ આચાર્યાદિ પાંચમાંથી અન્યતરના અભાવવાળા સ્થાનમાં વાસ કરવાનો નિષેધ છે. આમ છતાં કોઈ પ્રમાદને વશ ગીતાર્થ પણ એકાકી રહે તો તે એકાકી રહેવું અતિચારરૂપ છે, અને તે અતિચારરૂપ શલ્યની શુદ્ધિ કર્યા વગર મૃત્યુ પામે તો અતિચારના કારણે તેના ચારિત્રરૂપ ગાત્રનો નાશ થયેલ હોવાથી શુભગતિનો વિનાશ થાય છે=તેની સદ્ગતિ થતી નથી.

અહીં પ્રશ્ન થાય કે, કારણના અભાવમાં આચાર્યાદિ પાંચમાંથી અન્યતરના અભાવવાળા સ્થાનમાં ગીતાર્થ સાધુ રહેતા હોય, અને તેને પોતાના થયેલા દોષોની આલોચનાનો પરિણામ હોય, અને જ્યાં સુધી યોગ્ય આલોચના કરાવનાર ગુરુ ન મળે ત્યાં સુધી તેની ગવેષણા કરતા હોય, અને જો કાળ કરી જાય=મૃત્યુ પામે, તો તેમની શુભગતિનો વિનાશ છે, એમ કઈ રીતે કહી શકાય ? કેમ કે શાસ્ત્રમાં તો કહ્યું છે કે, આલોચનાના પરિણામવાળા સાધુ આલોચનાયોગ્ય ગીતાર્થની અપ્રાપ્તિમાં પણ શુદ્ધ જ છે. તેથી એ શાસ્ત્રવચન સાથે વિરોધ આવશે. તેના સમાધાનરૂપે કહે છે –

न च ..... अप्रमाण्यात् – આલોચના પરિણત પણ=આલોચનાના પરિણામવાળા પણ, (આલોચનાદાયકની) અસંપત્તિમાં=અપ્રાપ્તિમાં, પણ શુદ્ધ છે, એ પ્રકારના સૂત્રવચન સાથે વિરોધ આવશે એમ ન કહેવું; કેમ કે સૂત્ર, પ્રામાણ્યમાં=સૂત્રને પ્રમાણ કરીને પ્રવૃત્તિ કરવામાં, નિગૂહિત શક્તિવાળાના=શક્તિ ગોપવનારના, પરિણામનું અપ્રમાણપણું છે.

આશય એ છે કે, કારણના અભાવમાં આચાર્યાદિ પાંચમાંથી અન્યતરના અભાવવાળા સમુદાયમાં સાધુ વસતા હોય ત્યારે સૂત્રના અનુસાર પ્રવૃત્તિ કરવામાં તેમણે શક્તિ ગોપવી છે; કેમ કે સૂત્ર આચાર્યાદિ

પાંચ કે, પાંચમાંથી અન્યતરના સમુદાયમાં જ વસવાનું વિધાન કરે છે, છતાં તે સાધુ તેમાં યત્ન કરતા નથી. તેથી તેવા શક્તિ ગોપવનારનો આલોચનાનો પરિણામ છે, તે અપ્રમાણભૂત છે. તેથી સશલ્ય એવા તેમના મૃત્યુમાં તેમના ચારિત્રરૂપ શરીરનો નાશ થયેલો હોવાથી તેમનો શુભગતિની પ્રાપ્તિ થતી નથી.

આહ ચ - 'ન ચથી પરિણામસ્યાપ્રામાણ્યાત્' સુધીનું જે કથન કર્યું, તેમાં સાક્ષી આપતાં 'આહ ચ'થી કહે છે –

एवं ..... अम्हं ति – એ રીતે=અહીં જે ભગવતીમાં एवंથી કથન કર્યું એનાથી પૂર્વમાં કહ્યું એ રીતે, અને તે પૂર્વના કથનનો ભાવ એ ઉદ્ધરણની ગાથાની પૂર્વમાં આ પ્રમાણે છે –

કોઈ કારણ ન હોય અને આચાર્યાદિ પાંચમાંથી અન્યતરના અભાવવાળામાં સાધુ વાસ કરતા હોય તો તે સાધુ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેથી તેમનું ચારિત્ર સશલ્ય છે. અને આવા ચારિત્રવાળો જીવ કાળ કરી જાય તો તેનું ચારિત્રરૂપ શરીર નાશ થયેલું હોવાથી તેની શુભગતિનો વિનાશ થાય છે, એમ જે પૂર્વમાં કહ્યું એ રીતે, "આલોચના પરિણામવાળો શુદ્ધ છે" એ સૂત્રવચન સાથે વિરોધ આવશે.

તેના જવાબરૂપે કહે છે – અમને એકાંતે પરિણામ પણ પ્રમાણ નથી.

કોઈ સાધુ કારણ ન હોય તોપણ પાંચમાંથી અન્યતરના અભાવવાળા ગચ્છમાં રહેતા હોય અને કોઈ દોષો તેનાથી સેવાઈ ગયા હોય, તેનું પ્રાયશ્ચિત્ત કરવાના આશયથી આચાર્યાદિની ગવેષણા કરતા હોય અને વચમાં કાળ કરી જાય તો તેમનો પ્રાયશ્ચિત્તનો પરિણામ પણ એકાંતે પ્રમાણ નથી; કેમ કે ભગવાનની આજ્ઞાને ઉલ્લંઘીને આચાર્યાદિ પાંચના અન્યતરના અભાવવાળા ગચ્છમાં તે રહે છે, તેથી તેમનું ચિત્ત ભગવાનની આજ્ઞા નિરપેક્ષ પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળું છે. તેવા સાધુને આચાર્યાદિ પાંચને છોડીને રહેવામાં જે કોઈ પાપો સેવાઈ ગયાં હોય તેની શુદ્ધિનો અધ્યવસાય હોવા છતાં ભગવાનની આજ્ઞા નિરપેક્ષ જીવવાનો અધ્યવસાય હોવાથી તેમનો આલોચનાનો પરિણામ પણ શુદ્ધ નથી, તેથી તેવા સાધુ શુભગતિને પામતા નથી.

तथा - तत्थ न ..... गीयत्थे । અને જ્યાં ગુણના આકર=ખાણ સમાન આચાર્ય, ઉપાધ્યાય પ્રવર્તક, સ્થવિર અને ગીતાર્થ - આ પાંચ નથી ત્યાં વાસ=રહેવું, કલ્પતું નથી.

(૧) આચાર્ય કેવા હોય તે બતાવતાં કહે છે –

सुत्तत्थ ..... आयरिया ।। સૂત્ર, અર્થ અને તદુભયથી જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં ઉપયોગવાળા, ગણની तप्तिथी=ચિંતાથી વિપ્રમુક્ત=મુકાયેલા, આવા પ્રકારના આચાર્યો હોય છે.

गणतत्तिविप्पमुक्का નો સમાસ ખોલે છે –

गणस्य ..... समर्पितत्वात् । ગણની तप्ति=ચિંતા, તેનાથી મુકાયેલા (હોય;) કેમ કે ગણાવચ્છેદક વગેરેને તેની तप्तिનું સમર્પિતપણું છે=ગણની ચિંતા સોંપેલી છે.

उपलक्षणमेतत्, ... न सूत्रम्, શુભલક્ષણોથી ઉપેત=સહિત, હોય છે એનું આ ઉપલક્ષણ છે=ઉપરમાં કહ્યું તેવા પ્રકારના આચાર્યો હોય છે એ ઉપલક્ષણ છે. જે આવા પ્રકારના હોય તે આચાર્યો છે, અને તેઓ=આચાર્યો, અર્થને જ કહે છે, સૂત્રને કહેતા નથી.

'तत्र कारणानि' - તેમાં=આચાર્યો અર્થને જ કહે છે સૂત્રને કહેતા નથી તેમાં, કારણો આ પ્રમાણે છે –

एगग्गया ..... वाएइ ।। (૧) ધ્યાનમાં એકાગ્રતા, (૨) વૃદ્ધિ, (૩) તીર્થંકરનું અનુકરણ, (૪) ગુરુતા=ગૌરવ, (૫) આજ્ઞામાં સ્થિરતા અને (૬) ગુરુકૃત ઋણમોક્ષ - આ છ કારણોથી આચાર્યો સૂત્રની વાચના આપતા નથી.

આ છ કારણે આચાર્યો સૂત્રની વાચના આપતા નથી, તેને જ સ્પષ્ટ કરતાં કહે છે –

सूत्रस्य ..... स्यात् । સૂત્રની પણ વાચનામાં બહુવ્યયપણું હોવાથી અર્થચિંતનાત્મક ધ્યાનમાં એકાગ્રતા આવે તે આવતી નથી, એથી આચાર્યો સૂત્રની વાચના આપતા નથી.

एकाग्रतायां ..... भवन्ति । આચાર્યની અર્થની એકાગ્રતામાં શું ગુણ છે ? એથી કહે છે – સૂક્ષ્મ અર્થનું ઉન્મીલન થવાથી=ઉઘાડ થવાથી, અર્થની વૃદ્ધિ થાય, અને તીર્થંકરોની અનુકૃતિ=અનુકરણ (થાય.) તેઓ=તીર્થંકરો, કેવલ અર્થને કહે છે અને ગણની ચિંતા કરતા નથી. એ પ્રમાણે આચાર્યો પણ તે પ્રકારે વર્તતાં તીર્થંકરોનું અનુકરણ કરનારા થાય છે.

अधस्तनपदवर्त्तिभिः ..... लाघवं स्याद् । વળી નીચલા સ્થાનમાં રહેનારા ઉપાધ્યાયો સૂત્રવાચનાના અધિકારી હોવાથી સૂત્રની વાચના આપવામાં (આચાર્યોનું) લાઘવ થાય.

एवं च ..... भवति, અને આ પ્રમાણે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે, તથાપ્રકારે વર્તતા તેઓની=આચાર્યોની, લોકમાં રાજાની જેમ મહાન ગુરુતા=મોટાઈ, થાય છે, અને તે પ્રમાણે પ્રવચનની પ્રભાવના થાય છે તથા આજ્ઞામાં સ્થિરતા કરાયેલી થાય છે.

इयं हि ..... भवितव्यमिति । આ પ્રકારે તીર્થંકરોની આજ્ઞા છે. યથોક્ત પ્રકારે=આચાર્ય મારી જેમ જ=તીર્થંકરની જેમ જ, સૂત્રની વાચના ન આપે, પરંતુ અર્થની વાચના આપે તેમજ ગણની ચિંતા ન કરે ઇત્યાદિ યથોક્ત પ્રકારે, આચાર્ય વડે મને અનુસરનારા થવું.

ततः ..... आचार्यः । તે કારણે આ હેતુકલાપને કારણે=ઉપરમાં કહ્યું તે એકાગ્રતાદિ હેતુને કારણે, અને 'કરાયેલ ઋણમુક્તિવાળા છે' એથી આચાર્ય સૂત્રની વાચના આપતા નથી.

અહીં પ્રશ્ન થાય કે, આચાર્યને સૂત્રસંબંધી ઋણમુક્તિ ક્યારે થઈ છે ? એથી કરીને કહે છે –

सामान्य ..... कृतः । સામાન્ય અવસ્થામાં આચાર્યની પૂર્વની ઉપાધ્યાય અવસ્થામાં અનેક સાધુઓને સૂત્ર ભણાવેલ છે, એથી કરીને ઋણમુક્તિ કરાયેલ છે અર્થાત્ સૂત્રસંબંધી ઋણમાંથી આચાર્ય મુક્ત થયેલા છે.

(૨) ઉપાધ્યાયો કેવા હોય છે, તે બતાવતાં કહે છે –

सुत्तत्थ ..... उवज्झाया ।। સૂત્ર, અર્થ અને તદુભયના જાણકાર, જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં ઉદ્યુક્ત=ઉપયુક્ત, શિષ્યોના નિષ્પાદક=નવા શિષ્યોને પેદા કરનારા, આવા પ્રકારના ઉપાધ્યાયો હોય છે.

ઉપાધ્યાયને સૂત્રવાચનાના દાનમાં (થતા) ગુણોને બતાવે છે –

सुत्तत्थेसु ..... उवज्झाओ ।। સૂત્ર અને અર્થમાં સ્થિરતા, ઋણમોક્ષ, ભવિષ્યમાં અપ્રતિબંધ, પ્રતીચ્છકનો અનુગ્રહ, મોહજય - આ ગુણો સૂત્રવાચના આપવામાં થાય છે, તેથી ઉપાધ્યાય સૂત્રની વાચના આપે છે.

સૂત્રવાચના આપવામાં ઉપાધ્યાયને બતાવેલા આ ગુણો થાય છે, તેને સ્પષ્ટ કરતાં કહે છે –

उपाध्यायः ..... स्यात् । ઉપાધ્યાય શિષ્યોને સૂત્રવાચના આપતાં સ્વયં અર્થનું પણ પરિભાવન કરે છે અને સૂત્ર-અર્થમાં તેમનું સ્થિરપણું થાય છે. તથા અન્યને સૂત્રવાચના આપવામાં સૂત્રલક્ષણ ઋણનો મોક્ષ=ઋણમુક્તિ કરાયેલ, થાય છે તથા આયતિમાં=ભવિષ્યમાં, આચાર્યપદના અધ્યાસમાં અપ્રતિબંધ થાય છે, તે પ્રકારના દૃઢ અભ્યાસથી સૂત્રનું અનુવર્તન થાય છે=સૂત્રનો દૃઢ અભ્યાસ થવાથી આચાર્ય થયા પછી પણ સૂત્રનું અનુવર્તન રહે છે.

મૂળ ગાથામાં 'पाडिच्छे' – એ પ્રમાણે કહ્યું, તેનો અર્થ કરે છે –

प्रतीच्छका ..... इति शेषः । પ્રતીચ્છક=ગચ્છાંતરથી આવીને સૂત્રની ઉપસંપદા સ્વીકારેલા શિષ્યો તે પ્રતીચ્છક કહેવાય, (તેમના ઉપર) અનુગ્રહ થાય છે.

અહીં सुत्तत्थेसु ..... એ મૂળગાથામાં 'पाडिच्छे' એટલું કહ્યું છે, તેથી ત્યાં 'अनुगृह्णेरन्' અધ્યાહારરૂપે સમજવું.

तथा मोहजयः ..... उपाध्यायः અને મોહજય કરાયેલ થાય છે; કેમ કે સૂત્રવાચનાના દાનમાં મગ્ન થયેલાને પ્રાયઃ ચિત્તવિસ્રોતસિકાનો=ચિત્તની વ્યાકુળતાનો, અભાવ છે. આથી=ઉપરમાં બતાવ્યા તે ગુણો સૂત્રની વાચના આપવામાં થાય છે આથી, ઉપાધ્યાય સૂત્રની વાચના આપે છે.

'स्वयमर्थमपि परिभावयति' – ઉપાધ્યાય શિષ્યને જ્યારે સૂત્રની વાચના આપે છે, ત્યારે માત્ર સૂત્ર આપતા નથી. પરંતુ સામાન્ય અર્થ પણ આપે છે, અને તે જ વખતે પોતાને તે સૂત્રના વિશેષ અર્થની ઉપસ્થિતિ થતી હોય છે. તેથી એમ કહ્યું કે, ઉપાધ્યાય શિષ્યને સૂત્રવાચના આપે છે ત્યારે સ્વયં અર્થનું પણ પરિભાવન કરે છે, અને આથી જ ઉપાધ્યાયને સૂત્ર અને અર્થ બંને સ્થિર થાય છે, અને જ્યારે ઉપાધ્યાય અર્થનું પરિભાવન કરે ત્યારે તેમને વિશેષ પ્રકારનો સંવેગ ઉત્પન્ન થાય છે. તેથી જ ઉપાધ્યાય માત્ર સૂત્રના ઉપયોગથી સંતુષ્ટ થતા નથી; કેમ કે તેઓ જાણે છે કે, આત્મહિતાર્થીએ વારંવાર અર્થનો ઉપયોગ કરીને સંવેગની વૃદ્ધિ કરવી જોઈએ અને સૂક્ષ્મ અર્થનો બોધ કરવો જોઈએ. ફક્ત શિષ્ય હજુ તે ભૂમિકામાં પક્વ નહિ હોવાથી તેને પ્રધાનરૂપે સૂત્ર આપે છે.

❖ स्वयमर्थमपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે સૂત્રનું તો પરિભાવન કરે છે, પણ અર્થનું પણ પરિભાવન ઉપાધ્યાય કરે છે.

'तथाऽऽयत्याम्' - ભવિષ્યમાં પોતાને આચાર્ય પદવી મળશે તેમાં પ્રતિબંધ હોતો નથી અર્થાત્ હું આચાર્ય થઈશ, તેવા પ્રકારના પદવીના રાગથી ઉપાધ્યાય સૂત્રવાચના આદિની પ્રવૃત્તિ કરતા નથી.

(૩) પ્રવર્તક કેવા હોય તે બતાવતાં કહે છે –

तवणियम ..... पवित्तीओ ।। તપ-નિયમ-વિનય ગુણના નિધિ, જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં પ્રવર્તાવનાર, સંગ્રહ-ઉપગ્રહમાં કુશળ, આવા પ્રકારના પ્રવર્તી=પ્રવર્તક હોય.

सङ्ग्रहः ..... करणम्, અહીં 'संग्रह' એટલે શિષ્યોનો સંગ્રહ કરવામાં કુશળ, એમ સમજવું અને 'ઉપગ્રહ' એટલે જ્ઞાનાદિમાં સીદાતા એવા તેઓનું જ=શિષ્યોનું જ, ઉપષ્ટંભકરણ કરવું અર્થાત્ જ્ઞાનાદિમાં સીદાતા એવા શિષ્યોને યોગ્ય આલંબન આપવું.

प्रवर्तक केवा होय ते बतावतां मूळ गाथामां कहे छे –

संजमतवजोगेसु ..... पवित्तीओ ।। संयम अने तपना योगोमां जे (जयां) योग्य होय त्यां तेने प्रवर्तावे अने असमर्थ होय (तेने ते योगथी) निवृत्त करनार, गणनी चिंता करनार प्रवर्ती=प्रवर्तक, होय छे.

तथा च ..... भवति । अने ते प्रकारे=संयम अने तपना योगोमां जे योग्य होय तेने त्यां प्रवर्तावे एम कह्युं ते प्रकारे, प्रशस्त योगोमां साधुने प्रवर्तावे एवा प्रकारना स्वभाववाळा प्रवर्ती=प्रवर्तक, ए प्रकारे व्युत्पत्ति अर्थ अनुगृहीत=संगत, थाय छे.

अहीं प्रवर्तकने शिष्यसंग्रहमां कुशळ कह्या, तेनाथी तेओ शिष्यनी लालसावाळा छे तेवो अर्थ द्योतित थतो नथी, परंतु योग्य जीवोने सन्मार्गमां जोडवामां कुशळ छे, अने जाणे छे के, जीवो आ संसारमां भटके नहि अने शीघ्र आत्मकल्याण साधे एटला मात्र आशयथी शिष्योनो संग्रह करे छे. जो संपदाना अर्थे के वैयावच्चना अर्थे शिष्योनो संग्रह करे तो ते शिष्योनी प्राप्ति ए परिग्रहरूप बने अने कर्मबंधनुं कारण बने.

(४) स्थविर केवा होय ते बतावतां कहे छे –

संविग्गो ..... थेरो ।। क्ति । संविग्न, मार्दवयुक्त, प्रियधर्म, ज्ञान-दर्शन अने चारित्ररूप जे अर्थमां परिहानि थाय तेनुं स्मरण करावे, ते कारणथी स्थविर (कहेवाय) छे.

स्थविर शब्दनी व्युत्पत्ति बतावतां कहे छे –

यानर्थान् ..... व्युत्पत्तेः । जे साधु जे अर्थोने=योगोने, हानि पहोंचाडता होय ते साधुने ते अर्थनुं=ते योगनुं स्मरण करावनार स्थविर छे; केम के स्थिर करे ते स्थविर ए प्रकारे व्युत्पत्ति छे.

तथा चाह - ते प्रकारे कह्युं छे –

थिरंकरणा ..... पचोएइ ।। स्थिर करनार होवाथी स्थविर, प्रवर्तकथी व्यापारीत अर्थोमां विद्यमान बळवाळो जे यति=साधु, ज्यां सिदाय तेने चोदना करे.

प्रचोदयति=प्रकर्षथी शिक्षा आपे.

(५) गणावच्छेदक केवा होय ते बतावतां कहे छे –

उद्धावणा ..... हुंति ।। उद्धावन, प्रधावन, क्षेत्र अने उपधिने मांगवामां अविषादी, सूत्र-अर्थ अने तदुभयना जाणकार आवा प्रकारना गीतार्थो होय छे.

उत्प्राबल्येन ..... भवन्ति । उत्=प्रबळताथी धावन ते उद्धावन=गच्छनां कार्यो करवानो स्वीकार. प्राकृत भाषा होवाथी उद्धावणा शब्द स्त्रीलिंगमां छे.

प्रधावन=ते कार्यनुं शीघ्र निष्पादन=पूर्ण करवुं ते प्रधावन.

क्षेत्रमार्गणा=क्षेत्रप्रत्युपेक्षणा, (=मासकल्प वगेरे) माटे योग्य क्षेत्रनी तपास करवी.

उपधिमार्गणा=उपधिनी उत्पादना=वस्त्रादि उपधि मेळववी.

આ બધાં કાર્યોમાં અવિષાદી=ખેદ નહિ કરનારા હોય, (અને) સૂત્ર, અર્થ અને તદુભયના જાણકાર આવા પ્રકારના ગીતાર્થો ગણાવચ્છેદક હોય છે.

एवंविध ..... गच्छति - આવા પ્રકારના પાંચથી રહિત=(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) પ્રવર્તક, (૪) સ્થવિર અને (૫) ગણાવચ્છેદક, આ પાંચથી રહિત ગચ્છમાં જો કારણથી=અતિચાર વગેરે કારણથી, પ્રાયશ્ચિત્ત આપન્ન=પાપને પ્રાપ્ત થયેલ, બને ત્યારે, પોતાના આચાર્યાદિની સમીપે આલોચનાને નહિ પામેલો સાધુ સૂત્રોક્ત રીતિથી પછી પછીના સાંભોગિકાદિ પાસે જાય, તે ત્યાં સુધી કે યાવત્ સિદ્ધોની સાક્ષીએ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે.

तत्र ..... चतुर्लघु । ત્યાં=પછી પછીના ક્રમમાં આચાર્યાદિના અભાવમાં ઉપાધ્યાયાદિ આશ્રય કરવા યોગ્ય છે (અને) ક્રમ ઉલ્લંઘનમાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે.

अथाग्रे सूत्रव्याख्या – હવે આગળના સૂત્રની=વ્યવહાર આલાપકના મૂળસૂત્રમાં णो चेव अप्पणो आयरियउवज्झाय पासेज्जा, એ આગળના સૂત્રની, વ્યાખ્યા કહે છે –

यदि ..... परिग्रहः । જો વળી પોતાના આચાર્ય-ઉપાધ્યાયનો અભાવ હોવાથી અથવા દૂરવ્યવધાન હોવાથી ન જુએ તો જ્યાં જ બહુશ્રુત=છેદગ્રંથાદિમાં કુશળ, અને ઉદ્ભ્રામક=ઉદ્યતવિહારી, પાઠાંતરમાં બલ્વાગમ=અર્થથી ઘણા આગમને જાણનારા, વિશિષ્ટ સામાચારી નિષ્પન્ન સાંભોગિક સાધર્મિક જુએ, તેની સમીપે આલોચના કરે. અહીં પણ यावत् શબ્દથી પ્રતિક્રમણ કરે ઇત્યાદિ પદસમૂહને ગ્રહણ કરવો.

❖ પ્રસ્તુત વ્યવહારસૂત્રના આલાપકમાં 'बब्भागमं' પાઠ છે તેનો અર્થ ટીકાકારે ઉદ્ભ્રામક કર્યો અને ક્યાંક તે સ્થાને बहवागमं પાઠ છે તેનો અર્થ પ્રભૂત આગમ થાય છે.

यदि ..... चतुर्लघु । જો વળી તેના ભાવમાં=સાંભોગિક સાધર્મિકની વિદ્યમાનતામાં, અન્ય પાસે આલોચના કરે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે.

तस्याप्यभावे ..... बहुश्रुतसंविग्नस्यान्तिके, તેના પણ=સાંભોગિક સાધર્મિકના પણ, અભાવમાં બહુશ્રુત, સંવિગ્ન એવા અસાંભોગિક સાધર્મિકની પાસે આલોચના કરે.

तस्याप्यभावे ..... बहुश्रुतस्यान्तिके । તેના પણ=બહુશ્રુત સંવિગ્ન અસાંભોગિક સાધર્મિકના પણ, અભાવમાં બહુશ્રુત એવા સારૂપિકની પાસે આલોચના કરે.

'तस्याप्यभावे' ..... गीतार्थस्य । તેના પણ=બહુશ્રુત સારૂપિકના પણ અભાવમાં ગીતાર્થ એવા પશ્ચાત્કૃતની પાસે આલોચના કરે.

अत्रायं विधिः - અહીં આલોચનાના ક્રમમાં, આ વિધિ છે –

संविग्गे ..... तत्थेवा માત્ર મૂળ ગાથાનો ટીકાના આધારે બોધ થાય તે મુજબ નીચે પ્રમાણે અર્થ છે –

'संविग्गे' ..... अब्भुट्ठिय – સંવિગ્ન અન્ય સાંભોગિક અવિદ્યમાન હોતે છતે ગીતાર્થ=ગીતાર્થ પાર્શ્વસ્થની સમીપમાં આલોચના કરવી, તે ગીતાર્થ પાર્શ્વસ્થ પણ અવિદ્યમાન હોતે છતે ગીતાર્થ એવા સારૂપિકની સમીપમાં આલોચના કરવી, તે ગીતાર્થ સારૂપિક પણ અવિદ્યમાન હોતે છતે ગીતાર્થ એવા પશ્ચાત્કૃતની પાસે આલોચના કરવી. આ બધાના મધ્યમાં જેની પાસે આલોચના ગ્રહણ કરવા માટે ઇચ્છાય તેને અભ્યુત્થિત કરીને તેની આગળ છતે પ્રતિક્રાંત કરે=આલોચના કરે.

અસતી – અભ્યુત્થાન ન કરે છતે પાર્શ્વસ્થાદિને આસન આપીને પ્રણામ માત્ર કરીને આલોચના કરે, અને પશ્ચાત્કૃતને ઈત્વર સામાયિક આરોપણ અને લિંગ આપીને યથાવિધિ તેમની પાસે આલોચના કરે. .

અન્નત્થ તત્થેવ – અન્યત્ર કે ત્યાં રહીને પ્રાયશ્ચિત્ત વહન કરે=જો પાર્શ્વસ્થાદિ અભ્યુત્થિત થાય તો પ્રવચન લાઘવના ભયથી તેની સાથે ત્યાંથી અન્યત્ર જઈને પ્રાપ્ત થયેલ પ્રાયશ્ચિત્ત કે શુદ્ધ તપ વહન કરે, અને જો તે અભ્યુત્થિત ન થાય તો તેના વડે અપાયેલ પ્રાયશ્ચિત્ત કે શુદ્ધ તપ તે ત્યાં રહીને જ વહન કરે.

संविग्गे ..... तत्थेव એ મૂળ ગાથાનો ટીકામાં અર્થ બતાવે છે –

संविग्ने ..... आलोचयितव्यम्, અન્ય સાંભોગિક લક્ષણ સંવિગ્ન અવિદ્યમાન હોતે છતે ગીતાર્થ એવા પાર્શ્વસ્થની સમીપમાં આલોચના કરવી, ગીતાર્થ પાર્શ્વસ્થ એવા તેના પણ અભાવમાં વક્ષ્યમાણ=આગળ કહેવાશે તેવા સ્વરૂપવાળા ગીતાર્થ સારૂપિક પાસે આલોચના કરવી, સારૂપિક એવા તેના પણ અભાવમાં ગીતાર્થ એવા પશ્ચાત્કૃત પાસે આલોચના કરવી.

एतेषां ..... आलोचयितव्यम् । અને આ બધાની મધ્યમાં જેની પાસે આલોચના ગ્રહણ કરવા માટે ઈચ્છાય તેને અભ્યુત્થિત કરીને ત્યાર પછી તેની આગળ આલોચના કરવી.

અભ્યુત્થાપન એટલે શું ? તે બતાવે છે –

अभ्युत्थापनं ..... कारापणा, વંદનને સ્વીકારવા આદિ પ્રત્યે તત્પર કરાવવા=સંયમમાં અપ્રમાદભાવથી પ્રવૃત્તિ કરે તેવા કરવા, તે અભ્યુત્થાપન કહેવાય.

तदाह – તેને કહે છે=संविग्गे ..... એ ગાથામાં पडिक्कंते अब्भुट्ठिय કહ્યું તેને કહે છે –

अभ्युत्थिते ..... भूयात् । અભ્યુત્થિત થયે છતે=વંદન સ્વીકારવા આદિ પ્રત્યે કરાયેલ અભ્યુપગમવાળા હોતે છતે, પાપનું પ્રાયશ્ચિત્ત કરે.

असति ..... आलोचनीयम्, અભ્યુત્થાનનો અભાવ હોતે છતે પાર્શ્વસ્થાદિને આસન આપીને પ્રણામ માત્ર કરીને આલોચના કરવી.

पश्चात्कृतस्य ..... आलोचनीयम् । પશ્ચાત્કૃતને ઈત્વર સામાયિકનું આરોપણ=થોડા કાળ માટે સામાયિકનું આરોપણ, અને લિંગ પ્રદાન કરીને=સાધુવેષ-રજોહરણ આપીને, વિધિ પ્રમાણે તેમની પાસે આલોચના કરવી.

अत्रायं विधिः - પછી संविग्गे ..... એ મૂળગાથાના ઉત્તરાર્ધના અંતે अन्नत्थ तत्थे वा કહ્યું તેનો અર્થ ટીકામાં કહે છે -

'अन्नत्थ तत्थेव' त्ति - એ મૂળગાથાનું પ્રતીક છે.

यदि ..... परिहारतपः । જો પાર્શ્વસ્થાદિ અભ્યુત્થાન કરે તો પ્રવચન લાઘવના ભયથી તેમની સાથે અન્યત્ર જઈને પ્રાપ્ત પ્રાયશ્ચિત્તને કે શુદ્ધ તપને વહન કરે=માસાદિથી માંડીને ઉત્કૃષ્ટથી છ માસ સુધીના શુદ્ધ તપને કે પરિહાર તપને વહન કરે.

अथ ..... वहति । હવે જો તે=પાર્શ્વસ્થાદિ, અભ્યુત્થાન ન કરે (તો) તેના વડે પ્રાયશ્ચિત્ત અને શુદ્ધ તપ અપાયો હોય (તો) તે કારણથી ત્યાં જ તપને વહન કરે.

❖ જો પાર્શ્વસ્થાદિક ઉપદેશ આદિથી અભ્યુત્થિત થાય અને સંયમની શુદ્ધ આચરણા કરવા સ્વીકારે અને ત્યાં રહીને પ્રાયશ્ચિત્ત કરવાથી લોકો તેને પાર્શ્વસ્થાદિરૂપે જાણે તો પ્રવચનનું લાઘવ થાય અને અન્ય ઠેકાણે જઈને તેની સાથે રહીને પ્રાયશ્ચિત્ત કરવાથી લોકોને આ પાર્શ્વસ્થાદિ છે તેમ ન લાગે. કેમ કે હવે તે સંયમની ક્રિયા અપ્રમાદથી કરે છે, તેથી પ્રવચનનું લાઘવ થાય નહિ.

एतदेव व्याचष्टे - આ જ બતાવે છે=પૂર્વે संविग्गे ..... એ ગાથામાં असति નું વ્યાખ્યાન કરતાં પ્રથમ પાર્શ્વસ્થ અભ્યુત્થાન ન કરે તો શું કરવું તે બતાવ્યું. ત્યાર પછી કહ્યું કે, પશ્ચાત્કૃત અભ્યુત્થિત ન થાય તો ઈત્વર સામાયિક આરોપણ કરી અને લિંગ આપીને યથાવિધિ તેની પાસે આલોચના કરવી. એ જ બતાવે છે –

असतीए ..... सुहदुक्खे એ મૂળ ગાથાનો ટીકાના આધારે બોધ થાય તે મુજબ નીચે પ્રમાણે અર્થ કરેલ છે -

'असतीए' ..... सुहदुक्खे - અભાવમાં=પશ્ચાત્કૃતના અભ્યુત્થાનના અભાવમાં=પશ્ચાત્કૃત અભ્યુત્થાન પામતા ન હોય તો, લિંગકરણ, ઈત્વર=ઈત્વરકાલ સામાયિક (આરોપણ કરવું) અને કૃતિકર્મ કરવું અને ત્યાં જ શુદ્ધ તપ કરવો. જ્યાં સુધી તપને વહન કરે ત્યાં સુધી આલોચના આપનારના સુખદુઃખની ગવેષણા કરવી.

असति ..... પશ્ચાત્કૃતનું અભ્યુત્થાન ન થાય તો ગૃહસ્થપણું હોવાથી લિંગકરણ=ઈત્વરકાળ માટે લિંગ સમર્પણ કરવું, તથા ઈત્વર=ઈત્વરકાળ સામાયિક આરોપણ કરવું. ત્યાર પછી તેના પણ=પશ્ચાત્કૃતના પણ આસનને રચીને કૃતિકર્મ વંદન કરીને તેની આગળ આલોચના કરવી.

આ પ્રમાણે अत्रायं विधिः પછી संविग्गे ..... तत्थेव જે ગાથા છે તેના ચોથા પાદમાં રહેલ असति એ પ્રકારે પાદ છે, તેની વ્યાખ્યા થઈ.

હવે તે જ ગાથામાં 'तत्थेव' - तत्रैव એ પ્રમાણે પાદ છે તેની વ્યાખ્યા કરે છે –

पार्श्वस्थादिको ..... वहतीत्यर्थः । પાર્શ્વસ્થાદિક અભ્યુત્થિત ન થાય અને તેના વડે પ્રાયશ્ચિત્ત તરીકે શુદ્ધ તપ અપાયેલ હોય તો ત્યાં જ તે સાધુ તે શુદ્ધ તપને વહન કરે. જ્યાં સુધી તપને વહન કરે છે ત્યાં સુધી તે આલોચના આપનારના સુખ-દુઃખની ગવેષણા કરે અર્થાત્ સર્વ કાર્યને વહન કરે, એ પ્રકારે અર્થ સમજવો.

पश्चात्कृतविधिमाह - પશ્ચાત્કૃતની વિધિને કહે છે –

लिंगकरणं ..... मोत्तुं ।। લિંગકરણ, निषद्या=આસન પાથરવું, કૃતિકર્મ અને કૃતિકર્મને ન ઇચ્છે તો પ્રણામ કરે. એ પ્રકારે જ સામાયિકને છોડીને દેવતામાં કહેવું.

लिंगकरणं ..... मोत्तुं ।। એ મૂળગાથાનો અર્થ બતાવે છે –

पश्चात्कृतस्य ..... कर्तव्यः । પશ્ચાત્કૃતને ઈત્વરકાળ સામાયિક આરોપણપૂર્વક ઈત્વરકાળ લિંગકરણ=રજોહરણ સમર્પણ કરવું. ત્યાર પછી નિષદ્યાકરણ=આસન પાથરવું, ત્યાર પછી કૃતિકર્મ વંદન કરવું અને તે વંદન ન ઇચ્છે તો તેને પ્રણામ કરવા=વચન અને કાયાથી પ્રણામમાત્ર કરવો. પાર્શ્વસ્થાદિને પણ કૃતિકર્મ વંદન કરવું, પાર્શ્વસ્થાદિના પણ કૃતિકર્મની અનિચ્છામાં પ્રણામ કરવો.

एवमेव ..... अभावात्, આ પ્રકારે જ=પશ્ચાત્કૃત-પાર્શ્વસ્થાદિમાં કહ્યું એ પ્રકારે જ, સમ્યગ્ ભાવિત દેવતાની

આગળ આલોચના કરવી. ફક્ત સામાયિક આરોપણ અને લિંગ સમર્પણ ન કરવું; કેમ કે અવિરતપણું હોવાથી તેમને=દેવતાને, તદ્ યોગ્યતાનો=સામાયિક આરોપણ અને લિંગ સમર્પણની યોગ્યતાનો, અભાવ છે.

यदुक्तं ..... व्याख्यानयति - હવે असतीए ..... મૂળગાથામાં જે ગવેષણા જાવ સુહદુક્ખે કહ્યું, તે વ્યાખ્યાન કરે છે -

आहारः ..... सुद्धो ।। આહાર, ઉપધિ, શય્યા અને એષણાદિમાં અનુમોદન અને કારાવણથી ઉદ્યમ કરવો; કેમ કે શિક્ષા છે, એથી કરીને પદમાં=અપવાદ પદમાં શુદ્ધ છે.

आहारः ..... कारावणेन च, અહીં આહાર=પિંડ, ઉપધિ=પાત્રનિર્યોગાદિ અર્થાત્ પાતરા સંબંધી રજસ્ત્રાણ-ગુચ્છા-પલ્લાં વગેરે, શય્યા=વસતિ, અહીં એષણા શબ્દ દરેક સાથે યોજવો અર્થાત્ આહારવિષયક ગવેષણા, ઉપધિ વિષયક ગવેષણા, વસતિ વિષયક ગવેષણા - તથા 'આદિ' પદથી તે પાર્શ્વસ્થ વગેરેના વિનય-વૈયાવચ્ચ વગેરેમાં તેના વડે=આલોચક વડે, અનુમોદન અને કારાવણથી ઉદ્યમ કરવો.

किमुक्तं भवति ? ..... यतनयोत्पादयतीति । આનાથી શું કહેવાયું ? તે કહે છે – જો તે આલોચના આપનારના આહારાદિ કોઈ લાવતું હોય તો તેની અનુમોદના કરવા દ્વારા પ્રોત્સાહન આપે છે. હવે બીજો કોઈ આહારાદિ લાવનાર ન હોય તો આલોચના કરનાર સ્વયં શુદ્ધ આહારાદિને લાવીને આપે. હવે જો શુદ્ધ આહારાદિ ન મળે તો શ્રાવકોને પ્રોત્સાહન આપીને અકલ્પિક પણ આહારાદિ યતના વડે ઉત્પાદન કરાવે છે.

अथ ..... परस्परविरोधः । 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે, અકલ્પિક આહારાદિને લાવતા એવા આલોચકની મલિનતા થાય છે, અને તે શુદ્ધિ કરવા માટે તેમની પાસે=આલોચના આપનારની પાસે આવેલો છે. તેથી પરસ્પર વિરોધ થશે.

'अत्राह' - અહીં=પૂર્વમાં શંકા કરી એ કથનમાં, કહે છે –

"सिक्ख त्ति पयम्मि तो सुद्धो" અહીં મૂળગાથામાં કહ્યું છે કે, શિક્ષા છે એથી કરીને પદમાં=અપવાદમાં તે શુદ્ધ છે. તે જ ટીકામાં બતાવે છે –

यद्यपि ..... शुद्धः एव । જોકે તે આલોચના યોગ્યના માટે અકલ્પિક પણ આહારાદિ લાવે છે, તોપણ તેમની પાસે=આલોચના અર્હની પાસે, આસેવનશિક્ષા કરાય છે. એથી કરીને બીજા પદમાં=અપવાદ પદમાં, રહેલો શુદ્ધ જ છે.

इदमेव भावयति - આને જ=પૂર્વમાં કહ્યું કે, આલોચક આલોચના અર્હ માટે અકલ્પિક પણ આહારાદિ લાવે, છતાં તેમની પાસે આલોચના કરવાની હોવાથી અપવાદ પદમાં શુદ્ધ છે, એ કથનને જ, મૂળ સૂત્રમાં ભાવન કરે છે=બતાવે છે –

चोयइ ..... पूयं ।। નહિ કરતા એવા તેના પરિવારને પ્રેરણા કરે=પાર્શ્વસ્થાદિનો પરિવાર તેમના માટે આહારાદિ ન લાવતો હોય તો તેમને પ્રેરણા કરે અથવા શ્રાવકોને કહે, શ્રુતની ભક્તિ વડે અવ્યુચ્છિત્તિકરની=શ્રુતના અવિચ્છેદને કરનાર એવા પાર્શ્વસ્થાદિની તમે પૂજા કરો.

હવે ચોયઇ ..... મૂળ ગાથાનો અર્થ ટીકામાં બતાવે છે –

प्रथमं ..... सम्पादयति । સૌ પ્રથમ આલોચક તે આલોચના યોગ્યના વૈયાવચ્ચાદિ નહિ કરનાર એવા પરિવારને શિક્ષા આપે=પ્રેરણા કરે. તે આ પ્રમાણે – આ=આલોચના આપવા યોગ્ય સાધુ, ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષામાં

નિષ્ણાત છે. તેથી આના=આલોચનાદાતાના, કરાતા વિનય-વૈયાવચ્ચાદિ મહાનિર્જરાનું કારણ થાય છે. આ પ્રકારે પણ શિક્ષા અપાતો=પ્રેરણા કરાતો, જો તે=પાર્શ્વસ્થાદિનો પરિવાર, ન કરે તો, તે ન કરતે છતે સ્વયં આલોચક આહારાદિને લાવી આપે. હવે જો (તેમના) પ્રાયોગ્ય શુદ્ધ આહારાદિ પોતાને પ્રાપ્ત ન થાય તો શ્રાવકોને કહે=પ્રજ્ઞાપન કરે=પ્રેરણા કરે, અને પ્રેરણા કરીને તેમની પાસેથી=શ્રાવકો પાસેથી, અકલ્પિક આહારાદિ પણ યતના વડે મેળવી આપે.

न च ..... अवोच्छित्ती'त्यादि - આ પ્રમાણે કરતાં તેને=આલોચકને દોષ કેમ નથી ? એ પ્રમાણે ન કહેવું. જે કારણથી કહે છે – મૂળગાથામાં अवोच्छित्ति० ઈત્યાદિ કહ્યું તે પ્રતીક ગ્રહણ કરેલ છે, તેનો અર્થ બતાવે છે –

अव्यवच्छित्तिकरस्य ..... दोषः । શ્રુતભક્તિના હેતુથી અવ્યવચ્છિત્તિકર એવા પાર્શ્વસ્થાદિની અકલ્પિક પણ આહારાદિ વડે તમે પૂજા કરો. અને ત્યાં=શ્રુતભક્તિના હેતુથી પાર્શ્વસ્થાદિની અકલ્પિક પણ આહારાદિ વડે ભક્તિ કરવામાં દોષ નથી.

'इयमत्र भावना' - અહીં આ પ્રમાણે ભાવના છે –

यथा ..... क्रियमाणत्वात्, જે રીતે કારણમાં પાર્શ્વસ્થાદિની પાસે સૂત્ર-અર્થને ગ્રહણ કરતો તેમના માટે યતના વડે અકલ્પિક પણ આહારાદિને લાવતો શુદ્ધ છે; કેમ કે (તેમની પાસે) ગ્રહણશિક્ષા કરાય છે. એ પ્રમાણે આલોચનાયોગ્યના પણ=આલોચના આપનારના પણ નિમિત્તે પ્રતિસેવના કરતો સાધુ=યતના વડે અકલ્પિક પણ આહારાદિને લાવતો સાધુ શુદ્ધ છે; કેમ કે તેમની સમીપમાં આસેવનશિક્ષા કરાય છે.

एतदेव ..... आह - આને જ વધુ સ્પષ્ટ ભાવન કરતાં સૂત્રકાર કહે છે –

दुविहासतीए ..... एमेव ।। બે પ્રકારના પરિવારના અભાવમાં તેઓના=આલોચના અર્હના, પંચકહાનિ વડે યતના કરતો આહારાદિ સર્વ કરે. પોતાના માટે પણ એ પ્રમાણે જ કરે=કારણ ઉત્પન્ન થાય ત્યારે પંચકહાનિથી યતના કરતો આહારાદિ લાવે.

'दुविहासइत्ति' - એ મૂળ ગાથાનું પ્રતીક છે. તેનો અર્થ ટીકામાં બતાવે છે –

तेषां ..... शुद्धः । તે પાર્શ્વસ્થાદિના બે પ્રકારના પરિવારનો અભાવ હોતે છતે=અભાવ હોય, (૧) કાર્ય અકરણથી=પરિવાર હોવા છતાં વૈયાવચ્ચ ન કરવારૂપ કાર્ય અકરણરૂપે અભાવ અને (૨) સ્વરૂપથી અભાવ=સ્વરૂપથી જ પરિવારનો અભાવ હોય, તો તે સાધુ આલોચના અર્હના કલ્પિક કે અકલ્પિક આહારાદિક સર્વ યતના વડે પંચકહાનિથી લાવી આપે. ઉપલક્ષણથી દશાદિ હાનિ વડે પણ લાવી આપે. યતમાન=યતના કરતો આલોચક, કેવલ આલોચના યોગ્ય પાર્શ્વસ્થાદિક માટે નહિ, પરંતુ કારણ ઉત્પન્ન થયે છતે પોતાના માટે પણ આ પ્રમાણે જ=પંચક હાનિ કે દશાદિ હાનિથી યતનાપૂર્વક લાવતો શુદ્ધ છે.

હવે વ્યવહાર આલાપકના મૂળ પાઠમાં આગળ જે કહ્યું કે – णो चेव पच्छाकडं पासेज्जा बहुस्सुयं बब्भागमं, जत्थेव सम्मं भावियाइं पासेज्जा, कप्पइ से... એ પાઠનો અર્થ બતાવે છે –

अथाग्रे ..... आलोचयेत् । હવે મૂળ પાઠમાં આગળ કહ્યું કે, તેના પણ અભાવમાં=પશ્ચાત્કૃતના પણ અભાવમાં, જ્યાં સમ્યગ્ ભાવિત=જિનવચનથી ભાવિત, અંતઃકરણવાળા દેવતાને જુએ, ત્યાં જઈને તેઓની પાંસે આલોચના કરે; કેમ કે દેવતાઓ, ભૃગુકચ્છ=ભરૂચ, ગુણશીલ ચૈત્ય વગેરે સ્થળમાં ભગવાનના સમવસરણમાં અનેકવાર કરાતા શોધિના=પ્રાયશ્ચિત્ત શુદ્ધિના, કારણોને જોઈને, વિશોધિદાનમાં=પ્રાયશ્ચિત્ત આપવામાં, સમર્થ હોય છે અથવા મહાવિદેહ ક્ષેત્રમાં જઈને તીર્થંકરોને પૂછીને પ્રાયશ્ચિત્ત આપી શકે છે. માટે અટ્ઠમ તપ વડે તેમના આસનને કંપાવીને

તેમની પાસે આલોચના કરવી.

તાસામપિ ..... પ્રાયશ્ચિત્તં, તે પણ દેવતાના અભાવમાં=સમ્યગ્ ભાવિત એવા પણ દેવતાના અભાવમાં, અર્હત્ પ્રતિમાની આગળ પોતાના પ્રાયશ્ચિત્તદાનમાં કુશળ એવો આલોચક આલોચના કરે, અને ત્યાર પછી સ્વયં જ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે.

તાસામપિ ..... વદેત્ – તેમના પણ અભાવમાં=અર્હત્ પ્રતિમાના પણ અભાવમાં, ગ્રામાદિની બહાર પૂર્વાદિ દિશા અભિમુખ બે હાથ જોડી શિરસાવર્ત અંજલિ કરી આ પ્રમાણે કહેવું –

અહીં 'करयलपरिग्गहियंसिरसावत्तं'નો સમાસ ટીકામાં આ પ્રમાણે ખોલેલ છે –

करतलाभ्यां ..... अलुक्समासः, બે કરતલ વડે પ્રગૃહીત તે કરતલપ્રગૃહીત, અને દ્વિતીયા વિભક્તિનો 'तं' પ્રત્યય લાગી करतलप्रगृहीतं બન્યું. અને કરતલપ્રગૃહીત શિરસાવર્ત છે જેનું તે કરતલપ્રગૃહીત શિરસાવર્ત કહેવાય. અને ત્યાં પણ 'तं' પ્રત્યય દ્વિતીયા વિભક્તિનો લાગ્યો છે. અને આ અલુક્ સમાસ છે, તેથી करयलपरिग्गहियं सिरसावत्तं એ મૂળ પાઠમાં દ્વિતીયા વિભક્તિનો લોપ થયેલ નથી.

एतावन्तो ..... प्रायश्चित्तप्रतिपत्तेरिति ।। આટલા મારા અપરાધો છે, આટલીવાર હું અપરાધવાળો થયો છું, એ પ્રકારે અરિહંતો (અને) સિદ્ધોની સમીપમાં આલોચના કરે. અને પ્રાયશ્ચિત્તદાનની વિધિમાં વિદ્વાન એવા સાધુ સ્વયં જ પ્રાયશ્ચિત્ત કરે છે, અને તે=આલોચક, તે પ્રકારે સ્વીકાર કરતો સૂત્રોક્ત વિધિ વડે પ્રવૃત્તિ હોવાથી શુદ્ધ જ છે, અને જે પણ વિરાધના કરી છે, ત્યાં પણ પ્રાયશ્ચિત્ત સ્વીકારેલ હોવાથી શુદ્ધ છે.

'इति' શબ્દ વ્યવહારભાષ્યના આલાપકની ટીકાની સમાપ્તિસૂચક છે.

एतावन्तो मे अपराधाः - આટલા મારા અપરાધો છે, એમ કહેવાથી જે જે પ્રકારના અપરાધો કર્યા છે, તે સર્વનું કથન કરેલ છે; અને આટલીવાર હું અપરાધવાળો છું, એમ કહીને એમાંથી કોઈ અપરાધ અનેકવાર કરેલ હોય તો તે અપરાધ મેં આટલીવાર કર્યો છે, તેમ કહીને અરિહંત અને સિદ્ધની સાક્ષીએ આલોચક આલોચના કરે છે.

આ રીતે ગીતાર્થ, પૂર્વમાં કહેલી વિધિના ક્રમથી પ્રાયશ્ચિત્ત સ્વીકારે તો તે સૂત્રોક્ત વિધિ પ્રમાણેની પ્રવૃત્તિ હોવાને કારણે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાના વિષયમાં શુદ્ધ જ છે, અને આ ક્રમનું ઉલ્લંઘન કરીને જો પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે તો થયેલાં પાપોનું યથાર્થ પ્રાયશ્ચિત્ત કરેલ હોય તોપણ પ્રાયશ્ચિત્ત ગ્રહણના વિષયમાં સૂત્રવિધિનું ઉલ્લંઘન કરેલ હોવાથી શુદ્ધ નથી. આ રીતે પ્રાયશ્ચિત્ત કર્યા પછી પૂર્વમાં જે સંયમની વિરાધના કરેલી, તે વિરાધનાની પણ શુદ્ધિ થઈ જવાથી સંયમસ્થાનમાં પણ તે શુદ્ધ છે; કેમ કે સમ્યક્ પ્રાયશ્ચિત્ત સ્વીકારી લીધું છે, તેથી હવે તે પ્રાયશ્ચિત્ત કરનારનું ચારિત્ર શુદ્ધ જ છે.

ટીકા :-

अत्र 'सम्मं भाविआइं'त्ति विशेषणेनैव देवतानाम्, चैत्याणां च 'अहं च भोगरायस्स' **(दसवै. अ. २ गा. ८) इत्यत्र पुत्र्या इवाक्षेपात् विशेष्यद्वयानुरोधेनावृत्तिं कृत्वा व्याख्येयम्, सम्यग्भावित-प्रतिमापुरस्कारश्च मनःशुद्धेर्विशेषायैव दिग्द्वयपरिग्रह इवेति न्यायोपेतमेव ।**

ટીકાર્થ :-

अत्र ..... व्याख्येयम् । અહીંયાં=પૂર્વમાં બતાવેલ વ્યવહારસૂત્રના આલાપકમાં='सम्मं भाविआइं' એ પ્રકારના વિશેષણ વડે જ દેવતા અને ચૈત્યોનું 'अहं च भोगरायस्स' એ પ્રકારના દશવૈકાલિક સૂત્રના કથનમાં પુત્રીનો જેમ આક્ષેપ થાય છે, તેની જેમ આક્ષેપ થતો હોવાથી વિશેષ્ય દ્વયના=બે વિશેષ્યના, અનુરોધથી આવૃત્તિ કરીને=सम्मं भाविआइं એ પદની આવૃત્તિ કરીને, વ્યાખ્યા કરવી.

વ્યવહારસૂત્રના આલાપકમાં 'सम्मं भाविआइं' એ પ્રકારનું કથન કર્યું છે, પરંતુ ત્યાં વિશેષ્યનો કોઈ નિર્દેશ કર્યો નથી. ત્યાં એ કહ્યું છે કે, જ્યાં સમ્યગ્ ભાવિતને જુઓ, ત્યાં આલોચનાદિ કરવાં જોઈએ. તેથી 'सम्मं भाविआइं' વિશેષણ વડે જ દેવતા અને ચૈત્યોનો આક્ષેપ થાય છે, અને આથી જ વ્યવહારસૂત્રની વૃત્તિમાં આલોચના લેવા માટે પશ્ચાત્કૃતના કથન પછી સમ્યગ્ ભાવિત દેવતાનું કથન કર્યું, અને ત્યાર પછી સમ્યગ્ ભાવિત ચૈત્યનું કથન કર્યું છે.

અહીં વિશેષણ દ્વારા વિશેષ્યનો આક્ષેપ દશવૈકાલિક સૂત્રના આ કથન પ્રમાણે થાય છે – अहं च भोगरायस्स'=અને ભોગરાજાની 'હું' એમ કહેવાથી હું કોણ ? તો ત્યાં 'પુત્રી' એ પ્રકારના પદનો આક્ષેપ થાય છે. તેમ સમ્યગ્ ભાવિત એમ કહેવાથી એ આકાંક્ષા રહે છે કે, સમ્યગ્ ભાવિત કોણ ? તેથી સમ્યગ્ ભાવિતથી દેવતા અને ચૈત્યોનું ગ્રહણ છે, અને બે વિશેષ્યનો આક્ષેપ થવાને કારણે અન્વય થઈ શકે નહિ. તેથી કહે છે કે, વિશેષ્ય દ્વયના=બે વિશેષ્યના, અનુરોધ વડે કરીને વિશેષણની આવૃત્તિ કરીને=વિશેષણને બે વાર ગ્રહણ કરીને, સૂત્રનું વ્યાખ્યાન કરવું.

અહીં પ્રશ્ન થાય કે, સમ્યગ્ ભાવિત વિશેષણ દ્વારા ફક્ત દેવતાનો આક્ષેપ ન થતાં ચૈત્યનો પણ= પ્રતિમાનો પણ, આક્ષેપ થાય છે, એમ માનવાનું પ્રયોજન શું ? એથી કહે છે –

सम्यग् भावित ..... न्यायोपेतमेव । મનશુદ્ધિના વિશેષ માટે જ જેમ દિગ્દ્વયનો=પૂર્વ અને ઉત્તર દિશાનો, પરિગ્રહ છે, તેની જેમ સમ્યગ્ ભાવિત પ્રતિમાનો પુરસ્કાર છે. એથી કરીને ન્યાયોપેત જ છે=સમ્યગ્ ભાવિત વિશેષણ દ્વારા ચૈત્યનું ગ્રહણ કરવું એ ન્યાયસંગત જ છે.

યોગ્ય જીવો બધી પ્રશસ્ત ક્રિયાઓ સ્વયં કરે છે, છતાં પૂર્વ-ઉત્તર એ બે દિશા સન્મુખ કરવાનું વિધાન મનશુદ્ધિની વિશેષતા માટે જ છે. તે જ રીતે આલોચના કરનાર જ્યારે આલોચના આપવા યોગ્ય આલોચનાદાતા આચાર્યાદિને પ્રાપ્ત ન કરી શકે ત્યારે સ્વયં જ આલોચના કરે છે, આમ છતાં મનશુદ્ધિની વિશેષતા માટે તે સમ્યગ્ ભાવિત પ્રતિમાની આગળ કરે તે ન્યાયયુક્ત જ છે.

ટીકા :-

यत्तूच्यते कुमतिना सम्यग्भावितपदेनाविरतसम्यग्दृष्टेरेव पारिशेष्येण ग्रहान्न प्रतिमास्पृश इति तदस्पृश्यास्पर्शस्य भूषणत्वान्न दूषणमालोचनादानार्हस्य गीतार्थस्यासंभवेऽध्यात्मशुद्धये प्रतिमाश्रयणस्यैव शास्त्रार्थत्वाद्, अर्हत्सिद्धपुरस्कारस्य कथमिदमुत्सर्गतामवलम्बतामिति चेत् ? पश्चात्कृताद्याश्रयणमपि कथमिति स्वयमेव विभावय, वक्तृविशेषत्वादिति चेत् ? सद्भावासद्भावा-

भ्यामत्रापि विशेषं विभावय । एतेन 'पर्यन्तोक्तत्वाज्जघन्यं प्रतिमाश्रयणमि'त्यपि दुर्वचनं निरस्तम्, ततोऽप्यग्रेऽर्हत्सिद्धपुरस्कारस्योक्तेरिति किमतिपल्लवितेन ? ।।६४।।

टीकार्थ :-

यत्तूच्यते ..... शास्त्रार्थत्वात् । सम्यग् भावित पद वडे अविरतसम्यग्दृष्टिनुं ज पारिशेष्यथी ग्रहण होवाने कारणे प्रतिमानो स्पर्श नथी, ए प्रमाणे कुमति वडे=लुंपाक वडे, जे कहेवाय छे, ते अस्पृश्यना अस्पर्शनुं भूषणपणुं होवाथी दूषणरूप नथी; केम के आलोचना आपवा योग्य आलोचनादाता गीतार्थना असंभवमां अध्यात्मनी शुद्धि माटे प्रतिमाआश्रयणनुं ज शास्त्रार्थपणुं छे.

अर्हत्सिद्धपुरस्कारस्य ..... विभावय । अरिहंत-सिद्धना पुरस्कारनी उत्सर्गतानुं अवलंबन करनारा एवा तमने आ=प्रतिमानुं आश्रयण, केवी रीते छे ? ए प्रमाणे पूर्वपक्षी कहे तो तेने ग्रंथकारश्री कहे छे के, पश्चात्कृतादिनुं आश्रयण पण केवी रीते छे ? ए प्रमाणे स्वयं ज तुं विचार. वक्तानो विशेषपणाथी पश्चात्कृतादिनुं आश्रयण उचित छे ए प्रमाणे पूर्वपक्षी कहे तो तेने ग्रंथकारश्री कहे छे के, सद्भाव-स्थापना अने असद्भाव-स्थापना द्वारा अहीं पण=मूर्तिना पुरस्कारमां अने अरिहंत-सिद्धना पुरस्कारमां पण, विशेषने तुं भावन कर.

❖ पश्चात्कृताद्याश्रयणमपि - अहीं पश्चात्कृतादिमां 'आदि' पदथी सम्यग् भावित देवतानुं ग्रहण करेल छे अने 'अपि'थी अरिहंत-सिद्धना पुरस्कारनी उत्सर्गतानुं अवलंबन केवी रीते थाय एनो समुच्चय छे.

एतेन ..... अतिपल्लवितेन ? ।। आना द्वारा="अर्हत्सिद्धपुरस्कारस्य ..... विभावय" सुधीनुं कथन कर्युं एना द्वारा, पर्यन्तमां उक्तपणुं होवाने कारणे प्रतिमानुं आश्रयण जघन्य छे, ए प्रकारनुं पण दुर्वचन निरस्त जाणवुं. तेमां हेतु बतावे छे –

ततोऽपि तेनाथी पण=प्रतिमाना आश्रयणथी पण, आगळमां अरिहंत-सिद्धना पुरस्कारनी उक्ति छे.

'इति' शब्द कथननी समाप्तिसूचक छे.

वधारे चर्चा करवाथी शुं ? अर्थात् आटला ज कथनथी सिद्ध थाय छे के, प्रतिमा शास्त्रसंमत छे. ।।६४।।

भावार्थ :-

कुमति एवो लुंपाक कहे छे के, प्रस्तुत व्यवहारसूत्रमां सम्यग् भावित पद वडे अविरतसम्यग्दृष्टिनुं ज ग्रहण थाय छे; केम के आचार्य-उपाध्यायादिना वर्णन पछी छेल्ले पश्चात्कृतनुं वर्णन कर्युं छे, त्यार पछी सम्यग् भावित पासे आलोचना करवी तेम कह्युं छे, तेथी परिशेषरूपे अविरतसम्यग्दृष्टि ज प्राप्त थई शके अर्थात् अविरतसम्यग्दृष्टि देवताओ ज प्राप्त थई शके, तेथी प्रतिमानो स्पर्श नथी अर्थात् सम्यग् भावित विशेषण द्वारा प्रतिमानुं ग्रहण थतुं नथी. लुंपाकनुं आ कथन अनुचित छे, ए बतावता माटे ग्रंथकारश्री

ઉપાધ્યાયજી મહારાજા કટાક્ષ કરતાં કહે છે કે, જિનશાસનની બહાર હોવાથી લુંપાક અસ્પૃશ્ય છે, અને અસ્પૃશ્યને પ્રતિમાનો જે અસ્પર્શ છે, તે ભૂષણરૂપ છે પરંતુ દૂષણરૂપ નથી. તેથી લુંપાક સમ્યગ્ ભાવિત વિશેષણથી પ્રતિમાનો સ્પર્શ કરતો નથી, તે ભૂષણરૂપ જ છે અર્થાત્ સમ્યગ્ ભાવિત વિશેષણથી પ્રતિમાને લુંપાક ગ્રહણ ન કરે તે ઉચિત જ છે; કેમ કે આલોચના યોગ્ય એવા ગીતાર્થના અસંભવમાં અધ્યાત્મની શુદ્ધિ માટે પ્રતિમાનો આશ્રય કરવો તે જ શાસ્ત્રાર્થ છે, તેથી સમ્યગ્ ભાવિત પદથી પ્રતિમાનું જ ગ્રહણ થાય છે, પરંતુ લુંપાક એ જિનશાસનની બહાર હોવાથી પ્રતિમાને ગ્રહણ કરતો નથી, તે તેના માટે ઉચિત જ છે.

પ્રસ્તુત વ્યવહારસૂત્રના કથનમાં કહ્યું કે, સમ્યગ્ ભાવિત ચૈત્ય ન મળે તો ગ્રામાદિની બહાર જઈને અરિહંત-સિદ્ધને આગળ કરીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું. આ કથનમાં સમ્યગ્ ભાવિત ચૈત્યનું કથન પૂર્વમાં છે અને અરિહંત-સિદ્ધનું કથન પાછળ છે, અને પ્રસ્તુત પ્રાયશ્ચિત્તવિધિમાં પૂર્વ પૂર્વની પાસે આલોચના કરવાનું કથન ઉત્સર્ગરૂપ છે અને પાછળ પાછળના પાસે આલોચના કરવાનું કથન અપવાદરૂપ છે.

આશય એ છે કે, જ્યાં સુધી પૂર્વમાં કહેલ આલોચનાદાતા પ્રાપ્ત હોય ત્યાં સુધી પાછળમાં કહેલ આલોચનાદાતા પાસે પ્રાયશ્ચિત્ત કરી શકાય નહિ, પરંતુ પૂર્વમાં કહેલ આલોચનાદાતા ન મળે ત્યારે જ પાછળના આલોચનાદાતા પાસે પ્રાયશ્ચિત્ત કરી શકાય. તેથી આલોચનાના ક્રમમાં પૂર્વ પૂર્વના આલોચનાદાતાને ઉત્સર્ગરૂપે ગ્રહણ કરેલ છે અને પાછળ પાછળના આલોચનાદાતાને અપવાદરૂપે ગ્રહણ કરેલ છે, અને પ્રસ્તુત વ્યવહારસૂત્રના આલાપકમાં સમ્યગ્ ભાવિત ચૈત્ય પૂર્વમાં છે અને અરિહંત-સિદ્ધ પશ્ચાત્ છે.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે, જિનપ્રતિમાને તમે ગ્રહણ કરો છો અને ત્યાર પછી અરિહંત-સિદ્ધનું ગ્રહણ કરો તો અરિહંત-સિદ્ધના પુરસ્કારનો ઉત્સર્ગ જિનપ્રતિમા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે અરિહંત-સિદ્ધ તો પ્રતિમા કરતાં વધારે મહત્ત્વના છે, તેથી જો સમ્યગ્ ભાવિત શબ્દથી ચૈત્યનું ગ્રહણ કરવું હોય તો અરિહંત-સિદ્ધનો પુરસ્કાર તેની પૂર્વે હોવો જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, પશ્ચાત્કૃતાદિનું આશ્રયણ પણ કેવી રીતે છે ? એ સ્વયં જ તું વિચાર.

આશય એ છે કે, જો અરિહંત-સિદ્ધના પૂર્વમાં સમ્યગ્ ભાવિત ચૈત્યનું ગ્રહણ ન થઈ શકે તો પશ્ચાત્કૃતાદિ પણ અરિહંત-સિદ્ધ કરતાં હીન છે, માટે તેઓનું પણ અરિહંત-સિદ્ધ કરતાં પૂર્વમાં ગ્રહણ થઈ શકે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, પશ્ચાત્કૃત અને સમ્યગ્ ભાવિત દેવતા એ વક્તાવિશેષ છે, તેથી તેમની પાસે આલોચના કરવી ઉચિત ગણાય, જ્યારે અરિહંત અને સિદ્ધ સાક્ષાત્ પ્રાયશ્ચિત્ત આપતા નથી માટે તેમના કરતાં પશ્ચાત્કૃતને પહેલાં લીધેલ છે; કેમ કે પશ્ચાત્કૃતે પૂર્વમાં સંયમ ગ્રહણ કરીને મહાનિશીથ આદિ સૂત્રો ભણેલાં છે, તેથી પ્રાયશ્ચિત્તનાં સર્વ વિધાનો તેઓ જાણે છે, માટે પ્રાયશ્ચિત્તાદિના અર્થે વક્તાવિશેષ એવા તેમનું અરિહંત-સિદ્ધના પુરસ્કારના ઉત્સર્ગરૂપે આશ્રયણ કરવું ઉચિત છે; પરંતુ જિનપ્રતિમા તો વક્તાવિશેષ નથી, તેથી અરિહંત-સિદ્ધના પુરસ્કારની ઉત્સર્ગતારૂપે જિનપ્રતિમાનું ગ્રહણ થઈ શકે નહિ. માટે સૂત્રમાં કહેલા સમ્યગ્ ભાવિત શબ્દથી સમ્યગ્ ભાવિત દેવતા માત્રનું ગ્રહણ થાય, પણ સમ્યગ્ ભાવિત ચૈત્યનું ગ્રહણ કરવું ઉચિત નથી. અને ચૈત્યનું ગ્રહણ કરવું જો શાસ્ત્રને સંમત હોત તો અરિહંત-સિદ્ધના ગ્રહણ

પછી જ ગ્રંથકારશ્રી કરી શકે. માટે આ આલાપકથી જિનપ્રતિમા પૂજ્ય છે એમ સિદ્ધ થતું નથી, એ પ્રકારનો લુંપાકનો આશય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સદ્‌ભાવ-અસદ્‌ભાવ દ્વારા અહીં પણ વિશેષનું તું વિભાવન કર=મૂર્તિમાં અરિહંતની સદ્‌ભાવ-સ્થાપના છે અને ગ્રામાદિની બહાર જઈને પૂર્વ-ઉત્તર દિશા સન્મુખ રહીને જે અરિહંતની સાક્ષીએ આલોચના કરાય છે ત્યાં અસદ્‌ભાવ-સ્થાપના છે, એ પ્રકારે તું વિશેષ જાણ. અને તેથી જ જ્યારે સમ્યગ્ ભાવિત દેવતાની પ્રાપ્તિ ન થાય, ત્યારે સમ્યગ્ ભાવિત પ્રતિમાની આગળ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાનું વિધાન છે; કેમ કે જેમ સદ્‌ભાવ-સ્થાપના કરતાં વક્તાવિશેષનું વધુ મહત્ત્વ છે, તેમ અસદ્‌ભાવ-સ્થાપના કરતાં સદ્‌ભાવ-સ્થાપનાનું વધુ મહત્ત્વ છે. તેથી અરિહંત-સિદ્ધના પુરસ્કારનો ઉત્સર્ગ જિનપ્રતિમા થઈ શકે છે, માટે પ્રથમ જિનપ્રતિમા આગળ પ્રાયશ્ચિત્ત કરવાનું કથન કરેલ છે, અને તેની અપ્રાપ્તિમાં અપવાદરૂપે અરિહંત-સિદ્ધની સાક્ષીએ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાનું કથન કરેલ છે.

પૂર્વમાં પૂર્વપક્ષીએ પ્રશ્ન કરેલો કે, અરિહંત-સિદ્ધના પુરસ્કારની ઉત્સર્ગતાને જિનપ્રતિમા કેવી રીતે પ્રાપ્ત કરે ? તેનું ગ્રંથકારશ્રીએ સમાધાન કર્યું કે, સદ્‌ભાવ-અસદ્‌ભાવ સ્થાપનાકૃત જિનપ્રતિમા અને અરિહંત-સિદ્ધમાં વિશેષતા છે. જિનપ્રતિમા એ સદ્‌ભાવ-સ્થાપના છે અને અરિહંત-સિદ્ધ એ અસદ્‌ભાવ-સ્થાપના છે. તેથી આલોચના કરનારે પ્રથમ સમ્યગ્ ભાવિત જિનપ્રતિમા આગળ આલોચના કરવી જોઈએ, અને સમ્યગ્ ભાવિત જિનપ્રતિમા ન મળે તો અપવાદથી અસદ્‌ભાવ-સ્થાપનારૂપ અરિહંત-સિદ્ધની આગળ આલોચના કરવી જોઈએ. આ કથન દ્વારા વક્ષ્યમાણ કથનનું પણ નિરાકરણ થાય છે, તે આ રીતે –

વક્ષ્યમાણ કથન જિનપ્રતિમાને સ્વીકારનાર કોઈકનું છે, અને તેઓ કહે છે કે, "આલોચના કરવામાં સૌથી છેલ્લે જિનપ્રતિમા આગળ આલોચના કરવાનું કહેલ હોવાથી પ્રતિમાનું આશ્રયણ જઘન્ય છે," એ કથન પણ નિરસ્ત જાણવું; કેમ કે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે સ્થાપન કર્યું કે, પ્રતિમા સદ્‌ભાવ-સ્થાપના હોવાને કારણે અસદ્‌ભાવ-સ્થાપનારૂપે અરિહંત-સિદ્ધ કરતાં ઉત્સર્ગરૂપ છે. તેથી જ પ્રતિમાનું આશ્રયણ પર્યંતમાં=છેલ્લે નથી, પરંતુ પર્યંતમાં તો અરિહંત-સિદ્ધનો પુરસ્કાર છે. માટે પૂર્વપક્ષીનું આ દુર્વચન નિરસ્ત જાણવું. અને તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે, પ્રતિમાથી પણ આગળમાં અરિહંત-સિદ્ધનો પુરસ્કાર સૂત્રમાં કહેલ છે, તેથી પ્રતિમાનું આશ્રયણ પર્યંતે નથી, પરંતુ પર્યંતમાં તો અસદ્‌ભાવ-સ્થાપનારૂપ અરિહંત-સિદ્ધના પુરસ્કારનું વચન છે. વધારે ચર્ચા કરવાથી શું ? ॥૬૪॥

શ્લોક :-

तीर्थेशप्रतिमार्चनं कृतवती सूर्याभवद् भक्तितो,
यत्कृष्णा परदर्पमाथि तदिदं षष्ठाङ्गविस्फूर्जितम् ।
सच्चक्रे खलु या न नारदमृषिं मत्वा ऽव्रतासंयतम्,
मूढानामुपजायते कथमसौ न श्राविकेति भ्रमः ।।६५।।

શ્લોકાર્થ :-

ભક્તિથી દ્રૌપદી, સૂર્યાભની જેમ ભગવાનની પ્રતિમાનું અર્ચન જે કરતી હતી, તે આ છઠ્ઠા અંગનું=જ્ઞાતાધર્મકથા નામના છઠ્ઠા અંગનું, વિસ્ફૂર્જિત=સમ્યગ્ વ્યાખ્યાનનો વિલાસ, પરના= પ્રતિમાલોપકોના, દર્પને મથન કરનાર છે.

અહીં લુંપાક કહે કે, દ્રૌપદીએ અરિહંત પ્રતિમાની પૂજા કરી એ પ્રકારે છઠ્ઠા અંગમાં કહ્યું છે, તેથી અમે પણ તેનો અપલાપ કરતા નથી, પરંતુ દ્રૌપદીને પાંચમું ગુણસ્થાનક નથી. એ પ્રશ્નના સમાધાનમાં શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી કહે છે –

જેણીએ=દ્રૌપદીએ, નારદઋષિને અવ્રતવાળા એવા અસંયત માનીને સત્કાર નથી કર્યો, (છતાં) આ શ્રાવિકા નથી એ પ્રકારે ભ્રમ મૂઢોને કેવી રીતે ઉત્પન્ન થાય છે ? અર્થાત્ આ ભ્રમ કરવો યોગ્ય નથી, એ પ્રકારે તાત્પર્ય છે. ॥૬૫॥

ટીકા :-

'तीर्थेश' इति :- यत् कृष्णा=द्रौपदी, सूर्याभवत्=राजप्रश्नीयोपाङ्गाभिहितव्यतिकर-सूर्याभदेववत्, भक्तितो=भक्त्या, तीर्थेशानां=भगवतां, प्रतिमानामर्चनं=पूजनं, कृतवती, तदिदं=तदर्थाभिधानपरं, षष्ठाङ्गस्य=ज्ञाताधर्मकथाऽध्ययननाम्नोऽङ्गस्य, विस्फूर्जितं=सम्यग्व्याख्यान-विलसितं, परेषां= कुवादिनां, दर्पम्=अहङ्कारं, मथ्नातीत्येवंशीलम् । ते हि वदन्ति-पञ्चमगुणस्थानभृता पूजाकृतेति सूत्रे कुत्रापि व्यक्ताक्षरं नोपलभ्यते, अतिप्रसिद्धे षष्ठाङ्ग एव च तदक्षरोपलब्धिरिति कथं नोत्तानदृशो दर्पप्रतिघातः? ननु द्रौपद्याऽर्हत्प्रतिमापूजा कृतेति षष्ठाङ्गेऽभिहितमिति वयमपि नापह्नुमस्तस्याः पञ्चमगुणस्थानं नास्तीत्येवं तु ब्रूम इति चेत् ? अत्राह- 'या नारदमृषिमव्रतासंयतं मत्वा न तं सच्चक्रे=न सत्कृतवती, असौ श्राविका नेति भ्रमः (मूढानां) कथमुपजायते? न युक्तोऽयं भ्रम इत्यर्थः, एवमापद्याचाम्लान्तरितषष्ठादिककरणमपि श्राविकात्वमेवार्थापयतीति द्रष्टव्यम् ।

ટીકાર્થ :-

यत् कृष्णा ..... एवंशीलम् । સૂર્યાભની જેમ=રાજપ્રશ્નીય ઉપાંગમાં કહેલ પ્રસંગમાં સૂર્યાભદેવની જેમ, ભક્તિથી કૃષ્ણા=દ્રૌપદી, તીર્થેશની=ભગવાનની, પ્રતિમાનું જે અર્ચન કરતી હતી તે આ=તે અર્થના અભિધાનમાં પર એવા છઠ્ઠા અંગનું=જ્ઞાતાધર્મકથા અધ્યયન નામના અંગનું, વિસ્ફૂર્જિત=સમ્યગ્ વ્યાખ્યાન વિલસિત એવું કથન, પરના=કુવાદી એવા લુંપાકના, દર્પને=અહંકારને, મથન કરવાના સ્વભાવવાળું છે.

આ રીતે શ્લોકના પ્રથમ બે પાદનું વર્ણન કર્યું. તે વર્ણન સામે લુંપાક શું કહે છે તે હવે બતાવે છે, જે શ્લોકના અંતિમ બે પાદની ભૂમિકારૂપ છે.

ટીકાર્થ :-

તે હિ વદન્તિ - ..... દર્પપ્રતિઘાતઃ ?=તેઓ=લુંપાક કહે છે - પાંચમા ગુણસ્થાનકને ધારણ કરનારી એવી દ્રૌપદીએ પૂજા કરી, એ પ્રમાણે સૂત્રમાં ક્યાંય પણ વ્યક્ત અક્ષર ઉપલબ્ધ થતા નથી, અને અતિપ્રસિદ્ધ એવા છઠ્ઠા અંગમાં જ=દ્રૌપદીના પૂજાના કથનને કહેવામાં અતિપ્રસિદ્ધ એવા છઠ્ઠા અંગમાં જ, તેના અક્ષરની=દ્રૌપદીએ પૂજા કરી તેના અક્ષરની, ઉપલબ્ધિ છે. એથી કરીને કેવી રીતે ઉત્તાન દૃષ્ટિવાળા એવા તમારા દર્પનો પ્રતિઘાત નથી ?=શાસ્ત્રનાં વચનોને ગ્રહણ કરીને પોતાની સ્વમતિથી માન્ય એવી ભગવાનની પૂજાને સિદ્ધ કરવા માટે તત્પર એવા ઉદ્ધત દૃષ્ટિવાળા શ્વેતાંબરના દર્પનો કેવી રીતે પ્રતિઘાત નથી ?

તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આ કથન દ્વારા તું=પૂર્વપક્ષી, આમ કહેવા માંગે છે, અને લુંપાક શું કહેવા માંગે છે, તે 'ननु'થી બતાવે છે –

ननु ..... इति चेत् ? ખરેખર દ્રૌપદી વડે અરિહંતની પ્રતિમાની પૂજા કરાઈ છે, એ પ્રમાણે છઠ્ઠા અંગમાં કહેવાયું છે, તેનો અમે પણ=લુંપાક પણ, અપલાપ કરતા નથી, પરંતુ તેણીને=દ્રૌપદીને, પાંચમું ગુણસ્થાનક નથી, એ પ્રમાણે અમે કહીએ છીએ. તેના સમાધાનરૂપે શ્લોકના અંતિમ બે પાદથી ગ્રંથકારશ્રી કહે છે –

अत्राह ..... इत्यर्थः, જેણે=દ્રૌપદીએ, નારદ ઋષિને અવ્રતવાળા એવા અસંયત માનીને તેનો=નારદ ઋષિનો, સત્કાર ન કર્યો, તે શ્રાવિકા નથી, એ પ્રકારે ભ્રમ તમને કેવી રીતે ઉત્પન્ન થાય છે ?=આ ભ્રમ કરવો યુક્ત નથી, એ પ્રકારે તાત્પર્ય છે.

❖ 'या' અને 'असौ'નો અહીં 'या' અને 'सा'ની જેમ સંબંધ છે.

एवम् ..... द्रष्टव्यम् । એ પ્રમાણે=જેમ નારદનો સત્કાર ન કર્યો એ કથન દ્રૌપદી શ્રાવિકા છે એમ બતાવે છે એ પ્રમાણે, આપત્તિમાં આયંબિલથી અંતરિત છઠ્ઠ આદિનું કરણ પણ=છઠ્ઠના પારણે આયંબિલ પુનઃ છઠ્ઠના પારણે આયંબિલ એ પ્રમાણે તપનું કરણ પણ, શ્રાવિકાપણાના જ અર્થને જણાવે છે, એ પ્રકારે જાણવું.

તે હિ વદન્તિ - થી દ્રષ્ટવ્યમ્ સુધીના કથનનો ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જ્ઞાતાધર્મકથા નામના છઠ્ઠા અંગથી દ્રૌપદીની ભગવાનની પૂજા પ્રસિદ્ધ છે, તેથી ભગવાનની મૂર્તિ પૂજનીય નથી તેવો લુંપાકના દર્પનો પ્રતિઘાત થાય છે.

તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી લુંપાક કહે છે કે, દ્રૌપદી પાંચમા ગુણસ્થાનકને ધારણ કરનારી છે, એવું સૂત્રમાં ક્યાંય વ્યક્ત જોવા મળતું નથી, અને અતિ પ્રસિદ્ધ એવા છઠ્ઠા અંગમાં દ્રૌપદીએ પૂજા કરી છે, એટલા અક્ષરો ઉપલબ્ધ છે, અને એ કથન તો શ્વેતાંબરોના દર્પનો જ પ્રતિઘાત કરે છે; કેમ કે શ્વેતાંબરો ભગવાનની મૂર્તિ પૂજનીય છે તેમ માને છે, તેથી શાસ્ત્રનાં વચનોને તે રીતે જ જોવાની દૃષ્ટિવાળા છે. માટે દ્રૌપદીએ પૂજા કરી તેથી મૂર્તિ પૂજનીય છે તેમ સ્થાપન કરવા યત્ન કરે છે.

લુંપાકનું કહેવું છે કે, વસ્તુતઃ દ્રૌપદી શ્રાવિકા નથી, તેથી તેનામાં પાંચમું ગુણસ્થાનક નથી; અને દ્રૌપદીએ પૂજા કરી એટલામાત્રથી મૂર્તિ પૂજનીય છે, એમ સિદ્ધ થાય નહિ. તેથી ઉદ્ધત દૃષ્ટિવાળા એવા શ્વેતાંબરના દર્પનો આ કથનથી પ્રતિઘાત થાય છે; કેમ કે મિથ્યાદૃષ્ટિ એવી દ્રૌપદીએ ભગવાનની પૂજા કરી એવો અર્થ છઠ્ઠા અંગના કથનથી થઈ શકે છે, અને એટલામાત્રથી મૂર્તિ પૂજનીય છે, એમ સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અથવા લુંપાક જ્ઞાતાધર્મના પાઠને કારણે દ્રૌપદીની પૂજા સ્વીકારે છે, પરંતુ દ્રૌપદીને પાંચમું ગુણસ્થાનક છે, તેમ સ્વીકારતો નથી. તે કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

અવ્રતવાળા એવા અસંયત નારદઋષિને જાણીને દ્રૌપદીએ તેનો સત્કાર કર્યો નથી, તેથી આ શ્રાવિકા નથી, એ પ્રકારે ભ્રમ કરવો યુક્ત નથી. અને જેમ નારદનો સત્કાર ન કર્યો એ કથન શ્રાવિકાપણાને બતાવે છે, એ રીતે આપત્તિમાં છઠ્ઠના પારણે આયંબિલ એ રીતે આયંબિલથી અંતરિત છઠ્ઠ તપનું કરવું - એ કથન પણ દ્રૌપદીના શ્રાવિકાપણાને બતાવે છે.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ કેવલિગમ્ય પાંચમા ગુણસ્થાનકના સૂક્ષ્મ ભાવો ક્વચિત્ હોય અને ક્વચિત્ ન પણ હોય; પરંતુ જે જીવ, આ ભગવાનનાં વચનો સત્ય છે અને પરમાર્થરૂપ છે, એમ બુદ્ધિમાં સ્વીકારીને, તેને અનુરૂપ વ્રતોની આચરણા મારે કરવી જોઈએ એવી બુદ્ધિપૂર્વક આયંબિલ-ઉપવાસાદિ તપ કરે, તે પાંચમા ગુણસ્થાનકને અનુરૂપ આચરણા સ્વરૂપ છે. અને તે આચરણા દ્રૌપદી કરતી હતી, માટે કેવલીગમ્ય સૂક્ષ્મભાવ પાંચમા ગુણસ્થાનકસ્પર્શી હોય અને ક્વચિત્ ન પણ હોય, તોપણ વ્યવહારથી તેને અનુરૂપ આચરણા હોવાથી પાંચમા ગુણસ્થાનકવાળી દ્રૌપદીએ પૂજા કરી એમ કહી શકાય. આથી જ દ્રૌપદીએ કરેલી પૂજા પાંચમા ગુણસ્થાનકને અનુરૂપ ઉચિત ક્રિયારૂપ છે તેમ સિદ્ધ થાય છે.

ટીકા :-

अत्रालापकाः –

'तए णं सा दोवई रायवरकन्नगा जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ २ ण्हाया कयबलिकम्मा, कयकोउअमंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिया मज्जणघराओ पडिनिक्खमइ २ जेणेव जिणघरे तेणेव उवागच्छइ २ जिणघरं अणुपविसइ २ जिणपडिमाणं आलोए पणामं करेइ २ लोमहत्थयं परामुसइ, एवं जहा सूरियाभो जिणपडिमाओ अच्चेइ २ तहेव भाणियव्वं, जाव धूवं डहइ २ वामं जाणुं अञ्चेइ दाहिणं जाणुं धरणियलंसि णिवेसेति २ तिक्खुत्तो मुद्धाणं धरणियलंसि नमेइ २ ईसिं पच्चुण्णमति करयल जाव कट्टु एवं वयासी-णमोऽत्थु णं अरिहंताणं भगवंताणं जाव संपत्ताणं । वंदइ नमंसइ २ जिणघराओ पडिनिक्खमति २ जेणेव अंतेउरे तेणेव उवागच्छइ । **(सू.-१२५ प्र. श्रु. स्क. अ. १६)**

अत्र यावत्करणात् अर्थत इदं दृश्यम्, लोमहस्तकेन जिनप्रतिमाः प्रमार्ष्टि, सुरभिणा गन्धोदकेन स्नपयति, गोशीर्षचन्दनेनानुलिम्पति, वस्त्राणि निवासयति, ततः पुष्पाणां माल्यानां ग्रन्थितानामित्यर्थः, गन्धानां चूर्णानां वस्त्रानामाभरणानां चारोपणं करोति स्म । मालाकलापालम्बनं पुष्पप्रकरं तन्दुलैर्दर्पणाद्यष्टमङ्गलकालेखनं

च करोति । 'वामं जाणुं अच्चेइ' त्ति-उत्क्षिपतीत्यर्थः । 'दाहिणं जाणुं धरणितलंसि निहट्टु'-निहत्य-स्थापयित्वेत्यर्थः । 'तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि णिवेसेइ'त्ति निवेशयतीत्यर्थः । ईसिं पच्चुन्नमति २ करतलपरिग्गहिअं अंजलिं मत्थए कट्टु एवं वयासी-'णमोत्थु णं अरहंताणं जाव संपत्ताणं, वंदति णमंसति २ जिणघराओ पडिणिक्खमइ' त्ति ।। तत्र वन्दते चैत्यवन्दनविधिना प्रसिद्धेन, नमस्यति पश्चात् प्रणिधानयोगेनेति वृद्धाः न च द्रौपद्याः प्रणिपातदण्डकमात्रं चैत्यवन्दनमभिहितं सूत्रे इति सूत्रप्रामाण्यादन्यस्यापि श्रावकादेस्तावदेव तदिति मन्तव्यं चरितानुवादत्वादस्य, न च चरितानुवादवचनानि विधिनिषेधसाधकानि भवन्ति, अन्यथा सूर्याभादिदेववक्तव्यतायां बहूनां शस्त्रादिवस्तूनामर्चनं श्रूयत इति तदपि विधेयं स्यात्, किञ्चाविरतानां प्रणिपातदण्डकमात्रमपि चैत्यवन्दनं संभाव्यते, यतो वन्दते नमस्यतीति पदद्वयस्य वृद्धान्तरव्याख्यानमेवमुपदर्शितं **जीवाभिगमवृत्तिकृता** विरतिमतामेव प्रसिद्धचैत्यवन्दनविधिर्भवति, अन्येषां तथाभ्युपगमपुरस्सरं कायोत्सर्गासिद्धेस्ततो वन्दते-सामान्येन, नमस्करोति-आशयवृद्धेः प्रीत्युत्थानरूपनमस्कारेणेति । किञ्च-"समणेण य सावयेण च अवस्सं कायव्वं हवइ जम्हा । अंतो अहोणिसिस्स य तम्हा आवस्सयं णाम" ।। तथा-"जं णं समणो वा समणी वा सावयो वा साविया वा तच्चित्ते, तम्मणे, तल्लेस्से उभओ कालं आवस्सये चिट्ठति तत्तं लोउत्तरियं भावास्सयं" इत्यादेर**नुयोगद्वार-वचनात्** । तथा 'सम्यग्दर्शनसम्पन्नः प्रवचनभक्तिमान् षड्विधावश्यकनिरतः षट्स्थानकयुक्तश्च श्रावको भवति' इत्य**ुमास्वातिवाचकवचनाच्च** श्रावकस्य षड्विधा-वश्यकस्य सिद्धावावश्यकान्तर्गतं प्रसिद्धं चैत्यवन्दनं सिद्धमेव भवतीति **वृत्तौ** ।

टीकार्थ :-

अत्रालापकाः=અહીંયાં=દ્રૌપદીએ ભગવાનની પૂજા કરી એ કથનમાં, આલાપક કહે છે –

"तए णं ..... पडिनिक्खमइ' त्ति ते વખતે તે શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી જ્યાં સ્નાનઘર છે ત્યાં જાય છે, ત્યાં જઈને સ્નાન કરીને કરાયેલ બલિકર્મવાળી કૌતુક વડે મંગલ પ્રાયશ્ચિત્તવાળી=ચિત્તશુદ્ધિવાળી, શુદ્ધ પ્રાવેષિક અને મંગલ એવાં વસ્ત્રને સારી રીતે ધારણ કરેલી એવી દ્રૌપદી સ્નાનઘરમાંથી પાછી ફરે છે. પાછી ફરીને જ્યાં જિનગૃહ છે ત્યાં જ જાય છે, ત્યાં જઈને જિનગૃહમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જિનપ્રતિમાને જોતે છતે પ્રણામ કરે છે, પ્રણામ કરીને મોરપીંછીને ગ્રહણ કરે છે, એ પ્રમાણે જેમ સૂર્યાભદેવ જિનપ્રતિમાને અર્ચન કરે છે અને અર્ચન કરીને યાવત્ ધૂપને કરે છે, ત્યાં સુધી કહેવું.

❖ અહીં યાવત્ શબ્દથી અર્થથી આ પ્રમાણે જાણવું – મોરપીંછી વડે જિનપ્રતિમાને પ્રમાર્જે છે, સુરભિ ગંધોદક વડે સ્નાન કરાવે છે, ગોશીર્ષચંદન વડે વિલેપન કરે છે, વસ્ત્રો પહેરાવે છે, ત્યાર પછી પુષ્પોની માળા= ગૂંથેલી માળા, ગંધ, ચૂર્ણ, વસ્ત્ર અને આભરણ આરોપણ કરે છે, માલાના સમૂહની રચના થાય તેવો પુષ્પપ્રકર કરે છે, ચોખા વડે દર્પણ આદિ અષ્ટમંગલનું આલેખન કરે છે. (આટલું કથન યાવત્ શબ્દથી સમજવું.)

ધૂપને કરીને ત્યાર પછી ડાબા જાનુને ઊંચો કરે છે, જમણા જાનુને પૃથ્વીતલ ઉપર સ્થાપન કરે છે, સ્થાપન કરીને ત્રણ વાર મસ્તકને પૃથ્વીતલ ઉપર નમાવે છે, નમાવીને કાંઈક ઊંચું કરીને કરતલ પરિગૃહીત અંજલિ મસ્તકે કરીને યાવત્ આ પ્રમાણે કહે છે.

❖ અહીં યાવત્ શબ્દથી કરતલપરિગૃહીત અંજલિ મસ્તકે કરીને=મસ્તક આગળ બે હાથ જોડીને, આ પ્રમાણે કહે છે –

નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણંથી યાવત્ સંપત્તાણં સુધી બોલે છે.

❖ અહીં યાવત્ શબ્દથી આઈગરાણંથી ઠાણં સંપત્તાણં સુધીનો પાઠ બોલે છે, તેનું ગ્રહણ કરેલ છે. નમુત્થુણંથી સંપત્તાણં સુધીનો પાઠ બોલ્યા પછી વંદન કરે છે, નમસ્કાર કરે છે. વંદન કરીને, નમસ્કાર કરીને જિનગૃહમાંથી બહાર નીકળે છે. બહાર નીકળીને જે બાજુ અંતઃપુર છે, તે બાજુ જાય છે.

તત્ર વન્દતે ..... વૃદ્ધાઃ । ત્યાં=વંદન-નમસ્કાર કરે છે એમ કહ્યું ત્યાં, વંદન કરે છે એમ કહ્યું તેનો અર્થ પ્રસિદ્ધ એવી ચૈત્યવંદનની વિધિ વડે વંદન કરે છે એમ કરવો; અને નમસ્કાર કરે છે એમ કહ્યું તેનો અર્થ વંદન કરીને પાછળથી પ્રણિધાનયોગ વડે નમસ્કાર કરે છે, એ પ્રકારે વૃદ્ધો કહે છે.

અહીં વિશેષ એ છે કે, દ્રવ્યસ્તવ કરીને જે ચૈત્યવંદન કરે છે, તે ચૈત્યવંદનની અંદર જ નમોત્થુણં આદિ સૂત્રો બોલે છે, પરંતુ નમોત્થુણંથી પૃથગ્ભૂત કોઈ વંદન નથી. અને ચૈત્યવંદન કર્યા પછી પ્રણિધાનયોગથી નમસ્કાર કરે છે, ત્યાં એ અર્થ ભાસે છે કે, ચૈત્યવંદન કર્યા પછી ચિત્તમાં અભિલાષ થાય છે કે, "ફરી ક્યારે આ ભગવાનની હું સારામાં સારી ભક્તિ કરું" ! એ પ્રકારના તીવ્ર અભિલાષરૂપ પ્રણિધાનયોગથી નમસ્કાર કરીને જિનમંદિરથી સ્વગૃહે જાય છે, એ પ્રકારે જ્ઞાનવૃદ્ધો કહે છે.

ન ચ ..... અસ્ય । દ્રૌપદીનું પ્રણિપાતદંડકમાત્ર ચૈત્યવંદન સૂત્રમાં કહેલું છે, એથી કરીને સૂત્રના પ્રામાણ્યથી અન્ય પણ શ્રાવકાદિને તેટલું જ તે છે=પ્રણિપાતદંડક સુધી જ ચૈત્યવંદન છે, એ પ્રકારે ન માનવું; કેમ કે આનું=સૂત્રમાં દ્રૌપદીએ પ્રણિપાતદંડક સુધી ચૈત્યવંદન કર્યું એનું, ચરિતઅનુવાદપણું છે.

સૂત્રમાં દ્રૌપદીએ પ્રણિપાતદંડક સુધી ચૈત્યવંદન કર્યું, એનું ચરિતઅનુવાદરૂપે કથન છે, તેથી તે ચરિતઅનુવાદ પ્રમાણે જ શ્રાવકે કરવું જોઈએ તેવો નિયમ નથી; કેમ કે દ્રૌપદીએ પૂર્ણ ચૈત્યવંદન કરેલું હોવા છતાં પ્રસ્તુતમાં તેનો અનુવાદ કરતાં પ્રણિપાતદંડકમાત્ર ચૈત્યવંદન કરેલ છે, તેમ કહ્યું છે.

ન ચ ચરિત ..... વિધેયં સ્યાત્ । અને ચરિતઅનુવાદનાં વચનો વિધિ-નિષેધ સાધક નથી, અન્યથા=ચરિતઅનુવાદનાં વચનો વિધિ-નિષેધ સાધક થતાં હોય તો, સૂર્યાભાદિ દેવની વક્તવ્યતામાં ઘણા શસ્ત્રાદિ વસ્તુઓનું અર્ચન સંભળાય છે, તે પણ વિધેય=કરવા યોગ્ય થાય.

ચરિતઅનુવાદના વચનથી કોઈ પણ વસ્તુનો વિધિ કે નિષેધ એકાંતે થઈ શકતો નથી, અને જો ચરિતઅનુવાદનાં વચનોથી વિધિ-નિષેધ નક્કી થતાં હોય તો પૂર્વમાં સૂર્યાભદેવના દૃષ્ટાંતથી પૂજા કર્તવ્યરૂપે સિદ્ધ કરી, તે સૂર્યાભદેવના પ્રસંગમાં સૂર્યાભદેવે શસ્ત્રાદિ-વસ્તુઓનું, વાવડી આદિનું પૂજન કરેલ તે પણ વિધિ થઈ જાય.

અહીં પ્રશ્ન થાય કે, ચરિતઅનુવાદનાં વચનો જો વિધિ-નિષેધ સાધક ન બનતાં હોય તો સૂર્યાભના પૂજાના વચનથી કે દ્રૌપદીના પૂજાના વચનથી પૂજા વિધેય કઈ રીતે બને ? આનો ઉત્તર એ છે કે, પૂજા

ભગવાનના વચનથી વિધેય બને છે, પરંતુ કોઈની આચરણાના અનુવાદના વચનથી વિધેય બનતી નથી, ફક્ત તે વિધિની પુષ્ટિ માટે જ તેનું કથન કરવામાં આવે છે. જેમ શ્રાવિકા એવી દ્રૌપદીએ પૂજા કરી, તેથી પૂજા કર્તવ્ય છે, એમ કહી શકાય.

પૂર્વમાં કહ્યું કે, દ્રૌપદીએ પ્રણિપાતદંડકમાત્ર ચૈત્યવંદન કર્યું છે, એ પ્રમાણે સૂત્રમાં કહેલ છે, તેથી અન્ય પણ શ્રાવકોએ તેટલું જ કરવું જોઈએ, તેમ ન માનવું, એ જ કથનમાં કાંઈક વિશેષ કહેવા અર્થે 'किञ्च'થી કહે છે –

किञ्च ..... नमस्कारेणेति । અને વળી અવિરતોને પ્રણિપાતદંડકમાત્ર પણ ચૈત્યવંદન સંભાવન કરાય છે; જે કારણથી વંદન કરે છે, નમસ્કાર કરે છે, એ પ્રકારે પદદ્વયના=બે પદના, વૃદ્ધાંતરના વ્યાખ્યાનને જ જીવાભિગમના વૃત્તિકારે બતાવેલ છે; કેમ કે વિરતિવાળાને જ પ્રસિદ્ધ ચૈત્યવંદનની વિધિ થાય છે, અન્યોને=વિરતિ વગરનાને, તે પ્રકારના અભ્યુપગમપૂર્વક=અરિહંત ચેઈઆણં અને અન્નત્થ સૂત્રમાં જે પ્રકારે અભ્યુપગમ છે તે પ્રકારના અભ્યુપગમપૂર્વક, કાયોત્સર્ગની અસિદ્ધિ છે. તેથી કરીને=અવિરતિધરને પ્રણિપાતદંડકમાત્ર ચૈત્યવંદન સંભવે છે તેથી કરીને, વંદન કરે છે=સામાન્યથી પ્રસિદ્ધ એવી ચૈત્યવંદનની વિધિ વડે વંદન કરે છે, અને નમસ્કાર કરે છે=આશયવૃદ્ધિની પ્રીતિઉત્થાનરૂપ નમસ્કાર વડે નમસ્કાર કરે છે. અર્થાત્ ફરી ક્યારે મને ભગવાનના દર્શનની પ્રાપ્તિ થશે ! એ પ્રકારની આશયવૃદ્ધિપૂર્વક નમસ્કાર કરે છે.

किञ्च ..... वृत्तौ । અને વળી શ્રમણ વડે અને શ્રાવક વડે જે કારણથી દિવસ અને રાત્રિના અંતે અવશ્ય કરવું જોઈએ, તે કારણથી 'આવશ્યક' (એ પ્રમાણે) નામ છે.

તથા "જે શ્રમણ કે શ્રમણી કે શ્રાવક કે શ્રાવિકા તચ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યામાં ઉભયકાળ આવશ્યકમાં રહે છે તે લોકોત્તર ભાવઆવશ્યક છે" ઇત્યાદિ અનુયોગદ્વારનું વચન હોવાથી તથા "સમ્યગ્દર્શનસંપન્ન, પ્રવચનભક્તિવાળો, ષડ્વિધ આવશ્યકમાં નિરત=રક્ત, ષટ્સ્થાનયુક્ત શ્રાવક હોય છે" - એ પ્રકારે ઉમાસ્વાતિવાચકનું વચન હોવાથી શ્રાવકનાં ષડ્વિધ આવશ્યકની સિદ્ધિ થયે છતે આવશ્યક અંતર્ગત પ્રસિદ્ધ ચૈત્યવંદન સિદ્ધ જ થાય છે, એ પ્રમાણે વૃત્તિમાં કહેલ છે.

ભાવાર્થ :-

જ્ઞાતાધર્મકથાના પ્રસ્તુત આલાપકની વૃત્તિમાં પૂર્વમાં કહ્યું કે, દ્રૌપદીનું કથન એ ચરિત્રઅનુવાદરૂપ છે. તેથી પ્રણિપાત દંડક સુધી ચૈત્યવંદન નથી, પરંતુ પરિપૂર્ણ અરિહંત ચેઈઆણં સૂત્ર બોલી કાઉસ્સગ્ગ કરવા સુધી ચૈત્યવંદન છે.

વળી, દ્રૌપદીએ તે ચૈત્યવંદન પરિપૂર્ણ કરેલ તે બતાવવા અર્થે કહે છે – જીવાભિગમની વૃત્તિમાં યદ્યપિ અવિરતિધરને પ્રણિપાતદંડક ચૈત્યવંદન માત્ર સંભવિત છે અને તેથી જ જીવાભિગમની વૃત્તિમાં વંદન અને નમસ્કારનો અર્થ જુદી રીતે કરેલ છે, તોપણ શ્રાવકને અવશ્ય કર્તવ્ય હોવાથી આવશ્યક એ પ્રમાણે નામ છે, અને શ્રાવક તચ્ચિત્તાદિથી ઉભયકાળ આવશ્યક કરે છે, તે લોકોત્તર ભાવઆવશ્યક છે, ઇત્યાદિ અનુયોગદ્વારના વચનથી અને સમ્યગ્દર્શનસંપન્ન વગેરે ઉપરમાં કહેલ વિશેષણવાળો શ્રાવક હોય છે, એ પ્રકારે ઉમાસ્વાતિ વાચકના વચનથી, શ્રાવકને ષડ્વિધ આવશ્યકની સિદ્ધિ થાય છે અને ષડ્વિધ આવશ્યકની સિદ્ધિ થયે છતે તેની અંતર્ગત પ્રસિદ્ધ ચૈત્યવંદન સિદ્ધ જ થાય છે. અને પ્રસ્તુતમાં દ્રૌપદી

શ્રાવિકા છે, એમ જ્ઞાતાધર્મના કથનથી સિદ્ધ થાય છે, તેથી દ્રૌપદીએ કરેલ ચૈત્યવંદન માત્ર પ્રણિપાતદંડક રૂપ નથી, પરંતુ પરિપૂર્ણ ચૈત્યવંદન છે, એ પ્રમાણે વૃત્તિમાં કથન છે તેનું તાત્પર્ય છે.

અહીં તચ્ચિત્ત, તદ્મન અને તલ્લેશ્યા કહ્યું, એ ત્રણે શબ્દો એક અર્થને કહેનાર હોવા છતાં ત્રણેનો પ્રયોગ કર્યો. તેથી તેમાં અત્યંત યત્ન કરવાનું સૂચિત થાય છે, અને જે શ્રાવક સૂત્રના અર્થમાં અત્યંત ઉપયોગપૂર્વક ઉભયકાળ આવશ્યક કરે છે, તે લોકોત્તર ભાવઆવશ્યક છે.

ટીકા :-

यच्च – જિણપડિમાણં અચ્ચણં કરેઇ **त्ति एकस्यां वाचनायामेतावदेव दृश्यत इति वृत्तावेव प्रागुक्तम्, तत्रापि वृद्धाशयात्संपूर्णो विधिरिष्यत एव, जिनप्रतिमार्चनस्य प्रणिधानान्तभावस्तवेनैव विरतिमतां निर्वाहात् । यदपि 'जाव संपत्ताणं'त्ति संमुग्धदण्डकदर्शनादनाश्वास (दर्शनाश्वास इति प्रतान्तरे) इति प्रतिमारिणोच्यते, तदपि स्तम्भनतीर्थचिरकालीनताडपत्रीयपुस्तके सम्पूर्णदण्डक-पाठप्रदर्शनेन बहुशो निराकृतमस्माभिः सम्पूर्णचैत्यवन्दनविधौ वाऽपुनर्बन्धकादयोऽधिकारिणः स्थानोर्णार्थालम्बनतदन्ययोगपरा इति सिद्धमेव योगग्रन्थे, श्राविका तु द्रौपदी आनन्दादिवत् प्रत्याख्यातान्यतीर्थिकादिवन्दनादिरूपत्वादेव सिद्धा ।**

ટીકાર્થ :-

यच्च ..... निर्वाहात् અને જે "જિનપ્રતિમાની અર્ચના કરે છે." **એ પ્રકારે એક વાચનામાં આટલો જ પાઠ દેખાય છે, એ પ્રકારે જ્ઞાતાધર્મની વૃત્તિમાં જ પૂર્વમાં કહેલું છે, ત્યાં પણ વૃદ્ધોના આશયથી સંપૂર્ણ ઇચ્છાય જ છે; કેમ કે પ્રણિધાન છે અંતમાં જેને એવા ભાવસ્તવ વડે જ વિરતિવાળાઓના જિનપ્રતિમાઅર્ચનનો નિર્વાહ થાય છે.**

પૂર્વપક્ષીનો આશય એ છે કે, જ્ઞાતાધર્મસૂત્રની વૃત્તિમાં કેટલેક ઠેકાણે નમુત્થુણંનો પાઠ જાવ સંપત્તાણં સુધી બોલે છે, એમ કહેલ છે, પરંતુ એક વાચનામાં જિનપ્રતિમાને અર્ચન કરે છે, એટલો જ પાઠ છે. તેથી દ્રૌપદીએ ચૈત્યવંદન કર્યું નથી, એમ જ પ્રાપ્ત થાય છે, માટે તે શ્રાવિકા નથી. તેથી શ્રાવિકા એવી દ્રૌપદીના પૂજાના કથનના બળથી શ્રાવકે પૂજા કરવી જોઈએ, એ પ્રમાણે માની શકાય નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જિનપ્રતિમાને અર્ચન કરે છે, એ પ્રમાણે પાઠ છે ત્યાં પણ જ્ઞાનવૃદ્ધોના આશયથી સંપૂર્ણ ચૈત્યવંદનની વિધિ જ ઇચ્છાય છે; કેમ કે વિરતિધરને જિનપ્રતિમાના અર્ચનની ક્રિયા ભાવસ્તવ વડે જ નિર્વાહ થાય છે, અને દ્રૌપદી શ્રાવિકા છે, એ સ્વયં આગળ સિદ્ધ કરે જ છે. તેથી શ્રાવિકા એવી દ્રૌપદીએ પ્રતિમાનું અર્ચન કર્યું, એના દ્વારા બીજાં શ્રાવક-શ્રાવિકા માટે જિનપ્રતિમા પૂજનીય છે, એમ કહી શકાય. એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

यदपि ..... अस्माभिः । 'जाव संपत्ताणं' એ પ્રકારનું સંમુગ્ધદંડક દર્શન હોવાથી=સંમુગ્ધ એવી દ્રૌપદી વડે બોલાયેલ દંડકનું દર્શન હોવાથી, અનાશ્વાસ છે=દ્રૌપદીના ચૈત્યવંદનથી પૂજા કર્તવ્ય છે એ અમને આશ્વાસનું=વિશ્વાસનું સ્થાન નથી. એ પ્રમાણે પ્રતિમાના શત્રુ વડે=લુંપાક વડે, જે પણ કહેવાય છે, તે પણ સ્તંભનતીર્થમાં રહેલા ચિરકાલીન તાડપત્રીય પુસ્તકમાં સંપૂર્ણ દંડક પાઠના પ્રદર્શન વડે ઘણી વાર અમારા વડે નિરાકરણ કરાયું છે.

લુંપાકનો કહેવાનો આશય એ છે કે, જેમ બાળક અણસમજવાળો હોય છે અને તે જે પ્રવૃત્તિ કરે તે પ્રમાણભૂત ન થાય, તેમ શાસ્ત્રના વિષયમાં જે વ્યુત્પન્ન ન હોય, તે સંમુગ્ધ કહેવાય=બાળક જેવો ગણાય, અને દ્રૌપદીએ પણ 'जावसंपत्ताणं' સુધી અડધું દંડક સૂત્ર બોલેલ છે, તેથી લાગે છે કે તે વ્યુત્પન્ન ન હતી, માટે દ્રૌપદીની પૂજાના કથનથી પ્રતિમા પૂજનીય છે, એમ કહી શકાય નહિ. એ પ્રકારના પૂર્વપક્ષીના આશયમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, ખંભાતતીર્થમાં રહેલા અતિ પ્રાચીન તાડપત્રીય પુસ્તકમાં સંપૂર્ણ દંડક પાઠનું દર્શન હોવાના કારણે અમારા વડે ઘણીવાર આનું નિરાકરણ કરાયું છે.

આશય એ છે કે, ખંભાતતીર્થમાં રહેલી જૂની પ્રતમાં સંપૂર્ણ દંડક પાઠ છે, તેથી દ્રૌપદી 'जाव- संपत्ताणं' સુધી બોલી છે, તેમ સ્વીકારી શકાય નહિ. માટે 'जाव संपत्ताणं' પાઠને ગ્રહણ કરીને દ્રૌપદી સંમુગ્ધ હતી, માટે તેની પૂજાથી ભગવાનની પૂજા કર્તવ્યરૂપે સિદ્ધ થાય નહિ, એમ પૂર્વપક્ષી કહે છે, તેનું નિરાકરણ થાય છે.

યદ્યપિ દેશવિરતિધર આદિ શાસ્ત્રમાં કહેલી ક્રિયા કરવામાં વ્યુત્પન્ન હોય છે, જ્યારે અપુનર્બંધકાદિ શાસ્ત્રમાં કહેલી ક્રિયા કરવામાં વ્યુત્પન્ન હોતા નથી, તેથી તેઓની ક્રિયા સંમુગ્ધ ક્રિયા છે; તોપણ તેઓને સંપૂર્ણ ચૈત્યવંદન હોઈ શકે છે, તે બતાવીને દ્રૌપદીને સંપૂર્ણ ચૈત્યવંદન હતું તે બતાવવા અર્થે કહે છે –

અથવા

સ્થંભનતીર્થની પ્રાચીન તાડપત્રીય પ્રતના પાઠના હિસાબે સંપૂર્ણ દંડક ઉપલબ્ધ છે, પરંતુ અન્યત્ર તો સંપૂર્ણ દંડક ઉપલબ્ધ નથી તોપણ ત્યાં સંપૂર્ણ ચૈત્યવંદનવિધિ અર્થથી ગ્રહણ કરવી છે, તે 'અથવા'થી બતાવે છે –

सम्पूर्ण ..... सिद्धा । અથવા તો સંપૂર્ણ ચૈત્યવંદનવિધિમાં અધિકારી એવા અપુનર્બંધકાદિ જીવો સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને તદ્અન્યયોગમાં=અનાલંબન યોગમાં તત્પર છે, એ પ્રમાણે યોગગ્રંથમાં સિદ્ધ જ છે. વળી આનંદાદિની જેમ પ્રત્યાખ્યાત અન્યતીર્થિક વંદનાદિરૂપપણું હોવાથી જ દ્રૌપદી તો શ્રાવિકા (તરીકે) સિદ્ધ છે.

અપુનર્બંધકાદિ જીવો પણ સ્થાનાદિ યોગમાં તત્પર છે, તેથી સંપૂર્ણ ચૈત્યવંદનની વિધિને કરનારા હોય છે, જ્યારે દ્રૌપદી તો શ્રાવિકા છે, તેથી તેણીએ તો સંપૂર્ણ ચૈત્યવંદન કરેલ હોય. માટે જ્ઞાતાધર્મકથાની વૃત્તિમાં વૃદ્ધોના કથનમાં 'जाव संपत्ताणं' સુધી પાઠ બોલી વંદન કરે છે, નમસ્કાર કરે છે, એમ કહેલ હોવા છતાં અર્થથી ત્યાં સંપૂર્ણ દંડકનો પાઠ સ્વીકારવો જોઈએ. તેથી 'जाव संपत्ताणं' સુધી અડધા દંડકનો પાઠ બોલી છે, તેમ કહી દ્રૌપદીની પૂજામાં અનાશ્વાસ કરવો ઉચિત નથી.

દ્રૌપદીએ અન્ય તીર્થિકોને વંદન નહિ કરવાનું પ્રત્યાખ્યાન કરેલું હોવાને કારણે શ્રાવિકા છે, એમ પૂર્વે કહ્યું. તેમાં 'तथाहि'થી સાક્ષીપાઠ આપે છે.

ટીકા :-

तथाहि –

तते णं ते पंच पंडवा दोवइए देवीए सद्धिं कल्लाकल्लिं वारंवारेण उरालाइं भोगभोगाइं जाव विहरंति तते णं से पंडुराया अण्णया कयाई पंचहिं पंडवेहिं कोंतीए देवीए दोवतीए देवीए य सद्धिं अंतो अंतेउरपरियालसद्धिं संपरिवुडे सीहासणवरगते यावि विहरति, इमं च णं कच्छुल्लणारए दंसणेण अइभद्दए विणीए अंतो २ य कलुसहियए मज्झत्थोवत्थिए य अल्लीणसोमपियदंसणे सुरूवे अमइलसगलपरिहिए कालमियचम्मउत्तरासंगरइयवत्थे, दण्डकमण्डलुहत्थे जडामउडदित्तसिरए, जन्नोवइयगणेत्तियमुंजमेहलवागलधरे हत्थकयकच्छपीए, पियगंधव्वे धरणीगोयरपहाणे संचरणावरणओवयणउप्पयणिलेसणीसु य संकामणिअभिओगपण्णत्तिगमणीथं-भणीसु य बहुसु विज्जाहरीसु विज्जासु विस्सुयजसे इट्ठे रामस्स य केसवस्स य पज्जुन्नपईवशंबअनिरुद्धणि-सढउम्मुयसारणगयसुमुहदुम्मुहाईण जायवाणं अद्धट्ठाणं कुमारकोडीणं हिययदइए संथवए कलहजुद्धकोलाह-लप्पिए, भंडाणाभिलासी बहुसु य समरसयसंपराएसु दंसणरए, समंतओ कलहसदक्खिणं अणुगवेसमाणे, असमाहिकरे दसारवरवीरपुरिसतिलोक्कबलवगाणं आमंतेऊण तं भगवतीं पक्कमणिं गगणगमणदच्छं उप्पइओ गगणमभिलंघयंतो गामागारनगरखेडकब्बडमडंबदोणमुहपट्टणसंवाहसहस्समंडियं थिमियमेइणीतलं णिब्भरजनपदं वसुहं ओलोइंतो रम्मं हत्थिणाउरं उवागए पंडुरायभवणंसि अइवेगेण समोवइए । तए णं से पंडुराया कच्छुल्लनारयं एज्जमाणं पासति २ पंचहिं पंडवेहिं कुंतीए य देवीए सद्धिं आसणातो अब्भुट्ठेति २ कच्छुल्लनारयं सत्तट्ठपयाइं पच्चुग्गच्छइ २ तिक्खुत्तो आयाहिणपयाहिणं करेति २ वंदति णमंसंति महरिहेण आसणेणं उवणिमंतेति । तए णं से कच्छुल्लनारए उदगपरिफोसियाए दब्भोवरिपच्चत्थुयाए भिसियाए णिसीयति २ पंडुरायं रज्जे जाव अंतेउरे य कुसलोदंतं पुच्छइ, तए णं से पंडुराया कोंतीदेवी पंच पंडवाय कच्छुल्लणारयं आढंति जाव पज्जुवासंति । तए णं सा दोवई कच्छुल्लनारयं असंजयं अविरयं अपडिहयपच्चक्खायपावकम्मं त्ति कट्टु नो आढाति नो परियाणइ, णो अब्भुट्ठेति णो पज्जुवासति ।। **(प्र. श्रु. अ. १६ सू. १२८)**

वृत्तिलेशो यथा-इमं चणं'ति इतश्च 'कच्छुल्लनारए'त्ति एतन्नामा तापसः दंसणेणं अइभद्दए-भद्रदर्शन इत्यर्थः, अंतो अंतो य कलुसहियए-अन्तरान्तरा दुष्टचित्तः केलीप्रियत्वादित्यर्थः, 'मज्झत्थउवत्थिए य' माध्यस्थ्यं=समतामभ्युपगतो व्रतग्रहणत इति भावः, अल्लीणसोमपियदंसणे=आलीनानाम्=आश्रितानां, सौम्यम्=अरौद्रं, प्रियं च दर्शनं यस्य स, तथा । अमइलसगलपरिहिए-अमलिनं सकलम्=अखण्डं, शकलं वा खण्डं वल्कवास इति गम्यते । परिहितं=निवसितं, येन स तथा कालमियचम्मउत्तरासंगरइयवत्थे-कालमृगचर्मउत्तरासङ्गेन रचितं वक्षसि येन स तथा । जन्नोवइयगणेत्तियमुंजभेहलावागलधरे-गणेत्रिका=रुद्राक्षकृतं कलाचिकाभरणम्,

मुञ्जमेखलामुञ्जमयः कटीदवरकः, वल्कलं-तरुत्वक्, हत्थकयकच्छपीए कच्छपिका तदुपकरणविशेषः पियगंधव्वे गीतप्रियः, धरणिगोयरप्पहाणे आकाशगामित्वात् । 'संचरणा...' इत्यादि-इह सञ्चरण्यादिविद्यानामर्थः शब्दानुसारेण वाच्यः । विज्जाहरिसु विद्याधरसम्बन्धिनीषु, विश्रुतयशा=ख्यातकीर्तिः, हिययदइए-वल्लभ इत्यर्थः । संथवे-एतेषां संस्तावकः, कलहजुद्धकोलाहलप्पिए-कलहो=वाग्युद्धम्, युद्धं तु-आयुधयुद्धम्, कोलाहलोबहुजनमहाध्वनिः, भंडणाभिलासी, भंडनं पिष्टातकादिभिः, समरसंपराएसु=समरसङ्ग्रामेषु इत्यर्थः, सदक्खिणं सदानमित्यर्थः, असंयतः संयमरहितत्वात्, अविरतः-विशेषतस्तपस्यरतत्वात्, न प्रतिहतानि-न प्रतिषेधितानि अतीतकालकृतानि निन्दनतः, न प्रत्याख्यातानि च भविष्यत्कालभावीनि पापकर्माणि-प्राणातिपातादिक्रिया येन अथवा न प्रतिहतानि सागरोपमकोटीकोट्यन्तः प्रवेशनेन सम्यक्त्वलाभतः न च प्रत्याख्यातानि सागरोपमकोटीकोट्याः सङ्ख्यातसागरोपमैर्न्यूनताकरणेन सर्वविरतिलाभतः पापकर्माणि-ज्ञानावरणीयादीनि येन स तथेति पदत्रयस्य कर्मधारयः ।

टीकार्थ :-

तथाहि – ते आ प्रमाणे –

त्यार पछी ते पांच पांडवो, द्रौपदीदेवीनी साथे એક એક દિવસના વારાના અનુસારે ઉદાર કામભોગોને ભોગવતા યાવત્ વિચરે છે=રહે છે. ત્યાર પછી પાંડુ રાજા અન્યદા ક્યારેક પાંચ પાંડવો, કુંતીદેવી અને દ્રૌપદીની સાથે અંદરના અંતઃપુરના પરિવાર સાથે પરિવરેલા શ્રેષ્ઠ સિંહાસન ઉપર વિચરે છે=બેસે છે. આ બાજુ કચ્છુલ્લ નામનો નારદ=એ નામનો તાપસ, દર્શન વડે અતિભદ્ર=ભદ્ર દર્શનવાળો, વિનીત (પરંતુ) વચ્ચે વચ્ચે કલુષ હૃદયવાળો=કેલિપ્રિય હોવાથી દુષ્ટ ચિત્તવાળો, મધ્યસ્થતાને પામેલો=બ્રહ્મચર્યવ્રતના ગ્રહણથી સમતાને પામેલો, આલીન=આશ્રિતોને સૌમ્ય=અરૌદ્ર અને પ્રિય દર્શનવાળો, સુરૂપવાળો, અમલિન સકલ=અખંડ અથવા શકલ=ખંડ વલ્કલ વસ્ત્ર ધારણ કરવાવાળો, કૃષ્ણ મૃગચર્મના ઉત્તરાસંગ વડે રચિત વક્ષસ્થળવાળો, હાથમાં દંડ અને કમંડલુને ધારણ કરવાવાળો, જટારૂપ મુગટથી શોભતા મસ્તકવાળો, જનોઈ, ગણેત્રિકા=રુદ્રાક્ષથી કરાયેલ કોણીથી કાંડા સુધીના આભરણને, મુંજમય કંદોરાને અને વલ્કલ=વૃક્ષની છાલને, ધારણ કરવાવાળો, હાથમાં કરાયેલ ઉપકરણ વિશેષને=વીણા વિશેષને, ધારણ કરવાવાળો, પ્રિયગંધર્વ=ગીતપ્રિય, આકાશગામી હોવાથી પૃથ્વી ઉપર અપ્રધાન=અલ્પ, ગમનવાળો, સંચરણી, આવરણી, અવતરણી, ઉત્પતની, શ્લેષણી અને સકામણી, અભિયોગિની, પ્રજ્ઞપ્તિ, ગમની અને સ્તંભિની એ બહુ વિદ્યાધર સંબંધી વિદ્યાઓમાં વિશ્રુત યશવાળો=પ્રખ્યાત કીર્તિવાળો, રામ=બળદેવ અને કેશવ=વાસુદેવને ઈષ્ટ, પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ, નિષઢ, ઉન્મુખ, સારણ, ગજ, સુમુખ અને દુર્મુખ આદિ સાડા ત્રણ કોડ યાદવ કુમારોનો હૃદયવલ્લભ સંસ્તાવક=(એમની) સ્તુતિ કરનારો, કલહ, યુદ્ધ અને કોલાહલપ્રિય, પિષ્ટાતકાદિ વડે ભંડન અભિલાષી, સમરસંપરાયમાં દર્શનરત=સમર-સંગ્રામ જોવામાં રસિક, ચારે બાજુથી કલહ સદાનને શોધતો=કલહ કરાવીને કલહના નિવારણના દાનવાળા કલહને શોધતો, અસમાધિને કરનાર, શ્રેષ્ઠ દશાર્હવર, વીર પુરુષ ત્રૈલોક્યમાં બળવાળાની સાથે આમંત્રણ કરીને=મંત્રણા કરીને, ગગનગમનમાં દક્ષ એવી તે ભગવતી પક્કમણિ (વિદ્યાનું સ્મરણ કરીને) ઊડ્યો. આકાશને ઓળંગતો હજારો ગામ, આકર, નગર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, સંબાહથી મંડિત સ્તિમિત મેદિનીતલવાળી, નિર્ભર જનપદવાળી પૃથ્વીનું અવલોકન કરતો રમ્ય હસ્તિનાપુર નગરમાં આવ્યો. અતિ વેગ વડે પાંડુરાજાના ભવનમાં ઊતર્યો.

તે સમયે પાંડુરાજા આવતા એવા કચ્છુલ્લ નારદને જુએ છે અને જોઈને પાંચ પાંડવો અને કુંતીદેવીની સાથે આસન ઉપરથી ઊભા થાય છે. ઊભા થઈને સાત-આઠ પગલાં કચ્છુલ્લ નારદની સામે જાય છે, સામે જઈને ત્રણ વાર આયાહિણં પયાહિણં કરે છે=હાથ જોડીને આવર્ત કરે છે, અને ત્રણ વાર આયાહિણં પયાહિણં કરીને વંદન કરે છે, નમસ્કાર કરે છે, (વંદન-નમસ્કાર કરીને) મહાકીમતી આસન ગ્રહણ કરવા માટે ઉપનિમંત્રણ=વિનંતી કરે છે.

ત્યાર પછી તે કચ્છુલ્લ નારદ પાણી છાંટીને દર્ભ ઉપર આસનવિશેષ પાથરીને બેસે છે. બેસીને પાંડુરાજા, રાજ્ય, યાવત્ અંતઃપુરના કુશળ સમાચાર પૂછે છે. ત્યાર પછી તે પાંડુ રાજા, કુંતીદેવી અને પાંચ પાંડવો કચ્છુલ્લ નારદનો આદર-સત્કાર કરે છે, યાવત્ તેની પર્યુપાસના કરે છે. તે સમયે દ્રૌપદી કચ્છુલ્લ નારદને સંયમરહિતપણું હોવાથી અસંયત, વિશેષ તપમાં અરતપણું હોવાથી અવિરત, અપ્રતિહત-અપ્રત્યાખ્યાત પાપકર્મવાળા જાણીને આદર કરતી નથી, આવ્યા જાણતી નથી, અભ્યુત્થાન કરતી નથી, પર્યુપાસના કરતી નથી.

❖ અપ્રતિહત-અપ્રત્યાખ્યાત પાપકર્મવાળાનો અર્થ ટીકામાં આ પ્રમાણે બતાવેલ છે –

નિંદાથી અતીત કાલકૃત પાપનો પ્રતિષેધ કરેલ નથી તે અપ્રતિહત પાપકર્મવાળો, અને ભવિષ્યકાળ સંબંધિ પાપકર્મ=પ્રાણાતિપાતાદિ ક્રિયાનું જેણે પચ્ચક્ખાણ કર્યું નથી તે અપ્રત્યાખ્યાત પાપકર્મવાળો છે.

અથવા

સમ્યક્ત્વના લાભથી અંતઃકોટાકોટિ સાગરોપમની અંદર પ્રવેશ વડે પાપકર્મો=જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો, જેના વડે પ્રતિહત કરાયાં નથી તે અપ્રતિહત પાપકર્મવાળા, અને સર્વવિરતિના લાભથી અંતઃકોટાકોટિ સાગરોપમમાંથી સંખ્યાત સાગરોપમ ન્યૂનતા કરવા વડે પાપકર્મો=જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો, જેના વડે પ્રત્યાખ્યાત કરાયાં નથી, તે અપ્રત્યાખ્યાત પાપકર્મવાળો છે.

❖ अपडिहयपच्चक्खायपावकम्मं - અહીં न प्रतिहतानि न प्रत्याख्यातानि અને पापकर्माणि આ ત્રણ પદનો કર્મધારય સમાસ કરેલ છે.

અભવ્ય, દુર્ભવ્ય પણ દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ કરે છે ત્યારે અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિવાળા હોય છે, અને તેનાથી કાંઈક વિશેષ ન્યૂન એવી અંતઃકોટાકોટિની સ્થિતિ અપુનર્બંધકને યોગની ભૂમિકામાં હોય છે, અને સમ્યક્ત્વનો લાભ થાય ત્યારે તેના કરતાં પણ કાંઈક ન્યૂન એવી અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત થાય છે, અને સર્વવિરતિના લાભ વખતે સંખ્યાતા સાગરોપમ ન્યૂન અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત થાય છે. અને નારદે સમ્યક્ત્વના લાભથી કે સંયમના લાભથી કર્મની તેવી સ્થિતિ કરેલ નથી તે અહીં બતાવવું છે.

ટીકા :-

आचामाम्लान्तरित षष्ठतपः करणेनापि तस्याः श्राविकात्वमप्रतिहतम् । तथाहि –

'तं मा णं तुमं देवाणुप्पिए ! ओहयमणसंकप्पा जाव झियाहि, तुमं णं मए सद्धिं विपुलाइं भोगभोगाइं जाव विहराहि, तए णं सा दोवती देवी पउमणाभं एवं वयासी-एवं खलु देवा० ! जंबूद्दीवे भारहे वासे बारवतिए णयरीए कण्हे णामं वासुदेवे ममप्पियभाउए परिवसति, तं जति णं से छण्हं मासाणं मम कूवं

नो हव्वमागच्छइ तए णं अहं देवा० ! जं तुमं वदसि तस्स आणाओवायवयणणिद्देसे चिट्ठिस्सामि । तए णं से पउमे दोयतीए एयमट्ठं पडिसुणेत्ता दोवइं देविं कण्णंतेउरे ठावेति, तए णं सा दोवती देवी छट्ठं छट्ठेणं अनिक्खित्तेणं आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावेमाणी विहरति । **(प्र.श्रु.अ.१६ सू. १२९)**

टीकार्थ :-

आचामाम्ल ..... अप्रतिहतम् । आयंबिलथी अंतरित छठ्ठ तप करवा वडे पण=छठ्ठना पारणे छठ्ठ अने पारणे आयंबिल करवा वडे पण, तेणीनुं=द्रौपदीनुं, श्राविकापणुं अप्रतिहत छे=सिद्ध थाय छे.

तथाहि – ते आ प्रमाणे=आयंबिलथी अंतरित द्रौपदीए छठ्ठ तप करेल ते अंगे ज्ञाताधर्मनो पाठ कहे छे –

तं मा णं ..... विहरति ।। हे देवानुप्रिये ! तुं हतमनःसंकल्पवाळी यावत् चिंता न कर, तुं मारी साथे विपुल भोग-उपभोगने भोगवती यावत् विचर=रहे. त्यारे ते द्रौपदीदेवीए पद्मनाभने आ प्रमाणे कह्युं, हे देवानुप्रिय ! जंबूद्वीपमां भरतवर्षमां द्वारवती=द्वारका, नगरीमां कृष्ण नामे वासुदेव मारा स्वामीनो भाई रहे छे. ते जो छ मासमां मारी पासे शीघ्र नहि आवे तो हुं, हे देवानुप्रिय ! तुं जे कहे छे (ते मुजब) तारी आज्ञा, उपाय, वचन अने निर्देशमां रहीश. त्यारे ते पद्मनाभ राजाए द्रौपदीना आ अर्थने=वचनने, सांभळीने देवीने=द्रौपदीने, कन्याना अंतःपुरमां राखी. त्यारे ते द्रौपदी देवी छठ्ठना पारणे अनिक्षिप्त आयंबिलथी परिगृहीत छठ्ठ तपकर्म वडे पोताने भावित करती विहरे छे=रहे छे.

❖ छठ्ठना पारणे आयंबिल पाछो छठ्ठ एम छठ्ठना पारणे आयंबिल अने पाछो छठ्ठ, ए रीते सळंग तप करे छे.

टीका :-

तपःपूजाप्रभृतिकं तस्या इहलोकार्थमेव भविष्यति, इति चेत्? न, सूत्रानुक्तत्वेन तवेदृशशङ्काया अनर्थमूलत्वाद्, गृहीतसामायिकप्रतिक्रमणाद्यभिग्रहस्यऽऽपत्कृताहारत्यागाभिग्रहस्य वा तन्निर्वाहणैहिक-कार्यकरण इव दोषाभावात्, 'पूजाद्यनन्तरमेव तया सम्यक्त्वं लब्धमि'त्यपि सूत्राक्षरदर्शनं विना ध्यान्ध्यकरणमात्रम् । न च निदानफलभोगान्तरमेव तस्या देशविरतिसंभव इत्यपि सुवचनम्, तत्प्रतिबन्धकत्वे तस्य पार्यन्तिकफलं विना कृष्णादेरिव तज्जन्मन्येव विरतिलाभासम्भवादिति यत्किञ्चिदेतत् ।।६५।।

टीकार्थ :-

तपःपूजा ..... अनर्थमूलत्वात् । तेणीनुं=द्रौपदीनुं, तप-पूजा वगेरे आलोक माटे ज थशे, ए प्रमाणे पूर्वपक्षी=लुंपाक कहे तो तेने ग्रंथकारश्री कहे छे के, एम न कहेवुं; केम के सूत्रमां नहि कहेलुं होवाने कारणे तारी आवा प्रकारनी शंकानुं अनर्थमूलपणुं छे.

पूर्वपक्षी एवा लुंपाकनो कहेवानो आशय एे छे के, पद्मनाभ राजाए ज्यारे द्रौपदीनुं अपहरण करेल

તેનાથી મુક્તિ અર્થે તેણીએ છઠ્ઠ, છઠ્ઠના પારણે આયંબિલનો તપ કરેલ, તેથી તે તપ આલોકના અર્થે હતો. ભગવાનની પૂજા પણ તેણીએ સ્વયંવરમાં જવાની પૂર્વે કરેલ, એ પ્રકારનું વર્ણન છે. તેથી તપ-પૂજા વગેરે દ્રૌપદીએ કરેલ તે આલોક અર્થે જ થશે. માટે તે શ્રાવિકા ન હતી, તેથી તેની પૂજાને પ્રમાણરૂપે ગણીને પૂજા કર્તવ્ય છે, એ પ્રમાણે સ્વીકારી શકાશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

લુંપાકની આ વાત બરાબર નથી; કેમ કે સૂત્રમાં એમ કહ્યું નથી કે સ્વયંવર પૂર્વે દ્રૌપદીએ પૂજા કરી છે, તે પતિની પ્રાપ્તિ અર્થે કરી છે, અને તપ કરેલ છે, તે પદ્મનાભના પંજામાંથી મુક્ત થવા માટે કરેલ છે. માટે તે પ્રકારની શંકા કરવી તે અનર્થનું કારણ છે=શાસ્ત્રમાં તે વાત નહિ હોવા છતાં પોતાની મતિ પ્રમાણે શાસ્ત્રનાં વચનોનો અર્થ કરવો તે ઉત્સૂત્રરૂપ છે, માટે પ્રમાણભૂત નથી.

પૂર્વમાં કહ્યું કે, શાસ્ત્રમાં નહિ કહેલ હોવાને કારણે તારી=લુંપાકની, આવા પ્રકારની શંકા અનર્થનું મૂળ છે, આમ છતાં, સ્વયંવરમાં જતાં પૂર્વે દ્રૌપદીએ પૂજા કરેલ હોવાથી કે પદ્મનાભના પંજામાં ફસાયા પછી તપ કરેલ હોવાથી કદાચ ઐહિક આશય સ્વીકારીએ તોપણ દોષ નથી. તે બતાવવા અર્થે કહે છે –

गृहीत ..... दोषाभावात् । ગૃહીત=ગ્રહણ કરેલ, સામાયિક-પ્રતિક્રમણાદિ અભિગ્રહવાળાને કે આપત્કૃત=આપત્તિમાં કરાયેલ, આહારત્યાગના અભિગ્રહવાળાને, તેના=અભિગ્રહના, નિર્વાહ માટે ઐહિક કાર્યકરણની જેમ દોષાભાવ છે.

ભાવાર્થ :-

કોઈ શ્રાવકે, મારે અમુક સામાયિક કરવાં કે ઉભય ટંક પ્રતિક્રમણ કરવું, એવો અભિગ્રહ ગ્રહણ કર્યો હોય, અને તે અભિગ્રહના નિર્વાહ માટે કોઈ ઐહિક કાર્ય કરવું પડે તો તે ઐહિક કાર્ય સંસારનું કારણ બનતું નથી, પરંતુ અભિગ્રહના નિર્વાહનું કારણ બને છે. તેથી તે ઐહિક કાર્યમાં કર્મબંધરૂપ ફળ મળતું નથી, પરંતુ અભિગ્રહના નિર્વાહના અંગરૂપ તે ઐહિક કાર્ય હોવાથી નિર્જરાનું કારણ બને છે; કેમ કે અભિગ્રહ કરનાર શ્રાવકનો આશય અભિગ્રહના પાલનના ઉપાયમાં યત્ન કરવારૂપે ઐહિક કાર્ય કરવાનો છે, પરંતુ ઐહિક કાર્યની લાલસાથી ઐહિક કાર્ય કરવામાં યત્ન નથી.

જેમ કે કોઈએ સામાયિક કરવાનો કે પ્રતિક્રમણ કરવાનો અભિગ્રહ ગ્રહણ કરેલ હોય, અને શારીરિક અસ્વસ્થતા થઈ જાય કે જેથી સામાયિક કે પ્રતિક્રમણરૂપ અભિગ્રહનો નિર્વાહ થઈ શકે નહિ, તેથી તે વખતે તેને વિચાર આવે કે મારા અભિગ્રહના નિર્વાહ માટે મારે કોઈ ઔષધાદિમાં યત્ન કરવો જરૂરી છે, કે જેથી શરીરની સ્વસ્થતાપૂર્વક હું મારા અભિગ્રહનું પાલન કરી શકું. તે વખતે શરીરની સ્વસ્થતા અર્થે જે ઔષધાદિક ઐહિક કાર્ય કરે તે શાતા અર્થે નથી, પરંતુ અભિગ્રહના પાલન અર્થે છે. આ રીતે ઔષધાદિ કરવામાં કર્મબંધરૂપ દોષની પ્રાપ્તિ નથી.

તે જ રીતે કોઈ શ્રાવકે આપત્તિમાં સાગારિક અનશન ગ્રહણ કર્યું હોય, તેથી જ્યાં સુધી એ આપત્તિ દૂર ન થાય ત્યાં સુધી આહારત્યાગનો અભિગ્રહ હોય, અને આ અભિગ્રહનો નિર્વાહ કરવો અતિ દુષ્કર દેખાય ત્યારે પોતાના અભિગ્રહનું પાલન શક્ય બની શકે તેના માટે કોઈ ઐહિક કાર્ય કરે અર્થાત્ પોતાનું

ચિત્ત જેમાં રસ લઈ શકે તેવી કોઈ ઐહિક કાર્યની પ્રવૃત્તિ કરે, કે જેથી પોતાના અભિગ્રહનું ઉલ્લંઘન ન થાય, તો તે ઐહિક કાર્યકરણ પણ ગ્રહણ કરેલ અભિગ્રહના પાલન અર્થે હોવાથી કર્મબંધનું કારણ બનતું નથી. પરંતુ તેનો યત્ન વ્રતના પાલન પ્રત્યેના પરિણામના કારણે તે ઐહિક કાર્ય કરવા માટે છે, તેથી તે ઐહિક કાર્ય કરવાથી કર્મબંધરૂપ ફળ મળતું નથી, પરંતુ નિર્જરાનું ફળ મળે છે, તેથી ત્યાં દોષ નથી.

તે જ રીતે પ્રસ્તુતમાં દ્રૌપદીએ જે વ્રતો ગ્રહણ કર્યાં હતાં, તેનું સારી રીતે પાલન થઈ શકે તે માટે, તેને અનુરૂપ વરની પ્રાપ્તિ અર્થે સ્વયંવર મંડપમાં જતાં પૂર્વે પૂજા કરેલ હોય, અને તે પૂજાકાળમાં વ્રતપાલનની આશંસા કરી હોય તો તેમાં દોષ નથી; કેમ કે ત્યાં સુંદર પતિ મને મળો એવી આશંસા નથી, પરંતુ પોતાના વ્રતના નિર્વાહને અનુરૂપ એવા પતિની આશંસા છે, તેથી પરમાર્થથી તે વ્રતના નિર્વાહની જ આશંસા છે.

તે જ રીતે પદ્મનાભ રાજાએ જ્યારે તેનું અપહરણ કરાવી તેને કન્યાના અંતઃપુરમાં રાખી, ત્યારે દ્રૌપદીએ છઠ્ઠ, છઠ્ઠના પારણે કરેલ આયંબિલનો તપ પદ્મનાભના કબજામાંથી છૂટવા માટે કરેલ હોવા છતાં ત્યાં તેનો આશય, હું પદ્મનાભના કબજામાંથી છૂટું કે જેથી શીલને સારી રીતે પાળી શકું, એવો હોવાથી તે માટે કરેલ તપ દોષરૂપ નથી; કેમ કે ત્યાં પદ્મનાભના કબજામાંથી છૂટવાનો આશય પણ શીલધર્મના પાલનમાં વિશ્રાંત થાય છે. માટે દ્રૌપદીએ પોતાના શીલના રક્ષણ અર્થે પદ્મનાભથી મુક્ત થવાની આશંસા કરી અને તેના માટે તપ કર્યો તે દોષરૂપ નથી.

અહીં પૂર્વપક્ષી લુંપાક કહે કે, પૂજાદિ અનંતર જ=પૂજા અને 'આદિ' પદથી પ્રાપ્ત જે છઠ્ઠ, છઠ્ઠના પારણે આયંબિલ તપ, તે કર્યા પછી જ દ્રૌપદી વડે સમ્યક્ત્વ પ્રાપ્ત કરાયેલ અર્થાત્ દ્રૌપદીએ પૂજાદિ કૃત્યો મિથ્યાત્વ અવસ્થામાં કર્યાં છે, અને ત્યાર પછી કોઈક તથાવિધ નિમિત્તને પામીને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે. તેથી મિથ્યાત્વ અવસ્થામાં કરેલ તેની પૂજાને પ્રમાણ ગણીને પૂજાને કર્તવ્ય માની શકાય નહિ. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

पूजाद्यनन्तरमेव ..... ध्यान्ध्यकरणमात्रं । પૂજાદિ અનંતર જ તેણી વડે=દ્રૌપદી વડે, સમ્યક્ત્વ પ્રાપ્ત કરાયું એ પણ સૂત્રાક્ષરદર્શન વગર બુદ્ધિનું આંધ્યકરણમાત્ર છે=અંધકરણમાત્ર છે=સત્ શાસ્ત્રના સમ્યક્ પદાર્થોને યથાર્થ જોડવા પ્રત્યે બુદ્ધિને અપ્રવર્તાવવા સ્વરૂપ છે.

❖ पूजाद्यनन्तरमेव - અહીં 'आदि' પદથી પદ્મનાભના કબજામાંથી છૂટવા છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલ તપ કર્યો તેનું ગ્રહણ કરેલ છે.

❖ लब्धमित्यपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે, દ્રૌપદીએ તપ-પૂજા વગેરે ઈહલોક અર્થે કર્યું એમ કહેવું એ સૂત્રાક્ષર વગર જેમ મૃષા છે, તેમ પૂજાદિ અનંતર જ દ્રૌપદીએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલ છે, એમ કહેવું એ પણ સૂત્રાક્ષરદર્શન વગર ધ્યાન્ધ્યકરણમાત્ર છે=બુદ્ધિનું અંધકરણમાત્ર છે.

અહીં પૂર્વપક્ષી=લુંપાક, કહે કે દ્રૌપદીએ પૂર્વભવમાં પાંચ પતિની પ્રાપ્તિ અર્થે કરેલું જે નિદાન, તેનું ફળ પાંચ પતિની પ્રાપ્તિ થવી અને તેનો ઉપભોગ કર્યા પછી જ દ્રૌપદીને દેશવિરતિનો સંભવ છે.

સામાન્ય રીતે નિદાનપૂર્વક કરાયેલી ક્રિયા ગરક્રિયારૂપ બને છે, તેથી જન્માંતરમાં જ્યારે તેના ફળરૂપે ભોગાદિની પ્રાપ્તિ થાય ત્યારે ધર્મની રુચિ કે વિરતિ આદિની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે પ્રસ્તુતમાં દ્રૌપદીએ પૂર્વમાં કરેલ નિદાનને કારણે તે કર્મનો ભોગવટો જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેણીને દેશવિરતિ સંભવી શકે નહિ, તેથી દ્રૌપદીએ સ્વયંવરપ્રાપ્તિ પૂર્વે કન્યા અવસ્થામાં ભગવાનની પૂજા કરેલ હતી, તેથી તે શ્રાવિકા છે એમ કહી શકાય નહિ. માટે દ્રૌપદીની પૂજાને પ્રમાણરૂપ ગણીને પૂજા કર્તવ્ય છે, તેમ સિદ્ધ થઈ શકે નહિ, એમ લુંપાક કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

न च ..... यत्किञ्चिदेतत् ।। નિદાનફળના ભોગ અનંતર જ તેણીને=દ્રૌપદીને, દેશવિરતિનો સંભવ છે, એ પણ સુવચન નથી; કેમ કે તેનું પ્રતિબંધકપણું હોતે છતે=નિદાનનું દેશવિરતિમાં પ્રતિબંધકપણું હોતે છતે, તેના=નિદાનના, પાર્યન્તિક ફળ વિના કૃષ્ણાદિની જેમ તે જન્મમાં જ વિરતિના લાભનો અસંભવ છે. એથી કરીને આ યત્કિંચિત્ છે.

❖ देशविरतिसंभव इत्यपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે, પૂજાદિ અનંતર જ તેણીએ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, એ સૂત્રાક્ષર-દર્શન વિના ધ્યાંધ્યકરણમાત્ર=બુદ્ધિનું આંધળાપણુંમાત્ર હોવાથી સુવચન નથી, પરંતુ આ પણ=નિદાનભોગ અનંતર જ તેણીને દેશવિરતિનો સંભવ છે આ પણ, સુવચન નથી.

ભાવાર્થ :-

કૃષ્ણાદિએ પૂર્વભવમાં નિદાન કર્યું તેથી તેના ફળરૂપે વાસુદેવનો ભવ મળ્યો અને તેના ભોગથી નરકની પ્રાપ્તિરૂપ પાર્યન્તિક ફળ મળ્યું. તે ફળની પ્રાપ્તિ વગર તે જન્મમાં કૃષ્ણાદિને વિરતિનો લાભ થયો નહિ, તેથી તેમનું નિદાન એ વિરતિના લાભ પ્રત્યે પ્રતિબંધક હતું. પરંતુ દ્રૌપદીએ પૂર્વભવમાં કરેલ નિદાન તે રીતે પ્રતિબંધક ન હતું; કેમ કે જો તે પ્રતિબંધક હોત તો દ્રૌપદીને તે જન્મમાં વિરતિનો લાભ થઈ શક્યો ન હોત. તેથી દ્રૌપદીએ પૂર્વભવમાં કરેલ નિદાન કૃષ્ણાદિના જેવું દૃઢ મૂલવાળું નહિ હોવાથી પ્રતિબંધકરૂપ ન હતું. તેથી જ નિદાનફળની પ્રાપ્તિ પૂર્વે દ્રૌપદીને દેશવિરતિની પ્રાપ્તિ થઈ. માટે પૂર્વપક્ષી લુંપાકનું વચન યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે.

આશય એ છે કે, જેમ કૃષ્ણ વાસુદેવને નિદાનના ફળરૂપે વાસુદેવના ભવની પ્રાપ્તિ થઈ અને એનું પાર્યન્તિક ફળ નરકની પ્રાપ્તિ થઈ, ત્યાર પછી જ વિરતિનો પરિણામ થશે; તેમ દ્રૌપદીને પણ નિદાનના ફળરૂપે પાંચ પતિની પ્રાપ્તિ થઈ અને તેનું પાર્યન્તિક ફળ દુર્ગતિની પ્રાપ્તિ થયા પછી દેશવિરતિની પ્રાપ્તિ થવી જોઈએ. પરંતુ દ્રૌપદીને આ ભવમાં જ દેશવિરતિની પ્રાપ્તિ થઈ છે, તેથી નક્કી થાય છે કે, દ્રૌપદીનું નિદાન કૃષ્ણના જેવું દૃઢ મૂળવાળું નથી, પરંતુ શિથિલ મૂળવાળું હોવાને કારણે નિદાનના ફળરૂપે પાંચ પતિની પ્રાપ્તિ થવા છતાં આ ભવમાં તેને દેશવિરતિની પ્રાપ્તિ થઈ છે.

સામાન્ય રીતે નિયાણું કરવાથી જન્માંતરમાં બોધિની દુર્લભતા થવાની સંભાવના રહે છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વભવમાં સંયમના ફળરૂપે ચક્રવર્તીપણાની પ્રાર્થના કરી, તેથી ચક્રવર્તીપણું મળવા છતાં ચક્રવર્તીના ભવમાં ધર્મ પ્રત્યે રુચિ જ તેમને થઈ નહિ; જ્યારે કૃષ્ણ વાસુદેવને નિદાનના ફળરૂપે વાસુદેવપણું

મળ્યું, પરંતુ બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ બોધિદુર્લભતા થઈ નહિ, આથી જ કૃષ્ણ વાસુદેવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. તેથી તેમનું નિદાન બ્રહ્મદત્ત ચક્રવર્તી કરતાં શિથિલ મૂળવાળું હતું અને દ્રૌપદીને નિદાનના ફળરૂપે પાંચ પતિની પ્રાપ્તિ થઈ, તોપણ જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તેમ દેશવિરતિની પણ પ્રાપ્તિ થઈ, પરંતુ કૃષ્ણ મહારાજાની જેમ પાર્યન્તિક ફળ સુધી વિરતિનો અલાભ થયો નહિ. તેથી દ્રૌપદીનું નિદાન કૃષ્ણ વાસુદેવ કરતાં પણ શિથિલ મૂળવાળું હતું. **॥૬૫॥**

અવતરણિકા :-

प्रतिबन्ध्या ऐहिकार्थत्वं द्रौपदीकृतपूजाया निरस्यति –

અવતરણિકાર્થ :-

પ્રતિબંદિ વડે=પ્રતિબંદિ તર્ક વડે, દ્રૌપદી કૃત=દ્રૌપદી વડે કરાયેલ, પૂજાના ઐહિક અર્થપણાનો નિરાસ કરે છે –

❖ અહીં પ્રતિબંદિ તર્ક આ પ્રમાણે છે – જો દ્રૌપદી વડે પૂજા પાણિગ્રહણ પ્રસંગમાં કરાયેલ છે, તેથી પ્રમાણ નથી, તો સૂર્યાભદેવ વડે કરાયેલ વંદનાદિ પણ પ્રમાણ નહિ થાય, એ પ્રકારના પ્રતિબંદિ તર્ક વડે દ્રૌપદીએ કરેલ પૂજાના ઐહિક અર્થનો ગ્રંથકારશ્રી નિરાસ કરે છે –

શ્લોક :-

तत्पाणिग्रहणोत्सवे कृतमिति प्रौढ्या प्रमाणं न चेत्,
स्वःसन्निर्मितवन्दनादिकमपि स्थित्युत्सवे किं तथा ।
क्लिष्टेच्छाविरहो द्वयोरपि समस्तुल्यश्च भक्तेर्गुणो,
नागादिप्रतिमार्चनादिह खलु व्यक्ता विशेषप्रथा ।।६६।।

શ્લોકાર્થ :-

પાણિગ્રહણના ઉત્સવમાં દ્રૌપદીથી તે=તીર્થેશની પ્રતિમાનું અર્ચન, પ્રૌઢિથી=ઉત્સુકતાથી, કરાયું છે=મારા જીવનનો પાણિગ્રહણનો પ્રસંગ છે, તે ભગવાનની ભક્તિપૂર્વક કરું, એ પ્રકારની ઉત્સુકતાથી કરાયેલો છે. એથી કરીને જો તને પ્રમાણ ન હોય તો સ્થિતિ ઉત્સવમાં સ્વસદ વડે=સૂર્યાભાદિ દેવ વડે પ્રૌઢિથી જ=ઉત્સુકતાથી જ, કરાયેલ વંદનાદિ પણ શું તેવાં છે ?=દ્રૌપદીના પ્રતિમાના અર્ચનની જેમ શું તને પ્રમાણ નથી ?

ક્લિષ્ટ ઇચ્છાનો વિરહ=કામભોગાદિની ઇચ્છાનો વિરહ, બંનેમાં પણ=દ્રૌપદી અને સૂર્યાભદેવ બંનેમાં પણ, સમ=સમાન છે, અને ભક્તિનો ગુણ પણ બંનેમાં=દ્રૌપદી અને સૂર્યાભદેવ બંનેમાં, તુલ્ય જ છે. બંનેમાં ભક્તિનો ગુણ તુલ્ય છે, તેમાં યુક્તિ બતાવે છે – નાગાદિ પ્રતિમાના અર્ચનથી અહીં=દ્રૌપદીના જિનાર્ચનમાં, ખલુ=નક્કી, વિશેષ પ્રથા=વિશેષ દૃષ્ટિ, વ્યક્ત=પ્રગટ છે.

ટીકા :-

'तत्पाणि' इत्यादि :- तत्=तीर्थेशप्रतिमार्चनम्, पाणिग्रहणोत्सवे द्रौपद्या प्रौढ्या=औत्सुक्येन, कृतमिति न चेत् प्रमाणम्, तदा स्वःसदा=सूर्याभादिना, निर्मितं वन्दनादिकमपि स्थित्युत्सवे= इन्द्रमहोत्सवस्थितिकाले, प्रौढ्यैवेति किं तथा=किं न प्रमाणं तव ? क्लिष्टेच्छा=कामभोगादीच्छा, तद्विरहो द्वयोरपि द्रौपदीसूर्याभयोः समः=तुल्यः, भक्तेर्गुणोऽपि द्वयोस्तुल्य एव, कथम् ? इति चेत् ? नागादिप्रतिमार्चनात्तदपेक्षयेह=द्रौपद्या जिनार्चने, खलु=निश्चितं, विशेषप्रथा=विशेषदृष्टिः, व्यक्ता=प्रकटा, नागादिप्रतिमार्चने हि भद्रया सार्थवाह्या पुत्रप्रार्थनादिकृतं श्रूयते । तथाहि –

तते णं सा भद्दा सत्थवाही धण्णेणं सत्थवाहेणं अब्भणुन्नाता समाणी हट्ठतुट्ठ जाव हयहियया विपुलं असणपाणखातिमसातिमं उवक्खडावेति २ त्ता, सुबहुं पुप्फगंधवत्थमल्लालंकारं गेण्हति २ सयाओ गिहाओ निग्गच्छति २ रायगिहं नगरं मज्झंमज्झेणं निग्गच्छति २ त्ता जेणेव पोक्खरिणी तेणेव उवागच्छति २ पुक्खरिणीए तीरे सुबहुं पुप्फ जाव मल्लालंकारं ठवेइ २ पुक्खरिणीं ओगाहइ २ जलमज्जणं करेति २ ण्हाया कयबलिकम्मा उल्लपडसाडिगा जाइं तत्थ उप्पलाइं जाव सहस्सपत्ताइं ताइं गिण्हइ २ पुक्खरिणीओ पच्चोरुहइ २ तं सुबहुं पुप्फगंधमल्लं गेण्हति २ जेणामेव णागघरए य जाव वेसमणघरए य तेणेव उवागच्छति २ तत्थ णं नागपडिमाण य जाव वेसमणपडिमाण य आलोए पणामं करेइ । ईसिं पच्चुन्नमइ २ लोमहत्थगं परामुसइ-२ नागपडिमाओ य जाव वेसमणपडिमाओ य लोमहत्थेणं पमज्जति २ उदगधाराए अब्भुक्खेत्ति २ पम्हलसुकुमालाए गंधकासाईए गायाइं लूहेइ २ महरिहं वत्थारुहणं च मल्लरुहणं च गंधारुहणं च चुन्नारुहणं च वन्नारुहणं च करेइ २ जाव धूवं डहति २ जानुपायपडिया पंजलिउडा एवं वदासी-जइ णं अहं दारगं वा दारिगं वा पायायामि तो णं अहं जायं च जाव अणुवट्टेमि त्ति कट्टु उवातियं करेति २ जेणेव पोक्खरिणी तेणेव उवागच्छति २ विपुलं असणं ४ आसाएमाणी जाव विहरति ।। (ज्ञाताधर्मकथा अ. २ सू. ३६) **न चैवं द्रौपद्या जिनप्रतिमां अर्चित्वा वरोपयाचितं कृतं श्रूयते, प्रत्युत 'जिणाणं जावयाणं' इत्यादिना भगवद्गुणप्रणिधानमेव कृतमस्तीति कथं न पश्यति सचेताः ?। इत्थं प्रणिधानेनैव च महापूजाऽन्यथा तु पूजामात्रमिति शास्त्रगर्भार्थः । तदाह –**

"देवगुणप्रणिधानात् (परिज्ञानात्) तद्भावानुगतमुत्तमं विधिना ।
स्यादादरादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम्" ।। इति । (षोड. ५ श्लो. १४) **।।६६।।**

ટીકાર્થ :-

तत् ..... किं न प्रमाणं तव ? પાણિગ્રહણના ઉત્સવમાં દ્રૌપદી વડે તે=તીર્થેશની પ્રતિમાનું અર્ચન=ભગવાનની પ્રતિમાનું પૂજન, પ્રૌઢિથી=ઉત્સુકતાથી, કરાયેલ છે. એથી કરીને જો તને પ્રમાણ ન હોય તો સ્વસદ વડે=સૂર્યાભાદિ દેવ વડે, નિર્મિત=કરાયેલ, વંદનાદિક પણ સ્થિતિ ઉત્સવમાં=ઈન્દ્રમહોત્સવ

સ્થિતિકાળમાં, પ્રૌઢિથી જ=ઉત્સુકતાથી જ છે, એથી કરીને શું તેવા છે ?=દ્રૌપદીના પ્રતિમાના અર્ચનની જેમ શું તને પ્રમાણ નથી ? અર્થાત્ જો સૂર્યાભદેવનું કરાયેલ વંદન તને પ્રમાણ હોય તો દ્રૌપદીનું પણ પ્રતિમાઅર્ચન તારે પ્રમાણ માનવું જોઈએ.

ભાવાર્થ :-

અહીં 'પ્રૌઢિ' શબ્દથી ઉત્સુકતા ગ્રહણ કરવાની છે, પરંતુ તે ઉત્સુકતા દ્રૌપદીના દૃષ્ટાંતમાં સુંદર પતિની ઇચ્છારૂપ નથી, પરંતુ પોતાના જીવનનો મહત્ત્વનો પ્રસંગ ભગવાનની ભક્તિપૂર્વક જ કરવો જોઈએ, જેમ શ્રાવક લગ્નાદિ પ્રસંગે વિશેષ પ્રકારે જિનભક્તિ મહોત્સવ કરે છે, તેમ દ્રૌપદીએ પણ પોતાના લગ્નના પ્રસંગે ભગવાનની ભક્તિ વિશેષ કરેલ છે, એ રીતનું ઔત્સુક્ય અહીં ગ્રહણ કરવાનું છે. અને સૂર્યાભદેવના પ્રસંગમાં સૂર્યાભદેવે પોતાની ઉત્પત્તિના કાળમાં ઈન્દ્રમહોત્સવના સમયે દેવો જે ઈન્દ્રમહોત્સવ કરે છે, તે ભગવાનના વંદનાદિપૂર્વક થાઓ, એ પ્રકારની ઉત્સુકતાથી વંદનાદિક કરેલ છે.

અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, કામભોગાદિની ઇચ્છાથી સૂર્યાભે વંદનાદિ કરેલ નથી, માટે અમને તે પ્રમાણ છે, તો ગ્રંથકારશ્રી કહે છે –

क्लिष्टेच्छा ..... तुल्यः । ક્લિષ્ટ ઇચ્છા=કામભોગાદિ ઇચ્છા, તેનો વિરહ=કામભોગાદિની ઇચ્છાનો વિરહ, બંનેમાં પણ=દ્રૌપદી અને સૂર્યાભદેવ બંનેમાં પણ, સમ=તુલ્ય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, સૂર્યાભદેવે ભગવાનની ભક્તિથી વંદન કરેલ છે, તેથી સૂર્યાભદેવનું વંદન અમને પ્રમાણ છે, તો ગ્રંથકારશ્રી કહે છે –

भक्तेर्गुणो ..... एव । ભક્તિનો ગુણ પણ બંનેમાં=દ્રૌપદી અને સૂર્યાભદેવમાં, તુલ્ય જ છે.

कथम् ? અહીં પૂર્વપક્ષી કહે કે, બંનેમાં ભક્તિનો ગુણ તુલ્ય કેવી રીતે છે ? તો ગ્રંથકારશ્રી કહે છે –

नागादि ..... प्रकटा । તેની અપેક્ષાએ=નાગાદિ પ્રતિમાઅર્ચનની અપેક્ષાએ=નાગાદિ પ્રતિમાઅર્ચનમાં પુત્રની પ્રાર્થના છે તેની અપેક્ષાએ, અહીં=દ્રૌપદીના જિનાર્ચનમાં, નાગાદિ પ્રતિમાઅર્ચનથી વિશેષ પ્રથા=ગુણના પ્રણિધાનરૂપ વિશેષ દૃષ્ટિ, વ્યક્ત=પ્રકટ છે.

નાગાદિ પ્રતિમાના અર્ચનથી દ્રૌપદીની જિનાર્ચામાં વિશેષ દૃષ્ટિ પ્રગટ છે, એમ પૂર્વમાં કહ્યું તે વિશેષ દૃષ્ટિ કઈ રીતે છે ? તે સ્પષ્ટ બતાવે છે –

नागादि ..... श्रूयते । નાગાદિ પ્રતિમાના અર્ચનમાં ભદ્રા સાર્થવાહી વડે પુત્રની પ્રાર્થનાદિ કરેલ સંભળાય છે. તેમાં 'तथाहि થી विहरति' સુધી સાક્ષીપાઠ આપેલ છે, અને એ રીતે=નાગાદિ પ્રતિમાઅર્ચન કરતાં દ્રૌપદીની જિનાર્ચામાં વિશેષ દૃષ્ટિ છે એ રીતે, દ્રૌપદી વડે જિનપ્રતિમાને અર્ચીને વરની માંગણી કરેલી સંભળાતી નથી, ઊલટું 'जिणाणं जावयाणं' ઇત્યાદિ વડે ભગવાનના ગુણનું પ્રણિધાન જ કરેલ છે. એ પ્રમાણે સચેતનો કેમ જોતા નથી ? અર્થાત્ એ પ્રમાણે સચેતનોએ જોવું જોઈએ.

❖ नागादि ..... श्रूयते નો અન્વય 'न चैवं ..... सचेताः ?'ની સાથે છે.

ભાવાર્થ :-

ભદ્રા સાર્થવાહીએ નાગદેવની પૂજા કરી અને પુત્રપ્રાર્થનાદિ કરેલ છે, જ્યારે દ્રૌપદીએ જિનાર્ચાને કરીને 'મને સુંદર વર પ્રાપ્ત થાઓ' એ પ્રકારે વરની યાચના કરી નથી. તેથી નક્કી થાય છે કે, સુંદર પતિની આશંસાથી તેણે પૂજા કરી નથી, પરંતુ 'જિણાણં જાવયાણં' ઇત્યાદિ શબ્દ દ્વારા ભગવાનના ગુણનું પ્રણિધાન કરેલ છે; અને ભગવાન મોહને જીતનારા છે અને જિતાડનારા છે, એથી જ ફલિત થાય છે કે, આવું પ્રણિધાન કરે ત્યારે દ્રૌપદીનો એ જ આશય હોય કે, જેમ ભગવાને મોહને જીત્યો છે તેમ ભગવાન મારા પણ મોહને જિતાડનારા છે, તેથી ભગવાનની ભક્તિ કરીને હું પણ મોહનો વિજય કરું. આમ છતાં હજુ પોતાને તેવા પ્રકારનો મોહનો વિજય થયો નથી માટે પાણિગ્રહણ કરે છે, તોપણ ભગવાન પાસે તો મોહનો વિજય કરવા માટે જ ગયેલ છે, એ પ્રકારનું 'જિણાણં જાવયાણં' ઇત્યાદિ વડે ભગવદ્ગુણનું પ્રણિધાન જ કરાયેલ થાય છે.

સામાન્યથી લોકમાં સારા પતિ વગેરે મળે તે અપેક્ષાએ નાગાદિનું પૂજન એ કાળે કરવામાં આવતું હતું, જ્યારે દ્રૌપદીએ નાગાદિનું પૂજન ન કરતાં ભગવાનની ભક્તિ કરવાનો વિચાર કર્યો, એ જ બતાવે છે કે, દ્રૌપદીને કામભોગની ઇચ્છા ન હતી, પરંતુ ભગવાન પ્રત્યે વિશેષ ભક્તિ હતી, એ પ્રકારની વિશેષ દૃષ્ટિ તેમની પૂજાથી વ્યક્ત થાય છે. જ્યારે નાગાદિની પ્રતિમાના અર્ચનમાં ભદ્રા સાર્થવાહી દ્વારા પુત્રપ્રાર્થનાદિ કરાયેલાં સંભળાય છે, અને એ રીતે દ્રૌપદી દ્વારા ભગવાનની પૂજા કરીને વરની યાચના કરેલી સંભળાતી નથી, પરંતુ 'જિણાણં જાવયાણં' ઇત્યાદિ વડે ભગવાનના ગુણનું પ્રણિધાન જ કરાયેલું છે. એ પ્રમાણે સચેતનો કેમ જોતા નથી ? અર્થાત્ 'જિણાણં જાવયાણં' એ વચન જ બતાવે છે કે દ્રૌપદીની ભગવાનની પૂજામાં વિશેષ દૃષ્ટિ છે.

ટીકાર્થ :-

तथाहि – નાગાદિની પ્રતિમાના અર્ચનમાં ભદ્રા સાર્થવાહી વડે પુત્રપ્રાર્થનાદિ કરેલ સંભળાય છે, એમ કહ્યું, તેમાં 'तथाहि'થી સાક્ષી આપેલ છે. તે આ પ્રમાણે –

तत्ते णं ..... विहरति ।। ત્યારે તે ભદ્રા સાર્થવાહી ધન સાર્થવાહ વડે અનુજ્ઞા પામેલી હૃષ્ટ-તુષ્ટ યાવત્ હર્ષિત હૃદયવાળી=આનંદિત હૃદયવાળી, વિપુલ=પુષ્કળ, અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ બનાવડાવે છે, બનાવડાવીને ઘણાં પુષ્પ, ગંધ, વસ્ત્ર, માળા અને અલંકારને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને પોતાના ઘરથી નીકળે છે, નીકળીને રાજગૃહી નગરના મધ્ય-મધ્યભાગથી બહાર નીકળે છે, નીકળીને જ્યાં પુષ્કરિણી=વાવડી છે, ત્યાં આવે છે. આવીને પુષ્કરિણીના કાંઠે ઘણાં પુષ્પ, યાવત્ માળા અને અલંકારોને સ્થાપન કરે છે, અને સ્થાપન કરીને પુષ્કરિણીમાં ઊતરે છે, ઊતરીને જલમજ્જન કરે છે, જલમજ્જન કરીને સ્નાન કરાયેલી, કરાયેલા બલિકર્મવાળી ઉલ્લપટ શાટિકાવાળી ત્યાં રહેલાં જે ઉત્પલ યાવત્ સહસ્રપત્ર તેને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને પુષ્કરિણીમાંથી બહાર નીકળે છે, બહાર નીકળીને ઘણાં એવાં તે પુષ્પ, ગંધ અને માળાને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને જે બાજુ નાગનું ગૃહ યાવત્ વૈશ્રમણનું ગૃહ છે, તે બાજુ આવે છે, આવીને ત્યાં રહેલ નાગપ્રતિમાને યાવત્ વૈશ્રમણ પ્રતિમાને જોતે છતે પ્રણામ કરે છે, કાંઈક ઊંચું જોઈને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને નાગની પ્રતિમાને અને યાવત્ વૈશ્રમણની પ્રતિમાને મોરપીંછી વડે પ્રમાર્જન કરે

છે, પ્રમાર્જન કરીને જલની ધારાથી અભિષેક કરે છે, અભિષેક કરીને રૂંવાટાવાળા સુકુમાલ સુગંધિ વસ્ત્રથી ગાત્રોને=શરીરોને લૂંછે છે, લૂંછીને મહાકીમતી વસ્ત્રારોહણ=વસ્ત્ર ચડાવવું અને માલ્યારોહણ, ગંધારોહણ, ચૂર્ણારોહણ અને વર્ણારોહણ=પંચવર્ણનાં પુષ્પો ચડાવવાનું કરે છે, અને કરીને યાવત્ ધૂપ કરે છે, ધૂપ કરીને ઘૂંટણીયે પડી, હાથ જોડી આ પ્રમાણે કહે છે – "જો મને પુત્ર કે પુત્રી પ્રાપ્ત થાય તો હું યાગ=પૂજા યાવત્ અનુવર્તીશ એ પ્રમાણે કહીને ઉપયાચના=પ્રાર્થના કરે છે. પ્રાર્થના કરીને જ્યાં પુષ્કરિણી છે ત્યાં આવે છે, આવીને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને આસ્વાદ કરતી=ભોજન કરતી, યાવત્ વિહરે છે.

इत्थं ..... शास्त्रगर्भार्थः । અને આ રીતે=દ્રૌપદીએ 'जिणाणं जावयाणं' ઇત્યાદિ વડે ભગવદ્ગુણનું પ્રણિધાન કર્યું એ રીતે, પ્રણિધાનથી જ મહાપૂજા થાય છે. વળી અન્યથા પૂજામાત્ર છે, એ પ્રમાણે શાસ્ત્રગર્ભાર્થ છે=શાસ્ત્રનું તાત્પર્ય છે.

ભાવાર્થ :-

જે ગૃહસ્થ ભગવાનના સ્વરૂપને જાણીને અત્યંત ભક્તિપૂર્વક ઉત્તમ સામગ્રીથી દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરતી વખતે 'નમોડત્થુ ણં' સૂત્રના અર્થમાં ઉપયુક્ત થઈને 'જિણાણં જાવયાણં' ઇત્યાદિ પદો બોલે છે, ત્યારે તેને ચિત્તમાં પ્રણિધાન થાય છે કે, ભગવાન મોહને જીતનારા છે અને જિતાડનારા છે, ભગવાન તરેલા છે અને તારનારા છે. આવા ભાવો તેને ઉપસ્થિત થાય છે, તેથી ભગવાનનું તે સ્વરૂપ તેને અત્યંત રોચક લાગે છે, અને તેવા પ્રકારના ઉત્તમ ચિત્તના પ્રણિધાનથી જ તેની પૂજા મહાપૂજારૂપ બને છે. અને એ સિવાય સારામાં સારી સામગ્રીથી પણ કદાચ પૂજા કરી હોય અને રોજના ક્રમ પ્રમાણે ચૈત્યવંદન કર્યું હોય, પરંતુ ભગવાનનું આવું લોકોત્તમ સ્વરૂપ પોતાના ચિત્તને તે ભાવોથી પ્લાવિત ન કરી શકે તો તે પૂજામાત્ર છે=સામાન્યથી પૂજાની ક્રિયા કરી છે તેટલા માત્રરૂપ છે, જે સામાન્ય પુણ્યબંધ માત્રમાં વિશ્રાંત થાય છે, પરંતુ તે મહાપૂજા બનતી નથી, એ પ્રકારનો શાસ્ત્રનો ગર્ભિત અર્થ છે.

ટીકાર્થ :-

तदाह – ભગવદ્ગુણના પ્રણિધાનથી જ પૂજા મહાપૂજા બને છે, અન્યથા પૂજામાત્ર છે એમ કહ્યું તેમાં 'तदाह'થી સાક્ષી આપે છે –

देवगुण ..... चेष्टम् ।। इति । વીતરાગત્વાદિ દેવગુણોના પરિજ્ઞાનથી तद्=તે ગુણોમાં, બહુમાનરૂપ ભાવથી અનુગત=યુક્ત, ઉત્તમ=પ્રધાન, અને વિધિ વડે=શાસ્ત્રના ઉપદેશરૂપ વિધિ વડે જે આદરાદિથી યુક્ત હોય તે દેવાર્ચન ઇષ્ટ છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❖ મુદ્રિત પુસ્તકમાં તથા હ. પ્રતમાં 'देवगुणप्रणिधानात्' છે ત્યાં ષોડશક-૫/૧૪માં 'देवगुणपरिज्ञानात्' પાઠ છે તે સંગત છે અને તે મુજબ અહીં અર્થ કરેલ છે.

❖ 'आदरादियुक्तं' કહ્યું છે ત્યાં 'आदि' પદથી કરણ પ્રત્યે પ્રીતિ અર્થાત્ અનુષ્ઠાન કરવામાં પ્રીતિ, અવિઘ્ન=વિઘ્નનું દૂર થવું અને સંપત્તિનો આગમ=સંપત્તિની પ્રાપ્તિ થાય, તેનું ગ્રહણ કરેલ છે.

ભાવાર્થ :-

કોઈ જીવને ભગવાનમાં રહેલા વીતરાગત્વાદિ ગુણોનું યથાર્થ પરિજ્ઞાન હોય અને તેને કારણે ભગવાનના તે ગુણોમાં બહુમાનથી યુક્ત દેવાર્ચન કરતો હોય, તે જ દેવાર્ચન ઇષ્ટ એવા મોક્ષનું સાધન છે, માટે તે દેવાર્ચન ઇષ્ટ છે. વળી, તે દેવાર્ચન ઉત્તમ છે=પ્રધાનદ્રવ્યસ્તવરૂપ છે, વળી તે દેવાર્ચન શાસ્ત્રના ઉપદેશરૂપ જે વિધિ છે, તેમાં આદરાદિથી કરાઈ રહ્યું છે.

શાસ્ત્રના ઉપદેશથી નિરપેક્ષ કરાતું દેવાર્ચન તે વાસ્તવિક દેવાર્ચન નથી. આમ છતાં શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે પ્રારંભિક ભૂમિકામાં જીવો કરી શકતા નથી, તોપણ શાસ્ત્રના ઉપદેશનો જે વિધિ છે, તેમાં પ્રારંભિક ભૂમિકામાં આદર હોય છે અને તે વિધિ પ્રમાણે કરવામાં પ્રીતિ હોય છે. અને તે રીતે કરવાથી ધીરે ધીરે વિઘ્નોનો નાશ થાય છે, તેથી તે જીવો વિઘ્નરહિત શાસ્ત્રાનુસારી ક્રિયા કરી શકે છે. અને તેના ફળરૂપે સંપત્તિનું આગમન થાય છે અર્થાત્ અનેક જાતની ગુણસંપત્તિ જીવમાં પ્રગટે છે. તેથી આવું દેવાર્ચન ઇષ્ટ છે, એ સિવાયનું અન્ય દેવાર્ચન દેવાર્ચનમાત્ર છે.

પૂર્વમાં કહ્યું કે, પ્રણિધાનથી મહાપૂજા છે અને પ્રણિધાન વિનાની પૂજા એ પૂજામાત્ર છે. તેમાં ષોડશકની સાક્ષી આપી, તેનું યોજન આ રીતે છે –

જે ગૃહસ્થ દેવગુણના પરિજ્ઞાનપૂર્વક તેમના પ્રત્યેના બહુમાનથી યુક્ત દેવાર્ચન કરે છે, તે પ્રણિધાનરૂપ છે, માટે મહાપૂજારૂપ છે. અને જે વ્યક્તિને ભગવાનના ગુણોનું પરિજ્ઞાન નથી, માત્ર મારે ભગવાનની પૂજા કરવી છે તેવી બુદ્ધિથી ભગવાનની પૂજા કરે છે, તે પૂજામાત્ર છે. **॥૬૬॥**

અવતરણિકા :-

અતિદેશશેષમાહ –

અવતરણિકાર્થ :-

અતિદેશ શેષને કહે છે=અતિદેશથી પ્રાપ્ત એવાં શેષ શાસ્ત્રવચનોને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વના શ્લોક-૬૫/૬૬માં દ્રૌપદીની પૂજાનું સમર્થન કર્યું અને તે શાસ્ત્રવચનથી ભગવાનની પૂજા કર્તવ્યરૂપે સિદ્ધ થઈ. તે જ રીતે અન્ય શાસ્ત્રવચનો પણ પૂજાનું સમર્થન કરનારાં છે, એ પ્રકારનો અતિદેશ થઈ શકે છે. હવે તે અતિદેશથી પ્રાપ્ત એવાં શેષ શાસ્ત્રવચનોને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

एतेनैव समर्थिताऽभ्युदयिकी धर्म्या च कल्पोदिता,
श्रीसिद्धार्थनृपस्य यागकरणप्रौढिर्दशाहोत्सवे ।

श्राद्धः खल्वयमादिमाङ्गविदितो यागं जिनार्चां विना,
कुर्यान्नान्यमुदाहृता व्रतभृतां त्याज्या कुशास्त्रस्थितिः ।।६७।।

श्लोकार्थ :-

કલ્પસૂત્રમાં કહેવાયેલી, શ્રી સિદ્ધાર્થ રાજાના દશ દિવસના મહોત્સવમાં અભ્યુદયને કરનારી અને ધર્મમય યાગકરણની પ્રૌઢિ=પ્રૌઢતા, આના દ્વારા જ=દ્રૌપદીના ચરિત્રના સમર્થનથી જ, સમર્થિત કરાઈ છે. (અને) આદિમ અંગમાં વિદિત=આચારાંગમાં પ્રસિદ્ધ, શ્રાવક એવા આ=સિદ્ધાર્થ રાજા, જિનાર્ચા વગર અન્ય યાગને નક્કી કરે નહિ, (જે કારણથી) વ્રત ધારણ કરનારને કુશાસ્ત્રની સ્થિતિ ત્યાજ્ય કહેવાયેલી છે. ।।૬૭।।

टीका :-

एतेनैव=द्रौपदीचरित्रसमर्थनेनैव, अभ्युदयिकी=अभ्युदयनिर्वृत्ता, धर्म्या च धर्मादनपेता, कल्पोदिता=कल्पसूत्रप्रोक्ता, श्रीसिद्धार्थनृपस्य=श्रीसिद्धार्थनाम्नो राज्ञो=भगवत्पितुः, दशाहोत्सवे=दशदिवसमहे, यागकरणस्य प्रौढिः=प्रौढता, समर्थिता=उपपादिता, तत्र यागशब्दार्थोऽन्यः स्यादित्यत आह खलु=निश्चितम्, अयं=सिद्धार्थराजः, आदिमाङ्गविदितः=आचाराङ्गप्रसिद्धः, श्राद्धः=श्रीपार्श्वापत्यीयः श्रमणोपासकः, जिनार्चां विनाऽन्यं लोकप्रसिद्धं यागं न कुर्यात्, यतः व्रतभृतां कुशास्त्रस्थितिस्त्याज्या (उदाहृता) अन्यश्च यागः कुशास्त्रीय इति ।

टीकार्थ :-

एतेनैव ..... उपपादिता, कल्पोदिता=કલ્પસૂત્રમાં કહેવાયેલી, શ્રી સિદ્ધાર્થ નૃપની=સિદ્ધાર્થ નામના રાજાની=ભગવાનના પિતાની, દશાહોત્સવમાં=દશ દિવસના મહોત્સવમાં, યાગકરણની પ્રૌઢિ=પ્રૌઢતા, અભ્યુદયિકી=અભ્યુદયને કરનારી અને ધર્મ્યા=ધર્મરૂપ, આના દ્વારા જ=દ્રૌપદીના ચરિત્રના સમર્થન વડે જ, સમર્થિતા=ઉપપાદિત કરાઈ છે.

तत्र ..... कुशास्त्रीय इति ।। ત્યાં=ભગવાનના પિતાએ દશ દિવસના મહોત્સવમાં યાગ કરેલ ત્યાં, યાગ શબ્દનો અર્થ અન્ય પણ થાય, એથી કહે છે –

આ=સિદ્ધાર્થ રાજા, નક્કી આદિમાંગવિદિત=આચારાંગમાં પ્રસિદ્ધ, શ્રાદ્ધ=શ્રી પાર્શ્વનાથના અપત્યીય=સંતાનીય, શ્રમણોપાસક (છે, અને તે) જિનાર્ચા વગર અન્ય લોકપ્રસિદ્ધ યાગ ન કરે; જે કારણથી વ્રત ધારણ કરનારને કુશાસ્ત્ર ા સ્થિતિ ત્યાજ્ય કહેલી છે, અને અન્ય યાગ કુશાસ્ત્રીય છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

કલ્પસૂત્રમાં કહેલ છે કે, ભગવાનના પિતાએ ભગવાનના જન્મપ્રસંગે દશ દિવસના મહોત્સવમાં યાગ કરેલ, તે યાગકરણની પ્રૌઢતાનું સમર્થન પૂર્વમાં દ્રૌપદીની પૂજાનું જે સમર્થન કર્યું તેનાથી જ થઈ જાય છે; કેમ કે દ્રૌપદી શ્રાવિકા હતી, તેમ સિદ્ધાર્થ રાજા પણ પાર્શ્વનાથ ભગવાનના શ્રાવક હતા, એ વાત આચારાંગમાં પ્રસિદ્ધ છે. તેથી તેઓ જિનભક્તિરૂપ જ યાગ કરે પરંતુ અન્ય યાગ ન કરે. માટે જેમ દ્રૌપદીએ પાણિગ્રહણના ઉત્સવમાં ભગવાનની પૂજા કરી, તેમ સિદ્ધાર્થ રાજાએ પણ પુત્રજન્મના ઉત્સવમાં કરેલ યાગ ભગવાનની પૂજારૂપ જ હતા, તે વાત ગ્રંથકારશ્રી વડે દ્રૌપદીના કથાનકના સમર્થનથી સમર્થિત કરાયેલ છે.

ટીકા :-

कल्पसूत्रपाठो यथा-'तए णं सिद्धत्थे राया दसाहिआए ठिइवडियाए वट्टमाणीए सइए अ साहस्सिए अ, सयसाहस्सिए अ जाए अ दाए अ भाए अ दलमाणे य दवावेमाणे अ सइए साहस्सिए अ लंभेमाणे अ पडिच्छमाणे अ पडिच्छावेमाणे य एवं च णं विहरइ । **व्याख्या-**दशाहिकायां=दशदिवसमानायां, स्थितौ= कुलमर्यादायां, पतितायां=गतायां पुत्रजन्मोत्सवप्रक्रियायां तस्यां वर्त्तमानायां, शतिकान्=शतपरिमाणान्, साहस्रिकान्=सहस्रपरिमाणान्, शतसाहस्रिकान्=लक्षप्रमाणान्, यागान्=देवपूजाः, दायान्=पर्वदिवसादौ दानादीन् लब्धद्रविणभागान्, ददत् दापयन्, लाभान् प्रतीच्छन्=गृह्णन्, प्रतिग्राह्यन् विहरन्नास्ते ।

ટીકાર્થ :-

कल्पसूत्रपाठो यथा - સિદ્ધાર્થ રાજાએ કરેલ યાગો જિનપ્રતિમાની પૂજારૂપ હતા, એ બાબતમાં કલ્પસૂત્રનો પાઠ છે, જે આ પ્રમાણે –

तए णं ..... विहरन्नास्ते । ત્યારે તે સિદ્ધાર્થ રાજા કુલમર્યાદામાં પ્રાપ્ત પુત્રજન્મોત્સવ સંબંધી થઈ રહેલા દશાહિકામાં સેંકડો, હજારો અને લાખો પ્રમાણ યાગોને=દેવપૂજાને, પર્વ દિવસ વગેરેમાં દાનાદિને અને પ્રાપ્ત થયેલા ધનના ભાગોને આપતો અને અપાવતો અને સેંકડો હજારો લાભોને ગ્રહણ કરતો અને ગ્રહણ કરાવતો અને એ પ્રમાણે વિહરે છે=વિહરતો રહે છે.

ટીકા :-

एवं श्रीसिद्धार्थनृपेण परमश्राद्धेन देवपूजा कृता चेदन्येषां कथं न कर्त्तव्या ?

ટીકાર્થ :-

एवं ..... न कर्तव्या ? એ પ્રમાણે પરમ શ્રાવક એવા સિદ્ધાર્થ રાજા વડે દેવપૂજા જો કરાઈ તો બીજાઓને (દેવપૂજા) કેમ કર્તવ્ય ન થાય ? અર્થાત્ દેવપૂજા કર્તવ્ય થાય.

અહીં પ્રશ્ન થાય કે, સિદ્ધાર્થ રાજાએ દેવપૂજા કરી છે એમ કેવી રીતે નક્કી થાય ? કેમ કે કલ્પસૂત્રના પાઠમાં યાગનું વર્ણન છે, અને તે પાઠની ટીકામાં યાગનો અર્થ દેવપૂજા કરેલ છે, તો તે દેવપૂજા કોઈ અન્ય

દેવોની પણ હોઈ શકે. તેથી સિદ્ધાર્થ રાજાએ જિનની જ દેવપૂજા કરેલ છે, તે બતાવવા માટે તેઓ શ્રાવક હતા, તે આચારાંગના પાઠથી બતાવે છે –

ટીકા :-

तस्य श्रमणोपासकत्वे आचारालापकश्चायं (द्वि. श्रु. चू. ३ सू. १७८) - 'समणस्स णं भगवओ महावीरस्स अम्मापिउरो पासावचिज्जा समणोवासगा आवि होत्था, ते णं बहुइं वासाइं समणोवासगपरियागं पालयित्ता छण्णं जीवनिकायाणं सारक्खणनिमित्तं आलोइत्ता, णिंदित्ता, गरिहित्ता, पडिक्कमित्ता, अहारिहं उत्तरगुणं पायच्छित्तं पडिवज्जित्ता कुससंथारं दुरूहित्ता भत्तं पच्चक्खायंति, २ अपच्छिमाए मारणंतियाए सरीरसंलेहणाए झुसीयसरीरा कालमासे णं कालं किच्चा, तं तं सरीरं विपज्जहित्ता अच्चुए कप्पे देवत्ताए उववन्ना तओ णं आउक्खएणं भवक्खएणं ठिइक्खएण चुते (ता) चइत्ता महाविदेहे वासे चरिमेणं ऊसासेणं सिज्झिस्संति (जाव) परिणिव्वाइस्संति, सव्वदुक्खाणमंतं करिस्संति ।।' **त्ति ।**

ટીકાર્થ :-

तस्य ..... अयं - અને તેના=સિદ્ધાર્થ રાજાના શ્રમણોપાસકપણામાં આચારાંગસૂત્રનો આલાપક આ છે –

"समणस्स ..... करिस्संति" ।। त्ति । શ્રમણ ભગવાન મહાવીરના માતાપિતા શ્રી પાર્શ્વનાથ ભગવાનના અપત્યીય=સંતાનીય શ્રાવકો હતા. તે બંને ઘણાં વર્ષો સુધી શ્રાવકપર્યાયને પાળીને, છજીવનિકાયના સંરક્ષણ નિમિત્તે (પાપોની) આલોચના કરીને, નિંદા કરીને, ગર્હા કરીને, પ્રતિક્રમણ કરીને તથા યથાયોગ્ય ઉત્તરગુણ પ્રાયશ્ચિત્તને સ્વીકારીને, કુશના સંથારા ઉપર બેસીને ભક્તપ્રત્યાખ્યાન અનશન કરે છે. અને કરીને છેલ્લી મારણાંતિક શરીરસંલેખના વડે શોષવી નાંખેલ શરીરવાળા, કાળમાસમાં=કાળ કરવાના સમયે કાળ કરીને તે તે શરીરને છોડીને અચ્યુતકલ્પમાં દેવપણામાં ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્યનો ક્ષય થવાથી (અને) દેવભવની સ્થિતિનો ક્ષય થવાથી ચ્યુત થયે છતે (અને) ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ચરમ ઉચ્છ્વાસ વડે સિદ્ધ થશે, યાવત્ પરિનિર્વાણને પામશે, સર્વદુઃખોનો અંત કરશે.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❖ अहारिहं उत्तरगुणं पायच्छित्तं पडिवज्जिता - એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય છે કે, શ્રાવક સંબંધી મૂળગુણરૂપ પાંચ અણુવ્રતોમાં સ્ખલના થઈ નથી, પણ વ્રતાદિ સંબંધી ક્રિયામાં-અનુષ્ઠાનમાં સ્ખલના થઈ હોય તે ઉત્તરગુણ સંબંધી પ્રાયશ્ચિત્તને સ્વીકારીને ભગવાનનાં માતાપિતા ભક્તપ્રત્યાખ્યાન અણસણ કરે છે.

અવતરણિકામાં કહેલ કે, અતિદેશ શેષને કહે છે, તે કથન સિદ્ધાર્થ રાજાની પૂજામાં દ્રૌપદીના ચરિત્રના સમર્થનથી બતાવ્યું. હવે તે જ અતિદેશ અન્ય પણ શાસ્ત્રોના કથનરૂપે છે તે બતાવે છે –

यथा च सिद्धार्थराजव्यतिकरे यागशब्देन 'पूजा कृतेति समर्थितम्, तथा महाबलादिव्यतिकरेऽपि दृश्यम्, अपि च शाश्वताशाश्वततीर्थान्याचार्यादींश्च प्रत्यभिगमन-संपूजनादिना सम्यक्त्वनैर्मल्यं स्यादित्युक्तमाचारनिर्युक्तौ ।

यथा च ..... दृश्यम् । અને જે પ્રમાણે સિદ્ધાર્થ રાજાના પ્રસંગમાં યાગ શબ્દથી પૂજા કરી એ પ્રમાણે સમર્થિત છે, તે પ્રમાણે મહાબળ વગેરેના પ્રસંગમાં પણ સમજી લેવું.

अपि च ..... आचारनिर्युक्तौ । અને વળી શાશ્વત-અશાશ્વત તીર્થો પ્રતિ અને આચાર્યાદિ પ્રતિ અભિગમન-સંપૂજનાદિ વડે સમ્યક્ત્વની નિર્મળતા થાય છે, એ પ્રમાણે આચારાંગની નિર્યુક્તિમાં કહેલ છે.

शाश्वताशाश्वततीर्थान्याचार्यादींश्च प्रत्यभिगमनसंपूजनादिना सम्यक्त्वनैर्मल्यं स्यात् - એ પ્રમાણે આચારાંગની નિર્યુક્તિમાં કહેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, શાશ્વત-અશાશ્વત તીર્થોમાં યથાસંભવ અભિગમન-વંદન-પૂજનાદિ ક્રિયા કરનારને દર્શનશુદ્ધિ થાય છે, માટે પ્રતિમા પૂજનીય છે.

શાશ્વત-અશાશ્વત તીર્થો પ્રતિ અને આચાર્યાદિ પ્રતિ અભિગમન-સંપૂજનાદિ દ્વારા સમ્યક્ત્વની નિર્મળતા થાય છે, એ પ્રમાણે આચારનિર્યુક્તિમાં કહ્યું, તે પાઠ 'तथाहि'થી બતાવે છે –

ટીકા :-

तथाहि –

'तित्थयराणं भगवओ पवयणपावयणिअइसयड्ढीणं ।
अहिगमननमंसणदरिसणकित्तणसंपूअणा थुणणा ।।१।।

जम्माभिसेगनिक्खमणचरणनाणुप्पत्तियनिव्वाणे ।
दियलोयभवणमंदरनंदीसरभोमनगरेसु ।।२।।

अट्ठावयमुज्जिंते, गयग्गपयगे य धम्मचक्के य ।
पासरहवत्तणंचमरुप्पायं वंदामि ।।३।।

वृत्तिर्यथा-दर्शनभावनार्थमाह-'तित्थयरे'त्ति गाहा । तीर्थकृतां=भगवतां प्रवचनस्य=द्वादशाङ्गस्य गणिपिटकस्य, तथा प्रावचनिनाम्=आचार्यादीनां युगप्रधानानां, तथाऽतिशयिनाम्=ऋद्धिमतां केवलिमनः-पर्यायावधिमच्चतुर्दशपूर्वविदां, तथाऽऽमर्षौषध्यादिप्राप्तर्द्धीनां यदभिमुखगमनम् गत्वा च नमनं नत्वा च दर्शनम् तथा गुणोत्कीर्त्तनं संपूजनंगन्धादिना, स्तोत्रैः स्तवनमित्यादिका दर्शनभावना अनया हि दर्शनभावनया निरन्तरं भाव्यमानया दर्शनशुद्धिर्भवतीति । किञ्च, 'जम्माभिसेये'ति गाहा, 'अट्ठावये'ति गाहा-तीर्थकृतां जन्मभूमिषु तथा निष्क्रमणचरणज्ञानोत्पत्तिनिर्वाणभूमिषु, तथा देवलोकभवनेषु, मन्दरेषु, तथा नन्दीश्वरद्वीपादौ भौमेषु च=पातालभवनेषु, यानि शाश्वतानि चैत्यानि तानि वन्देऽहमिति द्वितीयगाथान्ते क्रिया । एवमष्टापदे तथा श्रीमदुज्जयन्तगिरौ, गजाग्रपदे दशार्णकूटवर्तिनि, तथा तक्षशिलायां धर्मचक्रे, तथाऽहिच्छत्रायां श्रीपार्श्वनाथस्य धरणेन्द्रकृतमहिमास्थाने, एवं रथावर्त्तपर्बते-वैरस्वामिना यत्र पादपोपगमनं कृतम्, यत्र च श्रीवर्द्धमानस्वामिनमाश्रित्य चमरेन्द्रेणोत्पतनं कृतम् एतेषु च स्थानेषु यथासंभवमभिगमनवन्दनपूजनो-त्कीर्तनादिकाः क्रियाः कुर्वतो दर्शनशुद्धिर्भवतीति । **(आ. नि. गा. ३३०/३१/३२)**

ટીકાર્થ :-

તથાહિ – તે આ પ્રમાણે –

तित्थयराणं ...:.. वंदामि ।।३।। તીર્થંકર ભગવાનનું, પ્રવચનનું, પ્રાવચનિકનું અને અતિશય ઋદ્ધિવાળાઓનું અભિગમન, નમન, દર્શન, કીર્તન, સંપૂજન અને સ્તવન (કરું છું) તથા જન્માભિષેક, નિષ્ક્રમણ, ચરણ, જ્ઞાનોત્પાદ અને નિર્વાણભૂમિઓમાં તથા દેવલોક, ભવન, મંદર, નંદીશ્વર અને ભૌમનગરમાં=પાતાલ ભુવનમાં, (જે શાશ્વત ચૈત્ય છે તેઓને હું વંદું છું. એ બધા કૃત છે), અનેઅષ્ટાપદ અને ઉજ્જયંતગિરિમાં અને ગજાગ્રપદમાં અને ધર્મચક્રમાં, પાર્શ્વ=પાર્શ્વનાથના ધરણેન્દ્રથી કરાયેલા અહિચ્છત્રા સ્થાનમાં, રથાવર્ત=વજ્રસ્વામીએ જ્યાં પાદપોપગમન અનશન કરેલ એ પર્વતમાં, અને જ્યાં ચમરોત્પાત કરાયો એ સ્થાનને હું વંદન કરું છું.

वृत्तिर्यथा ..... दर्शनशुद्धिर्भवतीति । વૃત્તિ આ પ્રમાણે છે - દર્શનભાવના માટે કહે છે - 'तित्थयरे' એ પ્રમાણે ગાથા છે. તીર્થંકર ભગવંતોનું, પ્રવચનનું=દ્વાદશાંગ ગણિપિટકનું તથા પ્રાવચનિકનું=યુગપ્રધાન આચાર્ય વગેરેનું, તથા અતિશયવાળાનું=ઋદ્ધિવાળાનું કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અને ચૌદપૂર્વધરરૂપ અતિશયવાળાનું તથા આમર્ષૌષધિ વગેરે પ્રાપ્તઋદ્ધિવાળાનું, જે અભિમુખગમન=આ બધાની સામે જવું, જઈને નમન કરવું, નમન કરીને દર્શન કરવું તથા ગુણોત્કીર્તન, ગંધાદિ વડે સંપૂજન, સ્તોત્રો વડે સ્તવન=સ્તુતિ કરવી ઈત્યાદિ દર્શનભાવના છે= દર્શનશુદ્ધિને અનુકૂળ એવી આ ક્રિયા છે. નિરંતર=હંમેશાં, ભાવ્યમાન આ દર્શનભાવના વડે દર્શનશુદ્ધિ થાય છે. 'इति' શબ્દ દર્શનભાવનાના કથનની સમાપ્તિસૂચક છે.

किञ्च ..... क्रिया । વળી 'जम्माभिसेय'त्ति ગાથાનું પ્રતીક છે. 'अट्ठावये' ति ગાથાનું પ્રતીક છે. (તેનો અર્થ કહે છે –)

તીર્થંકરોની જન્મભૂમિઓમાં તથા નિષ્ક્રમણ, ચરણ, જ્ઞાનોત્પત્તિ અને નિર્વાણભૂમિઓમાં, તથા દેવલોક અને ભવનોમાં, મંદરોમાં તથા નંદીશ્વર દ્વીપાદિમાં અને ભૌમમાં=પાતાલ ભવનોમાં, જે શાશ્વત ચૈત્યો છે, તેને હું વંદન કરું છું, એ પ્રમાણે બીજી ગાથાના અંતે ક્રિયાપદ સમજવું.

एवम् ..... दर्शनशुद्धिर्भवतीति । એ પ્રમાણે અષ્ટાપદ પર, શ્રીમદ્ ઉજ્જયંતગિરિ પર, દશાર્ણકૂટપર રહેલા ગજાગ્રપદમાં તથા તક્ષશિલામાં ધર્મચક્રમાં, તથા અહિચ્છત્રાનગરીમાં શ્રી પાર્શ્વનાથના ધરણેન્દ્ર વડે કરાયેલ મહિમાસ્થાનમાં, એ પ્રમાણે વજ્રસ્વામી વડે જ્યાં પાદપોપગમન અનશન કરેલ છે તે રથાવર્ત પર્વત ઉપર અને જ્યાં મહાવીરસ્વામીને આશ્રયીને ચમરેન્દ્ર વડે ઉત્પાત કરાયેલ છે ત્યાં, આ સ્થાનોમાં યથાસંભવ અભિગમન, વંદન, પૂજન, ઉત્કીર્તન વગેરે ક્રિયાઓ કરનારના સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે.

'इति' શબ્દ વૃત્તિના કથનની સમાપ્તિસૂચક છે.

વળી અન્ય અતિદેશને બતાવવા માટે 'तथा'થી કહે છે –

ટીકા :-

तथा "अरिहंतसिद्धचेइयगुरुसुअधम्मे य साहुवग्गे य । आयरिय उवज्झाए पवयणे सव्वसंघे य ।।१।।

एएसु भत्तिजुत्ता पूअंता अहारिहमणन्नमणा । सामन्नमणुसरंता परित्तसंसारिआ भणिआ" ।।२।।

इति मरणसमाधिप्रकीर्णके ।।

ટીકાર્થ :-

તથા - ..... મરણસમાધિપ્રકીર્ણકે ।। इति मरणसमाधिप्रकीर्णके ।। વળી, અરિહંત, સિદ્ધ, ચૈત્ય, ગુરુ, શ્રુતધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન અને સર્વસંઘ આ બધામાં ભક્તિથી યુક્ત યથાયોગ્ય પૂજતા, અનન્યમનવાળા, શ્રામણ્યને અનુસરતા પરીત્ત સંસારી કહેવાયા છે.

એ પ્રમાણે મરણસમાધિ પ્રકીર્ણકમાં કહેલું છે.

❖ અહીં પણ ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાનું ગ્રહણ થાય છે, અને તેમાં ભક્તિ એ પરિત્ત સંસારનું કારણ છે, એ અર્થ પ્રાપ્ત થાય છે.

અતિદેશના શેષના સમુચ્ચયને બતાવતાં કહે છે –

ટીકા :-

तथा भावनमस्कारं प्रतिपद्यमानो दर्शनमोहनीयादिक्षयोपशमेन, (१) अर्हत् (२) अर्हत्प्रतिमा (३) अर्हन्तः (४) अर्हत्प्रतिमाः (५) साधुरर्हत्प्रतिमा चेति युगपद्द्वयम् (६) साधुर्जिनप्रतिमाश्च (७) साधवो जिनप्रतिमा च, (८) साधवो जिनप्रतिमाश्चेति अष्टस्वपि भङ्गेषु लभ्यत इत्युक्तम्, नाणावरणिज्जस्स उ दंसणमोहस्स तह खयोवसमे । जीवमजीवे अट्ठसु भंगेसु अ होइ सव्वस्स (सव्वत्थ) ।। **इति गाथया नमस्कारनिर्युक्तौ (आव. नि. ८९३)" ।।**

ટીકાર્થ :-

तथा ..... नमस्कारनिर्युक्तौ ।। વળી, દર્શનમોહનીયાદિના ક્ષયોપશમ વડે ભાવનમસ્કારને પ્રાપ્ત કરતો (૧) અરિહંત, (૨) અરિહંતની પ્રતિમા, (૩) અરિહંતો, (૪) અરિહંતની પ્રતિમાઓ, (૫) સાધુ અને અરિહંતની પ્રતિમા – એ પ્રમાણે એકીસાથે બેનું ગ્રહણ કરેલ છે. (૬) સાધુ અને જિનપ્રતિમાઓ, (૭) સાધુઓ અને જિનપ્રતિમા, (૮) સાધુઓ અને જિનપ્રતિમાઓ એ પ્રમાણે આઠે પણ ભાંગાઓમાં પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે "नाणावरणिज्जस्स ..... सव्वस्स" ।। એ ગાથા વડે નમસ્કાર નિર્યુક્તિમાં કહેલું છે.

❖ दर्शनमोहनीयादिक्षयोपशमेन - અહીં 'आदि' પદથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ ગ્રહણ કરવાનો છે.

નમસ્કારનિર્યુક્તિ 'नाणावरणिज्जस्स ..... सव्वस्स' ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

'नाणावरणिज्जस्स ..... सव्वस्स (सव्वत्थ) ।। જ્ઞાનાવરણીય અને દર્શનમોહનીયના તેવા પ્રકારના ક્ષયોપશમથી જીવવિષયક અને અજીવવિષયક આઠ ભાંગામાં સર્વત્ર (ભાવનમસ્કાર પ્રાપ્ત થાય છે.)

❖ પ્રતિમાશતક ગ્રંથમાં નમસ્કારનિર્યુક્તિની આ ગાથામાં सव्वस्स પાઠ છે, ત્યાં નમસ્કારનિર્યુક્તિમાં सव्वत्थ પાઠ છે અને તે મુજબ અર્થ કરેલ છે.

❖ खयोवसमे - અહીં પ્રાકૃત શૈલી હોવાથી તૃતીયાઅર્થક સપ્તમી વિભક્તિ છે.

ભાવાર્થ :-

જીવ, અરિહંત કે અરિહંતની પ્રતિમાને ઘણીવાર નમસ્કાર કરે છે, પરંતુ દર્શનમોહનીય કે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રાપ્ત એવા ભાવનમસ્કારને જ્યારે કરતો હોય ત્યારે આ આઠ ભાંગાઓમાં પ્રાપ્ત થાય છે=આ આઠ ભાંગામાં કહેલ કોઈ એક ભાંગામાં રહેલ અરિહંત વગેરેને નમસ્કારની ક્રિયા કરતો પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે નમસ્કારનિર્યુક્તિમાં કહેલ છે. અને તે આઠ ભાંગામાંથી પ્રથમના ચાર ભાંગા અરિહંત અને અરિહંતની પ્રતિમાને આશ્રયીને એક અને અનેકને ગ્રહણ કરીને કરેલ છે, અને ત્યાર પછીના ચાર ભાંગાઓ અરિહંત અને અરિહંતની પ્રતિમાને યુગપદ્=એકી સાથે, ગ્રહણ કરીને થઈ શકત, પરંતુ અરિહંતના સ્થાને સાધુને ગ્રહણ કરેલ છે. તેથી સાધુને અને અરિહંતની પ્રતિમાને યુગપદ્ ગ્રહણ કરીને કરેલ છે. તેનું કારણ અરિહંત પોતે શ્રેષ્ઠ સાધુ છે જ, તેથી પ્રથમના ચાર ભાંગામાં અરિહંતપદમાં સાધુનો અંતર્ભાવ થાય છે. અને જેમ અરિહંતને આશ્રયીને ભાવનમસ્કાર પ્રાપ્ત થાય છે, તેમ સાધુને આશ્રયીને પણ ભાવનમસ્કાર પ્રાપ્ત થાય છે, તે બતાવવા માટે યુગપદ્ના ચાર ભાંગામાં સાધુ અને અરિહંતની પ્રતિમાને ગ્રહણ કરીને એક અને અનેકને આશ્રયીને ચાર ભાંગાઓ કરેલ છે, અને તેનાથી પણ એ પ્રાપ્ત થાય છે કે, અરિહંતની પ્રતિમા પૂજનીય છે.

અન્ય અતિદેશને બતાવતાં કહે છે –

ટીકા :-

"तित्थयरा जिण चउदस, भिन्ने संविग्ग तहा असंविग्गे ।

सारूविय वय दंसण पडिमाओ भावगामो उ" **इति कल्पभाष्ये** (गा. ११९४) ।

ટીકાર્થ :-

तित्थयरा ..... कल्पभाष्ये । तीर्थंकरो=अरिहंतो, जिन=सामान्य केवली अथवा अवधिजिन, मनःपर्यायजिन, चतुर्दशपूर्वी, दशपूर्वी, भिन्न=असंपूर्ण दशपूर्वी, संविग्न=उद्यत विहारी, असंविग्न=अनुद्यतविहारी, सारूपिक=श्वेत वस्त्रधारी, अस्त्राथी मुंडित मस्तकवाळा अने भिक्षाटन उपजीवी पश्चात्कृतविशेष, व्रत=व्रत स्वीकार करेल अणुव्रतधारी श्रावक, दर्शन=दर्शनश्रावक-अविरतसम्यग्दृष्टि, प्रतिमा=अरिहंतनां बिंबो, (आ बधा पण) भावग्राम छे, **એ પ્રમાણે કલ્પભાષ્યમાં કહેલ છે.**

ભાવાર્થ :-

કલ્પભાષ્યના આ પાઠમાં તીર્થંકર, જિન વગેરેને ભાવગ્રામરૂપે કહેલ છે, ત્યાં તીર્થંકરની પ્રતિમાને ભાવગ્રામરૂપે કહેલ છે માટે પ્રતિમા પૂજનીય છે, એમ પ્રાપ્ત થાય છે.

અહીં ભાવગ્રામનો અર્થ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવોનો સમુદાય છે, અને તે ભાવો તીર્થંકરાદિમાં સાક્ષાત્ છે, તેથી તીર્થંકરાદિ ભાવગ્રામ છે. જ્યારે તીર્થંકરની પ્રતિમામાં તે ભાવો સાક્ષાત્ નથી, પરંતુ તે ભાવોને પેદા કરવામાં તીર્થંકરની પ્રતિમા કારણ છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને તીર્થંકરની પ્રતિમાને ભાવગ્રામ કહેલ છે.

કલ્પભાષ્યની આ ગાથામાં અસંવિગ્નને ભાવગ્રામરૂપે કહેલ છે, તેનાથી સંવિગ્નપાક્ષિક ગ્રહણ કરવાના છે, ઉન્માર્ગ પ્રવર્તક એવા અસંવિગ્નને અહીં ભાવગ્રામરૂપે ગ્રહણ કરવાના નથી. વળી, સારૂપિકથી પણ સમ્યગ્દર્શનને વહન કરતા હોય એવા શ્વેત વસ્ત્રધારી ત્યક્તચારિત્રી ગ્રહણ કરવાના છે; કેમ કે આવા ન હોય તો ભાવગ્રામ બની શકે નહિ. આથી જ સંવિગ્નપાક્ષિક કે સારૂપિક પાસે પણ આલોચના કરવાનો વિધિ શાસ્ત્રમાં કહેલ છે.

અહીં સંવિગ્નપાક્ષિક અને સારૂપિકમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભાવોનો સમુદાય નથી, પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ અંશવાળાને પણ અહીં ભાવગ્રામ તરીકે ગ્રહણ કરેલ છે અથવા સંવિગ્નપાક્ષિક અને સારૂપિકમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે અને નિશ્ચયનયથી અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય અલ્પ ચારિત્ર છે, તેથી ભાવગ્રામ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે, કેટલાક જીવોને જિનપ્રતિમાદિના દર્શન વિના પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તેથી જિનપ્રતિમાદિ ભાવગ્રામ તરીકે અનૈકાંતિક છે. તેથી કહે છે –

ટીકા :-

न च जिनप्रतिमादर्शनाद्यभावेऽपि केषाञ्चित्सम्यक्त्वलाभदर्शनाद् व्यभिचार इति शङ्कनीयम्, चित्रभव्यत्वपरिपाकयोग्यतया प्रतिभव्यं सम्यक्त्वहेतूनां वैचित्र्यात्, तथात्वे च कस्यचित् तीर्थकृत्, कस्यचित् गणधरः, कस्यचित् साधुः कस्यचिज्जिनप्रतिमादिकमित्येवं नैयत्यात् स्वजन्यभव्यत्व-परिपाकद्वारेण व्यभिचाराभावात्, अन्यथा तीर्थकृतोऽपि सम्यक्त्वहेतवो न भवेयुस्तीर्थकरमन्तरेणापि गौतमादिबोधितानां बहूनां सम्यक्त्वलाभप्रतीतेरन्वयव्यतिरेकसिद्धश्चायमर्थोऽत एव सम्यग्दृष्टिपरिगृहीतानां तासां कार्ये कारणोपचारेण (कारणे कार्योपचारेण) भावग्रामत्वमिष्यते ।

तदुक्तं तत्रैव - "जा सम्मभावियाओ पडिमा इयरा न भावगामो उ । भावो जइ णत्थि तहिं, नणु कारणे कज्जउवयारो ।।" व्याख्या-याः सम्यग्भाविताः=सम्यग्दृष्टिपरिगृहीतप्रतिमास्ता भावग्राम उच्यते, नेतरा मिथ्यादृष्टि-परिगृहीताः । आह-सम्यग्भाविता अपि प्रतिमास्तावज्ज्ञानादिभावशून्याः, ततो यदि दर्शनज्ञानादिरूपो भावः, स तत्र नास्तीति कथं ता भावग्रामो भवितुमर्हन्ति ? उच्यते-ता अपि दृष्ट्वा भव्यजीवस्यार्द्रकुमारादेरिव सम्यग्दर्शनाद्युदीयमानमुपलभ्यते, ततः ननु कारणे कार्योपचार इतिकृत्वा ता अपि भावग्रामो भण्यन्त इति ।।

ટીકાર્થ :-

न च ..... प्रतीतेः, જિનપ્રતિમાનાં દર્શનાદિના અભાવમાં પણ કેટલાકને સમ્યક્ત્વના લાભનું દર્શન હોવાને કારણે વ્યભિચાર છે, એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે ચિત્રભવ્યત્વના પરિપાકની યોગ્યતારૂપે દરેકને આશ્રયીને સમ્યક્ત્વના હેતુઓનું વિચિત્રપણું છે. અને તથાપણું હોતે છતે=દરેક ભવ્યો પ્રત્યે સમ્યક્ત્વના હેતુઓનું વિચિત્રપણું હોતે છતે, કોઈકને તીર્થંકર, કોઈકને ગણધર, કોઈકને

સાધુ, કોઈકને જિનપ્રતિમાદિક એ પ્રકારે નિયતપણું હોવાને કારણે, સ્વજન્યભવ્યત્વના પરિપાક દ્વારા વ્યભિચારનો અભાવ છે. અન્યથા=જિનપ્રતિમાનાં દર્શનાદિના અભાવમાં પણ કેટલાકને સમ્યક્ત્વના લાભનું દર્શન હોવાને કારણે વ્યભિચાર માનશો તો, તીર્થંકરો પણ સમ્યક્ત્વના હેતુઓ નહિ થાય; કેમ કે તીર્થંકર વગર પણ ગૌતમાદિથી બોધિત=બોધ પામેલા એવા, ઘણાને સમ્યક્ત્વના લાભની પ્રતીતિ છે.

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં ભવ્યત્વ એ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ છે, અન્ય ભવ્યત્વનું ગ્રહણ નથી. દરેક પદાર્થોમાં અનેક પ્રકારના ભવ્યત્વ અને અભવ્યત્વ સ્વભાવો હોય છે. જેમ જીવમાં જડરૂપે થવાનો સ્વભાવ નથી, તેથી અભવ્યત્વ સ્વભાવ છે, અને જે જે ભાવરૂપે જીવ પરિણમન પામી શકે છે તે તે ભાવરૂપે થવાનો ભવ્યત્વ સ્વભાવ છે. પ્રસ્તુતમાં આ ભવ્યત્વ-અભવ્યત્વ સ્વભાવનું ગ્રહણ નથી, પરંતુ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ સ્વભાવનું ગ્રહણ છે, અને તે ભવ્યત્વ સ્વભાવ પણ નાના જીવોને આશ્રયીને ચિત્ર છે; કેમ કે જો એક સરખું દરેક જીવોનું ભવ્યત્વ હોત તો બધા જીવો એક કાળમાં, એક ક્ષેત્રમાં અને એક સરખી રીતે જ તે ભવ્યત્વના કાર્યને પ્રાપ્ત કરત. પરંતુ દરેક જીવોનું ભવ્યત્વ ચિત્ર હોવાને કારણે જુદી જુદી સામગ્રીથી જુદા જુદા કાળે પરિપાકને પામે છે, અને સિદ્ધિગમનને અનુકૂળ એવા પર્યાયને અનુરૂપ પરિણામ પામવું તે જ ભવ્યત્વનો પરિપાક છે અર્થાત્ દરેક જીવોમાં પૂર્વમાં ભવ્યત્વ હતું, પરંતુ સિદ્ધિગમનને અનુરૂપ કાર્યને પરિણામ પામેલું ન હતું, તેથી તે ભવ્યત્વની અપરિપાક અવસ્થા છે; અને સાધનાની સર્વ ભૂમિકાઓમાં તરતમતાવાળી ભવ્યત્વની પરિપાક અવસ્થા છે. અને તે ભવ્યત્વના પરિપાકની યોગ્યતા દરેક જીવોમાં ચિત્ર છે, તેથી જ કોઈક જીવ અમુક સામગ્રીને પામીને ભવ્યત્વનો પરિપાક કરે છે, જ્યારે અન્ય કોઈક જીવ બીજી સામગ્રી પામીને ભવ્યત્વનો પરિપાક કરે છે; કેમ કે જેને જે સામગ્રીથી પરિપાક થાય તેવી યોગ્યતા વર્તતી હોય, તેને તે સામગ્રી ઉચિત કાળે પ્રાપ્ત થાય ત્યારે જ તથાવિધ વિચારણાઓ ઉત્પન્ન થાય છે, અને તેનાથી તે જીવનું ભવ્યત્વ પરિપાકને અનુરૂપ પરિણમવા માંડે છે.

આ રીતે જે જીવને જિનપ્રતિમાના દર્શનથી પરિપાક પામે એવું ભવ્યત્વ હોય તેના પ્રતિ જિનપ્રતિમાનું દર્શન જ કારણ છે. માટે પૂર્વપક્ષીએ જે શંકા કરી કે, જિનપ્રતિમાના દર્શનાદિના અભાવમાં પણ કેટલાકને સમ્યક્ત્વનો લાભ થાય છે, માટે જિનપ્રતિમાદર્શનાદિ વ્યભિચારી કારણ છે તેથી કારણ કહી શકાય નહિ, તે વાતનું નિરાકરણ થઈ જાય છે. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે –

આ રીતે દરેકના ભવ્યત્વને જુદી જુદી સામગ્રીથી પરિપાક પામવાના સ્વભાવરૂપે સ્વીકારેલ હોવાથી, જે જીવનું ભવ્યત્વ જિનપ્રતિમાના દર્શનથી પરિપાક પામે છે, તે જીવને જિનપ્રતિમાના દર્શનથી જ સમ્યક્ત્વનો લાભ થાય છે. અને આવું ન માનીએ તો કેટલાક જીવોને તીર્થંકર વગર ગૌતમાદિ ગણધર દ્વારા બોધ પામીને સમ્યક્ત્વનો લાભ થાય છે, તેને ગ્રહણ કરીને તીર્થંકરને પણ સમ્યક્ત્વના કારણરૂપે સ્વીકારી શકાય નહિ. માટે જે જીવને જે જિનપ્રતિમાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે જીવ પ્રત્યે તે

જિનપ્રતિમાદિના દર્શનાદિ કારણ છે. આ રીતે વિશેષરૂપે કાર્ય-કારણભાવ સ્વીકારવો ઉચિત છે. તે આ રીતે –

જેમ તૃણ-અરણિ-મણિઅનુગત કારણતા-નિરૂપિત-કાર્યતા અગ્નિમાં છે, તેથી તૃણ-અરણિ-મણિ અનુગત કોઈક કારણતાવચ્છેદક એક ધર્મ છે, તેમ તીર્થંકર, ગણધર, સાધુ, જિનપ્રતિમાદિ અનેક કારણો અનુગત કોઈ કારણતાવચ્છેદક એક ધર્મ છે. આ રીતે સ્વીકારીએ તો જેમ અગ્નિ પ્રત્યે તૃણ-અરણિ-મણિ અન્યતરત્વેન કારણતા છે, તેમ પ્રસ્તુતમાં પણ સમ્યક્ત્વરૂપ કાર્ય પ્રત્યે તીર્થંકરાદિ અન્યતરત્વેન કારણતા છે. તેથી સમ્યક્ત્વરૂપ કાર્ય પ્રત્યે ભવ્યત્વનો પરિપાક એ સાક્ષાત્ કારણ છે, અને તે ભવ્યત્વના પરિપાકનાં કારણો તીર્થંકરાદિ અન્યતર કોઈ છે. જેના ભવ્યત્વનો પરિપાક જિનપ્રતિમાના દર્શનથી થાય છે, તેના સમ્યક્ત્વ પ્રત્યે જિનપ્રતિમાના દર્શનજન્ય ભવ્યત્વના પરિપાક દ્વારા જિનપ્રતિમા જ કારણ છે.

આ રીતે સમ્યક્ત્વેન તીર્થંકરાદિ અન્યતરત્વેન સામાન્ય કાર્ય-કારણભાવ છે, તેમ તે જીવના સમ્યક્ત્વ પ્રત્યે તે જીવને પ્રાપ્ત થયેલ જિનપ્રતિમા જ કારણ છે, એમ વિશેષ કાર્ય-કારણભાવ પણ છે.

પૂર્વમાં સિદ્ધ કર્યું કે, સ્વજન્યભવ્યત્વના પરિપાક દ્વારા વ્યભિચારનો અભાવ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જિનપ્રતિમાનાં દર્શનાદિ કારણોમાંથી જિનપ્રતિમાના દર્શનરૂપ જે કોઈ એક કારણથી જેનું ભવ્યત્વ પરિપાક થાય, તેના ભવ્યત્વના પરિપાક પ્રત્યે તે જિનપ્રતિમાનું દર્શન કારણ છે, અન્ય તીર્થંકર વગેરે નહિ. તેને જ સ્પષ્ટ કરતાં કહે છે -

ટીકાર્થ :-

અન્વય ..... ઇષ્યતે । અને આ અન્વય-વ્યતિરેકસિદ્ધ અર્થ છે=જેને જિનપ્રતિમાથી સમ્યક્ત્વ થાય તેવું ભવ્યત્વ છે તેને તેનાથી જ થાય અન્યથી નહિ અર્થાત્ આ કારણથી જન્ય કાર્ય પ્રત્યે આ જ કારણ હેતુ છે અન્ય કારણ નહિ, એ પ્રકારનો આ અન્વય-વ્યતિરેકસિદ્ધ અર્થ છે. એથી કરીને જ કારણમાં કાર્યનો ઉપચાર કરીને સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત એવી પ્રતિમાનું ભાવગ્રામત્વ ઇચ્છાય છે.

❖ પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં અને હ. પ્રતમાં 'कार्ये कारणोपचारेण' પાઠ છે, ત્યાં આ પાઠ સંગત જણાય છે. અને અહીં જ આગળ ટીકામાં 'तदुक्तं तत्रैव'થી કલ્પભાષ્ય ગાથા-૧૧૧૬ની સાક્ષી આપી, તે મૂળ ગાથામાં પણ 'कारणे कज्जउवयारो' કહેલ છે અને તે ગાથાની વ્યાખ્યામાં પણ 'कारणे कार्योपचार इति कृत्वा' કહેલ છે. એનાથી પણ નક્કી થાય છે કે, 'कारणे कार्योपचारेण' એ પાઠ સંગત છે અને તે મુજબ અર્થ કરેલ છે.

જેનું ભવ્યત્વ જિનપ્રતિમાના દર્શનથી પરિપાક પામે તેમ છે, તેના સમ્યગ્દર્શન પ્રત્યે જિનપ્રતિમા જ કારણ છે, એ અન્વય-વ્યતિરેકસિદ્ધ પદાર્થ છે. તેથી જે લોકોને જિનપ્રતિમાથી જ સમ્યગ્દર્શન થવાનું છે, તેમની અપેક્ષાએ જ સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત જિનપ્રતિમાને ભાવગ્રામરૂપે કહેલ છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત જિનપ્રતિમા જ યોગ્ય જીવોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી સમ્યગ્દર્શનના કારણરૂપ એવી જિનપ્રતિમામાં કાર્યનો ઉપચાર કરીને જિનપ્રતિમાને ભાવગ્રામ કહેલ છે=સમ્યગ્દર્શનરૂપ ભાવગ્રામ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનયથી તો મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત જિનપ્રતિમા પણ કોઈકને સમ્યક્ત્વનું કારણ બની શકે, તોપણ વ્યવહારનય તો અન્યથી પરિગૃહીત પ્રતિમાને મિથ્યાત્વનું જ કારણ કહે છે. તેથી વ્યવહારનય મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત જિનપ્રતિમાને સમ્યક્ત્વના કારણરૂપે સ્વીકારતો નથી, તેથી મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત જિનપ્રતિમામાં કાર્યનો ઉપચાર થઈ શકે નહિ, તેથી તેને ભાવગ્રામ કહેલ નથી.

સમ્યગ્ભાવિત=સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત, પ્રતિમાઓનું ભાવગ્રામપણું ઇચ્છાય છે, તેમાં સાક્ષી બતાવે છે -

तदुक्तं तत्रैव – તે=સમ્યગ્ભાવિત પ્રતિમા, ભાવગ્રામ છે. તે, ત્યાં જ=કલ્પભાષ્યમાં જ, કહેલું છે–

"जा ..... उवयारो" ।। સમ્યગ્ભાવિત પ્રતિમા જ ભાવગ્રામ છે, બીજી નહિ. જોકે ત્યાં=પ્રતિમામાં, ભાવ નથી છતાં કારણમાં કાર્યનો ઉપચાર છે.

વ્યાખ્યા :-

याः ..... भण्यन्त इति । જે સમ્યગ્ભાવિત=સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત, પ્રતિમાઓ છે, તે ભાવગ્રામ કહેવાય છે. ઈતરા=મિથ્યાદૃષ્ટિથી પરિગૃહીત, પ્રતિમાઓ નહિ. અહીં પ્રશ્ન કરે છે કે, સમ્યગ્દૃષ્ટિથી પરિગૃહીત પણ પ્રતિમા જ્ઞાનાદિ ભાવશૂન્ય છે, તેથી જો દર્શનજ્ઞાનાદિરૂપ ભાવ તે ત્યાં=પ્રતિમામાં, નથી, એથી કરીને તેઓ=પ્રતિમાઓ, ભાવગ્રામ થવા માટે કેવી રીતે યોગ્ય છે ?

તેનો ઉત્તર આપે છે - તેઓને પણ=પ્રતિમાઓને પણ, જોઈને, આર્દ્રકુમારાદિની જેમ ભવ્ય જીવને સમ્યગ્દર્શનાદિનો ઉદય થતો દેખાય છે, તેથી કરીને ખરેખર કારણમાં કાર્યનો ઉપચાર છે. એથી કરીને તેઓ પણ=પ્રતિમાઓ પણ, ભાવગ્રામ કહેવાય છે.

અન્ય અતિદેશને બતાવતાં કહે છે –

ટીકા :-

तथा षडावश्यकान्तर्गतश्रावकप्रतिक्रमणसूत्रे साक्षादेव चैत्याराधनमुक्तम् –

'जावंति चेइयाइं उड्ढे अ अहे य तिरिअलोए अ । सव्वाइं ताइं वंदे इह संतो तत्थ संताइं ।।

त्ति चतुश्चत्वारिंशत्तमगाथायामेतच्चूर्णिर्यथा-'एवं च उवासाए जिणाणं वंदणं काउं संपइ सम्मत्तविसुद्धिणिमित्तं तिलोअगयाणं सासयाऽसासयाणं वंदणं भणइ-'जावंति०'

इत्थ लोओ तिविहो उड्ढलोओ, अहोलोओ, तिरियलोओ अ, तत्थ उड्ढलोगो सोहम्मीसाणाइआ दुवालसदेवलोगा हिट्ठिमाइया नवगेविज्जा विजयाईणि पंचाणुत्तरमाईणि, एएसु विमाणाणि पत्तेयं –

'बत्तीसट्ठावीसाबारसअट्ठचउरो सयसहस्सा । आरेणं बंभलोआ विमाणसंखा भवे एसा।।१।।
पंचासचत्तछच्चे व सहस्सा लंतसुक्कसहस्सारे । सयचउरो आणयपाणएसु तिन्नेवारणच्चुए।।२।।
इक्कारसुत्तरं हिट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए । सयमिगं उवरिमए पंचेव य अणुत्तरविमाणा।।३।।
सव्वग्ग चुलसीइसयसहस्सा सत्ताणउईभवे सहस्साइं । तेवीसं च विमाणा-विमाणसंखा भवे एसा।।४।।

तहा अहोलोए मेरुस्स उत्तरदाहिणओ असुराईआ दस दसनिकाया । तेसु वि भवणसंखा-सव्वग्ग०

'सत्तेव य कोडीओ हवंति बावत्तरीसयसहस्सं । जावंति विमाणाइं सिद्धायणाइं तावंति।।५।।

तहा तिरियलोगो-समधरणियलाओ उड्ढं नवजोयणसयाइं हेट्ठावि अहोगामिसु नवजोयणसयाइं एवं अढारसजोयणसयाइं, एवं अट्ठारसजोअणमाणो तिरियलोगो । तत्थ जिनायतनानि -

नंदीसरम्मि बावन्ना जिणहरा, सुरगिरीसु तह असीइं । कुंडलनगमाणुसुत्तररुअगवलएसु चउचउरो ।।६।।

उसुयारेसुं चतारि, असीइ वक्खारपव्वएसु तहा । वेयड्ढे सत्तरसयं, तीसं वासहरसेलेसु ।।७।।

वीसं गयदंतेसु दस जिणभवणाइं कुरुनगवरेसु । एवं च तिरियलोए अडवन्ना हुंति सय चउरो ।।८।।

वंतरजोइसिआणं असंखसंखाजिणालया निच्चा । गामागारनगनगराइं एसु कयगा बहू संति ।।९।।

एवं च सासयासासयाइं वंदामि चेइआइं ति । इत्थ पदेसम्मि ठिओ संतो तत्थ पदेसम्मि ।।१०।।

इति समस्तद्रव्यार्हद्वन्दनानिवेदकगाथासमासार्थः ।।

ટીકાર્થ :-

तथा ..... उक्तम् – तथा=અને, ષડાવશ્યકની અંદર શ્રાવક-પ્રતિક્રમણ-સૂત્રમાં સાક્ષાત્ જ ચૈત્યારાધન કહેવાયેલું છે - તે આ પ્રમાણે –

जावंति ..... समासार्थः ।। ઊર્ધ્વલોક, અધોલોક અને તિચ્છાલોકમાં જેટલાં ચૈત્યો છે, ત્યાં રહેલાં તે સર્વ ચૈત્યોને અહીં રહેલો હું વંદું છું. એ પ્રમાણે શ્રાવક-પ્રતિક્રમણસૂત્રની ૪૪મી ગાથામાં (કહેલ) છે.

આની=શ્રાવક પ્રતિક્રમણસૂત્રની, ૪૪મી ગાથાની ચૂર્ણિ, જે આ પ્રમાણે –

અને આ પ્રમાણે શ્રાવક જિનોને વંદન કરીને સંપ્રતિ=હમણાં, સમ્યક્ત્વની વિશુદ્ધિ નિમિત્તે ત્રણ લોકમાં રહેલાં શાશ્વત-અશાશ્વત (જિનચૈત્યોના) વંદનને जावंति સૂત્રથી કહે છે –

जावंति० એ वंदित्ता સૂત્રની ગાથા-૪૪નો અર્થ કહે છે –

અહીં ત્રિવિધ લોક છે - (૧) ઊર્ધ્વલોક, (૨) અધોલોક અને (૩) તિચ્છાલોક.

ત્યાં=ત્રણ લોક કહ્યા ત્યાં, ઊર્ધ્વલોક સૌધર્મ-ઈશાન વગેરે બાર દેવલોક, હિટ્ઠિમ વગેરે નવ ગ્રૈવેયક, વિજયાદિ પાંચ અનુત્તરાદિ છે. આ બધા દેવલોકમાં પ્રત્યેક દેવલોકનાં વિમાનો આ પ્રમાણે છે –

પહેલા સૌધર્મ દેવલોકમાં બત્રીશ લાખ, બીજા ઈશાન દેવલોકમાં અટ્ઠાવીસ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બાર લાખ, ચોથા માહેન્દ્ર દેવલોકમાં આઠ લાખ, પાંચમા બ્રહ્મ દેવલોકમાં ચાર લાખ, આરંભથી માંડીને=પહેલા દેવલોકથી માંડીને પાંચમા બ્રહ્મદેવલોક સુધી આ પ્રમાણે વિમાનની સંખ્યા છે. ।।૧।।

છઠ્ઠા લાંતક દેવલોકમાં પચાસ હજાર, સાતમા મહાશુક્ર દેવલોકમાં ચાલીશ હજાર, આઠમા સહસ્રાર દેવલોકમાં છ હજાર, નવમા આનત દેવલોકમાં અને દસમા પ્રાણત દેવલોકમાં (બંનેનાં ભેગાં) ચારસો, અગ્યારમા આરણ દેવલોકમાં અને બારમા અચ્યુત દેવલોકમાં (બંનેનાં ભેગાં) ત્રણસો (વિમાનો છે), નીચલા ત્રણ ગ્રૈવેયકમાં (ભેગાં) એક સો અગ્યાર, મધ્યમ ત્રણ ગ્રૈવેયકમાં (ભેગાં) એક સો સાત અને ઉપલા ત્રણ ગ્રૈવેયકમાં (ભેગાં) એક સો, અને પાંચ અનુત્તરનાં પાંચ (વિમાનો છે). ।।૩।।

સર્વ મળીને કુલ વિમાનો, ચોર્યાસી લાખ, સત્તાણું હજાર અને ત્રેવીશ (૮૪,૯૭,૦૨૩) છે. ॥૪॥

તથા અધોલોકમાં મેરુ પર્વતની ઉત્તરમાં અને દક્ષિણમાં અસુરાદિ દસ નિકાયના દસ ભવનપતિ દેવો છે, તેઓમાં પણ સર્વ મળીને ભવનની સંખ્યા ૭ કરોડ અને ૭૨ લાખ છે. જેટલાં ભવનો છે, તેટલાં=૭ કરોડ અને ૭૨ લાખ સિદ્ધાયતનો છે. ॥૫॥

અને તિર્ચ્છાલોક સમભૂતલા પૃથ્વીથી ઉપર નવસો યોજન અને નીચે પણ અધોગામી નવસો યોજન છે, એ રીતે અઢારસો યોજન પ્રમાણ તિર્ચ્છાલોક છે.

ત્યાં=તિર્ચ્છાલોકમાં, જિનાયતનો આ પ્રમાણે છે -

નંદીશ્વરદ્વીપમાં બાવન જિનગૃહો તથા સુરગિરિ ઉપર=મેરુ પર્વત ઉપર એંશી, કુંડલ પર્વત-માનુષોત્તર પર્વત અને રુચક વલયમાં ચાર-ચાર (ચૈત્યો છે). ॥૬॥

ઈક્ષુકાર પર્વતો ઉપર ચાર તથા વક્ષસ્કાર પર્વત ઉપર એંશી, વૈતાઢ્ય પર્વતો ઉપર એકસો સીત્તેર, વર્ષધર પર્વતો ઉપર ત્રીસ (ચૈત્યો છે). ॥૭॥

ગજદંત પર્વતો ઉપર વીસ, ઉત્તરકુરુ-દેવકુરુ પર્વતો ઉપર દસ જિનભવનો, આ પ્રમાણે તિર્ચ્છાલોકમાં કુલ-ચારસો અને અઠ્ઠાવન ચૈત્યો છે. ॥૮॥

વ્યંતર અને જ્યોતિષમાં અસંખ્ય સંખ્યાવાળા=બંનેમાં અસંખ્ય-અસંખ્ય શાશ્વત જિનાલયો છે. ગામ-આકર-નગરાદિકોમાં કૃતક=બનાવેલાં, ઘણાં જિનાલયો છે. ॥૯॥

અને આ રીતે=ઉપરમાં વર્ણન કર્યું એ રીતે, તે પ્રદેશમાં રહેલાં શાશ્વત-અશાશ્વત ચૈત્યોને આ પ્રદેશમાં રહેલો હું વંદન કરું છું. ॥૧૦॥

એ પ્રમાણે સમસ્ત દ્રવ્ય અરિહંતોની વંદનાને જણાવનાર વંદિત્તાસૂત્રની ૪૪મી ગાથા જાવંતિ૦નો સમાસાર્થ છે.

ઊર્ધ્વલોક-અધોલોક અને તિર્ચ્છાલોકના શાશ્વત જિનાલયોનું કોષ્ટક

ઊર્ધ્વલોક	જિનાલય સંખ્યા	અધોલોક	તિર્ચ્છાલોક	જિનાલય સંખ્યા
સૌધર્મ દેવલોક	૩૨ લાખ	ભવનપતિ	જ્યોતિષ વિમાન	અસંખ્યાતા
ઈશાન દેવલોક	૨૮ લાખ	↓	નંદીશ્વરદ્વીપ	૫૨
સનત્કુમાર દેવલોક	૧૨ લાખ	જિનાલય સંખ્યા	મેરુપર્વત	૮૦
માહેન્દ્ર દેવલોક	૮ લાખ	↓	કુંડલપર્વત	૪
બ્રહ્મ દેવલોક	૪ લાખ	૭ કરોડ, ૭૨ લાખ	માનુષોત્તર પર્વત	૪
લાંતક દેવલોક	૫૦ હજાર	વ્યંતર	રુચકવલય	૪
મહાશુક્ર દેવલોક	૪૦ હજાર	↓	ઈક્ષુકારપર્વત	૪
સહસ્રાર દેવલોક	૬ હજાર	જિનાલય સંખ્યા	વક્ષસ્કારપર્વત	૮૦
આનત-પ્રાણત દેવલોક	૪૦૦	↓	વૈતાઢ્યપર્વત	૧૭૦

આરણ-અચ્યુત દેવલોક	૩૦૦	અસંખ્યાત	વર્ષધરપર્વત	૩૦
નવ ગ્રૈવેયક	૩૧૮		ગજદંતપર્વત	૨૦
પાંચ અનુત્તર	૫		દેવકુરુ-ઉત્તરકુરુ	૧૦
કુલ	૮૪,૯૭,૦૨૩	કુલ અસંખ્યાત + ૭,૭૨,૦૦૦૦૦	કુલ	અસંખ્યાત + ૪૫૮

અત્ર જિનપ્રતિમાનાં યદ્ દ્રવ્યાર્હત્વમુક્તં તદ્ ભાવાર્હત્પરિજ્ઞાનહેતુતામધિકૃત્ય,અન્યથા તાસાં સ્થાપનાજિનત્વાત્ ।

અત્ર ..... સ્થાપનાજિનત્વાત્ । અહીંયાં=પૂર્વમાં કહેવાયેલા વંદિત્તાસૂત્રના પાઠમાં, જે જાવંતિ ચેઇયાઇં નો પાઠ છે, તેની ટીકામાં છેલ્લે કહ્યું કે, ઇતિ સમસ્તદ્રવ્યાર્હદ્વન્દનાનિવેદકગાથાસમાસાર્થઃ=આ પ્રમાણે સમસ્ત દ્રવ્યઅરિહંતને વંદનાનિવેદક ગાથાનો સમાસાર્થ છે એ કથનમાં, જિનપ્રતિમાઓનું જે દ્રવ્યાર્હત્વ કહેવાયું તે ભાવાર્હત્ના પરિજ્ઞાનની હેતુતાને આશ્રયીને કહેવાયું છે. અન્યથા=ભાવાર્હત્ના પરિજ્ઞાનની હેતુતાને આશ્રયીને જિનપ્રતિમાઓનું દ્રવ્યાર્હત્વ કહેવાયું ન હોય તો, તેઓનું=જિનપ્રતિમાઓનું, સ્થાપનાજિનપણું હોવાથી દ્રવ્યાર્હત્વ કહી શકાય નહિ.

જેમ આગમથી=શ્રુતથી, ઘટ અર્થનો જ્ઞાતા અને ઘટ અર્થમાં ઉપયુક્ત હોય તે જીવ ભાવઘટ કહેવાય છે, તેમ આગમથી અર્હત્ અર્થનો જ્ઞાતા અને અરિહંત અર્થમાં ઉપયુક્ત હોય તે જીવ ભાવઅરિહંત કહેવાય, અને તેમાં જે હેતુ હોય તે દ્રવ્યઅરિહંત કહેવાય. તેથી અહીં ઉપચારથી જિનપ્રતિમા એ ભાવઅરિહંતના પરિજ્ઞાનનો હેતુ હોવાથી જિનપ્રતિમાને દ્રવ્યઅરિહંત કહેલ છે, પરંતુ ચાર નિક્ષેપાની દૃષ્ટિએ વિચારીએ તો જિનપ્રતિમા એ સ્થાપનાજિન છે. અહીં તો ભાવઅરિહંતના પરિજ્ઞાનમાં જે કારણ હોય તે દ્રવ્યઅરિહંત કહેવાય, એ દૃષ્ટિએ ભાવઅરિહંતના પરિજ્ઞાનમાં જિનપ્રતિમા કારણ હોવાથી તેને દ્રવ્યઅરિહંતપણારૂપે કહેલ છે.

કશ્ચિદાહ-"એતત્ શ્રાવકપ્રતિક્રમણસૂત્રં ન ગણધરકૃતં કિન્તુ શ્રાવકકૃતમ્, તત્રાપિ 'તસ્સ ધમ્મસ્સ' ઇત્યાદિ ગાથાદશકં (=અષ્ટકં ?) કેનચિદર્વાચીનેન ક્ષિપ્તમિ"ત્યાદિ, સ ક્ષિપ્તસારબીજઃ (ક્ષિપ્તજારબીજઃ ?) સહસાઽજ્ઞાતકથને તીર્થકરાદીનાં મહાશાતનાપ્રસઙ્ગાત્, ન હિ ક્વાપ્યેતત્સૂચકં પ્રવચનમુપલભામહે, નવાઽચ્છિન્નપરમ્પરાગતવૃદ્ધવચનમીદૃક્ કેનચિત્ શ્રુતમ્, કિન્તુ યસ્ય સૂત્રાદેઃ કર્ત્તા નામગ્રાહં ન જ્ઞાયતે પ્રવચને ચ સર્વસંમતં યત્, તત્કર્ત્તા સુધર્માસ્વામ્યેવેતિ વૃદ્ધવાદઃ ભણિતં ચ તથા વિચારામૃતસઙ્ગ્રહેઽપિ ।

કશ્ચિદાહ ..... મહાશાતનાપ્રસઙ્ગાત્ । કોઈ કહે છે – આ શ્રાવક-પ્રતિક્રમણ-સૂત્ર=વંદિત્તુ સૂત્ર, ગણધરકૃત નથી, પરંતુ શ્રાવકકૃત છે. ત્યાં પણ=વંદિત્તાસૂત્રમાં પણ, 'તસ્સ ધમ્મસ્સ' ઇત્યાદિ ગાથાદશક (ગાથા અષ્ટક) કોઈ અર્વાચીન વડે ક્ષિપ્ત છે ઇત્યાદિ. તે=તે કહેનાર અર્વાચીન વ્યક્તિ, ક્ષિપ્તજારબીજવાળો છે; કેમ કે સહસા અજ્ઞાત કથનમાં તીર્થંકરાદિની મહાન આશાતનાનો પ્રસંગ છે.

❖ પ્રતિમાશતક મુ. પુ. માં 'स क्षिप्तसारबीजजः' પાઠ છે અને હ. પ્ર.માં 'स क्षिप्तजारबीजतः' પાઠ છે, પરંતુ ત્યાં 'स क्षिप्तजारबीजः' પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ અમે કરેલ છે.

અહીં ટીકામાં કહેલ 'सः' શબ્દથી પૂર્વપક્ષી વાચ્ય છે, અને પૂર્વપક્ષી કહે છે કે, વંદિત્તુ સૂત્ર ગણધરકૃત નથી, પરંતુ શ્રાવકકૃત છે, અને તેમાં છેલ્લી દશ ગાથા (આઠ ગાથા) કોઈ અર્વાચીન વડે ક્ષિપ્ત છે. તે કહેનાર પૂર્વપક્ષી જિનપ્રતિમાને માનતો નથી, તેથી તેનું સન્માર્ગનું બીજ જાર=જીર્ણ, થઈ ગયેલ છે, અને તે જીર્ણ બીજનો પણ તેણે ક્ષિપ્ત=વિનાશ કર્યો છે; કેમ કે પોતાને પૂરું જ્ઞાન ન હોવા છતાં સહસા આ પ્રમાણે જે કથન કર્યું કે, "વંદિત્તુ સૂત્ર ગણધરકૃત નથી પણ શ્રાવકકૃત છે" ઇત્યાદિ કથનથી તેણે તીર્થંકરાદિની મહાન આશાતના કરેલ છે, તેથી તે વ્યક્તિ ક્ષિપ્તજારબીજવાળો છે.

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, શ્રાવક-પ્રતિક્રમણ-સૂત્ર ગણધરકૃત નથી, પરંતુ કોઈ શ્રાવકકૃત છે, ઇત્યાદિ કથન તે ખરેખર આધાર વગર કહે છે. તેની જ પુષ્ટિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

न हि ..... विचारामृतसङ्ग्रहेऽपि । ક્યાંય પણ આનું સૂચક=શ્રાવક-પ્રતિક્રમણ-સૂત્ર ગણધરકૃત નથી પરંતુ શ્રાવકકૃત છે, અને તેમાં પણ 'तस्स धम्मस्स' ઇત્યાદિ ગાથાદસક (ગાથાઅષ્ટક) કોઈ અર્વાચીન વડે ક્ષિપ્ત છે એનું સૂચક, પ્રવચન અમે જોતા નથી અથવા અવિચ્છિન્ન પરંપરાગત વૃદ્ધવચન આવા પ્રકારનું=તમે કહો છો એવા પ્રકારનું, કોઈના વડે સંભળાયું નથી. પરંતુ જે સૂત્રાદિના કર્તા નામગ્રહણપૂર્વક જણાતા નથી અને પ્રવચનમાં જે સૂત્ર સર્વસંમત છે, તેના=તે સૂત્રના કર્તા, સુધર્માસ્વામી જ છે, એ પ્રમાણે વૃદ્ધવાદ છે, તથા વિચારામૃત સંગ્રહમાં પણ કહેવાયેલું છે.

❖ વિચારામૃતસંગ્રહનો પાઠ આ પ્રમાણે છે અને તેનો અર્થ નીચે મુજબ જાણવો, જે પ્રતિમાશતક ગ્રંથમાં બતાવેલ નથી, પરંતુ અહીં ઉપયોગી હોવાથી બતાવેલ છે.

(एवं तेषामेव (तेषामिव) श्राद्धप्रतिक्रमणसूत्रादीनामपि निर्यूहकश्रुतस्थविरनामापरिज्ञानेऽप्यागमत्वं प्रमाणत्वं चाविकलमेवोभयत्रापि समानत्वात् एवं च गणधरकृतमुपजीव्य श्रुतस्थविरैर्विरचितत्वादावश्यकादि-सकलानंगप्रविष्टश्रुतस्य स्थविरकृतत्वमपि सिद्धान्तेऽभ्यधायीति तात्पर्यार्थः, इति विचारामृतसङ्ग्रहे पाठः ।।)

❖ વિચારામૃત સંગ્રહના પાઠમાં तेषामेव છે, ત્યાં तेषामिव પાઠ હોવો જોઈએ, તે મુજબ અમે અર્થ કરેલ છે.

(આ રીતે તેઓની જેમ જ=આગમોની જેમ જ, રચના કરનાર શ્રુતસ્થવિરના નામના અપરિજ્ઞાનમાં પણ શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રાદિનું પણ આગમપણું અને પ્રમાણપણું અવિકલ જ છે; કેમ કે બંને ઠેકાણે પણ સમાનપણું છે=આગમોમાં અને શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રાદિમાં રચનાનું સમાનપણું છે અને એ રીતે ગણધરકૃતને અવલંબીને=આશ્રયીને, શ્રુતસ્થવિરો વડે વિરચિતપણું હોવાને કારણે આવશ્યકાદિ સકલ અનંગપ્રવિષ્ટશ્રુતનું સ્થવિરકૃતપણું પણ સિદ્ધાંતમાં કહેવાયેલું છે, એ પ્રમાણે તાત્પર્યાર્થ છે. આ પ્રમાણે વિચારામૃતસંગ્રહમાં પાઠ છે.)

અન્ય અતિદેશને બતાવતાં કહે છે –

नियदव्वमउव्वजिणिंदभवणजिणबिंबवरपइट्ठासु ।
वियरइ पसत्थपुत्थयसुतित्थतित्थयरपूआसु ।। **इति भक्तप्रकीर्णके (गा. ३१)**

નિયદવ્વ ..... इति भक्तप्रकीर्णके । અપૂર્વ (નવા) જિનેન્દ્રભવન અને જિનબિંબની શ્રેષ્ઠ પ્રતિષ્ઠામાં અને પ્રશસ્ત પુસ્તક લખાવવામાં અને તીર્થ=ચતુર્વિધ સંઘરૂપ તીર્થ, અને તીર્થંકરની પૂજામાં (શ્રાવક) પોતાના દ્રવ્યને વાપરે છે. **એ પ્રમાણે ભક્તપ્રકીર્ણકમાં પાઠ છે.**

❖ આ ભક્તપ્રકીર્ણકના પાઠથી પણ પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થાય છે.

અન્ય અતિદેશને બતાવતાં કહે છે –

"संवच्छरचाउम्मासिएसु अट्ठाहिआसु य तिहीसु ।

सव्वायरेण लग्गइ जिणिंदपूआतवगुणेसु" ।। **(गा. २४०) इत्याद्युपदेशमालायाम् । किं बहुना ?**

संवच्छर ..... किं बहुना ? સંવત્સર અને ચાતુર્માસિકમાં ચૈત્રાદિ અઠ્ઠાઈઓમાં અને ચતુર્દશી વગેરે તિથિઓમાં શ્રાવક ભગવાનની પૂજા, ઉપવાસાદિ તપ અને ગુણોમાં=જ્ઞાનાદિ ગુણોમાં, સર્વાદર વડે લાગે છે, **ઈત્યાદિ ઉપદેશમાલા-ગાથા-૨૪૦માં કહેલ છે. વધારે કહેવાથી શું ? (આટલા અતિદેશો દ્વારા પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થાય છે.)**

❖ ઉપદેશમાલાની આ સાક્ષીથી પણ 'जिणिंदपूआ' શબ્દથી ભગવાનની મૂર્તિ પૂજ્ય છે, એમ સિદ્ધ થાય છે.

આ રીતે અનેક અતિદેશો દ્વારા પ્રતિમાની પૂજ્યતાનું સ્થાપન કર્યું. હવે પ્રતિમાને સ્વીકારવા માટે વિશિષ્ટ યુક્તિ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કાવ્ય કહે છે –

ટીકા :-

काव्यम् – "वाक्यानवगृहीतसङ्गतिनृणां वाच्यार्थवैशिष्ट्यतः,
सद्बोधं प्रतिमाः सृजन्ति तदिमा ज्ञेयाः प्रमाणं स्वतः ।
तत्तत्कर्मनियोगभृत्परिकरैः सेव्या वरोपस्करै-
रेता एव हि राजलक्षणभृतो राजन्ति नाकेष्वपि ।।१।।"

ટીકાર્થ :-

काव्यम् – કાવ્ય આ પ્રમાણે છે –

वाक्यार्थ ..... नाकेष्वपि ।। (પ્રતિમામાં વીતરાગતારૂપ) વાચ્યાર્થનું વિશેષપણું હોવાને કારણે, વાક્યથી અનવગૃહીત=નહિ જણાયેલી (વીતરાગરૂપ વાચ્યાર્થની) સંગતિવાળા મનુષ્યોના સદ્બોધને= વીતરાગતાના બોધને, પ્રતિમાઓ પેદા કરે છે, તે કારણથી આ=પ્રતિમાઓ, સ્વતઃ પ્રમાણ જાણવી. શ્રેષ્ઠ ઉપસ્કર દ્વારા=શ્રેષ્ઠ સામગ્રી દ્વારા, તે તે કાર્યમાં જોડાયેલા પરિકરો વડે સેવ્ય એવી રાજલક્ષણને ધારણ કરનારી આ જ=પ્રતિમાઓ જ, દેવલોકમાં પણ શોભે છે.

❖ राजलक्षणभृतो राजन्ति नाकेष्वपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે, પરિકરોથી સેવાતી એવી રાજલક્ષણને ધારણ કરતી પ્રતિમાઓ મનુષ્યલોકમાં તો શોભે છે, પરંતુ દેવલોકમાં પણ શાશ્વતી પ્રતિમાઓ પરિકરસહિત હોવાથી શોભે છે. આનાથી પણ પ્રતિમા પૂજનીય છે એમ સિદ્ધ થાય છે.

ભાવાર્થ :-

ઉપદેશક પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરતા હોય, પરંતુ કોઈ જીવને પરમાત્માના વર્ણનનાં વાક્યોથી પરમાત્માનું સ્વરૂપ કેવું હોય તેનો બોધ સ્પષ્ટ ન થતો હોય તે જીવ પણ પ્રતિમાને જુએ તો પ્રતિમાની મુદ્રા સદ્બોધને પેદા કરે છે; કેમ કે પ્રતિમાની મુદ્રામાં વાચ્યાર્થનું વૈશિષ્ટ્ય છે=પ્રતિમાની મુદ્રામાં વીતરાગભાવરૂપ વાચ્યાર્થવિશેષ છે, તેથી પ્રતિમા વાચ્યાર્થવૈશિષ્ટ્યવાળી છે=જોતાં જ વીતરાગતાના અર્થને પ્રગટ કરે છે.

આશય એ છે કે, વીતરાગ પરમાત્મા કેવા સ્વરૂપવાળા હોય એનું વર્ણન શબ્દોથી કરવામાં આવે તેટલાથી કેટલાક જીવોને વીતરાગતાના વાસ્તવિક સ્વરૂપનો બોધ થતો નથી, પરંતુ જ્યારે નિર્વિકારી એવી પ્રતિમાની મુદ્રાને જુએ છે, ત્યારે વીતરાગતાની નિર્લેપ પરિણતિનો બોધ થાય છે, તે કારણથી પ્રતિમા સ્વતઃ પ્રમાણ છે.

આ રીતે પ્રતિમાની આત્મકલ્યાણમાં ઉપકારકતા બતાવીને દેવલોકમાં પણ પ્રતિમા કેવા પ્રકારની હોય છે, તે બતાવે છે –

સુંદર ઉપસ્કરો દ્વારા=સુંદર સામગ્રી દ્વારા, તે તે કાર્યમાં જોડાયેલા પરિકરો વડે સેવાતી એવી રાજલક્ષણને ધારણ કરનારી પ્રતિમાઓ દેવલોકમાં પણ શોભે છે.

આશય એ છે કે, દેવલોકમાં રહેલી શાશ્વતી જિનપ્રતિમાઓ, ચંગેરી વગેરે પૂજાની સામગ્રીથી સહિત પોતપોતાને યોગ્ય કાર્યમાં જોડાયેલા નાગ વગેરેની પ્રતિમાઓથી પરિવરેલી, રાજાના ચિહ્નોથી યુક્ત શોભી રહી છે.

અહીં પ્રતિમાની પૂજ્યતાને બતાવતાં કહ્યું કે, પ્રતિમા સ્વતઃ પ્રમાણ છે. ત્યાં સ્વતઃ પ્રમાણનો અર્થ એ છે કે, अन्याधीनप्रमाणत्वं परतः प्रमाणत्वं=અન્યને આધીન પ્રમાણપણું હોય તે પરતઃ પ્રમાણપણું છે, જેમ - વલ્નિનું જ્ઞાન થવામાં કારણ ધૂમનું જ્ઞાન છે, તેથી વલ્નિનું જ્ઞાન ધૂમના જ્ઞાનને આધીન હોવાથી પરતઃ પ્રમાણ છે. અને अन्यानधीनप्रमाणत्वं स्वतः प्रमाणत्वम्=અન્યને અનધીન પ્રમાણપણું તે સ્વતઃ પ્રમાણપણું છે, જેમ - શ્રુતજ્ઞાન માર્ગનો સ્વતઃ બોધ કરાવે છે, માટે તે સ્વતઃ પ્રમાણ છે, પરતઃ પ્રમાણ નથી. તેમ પ્રતિમા પણ વીતરાગતાનો બોધ સ્વતઃ કરાવે છે, માટે તે સ્વતઃ પ્રમાણ છે.

ટીકા :-

तथा च जीवाभिगमे तदृद्धिवर्णनम् –

'तत्थ णं देवच्छंदए अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं संनिक्खित्तं चिट्ठति । तासिं णं जिणपडिमाणं अयमेतारूवे वण्णावासे पण्णत्ते तं-तवणिज्जमया हत्थतला पायतला, अंकमयाइं णखाइं अंतो लोहियक्खपरिसेयाइं, कणगमया पाया, कणगमया गोप्फा, कणगमईओ जंघाओ, कणगमया जाणू, कणगमया उरू, कणगमयाओ गायलट्ठीओ, तवणिज्जमईओ नाभीओ, रिट्ठामईओ रोमराजीओ, तवणिज्जमया चुच्चुआ, तवणिज्जमया सिरिवच्छा, कणगमयाओ बाहाओ, कणगमईओ पासाओ, कणगमईओ गीवाओ,

रिट्ठामए मंसू, सिलप्पवालमया ओट्ठा, फलिहमया दंता, तवणिज्जमईओ जीहाओ, तवणिज्जमया तालुआ, कणगमईओ णासाओ अंतो लोहियक्खपरिसेयाओ, अंकमयाइं अच्छीणि अंतो लोहियक्खपरिसेइआइं, पुलगमईओ दिट्ठीओ, रिट्ठामतीओ तारगाओ, रिट्ठामयाइं अच्छिपत्ताइं, रिट्ठामईओ भमुहाओ, कणगमया कवोला, कणगमया सवणा, कणगमया णिडालावट्टा, वइरमईओ सीसघडीओ, तवणीयमईओ केसंतकेसभूमीओ, रिट्ठामया उवरिमुद्धजा । तासिं णं जिणपडिमाणं पुरओ पिट्ठओ पत्तेयं २ छत्तधारगपडिमाओ पण्णत्ताओ, ताओ णं छत्तधारगपडिमाओ हिमरययकुंदिंदुसप्पगासाइं सकोरींटमल्लदामधवलाइं आतपत्ताइं सलीलं ओहारेमाणीओ चिट्ठंति । तासिं णं जिणपडिमाणं उभओ पासिं पत्तेयं २ चामरधारपडिमाओ पण्णत्ताओ, ताओ णं चामरधारपडिमाओ चंदप्पहवइरवेरुलियनाणामणि-कणगरयणविमलमहरिहतवणिज्जुज्जलविचित्तदंडाओ चिल्लिआओ संखककुंददगरययमतमथितफेणपुंज-सन्निकासाओ, सुहुमरययदीहवालाओ, धवलाओ चामराओ सलीलं ओहारेमाणीओ चिट्ठंति । तासिं णं जिणपडिमाणं पुरओ दो दो नागपडिमाओ, दो दो जक्खपडिमाओ, दो दो भूयपडिमाओ, दो दो कुंडधारगपडिमाओ, विणओणयाओ, पायवडिआओ, पंजलिउडाओ संणिक्खित्ताओ चिट्ठंति । सव्वरयणामईओ अच्छाओ सण्हाओ, लण्हाओ, घट्ठाओ, मट्ठाओ, नीरयाओ, निप्पंकाओ, जाव पडिरूवाओ । तासिं णं जिणपडिमाणं पुरओ अट्ठसयं घंटाणं, अट्ठसयं चंदणकलसाणं, एवं अट्ठसयं भिंगाराणं, आयंसगाणं, थालाणं, पातीणं, सुपइट्ठगाणं, मणगुलियाणं, वातकरगाणं, चित्ताणं रयणकरंडगाणं, हयकंठगाणं जाव उसभकंठगाणं, पुप्फचंगेरीणं जाव लोमहत्थचंगेरीणं, पुप्फपडलगाणं जाव लोमहत्थपडलगाणं, सीहासणाणं, छत्ताणं, चामराणं, अट्ठसयं तेल्लसमुग्गाणं जाव अंजणसमुग्गाणं, अट्ठसयं झयाणं, अट्ठसयं धूवकडच्छुयाणं संणिक्खित्तं चिट्ठइ ।। **एतद्वृत्तिर्यथा** - 'तत्थ णं' इत्यादि । तत्र देवच्छन्दकेऽष्टशंतम् अष्टाधिकं शतं जिनप्रतिमानां जिनोत्सेधप्रमाणमात्राणां=पच्चधनुःशतप्रमाणानामिति भावः । संनिक्षिप्तं तिष्ठति । 'तासि णं जिनपडिमाणम्' इत्यादि तासां जिनप्रतिमाणामयमेतद्रूपो वर्णावासः=वर्णकनिवेशः, प्रज्ञप्तः, तपनीयमयानि हस्ततलपादतलानि, अङ्कमया=अङ्करत्नमया, अन्तः=मध्ये, लोहिता-क्षरन्तप्रतिषेका नखाः, कनकमयाः पादाः, कनकमयाः गुल्फाः, कनकमय्यो जङ्घाः, कनकमयानि जानूनि, कनकमया ऊरवः, कनकमय्यो गात्रयष्टयः, तपनीयमया नाभयः, रिष्टरत्नमय्यो रोमराजयः, तपनीयमयाश्चिबुकाः=स्तनाग्रभागाः, तपनीयमयाः श्रीवत्साः, शिलाप्रवालमया=विद्रुममया ओष्ठाः, स्फटिकमया दन्ताः, तपनीयमय्यो जिह्वाः, तपनीयमयानि तालुकानि, कनकमय्यो नासिकाः अन्तर्लोहिताक्षरत्नप्रतिषेकाः, अङ्कमयान्यक्षीणि अन्तर्लोहिताक्षप्रतिषेकाणि, रिष्टरत्नमय्योऽक्षिमध्यगततारिकाः, रिष्टरत्नमयान्यक्षिपत्राणि, रिष्टरत्नमय्यो भ्रुवः, कनकमयाः कपोलाः, कनकमयाः श्रवणाः, कनकमय्यो ललाटपट्टिकाः, वज्रमय्यः शीर्षघटिकाः, तपनीयमय्यः केशान्तकेशभूमयः केशानामन्तभूमयः केशभूमयश्चेति भावः । रिष्टमया उपरिमूर्द्धजाः केशाः । तासां जिनप्रतिमानां पृष्ठत एकैकाः छत्रधारप्रतिमाः हेमरजतकुन्देन्दुप्रकाशं सकोरण्टमाल्यदामधवलमातपत्रं सलीलं धरन्त्यस्तिष्ठन्ति । 'तासिं णं जिनपडिमाणं' इत्यादि-तासां जिनप्रतिमानां प्रत्येकमुभयोः पार्श्वयोः द्वे द्वे चामरधरप्रतिमे प्रज्ञप्ते, 'चंदप्पभं'

इत्यादि 'चंदप्पभः=चन्द्रकान्तमणिः, वज्रं वैडूर्यं च प्रतीते, चन्दप्रभवज्रवैडूर्याणि, शेषाणि च नानामणिरत्नानि खचितानि येषु दण्डेषु ते तथा, एवंरूपाश्चित्राः=नानाप्रकारा, दण्डा येषु तानि तथा, स्त्रित्वं प्राकृतत्वात्, 'सुहुम'त्ति सूक्ष्माः=श्लक्ष्णा, रजतमया वाला येषां तानि तथा, 'संखं'त्ति प्रतीतम्, चामराणि गृहीत्वा सलीलं वीजयन्त्यस्तिष्ठन्ति । 'तासि णं' इत्यादि-तासां जिनप्रतिमानां पुरतो द्वे द्वे नागप्रतिमे, द्वे द्वे यक्षप्रतिमे, द्वे द्वे भूतप्रतिमे, द्वे द्वे कुण्डधारप्रतिमे, संनिक्षिप्ते तिष्ठतः, ताश्च 'सव्वरयणामईओ' इत्यादि प्राग्वत् । 'तत्थ णं' इत्यादि-तस्मिन् देवच्छन्दके जिनप्रतिमानां पुरतोऽष्टशतं घण्टानाम्,अष्टशतं चन्दनकलशाना-मष्टशतं भृङ्गाराणाम्, अष्टशतमादर्शानाम्, अष्टशतं स्थालानाम्, अष्टशतं पात्रीणाम्, अष्टशतं सुप्रतिष्ठानाम्, अष्टशतं मनोगुलिकानां=पीठिकाविशेषरूपाणाम्, अष्टशतं वातकरकाणाम्, अष्टशतं चित्राणां रत्नकरण्डकाणाम्, अष्टशतं हयकण्ठानाम्, अष्टशतं गजकण्ठानाम्, अष्टशतं नरकण्ठानाम्, अष्टशतं किंनरकण्ठानाम्, अष्टशतं किंपुरुषकण्ठानाम्, अष्टशतं महोरगकण्ठानाम्, अष्टशतं गन्धर्वकण्ठानाम्, अष्टशतमृषभकण्ठानाम्, अष्टशतं पुष्पचङ्गेरीणाम्, अष्टशतं माल्यचङ्गेरीणाम्, अष्टशतं चूर्णचङ्गेरीणाम्, अष्टशतं गन्धचङ्गेरीणाम्, अष्टशतं वस्त्रचङ्गेरीणाम्, अष्टशतमाभरण-चङ्गेरीणाम्, अष्टशतं लोमहस्तचङ्गेरीणाम्, लोमहस्तकः=मयूरपिच्छ-पुञ्जनिका, अष्टशतं पुष्पपटलकानां, अष्टशतं माल्यपटलकानाम्, उत्कलानि पुष्पाणि, ग्रथितानि माल्यानि । अष्टशतं चूर्णपटलकानाम्, एवं गन्धवस्त्राभरणसिद्धार्थलोमहस्तकपटलकानामपि प्रत्येकं प्रत्येकमष्टशतं द्रष्टव्यम् । अष्टशतं सिंहासनानाम्, अष्टशतं छत्राणाम्, अष्टशतं चामराणाम्, अष्टशतं तैलसमुद्गकानाम्, अष्टशतं कोष्ठसमुद्गकानाम्, अष्टशतं चोयकसमुद्गकानाम्, अष्टशतं तगरसमुद्गकानाम्, अष्टशतमेलासमुद्गकानाम्, अष्टशतं हरितालसमुद्ग-कानाम्, अष्टशतं हिंगुलसमुद्गकानाम्, अष्टशतं मनःशिलसमुद्गकानाम्, अष्टशतमञ्जनसमुद्गकानाम्, सर्वाण्येतानि तैलादीनि परमसुगन्धोपेतानि द्रष्टव्यानि, अष्टशतं ध्वजानामित्यादि ।।

અહીં જીવાભિગમના પાઠમાં 'हयकंठगाणं'થી 'चिट्ठइ' સુધીનો પાઠ છે. તે સંપૂર્ણ પાઠ જીવાભિગમ-સૂત્રમાં આ પ્રમાણે સંગૃહીત છે –

हयकंठगाणं (गयकंठगाणं नरकंठगाणं किन्नरकंठगाणं किंपुरिसकंठगाणं महोरगकंठगाणं गंधव्वकंठगाणं उसभकंठगाणं पुप्फचंगेरीणं एवं मल्ल-चुण्ण-गंध-वत्थाऽऽभरणचंगेरीणं सिद्धत्थचंगेरीणं लोभहत्थचंगेरीणं पुप्फपडलगाणं जाव लोभहत्थपडलगाणं सीहासणाणं छत्ताणं चामराणं तेल्लसमुग्गाणं कोट्ठसमुग्गाणं पत्तसमुग्गाणं चोयसमुग्गाणं तगरसमुग्गाणं एलासमुग्गाणं हरियालसमुग्गाणं हिंगुलयसमुग्गाणं मणोसिलासमुग्गाणं अंजणसमुग्गाणं अट्ठसयं झयाणं अट्ठसयं) धूवकडुच्छुयाणं संनिक्खित्तं चिट्ठंति ।।

ટીકાર્થ :-

तथा च ..... वर्णनम् – અને તે પ્રમાણે=પૂર્વમાં કાવ્યમાં કહ્યું કે, શ્રેષ્ઠ ઉપસ્કાર=સામગ્રી દ્વારા તે તે કાર્યમાં જોડાયેલા પરિકરો વડે સેવ્ય, રાજલક્ષણને ધારણ કરનારી આ પ્રતિમાઓ દેવલોકમાં પણ શોભે છે. તે પ્રમાણે, જીવાભિગમસૂત્રમાં તેની=પ્રતિમાની, ઋદ્ધિનું વર્ણન કરેલ છે તે આ પ્રમાણે –

तत्थ णं ..... चिट्ठइ ।। ત્યાં દેવચ્છંદા ઉપર જિનેશ્વરના ઉત્સેધ પ્રમાણમાત્ર=૫૦૦ ધનુષ પ્રમાણ ઊંચાઈવાળી, એકસો આઠ જિનપ્રતિમાઓ સ્થાપન કરાયેલી રહેલી છે. તે જિનપ્રતિમાઓના આ આવા પ્રકારના વર્ણવાસ=વર્ણકનિવેશ અર્થાત્ પ્રતિમાઓના અવયવો કેવા કેવા વર્ણવાળા છે તે, કહેવાયેલા છે, તે આ પ્રમાણે - હાથનાં તળિયાં અને પગનાં તળિયાં તપનીયમય=લાલ સુવર્ણમય છે, મધ્યમાં લોહિતાક્ષ રત્નના પ્રતિષેકવાળા અંકમય=અંકરત્નમય નખો છે, કનકમય પગો, કનકમય ગુલ્ફ=ઘૂંટી, કનકમય જંઘા, કનકમય જાનુ, કનકમય ઉરુ=સાથળ, કનકમય ગાત્રયષ્ટિ, તપનીયમય નાભિ, રિષ્ટરત્નમય રોમરાજી, તપનીયમય ચિબુક=સ્તનનો અગ્રભાગ, તપનીયમય શ્રીવત્સ, કનકમય બાહા, કનકમય પાર્શ્વભાગ=પડખાં, કનકમય ગ્રીવા=ડોક, રિષ્ટરત્નમય શ્મશ્રૂ=દાઢી, શિલાપ્રવાલમય=વિદ્રુમમય ઓષ્ઠ=હોઠ, સ્ફટિકમય દાંત, તપનીયમય જીહ્વા=જીભ, તપનીયમય તાલુ=તાળવું, મધ્યમાં લોહિતાક્ષરત્નના પ્રતિષેકવાળી કનકમય નાસિકા, મધ્યમાં લોહિતાક્ષરત્નના પ્રતિષેકવાળી અંકમય આંખો, પુલકરત્નમય દૃષ્ટિ, રિષ્ટરત્નમય અક્ષિમધ્યગત તારિકા=કીકી, રિષ્ટરત્નમય અક્ષિપત્ર=આંખની પાંપણ, રિષ્ટરત્નમય ભ્રમર=ભવાં, કનકમય કપોલ, કનકમય શ્રવણ=કાન, કનકમય લલાટપટ્ટિકા=લલાટ ભાગ, વજ્રમય શીર્ષઘટિકા=મસ્તકની હડ્ડી=હાડકાં, તપનીયમય કેશની અંતભૂમિ અને કેશભૂમિ, રિષ્ટરત્નમય ઉપરિ મૂર્દ્ધજા=મસ્તક ઉપર ઊગેલા કેશો છે.

તે દરેક જિનપ્રતિમાની આગળ અને પાછળ એક એક છત્રધારક પ્રતિમાઓ રહેલી છે, અને તે છત્રધારક પ્રતિમાઓ હિમ, રજત, કુંદ=પુષ્પવિશેષ અને ચંદ્રપ્રકાશ જેવા ઉજ્જ્વલ, સકોરંટ માલ્યદામ જેવા ધવલ આતપત્રને=છત્રને, લીલાસહિત ધારણ કરેલી રહેલી છે.

તે દરેક જિનપ્રતિમાની બંને પડખે એક એક એમ કુલ બે બે ચામરધારક પ્રતિમાઓ રહેલી છે. તે ચામરધારક પ્રતિમાઓ, ચંદ્રપ્રભ=ચંદ્રકાંતમણિ, વજ્ર=વજ્રમણિ અને વૈડુર્ય=વૈડુર્યમણિ અને બીજા નાના મણિ કનક રત્નોથી ખચિત=જડાયેલા એવા, અને કનકમય, રજતમય વિમલ, મહાકીમતી તપનીયમય ઉજ્જ્વલ એવા, ચિત્ર=નાના પ્રકારવાળા દાંડાઓ છે જેમાં એવા, દેદીપ્યમાન શંખ, કકુદ=શ્વેત છત્ર, ઉદકરત્નમય=સ્ફટિકરત્નમય, મથિત ક્ષીણના પુંજ સરખા એવા, સૂક્ષ્મ=શ્લક્ષણ રજમતય દીર્ઘ વાળ છે જેમાં તેવા, ધવલ=શ્વેત, ચામરોને વીંઝતી રહેલી છે.

તે જિનપ્રતિમાની આગળ બે બે નાગપ્રતિમાઓ, બે બે યક્ષપ્રતિમાઓ, બે બે ભૂતપ્રતિમાઓ, બે બે કુંડધારક પ્રતિમાઓ વિનયથી ઉપનત=નમેલી, પગમાં પડેલી, હાથ જોડીને રહેલી, સ્થાપન કરેલી રહેલી છે; અને તે પ્રતિમાઓ સર્વરત્નમય, સ્વચ્છ, સૂક્ષ્મ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ=ઘસેલી, મૃષ્ટ=માર્જન કરેલી, રજ વગરની, કાદવ વગરની યાવત્ પ્રતિરૂપવાળી=સુંદર આકૃતિવાળી છે.

તે જિનપ્રતિમાની આગળ ૧૦૮ ઘંટો, ૧૦૮ ચંદનકળશો, એ પ્રમાણે ૧૦૮ ભૃંગાર, ૧૦૮ આરીસા, ૧૦૮ થાળા, ૧૦૮ પાત્રી, ૧૦૮ સુપ્રતિષ્ઠક=ડાભડા, ૧૦૮ મનોગુલિકા, ૧૦૮ વાટકા, ૧૦૮ ચિત્રરત્નના કરંડિયા, ૧૦૮ હયકંઠ યાવત્ ઋષભકંઠ છે. અહીં યાવત્ શબ્દથી ૧૦૮ ગજકંઠ, ૧૦૮ નરકંઠ, ૧૦૮ કિંનરકંઠ, ૧૦૮ કિંપુરુષકંઠ, ૧૦૮ મહોરગકંઠ અને ૧૦૮ ગંધર્વકંઠ ગ્રહણ કરેલ છે.

૧૦૮ પુષ્પચંગેરીથી યાવત્ લોમહસ્તક ચંગેરીઓ છે.

લોમહસ્તક=મોરના પીંછાની પૂંજણી=મોરપીંછી - એવી ૧૦૮ મોરપીંછીવાળી ચંગેરીઓ છે.

અહીં યાવત્ શબ્દથી ૧૦૮ માલ્યચંગેરી, ૧૦૮ ચૂર્ણચંગેરી, ૧૦૮ ગંધચંગેરી, ૧૦૮ વસ્ત્રચંગેરી અને ૧૦૮ આભરણચંગેરી સંગૃહીત છે.

૧૦૮ પુષ્પપટલક યાવત્ લોમહસ્તપટલક છે.

અહીં યાવત્ શબ્દથી ૧૦૮ માલ્યપટલક, ૧૦૮ ચૂર્ણપટલક, એ પ્રમાણે ૧૦૮ ગંધપટલક, ૧૦૮ વસ્ત્રપટલક, ૧૦૮ આભરણપટલક અને ૧૦૮ સિદ્ધાર્થપટલક સંગૃહીત છે.

૧૦૮ સિંહાસન, ૧૦૮ છત્ર, ૧૦૮ ચામર છે.

૧૦૮ તૈલસમુદ્ગક યાવત્ ૧૦૮ ધૂપદાણા છે.

અહીં યાવત્ શબ્દથી ૧૦૮ કોષ્ઠસમુદ્ગક, ૧૦૮ ચોયક સમુદ્ગક, ૧૦૮ તગરસમુદ્ગક, ૧૦૮ એલાસમુદ્ગક, ૧૦૮ હરિતાલસમુદ્ગક, ૧૦૮ હિંગુલસમુદ્ગક, ૧૦૮ મનઃશિલસમુદ્ગક, ૧૦૮ અંજનસમુદ્ગક સર્વે પણ આ તૈલાદિ પરમ સુગંધથી સહિત જાણવા.

૧૦૮ ધજા ઇત્યાદિ પાઠ છે.

❖ જીવાભિગમના આ પાઠના ટીકાર્થમાં एतद्वृत्तिर्यथा - ..... अष्टशतं ध्वजानामित्यादि ।। સુધીનો અર્થ અંદર આવી જાય છે.

एवंविधराजचिह्नयुक्ता यथोचितव्यापारनियुक्तनागादिप्रतिमासेव्यमानाश्चङ्गेर्यादिपूजोपकरणसमन्विताश्च प्रतिमाः शाश्वतभावेन स्वत एवात्मनो जगत्पूज्यत्वं ख्यापयन्ति, अन्यथा तथाविधचिह्नाद्युपेतत्वासम्भवात् । एवंविधव्यतिकरमाकर्ण्यापि ये जिनप्रतिमामाराध्यत्वेन नाङ्गीकुर्वते ते क्लिष्टकर्मोदयिनो मन्तव्याः, न चैवं परिवारोपेताः शाश्वतप्रतिमा एव भवन्ति नान्या इति वाच्यम्, अष्टापदाद्रौ भरतकारितानां ऋषभादिवर्द्धमानान्तानां चतुर्विंशतेरपि जिनप्रतिमानां तथापरिवारोपेतत्वात् 'जीवाभिगमोक्तपरिवारयुक्ता' इति वचनात् ।

एवंविधराजचिह्नयुक्ता ..... असंभवात् । આવા પ્રકારના રાજચિહ્નથી યુક્ત, યથોચિત વ્યાપારમાં નિયુક્ત=જોડાયેલી, નાગાદિ પ્રતિમાઓ વડે સેવાતી અને ચંગેરી આદિ પૂજોપકરણથી સમન્વિત=સહિત, એવી પ્રતિમાઓ શાશ્વતભાવરૂપે સ્વતઃ જ પોતાના જગત્પૂજ્યપણાને જણાવે છે. અન્યથા=શાશ્વતભાવરૂપે સ્વતઃ જ પોતાના જગત્પૂજ્યપણાને જણાવતી ન હોય તો, તથાવિધ=તેવા પ્રકારના, ચિહ્નાદિથી ઉપેતપણાનો=સહિતપણાનો, અસંભવ છે.

જીવાભિગમમાં વર્ણન કરાયેલી જિનપ્રતિમાઓ શાશ્વતભાવરૂપે તેવા પ્રકારના રાજચિહ્નોથી યુક્ત છે, તેથી શાશ્વતભાવરૂપે સ્વતઃ જ પોતાનું જગત્પૂજ્યપણું જણાવે છે અર્થાત્ સદાકાળ માટે સ્વતઃ જ પોતાનું જગત્પૂજ્યપણું જણાવે છે. તેથી જ સદાકાળ માટે, આવાં ચિહ્નોથી યુક્તપણું છે, એ પ્રકારે વ્યાપ્તિ છે.

एवंविधव्यतिकर ..... मन्तव्याः । આવા પ્રકારના વ્યતિકરને=પ્રસંગને, સાંભળીને પણ જેઓ જિનપ્રતિમાને આરાધ્યપણારૂપે સ્વીકારતા નથી, તેઓ ક્લિષ્ટ કર્મના ઉદયવાળા=મિથ્યાત્વમોહનીયના ઉદયવાળા, જાણવા.

પૂર્વમાં કહ્યું કે, શાસ્ત્રમાં શાશ્વતી પ્રતિમાઓનું જે વર્ણન કરેલ છે તે સાંભળીને જેઓ જિનપ્રતિમાને

આરાધ્ય સ્વીકારતા નથી, તેઓ ક્લિષ્ટ કર્મના ઉદયવાળા છે. ત્યાં લુંપાક કહે છે કે, આવા પ્રકારના પરિવારવાળી શાશ્વત પ્રતિમાઓ જ હોય છે, અન્ય પ્રતિમાઓ નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે, શાસ્ત્રમાં જે શાશ્વત પ્રતિમાઓનું વર્ણન છે, તે શાશ્વત ભાવના સ્વરૂપને બતાવવા માટે છે, પરંતુ તે સ્વરૂપના બળથી પ્રતિમાઓ પૂજ્ય છે, તેમ સિદ્ધ થઈ શકે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

न चैवं ..... इति वचनात् । આ પ્રકારે=પૂર્વમાં જીવાભિગમસૂત્રના પાઠમાં વર્ણન કર્યું એ પ્રકારે, પરિવારથી ઉપેત=સહિત, શાશ્વત પ્રતિમાઓ જ હોય છે, અન્ય નહિ, એ પ્રકારે ન કહેવું; કેમ કે અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તી દ્વારા કારિત=કરાવાયેલ, ઋષભાદિથી વર્ધમાન અંત સુધીની ચોવીસે પણ જિનપ્રતિમાઓનું તેવા પ્રકારના પરિવારથી ઉપેતપણું=સહિતપણું છે; કેમ કે જીવાભિગમ આગમમાં કહેલ પરિવારયુક્ત એવી અષ્ટાપદની પ્રતિમાઓ છે, એ પ્રમાણે વચન છે.

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, જીવાભિગમસૂત્રમાં કહેલ પરિવારથી યુક્ત તો શાશ્વતી જ પ્રતિમાઓ હોય છે, અશાશ્વતી પ્રતિમા હોતી નથી, તેથી તેઓ જગત્પૂજ્ય કઈ રીતે બને ? માટે પ્રતિમા આરાધ્ય નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, એ પ્રમાણે કહેવું યુક્ત નથી; કેમ કે ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર ભરાવેલી ઋષભદેવથી માંડીને વર્ધમાન જિન સુધીના ચોવીસે પણ જિનની પ્રતિમાઓ તેવા પ્રકારના પરિવારવાળી છે; કેમ કે એ પ્રતિમાઓ જીવાભિગમસૂત્રમાં કહેલા પરિવારથી યુક્ત છે, એ પ્રકારે શાસ્ત્રવચન છે. તેથી અશાશ્વતી પ્રતિમાઓ પણ તેવા પરિવારયુક્ત હોવાથી જગત્પૂજ્ય છે, માટે પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, ભગવાનની પ્રતિમાઓ જગત્પૂજ્ય છે, એ બતાવવા માટે જ ભરત ચક્રવર્તીએ પણ શાશ્વત પ્રતિમા જેવા પરિવારવાળી ચોવીસે તીર્થંકરોની પ્રતિમાઓ પરિવાર સહિત ભરાવેલી છે. જો ભરત ચક્રવર્તીનો તેવો આશય ન હોત તો અષ્ટાપદ પર્વત ઉપર શાશ્વત પ્રતિમા જેવા પરિવારવાળી પ્રતિમાઓ ભરત ચક્રવર્તી ભરાવત નહિ.

પૂર્વમાં શાશ્વતભાવરૂપે પ્રતિમાનું જગત્પૂજ્યપણું છે, માટે જિનપ્રતિમા પૂજનીય છે એમ સ્થાપન કર્યું. હવે તે જ પ્રતિમાઓ શાશ્વતભાવરૂપે દેવશબ્દથી વાચ્ય છે, તેથી પણ જિનપ્રતિમા પૂજ્ય છે, તે બતાવવા અર્થે કહે છે –

किञ्च देवलोकादावपि 'जेणे व देवच्छंदए' इत्यागमवचनाज्जिनप्रतिमा एव शाश्वतभावेन देवशब्दवाच्याः सन्ति, न तथाऽन्यतीर्थिकाभिमतशब्दवाच्याः, तेषां देवानामनैयत्यात्, देवाधिदेवप्रतिमाः प्रभुत्वं स्वतः प्रतिष्ठोपगताः श्रयन्ति, सङ्क्रामति स्थाप्यगतो विशेषः, न स्थापनायाः किमु निर्विपक्षः ।

किञ्च ..... सन्ति, અને વળી દેવલોકાદિમાં પણ, 'जेणे व देवच्छंदए' એ પ્રકારે આગમવચનથી જિનપ્રતિમાઓ જ શાશ્વતભાવરૂપે દેવ શબ્દથી વાચ્ય છે.

❖ 'देवलोकादावपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે, મનુષ્યલોકમાં તો જિનપ્રતિમાઓ શાશ્વતભાવે દેવ શબ્દથી વાચ્ય બને છે, પણ દેવલોકાદિમાં પણ જિનપ્રતિમાઓ શાશ્વતભાવે દેવ શબ્દથી વાચ્ય બને છે.

ભાવાર્થ :-

યદ્યપિ મનુષ્યલોકમાં સર્વ જિનપ્રતિમાઓ શાશ્વત નથી, તોપણ સદા શાશ્વત કે અશાશ્વત જિનપ્રતિમાઓ મનુષ્યલોકમાં હોય છે અને શાશ્વત ભાવરૂપે તે જિનપ્રતિમાઓ દેવ શબ્દથી=પૂજ્યતાવાચક દેવ શબ્દથી વાચ્ય બને છે. વળી દેવલોકમાં શાશ્વતભાવે જિનપ્રતિમાઓ વર્તે છે; કેમ કે 'जेणे व देवच्छंदए' એ પ્રકારનું આગમવચન છે અને એ પાઠમાં જિનપ્રતિમાની ઋદ્ધિના વર્ણનનું સ્વરૂપ છે, અને તે જિનપ્રતિમાઓ જ શાશ્વતભાવે 'દેવ' શબ્દથી=પૂજ્યતાવાચક દેવ શબ્દથી વાચ્ય બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જિનપ્રતિમાઓ જ સદા 'દેવ' શબ્દથી વાચ્ય બને છે, અને તે મનુષ્યલોકમાં તો વાચ્ય બને છે પણ દેવલોકાદિમાં પણ શાશ્વતભાવે 'દેવ' શબ્દથી વાચ્ય બને છે. અને દેવલોકમાં રહેલી શાશ્વત પ્રતિમાઓ 'દેવ' શબ્દથી વાચ્ય બને છે એ જ સિદ્ધ કરે છે કે, જિનપ્રતિમાઓ પૂજ્ય છે. જો જિનપ્રતિમાઓ પૂજ્ય ન હોત તો તે પ્રતિમાઓને 'जेणे व देवच्छंदए' એ આગમવચનના બળથી 'દેવ' શબ્દથી વાચ્ય કહેત નહિ.

અહીં લુંપાક કહે છે કે, આગમમાં શાશ્વતભાવથી જે પ્રતિમાઓનું વર્ણન કર્યું છે, તે વીતરાગની પ્રતિમા નથી, પરંતુ અન્યતીર્થિક અભિમત એવા શબ્દથી વાચ્ય છે અર્થાત્ અન્યતીર્થિક પોતાના દેવને બુદ્ધાદિ કહે છે તે શબ્દથી તે જિનપ્રતિમાઓ વાચ્ય છે. તેથી આગમમાં શાશ્વતભાવથી જિનપ્રતિમાનું વર્ણન છે, તે જિનપ્રતિમાઓ આપણા ભગવાનની પ્રતિમાઓ નથી, માટે તેનાથી પ્રતિમા પૂજનીય છે તેમ સિદ્ધ કરી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

न तथा ..... अनैयत्यात् । તે પ્રકારે=શાશ્વતભાવરૂપે, અન્યતીર્થિકોને અભિમત (બૌદ્ધાદિ) શબ્દોથી વાચ્ય (પ્રતિમાઓ) નથી; કેમ કે તેઓના=અન્યતીર્થિકોના, દેવોનું અનિયતપણું છે.

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, દેવલોકમાં જે જિનપ્રતિમાઓ છે, તે આપણા ભગવાનની નથી પરંતુ અન્યતીર્થિકો પોતાના ભગવાનને જિન માને છે, તેઓની આ પ્રતિમાઓ છે, અને તેનું વર્ણન શાસ્ત્રોમાં કરેલું છે. માટે 'जेणे व देवच्छंदए' એ વચનથી દેવલોકમાં શાશ્વતભાવથી=શાશ્વત આકારથી પ્રતિમાઓ છે, એટલું સ્વીકારી શકાય, પણ તેના બળથી પ્રતિમા પૂજ્ય છે, તેમ સિદ્ધ થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શાશ્વતભાવે=શાશ્વત આકારે રહેલી પ્રતિમાઓ અન્યતીર્થિક અભિમત એવા દેવ શબ્દથી વાચ્ય થઈ શકે નહિ, કેમ કે અન્યતીર્થિકના કોઈ દેવો નિયત નથી. જેમ ગૌતમ બુદ્ધે પાર્શ્વનાથ ભગવાનના સંતાનમાં દીક્ષા લઈને પછી દીક્ષા છોડીને સ્વમતની સ્થાપના કરી, તે પૂર્વે બૌદ્ધદર્શન હતું નહિ. તેથી અન્યતીર્થિકના દર્શનમાં દેવોનું નિયતપણું નથી. તે જ રીતે જે જે સંયોગમાં જે જે દર્શન ઊભું થયું, તે તે વખતે તેમના દેવો તરીકે તેઓ પ્રસિદ્ધિને પામ્યા, પણ શાશ્વતભાવથી કોઈ બુદ્ધાદિ છે નહિ. જ્યારે આપણા જિનો કોઈ વ્યક્તિગત શાશ્વત નહિ હોવા છતાં મહાવિદેહ ક્ષેત્રમાં સદા તીર્થંકર વિદ્યમાન હોય છે, અને ભરત-ઐરાવત ક્ષેત્રમાં પણ પ્રવાહથી દરેક ચોવીસીમાં તીર્થંકરો થાય છે, તેથી તીર્થંકરોનો પ્રવાહ શાશ્વત છે, અને

તેઓના જ સ્થાપનાનિક્ષેપારૂપે આ જિનપ્રતિમાઓ છે. તેથી દેવલોકમાં જે શાશ્વત જિનપ્રતિમા છે, તે આપણા તીર્થંકરોની જ શાશ્વત જિનપ્રતિમા છે, માટે જિનપ્રતિમા પૂજ્ય છે, તેમ સ્વીકારવું ઉચિત છે.

અહીં પ્રશ્ન થાય કે, પ્રતિમા તો પત્થરાદિ જડ પુદ્ગલોની બનેલી છે, તેથી તેમાં કોના દ્વારા પ્રભુત્વ પ્રાપ્ત થાય છે કે જેથી તે પૂજ્ય બને છે ? અને જો અન્ય દ્વારા તેમાં પ્રભુત્વ આવતું હોય તો પરમાર્થથી અન્ય પૂજ્ય છે, પરંતુ જડ પુદ્ગલનિર્મિત પ્રતિમા પૂજ્ય નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના આશયને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

देवाधिदेवप्रतिमाः ..... श्रयन्ति । પ્રતિષ્ઠા ઉપગત=પ્રતિષ્ઠા પામેલ, દેવાધિદેવની પ્રતિમાઓ સ્વતઃ પ્રભુત્વનો આશ્રય કરે છે.

પ્રતિષ્ઠાને પામેલ દેવાધિદેવની પ્રતિમાઓ પરતઃ પ્રભુત્વનો આશ્રય કરતી નથી, પરંતુ સ્વતઃ જ પ્રભુત્વનો આશ્રય કરે છે, માટે પ્રતિમાઓ પૂજ્ય છે.

જેમ કોઈ રાજાનો માણસ હોય તો એનું પ્રભુત્વ રાજાના બળથી છે, અને જ્યારે રાજા તેને છૂટો કરી દે છે ત્યારે તેનું લોકમાં પ્રભુત્વ હોતું નથી. જ્યારે પ્રતિમામાં તો કોઈ વ્યક્તિ પ્રતિષ્ઠા કરાવે, ત્યાર પછી પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિના બળથી તેનું પ્રભુત્વ નથી, પરંતુ તે પ્રતિમામાં પ્રતિષ્ઠાવિધિથી વીતરાગાદિ ભાવોની સ્થાપના કરાઈ છે, તેથી સ્વતઃ જ તે પ્રતિમામાં પ્રભુત્વ પ્રાપ્ત થાય છે; અને તેથી જ પ્રતિષ્ઠિત પ્રતિમાની ભક્તિ કરવાથી ભક્તિ કરનારને નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને આશાતના કરનારને કર્મબંધ થાય છે.

અહીં વિશેષ એ છે કે, જોકે સ્થાપનારૂપ પ્રતિમા એ પુદ્ગલરૂપ છે, તેથી પુદ્ગલરૂપે તેમાં કોઈ વિશેષતા નથી; જેમ સંસારી જીવોમાં જીવત્વેન સમાનતા છે, તેમ તીર્થંકરનો આત્મા પણ સંસારી જીવો જેવો આત્મા છે, તે રીતે તેમાં કોઈ વિશેષતા નથી. આમ છતાં જ્યારે તે તીર્થંકર બને છે ત્યારે તેમના આત્મામાં સ્વાભાવિક અન્ય જીવો કરતાં વીતરાગાદિ વિશેષ ગુણો હોવાથી વિશેષતા હોય છે, અને તે વિશેષતાને કારણે જ તીર્થંકરનો આત્મા પ્રભુ કહેવાય છે. તેવી રીતે સ્થાપનામાં જોકે વિશેષતા સાક્ષાત્ નથી તોપણ સ્થાપ્ય એવા તીર્થંકરના આત્મામાં જે વિશેષતા છે, તે વિશેષતા જ પ્રતિષ્ઠાની વિધિથી પ્રતિમામાં સંક્રમે છે, તે પ્રમાણે વ્યવહારનય સ્વીકારે છે. તેથી જ જેમ તીર્થંકરમાં સ્વતઃ પ્રભુત્વ છે, તેમ પ્રતિમામાં પણ સ્વતઃ પ્રભુત્વ છે.

અહીં પ્રશ્ન થાય કે, જડ પદાર્થમાં પ્રભુત્વ ક્યાંથી આવ્યું ? તેથી કહે છે –

संक्रामति ..... निर्विपक्षः । સ્થાપ્યગત વિશેષ સંક્રમ પામે છે, પરંતુ સ્થાપનાનો કોઈ વિશેષ નથી, એ નિર્વિપક્ષ=નિર્વિવાદ છે.

સ્થાપ્ય એવા જે અરિહંત પરમાત્માના આત્માઓ છે, તેમનામાં રહેલ જે વીતરાગતા આદિ ભાવો છે, તે પ્રતિષ્ઠા દ્વારા પ્રતિમામાં સંક્રમ પામે છે. તેથી પ્રતિષ્ઠા પામેલ પ્રતિમાઓમાં સ્વતઃ પ્રભુત્વ છે, પરંતુ તેમાં

સ્થાપનાનો કોઈ વિશેષ નથી એ વાત નિર્વિવાદ છે. અર્થાત્ ગ્રંથકારશ્રી કહે છે કે, અમે પણ માનીએ છીએ કે, સ્થાપના પથ્થર આદિમાંથી બનેલ આકારમાત્ર છે અને એ સ્થાપનાનો કોઈ વિશેષ નથી=આકારમાત્રને કારણે પ્રભુત્વરૂપ વિશેષ નથી, કે જેના દ્વારા પ્રતિમાઓમાં પ્રભુત્વ પ્રાપ્ત થાય. પરંતુ સ્થાપ્યગતવિશેષ પ્રતિષ્ઠા દ્વારા પ્રતિમામાં સંક્રમ પામે છે, તેથી પ્રતિષ્ઠા પામેલ પ્રતિમાઓ સ્વતઃ પ્રભુત્વનો આશ્રય કરે છે, અને આથી જ પ્રતિમાઓ પૂજ્ય છે, એમ સિદ્ધ થાય છે.



સ્તવપરિજ્ઞા

ભગવાનની મૂર્તિ પૂજનીય છે તે સ્થાપન કરવા માટે પૂર્વમાં અનેક અતિદેશો બતાવ્યા. તે પ્રમાણે, પંચવસ્તુક ગ્રંથમાં સ્તવપરિજ્ઞા નામનો વિભાગ છે, તેનાથી પણ ભગવાનની મૂર્તિ પૂજનીય તરીકે સિદ્ધ થાય છે, તેથી સ્તવપરિજ્ઞા ગ્રંથનો પણ અતિદેશ ગ્રંથકારશ્રી કરી શકે, પરંતુ તેનો અતિદેશ ન કરતાં સ્તવપરિજ્ઞા ગ્રંથ સંપૂર્ણ અહીં રજૂ કરે છે, તેનું કારણ શું છે, તે બતાવવા 'અથ'થી અવતરણિકારૂપે કહે છે –

ટીકા :-

अथ स्तवपरिज्ञया प्रथमदेशनादेश्यया गुरोर्गरिमसारया स्तवविधिः परिष्टूयते । इयं खलु समुद्धृता सरसदृष्टिवादादितः श्रुतं निरघमुत्तमं समयवेदिभिर्भण्यते अथ (अतः) स्तवपरिज्ञाऽत्यन्तोपयोगिनीति यथा पञ्चवस्तुके दृष्टा तथा लिख्यते ।

❖ 'अथ स्तवपरिज्ञाऽत्यन्तोपयोगिनि' - અહીં 'અથ' છે ત્યાં 'अतः' પદની સંભાવના લાગે છે.

ટીકાર્થ :-

अथ ..... लिख्यते । સ્તવપરિજ્ઞા ગ્રંથની પ્રથમ ગાથાની અવતરણિકારૂપે કથન કરતાં મંગલાર્થે 'અથ'થી આરંભ કરે છે. ગુરુની પ્રથમ દેશનાથી ઉપદેશને યોગ્ય ગરિમસારવાળા સ્તવપરિજ્ઞા ગ્રંથ વડે સ્તવવિધિ કહેવાય છે. સરસ એવા દૃષ્ટિવાદાદિથી સમુદ્ધૃત થયેલી, નિરઘ=પાપરહિત એવી આ= સ્તવપરિજ્ઞા, ઉત્તમ શ્રુત તરીકે સમયના=સિદ્ધાંતના, જાણકારો વડે કહેવાયેલી છે, આથી કરીને સ્તવપરિજ્ઞા અત્યંત ઉપયોગી છે. એથી જે પ્રમાણે પંચવસ્તુક ગ્રંથમાં જોવાયેલી છે, તે પ્રમાણે લખાય છે.

ભાવાર્થ :-

જીવ ધર્મને અભિમુખ થાય ત્યારે ગુરુ પ્રથમ દેશનારૂપે ભગવાનની ભક્તિ કરવા જેવી છે, તે જ બતાવે છે, તેથી સ્તવપરિજ્ઞાને પ્રથમ દેશનાથી બતાવવા યોગ્ય કહેલ છે. વળી સર્વોત્તમ એવા ભગવાનની ભક્તિને બતાવનાર આ ગ્રંથ છે, તેથી ગરિમસારવાળો છે; કેમ કે શાસ્ત્રમાં કરેલ સર્વ વર્ણનો વીતરાગ થવા માટે છે અને વીતરાગ થવાનો અનન્ય ઉપાય ભગવાનની ભક્તિ છે, તેથી ગરિમભૂત એવા શાસ્ત્રોના સારરૂપ એવી આ સ્તવપરિજ્ઞા છે. અને આ સ્તવપરિજ્ઞા શ્રેષ્ઠ એવા દૃષ્ટિવાદાદિથી ઉદ્ધૃત છે અને ઉત્તમ શ્રુત છે; કેમ કે ઉત્તમ એવા મોક્ષસુખની પ્રાપ્તિના ઉપાયને બતાવનાર છે. વળી આ શ્રુત કષ-છેદ અને તાપથી શુદ્ધ હોવાથી સંપૂર્ણ દોષરહિત છે, આથી નિરઘ છે. અને આવો સ્તવપરિજ્ઞા ગ્રંથ જીવોને ઉપકાર કરવામાં અત્યંત ઉપયોગી છે, એથી કરીને ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા જે પ્રમાણે પંચવસ્તુક નામના ગ્રંથમાં આ સ્તવપરિજ્ઞા દેખાય છે, તે પ્રમાણે અહીં લખે છે.

ટીકા :-

तथाहि –

ટીકાર્થ :-

તથાહિ – તે આ પ્રમાણે –

ગાથા :-

"एयमिहमित्तमं सुअं आईसद्दाई थयपरिण्णाई ।
वण्णिज्जइ जीए थओ दुविहो वि गुणाइभावेण" ।।१।।

ગાથાર્થ :-

અહીં=લોકમાં આ=કષ છેદ-તાપથી શુદ્ધ શ્રુત ઉત્તમ શ્રુત છે. 'આદિ' શબ્દથી સ્તવપરિજ્ઞાદિ (પ્રાભૃતવિશેષો ગ્રહણ થાય છે.)

આ સ્તવપરિજ્ઞા શું છે ? એથી કરીને ગાથાના ઉત્તરાર્દ્ધમાં કહે છે –

જેમાં=જે ગ્રંથરચનામાં, બંને પ્રકારનો પણ=દ્રવ્ય અને ભાવ બંને પ્રકારનો પણ, સ્તવ ગુણાદિભાવથી= ગૌણ-મુખ્ય ભાવથી, વર્ણન કરાય છે (તે સ્તવપરિજ્ઞા છે.) ।।૧।।

❖ 'द्विविधोऽपि' - અહીં 'अपि'થી એકવિધનો સમુચ્ચય થાય છે.

આ અહીં ઉત્તમ શ્રુત છે અને 'આદિ' શબ્દથી સ્તવપરિજ્ઞાદિ પ્રાભૃતવિશેષનું ગ્રહણ કરવું, એમ અહીં ગાથા-૧માં કહ્યું, તેનું જોડાણ આ રીતે છે –

❖ પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૦૧૮ અને ૧૦૧૯માં કહ્યું કે, વાચનાદાતાએ જે જે કાળે જેટલું જેટલું જિનવચન નંદીસૂત્ર આદિ વિદ્યમાન હોય, તેટલા જિનવચનનું ભાવાર્થસાર સંવેગકારી વ્યાખ્યાન કરવું અથવા કેટલાક શિષ્યોને અધિક યોગ્ય જાણીને દૃષ્ટિવાદ આદિનું વ્યાખ્યાન કરવું અથવા તે દૃષ્ટિવાદાદિથી નિર્વૂઢ=ઉદ્ધરેલ, શેષ નંદી આદિ ગ્રંથ યોગ્ય એવા વાચનાદાતા બીજાને આપે છે.

ત્યારપછી ગાથા-૧૦૨૦માં નિર્વૂઢ=ઉદ્ધૃત, શ્રુતનું લક્ષણ બતાવતાં કહે છે કે, જે ગ્રંથોમાં કષ-છેદ-તાપથી શુદ્ધ=ત્રિકોટિ દોષથી રહિત, સમ્યગ્ ધર્મ વર્ણન કરાય છે, તેવા પ્રકારના ઉત્તમ શ્રુતાદિ નિર્વૂઢ= ઉદ્ધૃત સમજવા.

❖ ગાથા-૧૦૧૯માં નંદિ આદિ નિર્વૂઢ=ઉદ્ધૃત શ્રુત કહ્યું, ત્યાં 'આદિ' શબ્દથી ગાથા-૧૦૨૦માં કહેલ ઉત્તમ શ્રુતાદિનું ગ્રહણ થાય છે અને ઉત્તમ શ્રુત સ્તવપરિજ્ઞા આદિ છે, એમ ગાથા-૧૦૨૦માં કહેલ છે, અને તેમાં 'उत्तमसुआइ' કહ્યું ત્યાં 'આદિ'થી બીજા એવા ઉત્તમશ્રુતનું ગ્રહણ કરવું.

આ પ્રમાણે દ્વારગાથા-૧૦૨૦માં કહેલ સ્તવપરિજ્ઞાદિ પ્રાભૃતવિશેષો અહીં 'एयमिह' ગાથામાં 'આદિ' શબ્દથી ગ્રહણ કરવાનું કહેલ છે, અને આ 'एयमिह' ગાથા પંચવસ્તુક ગ્રંથમાં ૧૧૧૦ મી છે, જે અહીં પ્રથમ ગાથા રૂપે કહેલ છે.

ટીકા :-

एतदिहोत्तमश्रुतमुत्तमार्थाभिधानात्, आदिशब्दाद् द्वारगाथोक्ताः स्तवपरिज्ञादयः प्राभृतविशेषा गृह्यन्ते । तत्र का स्तवपरिज्ञा ? इति प्रश्नवाक्यमाश्रित्याह-यस्यां ग्रन्थपद्धतौ स्तवो द्विविधोऽपि द्रव्यभावोपदस्तववाच्यो वर्ण्यते गुणादिभावेन=गुणप्रधानरूपतया, सा स्तवपरिज्ञेत्युत्तरवाक्यं दृश्यम् ।।१।।

ટીકાર્થ :-

एतदिहोत्तम ..... दृश्यम् ।। આ=કષ-છેદ-તાપથી શુદ્ધ એવું શ્રુત અહીં=જગતમાં, ઉત્તમાર્થનું અભિધાન કરનાર હોવાથી ઉત્તમ શ્રુત છે. 'आदि' શબ્દથી દ્વારગાથામાં કહેવાયેલ=દ્વારગાથા-૧૦૨૦માં કહેવાયેલ, સ્તવપરિજ્ઞાદિ પ્રાભૃતવિશેષ ગ્રહણ થાય છે.

ત્યાં સ્તવપરિજ્ઞા શું છે ? એ પ્રમાણે પ્રશ્નવાક્યને આશ્રયીને ગાથાના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

જે ગ્રંથપદ્ધતિમાં=ગ્રંથરચનામાં, દ્રવ્ય-ભાવ એ બે પ્રકારના ઉપપદવાળો, સ્તવ શબ્દથી વાચ્ય એવો બંને પણ પ્રકારનો સ્તવ ગુણાદિભાવ વડે=ગૌણ-પ્રધાનરૂપ ભાવ વડે વર્ણન કરાય છે, તે સ્તવપરિજ્ઞા છે. એ પ્રમાણે ઉત્તર વાક્ય જાણવું=ઉત્તર જાણવો. ।।૧।।

❖ મૂળ ગાથામાં પ્રશ્નવાક્ય અધ્યાહારરૂપે છે, તે ટીકામાં પ્રશ્નવાક્ય બતાવેલ છે; અને મૂળગાથાના ઉત્તરાર્દ્ધથી એ પ્રશ્નવાક્યનો ઉત્તર આપેલ છે, તે ઉત્તરવાક્ય સમજવું.

ભાવાર્થ :-

આત્માને માટે પરિપૂર્ણ સુખરૂપ મોક્ષ એ ઉત્તમાર્થ છે અને તે ઉત્તમાર્થની પ્રાપ્તિના ઉપાયને જે બતાવે છે તેને પણ ઉત્તમાર્થ કહેવાય. અને જે શ્રુત કષ-છેદ અને તાપથી શુદ્ધ છે, તે શ્રુત જ ખરેખર યથાર્થ મોક્ષના ઉપાયને બતાવનાર છે, તેથી ત્રિકોટિ પરિશુદ્ધ એવા શ્રુતને અહીં ઉત્તમ શ્રુત કહેલ છે.

'गुणादिभावेन' - દ્રવ્યસ્તવમાં દ્રવ્ય મુખ્ય હોય છે અને ભાવ ગૌણ હોય છે, અને ભાવસ્તવમાં ભાવ મુખ્ય હોય છે અને દ્રવ્ય ગૌણ હોય છે. તે બતાવવા માટે અહીં કહ્યું કે, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ગુણાદિભાવથી જેમાં વર્ણન કરાયેલ છે, તે સ્તવપરિજ્ઞા છે.

અહીં દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિની સામગ્રી પ્રધાન હોય છે, અને તેનાથી કરાતી પૂજાના કાળમાં ભગવાન પ્રત્યેનો વધતો બહુમાનનો ભાવ તે ક્રિયાથી પ્રગટ થનાર છે અને તે ગૌણ છે; કેમ કે ભાવની નિષ્પત્તિ માટે દ્રવ્યસામગ્રીમાં યત્ન કરાય છે, તેથી દ્રવ્યપ્રધાન છે.

ભાવસ્તવ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ મુનિઓ કરે છે. ત્યાં મુનિનો યત્ન નિર્લેપદશામાં મુખ્ય હોય છે; અને નિર્લેપદશાની સાધક એવી ઉચિત ક્રિયારૂપ દ્રવ્યસ્તવની અનુમોદના મુનિ કરે છે, તેમાં

અનુમોદના પોતે ભાવ છે, છતાં તેનો વિષય દ્રવ્યસ્તવ છે જે ગૌણ છે. તેથી મુનિની ક્રિયામાં ભાવસ્તવ મુખ્ય છે અને દ્રવ્યસ્તવ ગૌણ છે.

આશય એ છે કે, મુનિની પ્રવૃત્તિમાં મુખ્ય યત્ન સમભાવનો હોય છે અને તેને અનુરૂપ જે ઉચિત ક્રિયાઓ કરે છે, તે સમભાવનું કાર્ય છે; અને મુનિ સમભાવની જ પુષ્ટિ માટે દ્રવ્યસ્તવની પણ અનુમોદના કરે છે, જે ભાવરૂપ જ છે, છતાં તે અનુમોદનાનો વિષય દ્રવ્યસ્તવ છે, તેથી ભાવ મુખ્ય છે અને દ્રવ્ય ગૌણ છે. જ્યારે શ્રાવક સાક્ષાત્ સમભાવમાં યત્ન કરી શકતો નથી, પરંતુ સમભાવ પ્રત્યેના આકર્ષણથી વીતરાગની પૂજા કરીને સમભાવ તરફ જવાના ઉપાયરૂપે તેને ભગવાનની ભક્તિ દેખાય છે; કેમ કે શ્રાવક સાક્ષાત્ સમભાવની સાધક એવી સંયમની ક્રિયા કરી શકે તેમ નથી, તેથી બાહ્ય સામગ્રીથી ભગવાનની ભક્તિ માટે મુખ્ય યત્ન કરે છે અને તેનાથી વીતરાગતાનો રાગ કેળવે છે અને તે પ્રકર્ષને પામીને ભગવાનની સંપૂર્ણ આજ્ઞાના પાલનનું કારણ બનશે. તેથી શ્રાવકની પૂજામાં દ્રવ્ય પ્રધાન હોય છે અને ભાવ ગૌણ હોય છે. ॥૧॥

અવતરણિકા :-

उक्तमेवोद्दिशति –

અવતરણિકાર્થ :-

ઉક્તને જ ઉદ્દેશ કરે છે=પૂર્વ ગાથામાં કહ્યું કે, જે ગ્રંથમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું વર્ણન કરાય છે, તે સ્તવપરિજ્ઞા નામનો ગ્રંથ છે, તે ઉક્તને જ ઉદ્દેશીને કહે છે –

ગાથા :-

"दव्वे भावे य थओ दव्वे भावथयरागओ विहिणा ।
जिणभवणाइविहाणं भावथओ संजमो सुद्धो" ।।२।।

ગાથાર્થ :-

દ્રવ્યવિષય અને ભાવવિષય સ્તવ છે. ભાવસ્તવના રાગથી વિધિ વડે જિનભવનાદિનું વિધાન દ્રવ્યવિષય સ્તવ છે. ભાવસ્તવ શુદ્ધ સંયમ છે ।।૨।।

ટીકા :-

द्रव्य इति द्रव्यविषयः, भाव इति भावविषयः स्तवो भवति । तत्र द्रव्ये-द्रव्यविषयः स्तवो भावस्तवरागतो विधिना जिनभवनादिविधानम्, आदिना जिनबिम्बपूजादिग्रहः, भावस्तवेच्छाप्रयोज्य-प्रवृत्तिविषयो जिनभवनादिविधानं द्रव्यस्तवत्वेन व्यवहार्यमित्यर्थः । भावस्तवः पुनः संयमः साधुक्रियारूपः शुद्धो निरतिचारः ।।२।।

ટીકાર્થ :-

द्रव्य इति ..... जिनबिम्बपूजादिग्रहः, દ્રવ્યવિષય સ્તવ અને ભાવવિષય સ્તવ હોય છે. ત્યાં=બે પ્રકારનો સ્તવ કહ્યો ત્યાં, ભાવસ્તવના રાગથી વિધિપૂર્વક જિનભવનાદિનું વિધાન, દ્રવ્યવિષય સ્તવ છે. જિનભવનાદિમાં 'આદિ' શબ્દથી જિનબિંબપૂજાદિનું ગ્રહણ છે.

ભાવસ્તવના રાગથી વિધિપૂર્વક જિનભવનાદિનું વિધાન દ્રવ્યવિષય સ્તવ છે એમ કહ્યું, તેનું જ તાત્પર્ય બતાવતાં કહે છે –

भावस्तव ..... इत्यर्थः । ભાવસ્તવની ઇચ્છાથી પ્રયોજ્ય પ્રવૃત્તિવિષયવાળું જિનભવનાદિનું વિધાન દ્રવ્યસ્તવરૂપે વ્યવહાર કરવા યોગ્ય છે, એ પ્રકારે અર્થ જાણવો.

भावस्तवः ..... निरतिचारः ।। વળી ભાવસ્તવ શુદ્ધ=નિરતિચાર, સાધુક્રિયારૂપ સંયમ છે. ॥૨॥

ભાવાર્થ :-

ભાવસ્તવ એ ભગવાનની આજ્ઞાપાલનરૂપ છે, અને ભગવાનની આજ્ઞા, પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં શક્તિના પ્રકર્ષથી સમભાવમાં યત્ન કરવાની છે; કેમ કે વીતરાગ થવાનો ઉપાય નિર્લેપ ચિત્ત છે અને સમભાવ પ્રગટે તો જ નિર્લેપ ચિત્ત પ્રગટ થાય અને નિર્લેપ ચિત્ત પ્રગટ કરવું હોય તો ભગવાનના વચનાનુસાર ક્રિયામાં અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ, આવા પ્રકારના ભાવસ્તવનો જેને બોધ છે; આમ છતાં પોતાનામાં તેવા પ્રકારનું સામર્થ્ય નથી, એવું જે શ્રાવક જાણે છે, તે શ્રાવક ભાવસ્તવની પ્રાપ્તિના દૂર દૂરના ઉપાયરૂપે દ્રવ્યસ્તવને જુએ છે. તેથી ભાવસ્તવની ઇચ્છાથી પ્રયોજ્ય પ્રવૃત્તિનો વિષય, તે શ્રાવકને જિનભવનાદિ દેખાય છે, તેથી જ તે જિનભવનાદિનું નિર્માણ કરવામાં યત્ન કરે છે.

આશય એ છે કે, જેમ ક્ષુધા શમાવવાનો અર્થી ભોજનમાં યત્ન કરે, પરંતુ ભોજનની સીધી પ્રાપ્તિ ન થતી હોય તો તેના ઉપાયરૂપે રસોઈમાં પ્રવૃત્તિ કરે, અને રસોઈ માટેની સામગ્રી ન હોય તો સામગ્રીની ખરીદી કરવામાં પણ યત્ન કરે. અહીં ક્ષુધાશમનનો સાક્ષાત્ ઉપાય ભોજનની ક્રિયા છે અને પરંપરાએ ઉપાય ભોજનસામગ્રીની ખરીદી છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ક્ષુધાશમનની ઇચ્છાથી પ્રયોજ્ય પ્રવૃત્તિનો વિષય સામગ્રીની ખરીદી છે; કેમ કે ક્ષુધા શમાવવાનો અર્થી જીવ જાણે છે કે ક્ષુધાનું શમન આ ખરીદી કર્યા વગર હું કરી શકું તેમ નથી.

તે જ રીતે શ્રાવક પણ જાણે છે કે, મારી ચિત્તની ભૂમિકા પ્રમાણે સાક્ષાત્ સંયમની ક્રિયા દ્વારા હું સમભાવમાં જઈ શકું તેમ નથી, તેથી વીતરાગતા પ્રત્યેનો બહુમાનભાવ વધે તેવી પ્રવૃત્તિ મારે કરવી જોઈએ, કે જેથી શક્તિનો સંચય થઈ જાય ત્યારે વીતરાગતાને અનુકૂળ એવા સમભાવમાં યત્ન કરવા અર્થે સાક્ષાત્ સંયમની ક્રિયા થઈ શકે.

❖ અહીં ભાવસ્તવ એ પ્રયોજન છે, ભાવસ્તવની ઇચ્છા એ પ્રયોજક છે અને ભાવસ્તવની ઇચ્છાથી પ્રયોજ્ય દ્રવ્યસ્તવની=જિનભવનાદિ વિધાનની, પ્રવૃત્તિ છે.

'**ભાવસ્તવ**' - નિરતિચાર સાધુક્રિયારૂપ સંયમ એ ભાવસ્તવ છે. જીવ સંયમ ગ્રહણ કરે ત્યારે સમભાવની પ્રતિજ્ઞા કરે છે, અને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે ભગવાનના વચનાનુસાર સર્વ ચારિત્રની ક્રિયા કરતો હોય, તે ભાવસ્તવરૂપ છે. અને ભગવાનનું વચન, દરેક અનુષ્ઠાન સંવેગની વૃદ્ધિનું કારણ બને તે રીતે જ કરવાનું છે; તેથી જ્યારે જ્યારે જે જે ઉચિત ક્રિયા કરવાની છે તે તે ઉચિત ક્રિયામાં યત્ન કરીને સાધુ સંવેગની વૃદ્ધિ કરે, અને જ્યારે અવકાશ મળે ત્યારે પરમ ઉપેક્ષાનો પરિણામ પેદા થાય તે રીતે માનસ યત્ન કરતો હોય. આમ છતાં અનાભોગ કે સહસાત્કારથી કોઈ સ્ખલના થાય તોપણ તરત જ અતિચારનું શોધન કરીને સંયમને નિરતિચાર કરે તે જ ભાવસ્તવ છે **॥૨॥**

અવતરણિકા :-

તત્ર –

અવતરણિકાર્થ :-

તત્ર – પૂર્વમાં દ્રવ્યસ્તવનું અને ભાવસ્તવનું સ્વરૂપ સામાન્યથી બતાવ્યું. હવે તે બેમાં દ્રવ્યસ્તવનું સ્વરૂપ પ્રથમ બતાવે છે –

ગાથા :-

"जिणभवणकारणविहीसुद्धा भूमी दलं च कट्ठाइ ।
भियगाणइसंधाणं सासयवुड्ढी समासेणं" ।।३।।

ગાથાર્થ :-

(૧) શુદ્ધ ભૂમિ, (૨) અને દલ કાષ્ઠાદિ, (૩) નોકરો સાથે અનતિસંધાન=કપટરહિત વર્તન, (૪) શુભભાવની વૃદ્ધિ સંક્ષેપથી જિનભવન કરાવવાની વિધિ છે. ॥૩॥

ટીકા :-

'जिनभवनकारणविधिरयं द्रष्टव्यो यदुत-शुद्धा भूमिर्वक्ष्यमाणया शुद्ध्या, दलं च काष्ठादि, तथा भृतकानाम्=कर्मकराणाम्, अनतिसन्धानम्=अव्याजेन वर्त्तनम्, स्वाशयस्य=शुभभावस्य, वृद्धिः, समासेन=संक्षेपेण, एष विधिः ।।३।।

ટીકાર્થ :-

'जिनभवन ..... विधिः ।। જિનભવન કરાવવાની વિધિ આ જાણવી. જે બતાવે છે – આગળ કહેવાશે એવી શુદ્ધિ વડે (૧) શુદ્ધ ભૂમિ, (૨) અને દલ કાષ્ઠાદિ, (૩) તથા ભૃતકોનું=કર્મકરોનું=નોકરોનું અનતિસંધાન=નિર્વ્યાજ વર્તન અર્થાત્ નોકરો સાથે કપટરહિત વર્તન કરવું, (૪) સ્વાશયની=શુભભાવની, વૃદ્ધિ, સંક્ષેપથી આ ઉપર બતાવેલ ચાર વસ્તુરૂપ વિધિ છે. ॥૩॥

: ભૂમિશુદ્ધિ દ્વાર :

અવતરણિકા :-

શુદ્ધિમેવાહ -

અવતરણિકાર્થ :-

શુદ્ધિને જ કહે છે, તેમાં પ્રથમ ભૂમિસંબંધી શુદ્ધિને કહે છે –

ગાથા :-

"दव्वे भावे अ तहा सुद्धा भूमी पएसऽकीला य ।
दव्वेऽपत्तिगरहिया अन्नेसिं होइ भावे तु" ।।४।।

ગાથાર્થ :-

દ્રવ્ય અને ભાવના વિષયમાં (યથાક્રમ શુદ્ધિના સ્વરૂપને કહે છે –) તે પ્રકારે=જે પ્રકારે જિનમંદિરથી જીવોને ધર્મની પ્રાપ્તિરૂપ લાભની વૃદ્ધિ થાય છે તે પ્રકારે, પ્રદેશમાં=તપસ્વીજનને ઉચિત પ્રદેશમાં, અકીલા=અસ્થિ આદિથી રહિત ભૂમિ, દવ્વે=દ્રવ્યથી શુદ્ધ ભૂમિ છે. વળી અન્યને અપ્રીતિથી રહિત ભાવે=ભાવથી શુદ્ધ ભૂમિ છે.

ટીકા :-

द्रव्ये भावे च शुद्धा भूमिर्यथासंख्यं स्वरूपमाह-प्रदेशे तपस्विजनोचितेऽकीला वा=अस्थ्यादि-रहिता, द्रव्य इति द्रव्यशुद्धा, अप्रीतिरहिता चान्येषां प्राणिनामासन्नानामसमाधिकारणपरिहार-वतीत्यर्थः, भावे तु=भावशुद्धा ।।४।।

ટીકાર્થ :-

द्रव्ये ..... भावशुद्धा ।। द्रव्यविषयशुद्ध અને ભાવવિષયશુદ્ધ ભૂમિ છે. યથાસંખ્ય સ્વરૂપને કહે છે=પ્રથમ દ્રવ્યશુદ્ધ ભૂમિ અને પછી ભાવશુદ્ધ ભૂમિના સ્વરૂપને કહે છે –

તપસ્વીજનને ઉચિત પ્રદેશમાં અને અસ્થિઆદિરહિત=હાડકાં વગેરેથી રહિત, દ્રવ્યે=દ્રવ્યશુદ્ધ ભૂમિ છે અને અન્યને અપ્રીતિરહિત અર્થાત્ નજીકમાં રહેનાર પ્રાણીઓને અસમાધિના કારણના પરિહારવાળી વળી ભાવે=ભાવશુદ્ધ ભૂમિ છે. ।।૪।।

❖ अकीला वा - અહીં 'वा'કાર 'च'કાર અર્થક છે.

ભાવાર્થ :-

યથાક્રમ સ્વરૂપને કહે છે=પ્રથમ દ્રવ્યશુદ્ધિ બતાવે છે ત્યાર પછી ભાવશુદ્ધિ બતાવે છે.

મૂળ ગાથા-૪માં 'पएसे' શબ્દ છે. તેનો અર્થ કરતાં ટીકામાં કહ્યું કે, તપસ્વીજનને ઉચિત એવા પ્રદેશમાં, તથા અસ્થિઆદિરહિત ભૂમિ છે તે દ્રવ્યશુદ્ધ ભૂમિ છે. તેનો ભાવ એ છે કે, જે ભૂમિમાં તપસ્વી એવા સાધુઓ સંયમ પાળી શકે એવી ભૂમિમાં જિનમંદિર કરાવવાથી સંયમી સાધુઓનું આવાગમન થાય, ઉપદેશ વગેરે આપે, તેનાથી ધર્મની પ્રાપ્તિ થાય, તેવા પ્રદેશમાં, અને જે ભૂમિમાં હાડકાં વગેરે ન હોય એવી ભૂમિમાં જિનમંદિર કરાવવું, તે દ્રવ્યશુદ્ધ ભૂમિ છે.

❖ આ ગાથામાં કહ્યા પ્રમાણે દ્રવ્ય અને ભાવશુદ્ધિ કરવાથી ત્યાં વર્તતા લોકોને ધર્મની પ્રાપ્તિ થાય છે, અને હાડકાં વગેરેથી રહિત હોવાથી દીર્ઘકાળ સુધી ત્યાં ધર્મની વૃદ્ધિ થાય. તે બતાવવા માટે મૂળ ગાથામાં 'तथा'નો પ્રયોગ જણાય છે.

❖ પંચાશક-૧૦માં 'प्रदेशे'નો અર્થ વિશિષ્ટજનઉચિત ભૂભાગમાં કરેલ છે અર્થાત્ વિશિષ્ટજનથી યુક્ત પ્રદેશમાં જિનભવનભૂમિ કરાવવી, તે દ્રવ્યથી શુદ્ધ ભૂમિ છે. એનો અર્થ એ થાય છે કે, જ્યાં વિશિષ્ટજનનો વાસ હોય ત્યાં જિનમંદિર કરવું જોઈએ. જ્યારે અહીં પ્રતિમાશતક ગ્રંથમાં અને પંચવસ્તુક ગ્રંથમાં કહ્યું કે, તપસ્વીજનને ઉચિત પ્રદેશમાં જિનમંદિર કરવું, તે દ્રવ્યશુદ્ધ ભૂમિ છે. પરંતુ એ બંને અર્થમાં ફરક નથી; કેમ કે વિશિષ્ટજનથી યુક્ત ભૂમિમાં જ સાધુજનનો વાસ થઈ શકે. તેથી તેવી ભૂમિ તપસ્વીજનને ઉચિત કહેવાય ॥૪॥

અવતરણિકા :-

एतदेव समर्थयति –

અવતરણિકાર્થ :-

આને જ=અન્યને=નજીકમાં રહેનાર પ્રાણીઓને, અસમાધિ ન થાય તે ભાવશુદ્ધિ છે એને જ, સમર્થન કરે છે –

ગાથા :-

"धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं न कायव्वं ।
इय संजमो वि सेओ एत्थ य भयवं उदाहरणं" ।।५।।

ગાથાર્થ :-

ધર્મના માટે ઉદ્યત એવા પ્રાણી વડે સર્વને અપ્રીતિ ન કરવી જોઈએ. इय=एवं=આ પ્રકારે=પરને અપ્રીતિ ન કરવા વડે, સંયમ પણ શ્રેયઃકારી છે અને અહીંયાં ભગવાન ઉદાહરણ છે. ।।૫।।

ટીકા :-

धर्मार्थमुद्यतेन प्राणिना सर्वस्य जन्तोरप्रीतिर्न कार्या सर्वथा, 'इय' एवं पराप्रीत्यकरणेन संयमोऽपि श्रेयान् नान्यथा, अत्रार्थे भगवानुदाहरणं स्वयमेव च वर्धमानस्वामीति ।।५।।

ટીકાર્થ :-

ધર્માર્થં ..... વર્ધમાનસ્વામીતિ ।। ધર્મ માટે ઉદ્યત એવા પ્રાણી વડે સર્વ પ્રાણીઓની સર્વથા=સર્વ પ્રકારે, અપ્રીતિ ન કરવી જોઈએ. આ પ્રકારે=બીજાને અપ્રીતિ નહિ કરવા વડે, સંયમ પણ શ્રેયઃકારી છે, અન્યથા નહિ=બીજાને અપ્રીતિ કરવા વડે શ્રેયઃકારી નથી. આ અર્થમાં ભગવાન ઉદાહરણ છે=સ્વયં જ વર્ધમાનસ્વામી ઉદાહરણ છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ।।૫।।

અવતરણિકા :-

कथमित्याह –

અવતરણિકાર્થ :-

ભગવાન કેવી રીતે ઉદાહરણરૂપ છે ? એથી કરીને કહે છે –

ગાથા :-

"सो तावसासमाओ तेसिं अप्पत्तियं मुणेऊण ।
परमं अबोहिबीअं तओ गओ हन्तऽकाले वि" ।।६।।

ગાથાર્થ :-

તે=ભગવાન, તાપસના આશ્રમથી=તાપસના આશ્રમમાં રહેવાથી, તેઓને=તાપસોને, પરમ=પ્રધાન, અબોધિના બીજભૂત એવી અપ્રીતિ જાણીને ત્યાંથી=તાપસના આશ્રમથી, અકાલે પણ=વર્ષાઋતુમાં પણ ગયા. ।।૬।।

ટીકા :-

स भगवान् तापसाश्रमात् पितृव्यभूतकुलपतिसम्बन्धिनः, तेषां तापसानामप्रीतिमप्रणिधानं मत्वा मनःपर्यायेण, किं भूतम् ? परमं=प्रधानम्, अबोधिबीजं गुणद्वेषेण, ततस्तापसाश्रमाद् गतः, 'हंते' ति 'उपदर्शने', अकालेऽपि=प्रावृष्यपि ।।६।।

ટીકાર્થ :-

स भगवान् ..... प्रावृष्यपि ।। તે=ભગવાન, કાકા સમાન કુલપતિ સંબંધી તાપસના આશ્રમથી=તાપસના આશ્રમમાં રહેવાથી, તેઓને=તાપસોને, ગુણના દ્વેષ વડે પરમ=પ્રધાન, અબોધિના બીજભૂત એવી અપ્રીતિને=અપ્રણિધાનને, મનઃપર્યવજ્ઞાન વડે જાણીને, ત્યાંથી=તાપસના આશ્રમથી, અકાલે પણ=વર્ષાઋતુમાં પણ, ગયા. મૂળ ગાથામાં 'हन्त' અવ્યય છે, તે ઉપદર્શન અર્થમાં છે. ।।૬।।

❖ અહીં અપ્રીતિનો અર્થ જ અપ્રણિધાન કર્યો છે. વિપરીત પ્રીતિ=ધર્મ પ્રત્યે વિપરીત ભાવ તે અપ્રણિધાન છે. પ્રણિધાન આશયરહિત એવો અર્થ અહીં સમજવાનો નથી.

ગાથા :-

"इय सव्वेणं वि सम्मं सक्कं अप्पत्तियं सइ जणस्स ।
णियमा परिहरिअव्वं इयरम्मि सतत्तचिंताओ" ।।७।।

ગાથાર્થ :-

इय=एवं=આ પ્રમાણે અર્થાત્ જેમ ભગવાને તાપસની અપ્રીતિનો પરિહાર કર્યો એ પ્રમાણે, સર્વ વડે પણ સમ્યગ્ શક્ય સદા=સર્વકાળ, અવશ્યપણાથી મનુષ્યોની અપ્રીતિ=અપ્રણિધાન પરિહાર કરવી જોઈએ. ઈતરમાં=તે પરિહારના અશક્યમાં સ્વતત્ત્વ ચિંતા જ કરવી જોઈએ. ।।૭।।

ટીકા :-

'इय' एवं सर्वेणापि=परलोकार्थिना, सम्यगुपायतः शक्यमप्रणिधानं सदा=सर्वकालं, जनस्य=प्राणिनिवहस्य, नियमाद्=अवश्यतया, परिहर्त्तव्यं=न कार्यम्, इतरस्मिन्=अशक्येऽप्रणिधाने, स्वतत्त्वचिन्तैव कर्त्तव्या 'ममैवायं दोष' इति बहिर्मुखत्वेऽन्तर्मुखत्वे चौदासीन्यम् ।।७।।

ટીકાર્થ :-

एवं=આ પ્રમાણે, પરલોકના અર્થી એવા સર્વ વડે પણ સદા=સર્વકાળ, જનની=પ્રાણીસમુદાયની, શક્ય અપ્રીતિનો પરિહાર સમ્યગ્ ઉપાયથી કરવો જોઈએ. ઈતરમાં=અપ્રીતિનો પરિહાર અશક્ય હોતે છતે, સ્વતત્ત્વ ચિંતા જ કરવી અર્થાત્ બહિર્મુખપણામાં મારો જ આ દોષ છે, એ પ્રમાણે સ્વતત્ત્વ ચિંતા કરવી અને અંતર્મુખપણામાં ઉદાસીનપણું રાખવું. ।।૭।।

ભૂમિશુદ્ધિ દ્વાર - ગાથા-૫-૬-૭નો ભાવાર્થ :-

ધર્મની પ્રવૃત્તિમાં કોઈને પણ અપ્રીતિ થાય તેવી સંભાવના હોય તોપણ તેના પરિહાર માટે શક્ય પૂર્ણ યત્ન કરવો જોઈએ. તે ન કરવામાં આવે તો જીવોને તે અપ્રીતિને કારણે ધર્માનુષ્ઠાન પ્રત્યે દ્વેષ થાય અને તે ગુણનો દ્વેષ હોવાથી તે જીવોને અબોધિની પ્રાપ્તિ થાય, અને તેવી અબોધિની પ્રાપ્તિમાં, જે ધર્મમાં ઉદ્યત પુરુષ નિમિત્તભાવ પામે, તેમને પણ દુર્લભબોધિ કર્મ બંધાય. માટે શક્તિ અનુસારે પરની અપ્રીતિને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જેમ ભગવાનશ્રી મહાવીરસ્વામીએ તાપસોની અપ્રીતિના પરિહાર માટે ચોમાસામાં પણ વિહાર કર્યો. જો ભગવાન ત્યાંથી વિહાર ન કરત તો ભગવાનના ઉચિત આચાર પ્રત્યે તાપસોને દ્વેષ થાત, જે ગુણદ્વેષરૂપ છે અને દુર્લભબોધિનું કારણ છે. જ્યારે ભગવાનના સ્થાનાંતરના ગમનથી તે અપ્રીતિનો પરિહાર થાય તેમ છે, તેથી ભગવાને ચાતુર્માસમાં વિહાર કર્યો.

તે જ રીતે જિનમંદિર આદિ માટે શુદ્ધ ભૂમિ ગ્રહણ કરતી વખતે કોઈને અપ્રીતિ થાય તેના પરિહાર માટે શક્ય સર્વ ઉપાયોમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ જમીન ખરીદતા પૂર્વે જ નજીકના વસનારા જીવોને અત્યંત સત્કારપૂર્વક ભક્તિ કરીને તેમની સંમતિ થાય તે અર્થ પ્રચુર ધનવ્યય કરીને પણ તેઓને અભિમુખ

ભાવવાળા કરવા યત્ન કરવો જોઈએ અને જ્યારે સર્વ શક્ય ઉપાયો કરવા છતાં કોઈ અતિ અયોગ્ય જીવને અપ્રીતિ થાય, તો તેવા જીવ પ્રત્યે પોતાને દ્વેષ ન થાય તદર્થે વિચારવું જોઈએ કે, આ મારો જ દોષ છે, કે જે મેં પૂર્વભવમાં તેવું પુણ્ય પ્રાપ્ત કર્યું નથી, કે જેથી બીજા જીવોની અપ્રીતિનો હું પરિહાર કરી શકતો નથી. અંતે આ પ્રકારનું ચિંતવન જીવ જ્યારે બહિર્મુખ પરિણામવાળો હોય છે ત્યારે આવશ્યક છે, અને જ્યારે જીવ અંતર્મુખ પરિણામવાળો હોય ત્યારે શક્ય એવી પરની અપ્રીતિના પરિહાર માટે સર્વ યત્ન કર્યા પછી, સામેના જીવને અપ્રીતિ થાય ત્યારે ઉદાસીનભાવ ધારણ કરે.

આશય એ છે કે, પ્રારંભિક ભૂમિકામાં ધર્મમાં ઉદ્યમવાળો જીવ જ્યારે પરને અપ્રીતિ થતી હોય તો તેના પરિહાર માટે શક્ય બધા ઉદ્યમ કરે, આમ છતાં અયોગ્ય જીવોને જિનમંદિરનિર્માણાદિ કાર્યો ન ગમતાં હોવાથી તે કાર્યો પ્રત્યે તેઓને અપ્રીતિ થાય છે, અને તે જોઈને ધર્મી એવા જીવને પણ તેમના પ્રત્યે દ્વેષભાવ થાય તેવી ચિત્તવૃત્તિ હોય છે, તે બહિર્મુખ અવસ્થા છે. અને તે વખતે તેમના પ્રત્યે દ્વેષ ન થાય તેના માટે ધર્મી એવા જીવે ચિંતવન કરવું જોઈએ કે, ભૂતકાળમાં મેં પુણ્ય ઉપાર્જન કર્યું નથી તેથી જ હું આવી અપ્રીતિનો પરિહાર કરી શકતો નથી. આ રીતે ચિંતવન કરવાથી અયોગ્ય જીવ પ્રત્યે પણ દ્વેષ કરીને ચિત્ત મલિનભાવને પામે નહિ. અને જે સંપન્ન ભૂમિકાવાળા ધર્મિષ્ઠ જીવો છે, તે પરની અપ્રીતિ ટાળવા માટે શક્ય યત્ન કરે; આમ છતાં કોઈ અયોગ્ય જીવને અપ્રીતિ થાય તો તેના પ્રત્યે ઉદાસીન રહીને પોતાના ભાવોમાં જ તે યત્ન કરી શકે છે. તેથી તેવા ભૂમિકાસંપન્ન જીવોને આ મારો જ દોષ છે, કે જે મેં પૂર્વભવમાં પુણ્ય કર્યું નથી, તેમ ચિંતવન કરવાની આવશ્યકતા રહેતી નથી. **॥૫-૬-૭॥**

: કાષ્ઠશુદ્ધિ દ્વાર :

અવતરણિકા :-

उक्ता भूमिशुद्धिः, काष्ठादिशुद्धिमाह –

અવતરણિકાર્થ :-

ભૂમિશુદ્ધિ કહી, હવે કાષ્ઠાદિની શુદ્ધિ કહે છે –

ગાથા :-

"कट्ठादि वि दलं इह सुद्धं जं देवताऽऽदुपवणाओ ।
नो अविहिणोपणीयं सयं च कारवियं जन्नो" ।।८।।

ગાથાર્થ :-

(૧) કાષ્ઠાદિ દલ પણ=જિનભવનનું ઉપાદાન કારણ પણ, અહીંયાં=જિનભવનના વિધાનમાં, જે દેવતાદિના ઉપવનથી, (લાવેલું હોય.) અવિધિથી=બલીવર્દાદિને=બળદ વગેરેને મારવા વડે ન લાવેલું હોય અને સ્વયં જે કરાવેલું ન હોય (તે) શુદ્ધ (જાણવું). ॥૮॥

❖ काष्ठाद्यपि दलं - અહીં 'आदि' શબ્દથી પાષાણાદિનું ગ્રહણ કરેલ છે અને 'अपि' શબ્દનો दलं સાથે સંબંધ છે, તેથી दलमपि એમ જોડાણ કરવું અને 'अपि' શબ્દ ભૂમિની અપેક્ષાએ સમુચ્ચય અર્થક છે.

❖ देवताद्युपवनाद् અહીં 'आदि' શબ્દ ભિન્ન ક્રમમાં હોવાથી 'देवतोपवनादेः' એમ જોડાણ છે અને 'आदि' શબ્દથી શ્મશાનનું ગ્રહણ કરેલ છે. એટલે અર્થ આ પ્રમાણે થાય છે. દેવતાના ઉપવનથી અને શ્મશાનથી લાવેલું હોય તે લાકડું વગેરે શુદ્ધ છે.

❖ આ ઉપરમાં કહેલ ગાથાર્થ ષોડશક-૬/૮ તથા દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા-૫/૬ પ્રમાણે કરેલ છે અને ત્યાં આ પ્રમાણે પાઠ છે - दार्वपि च शुद्धमिह यत्नानीतं देवताद्युपवनादेः ।

ગાથાર્થ :-

(૨) કાષ્ઠાદિ દલ પણ=જિનભવનનું ઉપાદાન દ્રવ્ય પણ, અહીંયાં=જિનભવનના વિધાનમાં, જે દેવતાદિના ઉપવનથી લાવેલું ન હોય, બળદ આદિને મારવા વડે લાવેલું ન હોય અને સ્વયં જે કરાવેલું ન હોય (તે) શુદ્ધ (જાણવું.).

❖ આ બીજા પ્રકારે કરેલ ગાથાર્થ પંચાશક-૭/૧૭ની પૂ. શ્રી અભયદેવસૂરિ મ.ની ટીકા મુજબ કરેલ છે. અને તે ટીકા મુજબ 'देवताद्युपवनात्' - અહીં 'आदि' શબ્દ ભિન્ન ક્રમમાં હોવાથી 'देवतोपवनादेः' પાઠ જાણવો. તેથી દેવતાના ઉપવનથી=વ્યંતરના કાનનથી અને 'आदि' શબ્દથી વ્યંતરના ભવનાદિનું ગ્રહણ કરેલ છે, ત્યાંથી લાકડું વગેરે લાવેલ ન હોય; કેમ કે ત્યાંથી લાવવામાં તેમને પ્રદ્વેષનો સંભવ હોવાથી જિનાયતન અને તે બનાવનારાઓને વ્યાઘાતનો સંભવ છે, એ પ્રમાણે અર્થ કરેલ છે.

પંચાશક-૭/૧૭ની ટીકાનો પાઠ આ પ્રમાણે છે –

यदिति दलं 'देवयादुववणाउ' त्ति इहादिशब्दस्यान्यत्र दर्शनाद्देवतोपवनादेरिति द्रष्टव्यं, तेन देवतोपवनाद्-व्यन्तरकाननात्, आदिशब्दात्तदभवनादिपरिग्रहः, तदानयने हि तस्याः प्रद्वेषसंभवाज्जिनायतनस्य तत्कारकादीनां च व्याघातसंभवादिति ।

ટીકા :-

काष्ठाद्यपि दलं कारणमत्र विधाने शुद्धमिति विधेयनिर्देशः । यद्देवताद्युपवनादादिना भिन्न-क्रमेण श्मशानग्रहः, नाऽविधिना बलीवर्दादिमारणेनोपनीतम्=आनीतम्, स्वयं च नो कारितं यदिष्टकादि, तत्कारिवर्गतः क्रीतमुचितक्रयेणेत्युक्तेः ।।८।।

ટીકાર્થ :-

काष्ठाद्यपि ..... क्रयेणेत्युक्तेः ।। કાષ્ઠાદિ દલ પણ=જિનભવનનું ઉપાદાનકારણ પણ, અહીંયાં=જિનભવનના વિધાનમાં=નિર્માણમાં, શુદ્ધ છે, એ પ્રમાણે વિધેયનો નિર્દેશ કરેલ છે=જેનું વિધાન કરવામાં આવે તે વિધેય કહેવાય, તે પ્રમાણે અહીં યત્નથી લાવેલ કાષ્ઠાદિ દલને ઉદ્દેશીને શુદ્ધ છે, તેમ વિધાન કરવું છે, તે બતાવવા જિનભવન નિર્માણમાં આવું લાકડું શુદ્ધ છે તેમ વિધેયનો નિર્દેશ કરેલ છે.

કેવું દલ શુદ્ધ છે, તે બતાવે છે –

જે દેવતાદિના ઉપવનથી (યત્નપૂર્વક લાવેલું હોય) 'देवताद्युपवनात्' અહીં 'આદિ' શબ્દથી ભિન્ન ક્રમ વડે શ્મશાનનું ગ્રહણ કરવું અર્થાત્ 'આદિ' શબ્દને ઉપવન સાથે યોજન કરવાનો છે. તેથી 'देवतोपवनादेः' એ પ્રમાણે પાઠ સમજવો. અને 'उपवनादि'માં 'આદિ' શબ્દથી શ્મશાનથી લાવેલું હોય એમ અર્થ સમજવો. તથા અવિધિ વડે=બળદ વગેરેને મારવા વડે, લાવેલું ન હોય અને સ્વયં જે ઈષ્ટકાદિ=ઈંટ વગેરે કરાવેલ ન હોય; કેમ કે તત્કારિવર્ગ પાસેથી=સ્વપ્રયોજનની સિદ્ધિ માટે તે કરવાના સ્વભાવવાળા વર્ગ પાસેથી, ઉચિત ક્રય વડે=મૂલ્ય વડે, ખરીદેલ હોય તે ઈંટ વગેરે દેરાસર માટે વાપરવી જોઈએ. એ પ્રમાણે શાસ્ત્રવચન છે.

મૂળ ગાથામાં કરેલ બીજા પંચાશકની ટીકાના અર્થ પ્રમાણે ટીકાનો અર્થ આ પ્રમાણે જાણવો –

અહીંયાં=જિનભવનના વિધાનમાં કાષ્ઠાદિ દલ પણ=જિનભવનનું ઉપાદાન કારણ પણ, જે દેવતાના ઉપવનથી=કાનનથી અને 'આદિ' શબ્દથી શ્મશાન વગેરેથી લાવેલું ન હોય, બળદ વગેરેને મારવા વડે લાવેલું ન હોય અને સ્વયં જે ઈંટ વગેરે કરાવેલ ન હોય; કેમ કે તત્કારિવર્ગથી=તે કરવાના સ્વભાવવાળા હોય તેમની પાસેથી, ઉચિત ક્રય વડે=ઉચિત મૂલ્ય વડે, ખરીદેલું હોય તે વાપરવું જોઈએ. એ પ્રમાણે શાસ્ત્રવચન છે. ॥૮॥

કાષ્ઠશુદ્ધિ દ્વાર ગાથા-૮નો ભાવાર્થ :-

જિનમંદિરના નિર્માણમાં કાષ્ઠાદિ દલ દેવતાદિના ઉપવનમાંથી લાવવાનું છે, પરંતુ તે લાકડાં કાપનારાઓને મોકલવાનું કહેવાથી તેઓ અવિધિથી મોકલે તે રીતે લાવવાનું નથી. એટલે ખુલાસો કર્યો કે, બળદ વગેરેને મારવાપૂર્વક કાષ્ઠાદિ દલ લાવવાનું નથી પરંતુ યતનાપૂર્વક લાવવાનું છે. અને સ્વયં કરાવવાનું નથી, એ કથનથી એ ફલિત થાય છે કે, લાકડાં વગેરેનું છેદન-ભેદન સ્વયં કરાવવાનું નથી, પરંતુ પોતાના વ્યવસાય માટે જે લોકો સ્વયં લાકડાં વગેરે કાપે છે, તેમની પાસેથી ઉચિત મૂલ્યથી ખરીદી કરીને લાવવાનું છે, અને ઈંટ વગેરે પણ સ્વયં નિભાડા વગેરે કરીને કર્માદાનથી બનાવવાનાં નથી, પણ તેના કરનારાઓ પાસેથી ઉચિત મૂલ્ય આપીને ખરીદી કરવાની છે.

અહીં દેવતાદિના ઉપવનથી લાવવાનું છે તે અર્થ, ષોડશક-૬/૮ શ્લોક પ્રમાણે અને દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા-૫/૬ શ્લોક પ્રમાણે કરેલ છે અને પંચાશક પ્રમાણે તેનો અર્થ જુદો છે, તેથી તેનો અર્થ ટીકા સાથે ઉપર આપેલ છે.

અહીં વિશેષ એ છે કે, અહીં 'આદિ' શબ્દને ભિન્ન ક્રમથી ઉપવનની સાથે જોડી 'देवतोपवनादेः' આ રીતે પાઠ ગ્રહણ કરી 'આદિ'થી શ્મશાનનું ગ્રહણ કરેલ છે. તેથી શ્મશાન વગેરેમાંથી પણ યતનાપૂર્વક લાવેલું લાકડું વગેરે શુદ્ધ દલ છે. શ્મશાન-કાનન વગેરેમાં લાકડાં કાપનારાઓ પાસેથી, જે ત્યાં સારું-ઉત્તમ લાકડું હોય તેનું જિનમંદિરના નિર્માણ માટે, ઉચિત ક્રય આપી ખરીદીને લાવવાનું વિધાન છે. **॥૮॥**

અવતરણિકા :-

હવે દલના જ શુદ્ધ-અશુદ્ધપણાના પરિજ્ઞાનના ઉપાયને બતાવતાં કહે છે –

ગાથા :-

"तस्स वि य इमो णेओ सुद्धासुद्धपरिजाणणोवाओ ।
तक्कहगहणाओ सो जो सउणेयरसन्निवाओ उ" ।।९।।

ગાથાર્થ :-

તેના પણ=કાષ્ઠના પણ શુદ્ધ-અશુદ્ધ પરિજ્ઞાનનો ઉપાય આ=વક્ષ્યમાણ જાણવો.

તે બેની=દલ અને ભૂમિની, કથા=ગ્રહણ માટે પર્યાલોચન, અને ગ્રહણાદિમાં શકુન અને ઈતર= અશકુનનો, સંનિપાત=પ્રાપ્તિ, છે તે ઉપાય છે. ।।૯।।

❖ तस्सवि - અહીં 'अपि' શબ્દથી ભૂમિનો સમુચ્ચય થાય છે.

❖ तत्कथाग्रहणादौ - અહીં तयोः कथा इति तत्कथा - એ રીતે સમાસ ખોલ્યો હોવાથી દલ અને ભૂમિની કથા સમજવાની છે. અને 'ग्रहणादौ' - અહીં 'आदि' શબ્દથી 'आनयनादि' નું ગ્રહણ કરેલ છે, તેથી ગ્રહણ અને આનયનાદિમાં શકુન અને અશકુનની જે પ્રાપ્તિ છે, તે શુદ્ધ-અશુદ્ધ પરિજ્ઞાનનો ઉપાય જાણવો.

ટીકા :-

तस्यापि चायं वक्ष्यमाणो ज्ञेयः शुद्धाशुद्धप्राप्तिपरिज्ञानोपायः काष्ठादेः, क इत्याह-तत्कथा-ग्रहणादौ यः शकुनेतरयोः=शकुनापशकुनयोः, सन्निपातः=मीलनम् ।।९।।

ટીકાર્થ :-

तस्यापि ..... मीलनम् ।। તેના પણ=કાષ્ઠના પણ, શુદ્ધ-અશુદ્ધની પ્રાપ્તિના પરિજ્ઞાનનો=જાણવાનો, ઉપાય આ=વક્ષ્યમાણ=કહેવાશે તે, જાણવો.

શુદ્ધાશુદ્ધપ્રાપ્તિના પરિજ્ઞાનનો ઉપાય શું છે ? એથી કરીને કહે છે –

તે બેની=દલ અને ભૂમિની, કથા=ગ્રહણ માટે પર્યાલોચન, ગ્રહણ અને 'आदि' શબ્દથી આનયનાદિ= લાવવા વગેરે પ્રસ્તુત હોતે છતે જે શકુન અને ઈતરનો=શકુન અને અપશકુનનો સન્નિપાત=મિલન=મેળાપ છે, તે શુદ્ધ-અશુદ્ધની પ્રાપ્તિના પરિજ્ઞાનનો ઉપાય છે. ।।૯।।

અવતરણિકા :-

कः सः ? इत्याह –

અવતરણિકાર્થ :-

શકુન અને અશકુન શું છે ? એથી કરીને કહે છે –

ગાથા :-

"नंदाइ सुहो सद्दो, भरिओ कलसोऽथ सुन्दरा पुरिसा ।
सुहजोगाइ य सउणो कंदियसद्दाइ इयरो उ" ।।१०।।

ગાથાર્થ :-

નાંદી વગેરે શુભ શબ્દ, ભરેલો કળશ, સુંદર પુરુષો, શુભયોગાદિ એ શકુન છે અને આકંદિત પુરુષના શબ્દ વગેરે ઈતર=અપશકુન, છે. ।।૧૦।।

❖ नान्द्यादि - નાંદી એ વાજિંત્રવિશેષ છે. 'आदि' શબ્દથી ઘંટાશબ્દાદિનો પરિગ્રહ કરેલ છે.

ટીકા :-

नान्द्यादिशुभशब्द आनन्दकृत्तथा भृतः कलशः शुभोदकादेः, अथ सुन्दराः पुरुषाः=धर्मचारिणः, शुभयोगादिश्च व्यवहारलग्नादिः शकुनो वर्त्तते, आक्रन्दितशब्दादिश्चेतरोऽपशकुनः ।।१०।।

ટીકાર્થ :-

नान्द्यादिशुभशब्द ..... ऽपशकुनः ।। આનંદ કરનાર નાંદી આદિનો શુભ શબ્દ, તથા શુભજલાદિથી ભરેલો કળશ, સુંદર ધર્મને આચરનારા પુરુષો અને વ્યવહારલગ્ન વગેરે શુભયોગાદિ શકુન છે, અને આકંદિત પુરુષના શબ્દ વગેરે ઈતર=અપશકુન, છે. ।।૧૦।।

અવતરણિકા :-

उक्ता दलशुद्धिः, विधिशेषमाह –

અવતરણિકાર્થ :-

દલશુદ્ધિ કહી, હવે વિધિશેષ=બાકીની વિધિ, કહે છે –

ગાથા :-

"सुद्धस्स वि गहियस्स पसत्थदिअहम्मि सुहमुहुत्तेणं ।
संकामणमिवि पुणो वित्रेआ सउणमाईया" ।।११।। दारं (द्वारम्)

ગાથાર્થ :-

શુદ્ધ પણ ગ્રહણ કરાયેલ કાષ્ઠાદિનું પ્રશસ્ત દિવસે અને શુભ મુહૂર્ત વડે સંક્રમણમાં પણ=સ્થાનાંતરમાં પણ, ફરી શકુનાદિ જાણવા. ।।૧૧।।

❖ शुद्धस्यापि - અહીં 'अपि' શબ્દ અશુદ્ધ દલનું ગ્રહણ કરવાનું નથી જ, એ પ્રમાણે જણાવે છે –

❖ संक्रामणेऽपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે, ફક્ત કાષ્ઠાદિ દલ ગ્રહણ કરવામાં જ શકુનાદિ

જોવા એમ નહિ, પરંતુ ઘરના સ્થાનથી સ્થાનાંતર=જિનમંદિર જ્યાં બાંધવાનું છે ત્યાં, લઈ જવામાં પણ ફરી શકુનાદિ જોવા.

❖ શકુનાદ્યઃ - અહીં 'आदि' શબ્દથી અપશુકનનો પરિગ્રહ કરેલ છે.

ટીકા :-

शुद्धस्यापि गृहीतस्य काष्ठादेः प्रशस्ते दिवसे शुक्लपञ्चम्यादौ शुभमुहूर्ते केनचित्संक्रामणेऽपि पुनस्तस्य काष्ठादेर्विज्ञेयाः शुकनादय आदेयहेयतयेति ।।११।।

ટીકાર્થ :-

शुद्धस्यापि ..... आदेयहेयतयेति ।। શુદ્ધ પણ ગ્રહણ કરાયેલ કાષ્ઠાદિનું, શુક્લ પંચમી આદિ પ્રશસ્ત દિવસે, શુભ મુહૂર્તે, કોઈના વડે ફરી તે કાષ્ઠાદિના સંક્રમણમાં પણ, શકુનાદિ આદેયહેય-પણારૂપે જાણવા.

'इति' શબ્દ દલદ્વારની સમાપ્તિસૂચક છે. ।।૧૧।।

: ભૃતકાનતિસંધાન દ્વાર :

અવતરણિકા :-

દલ દ્વાર કહ્યું, હવે ભૃતકાનતિસંધાન દ્વારને કહે છે –

ગાથા :-

"कारवणेऽवि य तस्सिह भयगाणतिसंधणं न कायव्वं ।
अवियाहियप्पयाणं दिट्ठादिट्ठफलं एयं" ।।१२।।

ગાથાર્થ :-

અહીં=દ્રવ્યસ્તવના અધિકારમાં, તેના=જિનભવનના કારણમાં=કરાવવામાં, નોકરોનું અતિસંધાન=વંચન, ન કરવું, પરંતુ અધિક પ્રદાન કરવું=આપવું. (જે કારણથી) આ=અધિક પ્રદાન દૃષ્ટાદૃષ્ટ ફળવાળું છે. ।।૧૨।।

ટીકા :-

कारणेऽपि च तस्य जिनभवनस्येह भृतकानां=कर्मकराणाम्, अतिसन्धानं न कर्त्तव्यमपि चाधिकप्रदानं कर्त्तव्यं, दृष्टादृष्टफलमेतदधिकं दानमधिककार्यकरणाशयवैपुल्याभ्याम् ।।१२।।

ટીકાર્થ :-

कारणेऽपि ..... शयवैपुल्याभ्याम् ।। અહીં=દ્રવ્યસ્તવના અધિકારમાં, તેના=જિનભવનના કારણમાં=વિધાપનમાં=કરાવવામાં, ભૃતકોનું=કર્મકરોનું=કારીગરોનું અતિસંધાન=વંચન, ન કરવું=નોકરોને ઠગવા

નહિ, પરંતુ અધિક પ્રદાન કરવું=નક્કી કરેલ વેતન કરતાં અધિક આપવું. આ=અધિક દાન, અધિક કાર્યકરણ અને આશયની વિપુલતારૂપ દૃષ્ટાદૃષ્ટ ફળવાળું છે. ।।૧૨।।

❖ અહીં અધિક પ્રદાન કરવાથી કારીગરો અધિક કાર્ય કરે તે દૃષ્ટ ફળ છે, અને કર્મકરાદિના આશયની વિપુલતા થાય તે અદૃષ્ટ ફળ છે.

અવતરણિકા :-

એતદેવાહ –

અવતરણિકાર્થ :-

એને જ=દૃષ્ટાદૃષ્ટ ફળને જ કહે છે –

ગાથા :-

"તે તુચ્છયા વરાયા અહિએણ દઢં ઉવેંતિ પરિતોસં ।
તુટ્ઠા ય તત્થ કમ્મં તત્તો અહિયં પકુવ્વંતિ" ।।૧૩।।

ગાથાર્થ :-

તુચ્છ અને વરાક=રાંક, એવા તેઓ=કર્મકરો, અધિક વડે=અધિક આપવા વડે, દૃઢ પરિતોષને=સંતોષને, પામે છે અને તુષ્ટ થયેલા તેઓ=કર્મકરો, ત્યાં=પ્રકાંત=પ્રારંભ કરાયેલ જિનભવનમાં, તેનાથી=પૂર્વે કાર્ય કરતા હતા તેનાથી, અધિક કર્મ=કાર્ય, કરે છે. ।।૧૩।।

ટીકા :-

ते भृतकास्तुच्छा वराका अधिकेन प्रदानेन दृढमुपयान्ति परितोषम्, तुष्टाश्च ते तत्र प्रकान्ते कर्मणि ततः प्राक्तनात्कर्मणोऽधिकं प्रकुर्वन्ति, दृष्टफलमेतत् ।।१३।।

ટીકાર્થ :-

તે ..... દૃષ્ટફલમેતત્ ।। તુચ્છ અને ગરીબડા તેઓ=કર્મકરો, અધિક આપવા વડે દૃઢ પરિતોષને પામે છે અને તુષ્ટ થયેલા તેઓ=નોકરો, ત્યાં=પ્રકાંત કર્મમાં=જિનભવનના કાર્યમાં, તેનાથી=પૂર્વના કર્મથી=કાર્યથી, અધિક (કર્મ=કાર્ય) કરે છે, આ દૃષ્ટફળ છે. ।।૧૩।।

અવતરણિકા :-

અધિક દાનની દૃષ્ટફળસાધકતા કહીને અદૃષ્ટફળસાધકતાને પ્રતિપાદન કરવા માટે કહે છે –

ગાથા :-

"ધમ્મપસંસાએ તહ કેઇ નિબંધંતિ બોહિબીઆઇં ।
અન્ને ય લહુયકમ્મા એત્તોચ્ચિય સંપબુજ્ઝંતિ" ।।૧૪।।

ગાથાર્થ :-

તે પ્રકારે ઉર્જિત અર્થાત્ શ્રેષ્ઠ આચારપણારૂપે, ધર્મની પ્રશંસાથી, કેટલાક નોકરો બોધિબીજ ઉપાર્જે છે=પામે છે, અને અન્ય લઘુકર્મવાળા નોકરો આનાથી જ=ઔદાર્યના પક્ષપાતથી જ, સમ્યગ્ બોધ પામે છે=માર્ગને જ સ્વીકારે છે. ।।૧૪।।

ટીકા :-

ધર્મપ્રશંસયા તથોર્જિતાચારત્વેન કેઽપિ ભૃતકા નિબધ્નન્તિ બોધિબીજાનિ કુશલભાવાત્, અન્યે તુ લઘુકર્માણો ભૃતકા અત એવૌદાર્યપક્ષપાતાત્ સમ્પ્રબુધ્યન્તે=માર્ગમેવ પ્રપદ્યન્તે।।૧૪।।

ટીકાર્થ :-

ધર્મપ્રશંસયા ..... પ્રપદ્યન્તે ।। તે પ્રકારે ઉર્જિત અર્થાત્ શ્રેષ્ઠ આચારપણારૂપે, ધર્મની પ્રશંસાથી કેટલાક નોકરો કુશલભાવ હોવાને કારણે બોધિબીજને ઉપાર્જે છે. વળી લઘુકર્મવાળા અન્ય નોકરો આનાથી જ=ઔદાર્યના પક્ષપાતથી જ, સમ્યગ્ બોધ પામે છે=માર્ગને જ સ્વીકારે છે. ।।૧૪।।

ગાથા :-

"लोगे अ साहुवाओ अतुच्छभावेन साहणो धम्मो ।
पुरिसुत्तमप्पणीओ पभावणा एवं तित्थस्स" ।।१५।।

ગાથાર્થ :-

અને લોકમાં અતુચ્છભાવ વડે=અકૃપણતા વડે, શોભન=સુંદર, ધર્મ છે (એ પ્રમાણે), તથા પુરુષોત્તમપ્રણીત=તીર્થંકર વડે કહેવાયેલ, છે (એ પ્રમાણે) સાધુવાદ થાય છે. એ રીતે તીર્થની પ્રભાવના થાય છે. ।।૧૫।।

ટીકા :-

लोके च साधुवादो भवत्यतुच्छभावेनाकार्पण्येन शोभनो धर्म इत्येवंभूतः, तथा पुरुषोत्तम-प्रणीतः सर्वत्र दयाप्रवृत्तेः, प्रभावनैवं तीर्थस्य भवति, अदृष्टफलमेतत् ।।१५।। दारं ।।

ટીકાર્થ :-

लोके ..... अदृष्टफलमेतत् ।। અને લોકમાં અતુચ્છ ભાવ વડે=અકૃપણતા વડે, શોભન ધર્મ છે, એવા પ્રકારનો, તથા સર્વત્ર દયાની પ્રવૃત્તિ હોવાને કારણે, પુરુષોત્તમપ્રણીત=તીર્થંકર વડે કહેવાયેલ છે, એવા પ્રકારનો સાધુવાદ થાય છે. આ પ્રમાણે તીર્થની પ્રભાવના થાય છે, આ અદૃષ્ટ ફળ છે. ભૃતક અનતિસંધાન દ્વાર અહીં પૂરું થાય છે. ।।૧૫।।

ભૂતક અનતિસંધાન દ્વાર ગાથા-૧૨થી ૧૫નો ભાવાર્થ :-

જિનભવનના નિર્માણરૂપ કાર્યમાં વિવેકી શ્રાવક કારીગરોનું વંચન ન કરે=ઠગે નહિ, પરંતુ કારીગરો જે કાર્ય કરે છે તેના કરતાં અધિક પગાર આપે. અને તે આપવા પાછળનો આશય માનખ્યાતિ વગેરેનો હોતો નથી, પરંતુ અધિક આપવાથી કારીગરો પોતાના સ્વ-ઉલ્લાસથી સારું કાર્ય કરે તે દૃષ્ટફળ પ્રાપ્ત થાય છે, અને આપનારની ઔદાર્યવૃત્તિ જોઈને ઘણા જીવોને ભગવાનના શાસન પ્રત્યે સદ્‌ભાવ થાય, તે રૂપ વિપુલ આશયને કારણે બીજાધાનરૂપ અદૃષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. આવા આશયથી વિવેકસંપન્ન શ્રાવક કારીગરોની સાથે ઉદારતાપૂર્વક વર્તન કરે.

વળી, જિનમંદિરના નિર્માણમાં આવા પ્રકારની ઉદારતાપૂર્વકની પ્રવૃત્તિ જોઈને, જે કારીગરોને આ ઉર્જિત=શ્રેષ્ઠ, આચાર છે, એવી બુદ્ધિ થાય છે, અને તેના કારણે તેઓ ધર્મની પ્રશંસા કરે છે, તેઓને બોધિબીજની પ્રાપ્તિ થાય છે; કેમ કે શ્રેષ્ઠ આચાર પ્રત્યેનો પક્ષપાત એ બોધિબીજનું કારણ છે. પરંતુ જેમને પોતાને પ્રાપ્ત થયેલ અધિક ધનને કારણે આ ધર્માનુષ્ઠાન સારું છે, તેવી બુદ્ધિ થાય છે તેઓ માટે તે ધર્મપ્રશંસા બોધિબીજનું કારણ બનતી નથી, પણ જે જીવનાં કર્મો કાંઈક લઘુ થયાં છે, એવા હળુકર્મી જીવો, શ્રેષ્ઠ આચારને શ્રેષ્ઠ આચારરૂપે જોઈને તે ધર્મ પ્રત્યે આદરવાળા થાય છે, તેમને બોધિબીજ પ્રાપ્ત થાય છે, અને તેના કરતાં પણ હળુકર્મવાળા જીવો જૈનશાસનના ઔદાર્ય પ્રત્યે પક્ષપાતવાળા થવાથી જૈનધર્મનો સ્વીકાર કરે છે. તેથી વિવેકી શ્રાવકે અન્ય જીવોને માર્ગની પ્રાપ્તિ થાય તે રીતે કારીગરો વગેરે સાથે ઉદારતાપૂર્વક વર્તન કરવું જોઈએ.

વળી, વિવેકી શ્રાવકો કારીગરો સાથે ઉદારતાપૂર્વક વર્તન કરતા હોય તે જોઈને લોકમાં પણ સાધુવાદ થાય છે, અને તે સાધુવાદ બે પ્રકારનો થાય છે –

(૧) જે જીવો ભદ્રક પ્રકૃતિવાળા અને મુગ્ધ છે, તેઓને ઉદારતાવાળી પ્રવૃત્તિ જોઈને એમ થાય છે કે, આ ધર્મ શ્રેષ્ઠ છે, અને (૨) જે જીવો પ્રજ્ઞાવાળા અને વિચારક છે, તેઓને થાય છે કે, આ ધર્મ પુરુષોત્તમ એવા સર્વજ્ઞથી કહેવાયેલો છે; કેમ કે સર્વત્ર દયાની પ્રવૃત્તિ છે.

આશય એ છે કે, ધર્મ હંમેશાં દયાપ્રધાન હોય છે, અને જિનમંદિર નિર્માણ વખતે પણ આવા પ્રકારની દયા જોઈને યોગ્ય જીવોને આ ધર્મ દયાપ્રધાન છે તેવી બુદ્ધિ થવાથી, એમ જણાય છે કે, કોઈ પુરુષવિશેષે આવો ધર્મ બતાવ્યો છે, જેથી આ ધર્મમાં વિવેકવાળી દયા છે. આ રીતે ભગવાનના શાસનની પ્રભાવના થાય છે, આ સર્વ ઉદારતાનું અદૃષ્ટ ફળ છે.

અહીં વિશેષ એ છે કે, કોઈ શ્રાવક ઉદારતાપૂર્વક જિનમંદિર નિર્માણ કરતો હોય અને તેના કારણે કારીગરો વગેરેને ધર્મ પ્રત્યે સદ્‌ભાવ થતો હોય અને લોકમાં પણ સાધુવાદ પ્રવર્તતો હોય, આમ છતાં જે શ્રાવકને લોકખ્યાતિ પ્રત્યે જ પ્રધાન ઉપયોગ છે, તેને ઉદારતાનું દૃષ્ટ અને અદૃષ્ટ ફળ બાહ્ય રીતે પ્રાપ્ત હોવા છતાં, પોતાના પરિણામની વિશુદ્ધિ નહિ હોવાથી પોતે નિર્જરારૂપ ફળને પામી શકતો નથી. પરંતુ જે શ્રાવકના હૈયામાં ભગવાનના શાસનની વૃદ્ધિ કરવાનો આશય છે અને તે આશયપૂર્વક ઉદારતાથી પ્રયત્ન

કરે છે, અને તેથી જે જીવો ભગવાનના શાસનના વર્ણવાદ કરવા દ્વારા બોધિબીજની પ્રાપ્તિ કરે છે, તેમાં પોતે નિમિત્તભાવરૂપ બને છે, અને પોતાનો પણ તેવો શુભ અધ્યવસાય વર્તે છે, તેવો શ્રાવક નિર્જરારૂપ ફળને પામે છે. **॥१२-१३-१४-१५॥**

: સુઆશયવૃદ્ધિ દ્વાર :

અવતરણિકા :-

उक्तं फलवद्भृतकानतिसन्धानम्, अथ स्वाशयवृद्धिमाह –

અવતરણિકાર્થ :-

ફળવાળું એવું=દૃષ્ટ અને અદૃષ્ટફળવાળું એવું, ભૃતક અનતિસંધાન કહ્યું, હવે સુઆશયવૃદ્ધિને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"सासयवुड्ढी वि इहं भुवनगुरुजिणिंदगुणपरिण्णाए ।
तब्बिंबठावणत्थं सुद्धपवित्तीइ णियमेणं" ।।१६।।

ગાથાર્થ :-

અહીં=જિનભવન વિધાનમાં, ભુવનગુરુ જિનેન્દ્રના ગુણની પરિજ્ઞા વડે, તેમના=જિનેશ્વરના, બિંબની સ્થાપના માટે શુદ્ધ પ્રવૃત્તિથી, નક્કી=અવશ્યપણાથી, સુઆશયની વૃદ્ધિ પણ થાય છે. ।।૧૬।।

❖ स्वाशयवृद्धिरपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે, ફક્ત ભૃતકના અનતિસંધાનથી દૃષ્ટ અને અદૃષ્ટફળ થાય છે એવું નહિ, પણ સુઆશયની વૃદ્ધિ પણ=કુશલ પરિણામનું વર્ધન પણ, થાય છે.

ટીકા :-

स्वाशयवृद्धिरप्यत्र प्रकमे भुवनगुरुजिनेन्द्रगुणपरिज्ञया हेतुभूतया भवाम्भोधिनिमग्नसत्त्वानामालम्बनभूतोऽयमिति, एतद् बिम्बस्थापनार्थं=जिनबिम्बस्थापनाय, एव (शुद्ध)प्रवृत्तेः कारणाद् नियमेन=अवश्यंतया ।।१६।।

ટીકાર્થ :-

स्वाशयवृद्धिरप्यत्र ..... अवश्यंतया ।। અહીં પ્રકમમાં=પ્રસ્તુત જિનભવનના વિધાનમાં, ભવરૂપી સમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓના આલંબનભૂત આ=જિનેન્દ્ર છે, એ પ્રકારે હેતુભૂત એવા=જિનબિંબની સ્થાપનામાં કારણભૂત એવા, ભુવનગુરુ જિનેન્દ્રના ગુણની પરિજ્ઞા વડે, આ બિંબની સ્થાપના માટે જ (શુદ્ધ) પ્રવૃત્તિરૂપ કારણથી નક્કી=અવશ્યપણાથી, સુઆશયની વૃદ્ધિ પણ થાય છે. (એ પ્રમાણે જાણવું.) ।।૧૬।।

અવતરણિકા :-

કેવા પ્રકારની શુભ આશયની વૃદ્ધિ થાય છે, તે ગાથા-૧૭થી ૧૯ સુધી બતાવે છે –

ગાથા :-

"पेच्छिस्सं एत्थ अहं वंदणगनिमित्तमागए साहू ।
कयपुन्ने भगवंते गुणरयणनिही महासत्ते" ।।१७।।

ગાથાર્થ :-

અહીંયાં=જિનભવનમાં, વંદન નિમિત્તે આવેલા મોક્ષમાર્ગસાધક, કૃતપુણ્યવાળા=ઉપાર્જિત શુભકર્મવાળા, ભગવાન=પરમ ઐશ્વર્યવાળા, ગુણરત્નના નિધાન, મહાસત્ત્વવાળા સાધુઓને હું જોઈશ. ।।૧૭।।

ટીકા :-

द्रक्ष्याम्यत्र भवनेऽहं वन्दननिमित्तमागतान् साधून् मोक्षमार्गसाधकान् कृतपुण्यान् भगवतो गुणरत्ननिधीन् महासत्त्वान् द्रष्टव्यान् ।।१७।।

ટીકાર્થ :-

द्रक्ष्याम्यत्र ..... द्रष्टव्यान् ।। અહીંયાં=જિનભવનમાં, વંદન નિમિત્તે=ચૈત્યના વંદન માટે, આવેલા મોક્ષમાર્ગના સાધક, કૃતપુણ્યવાળા=ઉપાર્જિત શુભકર્મવાળા, ભગવાન=પરમેશ્વર, ગુણરૂપી રત્નોના નિધિ, મહાસત્ત્વવાળા, દ્રષ્ટવ્ય=દર્શનીય, એવા સાધુઓને હું જોઈશ. (આ પ્રકારનો શુભ આશય જિનમંદિરના નિર્માણમાં થાય છે.) ।।૧૭।।

ગાથા :-

"पडिबुज्झिस्संति इहं दट्ठूणं जिणिंदबिंबमकलंकं ।
अण्णे वि भव्वसत्ता काहिंति ततो परं धम्मं" ।।१८।।

ગાથાર્થ :-

અહીં=જિનેંદ્રભવનમાં, અકલંક એવા જિનેંદ્રના બિંબને જોઈને અન્ય પણ ભવ્ય જીવો પ્રતિબોધને પામશે (અને) ત્યાર પછી ધર્મને=સંયમરૂપ ધર્મને, આચરશે. ।।૧૮।।

❖ અન્યેઽપિ - અહીં 'અપિ'થી એ સમુચ્ચય થાય છે કે, હું તો પ્રતિબોધ પામેલો જ છું, પણ મારાથી અન્ય= બીજા, છે તે પ્રતિબોધ પામશે.

ટીકા :-

प्रतिभोत्स्यन्ते=प्रतिबोधं यास्यन्ति, इह=जिनभवने, दृष्ट्वा जिनेन्द्रबिम्बं मोहतिमिरापनयनहेतुमकलङ्कम्=कलङ्करहितम्, अन्येऽपि भव्यसत्त्वा=लघुकर्माणः करिष्यन्ति ततः परं धर्मं=संयमरूपम् ।।१८।।

ટીકાર્થ :-

પ્રતિભોત્સ્યન્તે ..... સંયમરૂપમ્ ।। અહીં=જિનભવનમાં, મોહરૂપી અંધકારને દૂર કરવાના કારણભૂત, અકલંક=કલંકરહિત, એવા જિનેંદ્રના બિંબને જોઈને અન્ય પણ લઘુકર્મવાળા=હળુકર્મી, ભવ્યજીવો પ્રતિબોધને પામશે. ત્યાર પછી ધર્મને=સંયમરૂપ ધર્મને, આચરશે. (આ પ્રકારનો પણ શુભ આશય જિનમંદિરના નિર્માણમાં થાય છે.) ।।૧૮।।

ગાથા :-

"ता एयं मे वित्तं जमित्थ विणिओगमेति अणवरयं ।
इय चिंताऽपरिवडिया सासयवुड्ढी उ मोक्खफला" ।।१९।।

ગાથાર્થ :-

તે કારણથી આ મારું ધન શ્લાઘ્ય છે, જે અહીં=જિનભવનમાં, વિનિયોગ પામેલું છે=ઉપયોગમાં આવેલું છે. અનવરત=સદા, અપ્રતિપતિત=અવિચ્છિન્ન, આ જ ચિંતા સ્વાશયવૃદ્ધિ=શુભ આશયની વૃદ્ધિ, કહેવાય છે. આ=સુઆશય વૃદ્ધિ, મોક્ષફળવાળી છે. ।।૧૯।।

❖ મૂળગાથામાં કહેલ તા=તત્ શબ્દ તસ્માદર્થક છે.

❖ એતન્મમ વિત્તં પછી 'શ્લાઘ્યં' અધ્યાહારરૂપ છે.

❖ 'इय चिन्ता' મૂળ ગાથામાં છે, તેનો અર્થ અહીં પ્રતિમાશતકની ટીકામાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે 'इयमेव चिन्ता' કરેલ છે, જ્યારે પંચવસ્તુ ગ્રંથમાં ગાથા-૧૧૨૮ની ટીકામાં 'इय चिंता=एवं चिन्ता' કરેલ છે.

ટીકા :-

तत् तस्मादेतन्मम वित्तं श्लाघ्यम्, यदत्र जिनभवने उपयोगम् एति=गच्छति, अनवरतम्=सदा इयमेव चिन्ताऽप्रतिपतिता स्वाशयवृद्धिरुच्यते, मोक्षफलेयम् ।।१९।।

ટીકાર્થ :-

तत् ..... मोक्षफलेयम् ।। तत्=તે કારણથી, આ મારું ધન શ્લાઘ્ય છે કે જે અહીં જિનભવનમાં ઉપયોગમાં આવેલું છે. સદા આ જ અપ્રતિપતિત=અવિચ્છિન્ન, ચિંતા શુભ આશયની વૃદ્ધિ કહેવાય છે. આ=શુભ આશયવૃદ્ધિ મોક્ષફળવાળી છે. ।।૧૯।।

સ્વાશયવૃદ્ધિ દ્વાર ગાથા-૧૬થી ૧૯નો ભાવાર્થ :-

જિનમંદિર નિર્માણમાં સુંદર આશયની વૃદ્ધિને બતાવતાં કહે છે –

આ ભગવાન જગતના ગુરુ છે અને અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય અને પૂજાતિશય એ ચાર અતિશયથી યુક્ત છે અને એવા જિનેશ્વરના ગુણના પરિજ્ઞાનપૂર્વક જિનબિંબની મારે જિનભવનમાં સ્થાપના કરવાની છે. ભગવાન ચાર અતિશયવાળા હોવાથી સંસારમાં ડૂબેલા જીવોને તરવા માટે આલંબનભૂત

છે માટે ભગવાનની પ્રતિમાને સ્થાપન કરીને હું મારા આત્માનો નિસ્તાર કરું, આ પ્રકારનો શુભાશય, જિનમંદિર નિર્માણ વખતે હોય છે.

વળી, બીજો શુભાશય બતાવે છે – અહીં જિનમંદિર નિર્માણ કરવાથી ચૈત્યના વંદન નિમિત્તે સુસાધુઓ આવશે, તેમનું મને દર્શન થશે. અને તે સુસાધુઓ કેવા છે તે કહે છે – મોક્ષમાર્ગના સાધક છે=સંસાર પ્રત્યે નિર્લેપ થઈને ફક્ત રત્નત્રયીના પ્રકર્ષ માટે યત્ન કરનારા છે. વળી, ભૂતકાળમાં તેમણે ઉત્તમ પુણ્ય ઉપાર્જન કરેલ છે કે, જેથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવને કેવળ નિર્લેપદશાની વૃદ્ધિમાં જ સફળ કરે છે. આવા પ્રકારના જ્ઞાનાદિ ઐશ્વર્યવાળા, ગુણરત્નના નિધાન અને કર્મનો નાશ કરવા માટે મહાસત્ત્વવાળા અને સંસારી જીવોને જોવા યોગ્ય=દર્શનીય એવા, મહાત્માઓને હું જોઈશ. આ પ્રકારના શુભાશયથી જિનમંદિર નિર્માણ વખતે જ સંયમી સાધુ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિમત્ થાય છે, જે ચારિત્રમોહનીયને તોડવાનું પ્રબળ કારણ છે.

વળી, અન્ય શુભાશય બતાવે છે – જિનભવનમાં વીતરાગતાની મુદ્રા હોવાને કારણે, તેનું દર્શન જીવને પોતાનું વીતરાગસ્વરૂપ જોવામાં જે મોહરૂપ અંધકાર=અંતરાયરૂપ છે તેને દૂર કરવામાં હેતુભૂત છે, અને વીતરાગતાની મુદ્રારૂપ હોવાથી રાગાદિ સર્વ કલંકરહિત છે, એવા જિનેંદ્રના બિંબને જોઈને ઘણા અન્ય જીવો પ્રતિબોધને પામશે અને ભગવાન જેવા થવાના અત્યંત અભિલાષવાળા થઈને શ્રેષ્ઠ સંયમધર્મનો સ્વીકાર કરશે.

ઉપરમાં કહ્યા તેવા પ્રકારના અધ્યવસાયપૂર્વક શ્રાવક જિનમંદિરનું નિર્માણ કરે છે, અને જિનમંદિરના નિર્માણમાં પૂર્વમાં બતાવાયેલા લાભો છે તે કારણથી, આ મારું ધન શ્લાઘ્ય છે કે જે જિનભવનમાં ઉપયોગી થાય છે, આ પ્રકારનો ઉત્તમ અધ્યવસાય જિનમંદિરના નિર્માણકાળમાં સતત શ્રાવકને વર્તે છે. તેથી લોકોની આગળ સારું દેખાડવા, કે પોતે ધર્મી છે તેવી ખ્યાતિ મેળવવાનો આશય ચિત્તમાં પ્રવેશ પામી શકતો નથી. અને જે શ્રાવકો આવા ઉત્તમ અધ્યવસાયપૂર્વક જિનમંદિરના નિર્માણમાં યત્ન કરે છે, તેમનામાં વર્તતો આવો શુભાશય મોક્ષફળવાળો છે.

અહીં સ્વાશયવૃદ્ધિ કહી ત્યાં સ્વ-આશયનો અર્થ સ્વનો આશય નહિ, પરંતુ સુ+આશય=સ્વાશયની=શુભ આશયની, વૃદ્ધિ સમજવાનો છે, અને સુઆશય એ છે કે, ભગવાન જગતના જીવોને તારનારા છે, એ પ્રકારનો પોતાનો જે શુભાશય છે, તે જિનબિંબની સ્થાપના કરવાથી વૃદ્ધિમત્ થાય છે. તેથી જે જીવને સંસાર સમુદ્ર જેવો મહાભયાવહ લાગતો હોય, તેના જ કારણે સંસારસમુદ્રથી બહાર નીકળવાની અત્યંત ઉત્કંઠા હોય અને તેના માટે શુદ્ધ સંયમ ઉપાયરૂપે ભાસતું હોય, આમ છતાં શુદ્ધ સંયમની પ્રાપ્તિ માટે પોતાનું સામર્થ્ય ન દેખાવાથી ભગવાનની ભક્તિ કરીને શુદ્ધ સંયમ માટેના સત્ત્વને પ્રગટ કરવાની ઇચ્છાવાળો હોય, અને તેથી જ ભગવાનના સ્વરૂપને વારંવાર ચિત્તમાં ભાવતો હોય, આવા પ્રકારના આશયપૂર્વક જિનબિંબના સ્થાપનમાં પ્રવૃત્તિ કરનારને અવશ્ય શુભ આશયની વૃદ્ધિ થાય છે.

વળી, ગાથા-૧૭, ૧૮માં બતાવેલ સર્વ સુઆશયની વૃદ્ધિરૂપ છે અને આ પ્રકારની અપ્રતિપતિત ચિંતા સદા વર્તતી હોય તે સુઆશયની વૃદ્ધિ છે. જિનમંદિરના નિર્માણ પૂર્વે નિર્માણ કરનારનો એ શુભઆશય છે

કે, હું આ જિનભવન કરી, તેમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરી, મારા આત્માનું કલ્યાણ કરું. અને જિનમંદિરનું નિર્માણ કરતી વખતે ગાથા-૧૬થી ૧૯માં કહેલ શુભાશય હોવાથી સ્વાશયવૃદ્ધિ થાય છે.

અહીં આ પ્રકારની ચિંતા સદા વર્તતી હોય એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, જિનમંદિર બનાવવાના પ્રવૃત્તિકાળમાં અને ત્યાર પછી પણ આ પ્રકારની વિચારણા પ્રવર્તવી જોઈએ. અને અપ્રતિપતિત એવી ચિંતા સદા વર્તતી હોય એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, ક્વચિત્ કોઈ જીવને આવી વિચારણા પ્રગટ થયા પછી વિરુદ્ધ ભાવની રુચિ થવાથી તે વિચારણા પ્રતિપતિત થઈ જાય છે, પરંતુ જે જીવની બુદ્ધિમાં સંસાર સમુદ્રરૂપે જ ભાસતો હોય અને તે સંસારસમુદ્રને તરવા માટે ભગવાન પરમ આલંબનરૂપ ભાસતા હોય, તેથી જિનમંદિરના નિર્માણ વગેરેમાં જ પોતાના ધનનું સાફલ્ય દેખાતું હોય, તેવો જીવ સંસારના અન્ય પ્રસંગે અન્ય વિચારણા કરતો હોય છતાં તેના ચિત્તમાં આ ભાવ સદા અપ્રતિપતિત રહી શકે છે; અને તે સદા=આજન્મ સુધી રહી શકે=સંયમની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અથવા ગૃહસ્થધર્મમાં આજન્મ સુધી રહી શકે, તો તે શુભઆશયની વૃદ્ધિ કહેવાય છે. **॥૧૬-૧૭-૧૮-૧૯॥**

अवतरणिका :-

जिनभवनकारणविधिरुक्तः, अनन्तरकरणीयमाह –

અવતરણિકાર્થ :-

જિનભવન કરાવવાની વિધિ કહી, (હવે) અનંતર કરણીય=જિનભવન થઈ ગયા પછી કરવા યોગ્ય કૃત્યને કહે છે –

ગાથા :-

"निप्फाइय जयणाए जिनभवणं सुंदरं तहिं बिंबं ।
विहिकारियमह विहिणा पइट्ठविज्जा असंभंतो" ।।२०।।

ગાથાર્થ :-

યતના વડે સુંદર જિનભવન બનાવીને ત્યાં=જિનભવનમાં, વિધિપૂર્વક કરાવેલા (ભગવાનના) બિંબને, અસંભ્રાન્ત=અનાકુળ થઈ વિધિ વડે પ્રતિષ્ઠાપિત કરે. ॥૨૦॥

ટીકા :-

निष्पाद्य यतनया परिणतोदकादिग्रहणरूपया जिनभवनं=जिनायतनं, सुन्दरम्, तत्र भवने बिम्बं भगवतः विधिकारितं सदेव (सद् अथ) विधिना वक्ष्यमाणेन प्रतिष्ठापयेद्, अभ्रान्तः=अनाकुलः, सन् ।।२०।।

❖ ટીકામાં 'विधिकारितं' પછી 'सदेव' પાઠ છે. ત્યાં 'सद् अथ' પાઠ હોવો જોઈએ અને પંચવસ્તુ ગાથા-૧૧૨૯માં એ મુજબ 'सद् अथ' પાઠ છે.

ટીકાર્થ :-

નિષ્પાદ્ય ..... સન્ ।। પરિણત ઉદકાદિ ગ્રહણરૂપ=પરિમિત જળ વાપરવું ઈત્યાદિ રૂપ યતના વડે, સુંદર જિનભવન=જિનાયતન, બનાવીને, ત્યાં=જિનભવનમાં, વિધિપૂર્વક કરાવાયેલા એવા ભગવાનના બિંબને, હવે આગળ કહેવાશે તે વિધિ વડે, અસંભ્રાન્ત=અનાકૂળ, છતો પ્રતિષ્ઠાપિત કરે. ।।૨૦।।

❖ અહીં યતનાનો અર્થ કર્યો કે, પરિણત ઉદકાદિ ગ્રહણરૂપ યતના વડે, ત્યાં પરિમિત ઉદકાદિનું ગ્રહણ કરવાનું છે. જિનભવન બનાવવામાં ઉપયોગી એવું જેટલું જલ આવશ્યક હોય તેનાથી સહેજ પણ વધારે વ્યર્થ ન વપરાય એ પ્રકારની યતના વડે જિનભવન બનાવવાનું છે.

❖ પરિણતોદકાદિગ્રહણરૂપયા - અહીં 'આદિ' પદથી પાણીને ગાળવાનું અને ત્રસાદિ જીવોની હિંસાના પરિહારને ગ્રહણ કરવાનું છે.

ભાવાર્થ :-

જે જીવો શુદ્ધ સંયમના અર્થી છે છતાં શક્તિના અભાવને કારણે સંયમ ગ્રહણ કરી શકતા નથી, અને જિનભવનાદિ કરીને સંયમની વાંછા કરે છે, તેવા જીવો છકાયના વધમાં અત્યંત યતનાવાળા હોય છે અને આથી જ સંયમની અભિલાષાવાળા જીવો જિનભવન કરાવતી વખતે સમ્યગ્ યતનામાં પરાયણ હોય છે. અને જિનભવન તૈયાર થયા પછી તેમાં જિનેશ્વરનું વિધિકારિત એવું બિંબ, વક્ષ્યમાણ=આગળ કહેવાશે એવી વિધિ વડે, અનાકૂળ થઈને પ્રતિષ્ઠાપિત કરે અર્થાત્ બિંબને પ્રતિષ્ઠાપન કરતી વખતે ઘણી પ્રવૃત્તિઓથી ચિત્ત આકુળ ન રહે, પરંતુ તત્ત્વથી ભાવિત થઈને ભગવાનના સ્વરૂપથી ચિત્ત વાસિત રહે અને શાંત-શાંતતર ભાવને સ્પર્શતું રહે, એ રીતે બિંબની પ્રતિષ્ઠા કરે. **॥૨૦॥**

અવતરણિકા :-

વિધિકારિતમિત્યુક્તમ્, તમાહ –

અવતરણિકાર્થ :-

વિધિકારિત એ પ્રમાણે કહ્યું અર્થાત્ વિધિપૂર્વક કરાયેલા એવા ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કરે, એ પ્રમાણે કહ્યું. તેને=વિધિને, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"जिनबिम्बकारणविही काले संपूइऊण कत्तारं ।
विहवोचियमुल्लप्पणमणघस्स सुहेण भावेण" ।।२१।।

ગાથાર્થ :-

જિનભવન કરાવવાની વિધિ આ પ્રમાણે જાણવી - (શુભ) કાળે કર્તાને=જિનબિંબ બનાવનાર શિલ્પીને, પૂજીને અનઘને=પાપરહિત એવા શિલ્પીને, શુભભાવ વડે વિભવોચિત મૂલ્ય અર્પણ કરવું. ।।૨૧।।

ટીકા :-

जिनबिम्बकारणविधिरयं द्रष्टव्यो यदुत काले शुभे संपूज्य कर्त्तारं वासचन्दनादिभिर्विभवोचितमूल्यार्पणं सगौरवमस्यानघस्य अपापस्य शुभेन भावेन मनःप्रणिधानेन ।।२१।।

ટીકાર્થ :-

जिनबिम्बकारणविधिरयं ..... मनःप्रणिधानेन ।। જિનબિંબ કરાવવાની વિધિ આ=વક્ષ્યમાણ, જાણવી. જે કહે છે – શુભ કાળમાં વાસક્ષેપ-ચંદન વગેરેથી કર્તાને=જિનબિંબ બનાવનાર શિલ્પીને, પૂજીને ગૌરવસહિત, અનઘ=નિષ્પાપ એવા, આને=શિલ્પીને, મનના પ્રણિધાનરૂપ શુભભાવ વડે વિભવોચિત મૂલ્ય અર્પણ કરવું. ।।૨૧।।

❖ અહીં 'मनःप्रणिधानेन'નો અર્થ મનના શુભભાવ વડે એ પ્રમાણે કરવાનો છે, પરંતુ પ્રણિધાન આશય ગ્રહણ કરવાનો નથી.

ભાવાર્થ :-

પૂર્વે કહ્યું કે, યતના વડે જિનમંદિરનું નિર્માણ કર્યા પછી જિનભવનમાં વિધિ વડે કરાવેલ એવા જિનબિંબને વક્ષ્યમાણ વિધિ વડે પ્રતિષ્ઠાપન કરે. તે વક્ષ્યમાણ વિધિ અહીં બતાવે છે – શુભ અવસરે બિંબ બનાવનાર શિલ્પીનું વાસક્ષેપ-ચંદનાદિ વડે પૂજન કરવું. પછી જો તે શિલ્પી વ્યસન વગરનો હોય તો પોતાના વિભવને અનુસારે મનના શુભભાવપૂર્વક તેને ઉચિત મૂલ્ય અર્પણ કરવું.

અહીં શુભભાવથી અવ્યસની એવા શિલ્પીની પૂજા કરવાનું કહ્યું, તેનાથી એ કહેવું છે કે, શિલ્પી એ ભગવાનની પ્રતિમા ઘડનાર છે, માટે પ્રતિમા ઘડનાર શિલ્પી અને ભગવાની પ્રતિમાનો કથંચિત્ અભેદ ઉપચાર કરીને શિલ્પીનો અત્યંત આદર કરવાનો છે. અને મનમાં પ્રણિધાન=શુભભાવ, કરવાનો છે કે, લોકોત્તમ પુરુષની આ પ્રતિમા ઘડનાર છે, તેથી હું મારી શક્તિ પ્રમાણે શિલ્પીનો જે આદર-સત્કાર કરું છું, તે સર્વ આદર-સત્કાર પરમાર્થથી ભગવાનમાં જ વિશ્રાંત થાય છે. માટે શિલ્પીનો હું એ રીતે આદર-સત્કાર કરું, કે જેથી તેને પણ ભગવાનના શાસનનું બહુમાન થાય અને પોતાની શક્તિના પ્રકર્ષથી ભગવાનની મૂર્તિનું સુંદર નિર્માણ કરે. **॥૨૧॥**

અવતરણિકા :-

अपवादमाह –

અવતરણિકાર્થ :-

અપવાદને કહે છે=જિનબિંબ બનાવનાર શિલ્પીને મૂલ્ય અર્પણ કરવામાં અપવાદને કહે છે –

ગાથા :-

"तारिसस्साभावे तस्सेव हियत्थमुज्जओ नवरं ।
णियमेइ बिंबमोल्लं जहोचियं कालमासज्ज" ।।२२।।

ગાથાર્થ :-

તેવા પ્રકારના શિલ્પીના અભાવમાં અર્થાત્ અનઘ=પાપરહિત એવા કર્તાના અભાવમાં, કેવલ તેના જ=જિનબિંબ કરનાર શિલ્પીના જ, હિત માટે ઉદ્યત એવો (શ્રાવક), યથોચિત કાળને આશ્રયીને બિંબના મૂલ્યને=બિંબ તૈયાર કરાવવાના મૂલ્યને, ફક્ત શિલ્પી સાથે નક્કી કરે. ।।૨૨।।

ટીકા :-

तादृशस्यानघस्य कर्त्तुरभावे तस्यैव कर्तुर्हितार्थमुद्यतोऽनर्थपरिजिहीर्षया नवरं नियमयति सङ्ख्यादिना बिम्बमूल्यं द्रम्मादि यथोचितं कालमाश्रित्य ।।२२।।

ટીકાર્થ :-

तादृशस्यानघस्य ..... कालमाश्रित्य ।। તેવા પ્રકારના અનઘ=નિષ્પાપ એવા કર્તાના=જિનબિંબ ઘડનાર શિલ્પીના અભાવમાં તે જ કર્તાના=વ્યસનયુક્ત તે જ કર્તાના, હિત માટે ઉદ્યત એવો શ્રાવક, કાળને આશ્રયીને યથોચિત સંખ્યાદિ વડે દ્રમ્માદિરૂપ બિંબના મૂલ્યને, ફક્ત અનર્થના ત્યાગની ઇચ્છાથી શિલ્પી સાથે નક્કી કરે. ।।૨૨।।

ભાવાર્થ :-

વ્યસની શિલ્પીને બિંબને ઉચિત મૂલ્ય કરતાં અધિક મૂલ્ય આપવાથી તેનું અહિત થાય છે; કેમ કે જિનમંદિરનું નિર્માણ કરનાર શ્રાવક જોકે પોતાના દ્રવ્યથી જિનમંદિરનું નિર્માણ કરે છે, તોપણ જિનમંદિરના નિર્માણ માટે તે શ્રાવકે ધન કલ્પેલું છે, માટે તે કલ્પિત દેવદ્રવ્ય છે; અને તે દ્રવ્ય વ્યસની શિલ્પીને તેણે કરેલા કાર્યથી અધિક આપવાથી દેવદ્રવ્યના ભક્ષણનું પાપ વ્યસની શિલ્પીને લાગે છે. તેથી તેને દુર્ગતિના પરિભ્રમણરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે. માટે તે શિલ્પીનું અહિત ન થાય તેવા શુભાશયથી જિનમંદિરનું નિર્માણ કરનાર શ્રાવકો વ્યસની શિલ્પીને તેના કાર્યને અનુરૂપ ઉચિત મૂલ્ય આપે છે, પરંતુ સ્વવિભવાનુસાર ઉચિત મૂલ્ય આપતા નથી.

અહીં પ્રશ્ન થાય કે, વ્યસની શિલ્પીને અધિક મૂલ્ય આપવાથી દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગે, તો જે શિલ્પી વ્યસની નથી, તેને તેના કાર્યને ઉચિત મૂલ્ય આપવાનું ન કહેતાં સ્વ-વૈભવને અનુરૂપ મૂલ્ય આપવાનું કહ્યું, તો નિર્વ્યસની શિલ્પીને પણ કલ્પિત દેવદ્રવ્યના ભક્ષણનું પાપ ન લાગે ? તેનું સમાધાન એ છે કે, નિર્વ્યસની શિલ્પી પ્રાયઃ કરીને બીજાધાન થવા માટે યોગ્ય હોય છે. તેથી સ્વ-વિભવને ઉચિત મૂલ્ય આપવાથી તેને થાય છે કે, આ ભગવાનના શાસનનો ધર્મ કેવો વિવેકવાળો છે, કે જેથી ભગવાનની ભક્તિમાં તેઓ ધનની કોઈ ગણતરી કરતા નથી ! અને આ રીતે ગુણનો પક્ષપાત થાય તો શિલ્પીને પણ બીજાધાનની પ્રાપ્તિ થાય. માટે જે બીજાધાનનું કારણ હોય તેવા સ્થાનમાં કલ્પિત દેવદ્રવ્યના ભક્ષણના દોષની પ્રાપ્તિ નથી.

જેમ વીર ભગવાને બ્રાહ્મણના બીજાધાનનું કારણ જાણી પોતાનું વસ્ત્ર તેને આપ્યું, તો તે અધિકરણ બન્યું નહિ, અને તેવું કોઈ કારણ ન હોય અને સાધુ પોતાનું વસ્ત્ર ગૃહસ્થને આપે તો તે અધિકરણ બને.

આનાથી એ ફલિત થાય છે કે, યોગ્ય જીવોને બીજાધાનાદિની પ્રાપ્તિ થાય તે જ જિનમંદિર નિર્માણનો મુખ્ય આશય છે, અને બીજાધાનાદિનું કારણ નિર્દોષ શિલ્પીને અધિક મૂલ્ય આપવાથી થતું હોય, તો તે વપરાયેલું ધન ઉચિત સ્થાને વપરાયેલું છે. તેથી તે લેનારને પણ કલ્પિત દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગતો નથી. **॥૨૨॥**

❖ પંચાશક-૮ની ગાથા-૮/૯/૧૦ના આધારે આ વિશેષાર્થ લખેલ છે.

અવતરણિકા :-

જિનબિંબ તૈયાર થયા પછી જિનભવનમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરવાની વિધિ બતાવે છે –

ગાથા :-

"णिप्फन्नस्स य सम्मं तस्स पइट्ठावणे विहि एसो ।
सट्ठाणे सुहजोगे अहिवासणमुचियपूयाए" ।।२३।।

ગાથાર્થ :-

સમ્યગ્ નિષ્પન્ન થયેલ એવા=શુભભાવની વૃદ્ધિથી તૈયાર થયેલ એવા, તેની=જિનબિંબની, આ= વક્ષ્યમાણ લક્ષણ, વિધિ જાણવી. (તે વિધિ આ પ્રમાણે –)

સ્વસ્થાનમાં શુભયોગ હોતે છતે ઉચિત પૂજા વડે અભિવાસના કરાય છે. ॥૨૩॥

ટીકા :-

निष्पन्नस्य च सम्यक् शुभभाववृद्धया तस्य प्रतिष्ठापनविधिरेष वक्ष्यमाणलक्षणः स्वस्थाने यत्र तद् भविष्यति शुभयोगे कालमधिकृत्याभिवासना क्रियते उचितपूजया विभवानुसारतः ।।२३।।

ટીકાર્થ :-

निष्पन्नस्य ..... विभवानुसारतः ।। સમ્યગ્ નિષ્પન્ન થયેલ એવા=શુભભાવની વૃદ્ધિથી તૈયાર થયેલ એવા, તેની=જિનબિંબની, પ્રતિષ્ઠાપનવિધિ આ=વક્ષ્યમાણ લક્ષણ, જાણવી સ્વસ્થાનમાં-જ્યાં તે થશે અર્થાત્ બિરાજમાન થશે (ત્યાં) કાળને આશ્રયીને શુભયોગ હોતે છતે વિભવને અનુસારે ઉચિત પૂજા વડે અભિવાસના કરાય છે. ॥૨૩॥

ગાથા :-

"चिइवंदण थुइवुड्ढी उस्सग्गो साहु सासणसुरीए ।
थयसरण पुय काले ठवणा मंगलपुव्वा तु" ।।२४।। दारगाहा ।।

ગાથાર્થ :-

ચૈત્યવંદના, સ્તુતિવૃદ્ધિ, શાસનદેવતાનો સાધુ=અસંમૂઢ=સંમોહરહિત કાયોત્સર્ગ, સ્તવસ્મરણ=

चतुर्विंशति स्तवनुं स्मरण, जिनबिंबनी पूजा, उचित काळे मंगलपूर्वक=नमस्कारपूर्वक, स्थापना (करवी.). ।।२४।।

टीका :-

चैत्यवन्दना, सम्यक् स्तुतिवृद्धिः तत्र, कायोत्सर्गः साधुरित्यसम्मूढः, शासनदेवतायाः, श्रुतदेवतायाश्च, स्मरणं चतुर्विंशतिस्तवस्य, पूजेति जातिपुष्पादिना, स्थापना उचितसमये, मङ्गलपूर्वा= नमस्कारपूर्वा ।।२४।।

टीकार्थ :-

चैत्यवन्दना, ... नमस्कारपूर्वा ।। त्यां=जिनालयमां, चैत्यवंदना, सम्यक् स्तुतिवृद्धि, शासनदेवता अने श्रुतदेवतानो साधु कायोत्सर्ग=असंमूढ=संमोहरहित कायोत्सर्ग, चतुर्विंशति स्तवनुं स्मरण, पूजा=जातिपुष्पादि वडे पूजा, उचित समये मंगलपूर्वक=नमस्कारपूर्वक (जिनबिंबनी) स्थापना (करवी.) ।।२४।।

गाथा :-

"सत्तीए संघपुआ विसेसपुआउ बहुगुणा एसा ।
जं एस सुए भणिओ तित्थयराणंतरो संघो" ।।२५।।

गाथार्थ :-

शक्ति वडे संघपूजा करवी. विशेष पूजाथी आ=संघपूजा, बहु गुणवाळी छे. जे कारणथी श्रुतमां= आगममां, तीर्थंकर छे अनंतर जेने एवो संघ छे. (एथी करीने आ=संघ (महान) छे.) ।।२५।।

टीका :-

शक्त्या सङ्घपूजा विभवोचितया, विशेषपूजाया दिगादिगतायाः सकाशात् बहुगुणा एषा सङ्घपूजा विषयमहत्त्वात्, व्यापकविषयत्वादित्यर्थः । व्याप्याद् व्यापकस्य महत्त्वे उपपत्तिमाह- यद्=यस्माद्, भणित आगमे तीर्थकरानन्तरः सङ्घ इत्यतो महानेष इति ।।२५।।

टीकार्थ :-

शक्त्या ..... इति ।। विभवने उचित एवी शक्ति वडे संघपूजा करवी. दिगादिगत् विशेषपूजाथी= धर्माचार्यादिगत विशेषपूजाथी, आ=संघपूजा, बहु गुणवाळी छे; केम के विषयनुं महानपणुं छे अर्थात् व्यापक विषयपणुं छे. व्याप्यथी व्यापकना महानपणामां उपपत्ति=युक्ति, कहे छे – जे कारणथी आगममां तीर्थंकर अनंतर संघ कहेल छे, एथी करीने आ=संघ, महान छे. ।।२५।।

❖ અહીં 'तीर्थकरानन्तरः'નો સમાસ આ રીતે ખોલવો - तीर्थकरोऽनन्तरो यस्मात्स तथा=જેના પછી=સંઘ પછી, તીર્થંકર છે, તે=સંઘ, તથા=તેવો=તીર્થંકર અનન્તર છે. તેથી સંઘ મહાન છે; કેમ કે સંઘપૂર્વક જ તીર્થંકરનું તીર્થંકરપણું છે.

ભાવાર્થ :-

શ્રાવક જિનમંદિરમાં જિનબિંબની સ્થાપના કર્યા પછી પોતાના વિભવને ઉચિત શક્તિથી સંઘની પૂજા કરે, આ સંઘની પૂજા ધર્માચાર્યાદિની વિશેષ પૂજાથી=પ્રતિષ્ઠા કર્યા પછી પ્રતિષ્ઠાકારક આચાર્યાદિની જે વિશેષ પૂજા થાય છે તેના કરતાં, ઘણા ગુણવાળી છે.

આશય એ છે કે, પ્રતિષ્ઠા કર્યા પછી પ્રતિષ્ઠા કરાવનાર જે આચાર્ય છે, તેમની વિશેષ પ્રકારે પૂજા કરવામાં આવે છે, અને તે પૂજા કરતાં પણ સંઘની પૂજા બહુ ગુણવાળી છે આ પ્રકારે શ્રાવક જાણે છે, તેથી પોતાની શક્તિને ગોપવ્યા વગર સ્વશક્તિ અનુસારે સંઘપૂજા કરે છે.

આ=સંઘપૂજા, આચાર્યાદિની પૂજા કરતાં અધિક ગુણવાળી કેમ છે ? તેમાં યુક્તિ આપી કે, વ્યાપક વિષયપણું છે. તેનો આશય એ છે કે, આચાર્યાદિમાં અમુક ગુણો છે જ્યારે ચતુર્વિધ સંઘ તો તીર્થંકર સમાન છે, કે અપેક્ષાએ તીર્થંકરને પણ પૂજ્ય છે, તેથી તીર્થંકર કરતાં પણ મહાન છે. તેથી ધર્માચાર્યાદિ કરતાં સંઘનું વિશેષ મહત્ત્વ છે; કેમ કે સર્વ ગુણોનો આધાર ચતુર્વિધ સંઘ છે. માટે ધર્માચાર્યાદિની પૂજા કરતાં સંઘની પૂજા ઘણા ગુણવાળી છે.

અહીં ચતુર્વિધ સંઘથી ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ચારેયનું ગ્રહણ થાય છે, અને શ્રાવક-શ્રાવિકા અંતર્ગત સમ્યગ્દૃષ્ટિનું પણ ગ્રહણ થાય છે. તેથી ભગવાનના વચનાનુસાર ચાલનારા ચૌદ રાજલોક અંતર્ગત દેવતાઓ, નારકીઓ અને મનુષ્યલોકમાં વર્તતા સર્વ શ્રાવક-શ્રાવિકાઓનું ગ્રહણ થાય છે, અને દેશવિરતિધર કે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચોનું પણ ગ્રહણ થાય છે. અને આ બધા સંઘની પૂજા તે સંઘપૂજા છે. તોપણ પ્રતિષ્ઠાકાળમાં જિનમંદિર કરાવનાર શ્રાવક સંઘના એક દેશની પૂજા કરે છે; કેમ કે આ સર્વ સંઘના બધા જીવોની પૂજા શક્ય નથી. આમ છતાં સંઘના એક દેશની પૂજા કરીને હું સંઘની પૂજા કરું છું, એવી બુદ્ધિ થાય છે. અને વિવેકસંપન્ન શ્રાવક જાણે છે કે, આ સર્વ સંસારવર્તી ગુણી જીવો ચતુર્વિધ સંઘમાં છે, તેથી તે સર્વની હું પૂજા કરું છું તેવો અધ્યવસાય તે કરે છે. માટે સંઘવર્તી સર્વ જીવોમાં રહેલ ગુણોનું બહુમાન વિવેકસંપન્ન શ્રાવકને સંઘના એક દેશની પૂજાકાળમાં પણ થાય છે. જ્યારે ધર્માચાર્યની પૂજા કરતી વખતે એટલી જ બુદ્ધિ હોય છે કે, પ્રસ્તુત ધર્માચાર્યની હું પૂજા કરું છું, જ્યારે સંઘની પૂજા કરતી વખતે સંઘવર્તી તમામ જીવોની હું પૂજા કરું છું, તેવી બુદ્ધિ હોય છે, તેથી ધર્માચાર્યની પૂજા કરતી વખતે જે નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે, તેના કરતાં સંઘની પૂજા કરતી વખતે મહાન નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૨૫॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ=તીર્થંકર અનંતર સંઘ છે એને જ, કહે છે –

ગાથા :-

"गुणसमुदाओ संघो पवयणतित्थं ति होइ एगट्ठा ।
तित्थयरो वि य एअं णमइ गुरुभावओ चेव" ।।२६।।

ગાથાર્થ :-

ગુણનો સમુદાય સંઘ, પ્રવચન, તીર્થ એ એકાર્થક શબ્દો છે. તીર્થંકર પણ ગુરુભાવ હોવાને કારણે જ આને=સંઘને, નમસ્કાર કરે છે. ।।૨૬।।

ટીકા :-

गुणसमुदायः सङ्घोऽनेकप्राणिस्थसम्यग्दर्शनाद्यात्मकत्वात्, प्रवचनं तीर्थम् इति भवन्त्येकार्थिकाः एवमादयोऽस्य शब्दा इति । तीर्थकरोऽपि चैनं=सङ्घं, तीर्थसंज्ञितं, नमति धर्मकथादौ गुरुभावत एव, 'नमस्तीर्थाय' इति वचनादेतदेवमिति ।।२६।।

ટીકાર્થ :-

गुणसमुदायः ..... एव, ગુણનો સમુદાય સંઘ છે; કેમ કે અનેક પ્રાણીઓમાં=જીવોમાં રહેલા સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ સંઘ છે. પ્રવચન, તીર્થ એ પ્રકારે એકાર્થક શબ્દો છે અર્થાત્ પ્રવચન, તીર્થ ઇત્યાદિ આના=સંઘના, એકાર્થક શબ્દો છે અને તીર્થંકર પણ આને=તીર્થસંજ્ઞાવાળા સંઘને, ગુરુભાવ હોવાને કારણે જ ધર્મકથાદિમાં નમસ્કાર કરે છે.

અહીં પ્રશ્ન થાય કે, તીર્થંકર તો પૂર્ણ ગુણવાળા છે, તેથી તીર્થંકરથી સંઘમાં ગુરુભાવ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

'नमस्तीर्थाय' ..... एवमिति ।। 'नमस्तीर्थाय'="તીર્થને નમસ્કાર કરું છું !" એ પ્રકારનું વચન હોવાને કારણે આ આમ જ છે=તીર્થંકર કરતાં સંઘમાં ગુરુભાવ છે, એ એમ જ છે. ।।૨૬।।

ભાવાર્થ :-

ધર્મકથાદિ કરતાં પૂર્વે તીર્થંકર પણ 'નમસ્તીર્થાય' બોલે છે. એનાથી નક્કી થાય છે કે, તીર્થંકર પણ સંઘને નમસ્કાર કરે છે, માટે સંઘ મહાન છે.

અહીં પ્રવચન, સંઘ અને તીર્થ - એ ત્રણેને એકાર્થવાચી કહ્યા, તેનો આશય એ છે કે, તીર્થંકરો તીર્થને નમસ્કાર કરે છે અને તીર્થ એ ચતુર્વિધ સંઘની સ્થાપનારૂપ છે, તેથી તીર્થ અને ચતુર્વિધ સંઘ એક જ વસ્તુ છે.

અહીં તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, એનો અર્થ એ છે કે, ચતુર્વિધ સંઘમાં પ્રવચનની પ્રાપ્તિ થાય છે. પ્રકૃષ્ટ એવાં સર્વજ્ઞનાં વચનો ચતુર્વિધ સંઘવર્તી જીવોમાં પરિણમન પામે છે, તેથી સંઘવર્તી જીવોમાં વર્તતું પ્રવચન અને સંઘવર્તી જીવો એ બેનો અભેદ કરીને પ્રવચનને સંઘ કહેલ છે.

અહીં પ્રવચનની પરિણતિ એટલે ભગવાનના વચનથી જીવોમાં વર્તતી સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ આદિ ભાવોની પરિણતિ ગ્રહણ કરવાની છે. ॥૨૬॥

અવતરણિકા :-

અત્રૈવોપપત્ત્યન્તરમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=તીર્થંકરને સંઘ નમનીય છે એમાં જ, ઉપપત્ત્યન્તર=અન્ય યુક્તિ, કહે છે –

ગાથા :-

"तप्पुव्विया अरहया, पुइअपुआ य वियणकम्मं च ।
कयकिच्चो वि जह कहं कहेइ णमए तहा तित्थं" ।।२७।।

ગાથાર્થ :-

તત્પૂર્વક=તીર્થપૂર્વક, તીર્થંકરપણું છે; પૂજિત પૂજા=ભગવાન વડે પૂજિતની પૂજા અને વિનય કર્મ કરાયેલ થાય છે. કૃતકૃત્ય પણ (તે ભગવાન) જે પ્રકારે કથા=ધર્મદેશના કહે છે, તે પ્રકારે તીર્થને નમે છે. ।।૨૭।।

ટીકા :-

तत्पूर्विकाऽर्हत्ता तदुक्तानुष्ठानफलत्वात्, पूजितपूजा चेति, भगवता पूजितस्य पूजा भवति, पूजितपूजकत्वाल्लोकस्य, विनयकर्म च कृतज्ञताधर्मगर्भं कृतं भवति, यद्वा किमन्येन ? कृतकृत्योऽपि स भगवान् यथा कथां कथयति धर्मसम्बद्धाम्, तथा नमति तीर्थम्, तीर्थकरनामकर्मोदयादेवौचित्य-प्रवृत्तेरिति ।।२७।।

ટીકાર્થ :-

तत्पूर्विकाऽर्हत्ता ..... प्रवृत्तेरिति ।। तत्पूर्वक=तीर्थपूर्वक, तीर्थंकरपણું છે; કેમ કે તેમાં કહેલ=પ્રવચનમાં કહેલ, અનુષ્ઠાનનું ફળપણું છે=અનુષ્ઠાનના ફળરૂપે તીર્થંકરપણું છે. અને પૂજિતની પૂજા થાય છે=ભગવાન વડે પૂજિત એવા સંઘની (લોક દ્વારા) પૂજા થાય છે; કેમ કે લોકનું પૂજિતપૂજકપણું છે અર્થાત્ લોક પૂજિતનો પૂજક છે. અને કૃતજ્ઞતા ધર્મ છે ગર્ભમાં જેને એવું વિનયકર્મ કરાયેલ થાય છે.

અથવા

અન્ય કથન વડે શું ? કૃતકૃત્ય પણ તે ભગવાન જે પ્રકારે ધર્મસંબદ્ધ કથા=ધર્મકથા કરે છે, તે પ્રકારે તીર્થને નમસ્કાર કરે છે; કેમ કે તીર્થંકરનામકર્મના ઉદયથી જ ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ છે. ॥૨૭॥

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથા-૨૭માં ભગવાન તીર્થને નમસ્કાર કેમ કરે છે, તેમાં ત્રણ હેતુ આપેલ છે. તે આ રીતે –

(૧) તીર્થપૂર્વક અરિહંતપણું છે, તેથી ભગવાન તીર્થને નમસ્કાર કરે છે.

આશય એ છે કે, પૂર્વના તીર્થંકરો દ્વારા તીર્થની સ્થાપના કર્યા પછી તીર્થમાં કહેલા અનુષ્ઠાનના સેવનથી જ પછીના તીર્થંકરો થાય છે. તેથી જે શાશ્વત તીર્થના પ્રભાવથી પોતે તીર્થંકર થયા છે, તે તીર્થને તીર્થંકર પણ નમસ્કાર કરે છે.

(૨) ભગવાન વડે પૂજિત એવા સંઘની પૂજા લોકો દ્વારા થાય છે; કેમ કે લોક પોતાનાથી પૂજિત એવા ભગવાનથી પૂજાયેલા સંઘને જોઈને સંઘની પૂજા કરે છે. માટે લોકોમાં સંઘની પૂજા પ્રવર્તે અને તેના બળથી લોકો કલ્યાણને પામે માટે તીર્થંકર પણ તીર્થને નમસ્કાર કરે છે.

(૩) કૃતજ્ઞતા ધર્મ છે ગર્ભમાં જેને એવું વિનયકર્મ કરાયેલ થાય છે.

આશય એ છે કે, ભગવાન તીર્થના પ્રભાવથી તીર્થંકર થયા છે, તેથી કૃતજ્ઞતા ભાવથી પોતે તીર્થને નમસ્કાર કરે છે. અને ભગવાન તીર્થને નમસ્કાર કરે છે, તે જોઈને લોકોને પણ થાય છે કે, ભગવાન જેવા ભગવાન વીતરાગ થયા પછી પણ કૃતજ્ઞતા અર્થે તીર્થને=સંઘને નમસ્કાર કરે છે, માટે ધર્મની પ્રાપ્તિ કૃતજ્ઞતા ગર્ભમાં છે જેને એવા વિનયથી જ થઈ શકે છે. તેથી લોકોને તેવો બોધ કરાવવા અર્થે ભગવાન તીર્થને નમસ્કાર કરે છે.

ઉપરમાં બતાવ્યું તે ત્રણ કારણોથી ભગવાન તીર્થને નમસ્કાર કરે છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે, જેમને નમસ્કાર કરવાનો છે તેમનામાં રહેલા ગુણો પોતાનામાં પ્રગટ થાય તે નમસ્કાર કરવાનું પ્રયોજન છે. ભગવાનમાં પૂર્ણ ગુણો પ્રગટ થયા છે, તેથી ભગવાનને તીર્થને નમસ્કાર કરવાનું કોઈ પ્રયોજન નથી. તેથી કહે છે -

ભગવાન કૃતકૃત્ય હોવા છતાં પણ તીર્થંકરનામકર્મના ઉદયથી ઉચિત પ્રવૃત્તિ હોવાને કારણે જે રીતે ધર્મદેશના આપે છે, તે રીતે ઉચિત પ્રવૃત્તિ હોવાને કારણે તીર્થને નમસ્કાર કરે છે.

આશય એ છે કે, ભગવાન કૃતકૃત્ય છે, તેથી તેમને ધર્મદેશના આપવાનું કોઈ પ્રયોજન નથી. આમ છતાં, તીર્થંકરનામકર્મના ઉદયથી તીર્થંકરો ઉચિત પ્રવૃત્તિ કરે છે, અને તે ઉચિત પ્રવૃત્તિરૂપે લોકોના ઉપકાર માટે જેમ ધર્મદેશના આપે છે, તે જ રીતે ઉચિત પ્રવૃત્તિરૂપે તીર્થને પણ નમસ્કાર કરે છે. **॥૨૭॥**

ગાથા :-

"एयम्मि पुईअंमि णत्थि तयं जं न पुइअं होइ ।
भुवणे वि पुअणिज्जं ण गुणत्थाणं तओ अण्णं" ।।२८।।

ગાથાર્થ :-

આ પૂજાયે છતે=સંઘ પૂજાયે છતે, તેવું કાંઈ નથી કે જે પૂજિત=પૂજાયેલ, ન થાય. ભુવનમાં પણ, તેનાથી=સંઘથી, અન્ય કોઈ પૂજનીય ગુણનું સ્થાન નથી. ॥૨૮॥

ટીકા :-

एतस्मिन् पूजिते नास्ति तद् यत् पूजितं न भवति, भुवनेऽपि पूज्यं नास्त्यन्यत्ततः गुण-स्थानम् ॥२८॥

ટીકાર્થ :-

एतस्मिन् ..... गुणस्थानम् ।। આ પૂજાયે છતે=સંઘ પૂજાયે છતે, તેવું કાંઈ નથી કે જે પૂજાયેલું ન હોય, ભુવનમાં પણ તેનાથી=સંઘથી, અન્ય કોઈ પૂજ્ય ગુણનું સ્થાન નથી. ॥૨૮॥

ભાવાર્થ :-

ચતુર્વિધ સંઘની પૂજા કરાયે છતે ભગવાનના વચનાનુસાર ચાલનારા સંસારવર્તી તમામ જીવોની પૂજા થઈ જાય છે. એટલું જ નહિ પણ ચતુર્વિધ સંઘના ફળરૂપ સિદ્ધ ભગવંતોની પણ પૂજા થઈ જાય છે. તેથી જ કહે છે કે, સંઘની પૂજા કરાયે છતે તેવું કાંઈ નથી કે જે પૂજાયેલ ન હોય=આ ચતુર્વિધ સંઘની પૂજા કર્યા પછી તેનાથી અન્ય એવી કોઈ વસ્તુ નથી કે જે પૂજા કરવા યોગ્યમાં બાકી રહે. તેથી જ ધર્માચાર્યની કે કોઈ અન્યની પૂજા કરતાં ચતુર્વિધ સંઘની પૂજા મહાન છે. **॥૨૮॥**

અવતરણિકા :-

અહીં પ્રશ્ન થાય કે, સંઘની પૂજા કરનાર પણ સંઘના એક દેશની જ પૂજા કરી શકે છે, સંપૂર્ણ સંઘની પૂજા કરી શકતો નથી; કેમ કે સંઘનું સકલ લોકમાં આશ્રયપણું છે. તેથી પૂર્વે ગાથા-૨૮માં કહ્યું તે પ્રમાણે સર્વ ગુણવાન જીવોની પૂજા સંઘના એક દેશની પૂજાથી કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

ગાથા :-

"तत्पूआपरिणामो हंदि महाविसयमो मुणेयव्वो ।
तदेसपुयओ वि हु देवयपुआइणाएणं" ।।२९।।

ગાથાર્થ :-

તેની=સંઘની, પૂજાનો પરિણામ મહાવિષયવાળો જ જાણવો. સંઘના દેશમાં પૂજા કરવા છતાં પણ દેવતા પૂજાદિ દૃષ્ટાંત વડે (સંપૂર્ણ સંઘ પૂજાયેલો થાય છે.) ॥૨૯॥

❖ ગાથામાં 'हंदि' શબ્દ છે તે ઉપપ્રદર્શન અર્થક છે.

❖ महाविसयमो=महाविषयो - અહીં પ્રાકૃત શૈલીથી 'म'કાર છે.

ટીકા :-

तत्पूजापरिणामः=सङ्घपूजापरिणामः, 'हंदि' महाविषय एव मन्तव्यः सङ्घस्य महत्त्वात्, तद्देशे पूजयतोऽपि एकत्वेन सर्वपूजाऽभावे देवतापूजादिज्ञातेन=देवतादेशपादादिपूजोदाहरणेन, देशगतक्रियायामपि देशिपरिणामवद् व्यक्तिगतक्रियायां सामान्यविषयकप्रत्यासत्तिविशेषात् सामान्यावच्छादितयावद्व्यक्तिविषयको परिणामो महान् न दुरुपपाद इति निष्कर्षः ।।२९।।

❖ देवतादेशपादादि - અહીં 'पादादि'માં 'आदि' પદથી ભગવાનની કરાતી નવ અંગની પૂજામાંથી પાદને છોડીને બાકીનાં આઠ અંગોનું ગ્રહણ છે.

ટીકાર્થ :-

तत्पूजापरिणामः ..... महत्त्वात्, તેની પૂજાનો પરિણામ=સંઘની પૂજાનો પરિણામ, મહાવિષયવાળો જ જાણવો; કેમ કે સંઘનું મહાનપણું છે.

સંઘનું મહાનપણું કઈ રીતે છે, તે યુક્તિથી બતાવે છે –

तद्देशे ..... निष्कर्षः ।। તેના એક દેશનો આખા સંઘ સાથે એકત્વપરિણામ હોવાને કારણે સર્વની પૂજાનો અભાવ હોવા છતાં=આખા સંઘની પૂજાનો અભાવ હોવા છતાં, તેના=સંઘના દેશમાં પૂજન કરનારનો પણ વ્યક્તિગત ક્રિયામાં=આખા સંઘના દેશરૂપ અમુક સંઘરૂપ વ્યક્તિગત પૂજાની ક્રિયામાં, સામાન્યવિષયક પ્રત્યાસત્તિવિશેષથી=સંઘત્વરૂપ સંબંધવિશેષથી, સામાન્યથી અવચ્છાદિત=સંઘત્વરૂપ સામાન્યથી અવચ્છાદિત, યાવત્ વ્યક્તિવિષયક=આખા સંઘની તમામ વ્યક્તિવિષયક, પૂજાનો મહાન પરિણામ ન દુરુપપાદઃ=કહી શકાય એવો નથી એમ નહિ અર્થાત્ કહી શકાય એવો છે. તેમાં દૃષ્ટાંત કહે છે –

દેવતાપૂજાદિ દૃષ્ટાંતથી=દેવતાના દેશરૂપ ચરણ આદિની પૂજાના ઉદાહરણ દ્વારા દેશગત ક્રિયામાં પણ=ચરણાદિરૂપ દેશની પૂજાની ક્રિયામાં પણ, દેશિના પરિણામની જેમ=દેવતારૂપ દેશિના પૂજાના પરિણામની જેમ સંઘના દેશરૂપ અમુક સંઘની પૂજામાં પણ આખા સંઘની પૂજાનો મહાન પરિણામ દુરુપપાદ નથી, એ પ્રમાણે નિષ્કર્ષ છે=મહાવિષયવાળો સંઘની પૂજાનો પરિણામ છે, એમ પૂર્વે કહ્યું તેનું તાત્પર્ય છે. ।।૨૯।।

ભાવાર્થ :-

જેમ ભગવાનની પૂજા ભગવાનના સમગ્ર બિંબ ઉપર થતી નથી, આમ છતાં નવ અંગે પૂજા કરનારને આખા ભગવાનની પૂજા કરી છે તેવો અધ્યવસાય થાય છે; તેમ કોઈ ગૃહસ્થ પોતે જે નગરમાં રહેતો હોય ત્યાંના સંઘની પૂજા કરે છે ત્યારે, તે ચતુર્વિધ સંઘ ત્રણ લોકમાં રહેલા સંઘનો જ એક દેશ છે, તેથી વિવેકી ગૃહસ્થને મેં આખા સંઘની પૂજા કરી છે તેમ ઉપસ્થિત થાય છે. અને કોઈ ગૃહસ્થ ભગવાનના નવ અંગને બદલે ફક્ત ચરણાદિરૂપ એક દેશમાં પૂજા કરે ત્યારે તેને મેં આજે આખા ભગવાનની પૂજા કરી નથી, પરંતુ

ભગવાનના એક અંગની પૂજા કરી છે, તેવો અધ્યવસાય થાય છે, તે રીતે કોઈ એક સાધર્મિકની પૂજા કરી હોય ત્યારે મેં આખા સંઘની પૂજા કરી નથી, પરંતુ સંઘના એક દેશની પૂજા કરી છે; તેવો અધ્યવસાય થાય છે.

વળી, આખા સંઘથી ત્રણે લોક અંતરવર્તી ચતુર્વિધ સંઘનું ગ્રહણ થાય છે, તેમાં સમ્યગ્દૃષ્ટિ દેવો તેમજ મહાવિદેહ ક્ષેત્રવર્તી સંઘનું પણ ગ્રહણ થાય છે. તેથી સંઘની પૂજા મહાન છે. **॥૨૯॥**

અવતરણિકા :-

વિધિશેષમાહ –

અવતરણિકાર્થ :-

જિનબિંબની પૂજા અંગે શેષ વિધિને કહે છે –

ગાથા :-

"तत्तो य पइदिणं सो करिज्ज पूअं जिणिंदठवणाए ।
विभवाणुसारं गुरुइं काले णिययं विहाणेणं" ।।३०।।

ગાથાર્થ :-

ત્યાર પછી=બિંબની પ્રતિષ્ઠા કર્યા પછી, આ=શ્રાવક, પ્રતિદિન=દરરોજ, જિનેન્દ્રસ્થાપનાની=પ્રતિમાની, કાળે=ઉચિત કાળે, વિભવાનુસાર ગુર્વી, નિયત=ભોજનાદિની જેમ નિયત, વિધાન વડે=શુચિપણાદિથી, પૂજા કરે. ।।૩૦।।

ટીકા :-

ततः=प्रतिष्ठानन्तरं, प्रतिदिनम् असौ=श्रावकः, कुर्यात् पूजामभ्यर्चनरूपां जिनेन्द्रस्थापनायाः=प्रतिमायाः, इत्यर्थः, विभवानुसारगुर्वीमुचितवित्तत्यागेन काल उचित एव नियतां भोजनादिवद्विधानेन शुचित्वादिनेत्यर्थः ।।३०।।

ટીકાર્થ :-

ततः ..... शुचित्वादिनेत्यर्थः ।। ત્યાર પછી=પ્રતિષ્ઠા કર્યા પછી, પ્રતિદિન=દરરોજ, આ=શ્રાવક, જિનેન્દ્રસ્થાપનાની=પ્રતિમાની, અભ્યર્ચનારૂપ પૂજા કરે, એ પ્રમાણે અર્થ જાણવો.

પ્રતિમાની પૂજા કઈ રીતે કરે તે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે.

विभवानुसार ..... इत्यर्थः ।। ઉચિત વિત્તના=ધનના, ત્યાગપૂર્વક, વિભવાનુસાર ગુર્વી, ઉચિત જ કાળે વિધાન વડે=પવિત્રપણાદિરૂપ વિધિથી, ભોજનાદિની જેમ નિયતકાળે કરે, એ પ્રમાણે અર્થ જાણવો. ॥૩૦॥

ભાવાર્થ :-

પ્રતિષ્ઠા થયા પછી શ્રાવક ભગવાનની દરરોજ પૂજા કરે અને તે ભગવાનની પૂજા ઉચિત ધનના ત્યાગપૂર્વક વિભવાનુસાર ગુર્વી કરે.

આશય એ છે કે, માત્ર પૂજા કરવી તેવી વિધિ નથી, પરંતુ ભગવાનની ભક્તિ માટે સારામાં સારી સામગ્રી સ્વ-વિભવાનુસાર લાવીને કરવાની છે, પરંતુ પોતાની શક્તિને ઓળંગીને કરવાની નથી, જેથી પોતાને ક્લેશ ન થાય કે બીજાને પણ ક્લેશ ન થાય. અને પોતાની શક્તિને ગોપવ્યા વગર પોતાનો જે વૈભવ હોય તેને અનુરૂપ ધન ખર્ચીને મહાવૈભવપૂર્વક ભગવાનની પૂજા કરવાની છે અને આ પૂજા ઉચિતકાળે કરવાની છે. જેમ ભોજન પ્રતિદિન નિયત હોય છે, તેમ પ્રતિદિન નિયત ઉચિતકાળે પૂજા કરવાની છે. અને આ પૂજા પણ શુચિત્વાદિ વિધાનપૂર્વક કરવાની છે અર્થાત્ દેહનું શૌચ, પ્રણિધાનાદિ આશય દ્વારા ચિત્તનું શૌચ અને પોતાની સામગ્રીમાં અન્યની સામગ્રીનો પ્રવેશ ન થાય એ રીતે ભાવની શુદ્ધિપૂર્વક કરવાની છે. અન્ય કોઈ ગૃહસ્થે પોતાની સામગ્રી પૂજા માટે આપી હોય તો વિચારવાનું છે કે, 'तज्जं पुण्यं तस्य भवतु'=આ સામગ્રીથી જે હું પૂજન કરું છું, તેનાથી ઉત્પન્ન થયેલું ફળ તેને મળો, જેથી પોતાના વિત્તની શુદ્ધિપૂર્વક ભગવાનની ભક્તિ થાય. **॥૩૦॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ કહે છે=પ્રતિષ્ઠા પછી શ્રાવક વિધાન વડે જિનપૂજાને કરે, આને જ કહે છે –

ગાથા :-

"जिणपुआइ विहाणं सुइभूओ तीइए चेव उवउत्तो ।
अण्णंगमच्छिवंतो करेइ जं पवरवत्थूहिं" ।।३१।।

ગાથાર્થ :-

શુચિભૂત=પવિત્ર થયેલો, તેમાં જ=પૂજામાં જ, ઉપયુક્ત થયેલો, (પોતાના) અન્ય અંગને સ્પર્શ નહિ કરતો, પ્રવર વસ્તુ વડે=સુગંધિ પુષ્પાદિ વડે, જે કરે છે એ જિનપૂજાનું વિધાન=વિધિ છે. ॥૩૧॥

ટીકા :-

जिनपूजायाः विधानमेतत् शुचिभूतः सन् स्नानादिना तस्यां पूजायामुपयुक्तः प्रणिधानवा-नन्यदङ्गं शिरःप्रभृत्यस्पृशन्, करोति यत्प्रवरवस्तुभिः=सुगन्धिपुष्पादिभिः ।।३१।।

ટીકાર્થ :-

जिनपूजायाः ..... सुगन्धिपुष्पादिभिः ।। સ્નાનાદિ વડે પવિત્ર થયેલો શ્રાવક, તેમાં=પૂજામાં,

ઉપયુક્ત થયેલો=પ્રણિધાનવાળો, (પોતાના) અન્ય અંગને=મસ્તક વગેરેને, સ્પર્શ નહિ કરતો, પ્રવર વસ્તુ વડે=સુગંધિ પુષ્પાદિ વડે, જે (કૃત્ય) કરે છે, એ જિનપૂજાનું વિધાન=વિધિ, છે. ॥૩૧॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૩૦માં જિનબિંબની પ્રતિષ્ઠા કર્યા પછી શ્રાવક પ્રતિદિન ક્યારે પૂજા કરે ઇત્યાદિ બતાવ્યું. હવે તે પૂજાની વિધિને સ્પષ્ટ બતાવે છે –

શ્રાવક પૂજા કરતી વખતે સ્નાનાદિથી પવિત્ર થયેલો હોય અને પૂજામાં પ્રણિધાન વડે ઉપયોગવાળો હોય અર્થાત્ ભગવાનની ભક્તિ કરીને હું આ સંસારસાગરથી પાર પામું, એ પ્રકારના પ્રણિધાનવાળો હોય. તેથી જ સંસારસાગર પાર પામવાના ઉપાયભૂત ભગવાનના ગુણોમાં ચિત્તને યોજીને પૂજામાં યત્ન કરતો હોય અને પૂજાકાળમાં પોતાના શરીરનાં મસ્તકાદિ અંગોને સ્પર્શ ન થાય તે રીતે યત્ન કરતો હોય; કેમ કે જો શરીર વગેરે અંગોને પોતાના હાથનો સ્પર્શ થાય તો પોતાના શરીરનાં અશુદ્ધ પુદ્ગલો પોતાના હાથ ઉપર લાગે અને તે ભગવાનની પૂજાકાળમાં ભગવાનના દેહ ઉપર જાય તો ભગવાનની આશાતના થાય. તેથી આશાતનાનો પરિહાર કરવા માટે પોતાનો હાથ શરીરનાં અંગોને કે પોતાનાં વસ્ત્રોને લાગે નહિ તે જ રીતે શુદ્ધ થઈને ભગવાનની ભક્તિમાં યત્ન કરતો હોય, અને ભગવાનની ભક્તિ શ્રેષ્ઠ કોટિની સુગંધિ પુષ્પાદિ વસ્તુઓ વડે કરે કે જેથી ભાવોનો પ્રકર્ષ થાય. **॥૩૧॥**

અવતરણિકા :-

અત્રૈવ વિધિશેષમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=જિનબિંબપૂજાના વિધાનમાં જ, શેષ વિધિને કહે છે –

ગાથા :-

"સુહગન્ધધૂવપાણિયસવ્વોસહિમાઇએહિંતો ણ્હવણ ।
કુંકુમગાઇવિલેવણમઇસુરહિં મણહરં મલ્લં" ।।૩૨।।

ગાથાર્થ :-

સુગંધી ધૂપ, પાણી અને સર્વૌષધિ આદિ વડે ન્હવણ, કુંકુમાદિ વડે વિલેપન, (ત્યાર પછી) અતિ સુરભિ મનોહર માલ્ય=માળા (પહેરાવવી.) ॥૩૨॥

ટીકા :-

शुभगन्धधूपपानीयसर्वौषध्यादिभिस्तावत् स्नपनं प्रथममेव, भूयः कुङ्कुमादिविलेपनं, तदन्वति-सुरभिगन्धेन मनोहारिदर्शनेन च माल्यमिति ।।૩૨।।

ટીકાર્થ :-

શુભ ગંધવાળા ધૂપ વડે ધૂપિત એવા સર્વૌષધિયુક્ત પાણી વડે પ્રથમ જ સ્નપન=ન્હવણ=અભિષેક, વળી કુંકુમાદિથી વિલેપન, ત્યાર પછી ગન્ધ વડે સુરભિ અને દર્શન વડે મનોહારી માળા (પહેરાવવી.). ॥૩૨॥

ગાથા :-

"विविहनिवेअणमारत्तिगाइ धूवथयं वदणं विहिणा ।
जहसत्ति गीतवाइअणच्चणदाणाइयं चेव" ।।३३।।

ગાથાર્થ :-

વિવિધ નિવેદન=ચિત્ર નૈવેદ્ય, આરતી વગેરે ત્યાર પછી ધૂપ, સ્તવ, ત્યાર પછી વંદન તથા યથાશક્તિ ગીત, વાજિંત્ર, નૃત્ય અને દાનાદિ કરવું. ॥૩૩॥

❖ 'दानादि'માં 'आदि' શબ્દથી ઉચિત સ્મરણ કરવું.

ટીકા :-

विविधं निवेदनमिति-चित्रनैवेद्यम्, आरात्रिकादि तदनु धूपस्तथा स्तवस्तदनु वन्दनं विधिना विश्रब्धादिना तथा यथाशक्ति गीतवादित्रनर्त्तनदानादि चैवादिशब्दादुचितस्मरणमिति ।।३३।।

ટીકાર્થ :-

विविधं ..... स्मरणमिति ।। વિવિધ નિવેદન=ચિત્ર નૈવેદ્ય=જુદા જુદા પ્રકારનું નૈવેદ્ય (ધરવું), આરાત્રિકાદિ=આરતી વગેરે (ઉતારવી), ત્યાર પછી ધૂપ તથા સ્તવ, ત્યાર પછી શ્રદ્ધાદિપૂર્વક વિધિ વડે વંદન તથા યથાશક્તિ ગીત, વાજિંત્ર, નૃત્ય અને દાન વગેરે (કરવું.) 'दानादि'માં 'आदि' શબ્દથી ઉચિત સ્મરણનું ગ્રહણ કરવાનું છે. ॥૩૩॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૩૧માં બતાવ્યું કે, જિનબિંબની પ્રતિષ્ઠા થયા પછી શ્રાવક સુગંધી પુષ્પાદિ વડે ભગવાનની પૂજા કરે. એ જ કથનમાં અન્ય શું શું વસ્તુઓથી પૂજા કરે તે બતાવે છે –

શુભ ગંધવાળા ધૂપ વડે ધૂપિત એવા સર્વૌષધિયુક્ત પાણી વડે ભગવાનનો પ્રક્ષાલ કરે. ઉત્તમ દ્રવ્યને કારણે પ્રક્ષાલની ક્રિયામાં ભાવની વૃદ્ધિ થાય છે અને આ રીતે પ્રક્ષાલ કર્યા પછી કેસર વગેરે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનના દેહ ઉપર વિલેપન કરે અને અતિસુરભિ ગંધવાળી અને મનોહર દેખાય તેવી માળાઓથી ભગવાનની ભક્તિ કરે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, સુગંધ વગરનાં પુષ્પો કે ચીમળાયેલાં પુષ્પોથી=જે મનોહર દેખાય તેવાં ન હોય તેવાં પુષ્પોથી પૂજા કરાય નહિ. અને ભગવાનની અંગરચના વગેરે પણ 'जहा रेहइ तहा करेइ' - એ સૂત્રના અનુસારે ભગવાનની શોભાની વૃદ્ધિ થાય તે જ પ્રકારે કરે, પરંતુ યથા તથા પુષ્પોને ગોઠવીને

ભગવાનની અંગરચના કરે નહિ.

ભગવાનની અંગપૂજા કર્યા પછી ભગવાનની આગળ વિવિધ નૈવેદ્ય, આરતી વગેરે કરે, ત્યાર પછી ભગવાનનાં ગુણગાન કરે, ત્યાર પછી "આ જ ભગવાન મને સંસારસાગરથી તારનારા છે," એ પ્રકારની ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને ભગવાનની ભક્તિમાં ઉપયોગના યત્નાતિશયપૂર્વક વંદન કરે. અને આ રીતે ચૈત્યવંદન કર્યા પછી શક્તિ પ્રમાણે વિવિધ વાજિંત્ર, નૃત્ય અને દાનાદિ ક્રિયા કરે કે જે પોતે ભગવાનની ભક્તિ કરી છે, તેનાથી ઉત્પન્ન થયેલા હર્ષની અભિવ્યક્તિરૂપ છે.

અહીં 'દાનાદિ'માં 'આદિ' પદથી ઉચિતનું સ્મરણ ગ્રહણ કરવાનું છે.

આશય એ છે કે, પૂજા કરનાર શ્રાવક કે શ્રાવિકા પોતે ભગવાનની ભક્તિ કરીને અત્યંત ભાવિત ચિત્તવાળા થયેલ છે, તેથી ભગવાનના ગુણોનું સ્મરણ તેમને વારંવાર થયા કરે છે અને તે હર્ષના અતિરેકથી ભગવાનની આગળ નૃત્યાદિ કરે છે. અને પોતાને કોઈક ઉત્તમ ભક્તિનો પરિણામ થયો છે, તેના હર્ષરૂપે અનુકંપાદિ દાન કરે છે અને વારંવાર ભગવાનના ગુણોનું સ્મરણ કરે છે કે, આ જ ખરેખર મારા જીવનનું સાફલ્ય છે કે જે ઉત્તમ પુરુષની પૂજા કરીને મેં મારા આત્માને કૃતાર્થ કર્યો છે. આ રીતે અભિવ્યક્તિ કરવાથી પૂજાથી થયેલા ભાવોમાં અતિશયતા થાય છે અને તેનાથી મહાન નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે. **॥૩૨-૩૩॥**

ગાથા :-

"विहियाणुट्ठाणमिणं ति एवमेयं सया करिंताणं ।
होइ चरणस्स हेउ णो इहलोगादवेक्खाए" ।।३४।।

ગાથાર્થ :-

આ વિહિત અનુષ્ઠાન છે, એ પ્રકારે (ચિત્તમાં ધારણ કરીને) આ=ભગવાનની પૂજારૂપ અનુષ્ઠાન સદા=હંમેશાં, કરતા શ્રાવકને ચારિત્રનો હેતુ થાય છે, (પરંતુ) ઈહલોકાદિ અપેક્ષાએ કરતાને ચારિત્રનો હેતુ થતું નથી. ।।૩૪।।

ટીકા :-

विहितानुष्ठानमिदमित्येवं चेतस्याधाय सदा कुर्वतां चरणस्य हेतुरेतदेव नेहलोकाद्यपेक्षया, आदि शब्दात्कीर्त्यादिपरिग्रहः, यावज्जीवमाराधनाऽदृष्टविशेषे निर्जराविशेषे च हेतुरिति गर्भार्थः ।।३४।।

ટીકાર્થ :-

विहित ..... कीर्त्यादिपरिग्रहः, આ વિહિત અનુષ્ઠાન છે, એ પ્રકારે ચિત્તમાં ધારણ કરીને હંમેશાં પૂજા કરતા શ્રાવકને આ જ=ભગવાનની પૂજારૂપ અનુષ્ઠાન જ, ચરણનો=ચારિત્રનો હેતુ થાય છે, પરંતુ ઈહલોકાદિ અપેક્ષાએ કરનારને ચારિત્રનો હેતુ થતું નથી.

❖ ઇહલોકાદ્યપેક્ષયા - અહીં 'આદિ' શબ્દથી કીર્ત્યાદિનું ગ્રહણ કરવું.

પૂર્વમાં કહ્યું કે, આ અનુષ્ઠાન વિહિત છે, એ પ્રકારે ચિત્તમાં ધારણ કરીને સદા દ્રવ્યસ્તવ કરવાથી ચારિત્રનો હેતુ બને છે. એ જ વાત સ્પષ્ટ કરતાં કહે છે –

यावज्जीवं ..... गर्भार्थः ।। यावज्जीव=જીવનપર્યંત, કરેલી આરાધના અદૃષ્ટવિશેષમાં અને નિર્જરાવિશેષમાં હેતુ છે, એ પ્રકારે ગર્ભાર્થ=તાત્પર્યાર્થ, છે. ॥૩૪॥

ભાવાર્થ :-

ભગવાન વડે સર્વ અનુષ્ઠાનો મોક્ષ માટે વિહિત છે અને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય વીતરાગતા છે અને વીતરાગતા સંયમના પરિણામથી આવે છે, માટે સર્વ વિહિત અનુષ્ઠાનો ક્રમે કરીને ચારિત્રની પ્રાપ્તિ દ્વારા વીતરાગતામાં પર્યવસાન પામે છે, આ પ્રકારનો નિયમ છે.

જે શ્રાવકો આ અનુષ્ઠાન ભગવાન દ્વારા વિહિત છે, એ પ્રકારે ચિત્તમાં ધારણ કરે છે, તેમને એ બોધ હોય છે કે, ભગવાને કહેલા અનુષ્ઠાનનું આચરણ કરવાથી હું પણ ક્રમે કરીને અવશ્ય વીતરાગ બનીશ. અને વીતરાગ બનવાના લક્ષને સામે રાખીને શાસ્ત્રની વિધિને અનુરૂપ દ્રવ્યસ્તવ જ્યારે શ્રાવક સદા કરતો હોય, ત્યારે દ્રવ્યસ્તવ દ્વારા ચારિત્રમોહનીય કર્મને તોડે છે; કેમ કે દ્રવ્યસ્તવકાળમાં ભગવાનના ગુણોનું વધતું જતું આકર્ષણ જીવને વીતરાગતાની નજીક લઈ જાય છે. અને શ્રાવકની પરિણતિ કરતાં મુનિભાવ વીતરાગતાની વિશેષ નજીક છે, તેથી શ્રાવક ભગવાનની ભક્તિ કરીને મુનિભાવની નજીક થતો જાય છે. પરંતુ જે શ્રાવક ઈહલોકાદિની અપેક્ષાએ કે કીર્ત્યાદિની અપેક્ષાએ ભગવાનની પૂજા કરે છે, તે શ્રાવકની ભગવાનની પૂજા ચારિત્રનો હેતુ બનતી નથી.

અહીં 'કીર્ત્યાદિ'માં 'આદિ' પદથી એ ગ્રહણ કરવાનું છે કે, અનાભોગથી ભગવાનની પૂજા કરતો હોય તોપણ તે પૂજા ચારિત્રનો હેતુ બનતી નથી; અને અનાભોગ એ છે કે, ભગવાને આ અનુષ્ઠાન મોક્ષપ્રાપ્તિ માટે કહેલ છે, એવો જેને બોધ નથી, તેથી પૂજાકાળમાં ભગવાનના ગુણોને અવલંબીને પોતાના ગુણોને વિકસાવવા માટે જેઓ યત્ન કરતા નથી અને ફક્ત ભગવાનની પૂજાની બાહ્ય ક્રિયા કરીને સંતોષ માને છે, તેવી પૂજાની ક્રિયાને અનાભોગવાળી કહેલ છે.

વળી, ભગવાનથી વિહિત આ અનુષ્ઠાન છે, એ પ્રકારે બુદ્ધિ કરીને શ્રાવક જ્યારે ભગવાનની પૂજા કરે છે, ત્યારે તે સંયમનો હેતુ કઈ રીતે બને છે, તે બતાવે છે –

યાવજ્જીવ ભગવાનની પૂજાની આરાધના અદૃષ્ટવિશેષમાં અને નિર્જરાવિશેષમાં હેતુ છે.

આશય એ છે કે, ભગવાનની પૂજાથી પુણ્યાનુબંધીપુણ્યરૂપ અદૃષ્ટવિશેષ અને ચારિત્રમોહનીય કર્મની નિર્જરાવિશેષ પ્રાપ્ત થાય છે; કેમ કે ભગવાનની પૂજાકાળમાં ભગવાનના ગુણો પ્રત્યેનો વર્તતો રાગ ગુણપ્રાપ્તિના કારણીભૂત એવા પુણ્યાનુબંધીપુણ્યને પ્રાપ્ત કરાવે છે, અને ભગવાનના ગુણો પ્રત્યેના ખેંચાણથી જે જે અંશમાં પૂજાકાળમાં ભગવાનના ગુણોનો આભિમુખ્યભાવ વધે છે, તે તે અંશમાં તે તે

ગુણોના પ્રતિબંધક કર્મો તૂટે છે, તેથી ભગવાનની પૂજા ચારિત્રનો હેતુ બને છે. આથી જ ભગવાનની પૂજા કરનાર કોઈ જીવને આ ભવમાં જ ભાવથી સંયમની પ્રાપ્તિ થઈ શકે અને કદાચ વીર્યનો તેવો ઉત્કર્ષ ન થાય તોપણ જન્માંતરમાં સર્વવિરતિનું કારણ બને છે, જે ક્રમે કરીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત પામે છે. **॥૩૪॥**

ગાથા :-

"एवं चिय भावथए आणाराहणा उ रागो वि ।
जं पुण इय विवरीयं तं दव्वथओ वि णो होइ" ।।३५।।

ગાથાર્થ :-

આ જ વિધિથી (દ્રવ્યસ્તવ કરતાને) આજ્ઞાની આરાધનાથી ભાવસ્તવમાં રાગ પણ થાય છે. જે વળી આ રીતે=ગાથા-૩૪માં બતાવ્યું એ રીતે, વિપરીત છે, તે દ્રવ્યસ્તવ પણ નથી. ।।૩૫।।

❖ ગાથામાં 'इय' શબ્દ છે, તે 'एवं'ના અર્થમાં છે.

❖ आणाराहणा उ रागोवि - અહીં 'अपि'થી એ કહેવું છે કે, આજ્ઞાની આરાધનાના કારણે દ્રવ્યસ્તવમાં ભાવસ્તવની કારણતા તો છે, પણ ભાવસ્તવમાં રાગ પણ વર્તે છે.

ટીકા :-

एवमेव=अनेनैव विधिना, कुर्वतामेतद् भावस्तवे वक्ष्यमाणलक्षणे आज्ञाराधनात्कारणाद्रागोऽपि, तद्रागाच्च द्रव्यस्तवत्वं तच्छरीरघटकविशेषणसंपत्तेः, यत्पुनर्जिनभवनाद्येवं विपरीतं=यादृच्छिकं, तद् द्रव्यस्तवोऽपि न भवत्युत्सूत्रत्वात्, सूत्राज्ञाविशिष्टपूजात्वादिनैव भावस्तवहेतुत्वादिति तार्किकाः ।।३५।।

ટીકાર્થ :-

एवमेव ..... संपत्तेः, આ રીતે જ=આ જ વિધિ વડે, આ=દ્રવ્યસ્તવ, કરનારને આજ્ઞાની આરાધનાના કારણે વક્ષ્યમાણ લક્ષણ ભાવસ્તવમાં રાગ પણ થાય છે, અને તેના=ભાવસ્તવના, રાગથી દ્રવ્યસ્તવપણું છે; કેમ કે તચ્છરીરઘટક=દ્રવ્યસ્તવના શરીરઘટક, વિશેષણની સંપત્તિ છે=ભાવસ્તવના રાગરૂપ વિશેષણની સંપત્તિ=પ્રાપ્તિ, છે.

यत्पुनः ..... उत्सूत्रत्वात्, જે વળી જિનભવનાદિ આ રીતે=પૂર્વે ગાથા-૩૪માં બતાવ્યું કે ઈહલોકાદિ અપેક્ષાથી કરાય છે એ રીતે, વિપરીત=યાદૃચ્છિક છે, તે દ્રવ્યસ્તવ પણ નથી; કેમ કે ઉત્સૂત્રપણું છે.

આ કથનમાં તાર્કિકો યુક્તિ આપે છે તે કહે છે –

सूत्राज्ञा ..... तार्किकाः ।। (દ્રવ્યસ્તવનું) સૂત્રાજ્ઞાવિશિષ્ટ પૂજાત્વાદિરૂપે જ ભાવસ્તવનું હેતુપણું હોવાથી યાદૃચ્છિક આચરણા દ્રવ્યસ્તવ નથી, એ પ્રમાણે તાર્કિકો કહે છે. ॥૩૫॥

ભાવાર્થ :-

પૂર્વે બતાવેલી વિધિ વડે જે શ્રાવક દ્રવ્યસ્તવ કરે છે, તે શ્રાવકને આજ્ઞાનું આરાધન થાય છે, અને આજ્ઞાનું આરાધન થવાને કારણે દ્રવ્યસ્તવની આરાધનાના કાળમાં ભાવસ્તવના વિષયમાં રાગ પણ વર્તે છે.

આશય એ છે કે, જે શ્રાવકો ભગવાનની આજ્ઞા પ્રમાણે દ્રવ્યસ્તવમાં યત્ન કરી રહ્યા છે, તેઓ જાણે છે કે, ભગવાને ભાવસ્તવની પ્રાપ્તિ થાય તેના માટે દ્રવ્યસ્તવ કહેલ છે, તેથી ભાવસ્તવ પ્રત્યેના રાગપૂર્વક તેઓ દ્રવ્યસ્તવમાં યત્ન કરે છે; કેમ કે જો ભાવસ્તવનો રાગ ન હોય તો કરાયેલું દ્રવ્યસ્તવ વાસ્તવિક રીતે આજ્ઞાના આરાધનરૂપ નથી. તેથી સંયમ પ્રત્યેના પ્રતિબદ્ધ માનસવાળો શ્રાવક જ્યારે સંયમ માટે પોતાનું અસામર્થ્ય જુએ છે ત્યારે સંયમના ઉપાયરૂપે જ દ્રવ્યસ્તવમાં યત્ન કરે છે, અને તેઓને ભાવસ્તવનો રાગ હોવાને કારણે દ્રવ્યસ્તવનું જે શરીર તેના ઘટક એવા વિશેષણની તેને પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

દ્રવ્ય સામગ્રીથી ભાવસ્તવના રાગપૂર્વક કરાતી ભગવાનની ભક્તિ એ દ્રવ્યસ્તવનું શરીર છે અને તેનો એક ઘટક=એક અવયવ, ભાવસ્તવનો રાગ છે. તેથી ભાવસ્તવના રાગરૂપ વિશેષણની પ્રાપ્તિ ત્યારે જ થાય કે, જ્યારે શ્રાવક ભગવાનની પૂર્ણ આજ્ઞાપાલનના અભિલાષપૂર્વક દ્રવ્યસ્તવમાં યત્ન કરતો હોય. ભગવાનની પૂર્ણ આજ્ઞા મનુષ્યભવને પામીને પૂર્ણ રીતે સંયમયોગમાં યત્ન કરવાની છે, તેથી ભાવસ્તવનો રાગરૂપ અંશ વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવકની પૂજામાં છે, માટે જ તે દ્રવ્યસ્તવ કહેવાય છે. અને જે વળી જિનભવનાદિ આ રીતે વિપરીત છે=ગાથા-૩૪માં બતાવ્યું એ રીતે વિપરીત છે, તે દ્રવ્યસ્તવ નથી, પરંતુ ઉત્સૂત્રરૂપ છે.

આશય એ છે કે, જેઓ આલોકની આશંસાથી કે કીર્ત્યાદિની આશંસાથી કે પરલોકની આશંસાથી દ્રવ્યસ્તવ કરે છે અથવા તો ભગવાનની આજ્ઞાનો વિચાર કર્યા વગર, મારે ભગવાનની પૂજા કરવી છે એટલા માત્ર પરિણામથી ભગવાનની પૂજા કરે છે, તેઓનું દ્રવ્યસ્તવ આનાથી વિપરીત=યાદૃચ્છિક છે, માટે તે દ્રવ્યસ્તવ કહેવાય નહિ; કેમ કે તેઓનું કરેલું દ્રવ્યસ્તવ ભગવાનની આજ્ઞારૂપ નથી, પરંતુ ઉત્સૂત્રરૂપ છે. અને જે દ્રવ્યસ્તવ સૂત્રાજ્ઞાથી વિશિષ્ટ પૂજારૂપ છે, તે દ્રવ્યસ્તવ ભાવસ્તવનો હેતુ છે, માટે જ તેને દ્રવ્યસ્તવ કહેવાય છે. જ્યારે યાદૃચ્છિક કરાતું દ્રવ્યસ્તવ તે પરમાર્થથી દ્રવ્યસ્તવ નથી. એ પ્રમાણે તાર્કિકો કહે છે. **॥૩૫॥**

અવતરણિકા :-

અભ્યુપગમે દોષમાહ –

અવતરણિકાર્થ :-

અભ્યુપગમમાં દોષને કહે છે=આજ્ઞાથી નિરપેક્ષ એવું જે વીતરાગગામી પૂજાનું અનુષ્ઠાન છે તેને દ્રવ્યસ્તવરૂપે સ્વીકારવામાં દોષને કહે છે –

ગાથા :-

"भावे अइप्पसंगो आणाविवरीयमेव जं किंचि ।
इह चित्ताणुट्ठाणं तं दव्वथओ भवे सव्वं" ।।३६।।

ગાથાર્થ :-

(આજ્ઞાનિરપેક્ષ પૂજાઅનુષ્ઠાનમાં) ભાવ હોતે છતે=દ્રવ્યસ્તવનો સદ્ભાવ હોતે છતે, અતિપ્રસંગ છે. આજ્ઞાથી વિપરીત જ જે કાંઈ અહીં=લોકમાં, ચિત્રાનુષ્ઠાન છે, તે સર્વ દ્રવ્યસ્તવ થાય. (એ રૂપ અતિપ્રસંગ છે.) ।।૩૬।।

ટીકા :-

भावे=द्रव्यस्तवभावे च तस्यातिप्रसङ्गः=अतिव्याप्तिः, कथमित्याह-आज्ञाविपरीतमेव= आगमविरुद्धमेव, यत्किञ्चिद् इह=लोके, चित्रानुष्ठानं गृहकरणादि तत्सर्वं द्रव्यस्तवो भवेन्निमित्ता-विशेषादिति ।।३६।।

ટીકાર્થ :-

भावे ..... विशेषादिति ।। (આજ્ઞાનિરપેક્ષ પૂજામાં) દ્રવ્યસ્તવનો ભાવ હોતે છતે, તેનો=દ્રવ્યસ્તવના ભાવનો=સત્તાનો, અતિપ્રસંગ છે.

કેવી રીતે અતિપ્રસંગ છે ? એથી કરીને કહે છે –

આજ્ઞાવિપરીત જ=આગમવિરુદ્ધ જ, જે કાંઈ અહીં=લોકમાં, ગૃહકરણાદિ=ઘર બનાવવું વગેરે, ચિત્રાનુષ્ઠાન છે, તે સર્વ દ્રવ્યસ્તવ થાય; કેમ કે નિમિત્ત અવિશેષ છે=આજ્ઞાનિરપેક્ષ સ્વમતિથી પ્રવૃત્તિરૂપ નિમિત્ત પૂજામાં અને અન્ય અનુષ્ઠાનમાં સમાન છે. ।।૩૬।।

ભાવાર્થ :-

આજ્ઞાનિરપેક્ષ એવી ભગવાનની પૂજાના અનુષ્ઠાનને દ્રવ્યસ્તવરૂપ સ્વીકારવામાં અર્થાત્ આજ્ઞાનિરપેક્ષ એવા વીતરાગ પૂજાના અનુષ્ઠાનને દ્રવ્યસ્તવરૂપે સ્વીકારવામાં, અતિવ્યાપ્તિ દોષ છે. અને અતિવ્યાપ્તિ દોષ કેવી રીતે છે ? તે બતાવે છે –

આજ્ઞાવિરુદ્ધ જ જે કાંઈ આલોકમાં ગૃહકરણાદિરૂપ ચિત્ર અનુષ્ઠાન છે, તે સર્વ દ્રવ્યસ્તવ થાય; કેમ કે નિમિત્ત અવિશેષ છે.

આશય એ છે કે, આજ્ઞાનિરપેક્ષ વીતરાગની પૂજાનું અનુષ્ઠાન અને ગૃહકરણાદિ, એ બંનેનું નિમિત્ત સરખું છે અર્થાત્ ગૃહકરણાદિનું નિમિત્ત જેમ ઈહલોકાદિની આશંસા છે, તેમ પ્રસ્તુત દ્રવ્યસ્તવરૂપ અનુષ્ઠાનનું નિમિત્ત પણ ભાવસ્તવનો રાગ નથી, પરંતુ ઈહલોકાદિની આશંસા છે. તે રૂપ નિમિત્ત ભગવાનની પૂજામાં અને ઘર બનાવવા વગેરેમાં સમાન છે, તેથી ગૃહકરણાદિને પણ દ્રવ્યસ્તવ માનવાનો અતિપ્રસંગ આવશે. **॥૩૬॥**

અવતરણિકા :-

व्यावर्त्तकमाशङ्क्याह –

અવતરણિકાર્થ :-

વ્યાવર્ત્તકની આશંકા કરીને કહે છે –

ગૃહકરણાદિ અનુષ્ઠાન કરતાં વીતરાગવિષયક સૂત્રાદિનિરપેક્ષ અનુષ્ઠાનમાં વ્યાવર્ત્તકની આશંકા કરીને કહે છે અર્થાત્ ગૃહકરણાદિ દ્રવ્યસ્તવ ન બને તેવો વ્યાવર્ત્તક છે, તેવી આશંકા કરીને કહે છે –

ગાથા :-

"जं वीयरागगामि अह तं नणु सिट्ठणादि वि स एवं ।
सिय उचियमेव जं तं आणाराहणा एवं" ।।३७।।

ગાથાર્થ :-

'अह'થી પૂર્વપક્ષી કહે છે કે, જે વીતરાગગામી અનુષ્ઠાન છે, તે દ્રવ્યસ્તવ છે.

પૂર્વપક્ષીના આ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

एवं=આ પ્રમાણે વ્યાવર્ત્તક સ્વીકારો તો વીતરાગગામી શિષ્ટનાદિ પણ=આક્રોશનાદિ પણ, તે= દ્રવ્યસ્તવ, થાય.

અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, ઉચિત જ વીતરાગગામી જે છે તે દ્રવ્યસ્તવ થાય. તો ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રમાણે આજ્ઞાની આરાધના (ઉચિત) થાય. ।।૩૭।।

❖ ગાથામાં કહેલ 'નણુ' શબ્દ અક્ષમામાં છે=સહન ન થાય તેવું કથન છે, એ અર્થમાં છે.

ટીકા :-

यद्वीतरागगाम्यनुष्ठानं तद् द्रव्यस्तवोऽथेति चेत् ? अत्राह-'ननु' इति 'अक्षमायाम्' शिष्टनाद्यपि=आक्रोशनाद्यपि, वीतरागगाम्येवं सः=द्रव्यस्तवः, स्यात्, तस्मादुचितमेव वीतरागगामि यत् तद् द्रव्यस्तवः, इत्थमुक्तौ दोषाभाव इति चेत् ? एवमाज्ञाराधनाऽवश्यं वक्तव्या, प्राप्ताज्ञाशुद्ध-स्यैवोचितत्वादिति भावः ।

एवं चाज्ञाशुद्धं वीतरागगामि भावस्तवहेतुरनुष्ठानं द्रव्यस्तव इति निर्व्यूढम्, तत्र भावस्तवेऽति-व्याप्तिवारणाय विशेष्यम्, अत्र विशेषणद्वयं भावस्तवहेतुतावच्छेदकपरिचायकमिति भावस्तव-हेतुत्वमेव लक्षणं सिध्यति ।।३७।।

ટીકાર્થ :-

'अथ'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે,

यद्वीतरागगामि ..... उचितत्वादिति भावः ।। જે વીતરાગગામી અનુષ્ઠાન છે, તે દ્રવ્યસ્તવ છે.

अत्राह – અહીંયાં=પૂર્વપક્ષીએ કહ્યું એ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે – एवं=આ પ્રમાણે=જે વીતરાગગામી અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે એ પ્રમાણે વ્યાવર્ત્તક સ્વીકારો તો, वीतरागगामी शिष्टनादि पण=આક્રોશાદિ પણ, તે=દ્રવ્યસ્તવ થાય. તેથી ઉચિત જ વીતરાગગામી જે છે તે દ્રવ્યસ્તવ છે, એ પ્રકારે વચનમાં દોષાભાવ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે, એ પ્રમાણે=ઉચિત જ વીતરાગગામી દ્રવ્યસ્તવ થાય એ પ્રમાણે, આજ્ઞાનું આરાધન દ્રવ્યસ્તવના નિયામક તરીકે અવશ્ય કહેવું જોઈએ; કેમ કે પ્રાપ્ત આજ્ઞાશુદ્ધનું જ ઉચિતપણું છે, એ પ્રમાણે ભાવ છે.

❖ ગાથામાં કહેલ 'ननु' શબ્દ અક્ષમામાં છે=પૂર્વપક્ષીનું કથન સહન ન થાય એ અર્થમાં છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૩૫માં કહ્યું કે, આજ્ઞાથી વિપરીત ભગવાનની ભક્તિનું અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ પણ ન થાય અને ગાથા-૩૬માં કહ્યું કે, આજ્ઞાથી વિપરીત ભગવાનની ભક્તિનું અનુષ્ઠાન દ્રવ્યસ્તવ તરીકે સ્વીકારો તો આજ્ઞાવિપરીત જે કાંઈ ગૃહકરણાદિ ચિત્રાનુષ્ઠાન છે તે સર્વ દ્રવ્યસ્તવ થાય; કેમ કે બંનેમાં ઈહલોકાદિ આશંસારૂપ નિમિત્ત સમાન છે. આ પ્રમાણે ગૃહકરણાદિ ચિત્રઅનુષ્ઠાનને દ્રવ્યસ્તવ કહેવાનો અતિપ્રસંગ આવ્યો. તેથી પૂર્વપક્ષી કહે છે કે, અમે વ્યાવર્ત્તક વિશેષણ કહીશું, તેથી ગૃહકરણાદિ ચિત્ર અનુષ્ઠાનને દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ આવશે નહિ. અને તે આ રીતે –

"જે વીતરાગગામી અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે." આ પ્રમાણે 'વીતરાગગામી', વ્યાવર્ત્તક વિશેષણ સ્વીકારશું એ પ્રમાણે, ગૃહકરણાદિ વીતરાગગામી નથી તેથી ગૃહકરણાદિને દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ આવશે નહિ, પરંતુ જે વીતરાગગામી અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે. અહીં ગ્રંથકારશ્રી કહે છે, આ પ્રમાણે વ્યાવર્ત્તક વિશેષણ કહેવાથી વીતરાગવિષયક આક્રોશનાદિને પણ દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ આવશે.

અહીં પૂર્વપક્ષી કહે કે, અમે ઉચિત જ વીતરાગગામી જે અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે એમ કહીશું, તેથી આક્રોશનાદિને=ભગવાનની નિંદા કરનારા વચનને, દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ નહિ આવે; કેમ કે આક્રોશનાદિ વીતરાગગામી હોવા છતાં ઉચિત નથી.

પૂર્વપક્ષીના આ કથનનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે, આ રીતે=ઉચિત જ વીતરાગગામી જે અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે એ રીતે, આજ્ઞાની આરાધના અવશ્ય કહેવી જોઈએ; કેમ કે પ્રાપ્ત આજ્ઞા વડે શુદ્ધનું જ ઉચિતપણું છે.

આશય એ છે કે, પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, ભગવાનવિષયક આક્રોશનાદિની ક્રિયા એ અનુચિત પ્રવૃત્તિરૂપ છે તેથી દ્રવ્યસ્તવ થઈ શકે નહિ, જ્યારે આજ્ઞાથી નિરપેક્ષ પણ પુષ્પાદિ દ્વારા ભગવાનની પૂજાનું અનુષ્ઠાન એ દ્રવ્યસ્તવ થઈ શકે; કેમ કે આપાતથી જોતાં તેને ભગવાનવિષયક આક્રોશનાદિ અનુચિત ભાસે છે અને ભગવાનની પૂજા એ ઉચિત અનુષ્ઠાન ભાસે છે. પરંતુ વાસ્તવિક રીતે ભાવસ્તવના રાગ વગર ઈહલૌકિક આશંસા વગેરેથી કરાતું પૂજાનું અનુષ્ઠાન એ પણ ઉચિત અનુષ્ઠાન નથી; કેમ કે

જીવને નિયમા હિતકારી હોય તે જ ઉચિત અનુષ્ઠાન બની શકે અને જે અહિતકારી હોય તે ઉચિત અનુષ્ઠાન ન બને, પરંતુ અનુચિત અનુષ્ઠાન બને. માટે જેમ વીતરાગવિષયક આક્રોશનાદિ આપાતથી અનુચિત દેખાય છે અને ફળથી પણ ક્લિષ્ટ કર્મબંધનું કારણ હોવાથી અનુચિત છે; તે જ રીતે ઈહલોકાદિ આશંસાથી કરાતું વીતરાગગામી અનુષ્ઠાન, અતિસ્થૂલ દૃષ્ટિથી ઉચિત દેખાવા છતાં સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં અનુચિત જ છે; કેમ કે તુચ્છ એવા ઐહિક ફળના અર્થે ઉત્તમ એવી ભગવાનની ભક્તિને કરે છે, તેથી ભગવાનની ભક્તિ કરતાં પણ અતિતુચ્છ એવી ઈહલૌકિક સંપત્તિનું મહત્ત્વ અધિક છે, અને તે વીતરાગ પ્રત્યેના અનાદર સ્વરૂપ છે. તેથી આજ્ઞાની આરાધનાવાળું અનુષ્ઠાન જ ઉચિત છે. તેથી જ કહ્યું કે, પ્રાપ્ત થયેલી આજ્ઞા વડે શુદ્ધ એવા અનુષ્ઠાનનું જ ઉચિતપણું છે.

આશય એ છે કે, શાસ્ત્રમાં જે જે વિહિત અનુષ્ઠાનો છે, તે સર્વ અનુષ્ઠાનો કલ્યાણનાં કારણ છે, અને તે સર્વ અનુષ્ઠાનોમાં જેને જે આજ્ઞા પ્રાપ્ત હોય તે આજ્ઞા પ્રમાણે જ તે સર્વ અનુષ્ઠાનો કરાતાં હોય ત્યારે પ્રાપ્ત આજ્ઞાથી શુદ્ધ તે અનુષ્ઠાનો છે. અને પ્રાપ્ત આજ્ઞાથી શુદ્ધ થયેલું અનુષ્ઠાન જ તે અનુષ્ઠાનના ફળનું કારણ છે, પરંતુ મનસ્વી રીતે કરાતું તે અનુષ્ઠાન, અનુષ્ઠાનના ફળની પ્રાપ્તિ કરાવી શકે નહિ. તેથી પ્રાપ્તઆજ્ઞાશુદ્ધ અનુષ્ઠાનનું જ ઉચિતપણું હોવાથી આજ્ઞાની આરાધના ઉચિત અનુષ્ઠાન સ્વીકારવા માટે આવશ્યક છે, એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. જો આજ્ઞાની આરાધના ન હોય તો ભગવાનની પૂજારૂપ અનુષ્ઠાન દ્રવ્યસ્તવ બને નહિ, એ પ્રકારનું તાત્પર્ય છે.

પૂર્વે પ્રસ્તુત ગાથા-૩૭નો અર્થ કર્યો એનાથી દ્રવ્યસ્તવનું લક્ષણ શું ફલિત થાય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે –

ટીકાર્થ :-

एवं च ..... विशेष्यं, અને આ રીતે=આજ્ઞાપ્રાપ્ત આજ્ઞાશુદ્ધ અનુષ્ઠાન જ ઉચિત છે એ રીતે, આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી, ભાવસ્તવનો હેતુ એવું અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે, એ પ્રમાણે નિર્વ્યૂઢ=નિરાબાધ, લક્ષણ છે. ત્યાં=દ્રવ્યસ્તવનું આ પ્રકારે ઉપરોક્ત લક્ષણ કર્યું તેમાં, ભાવસ્તવમાં અતિવ્યાપ્તિના વારણ માટે વિશેષ્ય=ભાવસ્તવહેતુરૂપ વિશેષ્ય છે અર્થાત્ આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે, એ પ્રમાણે લક્ષણ કર્યું હોત તો ભાવસ્તવ પણ આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી છે, તેથી ભાવસ્તવ પણ દ્રવ્યસ્તવ બની જાય, તેથી ભાવસ્તવનો હેતુ એ પ્રકારનો વિશેષ્ય અંશ લક્ષણમાં મૂકેલ છે.

अत्र ..... सिध्यति ।। અહીંયાં=દ્રવ્યસ્તવના ઉપરોક્ત લક્ષણમાં, વિશેષણદ્વય=આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી એ રૂપ વિશેષણદ્વય, ભાવસ્તવહેતુતાવચ્છેદકના પરિચાયક છે અર્થાત્ ભાવસ્તવનો હેતુ દ્રવ્યસ્તવ છે, તેથી દ્રવ્યસ્તવમાં ભાવસ્તવની હેતુતા છે અને તે હેતુતાનો અવચ્છેદક દ્રવ્યસ્તવત્વ છે અને તે ભાવસ્તવહેતુતાવચ્છેદકના પરિચાયક વિશેષણો આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી છે. એથી કરીને=વિશેષણદ્વય વ્યાવર્તક નથી પરંતુ પરિચાયક છે એથી કરીને, ભાવસ્તવહેતુત્વ જ લક્ષણ સિદ્ધ થાય છે અર્થાત્ દ્રવ્યસ્તવનું લક્ષણ 'भावस्तवहेतुत्वम्' જ સિદ્ધ થાય છે. તેથી આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી હેતુતાવચ્છેદકના પરિચાયકમાત્ર છે, પરંતુ લક્ષણ પ્રવિષ્ટ નથી. ।।૩૭।।

ભાવાર્થ :-

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે, પ્રાપ્તઆજ્ઞાશુદ્ધ અનુષ્ઠાન ઉચિત અનુષ્ઠાન છે, તેથી જે શ્રાવક પોતાને પ્રાપ્ત થયેલી આજ્ઞા પ્રમાણે દ્રવ્યસ્તવ કરે તો તે અનુષ્ઠાન ઉચિત બને. અને પ્રાપ્તઆજ્ઞાશુદ્ધ ભગવાનની ભક્તિનું અનુષ્ઠાન જ દ્રવ્યસ્તવ છે અને એ દ્રવ્યસ્તવનું પૂર્વના કથનથી કેવું લક્ષણ પ્રાપ્ત થયું, તે સ્પષ્ટ કરતાં 'एवं च'થી કહે છે –

આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી અને ભાવસ્તવનું કારણ એવું જે અનુષ્ઠાન છે તે દ્રવ્યસ્તવ છે. ત્યાં આજ્ઞાશુદ્ધ વિશેષણથી એ બતાવ્યું કે, વીતરાગગામી અનુષ્ઠાન પણ પ્રાપ્ત આજ્ઞા પ્રમાણે ન હોય તો તે દ્રવ્યસ્તવ નથી, અને વીતરાગગામી વિશેષણ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, તે આજ્ઞાશુદ્ધ અનુષ્ઠાન પણ વીતરાગની ભક્તિવિષયક છે, અન્ય પ્રવૃત્તિ વિષયક નથી.

અહીં આજ્ઞાશુદ્ધ વિશેષણ ન કહે અને માત્ર વીતરાગગામી વિશેષણ કહે તો ભગવાનને કોઈ ગાળો આપતો હોય કે નિંદા કરતો હોય તો તે પણ વીતરાગવિષયક હોવાથી દ્રવ્યસ્તવ બની જાય, તેથી આજ્ઞાશુદ્ધ વિશેષણ આપવાથી વીતરાગગામી આક્રોશનાદિની વ્યાવૃત્તિ થાય છે અને સાથે સાથે અન્ય પણ આજ્ઞાનિરપેક્ષ કરાતા દ્રવ્યસ્તવની વ્યાવૃત્તિ થાય છે. અને આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી એવું પૂજાનું અનુષ્ઠાન અવશ્ય ભાવસ્તવનો હેતુ છે માટે તે દ્રવ્યસ્તવ છે; કેમ કે દ્રવ્ય શબ્દ કારણવાચી છે, તેથી જે ભાવનો હેતુ હોય તે દ્રવ્ય કહેવાય.

અહીં વાસ્તવિક લક્ષણ જે ભાવસ્તવનો હેતુ હોય તે દ્રવ્યસ્તવ છે એટલું જ છે, આમ છતાં ભાવસ્તવનું કારણ એવું દ્રવ્યસ્તવ આજ્ઞાશુદ્ધ છે અને વીતરાગગામી છે એ વિશેષણો પરિચાયક=સ્વરૂપ-ઉપરંજક છે, અને તે ભાવસ્તવના હેતુત્વને સ્પષ્ટ કરવા માટે કહેલ છે; કેમ કે જે આજ્ઞાશુદ્ધ ન હોય અને વીતરાગગામી= વીતરાગવિષયક, ન હોય તે ભાવસ્તવનો હેતુ બને નહિ. **॥૩૭॥**

અવતરણિકા :-

तत्राह –

અવતરણિકાર્થ :-

તેમાં=પૂર્વે ગાથા-૩૭માં દ્રવ્યસ્તવનું લક્ષણ કર્યું તેમાં કહે છે –

ભાવાર્થ :-

આશય એ છે કે, ગાથા-૩૪થી ૩૭માં સ્થાપન કર્યું એ પ્રમાણે એ પ્રાપ્ત થાય કે, આજ્ઞાનિરપેક્ષ કરાતું અનુષ્ઠાન સંસારની ગૃહકરણાદિ ક્રિયા તુલ્ય છે, પરંતુ દ્રવ્યસ્તવ નથી, અને જે ભગવાનની આજ્ઞાનુસાર કરાય છે તે દ્રવ્યસ્તવ છે. એ વિષયમાં કાંઈક અન્ય પણ કથન કરવું છે, તે બતાવવા માટે 'तत्राह'થી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"जं पुण एयविउत्तं एगंतेणेव भावसुण्णं ति ।
तं विसयम्मि वि ण तओ भावथयाहेउओ उचिओ" ।।३८।।

ગાથાર્થ :-

જે વળી અનુષ્ઠાન આનાથી=ઔચિત્યની અન્વેષણાદિથી શૂન્ય છે, તે અનુષ્ઠાન એકાંતથી જ ભાવશૂન્ય છે. એથી કરીને વીતરાગાદિ વિષયમાં પણ તકો=તે=દ્રવ્યસ્તવ, ઉચિત નથી; કેમ કે ભાવસ્તવનું અહેતુપણું છે. ।।૩૮।।

ટીકા :-

यत्पुनरनुष्ठानमेतद्वियुक्तम्=औचित्यान्वेषणादिशून्यं, तदनुष्ठानमेकान्तेनैव भावशून्यमिति विषयेऽपि वीतरागादौ न तको द्रव्यस्तवः, 'भावथयाहेउओ' त्ति धर्मपरकनिर्देशाद् भावस्तवाहेतुत्वादित्यर्थः, उचितो भावस्तवाङ्गम्, अप्रधानस्तु भवत्येव,

ટીકાર્થ :-

यत्पुनः ..... भवत्येव, જે વળી અનુષ્ઠાન આનાથી રહિત=ઔચિત્યની અન્વેષણાદિથી રહિત છે, તે અનુષ્ઠાન એકાંતથી જ ભાવશૂન્ય છે. એથી કરીને વીતરાગાદિ વિષયમાં પણ તે=દ્રવ્યસ્તવ, ભાવસ્તવનું અહેતુપણું હોવાથી ઉચિત નથી=ભાવસ્તવનું અંગ નથી, પરંતુ અપ્રધાનદ્રવ્યસ્તવ તો થાય જ છે.

❖ મૂળ ગાથા-૩૮ના ઉત્તરાર્ધમાં 'भावथयाहेउओ=भावस्तवाहेतोः'=એ ધર્મપરક નિર્દેશ હોવાથી=ભાવપરક કથન હોવાથી, 'भावस्तवाहेतोः'નો અર્થ 'भावस्तवाहेतुत्वात्' એ પ્રમાણે જાણવો.

❖ 'औचित्यान्वेषणादिशून्यं' - અહીં 'अन्वेषणादि'માં 'आदि' પદથી ઔચિત્યનો પક્ષપાત ગ્રહણ કરવાનો છે.

ભાવાર્થ :-

કોઈ ગૃહસ્થ-શ્રાવક વીતરાગાદિ વિષયમાં ઔચિત્યની અન્વેષણાદિથી શૂન્ય ભક્તિ કરતો હોય તો તે અનુષ્ઠાન ઉચિત નથી; કેમ કે ભાવસ્તવનો અહેતુ છે, તોપણ અપ્રધાનદ્રવ્યસ્તવ થાય જ છે.

આશય એ છે કે, 'દ્રવ્ય' શબ્દ કારણવાચી છે, તેથી દ્રવ્યસ્તવ કરવાથી તેનું કાર્ય ભાવસ્તવ ભવિષ્યમાં થાય તો તે દ્રવ્યસ્તવ કહેવાય.

જેમ કોઈ શ્રાવક "મારી ભૂમિકા પ્રમાણે મારે કયા પ્રકારના ઔચિત્યથી ભગવાનની ભક્તિ કરવી જોઈએ ?" તેનું અન્વેષણ કરે અને ત્યારપછી તે રીતે ઉચિત અનુષ્ઠાન કરવાની રુચિપૂર્વક ઉચિત રીતે ઉચિત અનુષ્ઠાન કરતો હોય, તો તે અનુષ્ઠાન ભાવયુક્ત છે, તેથી એકાંતે ભાવશૂન્ય નથી; અને જે અનુષ્ઠાનમાં આવું લેશ પણ ઔચિત્યનું અન્વેષણાદિ નથી, તે અનુષ્ઠાન એકાંતે ભાવશૂન્ય છે. આમ

ભગવાનની ભક્તિરૂપ અનુષ્ઠાન બે વિભાગમાં વિભક્ત થાય છે.

(૧) ઔચિત્યના અન્વેષણાદિથી શૂન્ય છે તે અનુષ્ઠાન એકાંતે ભાવશૂન્ય છે માટે અપ્રધાનદ્રવ્યસ્તવ છે, અને .

(૨) ઔચિત્યના અન્વેષણાદિથી યુક્ત છે તે અનુષ્ઠાન એકાંતે ભાવશૂન્ય નથી, પરંતુ કાંઈક ભાવયુક્ત છે તેથી પ્રધાનદ્રવ્યસ્તવ છે.

પ્રધાનદ્રવ્યસ્તવ એ ભાવસ્તવનું કારણ છે, અને અપ્રધાનદ્રવ્યસ્તવ એ બાહ્યથી પ્રધાનદ્રવ્યસ્તવ સદૃશ દેખાવા છતાં ભાવસ્તવનું કારણ નથી, માત્ર બાહ્ય સાદૃશ્યના કારણે તે અનુષ્ઠાનને દ્રવ્યસ્તવ કહેવામાં આવે છે.

ઉપરના કથનથી અનુમાનનો આકાર આ રીતે પ્રાપ્ત થાય છે – વીતરાગાદિવિષયક ઔચિત્યની અન્વેષણાદિથી શૂન્ય પૂજાની ક્રિયા (પક્ષ), ઉચિત નથી=ભાવસ્તવનું અંગ=કારણ નથી (સાધ્ય), કેમ કે ભાવસ્તવનો અહેતુ છે (હેતુ), આ પ્રકારના અનુમાનમાં શંકા કરતાં કહે છે કે, સાધ્ય ઉચિત નથી તેમાં ઉચિતનો અર્થ તમે ભાવસ્તવનું અંગ=કારણ, કર્યો, અને કહ્યું કે, ભાવસ્તવનું અંગ નથી અને ભાવસ્તવનો અહેતુ છે એ રૂપ હેતુમાં ભાવસ્તવનો હેતુ=અંગ, અર્થ થાય, તેથી હેતુરૂપે ભાવસ્તવનું અનંગ=અંગ નથી, એમ અર્થ થાય, તેથી આ અનુમાનમાં હેતુ અને સાધ્ય એક પ્રાપ્ત થાય છે માટે અનુમાન થઈ શકે નહિ. તેનું સમાધાન કરતાં કહે છે –

ટીકા :-

हेतुसाध्याविशेषपरिहारायाप्रधानव्यावृत्तद्रव्यस्तवत्वेन व्यपदेश्यो नेति साध्यं व्याख्येयम्, अत्र यद्यपि विशुद्धतत्तद्द्रव्यस्तवव्यक्तीनामाज्ञाविशिष्टानां वा न भावस्तवत्वावच्छिन्ने हेतुत्वं व्यभिचारादननुगमाच्च, नापि भावस्तवकारणत्वेन, घटकारणत्वेन दण्डादेरिवात्माश्रयात्, तथाप्यप्रधानव्यावृत्तेन द्रव्यस्तवत्वेनाखण्डोपाधिना तत्त्वं, गुडूच्यादीनां ज्वरहरणशक्त्येव शक्तिविशेषेणैव वा, विशेषणद्वयं तु परिचायकमुचिताप्रधानयोर्द्रव्यव्यवहारभेदस्तु द्रव्यशब्दस्य नानार्थत्वादिति युक्तं पश्यामः ।।३८।।

ટીકાર્થ :-

हेतुसाध्य ..... व्याख्यायेयम्, હેતુ અને સાધ્યના અવિશેષના=એકતાના, પરિહાર માટે અપ્રધાનથી વ્યાવૃત્ત=ભિન્ન, દ્રવ્યસ્તવત્વેન વ્યપદેશ્ય=કહેવા યોગ્ય નથી=અપ્રધાન દ્રવ્યસ્તવથી ભિન્ન એવા પ્રધાન દ્રવ્યસ્તવરૂપે કહેવા યોગ્ય નથી, એ પ્રમાણે સાધ્યનું વ્યાખ્યાન=કથન, કરવું.

ભાવાર્થ :-

પૂર્વે અનુમાન કર્યું કે, વીતરાગગામી એકાંતે ભાવશૂન્ય પૂજાનું અનુષ્ઠાન ઉચિત નથી; કેમ કે

ભાવસ્તવનો અહેતુ છે. ત્યાં, ઉચિત નથી એનો અર્થ કર્યો કે ભાવસ્તવનું અંગ નથી, અને ત્યાં અંગ શબ્દ ભાવસ્તવનો હેતુ=કારણ એ અર્થમાં વપરાયેલો છે. તેથી ઉચિત નથી એનો અર્થ ભાવસ્તવના હેતુરૂપ અંગ નથી, એ પ્રાપ્ત થાય છે. અને તેમ સ્વીકારીએ તો હેતુ અને સાધ્ય સમાન બની જાય છે; કેમ કે ભગવાનની પૂજા ભાવસ્તવના હેતુરૂપ અંગ નથી. તેમાં હેતુ भावस्तवाहेतुत्वात्=ભાવસ્તવનો અહેતુ છે, માટે હેતુ અને સાધ્ય એક બની જાય છે તેથી આ સ્થાનમાં જેમ સાધ્ય સિદ્ધ નથી તેમ હેતુ પણ સિદ્ધ નથી, તેવો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી આવું અનુમાન થઈ શકે નહિ. માટે હેતુ કરતાં સાધ્યને જુદો બતાવવા માટે ગ્રંથકારશ્રી સ્પષ્ટતા કરે છે કે, 'ઉચિત નથી' એ સાધ્યનો અર્થ અપ્રધાનથી ભિન્ન દ્રવ્યસ્તવરૂપે વ્યપદેશ્ય નથી=કહેવા યોગ્ય નથી, અને સાધ્યનો આવો અર્થ કરવાથી તેને સાધ્ય કરીને 'भावस्तवाहेतुत्वात्'ને હેતુ કહેવાથી હેતુ અને સાધ્ય જુદા પ્રાપ્ત થશે અને પ્રસ્તુત અનુમાન થઈ શકશે; કેમ કે એકાંતે ભાવશૂન્ય એવું દ્રવ્યસ્તવ ભાવસ્તવનો હેતુ નથી, એ શાસ્ત્રસિદ્ધ પદાર્થ છે. માટે 'भावस्तवाहेतुत्वात्' એ હેતુથી અપ્રધાનદ્રવ્યસ્તવરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે.

ટીકાર્થ :-

अत्र यद्यपि ..... अननुगमाच्च, અહીંયાં=ગાથા-૩૭ની ટીકામાં, દ્રવ્યસ્તવનું લક્ષણ કર્યું કે, આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી અને ભાવસ્તવનો હેતુ દ્રવ્યસ્તવ છે. એ પ્રકારના લક્ષણમાં, यद्यपि=જોકે, વિશુદ્ધ તે તે, દ્રવ્યસ્તવવ્યક્તિઓનું ભાવસ્તવાવચ્છિન્ન કાર્યમાં હેતુત્વ નથી; કેમ કે વ્યભિચાર છે, અથવા આજ્ઞાવિશિષ્ટ એવી દ્રવ્યસ્તવવ્યક્તિઓનું ભાવસ્તવાવચ્છિન્ન કાર્યમાં હેતુત્વ નથી; કેમ કે અનનુગમ છે.

અહીં કોઈ સમાધાન કરે કે, ભાવસ્તવકારણત્વેન આજ્ઞાવિશિષ્ટ સર્વ દ્રવ્યસ્તવનો અનુગમ થઈ જશે અર્થાત્ આજ્ઞાવિશિષ્ટ સર્વ દ્રવ્યસ્તવમાં ભાવસ્તવનું કારણપણું છે, અને તે રૂપ સર્વ દ્રવ્યસ્તવની ઉપસ્થિતિ કરી શકાશે, માટે કોઈ દોષ નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

नापि ..... આત્માશ્રયાત્, ભાવસ્તવકારણત્વેન પણ સર્વ દ્રવ્યસ્તવની ઉપસ્થિતિ કરી શકાશે નહિ; કેમ કે ઘટકારણત્વેન દંડાદિની જેમ આત્માશ્રય દોષ આવે છે.

ઉપરમાં કહ્યું એ રીતે, ઘટના કારણરૂપે દંડનો નિર્ણય કરવા માટે ઘટકારણત્વેન અનુગમ કરી શકાય નહિ, પરંતુ દંડત્વ જાતિથી જ=અનુગમ કરવો પડે. તે રીતે પ્રસ્તુતમાં ભાવસ્તવના કારણરૂપે દ્રવ્યસ્તવનો નિર્ણય કરવા માટે ભાવસ્તવકારણત્વેન અનુગમ કરી શકાતો નથી, અને દ્રવ્યસ્તવત્વ જાતિ વ્યભિચારી હોવાથી દ્રવ્યસ્તવત્વેન પણ અનુગમ થઈ શકતો નથી; કેમ કે દ્રવ્યસ્તવત્વ જાતિ અપ્રધાનદ્રવ્યસ્તવમાં પણ હોય છે, માત્ર આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં હોતી નથી, તેથી અનનુગમ દોષ ઊભો જ છે. તેના નિવારણ માટે 'तथापि'થી ગ્રંથકારશ્રી કહે છે –

तथापि ..... शक्तिविशेषणैव वा, તોપણ અપ્રધાનથી વ્યાવૃત્ત અખંડ ઉપાધિરૂપ દ્રવ્યસ્તવત્વેન તત્ત્વ=હેતુત્વ છે, અર્થાત્ ભાવસ્તવત્વાવચ્છિન્ન કાર્યમાં આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવનું અપ્રધાનથી વ્યાવૃત્ત=ભિન્ન, અખંડ ઉપાધિરૂપ દ્રવ્યસ્તવત્વેન હેતુપણું છે.

અથવા તો ગડૂચી આદિનું જ્વરહરણ શક્તિની જેમ શક્તિવિશેષથી જ ભાવસ્તવાવચ્છિન્ન કાર્યમાં આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવનું હેતુપણું છે.

❖ 'अखण्डोपाधिना' - અહીં અખંડ ઉપાધિ એટલે जातिभिन्नानिर्वचनीयो धर्मः अखण्डोपाधिः=જાતિથી ભિન્ન એવો જે અનિર્વચનીય=જેનું નિર્વચન થઈ ન શકે તેવો ધર્મ તે અખંડ ઉપાધિ છે.

विशेषणद्वयं तु परिचायकं - વળી વિશેષણદ્વય પરિચાયક છે=સ્વરૂપઉપરંજક અર્થાત્ 'भावस्तवहेतुत्वम्' જે દ્રવ્યસ્તવનું લક્ષણ ગાથા-૩૭માં કર્યું, ત્યાં આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી એ બે વિશેષણો સ્વરૂપનાં ઉપરંજક છે.

❖ દ્રવ્યસ્તવનું લક્ષણ 'आज्ञाशुद्धं वीतरागगामी भावस्तवहेतुत्वम्' છે એ લક્ષણમાં આજ્ઞાશુદ્ધં અને વીતરાગગામી એ બે વિશેષણો પરિચાયક=સ્વરૂપઉપરંજક=દ્રવ્યસ્તવના સ્વરૂપને બતાવનારાં છે, અને વાસ્તવિક લક્ષણ 'भावस्तवहेतुत्वम्' છે, અને ભાવસ્તવના હેતુત્વનો અનુગમ અપ્રધાનવ્યાવૃત્ત અખંડ ઉપાધિરૂપ દ્રવ્યસ્તવત્વથી થશે અથવા તો શક્તિવિશેષથી થશે.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યશબ્દ કારણવાચી છે, તેથી ભાવસ્તવનું કારણ હોય તેને જ દ્રવ્યસ્તવ કહેવું જોઈએ, તેના બદલે ભાવસ્તવનું કારણ નથી તેને પણ દ્રવ્યસ્તવ કેમ કહ્યું, એથી કહે છે –

उचिताप्रधानयोः ..... नानार्थत्वात्, વળી, ઉચિત અને અપ્રધાનમાં દ્રવ્યવ્યવહારનો ભેદ દ્રવ્યશબ્દનું નાનાર્થપણું હોવાને કારણે છે=દ્રવ્યશબ્દના જુદા જુદા અનેક અર્થ હોવાને કારણે છે. ॥૩૮॥

इति युक्तं पश्यामः ।। આ અમે યુક્ત જોઈએ છીએ.

❖ અહીં 'अत्र यद्यपि'થી 'नानार्थत्वात्', સુધીના કથનનો 'इति' શબ્દ પરામર્શક છે અને 'इति' શબ્દ एतद् અર્થક છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ગ્રંથકારશ્રીએ ગાથા-૩૭માં જે દ્રવ્યસ્તવનું લક્ષણ કર્યું એમાં, આ અમે યુક્ત જોઈએ છીએ.

अत्र यद्यपिથી युक्तं पश्यामः સુધીના કથનનો ભાવાર્થ :-

કોઈ પણ ભાવસ્તવ પ્રત્યે દ્રવ્યસ્તવ કારણ છે એમ માનીએ તો, 'भावस्तवत्वेन-द्रव्यस्तवत्वेन' કાર્ય-કારણભાવ માની શકાય; પરંતુ અશુદ્ધ દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ બનતું નથી, તેથી ભાવસ્તવમાત્ર પ્રત્યે દ્રવ્યસ્તવ કારણ છે, તેમ કહી શકાય નહિ. પરંતુ ભાવસ્તવ પ્રત્યે બાહ્ય-આચરણાથી વિશુદ્ધ એવા તે તે દ્રવ્યસ્તવને કારણ માની શકાય. તેથી એ પ્રાપ્ત થાય કે 'भावस्तवत्वेन-द्रव्यस्तवत्वेन' કાર્ય-કારણભાવ વિશુદ્ધ દ્રવ્યસ્તવને ગ્રહણ કરીને થાય છે, પરંતુ અશુદ્ધ દ્રવ્યસ્તવને ગ્રહણ કરીને 'भावस्तवत्वेन-द्रव्यस्तवत्वेन' કાર્ય-કારણભાવ થતો નથી.

અહીં વિશુદ્ધ દ્રવ્યસ્તવનું=બાહ્ય આચરણાથી વિશુદ્ધ દ્રવ્યસ્તવનું, ગ્રહણ છે, અને તે વિશુદ્ધ દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ છે, પરંતુ અશુદ્ધ દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ નથી; કેમ કે તે દેખાવમાત્રથી દ્રવ્યસ્તવ છે, પરમાર્થથી દ્રવ્યસ્તવ નથી, પરંતુ યથા તથા=જેમ તેમ, આચરણારૂપ ક્રિયા છે. આ રીતે 'भावस्तवत्वेन विशुद्धद्रव्यस्तवत्वेन' કાર્ય-કારણભાવ સ્વીકારીએ અને અશુદ્ધ દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ નથી તેમ

સ્વીકારીએ, તોપણ વ્યભિચાર પ્રાપ્ત થાય છે; કેમ કે વિશુદ્ધ તે તે દ્રવ્યસ્તવ અભવ્ય પણ કરી શકે છે. તે આ રીતે –

કોઈ અભવ્યાદિ અયોગ્ય જીવો પણ, આલોક કે પરલોકની આશંસાથી બાહ્યથી સર્વ ઉચિત ક્રિયા થાય તે રીતે દ્રવ્યસ્તવ કરતા હોય, તો તેઓનું દ્રવ્યસ્તવ બાહ્યથી વિશુદ્ધ ક્રિયારૂપ છે, આમ છતાં ભાવસ્તવનું કારણ તે વિશુદ્ધ દ્રવ્યસ્તવ બનતું નથી, માટે વ્યભિચાર દોષ પ્રાપ્ત થાય છે.

આ વ્યભિચાર દોષના નિવારણ માટે 'भावस्तवावच्छिन्न' કાર્ય પ્રત્યે આજ્ઞાવિશિષ્ટ એવા તે તે દ્રવ્યસ્તવને કારણ તરીકે સ્વીકારીએ તો વ્યભિચાર દોષ દૂર થાય, પરંતુ આજ્ઞાવિશિષ્ટ તે તે દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નથી, માટે અનનુગમ દોષ પ્રાપ્ત થાય છે.

સારાંશ :-

વિશુદ્ધ એવા દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ છે, પરંતુ આજ્ઞાવિશિષ્ટ એવા દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નથી કે જેથી भावस्तवावच्छिन्न કાર્ય પ્રત્યે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં રહેલી એવી કોઈ જાતિને ગ્રહણ કરીને કાર્ય-કારણભાવ થઈ શકે; કેમ કે વિશુદ્ધ દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ છે અને તેને ગ્રહણ કરીને ભાવસ્તવ પ્રત્યે કાર્ય-કારણભાવ સ્વીકારીએ તો અનુગમ થઈ શકે, પરંતુ તેમ સ્વીકારવા જતાં વ્યભિચાર દોષ પ્રાપ્ત થાય છે, અને તેના નિવારણ માટે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારવામાં આવે તો આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નહિ હોવાથી અનનુગમ દોષ પ્રાપ્ત થાય છે.

❖ અહીં વિશુદ્ધ દ્રવ્યસ્તવથી બાહ્ય આચરણાથી વિશુદ્ધ એવું દ્રવ્યસ્તવ ગ્રહણ કરવાનું છે અને આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવથી આશયથી શુદ્ધ એવું દ્રવ્યસ્તવ ગ્રહણ કરવાનું છે.

ઉપરમાં કહ્યું એ રીતે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નહિ હોવાથી 'भावस्तवावच्छिन्न' કાર્ય પ્રત્યે 'आज्ञाविशिष्टद्रव्यस्तवत्वेन' કાર્ય-કારણભાવનો અનુગમ થઈ શકતો નથી.

જેમ घटत्वेन-दण्डत्वेन કાર્ય-કારણભાવનો અનુગમ થાય છે, ત્યાં દંડમાં દંડત્વ જાતિ છે, તેથી ઘટના હેતુભૂત એવા દંડની દંડત્વેન ઉપસ્થિતિ થઈ શકે છે. તે રીતે ભાવસ્તવના કારણીભૂત એવાં આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવરૂપ જે અનુષ્ઠાન છે, તેમાં કોઈ અનુગત જાતિ નથી, અને દ્રવ્યસ્તવત્વરૂપ જે જાતિ છે તે આજ્ઞારહિત દ્રવ્યસ્તવમાં પણ રહે છે, તેથી જેમ ઘટત્વેન-દંડત્વેન કાર્ય-કારણભાવ કહી શકાય છે, તેમ ભાવસ્તવત્વેન-દ્રવ્યસ્તવત્વેન કાર્ય-કારણભાવ કહી શકાતો નથી.

અહીં કોઈ કહે કે, અમે ભાવસ્તવકારણત્વેન આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવત્વનો અનુગમ કરીશું, તો ગ્રંથકારશ્રી કહે છે કે, ત્યાં આત્માશ્રય દોષ આવશે. તે આ રીતે –

જેમ ઘટકારણત્વેન ઘટનાં કારણોને ઘટ પ્રત્યે કારણરૂપે ગ્રહણ કરીએ તો આત્માશ્રય દોષ આવે છે. તે આ રીતે - ઘટત્વેન-દંડત્વેન કાર્ય-કારણભાવ સ્વીકારવાને બદલે ઘટત્વેન-ઘટકારણત્વેન ઘટ અને દંડાદિ વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારીએ, તો ઘટનાં કારણોનો ઘટના કારણરૂપે જ તમે અનુગમ કર્યો, માટે ત્યાં

આત્માશ્રય દોષ આવ્યો.

આશય એ છે કે, કોઈ પૂછે કે, ઘટનાં કારણો શું છે ? તો દંડાદિ છે, તેમ કહેવાથી દંડત્વેન દંડાદિની ઉપસ્થિતિ થાય છે. પરંતુ તેના બદલે સામે વ્યક્તિ જ્યારે પૂછે કે, ઘટનાં કારણો શું છે ? ત્યારે ઘટના કારણત્વરૂપે દંડાદિનું કથન કરવામાં આવે, ત્યારે સામે વ્યક્તિને દંડત્વેન દંડની ઉપસ્થિતિ થતી નથી, પરંતુ ઘટકારણત્વેન દંડની ઉપસ્થિતિ થાય છે. અને ઘટનાં કારણો જે જાણવા માંગતો હોય, તેને જે ઘટનાં કારણો છે, તે જ ઘટનાં કારણો છે એમ કહેવું તે ઉપસ્થિતિમાં આત્માશ્રય દોષ છે.

પ્રસ્તુતમાં તે જ રીતે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવને ભાવસ્તવકારણત્વેન અનુગમ કરીને કોઈ કહે કે, ભાવસ્તવ પ્રત્યે ભાવસ્તવકારણત્વેન આજ્ઞાવિશિષ્ટ તે તે અનુષ્ઠાન કારણ છે. તેથી એ પ્રાપ્ત થયું કે, ભાવસ્તવત્વેન=ભાવસ્તવકારણત્વેન ભાવસ્તવ અને આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ વચ્ચે કાર્ય-કારણભાવ છે, અને એ રીતે ભાવસ્તવના કારણના બોધમાં ભાવસ્તવને કારણ તરીકે કહ્યું, તે આત્માશ્રય દોષ છે.

ઉપરના આટલા કથનથી એ ફલિત થયું કે, માત્ર બાહ્ય આચરણાથી વિશુદ્ધ દ્રવ્યસ્તવને ગ્રહણ કરીએ, તો દ્રવ્યસ્તવત્વ જાતિ ભાવસ્તવના કારણીભૂત દ્રવ્યસ્તવમાં પણ રહે છે અને અપ્રધાનદ્રવ્યસ્તવમાં પણ રહે છે, તેથી ભાવસ્તવત્વેન-વિશુદ્ધ દ્રવ્યસ્તવત્વેન કાર્ય-કારણભાવ સ્વીકારી શકાય નહિ; કેમ કે વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારવાથી વ્યભિચાર દૂર થાય છે, પરંતુ ભાવસ્તવના કારણ એવા આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નથી, કે જેથી ભાવસ્તવના કારણીભૂત એવા દ્રવ્યસ્તવની ઉપસ્થિતિ થઈ શકે. તેથી આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવને ભાવસ્તવ પ્રત્યે કારણ માનવામાં અનનુગમ દોષ આવે છે, અને તે અનનુગમ દોષના નિવારણ માટે ભાવસ્તવકારણત્વેન અનુગમ કરવામાં આવે તો ભાવસ્તવ પ્રત્યે ભાવસ્તવનું કારણ હોય તે હેતુ છે, એમ પ્રાપ્ત થાય છે; અને પોતાની ઉપસ્થિતિમાં પોતાનો આશ્રય કરવો એ રૂપ આત્માશ્રય દોષ આવે છે.

ઉપરમાં કહ્યું એ રીતે વ્યભિચાર, અનનુગમ અને આત્માશ્રય દોષ આવે છે, તેથી હવે ભાવસ્તવ અને પ્રધાનદ્રવ્યસ્તવ વચ્ચે કઈ રીતે કાર્ય-કારણભાવ સ્વીકારવો તે સ્પષ્ટ કરવા માટે 'तथापि'થી ટીકામાં ગ્રંથકારશ્રી કહે છે –

અપ્રધાનથી વ્યાવૃત્ત એવા દ્રવ્યસ્તવત્વેન-ભાવસ્તવત્વેન કાર્ય-કારણભાવ માનવો જોઈએ.

આશય એ છે કે, ભાવસ્તવ પ્રત્યે અપ્રધાનથી ભિન્ન એવું દ્રવ્યસ્તવ કારણ છે અને અપ્રધાનથી ભિન્ન એવા દ્રવ્યસ્તવમાં કોઈ અનુગત જાતિ નથી, પરંતુ તે અખંડ ઉપાધિરૂપ ધર્મ છે. તેથી 'अप्रधानव्यावृत्तेन द्रव्यस्तवत्वेन' અખંડ ઉપાધિરૂપે અનુગમ થઈ શકે છે.

અહીં અખંડ ઉપાધિનો અર્થ એ છે કે, જાતિભિન્ન અનિર્વચનીય ધર્મ અખંડ ઉપાધિ છે.

ન્યાયદર્શનકારો અખંડ ઉપાધિને સ્વીકારે છે, તેનું કારણ તેમણે અભાવનું લક્ષણ 'भावभिन्नत्वं अभावत्वं' કર્યું. તેથી એ પ્રાપ્ત થાય કે, ભાવથી જે ભિન્ન હોય તે અભાવ કહેવાય, અને ભિન્ન=भेदवान्, અર્થાત્ ભાવનો અભાવ તે અભાવનું લક્ષણ છે. અભાવનું આવું લક્ષણ કરવાથી અભાવના લક્ષણમાં અભાવ શબ્દનો પ્રવેશ

થાય છે. માટે અભાવનું લક્ષણ કરવા જતાં તેનાં જો અભાવનો પ્રવેશ થાય, તો તેનો બોધ થઈ શકે નહિ, અને ન્યાયદર્શનકારો અભાવમાં અભાવત્વ જાતિ સ્વીકારતા નથી, તેથી અભાવમાં રહેલા અભાવત્વ ધર્મને અખંડ ઉપાધિ કહે છે અર્થાત્ ભાવનો અભાવ એ રૂપ ખંડ કરીને તેનું કથન થઈ શકે નહિ, પરંતુ અભાવની ઉપસ્થિતિ અભાવત્વરૂપે કરવી પડે, અને અભાવમાં રહેલો અભાવત્વ ધર્મ અનિર્વચનીય છે, તેથી અભાવત્વ એ અખંડ ઉપાધિરૂપ ધર્મ છે.

ઉપરોક્ત ન્યાયદર્શનની યુક્તિને સામે રાખીને, તે નયથી અહીં પણ અપ્રધાનથી વ્યાવૃત્ત એવા દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવત્વ જાતિ નહિ હોવા છતાં અખંડ ઉપાધિરૂપ ધર્મ સ્વીકારીને, ભાવસ્તવ પ્રત્યે કારણ સ્વીકારવાથી કાર્ય-કારણભાવની સંગતિ થાય છે તેમ બતાવ્યું.

વળી, ન્યાયદર્શનમાં કેટલાક શક્તિ નામનો અતિરિક્ત પદાર્થ માને છે. તે નયની દૃષ્ટિને સામે રાખીને બીજી રીતે અર્થ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ ગડૂચી વગેરે ઔષધમાંથી બનેલ ક્વાથમાં જ્વરને હરણ કરવાની શક્તિ છે, તેમ આજ્ઞાવિશિષ્ટ એવા તે તે દ્રવ્યસ્તવમાં એવી શક્તિવિશેષ છે, કે જે શક્તિવિશેષને કારણે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવનાં અનુષ્ઠાનો ભાવસ્તવ પ્રત્યે કારણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, વિશુદ્ધ એવા સર્વ દ્રવ્યસ્તવમાં તેવી શક્તિવિશેષ નથી, પરંતુ વિશુદ્ધ એવા દ્રવ્યસ્તવમાં જે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ છે, તેમાં જ એવી શક્તિવિશેષ છે કે, તે શક્તિવિશેષના કારણે આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવો ભાવસ્તવનાં કારણ બને છે; અને જે દ્રવ્યસ્તવો આજ્ઞાવિશિષ્ટ નથી, તેમાં તેવી શક્તિવિશેષ નથી, તેથી તે દ્રવ્યસ્તવો ભાવસ્તવનાં કારણ બનતાં નથી.

આજ્ઞાવિશિષ્ટ એવા દ્રવ્યસ્તવમાં શક્તિવિશેષરૂપ સ્વતંત્ર પદાર્થ છે, તેથી भावस्तवत्वेन-शक्तिविशेषेण કાર્ય-કારણભાવ છે.

❖ અહીં શક્તિવિશેષથી એ ગ્રહણ કરવું છે કે, અગ્નિમાં દાહશક્તિ છે, ગડૂચી આદિમાં જ્વરહરણશક્તિ છે અને આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં ભાવસ્તવને પેદા કરવાની શક્તિ છે. એ રૂપ શક્તિના ભેદને બતાવવા માટે શક્તિવિશેષથી કારણ છે, તેમ કહેલ છે.

આ રીતે દ્રવ્યસ્તવના લક્ષણમાં આવતા દોષોના પરિહાર માટે ખુલાસો કર્યા પછી ગાથા-૩૭માં દ્રવ્યસ્તવનું લક્ષણ કરેલું કે, आज्ञाशुद्धं वीतरागगामी भावस्तवहेतुरनुष्ठानम् द्रव्यस्तवः=આજ્ઞાશુદ્ધ, વીતરાગગામી ભાવસ્તવના હેતુભૂત અનુષ્ઠાન દ્રવ્યસ્તવ છે. એ કથનમાં આજ્ઞાશુદ્ધ અને વીતરાગગામી એ બે વિશેષણો પરિચાયક=સ્વરૂપઉપરંજક છે, પરંતુ લક્ષણ નથી. લક્ષણ તો भावस्तवहेतुरनुष्ठानम् द्रव्यस्तवः આટલું જ છે.

અહીં પ્રશ્ન થાય કે, ભાવસ્તવનો જે હેતુ હોય તે દ્રવ્યસ્તવ છે, તો પછી અપ્રધાનદ્રવ્યસ્તવ પણ ભાવસ્તવનો હેતુ નથી, આમ છતાં તેને દ્રવ્યસ્તવ તરીકે કેમ કહેલ છે ? તેથી કહે છે –

ઉચિતમાં અને અપ્રધાનમાં દ્રવ્યસ્તવના વ્યવહારનો ભેદ વળી દ્રવ્યશબ્દના અનેક અર્થ હોવાને કારણે છે.

આશય એ છે કે, ભાવસ્તવના હેતુને દ્રવ્યસ્તવ કહ્યું, ત્યાં દ્રવ્યશબ્દ જુદા અર્થમાં છે અને અપ્રધાન અર્થમાં વપરાતો દ્રવ્યશબ્દ જુદા અર્થમાં છે. જેમ - 'સૈન્ધવ' શબ્દ 'અશ્વ' અર્થમાં પણ વપરાય છે અને 'લવણ'=મીઠું, અર્થમાં પણ વપરાય છે, તેમ દ્રવ્યશબ્દ 'કારણ' અર્થમાં પણ વપરાય છે અને 'તુચ્છ' અર્થમાં પણ વપરાય છે.

પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવનું લક્ષણ કર્યું કે ભાવસ્તવનો હેતુ તે દ્રવ્યસ્તવ. તેમાં 'દ્રવ્ય' શબ્દ 'ઉચિત દ્રવ્યસ્તવ' ના અર્થમાં છે; અને જે તુચ્છ અનુષ્ઠાન-ક્રિયા છે, ત્યાં 'દ્રવ્ય' શબ્દનો પ્રયોગ થાય છે તે 'અપ્રધાનદ્રવ્યસ્તવ'ના અર્થમાં છે; માટે કોઈ દોષ નથી. એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ, એમ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે.

❖ અહીં વિશેષ એ છે કે, ટીકામાં यद्यपि પછી જે કહ્યું કે, વિશુદ્ધ તે તે દ્રવ્યસ્તવવ્યક્તિ અથવા આજ્ઞાવિશિષ્ટ તે તે દ્રવ્યસ્તવવ્યક્તિ ભાવસ્તવાવચ્છિન્ન કાર્ય પ્રત્યે કારણ છે. ત્યાં એ કથન હેતુ અને સ્વરૂપથી ગ્રહણ કરવાનું છે; કેમ કે પરિપૂર્ણ વિશુદ્ધ અનુષ્ઠાન કોઈક જ કરી શકે છે. બધા અભવ્યો પણ બાહ્યથી વિશુદ્ધ અનુષ્ઠાન કરી શકતા નથી કે બધા ભવ્યો પણ બાહ્યથી વિશુદ્ધ અનુષ્ઠાન કરી શકતા નથી. પરંતુ વિશુદ્ધ કરવાની ઇચ્છાવાળા જીવો વિશુદ્ધના સ્વરૂપને જાણીને તે મુજબ કરવામાં યત્ન કરતા હોય ત્યારે તેમનું અનુષ્ઠાન હેતુથી વિશુદ્ધ છે; અને જે રીતે વિશુદ્ધ બાહ્ય આચરણાઓ કરવાની છે, તે જ રીતે સમ્યગ્ આચરણા કરે ત્યારે તે અનુષ્ઠાન સ્વરૂપથી વિશુદ્ધ છે.

વળી, તે જ રીતે આજ્ઞાવિશિષ્ટ પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્યાનુષ્ઠાન કોઈક જ સાત્ત્વિક જીવ કરી શકે છે; કેમ કે જે જીવો સંસારથી ઉદ્વિગ્ન છે તેથી જ મોક્ષના અર્થી છે અને તેથી જ મોક્ષના ઉપાયોને જાણવાની જિજ્ઞાસાવાળા છે અને ભગવાનના વચનથી તેમને મોક્ષનો ઉપાય ભાવસ્તવ લાગે છે, અને તે ભાવસ્તવની નિષ્પત્તિ માટે સમ્યગ્ રીતે કરાયેલું દ્રવ્યસ્તવ જ્યારે તે જીવોને પોતાની ભૂમિકાના ઉપાયરૂપે ભાસે છે, ત્યારે શુદ્ધ સંયમરૂપ ભાવસ્તવના આશયપૂર્વક તેઓ દ્રવ્યસ્તવમાં યત્ન કરે છે. ત્યાં સૌ પ્રથમ તેઓ દ્રવ્યસ્તવની વિધિને જાણવાની જિજ્ઞાસા ધરાવે છે, અને સ્વશક્તિને અનુરૂપ તે પ્રમાણે કરવા યત્ન કરતા હોય, છતાં અભ્યાસદશામાં સત્ત્વની અલ્પતાને કારણે પરિપૂર્ણ વિધિપૂર્વક અનુષ્ઠાન કરી શકતા ન હોય, તોપણ તે હેતુથી આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ બને છે, અને જ્યારે અભ્યાસના અતિશયથી દ્રવ્યસ્તવમાં નિપુણ પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે અને સત્ત્વનો ઉત્કર્ષ થાય છે અને જે પ્રમાણે શાસ્ત્રમાં દ્રવ્યસ્તવ કરવાની આજ્ઞા છે તે મુજબ અનુષ્ઠાન કરે, ત્યારે તે સ્વરૂપથી આજ્ઞાવિશિષ્ટ દ્રવ્યસ્તવ બને છે, જે અમૃત અનુષ્ઠાન સ્વરૂપ છે. **॥३८॥**

अवतरणिका :-

आनुषङ्गिकफलमात्रानौचित्यमित्यनुशास्ति –

અવતરણિકાર્થ :-

આનુષંગિક ફળમાત્ર અનૌચિત્ય છે, એ પ્રકારનું અનુશાસન ગ્રંથકારશ્રી કરે છે –

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૩૮માં કહ્યું કે, જે ભાવસ્તવનો હેતુ હોય તે દ્રવ્યસ્તવ ઉચિત છે. ત્યાં પ્રશ્ન થાય કે, જે ભાવસ્તવનો હેતુ નથી એવું અપ્રધાનદ્રવ્યસ્તવ ભોગાદિ ફળવિશેષને આપે છે, તેથી અપ્રધાનદ્રવ્યસ્તવ અનુચિત કેમ છે ? અર્થાત્ સંસારની અન્ય ભોગાદિ ક્રિયાઓ પાપબંધને કરાવે છે તેથી તે અનુચિત છે, જ્યારે અપ્રધાનદ્રવ્યસ્તવ તો એ રીતે પાપબંધ કરાવતું નથી અને ભોગાદિ ફળને આપે છે, તો તેને અનુચિત કેમ કહેવાય ? એથી કહે છે –

દ્રવ્યસ્તવનું મુખ્ય ફળ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા નિર્જરા કરાવી મોક્ષફળમાં વિશ્રાંતિ છે, અને આનુષંગિક ફળ સુદેવત્વ-સુમનુજત્વ આદિની પ્રાપ્તિ છે; પરંતુ અપ્રધાનદ્રવ્યસ્તવ તો મોક્ષપ્રાપ્તિરૂપ મુખ્ય ફળને આપતું જ નથી, માત્ર આનુષંગિક ફળરૂપ દેવભવાદિને આપે છે, તેથી તે અનુચિત છે, એ પ્રકારનું અનુશાસન ગ્રંથકારશ્રી ગાથા-૩૯માં કરે છે.

ગાથા :-

"भोगाइफलविसेसो अत्थि एत्तो वि विसयभेएणं ।
तुच्छो य तओ जम्हा हवइ पगारंतरेणावि" ।।३९।।

ગાથાર્થ :-

આ પણ દ્રવ્યસ્તવથી=અપ્રધાન પણ દ્રવ્યસ્તવથી, વિષયભેદને કારણે ભોગાદિ ફળવિશેષ થાય છે, અને તે=ભોગાદિ ફળવિશેષ, તુચ્છ છે; જે કારણથી અકામનિર્જરારૂપ પ્રકારાંતરથી પણ થાય છે. ।।૩૯।।

ટીકા :-

भोगादिफलविशेषस्तु सांसारिक एवास्त्यतोऽपि द्रव्यस्तवात् विषयभेदेन=वीतरागविषयविशेषेण, तुच्छस्त्वसौ भोगादिफलविशेषः यस्मात्प्रकारान्तरेणापि अकामनिर्जरादिना भवति ।।३९।।

ટીકાર્થ :-

भोगादिफलविशेषस्तु ..... भवति ।। આ પણ=અપ્રધાન પણ, દ્રવ્યસ્તવથી વિષયભેદ હોવાને કારણે=વીતરાગવિષય વિશેષ હોવાને કારણે, ભોગાદિ ફળવિશેષ થાય છે. વળી આ ભોગાદિ ફળવિશેષ તુચ્છ છે; જે કારણથી અકામનિર્જરાદિરૂપ પ્રકારાંતરથી પણ થાય છે. ।।૩૯।।

❖ અકામનિર્જરાદિ - અહીં 'આદિ' શબ્દથી અવિવેકવાળા દયાદિ ભાવો લેવાના છે.

ભાવાર્થ :-

અપ્રધાનદ્રવ્યસ્તવથી ભોગાદિ ફળવિશેષ પ્રાપ્ત થાય છે તેનું કારણ વીતરાગવિષયક તે અપ્રધાનદ્રવ્યસ્તવ

છે, તોપણ તેનાથી પ્રાપ્ત થતું ફળ તુચ્છ છે; કેમ કે અકામનિર્જરાદિરૂપ પ્રકારાંતરથી પણ ભોગાદિ ફળવિશેષ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, પ્રકારાંતરથી ફળપ્રાપ્તિ થતી હોય તેટલા માત્રથી દ્રવ્યસ્તવથી થતું તે ફળ તુચ્છ છે, એમ કેમ કહેવાય ? જેમ - કોઈ જીવને મોક્ષ કઠોર ચર્યાથી પ્રાપ્ત થાય છે, જ્યારે અન્ય કોઈ જીવને મરુદેવાની જેમ કઠોર ચર્યા વગર પણ પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ એટલામાત્રથી મોક્ષને તુચ્છ કેમ કહેવાય ? તેનો ઉત્તર એ છે કે, પ્રકારાંતરથી અહીં અકામનિર્જરાદિરૂપ પ્રકારાંતર ગ્રહણ કરેલ છે, અને તે તુચ્છ છે; કેમ કે જીવે અનંતીવાર સંસારમાં અથડાતાં-કુટાતાં અકામનિર્જરાદિ દ્વારા તુચ્છ એવાં ભોગાદિ ફળ પ્રાપ્ત કરેલ છે, જ્યારે વીતરાગની સમ્યક્ પ્રકારની ભક્તિ અત્યંત દુર્લભ છે, અને એવી સમ્યક્ પ્રકારની ભક્તિ જીવે ભૂતકાળમાં ક્યારેય પ્રાપ્ત કરી નથી. જો પ્રાપ્ત કરી હોત તો અવશ્ય તેનું મોક્ષરૂપ મુખ્યફળ જીવને પ્રાપ્ત થાત, અને જ્યાં સુધી મોક્ષફળની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આનુષંગિક ફળરૂપે સંસારનું સુખ પણ પ્રાપ્ત થાત. તેથી આવા મહાફળવાળા દ્રવ્યસ્તવથી, તુચ્છ એવી અકામનિર્જરાથી પ્રાપ્ત કરી શકાય એવું સાંસારિક ભોગાદિમાત્ર ફળ જીવ જ્યારે પ્રાપ્ત કરે, ત્યારે એમ કહેવું પડે કે, વીતરાગવિષયક અપ્રધાનદ્રવ્યસ્તવથી જીવ જે ભોગાદિ ફળવિશેષ પ્રાપ્ત કરે છે, એવાં ભોગાદિ ફળવિશેષ તો તુચ્છ એવી અકામનિર્જરાદિથી પણ પ્રાપ્ત કરી શકે છે, માટે જે દ્રવ્યસ્તવ પ્રધાનફળનું કારણ ન બને, પરંતુ માત્ર ભોગાદિ જ ફળ આપે તે ફળવિશેષ તુચ્છ જ છે અને અનુચિત જ છે. માટે તેવું દ્રવ્યસ્તવ પણ અનુચિત જ છે, એમ અવતરણિકા સાથે જોડાણ છે. **॥૩૯॥**

અવતરણિકા :-

उचितानुष्ठानत्वे को विशेषो भावस्तवादित्यत्राह –

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવનું ઉચિત અનુષ્ઠાનપણું હોતે છતે ભાવસ્તવથી શું વિશેષ છે ? અર્થાત્ કાંઈ વિશેષ નથી, એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"उचियाणुट्ठाणाओ विचित्तजइजोगतुल्लमो एस ।
जं ता कह दव्वथओ तद्दारेणप्पभावाओ" ।।४०।।

ગાથાર્થ :-

જે કારણથી ઉચિત અનુષ્ઠાન હોવાને કારણે આ=દ્રવ્યસ્તવ, વિચિત્ર યતિયોગતુલ્ય છે, તે કારણથી કેવી રીતે દ્રવ્યસ્તવ કહેવાય ? અર્થાત્ ન કહેવાય.

ગાથાના પૂર્વાર્ધમાં કહેલ પૂર્વપક્ષીની શંકાનું સમાધાન ગાથાના અંતિમ પાદથી આપતાં કહે છે –

તેના દ્વારા=દ્રવ્ય દ્વારા, અલ્પભાવ હોવાથી દ્રવ્યસ્તવ કહેવાય છે. ॥૪૦॥

ટીકા :-

अथोचितानुष्ठानात्कारणाद्विचित्रयतियोगतुल्य एवैष यद्=यस्मात्, तत्=तस्मात्, कथं द्रव्यस्तवः ? भावस्तव एवास्ति । अत्रोत्तरम्-तद्द्वारेण=द्रव्यस्तवद्वारेण, अल्पभावात्=स्तोकभावोपपतेः ।।४०।।

ટીકાર્થ :-

अथ ..... अस्ति । 'अथ'थी पूर्वपक्षी कहे छे के, जे कारणथी उचित अनुष्ठान होवाने कारणे विचित्र=विविध प्रकारना, यतियोगतुल्य ज आ=द्रव्यस्तव छे, ते कारणथी केवी रीते द्रव्यस्तव कहेवाय ? अर्थात् भावस्तव ज छे.

अत्रोत्तरम् – पूर्वपक्षीनी उपरोक्त शंकारूप कथनमां ग्रंथकारश्री उत्तर आपे छे –

तद्द्वारेण ..... उपपत्तेः ।। तेना द्वारा=द्रव्यस्तव द्वारा, अल्पभाव होवाथी=स्तोक भावनी उपपत्ति होवाथी, ते द्रव्यस्तव कहेवाय छे. ॥४०॥

ભાવાર્થ :-

યતિઓ દ્રવ્ય વગર ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે અને તેનાથી વિપુલ ભાવ પેદા થાય છે, તેથી તે ભાવસ્તવ છે. જ્યારે ગૃહસ્થો તેવા પ્રકારની ભગવાનની આજ્ઞા પાળવા માટે અસમર્થ હોય છે તેથી ગૃહસ્થાવાસમાં રહે છે, અને તેથી જ ઉત્તમ દ્રવ્ય દ્વારા ભગવાનની ભક્તિ કરે છે. અને ઉત્તમ દ્રવ્યોથી જે ભગવાનની ભક્તિ કરે છે, તેનાથી યતિના ભાવની અપેક્ષાએ અલ્પ ભાવની ઉપપત્તિ થાય છે, અને તે દ્રવ્યસ્તવ અતિશયભાવવાળા એવા ભાવસ્તવનું કારણ બને છે, માટે શ્રાવકના ભગવદ્ભક્તિસ્વરૂપ અનુષ્ઠાનને દ્રવ્યસ્તવ કહેવામાં આવે છે; કેમ કે અહીં દ્રવ્ય શબ્દ કારણવાચી છે, અને તે દ્રવ્યસ્તવ ભાવસ્તવના કારણરૂપ છે, તેથી તે દ્રવ્યસ્તવ છે.

અહીં વિશેષ એ છે કે, ભગવાન વીતરાગ છે, તેથી વીતરાગને અનુકૂળ એવું નિરભિષ્વંગ માનસ વીતરાગના ગુણકીર્તન દ્વારા મુનિઓ પેદા કરી શકે છે અને કોઈ બાહ્ય પદાર્થમાં તેઓ અભિષ્વંગ રાખતા નથી, તેથી જ યતિના યોગમાં વિપુલ ભાવ છે; જ્યારે દ્રવ્યસ્તવના અધિકારી એવા મલિનારંભી ગૃહસ્થો બાહ્ય શરીર-ભોગાદિ, ધન-કુટુંબાદિ દ્રવ્ય પ્રત્યે અભિષ્વંગવાળા છે, આમ છતાં વીતરાગ પ્રત્યેની ભક્તિના કારણે પોતાના અભિષ્વંગના વિષયભૂત એવાં ઉત્તમ દ્રવ્યોને ભગવાનની ભક્તિમાં વાપરીને પોતાને કૃતાર્થ માને છે. આ રીતે યતિ કરતાં ગૃહસ્થને શુભભાવ અલ્પ હોય છે; કેમ કે તેઓ દ્રવ્યસામગ્રી દ્વારા ભગવાનની ભક્તિરૂપ અલ્પ ભાવને પેદા કરી શકે છે, તેથી તેને દ્રવ્યસ્તવ કહેલ છે. **॥४०॥**

અવતરણિકા :-

अधिकारिविशेषादत्राल्पभाव इत्याह –

અવતરણિકાર્થ :-

અધિકારીવિશેષથી અહીં=દ્રવ્યસ્તવમાં, અલ્પ ભાવ છે, એ પ્રકારે કહે છે –

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૪૦માં કહ્યું કે, દ્રવ્ય દ્વારા ભાવ થાય છે, તેથી દ્રવ્યસ્તવમાં અલ્પ ભાવ છે. ત્યાં પ્રશ્ન થાય કે, દ્રવ્ય દ્વારા જે સ્તવ કરવામાં આવે તેમાં અલ્પ ભાવ કેમ થાય છે ? તેથી કહે છે કે, મલિનારંભીરૂપ અધિકારીવિશેષને કારણે શુભારંભી એવા યતિના યોગ કરતાં અલ્પ ભાવ છે, એ પ્રકારે કહે છે –

ગાથા :-

"जिणभवणाईविहाणद्दारेणं एस होइ सुहजोगो ।
उचियाणुट्ठाणं पि य तुच्छो जइजोगओ णवरं" ।।४१।।

ગાથાર્થ :-

જિનભવનાદિવિધાન દ્વારા આ શુભયોગ થાય છે. (તેથી) ઉચિત અનુષ્ઠાન હોવા છતાં પણ ફક્ત યતિયોગથી તુચ્છ છે. ।।૪૧।।

ટીકા :-

जिनभवनादिविधानद्वारेण द्रव्यानुष्ठानलक्षणेनैष भवति शुभयोगः=शुभव्यापारः, ततश्चोचितानुष्ठानमपि सदेष तुच्छो यतियोगतः सकाशात् नवरं, मलिनारम्भ्यधिकारिकशुभयोगत्वेन यतियोगादल्पत्वं तुल्यत्वं च प्रायः साधर्म्येणेति भावः ।।४१।।

ટીકાર્થ :-

जिनभवनादिविधानद्वारेण ..... भावः ।। द्रव्यानुष्ठानलक्षणः=द्रव्यानुष्ठानस्वरૂप, જિનભવનાદિવિધાન દ્વારા આ શુભયોગ=શુભવ્યાપાર થાય છે, અને તેથી ઉચિત અનુષ્ઠાન પણ છતું આ ફક્ત યતિયોગથી તુચ્છ છે અર્થાત્ મલિનારંભી અધિકારિક શુભયોગપણા વડે યતિયોગથી અલ્પપણું અને પ્રાયઃ સાધર્મ્યથી તુલ્યપણું છે, એ પ્રકારે ભાવ=તાત્પર્ય છે. ।।૪૧।।

ભાવાર્થ :-

જિનભવનાદિ કરવા વડે દ્રવ્યસ્તવમાં શુભ વ્યાપાર થાય છે, તેથી ઉચિત અનુષ્ઠાન હોવા છતાં પણ યતિના યોગ કરતાં તુચ્છ અનુષ્ઠાન છે, આમ છતાં સર્વથા યતિયોગ કરતાં વિપરીત નથી; કેમ કે યતિયોગમાં જેમ શુભ વ્યાપાર છે, તેમ દ્રવ્યસ્તવમાં શુભ વ્યાપાર છે.

યતિના યોગમાં અને શ્રાવકના દ્રવ્યાનુષ્ઠાનમાં ફરક એટલો જ છે કે, યતિના યોગમાં શુભ આરંભિક શુભ વ્યાપાર છે; કેમ કે યતિ અશુભ આરંભ કરનારા હોતા નથી; જ્યારે દ્રવ્યસ્તવનો અધિકારી મલિનારંભી ગૃહસ્થ છે, તેથી દ્રવ્યસ્તવમાં મલિન આરંભિક શુભ વ્યાપાર છે. તેથી શુભયોગ=શુભવ્યાપાર ઉભયત્ર હોવા છતાં યતિના યોગથી ગૃહસ્થના શુભયોગમાં અલ્પપણું છે.

વળી, ઉચિત અનુષ્ઠાનરૂપે યતિયોગની સાથે ગૃહસ્થના દ્રવ્યસ્તવનું જે તુલ્યપણું છે, તે પણ પ્રાયઃ

સાધર્મ્યથી છે અર્થાત્ સર્વ સાધર્મ્યથી નથી, પરંતુ કિંચિત્ સાધર્મ્યથી છે. શુભ યોગરૂપે=શુભ વ્યાપારરૂપે, બંનેમાં સાધર્મ્ય છે તેથી બંનેનું તુલ્યપણું છે; અને તે શુભવ્યાપાર યતિ અને ગૃહસ્થ બંનેનો મોક્ષને અનુકૂળ ભાવ છે તેથી તે રૂપે સાધર્મ્ય છે. છતાં યતિયોગનો શુભવ્યાપાર મોક્ષને આસન્નભાવવર્તી છે, જ્યારે મલિનારંભી ગૃહસ્થનો શુભવ્યાપાર મોક્ષને અનુકૂળ હોવા છતાં યતિના શુભ વ્યાપાર કરતાં દૂરવર્તી છે. ॥૪૧॥

અવતરણિકા :-

तथा चाह –

અવતરણિકાર્થ :-

અને તે પ્રમાણે કહે છે=ગાથા-૪૧માં કહ્યું કે, ઉચિત અનુષ્ઠાન હોવા છતાં પણ યતિયોગ કરતાં દ્રવ્યસ્તવ તુચ્છ છે, તે તુચ્છ કઈ રીતે છે, તે બતાવે છે –

ગાથા :-

"सव्वत्थ णिरंभिसंगत्तणेण जइजोगमो महं होइ ।
एसो य अभिस्संगा कत्थ वि तुच्छे वि तुच्छो उ" ।।४२।।

ગાથાર્થ :-

સર્વત્ર નિરભિષ્વંગપણા વડે યતિયોગ મહાન છે. વળી આ=દ્રવ્યસ્તવ, ક્વચિત્ તુચ્છ પણ વસ્તુમાં અભિષ્વંગ હોવાને કારણે તુચ્છ જ છે. ॥૪૨॥

❖ મૂળ ગાથામાં 'जइजोगमो' અહીં પ્રાકૃત શૈલી હોવાથી 'મ'કારનો નિર્દેશ છે.

ટીકા :-

सर्वत्र निरभिष्वङ्गत्वेन हेतुना यतियोग एव महान् भवत्यतः सकाशादेष तु द्रव्यस्तवोऽभिष्वङ्गात् क्वचित्तुच्छेऽपि वस्तुनि तुच्छ एव ।।४२।।

ટીકાર્થ :-

सर्वत्र ..... एव ।। સર્વત્ર=આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થોમાં, નિરભિષ્વંગપણારૂપ હેતુ વડે, આનાથી=દ્રવ્યસ્તવથી, યતિયોગ જ મહાન છે. વળી આ દ્રવ્યસ્તવ ક્વચિત્ તુચ્છ પણ વસ્તુમાં અભિષ્વંગ હોવાથી તુચ્છ જ છે. ॥૪૨॥

ભાવાર્થ :-

યતિઓ સંયમયોગમાં ઉપયોગવાળા હોય છે ત્યારે, કે ભગવદ્ગુણના કીર્તનમાં ઉપયોગવાળા હોય છે ત્યારે, તેમનો શુભયોગ વર્તે છે, અને તે વખતે પણ સર્વત્ર તેમનું ચિત્ત અભિષ્વંગ વગરનું હોય છે;

કેમ કે ભગવાનની આજ્ઞા છે કે, યતિએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં ક્યાંય પ્રતિબંધ રાખવો જોઈએ નહિ, ફક્ત આત્મામાં જ પ્રતિબંધ રાખવો જોઈએ. તેથી યતિઓ આત્મામાત્રમાં જ પ્રતિબંધ ધારણ કરીને તેને જ અતિશયિત કરવા અર્થે ભગવદ્ગુણકીર્તનમાં યત્ન કરે છે અને તેથી જ યતિનો શુભયોગ મહાન હોય છે અર્થાત્ ઉપરની ભૂમિકાનો હોય છે. જ્યારે દ્રવ્યસ્તવ કરનાર શ્રાવકને સર્વત્ર નિરભિષ્વંગ પરિણામ હોતો નથી, શ્રાવકો આત્માથી ભિન્ન એવી કોઈક તુચ્છ વસ્તુમાં પણ અભિષ્વંગવાળા હોય છે, તેથી જ તુચ્છ એવી પણ કોઈક વસ્તુમાં અભિષ્વંગ હોવાને કારણે ભગવાનની ભક્તિના કાળમાં શુભ વ્યાપાર હોવા છતાં દ્રવ્યસ્તવવિષયક તેમનો શુભયોગ તુચ્છ જ છે અર્થાત્ યતિયોગ કરતાં અલ્પ જ છે.

યદ્યપિ પરિણત શ્રાવકો સર્વવિરતિને જ ઝંખે છે, તેથી નિરભિષ્વંગભાવ જ તેમને અત્યંત પ્રિય હોય છે, આમ છતાં પોતાનાથી ભિન્ન એવા બાહ્ય પદાર્થોમાં તેઓ સર્વથા અભિષ્વંગને છોડી શકતા નથી. તેથી ભગવાનની ભક્તિ કરતી વખતે તેમનો શુભયોગ હોવા છતાં યતિયોગ કરતાં તેમનો શુભયોગ અલ્પ છે; કેમ કે સાક્ષાત્ ઉપયોગથી શ્રાવકના મન-વચન અને કાયાના યોગો પૂજાકાળમાં ભગવાનની ભક્તિમાં ઉપયુક્ત હોવા છતાં શ્રાવકનું ચિત્ત સંસારના ભોગો પ્રત્યે અભિષ્વંગ વગરનું બનેલું નથી, તેથી પૂજાકાળમાં પણ યતિ જેવા સંવરભાવવાળો શ્રાવક નથી. આથી જ પૂજાકાળે પણ તેમના ઉપયોગમાં પૂજાની ઉત્તરમાં હું સંસારની પ્રવૃત્તિ કરીશ, એવો અધ્યવસાય પડેલો હોય છે, અને આ અભિષ્વંગભાવના કારણે ભગવાનની ભક્તિના કાળમાં પણ મુનિ જેવું ઉત્તમ ચિત્ત શ્રાવકનું હોતું નથી. **॥૪૨॥**

અવતરણિકા :-

દ્રવ્યસ્તવ તુચ્છ કેમ છે ? તે બતાવતાં કહે છે –

ગાથા :-

"जम्हा उ अभिस्संगो जीवं दूसेइ णियमओ चेव ।
तद्दूसियस्स जोगो विसघारियजोगतुल्ल त्ति" ।।४३।।

ગાથાર્થ :-

જે કારણથી અભિષ્વંગ નિયમથી જ જીવને દૂષિત કરે છે, તે દૂષિતનો યોગ વિષઘારિત=વિષથી સિંચિત, યોગતુલ્ય છે. ॥૪૩॥

❖ મૂળ ગાથામાં ત્તિ=ઇતિ, શબ્દ પાદપૂર્તિ માટે છે.

ટીકા :-

यस्मात्त्वभिष्वङ्गः प्रकृत्यैव जीवं दूषयति नियमत एव, तथा दूषितस्य योगः सर्व एव तत्त्वतो विषघारितयोगतुल्योऽशुद्ध इति ।।४३।।

ટીકાર્થ :-

यस्मात्त्वभिष्वङ्गः ..... इति ।। જે કારણથી અભિષ્વંગ પ્રકૃતિથી જ=સ્વભાવથી જ, જીવને નિયમથી જ=નક્કી જ, દૂષિત કરે છે, અને દૂષિતનો સર્વ જ યોગ તત્ત્વથી વિષધારિત યોગતુલ્ય=વિષથી સિંચિત યોગતુલ્ય, અશુદ્ધ છે. ॥૪૩॥

ભાવાર્થ :-

અભિષ્વંગ એ જીવનો પરિણામ નથી, પરંતુ જીવની વિકૃતિ છે, તેથી જ પ્રકૃતિથી જીવને નિયમા દૂષિત કરે છે. તેથી ગૃહસ્થોને ભગવાનની પૂજાના કાળમાં જે શુભયોગ છે, તે પણ દૂષિત થયેલા એવા જીવનો યોગ છે, તેથી અભિષ્વંગરૂપ વિષથી સિંચિત થયેલા યોગ સમાન અશુદ્ધ છે.

આશય એ છે કે, શ્રાવક પૂજા કરે છે ત્યારે મન-વચન-કાયાના પૂર્ણ યોગોથી ભગવાનના ગુણોમાં ઉપયુક્ત છે અને તે મન-વચન-કાયાના વ્યાપાર દ્વારા ધીરે ધીરે તે સંયમ તરફ જઈ રહેલ છે. આમ છતાં, તેના ચિત્તમાં હજુ પોતાની સંપત્તિનો કે પોતાના પરિવારાદિનો પ્રતિબંધ છે, તે તૂટ્યો નથી. તેથી પૂજાકાળમાં વ્યક્ત ત્યાં ઉપયોગ નહિ હોવા છતાં ઉપયોગના પરાવર્ત્તનથી સંસારની ભોગસામગ્રીમાં જાય તેવું તેનું ચિત્ત છે. તેથી જ સાધુ જેવું સંવૃત ચિત્ત તેનું નથી, માટે ચિત્તમાં પોતાના પરિવારાદિ પ્રત્યે વર્તતી સ્વત્વબુદ્ધિનો અધ્યવસાય વિદ્યમાન છે. તેથી જ તે રૂપ વિષથી સિંચિત એવો ભગવાનની પૂજામાં તેમનો ઉપયોગ વર્તે છે, માટે તે વિષથી સિંચાયેલ યોગતુલ્ય અશુદ્ધ છે. **॥૪૩॥**

અવતરણિકા :-

દ્રવ્યસ્તવવાળાનો શુભયોગ વિષથી સિંચાયેલા યોગતુલ્ય અશુદ્ધ છે, તે પૂર્વે ગાથા-૪૩માં કહ્યું. હવે યતિનો શુભયોગ શુદ્ધ છે, તે બતાવતાં કહે છે –

ગાથા :-

"जइणो अदूसियस्स हेयाओ सव्वहा णियत्तस्स ।
सुद्धो उ(अ) उवादेए अकलंको सव्वहा सो उ" ।।४४।।

ગાથાર્થ :-

અદૂષિત અને હેયથી સર્વથા નિવૃત્ત એવા યતિનો ઉપાદેય વસ્તુમાં શુભયોગ શુદ્ધ છે, આથી કરીને સર્વથા તે જ=યતિયોગ જ અકલંક છે. ॥૪૪॥

ટીકા :-

यतेरदूषितस्य सामायिकभावेन हेयात्सर्वथा निवृत्तस्य शुद्धश्चोपादेये वस्तुन्याज्ञाप्रवृत्त्याऽतोऽकलङ्कः सर्वथा स एव यतियोगः, शुभयोगसामान्यजन्यतावच्छेदकफलवृत्तिजातिव्याप्यजात्यवच्छिनं प्रत्येव साभिष्वङ्गनिरभिष्वङ्गशुभयोगानां हेतुत्वादेतदुपपत्तिरिति न्यायमार्गः ।।४४।।

ટીકાર્થ :-

યતેઃ ..... યતિયોગઃ, સામાયિકનો ભાવ હોવાને કારણે અદૂષિત, અને હેયથી સર્વથા નિવૃત્ત એવા યતિનો, ઉપાદેય વસ્તુમાં આજ્ઞાપ્રવૃત્તિ હોવાને કારણે શુદ્ધ છે=શુભયોગ શુદ્ધ છે, આથી સર્વથા તે જ=યતિયોગ અકલંક છે.

ભાવાર્થ :-

યતિ જેમ ભગવાનના ગુણોના કીર્તનકાળમાં ઉપાદેય વસ્તુમાં=ભગવાને અવલંબીને ઉપાદેય એવા આત્મિકભાવમાં, વર્તે છે, તેમ દ્રવ્યસ્તવ કરતી વખતે ગૃહસ્થ પણ ઉપાદેય વસ્તુમાં વર્તે છે, અને તે વખતે યતિ અને ગૃહસ્થ બંનેની આજ્ઞાથી પ્રવૃત્તિ હોય છે; તોપણ યતિના ચિત્તમાં સામાયિકનો ભાવ વર્તે છે, તેથી આત્માથી ભિન્ન એવા સર્વ ભાવો હેય હોવાથી તેનાથી તેઓ સર્વથા નિવૃત્ત છે, અને તેમના ચિત્તમાં ક્યાંય અભિષ્વંગ નહિ હોવાને કારણે તેઓ અદૂષિત છે, માટે ઉપાદેય વસ્તુમાં પ્રવર્તતો તેમનો યોગ શુદ્ધ છે.

વળી, દ્રવ્યસ્તવકાળમાં શ્રાવકનો પણ ઉપાદેય વસ્તુમાં=ભગવાનને અવલંબીને ભગવાનના ગુણોથી આત્માને વાસિત કરવારૂપ ઉપાદેયભાવમાં, યોગ પ્રવર્તે છે, છતાં તેમનો તે યોગ શુદ્ધ નથી; કેમ કે શ્રાવક ભગવાનના વચનના રહસ્યની પરિણતિવાળો હોય તોપણ સર્વથા હેયથી નિવૃત્ત નથી અને તેમનું ચિત્ત દાનાદિના અભિષ્વંગરૂપ વિષથી દૂષિત છે. આથી જ તત્ત્વની પરિણતિવાળા પણ શ્રાવકનો તે યોગ સર્વથા અકલંક નથી, પરંતુ અભિષ્વંગરૂપ વિષથી કલંકિત છે. જ્યારે યતિઓનો યોગ અભિષ્વંગરૂપ વિષથી અદૂષિત છે અને સર્વથા હેયથી નિવૃત્ત છે=સામાયિકના ભાવની વૃદ્ધિમાં અનુપયોગી એવા સર્વ હેયની પ્રવૃત્તિથી નિવૃત્ત છે, તેથી તેમનો ઉપાદેય વસ્તુમાં શુભયોગ શુદ્ધ જ છે.

અહીં પ્રશ્ન થાય કે, યતિનો અને પરિણત શ્રાવકનો શુભયોગ ભગવાનની ભક્તિમાં જ વર્તી રહ્યો છે, છતાં યતિના યોગને શુદ્ધ કહ્યો અને શ્રાવકના યોગને અશુદ્ધ કહ્યો, તે કઈ રીતે સંભવે ? કેમ કે ભગવાનની ભક્તિના કાળમાં તો યતિ અને શ્રાવક ઉભયનું ચિત્ત ભગવાનના ગુણોથી ઉપરંજિત છે. એથી કહે છે –

શુભયોગ ..... ન્યાયમાર્ગઃ ।। શુભયોગસામાન્યજન્યતાવચ્છેદક ફળવૃત્તિ જે જાતિ, તેની જે વ્યાપ્ય જાતિ, તેનાથી અવચ્છિન્ન એવા કાર્ય પ્રત્યે જ સાભિષ્વંગ અને નિરભિષ્વંગ શુભયોગનું હેતુપણું હોવાથી, આની=યતિનો શુભયોગ શુદ્ધ છે અને શ્રાવકનો શુભયોગ અશુદ્ધ છે એની, ઉપપત્તિ છે. એ પ્રમાણે ન્યાયમાર્ગ=યુક્તિમાર્ગ, છે. ।।૪૪।।

ભાવાર્થ :-

યતિમાં અને ગૃહસ્થમાં જે શુભયોગ વર્તે છે, તે શુભયોગ સામાન્ય છે અને તે શુભયોગથી જન્ય એવું મોક્ષને અનુકૂળ કલ્યાણ પેદા થાય છે, તેથી તે શુભયોગસામાન્યજન્યકલ્યાણ છે, અને તે કલ્યાણમાં શુભયોગસામાન્યજન્યતા છે. અને શુભયોગસામાન્યજન્યતાનો અવચ્છેદક કલ્યાણત્વ છે, અને શુભયોગસામાન્યજન્યતાવચ્છેદકકલ્યાણત્વ એ કલ્યાણરૂપ ફળમાં રહેનારી જાતિ છે. અને શુભયોગસામાન્ય-

જન્યતાવચ્છેદકફલવૃત્તિ જે કલ્યાણત્વ જાતિ છે, તેની વ્યાપ્ય જાતિ બે છે – (૧) શુભઆશ્રવત્વ અને (૨) નિર્જરાત્વ; કેમ કે શુભયોગથી શુભાશ્રવ અને નિર્જરારૂપ કલ્યાણ પેદા થાય છે. તેથી કલ્યાણત્વની વ્યાપ્ય જાતિ – (૧) શુભાશ્રવત્વ અને (૨) નિર્જરાત્વ છે, અને તે જાતિથી અવચ્છિન્ન શુભાશ્રવ અને નિર્જરારૂપ બે પૃથક્ કાર્યો છે. તેથી શુભાશ્રવત્વજાત્યવચ્છિન્ન કાર્ય પ્રતિ સાભિષ્વંગ શુભયોગનું હેતુપણું છે, અને નિર્જરાત્વજાત્યવચ્છિન્ન કાર્ય પ્રતિ નિરભિષ્વંગ શુભયોગનું હેતુપણું છે. એથી કરીને આની=અશુદ્ધ એવા શુભયોગની અને શુદ્ધ એવા શુભયોગની, ઉપપત્તિ છે, એ પ્રમાણે ન્યાયમાર્ગ છે.

આશય એ છે કે, સાભિષ્વંગ ચિત્તવાળા શ્રાવકો જ્યારે દ્રવ્યસ્તવ કરે છે, ત્યારે મુખ્યરૂપે પુણ્યાનુબંધીપુણ્ય બાંધે છે અને ગૌણરૂપે નિર્જરા થાય છે. જ્યારે નિરભિષ્વંગ ચિત્તવાળા યતિઓ ભગવાનના ગુણકીર્તનરૂપ શુભયોગમાં વર્તે છે, ત્યારે મુખ્યત્વે નિર્જરા થાય છે, અને કાંઈક પ્રશસ્ત કષાય ત્યાં હોય છે તેથી ગૌણરૂપે પુણ્યાનુબંધીપુણ્યબંધ થાય છે, તેથી એ પ્રાપ્ત થાય છે કે, શ્રાવકોનું ચિત્ત દ્રવ્યસ્તવ કરતી વખતે અભિષ્વંગવાળું હોવાથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, તેથી તેમનો શુભયોગ અશુદ્ધ છે; અને યતિનો શુભયોગ મુખ્યરૂપે નિર્જરારૂપ કાર્ય કરે છે તેથી યતિનો શુભયોગ શુદ્ધ છે.

અથવા

શુભયોગસામાન્યજન્યતાવચ્છેદકફલવૃત્તિ જે કલ્યાણત્વ જાતિ છે, તેની વ્યાપ્ત જાતિ બે છે – (૧) અભ્યુદયત્વ અને (૨) નિઃશ્રેયસત્વ. અને તે જાતિથી અવચ્છિન્ન અભ્યુદય અને નિઃશ્રેયસરૂપ બે પૃથક્ કાર્યો થાય છે. તેથી અભ્યુદયત્વજાત્યવચ્છિન્ન કાર્ય પ્રતિ સાભિષ્વંગ શુભયોગનું હેતુપણું છે અને નિઃશ્રેયસત્વજાત્યવચ્છિન્ન કાર્ય પ્રતિ નિરભિષ્વંગ શુભયોગનું હેતુપણું છે. એથી કરીને અશુદ્ધ એવા શુભયોગની અને શુદ્ધ એવા શુભયોગની ઉપપત્તિ છે, એ પ્રમાણે ન્યાયમાર્ગ છે.

આશય એ છે કે, સાભિષ્વંગ ચિત્તવાળા શ્રાવકો જ્યારે દ્રવ્યસ્તવ કરે છે, ત્યારે તેમના એ શુભયોગથી શુભાશ્રવ દ્વારા અભ્યુદય=સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે; અને નિરભિષ્વંગ ચિત્તવાળા યતિઓ જ્યારે ભગવાનના ગુણકીર્તનરૂપ શુભયોગમાં પ્રવર્તે છે, ત્યારે તેમના એ શુભયોગથી નિર્જરા દ્વારા નિઃશ્રેયસની=મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવકનો એ શુભયોગ પુણ્યાનુબંધીપુણ્યના અર્જન દ્વારા સુગત્યાદિની પ્રાપ્તિ કરાવે છે, જ્યારે યતિના એ શુભયોગથી મુખ્યત્વે નિર્જરા થાય છે, અને નિર્જરા દ્વારા તેનાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

યદ્યપિ સરાગ સંયમને રાગાંશની મુખ્યતાએ સ્વર્ગનું કારણ કહેલ છે, તોપણ તે વિવક્ષા સરાગ સંયમ અને વીતરાગ સંયમને સામે રાખીને કરેલ છે. પરંતુ જ્યારે સાધુ અને શ્રાવકના શુભયોગની તુલના કરવામાં આવે, ત્યારે શ્રાવકનું ચિત્ત બાહ્ય પદાર્થમાં અભિષ્વંગવાળું છે જ્યારે યતિનું ચિત્ત નિરભિષ્વંગ છે, તે અપેક્ષાએ સરાગ સંયમવાળા યતિઓ પણ મુખ્યરૂપે નિર્જરા કરે છે તેમ કહેવાય છે. અને વીતરાગ સંયમવાળા યતિઓ અને સરાગ સંયમવાળા યતિઓ એ બેની અપેક્ષાએ વિચારણા કરવામાં આવે ત્યારે, સરાગ સંયમવાળા યતિને સંયમ પ્રત્યેનો પ્રશસ્ત રાગ વર્તતો હોવાથી પુણ્યાનુબંધીપુણ્યનું કારણ બને છે, પરંતુ શ્રાવકના શુભયોગ કરતાં સરાગ સંયમવાળા યતિના શુભયોગમાં નિર્જરાનો યોગ પ્રધાન છે. ॥૪૪॥

અવતરણિકા :-

उदाहरणेनोक्तस्वरूपव्यक्तिमाह –

અવતરણિકાર્થ :-

ઉદાહરણ દ્વારા ઉક્ત સ્વરૂપની વ્યક્તિ=અભિવ્યક્તિ, કહે છે અર્થાત્ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં જે અશુદ્ધ યોગરૂપ અને શુદ્ધ યોગરૂપ ભેદ છે, તે રૂપ ઉક્ત સ્વરૂપની અભિવ્યક્તિને કહે છે –

ગાથા :-

"असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थवोऽसमत्थो उ ।
णईमाइसु इयरो पुण समत्थबाहुत्तरणकप्पो" ।।४५।।

ગાથાર્થ :-

નદી આદિ સ્થાનોમાં અશુભતરંડઉત્તરણપ્રાયઃ=કાંટાથી યુક્ત શાલ્મલીના લાકડામાંથી બનાવેલ તરાપાથી ઊતરવા સમાન, દ્રવ્યસ્તવ છે અને અસમર્થ છે. ઈતર=ભાવસ્તવ, વળી સમર્થ બાહુથી ઊતરવા સમાન છે. ।।૪૫।।

ટીકા :-

अशुभतरण्डोत्तरणप्रायः कण्टकानुगतशाल्मलीतरण्डोत्तरणतुल्यो द्रव्यस्तवः सापायत्वाद-समर्थश्च, तत एव सिद्ध्यसिद्धेर्नद्यादिषु स्थानेषु इतरः पुनर्भावस्तवः समर्थबाहूत्तरणकल्पस्तत एव मुक्तेः ।।४५।।

ટીકાર્થ :-

अशुभतरण्डोत्तरणप्रायः ..... मुक्तेः ।। નદી વગેરે સ્થાનોમાં અશુભતરંડઉત્તરણપ્રાયઃ=કાંટાથી યુક્ત શાલ્મલી વૃક્ષના લાકડામાંથી બનાવેલ તરાપાથી ઊતરવા સમાન, દ્રવ્યસ્તવ છે; કેમ કે સાપાયપણું છે. વળી, તે અસમર્થ છે; કેમ કે તેનાથી જ=દ્રવ્યસ્તવથી જ, સિદ્ધિની અસિદ્ધિ છે. વળી ઈતર=ભાવસ્તવ, સમર્થ બાહુથી ઊતરવા સમાન છે; કેમ કે તેનાથી જ=ભાવસ્તવથી જ, મુક્તિ છે. ।।૪૫।।

ભાવાર્થ :-

નદી વગેરે સ્થાનોમાં કાંટાથી યુક્ત શાલ્મલી વૃક્ષના લાકડામાંથી બનાવેલ હોડીથી ઊતરવા સમાન દ્રવ્યસ્તવ છે; કેમ કે સાપાયપણું છે અર્થાત્ દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધીપુણ્યનું અર્જન થાય છે અને તેનાથી ઉત્તમ કોટિની સામગ્રીથી સંપન્ન અને ધર્મની સામગ્રીથી સંપન્ન પણ પુનર્જન્મની પ્રાપ્તિરૂપ અપાય પ્રાપ્ત થાય છે. તેથી દ્રવ્યસ્તવ સંસારસાગરને તરવાનું સાધન હોવા છતાં કંટકસ્થાનીય નવા કર્મની પ્રાપ્તિ દ્વારા પુનર્જન્મની પ્રાપ્તિ કરાવે છે. વળી દ્રવ્યસ્તવ સંસારસાગર તરવા માટે અસમર્થ છે; કેમ કે તેનાથી જ સિદ્ધિની અસિદ્ધિ છે.

યદ્યપિ દ્રવ્યસ્તવ સંસારસાગરથી તરવા માટે કંટકયુક્ત તરાપા જેવું છે, તોપણ તે સ્વતઃ અસમર્થ છે તેથી જ દ્રવ્યસ્તવથી સાક્ષાત્ સિદ્ધિની અસિદ્ધિ છે. છતાં જેમ નદી આદિમાં ડૂબતાને નાની હોડી કંટકયુક્ત હોય તોપણ રક્ષણ આપી શકે છે અને તેથી રક્ષિત થયેલો તે જીવ સામગ્રી મળતાં નદી આદિમાં તરી શકે છે, તેમ જીવને દ્રવ્યસ્તવથી સુગતિ આદિની પ્રાપ્તિ થાય છે અને સુગતિ આદિમાં જ્યારે સંયમની સામગ્રી મળે ત્યારે સંસારસાગરથી તરી પણ શકે છે. પરંતુ દ્રવ્યસ્તવથી સીધું કોઈ સંસારસાગરથી તરી શકતું નથી, તે અપેક્ષાએ દ્રવ્યસ્તવથી જ મોક્ષની અસિદ્ધિ છે, એમ કહેલ છે.

વળી, ભાવસ્તવ સમર્થ બાહુથી નદી આદિ સ્થાનોમાં ઉત્તરણ સમાન છે; કેમ કે ભાવસ્તવથી મુક્તિ થાય છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવમાં બાહ્ય સામગ્રીની અપેક્ષા રહે છે, તેથી તેને તરાપા તુલ્ય કહેલ છે. જ્યારે ભાવસ્તવમાં કોઈ બાહ્ય સામગ્રીની અપેક્ષા રહેતી નથી, તેથી બાહુથી નદી આદિ ઊતરવા સમાન ભાવસ્તવ કહેલ છે. વળી, દ્રવ્યસ્તવને અસમર્થ કહ્યું; કેમ કે મુખ્યરૂપે તે પુણ્યાનુબંધીપુણ્યનું કારણ છે. જ્યારે ભાવસ્તવને સમર્થ કહ્યું; કેમ કે મુખ્યરૂપે તે નિર્જરાનું કારણ છે. આથી કરીને જ ભાવસ્તવથી મુક્તિની સિદ્ધિ છે; કેમ કે મોક્ષ પ્રત્યે નિર્જરા જ પરમાર્થથી હેતુ છે. ॥૪૫॥

❖ અહીં જીવનો અભિષ્વંગપરિણામ એ કંટકસ્થાનીય છે, કાંટા લાગે તે કર્મબંધસ્થાનીય છે અને તેનાથી પીડા-જન્માદિની પ્રાપ્તિ થાય છે, તે અપાયસ્થાનીય છે.

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૪૫માં દ્રવ્યસ્તવને અસમર્થ કહ્યો અને ભાવસ્તવને સમર્થ કહ્યો. અપેક્ષાએ એ યથાર્થ છે, છતાં અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ પણ મોક્ષ અર્થે જ કરાય છે, અને તે મોક્ષનું કારણ ન હોય=મોક્ષ માટે અસમર્થ હોય તો તેમાં પ્રવૃત્તિ સંગત ન કહેવાય. તેથી બીજી દૃષ્ટિને સામે રાખીને બીજા ઉદાહરણ દ્વારા દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો ભેદ બતાવે છે –

ગાથા :-

"कडुओसहाइजोगा मंथररोगसमसंणिहो वावि ।
पढमो विणोसहेणं तक्खयतुल्लो अ बीओ उ" ।।४६।।

ગાથાર્થ :-

અથવા તો કટુ ઔષધાદિના યોગથી મંથર=વિલંબે રોગના ઉપશમ તુલ્ય પ્રથમ=દ્રવ્યસ્તવ છે, અને ઔષધ વિના તેના ક્ષયતુલ્ય=રોગના ક્ષય સમાન, દ્વિતીય=ભાવસ્તવ છે. ॥૪૬॥

❖ મૂળ ગાથામાં 'વાવિ=વાડપિ' શબ્દ પૂર્વે ગાથા-૪૫માં કહેલ ઉદાહરણના સમુચ્ચયાર્થે છે.

ટીકા :-

कटुकौषधादियोगात् मन्थररोगशमसंनिभो वाऽपि=विलम्बितरोगोपशमतुल्यो, वाऽपि प्रथमो= द्रव्यस्तवः, विनौषधेन स्वत एव तत्क्षयतुल्यश्च=रोगक्षयकल्पश्च द्वितीयो=भावस्तव इति ।।४६।।

ટીકાર્થ :-

कटुकौषधादियोगात् ..... इति ।। અથવા તો કડવા ઔષધાદિના યોગથી મન્થર રોગના શમ સમાન=વિલંબે રોગના ઉપશમ સમાન, પ્રથમ=દ્રવ્યસ્તવ છે અને ઔષધ વિના સ્વતઃ જ તેના ક્ષયતુલ્ય= રોગના ક્ષયતુલ્ય, દ્વિતીય=ભાવસ્તવ છે. ॥૪૬॥

❖ ટીકાના અંતે 'इति' શબ્દ છે, તે કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

જેમ અતિરોગીને કટુક ઔષધ આપીને તેનો રોગ શમાવી શકાય છે, પણ તેનો રોગ ધીરે ધીરે શમે છે; તેમ દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધીપુણ્યરૂપ કટુક ઔષધનો યોગ થાય છે અને તેનાથી ધીરે ધીરે ભાવરોગ શમે છે. જ્યારે ભાવસ્તવ દ્વારા સીધી નિર્જરા થવાને કારણે ઔષધ વગર રોગના ક્ષયતુલ્ય તે છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવ કરનાર ગૃહસ્થ ભાવથી ઘણો રોગી છે, તોપણ દ્રવ્યસ્તવ કરીને ધીરે ધીરે ભાવરોગને તે મટાડે છે, તેથી રોગ મટાડવાની ક્રિયા ધીમી હોવાથી વિલંબથી તેને આરોગ્યની પ્રાપ્તિ થાય છે; જ્યારે ભાવસ્તવમાં ક્યાંય અભિષ્વંગ નહિ હોવાથી રોગને શીઘ્ર મટાડી શકે છે, તેથી ભાવસ્તવ કરનાર વ્યક્તિને શીઘ્ર ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે.

વળી, આ દ્રવ્યસ્તવ દ્વારા જે પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય છે, તે ભાવરોગને મટાડવા માટે ઔષધ તુલ્ય છે; કેમ કે દ્રવ્યસ્તવ કરીને જે શ્રાવકો દેવગતિમાં જાય છે, ત્યાં પણ ભાવરોગને મટાડતા જ હોય છે. તેથી પુણ્યાનુબંધીપુણ્યનો ઉદય જેમ સુગતિમાં જન્મ પમાડે છે, તેમ રોગ મટાડવાનું પણ કાર્ય કરે છે. **॥૪૬॥**

❖ અહીં પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી મળેલો જન્મ રોગ મટાડવાનું કાર્ય કરે છે, તેથી તે ઔષધતુલ્ય છે; અને પુનર્જન્મની પ્રાપ્તિ એ જીવની વિડંબણા છે, તેથી તે કટુકસ્થાનીય છે.

❖ પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી માત્ર દેવત્વ-મનુજત્વ નથી મળતું, પરંતુ સુદેવત્વ-સુમનુજત્વ મળે છે અને તે ભાવરોગને મટાડવાનું કારણ બને છે. તેથી દ્રવ્યસ્તવને કટુક ઔષધતુલ્ય કહેલ છે.

અવતરણિકા :-

अनयोः फलमाह –

અવતરણિકાર્થ :-

આ બેના=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના, ફલને કહે છે –

ગાથા :-

"पढमाउ कुसलबंधो तस्स विवागेण सुगइमाईया ।
तत्तो परंपराए बिइओ विय होइ कालेणं" ।।४७।।

ગાથાર્થ :-

પ્રથમથી=દ્રવ્યસ્તવથી, કુશલનો બંધ થાય છે, તેના=કુશલબંધના, વિપાકને કારણે સુગતિ આદિની પ્રાપ્તિ થાય છે. તેનાથી=દ્રવ્યસ્તવથી, પરંપરાએ કાળે કરીને બીજો પણ=ભાવસ્તવ પણ, થાય છે. ।।૪૭।।

ટીકા :-

प्रथमाद्=द्रव्यस्तवात् कुशलबन्धो भवति सरागयोगात्, तस्य कुशलबन्धस्य विपाकेन हेतुना सुगत्यादयः=सुगतिसंपद्विवेकप्रभृतयः, ततो=द्रव्यस्तवात्, परम्परया द्वितीयोऽपि भावस्तवो भवति, कालेनाभ्यासतः ।।४७।।

ટીકાર્થ :-

प्रथमाद् ..... कालेनाभ्यासतः ।। સરાગના યોગને કારણે પ્રથમથી=દ્રવ્યસ્તવથી, કુશલબંધ=પુણ્યાનુબંધીપુણ્યબંધ, થાય છે. તેના=કુશલબંધના વિપાકરૂપ કારણ વડે સુગતિ આદિ=સુગતિની પ્રાપ્તિ અને વિવેક વગેરે, પ્રાપ્ત થાય છે. તેનાથી=દ્રવ્યસ્તવથી, પરંપરાએ અભ્યાસ દ્વારા કાળે કરીને બીજો પણ=ભાવસ્તવ થાય છે. ।।૪૭।।

❖ सुगत्यादयः - અહીં 'आदि'થી 'विवेकप्रभृतयः'નું ગ્રહણ થાય છે અને 'विवेकप्रभृतयः'માં 'प्रभृतयः'થી ભગવદ્ભક્તિ, ઉચિત પ્રવૃત્તિ વગેરેનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્રાવક સંપૂર્ણ નિરભિષ્વંગ ચિત્તવાળો નથી=સંસારનાં ભૌતિક પદાર્થમાં રાગરહિત ચિત્તવાળો નથી. આમ છતાં મોક્ષનો અર્થી છે અને મોક્ષનો ઉપાય નિરભિષ્વંગ ચિત્ત છે એમ તે જાણે છે, તેથી નિરભિષ્વંગ ચિત્ત પ્રત્યે તેને હૈયામાં અનહદ રાગ હોય છે. આથી જ ભગવાનની પૂજાના કાળમાં ભગવાનના વીતરાગાદિ ભાવો પ્રત્યે તેને અત્યંત રાગ વર્તે છે અને તે રાગના કારણે ઉત્તમ સામગ્રીથી ભગવાનની પૂજા કરે છે. અને ભગવાન પ્રત્યેના રાગના પરિણામને કારણે શ્રાવકને દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધીપુણ્યરૂપ કુશલનો બંધ થાય છે અને તે કર્મના વિપાકથી સુગતિની પ્રાપ્તિ થાય છે અને સુગતિમાં તેને વિવેક વગેરે ગુણો પણ પ્રગટે છે. આથી જ ભગવાનની ભક્તિ કરીને સુગતિમાં ગયેલો શ્રાવક, ત્યાં પણ ભગવાનની ભક્તિ, ભગવાનની દેશનાનું શ્રવણ, સુસાધુઓની ભક્તિ વગેરે ઉત્તમ કૃત્યો પ્રત્યે અત્યંત રુચિવાળો હોય છે. તેથી જ જન્માંતરમાં તેવા શ્રાવકને જ્યારે મનુષ્યભવ મળે છે, ત્યારે સંયમ પ્રત્યેના અનહદ રાગને કારણે ભાવસ્તવની તેને પ્રાપ્તિ પણ થાય છે. આમ છતાં, દ્રવ્યસ્તવથી ભાવસ્તવની પ્રાપ્તિ તરત થતી નથી, પરંતુ બહુધા દ્રવ્યસ્તવ સેવી સેવીને, ગુણવાનની ભક્તિ કરી કરીને, કાંઈક કાંઈક અંશોથી નિરભિષ્વંગ ચિત્તનો અભ્યાસ કરવાથી કેટલોક કાળ પસાર થાય ત્યારે નિરભિષ્વંગ ચિત્તરૂપ ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવકાળમાં શ્રાવક સંયમ પ્રત્યેના રાગની બુદ્ધિવાળો બનતો જાય છે, તેથી જ

પૂર્વમાં તેને ભોગો પ્રત્યે જે અભિષ્વંગ=રાગ છે, તે દ્રવ્યસ્તવ કરતાં કરતાં ઘટતો જાય છે, અને દેવભવમાં જઈને પણ ભગવદ્ભક્તિ, ભગવાનની દેશનાનું શ્રવણ ઇત્યાદિ ઉત્તમ કૃત્યો દ્વારા ભોગનો અભિષ્વંગ ઘટે છે. આથી જ આવો જીવ જ્યારે મનુષ્યભવ પામે છે, ત્યારે દ્રવ્યસ્તવ દ્વારા કરાયેલો જે અભ્યાસ તેના બળથી સંયમને પામે છે, તે ભાવસ્તવની પ્રાપ્તિરૂપ છે. **॥૪૭॥**

અવતરણિકા :-

વિશેષત इदमेवाह –

અવતરણિકાર્થ :-

વિશેષથી આને જ=પૂર્વે ગાથા-૪૭માં કહ્યું કે, દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધીપુણ્યબંધ અને તેનાથી સુગતિ વગેરેની પ્રાપ્તિ અને પરંપરાએ ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે, એને જ, કહે છે –

❖ પ્રસ્તુત ગાથા-૪૮ની અવતરણિકાનો સંબંધ ગાથા-૫૦ સુધી છે.

ગાથા :-

"जिणबिंबपइट्ठावणभावज्जिअकम्मपरिणइवसेणं ।
सुग्गइपइट्ठावणमणघं सइ अप्पणो जम्हा" ।।४८।।

ગાથાર્થ :-

જે કારણથી જિનબિંબના પ્રતિષ્ઠાપનના ભાવથી અર્જિત=પેદા થયેલ કર્મપરિણતિના વશથી, સદા=હંમેશાં અનઘ=નિર્દોષ, એવું સુગતિમાં પ્રતિષ્ઠાપન થાય છે. ॥૪૮॥

ટીકા :-

जिनबिम्बप्रतिष्ठापनभावार्जितकर्मपरिणतिवशेन स्वेतरसकलकारणमेलनसामर्थ्येन सुगतौ प्रतिष्ठापनमनघं सदात्मनो यस्मात्कारणात् ।।४८।।

ટીકાર્થ :-

जिनबिम्ब ..... यस्मात्कारणात् ।। જે કારણથી સ્વેતર=જિનબિંબના પ્રતિષ્ઠાપનના ભાવથી અર્જિત કર્મથી ઈતર, સકલ કારણોના મેલનના સામર્થ્યવાળી એવી, જિનબિંબના પ્રતિષ્ઠાપનના ભાવથી અર્જિત થયેલી કર્મપરિણતિના વશથી, સદા આત્માનું અનઘ=નિર્દોષ એવું સુગતિમાં પ્રતિષ્ઠાપન થાય છે. ॥૪૮॥

❖ અહીં મૂળ ગાથા-૪૮માં 'जम्हा' અને ટીકામાં 'यस्मात् कारणात्' કહ્યું, તેનો સંબંધ પૂર્વે ગાથા-૪૭માં જે કથન કહ્યું, તેની સાથે છે. તે આ રીતે –

જે કારણથી સદા આત્માનું અનઘ સુગતિમાં પ્રતિષ્ઠાપન થાય છે, અને આગળની ગાથા-૪૯-૫૦માં

બતાવવામાં આવશે તે થાય છે, તે કારણથી, દ્રવ્યસ્તવથી કુશલનો બંધ અને તેના વિપાકથી સુગતિ વગેરેની પ્રાપ્તિ અને પરંપરાએ ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે. એમ ગાથા-૪૭માં કહ્યું, તેની સાથે અન્વય છે.

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથામાં કહેલ જિનબિંબના પ્રતિષ્ઠાપનનો ભાવ એ છે કે, "આ ભગવાન લોકોત્તમ પુરુષ છે અને સન્માર્ગના દાતા છે, તેથી જ મને તેમના પ્રત્યે અત્યંત ભક્તિનો ભાવ થાય છે. માટે તેમના બિંબની પ્રતિષ્ઠા કરીને હું મારા આત્માને કૃતાર્થ કરું" આ પ્રકારનો ભાવ થાય છે, તે પ્રશસ્ત કોટિના ભગવાનના ગુણોના રાગ સ્વરૂપ છે. તેથી તે ભાવથી પેદા થયેલ કર્મની પરિણતિના વશથી જીવ સુગતિ આદિને પ્રાપ્ત કરે છે અને તે સુગતિમાં સદા આત્માનું પ્રતિષ્ઠાપન થાય છે તે પાપરહિત છે; કેમ કે પુણ્યાનુબંધીપુણ્યથી પ્રાપ્ત થયેલ સુગતિમાં પ્રતિષ્ઠાપન વિવેક વગેરેથી સંપન્ન હોય છે, માટે જ તે અનઘ=નિર્દોષ, છે.

અહીં પ્રશ્ન થાય કે, ફક્ત પ્રતિષ્ઠાના ભાવથી બંધાયેલા કર્મની પરિણતિના વશથી સુગતિ વગેરેની પ્રાપ્તિરૂપ સર્વ કાર્ય કઈ રીતે થઈ શકે ? કેમ કે યાવત્ કારણોના ભેગા થવાથી જ કાર્ય નિષ્પન્ન થઈ શકે છે. તેથી કહે છે –

જિનબિંબના પ્રતિષ્ઠાપનના ભાવથી અર્જિત કર્મની પરિણતિ, સ્વેતર=કર્મથી ઈતર, સકલ કારણના મેલનના સામર્થ્યવાળી છે, અને આથી જ તે સર્વ કારણ સામગ્રીથી જીવનું સુગતિમાં અનઘ પ્રતિષ્ઠાપન થાય છે.

અહીં વિશેષ એ છે કે, જીવ જ્યારે સુગતિમાં જાય છે, તે સુગતિની પ્રાપ્તિ પણ સંપૂર્ણ દોષરહિત ત્યારે જ કહેવાય, કે સંસારમાં બધી જાતની ભૌતિક, શારીરિક અને સાંયોગિક અનુકૂળતા હોય, અને તે સુગતિનો ભવ વિવેકથી ભરપૂર હોય. અને આવા પ્રકારના ભવની પ્રાપ્તિમાં કારણ જિનબિંબની પ્રતિષ્ઠા કરવાના ભાવોથી અર્જિત પુણ્યાનુબંધીપુણ્ય છે, અને તે પુણ્યાનુબંધીપુણ્ય એવા વિશિષ્ટ સામર્થ્યવાળું છે કે, તે અન્ય ભવમાં બધાં જ કારણો ભેગાં કરાવી આપે છે. તેથી તે સદ્ગતિ સંપૂર્ણ નિર્દોષ હોય છે અને આવી નિર્દોષ સદ્ગતિ હંમેશાં ઉત્તર ઉત્તર ગુણની વૃદ્ધિ દ્વારા ભાવસ્તવનું કારણ બને છે. **॥૪૮॥**

અવતરણિકા :-

તથા ચાહ –

અવતરણિકાર્થ :-

અને તે પ્રકારે કહે છે અર્થાત્ જિનબિંબની પ્રતિષ્ઠાથી અર્જિત કર્મ કઈ રીતે ઈતર સકલ કારણ મેળવી આપે છે અને તેનાથી કલ્યાણની પરંપરાનું કારણ બને એવો અનઘ=નિર્દોષ, જન્મ પ્રાપ્ત થાય છે. તે પ્રકારે ગાથા-૪૯-૫૦માં કહે છે –

ગાથા :-

"तत्थ वि य साहुदंसणभावज्जियकम्मओ उ गुणरागो ।
काले य साहुदंसणं जहक्कमेणं गुणकरं नु" ।।४९।।

ગાથાર્થ :-

અને સાધુદર્શનના ભાવથી અર્જિત થયેલ કર્મથી ત્યાં પણ=સુગતિમાં પણ, ગુણરાગ થાય છે, અને કાળે યથાક્રમથી ગુણકર એવું સાધુદર્શન થાય છે. ॥૪૯॥

ટીકા :-

तत्रापि च सुगतौ साधुदर्शनभावार्जितकर्मणस्तु सकाशाद् गुणरागो भवति काले च साधुदर्शनं जायते यथाक्रमेण गुणकरं तत एव ।।४९।।

ટીકાર્થ :-

तत्रापि ..... एव ।। અને ત્યાં પણ=સુગતિમાં પણ, સાધુદર્શનના ભાવથી અર્જિત કર્મથી ગુણરાગ થાય છે, અને તેનાથી જ કાળે યથાક્રમથી ગુણકર એવું સાધુનું દર્શન થાય છે. ॥૪૯॥

ભાવાર્થ :-

જિનબિંબની પ્રતિષ્ઠા કરાવતી વખતે વિવેકસંપન્ન શ્રાવક એ ભાવ કરે છે કે, "આ જિનમંદિરનું નિર્માણ કર્યા પછી તેમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરવાથી મહાત્માઓ તેના દર્શન માટે આવશે અને સાધુના દર્શનથી મને વિશેષ પ્રકારના તત્ત્વમાર્ગની પ્રાપ્તિ થશે." આવા પ્રકારના સાધુના દર્શનના ભાવથી અર્જિત કર્મને કારણે શ્રાવકને સુગતિમાં ગયા પછી પણ ગુણનો રાગ પ્રગટે છે; કેમ કે સાધુદર્શનનો અધ્યવસાય એ ગુણના રાગમાંથી ઊઠેલો ભાવ છે, તેથી તે કર્મ જ્યારે વિપાકને પામે છે ત્યારે ગુણરાગને પ્રગટાવે છે, અને ગુણરાગને કારણે જ યથાક્રમથી ગુણકર એવું કાળે કરીને સાધુનું દર્શન થાય છે.

સુગતિમાં જન્મ પામ્યા પછી જોકે તે જીવ પ્રકૃતિથી જ ગુણરાગવાળો હોય છે, છતાં સાધુનું દર્શન સુગતિમાં જન્મતાંની સાથે જ થાય એવું નથી; પરંતુ સાધુદર્શનનું ફળ મળી શકે તેવો ઉચિત કાળ જ્યારે પ્રાપ્ત થાય, ત્યારે સાધુનું દર્શન થાય છે, અને તે સાધુનું દર્શન યથાક્રમથી ગુણકર છે અર્થાત્ સાધુનું દર્શન થવાથી રોજ તેમની પાસે ધર્મશ્રવણ કરતાં કરતાં ગુણોની વૃદ્ધિ થાય છે, યાવત્ ધીરે ધીરે સંયમનો પરિણામ પણ થાય છે. આ સર્વ ફળ પૂર્વમાં કરાયેલ જિનભવનના પ્રતિષ્ઠાપનનું જ છે. **॥૪૯॥**

ગાથા :-

"पडिबुज्झिस्संतऽण्णे भावज्जियकम्मओ उ पडिवत्ती ।
भावचरणस्स जायइ एयं चिय संजमो सुद्धो" ।।५०।।

ગાથાર્થ :-

અન્ય પ્રાણીઓ=અન્ય જીવો, પ્રતિબોધને પામશે, એ પ્રમાણે ભાવથી અર્જિત કર્મથી, ભાવચરણની પ્રતિપત્તિ થાય છે. એ જ=ભાવચરણ જ, શુદ્ધ સંયમ છે. ॥૫૦॥

ટીકા :-

प्रतिभोत्स्यन्तेऽन्ये प्राणिन इति भावार्जितकर्मणस्तु सकाशात्प्रतिपत्तिर्भावचरणस्य मोक्षैक-हेतोरुपजायते, तदेव भावचरणं संयमः शुद्धः इति ।।५०।।

ટીકાર્થ :-

प्रतिभोत्स्यन्तेऽन्ये ..... इति ।। અન્ય પ્રાણીઓ=અન્ય જીવો, પ્રતિબોધને પામશે, એ પ્રમાણે ભાવથી અર્જિત કર્મના કારણે મોક્ષૈકહેતુ એવા=મોક્ષના એક કારણ એવા, ભાવચરણની પ્રતિપત્તિ=પ્રાપ્તિ, થાય છે, અને તે જ=એ જ, ભાવચરણ શુદ્ધ સંયમ છે. ।।૫૦।।

❖ મૂળ ગાથા-૫૦માં 'एवं चिय' છે, તે જ ટીકામાં 'तदेव'થી કહેલ છે, અને પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૧૫૯માં एवं चिय=एतदेव એ પ્રમાણે ટીકામાં કહેલ છે.

ગાથા-૪૮માં કહેલ 'यस्मात्'નો અન્વય ગાથા-૫૦ સુધીના કથન સાથે છે, એનાથી એ સિદ્ધ થાય છે કે, સમ્યગ્ ભાવપૂર્વકની કરાયેલી જિનબિંબની પ્રતિષ્ઠા દ્વારા સુગતિઓની પ્રાપ્તિ દ્વારા યાવત્ ભાવચરણરૂપ શુદ્ધ સંયમની પ્રાપ્તિ થાય છે અને ભાવચરણરૂપ શુદ્ધ સંયમ એ મુક્તિનું કારણ બને છે.

ભાવાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક સંયમનો તીવ્ર અર્થી હોય છે, તેથી પ્રતિષ્ઠાકાળમાં તેને પરિણામ થાય છે કે, આ ભગવાનનાં દર્શનથી અનેક જીવો પ્રતિબોધને પામશે અને ક્રમે કરીને સંસારસાગરના પારને પામશે. તેથી એ પ્રકારના તીવ્ર પ્રશસ્ત અધ્યવસાયથી બંધાયેલું કર્મ તેને ભાવચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે પુણ્યાનુબંધીપુણ્ય હંમેશાં ક્ષયોપશમભાવથી અનુવિદ્ધ હોય છે; જે ભાવચારિત્રના રાગથી સંવલિત એવા અધ્યવસાયથી બંધાયેલું હોય છે, અને તેથી તે વિપાકમાં આવે છે ત્યારે, ચારિત્રની પ્રાપ્તિના કારણભૂત બાહ્યસામગ્રીનું મેલન થાય છે અને સાથે સંયમનો રાગ ઉલ્લસિત થાય છે, તેથી તે અધ્યવસાય ભાવચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે અને એ જ ભાવચારિત્રની પ્રાપ્તિ શુદ્ધ સંયમ છે.

ગાથા-૪૭થી ૫૦નો સારાંશ - દ્રવ્યસ્તવથી પ્રાપ્ત થતું ફળ :-

વૈભવસંપન્ન શ્રાવક જિનબિંબની પ્રતિષ્ઠા કરાવે છે તે વખતે તેને મુખ્ય ત્રણ પ્રકારના અધ્યવસાયો હોય છે અને તેનું કાર્ય ગાથા-૪૭થી ૫૦માં બતાવ્યું છે, તે આ પ્રમાણે –

(૧) જિનબિંબની પ્રતિષ્ઠા કરતી વખતે, આ જિનમંદિરમાં હું લોકોત્તમ એવા તીર્થંકરની પ્રતિમાને સ્થાપન કરું એવો શુભ અધ્યવસાય હોય છે, જેનાથી બંધાયેલું પુણ્ય પોતાને સુગતિમાં સ્થાપન કરવાનું કારણ બને છે, અને આ અધ્યવસાય આ લોક કે પરલોકની આશંસાથી રહિત માત્ર ભગવાનના ગુણોના રાગથી હોવાને કારણે એકાંતે વિશુદ્ધ હોવાથી પોતાને જે સુગતિની પ્રાપ્તિ થાય છે, તે સંપૂર્ણ નિર્દોષ હોય છે.

(૨) જિનબિંબની પ્રતિષ્ઠા કરતી વખતે બીજો અધ્યવસાય એ હોય છે કે, જિનમંદિરમાં જિનબિંબની પ્રતિષ્ઠા થવાથી ત્યાં ઉત્તમ એવા મહાત્માઓ દર્શન કરવા માટે આવશે, તેથી તે ઉત્તમ મહાત્માઓનાં દર્શન મને પણ પ્રાપ્ત થશે. આ પ્રકારનો શુભ અધ્યવસાય જિનબિંબની પ્રતિષ્ઠા વખતે હોય છે, જે ગુણરાગસ્વરૂપ છે, જેનાથી જન્માંતરમાં પોતાને ગુણવાન એવા સાધુનો યોગ થાય છે, એટલું જ નહિ પણ તે સાધુનું દર્શન ગુણપ્રાપ્તિનું કારણ પણ બને છે.

(૩) જિનબિંબની પ્રતિષ્ઠા કરતી વખતે શ્રાવકનો ત્રીજો અધ્યવસાય એ છે કે, અન્ય યોગ્ય જીવો આ જિનમંદિરમાં જિનબિંબને જોઈને પ્રતિબોધ પામશે અને તેના કારણે તેઓ આ સંસારસાગરથી તરશે. આ પ્રકારના અધ્યવસાયમાં બીજાને સંસારસાગરથી તરવાનો માર્ગ આપવાનો અધ્યવસાય હોય છે, અને તે અધ્યવસાયથી પોતાને બંધાયેલું પુણ્ય ભવિષ્યમાં શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે જગતના જીવોને તારવાનો અધ્યવસાય પોતાને તારવાનું કારણ બને છે. **॥૫૦॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૨માં બે પ્રકારનો સ્તવ છે તેમ કહેલ અને ત્યાર પછી તે બે પ્રકારના સ્તવમાંથી પ્રથમ એવા દ્રવ્યસ્તવનું અત્યાર સુધી નિરૂપણ કર્યું. હવે ભાવસ્તવ શું છે ? તે બતાવતાં કહે છે –

ગાથા :-

"भावत्थओ अ एसो थोअव्वोचियपवित्तिओ णेओ ।
निरविक्खाणाकरणं कयकिच्चे हंदि उचियं तु" ।।५१।।

ગાથાર્થ :-

અને સ્તોતવ્ય=સ્તુતિ કરવા યોગ્ય, એવા ભગવાનમાં ઉચિત પ્રવૃત્તિ હોવાથી ભાવસ્તવ આ=શુદ્ધ સંયમ છે.

તે જ વાત ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે –

નિરપેક્ષ આજ્ઞાકરણ જ કૃતકૃત્યમાં ઉચિત છે. ॥૫૧॥

❖ ગાથામાં 'હંદિ' શબ્દ છે, તે ઉપપ્રદર્શનાર્થે છે.

ટીકા :-

भावस्तवश्चैषः शुद्धसंयमः स्तोतव्योचितप्रवृत्तेः कारणात् ज्ञेयः, तथाहि-निरपेक्षाज्ञाकरणमेव कृतकृत्ये स्तोतव्ये हंदि उचितं, नान्यन्निरपेक्षत्वात् ।।५१।।

ટીકાર્થ :-

ભાવસ્તવ ..... જ્ઞેયઃ, સ્તોતવ્ય=સ્તુતિ કરવા યોગ્ય, એવા ભગવાનમાં ઉચિત પ્રવૃત્તિરૂપ કારણથી ભાવસ્તવ આ=શુદ્ધ સંયમ, છે.

સ્તોતવ્ય=સ્તુતિ કરવા યોગ્ય, એવા ભગવાનમાં ઉચિત પ્રવૃત્તિ કરવારૂપ ભાવસ્તવ શું છે ? તે જ વાત ગાથાના ઉત્તરાર્ધમાં કહી છે, તેને ટીકામાં 'तथाहि'થી કહે છે –

तथाहि – તે આ પ્રમાણે –

निरपेक्ष ..... निरपेक्षत्वात् ।। નિરપેક્ષ એવું આજ્ઞાકરણ જ કૃતકૃત્ય એવા સ્તોતવ્યમાં કરવું ઉચિત છે, અન્ય નહિ=બાહ્ય સામગ્રી આદિથી ભગવાનની પૂજા વગેરે કરવી એ રૂપ અન્ય નહિ; કેમ કે નિરપેક્ષપણું છે=લોકો પોતાની પૂજા કરે તે પ્રત્યે ભગવાનનું નિરપેક્ષપણું છે. ॥૫૧॥

ભાવાર્થ :-

કૃતકૃત્ય એવા ભગવાન સ્તોતવ્ય છે. તેથી કૃતકૃત્ય એવા સ્તોતવ્યમાં ઉચિત એ છે કે, સર્વ ભાવો પ્રત્યે નિરપેક્ષ બનવાની તેમની આજ્ઞાનું પાલન કરવું.

આશય એ છે કે, ભગવાન સ્વયં નિરપેક્ષ છે, તેમને પોતાની કોઈ પૂજા કરે તેવી અપેક્ષા નથી. તેથી ભગવાન નિરપેક્ષ હોવાથી બધા જીવોને નિરપેક્ષ થવાની જ આજ્ઞા બતાવે છે=બાહ્ય પદાર્થોની અપેક્ષા રાખીને આનંદ લેવાની વૃત્તિના ત્યાગનો ઉપદેશ આપે છે, કેમ કે બાહ્ય ભાવો પ્રત્યે નિરપેક્ષ થવું એ જ ભગવાનતુલ્ય થવાનો ઉપાય છે. તેથી નિરપેક્ષ થવાની ભગવાનની આજ્ઞાનું કરણ=આજ્ઞાનું પાલન કરવું, એ જ કૃતકૃત્ય એવા ભગવાનમાં ઉચિત છે, અન્ય નહિ=બાહ્ય સામગ્રી આદિથી ભગવાનની પૂજા કરવી એ સર્વ અન્ય ઉચિત નથી; કેમ કે ભગવાન નિરપેક્ષ છે અર્થાત્ ભગવાનને પોતાની પૂજા વગેરેની કોઈ અપેક્ષા નથી.

યદ્યપિ શ્રાવકને પ્રાથમિક ભૂમિકામાં દ્રવ્યસ્તવ કરવું ઉચિત છે; કેમ કે જેઓ નિરપેક્ષ આજ્ઞાના પાલનમાં અસમર્થ છે, તેઓ નિરપેક્ષ આજ્ઞાપાલનના ઉપાયભૂત એવું દ્રવ્યસ્તવ કરે તે ઉચિત છે. પરંતુ જેઓ નિરપેક્ષ આજ્ઞાપાલનમાં સમર્થ છે, તેઓના માટે તો નિરપેક્ષ થવાની ભગવાનની આજ્ઞાનું પાલન કરવું એ જ ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે, ભગવાન કૃતકૃત્ય છે, તેથી તેમની કોઈ પૂજા કરે એવી પણ તેમને ઇચ્છા હોતી નથી. આમ છતાં તીર્થંકરો જગતના જીવોને સન્માર્ગ બતાવવાનું ઉચિત કૃત્ય કરનારા છે, અને તે ઉચિત કૃત્યરૂપે તેમણે જગતના જીવોને નિરપેક્ષ થવા માટે ઉપાયભૂત એવું શ્રુતજ્ઞાન આપેલું છે. તેથી જીવને નિરપેક્ષ થવા માટે જે ભગવાનનું વચન છે, તે વચન પ્રમાણે યત્ન કરવો એ જ ઉચિત છે. અને નિરપેક્ષ થવું તે ભાવસંયમરૂપ છે, પરંતુ જે જીવોમાં તેવું સત્ત્વ નથી, તેઓ ભગવાન પ્રત્યેના બહુમાનની અભિવ્યક્તિ દ્રવ્યસ્તવ દ્વારા કરીને ભાવસ્તવને અનુકૂળ સત્ત્વનો સંચય કરે છે. પરંતુ જેઓ ભગવાનની આજ્ઞા પાળવા સમર્થ છે, તેમણે તો શુદ્ધ સંયમમાં યત્ન કરવો જોઈએ. **॥૫૧॥**

ગાથા :-

"एअं च भावसाहुं विहाय नण्णो चएइ काउं जे ।
सम्मं तग्गुणनाणाभावा तह कम्मदोसा य" ।।५२।।

ગાથાર્થ :-

અને આ=આવા પ્રકારે આજ્ઞાકરણ=આજ્ઞાનું પાલન, ભાવસાધુને છોડીને અન્ય ક્ષુદ્ર સત્ત્વો=ક્ષુદ્ર જીવો, કરવા માટે સમર્થ નથી; કેમ કે સમ્યગ્ તદ્ગુણના જ્ઞાનનો=આ પ્રકારના આજ્ઞાકરણના ગુણના જ્ઞાનનો, અભાવ છે અને કર્મનો દોષ છે=ચારિત્રમોહનીય કર્મનો અપરાધ છે. ।।૫૨।।

ટીકા :-

'एतच्चैवमाज्ञाकरणं भावसाधुं विहाय=त्यक्त्वा, नान्यः क्षुद्रः शक्नोति कर्तुं, सम्यक् तद्गुण-ज्ञानाभावात्=इत्थमाज्ञाकरणगुणज्ञानाभावात्, करणस्यापि रत्नपरीक्षान्यायेन बुद्ध्युपायत्वात् कर्मदोषाच्च=चारित्रमोहनीयकर्मापराधाच्च ।।૫૨।।

ટીકાર્થ :-

एतच्च ..... अभावात्, અને આ=આવા પ્રકારનું આજ્ઞાનું કરણ=નિરપેક્ષ થવાની આજ્ઞાનું પાલન, ભાવસાધુને છોડીને અન્ય ક્ષુદ્ર જીવો કરવા માટે સમર્થ નથી; કેમ કે સમ્યક્ તદ્ગુણના જ્ઞાનનો અભાવ છે=આવા પ્રકારના આજ્ઞાકરણના ગુણના જ્ઞાનનો અભાવ છે=નિરપેક્ષ થવાના આજ્ઞાકરણના ગુણના જ્ઞાનનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે, ભાવસાધુને છોડીને સંવિગ્નપાક્ષિક, દેશવિરતિ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિ આદિને નિરપેક્ષ આજ્ઞાકરણ પ્રત્યે જ તીવ્ર રુચિ છે. આમ છતાં, સત્ત્વની અલ્પતાને કારણે તેઓ નિરપેક્ષ થવાની આજ્ઞાનું પાલન કરી શકતા નથી. પરંતુ તેમને આવા પ્રકારના આજ્ઞાકરણના ગુણના જ્ઞાનનો અભાવ છે, એમ કઈ રીતે કહી શકાય ? તેથી નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કહે છે –

करणस्यापि ..... बुद्ध्युपायत्वात्, રત્નપરીક્ષાના ન્યાયથી કરણનું પણ=કૃત્યના કરણનું પણ, બુદ્ધિનું ઉપાયપણું છે=કૃત્યવિષયક બુદ્ધિના વિશદ બોધનું ઉપાયપણું છે.

❖ करणस्यापि - અહીં 'अपि'થી એ સમુચ્ચય કરવો છે કે, બોધનું જેમ બુદ્ધિનું ઉપાયપણું છે, તેમ કરણનું પણ બુદ્ધિનું ઉપાયપણું છે.

કરણનું પણ રત્નપરીક્ષાન્યાયથી બુદ્ધિનું ઉપાયપણું છે, એમ કહીને સમ્યગ્દૃષ્ટિ આદિને પણ નિરપેક્ષભાવમાં યત્ન નહિ હોવાથી તેમને સૂક્ષ્મબોધ નથી એમ કહ્યું, એ કથન નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કહેલ. હવે વ્યવહારનયથી સમ્યગ્દૃષ્ટિ આદિને નિરપેક્ષ આજ્ઞાનો બોધ છે, છતાં તેમાં યત્ન કેમ કરતા નથી, તે બતાવે છે –

कर्मदोषाच्च ..... अपराधाच्च ।। સમ્યક્ તદ્ગુણના જ્ઞાનનો અભાવ ન હોય તોપણ અન્ય ક્ષુદ્ર સત્ત્વો આ પ્રકારનું આજ્ઞાકરણ કરી શકતા નથી; કેમ કે કર્મનો દોષ છે=ચારિત્રમોહનીય કર્મનો અપરાધ છે. એ પ્રમાણે સંબંધ છે. ।।૫૨।।

ભાવાર્થ :-

ભાવથી જેને સાધુપણું સ્પર્શ્યું છે એવો સાત્ત્વિક જીવ, નિરપેક્ષભાવ કરવાની જે ભગવાનની આજ્ઞા છે તેનું પાલન કરી શકે છે. તે સિવાયના અન્ય ક્ષુદ્ર જીવો નિરપેક્ષ થવાની ભગવાનની આજ્ઞાનું પાલન કરી શકતા નથી.

અહીં 'અન્ય' શબ્દથી દેશવિરતિધર શ્રાવક કે સંવિગ્નપાક્ષિક જીવ પણ ભાવસાધુ નહિ હોવાથી નિરપેક્ષ થવાની ભગવાનની આજ્ઞાનું પાલન કરી શકતા નથી, તેનું ગ્રહણ થાય છે. અને તેઓ ભગવાનની આવા પ્રકારની આજ્ઞાનું પાલન કેમ કરી શકતા નથી, તેમાં પ્રથમ નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કહે છે -

ભાવ સાધુને છોડીને બીજાને સમ્યગ્ તેના ગુણના જ્ઞાનનો અભાવ છે અર્થાત્ નિરપેક્ષ થવા માટે કેવો યત્ન કરવો જોઈએ તેનું યથાર્થ જ્ઞાન તેમને નથી. જો યથાર્થ જ્ઞાન હોય તો અન્ય જીવો અવશ્ય તેવો યત્ન કરે જ; કેમ કે જીવમાત્ર સુખનો અર્થી છે, અને નિરપેક્ષભાવમાં જેવું ઉત્તમ સુખ છે તેવું સુખ જગતમાં ક્યાંય નથી. વળી, આ નિરપેક્ષભાવનું સુખ માત્ર તત્કાળ સુખરૂપ નથી, પરંતુ સુખની પરંપરા દ્વારા પૂર્ણસુખનું કારણ છે. તેથી જે જીવને એવું જ્ઞાન હોય કે, આવા પ્રકારના યત્નથી નિરપેક્ષ થવાની ભગવાનની આજ્ઞાનું પાલન થઈ શકે છે, તો તેવો જીવ અવશ્ય તેમાં યત્ન કરે. પરંતુ આવો બોધ ભાવસાધુને છોડીને સમ્યગ્દૃષ્ટિ આદિને પણ નથી.

અહીં પ્રશ્ન થાય કે, સમ્યગ્દૃષ્ટિને તો સાચો બોધ છે, અને વળી ગીતાર્થ એવા સંવિગ્નપાક્ષિકને તો શાસ્ત્રનો પણ સૂક્ષ્મ બોધ હોય છે, ફક્ત તેઓ તેવી આચરણા કરી શકતા નથી, તેથી નિરપેક્ષ થવાની આજ્ઞાનો બોધ તેમને નથી, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

રત્નપરીક્ષાન્યાયથી કરણનું પણ બુદ્ધિનું ઉપાયપણું છે.

આશય એ છે કે, કોઈને રત્નના ગુણોનું વર્ણન સાંભળીને રત્નના સ્વરૂપનો બોધ થયો હોય, કે ગુરુ પાસેથી રત્નના સ્વરૂપના વર્ણનથી રત્નના સ્વરૂપનો બોધ થયો હોય, તોપણ જ્યારે રત્નને લઈને તે રત્નમાં પોતાના બોધનું યોજન કરે છે, ત્યારે શાસ્ત્રના શ્રવણથી કે ગુરુના ઉપદેશથી જે રત્નનો બોધ થયો હોય, તેના કરતાં તે રત્નનો સૂક્ષ્મબોધ થાય છે. તેમ શાસ્ત્રોનાં વચનથી નિરપેક્ષ આજ્ઞા કરવાના સ્વરૂપનો કોઈને બોધ થયો હોય, તોપણ જ્યાં સુધી તે આજ્ઞાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને તે ભાવોને સ્વસંવેદનથી સાક્ષાત્કારરૂપે જોતો નથી, ત્યાં સુધી નિરપેક્ષભાવ કરવાના ભગવાનના વચનોનો પારમાર્થિક બોધ તેને થતો નથી; પરંતુ જ્યારે તે નિરપેક્ષભાવોને કરે છે, ત્યારે ભગવાનની આજ્ઞાનો વિશેષ પ્રકારનો તેને બોધ થાય છે. આથી જ તેવા બોધવાળા જીવો તે બોધને અનુરૂપ સુદૃઢ યત્ન કરીને ઉત્તરોત્તર વિશુદ્ધ-વિશુદ્ધતર નિરપેક્ષભાવોને કરી શકે છે, અને ગીતાર્થ એવા પણ સંવિગ્નપાક્ષિકને કે અન્ય સમ્યગ્દૃષ્ટિને તેવો બોધ નહિ હોવાથી નિરપેક્ષ આજ્ઞાકરણમાં યત્ન કરી શકતા નથી.

વળી વ્યવહારનયની દૃષ્ટિથી તેઓને નિરપેક્ષ આજ્ઞાકરણનો બોધ હોવા છતાં ચારિત્રમોહનીયના ઉદયથી તેઓ નિરપેક્ષ આજ્ઞાકરણમાં યત્ન કરી શકતા નથી. **॥૫૨॥**

અવતરણિકા :-

દુષ્કરત્વે કારણમાહ –

અવતરણિકાર્થ :-

દુષ્કરપણામાં કારણ કહે છે=પૂર્વે ગાથા-૫૨માં કહ્યું કે, ભાવસાધુને છોડીને અન્ય ક્ષુદ્ર જીવો આજ્ઞાકરણ કરવા સમર્થ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, આજ્ઞાકરણ અત્યંત દુષ્કર છે. માટે આજ્ઞાકરણના દુષ્કરપણામાં કારણને કહે છે –

ગાથા :-

"जं एयं अट्ठारससीलंगसहस्सपालणं णेयं ।
अच्चंतभावसारं ताइं पुण हुंति एयाइं"।।५३।।

ગાથાર્થ :-

જે કારણથી આ=અધિકૃત આજ્ઞાકરણ અત્યંત ભાવસાર અઢાર હજાર શીલાંગનું પાલન જાણવું. વળી, તે અઢાર હજાર શીલાંગો આ=વક્ષ્યમાણ સ્વરૂપવાળા છે. ।।૫૩।।

ટીકા :-

यद्=यस्माद्, एतद्=अधिकृताज्ञाकरणमष्टादशशीलाङ्गसहस्त्रपालनं ज्ञेयमत्यन्तभावसारं तानि पुनः शीलाङ्गानि भवन्त्येतानि वक्ष्यमाणलक्षणानि ।।५३।।

ટીકાર્થ :-

यद्..... वक्ष्यमाणलक्षणानि ।। જે કારણથી આ=અધિકૃત આજ્ઞાકરણ, અત્યંત ભાવસાર=અત્યંત ભાવ છે પ્રધાન જેમાં એવું અઢાર હજાર શીલાંગનું પાલન જાણવું. વળી, તે શીલાંગો આ=વક્ષ્યમાણ સ્વરૂપવાળા જાણવા. ।।૫૩।।

ગાથા :-

"जोए करणे सण्णा इंदिय भोमाइ समणधम्मे य ।
सीलंगसहस्साणं अट्ठारसगस्स णिप्फत्ती" ।।५४।।

ગાથાર્થ :-

યોગ, કરણ, સંજ્ઞા, ઈન્દ્રિયો, ભોમાદિ અને શ્રમણધર્મ આના સમૂહથી અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ થાય છે. ।।૫૪।।

ટીકા :-

योगा मनोव्यापारादयः, करणानि मनःप्रभृतीनि, संज्ञा आहाराभिलाषाद्याः, इन्द्रियाणि स्पर्शनादीनि,

भूम्यादयः पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियाजीवाः, श्रमणधर्मः क्षान्त्यादिः, अस्मात्-कदम्बकात् शीलाङ्गसहस्त्राणां चारित्रहेतुभेदानामष्टादशकस्य निष्पत्तिर्भवतीति गाथार्थः ।।५४।।

ટીકાર્થ :-

યોગો=મનોવ્યાપારાદિ=મન, વચન અને કાયાના વ્યાપારો, કરણો=મન વગેરે, સંજ્ઞા=આહાર-અભિલાષાદિ, ઈન્દ્રિયો=સ્પર્શનાદિ, ભૂમ્યાદિ=પૃથ્વી, જલ, તેજ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિંદ્રિય, પંચેન્દ્રિય અને અજીવ, શ્રમણધર્મ=ક્ષમા આદિ જાણવા. આના સમૂહથી, અઢાર હજાર શીલાંગની=ચારિત્રના હેતુના ભેદની, નિષ્પત્તિ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૫૪।।

ગાથા :-

"करणाइ तित्रि जोगा, मणमाईणि उ हुंति करणाइ ।
आहाराई सन्ना चउ, सवणाई इंदिया पंच" ।।५५।।

"भोमाइ नव जीवा, अजीवकाओ अ समणधम्मो अ । खंताइ दसपगारो
(अ पुच्छपणगं च । खंताइ समणधम्मो-मुद्रितपाठः) एवं ठिए भावणा एसा" ।।५६।।

❖ 'करणाइ' - અહીં 'આદિ'થી કરાવણ અને અનુમોદનનું ગ્રહણ કરવું.

❖ 'हुंतिकरणाइ' - અહીં 'करण' શબ્દનું નપુંસકલિંગ પ્રથમા બહુવચનનું રૂપ છે.

ગાથાર્થ :-

કરણાદિ ત્રણ યોગો, વળી મન આદિ ત્રણ કરણો, આહારાદિ ચાર સંજ્ઞા, શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો, ભૂમિ આદિ નવ જીવો અને અજીવકાય, ક્ષાંતિ આદિ દશ પ્રકારે શ્રમણધર્મ, આ પ્રકારે સ્થિત હોતે છતે આ=વક્ષ્યમાણ, શીલાંગની નિષ્પત્તિવિષયક ભાવના છે. ।।૫૫-૫૬।।

ટીકા :-

સ્પષ્ટે ।।૫૫-૫૬।।

ટીકાર્થ :-

સ્પષ્ટે ।। ગાથાનો અર્થ સ્પષ્ટ છે. ।।૫૫-૫૬।।

ભાવાર્થ :-

ત્રણ યોગો કરણ, કરાવણ અને અનુમોદનરૂપ છે.

ગાથા-૫૫માં કરણાદિ ત્રણ યોગ કહ્યા છે અને ગાથા-૫૪માં યોગનો અર્થ મનોવ્યાપારાદિ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, મનોવ્યાપાર, વચનવ્યાપાર અને કાયવ્યાપાર એ ત્રણ યોગો છે અને તે ત્રણ યોગો

જ કરણરૂપ છે. તેથી એ ફલિત થાય કે, કાયાનો કરણરૂપ વ્યાપાર, વચનનો કરાવણરૂપ વ્યાપાર અને મનનો અનુમોદનરૂપ વ્યાપાર એ ત્રણ યોગો છે. તેથી "योगा मनोव्यापारादयः" કહેલ છે.

ત્રણ કરણો. મન, વચન અને કાયા ત્રણ કરણો=સાધનો છે.

ગાથા-૫૫માં કહ્યું છે કે, મન આદિ ત્રણ કરણો=સાધનો છે.

ચાર સંજ્ઞા આહાર, ભય, મૈથુન અને પરિગ્રહવિષયક છે.

પાંચ ઇન્દ્રિયો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રરૂપ છે.

❖ અહીં મૂળ ગાથામાં શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો કહેલ છે, તેથી પશ્ચાનુપૂર્વીથી પાંચ ઇન્દ્રિયો સમજવી; કેમ કે ઉપર ઉપરના ગુણોની પ્રાપ્તિથી શીલાંગો સાધ્ય છે, એ જણાવવા અહીં ઇન્દ્રિયોનું વર્ણન પશ્ચાનુપૂર્વીથી કર્યું છે. આ કથન પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૧૬૪માં છે.

ભૂમ્યાદિ નવ જીવો પૃથિવી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેંદ્રિય એ નવ જીવકાય છે.

પુસ્તકપંચક, ચર્મપંચક, તૃણપંચક અને શુષિરપંચક એ અજીવકાય છે. આ કથન પંચવસ્તુક ગ્રંથની ગાથા-૧૧૬૫માં છે.

દશ શ્રમણધર્મ ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ=સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એમ દશ છે.

આ યોગ આદિની મૂળ સંખ્યાને યંત્રરૂપે સ્થાપન કરતાં ૩X૩=૯, ૯X૪=૩૬, ૩૬X૫=૧૮૦, ૧૮૦X૧૦=૧૮૦૦, ૧૮૦૦X૧૦=૧૮૦૦૦ શીલાંગો થાય છે. તેની ભાવના આ=વક્ષ્યમાણ=હવે પછીની ગાથામાં બતાવે છે.

અવતરણિકા :-

भावनामेवाह –

અવતરણિકાર્થ :-

અઢાર હજાર શીલાંગોની ભાવનાને જ કહે છે –

ગાથા :-

"ण करेइ मणेणाहारसन्नविप्पजढओ उ णियमेण ।
सोइंदियसंवुडो पुढविकायआरंभं खंतिजुओ" ।।५७।।

ગાથાર્થ :-

આહારસંજ્ઞાથી રહિત, વળી નિયમથી શ્રોત્રેન્દ્રિયથી સંવૃત, ક્ષમાયુક્ત એવો સાધુ મનથી પૃથ્વીકાયના આરંભને કરતો નથી. ।।૫૭।।

ટીકા :-

न करोति मनसाहारसंज्ञाविप्रमुक्तस्तु नियमेन श्रोत्रेन्द्रियसंवृतः पृथिवीकायारम्भं क्षान्तियुतः ।।५७।।

ટીકાર્થ :-

न ..... क्षान्तियुतः ।। આહારસંજ્ઞાથી રહિત, વળી નિયમથી=નક્કી, શ્રોત્રેન્દ્રિયના સંવરવાળો, ક્ષાંતિયુક્ત એવો સાધુ, પૃથ્વીકાયના આરંભને=પૃથ્વીકાયની હિંસાને, મનથી કરતો નથી. આ પ્રમાણે શ્રમણધર્મનો પહેલો એક ભાંગો થયો. ।।૫૭।।

ગાથા :-

"इय मद्दवाइजोगा पुहविकायम्मि हुंति दसभेदा ।
आउक्कायाइसु वि इय एए पिंडियं तु सयं" ।।५८।।

ગાથાર્થ :-

આ પ્રમાણે માર્દવાદિના યોગથી પૃથ્વીકાયમાં=પૃથ્વીકાયના આરંભને આશ્રયીને, દશ ભેદો થાય છે, એ પ્રમાણે અપકાયાદિમાં પણ દશ ભેદો જાણવા. આ સર્વે પિંડિત=એકઠા થઈને સો ભેદો થાય છે. ।।૫૮।।

ટીકા :-

एवं मार्दवादियोगात्-मार्दवयुक्त आर्जवयुक्त इति श्रुत्या पृथिवीकाये भवन्ति दशभेदाः, यतो दश क्षान्त्यादिपदानि अप्कायादिष्वप्येवं प्रत्येकं दशैव । एते सर्वे एव पिण्डितं तु शतं यतो दश पृथिव्यादयः ।।५८।।

ટીકાર્થ :-

एवं ..... पृथिव्यादयः ।। આ પ્રમાણે માર્દવાદિના યોગથી=માર્દવયુક્ત, આર્જવયુક્ત એ પ્રકારે શ્રુતિથી=શ્રોત્રેંદ્રિયથી પૃથ્વીકાયમાં=પૃથ્વીકાયના આરંભવિષયક દશ ભેદો થાય છે; જે કારણથી ક્ષાંતિ આદિ દશ પદો છે. એ પ્રમાણે અપ્કાયાદિમાં પણ પ્રત્યેકના દશ જ ભેદો થાય છે. આ સર્વે પિંડિત=ભેગા થઈને સો ભેદો થાય છે; કેમ કે પૃથ્વી આદિ દશ પ્રકારો છે. ।।૫૮।।

ગાથા :-

"सोइंदिएण एयं सेसेहिं वि जे इमं तओ पंच ।
आहारसण्णजोगा इय सेसाहिं सहस्सदुगं"।।५९।।

ગાથાર્થ :-

શ્રોત્રેંદ્રિય વડે આ ભેદો થયા. શેષ ઇન્દ્રિયો વડે કરીને પણ જે આ=સો ભેદો થાય છે, તેથી કુલ

પાંચસો ભેદો થાય છે; કેમ કે ઇન્દ્રિયો પાંચ છે અને આહારસંજ્ઞાના યોગથી આ પાંચસો ભેદો જાણવા. એ પ્રમાણે શેષ ભયસંજ્ઞાદિ વડે પણ પાંચસો-પાંચસો ભેદો થાય છે, એ પ્રમાણે બે હજાર ભેદો થયા. ।।૫૯।।

ટીકા :-

श्रोत्रेन्द्रियेणैतल्लब्धं, शेषैरपीन्द्रियैर्यदिदं शतमेव लभ्यते, ततः पञ्चशतानि पञ्चत्वादिन्द्रियाणाम्, आहारसंज्ञायोगादेतानि पञ्चशतानि, एवं शेषाभिरपि भयसंज्ञाद्याभिः पञ्च पञ्चेति सहस्त्रद्वयं निरवशेषं यतश्चतस्त्रः संज्ञा इति ।।५९।।

ટીકાર્થ :-

श्रोत्रेन्द्रियेणैतल्लब्धं, ... इति ।। श्रोत्रेन्द्रिय વડે આ=સો ભેદો પ્રાપ્ત થયા. શેષ ઇન્દ્રિયો વડે પણ=બાકીની ચાર ઇન્દ્રિયો વડે પણ, જે કારણથી આ સો જ ભેદો થાય છે, તેથી કરીને કુલ પાંચસો ભેદો થયા; કેમ કે ઇન્દ્રિયો પાંચ છે અને આહારસંજ્ઞાના યોગથી આ પાંચસો ભેદો થયા. એ પ્રમાણે શેષ ભયસંજ્ઞાદિથી પણ પાંચસો-પાંચસો ભેદો થાય છે. એ પ્રમાણે નિરવશેષ=કુલ બે હજાર ભેદો થયા; જે કારણથી સંજ્ઞા ચાર છે. ।।૫૯।।

ગાથા :-

"एवं मणेण वयमाइएसु एयं ति छसहस्साइं ।
ण करण सेसेहिं पि य एए सव्वेवि अट्ठारा" ।।६०।।

ગાથાર્થ :-

મન વડે આ બે હજાર ભેદો થયા અને વચનાદિમાં પણ આ=બે બે હજાર ભેદો છે. એથી કરીને છ હજાર ભેદો થયા, અને 'ન કરણ' એ પ્રકારે યોગ વડે આ છ હજાર ભેદો થયા, શેષ પણ બે યોગ વડે='ન કરાવણ' અને 'ન અનુમોદન' એ બે યોગ વડે, છ-છ હજાર ભેદો થાય છે. એ સર્વે પણ અઢાર હજાર ભેદ પ્રાપ્ત થયા. ।।૬૦।।

ટીકા :-

एतन्मनसा सहस्त्रद्वयं लब्धम्, वागादिनैतत्सहस्त्रद्वयमिति षट्सहस्त्राणि, त्रीणि करणानि इति, न करोतीत्यनेन योगेनैतानि, शेषेणापि योगेनैतानि, षडिति सर्वाण्यष्टादश, त्रयो योगा इति कृत्वा ।।६०।।

ટીકાર્થ :-

एतन्मनसा ..... कृत्वा ।। મન વડે આ બે હજાર ભેદો થયા, વચનાદિ વડે પણ આ=બે બે હજાર ભેદો થાય છે, એથી કરીને છ હજાર ભેદો થયા; કેમ કે કરણો ત્રણ છે, એથી કરીને છ હજાર ભેદો

થાય છે, એમ અન્વય છે. 'કરતો નથી' એ પ્રકારે યોગ વડે આ છ હજાર ભેદો થાય છે. શેષ પણ યોગ વડે='ન કરાવણ' અને 'ન અનુમોદન' એ બે યોગ વડે, આ=છ છ હજાર ભેદો થાય છે, એ પ્રમાણે સર્વ અઢાર હજાર ભેદો થયા; કેમ કે યોગો ત્રણ છે, એથી કરીને અઢાર હજાર ભેદો થાય છે, એમ અન્વય છે. ॥૬૦॥

ગાથા-૫૭થી ૬૦માં કહેલ અઢાર હજાર શીલાંગની ભાવના :-

ભાવાર્થ :-

(૧) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **ક્ષમાધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૨) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **માર્દવધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૩) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **આર્જવધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૪) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **મુક્તિ=સંતોષધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૫) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **તપોધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૬) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **સંયમધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૭) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **સત્યધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૮) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **શૌચધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૯) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **આકિંચન્યધર્મથી યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

(૧૦) આહારસંજ્ઞાથી રહિત, શ્રોત્રેંદ્રિયના વિષયમાં સંવૃત થયેલો, **બ્રહ્મચર્યધર્મથી. યુક્ત,** મનથી પૃથ્વીકાયનો આરંભ ન કરે.

આ પ્રમાણે પૃથ્વીકાયનો આરંભ કરે નહિ, એને આશ્રયીને ક્ષમાદિ દશ ધર્મોથી દશ ભેદો થયા.

આ દશ ભેદો પૃથ્વીકાયવિષયક કહ્યા. એ રીતે –

અપ્કાયવિષયક દશ ભેદો, તેઉકાયવિષયક દશ ભેદો, વાઉકાયવિષયક દશ ભેદો, વનસ્પતિકાયવિષયક દશ ભેદો, બેઇન્દ્રિયવિષયક દશ ભેદો, તેઇન્દ્રિયવિષયક દશ ભેદો, ચઉરિંદ્રિયવિષયક દશ ભેદો, પંચેંદ્રિયવિષયક દશ ભેદો અને અજીવવિષયક દશ ભેદો કહેવા.

આ રીતે ભૌમાદિ=પૃથ્વીકાયાદિ દશને આશ્રયીને કુલ સો ભેદો થાય.

આ સો ભેદો શ્રોત્રેંદ્રિયના યોગથી થયા. એ રીતે –

ચક્ષુરિંદ્રિયના યોગથી સો ભેદો, ઘ્રાણેંદ્રિયના યોગથી સો ભેદો, રસનેંદ્રિયના યોગથી સો ભેદો અને સ્પર્શેંદ્રિયના યોગથી સો ભેદો થાય.

આ રીતે પાંચ ઇન્દ્રિયના યોગથી કુલ પાંચસો ભેદો થાય.

આ પાંચસો ભેદ આહારસંજ્ઞાના યોગથી થયા. એ રીતે -

ભયસંજ્ઞાના યોગથી પાંચસો ભેદો, મૈથુનસંજ્ઞાના યોગથી પાંચસો ભેદો અને પરિગ્રહસંજ્ઞાના યોગથી પાંચસો ભેદો થાય.

આ રીતે ચાર સંજ્ઞાના યોગથી કુલ બે હજાર ભેદો થાય.

આ બે હજાર ભેદો મનરૂપ કરણથી થયા. એ રીતે વચનરૂપ કરણથી બે હજાર ભેદો અને કાયારૂપ કરણથી બે હજાર ભેદો થાય.

એ રીતે ત્રણ કરણના યોગથી કુલ છ હજાર ભેદ થાય.

આ છ હજાર ભેદો ન કરવારૂપ યોગથી થયા. એ રીતે ન કરાવવા રૂપ યોગથી છ હજાર ભેદો અને ન અનુમોદવારૂપ યોગથી છ હજાર ભેદો થાય. એ રીતે કુલ અઢાર હજાર ભેદો થયા.

આ રીતે ૧૦ પૃથ્વીકાયાદિ x ૧૦ ક્ષમા આદિ=૧૦૦

૧૦૦ x ૫ શ્રોત્રેંદ્રિયાદિ=૫૦૦

૫૦૦ x ૪ આહારાદિ=૨૦૦૦

૨૦૦૦ x ૩ મન વગેરે કરણો=૬૦૦૦

૬૦૦૦ x ૩ કરણ વગેરે યોગો=૧૮૦૦૦ શીલાંગ થયા.

ગાથા :-

"एत्थमियं विण्णेयं अइअंपज्जं तु बुद्धिमंतेहिं ।
एक्कं पि सुपरिसुद्धं सीलंगं सेससब्भावे" ।।६१।।

ગાથાર્થ :-

અહીંયાં=શીલાંગના અધિકારમાં, બુદ્ધિમાન પુરુષો વડે આ એટંપર્ય જાણવું - શેષ શીલાંગના સદ્ભાવમાં એક પણ સુપરિશુદ્ધ શીલાંગ છે. ।।૬૧।।

ટીકા :-

अत्र=शीलाङ्गाधिकारे, इदं विज्ञेयमैदंपर्यं-भावार्थगर्भरूपं, बुद्धिमद्भिः पुरुषैर्यदुतैकमपि सुपरिशुद्धं=यथाख्यातं शीलाङ्गं शेषशीलाङ्गसद्भावे तन्नियतं भवति ।।६१।।

ટીકાર્થ :-

अत्र ..... भवति ।। અહીંયાં=શીલાંગના અધિકારમાં, બુદ્ધિમાન પુરુષો વડે આ ભાવાર્થગર્ભરૂપ ઐદંપર્ય જાણવું.

તે ઐદંપર્યને જ 'यदुत'થી કહે છે –

જે આ પ્રમાણે – એક પણ સુપરિશુદ્ધ=યથાખ્યાત=શાસ્ત્રમાં જેવું કહેલ છે તેવું શીલાંગ, શેષ શીલાંગના સદ્ભાવમાં નિયત હોય છે. ।।૬૧।।

❖ ટીકામાં 'तन्नियतं' છે ત્યાં 'तत्' શબ્દ વધારાનો ભાસે છે.

ભાવાર્થ :-

કોઈ મુનિ સંયમ ગ્રહણ કર્યા પછી મન, વચન અને કાયાથી ભગવાનના વચનાનુસાર દરેક ઉચિત પ્રવૃત્તિ કરતા હોય અને ક્યાંય સ્ખલના થતી ન હોય તો તે મુનિની દરેક પ્રવૃત્તિ બાહ્યથી ષટ્કાયના પાલન માટે હોય છે, અને અંતરંગ રીતે પ્રવૃત્તિ ક્ષમા આદિ દશવિધ યતિધર્મમાં હોય છે, અને આ રીતે સમ્યગ્ યત્ન કરનાર એવા મુનિનું ચિત્ત સમભાવમાં વર્તતું હોય છે અને ઉત્તરોત્તર સમભાવની વૃદ્ધિ કરતું હોય છે.

આવા પરિણામવાળા મુનિને અઢાર હજાર શીલાંગની નિષ્પત્તિ હોય છે; કેમ કે તેની દરેક પ્રવૃત્તિમાં ષટ્કાયનું પાલન થાય તે રીતે જ મન, વચન અને કાયાના વ્યાપારો પ્રવર્તે છે. વળી, ચાર સંજ્ઞાઓની કોઈ પ્રવૃત્તિ ન થાય અને કોઈ પણ પ્રવૃત્તિમાં કરાવણ અને અનુમોદનરૂપ ભાવોની પ્રાપ્તિ ન થાય, એ રીતે કેવળ ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવને અનુકૂળ યત્ન તે મુનિ કરતા હોય છે. તેથી તેમના મન, વચન અને કાયાના વ્યાપારો સદા ગુપ્તિમાં હોય છે અને કાયાથી અને વચનથી થતી ચેષ્ટામાં સમિતિવાળા મુનિ હોય છે, આથી જ સુપરિશુદ્ધ એવા અઢાર હજાર શીલાંગો તેમનામાં અત્યંત ભાવસાર વર્તે છે. આમ છતાં, અનાદિ ભવના અભ્યાસને કારણે આ અઢાર હજાર શીલાંગને આશ્રયીને કોઈ એક શીલાંગમાં પણ પ્રમાદ સેવાય તો સર્વ શીલાંગોમાં મલિનતા આવે છે, અને જ્યારે કોઈ પણ એક શીલાંગમાં સુદૃઢ યત્ન હોય છે, ત્યારે સર્વ શીલાંગો સુવિશુદ્ધ બને છે.

જેમ, ક્ષમામાં મુનિ અત્યંત યત્નવાળા હોય ત્યારે કોઈ કષાય તેમને સ્પર્શે નહિ, પરંતુ ક્ષયોપશમભાવની વૃદ્ધિ થાય તેવું જ તેમનું ચિત્ત હોય છે, અને તેથી જ જો ધ્યાન કે સ્વાધ્યાયમાં તે મુનિ વર્તતા હોય તો તે વખતે પૃથ્વીકાયાદિના પાલનમાં યત્ન દેખાય નહિ, તોપણ ષટ્કાયના પાલનનો અધ્યવસાય હોય છે, અને ક્ષમાદિભાવોની વૃદ્ધિનો અધ્યવસાય પણ હોય છે. તેથી નિર્લેપ મુનિ કોઈ બાહ્ય ક્રિયા ન કરતા હોય અને

ધ્યાનાદિ ક્રિયામાં સ્થિર હોય ત્યારે પણ તે ષટ્કાયનું પાલન કરે છે. અને જ્યારે કોઈ કાયિકાદિ ક્રિયા કરતા હોય ત્યારે, અત્યંત યતનાપૂર્વક તે ક્રિયામાં ઉપયોગ હોય તે કાળમાં પણ, કષાયો ન સ્પર્શે તેવો અંતરંગ યત્ન અવશ્ય હોય છે, તેથી ક્ષમાદિ ભાવો ત્યારે પણ અવશ્ય પ્રકર્ષ પામતા હોય છે; કેમ કે મુનિ ચારિત્રની ભાવિત મતિથી જ સર્વત્ર પ્રવૃત્તિ કરે છે. **॥૫૩થી ૬૧॥**

અવતરણિકા :-

तत्र निदर्शनमाह -

અવતરણિકાર્થ :-

ત્યાં=ઉપરમાં કહ્યું કે, એક પણ સુપરિશુદ્ધ શીલાંગ શેષ શીલાંગના સદ્ભાવમાં નિયત હોય છે. ત્યાં, દૃષ્ટાંત કહે છે –

ગાથા :-

"एको वाऽऽयपएसोऽसंखेज्जपएससंगओ जह उ ।।
एयं पि तहा णेयं, सतत्तचाओ इयरहा उ"।।६२।।

ગાથાર્થ :-

જે પ્રકારે જ એક પણ આત્મપ્રદેશ અસંખ્યાત પ્રદેશને સંગત હોય છે, આ પણ=શીલાંગ પણ, તે પ્રકારે જાણવા. વળી, ઈતરથા=કેવલપણામાં, સ્વતત્ત્વનો ત્યાગ=શીલાંગના શીલાંગપણાનો ત્યાગ છે. ॥૬૨॥

ટીકા :-

एकोऽप्यात्मप्रदेशोऽत्यन्तसूक्ष्मोऽसंख्येयप्रदेशसङ्गतस्तदन्याविनाभूतो यथैवँ, केवलस्या-सम्भवात्, एवमेतदपि शीलाङ्गं तथा ज्ञेयमन्याविनाभूतमेवेतरथा तु-केवलत्वे स्वतत्त्वत्यागः, आत्मप्रदेशत्वमपि न स्यात्तद्वच्छीलाङ्गत्वमपि च न स्यात् समुदायनियतत्वात्समुदायिन इति ।।६२।।

ટીકાર્થ :-

एकोऽप्या ..... इति ।। કેવળ એક એવા આત્મપ્રદેશનો અસંભવ હોવાને કારણે, જે પ્રકારે જ અત્યંત સૂક્ષ્મ એવો એક પણ આત્મપ્રદેશ અસંખ્યાતપ્રદેશસંગત=અન્ય આત્મપ્રદેશો સાથે અવિનાભૂત, હોય છે, એ રીતે આ પણ=શીલાંગ પણ, તે પ્રકારે જાણવા=અન્ય શીલાંગ સાથે અવિનાભૂત જાણવા. વળી, ઈતરથા=કેવળપણામાં, સ્વતત્ત્વનો ત્યાગ છે અર્થાત્ આત્મપ્રદેશોનું આત્મપ્રદેશપણું પણ ન રહે, અને તેની જેમ શીલાંગનું શીલાંગપણું પણ ન થાય; કેમ કે સમુદાયીનું=પ્રત્યેક શીલાંગનું, સમુદાયનિયતપણું છે=અઢાર હજાર શીલાંગના સમુદાય સાથે નિયતપણું છે. ॥૬૨॥

❖ 'इति' શબ્દ દૃષ્ટાંતના કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

અહીં સમુદાયી તરીકે પ્રત્યેક શીલાંગનું ગ્રહણ છે અને સમુદાય તરીકે શીલાંગના અઢાર હજાર ભેદોનું ગ્રહણ છે. તેથી શીલાંગના અઢાર હજાર ભેદો મુનિમાં વિદ્યમાન હોય તો જ એક પણ શીલાંગ મુનિમાં વિદ્યમાન રહી શકે, તેથી અઢાર હજાર શીલાંગો મુનિમાં વિદ્યમાન હોય તો જ મુનિમાં મુનિભાવ રહી શકે, આ પ્રકારનું નિશ્ચયનયનું વચન છે. આથી જ જેમ એક આત્મપ્રદેશ ક્યારેય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતો નથી, પરંતુ બધા આત્મપ્રદેશો સાથે જ અસ્તિત્વ ધરાવે છે; એ પ્રકારના દૃષ્ટાંતને લઈને નિશ્ચયનય કહે છે કે, અઢાર હજાર શીલાંગમાંથી એક પણ શીલાંગની ગ્લાનિ થાય તો મુનિમાં સમભાવ નથી, માટે તે મુનિ મુનિ નથી; અને વ્યવહારનય તો ક્વચિત્ પ્રમાદને કારણે અઢાર હજાર શીલાંગમાંથી કોઈ એકાદ શીલાંગ ગ્લાન થાય તોપણ, શેષ શીલાંગો મુનિમાં હોવાથી તેને મુનિ કહે છે, આમ છતાં, જે શીલાંગમાં ગ્લાનિ થાય તે અપેક્ષાએ તે મુનિને અતિચાર છે તેમ કહે છે. જેમ ચંડરુદ્રાચાર્યને જ્યારે ગુસ્સો વર્તે છે, ત્યારે તેમનામાં ક્ષમાગુણની ગ્લાનિ છે, તેમ વ્યવહારનય કહે છે. ॥૬૨॥

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે અર્થાત્ પૂર્વે ગાથા-૬૨માં કહ્યું કે, એક આત્મપ્રદેશ જેમ અસંખ્યાત પ્રદેશસંગત છે, તેની જેમ શેષ શીલાંગના સદ્ભાવમાં જ એક શીલાંગ હોઈ શકે છે, પરંતુ કેવળ એક શીલાંગ સ્વતંત્ર પ્રાપ્ત થતું નથી. એ કથન જેમ જીવપ્રદેશના દૃષ્ટાંતથી કહ્યું, હવે એ જ કથન પદાર્થની દૃષ્ટિએ શું છે, એને જ ભાવન કરે છે –

ગાથા :-

"जम्हा समग्गमेयं पि सव्वसावज्जजोगविरईओ ।
तत्तेणेगसरूवं न खंडरूवत्तणमुवेइ" ।।६३।।

ગાથાર્થ :-

જે કારણથી સમગ્ર એવું આ પણ=શીલાંગ પણ, સર્વસાવદ્યયોગથી વિરતિ તત્ત્વેન=અખંડપણા વડે, એકસ્વરૂપ વર્તે છે, ખંડરૂપપણાને પામતી નથી. ॥૬૩॥

ટીકા :-

यस्मात्समग्रमेतदपि शीलाङ्गं सर्वसावद्ययोगाद्विरतिरेवाखंडत्वेनैकस्वरूपं वर्त्तते, न खण्ड-रूपत्वमुपैत्यतः केवलाङ्गाभाव इति ।।६३।।

ટીકાર્થ :-

यस्मात्समग्रमेतदपि ..... इति ।। જે કારણથી સમગ્ર એવું આ પણ=શીલાંગ પણ, સર્વસાવદ્યયોગથી વિરતિ જ અખંડપણા વડે એકસ્વરૂપ વર્તે છે, ખંડરૂપપણાને પામતી નથી. આથી કરીને કેવલ અંગનો અભાવ છે અર્થાત્ પૃથગ્રૂપે અઢાર હજાર શીલાંગના એક અંગનો અભાવ છે. ॥૬૩॥

❖ 'इति' શબ્દ શીલાંગના ભાવનના કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

દેશવિરતિનાં અનેક અંગો છે, પરંતુ સર્વવિરતિ એ સર્વસાવદ્યયોગથી વિરતિરૂપ એક સ્વરૂપવાળી છે, અને તે જ અઢાર હજાર શીલાંગરૂપ છે. તેથી જો એક શીલાંગ પણ ન્યૂન હોય તો સર્વસાવદ્યયોગથી વિરતિ જ ન કહેવાય. માટે સર્વસાવદ્યયોગથી વિરતિરૂપ એકસ્વરૂપ અઢાર હજાર શીલાંગ છે, તેથી જ આત્મપ્રદેશની જેમ પૃથગ્ એક શીલાંગની પ્રાપ્તિ નથી. **॥૬૩॥**

અવતરણિકા :-

नद्युत्तारादौ प्रत्यक्षतोऽखण्डरूपबाध इत्यत्राह –

અવતરણિકાર્થ :-

નદીઉત્તારઆદિમાં પ્રત્યક્ષથી અખંડરૂપનો બાધ છે, એથી કરીને અહીં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एयं च एत्थ एवं विरइभावं पडुच्च दट्ठव्वं ।
ण उ बज्झं पि पवित्तिं जं सा भावं विणावि भवे" ।।६४।।

ગાથાર્થ :-

અને આ=શીલ અહીંયાં=સર્વવિરતિમાં, આ પ્રમાણે=આગળમાં કહ્યું કે સર્વસાવદ્યયોગથી વિરતિ જ અખંડરૂપે એકસ્વરૂપ વર્તે છે ખંડરૂપપણાને પામતી નથી એ પ્રમાણે, વિરતિભાવને, આશ્રયીને જાણવું, પરંતુ બાહ્ય પણ પ્રવૃત્તિને આશ્રયીને નહિ; જે કારણથી તે=બાહ્ય પ્રવૃત્તિ, ભાવ વિના પણ હોય. ॥૬૪॥

ટીકા :-

एतच्च शीलमत्रैवं सर्वसावद्यनिवृत्त्यात्मकं विरतिभावमान्तरं प्रतीत्य द्रष्टव्यं न तु बाह्यामपि प्रवृत्तिं प्रतीत्य, यत्सा बाह्या प्रवृत्तिर्भावं विनापि भवेत्, तथा च नद्युत्तारादौ द्रव्यतोऽप्कायारम्भसम्भवेऽपि प्रमादाभावान्न भावतः स इति न शीलाङ्गभङ्गः ।।६४।।

ટીકાર્થ :-

एतच्च ..... शीलाङ्गभङ्गः ।। અને આ=શીલ, અહીંયાં=સર્વવિરતિમાં, આ પ્રમાણે=પૂર્વે ગાથા-૬૩માં કહ્યું કે સર્વસાવદ્યયોગથી વિરતિ જ અખંડરૂપે એકસ્વરૂપ વર્તે છે ખંડરૂપપણાને પામતી નથી એ પ્રમાણે, આંતર સર્વસાવદ્યનિવૃત્તિસ્વરૂપ વિરતિભાવને આશ્રયીને જાણવું, નહિ કે બાહ્ય પણ પ્રવૃત્તિને આશ્રયીને; જે કારણથી તે=બાહ્ય પ્રવૃત્તિ, ભાવ વિના પણ થાય. અને તે પ્રમાણે નદીઉત્તાર આદિમાં દ્રવ્યથી અપ્કાયના આરંભના સંભવમાં પણ પ્રમાદનો અભાવ હોવાથી, ભાવથી તે=અપ્કાયનો આરંભ, નથી, એથી શીલાંગનો ભંગ નથી. ॥૬૪॥

ભાવાર્થ :-

અહીં સર્વસાવદ્યવિરતિસ્વરૂપ અંતરંગ વિરતિભાવ એ છે કે, જે મુનિને સર્વ સાવદ્ય વ્યાપારનો સમ્યગ્ બોધ છે અને તે બોધપૂર્વક સર્વ સાવદ્ય વ્યાપાર નહિ કરવાનો શ્રુતનો દૃઢ સંકલ્પ છે અને તે બોધને અનુરૂપ જ શક્તિને ગોપવ્યા વગર ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે મુનિ આજ્ઞાથી નિરપેક્ષ નદી ઊતરવી આદિ ક્રિયા ક્યારેય પણ કરે તો અંતરંગ રીતે વિરતિભાવ ત્યાં નથી; પરંતુ તથાવિધ સંયોગમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ અર્થે નદી ઊતરવી આદિની આજ્ઞા પ્રાપ્ત હોય ત્યારે, તેને અનુરૂપ નદી ઊતરવી આદિની બાહ્ય પ્રવૃત્તિ કરતા હોય ત્યારે, પ્રત્યક્ષથી ત્યાં અપ્કાયની વિરાધના હોવા છતાં અંતરંગ રીતે અપ્રમાદભાવવાળા મુનિ હોય તો, ત્યાં વિરતિભાવ અવશ્ય છે, અને જો અંતરંગ રીતે પ્રમાદભાવવાળા મુનિ બને તો બાહ્યઆચરણા આજ્ઞાપ્રાપ્ત હોવા છતાં ત્યાં વિરતિભાવ નથી. **॥૬૪॥**

અવતરણિકા :-

तदाह –

અવતરણિકાર્થ :-

તેને કહે છે=નદી ઊતરવા આદિમાં દ્રવ્યથી અપ્કાયના આરંભના સંભવમાં પણ પ્રમાદનો અભાવ હોવાથી, ભાવથી અપ્કાયનો આરંભ નથી, એથી કરીને શીલાંગનો ભંગ નથી. તેને દૃષ્ટાંતથી કહે છે –

ગાથા :-

"जह उस्सग्गंमि ठिओ खित्तो उदगंमि केणइ तवस्सी ।
तव्वहपवित्तकायो अचलिअभावोऽपवत्तो अ" ।।६५।।

ગાથાર્થ :-

જે પ્રમાણે કાયોત્સર્ગમાં રહેલા અને કોઈના વડે પાણીમાં ફેંકાયેલા તપસ્વી, તે વધમાં પ્રવૃત્તકાયાવાળા= ઉદકવધમાં પ્રવૃત્તકાયાવાળા, અચલિત ભાવવાળા=સંયમના પરિણામમાં અચલિત ભાવવાળા, અપ્રવૃત્ત જ છે અર્થાત્ ઉદકવધમાં અપ્રવૃત્ત જ છે. ॥૬૫॥

टीका :-

यथोत्सर्गे=कायोत्सर्गे, स्थितः क्षिप्त उदके केनचित् तपस्वी मोहात् स उदकवधप्रवृत्तकायोऽपि महात्माऽचलितभावोऽप्रवृत्त एव, माध्यस्थ्याद्, बुद्धिपूर्वकप्रवृत्तेरेव प्रवृत्तित्वादाध्यात्मिकनिवृत्तौ बाह्यप्रवृत्तेरविरोधित्वाच्च ।

यत्तु तत्र मध्यस्थस्य योगो न हेतुः किन्तु वध्यस्यैवेति वृषोदन्वतो मंतम्, तत्तुच्छमति प्रसङ्गात्, "एगया गुणसमीयस्स रीयओ कायसंफासमणुचिण्णा एगइया पाणा उद्दायंति" **(आचा. श्रु. १ अ. ५ उ. ४)त्ति आगमविरोधाच्च, योगवतः कायसंस्पर्शस्यैककायव्यापारत्वादित्यन्यत्र विस्तरः ।।६५।।**

टीकार्थ :-

यथा ..... माध्यस्थ्याद्, જે પ્રમાણે કાયોત્સર્ગમાં રહેલા તપસ્વી, મોહથી=અજ્ઞાનથી, કોઈના વડે પાણીમાં ફેંકાયા, તે ઉદકવધમાં પ્રવૃત્તકાયાવાળા પણ મહાત્મા, અચલિતભાવવાળા અપ્રવૃત્ત જ છે; કેમ કે મધ્યસ્થપણું છે.

કાયોત્સર્ગમાં રહેલા તપસ્વી એવા મહાત્માને મોહથી=અજ્ઞાનથી, કોઈ જીવ પાણીમાં ફેંકી દે, તો બાહ્યથી તે મહાત્મા ઉદકવધમાં પ્રવૃત્તકાયાવાળા હોવા છતાં પણ ભાવથી સંયમના પરિણામથી અચલિત સ્વભાવવાળા છે, તો ઉદકવધમાં અપ્રવૃત્ત જ છે; કેમ કે તે મહાત્માને સર્વ જીવો પ્રત્યે સમાન પરિણામરૂપ= સામાયિકના પરિણામસ્વરૂપ માધ્યસ્થ્ય છે. તેથી પોતાના કોઈ કાયિકાદિ સ્વાર્થ અર્થે અન્ય જીવોના સંહારની ઉપેક્ષા કે સંહારની પરિણતિ ત્યાં નથી, પરંતુ ષટ્કાયના પાલનનો જ તેમનો પરિણામ છે.

અહીં પ્રશ્ન થાય કે, તે તપસ્વી મહાત્માની કાયાથી ઉદકના જીવોનો વધ થઈ રહ્યો છે, છતાં ઉદકવધમાં અપ્રવૃત્ત છે એમ શાથી કહેવાય ? તેથી બીજો હેતુ કહે છે –

बुद्धिपूर्वक ..... प्रवृत्तित्वात्, બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિનું જ પ્રવૃત્તિપણું છે.

"હું આ ઉદકમાં પડું" એ પ્રકારની બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિનું જ પ્રવૃત્તિપણું છે. કાયોત્સર્ગમાં રહેલા તપસ્વી મહાત્માએ તો પોતાની કાયાને વોસિરાવી દીધી હોવાથી, ધ્યાન સિવાય કાયાના સંરક્ષણાર્થે તેઓ કોઈ યત્ન કરતા નથી, તેથી ઉદકવધને અનુકૂળ એવી પોતાની કાયાને પ્રવર્તાવતા નથી, પરંતુ કાયા પ્રત્યે નિરપેક્ષ થઈને શુભધ્યાનમાં તેઓ મગ્ન છે. તેથી કાયા ઉદકવધમાં પ્રવૃત્ત હોવા છતાં પણ ભાવથી અપ્રવૃત્ત જ છે.

અહીં પ્રશ્ન થાય કે, જે મહાત્મા કાયોત્સર્ગમાં સ્થિત છે, તે તો કોઈક વડે મોહથી નદીમાં ફેંકાયેલા હોય ત્યારે ધ્યાનથી અચલિત હોવાને કારણે ઉદકવધમાં અપ્રવૃત્ત છે, એમ કહી શકાય; પરંતુ મુનિ જ્યારે નદી ઊતરે છે, ત્યારે "હું નદી ઊતરું છું" એ પ્રકારની બુદ્ધિપૂર્વક જ ત્યાં પ્રવૃત્તિ હોય છે, તેથી ત્યાં અપ્કાયનો આરંભ નથી, એમ કેમ કહી શકાય ? તેથી ત્રીજો હેતુ કહે છે –

आध्यात्मिक ..... अविरोधित्वाच्च । અને આધ્યાત્મિક નિવૃત્તિમાં બાહ્યપ્રવૃત્તિનું અવિરોધીપણું છે.

આત્મા સંબંધી જે ભાવ તે આધ્યાત્મિક ભાવ છે, અને આધ્યાત્મિક ભાવને કારણે જગતના કોઈ જીવોને મારવાનો પરિણામ નહિ હોવાથી સંયમની વૃદ્ધિના કારણે નદી ઊતરતા હોય તેવા મહાત્મા સર્વ જીવની વિરાધનાથી નિવૃત્ત છે. અને આવી આધ્યાત્મિક નિવૃત્તિ હોવાથી કેવળ સંયમરક્ષણના ઉપાય માટે નદી ઊતરવી આદિમાં થતી જે બાહ્યપ્રવૃત્તિ છે, તેનું અવિરોધીપણું છે અર્થાત્ ષટ્કાયના પાલનની સાથે તે બાહ્યપ્રવૃત્તિનું અવિરોધીપણું છે, તેથી તે મહાત્મા ભાવથી અપ્રવૃત્ત જ છે.

આશય એ છે કે, મુનિ સંયમની વૃદ્ધિ માત્રની અભિલાષાવાળા છે, અને તેથી જ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે નવકલ્પી વિહારની ભગવાનની આજ્ઞા છે, તેનું પાલન કરે છે. જો તે આજ્ઞાનું પાલન કરવામાં ન આવે તો મુનિને ક્ષેત્રનો પ્રતિબંધ થવાની સંભાવના રહે છે અને મુનિને ક્ષેત્રનો પ્રતિબંધ થાય તો સંયમ મ્લાન થાય અને અંતે વિનાશ પામે છે. તેથી મુનિ પોતાના રત્નત્રયીના પરિણામની વૃદ્ધિના ઉપાયરૂપે વિહાર કરતા હોય ત્યારે, ક્ષેત્રાંતરની પ્રાપ્તિનો નદી ઊતર્યા વગર અસંભવ હોય તો, ભગવાનના વચનનું સ્મરણ કરીને વિધિપૂર્વક નદી ઊતરે છે. તેથી નદી ઊતરવાના ક્રિયાકાળમાં પણ આધ્યાત્મિકભાવ= આત્મા સંબંધી ભાવ, હિંસાથી નિવૃત્ત છે. તેથી જ મુનિ નદી ઊતરવાના કાળમાં શક્ય એટલી સમ્યગ્ યતના અવશ્ય કરે છે, અને તે વખતે જે કોઈ નદીના જીવોની વિરાધના થાય છે, તે અશક્યપરિહારરૂપ છે; કેમ કે નદી ઊતર્યા વગર સંયમની વૃદ્ધિનો ઉપાય સંભવતો નથી, તેથી સંયમની વૃદ્ધિના ઉપાયમાં યત્ન કરતા એવા મુનિથી નદી ઊતરતાં જે ઉદકના જીવોની વિરાધના થાય છે, તે હિંસા અશક્યપરિહારરૂપ હોવાથી સંયમની વિરોધી નથી.

यत्तु ..... अतिप्रसङ्गात्, અને જે વળી ત્યાં=નદી ઊતરવા આદિમાં, અપ્રમત્ત મુનિને કર્મબંધ થાય છે તેમ સ્વીકારવામાં, મધ્યસ્થનો યોગ=મધ્યસ્થ એવા મુનિનો કાયવ્યાપાર, હેતુ નથી, પરંતુ નદી ઊતરવા આદિ ક્રિયામાં સાધુને દ્રવ્યથી અપ્કાયના આરંભને કારણે થતા કર્મબંધમાં વધ્યનો જ વધહેતુ છે, એ પ્રકારે વૃષોદન્વતનો મત=ધર્મસાગર ઉપાધ્યાયનો મત છે, તે તુચ્છ છે; કેમ કે અતિપ્રસંગ છે.

ભાવાર્થ :-

મુનિ સર્વ જીવો પ્રત્યે મધ્યસ્થ પરિણતિવાળા છે. તેથી કોઈપણ જીવને પીડા કરવાનો તેમને પરિણામ નથી. માટે મધ્યસ્થ એવા તેમનો યોગ હિંસાકૃત કર્મબંધ પ્રત્યે હેતુ નથી. પરંતુ તેમની કાયચેષ્ટાથી=કાયાના વ્યાપારથી, વધને પામતા એવા વધ્યજીવોનો જ વધ કર્મબંધ પ્રત્યે હેતુ છે. તેથી મુનિને અલ્પ કર્મબંધ ત્યાં થાય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી એવા ધર્મસાગર ઉપાધ્યાયનો જે મત છે, તે તુચ્છ છે; કેમ કે તેમ માનવાથી અપ્રમત્તમુનિને કે કેવલીને પણ કાયચેષ્ટાથી થતા હિંસાકૃત કર્મબંધના અતિપ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં પૂર્વપક્ષી કહે કે, કાયચેષ્ટાથી અપ્રમત્તમુનિ આદિને હિંસાકૃત કર્મબંધ થાય, તે આપત્તિ અમને ઇષ્ટાપત્તિ છે. તેથી બીજો હેતુ કહે છે –

ટીકાર્થ :-

एगया ..... आगमविरोधाच्च, અને "एगयाथी उद्दायंति" એ આગમનો વિરોધ છે. તે આગમનો અર્થ આ પ્રમાણે છે –

एकदा=कदाचित्=કોઈ વાર गुणसमित એવા રીયમાણ यतिनी=અપ્રમત્તપણાથી ગુણયુક્ત એવા સમ્યગ્ અનુષ્ઠાનવાળા યતિની, જવા-આવવાની કે સંકોચન-પ્રસારણાદિની કોઈપણ અવસ્થામાં કાયસંસ્પર્શને=શરીરના સંસ્પર્શને પામેલા સંપાતિમાદિ પ્રાણીઓ પ્રાણ વડે મુકાય છે.

❖ આચારાંગ સૂત્રની ટીકા પ્રમાણે આ અર્થ કરેલ છે.

આચારાંગ શ્રુ. ૧, અધ્યાય-૫, ઉદ્દેશો-૪, સૂત્ર-૧૫૮ની વૃત્તિમાં ઉપરોક્ત કથનમાં કર્મબંધ પ્રતિ વિચિત્રતા કહેલી છે. તે આ પ્રમાણે –

શૈલેશી અવસ્થામાં યોગ નહિ હોવાને કારણે કર્મબંધ સર્વથા થતો નથી અને ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલીને યોગનિમિત્તક એક સમયનો કર્મબંધ થાય છે, પરંતુ વધ્યના વધકૃત કોઈ કર્મબંધ થતો નથી; અને અપ્રમત્ત મુનિને યોગનિમિત્તક અને તેમનામાં વર્તતા પ્રશસ્ત કષાયોને કારણે જઘન્યથી અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી આઠ મુહૂર્તની સ્થિતિનો પણ કર્મબંધ થાય છે, પરંતુ હિંસાકૃત કોઈ કર્મબંધ તેમને થતો નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે, ઉપરમાં કહ્યું એ રીતે, આચારાંગસૂત્રના આગમવચન સાથે વિરોધ છે, માટે અપ્રમત્ત મુનિને નદી ઊતરતાં કર્મબંધ નથી, એમ માનવું પડશે; પરંતુ ત્યાં પ્રશ્ન થાય કે, નદી ઊતરવામાં મધ્યસ્થ એવા મુનિનો કાયવ્યાપાર ભલે કર્મબંધ પ્રત્યે હેતુ નથી, પરંતુ વધ્યનો વધ હેતુ છે, તેથી ત્યાં વધ્યના વધકૃત કર્મબંધ તો થશે ને ? તેથી કહે છે –

योगवतः ..... विस्तरः ।। યોગવાળાના કાયસંસ્પર્શનું=વધ્ય એવા અપ્કાયાદિ જીવોની સાથે કાયસંસ્પર્શનું, એકકાયવ્યાપારપણું છે, એ પ્રકારે અન્યત્ર વિસ્તાર છે. ॥૬૫॥

ભાવાર્થ :-

જે મુનિ અપ્રમત્ત છે, તે મુનિ મન, વચન અને કાયાના યોગોને તે જ રીતે પ્રવર્તાવે છે કે જેથી તેમનો અપ્રમત્તભાવ વૃદ્ધિમત્ થાય. તેથી જ્ઞાનાદિની વૃદ્ધિ અર્થે નદી ઊતરતી વખતે અપ્કાયના જીવોની સાથે જે તેમની કાયાનો સંસ્પર્શ થાય છે, તે સંસ્પર્શનું માત્ર કાયયોગવ્યાપારપણું છે, ત્યાં વધ્ય એવા જીવોના વધને અનુકૂળ મનોવ્યાપાર કે વચનવ્યાપાર નથી; એટલું જ નહિ પરંતુ વધ પામતા તે જીવો પ્રત્યે ઉપેક્ષાનો પણ ભાવ નથી, પરંતુ ષટ્કાયના પાલનના પરિણામમાં અપ્રમત્તભાવને ઉલ્લસિત કરવા અર્થે જ તે કાયવ્યાપાર કરી રહ્યા છે. તેથી તેવા મુનિના કાયવ્યાપારથી તેમની કાયાનો ઉદકના જીવોની સાથે જે સંસ્પર્શ થાય છે, તે માત્ર કાયયોગમાં વિશ્રાંત થાય છે. તેથી ત્યાં વધ્યના વધકૃત કોઈ કર્મબંધ નથી, પરંતુ યોગકૃત કર્મબંધ થાય છે, જે વધ ન થતો હોય ત્યારે પણ મુનિના કાયવ્યાપારથી જેવો થાય છે, તેવો નદી ઉતરણના કાળમાં

પણ થાય છે. માટે નદી ઊતરવી આદિમાં અપ્રમત્ત મુનિને યોગકૃત કર્મબંધ આચારાંગમાં કહેલ છે, તે થાય છે; પરંતુ વધકૃત કર્મબંધ થતો નથી. ॥૬૫॥

અવતરણિકા :-

अबुद्धिपूर्वप्रवृत्तिदृष्टान्ते बुद्धिपूर्वप्रवृत्तिस्थलेऽपि माध्यस्थ्यहेत्वैक्येन योजयति –

અવતરણિકાર્થ :-

બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના સ્થળમાં પણ માધ્યસ્થ્યરૂપ હેતુનું ઐક્યપણું હોવાને કારણે અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના દૃષ્ટાંતમાં બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિને યોજે છે.

❖ અહીં અબુદ્ધિપૂર્વક પ્રવૃત્તિના દૃષ્ટાંતમાં યોજે છે, એમ અન્વય છે, અને શું યોજે છે, તે અધ્યાહાર છે. તેથી બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિને યોજે છે, એમ સમજવાનું છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૬૫માં જે દૃષ્ટાંત કાયોત્સર્ગમાં રહેલા મહાત્માનું બતાવ્યું, ત્યાં અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ છે. તેથી અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના દૃષ્ટાંતમાં, અપ્રમત્તમુનિની જે કારણિક બુદ્ધિપૂર્વકની નદી ઊતરવાની ક્રિયા છે, તેને યોજે છે=અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ સમાન બુદ્ધિપૂર્વક નદી ઊતરવાની ક્રિયા છે, તેથી બંનેમાં કર્મબંધ નથી, તે રીતે યોજે છે; કેમ કે તે બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિના સ્થળમાં પણ માધ્યસ્થ્યરૂપ હેતુની એકતા છે. તે આ રીતે –

જેમ કાયોત્સર્ગમાં રહેલા, કોઈક વડે અજ્ઞાનથી નદીમાં ફેંકાયેલા તપસ્વી મહાત્મા, સર્વ જીવો પ્રત્યે મધ્યસ્થ પરિણતિવાળા છે, તે જ રીતે બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ કરતી વખતે અપ્રમત્તમુનિ પણ મધ્યસ્થ પરિણતિવાળા છે; કેમ કે જેમ અપ્રમત્તમુનિ ધ્યાન દ્વારા પોતાની સમતાની વૃદ્ધિ માટે યત્ન કરી રહ્યા છે, તેમ નદી ઊતરનાર મુનિ પણ ભગવાનની આજ્ઞાના પાલન દ્વારા નવકલ્પી વિહાર કરીને રત્નત્રયીની વૃદ્ધિ કરી રહ્યા છે. તેથી બંનેમાં માધ્યસ્થરૂપ હેતુનું ઐક્ય છે, માટે તે દૃષ્ટાંતની નદી ઊતરવાના સ્થળમાં પણ સંગતિ થાય છે.

ગાથા :-

"एवं चिय मज्झत्थो आणाइ उ कत्थई पयट्टंतो ।
सेहगिलाणादिट्ठा अपवत्तो चेव णायव्वो" ।।६६।।

ગાથાર્થ :-

આ રીતે જ=પૂર્વે ગાથા-૬૫માં કહ્યું કે, કાયોત્સર્ગમાં રહેલા એવા, અજ્ઞાનથી કોઈક વડે નદીમાં ફેંકાયેલા તપસ્વી મહાત્મા હિંસામાં અપ્રવૃત્ત જ છે એ રીતે જ, મધ્યસ્થ એવા મહાત્મા આજ્ઞાથી ક્વચિત્ શૈક્ષ-ગ્લાન વગેરે માટે પ્રવર્તેલા અપ્રવૃત્ત જ જાણવા. ॥૬૬॥

ટીકા :-

एवमेव मध्यस्थः सन्नाऽऽज्ञातः क्वचित्प्रवर्तमानो वस्तुनि शैक्षग्लानाद्यर्थं पुष्टालम्बनतोऽप्रवृत्त एव ज्ञातव्यो ज्ञानाद्यर्थं प्रवृत्तावाश्रवस्यापि परिश्रवत्वादिति ।।६६।।

ટીકાર્થ :-

एवमेव ..... परिश्रवत्वादिति આ રીતે જ=પૂર્વે ગાથા-૬૫માં કહ્યું કે, કાયોત્સર્ગમાં રહેલા, કોઈક વડે નદીમાં ફેંકાયેલા તપસ્વી મહાત્મા હિંસામાં અપ્રવૃત્ત જ છે, એ રીતે જ, મધ્યસ્થ છતાં આજ્ઞાથી કોઈક વસ્તુમાં શૈક્ષ-ગ્લાનાદિ માટે પુષ્ટાલંબનને કારણે પ્રવર્તેલા મુનિ અપ્રવૃત્ત જ જાણવા; કેમ કે જ્ઞાનાદિ અર્થે પ્રવૃત્તિમાં આશ્રવનું પણ પરિશ્રવપણું છે=આશ્રવ પણ નિર્જરારૂપ છે. ।।૬૬।।

❖ 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

જે રીતે કાયોત્સર્ગમાં રહેલા, કોઈક વડે મોહથી=અજ્ઞાનથી, નદીમાં ફેંકાયેલા મુનિને મધ્યસ્થભાવ હોવાને કારણે અપ્કાયની વિરાધનાકૃત કર્મબંધ થતો નથી, પરંતુ ધ્યાનાદિકૃત સંવરભાવને કારણે નિર્જરા થાય છે; કેમ કે તે મહાત્મા મધ્યસ્થ છે=રાગ-દ્વેષથી પર છે, અને તેથી જ ઉચિતપ્રવૃત્તિરૂપ ધ્યાનમાં યત્નવાળા છે; તે જ રીતે મધ્યસ્થ મુનિ=રાગ-દ્વેષના પરિણામથી પર એવા મુનિ, ભગવાનની આજ્ઞા ઉચિત પ્રવૃત્તિ કરવાની છે તેથી, તે આજ્ઞાથી પુષ્ટાલંબનને કારણે શૈક્ષ-ગ્લાનાદિ માટે કોઈ વસ્તુમાં=કૃત્યમાં, પ્રવર્તેલા હોવા છતાં અપ્રવૃત્ત જ છે.

આશય એ છે કે, શૈક્ષ-ગ્લાનાદિ માટે કોઈ દોષિત ભિક્ષા વગેરેના ગ્રહણનો પ્રસંગ કારણે પ્રાપ્ત થાય ત્યારે, મધ્યસ્થભાવ હોવાને કારણે ગીતાર્થ મુનિ કેવળ ભગવાનની આજ્ઞાથી પ્રવર્તે છે, તોપણ તે દોષિત ભિક્ષામાં થતી હિંસામાં અપ્રવૃત્ત જ જાણવા; કેમ કે શૈક્ષ-ગ્લાનાદિના અને પોતાના રત્નત્રયીના પરિણામના રક્ષણ માટે તે પ્રવૃત્તિ કરે છે. તેથી સ્થૂલ વ્યવહારથી દોષિત ભિક્ષાગ્રહણ વગેરેમાં પ્રવૃત્તિ છે, તે આશ્રવરૂપ છે, તોપણ પરમાર્થથી તે પરિશ્રવરૂપ છે અર્થાત્ કર્મની નિર્જરારૂપ છે; કેમ કે કર્મબંધ એ જીવના પરિણામથી થાય છે, અને શૈક્ષ-ગ્લાનાદિ માટે પુષ્ટાલંબનથી પ્રવૃત્તિ વખતે શૈક્ષ-ગ્લાનાદિની રત્નત્રયીની વૃદ્ધિ થાય એવો અધ્યવસાય ગીતાર્થ મુનિને હોય છે, વળી આજ્ઞાપાલનનો અધ્યવસાય હોય છે, જે અધ્યવસાય પોતાની રત્નત્રયીની વૃદ્ધિનું કારણ છે, તેથી તે અધ્યવસાય દ્વારા નિર્જરા થાય પણ કર્મબંધ થાય નહિ. માટે સ્થૂલ વ્યવહારથી દોષિત ભિક્ષા લાવવાની ક્રિયા આશ્રવરૂપ દેખાય છે, તે જ ક્રિયા પરમાર્થથી અધ્યવસાયની શુદ્ધિ દ્વારા નિર્જરાનું કારણ બને છે. **॥૬૬॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૬૬માં કહ્યું કે જ્ઞાનાદિ માટે પ્રવૃત્તને આશ્રવ પણ પરિશ્રવરૂપ છે, ત્યાં પ્રશ્ન થાય કે આશ્રવ પરિશ્રવરૂપ કેમ બને છે ? તેથી કહે છે –

ગાથા :-

"आणापरतंतो सो सा पुण सव्वन्नुवयणओ चेव ।
एगंतहिया वेज्जगणाएणं सव्वजीवाणं" ।।६७।।

ગાથાર્થ :-

આજ્ઞાપરતંત્ર આ=પરિણામ, પ્રવર્તક છે, વળી તે=આજ્ઞા, સર્વજ્ઞના વચનથી જ વૈદ્યકના દૃષ્ટાંત વડે સર્વ જીવોને એકાંતે હિત કરનાર છે. ।।૬૭।।

ટીકા :-

आज्ञापरतन्त्रोऽसौ प्रवर्त्तकः, सा पुनः सर्वज्ञवचनत एवाज्ञा एकान्तहिता वर्त्तते वैद्यकज्ञातेन, हितमेतदपि सर्वजीवानां दृष्टादृष्टोपकारादिति ।।६७।।

ટીકાર્થ :-

आज्ञापरतन्त्रो ..... वैद्यकज्ञातेन, આજ્ઞાપરતંત્ર આ=પરિણામ, પ્રવર્તક છે, વળી સર્વજ્ઞના વચનથી જ તે આજ્ઞા=સર્વજ્ઞના વચનથી પાલન કરાતી એવી તે આજ્ઞા, વૈદ્યકના દૃષ્ટાંત વડે એકાંતે હિત કરનારી છે.

અહીં પ્રશ્ન થાય કે, આજ્ઞાપાલન કરનારને આજ્ઞા હિતાવહા બને, પરંતુ બીજા જીવોને તો અહિતરૂપ બને છે; કેમ કે નદી ઊતરવી આદિમાં અપ્કાયાદિ જીવોની વિરાધના થાય છે. તેથી કહે છે –

हितमेतदपि ..... दृष्टादृष्टोपकारादिति ।। આ પણ=આજ્ઞાપાલન પણ, સર્વ જીવોને હિતકર છે; કેમ કે આજ્ઞાપાલનથી દૃષ્ટ-અદૃષ્ટ ઉપકાર થાય છે. ।।૬૭।।

❖ हितमेतदपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે, આજ્ઞા તો એકાંતે હિતાવહા છે, પરંતુ આજ્ઞાનું પાલન પણ એકાંતે હિત કરનાર છે.

❖ 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૬૬માં કહ્યું કે, મધ્યસ્થ એવા મુનિ, પુષ્ટાલંબનથી શૈક્ષ-ગ્લાનાદિ માટે કોઈક કાર્યમાં પ્રવર્તે તોપણ અપ્રવૃત્ત જ જાણવા. તેથી એ પ્રાપ્ત થાય કે, તેમનાથી થતી હિંસા પણ નિર્જરાનું જ કારણ છે. તેમાં યુક્તિ બતાવે છે – મધ્યસ્થ મુનિ પોતાની મતિથી પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ આજ્ઞાપરતંત્ર એવા તેઓ પ્રવર્તે છે અર્થાત્ ગુણવાન એવા ગીતાર્થની આજ્ઞાને પરતંત્ર રહીને જ પ્રવૃત્તિ કરે છે. વળી ગુણવાનને પરતંત્ર રહીને જે આજ્ઞાનું પાલન છે, તે સર્વજ્ઞના વચનથી વૈદ્યકના દૃષ્ટાંત વડે એકાંત હિતાવહ છે.

આશય એ છે કે, સુવૈદ્ય જે રોગીનો ઉપચાર કરે છે, તે સુવૈદ્યના વચન પ્રમાણે ચાલનાર રોગીનું એકાંતે હિત થાય છે, તેમ સર્વજ્ઞના વચનાનુસાર ગુણવાન એવા ગુરુની આજ્ઞા એકાંતે ભવરોગનો નાશ

કરીને હિતનું કારણ બને છે. વળી તે આજ્ઞાપાલન માત્ર સ્વનું હિત કરે છે તેવું નથી, પરંતુ સર્વ જીવોનું હિત કરે છે; કેમ કે આજ્ઞાપાલનથી સર્વ જીવોનો દૃષ્ટ-અદૃષ્ટ ઉપકાર થાય છે. તે આ રીતે –

સંસારવર્તી જીવો જ્યાં સુધી શરીરધારી છે, ત્યાં સુધી તેઓ સર્વ જીવોને માટે ઉપદ્રવરૂપ છે, પરંતુ ભગવાનની આજ્ઞાનું પાલન કરીને તેઓ રાગાદિ વગરના થઈને અંતે મોક્ષમાં જાય છે, ત્યારે મુક્ત થયેલા એવા તેઓ સર્વ જીવો માટે ઉપદ્રવરહિત બને છે. તે આ રીતે – જે સાધુ, શૈક્ષ-ગ્લાનાદિ માટે પુષ્ટાલંબનથી ભગવાનના વચનાનુસાર દોષિત ગોચરીમાં પ્રવૃત્તિ કરે છે, તે સાધુ, શૈક્ષ-ગ્લાનાદિ ઉપર સંયમવૃદ્ધિ કરવા દ્વારા દૃષ્ટ ઉપકાર કરે છે, અને ભગવાનની આજ્ઞાના પાલનથી સ્વનો પણ ઉપકાર કરે છે. અને આ રીતે આજ્ઞાપાલન દ્વારા પોતે અને શૈક્ષ-ગ્લાનાદિ સંસારથી શીઘ્ર મુક્ત થશે, તેથી મુક્ત થયેલા તેમનાથી સંસારમાં અમારિપટહ વાગશે; કેમ કે હવે તે મુક્ત થયેલા જીવોથી જગતના જીવોને કદી ઉપદ્રવ થશે નહિ. તેથી જ મુનિથી નદી ઊતરતાં પાણીના જીવોને જે પીડા થયેલી અને શૈક્ષ-ગ્લાનાદિની વૈયાવચ્ચ કરતાં અશુદ્ધ ભિક્ષાથી જે હિંસા થયેલી, તે જીવોનો પણ ભાવિમાં ઉપકાર થવાનો; કેમ કે પોતે અને અન્ય શૈક્ષ-ગ્લાનાદિ મોક્ષમાં ન જાય તો સંસારમાં તે જીવોને પણ પોતાનાથી ઉપદ્રવ થયા કરવાનો હતો, પણ મોક્ષમાં જવાથી તે ઉપદ્રવ દૂર થાય છે. માટે જગતના તમામ જીવોને ભગવાનની આજ્ઞાના પાલનથી દૃષ્ટ કે અદૃષ્ટ ઉપકાર થાય છે. અર્થાત્ પોતાને અને શૈક્ષને દૃષ્ટ ઉપકાર થયો અને જે જીવોને તે પ્રવૃત્તિથી પીડા થઈ તેમને પણ અદૃષ્ટ ઉપકાર થશે અર્થાત્ ભાવિમાં ઉપકાર થશે. તેથી આજ્ઞાપાલન સર્વ જીવોને હિતકર છે. ॥૬૭॥

ગાથા :-

"भावं विणावि एवं होइ पवित्ती ण बाहए एसा ।
सव्वत्थ अणाभिसंगा विरइभावं सुसाहुस्स" ।।६८।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વે ગાથા-૬૬માં કહ્યું કે, પુષ્ટાલંબનથી શૈક્ષ-ગ્લાનાદિ માટે અપવાદિક પ્રવૃત્તિ થાય છે, એ રીતે, ભાવ વગર પણ અર્થાત્ ષટ્કાયના પાલનથી વિરુદ્ધ ભાવ વગર પણ, (ક્વચિત્) પ્રવૃત્તિ થાય છે, એ પ્રવૃત્તિ સુસાધુના વિરતિભાવને બાધા કરતી નથી; કેમ કે સર્વત્ર અનભિષ્વંગ છે. ॥૬૮॥

ટીકા :-

भावं=विरुद्धभावं, विनाप्येवं भवति प्रवृत्तिः क्वचित्, न बाधते चैषा सर्वत्रानभिष्वङ्गाद् विरतिभावं सुसाधोः, उपेयोपायेच्छाव्यतिरिक्तभावस्यैवाभिष्वङ्गत्वान्निरभिष्वङ्गकर्मणश्चाबन्धकत्वादिति भावः ।।६८।।

ટીકાર્થ :-

भावं ..... सुसाधोः, એ રીતે=પુષ્ટાલંબનથી શૈક્ષ-ગ્લાનાદિ માટે ક્વચિત્ અપવાદિક પ્રવૃત્તિ થાય છે એ રીતે, ષટ્કાયના પાલનરૂપે, સંયમથી વિરુદ્ધ ભાવ વગર પણ ક્વચિત્ પ્રવૃત્તિ થાય છે અર્થાત્

સ્થૂલથી જીવવિરાધનાને અનુકૂળ પ્રવૃત્તિ થાય છે, અને આ=બાહ્ય રીતે જીવવિરાધનાને અનુકૂળ પ્રવૃત્તિ, સર્વત્ર અનભિષ્વંગ હોવાને કારણે સુસાધુના વિરતિભાવને બાધા કરતી નથી.

અહીં પ્રશ્ન થાય કે, સર્વત્ર અનભિષ્વંગ છે, એવું કેમ કહી શકાય ? કેમ કે મુનિ નિર્જરા માટે પ્રવૃત્તિ કરે છે, તેથી નિર્જરા અને નિર્જરાથી પ્રાપ્તવ્ય મોક્ષ અને તેના ઉપાયોમાં તો અભિષ્વંગ છે, માટે જ તેમાં પ્રવર્તે છે. તેથી કહે છે –

उपेयोपायेच्छा ..... अभिष्वङ्गत्वात्, ઉપેયની અને ઉપાયની ઇચ્છાથી વ્યતિરિક્ત=ભિન્ન, ભાવનું જ અભિષ્વંગપણું છે અર્થાત્ ઉપેય જે મોક્ષ અને તેના ઉપાયભૂત જે ઉચિત આચરણાઓ, તેની ઇચ્છાથી વ્યતિરિક્ત=ભિન્ન, એવા કોઈપણ પદાર્થવિષયક ઇચ્છારૂપ જે ભાવ છે, તેનું જ અભિષ્વંગપણું છે=તે જ અભિષ્વંગરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે, સુસાધુને ઉપેયની અને ઉપાયની ઇચ્છાથી વ્યતિરિક્ત ક્યાંય અભિષ્વંગ નથી, એટલામાત્રથી તેઓના વિરતિભાવને બાધ કેમ થતો નથી ? તેથી કહે છે –

ટીકાર્થ :-

निरभिष्वङ्ग ..... अबन्धकत्वादिति भावः ।। અને નિરભિષ્વંગકર્મનું અબંધકપણું છે, તેથી વિરતિભાવ બાધા પામતો નથી, એમ અન્વય છે. ॥૬૮॥

ભાવાર્થ :-

જીવને અભિષ્વંગ પરિણામરૂપ અવિરતિથી જ કર્મબંધ થાય છે, અને જે સાધુઓનું ચિત્ત મોક્ષ અને મોક્ષના ઉપાય સિવાય સર્વત્ર અભિષ્વંગ વગરનું છે, તેઓ શૈક્ષ-ગ્લાનાદિની વૈયાવચ્ચ કરવા માટે પુષ્ટાલંબનથી દોષિત ભિક્ષા આદિમાં પ્રવૃત્તિ કરે છે, તે કૃત્ય સર્વથા અભિષ્વંગ વગરનું હોવાથી કર્મબંધનું કારણ બનતું નથી; કેમ કે ગ્લાનાદિની સેવા વખતે તેમનો આશય ફક્ત સ્વ-પરની સંયમની વૃદ્ધિનો છે, પરંતુ કોઈ પ્રમાદને પરવશ થઈને અશુદ્ધ ભિક્ષાદિ લાવવાનો નથી. તેથી જે કૃત્યમાં કેવલ મોક્ષનો આશય હોય અને પૂર્ણ વિવેકપૂર્વકની પ્રવૃત્તિ હોય તે કૃત્યથી કર્મબંધ થતો નથી. માટે દોષિત ભિક્ષા આદિની પ્રવૃત્તિ પણ સુસાધુના વિરતિભાવને બાધા કરતી નથી. પરંતુ જે સાધુ શૈક્ષ-ગ્લાનાદિની વૈયાવચ્ચ માટે પ્રવૃત્ત હોય, આમ છતાં નિર્દોષ ભિક્ષા માટેની સમ્યગ્ યતનામાં પ્રમાદવાળા હોય, તો તેવા સાધુ શૈક્ષ-ગ્લાનાદિની વૈયાવચ્ચ કરે છે, તે અંશથી તેઓની તે ઉચિત પ્રવૃત્તિ હોવા છતાં પ્રમાદ અંશને આશ્રયીને તેમની પ્રવૃત્તિ કર્મબંધનું કારણ બને છે; પરંતુ જે પ્રવૃત્તિમાં સંયમનો વિરુદ્ધભાવ લેશ પણ નથી, તેવી પ્રવૃત્તિ નિરભિષ્વંગભાવવાળી હોવાથી ક્યારે પણ વિરતિભાવનો બાધ કરતી નથી. **॥૬૮॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૬૮માં કહ્યું કે, સંયમના વિરુદ્ધભાવ વગર પણ આ રીતે ક્વચિત્ અપવાદથી જીવવિરાધનાને અનુકૂળ પ્રવૃત્તિ થાય છે, પરંતુ તે પ્રવૃત્તિ સર્વત્ર અનભિષ્વંગ હોવાને કારણે સુસાધુના

વિરતિભાવને બાધ કરતી નથી, તેથી તે પ્રવૃત્તિ નિયમા ભગવાનના વચનથી હોય છે. જ્યારે ભગવાનના વચનથી નિરપેક્ષ સ્વમતિકલ્પનાથી પ્રવૃત્તિ કરવામાં આવે, ત્યારે બાહ્યથી કદાચ મોક્ષ કે મોક્ષના ઉપાયની ઇચ્છા હોય તોપણ વિરતિભાવને બાધ કરે છે. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"उस्सुत्ता पुण बाहइ समइविगप्पसुद्धावि णियमेणं ।
गीयत्थणिसिद्धिपवज्जणरूवा णवरं णिरणुबंधा" ।।६९।।

ગાથાર્થ :-

નિયમથી ગીતાર્થનિષિદ્ધ પ્રતિપત્તિરૂપ=ગીતાર્થ જ્યારે નિષેધ કરે, ત્યારે તે પ્રવૃત્તિ નહીં કરવાનો સ્વીકાર કરે, તેવી સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ (વિરતિભાવને) બાધ કરે છે, પરંતુ નિરનુબંધ છે. ।।૬૯।।

❖ અહીં ઉત્સૂત્ર પ્રવૃત્તિનું વિશેષણ 'नियमेन गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा' છે, અને તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ નિરનુબંધ છે તેના હેતુરૂપે છે, તેથી હેતુઅર્થક વિશેષણ છે.

ટીકા :-

उत्सूत्रा पुनः प्रवृत्तिर्बाधते विरतिभावं स्वमतिविकल्पशुद्धापि तत्त्वतोऽशुद्धत्वात् "सुंदरबुद्धीए कयं बहुयंपि न सुंदरं होइ" **इति वचनात् । नियमेन गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा=गीतार्थेन निषिद्धे सति प्रतिपत्तिः=अकरणाभ्युपगमस्तया रूप्यते या, सा नवरं प्रवृत्तिरनभिनिवेशाद्धेतोर्निरनुबन्धाऽनुबन्ध-कर्मरहिता भवति, अपुनःकरणात्प्रज्ञापनीयप्रकृतित्वाच्च ।।६९।।**

ટીકાર્થ :-

उत्सूत्रा ..... विरतिभावं વળી સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ વિરતિભાવને બાધ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે, સ્વમતિવિકલ્પથી તે પ્રવૃત્તિ શુદ્ધ છે, તો વિરતિભાવને કેમ બાધ કરે છે ? તેથી કહે છે –

तत्त्वतो ऽशुद्धत्वात् તત્ત્વથી અશુદ્ધપણું છે, અર્થાત્ તત્ત્વથી તે પ્રવૃત્તિ અશુદ્ધ છે.

અહીં પ્રશ્ન થાય કે, પોતાને તો તે પ્રવૃત્તિ સુંદર દેખાય છે તેથી તે પ્રવૃત્તિ કરે છે, તો પછી તે પ્રવૃત્તિ તત્ત્વથી અશુદ્ધ કેમ છે ? તેથી કહે છે –

सुंदरबुद्धीए ..... वचनात् । અગીતાર્થ વડે સુંદરબુદ્ધિથી કરાયેલું ઘણું પણ સુંદર હોતું નથી, એ પ્રકારનું વચન છે.

આ સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ કેવી છે તે બતાવે છે –

नियमेन ..... या – નિયમથી ગીતાર્થનિષિદ્ધ પ્રતિપ્રતિરૂપ છે.

'गीतार्थनिषिद्धप्रतिपत्तिरूपा'નો સમાસ બતાવે છે –

ગીતાર્થ વડે નિષેધ કરાયે છતે અકરણઅભ્યુપગમરૂપ પ્રતિપત્તિ=ગીતાર્થ જ્યારે નિષેધ કરે ત્યારે તે પ્રવૃત્તિ નહીં કરવાનો સ્વીકાર કરે, તેવી સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ ઉત્સૂત્રપ્રવૃત્તિ, તેના વડે જે જણાય છે, તે ગીતાર્થનિષિદ્ધ પ્રતિપત્તિરૂપ છે.

સ્વમતિવિકલ્પથી શુદ્ધ ઉત્સૂત્ર પ્રવૃત્તિ પણ નિયમથી ગીતાર્થનિષિદ્ધ પ્રતિપત્તિરૂપ હોવાને કારણે કેવી છે, તે સ્પષ્ટ કરે છે –

सा नवरं ..... प्रकृतित्वाच्च ।। ફક્ત તે પ્રવૃત્તિ અનભિનિવેશરૂપ હેતુથી નિરનુબંધ=અનુબંધકર્મરહિત છે; કેમ કે અપુનઃકરણ છે અને પ્રજ્ઞાપનીયપ્રકૃતિપણું છે. ।।૬૯।।

ભાવાર્થ :-

અતીન્દ્રિય પદાર્થમાં સર્વજ્ઞનું વચન જ પ્રમાણ છે અને સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિથી જ વિરતિભાવ વર્તે છે. પરંતુ જે સાધુ ભગવંતો સ્વમતિવિકલ્પથી કોઈ પ્રવૃત્તિ શુદ્ધ છે તેમ માનીને, ગીતાર્થની નિશ્રા છોડીને શુદ્ધ ભિક્ષાદિરૂપ પ્રવૃત્તિ કરે છે, તે વિરતિભાવને બાધ કરે છે.

જોકે આવા સાધુને તે પ્રવૃત્તિ ઇન્દ્રિયોના વિષયના આકર્ષણથી નથી, તેથી સ્થૂલથી દેખાય કે તેમની તે પ્રવૃત્તિ વિરતિભાવવાળી છે, પરંતુ જે પ્રવૃત્તિમાં ભગવાનના વચનનું સ્મરણ ન હોય, અને ભગવાનના વચનના સ્મરણથી નિયંત્રિત પ્રવૃત્તિ ન હોય, તે પ્રવૃત્તિ ઉત્સૂત્રરૂપ છે, માટે તે પ્રવૃત્તિ વિરતિભાવનો બાધ કરે છે. અને તેથી આવી સ્વમતિવિકલ્પથી શુદ્ધ દેખાતી પ્રવૃત્તિ પણ તત્ત્વથી અશુદ્ધ છે; કેમ કે સર્વજ્ઞના વચનથી તે પ્રવૃત્તિ નિયંત્રિત નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, પ્રવૃત્તિ કરનારનો આશય તો વિરતિભાવનો જ હતો, અને વિરતિભાવનો ઉપાય આ જ પ્રવૃત્તિ છે, એવી બુદ્ધિથી તે સાધુ પ્રવૃત્તિ કરે છે, તેથી તે પ્રવૃત્તિને અશુદ્ધ કેમ કહી શકાય ? તેથી કહે છે –

અગીતાર્થ દ્વારા સુંદરબુદ્ધિથી કરાયેલું ઘણું પણ સુંદર હોતું નથી, આ પ્રકારનું વચન છે.

આશય એ છે કે, મોક્ષમાર્ગમાં સુંદર તે જ છે કે જે સર્વજ્ઞના વચનાનુસાર હોય, અને જે સાધુ ગીતાર્થ નથી, તે ભગવાનના વચનને ઉચિત રીતે જોડી શકતા નથી, અને પોતાની મતિથી આ સુંદર છે તેમ માનીને તેમાં પ્રવૃત્તિ કરે છે, આમ છતાં જે કાંઈ તેમની પ્રવૃત્તિ ભગવાનના વચનાનુસાર નથી, તે સુંદર નથી. માટે તેમની પ્રવૃત્તિ તત્ત્વથી અશુદ્ધ છે. માટે તેવા સાધુની સ્વમતિવિકલ્પથી કરાયેલી શુદ્ધ પણ પ્રવૃત્તિ ઉત્સૂત્રરૂપ છે, અને તે વિરતિભાવને બાધ કરે છે.

સ્વમતિવિકલ્પથી પ્રવૃત્તિ કરનારા પણ જેઓ પ્રજ્ઞાપનીય હોવાને કારણે કોઈ ગીતાર્થ પુરુષનો યોગ થાય અને તેમની તે પ્રવૃત્તિ અનુચિત છે તેમ સમજાવે, તો તેઓ પોતાની તે અનુચિત પ્રવૃત્તિ નહિ કરવાનો

સ્વીકાર કરે તેવી પ્રકૃતિવાળા છે. તેથી તેમની ઉત્સૂત્ર પ્રવૃત્તિ ગીતાર્થ દ્વારા નિષેધ કરાયે છતે તે પ્રવૃત્તિના ત્યાગનો સ્વીકાર કરે તેવી છે. માટે તેમની ઉત્સૂત્ર પ્રવૃત્તિ હોવા છતાં તે પ્રવૃત્તિનો અભિનિવેશ નથી, તેથી તેઓની તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ નિરનુબંધ છે; કેમ કે કોઈ યોગ્ય ગીતાર્થ મળી જાય તો તેમના ઉપદેશથી તેઓની તે પ્રવૃત્તિ નિવર્તન પામે તેવી છે. તેથી ગીતાર્થના ઉપદેશ પછી તેમની તે પ્રવૃત્તિ અપુનઃકરણવાળી છે, માટે તેમની તે પ્રવૃત્તિ નિરનુબંધ છે. અને જ્યાં સુધી ગીતાર્થનો યોગ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી તેઓની તે વિપરીત પ્રવૃત્તિ ચાલુ હોવા છતાં તે જીવ પ્રજ્ઞાપનીય છે, તેથી તેઓની તે પ્રવૃત્તિ નિરનુબંધ છે.

આશય એ છે કે, સ્વમતિવિકલ્પથી શુદ્ધ એવી તેઓની તે પ્રવૃત્તિથી વિરતિભાવને બાધ થવા છતાં, ગીતાર્થનો યોગ પ્રાપ્ત થાય ત્યારે વિરતિભાવ પ્રગટે તેમ છે. તેથી તેમની તે પ્રવૃત્તિ દોષરૂપ હોવા છતાં મહાઅનર્થરૂપ નથી.

અહીં વિશેષ એ છે કે, કોઈ આરાધક સાધુ ગચ્છમાં રહીને સંયમ પાળતા હોય, પરંતુ સમુદાયમાં ઘણી વખત નિર્દોષ ભિક્ષાચર્યાદિનું પાલન સમ્યગ્ થઈ શકે નહિ, તેથી તે સાધુને સ્વમતિમાં લાગે કે, સંયમની આરાધના કરવી હોય તો સમુદાયથી પૃથગ્ વિહાર કરવો જોઈએ, તો જ સંયમની સારી આરાધના થઈ શકે; અને તે પ્રમાણે સ્વમતિથી વિકલ્પ કરીને સમુદાયને છોડીને સ્વમતિ પ્રમાણે નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં પ્રયત્ન કરતા હોય, ત્યારે તેમની તે પ્રવૃત્તિ સ્વમતિવિકલ્પથી શુદ્ધ સંયમની ક્રિયારૂપ હોવા છતાં વિરતિભાવને બાધ કરે છે. પરંતુ જ્યારે કોઈ ગીતાર્થ મળે અને તેમને સમજાવે, કે "આ રીતે સ્વતંત્ર રહીને સંયમના બાહ્ય આચારોનું સારી રીતે પાલન થઈ શકે છે, તોપણ નવા નવા જ્ઞાનની વૃદ્ધિ ગીતાર્થથી જ થઈ શકે, પરંતુ ગીતાર્થને છોડીને સ્વયં ગ્રંથવાંચનથી થઈ શકે નહિ; અને નવું નવું શ્રુત નવા નવા સંવેગની વૃદ્ધિ દ્વારા સંયમની વૃદ્ધિનું કારણ બને છે. વળી, સમુદાયમાં ઘણા ગુણવાન પુરુષોની વૈયાવચ્ચ કરીને પણ ગુણવૃદ્ધિ થાય છે. તે સર્વ ભાવોનો વિનાશ કરીને માત્ર નિર્દોષ ભિક્ષાચર્યાદિ બાહ્ય આચારમાત્રથી સંયમની શુદ્ધિ થાય નહિ;" આમ ગીતાર્થ સમજાવે ત્યારે, જે જીવો તેમના વચનથી સમજે તેવા છે, અને તેથી જ ફરી ગીતાર્થની નિશ્રા સ્વીકારીને માર્ગાનુસારી પ્રવૃત્તિ કરે તેવા છે, તેઓની તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ નિરનુબંધ છે. અને જ્યાં સુધી તેઓ ગીતાર્થની નિશ્રામાં જતા નથી, ત્યાં સુધી જે સંયમની ક્રિયા કરે છે, તે પ્રધાનદ્રવ્યક્રિયા હોવા છતાં ભાવથી વિરતિના પરિણામરૂપ નથી, માટે તેમની તે પ્રવૃત્તિ વિરતિભાવને બાધ કરે છે. **॥૬૯॥**

ગાથા :-

"इयरा उ अभिणिवेसा इयरा ण य मूलछेज्जविरहेणं ।
होए सा एत्तो च्चियं पुव्वायरिया इममाहु" ।।७०।।

ગાથાર્થ :-

વળી ઈતર=ગીતાર્થનિષિદ્ધ અપ્રતિપત્તિરૂપ પ્રવૃત્તિ, અભિનિવેશ હોવાને કારણે ઈતર=સાનુબંધ

છે, અને આ=સાનુબંધ પ્રવૃત્તિ, મૂલચ્છેદ વગર=ચારિત્રના અભાવ વગર, થતી નથી. આ જ કારણથી પૂર્વાચાર્યો આ=વક્ષ્યમાણ, કહે છે. ।।૭૦।।

❖ મૂલચ્છેદ્ય=મૂલ નામના પ્રાયશ્ચિત્તથી છેદ્ય એવો જે ચારિત્રના અભાવરૂપ દોષ એ મૂલચ્છેદ્ય છે= ચારિત્રનો અભાવ છે.

ટીકા :-

इतरा तु गीतार्थनिषिद्धाप्रतिपत्तिरूपा प्रवृत्तिरभिनिवेशात्=मिथ्याभिनिवेशेन, इतरा=सानुबन्धा न च मूलच्छेद्यविरहेण=चारित्राभावमन्तरेणेत्यर्थः (भवति), एषा=सानुबन्धा प्रवृत्तिः, अत एव कारणात्पूर्वाचार्या इदमाहुर्वक्ष्यमाणम् ।।७०।।

ટીકાર્થ :-

इतरा तु ..... इदमाहुर्वक्ष्यमाणम् ।। વળી ઈતર=ગીતાર્થનિષિદ્ધ અપ્રતિપત્તિરૂપ પ્રવૃત્તિ, અભિનિવેશ હોવાને કારણે=મિથ્યા અભિનિવેશ હોવાને કારણે, ઈતર=સાનુબંધ છે. અને આ=સાનુબંધ પ્રવૃત્તિ, મૂલચ્છેદ્ય વગર=ચારિત્રના અભાવ વગર, થતી નથી, એ પ્રમાણે અર્થ છે. આ જ કારણથી પૂર્વાચાર્યો આ=વક્ષ્યમાણ, કહે છે. ।।૭૦।।

ભાવાર્થ :-

ગીતાર્થ સાધુ જેનો નિષેધ કરતા હોય તેમના વચનનો જે સાધુ સ્વીકાર કરતા નથી અને પોતાની રુચિ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, તેઓને મિથ્યાભિનિવેશ હોય છે, તેથી તેમની તે પ્રવૃત્તિ સાનુબંધ હોય છે અર્થાત્ તે પ્રવૃત્તિ ગીતાર્થ દ્વારા પણ અટકાવી શકાય તેવી નથી, તેથી આવી અનુચિત પ્રવૃત્તિનો પ્રવાહ તે જીવમાં ચાલ્યા કરે છે, તેથી તે પ્રવૃત્તિ સાનુબંધ છે અને આવી અનુચિત પ્રવૃત્તિ ચારિત્રના અભાવને કારણે થાય છે.

કોઈ સાધુ સ્વમતિવિકલ્પથી શુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય, પરંતુ તે પ્રવૃત્તિ ઉત્સૂત્રરૂપ હોય, અને ગીતાર્થ સાધુ તેનો નિષેધ કરે તોપણ તે સાધુ સ્વીકારે નહિ તેવી પ્રવૃત્તિ હોય, તો તે સાધુની તે પ્રવૃત્તિ ચારિત્રના અભાવથી જ થાય છે, એટલું જ નહિ પણ તે સાધુને પ્રધાનદ્રવ્યચારિત્ર પણ નથી.

આશય એ છે કે, કોઈ સાધુ નિર્દોષ ભિક્ષાચર્યાદિ અર્થે ગુણવાન ગચ્છને છોડીને નિર્દોષ ભિક્ષા આદિમાં યત્ન કરે છે ત્યારે, તેમની નિર્દોષ ભિક્ષા આદિની પ્રવૃત્તિ સ્વમતિવિકલ્પથી શુદ્ધ હોવા છતાં પણ તે ઉત્સૂત્રરૂપ છે. અને વળી તે સાધુને કોઈ અન્ય ગીતાર્થ મળે અને સમજાવે કે આ રીતે ગુણવાન ગચ્છનો ત્યાગ કરવાથી સંયમની વૃદ્ધિ થાય નહિ, અને માત્ર બાહ્ય ભિક્ષાચર્યાદિની શુદ્ધિથી વિરતિભાવ આવે નહિ, માટે ગુણવાન ગચ્છમાં જ રહીને ક્વચિત્ દોષિત ભિક્ષા ગ્રહણ થાય તોપણ સંયમનો પરિણામ રહે છે; આમ છતાં ગીતાર્થથી નિષેધ કરાવવા છતાં તે સાધુ તેમના વચનનો સ્વીકાર ન કરે તો અપ્રજ્ઞાપનિયતા દોષવાળા તે સાધુ છે. તેવા સાધુની વિશુદ્ધ ભિક્ષા આદિની ક્રિયા વિરતિભાવને તો બાધ કરે છે, એટલું જ નહિ પરંતુ પ્રધાનદ્રવ્યચારિત્રનો પણ બાધ કરે છે. જ્યારે પૂર્વની ગાથા-૬૯માં બતાવેલ ગીતાર્થથી પ્રજ્ઞાપનીય

સાધુની તે જ જાતની પ્રવૃત્તિ વિરતિભાવને બાધ કરવા છતાં તે ઉત્સૂત્રપ્રવૃત્તિ નિરનુબંધ હોવાને કારણે તેનામાં પ્રધાનદ્રવ્યચારિત્ર છે, જ્યારે અભિનિવેશવાળાને વિરતિભાવ પણ નથી અને પ્રધાનદ્રવ્યચારિત્ર પણ નથી. ॥૭૦॥

❖ મૂળ ગાથા-૭૦માં પ્રથમ ઇયરા=ઇતરા છે તેનાથી ગીતાર્થનિષિદ્ધ અપ્રતિપત્તિરૂપ પ્રવૃત્તિ લેવાની છે, અને દ્વિતીય ઇયરા=ઇતરા છે તેનાથી સાનુબંધા છે, તેમ ગ્રહણ કરવાનું છે.

અવતરણિકા :-

ગાથા-૬૯માં બતાવ્યું કે, સ્વમતિવિકલ્પથી શુદ્ધ પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ વિરતિભાવને બાધ કરે છે, પરંતુ જેઓ ગીતાર્થ દ્વારા નિષેધ કરવામાં આવે અને તેમના વચનનો નિયમથી સ્વીકાર કરે તો તેઓ પ્રજ્ઞાપનીય છે, અને તેવા સાધુની તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ નિરનુબંધ છે, અને ગાથા-૭૦માં કહ્યું કે જે સાધુઓ અભિનિવેશવાળા છે, તેવા સાધુની તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ સાનુબંધ છે; તેથી સ્વમતિ પ્રમાણે કરનારા અભિનિવેશ વગરના=પ્રજ્ઞાપનીય, કે અભિનિવેશવાળા=અપ્રજ્ઞાપનીય, સાધુમાં ભાવથી ચારિત્ર નથી. એ જ બતાવવા માટે ગાથા-૭૦ના અંતે કહ્યું કે, આ જ કારણથી પૂર્વાચાર્યો આ=વક્ષ્યમાણ, કહે છે. અને તે વક્ષ્યમાણ કથન હવે બતાવે છે –

ગાથા :-

"गीयत्थो उ विहारो बीओ गीयत्थमिसीओ भणिओ ।
इत्तो तइयविहारो णाणुण्णाओ जिणवरेहिं" ।।७१।।

ગાથાર્થ :-

એક ગીતાર્થવિહાર અને બીજો ગીતાર્થમિશ્રિત વિહાર કહેવાયેલ છે. આ બે વિહારથી ત્રીજો વિહાર ભગવાન વડે અનુજ્ઞા કરાયેલ નથી. ॥૭૧॥

ટીકા :-

गीतार्थश्च विहारस्तदभेदोपचारादेकः, द्वितीयो गीतार्थमिश्रितो भणितो विहार एव, अतो विहारद्वयात्तृतीयविहारः साधुविहरणरूपो नानुज्ञातो जिनवरैः=भगवद्भिः ।।७१।।

ટીકાર્થ :-

गीतार्थश्च ..... भगवद्भिः ।। ગીતાર્થ અને વિહાર, તે બેના=ગીતાર્થના અને ગીતાર્થની આચરણાના, અભેદ ઉપચારથી એક છે=એક વિહાર છે, બીજો ગીતાર્થમિશ્રિત વિહાર જ કહેવાયેલ છે. આ વિહારદ્વયથી=(૧) ગીતાર્થવિહાર અને (૨) ગીતાર્થમિશ્રિત વિહાર, આ બે વિહારથી, સાધુવિહરણરૂપ= સાધુની આચરણાસ્વરૂપ, ત્રીજો વિહાર જિનેશ્વર વડે=ભગવાન વડે, અનુજ્ઞાત=આજ્ઞા કરાયેલ, નથી. ॥૭૧॥

ભાવાર્થ :-

ભગવાનના વચનાનુસાર ગીતાર્થની આચરણા એ ગીતાર્થનો વિહાર છે. આમ છતાં ગીતાર્થવિહાર કહ્યો, એ ગીતાર્થની આચરણા સાથે ગીતાર્થ સાધુનો અભેદ ઉપચાર કરીને કહેલ છે, અને તેનાથી એ બતાવવું છે કે, ગીતાર્થ સાધુના બોધ સાથે તેમની આચરણાનો અભેદ છે અને તેમની આચરણા ભગવાનના વચનાનુસાર છે. તે બતાવવા માટે ગીતાર્થ અને વિહારનો અભેદ ઉપચાર કરેલ છે.

સારાંશ એ છે કે, ગીતાર્થવિહારથી ગીતાર્થનો બોધ અને ગીતાર્થની પ્રવૃત્તિનો અભેદ બતાવવો છે અને ગીતાર્થનો બોધ યથાર્થ છે માટે તેની પ્રવૃત્તિ પણ ભગવાનના વચનાનુસાર જ છે.

વળી, ગીતાર્થનો વિહાર એ સ્થાનાંતર ગમનસ્વરૂપ નથી, પરંતુ સંયમજીવનમાં વિહરણ સ્વરૂપ=સંયમની આચરણા સ્વરૂપ છે.

એક ગીતાર્થવિહાર અને બીજો ગીતાર્થમિશ્રિત વિહાર, આ બેથી ત્રીજો વિહાર ભગવાને કહેલ નથી, એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે સાધુઓ ગીતાર્થનિષિદ્ધ પ્રવૃત્તિ કરે છે, તેઓ ગીતાર્થરહિત સ્વતંત્ર વિહરણ કરે છે.

ગાથા-૬૯/૭૦માં જે કથન કર્યું અને ગાથા-૭૦ના અંતે કહ્યું કે, આ જ કારણથી પૂર્વાચાર્યો આ કહે છે, અને તે કથન પ્રસ્તુત ગાથા-૭૧માં છે, અને તેનો સંબંધ આ રીતે છે –

શાસ્ત્રમાં - (૧) ગીતાર્થવિહાર અને (૨) ગીતાર્થમિશ્રિત વિહાર, આ બે વિહાર કહેલ છે. તેથી જેઓ ગીતાર્થવિહાર અને ગીતાર્થમિશ્રિત વિહારવાળા છે, એ બેમાં જ વિરતિભાવ છે, અન્યમાં નહિ. તેથી જે સાધુ સ્વમતિવિકલ્પથી ગીતાર્થને છોડીને શુદ્ધ ભિક્ષા આદિમાં પ્રવૃત્તિ કરે છે, તેઓ પ્રજ્ઞાપનીય હોય તોપણ તેમનામાં વિરતિભાવનો બાધ થાય છે; કેમ કે વર્તમાનમાં તેઓ ગીતાર્થની નિશ્રામાં નથી, પરંતુ પ્રજ્ઞાપનીય હોવાને કારણે જ્યારે તેઓ ગીતાર્થ દ્વારા પ્રતિબોધ પામીને ગીતાર્થમિશ્રિત થાય છે, ત્યારે ફરી તેમનામાં વિરતિભાવ આવે છે, આમ છતાં જ્યારે ગીતાર્થમિશ્રિત નથી, ત્યારે પણ તેમની ચારિત્રની ક્રિયા પ્રધાનદ્રવ્યક્રિયા છે; અને જેઓ અપ્રજ્ઞાપનીય છે, તે સાધુની તે નિર્દોષ ભિક્ષાચર્યાદિની પ્રવૃત્તિ સંયમને અનુરૂપ હોવા છતાં ગીતાર્થમિશ્રિત નહિ હોવાથી વિરતિભાવને બાધ કરે છે, એટલું જ નહિ, પરંતુ તેમની ચારિત્રની ક્રિયા અપ્રધાનદ્રવ્યક્રિયા છે અર્થાત્ તુચ્છક્રિયા છે. **॥૭૧॥**

અવતરણિકા :-

अस्य भावार्थमाह –

અવતરણિકાર્થ :-

આનો=એક ગીતાર્થવિહાર અને બીજો ગીતાર્થમિશ્રિત વિહાર કહેલ છે, આ બેથી ત્રીજો વિહાર ભગવાન વડે અનુજ્ઞાત નથી, એમ પૂર્વે ગાથા-૭૧માં કહ્યું એનો, ભાવાર્થ કહે છે –

ગાથા :-

"गीयस्स ण उस्सुत्ता तज्जुत्तस्सेयरस्स वि तहेव ।
णियमेणं चरणवं जं न जाउ आणं विलंघेइ" ।।७२।।

ગાથાર્થ :-

ગીતાર્થની ઉત્સૂત્ર પ્રવૃત્તિ નથી, અને તેનાથી યુક્ત ઈતરની પણ=ગીતાર્થથી યુક્ત અગીતાર્થની પણ, તે પ્રકારે જ ઉત્સૂત્ર પ્રવૃત્તિ નથી.

શાથી ઉત્સૂત્ર પ્રવૃત્તિ હોતી નથી ? તે ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે –

જે કારણથી નિયમથી=અવશ્ય ભાવથી, ચારિત્રવાળો ક્યારે પણ આજ્ઞાને ઉલ્લંઘતો નથી. ।।૭૨।।

ટીકા :-

गीतार्थस्य नोत्सूत्रा प्रवृत्तिः, तद्युक्तस्य=गीतार्थयुक्तस्य, इतरस्याप्यगीतार्थस्य तथैव नोत्सूत्रेत्यर्थः, कुतः ? नियमेन=अवश्यभावेन, चरणवान् यद्=यस्मात्कारणात्, न जातु कदाचिदाज्ञां विलङ्घयति= उत्क्रामति, अज्ञानप्रमादाभावादित्यर्थः ।।७२।।

ટીકાર્થ :-

गीतार्थस्य ..... नोत्सूत्रेत्यर्थः ।। ગીતાર્થની ઉત્સૂત્ર પ્રવૃત્તિ નથી, તેનાથી યુક્ત એવા ઈતરની પણ=ગીતાર્થથી યુક્ત એવા અગીતાર્થની પણ, તે પ્રકારે જ ઉત્સૂત્ર પ્રવૃત્તિ નથી, એમ અર્થ જાણવો.

कुतः ..... प्रमादाभावादित्यर्थः ।। અગીતાર્થને શાથી ઉત્સૂત્ર પ્રવૃત્તિ નથી ? તે કહે છે –

નિયમથી=અવશ્યભાવથી, ચારિત્રવાળો ક્યારેય પણ આજ્ઞાને ઉલ્લંઘતો નથી; કેમ કે ગીતાર્થ-મિશ્રિતમાં અજ્ઞાન અને પ્રમાદનો અભાવ છે, એ પ્રમાણે અર્થ જાણવો. ।।૭૨।।

ભાવાર્થ :-

ગીતાર્થ સાધુ ભગવાનના વચનને યથાર્થ જોડી શકે છે અને તે પાપના ભીરુ છે, તેથી તેમની પ્રવૃત્તિ ઉત્સૂત્ર હોતી નથી, પરંતુ સૂત્રાનુસારી હોય છે. અને ગીતાર્થયુક્ત એવા અગીતાર્થની પણ ઉત્સૂત્ર પ્રવૃત્તિ હોતી નથી; કેમ કે ગીતાર્થયુક્ત એવા અગીતાર્થ નિયમથી ચારિત્રના પરિણામવાળા હોય છે.

અહીં પ્રશ્ન થાય કે, પોતે ગીતાર્થ નથી, તો પછી નિયમથી ચારિત્રના પરિણામવાળા કેમ છે ? તેથી કહે છે –

ગીતાર્થમિશ્રિત એવા ચારિત્રના પરિણામવાળા સાધુઓ ક્યારે પણ ગીતાર્થની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી; કેમ કે તેમનામાં અજ્ઞાન અને પ્રમાદ નથી. અર્થાત્ તેઓ જાણે છે કે, ભગવાનના વચનનો યથાર્થ પરમાર્થ ગીતાર્થ જાણે છે, માટે અમારે તેમની આજ્ઞા પ્રમાણે પ્રયત્ન કરવો જોઈએ. આવું જ્ઞાન તેમને હોવાને કારણે તેમનામાં અજ્ઞાન નથી. વળી તેઓ આજ્ઞાપાલન કરવા માટે પ્રમાદ વગર યત્ન કરે તેવા છે,

તેથી તેમનામાં પ્રમાદનો અભાવ છે. આ રીતે અજ્ઞાનનો અને પ્રમાદનો અભાવ હોવાને કારણે તેઓ ગીતાર્થની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. આથી ગીતાર્થમિશ્રિત અગીતાર્થમાં નિયમથી ચારિત્ર છે. ॥૭૨॥

ગાથા :-

"ण य गीयत्थो अण्णं ण णिवारेइ जोग्गयं मुणेऊणं ।
एवं दोण्हवि चरणं परिसुद्धं अण्णहा णेव" ।।७३।।

ગાથાર્થ :-

અને ગીતાર્થ યોગ્યતાને જાણીને અન્યને=અગીતાર્થને, નિવારતા નથી એમ નહિ=નિવારે છે. એ પ્રમાણે બંનેનું પણ=ગીતાર્થ અને અગીતાર્થ બંનેનું પણ, ચરણ=ચારિત્ર, શુદ્ધ છે. અન્યથા=અગીતાર્થને ન નિવારે તો, ઉભયનું પણ ચારિત્ર શુદ્ધ નથી જ. ॥૭૩॥

ટીકા :-

न च गीतार्थः सन्नन्यमगीतार्थं न निवारयत्यहितप्रवृत्तं योग्यतां मत्वा निवारणीयस्यैवं द्वयोरपि गीतार्थागीतार्थयोश्चरणं शुद्धं वारणप्रतिपत्तिभ्यामन्यथा नैवोभयोरपि ।।७३।।

ટીકાર્થ :-

न च ..... उभयोरपि ।। ગીતાર્થ થયેલા છતા નિવારણીયની=નિવારણીય એવા શિષ્યની, યોગ્યતાને જાણીને, અહિતમાં પ્રવૃત્ત એવા અગીતાર્થને નિવારણ કરતો નથી એમ નહિ અર્થાત્ નિવારણ કરે છે. આ પ્રમાણે બંનેનું પણ=ગીતાર્થ અને અગીતાર્થ બંનેનું પણ, વારણ અને પ્રતિપત્તિ દ્વારા અર્થાત્ ગીતાર્થનું વારણ દ્વારા અને અગીતાર્થનું પ્રતિપત્તિ દ્વારા, ચારિત્ર શુદ્ધ છે. અન્યથા ઉભયનું પણ ચારિત્ર શુદ્ધ નથી. ॥૭૩॥

ભાવાર્થ :-

ગીતાર્થ સાધુ અગીતાર્થની યોગ્યતા જાણીને તેનું અકાર્યથી વારણ કરે તો જ ગીતાર્થના ચારિત્રની શુદ્ધિ થાય છે, અને અગીતાર્થ સાધુ ગીતાર્થના વારણનો સ્વીકાર કરે તો તેના ચારિત્રની શુદ્ધિ થાય છે. પરંતુ ગીતાર્થ સાધુ અગીતાર્થની યોગ્યતા જાણીને જો તેનું અકાર્યથી વારણ ન કરે તો અગીતાર્થની અનુચિત પ્રવૃત્તિમાં અનુમતિના પરિણામને કારણે ગીતાર્થનું ચારિત્ર અશુદ્ધ બને છે, અને અગીતાર્થ જો ગીતાર્થના વારણનો સ્વીકાર ન કરે તો સ્વમતિવિકલ્પિત તેની પ્રવૃત્તિથી અગીતાર્થનું ચારિત્ર અશુદ્ધ બને છે અર્થાત્ વિનાશ પામે છે.

અહીં નિવારણીયની યોગ્યતાને જાણીને એમ કહ્યું, એનાથી એ કહેવું છે કે, જે ગીતાર્થ સાધુ પાસે તેમની નિશ્રામાં રહેલા સાધુઓ હોય, તે કોઈ પણ અનુચિત પ્રવૃત્તિ કરતા હોય તો તે ગીતાર્થ દ્વારા નિવારણ કરવા યોગ્ય છે. તેથી નિવારણ કરવા યોગ્ય એવા તે સાધુની યોગ્યતાને વિચારીને તે તે રીતે તે

ગીતાર્થ સાધુ તેનું નિવારણ કરે છે, જેથી તે સાધુનું સંયમ સુરક્ષિત રહે; અને આથી જ કોઈક સાધુ સામાન્ય સૂચનથી અકાર્યથી નિવૃત્ત થતા હોય તો તેને તે રીતે નિવૃત્ત કરે, અને તેટલા કથનથી નિવૃત્ત ન થતા હોય તો વિશેષ પ્રકારે યત્ન કરીને પણ તેનું નિવારણ કરે. પરંતુ પ્રથમ સૂચન કર્યું છતાં માનતા નથી તેમ માનીને તેની ઉપેક્ષા કરે, તો તેઓનો જે વિનાશ થાય છે, તેમાં ગીતાર્થને અનુમોદનાની પ્રાપ્તિ થાય. માટે સ્વશક્તિને ગોપવ્યા વગર શક્ય બધા પ્રયત્ન કરીને ગીતાર્થ સાધુ અગીતાર્થની અનુચિત પ્રવૃત્તિનો નિષેધ કરે. ॥૭૩॥

ગાથા :-

"તા એવં વિરઇભાવો સંપુણ્ણો એત્થ હોઇ ણાયવ્વો ।
ણિયમેણં અટ્ઠારસસીલંગસહસ્સરૂવો ઉ" ।।૭૪।।

ગાથાર્થ :-

તે કારણથી=પૂર્વે ગાથા-૫૩માં કહ્યું કે, અત્યંત ભાવસાર અઢાર હજાર શીલાંગનું પાલન જ આજ્ઞાકરણ છે, અને ત્યાર પછી ગાથા-૬૧/૬૨માં કહ્યું કે, એક જીવપ્રદેશ જેમ અસંખ્યાતપ્રદેશસંગત છે, તેની જેમ અઢાર હજાર શીલાંગ પરસ્પર અનુવિદ્ધ છે, તેથી એકના પણ અભાવમાં અન્યનો સદ્ભાવ હોય નહિ. તેની સામે ગાથા-૬૪માં નદીઉત્તરણમાં પ્રત્યક્ષથી શીલાંગનો બાધ બતાવ્યો, જેનું નિવારણ કરતાં કહ્યું કે, અંતરંગ વિરતિભાવને આશ્રયીને અઢાર હજાર શીલાંગ અખંડ એકરૂપ છે. ત્યાર પછી તેની પુષ્ટિ કરી અને પ્રાસંગિક કથન કરીને અઢાર હજાર શીલાંગ અખંડ એકરૂપ છે, તેની સિદ્ધિ કરી, તે કારણથી, એવં=આ રીતે=પૂર્વે ગાથા-૬૩માં સમસ્ત શીલાંગો સર્વ સાવદ્યયોગની વિરતિરૂપ અખંડ એકસ્વરૂપ છે એમ કહ્યું એ રીતે, અહીંયાં=ભાવસ્તવના વ્યતિકરમાં, વિરતિભાવ સંપૂર્ણ જાણવા યોગ્ય થાય છે. એથી કરીને નિયમથી અઢાર હજાર શીલાંગસ્વરૂપ જ વિરતિભાવ છે. ।।૭૪।।

ટીકા :-

તત્=તસ્માદ્, એવમુક્તવદ્વિરતિભાવઃ સંપૂર્ણઃ=સમગ્રઃ, અત્ર વ્યતિકરે ભવતિ જ્ઞાતવ્ય ઇતિ નિયમેન=અવશ્યંતયા અષ્ટાદશશીલાઙ્ગસહસ્રરૂપ એવ, સર્વત્ર પાપવિરતેરેકત્વાદિતિ ભાવઃ ।।૭૪।।

ટીકાર્થ :-

તત્ ..... ભાવઃ ।। તે કારણથી=ઉપરમાં કહ્યું તે કારણથી, એવં=ઉક્તવદ્=ગાથા-૬૩માં કહ્યું એ પ્રમાણે, વિરતિભાવ, આ વ્યતિકરમાં=ભાવસ્તવના પ્રસંગમાં, સંપૂર્ણ=સમગ્ર, જ્ઞાતવ્ય થાય છે અર્થાત્ એકાદ અંશથી ન્યૂન નહિ, પરંતુ સંપૂર્ણ જ્ઞાતવ્ય થાય છે=સંપૂર્ણ ચારિત્ર જ ચારિત્રરૂપે માન્ય થાય છે. એથી કરીને નિયમથી=અવશ્યપણાથી, અઢાર હજાર શીલાંગસ્વરૂપ જ વિરતિભાવ છે; કેમ કે સર્વત્ર પાપવિરતિનું એકપણું છે, અર્થાત્ સર્વ પાપોથી વિરતિરૂપ સર્વવિરતિ સંયમ છે તે એકસ્વરૂપ છે, તેથી એકાદ શીલાંગની ન્યૂનતા હોય તો સર્વત્ર પાપની વિરતિ રહે નહિ, એ પ્રકારનો ભાવ છે. ।।૭૪।।

ભાવાર્થ :-

પૂર્વના કથનના નિગમનરૂપે કહે છે કે, આ સર્વ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, સર્વ પાપની વિરતિ સંપૂર્ણ અંશથી હોય છે, તેથી અઢાર હજાર શીલાંગો પરિપૂર્ણ હોય તો જ પાપની વિરતિ હોઈ શકે, અને તે અઢાર હજાર શીલાંગોમાંથી કોઈ પણ શીલાંગમાં ખામી હોય તો સંપૂર્ણ પાપની વિરતિ થઈ શકે નહિ. માટે સંપૂર્ણ અઢાર હજાર શીલાંગરથમાં જે યત્ન કરે છે, તેમને જ સર્વવિરતિ છે, અન્યને નહિ. **॥૭૪॥**

ગાથા :-

"ऊणत्तं न कयाइ वि इमाणं संखं इमं तु अहिगिच्च ।
जं एयधरा सुत्ते णिद्दिट्ठा वंदणिज्जाओ" ।।७५।।

ગાથાર્થ :-

આની=શીલાંગની, આ સંખ્યાને આશ્રયીને ન્યૂનપણું ક્યારે પણ નથી; જે કારણથી આને ધરનારા=અઢાર હજાર શીલાંગધારી, સૂત્રમાં વંદનીય નિર્દિષ્ટ=કહેવાયેલા છે. ।।૭૫।।

ટીકા :-

ऊनत्वं न कदाचिदप्येतेषां शीलाङ्गानां संख्यामेवाधिकृत्य=आश्रित्य, यस्मादेतद्धरा=अष्टादशशीलाङ्गसहस्त्रधारिणः, सूत्रे प्रतिक्रमणाख्ये निर्दिष्टा वन्दनीया नान्ये 'अट्ठारससहस्स-सीलंगधारा' इत्यादि वचनप्रामाण्यात्, इदं तु बोध्यम्-यत्किञ्चिदेकाद्युत्तरगुणहीनत्वेऽपि मूलगुणस्थैर्येण चारित्रवतां योग्यतया शीलाङ्गसङ्ख्या पूरणीया, प्रतिज्ञाकालीनसंयमस्थानान्यसंयमस्थानानां षट्स्थानपतितानां चोक्तवदेव तुल्यत्वोपपत्तेः 'संजमठाणठियाणं किइकम्मं बाहिराणं भइअव्वं' **इत्याद्युक्तस्योपपत्तेश्च, इत्यधिकमस्मत्कृतगुरुतत्त्वविनिश्चये उत्सर्गविषयो वाऽयम् ।।७५।।**

ટીકાર્થ :-

ऊनत्वं ..... वचनप्रामाण्यात् । આની=શીલાંગોની, સંખ્યાને આશ્રયીને ક્યારે પણ ન્યૂનપણું નથી; જે કારણથી આને ધારણ કરનારાને=અઢાર હજાર શીલાંગને ધારણ કરનારાને, પ્રતિક્રમણ નામના સૂત્રમાં વંદનીય નિર્દિષ્ટ=કહેવાયેલા છે, અન્ય નહિ; કેમ કે અઢાર હજાર શીલાંગ ધરનારા ઈત્યાદિ વચનનું પ્રામાણ્ય છે.

इदं तु बोध्यम् – પ્રસ્તુત ગાથાના ભાવમાં વળી આ જાણવા યોગ્ય છે –

यत्किञ्चिद् .... उपपत्तेश्च, यત્કિંચિત્ એકાદ ઉત્તરગુણના હીનપણામાં પણ મૂલગુણના સ્થૈર્ય વડે ચારિત્રવાળાઓની યોગ્યતા હોવાને કારણે શીલાંગની સંખ્યા પૂરણીય છે; કેમ કે પ્રતિજ્ઞાકાલીન સંયમસ્થાનની સાથે ચારિત્રવાળાઓની અન્ય સંયમસ્થાનોનું અને ષટ્સ્થાનપતિતોનું ઉક્તવદ્ જ=યોગ્યતા વડે કરીને શીલાંગ સંખ્યા પૂરણ કરીએ તેની જેમ જ, તુલ્યપણાની=સર્વ સંયમરૂપ તુલ્યપણાની,

ઉપપત્તિ=સંગતિ છે. અને સંયમસ્થાનમાં રહેલાઓને કૃતિકર્મ છે, બહારનાઓને=સંયમસ્થાનની બહાર રહેલાઓને, કૃતિકર્મ ભજનાએ છે. **ઈત્યાદિ ઉક્તની=કહેવાયેલાની ઉપપત્તિ=સંગતિ છે.**

इति ..... ગુરુતત્ત્વવિનિશ્ચયે इति=एतद्=આ=પૂર્વમાં કહ્યું કે, યોગ્યતા હોવાને કારણે શીલાંગ સંખ્યા પૂરવી જોઈએ એમ જે કહ્યું એ, અધિક મારાથી કરાયેલ=ગ્રંથકારશ્રીએ કરેલ, ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથમાં જોવું.

उत्सर्गविषयो वाऽयम् ।। અથવા આ ઉત્સર્ગવિષય છે અર્થાત્ પ્રતિક્રમણ નામના સૂત્રમાં અઢાર હજાર શીલાંગધારીઓનો વંદનીય તરીકે જે નિર્દેશ કરાયો છે, તે ઉત્સર્ગનો વિષય છે. (અને ઉત્તરગુણહીનમાં પણ વંદનનો વ્યવહાર જે શાસ્ત્રસંમત છે, તે અપવાદનો વિષય છે.) ।।૭૫।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગાથા-૬૨/૬૩માં સિદ્ધ કર્યું કે, અઢાર હજાર શીલાંગો જીવના પ્રદેશોની જેમ અન્યોન્ય સંલગ્ન છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જ્યાં સંયમ છે ત્યાં સર્વ શીલાંગો છે, અને એક પણ શીલાંગનો જ્યાં અભાવ છે, ત્યાં પરમાર્થથી સર્વ શીલાંગનો અભાવ છે, તેથી ત્યાં સંયમનો અભાવ છે. પરંતુ એ પ્રમાણે સ્વીકારવામાં ચંડરુદ્રાચાર્ય આદિ કે જેઓને શાસ્ત્રમાં ચારિત્રસંપન્ન કહેલા છે, તેઓ પણ ચારિત્રરહિત છે એમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે જ્યારે તેઓ ક્રોધને વશ હોય છે, ત્યારે ક્ષમાદિ ગુણથી રહિત પ્રત્યક્ષ જણાય છે. તેથી તેની સંગતિ કરવા માટે 'इदं तु बोध्यम्'થી કહે છે –

यत्किंचित् એકાદ ઉત્તરગુણના હીનપણામાં પણ મૂળગુણના સ્થૈર્ય વડે જેઓ ચારિત્રવાળા છે, તેમનામાં ક્વચિત્ ક્ષમાદિ ઉત્તરગુણ ન હોય તોપણ, ઉત્તરગુણનું બીજ મૂળગુણ છે, તેથી ઉત્તરગુણ ત્યાં યોગ્યતારૂપે છે. તેથી ત્યાં તે શીલાંગ છે, તેમ સ્વીકારીને શીલાંગની સંખ્યા પૂરવી જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે જીવ સંસારની નિર્ગુણતાને જાણીને પાંચ મહાવ્રતોના સ્વરૂપને સમજીને અહિંસાદિ પાંચ મહાવ્રતોને પાળવાના દૃઢ સંકલ્પવાળો બને છે, તે જીવ મૂળગુણમાં સ્થિરભાવવાળો છે. આવો જીવ ક્વચિત્ બાહ્ય નિમિત્તને પામીને ભિક્ષા આદિની શુદ્ધિમાં અનાભોગથી કે સહસાત્કારથી સ્ખલના પામે કે ક્ષમાદિ ગુણમાં સ્ખલના પામે તો તે મૂળગુણમાં સ્થિરભાવવાળો છે, પરંતુ મૂલગુણો પ્રત્યે નિરપેક્ષ ભાવથી ઉત્તરગુણોને વિપરીત સેવતો હોય તો તે મૂળગુણમાં સ્થિરભાવવાળો નથી.

જેમ - ચંડરુદ્રાચાર્ય અનાભોગ કે સહસાત્કારથી ક્ષમાભાવમાં સ્ખલના પામતા હતા, તોપણ તેની નિંદા-ગર્હા કરીને તેનાથી નિવર્તન પામવાના યત્નવાળા હતા, તેથી તેઓ મૂળગુણમાં સ્થિર ભાવવાળા હતા, અને તેને જ કારણે વ્યક્તરૂપે ક્ષમા તેઓમાં નહિ હોવા છતાં યોગ્યતારૂપે હતી. આથી જ તે મહાત્મા પોતાના ક્રોધ સ્વભાવથી આત્માનું રક્ષણ કરવા સદા શિષ્યોથી પૃથગ્ રહીને યત્ન કરતા હતા. તેથી ઉત્તરગુણની યોગ્યતાને ગ્રહણ કરીને તેઓમાં પરિપૂર્ણ શીલાંગ છે, એ પ્રમાણે શીલાંગની સંખ્યા પૂરવી; કેમ કે તેમ સ્વીકારવાથી જ પ્રતિજ્ઞાકાલીન સંયમસ્થાનોના અને અન્ય સંયમસ્થાનોના તુલ્યપણાની=સર્વવિરતિરૂપ સમાનપણાની, ઉપપત્તિ છે=સંગતિ છે, અને ષટ્સ્થાનપતિતોના તુલ્યપણાની=સર્વવિરતિરૂપ સમાનપણાની,

ઉપપત્તિ છે=સંગતિ છે. અર્થાત્ પ્રતિજ્ઞાકાળે જે સંયમસ્થાન હોય છે, ત્યાર પછી તેના અભ્યાસથી અન્ય અન્ય સંયમસ્થાનો વૃદ્ધિમદ્ રૂપે પ્રાપ્ત થાય છે, તોપણ પ્રતિજ્ઞાકાળમાં જેમનું ચારિત્ર સ્ખલના વગરનું છે, તેમનું પ્રતિજ્ઞાકાલીન સંયમ અને પાછળથી ઉપરના કંડકવાળું સંયમ બંને સમાન સર્વ પાપની નિવૃત્તિરૂપ જ છે, અને જે સાધુઓ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરે છે, તેઓ પણ પરસ્પર ષટ્સ્થાનપતિત છે, એ પ્રમાણે શાસ્ત્રવચન છે. આમ છતાં હીન સંયમસ્થાનવાળા અને અધિક સંયમસ્થાનવાળા બંનેને સર્વ પાપથી નિવૃત્તિ સમાન રીતે છે. તે નીચેના સંયમસ્થાનમાં ઉપરના સંયમસ્થાનની યોગ્યતા સ્વીકારીને બંનેને સમાન કહી શકાય, અન્યથા નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે, જે જીવ ઉપયુક્ત થઈને સંયમની પ્રતિજ્ઞા કરે છે, ત્યારે તેનામાં પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણો આવિર્ભાવ પામે છે, અને ચારિત્રના સેવનથી ઉત્તરગુણની વૃદ્ધિ થતી જાય છે, અને અન્ય અન્ય સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે. અને તે સર્વ સંયમસ્થાન સર્વવિરતિરૂપ તુલ્ય છે તેમ ત્યારે જ કહી શકાય કે પ્રતિજ્ઞાકાળમાં જે ઉત્તરગુણો નિષ્પન્ન થયા ન હતા, તે પણ યોગ્યતારૂપે પ્રતિજ્ઞાકાળે છે, તેમ સ્વીકારીને ગ્રહણ કરવામાં આવે; અને તેથી એમ કહી શકાય કે, પ્રતિજ્ઞાકાળથી આજીવન તેનામાં સર્વવિરતિરૂપ સંયમસ્થાન છે. પરંતુ ઉત્તરગુણોને જો યોગ્યતારૂપે ન સ્વીકારવામાં આવે તો એમ કહેવું પડે કે, ઉત્તરમાં જે સંયમ છે, તેના કરતાં પૂર્વનું સંયમ ન્યૂન છે, તેથી પૂર્વમાં પૂર્ણ સર્વવિરતિ નથી તેમ માનવું પડે. વસ્તુતઃ સંયમ સ્વીકારવાથી માંડીને દૃઢ યત્ન કરનાર સાધુને સર્વવિરતિ છે, તેમ શાસ્ત્ર સ્વીકારે છે. માટે યોગ્યતારૂપે આગળનું સંયમસ્થાન ત્યાં છે, તેથી પ્રારંભમાં પણ સર્વવિરતિ છે તેમ કહી શકાય, અન્યથા નહિ.

વળી, આ જ રીતે ષટ્સ્થાનપતિત સંયમવર્તી જીવો પ્રાપ્ત થાય છે, છતાં તે બધા સર્વવિરતિરૂપ પૂર્ણ સંયમવાળા છે, તે રૂપ તુલ્યપણાની ઉપપત્તિ=સંગતિ, તો જ સંગત થાય, કે જે સંયમસ્થાનના નીચેના કંડકોમાં રહેલા છે, તેઓ પણ યોગ્યતાથી અપ્રાપ્ત એવા શીલાંગની સંખ્યાવાળા છે. અને તેથી જ ઉપરના કંડકમાં રહેલા કે નીચલા કંડકમાં રહેલા બધા સર્વવિરતિરૂપ સંપૂર્ણ ચારિત્રમાં છે, એ પ્રકારના તુલ્યપણાની ઉપપત્તિ=સંગતિ, થાય છે.

ઉપરમાં કહ્યું એ રીતે, યુક્તિથી યોગ્યતા વડે કરીને શીલાંગની સંખ્યા પૂરવાનું બતાવીને આગમના કથનની ઉપપત્તિ=સંગતિ, પણ તે જ રીતે થઈ શકે છે, તે બતાવે છે –

જેમ - આગમમાં કહ્યું છે કે, સંયમસ્થાનમાં રહેલાઓને કૃતિકર્મ છે અને સંયમસ્થાનથી બહાર રહેલાઓને ભજના છે=સંયમસ્થાનથી બહાર રહેલા હોય તેઓને કૃતિકર્મ કરવાનો નિષેધ છે, ક્વચિત્ અપવાદથી જ તેઓને વંદન કરવાનું વિધાન છે, તેથી ભજના=વિકલ્પ છે=સંયમસ્થાનથી બહાર રહેલા સાધુને વંદન કરવામાં ઉત્સર્ગથી નિષેધ અને અપવાદથી વંદનની વિધિ એ રૂપ વિકલ્પ છે. જો યોગ્યતાથી પણ શીલાંગની સંખ્યા પૂરવામાં ન આવે તો ચંડરુદ્રાચાર્ય આદિ પણ પૂર્ણ શીલાંગવાળા નહિ હોવાથી બહારમાં પ્રાપ્ત થશે, અને તેથી અવંદનીય પ્રાપ્ત થશે, ફક્ત અપવાદથી તેવા પ્રકારના કારણવિશેષે વંદનીય માનવા પડે. પરંતુ શાસ્ત્રમાં તો તેઓ વંદનીય તરીકે માન્ય છે. તેની ઉપપત્તિ=સંગતિ, યોગ્યતા વડે શીલાંગની સંખ્યા પૂરણ કરવાથી થાય છે.

આ=પૂર્વમાં કહ્યું કે, યોગ્યતા હોવાને કારણે શીલાંગની સંખ્યા પૂરણ કરવાથી તુલ્યપણાની સંગતિ થાય છે એ, એમાં અધિક ગ્રંથકારશ્રીએ બનાવેલ ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથથી જાણવું.

અથવા તો આ ઉત્સર્ગનો વિષય છે અર્થાત્ પ્રતિક્રમણ નામના સૂત્રમાં અઢાર હજાર શીલાંગધારીઓનો વંદનીય તરીકે જે નિર્દેશ છે, તે ઉત્સર્ગનો વિષય છે; અને ઉત્તરગુણહીનમાં પણ વંદનનો વ્યવહાર શાસ્ત્રસંમત છે, તે અપવાદનો વિષય છે.

આશય એ છે કે, વાસ્તવિક વંદનીય તે છે, કે જેમનામાં પરિપૂર્ણ અઢાર હજાર શીલાંગો હોય. તેથી ઉત્સર્ગથી પરિપૂર્ણ અઢાર હજાર શીલાંગધારી વંદનીય છે. આમ છતાં પણ કોઈક ઉત્તરગુણની હીનતાવાળા પણ શાસ્ત્રમાં વંદનીય તરીકે સંમત છે, તે અપવાદથી વંદનીય છે, અને સંયમસ્થાનથી બહાર રહેલાઓને જ્ઞાનાદિની વૃદ્ધિના માટે કારણિક વંદન કરવાનું છે.

આનાથી એ ફલિત થાય છે કે, પરિપૂર્ણ સંયમવાળા ઉત્સર્ગથી વંદનીય છે અને ઉત્તરગુણમાં હીન હોવા છતાં મૂળગુણમાં સ્થિર ભાવવાળા હોય તેવા સાધુઓ ઉત્સર્ગથી વંદનીય ન હોવા છતાં ગુણસંપન્ન છે, માટે અપવાદથી વંદનીય છે, અને સંયમસ્થાનની બહાર રહેલા પાર્શ્વસ્થાદિ સાધુઓ જ્ઞાનાદિ પ્રાપ્તિના કારણ અર્થે અપવાદથી વંદનીય છે.

અહીં વિશેષ એ છે કે, મૂળગુણસ્થૈર્ય વડે કરીને ચારિત્રવાળામાં ઉત્તરગુણ નહિ હોવા છતાં યોગ્યતાથી ઉત્તરગુણો સ્વીકાર્યા છે. અને તે રીતે વિચારીએ તો શ્રાવકમાં પણ સંયમની યોગ્યતા છે અને ભવ્યજીવો પણ જે મોક્ષમાં જવાના છે તેમનામાં પણ સર્વવિરતિની યોગ્યતા છે; કેમ કે તે ભવ્યજીવો જ સર્વવિરતિ પામશે. માટે તેવી યોગ્યતાને વિચારીએ તો મૂળગુણરહિત શ્રાવક કે ભવ્યજીવો અઢાર હજાર શીલાંગવાળા છે, તેમ માનવાની આપત્તિ આવે. માટે તેવી યોગ્યતા અહીં ગ્રહણ કરવાની નથી. પરંતુ જેમ કોઈ જીવને અમુક ગાથા ગોખવાની શક્તિ છે તેમ કહીએ ત્યારે, તે યોગ્યતા તત્કાળના પ્રયત્નથી ગુણ પ્રગટાવી શકે તેવી છે તે જ ગ્રહણ થાય છે; પરંતુ ભાવિમાં ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેમ છે, માટે તેનામાં ચૌદ પૂર્વની યોગ્યતા છે, તેમ કહેવામાં આવતું નથી. તે રીતે પ્રસ્તુતમાં, જે સાધુઓ પાંચ મહાવ્રતમાં સ્થિરભાવવાળા છે અને આથી જ તે મહાવ્રતોને અનુકૂળ સંયમમાં પણ યત્નવાળા છે; આમ છતાં ક્વચિત્ અનાભોગથી કે સહસાત્કારથી કોઈક ઉત્તરગુણમાં સ્ખલના પામે છે, વળી ત્યારે પણ તે સ્ખલના થયા પછી તેઓ પોતાની સ્ખલનાનું સ્મરણ કરે છે, નિંદા-ગર્હા દ્વારા તેનાથી નિવર્તન પામે છે અને તે સ્ખલિત થયેલા ઉત્તરગુણોનું પ્રતિસંધાન કરે છે, તે સાધુઓમાં યોગ્યતારૂપે તે ઉત્તરગુણો રહેલા છે.

જ્યારે શ્રાવક તો અવિરતિના પરિણામવાળો હોવાથી માત્ર અઢાર હજાર શીલાંગની અભિલાષા કરી શકે, પરંતુ ઉપયોગના પ્રતિસંધાન દ્વારા તે શીલાંગોના પરિણામોનું આત્મામાં યોજન કરી શકે નહિ, તેથી શ્રાવકમાં તે શીલાંગોની યોગ્યતા નથી. જ્યારે મૂળગુણના સ્થિર ભાવવાળા સાધુમાં તે શીલાંગોની યોગ્યતા છે, તેમ સ્વીકારીને ઉત્તરગુણની સ્ખલનાવાળા સાધુમાં પણ અઢાર હજાર શીલાંગો છે, તેમ સ્વીકારેલ છે. **॥૭૫॥**

અવતરણિકા :-

તદાહ –

અવતરણિકાર્થ :-

તેને કહે છે=ગાથા-૫૨માં કહેલ કે, નિરપેક્ષ આજ્ઞાકરણ ભાવસાધુને છોડીને અન્ય ક્ષુદ્ર જીવો કરી શકતા નથી, અને ત્યારપછી નિરપેક્ષ આજ્ઞાકરણ દુષ્કર કેમ છે તે બતાવ્યું; અને કહ્યું કે, ભાવસાર અઢાર હજાર શીલાંગોનું પાલન જ અધિકૃત આજ્ઞાના કરણરૂપ છે તે કારણથી તે અતિ દુષ્કર છે. આથી ક્ષુદ્ર સત્ત્વો તેને કરવા સમર્થ નથી પરંતુ ભાવસાધુ જ શીલાંગોનું પાલન કરી શકે છે તેને કહે છે –

ગાથા :-

"ता संसारविरत्तो अणंतमरणाइरूवमेयं तु ।
णाउं एयविउत्तं मोक्खं च गुरुवएसेणं" ।।७६।।

"परमगुरुणो य आणं(अणहे) आणाइगुणे तहेव दोसे य ।
मोक्खत्थी पडिवज्जिय भावेण इमं विसुद्धेणं" ।।७७।।

"विहियाणुट्ठाणपरो सत्तणुरूवमियरंपि संधंतो ।
अण्णत्थ अणुवओगा खवयंतो कम्मदोसेवि" ।।७८।।

"सव्वत्थ णिरभिसंगो आणामित्तंमि सव्वहा जुत्तो ।
एगग्गमणो धणियं तम्मि तहाऽमूढलक्खो य" ।।७९।।

"तह तिल्लपत्तिधारगणायगओ राहावेहगगओ वा ।
एयं च एइ काऊं ण उ अण्णो क्खुद्दचित्तो त्ति" ।।८०।।

❖ ગાથા-૭૭માં મુદ્રિત પુસ્તકમાં 'आणं' છે, ત્યાં 'अणहे' પાઠ પંચવસ્તુ ગાથા-૧૧૮૬માં છે તે સંગત છે, તેથી તે મુજબ અર્થ કરેલ છે.

ગાથાર્થ :-

(જે કારણથી સંપૂર્ણ આ શીલ અતિદુષ્કર છે) તે કારણથી સંસારથી વિરક્ત થયેલો, ગુરુના ઉપદેશથી અનંતમરણાદિરૂપ આને=સંસારને, જાણીને, અને આનાથી રહિત=મરણાદિથી રહિત મોક્ષને જાણીને, પરમગુરુ એવા ભગવાનની આજ્ઞાના અનઘ=નિર્દોષ એવા ગુણોને જાણીને, અને તે જ રીતે (આજ્ઞાની વિરાધનાના) દોષોને જાણીને, વિશુદ્ધ એવા ભાવ વડે આને=શીલને સ્વીકારીને, મોક્ષાર્થી સાધુ શક્તિ અનુરૂપ=યથાશક્તિ વિહિત અનુષ્ઠાનમાં તત્પર અને ઈતરને પણ=અશક્યને પણ સંધાન કરતો, (વિહિત અનુષ્ઠાનથી) અન્યત્ર અનુપયોગ હોવાને કારણે કર્મદોષોને પણ ખપાવતો સર્વત્ર નિરભિષ્વંગ, આજ્ઞામાત્રમાં સર્વથા યુક્ત, તેમાં=આજ્ઞામાં, અત્યંત એકાગ્ર મનવાળો તથા અમૂઢ

લક્ષવાળો થયેલો સાધુ, તેલપાત્રીધારક દૃષ્ટાંતગત અથવા રાધાવેધકગત આને=શીલને, કરવા માટે સમર્થ બને છે. અન્ય ક્ષુદ્રચિત્તવાળો નહિ અર્થાત્ અન્ય ક્ષુદ્રચિત્તવાળો સાધુ શીલને પાળવા માટે સમર્થ નથી. ।।૭૬થી ૮૦।।

ટીકા :-

यतो दुष्करमेतच्छीलं संपूर्णम्, तत्=तस्मात्, संसाराद् विरक्तः सन् अनन्तमरणादिरूपमादिना जन्मजरादिग्रहः, एतमेव संसारं ज्ञात्वा, एतद्वियुक्तं मरणादिवियुक्तं मोक्षं च ज्ञात्वा गुरूपदेशेन शास्त्रानुसारेणेति गाथार्थः ।।७६।।

परमगुरोश्च भगवतोऽनघानाज्ञाया गुणान् ज्ञात्वा, तथैव दोषांश्च विराधनाया मोक्षार्थी सन् प्रतिपद्य च भावेनेदं शीलं विशुद्धेनेति गाथार्थः ।।७७।।

विहितानुष्ठानपरः शक्त्यनुरूपं=यथाशक्ति, इतरदशक्यमपि सन्धयन् भावप्रतिपत्त्याऽन्यत्र विहितानुष्ठानादनुपयोगादशक्तेः-क्षपयन् कर्मदोषानपि प्रतिबन्धकान् ।।७८।।

सर्वत्र वस्तुनि निरभिष्वङ्गो=मध्यस्थः, आज्ञामात्रे भगवतः सर्वथा युक्तः आराधनैकनिष्ठ इत्यर्थः, एकाग्रमना अन्यविश्रोतसिकारहितस्तस्यामाज्ञायां तथाऽमूढलक्षश्च सन् ।।७९।।

तथा तैलपात्रीधारकज्ञातगतोऽपायावगमादप्रमत्तो राधावेधकगतो वा, कथानके सुप्रतीते, एतच्छीलं शक्नोति कर्त्तुं=पालयितुं, नत्वन्यः क्षुद्रचित्तोऽनधिकारित्वादिति गाथार्थः ।।८०।।

ટીકાર્થ :-

यतो ..... गाथार्थः ।। જે કારણથી સંપૂર્ણ આ=શીલ, દુષ્કર છે તે કારણથી, સંસારથી વિરક્ત છતો, શાસ્ત્રાનુસાર ગુરુઉપદેશ દ્વારા અનંતમરણાદિરૂપ, - 'આદિ' શબ્દથી જન્મ-જરાદિનું ગ્રહણ કરવું, - આને જ=સંસારને જાણીને અને આનાથી રહિત=મરણાદિથી રહિત, મોક્ષને જાણીને, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૬।।

परमगुरोश्च ..... गाथार्थः ।। અને પરમગુરુ એવા ભગવાનની આજ્ઞાના અનઘ=નિર્દોષ, ગુણોને જાણીને, અને તે જ રીતે આજ્ઞાની વિરાધનાના દોષોને જાણીને, વિશુદ્ધ એવા ભાવ વડે આને=શીલને, સ્વીકારીને અર્થાત્ અઢાર હજાર શીલાંગરૂપ ચારિત્રને સ્વીકારીને, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૭૭।।

विहितानुष्ठानपरः ..... प्रतिबन्धकान् ।। મોક્ષાર્થી એવો સાધુ, શક્તિને અનુરૂપ=યથાશક્તિ, વિહિત અનુષ્ઠાનમાં તત્પર અને ઈતરને પણ=અશક્યને પણ ભાવપ્રતિપત્તિથી સંધાન કરતો અર્થાત્ વારંવાર તેના સ્વરૂપને વિચારીને તેને કરવાના તીવ્ર અભિલાષને કરતો, વિહિત અનુષ્ઠાનથી અન્યત્ર અનુપયોગ હોવાને કારણે અશક્તિને અને પ્રતિબંધક એવા કર્મદોષોને પણ ખપાવતો, અર્થાત્ જે અનુષ્ઠાન પોતાની શક્તિને અનુરૂપ છે, તેમાં દૃઢ યત્ન કરતો હોવાને કારણે અન્યત્ર અનુપયોગ રહે છે. તેથી જે

વિહિત અનુષ્ઠાન પોતે કરે છે, તેનાથી ઉપરના અનુષ્ઠાનમાં પોતાની કરવાની જે અશક્તિ છે, તેને ક્ષીણ કરે છે અને ઉપરનું અનુષ્ઠાન કરવામાં પ્રતિબંધક જે કર્મો છે તે કર્મદોષોને પણ ખપાવે છે. ॥૭૮॥

સર્વત્ર ..... સન્ ।। સર્વત્ર વસ્તુમાં નિરભિષ્વંગ=મધ્યસ્થ, ભગવાનની આજ્ઞામાત્રમાં સર્વથા યુક્ત=આરાધનામાં એકનિષ્ઠાવાળો (અર્થાત્ ભગવાનના વચનની આરાધના કરવામાં એકનિષ્ઠાવાળો), તેમાં=આજ્ઞામાં, (અત્યંત) એકાગ્રમનવાળો અર્થાત્ અન્ય વિસ્રોતસિકારહિત=ભગવાનની આરાધના સિવાયની અન્ય ચિત્તની પરિણતિથી રહિત, તથા અમૂઢ લક્ષવાળો છતો=ભગવાનની સર્વ આજ્ઞાનું પાલન કરીને સર્વથા મોહથી નિસ્તાર પામવો છે, એ પ્રકારનું પોતાનું જે લક્ષ છે, તેમાં મોહ નહિ પામેલો=આરાધના દ્વારા ધીરે ધીરે લક્ષ તરફ પ્રસર્પણ પામતો એવા અમૂઢ લક્ષવાળો, છતો ॥૭૯॥

તથા ..... ગાથાર્થઃ ।। અને તેલપાત્રીધારક દૃષ્ટાંતને પામેલો=તેના અપાયના અવગમનને કારણે અર્થાત્ બોધને કારણે અપ્રમત્ત અર્થાત્ અપ્રમાદવાળો અથવા રાધાવેધકને પામેલો અર્થાત્ રાધાવેધને સિદ્ધ કરનાર જ્યારે રાધાવેધને કરતો હોય ત્યારે તેનામાં રાધાવેધ સિદ્ધ કરવા માટે જેવો અપ્રમાદ છે, તેવો અપ્રમત્ત સાધુ, આને=શીલને, કરવા માટે=પાળવા માટે, સમર્થ છે, પરંતુ અન્ય ક્ષુદ્રચિત્તવાળો સાધુ નહિ; કેમ કે અનધિકારીપણું છે=ક્ષુદ્ર ચિત્તવાળો સાધુ શીલાંગ પાળવા માટે અનધિકારી છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૮૦॥

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે સંપૂર્ણ અઢાર હજાર શીલાંગોના પાલનરૂપ શીલ દુષ્કર છે. તેથી કેવો સાધુ આ શીલાંગોને પાળી શકે, તે બતાવે છે –

જે સાધુ સંસારથી વિરક્ત થયેલો છે અને ગુરુના ઉપદેશથી જાણે છે કે આ સંસાર અનંત જન્મ-જરા-મરણાદિથી યુક્ત છે, અને મોક્ષ જન્મ-જરા-મરણાદિથી રહિત છે, તે જ સાધુ ૧૮ હજાર શીલાંગોને સંપૂર્ણ પાળી શકવા સમર્થ છે.

આશય એ છે કે, આત્મા અનાદિનો છે તેથી અત્યાર સુધી જીવે અનંત જન્મ-જરા-મરણાદિના ક્લેશોનો અનુભવ કર્યો છે, અને જો સાધના કરીને મોક્ષમાં પહોંચાશે નહિ, તો હજુ તે જ રીતે અનંત મરણાદિરૂપ ક્લેશો પ્રાપ્ત થશે; આવું શાસ્ત્રવચનથી જે વિવેકી સાધુ જાણે છે, અને મોક્ષ આ મરણાદિ ક્લેશથી રહિત છે, માટે દુષ્કર એવા પણ શીલાંગપાલનમાં યત્ન કરીને મોક્ષ મેળવવા માટે જે સાધુ તત્પર બને છે, તે સાધુ જ આ શીલાંગો પાળી શકે છે.

વળી, આ અઢાર હજાર શીલાંગ પાળનાર સાધુ કેવો હોય તે બતાવતાં કહે છે –

પરમ ગુરુ એવા ભગવાનની આજ્ઞાના નિર્દોષ ગુણોને જાણે છે અને વિરાધનાના દોષોને જાણે છે અને તેથી વિશુદ્ધ એવા ભાવ વડે મોક્ષાર્થી એવો સાધુ આ શીલને પાળે છે.

આશય એ છે કે, ભગવાનના વચનાનુસાર સુદૃઢ યત્ન કરવાથી જે ગુણો પ્રાપ્ત થાય છે, તે ગુણો લેશ પણ કર્મબંધનું કારણ બનતા નથી, પરંતુ અવશ્ય કર્મનો ઉચ્છેદ કરાવીને મોક્ષમાં પહોંચાડે છે. અને કદાચ સાધના પૂર્ણ થઈ ન હોય, તો તે ગુણોથી બંધાતું આનુષંગિક પુણ્ય પણ સાધનામાં ક્યાંય બાધક થાય તેવું પ્રાપ્ત થતું નથી. માટે ભગવાનની આજ્ઞાપાલનના ગુણો લેશ પણ દોષથી કલંકિત નથી, અને આજ્ઞાની વિરાધના સંસારની વિડંબનાનું પ્રબળ કારણ છે, આવું જે સાધુ જાણે છે, તે સાધુ જ આજ્ઞામાં સુદૃઢ યત્ન કરી શકે છે, અને આજ્ઞાની વિરાધનાના દોષોથી દૂર રહી શકે છે, અને આથી જ મોક્ષાર્થી એવો સાધુ વિશુદ્ધ એવા ભાવથી આ શીલાંગોને પાળે છે. આમ કહીને એ કહેવું છે કે, બાહ્ય આચરણા તો શરીરની શક્તિના અભાવને કારણે કે તથાવિધ સંયોગને કારણે વિપરીત પણ હોઈ શકે, પરંતુ ચિત્તની પરિણતિ તો ભગવાનની આજ્ઞામાં જ બદ્ધ હોવાને કારણે ભાવથી શીલાંગનું અવશ્ય પાલન મોક્ષાર્થી સાધુ કરે છે.

વળી તે સાધુ કેવો છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

પોતાની શક્તિને અનુરૂપ શાસ્ત્રમાં વિહિત એવાં જે સંયમનાં અનુષ્ઠાનો છે, તેને કરવામાં તત્પર છે, અને જે અનુષ્ઠાન કરવાની પોતાની શક્તિ નથી, ત્યાં બાહ્ય યત્ન કરતો નથી, પરંતુ ભાવથી તે અનુષ્ઠાનમાં પણ ચિત્ત અત્યંત પ્રતિબંધવાળું હોવાને કારણે તે અનુષ્ઠાનકૃત નિર્જરાના ફળને પામે છે.

આશય એ છે કે, શક્તિને ગોપવ્યા વગર પોતાનાથી શક્ય અનુષ્ઠાનમાં સાધુ યત્ન કરે છે. આમ છતાં, તદ્દન અસંગ પરિણતિના કારણ એવા ધ્યાનાદિમાં પોતાની શક્તિ નહિ હોવાથી ત્યાં સાક્ષાત્ યત્ન કરતો નથી, તોપણ ચિત્ત તે ભાવ તરફ જવા માટે અત્યંત લાલસાવાળું છે; કેમ કે તે સાધુ જાણે છે કે, "મોક્ષની પ્રાપ્તિ તો અસંગભાવથી જ થવાની છે અને અસંગભાવ ધ્યાનમાં કરાતા સુદૃઢ યત્નથી જ આવે તેમ છે. આમ છતાં, જ્યાં સુધી તેવા પ્રકારના શાસ્ત્રાધ્યયન દ્વારા મારામાં શક્તિ ન પ્રગટે ત્યાં સુધી મારી ભૂમિકાને ઉચિત અનુષ્ઠાનમાં મારે યત્ન કરવો જોઈએ, અને જ્યારે શક્તિનો સંચય થશે ત્યારે હું પણ અવશ્ય ધ્યાનાદિમાં યત્ન કરીશ." તે પ્રકારના ચિત્તના પ્રતિબંધપૂર્વક વિહિત અનુષ્ઠાનમાં સાધુ યત્ન કરે છે.

વળી, વિહિત અનુષ્ઠાનથી અન્યત્ર ક્યાંય ઉપયોગ નહિ હોવાને કારણે ઉપર ઉપરના અનુષ્ઠાનને કરવાની જે પોતાની શક્તિ નથી, તે અશક્તિને અભ્યાસના બળથી ઘટાડે છે અને ઉપર ઉપરના સંયમસ્થાનમાં જવામાં પ્રતિબંધક કર્મદોષોને ખપાવે છે.

આશય એ છે કે, સુદૃઢ યત્નપૂર્વક સાધુ વિહિત અનુષ્ઠાનમાં યત્ન કરતો હોવાથી સાધુમાં અસંગભાવને અનુકૂળ શક્તિનો સંચય થતો જાય છે, અને અત્યાર સુધી જે ઉપર ઉપરની ભૂમિકામાં જવાની પોતાની શક્તિ ન હતી, તે પ્રગટ થતી જાય છે. તેથી સંયમયોગમાં સુદૃઢ યત્ન હોવાથી ઉપરની ભૂમિકામાં જવા માટેનાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે અને ઉપર ઉપરની ભૂમિકાને સાધુ પ્રાપ્ત કરે છે અને આવો સાધુ જ દુષ્કર એવાં શીલાંગોને વહન કરી શકે છે.

વળી, તે સાધુ કેવો છે તે વિશેષરૂપે બતાવે છે –

સર્વત્ર વસ્તુમાં નિરભિષ્વંગ છે અને ભગવાનની આજ્ઞામાત્રમાં આરાધના કરવાની એકનિષ્ઠાવાળો છે.

આશય એ છે કે, વિવેકી સાધુ જાણે છે કે, બાહ્ય સર્વ પદાર્થો આત્મા માટે અનુપયોગી છે, તેથી અનુપયોગીરૂપે સર્વે પદાર્થો મારા માટે સમાન છે. તેથી સર્વે પદાર્થો પ્રત્યે મધ્યસ્થભાવને તે સાધુ ધારણ કરે છે, પરંતુ બાહ્ય કોઈ પદાર્થો પ્રત્યે લેશ પણ અભિષ્વંગને ધારણ કરતો નથી અને ભગવાનની આજ્ઞાને પાલન કરવાની એકનિષ્ઠાવાળો સાધુ હોવાથી સંયમયોગોમાં સુદૃઢ યત્ન કરી શકે છે. આથી જ દુષ્કર એવા પણ શીલાંગોને વિવેકી સાધુ વહન કરી શકે છે.

વળી, તે સાધુ કેવો છે તે બતાવે છે –

ચિત્તની અન્ય વિસ્રોતસિકાથી રહિત હોવાને કારણે આજ્ઞામાં અત્યંત એકાગ્ર મનવાળો છે અને અમૂઢ લક્ષવાળો છે.

આશય એ છે કે, વિવેકી સાધુ જાણે છે કે, મોહનો ઉચ્છેદ કરવો એ જ મારું લક્ષ છે. તેથી લક્ષમાં મોહ પામ્યા વગર એકાગ્રતાપૂર્વક, ભગવાનની આજ્ઞાનુસાર, મોહના ઉચ્છેદનું કારણ બને તે જ રીતે સાધુ સર્વ પ્રવૃત્તિ કરે છે, પરંતુ તેમના ચિત્તમાં મોહના ઉચ્છેદ સિવાય અન્ય કોઈ વિચારોનો પ્રવાહ ઉત્પન્ન થતો નથી, અને આવા દૃઢ યત્નવાળા સાધુમાં જ દુષ્કર એવાં પણ સંપૂર્ણ શીલાંગો હોય છે.

વળી, તે સાધુ કેવા અપ્રમાદભાવવાળો છે તે દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ તેલથી ભરાયેલા પાત્રને ધારણ કરનાર જીવ મૃત્યુના ભયથી લેશ પણ પ્રમાદ વગર આખું પાત્ર નગરમાં ફેરવે છે, આમ છતાં તેલનું એક ટીપું પણ પાત્રમાંથી બહાર પડતું નથી; તેમ પોતાના પ્રમાદના અપાયને=અનર્થને, જાણીને સાધુ અપ્રમાદભાવથી ઇન્દ્રિયોને સંવૃત કરીને પોતાના લક્ષને અનુરૂપ સુદૃઢ યત્ન કરે છે. તેથી જ તેવા સાધુનું મોહરહિત ચિત્ત હોવાને કારણે દુષ્કર એવા પણ શીલાંગો તેનામાં ભાવથી વર્તે છે.

વળી, જેમ રાધાવેધ કરનારો=રાધાવેધક, રાધાવેધ શીખ્યા પછી પણ રાધાવેધ સાધતી વખતે એકચિત્ત થઈને લક્ષને અનુરૂપ ઉપયોગને પ્રવર્તાવે છે, તેમ મુનિ પણ મોહનો ઉચ્છેદ થાય તે જ રીતે એકચિત્તવાળા થઈને ક્રિયાઓમાં સુદૃઢ યત્ન કરે છે. તેથી વિવેકી એવા મુનિની સર્વસંયમની ક્રિયાઓ ક્રમે કરીને રાગાદિની અલ્પતા કરીને ક્ષપકશ્રેણિ સન્મુખ વીર્યનો સંચય કરાવે છે, અને આવો જ સાધુ અઢાર હજાર શીલાંગોને ભાવથી પાળી શકે છે, અન્ય ક્ષુદ્રચિત્તવાળા શીલાંગના અનધિકારી છે. **॥૭૬થી ૮૦॥**

અવતરણિકા :-

ઉપચયમાહ –

અવતરણિકાર્થ :-

ઉપચયને કહે છે=પૂર્વમાં કહ્યું કે, જે કારણથી આ શીલનું સંપૂર્ણ પાલન દુષ્કર છે, તે કારણથી સંસારથી વિરક્ત ઇત્યાદિ ગુણવાળો તે પાળવા સમર્થ છે, તે કથનમાં ઉપચયને=તે કથનને પુષ્ટ કરે એવા અન્ય કથનને, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एत्तो चिय णिद्दिट्ठो पूव्वायरिएहिं भावसाहु त्ति ।
हंदि पमाणठियत्थो, तं च पमाणं इमं होइ" ।।८१।।

ગાથાર્થ :-

આ જ કારણથી=આનું દુષ્કરપણું હોવાને કારણે પૂર્વાચાર્યો દ્વારા "સાધુવ્યવસ્થાપક પ્રમાણ વડે સ્થિત અર્થવાળો=અવસ્થિત ગુણવાળો, ભાવસાધુ છે," એ પ્રમાણે નિર્દિષ્ટ છે=કહેવાયેલ છે, અને તે પ્રમાણે આ=વક્ષ્યમાણ છે. ।।૮૧।।

ટીકા :-

अत एवास्य दुरनुचरत्वात्कारणान्निर्दिष्टः कथितः पूर्वाचार्यैः=भद्रबाहुप्रभृतिभिः, भावसाधुः पारमार्थिकयतिः 'हंदि' इत्युपदर्शने प्रमाणेनैव स्थितार्थो नान्यथा, तच्च प्रमाणं साधुव्यवस्थापकमिदं भवति वक्ष्यमाणम् ।।८१।।

ટીકાર્થ :-

अत ..... वक्ष्यमाणम् ।। આ જ કારણથી=આનું=શીલાંગનું દુષ્કરપણું હોવાને કારણે, પૂર્વાચાર્યો વડે=ભદ્રબાહુસ્વામી વગેરે વડે સાધુવ્યવસ્થાપક પ્રમાણ વડે જ, સ્થિત અર્થવાળો ભાવસાધુ છે, એ પ્રમાણે નિર્દિષ્ટ છે=કહેવાયેલ છે, અન્યથા નહિ=સાધુવ્યવસ્થાપક પ્રમાણથી ગુણોમાં સ્થિત અર્થવાળો ન હોય, માત્ર સાધ્વાચારને પાળતો હોય, તેને ભાવસાધુ કહેલ નથી. અને તે=ભાવસાધુવ્યવસ્થાપક અનુમાન પ્રમાણ, આ=વક્ષ્યમાણ=આગળમાં કહેવાશે તે છે. ।।૮૧।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૭૬થી ૮૦માં બતાવ્યું કે, સાધુપણું દુઃખે કરીને પાલન થઈ શકે તેવું છે. તેથી એ ફલિત થાય કે, સંયમ ગ્રહણ કરીને સંયમની ક્રિયાઓ કરે એટલામાત્રથી ભાવસાધુપણું આવતું નથી, પરંતુ જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદભાવથી શાસ્ત્રમાં બતાવેલ વિધિમાં યત્ન કરે, તેમને જ ભાવસાધુપણું આવે છે. આથી કરીને આચાર્ય ભદ્રબાહુસ્વામી વગેરે પૂર્વાચાર્યોએ પારમાર્થિક સાધુ તેઓને જ કહેલા છે કે, જેઓ શાસ્ત્રમાં કહેવાયેલા ગુણોમાં સ્થિતપરિણામવાળા છે, અન્ય નહિ અર્થાત્ જેઓ સંયમ ગ્રહણ કર્યા પછી માત્ર સંયમની ક્રિયા કરે છે, તેથી સાધુ છે તેમ નથી; પરંતુ અપ્રમાદભાવથી સંયમની ક્રિયા કરે છે, માટે જ શાસ્ત્રમાં કહેલા સાધુના ગુણોમાં સ્થિત છે, તેઓ જ ભાવસાધુ છે. અને શાસ્ત્રમાં કહેલા ગુણો તેમનામાં છે, તેનો નિર્ણય અનુમાન પ્રમાણથી થાય છે, અને તે અનુમાન પ્રમાણ ગ્રંથકારશ્રી આગળ ૮૨મી ગાથામાં બતાવે છે. **॥૮૧॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથા-૮૧માં કહ્યું તે ભાવસાધુવ્યવસ્થાપક અનુમાન પ્રમાણ કહે છે –

ગાથા :-

"सत्थुत्थगुणो साहु ण सेस इति णो पइण्णा इह हेऊ ।
अगुणत्ता इति णेओ दिट्ठंतो पुण सुवण्णं च" ।।८२।।

ગાથાર્થ :-

શાસ્ત્રોક્ત ગુણવાળો સાધુ છે, શેષ=શાસ્ત્રબાહ્ય, સાધુ નથી, એ પ્રમાણે અમારી પ્રતિજ્ઞા છે. અહીં અગુણત્વાત્ એ હેતુ જાણવો, અને વળી સુવર્ણ એ દૃષ્ટાંત છે. ।।૮૨।।

ટીકા :-

शास्त्रोक्तगुणवान् साधुः न शेषाः शास्त्रबाह्या इति नोऽस्माकं प्रतिज्ञा=पक्षः, इह=न शेषा इत्यत्र हेतुः=साधकः, अगुणत्वादिति विज्ञेयः, तद्गुणरहितत्वादित्यर्थः, दृष्टान्तः-सुवर्णमिवात्र व्यतिरेक इत्यर्थः ।।८२।।

ટીકાર્થ :-

शास्त्रोक्तगुणवान् ..... इत्यर्थः ।। શાસ્ત્રમાં કહેવાયેલ ગુણવાળો સાધુ છે, શેષ=શાસ્ત્રબાહ્ય, નહિ, એ પ્રમાણે અમારી પ્રતિજ્ઞા=પક્ષ છે.

इह=અહીં=न शेषाः એ સાધ્યને સિદ્ધ કરવામાં अगुणत्वात् એ હેતુ=સાધક જાણવો. अगुणत्वात् નો અર્થ तद्गुणरहितत्वात् જાણવો અર્થાત્ સાધુગુણથી રહિત સમજવો. सुवर्णमिव એ અહીંયાં=પ્રસ્તુત અનુમાનમાં વ્યતિરેક દૃષ્ટાંત જાણવું. ।।૮૨।।

❖ જેમ પર્વતો વહ્નિમાન્ ધૂમવાત્ મહાનસવત્ આ અનુમાનમાં પર્વતો વહ્નિમાન્ એ પક્ષ છે અને વહ્નિ એ સાધ્ય છે અને ધૂમ એ હેતુ છે અને મહાનસવત્ એ દૃષ્ટાંત છે. તેમ પ્રસ્તુત અનુમાન शास्त्रोक्तगुणवान् साधुः न शेषाः अगुणत्वात् सुवर्णवत् અહીં शास्त्रोक्तगुणवान् साधुः न शेषाः એ પ્રતિજ્ઞા=પક્ષ છે. न शेषाः સાધ્ય છે અને अगुणत्वात् હેતુ છે અને सुवर्णवत् એ દૃષ્ટાંત છે. અહીં દૃષ્ટાંત વ્યતિરેકી છે.

ભાવાર્થ :-

શાસ્ત્રમાં કહેલ ક્રિયા જે સાધુ કરે છે, પરંતુ શાસ્ત્રમાં કહેવાયેલા સાધુના ગુણોથી રહિત છે, તે સાધુ નથી. કેમ કે તેમનામાં શાસ્ત્રમાં કહેવાયેલા સાધુના ગુણો નથી, અને આ અનુમાન પ્રમાણમાં સુવર્ણનું વ્યતિરેક દૃષ્ટાંત છે. જેમ - જેમાં સુવર્ણના ગુણો નથી, તે સુવર્ણ નથી. તેમ શાસ્ત્રમાં કહેવાયેલા ગુણોથી રહિત સાધુમાં સુવર્ણ જેવા સાધુના ગુણો નથી, માટે તે સાધુ નથી. આ પ્રમાણે સુવર્ણનું વ્યતિરેક દૃષ્ટાંત છે. **॥૮૨॥**

અવતરણિકા :-

સુવર્ણગુણાનાહ –

અવતરણિકાર્થ :-

સુવર્ણના ગુણો કહે છે –

ગાથા :-

"विसघाइरसायणमंगलत्थविणए पयाहिणावत्ते ।
गुरुए अडज्झऽकुत्थे अट्ठ सुवण्णे गुणा हुंति" ।।८३।।

ગાથાર્થ :-

[૧]વિષઘાતી, [૨]રસાયણ, [૩]મંગલપ્રયોજન, [૪]વિનીત, [૫]પ્રદક્ષિણાવર્ત, [૬]ગુરુ, [૭]અદાહ્ય, [૮]અકુથનીય - આઠ સુવર્ણના ગુણો છે. ।।૮૩।।

ટીકા :-

विषघाति सुवर्णम्, तथा रसायणं-वयःस्तम्भनम्, मङ्गलार्थं-मङ्गलप्रयोजनम्, विनीतं-कटकादियोग्यतया, प्रदक्षिणावर्त्तमग्नितप्तम् प्रकृत्या, गुरु सारतया, अदाह्यं सारतयैव, अकुथनीयमत एव, एवमष्टौ सुवर्णगुणा भवन्त्यसाधारणा इति गाथार्थः ।।८३।।

ટીકાર્થ :-

विषघाति ..... गाथार्थः ।। સુવર્ણ (૧) વિષઘાતી છે અને (૨) રસાયણ=વયસ્તંભન કરનાર છે. (૩) મંગલાર્થ=મંગલ પ્રયોજનવાળું છે. (૪) કટકાદિ બનવાની યોગ્યતા હોવાને કારણે વિનીત છે. (૫) પ્રકૃતિથી=સ્વાભાવિક રીતે, અગ્નિમાં તપાવેલું પ્રદક્ષિણાવર્ત છે. (૬) સારપણું હોવાને કારણે ગુરુ છે. (૭) સારપણું હોવાને કારણે જ અદાહ્ય છે. (૮) આથી કરીને જ=સારપણું હોવાને કારણે જ અકુથનીય છે.

આ પ્રમાણે આઠ અસાધારણ સુવર્ણના ગુણો છે એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૮૩।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૮૨માં વ્યતિરેક દૃષ્ટાંતરૂપ સુવર્ણ કહ્યું, તે સુવર્ણના આઠ ગુણોને આ ગાથામાં બતાવેલ છે. તે ગુણો આ પ્રમાણે છે –

(૧) સુવર્ણ વિષનો ઘાત કરનાર છે.

(૨) સુવર્ણ વયનું સ્તંભન કરે છે અર્થાત્ સુવર્ણનો આહારમાં ઉપયોગ કરવાથી વૃદ્ધપણું જલદી આવવા દેતું નથી, માટે રસાયણ છે.

(૩) સુવર્ણ મંગલ પ્રયોજનવાળું છે અર્થાત્ સુવર્ણના અલંકારો ધારણ કરવાથી મંગલરૂપ બને છે. તેથી જ સર્વ માંગલિક કાર્યમાં સુવર્ણનાં આભૂષણો પહેરવાની વિધિ વ્યવહારમાં પ્રચલિત છે.

(૪) સુવર્ણ વિનીત છે અર્થાત્ કડું વગેરે આભૂષણો થવાની યોગ્યતાવાળું છે.

(૫) સુવર્ણ સ્વાભાવિક રીતે અગ્નિથી તપાવેલું પ્રદક્ષિણાવર્તવાળું છે અર્થાત્ સુવર્ણની પ્રકૃતિ જ એવી છે કે, અગ્નિથી તપાવીને જ્યારે ઓગાળવામાં આવે છે, ત્યારે દક્ષિણ દિશા તરફ આવર્તવાળું તે બને છે.

(૬) સુવર્ણમાં સારપણું હોવાને કારણે ગુરુ છે.

(૭) સુવર્ણમાં સારપણું હોવાને કારણે જ અદાહ્ય=કોઈનાથી બળે તેવું નથી.

(૮) સુવર્ણમાં સારપણું હોવાને કારણે જ અકુથનીય=કોહવાય નહિ તેવું, છે.

આ પ્રમાણે આ આઠ સુવર્ણના ગુણો, સુવર્ણમાં રહેનારા અને અન્ય ધાતુઓમાં નહિ રહેનારા હોવાથી સુવર્ણના અસાધારણ ગુણો છે.

અહીં વિશેષ એ છે કે, સુવર્ણમાં સારપણું હોવાને કારણે ગુરુ છે, અદાહ્ય છે અને અકુથનીય છે એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે, સુવર્ણ સારા પુદ્ગલોમાંથી બનેલું છે, માટે અન્ય ધાતુઓ કરતાં એ કીમતી ધાતુ ગણાય છે, એમ ગુરુ શબ્દથી બતાવેલ છે. વળી કેટલાક પદાર્થો અગ્નિથી બળી જાય છે, પરંતુ સુવર્ણ શ્રેષ્ઠ પુદ્ગલોમાંથી બનેલું હોવાથી અગ્નિથી બળતું નથી. વળી લોખંડને કાટ ચડે છે અને કેટલીક ચાંદી પણ કાળી પડે છે, પરંતુ સુવર્ણ વિકૃતિને પામતું નથી=અકુથનીય છે. તેનું કારણ સુવર્ણ સારભૂત પુદ્ગલોમાંથી બનેલું છે. **॥૮૩॥**

અવતરણિકા :-

દાર્ષ્ટાન્તિકમધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

દાર્ષ્ટાન્તિકને આશ્રયીને ગ્રંથકારશ્રી કહે છે=શાસ્ત્રોક્ત ગુણવાળો સાધુ છે અન્ય નહિ, એ રૂપ દાર્ષ્ટાન્તિકમાં સુવર્ણરૂપ દૃષ્ટાંતના ગુણોનું યોજન ગ્રંથકારશ્રી કરે છે –

ગાથા :-

"इह मोहविसं घायइ सिवोपएसा रसायणं होइ ।
गुणओ अ मंगलत्थं कुणइ विणीओ अ जोग्ग त्ति" ।।૮૪।।

"मग्गणुसारि पयाहिण गंभीरो गुरुअओ तहा होइ ।
कोहग्गिणाऽडज्झो अकुत्थो सइ सीलभावेण" ।।૮૫।।

ગાથાર્થ :-

અહીં=સંસારમાં, [૧]શિવનો ઉપદેશ આપતો હોવાના કારણે (ભાવસાધુ) મોહવિષનો ઘાત કરે છે, [૨]રસાયણ થાય છે, [૩]ગુણથી મંગલાર્થ કરે છે, [૪]યોગ્ય છે એથી કરીને વિનીત છે. [૫]માર્ગાનુસારિતા એ પ્રદક્ષિણાવર્તતા છે, [૬]ગુરુ હોવાને કારણે ગંભીર છે, [૭]ક્રોધાગ્નિ વડે અદાહ્ય છે અને [૮]સદા શીલનો ભાવ હોવાને કારણે અકુથનીય છે. ।।૮૪-૮૫।।

❖ ગાથા-૮૫માં 'तहा होइ' અહીં 'तहा' શબ્દ 'અને' અર્થમાં છે અને 'होइ' શબ્દ 'છે' અર્થમાં છે.

ટીકા :-

इह मोहविषं घातयति केषाञ्चिच्छिवोपदेशात्, तथा रसायनं भवत्यत एव परिणतान्, मुख्यगुणतश्च मङ्गलार्थं करोति प्रकृत्या विनीतश्च योग्य इति कृत्वा ।।८४।।

मार्गानुसारिता सर्वत्र प्रदक्षिणावर्त्तता, गम्भीरश्चेतसा गुरुस्तथा भवति, क्रोधाग्निनाऽदाह्यो, ज्ञेयोऽकुथनीयः सदोचितेन शीलभावेन ।।८५।।

ટીકાર્થ :-

इह ..... इति कृत्वा ।। અહીંયાં=સંસારમાં, (૧) શિવનો ઉપદેશ આપતા હોવાથી (ભાવસાધુ) કેટલાકના મોહવિષનો ઘાત કરે છે. (૨) આ જ કારણથી=શિવનો ઉપદેશ આપતા હોવાથી, પરિણતો પ્રત્યે રસાયણ થાય છે. (૩) મુખ્ય ગુણથી મંગલાર્થને કરે છે. (૪) યોગ્ય છે એથી કરીને પ્રકૃતિથી વિનીત છે.

मार्गानुसारिता ..... शीलभावेन ।। (૫) સર્વત્ર માર્ગાનુસારિતા એ પ્રદક્ષિણાવર્તતા છે, (૬) ચિત્તથી ગંભીર છે તે ગુરુ છે (૭) અને ક્રોધાગ્નિ વડે અદાહ્ય છે. (૮) સદા=હંમેશાં, ઉચિત શીલભાવ હોવાને કારણે અકુથનીય છે. ।।૮૪-૮૫।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૮૩માં સુવર્ણના આઠ અસાધારણ ગુણ બતાવ્યા. તે આઠ અસાધારણ ગુણોને દાર્ષ્ટાન્તિક ભાવસાધુમાં યોજન કરે છે. તે આ રીતે –

(૧) સુવર્ણમાં ગુણ છે કે તે ખાનારના વિષનો નાશ કરે છે. તેમ શિવનો ઉપદેશ આપતા હોવાના કારણે ભાવસાધુ કેટલાકના મોહરૂપ વિષનો નાશ કરે છે.

(૨) સુવર્ણ જેમ વયનું સ્તંભન કરે છે માટે રસાયણ છે, તેમ ભાવસાધુ શિવનો ઉપદેશ આપતા હોવાને કારણે પરિણત જીવોની પરિણતિનું ઉપદેશ દ્વારા સ્તંભન કરે છે=સ્થિરીકરણ કરે છે, માટે રસાયણ છે.

(૩) સુવર્ણ જેમ મંગલના પ્રયોજનવાળું છે, તેમ ભાવસાધુ મુખ્ય ગુણથી મંગલ માટે થાય છે અર્થાત્

પાંચ મહાવ્રતરૂપ મુખ્ય ગુણો હોવાને કારણે સાધુનાં દર્શન મંગલ માટે થાય છે.

(૪) સુવર્ણ જેમ કડું વગેરે બનવાની યોગ્યતાવાળું હોવાથી વિનીત છે, તેમ ભાવસાધુ આત્માના મૂળ સ્વભાવ તરફ જવા માટે યોગ્ય છે, એથી કરીને વિનીત છે અર્થાત્ ગુણસંપન્ન જીવો પ્રત્યે ઉચિત વિનય કરનારા છે.

(૫) સુવર્ણને અગ્નિમાં તપાવીએ તો દક્ષિણાવર્તવાળું છે, તેમ ભાવસાધુમાં સર્વત્ર માર્ગાનુસારિતારૂપ પ્રદક્ષિણાવર્તતા છે.

આશય એ છે કે, જેમ સુવર્ણને તપાવવાથી દક્ષિણ દિશા તરફ તેના આવર્તો ફરે છે, તેમ ભાવસાધુની પરિણતિ હંમેશાં મોક્ષમાર્ગને અનુસરનારી હોય છે. આથી જ શક્તિને અનુરૂપ સર્વજ્ઞના વચનાનુસાર સુદૃઢ યત્ન કરીને મોક્ષને અનુકૂળ એવા આત્મભાવો તરફ તેઓનો યત્ન હોય છે.

(૬) સુવર્ણ જેમ સારપણું હોવાને કારણે ગુરુ છે, તેમ ભાવસાધુ આત્માના સારભૂત ભાવોને જોનારા હોવાથી ચિત્તથી ગંભીર છે તે ગુરુ છે અર્થાત્ તુચ્છ ચિત્તવાળા નથી, પરંતુ ગંભીર ચિત્તવાળા છે. આથી જ સંસારના તુચ્છ ભોગો તેમને સ્પર્શતા નથી.

(૭) સુવર્ણ જેમ સારપણું હોવાને કારણે જ અદાહ્ય છે, તેમ ભાવસાધુ આત્માના સારભૂત ભાવોમાં જ વર્તતા હોવાથી ક્રોધાગ્નિથી અદાહ્ય છે.

આશય એ છે કે, ભાવસાધુ ભગવાનના વચનાનુસાર મન, વચન અને કાયાને પ્રવર્તાવતા હોવાથી પોતાને ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ તેમના હૈયામાં કરુણા જ પ્રગટે છે. તેથી ક્રોધરૂપી અગ્નિથી તેમનો આત્મા બળતો નથી, પરંતુ સદા ઉપશમભાવમાં વર્તતો હોય છે.

(૮) સુવર્ણ જેમ સારપણું હોવાને કારણે જ અકુથનીય છે, તેમ ભાવસાધુ સદા ઉચિત શીલભાવ હોવાને કારણે=આત્માના સારભૂત શીલભાવ હોવાને કારણે, અકુથનીય છે અર્થાત્ આત્માની કુત્સિત અવસ્થા અશીલભાવરૂપ છે, જ્યારે મુનિ સદા ઉચિત શીલ પાળતા હોવાથી અકુથનીય છે.

આશય એ છે કે, શીલ=પાંચે ઇન્દ્રિયોનો સંયમ. જ્યાં જે ઇન્દ્રિયોને સમ્યગ્ પ્રવર્તાવવાથી સંયમની વૃદ્ધિ થાય, ત્યાં તે ઇન્દ્રિયોને સમ્યગ્ પ્રવર્તાવવી; અને જ્યાં ઇન્દ્રિયોના પ્રવર્તનથી અસંયમની વૃદ્ધિ થાય તેમ હોય, ત્યાં તે ઇન્દ્રિયોને સંવૃત રાખવી=ગોપવવી, તે ઉચિત શીલ છે. જેમ - સ્ત્રી આદિ પ્રત્યે દૃષ્ટિ જાય તો રાગભાવ ન થાય તે જ રીતે દૃષ્ટિને સંવૃત કરવી, અને ગમન કરવું હોય ત્યારે યતનાપૂર્વક જીવરક્ષા માટે ચક્ષુને પ્રવર્તાવવી, તે ઉચિત શીલ છે. અને ભાવસાધુ આવું ઉચિત શીલ પાળે છે, તેથી તેમનો આત્મા ક્યારે પણ કુત્સિતભાવને પામતો નથી, તેથી મુનિ સુવર્ણની જેમ અકુથનીય છે. **॥૮૪-૮૫॥**

ગાથા :-

"एवं दिट्ठंतगुणा सज्झंमि वि एत्थ होति णायव्वा ।
ण हि साहम्माभावे पायं जं होइ दिट्ठंतो" ।।८६।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વે ગાથા-૮૩માં બતાવ્યું એ રીતે, દૃષ્ટાંતના ગુણો સાધ્ય એવા પણ આમાં=સાધુમાં, જ્ઞાતવ્ય=જાણવા યોગ્ય છે; જે કારણથી સાધર્મ્યના અભાવમાં પ્રાયઃ દૃષ્ટાંત હોતું નથી. ॥૮૬॥

ટીકા :-

एवं दृष्टान्तगुणा विषघातित्वादयः साध्येऽपि अत्र=साधौ भवन्ति ज्ञातव्याः, न हि साधर्म्याभावे एकान्तेनैव प्रायो यद्=यस्माद्, भवति दृष्टान्तः ॥८६॥

ટીકાર્થ :-

एवं ..... दृष्टान्तः ॥ આ રીતે=પૂર્વે ગાથા-૮૩માં બતાવ્યું એ રીતે, વિષઘાતિત્વાદિ દૃષ્ટાંતના ગુણો સાધ્ય એવા પણ આમાં=સાધુમાં જાણવા યોગ્ય છે; જે કારણથી એકાંતથી જ સાધર્મ્યના અભાવમાં પ્રાયઃ દૃષ્ટાંત હોતું નથી. ॥૮૬॥

ભાવાર્થ :-

સુસાધુને સુસાધુરૂપે ઓળખવા માટે ગાથા-૮૨માં અનુમાન કરેલ છે અને ત્યાં સુવર્ણને દૃષ્ટાંતરૂપે બતાવેલ છે. તે દૃષ્ટાંત નિયત વ્યાપ્તિગ્રાહક નથી, પરંતુ કાંઈક સાધર્મ્યના બળથી દૃષ્ટાંત માત્ર છે; કેમ કે સુવર્ણમાં જે ગુણો છે, તેવા ગુણો સાધુમાં હોય જ તેવી વ્યાપ્તિ પ્રાપ્ત થતી નથી. પરંતુ સુવર્ણમાં જે આઠ ગુણો છે, તેના જેવા જ સાધુમાં આઠ ગુણો છે, એ પ્રકારના સાધર્મ્યના કારણે સુવર્ણને દૃષ્ટાંતરૂપે કહેલ છે. અને જેમાં એકાંતથી સાધર્મ્યનો અભાવ હોય તેવું દૃષ્ટાંત હોતું નથી, તેથી સાધુમાં પણ વિષઘાતિત્વાદિ આઠ ગુણો કઈ રીતે છે, તે જાણવા યોગ્ય છે, કે જેથી આ સુસાધુ છે અને આ સુસાધુ નથી, એવો નિર્ણય થઈ શકે. **॥૮૬॥**

અવતરણિકા :-

પૂર્વમાં સુવર્ણ જેવા ભાવસાધુ હોય છે તેમ બતાવ્યું, તેથી જેમ સુવર્ણમાં કષાદિ ચાર પરીક્ષાથી 'આ સુવર્ણ છે', તેમ નક્કી થાય છે, તે જ રીતે ભાવસાધુ પણ કષાદિ ચાર પરીક્ષાથી 'સાચા સાધુ છે' તેમ નક્કી થાય છે. તે બતાવવા કહે છે –

ગાથા :-

"चउकारणपरिसुद्धं कसछेयतावतालणाए य ।
जं तं विसघाइरसायणाइ गुणसंजुयं होइ" ॥८७॥

"इतरम्मि कसाईआ विसिट्ठलेस्सा तहेगसारत्तं ।
अवगारिणी अणुकंपा वसणे अइणिच्चलं चित्तं" ॥८८॥

ગાથાર્થ :-

કષ, છેદ, તાપ અને તાડન વડે ચાર કારણથી પરિશુદ્ધ સુવર્ણ થાય છે, જે આવા પ્રકારનું છે - તે વિષઘાતી-રસાયણાદિ ગુણસંયુક્ત હોય છે. ॥૮૭॥

ઈતરમાં=સાધુમાં, કષાદિ આ પ્રમાણે છે –

૧. વિશિષ્ટ લેશ્યા એ કષ, ૨. તથાએકસારપણું એ છેદ, ૩. અપકારીમાં અનુકંપા એ તાપ, ૪. વ્યસનમાં અતિ નિશ્ચલ ચિત્ત એ તાડના છે. ॥૮૮॥

ટીકા :-

चतुष्कारणपरिशुद्धं चैतद् भवति, कषेण, छेदेन, तापेन ताडनया चेति यदेवंभूतं तद् विषघातिरसायनादिगुणयुक्तं भवति, नाऽन्यत्, परीक्षेयम् ॥८७॥

ટીકાર્થ :-

चतुष्कारणपरिशुद्धं ..... परीक्षेयम् ॥ કષ વડે, છેદ વડે, તાપ વડે અને તાડના વડે - ચાર કારણથી પરિશુદ્ધ આ=સુવર્ણ હોય છે. એથી કરીને જે આવા પ્રકારનું છે, તે વિષઘાતી, રસાયણાદિ ગુણયુક્ત હોય છે, અન્ય નહિ. આ=જે કષ, છેદ, તાપ અને તાડન વડે કરીને પરિશુદ્ધ છે, તે સુવર્ણ, વિષઘાતી-રસાયણાદિ ગુણયુક્ત હોય છે, અન્ય નહિ. એ પરીક્ષા પદાર્થ છે. ॥૮૭॥

❖ परीक्षेयम् - અહીં परीक्षा+इयम् આ પ્રમાણે સમજવું.

इतरस्मिन्=साधौ कषादयो यथासङ्ख्यमेते यदुत-विशिष्टा लेश्याः कषः, तथैकसारत्वं छेदः, अपकारिण्यनुकम्पा तापः, व्यसनेऽतिनिश्चलं चित्तं ताडना एषा परीक्षा ॥८८॥

इतरस्मिन् ..... परीक्षा ॥ ઈતરમાં=સાધુમાં, કષાદિ યથાસંખ્ય આ છે. તે 'यदुत'થી બતાવે છે –

(૧) વિશિષ્ટ લેશ્યા કષ છે, (૨) તથાએકસારપણું=વિશિષ્ટ લેશ્યા અર્થાત્ સંસારસાગર તરવાના દૃઢ યત્નની લેશ્યા એક પ્રધાનપણે જેમાં હોય તે તથાએકસાર કહેવાય અને તેનો ભાવ તે તથાએકસારપણું, છેદ છે, (૩) અપકારીમાં અનુકંપા તાપ છે અને (૪) વ્યસનમાં અતિનિશ્ચલ ચિત્ત તાડના છે. આ પરીક્ષા છે. ॥૮૮॥

ભાવાર્થ :-

સાધુમાં કષાદિ કેવા પ્રકારના છે તે બતાવે છે –

(૧) સંસારના નૈર્ગુણ્યને જાણીને સંસારથી તરવાનો અર્થી એવો સાધુ, સંસારથી તરવાના ઉપાયરૂપે ભગવાનની આજ્ઞાનું પ્રતિસંધાન કરીને તેમાં જ યત્ન કરવાની લેશ્યાવાળો હોય તો તે કષશુદ્ધ છે. જેમ સુવર્ણને કસોટીના પત્થર ઉપર કસવાથી તે સુવર્ણ છે, એમ નક્કી થાય છે, તેમ આવી વિશિષ્ટ લેશ્યાવાળા હોય તે સાધુ છે, એવું નક્કી થાય છે.

(૨) તથાએકસારપણું=જે પ્રકારે વિશિષ્ટ લેશ્યા છે, તે પ્રકારે એકસારપણું, તે છેદ છે. જેમ સુવર્ણ, ઉપરથી સુવર્ણરૂપે દેખાવા છતાં અંદરથી પૂર્ણ સુવર્ણરૂપે ન હોય તો છેદથી અસુવર્ણની પ્રાપ્તિ થાય છે, પરંતુ અંદરથી સુવર્ણ હોય તો છેદથી સુવર્ણરૂપે નક્કી થાય છે, તેમ સાધુમાં તથાએકસારપણું=જે પ્રકારે સંપૂર્ણ આભૂષણ સુવર્ણમય હોય તો તે સુવર્ણનું છે, તેમ સાધુમાં સંસારસાગર તરવાના દૃઢ યત્નની લેશ્યારૂપ એકસારપણું હોય અર્થાત્ એવી લેશ્યામય જ જીવન હોય તો તે સાધુ છેદથી શુદ્ધ છે, એમ નક્કી થાય છે.

ઉપરમાં કહી તેવી વિશિષ્ટ લેશ્યા સાધુના ચિત્તમાં સતત વર્તતી હોય અને તેનાથી નિયંત્રિત તેમનું જીવન હોય તો તથાએકસારપણું તેમનામાં આવે છે અને તેવા સાધુ છેદથી શુદ્ધ છે એમ નક્કી થાય છે.

(૩) અપકારીમાં અનુકંપા એ તાપ છે. જેમ સુવર્ણ, છેદથી સુવર્ણ નક્કી થવા છતાં સુવર્ણને તપાવીને જોવામાં આવે તો સુવર્ણમાં પાંચ-દસ ટકા અન્ય ધાતુ ભળેલી હોય તો તે સુવર્ણ તેવા પ્રકારનું નરમ બનતું નથી, તેથી તેના ઉપરથી ખ્યાલ આવે છે કે આ સુવર્ણ પરિપૂર્ણ શુદ્ધ નથી. તેમ સાધુને કોઈ અપકારી પ્રાપ્ત થાય ત્યારે તેમનામાં અસહિષ્ણુતા વગેરે ભાવો ઈષદ્ પણ પ્રગટે તો તેવા સાધુમાં સાધુપણાની ખામી છે તેનો ખ્યાલ આવે છે.

સંયમ લીધા પછી આરાધક સાધુ ભગવાનના વચન પ્રમાણે દૃઢ યત્ન કરવાની લેશ્યાવાળો હોય છે, તે વિશિષ્ટ લેશ્યા છે અને તે વિશિષ્ટ લેશ્યા પણ ક્યારેક જ હોય છે એમ નહિ, પરંતુ સંયમજીવનમાં સતત વર્તતી હોય તો તે વિશિષ્ટ લેશ્યારૂપ એકસારપણું પણ તે સાધુમાં છે, તોપણ વિશિષ્ટ લેશ્યા, અને તથાએકસારપણું હોવા છતાં અપકારીની ઉપસ્થિતિમાં અનુકંપાનો ભાવ જો ઉલ્લસિત થાય નહિ તો તે જ બતાવે છે કે, તે સાધુ હોવા છતાં ઈષત્ મલિન છે.

(૪) વ્યસનમાં અતિનિશ્ચલ ચિત્ત એ તાડના છે. જેમ છેદથી શુદ્ધ એવું સુવર્ણ, તાપમાં પણ તપાવવા છતાં અશુદ્ધ છે એવો સ્પષ્ટ નિર્ણય ન થાય ત્યારે, તે તપાવેલા સુવર્ણ ઉપર તાડન કરવામાં આવે છે, જેથી તાડન વખતે કાંઈક કઠિનતાની પ્રતીતિ થાય તો આ સુવર્ણ કાંઈક અંશોથી અશુદ્ધ છે, તેમ નિર્ણય થાય છે, અને તાડનથી પણ તે શુદ્ધ જણાય તો તે સુવર્ણ છે, તેમ નક્કી થાય છે. તે જ રીતે સાધુ જ્યારે સંકટમાં આવે ત્યારે અતિનિશ્ચલ રહી શકે ત્યારે તેનામાં શીલાંગરૂપ સાધુપણું સ્થિરભાવને પામેલું છે તેમ નક્કી થાય છે, ત્યારે જ તે પરિપૂર્ણ શુદ્ધ છે, એમ નક્કી થાય છે. **॥૮૭-૮૮॥**

ગાથા :-

"तं कसिणगुणोवेयं होइ सुवण्णं न सेसयं जुती ।
ण य णामरूवमित्तेण एवमगुणो हवइ साहू" ।।૮૯।।

ગાથાર્થ :-

સંપૂર્ણ ગુણોથી સહિત હોય (તે) તે=સુવર્ણ છે, શેષ એવું યુક્તિસુવર્ણ નહિ અને એમ=યુક્તિસુવર્ણ છે એમ, નામરૂપ માત્ર હોવાને કારણે અગુણ=ગુણરહિત, સાધુ થતો નથી. ॥૮૯॥

ટીકા :-

'तत्कृत्स्नगुणोपेतं सत्सुवर्णं तात्त्विकं न शेषकं युक्तिरिति युक्तिसुवर्णं, नापि नामरूपमात्रेण बाह्येन, एवमगुणः सन् भवति साधुः ।।८९।।

ટીકાર્થ :-

'तत्कृत्स्नगुणोपेतं ..... साधुः ।। તેના=સુવર્ણના, સંપૂર્ણ ગુણોથી સહિત છતું સુવર્ણ તાત્ત્વિક છે, શેષ યુક્તિસુવર્ણ તાત્ત્વિક નથી. યુક્તિ એટલે યુક્તિસુવર્ણ, તેમ બાહ્ય એવા નામરૂપ માત્ર હોવાને કારણે અગુણ છતો સાધુ થતો નથી. ॥૮૯॥

❖ અહીં મૂળ ગાથામાં યુક્તિ શબ્દ છે, તેનાથી યુક્તિસુવર્ણ ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે સુવર્ણની કષાદિથી પરીક્ષા કરવામાં આવે તે સુવર્ણ, સુવર્ણના સંપૂર્ણ ગુણોથી યુક્ત હોય તો તે તાત્ત્વિક સુવર્ણ છે, શેષ યુક્તિસુવર્ણ એ તાત્ત્વિક સુવર્ણ નથી.

યુક્તિસુવર્ણ એટલે યુક્તિથી સુવર્ણના વર્ણ જેવું બનાવેલું હોય, પરંતુ સુવર્ણના ગુણવાળી ધાતુ ન હોય તે યુક્તિસુવર્ણ કહેવાય.

વળી, પ્રસ્તુત ગાથામાં સુવર્ણની પરીક્ષાને સાધુમાં યોજન કરતાં કહે છે કે, નામરૂપમાત્ર એવા બાહ્ય વેશથી સાધુ, પણ ઉપરમાં વર્ણન કર્યું એ રીતે કષાદિ ગુણવાળો ન હોય તો તે સાધુ નથી.

આશય એ છે કે, કષથી સાધુ જેવી લેશ્યા હોય તો કાંઈક અંશે ગુણસંપત્તિ છે, તોપણ લેશ્યાને અનુરૂપ ઉચિત આચરણા સાધુમાં નહિ હોવાથી તે ભાવથી સાધુ નથી. અને કષને અનુરૂપ લેશ્યા પણ હોય અને તે લેશ્યાને અનુરૂપ ઉચિત સાધ્વાચારનું પાલન પણ કરતો હોય, તો સાધુના ઘણા ગુણો તેમનામાં હોય, આમ છતાં કોઈ અપકાર કરનારા આવે ત્યારે તેમના પ્રત્યે સાધુને જો ઈષદ્ દ્વેષ થાય, તો તે અંશમાં સાધુના ગુણોથી યુક્ત નથી. અને કદાચ તાપથી પણ સાધુના ગુણો હોય અને તેથી અપકારી પ્રત્યે અનુકંપા પણ કરતો હોય, આમ છતાં આપત્તિ આવે ત્યારે અતિનિશ્ચલ ચિત્ત ન હોય અને આર્ત્તધ્યાન આદિમાં પ્રવર્તે તો તાડનથી શુદ્ધ એવું પૂર્ણ સાધુપણું નથી, પરંતુ કાંઈક મલિનતાવાળું સાધુપણું છે. **॥૮૯॥**

ગાથા :-

"जुत्तीसुवन्नयं पुण सुवन्नवण्णं तु जइ वि कीरिज्जा ।
ण हु होइ तं सुवन्नं सेसेहिं गुणेहिंऽसंतेहिं" ।।९०।।

ગાથાર્થ :-

વળી, યુક્તિસુવર્ણ જોકે સુવર્ણ વર્ણવાળું કરાય છે, પરંતુ શેષ ગુણો અવિદ્યમાન હોવાથી તે સુવર્ણ થતું નથી. ॥૯૦॥

ટીકા :-

યુક્તિસુવર્ણં પુનરતાત્ત્વિકં સુવર્ણવર્ણમેવ યદ્યપિ ક્રિયેત કથઞ્ચિત્તથાપિ ન ભવતિ તત્સુવર્ણં શેષૈર્ગુણૈર્વિષઘાતિત્વાદિભિરસદ્ભિરિતિ ગાથાર્થઃ ।।૯૦।।

ટીકાર્થ :-

યુક્તિસુવર્ણં ..... ગાથાર્થઃ ।। વળી, યુક્તિસુવર્ણ જોકે, કથંચિત્=કોઈક રીતે, અતાત્વિક સુવર્ણવર્ણવાળું જ કરાય છે, તોપણ વિષઘાતિત્વાદિ શેષ ગુણો અવિદ્યમાન હોવાને કારણે તે સુવર્ણ થતું નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૦।।

ભાવાર્થ :-

યુક્તિસુવર્ણ એટલે બનાવટી સુવર્ણ. અને બનાવટી સુવર્ણ પણ સુવર્ણવર્ણવાળું કોઈક રીતે કરાય છે તોપણ તે સુવર્ણની ધાતુ નહિ હોવાથી સુવર્ણના વિષઘાતિત્વાદિ ગુણો તેનામાં નથી. તેથી સુવર્ણનું જે કાર્ય છે, તે કાર્ય યુક્તિસુવર્ણની ધાતુથી થતું નથી, માત્ર બાહ્ય આકારથી જ સદૃશ જોવા પૂરતું તે ઉપયોગી છે. ॥૯૦॥

અવતરણિકા :-

પ્રસ્તુતમધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

પ્રસ્તુતને આશ્રયીને કહે છે અર્થાત્ પૂર્વે ગાથા-૮૯માં કહ્યું કે, સુવર્ણના સંપૂર્ણ ગુણથી યુક્ત હોય તે તાત્વિક સુવર્ણ છે, એમ સાધુના સંપૂર્ણ ગુણથી યુક્ત હોય તે સાધુ હોય છે. તેને આશ્રયીને કહે છે –

ગાથા :-

"जे इह सुत्ते भणिआ साहुगुणा तेहिं होइ सो साहू ।
वण्णेणं जच्चसुवण्णयं व संते गुणणिहिम्मि" ।।९१।।

ગાથાર્થ :-

ગુણનિધિ હોતે છતે, વર્ણ વડે જાત્યસુવર્ણની જેમ જે અહીં શાસ્ત્રમાં સાધુના ગુણો કહેવાયેલા છે, તે ગુણો વડે આ સાધુ છે. ।।૯૧।।

ટીકા :-

य इह शास्त्रे भणिता मूलगुणास्तैर्भवत्यसौ साधुः, वर्णेन सता जात्यसुवर्णवत् सति गुणनिधौ विषघातित्वादिरूपे ।।९१।।

ટીકાર્થ :-

य इह ..... विषघातित्वादिरूपे ।। વિષઘાતિત્વાદિરૂપ ગુણનિધિ હોવા છતાં, વર્ણ વડે છતા=વિદ્યમાન, જાત્યસુવર્ણની જેમ, જે અહીં શાસ્ત્રમાં મૂળગુણો કહેલા છે, તેના વડે આ સાધુ છે. ।।૯૧।।

ભાવાર્થ :-

જેમ જાત્યસુવર્ણ વર્ણથી સુવર્ણવર્ણવાળું છે અને વિષઘાતિત્વાદિરૂપ ગુણના નિધાનરૂપ છે, તે જ રીતે સાધ્વાચાર પાળવારૂપ સાધુના વર્ણવાળો હોય અને શાસ્ત્રમાં કહેલા સાધુના મૂળગુણવાળો=૧૮ હજાર શીલાંગવાળો હોય તે સાધુ કહેવાય. **॥૯૧॥**

ગાથા :-

"जो साहू गुणरहिओ भिक्खं हिंडइ कहं णु होइ सो साहू ?।
वण्णेणं जुत्तिसुवण्णयं वाऽसंते गुणनिहिम्मि" ।।९२।।

ગાથાર્થ :-

ગુણનિધિ નહિ હોતે છતે વર્ણ વડે યુક્તિસુવર્ણની જેમ, ગુણરહિત એવો જે સાધુ ભિક્ષા માટે ફરે છે, એ કઈ રીતે સાધુ થાય ? અર્થાત્ ન થાય. ।।૯૨।।

ટીકા :-

यः साधुर्गुणरहितः सन् भिक्षामटति न भवत्यसौ साधुरेतावता वर्णेन्न सता केवलेन युक्तिसुवर्णवदसति गुणनिधौ विषघातित्वादिरूपे ।।९२।।

ટીકાર્થ :-

यः ..... विषघातित्वादिरूपे ।। વિષઘાતિત્વાદિરૂપ ગુણનિધિ નહિ હોતે છતે યુક્તિસુવર્ણની જેમ ગુણરહિત છતો જે સાધુ ભિક્ષા માટે ફરે છે, આ=વેશધારી સાધુ, વર્ણ વડે=સાધુના વેશ વડે, વિદ્યમાન એવા કેવલ આટલા ગુણોથી=વેશ ધારણ કરવારૂપ ગુણોથી, સાધુ થતો નથી. ।।૯૨।।

ભાવાર્થ :-

જેમ યુક્તિસુવર્ણ વર્ણથી સુવર્ણ જેવું હોય છે, પરંતુ યુક્તિસુવર્ણમાં વિષઘાતિત્વાદિ ગુણો હોતા નથી, તેમ જે સાધુ, સાધુનો વેશ લઈને ભિક્ષાટનાદિ બાહ્ય આચારો માત્ર પાળે છે, પરંતુ પૂર્વમાં બતાવેલ વિષઘાતિત્વાદિ ગુણો જેમનામાં નથી, તેવો સાધુ ભાવથી સાધુ નથી. **॥૯૨॥**

અવતરણિકા :-

ગુણનિધિરહિત સાધુવેશવાળો સાધુ નથી, તે બતાવતાં કહે છે –

ગાથા :-

"उद्दिट्ठकडं भुंजइ, छक्कायपमद्दणो घरं कुणइ ।
पच्चक्खं च जलगए जो पिवइ कहं णु सो साहू ?" ।।९३।।

ગાથાર્થ :-

ઉદ્દેશીને કરાયેલું જે ભોગવે છે, ષટ્કાયનું પ્રમર્દન=વધ કરે છે, ઘર કરે છે અને પ્રત્યક્ષ જલગત જીવોને જે પીવે છે, તે કેવી રીતે સાધુ હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે. ॥૯૩॥

ટીકા :-

उद्दिश्य कृतं भुङ्क्ते, आकुट्टिकया षट्कायप्रमर्द्दनो, निरपेक्षतया गृहं करोति देवव्याजेन, प्रत्यक्षं च जलगतान्प्राणिनो यः पिबत्याकुट्टिकयैव कथं त्वसौ साधुर्भवति ? नैवेति गाथार्थः ।।९३।।

ટીકાર્થ :-

उद्दिश्य ..... गाथार्थः ।। ઉદ્દેશીને કરાયેલું જે ભોગવે છે અને આકુટ્ટિકા વડે ષટ્કાયનું પ્રમર્દન=ષટ્કાયની હિંસા, કરે છે, નિરપેક્ષપણાથી દેવના વ્યાજથી=બહાનાથી, ઘરને કરે છે અને જે પ્રત્યક્ષ જલગત જીવોને આકુટ્ટિકા વડે જ પીવે છે, તે કેવી રીતે સાધુ હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૯૩॥

ભાવાર્થ :-

જે સાધુ ભિક્ષા-વસ્ત્ર-પાત્ર આદિ સાધુને ઉદ્દેશીને કરાયેલાં ગ્રહણ કરે છે અને આકુટ્ટિકાપૂર્વક ષટ્કાય જીવોનું ઉપમર્દન કરે છે અર્થાત્ પડિલેહણાદિ કે વિહારાદિ ક્રિયાઓમાં જીવરક્ષાના પરિણામ પ્રત્યે નિરપેક્ષ રીતે વર્તે છે, તે સાધુ ષટ્કાયની વિરાધનાવાળો છે; અને નિરપેક્ષપણાથી દેવના બહાનાથી ઘરને કરે છે અર્થાત્ હું સાધુ છું માટે મારે કોઈ સંપત્તિ હોય નહિ, તે પ્રકારના પરિણામ પ્રત્યે ઉપેક્ષા કરીને જિનમંદિરના બહાના વડે=બાજુમાં જિનમંદિર બનાવીને, તેના રક્ષણ માટે પોતાનું સ્થાન કરવારૂપ ઘરને કરે છે, અને પ્રત્યક્ષ જલમાં રહેલા જીવોને જે આકુટ્ટિકાપૂર્વક જ=નિરપેક્ષપણાથી જ, પીવે છે અર્થાત્ સચિત્ત જલાદિને જે ગ્રહણ કરે છે, તે કઈ રીતે સાધુ હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે. **॥૯૩॥**

ગાથા :-

"अण्णे उ कसाईया किर एए एत्थ हुंति णायव्वा ।
एयाहिं परिक्खाहिं साहू परिक्खेह कायव्वा" ।।९४।।

ગાથાર્થ :-

વળી અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે - ખરેખર આ=ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ કષાદિ અહીં=સાધુ

અધિકારમાં, જાણવા યોગ્ય છે. આ પરીક્ષા વડે=યથાક્રમ કષાદિ પરીક્ષા વડે, અહીં=જગતમાં સાધુની પરીક્ષા કરવી જોઈએ. ।।૯૪।।

ટીકા :-

अन्ये त्वाचार्या इत्थमभिदधति, कषादयः प्रागुक्ताः किलोद्दिष्टभोक्तृत्वादयोऽत्र साध्यधिकारे भवन्ति ज्ञातव्याः यथाक्रमं एताभिः परीक्षाभिर्निश्चयप्रकारैः साधुपरीक्षेह कर्त्तव्या, समानधर्मदर्शन-जनितसाधुत्वसंशयनिरासाय सद्वृत्तेन साधुत्वसंभावनयाऽभ्युत्थानस्य कर्त्तव्यत्वेऽप्यौत्तरकालिकं यथोचितं परीक्षयैव साध्यमिति अस्य शास्त्रार्थत्वादिति दिक् ।।९४।।

ટીકાર્થ :-

अन्ये ..... दिक् ।। વળી અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે – પૂર્વમાં કહેવાયેલા ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ કષાદિ અહીં=સાધુના અધિકારમાં, જાણવા યોગ્ય છે. નિશ્ચય પ્રકારવાળી=સુસાધુપણાનો નિશ્ચય થાય એવા પ્રકારવાળી, યથાક્રમ આ પરીક્ષા વડે=પ્રથમ કષ, પછી છેદ, એમ યથાક્રમ આ પરીક્ષા વડે, અહીં=સંસારમાં સાધુની પરીક્ષા કરવી જોઈએ; કેમ કે સમાન ધર્મદર્શનથી જનિત સાધુપણાના સંશયના નિરાસ માટે સદ્વૃત્ત વડે=સદ્વર્તન વડે, સાધુપણાની સંભાવનાથી અભ્યુત્થાનનું કર્તવ્યપણું હોતે છતે પણ, ઉત્તરકાલિક યથોચિત પરીક્ષા વડે જ સાધ્ય છે=વંદનાદિ કર્તવ્ય છે. એથી કરીને આનું=ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ કષાદિના જ્ઞાતવ્યનું, શાસ્ત્રાર્થપણું છે. એ પ્રમાણે દિશાસૂચન છે. ।।૯૪।।

ભાવાર્થ :-

કષ-છેદ આદિ પરીક્ષાના વિષયમાં અન્ય આચાર્યોનું શું મંતવ્ય છે, તે ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વે ગાથા-૯૩માં કહેલા ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ=સાધુને ઉદ્દેશીને બનાવેલું ભોગવવારૂપ, કષાદિ સાધુના અધિકારમાં જાણવા યોગ્ય છે, અને પ્રથમ કષ, પછી છેદ આદિરૂપ યથાક્રમ આ પરીક્ષા વડે અહીં સાધુપરીક્ષા કરવી જોઈએ; કેમ કે સુસાધુ અને કુસાધુમાં સમાન વેશ અને સ્થૂલથી સમાન આચારરૂપ સમાન ધર્મના દર્શનથી પેદા થયેલ સાધુપણાનો સંશય આગંતુક સાધુમાં થઈ શકે છે, અને સુસાધુમાં સાધુપણાનો સંશય થાય તો તેમની ઉચિત પ્રતિપત્તિ=ઉચિત ભક્તિ વગેરે ન થઈ શકે, તે મહાઅનર્થરૂપ છે. તેથી સાધુપણાના સંશયના નિરાસ માટે આગંતુક સાધુના સદ્વર્તન વડે સાધુપણાની સંભાવનાથી અભ્યુત્થાન કરવા યોગ્ય છે=બાહ્ય રીતે સાધુવેશ અને તેને અનુરૂપ સ્થૂલથી પણ સદ્આચરણાઓથી સાધુમાં સાધુત્વની સંભાવના થાય છે અર્થાત્ આગંતુક સાધુ સુસાધુ હોય તેવી સંભાવના થાય છે, અને તેના કારણે વિશેષ નિર્ણય ન થયો હોય તોપણ અભ્યુત્થાન કરવું જોઈએ.

આમ છતાં પણ અભ્યુત્થાનાદિ કર્યા પછી ઉત્તરકાલિક યથોચિત વંદનાદિ, કષાદિ પરીક્ષા વડે આ સાધુ છે, એવો નિર્ણય થયા પછી કર્તવ્ય છે. એથી કરીને ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ કષાદિના જ્ઞાતવ્યનું શાસ્ત્રાર્થપણું છે.

આશય એ છે કે, પૂર્વે ગાથા-૯૩માં કહેલ કે, સાધુના ઉદ્દેશથી કરાયેલું ભોગવે છે, ઉપેક્ષાવૃત્તિથી ષટ્કાયનું ઉપમર્દન કરે છે, દેવના બહાનાથી નિરપેક્ષપણાથી ઘર કરે છે અને સચિત્ત જલાદિ ગ્રહણ કરે છે, તે સર્વ યથાક્રમે કષાદિરૂપ નથી, પરંતુ ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિરૂપ ચારેય સ્થૂલથી જોવામાં આવે ત્યારે તે કષરૂપે પ્રાપ્ત થાય છે, અને ઉત્તરોત્તર સૂક્ષ્મ-સૂક્ષ્મતર જોવામાં આવે ત્યારે તે છેદાદિરૂપ બને છે.

વળી, આ કષાદિ ચારેય પરીક્ષાઓ ક્રમસર કરવાની છે અને તે વસ્તુના નિર્ણય માટે નિશ્ચય પ્રકારવાળી પરીક્ષાઓ છે. અર્થાત્ આ સુસાધુ છે કે નહીં એ પ્રકારે વસ્તુનો નિર્ણય કરવા માટે પરીક્ષા કરવાનો પ્રકાર આ જ છે.

જેમ - (૧) કોઈ સાધુ ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિ ચારે ય ભાવોને વ્યક્તરૂપે સેવતો દેખાય ત્યારે તે કષશુદ્ધ નથી, પરંતુ ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિ ચારે ય ભાવોને ભોગવવાની મનોવૃત્તિવાળો ન હોય અને તેથી નિર્દોષ ગ્રહણ કરવાની તેમની લેશ્યા દેખાય, ત્યારે તે કષશુદ્ધ છે એમ જણાય. આમ છતાં (૨) નિર્દોષ ભિક્ષા આદિ માટે જે યતનાઓ છે, તે અતિકષ્ટરૂપ દેખાવાથી તે પાળવા માટેનો દૃઢ યત્ન ન દેખાય, અને તેથી અસ્થાને પણ દોષોનું સેવન કરતો દેખાય, તો નક્કી થાય છે કે, કષથી સાધુગુણ યુક્ત હોવા છતાં છેદથી તે મહાત્મા સાધુગુણ યુક્ત નથી; કેમ કે કષાયને પરવશ થઈને નિર્દોષ આચાર પાળવા માટે તે યત્નવાળા નથી. અને (૩) કોઈ સાધુ સંયમને અનુકૂળ નિર્દોષ ભિક્ષા આદિમાં યત્ન પણ કરતા હોય, આમ છતાં, કોઈ અપકારી પ્રાપ્ત થાય ત્યારે તેના પ્રત્યે હિતબુદ્ધિ ન કરે, પરંતુ તેના અનુચિત વર્તનને કારણે ઈષદ્ કોપથી પ્રજ્વલિત થાય તો તેટલા અંશમાં તેમનું સંયમ શુદ્ધ નથી. વસ્તુતઃ તત્ત્વને જોનારા સાધુને અનુચિત પ્રવૃત્તિ કરનારા પ્રત્યે કરુણાભાવ જાગે, અને તેથી વિચારે કે, હું શું કરું કે જેથી અનુચિત કરનાર સામો જીવ મારા નિમિત્તને પામીને કર્મબંધ ન કરે ? અને શક્ય હોય તો તેના તે અનુચિત પરિણામના નિવર્તન માટે ઉચિત યત્ન પણ કરે, પરંતુ સામા જીવના અનુચિત વર્તનથી સ્વયં પોતાના ભાવોને મલિન ન કરે તો તે તાપથી શુદ્ધ છે. અને (૪) કોઈ સાધુ અતિ વિષમ સંયોગોમાં આવે ત્યારે પણ, મનમાં ખેદ પામ્યા વગર, મારે શું કરવું જોઈએ કે જેથી મારા સંયમની વૃદ્ધિ થાય, તે રીતે વિચારીને શક્ય હોય તો ઉત્સર્ગનું આલંબન લે, અને પરિણામની શુદ્ધિ શક્ય ન જણાય તો શાસ્ત્રમર્યાદા પ્રમાણે યથાર્થ અપવાદનું સેવન કરે, પરંતુ સંકટને કારણે અસ્વસ્થ થઈને અપવાદનું આલંબન ન લે, તો તે તાડનાથી શુદ્ધ છે. **॥૯૪॥**

❖ પ્રથમ પક્ષમાં સાધુની સંયમની લેશ્યાને સામે રાખીને કષાદિ ચાર ભેદો કહેલા છે અને અન્ય આચાર્યના મતમાં તે સંયમની લેશ્યાના કાર્યભૂત એવા ઉદ્દિષ્ટભોક્તૃત્વાદિના વર્જનની ક્રિયાને ગ્રહણ કરીને કષાદિ ચાર ભેદો કહેલ છે. બંનેમાં અર્થથી કોઈ ભેદ નથી.

અવતરણિકા :-

નિગમયન્નાહ –

અવતરણિકાર્થ :-

નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે=ગાથા-૮૧માં કહ્યું કે, અઢાર હજાર શીલાંગનું પાલન દુષ્કર

હોવાથી પૂર્વાચાર્યો વડે સાધુવ્યવસ્થાપક પ્રમાણથી સ્થિત અર્થવાળો ભાવસાધુ કહેવાયો છે. ત્યાર પછી ગાથા-૮૨માં સાધુવ્યવસ્થાપક અનુમાન પ્રમાણ બતાવ્યું. તેનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"तम्हा जे इह सत्थे साहुगुणा तेहिं होइ सो साहू ।
अच्चंतसुपरिसुद्धेहि मोक्खसिद्धि त्ति काऊणं" ।।९५।।

ગાથાર્થ :-

પૂર્વના કથનનું નિગમન કરતાં કહે છે –

તે કારણથી જે અહીં સાધુગુણો શાસ્ત્રમાં કહ્યા છે, તેના વડે=સાધુગુણો વડે, આ સાધુ થાય છે; કેમ કે અત્યંત સુપરિશુદ્ધ એવા તેના વડે=સાધુગુણો વડે, મોક્ષની સિદ્ધિ થાય છે. ।।૯૫।।

ટીકા :-

तस्माद् ये इह साधुगुणाः शास्त्रे भणिताः प्रतिदिनक्रियादयस्तैः करणभूतैर्भवत्यसौ भावसाधुर्नान्यथाऽत्यन्तं सुपरिशुद्धैस्तैरपि न द्रव्यमात्ररूपैर्मोक्षसिद्धिरिति कृत्वा भावमन्तरेण तदनुपपत्तेरिति गाथार्थः ।।९५।।

ટીકાર્થ :-

तस्माद् ..... गाथार्थः ।। તે કારણથી અહીં જે પ્રતિદિનક્રિયાદિ સાધુગુણો શાસ્ત્રમાં કહેલા છે, કરણભૂત એવા તેના વડે=પ્રતિદિનક્રિયાદિરૂપ સાધુગુણો વડે, આ ભાવસાધુ છે. ન અન્યથા=પ્રતિદિનક્રિયાદિરૂપ સાધુગુણ વગર ભાવસાધુ નથી; કેમ કે અત્યંત સુપરિશુદ્ધ એવા દ્રવ્યમાત્રરૂપ પ્રતિદિનક્રિયાદિ સાધુગુણો વડે, મોક્ષની સિદ્ધિ નથી. એથી કરીને (પ્રતિદિનક્રિયાદિરૂપ સાધુગુણો વડે આ ભાવસાધુ છે એમ અન્વય છે.)

દ્રવ્યમાત્ર ક્રિયાથી મોક્ષની સિદ્ધિ કેમ નથી, તેમાં હેતુ કહે છે –

ભાવ વગર તેની=ભાવસાધુની, અનુપપત્તિ છે=અસંગતિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૯૫।।

ભાવાર્થ :-

અત્યંત સુપરિશુદ્ધ એવી પ્રતિદિનક્રિયાઓ જ્યારે થાય છે ત્યારે ક્ષપકશ્રેણી પ્રગટે છે, જેમ કે સૂત્રપોરિસી-અર્થપોરિસી કરીને ભિક્ષાટન કરીને પાછા આવી ભિક્ષા વાપરવા બેઠેલ મહાત્મા વિચારે છે કે, "હું ક્યાંય છલાણો નથી, માટે હવે ભિક્ષા વાપરતાં પણ છલાઉં નહિ=રાગાદિના સંશ્લેષવાળો બનું નહિ," એ પ્રમાણે અત્યંત સુપરિશુદ્ધ રીતે આહાર કરવા ઉપયોગવાળા થયા ત્યાં ક્ષપકશ્રેણીનો પ્રારંભ કર્યો અને કેવલજ્ઞાન પ્રગટ્યું.

આનાથી એ પ્રાપ્ત થાય કે, સાધુની પ્રતિદિનક્રિયાઓ ક્ષપકશ્રેણીની અતિ આસન્નભાવવાળી અત્યંત સુપરિશુદ્ધ ક્રિયાઓ છે, પરંતુ દ્રવ્યમાત્રરૂપ ક્રિયાઓ નથી; અને સુપરિશુદ્ધ એવી ક્રિયાથી જ મોક્ષની સિદ્ધિ થાય છે, એથી ફરીને અત્યંત સુપરિશુદ્ધ ક્રિયાનું કારણ, તેને અનુરૂપ ભાવ સંભવી શકે="હું આ ક્રિયાઓ અત્યંત સુપરિશુદ્ધ કરીને સંસારસાગરથી તરું" એ રૂપ ભાવ સંભવી શકે, માત્ર દ્રવ્યક્રિયાઓ નહિ. અને સાધુપણું એ મોક્ષનું કારણ છે, તેથી સુપરિશુદ્ધ ક્રિયા કરવાના પ્રણિધાનરૂપ ભાવ વગર ભાવસાધુની અનુપપત્તિ=અસંગતિ છે. માટે ભાવપૂર્વકની પ્રતિદિનક્રિયારૂપ સાધુગુણો વડે ભાવસાધુ થાય છે, માત્ર દ્રવ્યરૂપ પ્રતિદિનક્રિયા વડે ભાવસાધુ થતો નથી. **॥૯૫॥**

અવતરણિકા :-

પ્રકૃતયોજનાયાહ –

અવતરણિકાર્થ :-

પ્રકૃતને યોજન કરવા માટે કહે છે=ગાથા-૫૦માં દ્રવ્યસ્તવથી ભાવસ્તવ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે બતાવ્યું, ત્યાર પછી ભાવસ્તવ શું છે તે બતાવ્યું અને ભાવસ્તવ દુષ્કર છે ઈત્યાદિ આનુષંગિક કથન કર્યું. હવે પ્રકૃતને=દ્રવ્યસ્તવથી કઈ રીતે ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે તે રૂપ પ્રકૃતને, બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"अलमेत्थ पसंगेणं एवं खलु होइ भावचरणं तु ।
पडिबुज्झिस्संतण्णे भावज्जियकम्मजोएणं" ।।९६।।

ગાથાર્થ :-

અહીં પ્રસંગ વડે સર્યું. વળી આ રીતે=ગાથા-૫૦માં કહ્યું એ રીતે, ખરેખર અન્ય પ્રાણીઓ પ્રતિબોધ પામશે, એ પ્રકારના ભાવથી અર્જિત કર્મના યોગ વડે ભાવચરણ=ભાવચારિત્ર, થાય છે. ॥૯૬॥

ટીકા :-

अलमत्र प्रसङ्गेन-प्रमाणाभिधानादिना, एवं खलु भवति भावचरणमुक्तस्वरूपम्, कुतः ? प्रतिभोत्स्यन्तेऽन्ये प्राणिन इति भावार्जितकर्मयोगेन जिनायतनविषयेणेति गाथार्थः ।।९६।।

ટીકાર્થ :-

अलमत्र ..... गाथार्थः ।। અહીં પ્રસંગ વડે સર્યું=પ્રમાણઅભિધાનાદિ વડે સર્યું. અર્થાત્ ગાથા-૮૧માં સાધુવ્યવસ્થાપક પ્રમાણ આ છે, એમ કહ્યું. ત્યાર પછી ગાથા-૮૨માં સાધુવ્યવસ્થાપક અનુમાન પ્રમાણનું અભિધાન કર્યું અને 'અભિધાનાદિ'માં 'આદિ' પદથી પ્રાપ્ત ભાવસાધુપણાનું દુષ્કરપણું, એ રૂપ જે પ્રાસંગિક કથન છે, તેનાથી સર્યું=પ્રાસંગિક કથન અહીં પૂર્ણ થાય છે.

હવે મૂળગાથા-૫૦માં દ્રવ્યસ્તવથી ભાવસ્તવ કેવી રીતે પ્રાપ્ત થાય, તે બતાવ્યું, એ કથન સાથે જોડાણ બતાવે છે –

આ રીતે=ગાથા-૫૦માં કહ્યું એ રીતે, ખરેખર મારા કરાયેલા દ્રવ્યસ્તવથી અન્ય જીવો પ્રતિબોધ પામશે, એ પ્રકારના દ્રવ્યસ્તવકાલીન ભાવથી અર્જિત એવા પુણ્યાનુબંધીપુણ્યકર્મના યોગથી ઉક્ત સ્વરૂપવાળું=ગાથા-૫૧ આદિમાં કહેવાયેલા સ્વરૂપવાળું, ભાવચરણ=ભાવચારિત્ર, હોય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૯૬॥

ભાવાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક જ્યારે શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે જિનભવન કરાવે છે, ત્યારે તેને ભાવચારિત્ર પ્રત્યે અત્યંત રાગ હોય છે, અને તેથી જ તે શ્રાવક ઇચ્છે છે કે, "આ જિનમંદિરનું નિર્માણ થવાથી તેના દર્શન માટે ઉત્તમ મહાત્માઓ પધારશે અને તેઓ દેશના વગેરે આપશે. તેનાથી આ દેશમાં રહેલા અન્ય જીવો પ્રતિબોધ પામશે અને સંયમ આદિ ગ્રહણ કરીને પોતાના મનુષ્યજન્મને સફળ કરશે અને ઘણા જીવોને સંયમની પ્રાપ્તિનું કારણ બને તેવા પ્રકારના આ જિનમંદિરનિર્માણમાં વપરાયેલું જ મારું ધન સફળ છે, અન્ય નહિ." આ પ્રકારની વિચારણાથી પ્લાવિત થયેલું=ભીનું બનેલું ચિત્ત, અતિ ઉત્તમ કોટિના સંયમ પ્રત્યેના રાગના ભાવવાળું બને છે, અને તેનાથી ઉપાર્જિત થયેલ પુણ્યાનુબંધીપુણ્યકર્મ અર્થાત્ ચારિત્ર પ્રત્યેના રાગના સંસ્કારોથી યુક્ત એવું પુણ્યકર્મ, તેના યોગથી ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, ક્વચિત્ તે જ ભવમાં તેને ઉત્તમ ભાવથી ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે અને ક્વચિત્ જન્માંતરમાં પણ ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે. **॥૯૬॥**

ગાથા :-

"अपडिवडियसुहचिंताभावज्जियकम्मपरिणईओ ।
एअस्स जाइ अंतं तओ स आराहणं लहइ" ।।९७।।

ગાથાર્થ :-

જિનાયતનવિષયક અપ્રતિપતિત શુભ ચિંતાના ભાવથી અર્જિત કર્મપરિણતિથી, આના=ચારિત્રના, પારને પામે છે, (અને) તેનાથી તે=જિનમંદિર નિર્માણ કરનાર ગૃહસ્થ, આરાધનાને પામે છે. ॥૯૭॥

ટીકા :-

अप्रतिपतितशुभचिन्ताभावार्जितकर्मपरिणतेस्तु सकाशाज्जिनायतनविषयाया एतस्य=चरणस्य, याति अन्तं=पारम्, ततः स आराधनां लभते शुद्धाम् ।।९७।।

ટીકાર્થ :-

अप्रतिपति ..... शुद्धाम् ।। જિનાયતનવિષયક અપ્રતિપતિત શુભચિંતાના ભાવથી અર્જિત=પેદા

થયેલ, કર્મપરિણતિથી, આના=ચરણના, અંતને=પારને, પામે છે, (અને) તેનાથી તે=જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવક, શુદ્ધ આરાધનાને પામે છે. ॥૯૭॥

ભાવાર્થ :-

જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવકને એવી શુભ ચિંતા છે કે, જિનમંદિર બનાવ્યા પછી આ જિનમંદિર કેટલા દીર્ઘકાળ સુધી સુરક્ષિત રહે ત્યાં સુધી અન્ય જીવોને ભગવાન પ્રત્યે ભક્તિ વૃદ્ધિ પામે, અને આ સંસારસાગરને પાર કરવા માટે આ જિનમંદિરના અવલંબનથી તેઓ સમર્થ બને. માટે તે રીતે આ જૈનમંદિરનું રક્ષણ કરવું જોઈએ કે જેથી તે દીર્ઘકાળ સુધી સુરક્ષિત રહે. આ પ્રકારની ચિંતા જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવકને સતત રહ્યા કરે છે. તેથી જિનમંદિરનું રક્ષણ કરવું અને તે દેશમાં રહેલા સર્વ જીવો પ્રત્યે ઉચિત વર્તન કરવું, કે જેથી તે અન્ય જીવો ભગવાન પ્રત્યે સદ્‌ભાવવાળા થાય, આ પ્રકારે સ્વ-શક્તિને અનુરૂપ ઉદાર આશયપૂર્વક જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવક યત્ન કરે છે અને આ પ્રકારના શુભ ભાવથી પ્રેદા થયેલ જે કર્મપરિણતિ છે, તેના યોગથી સંયમ ગ્રહણ કર્યા પછી તે સંયમના પારને પામે છે; કેમ કે પોતાની ભૂમિકા પ્રમાણે દ્રવ્યસ્તવમાં જે અપ્રમાદભાવ કેળવ્યો છે અને તેથી જે સતત શુભચિંતાનો ભાવ વર્તે છે, તે અપ્રમાદભાવ ચારિત્રની પ્રાપ્તિ થયા પછી ચારિત્રના પારને પામવામાં કારણ બને તેવા કર્મના સંચયનું કારણ બને છે. અને તેથી ચારિત્રની પ્રાપ્તિ થયા પછી પણ જિનમંદિર નિર્માણ કરનારને અપ્રમાદભાવ ઉલ્લસિત થાય છે, અને તે ચારિત્રના પારને પામે છે તેથી તે શુદ્ધ આરાધનાને પામે છે.

પોતે ગ્રહણ કરેલા ચારિત્રને સમ્યગ્ રીતે પાળીને, મૃત્યુ સમયે વિશેષ પ્રકારની સંલેખના કરીને પંડિતમરણપૂર્વક જન્માંતરમાં જવું, તે શુદ્ધ આરાધના છે. અને ક્વચિત્ ચારિત્રકાળમાં અનાભોગાદિથી અતિચાર થયેલા હોય, તેનું મૃત્યુકાળ પૂર્વે અથવા મૃત્યુકાળમાં સમ્યગ્ આલોચન કરીને, તેની શુદ્ધિ કરીને, કષાયોની વિશેષ પ્રકારની સંલેખના માટે=કષાયોની તનુતા કરવા માટે, અનશનને સ્વીકારીને, વિશેષ પ્રકારની સમાધિથી જીવન સમાપ્ત કરે છે. આ પ્રકારની શુદ્ધ આરાધનાને જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવક પામે છે. **॥૯૭॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૯૭માં કહ્યું કે, જિનમંદિર નિર્માણ કર્યા પછી તેની વૃદ્ધિ માટે અને રક્ષણ માટે, અપ્રતિપતિત શુભ ભાવના ચિંતનથી અર્જિત પુણ્યપ્રકૃતિના કારણે, જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવક જ્યારે ચારિત્ર પ્રાપ્ત કરે છે, ત્યારે ચારિત્રના પારને પામે છે, અને તેથી શુદ્ધ આરાધનાને પામે છે. ત્યાં પ્રશ્ન થાય કે, સંયમની શુદ્ધ આરાધના શું છે ? તેથી નિશ્ચયનયથી સંયમની શુદ્ધ આરાધના બતાવે છે –

ગાથા :-

"णिच्छयणया जमेसा, चरणपडिवत्तिसमयओ पभिई ।
आमरणंतमजस्सं संजमपालणं विहिणा" ।।९८।।

ગાથાર્થ :-

નિશ્ચયનયથી ચરણપ્રતિપત્તિના=ચરણસ્વીકારના, સમયથી માંડીને આમરણાંત=મરણ સુધી, અનવરત=સતત, વિધિપૂર્વક જે સંયમનું પાલન છે, એ આરાધના છે. ॥૯૮॥

ટીકા :-

निश्चयमताद् यदेषाऽऽराधना चरणप्रतिपत्तिसमयतः प्रभृति आमरणान्तमजस्त्रमनवरतं संयम-परिपालनं विधिनेति गाथार्थः ॥९८॥

ટીકાર્થ :-

निश्चयमताद् ..... गाथार्थः ॥ નિશ્ચયનયના મતથી ચરણપ્રતિપત્તિના=ચારિત્ર સ્વીકારના, સમયથી માંડીને મરણ સુધી અજસ્ર=અનવરત=સતત, વિધિ વડે જે સંયમનું પરિપાલન છે, એ આરાધના છે. ॥૯૮॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૯૭માં કહ્યું કે, જિનમંદિર નિર્માણ કરનાર શ્રાવક અપ્રતિપતિત શુભચિંતાના ભાવથી પેદા થયેલ કર્મપરિણતિથી ચારિત્રના પારને પામે છે અને શુદ્ધ આરાધનાને પામે છે. તે શુદ્ધ આરાધના નિશ્ચયનયના મતથી નિરતિચાર સંયમની આરાધના છે અને જે ગૃહસ્થો અત્યંત અપ્રમાદપૂર્વક દ્રવ્યસ્તવકાળમાં સતત શુભ ચિંતા-શુભ ભાવ કરે છે, તેવા ગૃહસ્થોને નિશ્ચયનયને અભિમત નિરતિચાર શુદ્ધ સંયમની આરાધના પ્રાપ્ત થઈ શકે છે, એ પ્રકારનું તાત્પર્ય છે. **॥૯૮॥**

ગાથા-૯૬/૯૭/૯૮નો સંક્ષિપ્ત સારાંશ :-

પૂર્વે ભાવસાધુ કેવા હોય છે તે વાત સુવર્ણના દૃષ્ટાંતથી બતાવી, અને ભાવસાધુભગવંતો પૂર્ણ ૧૮ હજાર શીલાંગને વહન કરે છે એ બતાવ્યું. આવા ભાવસાધુનું સ્વરૂપ જે શ્રાવક જાણતો હોય, અને માનતો હોય કે, "આ સંસારમાં આવા સાધુજીવનને પાળવામાં જ મનુષ્યભવ સફળ છે. આમ છતાં, મારામાં હજુ તેવા સત્ત્વનો સંચય થયો નથી, તેથી ધનસંચય આદિ પ્રવૃત્તિ કરીને હું સંસારની પ્રવૃત્તિમાં ખૂંચેલો છું; તોપણ આ ધનનો સદ્વ્યય ભગવાનની ભક્તિમાં કરું, કે જેથી અહીં જિનમંદિરનું નિર્માણ થાય, અને તે જિનમંદિરનાં દર્શન કરવા માટે સાધુભગવંતો પધારે, અને અહીં રહેલા પણ યોગ્ય જીવો તેમની દેશનાથી પ્રતિબોધ પામીને આવા ઉત્તમ સંયમને પ્રાપ્ત કરે." આ પ્રકારનો અનેક જીવોને સંયમ પ્રાપ્ત કરાવવાનો ઉત્તમ અધ્યવસાય જિનમંદિર નિર્માણ કરાવતી વખતે શ્રાવકને હોય છે. વળી પોતાને પણ સંયમ પ્રત્યે અત્યંત આકર્ષણ હોય છે, તેથી વિવેકપૂર્વકની જિનમંદિરની નિર્માણની પ્રવૃત્તિથી બંધાયેલું પુણ્ય, પ્રાયઃ જન્માંતરમાં તેને સંયમના ઉત્તમ યોગની પ્રાપ્તિ કરાવે છે, અને તેના બળથી તે ભવોમાં સંયમને અનુકૂળ મનોબળ, શરીરબળ અને ઉત્તમ કુળ, ઉત્તમ પ્રકૃતિ આદિ પણ સહવર્તી તેને મળે છે, અને ગુરુ આદિના નિમિત્તને પામીને સંયમના પરિણામવાળો તે થાય છે. વળી, જિનમંદિર નિર્માણ કર્યા પછી પણ શ્રાવક શક્તિ પ્રમાણે

આજીવન તેની વૃદ્ધિ અને તેના રક્ષણ માટે ચિંતા કરતો હોય છે, અને તેના બળથી બંધાયેલું પુણ્ય, જન્માંતરમાં સંયમની પ્રાપ્તિ કરાવીને સંયમયોગમાં કોઈ સ્ખલના ન થાય તેવો દૃઢ યત્ન પ્રવર્તાવી શકે એવી ઉત્તમ સામગ્રીને પણ મેળવી આપે છે; કેમ કે ઉત્તમ પુણ્યથી જેમ ઉત્તમ સંઘયણબળ આદિ મળે છે, તેમ ઉત્તમ એવા ગુરુનો પણ યોગ મળે છે, અને તેમના સાંનિધ્યમાં ગ્રહણ કરેલું ચારિત્ર નિરતિચાર વહન કરી શકે છે. **॥૯૬-૯૭-૯૮॥**

ગાથા :-

"आराहगो य जीवो सत्तट्ठभवेहिं सिज्झए णियमा ।
संपाविऊण परमं हंदि अहक्खायचरित्तं" ।।९९।।

ગાથાર્થ :-

અને આરાધક જીવ સાત-આઠ ભવો વડે પરમ=પ્રધાન એવા યથાખ્યાતચારિત્રને પામીને નિયમથી= નક્કી, સિદ્ધ થાય છે. ॥૯૯॥

ટીકા :-

आराधकश्च जीवः परमार्थतः सप्ताष्टभिर्भवैः=जन्मभिः, सिद्ध्यति नियमात्, कथम् ? सम्प्राप्य परमं=प्रधानम्, हंदि यथाख्यातचारित्रमकषायमिति ।।९९।।

ટીકાર્થ :-

आराधकश्च ..... कषायमिति ।। અને પરમાર્થથી આરાધક જીવ સાત-આઠ ભવો વડે પરમ=પ્રધાન એવા અકષાયવાળા યથાખ્યાતચારિત્રને પામીને નિયમથી=નક્કી, સિદ્ધ થાય છે. (તેથી દ્રવ્યસ્તવ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે, એ અર્થ સિદ્ધ થાય છે. ॥૯૯॥

અવતરણિકા :-

પૂર્વે દ્રવ્યસ્તવ કઈ રીતે કરવાનો છે, તે વિધિ બતાવી અને તે દ્રવ્યસ્તવથી અઢાર હજાર શીલાંગના પાલનરૂપ ભાવસ્તવ કઈ રીતે પ્રગટે છે, તેનું વિસ્તારથી વર્ણન કર્યું. ત્યાર પછી દ્રવ્યસ્તવ કરવાથી શ્રાવકને ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા કઈ રીતે મોક્ષ થાય છે, તે બતાવ્યું. ત્યાં કોઈને એવું ભાસે કે, શ્રાવકોને ફક્ત દ્રવ્યસ્તવ હોય છે અને તે ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ થાય છે, અને સાધુને દ્રવ્યસ્તવ હોતું નથી ફક્ત ભાવસ્તવ હોય છે, અને ભાવસ્તવથી તેઓ મોક્ષને પામે છે. આ પ્રકારના ભ્રમના નિરાકરણ માટે "દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ દ્રવ્ય અને પર્યાયની જેમ પરસ્પર અનુવિદ્ધ છે, જેમ પર્યાયથી અનનુવિદ્ધ દ્રવ્ય નથી અને દ્રવ્યથી અનનુવિદ્ધ પર્યાય નથી, તેમ ભાવસ્તવથી અનનુવિદ્ધ દ્રવ્યસ્તવ નથી અને દ્રવ્યસ્તવથી અનનુવિદ્ધ ભાવસ્તવ નથી." એ બતાવતાં કહે છે –

ગાથા :-

"दव्वथयभावत्थयरूवं एयमिह होइ दट्ठव्वं ।
अण्णुण्णसमणुविद्धं, णिच्छयओ भणियविसयं तु" ।।१००।।

ગાથાર્થ :-

અન્યોન્ય સમનુવિદ્ધ, નિશ્ચયથી ભણિત=કહેવાયેલ વિષયવાળું જ આ=અનંતર કહેવાયેલ, દ્રવ્યસ્તવનું અને ભાવસ્તવનું સ્વરૂપ અહીં=સ્તવપરિજ્ઞા નામના આ ગ્રંથમાં જોવા યોગ્ય થાય છે. ।।૧૦૦।।

ટીકા :-

द्रव्यस्तवभावस्तवरूपमेतदनन्तरोक्तमिह भवति द्रष्टव्यमन्योन्यसमनुविद्धम्=गुणप्रधानान्यतर-प्रत्यासत्त्या मिथो व्याप्तं, निश्चयतो भणितविषयमेवार्हद्गोचरमेव, एकविषयाणां पुष्पामिषस्तुति-प्रतिपत्तीनां यथोत्तरं प्राधान्यात् ।।१००।।

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... गोचरमेव, अन्योन्य=अरसपरस, समनुविद्ध=गुणप्रधान अन्यतर प्रत्यासत्ति વડે પરસ્પર વ્યાપ્ત અર્થાત્ ગૌણ અને મુખ્યભાવે પરસ્પર સંકળાયેલ, નિશ્ચયથી ભણિત વિષયવાળું જ=અર્હદ્ ગોચર જ=અરિહંતના વિષયવાળું જ, આ=અનંતર ઉક્ત દ્રવ્યસ્તવનું અને ભાવસ્તવનું સ્વરૂપ, અહીંયાં=સ્તવપરિજ્ઞા નામના આ ગ્રંથમાં, જાણવા યોગ્ય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ તો અર્હદ્ વિષયવાળું છે, પરંતુ ભાવસ્તવ તો ચારિત્રના પાલનરૂપ છે અને તે પ્રતિદિન કરવાની સાધુચર્યારૂપ છે, તેથી ભાવસ્તવ અર્હદ્ વિષયવાળું કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

एकविषयाणां ..... प्राधान्यात् ।। એકવિષયવાળા પુષ્પ, આમિષ, સ્તુતિ અને પ્રતિપત્તિનું યથોત્તર પ્રાધાન્ય છે. અર્થાત્ શાસ્ત્રમાં પુષ્પ, આમિષ, સ્તુતિ અને પ્રતિપત્તિ પૂજાનું યથોત્તર પ્રાધાન્ય કહ્યું છે, તે એક વિષયવાળા ચારેયનું કહેલ છે, ભિન્ન વિષયવાળાનું નહિ. તેથી અર્હત્ વિષયવાળું જ ભાવસ્તવ છે. ।।૧૦૦।।

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બંને સ્વતંત્રરૂપે અલગ ક્યારેય હોતા નથી. જેમ શ્રાવકોને પ્રધાનરૂપે દ્રવ્યસ્તવ હોય છે, ત્યારે ગૌણરૂપે ભાવસ્તવ પણ હોય છે; કેમ કે પ્રધાનરૂપે દ્રવ્યસામગ્રીથી ભગવાનની ભક્તિ કરીને શ્રાવક તેને અનુરૂપ કાંઈક ઉત્તમ ભાવ પેદા કરે છે, તે ભાવસ્તવરૂપ છે. તેથી શ્રાવકોને મુખ્યરૂપે દ્રવ્યસ્તવ હોવા છતાં ગૌણરૂપે ભાવસ્તવ પણ હોય છે.

આશય એ છે કે, વિવેકસંપન્ન શ્રાવક દ્રવ્યસ્તવ કરે છે ત્યારે, દ્રવ્યસ્તવકાળમાં ભગવાનના ગુણોથી

ચિત્તને ઉપરંજિત કરે છે તે પૂજાકાળવર્તી ભાવસ્તવરૂપ છે, અને તે અલ્પ પ્રમાણમાં છે; અને દ્રવ્યસ્તવથી બંધાયેલા પુણ્યના ફળરૂપ સંયમની પ્રાપ્તિ થાય છે, તેથી દ્રવ્યસ્તવના ફળરૂપ ભાવસ્તવ છે, જે ભાવિમાં પ્રાપ્ત થનાર છે. માટે દ્રવ્યસ્તવ ભાવસ્તવ સાથે અનુવિદ્ધ=જોડાયેલું છે; કેમ કે પૂજાકાળમાં દ્રવ્યસ્તવની ક્રિયાથી તેના અનંતર ફળરૂપે ઉત્તમ ભાવો થાય છે, અને વર્તમાનમાં સેવન કરાયેલા દ્રવ્યસ્તવના પરંપર ફળરૂપ સંયમની પ્રાપ્તિરૂપ ભાવસ્તવ પ્રગટે છે. તેથી દ્રવ્યસ્તવ અનંતર અને પરંપર કારણ છે અને ભાવસ્તવ કાર્ય છે. એ રીતે દ્રવ્યસ્તવ પ્રધાન અને ભાવસ્તવ ગૌણરૂપે અનુવિદ્ધ છે અને આવો પ્રધાન-ગૌણભાવરૂપ દ્રવ્યસ્તવ-ભાવસ્તવ શ્રાવકમાં હોય છે.

કોઈપણ અનુષ્ઠાનનું સેવન કરણ, કરાવણ અને અનુમોદનથી થાય છે, એ રીતે સાધુને દ્રવ્યસ્તવ સાક્ષાત્ કરણરૂપે નહિ હોવા છતાં અનુમોદનરૂપે છે, જ્યારે સાક્ષાત્ કરણરૂપે ભાવસ્તવ છે. માટે સાધુને દ્રવ્યસ્તવ અનુમોદનરૂપ હોવાથી ગૌણરૂપે છે અને ભાવસ્તવ સાક્ષાત્ કરણરૂપ હોવાથી મુખ્યરૂપે છે, માટે સાધુમાં ગૌણભાવથી દ્રવ્યસ્તવ અને મુખ્યભાવથી ભાવસ્તવ છે અને સાધુને મુખ્યરૂપે ભાવસ્તવ હોવા છતાં તે ઉત્તમ ભાવના અંગરૂપે દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે, પરંતુ દ્રવ્યસ્તવનું સેવન કરતા નથી; કેમ કે સાધુને પ્રધાનરૂપે ભાવસ્તવ છે. આથી જ કહ્યું કે, ગૌણપ્રધાનભાવથી અન્યતરના સંબંધથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર વ્યાપ્ત છે.

વળી સાધુઓ ભગવાનની આજ્ઞાપાલનરૂપ ભાવસ્તવને પ્રધાનરૂપે કરે છે, તોપણ ગૃહસ્થને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે છે. એ રીતે પણ અનુમોદનારૂપે ભાવસ્તવ સાથે દ્રવ્યસ્તવ અનુવિદ્ધ છે, તેથી સાધુમાં પ્રધાનરૂપે ભાવસ્તવ અને ગૌણરૂપે દ્રવ્યસ્તવ છે.

વળી, સાધુઓ ચૈત્યવંદનમાં વંદન-પૂજનના ફળને પણ ઇચ્છે છે. તેથી વંદન-પૂજનના ફળના અભિલાષરૂપે પણ અર્થથી સાધુની પ્રવૃત્તિમાં દ્રવ્યસ્તવ અનુવિદ્ધ બને છે; કેમ કે દ્રવ્યસ્તવના ફળની અભિલાષા દ્રવ્યસ્તવ સાથે સંલગ્ન છે અને દ્રવ્યસ્તવના ફળની અભિલાષા સાધુ કાયોત્સર્ગથી કરે છે અને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંને અરિહંતની ભક્તિવિષયક છે.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ તો ભગવાનની પૂજારૂપ છે અને ભાવસ્તવ ચૈત્યવંદનાદિરૂપ લઈએ તો ભગવાનવિષયક છે, તેમ કહી શકાય; પરંતુ સંયમના પાલનરૂપ ભાવસ્તવ લઈએ તો તે કઈ રીતે ભગવાનની સ્તુતિરૂપ બને ? તેથી કહે છે –

ભગવાને ચાર પ્રકારની પૂજા કહી છે –

(૧) પુષ્પપૂજા, (૨) આમિષપૂજા, (૩) સ્તુતિપૂજા અને (૪) પ્રતિપત્તિપૂજા.

આ ચાર પૂજામાં ઉત્તર ઉત્તરની પૂજા પ્રધાન છે. તેથી એમ પ્રાપ્ત થાય કે,

(૧) ભગવાનની પુષ્પથી પૂજા કરવી એ ભગવાનવિષયક ભક્તિરૂપ છે,

(૨) ભગવાન પાસે ફળ-નૈવેદ્ય મૂકવાની ક્રિયા પણ ભગવાનની ભક્તિરૂપ છે,

(૩) ભગવાનના ગુણગાનરૂપે સ્તુતિ કે ચૈત્યવંદનની ક્રિયા પણ ભગવાનવિષયક હોવાથી ભગવાનની ભક્તિરૂપ છે.

(૪) ભગવાનની આજ્ઞાના પાલન સ્વરૂપ ભગવાનની પ્રતિપત્તિ પૂજા ભગવાનની ભક્તિરૂપ છે.

ભગવાનની આજ્ઞાનું પાલન ભગવાનની ભક્તિરૂપ છે, માટે વચનાનુષ્ઠાનવાળા મુનિઓ દરેક ક્રિયામાં ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરે છે ત્યારે, તેમના હૈયામાં ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ સ્ફુરાયમાન થાય છે, અને તે બહુમાનભાવને કારણે જ ભગવાનના વચનાનુસાર સંયમની આચરણાઓમાં દૃઢ યત્ન થાય છે, અને જે પ્રવૃત્તિમાં ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વધતો હોય તે જ પ્રવૃત્તિ ભગવાનની સ્તવનારૂપ છે, એવો નિયમ છે. તેથી ભગવાનની આજ્ઞાના પાલનરૂપ સાધ્વાચારની ક્રિયા ભાવસ્તવરૂપ છે, એટલું જ નહિ પણ ચારે પ્રકારની પૂજામાં તે સૌથી શ્રેષ્ઠ ભગવાનની ભક્તિરૂપ છે. આથી જ, ચારેય પૂજા વીતરાગતાની પ્રાપ્તિનું કારણ હોવા છતાં ભગવાનની આજ્ઞાનું પાલન વીતરાગતાની પ્રાપ્તિ માટેનું નજીકનું કારણ છે, માટે ભગવાનની આજ્ઞાનું પાલન ભગવાનની શ્રેષ્ઠ ભક્તિસ્વરૂપ છે. **॥૧૦૦॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૦૦માં સ્થાપન કર્યું કે, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર અનુવિદ્ધ=વ્યાપ્ત, છે, ફક્ત ગૃહસ્થને દ્રવ્યસ્તવ પ્રધાનરૂપે છે અને સાધુને ભાવસ્તવ પ્રધાનરૂપે છે. ત્યાં શંકા થાય કે, સાધુને ગૌણરૂપે પણ દ્રવ્યસ્તવ ક્યાં છે ? તેથી કહે છે –

ગાથા :-

"जइणो वि हु दव्वथयभेओ अणुमोअणेण अत्थि त्ति ।
एयं च एत्थ णेयं इय सिद्धं तंतजुत्तीए" ।।१०१।।

ગાથાર્થ :-

યતિઓને પણ દ્રવ્યસ્તવનો ભેદ અનુમોદનથી છે જ. અહીંયાં=યતિને દ્રવ્યસ્તવનું અનુમોદન છે એ કથનમાં, આ=દ્રવ્યસ્તવનું અનુમોદન, આગળમાં બતાવશે એ પ્રકારે, તંત્રયુક્તિથી સિદ્ધ જાણવું. ॥૧૦૧॥

❖ મૂળગાથામાં કહેલ 'त्ति' શબ્દ 'एव'કારાર્થક છે.

ટીકા :-

यतेरपि द्रव्यस्तवभेदा द्रव्यस्तवलेशानुवेधोऽनुमोदनेनास्त्येव, एतच्चात्र ज्ञेयमनुमोदनमेवं सिद्धं तन्त्रयुक्त्या वक्ष्यमाणया ।।१०१।।

ટીકાર્થ :-

यतेरपि ..... वक्ष्यमाणया ।। યતિને પણ દ્રવ્યસ્તવનો ભેદ=દ્રવ્યસ્તવના લેશનો અનુવેધ અનુમોદનથી

છે જ, અને આ=દ્રવ્યસ્તવનું અનુમોદન, અહીંયાં=યતિને દ્રવ્યસ્તવનું અનુમોદન છે એ કથનમાં, આ પ્રકારે=આગળમાં કહેવાશે એ પ્રકારે, વક્ષ્યમાણ તંત્રયુક્તિથી સિદ્ધ જાણવું. ।।૧૦૧।।

ગાથા :-

"तंतंमि वंदणाए पूअणसक्कारहेउमुसग्गो ।
जइणो वि हु णिद्दिट्ठो, ते पुण दव्वत्थयसरूवे" ।।१०२।।

ગાથાર્થ :-

તંત્રમાં=સિદ્ધાંતમાં, વંદનાવિષયક પૂજનસત્કારહેતુક કાયોત્સર્ગ યતિને પણ નિર્દિષ્ટ=કહેલ છે. વળી તે=પૂજા-સત્કાર, દ્રવ્યસ્તવસ્વરૂપ છે. ।।૧૦૨।।

ટીકા :-

तन्त्रे=सिद्धान्ते, वन्दनायां पूजनसत्कारहेतुरेतदर्थमित्यर्थः उत्सर्गः कायोत्सर्गो यतेरपि निर्दिष्टः 'पूअणवत्तिआए सक्कारवत्तिआए' इति वचनात्, तौ पुनः पूजासत्कारौ द्रव्यस्तवरूपौ नान्यरूपाविति गाथार्थः ।।१०२।।

ટીકાર્થ :-

तन्त्रे ..... गाथार्थः ।। તંત્રમાં=સિદ્ધાંતમાં, વંદનાવિષયક પૂજન-સત્કારહેતુ=પૂજન-સત્કાર માટે, કાયોત્સર્ગ યતિને પણ નિર્દિષ્ટ=કહેવાયેલ છે; કેમ કે પૂઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ=પૂજન માટે, સત્કાર માટે, એ પ્રમાણે વચન છે.

વળી, તે=પૂજા અને સત્કાર, દ્રવ્યસ્તવરૂપ છે, અન્યરૂપ નથી, એ પ્રકારે ગાથાર્થ છે. ।।૧૦૨।।

ગાથા :-

"मल्लाइएहिं पूआ सक्कारो पवरवत्थमाइहिं ।
अण्णे विवज्जओ इह दुहावि दव्वत्थओ इत्थ" ।।१०३।।

ગાથાર્થ :-

માલ્યાદિ વડે પૂજા અને પ્રવર=શ્રેષ્ઠ, વસ્ત્રાદિ વડે સત્કાર છે. અહીંયાં=આ વચનમાં, અન્ય વિપર્યય કહે છે અર્થાત્ વસ્ત્રાદિ વડે પૂજા અને માલ્યાદિ વડે સત્કાર કહે છે. બંને પણ અહીં દ્રવ્યસ્તવ અભિધેય છે. ।।૧૦૩।।

ટીકા :-

माल्यादिभिः पूजा तथा सत्कारः प्रवरवस्त्रालङ्कारादिभिरन्ये विपर्यय इह वचने वस्त्रादिभिः

पूजा माल्यादिभिः सत्कार इति व्याचक्षते, सर्वथा-द्विधापि, यथातथास्तु द्रव्यस्तवोऽत्राभिधेय इति ध्येयम् ।।१०३।।

ટીકાર્થ :-

माल्यादिभिः ..... ध्येयम् ।। માલ્યાદિ વડે પૂજા અને પ્રવર=શ્રેષ્ઠ, વસ્ત્રઅલંકારાદિ વડે સત્કાર છે. આ વચનમાં અન્ય વસ્ત્રાદિ વડે પૂજા અને માલ્યાદિ વડે સત્કાર એ પ્રકારે વિપર્યય કહે છે. સર્વથા= બંને પ્રકારે પણ જે કહો તે દ્રવ્યસ્તવ અહીં અભિધેય છે એ પ્રકારે જાણવું. ।।૧૦૩।।

ભાવાર્થ :-

શાસ્ત્રમાં અરિહંતચેઈઆણં ઇત્યાદિ સૂત્ર બોલવાપૂર્વક કાયોત્સર્ગ કરવાની વિધિ શ્રાવક અને સાધુને કહેલ છે. તેથી સાધુ પણ કાયોત્સર્ગ વખતે અરિહંતચેઈઆણં સૂત્ર બોલે છે અને તે સૂત્રમાં કહેલ સત્કાર અને સન્માન એ બંને દ્રવ્યસ્તવરૂપ છે; કેમ કે સત્કાર પુષ્પાદિથી થાય છે અને સન્માન વસ્ત્ર-અલંકારાદિથી થાય છે. વળી કેટલાક આચાર્યો વસ્ત્રાદિથી સત્કાર અને પુષ્પાદિથી સન્માન કહે છે, પરંતુ તે બંને પ્રકારે સત્કાર અને સન્માન દ્રવ્યસ્તવરૂપ છે, એમ નક્કી થાય છે. અને દ્રવ્યસ્તવના ફળ અર્થે સાધુ કાયોત્સર્ગ કરે છે, તેથી સાધુને દ્રવ્યસ્તવનું ફળ ઇષ્ટ છે, તેમ નક્કી થાય છે. તેથી ફળરૂપે દ્રવ્યસ્તવનું અનુમોદન અરિહંતચેઈઆણં સૂત્રમાં કહેલ વંદણવત્તિયાએ પૂઅણવત્તિયાએ ઇત્યાદિથી સાધુને સિદ્ધ છે, માટે ગૌણરૂપે સાધુને દ્રવ્યસ્તવ છે. **॥૧૦૨-૧૦૩॥**

અવતરણિકા :-

तन्त्र एव युक्त्यन्तरमाह –

અવતરણિકાર્થ :-

સાધુને દ્રવ્યસ્તવ અનુમોદનીય છે એ કથનવિષયક તંત્રમાં જ કહેલ અન્ય યુક્તિને કહે છે –

ગાથા :-

"ओसरणे बलिमाई ण चेह जं भगवयावि पडिसिद्धं ।
ता एस अणुण्णाओ उचिआणं गम्मइ तेण" ।।१०४।।

ગાથાર્થ :-

પોતાના નગરમાં શાંતિ અર્થે સમવસરણમાં રાજાઓ બલિ આદિ=બલિ-બાકુળા ઉછાળે છે, તે દ્રવ્યસ્તવનું અંગ છે; અને જે કારણથી ભગવાન વડે પ્રતિષિદ્ધ=નિષેધ, કરાયેલ નથી, તે કારણથી આ=દ્રવ્યસ્તવ, અહીં=સમવસરણમાં, તેમના વડે=તીર્થંકર વડે, ઉચિત પ્રાણીઓ માટે=યોગ્ય પ્રાણીઓ માટે અનુજ્ઞાત જણાય છે. ।।૧૦૪।।

ટીકા :-

समवसरणे बल्यादि द्रव्यस्तवाङ्गं न चेह यद् भगवताऽपि तीर्थकरेण, प्रतिषिद्धम्, तदेषोऽत्र द्रव्यस्तवोऽनुज्ञातस्तेन तीर्थकरेणोचितेभ्यः प्राणिभ्यो गम्यते चेष्टासमानशीलेन मौनेन व्यञ्जकेन ।।१०४।।

ટીકાર્થ :-

समवसरणे ..... व्यञ्जकेन ।। સમવસરણમાં બલિ આદિ દ્રવ્યસ્તવના અંગરૂપ છે, જે કારણથી ભગવાન વડે પણ=તીર્થંકર વડે પણ, પ્રતિષિદ્ધ નથી. તે કારણથી આ=દ્રવ્યસ્તવ, અહીં=સમવસરણમાં, ઉચિત=યોગ્ય પ્રાણીઓ માટે ચેષ્ટા સમાન શીલવાળા=અનુજ્ઞાને અનુકૂળ ચેષ્ટાના સ્વભાવવાળા સંમતિના વ્યંજક એવા મૌન દ્વારા તેમના વડે=ભગવાન વડે, અનુજ્ઞાત છે, એમ જણાય છે. ।।૧૦૪।।

ભાવાર્થ :-

સમવસરણમાં ભગવાનની દેશના પૂરી થાય ત્યારે રાજા-અમાત્યાદિ બલ્યાદિ ઉછાળે છે અને આ બલ્યાદિ ઉછાળવાની ક્રિયા દ્રવ્યસ્તવનું અંગ છે=દ્રવ્યસ્તવનો એક ભેદ છે, અને ભગવાને બલ્યાદિ ઉછાળવાનો નિષેધ કર્યો નથી. આનાથી જણાય છે કે, દ્રવ્યસ્તવરૂપ બલ્યાદિ ઉછાળવાની ક્રિયા ઉચિત=યોગ્ય એવા જીવો માટે ભગવાનને સંમત છે. અને આ દ્રવ્યસ્તવ ભગવાનને સંમત છે, તે કઈ રીતે નક્કી થાય ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે કે, ભગવાને તેનો નિષેધ કર્યો નહિ, એ ભગવાનનું મૌન જ ભગવાનની અનુજ્ઞાનું વ્યંજક છે=અનુજ્ઞાને જણાવનાર છે, વળી તે મૌન ચેષ્ટા સમાન શીલવાળું છે.

આશય એ છે કે, કોઈ કાર્ય અંગે કોઈ પૃચ્છા કરે ત્યારે હાથની ચેષ્ટાથી કરવાની સંમતિ અપાય તેના સમાન સ્વભાવવાળું આ ભગવાનનું મૌન છે, અને તે મૌનથી જ તે કૃત્ય ભગવાનને અનુજ્ઞાત છે, તેમ જણાય છે.

અહીં ચેષ્ટા સમાન શીલ એમ કહેવા દ્વારા એ કહ્યું કે, ભગવાનનું મૌન બે પ્રકારનું હોય છે. તે આ રીતે –

(૧) પોતાને તે કૃત્ય સંમત નહિ હોવા છતાં જીવની અયોગ્યતાને જોઈને ભગવાન સાક્ષાત્ શબ્દથી તેનો નિષેધ કરતા નથી, પરંતુ મૌનથી નિષેધ કરે છે. જેમ જમાલિએ ભગવાનને પૃથક્ વિહાર માટે અનેક વાર પૂછ્યું, છતાં ભગવાને મૌનથી જ તેનો નિષેધ કર્યો; કેમ કે જો ભગવાનને જમાલિનો પૃથક્ વિહાર સંમત હોત તો સાક્ષાત્ અનુજ્ઞા આપત. પરંતુ ભગવાનનો નિષેધ હોવા છતાં જમાલિ પૃથક્ વિહાર કરે તેમ છે, તેથી ભગવાને મૌન દ્વારા તેનો નિષેધ કર્યો, પણ શબ્દોલ્લેખથી નિષેધ કર્યો નથી.

(૨) પોતાને તે કૃત્ય સંમત હોય ત્યાં જીવની યોગ્યતા જોઈને ભગવાન કોઈ સ્થાનમાં સાક્ષાત્ શબ્દથી અનુજ્ઞા આપે છે અને કોઈ સ્થાનમાં મૌનથી સંમતિ દર્શાવે છે. જેમ - પ્રસ્તુતમાં સમવસરણમાં બલિ આદિ ઉછાળનાર જીવો યોગ્ય છે, તેથી ભગવાનને જો બલિ ઉછાળવાનું સંમત ન હોય તો તેનો નિષેધ કરે તો તે જીવો અવશ્ય નિવર્તન પામે. પરંતુ ભગવાનને જણાય છે કે તેઓ બલિ આદિ કરે છે તે દ્રવ્યસ્તવનું અંગ

છે અને તે તેમના માટે ઉચિત છે, માટે સંમતિને અનુકૂળ એવી ચેષ્ટા સમાન મૌનથી જ સંમતિ આપી છે. **॥૧૦૪॥**

ગાથા :-

"ण य भगवं अणुजाणइ जोगं मुक्खविगुणं कयाचिदवि ।
ण य तयणुगुणो वि तओ (जोगो), ण बहुमओ होइ अण्णेसिं" ।।१०५।।

❖ પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૧૪ પ્રમાણે 'तओ' છે ત્યાં 'जोगो' પાઠ છે અને ટીકામાં પણ 'योगो' છે. તેથી તે પાઠ મુજબ અર્થ કરેલ છે.

ગાથાર્થ :-

અને ભગવાન મોક્ષને વિગુણ એવા વ્યાપારની ક્યારે પણ અનુજ્ઞા આપતા નથી, અને તેને=મોક્ષને, અનુગુણ પણ યોગ અન્યને=સાધુઓને, બહુમત નથી એમ નહિ અર્થાત્ બહુમત થાય છે. ॥૧૦૫॥

ટીકા :-

न च भगवाननुजानाति योगं=व्यापारं, मोक्षविगुणं कदाचिदपि मोहाभावात्, न च तदनुगुणोऽप्यसौ योगो न बहुमतो भवत्यन्येषां किन्तु बहुमत एवेत्यर्थतः सोऽपि द्रव्यस्तवानुमतिक्रोडीकृतो भवतीति ।।१०५।।

ટીકાર્થ :-

न च ..... भवतीति ।। અને ભગવાન મોક્ષને વિગુણ એવા વ્યાપારની ક્યારેય અનુજ્ઞા આપે નહિ; કેમ કે મોહનો અભાવ છે. અને તેને=મોક્ષને, અનુગુણ પણ આ યોગ=બલિ આદિના વ્યાપારરૂપ આ યોગ, અન્યને=સાધુઓને, બહુમત નથી એમ નહિ, પરંતુ બહુમત જ છે. એથી કરીને અર્થથી તે પણ=સાધુમાં વર્તતો ભાવસ્તવ પણ, દ્રવ્યસ્તવની અનુમતિથી ક્રોડીકૃત થાય છે=તેમાં દ્રવ્યસ્તવની અનુમતિનો સ્વીકાર થાય છે. ॥૧૦૫॥

ભાવાર્થ :-

મોક્ષને વિપરીત એવા કોઈ પણ યોગની ભગવાન ક્યારેય પણ અનુજ્ઞા આપે નહિ, અને સમવસરણમાં બલ્યાદિરૂપ દ્રવ્યસ્તવના અંગની સંમતિ આપી છે, તેથી નક્કી થાય છે કે, સમવસરણમાં દ્રવ્યસ્તવના અંગરૂપ બલિ-બાકુળા રાજાઓ નગરની શાંતિ માટે ઉછાળે છે, તે મોક્ષને અનુકૂળ યોગ છે.

અહીં પ્રશ્ન થાય કે, સમવસરણમાં દ્રવ્યસ્તવના અંગરૂપ બલિ આદિ ઉછાળવા તે ભલે મોક્ષને અનુગુણ યોગ હોય, પરંતુ સાધુને તે બહુમત નથી; કેમ કે તે આરંભાદિથી આકાંત છે. તેથી કહે છે –

મોક્ષને અનુગુણ એવો આ યોગ અન્યને=સાધુઓને, બહુમત નથી એમ નહિ, પરંતુ બહુમત જ છે; કેમ કે ભગવાન સંયમવાળા હોવા છતાં તેમણે બલ્યાદિની અનુજ્ઞા આપી છે. માટે સાધુ આરંભ-સમારંભથી

નિવૃત્ત હોવાને કારણે સ્વયં દ્રવ્યસ્તવના અનધિકારી હોવાથી દ્રવ્યસ્તવ કરતા નથી, તોપણ ભગવાનની જેમ સાધુને દ્રવ્યસ્તવ બહુમત જ છે. જ્યારે દ્રવ્યસ્તવ બહુમત છે એમ માનીએ ત્યારે અર્થથી એ સિદ્ધ થાય છે કે, સાધુની દ્રવ્યસ્તવમાં અનુમતિ-અનુમોદના છે. તેથી સાધુમાં વર્તતો ભાવસ્તવ પણ દ્રવ્યસ્તવની અનુમતિથી આક્રાંત=સહિત છે. **॥૧૦૫॥**

અવતરણિકા :-

ભાવ એવ ભગવતોઽનુમોદ્યો ન દ્રવ્યમિત્યાશઙ્કાં સત્કાર્યનયેન દ્રવ્યે ભાવસત્તાભ્યુપગમ્યેન નિરસ્યન્નાહ –

અવતરણિકાર્થ :-

પૂર્વે ગાથા-૧૦૪માં કહ્યું કે, બલિ આદિ દ્રવ્યસ્તવનું અંગ તીર્થંકરોને અનુમત છે, ત્યાં કોઈને શંકા થાય કે, ભાવ જ ભગવાનને અનુમોદ્ય છે દ્રવ્ય નહિ, અર્થાત્ હિંસાદ્યાત્મક દ્રવ્યસ્તવ અનુમોદ્ય નથી. એ પ્રકારની આશંકાને સત્કાર્યનયથી દ્રવ્યમાં ભાવની સત્તાના અભ્યુપગમ દ્વારા નિરાસ કરતાં કહે છે –

ભાવાર્થ :-

સત્કાર્ય નય કહે છે કે, જે વિદ્યમાન હોય તે જ પેદા થઈ શકે છે, જે અવિદ્યમાન હોય તે પેદા થઈ શકતું નથી. જેમ - શશશૃંગ.

સત્કાર્યનય કારણીભૂત એવા દ્રવ્યમાં ભાવની સત્તાને સ્વીકારે છે. એ રીતે પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવથી નિષ્પાદ્ય એવા ભાવના કારણીભૂત દ્રવ્યમાં=દ્રવ્યસ્તવમાં, તેનાથી નિષ્પાદ્ય એવા ભાવની સત્તાને સ્વીકારે છે. આ રીતે દ્રવ્યમાં ભાવની સત્તાને સ્વીકારનાર સત્કાર્યનયથી પૂર્વપક્ષીની જે શંકા છે કે ભાવ જ ભગવાનને અનુમોદ્ય છે, દ્રવ્ય નહિ, એ શંકાનું નિરસન ગ્રંથકારશ્રી કરે છે –

ગાથા :-

"જો ચેવ ભાવલેસો સો ચેવ ઉ ભગવઓ બહુમઓ ।
ણ તઓ વિણેયરેણં ત્તિ અત્થઓ સો વિ એમેવ" ।।૧૦૬।।

ગાથાર્થ :-

અને જે ભાવલેશ છે તે જ ભગવાનને બહુમત છે, અને તે=ભાવલેશ ઈતર=દ્રવ્ય, વિના નથી. એથી કરીને અર્થથી તે પણ=દ્રવ્યસ્તવ પણ, આ પ્રમાણે જ છે=અનુમત છે. ॥૧૦૬॥

ટીકા :-

य एव भावलेशः स एव भगवतो बहुमतः, अपुनर्बन्धकादिचतुर्दशगुणस्थानान्त भावस्य तदाज्ञाविषयत्वात्, तत्रेष्टसाधनताव्यञ्जकव्यापारस्यैव तदनुमतित्वात् (तदनुमतिविषयत्वात्)

हीनभावत्वेनाननुमोद्यत्वेऽतिप्रसङ्गात्, अवदाम चोपदेशरहस्ये–

'जइ हीणं दव्वत्थयं, अणुमणेज्जा ण संजउ त्ति मई ।
ता कस्स वि सुहजोगं तित्थयरो नाणुमणिज्ज त्ति ।।'

न तको भावलेशो विनेतरेण द्रव्येनेत्यर्थः, सोऽपि द्रव्यस्तवोऽप्येवमेवानुमत एव ।।१०६।।

ટીકાર્થ :-

य एव ..... तदाज्ञाविषयत्वात्, જે જ ભાવલેશ છે તે જ ભગવાનને બહુમત છે; કેમ કે અપુનર્બંધકાદિથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ભાવનું તદાજ્ઞાનું=ભગવાનની આજ્ઞાનું, વિષયપણું છે.

અહીં પ્રશ્ન થાય કે, ભાવલેશ એ દ્રવ્યસ્તવમાં વર્તતો પરિણામ છે અને તે પુષ્પાદિ જીવોની વિરાધનાથી સંવલિત ક્રિયારૂપ ચેષ્ટા સાથે વર્તનાર છે, માટે ત્યાં ભગવાનની અનુમતિ હોઈ શકે નહિ. તેના સમાધાન માટે કહે છે –

तत्र ..... तदनुमतित्वात्, ત્યાં=ભાવલેશમાં, ઈષ્ટસાધનતાના વ્યંજક વ્યાપારનું તદનુમતિવિષયપણું છે અર્થાત્ ભાવલેશવાળાનું ઈષ્ટ મોક્ષ છે અને મોક્ષનું સાધન સંયમ છે, તેથી સંયમમાં ઈષ્ટસાધનતા છે અને તેનો વ્યંજક વ્યાપાર પ્રસ્તુત ભાવલેશમાં છે. તેનું જ ભગવાનનું અનુમતિવિષયપણું છે, અર્થાત્ ભગવાનકર્તૃક અનુમતિવિષયપણું છે.

❖ 'तदनुमतित्वात्' પાઠ છે ત્યાં 'तदनुमतिविषयत्वात्' પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે, અથવા 'तदनुमतत्वात्' પાઠ હોવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવવર્તી જે ભાવલેશ છે, તેમાં હીનભાવપણું હોવાને કારણે તે અનનુમોદ્ય છે=અનુમોદ્ય નથી, તેથી કહે છે –

हीनभावत्वेन ..... अतिप्रसङ्गात् । હીનભાવપણા વડે અનનુમોદ્યપણું હોતે છતે અતિપ્રસંગ છે.

તે અતિપ્રસંગ ગ્રંથકારશ્રીએ સ્વયં ઉપદેશરહસ્યમાં બતાવેલ છે. તે કહે છે –

जइ हीणं ..... नाणुमणिज्ज त्ति ।। જો સ્વયોગની અપેક્ષાએ તુચ્છ છે માટે સાધુ દ્રવ્યસ્તવની અનુમોદના ન કરે, એ પ્રમાણે તારી મતિ છે, તો કોઈના પણ શુભયોગની તીર્થંકર અનુમોદના નહિ કરે.

પૂર્વે સિદ્ધ કર્યું કે, દ્રવ્યસ્તવમાં વર્તતો જે ભાવલેશ છે, તે જ ભગવાનને અનુમત છે. હવે ભાવલેશ અનુમત હોવાને કારણે દ્રવ્યસ્તવ કઈ રીતે અનુમત બને છે, તે બતાવે છે –

न तको ..... अनुमत एव ।। तको=તે=ભાવલેશ, ईतर विना=દ્રવ્ય વિના નથી, અને તે પણ=દ્રવ્યસ્તવ પણ, આ પ્રકારે જ=જે રીતે ઈષ્ટસાધનતા વ્યંજક વ્યાપાર ભાવલેશમાં છે, તેથી ભાવલેશ અનુમત છે, એ રીતે જ, ઈષ્ટસાધનતા વ્યંજક વ્યાપાર દ્રવ્યસ્તવમાં પણ છે. તેથી ભાવલેશની જેમ જ, તે પણ=દ્રવ્યસ્તવ પણ, અનુમત જ છે. ।।૧૦૬।।

ભાવાર્થ :-

ભગવાનને મોક્ષના કારણીભૂત અપુનર્બંધકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ભાવો અનુમત છે, આથી જ ભગવાને દરેક જીવોને પોતાની ભૂમિકા પ્રમાણે અપુનર્બંધકથી ચૌદમા ગુણસ્થાનક સુધીના ભાવોમાં અપ્રમાદ કરવાનું કહેલ છે. તેથી શ્રાવકનો દ્રવ્યસ્તવકાળમાં વર્તતો જે ભાવલેશ છે, તે ભગવાનને અનુમત છે અને તે ભાવલેશ મોક્ષની ઇષ્ટસાધનાતાનો વ્યંજક વ્યાપાર છે.

આશય એ છે કે, શ્રાવકને મોક્ષ ઇષ્ટ છે અને મોક્ષનું સાધન સંયમ દેખાય છે અને સંયમને પ્રગટ કરનાર એવો વ્યાપાર તે દ્રવ્યસ્તવમાં વર્તતો સંયમનો અભિલાષ છે. તેથી દ્રવ્યસ્તવકાળમાં વર્તતો સંયમનો અભિલાષ ભગવાનની અનુમતિનો વિષય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, ભગવાનની પૂજામાં વર્તતો શુભભાવ હીનકક્ષાનો છે, તેથી સર્વવિરતિધરને તે અનુમોદ્ય થઈ શકે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સર્વવિરતિની અપેક્ષાએ હીન હોવાને કારણે દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવ હીન છે, એટલામાત્રથી સાધુને અનુમોદ્ય નથી એમ કહીએ તો, ભગવાનને સર્વવિરતિ આદિ ભાવો પણ પોતાની અપેક્ષાએ હીન હોવાને કારણે અનનુમોદ્ય છે, તેમ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય.

વસ્તુતઃ ભગવાને ધન્ના અણગાર આદિની પ્રશંસા કરેલ છે, તેથી પોતાનાથી હીનકક્ષાના ભાવો પણ મોક્ષને અનુકૂળ હોય તો તે અનુમોદ્ય થઈ શકે છે. માટે દ્રવ્યસ્તવમાં વર્તતો હીન ભાવ પણ સાધુને અનુમોદનીય છે.

આ રીતે દ્રવ્યસ્તવકાળમાં વર્તતો મોક્ષને અનુકૂળ એવો ભાવલેશ સાધુને અનુમોદ્ય છે, તેમ બતાવીને, હવે આ ભાવની સત્તા દ્રવ્યસ્તવમાં છે, માટે સત્કાર્યવાદનયથી ભાવની સત્તાનું અધિકરણ દ્રવ્યસ્તવ પણ સાધુને અનુમોદ્ય છે, તે બતાવે છે –

દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવલેશ દ્રવ્યસ્તવ વગર થઈ શકતો નથી. તેથી ફલિત થાય છે કે, આ ભાવની સત્તા દ્રવ્યસ્તવમાં રહેલી છે અને દ્રવ્યસ્તવમાં કરાતા યત્નથી તે ભાવ પ્રગટ થાય છે. જેમ માટીમાં ઘટની સત્તા પડેલી છે અને કુંભારના પ્રયત્નથી માટીમાં વિદ્યમાન એવો ઘટ અભિવ્યક્ત થાય છે, તે જ રીતે સમ્યક્ પ્રકારનો દ્રવ્યસ્તવ ભાવલેશની સત્તાવાળો છે, તેથી તેમાં યત્ન થાય છે ત્યારે, તે ભાવ અભિવ્યક્ત થાય છે અને દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવ મોક્ષનું કારણ છે, માટે સાધુને અનુમોદ્ય છે, તેમ ભાવની અભિવ્યક્તિનું કારણ દ્રવ્યસ્તવ છે, માટે દ્રવ્યસ્તવમાં વર્તતા ભાવની જેમ દ્રવ્યસ્તવ પણ સાધુને અનુમત છે.

આનાથી દ્રવ્યસ્તવ હિંસાત્મક છે, માટે સાધુને અનુમોદ્ય નથી, માત્ર દ્રવ્યસ્તવવર્તી ભાવલેશ જ અનુમોદ્ય છે, એ પ્રકારની માન્યતાનું નિરાકરણ થાય છે.

વસ્તુતઃ દ્રવ્યસ્તવ હિંસાત્મક નથી, પરંતુ ભાવસ્તવના કારણભૂત છે, દ્રવ્યસ્તવમાં થતી હિંસા તો અશક્યપરિહારરૂપ છે. જેમ સાધુને નવકલ્પી વિહારની ક્રિયા સંયમની વૃદ્ધિનું કારણ છે માટે અનુમોદ્ય છે, જ્યારે વિહારમાં વાઉકાયની હિંસા થાય છે, તે અશક્ય પરિહારરૂપ છે. **॥૧૦૬॥**

અવતરણિકા :-

એતદેવ સ્પષ્ટયતિ –

અવતરણિકાર્થ :-

આને જ સ્પષ્ટ કરે છે=ભાવલેશ જો અનુમોદ્ય હોય તો એ રીતે જ દ્રવ્યસ્તવ પણ અનુમોદ્ય છે, એમ પૂર્વે કહ્યું એને જ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

"कज्जं इच्छंतेणं अणंतरं कारणं पि इट्ठं ति ।
जह आहारजतितिं इच्छंतेणेह आहारो" ।।१०७।।

ગાથાર્થ :-

જેમ અહીંયાં=લોકમાં, આહારથી પેદા થયેલ તૃપ્તિને ઇચ્છનારા વડે આહાર ઇષ્ટ છે, તેમ કાર્યના ઇચ્છનારા વડે અનંતર કારણ પણ ઇષ્ટ જ છે. ।।૧૦૭।।

ટીકા :-

कार्यमिच्छताऽनन्तरमक्षेपकफलकारिकारणमपीष्टमेव भवति, कथमित्याह-यथाऽऽहारजां तृप्तिमिच्छतेह लोके आहार इष्ट इति गाथार्थः ।।

ટીકાર્થ :-

कार्यमिच्छता ..... गाथार्थः ।। કાર્યને ઇચ્છનારા વડે અનંતર અક્ષેપકફલકારી કારણ ઇષ્ટ જ હોય છે.

કઈ રીતે ? એથી કરીને કહે છે – અહીં=લોકમાં, જેમ આહારથી થયેલ તૃપ્તિને ઇચ્છનારા વડે આહાર ઇષ્ટ છે, એ પ્રમાણે ગાથાર્થ છે.

પૂર્વે કહ્યું કે, તૃપ્તિને ઇચ્છતો તૃપ્તિના અનંતર કારણ આહારને ઇચ્છે છે, તેમ ભાવને ઇચ્છતો ભાવના અનંતર કારણ એવા દ્રવ્યસ્તવને ઇચ્છે છે, તેથી તીર્થંકરને દ્રવ્યસ્તવ અનુમત છે. ત્યાં શંકા થાય કે, તૃપ્તિનું અનંતર કારણ આહાર છે, પરંતુ ભાવસ્તવ તો સંયમરૂપ છે અને તેનું અનંતર કારણ દ્રવ્યસ્તવ નથી. આ પ્રકારની શંકાનું નિરાકરણ કરવા માટે કહે છે –

अ(उ)पार्द्धपुद्गलपरावर्त्तव्यवधानेनापि भावस्तवे द्रव्यस्तवस्य हेतुत्वात्कथमनन्तरं कारणत्वमिति चेत् ? ऋजुसूत्रादिनयेन कथञ्चित्, तन्नये तत्स्थलीयानन्तरभावस्यैव पुरस्काराद्, व्यवहारनयेन तु द्वारेण द्वारिणोऽन्यथासिद्ध्यभावादनन्तरकारणत्वमविरुद्धमेवेति व्युत्पादितमध्यात्ममतपरीक्षादौ ।।१०७।।

ટીકાર્થ :-

અ(ઉ)પાર્દ્ધ..... પરીક્ષાદૌ ।। અપાર્ધપુદ્ગલપરાવર્તના વ્યવધાનથી=અર્દ્ધથી કાંઈક ન્યૂન પુદ્ગલપરાવર્તના વ્યવધાનથી=અંતરથી, પણ ભાવસ્તવમાં દ્રવ્યસ્તવનું હેતુપણું હોવાથી અનંતરકારણપણું કઈ રીતે થઈ શકે ? આ રીતે કોઈને શંકા થાય તો ગ્રંથકારશ્રી તેનો ઉત્તર આપે છે –

કથંચિત્ ઋજુસૂત્રાદિ નય વડે અનંતરકારણપણું થઈ શકે છે; કેમ કે તે નયમાં=ઋજુસૂત્રાદિ નયમાં તત્સ્થલીય=દ્રવ્યસ્તવસ્થલીય અનંતર ભાવનો જ પુરસ્કાર છે. વળી વ્યવહારનયથી, દ્વાર વડે દ્વારીની અન્યથાસિદ્ધિનો અભાવ હોવાથી, અનંતરકારણપણું અવિરુદ્ધ જ છે, એ પ્રમાણે અધ્યાત્મમત-પરીક્ષા આદિ ગ્રંથમાં વ્યુત્પાદિત છે=કહેલું છે. ।।૧૦૭।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૦૬માં સિદ્ધ કર્યું કે, દ્રવ્યસ્તવમાં વર્તતો જે ભાવલેશ છે, તે ભગવાનને અનુમત છે, અને પછી કહ્યું કે, દ્રવ્ય વગર ભાવલેશ નથી, તેથી જે રીતે ભાવલેશ અનુમત છે એ રીતે જ દ્રવ્યસ્તવ અનુમત છે. એ જ વાતને પ્રસ્તુત ગાથા-૧૦૭માં સ્પષ્ટ કરે છે. તે આ રીતે –

લોકમાં જેમ આહારથી પેદા થયેલ તૃપ્તિને ઇચ્છનાર આહારને ઇષ્ટ માને છે, તેમ કાર્યને ઇચ્છનાર અક્ષેપક ફળકારી કારણને ઇષ્ટ જ માને છે.

અહીં કોઈને શંકા થાય કે, અપાર્ધ પુદ્ગલપરાવર્તના વ્યવધાનથી=અંતરથી, પણ ભાવસ્તવમાં દ્રવ્યસ્તવનું હેતુપણું હોવાથી અનંતરકારણપણું કઈ રીતે થઈ શકે ?

શંકાકારનો આશય એ છે કે, દ્રવ્યસ્તવ એ પાંચમા ગુણસ્થાનકવાળો શ્રાવક સમ્યગ્ રીતે કરી શકે છે, અને તે શ્રાવક વિધિશુદ્ધ દ્રવ્યસ્તવ કર્યા પછી પણ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તકાળ ભમી શકે છે; અને વ્યવહારથી અપુનર્બંધક જીવ પણ દ્રવ્યસ્તવનો અધિકારી છે, અને તે પણ દ્રવ્યસ્તવ કર્યા પછી ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલપરાવર્તકાળ પસાર કર્યા પછી સંયમરૂપ ભાવસ્તવને પામી શકે છે, અને ક્વચિત્ કોઈને તુરત પણ ભાવસ્તવની પ્રાપ્તિ થઈ શકે છે. આમ છતાં, કોઈક જીવની અપેક્ષાએ આટલું દીર્ઘ વ્યવધાન હોવા છતાં ભાવસ્તવનું અનંતર કારણ દ્રવ્યસ્તવ છે, તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે કે, કથંચિત્ ઋજુસૂત્રાદિ નયથી અનંતરકારણપણું સિદ્ધ છે; કેમ કે ઋજુસૂત્રાદિ નયમાં તત્સ્થલીય=દ્રવ્યસ્તવસ્થલીય, અનંતર ભાવનો જ પુરસ્કાર છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવમાં ભાવસ્તવનું અનંતરકારણપણું જે કહ્યું છે, તે કથંચિત્ ઋજુસૂત્રાદિ નયથી છે અને કથંચિદ્ વ્યવહારનયથી છે.

પ્રથમ ઋજુસૂત્રાદિ નયથી કઈ રીતે છે, તે બતાવતાં કહે છે કે, જ્યારે દ્રવ્યસ્તવ કરવામાં આવે છે, તે કાળમાં જે ભાવલેશ પ્રગટે છે, તેને જ ઋજુસૂત્રાદિનય કાર્યરૂપે સ્વીકારે છે; અને તે દ્રવ્યસ્તવ અનુવિદ્ધ ભાવલેશ છે તે ભાવસ્તવરૂપ છે, અને તે ભાવસ્તવ પ્રત્યે દ્રવ્યથી કરાતી પૂજાદિરૂપ દ્રવ્યસ્તવ કારણ છે. તેથી ઋજુસૂત્રાદિ નયની દૃષ્ટિથી અપાર્ધપુદ્ગલપરાવર્તના વ્યવધાનનો પ્રસંગ આવતો નથી.

જ્યારે વ્યવહારનય સંયમરૂપ ભાવસ્તવ પ્રત્યે દ્રવ્યસ્તવને કારણરૂપે સ્વીકારે છે, અને વ્યવહારનય કહે છે કે, વ્યાપાર વડે વ્યાપારીની અન્યથાસિદ્ધિનો અભાવ હોવાથી સામાન્યથી અનંતરકારણપણું ન હોવા છતાં ત્યાં અનંતરકારણપણું અવિરુદ્ધ છે.

જેમ ઘટ પ્રતિ અનંતર કારણ ભ્રમિ દેખાય છે પરંતુ દંડ અનંતર કારણરૂપે દેખાતો નથી, આમ છતાં, ભ્રમિરૂપ વ્યાપાર દ્વારા દંડરૂપ વ્યાપારીની અન્યથાસિદ્ધિનો અભાવ હોવાથી દંડનું અનંતરકારણપણું અવિરુદ્ધ છે.

એ જ રીતે પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવ કરવાથી જ તત્કાલીન ભાવલેશ પ્રગટે છે અને તેના સંસ્કારો જીવ પર પડે છે અને એ સંસ્કારો ક્વચિત્ અનંતર જન્મમાં જાગૃત થવાથી સંયમની પ્રાપ્તિ થાય છે; અને ક્વચિત્ એ સંસ્કારો પડ્યા પછી પણ જીવનો કર્મને કારણે સમ્યક્ત્વથી પાત થાય તો દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ થાય છે, અને જ્યારે તે ક્લિષ્ટ કર્મો દૂર થાય છે અને તથાવિધ સામગ્રી મળે છે, ત્યારે દ્રવ્યસ્તવ દ્વારા જીવમાં આધાન થયેલા ભાવલેશના સંસ્કારો જાગૃત થાય છે, અને સંયમની પરિણતિ પ્રગટે છે. તેથી દ્રવ્યસ્તવ ભાવલેશના સંસ્કારો દ્વારા સંયમરૂપ ભાવસ્તવ પ્રત્યે કારણ બને છે, તેથી દ્રવ્યસ્તવમાં ભાવસ્તવનું અનંતરકારણપણું અવિરુદ્ધ જ છે.

જેમ - અષાઢી શ્રાવકે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભક્તિપૂર્વક બનાવીને સારી રીતે શ્રાવકપણું પાળ્યા પછી પણ, કોઈક કર્મના નિમિત્તથી ગત ઉત્સર્પિણીનો શેષકાળ અને વર્તમાન અવસર્પિણીનો પાર્શ્વનાથ ભગવાન સુધીનો દીર્ઘકાળ, સંસારમાં પરિભ્રમણ કરીને પછી તે ભવમાં સંયમ પ્રાપ્ત કરીને મોક્ષને પામ્યા. અષાઢી શ્રાવકના આટલા દીર્ઘકાળનું કારણ એ કે કોઈક કર્મના વિપાકથી એ ભાવલેશથી થયેલા સંસ્કારો તરત કાર્ય કરી શકે તેવા સંયોગો પ્રાપ્ત ન થયા. જ્યારે અષાઢી શ્રાવકનું તે ક્લિષ્ટ કર્મ વિનાશ પામ્યું, ત્યારે તે દ્રવ્યસ્તવકાળમાં પડેલા ભાવલેશના સંસ્કારોને કારણે અષાઢી શ્રાવકને સંયમની પ્રાપ્તિ અને યાવત્ સિદ્ધિની પ્રાપ્તિ થઈ. તેથી વ્યવહારનય પ્રમાણે દ્રવ્યસ્તવથી ઉત્પન્ન થયેલા પુણ્યાનુબંધીપુણ્યરૂપ વ્યાપાર દ્વારા ભાવસ્તવના રાગના સંસ્કારોની જાગૃતિથી ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે. ક્વચિત્ ભાવસ્તવરૂપ સંયમની પ્રાપ્તિ વિલંબ પામીને થાય છે અને ક્વચિત્ વિલંબ પામ્યા વગર થાય છે. આમ છતાં, દ્રવ્યસ્તવ પુણ્યરૂપ વ્યાપાર દ્વારા ભાવસ્તવનું કારણ છે, માટે સંયમ પ્રત્યે દ્રવ્યસ્તવનું અનંતરકારણપણું અવિરુદ્ધ છે. **॥૧૦૭॥**

અવતરણિકા :-

ભવનાદાવપિ વિધિમાહ –

અવતરણિકાર્થ :-

ભવનાદિમાં=જિનભવનાદિમાં પણ વિધિને=વિધાનને, કહે છે –

❖ 'ભવનાદાવપિ' - અહીં 'અપિ'થી એ કહેવું છે કે, ભાવલેશના કારણીભૂત એવું દ્રવ્યસ્તવ કર્તવ્ય છે એ રૂપ વિધિ તો પૂર્વે બતાવી, હવે સાક્ષાત્ જિનભવનાદિમાં પણ ભગવાનની આજ્ઞા છે તેને બતાવે છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૦૬/૧૦૭માં એ સ્થાપન કર્યું કે, ભાવસ્તવનું કારણ દ્રવ્યસ્તવ છે અને કાર્યના અર્થીને કારણ પણ ઇષ્ટ હોય છે, તેથી સાધુને દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવલેશ અનુમોદ્ય હોવાથી તેના કારણીભૂત એવું દ્રવ્યસ્તવ પણ અનુમોદ્ય છે. હવે કહે છે કે, સાક્ષાત્ જિનભવનાદિ પણ ભગવાનને અનુમત છે, તેમ બતાવીને સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય છે તે બતાવે છે.

ગાથા :-

"जिणभवनकारणाइ वि भरहाईणं न निवारियं तेण ।
जह तेसिं चिय कामा सल्लविसाइहिं णाएहिं (वयणेहिं)" ।।१०८।।

ગાથાર્થ :-

તેમના વડે=ભગવાન વડે, ભરતાદિનાં જિનભવનકારણાદિ પણ ન નિવારાયાં, જ્યારે તેઓનાં, જ=ભરતાદિનાં જ, શલ્ય-વિષાદિ વચનો વડે કામો નિવારાયાં. ।।૧૦૮।।

❖ પ્રતિમાશતક ગાથા-૧૦૮માં 'णाएहिं' છે, ત્યાં પંચવસ્તુ ગાથા-૧૦૮માં 'वयणेहिं' પાઠ છે, અને ટીકા મુજબ તે પાઠ સંગત છે; કેમ કે ટીકામાં 'वचनैः' છે.

ટીકા :-

जिनभवनकारणाद्यपि द्रव्यस्तवरूपं भरतादिश्रावकाणां न निवारितं तेन=भगवता, यथा तेषामेव= भरतादीनां, कामा शल्यविषादिभिर्वचनैर्निवारिताः 'सल्लं कामा विसं कामा' **इत्यादिप्रसिद्धेरित्यर्थः ।।१०८।।**

ટીકાર્થ :-

जिनभवनकारणाद्यपि ..... प्रसिद्धेरित्यर्थः ।। તેમના વડે=ભગવાન વડે, ભરતાદિ શ્રાવકોનાં દ્રવ્યસ્તવરૂપ જિનભવનકારણાદિ પણ=જિનભવન કરાવવા આદિ પણ, ન નિવારાયાં, જ્યારે તેઓનાં જ=ભરતાદિનાં, શલ્ય, વિષાદિ વચનો વડે કામો નિવારાયાં; કેમ કે કામો શલ્ય છે, કામો વિષ છે **ઇત્યાદિ પ્રસિદ્ધિ છે. એ પ્રમાણે અર્થ જાણવો. ।।૧૦૮।।**

ભાવાર્થ :-

ભરતાદિ શ્રાવકોએ જિનમંદિરો બંધાવ્યાં તેનો ભગવાને નિષેધ કર્યો નહિ. તેથી अनिषिद्धमनुमतम्="અનિષિદ્ધ અનુમત છે" એ ન્યાયથી, ભરતાદિ શ્રાવકોની જિનમંદિરનિર્માણની પ્રવૃત્તિ ભગવાનને અનુમત છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સાક્ષાત્ જિનમંદિરનિર્માણની ક્રિયામાં પણ ભગવાનની સંમતિ છે, એ વાત સ્પષ્ટ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, ભગવાને સાક્ષાત્ ભરતાદિના જિનમંદિરનિર્માણની ક્રિયાની પ્રશંસા કરી નથી. તેથી તેમાં ભગવાનની અનુમતિ છે, તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

ભગવાને सल्लं कामा विसं कामा ઇત્યાદિ વચનો દ્વારા ભરતાદિનાં કામોનું નિવારણ કરેલ છે. તેથી જો

કામોની જેમ જિનમંદિરનિર્માણની પ્રવૃત્તિ પણ ભગવાનને ઇષ્ટ ન હોત તો અવશ્ય તેનું નિવારણ કરત, અને ભગવાને તેનું નિવારણ કરેલ નથી, તેથી જિનભવનનિર્માણની ક્રિયામાં ભગવાનની સંમતિ છે.

આનાથી એ ફલિત થયું કે, પૂર્વે ભગવાનને ભાવલેશ અનુમત છે એમ કહ્યું; કેમ કે શાસ્ત્રમાં અપુનર્બંધકથી ચૌદમા ગુણસ્થાનક સુધીના ભાવોમાં ભગવાનની આજ્ઞા છે, તેના બળથી તે ભાવોના કારણમાં ભગવાનની અનુમતિ છે, તેમ શાસ્ત્રાનુસારી યુક્તિથી સ્થાપન કર્યું. જ્યારે અહીં તો સાક્ષાત્ જિનભવનમાં ભગવાનની સંમતિને બતાવનાર વચનના બળથી જિનમંદિર સાધુને અનુમોદ્ય છે, તેમ સ્થાપન કરેલ છે. **॥૧૦૮॥**

ગાથા :-

"ता तं पि अणुमयं चिय अप्पडिसेहाउ तंतजुत्तीए ।
इय सेसाण वि इत्थं अणुमोअणमाइ अविरुद्धं" ।।१०९।।

ગાથાર્થ :-

તે કારણથી=ભરતાદિ શ્રાવકોનાં દ્રવ્યસ્તવરૂપ જિનભવનકારણાદિ પણ ભગવાન વડે નિષેધ કરાયાં નથી તે કારણથી, તંત્રયુક્તિ દ્વારા અપ્રતિષેધને કારણે તે પણ=જિનભવનકારણાદિ પણ, અનુમત જ છે. આ રીતે ભગવાન વડે અનુજ્ઞા હોવાથી બીજાઓને પણ=સાધુઓને પણ, અહીં=દ્રવ્યસ્તવમાં, અનુમોદનાદિ અવિરુદ્ધ છે. ।।૧૦૯।।

ટીકા :-

तत्तदपि=जिनभवनकारणाद्यपि, अनुमतमेवाप्रतिषेधात्कारणात् तन्त्रयुक्त्या 'अनिषिद्धमनुमतमि'ति तन्त्रयुक्तिः, 'इय' एवं भगवदनुज्ञानाच्छेषाणामपि साधूनामत्र=द्रव्यस्तवे, अनुमोदनाद्यविरुद्धम्, आदिशब्दात्कारणोपदेशादिग्रहः ।।१०९।।

ટીકાર્થ :-

तत्तदपि ..... देशादिग्रहः ।। તે કારણથી=ભરતાદિ શ્રાવકોનાં દ્રવ્યસ્તવરૂપ જિનભવન કરાવવાં આદિ પણ ભગવાન વડે નિષેધ કરાયાં નથી તે કારણથી, અપ્રતિષેધને=અનિષેધને કારણે તે પણ= જિનભવન કરાવવાં આદિ પણ, અનુમત જ છે; કેમ કે તંત્રયુક્તિ છે.

તે તંત્રયુક્તિ કઈ છે તે બતાવે છે –

'अनिषिद्धमनुमतम्' - "અનિષિદ્ધ અનુમત છે" એ તંત્રયુક્તિ છે. અર્થાત્ જેનો નિષેધ કરાયેલ નથી તે અનુમત છે એ તંત્રયુક્તિ છે. इय=एवं=આ રીતે ભગવાનની અનુજ્ઞા હોવાથી બીજાઓને પણ=સાધુઓને પણ, અહીં=દ્રવ્યસ્તવમાં, અનુમોદનાદિ અવિરુદ્ધ છે. અનુમોદનાદિમાં 'આદિ' શબ્દથી કરાવવાના ઉપદેશાદિનું ગ્રહણ સમજવું અર્થાત્ જિનભવન કરાવવાના ઉપદેશાદિનું ગ્રહણ સમજવું. ।।૧૦૯।।

અવતરણિકા :-

યુક્ત્યન્તરમાહ –

અવતરણિકાર્થ :-

અન્ય યુક્તિને ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૦૦માં કહ્યું કે, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર અનુવિદ્ધ=સંલગ્ન છે. તેથી એ પ્રાપ્ત થયું કે, પ્રધાનરૂપે મુનિને ભાવસ્તવ છે, ત્યાં પણ ગૌણરૂપે દ્રવ્યસ્તવ છે. ત્યાં પ્રશ્ન થયો કે, યતિને ગૌણરૂપે દ્રવ્યસ્તવ કઈ રીતે સંભવે ? તેથી ગાથા-૧૦૨માં યુક્તિ આપી કે વંદનામાં પૂજન-સત્કાર માટે યતિને પણ કાયોત્સર્ગ નિર્દિષ્ટ છે અને તે પૂજન-સત્કાર દ્રવ્યસ્તવરૂપ છે, તેથી સિદ્ધ થયું કે, યતિને ગૌણરૂપે દ્રવ્યસ્તવ છે. વળી ગાથા-૧૦૪માં બીજી યુક્તિ આપી કે, સમવસરણમાં બલિ આદિ દ્રવ્યસ્તવનું અંગ, જે કારણથી ભગવાન વડે પણ પ્રતિષિદ્ધ નથી તે કારણથી, દ્રવ્યસ્તવ ભગવાન વડે અનુજ્ઞાત છે. વળી ગાથા-૧૦૮, ૧૦૯માં જિનભવન કરાવવામાં પણ ભગવાનની અનુમતિ છે તે બતાવ્યું. હવે પ્રસ્તુત ગાથા-૧૧૦માં યતિને દ્રવ્યસ્તવ કઈ રીતે હોય તેમાં અન્ય યુક્તિને ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

"जं च चउद्धा भणिओ, विणयो उवयारिओ उ जो तत्थ ।
सो तित्थयरे णियमा ण होइ दव्वथयादण्णो" ।।११०।।

ગાથાર્થ :-

જે ચાર પ્રકારનો વિનય કહેલો છે ત્યાં=તે વિનયની મધ્યમાં, જે ઔપચારિક વિનય છે, તે તીર્થંકરવિષયક નિયમા=નક્કી, દ્રવ્યસ્તવથી અન્ય હોતો નથી અર્થાત્ દ્રવ્યસ્તવ જ છે. ।।૧૧૦।।

ટીકા :-

यश्चतुर्धा भणितो विनयो ज्ञानदर्शनचारित्रलोकोपचारिकभेदात्, औपचारिकविनयस्तु यस्तत्र= विनयमध्ये, स तीर्थकरे नियमादवश्यंतया न भवति द्रव्यस्तवादन्यः किन्तु द्रव्यस्तव एव ।।११०।।

ટીકાર્થ :-

यश्चतुर्धा ..... एव ।। જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લોકોપચારિક ભેદથી જે ચાર પ્રકારનો વિનય શાસ્ત્રમાં કહેલો છે, ત્યાં=ચાર પ્રકારના વિનયની મધ્યમાં જે ઔપચારિક વિનય છે, તે નક્કી= અવશ્યપણાથી તીર્થંકરવિષયક દ્રવ્યસ્તવથી અન્ય હોતો નથી, પરંતુ દ્રવ્યસ્તવ જ છે. ।।૧૧૦।।

ગાથા :-

"एयस्स उ संपाडणहेउं तह हंदि वंदणाए वि ।
पूअणमादुच्चारणमुववन्नं होइ जइणो वि" ।।१११।।

ગાથાર્થ :-

આના=લોકોપચાર વિનયરૂપ દ્રવ્યસ્તવના, સંપાદન માટે તે પ્રકારની વંદનામાં પણ=અરિહંતચેઈઆણં સૂત્ર બોલીને કરાતી વંદનામાં પણ, પૂજનાદિનું ઉચ્ચારણ યતિને પણ ઉપપન્ન=સંગત, થાય છે. ।।૧૧૧।।

ટીકા :-

एतस्य लोकोपचारविनयैकरूपद्रव्यस्तवस्य (लोकोपचारविनयरूपद्रव्यस्तवस्य) सम्पादनहेतोः= सम्पादनार्थं, तथा हंदीत्युपदर्शने वन्दनायामपि सूत्ररूपायां पूजनाद्युच्चारणं 'पूअणवत्तिआए' उपपन्नं भवति यतेरपि ।।१११।।

ટીકાર્થ :-

આના=લોકોપચાર વિનયરૂપ દ્રવ્યસ્તવના, સંપાદનહેતુ=સંપાદન માટે, તે પ્રકારની સૂત્રરૂપ વંદનામાં પણ=અરિહંતચેઈઆણં સૂત્ર બોલીને કરાતી વંદનામાં પણ, પૂજનાદિનું ઉચ્ચારણ પૂઅણવત્તિયાએ (ઈત્યાદિ દ્વારા) યતિને પણ ઉપપન્ન=સંગત, થાય છે. ।।૧૧૧।।

❖ 'लोकोपचारविनयैकरूपद्रव्यस्तवस्य' પાઠ છે ત્યાં 'लोकोपचारविनयरूपद्रव्यस्तवस्य' પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

❖ મૂળ ગાથામાં 'हंदि' છે તે ઉપદર્શનાર્થક છે.

ભાવાર્થ :-

શાસ્ત્રમાં ચાર પ્રકારનો વિનય કહેલ છે. તે આ રીતે – (૧) જ્ઞાનવિનય, (૨) દર્શનવિનય, (૩) ચારિત્રવિનય અને (૪) લોકોપચારવિનય.

વિનય :-

જેનાથી કર્મોનું વિનયન થાય તે વિનય કહેવાય છે.

(૧) જ્ઞાનવિનય :- સમ્યગ્જ્ઞાનમાં યત્ન કરવાથી કર્મોનું વિનયન થાય છે, તેથી સમ્યગ્જ્ઞાનમાં યત્ન તે જ્ઞાનવિનય છે. અને તે સમ્યગ્જ્ઞાનનો યત્ન શાસ્ત્ર ભણવાની ક્રિયારૂપ પણ હોઈ શકે અને કોઈ સમ્યગ્જ્ઞાન ભણતો હોય તેને ભણવામાં સહાય કરવારૂપ કે ભણાવવારૂપ પણ હોઈ શકે. અને સમ્યગ્જ્ઞાન તેને જ કહેવાય છે કે જે વિરતિ સાથે દરેક શાસ્ત્રવચનો કઈ રીતે સંલગ્ન છે, એ પ્રકારનો બોધ કરાવે તેવું જ્ઞાન હોય. અને આવો સમ્યગ્ બોધ કરીને જીવ તેના પ્રત્યે બહુમાન થાય તે પ્રકારે યત્ન કરીને કર્મનું વિનયન કરે છે, તે જ્ઞાનવિનય છે.

(૨) **દર્શનવિનય** :- દર્શનશાસ્ત્રો દર્શનશુદ્ધિનો ઉપાય છે, અને તેના અધ્યયનથી જીવ દર્શનની નિર્મળતાને પામીને કર્મનું વિનયન કરે છે, તે દર્શનવિનય છે. અથવા તો પૂર્ણ પુરુષ એવા ભગવાનના સ્વરૂપને જાણીને.તેમના પ્રત્યેના ભક્તિના અધ્યવસાયથી દર્શનશુદ્ધિમાં કરાતો યત્ન એ દર્શનવિનય છે.

(૩) **ચારિત્રવિનય** :- ચારિત્રાચારનું સમ્યક્ પાલન કરીને આત્મા ગુપ્તિના અતિશયને કરતો હોય ત્યારે ચારિત્રવિનય થાય છે; કેમ કે ચારિત્રના સેવનથી કર્મોનું વિનયન થાય છે.

(૪) **લોકોપચારવિનય** :- લોકોપચારવિનય એટલે લોકમાં વિનયને અનુકૂળ એવી વ્યવહારિક ક્રિયાઓ કરવી અને તે ભગવાનની પૂજા, ગુણવાનની વૈયાવચ્ચ, ગુરુની સન્મુખ જવું, જ્ઞાનનાં સાધનોની પૂજા કરવી ઇત્યાદિ લોકોપચારવિનય છે.

આ લોકોપચારવિનય તીર્થંકરના વિષયમાં દ્રવ્યસ્તવથી અન્ય નથી, પરંતુ દ્રવ્યસ્તવ જ છે, અને આ લોકોપચારવિનયરૂપ દ્રવ્યસ્તવના સંપાદન માટે સાધુ અરિહંતચેઈઆણં સૂત્રમાં વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ ઇત્યાદિ બોલે છે. તેથી તે સૂત્રનું ઉચ્ચારણ કરીને કાયોત્સર્ગ કરે છે, તેમાં દ્રવ્યસ્તવનું સંપાદન થાય છે.

મૂળ ગાથા-૧૧૧માં અને તેની ટીકામાં તથા=તે પ્રકારની, સૂત્રરૂપ વંદનામાં સાધુને પણ પૂજનાદિનું ઉચ્ચારણ સંગત થાય છે એમ કહ્યું. એનાથી એ કહેવું છે કે, સાધુ સાક્ષાત્ વંદન-પૂજનાદિ કરતા નથી, પરંતુ વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ ઇત્યાદિ ઉચ્ચારણ કરીને વંદન-પૂજનના ફળનિમિત્તક કાયોત્સર્ગ કરે છે, તે પ્રકારની સૂત્રરૂપ વંદના સાધુ કરે છે. આ રીતે અરિહંતચેઈઆણં સૂત્ર બોલીને કરાતી વંદનામાં દ્રવ્યસ્તવનું સંપાદન સાધુને સંગત થાય છે. **॥૧૧૦-૧૧૧॥**

ગાથા :-

"इहरा अणत्थगं तं ण य तयणुच्चारेण सा भणिआ ।
ता अभिसंधारणतो संपाडणमिट्ठमेयस्स" ।।११२।।

ગાથાર્થ :-

ઈતરથા=લોકોપચારવિનયરૂપ દ્રવ્યસ્તવનું સંપાદન સાધુને ઈષ્ટ ન હોય તો, તેનું=પૂજનાદિનું, ઉચ્ચારણ અનર્થક બને, અને તેના=પૂજનાદિના, ઉચ્ચારણ વગર તે=વંદના, કહેવાયેલી નથી, તે કારણથી અભિસંધારણ વડે આનું=દ્રવ્યસ્તવનું, સંપાદન ઈષ્ટ છે. ।।૧૧૨।।

ટીકા :-

इतरथा त्वनर्थकं तदुच्चारणम्, न च तदनुच्चारणेन सा वन्दना भणिता, तत्=तस्माद्, अभिसन्धारणेन=विशिष्टेच्छारूपेण, संपादनमिष्टमेतस्य द्रव्यस्तवस्येति गाथार्थः ।।११२।।

ટીકાર્થ :-

इतरथा ..... गाथार्थः ।। વળી ઈતરથા=લોકોપચારવિનયરૂપ દ્રવ્યસ્તવનું સંપાદન સાધુને ઈષ્ટ ન હોય તો, તેનું=પૂજનાદિનું, ઉચ્ચારણ અનર્થક બને. અને તેના=પૂજનાદિના ઉચ્ચારણ વગર તે=વંદના,

કહેવાયેલી નથી, તત્=તે કારણથી વિશિષ્ટ ઇચ્છારૂપ અભિસંધારણ વડે આનું=દ્રવ્યસ્તવનું, સંપાદન ઇષ્ટ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૧૨॥

ભાવાર્થ :-

સાધુને લોકોપચારવિનયરૂપ દ્રવ્યસ્તવ અરિહંતચેઈઆણં સૂત્રરૂપ વંદનાથી થાય છે. તેમ ન સ્વીકારો તો, અરિહંતચેઈઆણં સૂત્રનું ઉચ્ચારણ અનર્થક છે તેમ માનવું પડે. અને સાધુ ચૈત્યવંદનની ક્રિયા તે સૂત્રના ઉચ્ચાર વગર કરતા નથી, તેથી સાધુને સાક્ષાત્ પૂજન-સત્કાર કરવાની ઇચ્છા નહિ હોવા છતાં પૂજન-સત્કારના ફળની પ્રાપ્તિની વિશિષ્ટ ઇચ્છારૂપે અરિહંતચેઈઆણ સૂત્ર દ્વારા દ્રવ્યસ્તવનું સંપાદન ઇષ્ટ છે. **॥૧૧૨॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથાઓમાં સાધુને અનુમોદનાદિરૂપે દ્રવ્યસ્તવ છે, એમ બતાવ્યું. તેથી કોઈને શંકા થાય કે, જો સાધુ અનુમોદનાદિરૂપે કે વંદણવત્તિયાએ ઇત્યાદિ દ્વારા વિશિષ્ટ ઇચ્છારૂપે દ્રવ્યસ્તવ કરે છે, તો ગૃહસ્થની જેમ સ્નાનાદિપૂર્વક ઉત્તમ દ્રવ્યોથી પૂજા કેમ કરતા નથી ? તેથી કહે છે –

ગાથા :-

"सक्खाउ कसिणसंजमदव्वाभावेहिं णो अयमिट्ठो ।
गम्मइ तंतट्ठिइए, भावप्पहाणा हि मुणओ त्ति" ।।११३।।

ગાથાર્થ :-

કૃત્સ્ન સંયમવાળા હોવાને કારણે અને દ્રવ્યનો અભાવ હોવાને કારણે, સાક્ષાત્=સ્વરૂપથી જ, સાધુને આ=દ્રવ્યસ્તવ, ઇષ્ટ નથી, એ પ્રમાણે તંત્રસ્થિતિથી=શાસ્ત્રમાં કહેલ મર્યાદાથી, જણાય છે.

પૂર્વે કહ્યું કે, સાધુને દ્રવ્યસ્તવ વિશિષ્ટ ઇચ્છારૂપે અભિમત છે, આમ છતાં સાક્ષાત્ તેઓને અભિમત નથી. તેનાથી શું ફલિત થાય છે, એ બતાવવા માટે કહે છે –

મુનિઓ ભાવપ્રધાન હોય છે. ॥૧૧૩॥

❖ 'ત્તિ' શબ્દ હેતુઅર્થક છે. તેનું જોડાણ ટીકામાં આ રીતે કરેલ છે. મુનિઓ ભાવપ્રધાન છે, એથી કરીને આ=દ્રવ્યસ્તવ મુનિઓને ઉપસર્જન=ગૌણ છે.

ટીકા :-

साक्षात्=स्वरूपेणैव, कृत्स्नसंयमद्रव्याभावाभ्यां कारणाभ्यां नायमिष्टो द्रव्यस्तव इति गम्यते तन्त्रस्थित्या, पूर्वापरनिरूपणेन गर्भार्थमाह-'भावप्रधाना हि मुनय' इति कृत्वोपसर्जनमयमिति गाथार्थः ।।११३।।

ટીકાર્થ :-

साक्षात् ..... तन्त्रस्थित्या, कृत्स्न संयमवाળા હોવાને કારણે અને દ્રવ્યનો અભાવ હોવાને કારણે,

સાક્ષાત્=સ્વરૂપથી જ સાધુને આ=દ્રવ્યસ્તવ, ઈષ્ટ નથી, એ પ્રમાણે તંત્રસ્થિતિથી=શાસ્ત્રમાં કહેલ મર્યાદાથી, જણાય છે.

પૂર્વાપર ..... માહ – પૂર્વાપરના નિરૂપણ વડે ગર્ભાર્થ=રહસ્યાર્થ, કહે છે –

પૂર્વમાં ગાથા-૧૦૨માં કહ્યું કે, સિદ્ધાંતમાં વંદનામાં પૂજન-સત્કારહેતુક કાયોત્સર્ગ યતિને પણ નિર્દિષ્ટ છે, તથા ગાથા-૧૦૪માં કહ્યું કે, સમવસરણમાં બલિ આદિ દ્રવ્યસ્તવનું અંગ ભગવાન વડે પણ પ્રતિષિદ્ધ નથી, તથા ગાથા-૧૦૯માં કહ્યું કે, ચાર પ્રકારનો વિનય કહેવાયેલ છે તેમાં ઔપચારિકવિનય તીર્થંકરવિષયક દ્રવ્યસ્તવથી અન્ય નથી. આ બધાં પૂર્વકથનો અને પ્રસ્તુત ગાથા-૧૧૩માં કહ્યું કે, સાધુને સાક્ષાત્ દ્રવ્યસ્તવ ઇષ્ટ નથી, એ રૂપ જે અપર કથન, એ પૂર્વકથન અને અપરકથનના નિરૂપણ દ્વારા=વિચારણા દ્વારા જે ગર્ભાર્થ=રહસ્યાર્થ છે, તેને કહે છે –

ટીકાર્થ :-

ભાવપ્રધાના ..... ગાથાર્થઃ ।। મુનિઓ ભાવપ્રધાન છે અર્થાત્ મુનિઓ દ્રવ્યપ્રધાન નથી પરંતુ ભાવપ્રધાન છે, એથી કરીને આ=દ્રવ્યસ્તવ મુનિઓને ઉપસર્જનરૂપે=ગૌણરૂપે છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૧૩।।

ભાવાર્થ :-

સાધુઓ કૃત્સ્ન=સંપૂર્ણ, સંયમવાળા છે માટે સ્નાનાદિ કરતા નથી અને તેમની પાસે દ્રવ્ય હોતું નથી, કે જેથી તેઓ ઉત્તમ દ્રવ્યોથી સાક્ષાત્=સ્વરૂપથી, દ્રવ્યસ્તવ કરે. તેથી તંત્રસ્થિતિથી=સિદ્ધાંતની મર્યાદાથી, સાક્ષાત્ તેઓને દ્રવ્યસ્તવ ઇષ્ટ નથી, એ પ્રમાણે જણાય છે.

વળી, પ્રસ્તુત ગાથાની ટીકામાં પૂર્વાપર કથનના નિરૂપણ દ્વારા તાત્પર્યાર્થમાં બતાવ્યું કે, મુનિઓ ભાવપ્રધાન હોય છે. તેનો આશય એ છે કે, ચૈત્યવંદનામાં પૂજન-સત્કારહેતુક કાયોત્સર્ગ દ્વારા ફળના સંપાદન માટે કે દ્રવ્યસ્તવ કરવાદિના ઉપદેશરૂપે કે લોકોપચારવિનયરૂપે દ્રવ્યસ્તવના સંપાદન માટે મુનિને દ્રવ્યસ્તવ હોય છે. દ્રવ્યસ્તવવિષયક ભાવ હોવાથી દ્રવ્યસ્તવ ગૌણ અને ભાવ મુખ્ય બને છે; કેમ કે જે વિશેષણ હોય તે ગૌણ કહેવાય અને વિશેષ્ય હોય તે મુખ્ય કહેવાય. અને શ્રાવક જ્યારે દ્રવ્યસ્તવ સંપાદન કરે છે, ત્યારે ભગવાનની ભક્તિના ભાવ માટે દ્રવ્યસ્તવમાં શ્રાવકની પ્રવૃત્તિ છે, તેથી પ્રવૃત્તિના વિષયભૂત દ્રવ્યસ્તવમાં ભાવ વિશેષણ બને છે અને દ્રવ્યથી કરાતી ક્રિયાઓ વિશેષ્ય બને છે. માટે શ્રાવકની પૂજન-સત્કારની ક્રિયામાં દ્રવ્ય મુખ્ય છે અને ભાવ ગૌણ છે.

અહીં વિશેષ એ છે કે, સ્નાનાદિમાં જલના જીવોની હિંસા થાય છે, માટે સાધુઓ દ્રવ્યસ્તવ કરતા નથી તેમ નથી. અને જો તેમ સ્વીકારીએ તો સંયમની વૃદ્ધિ અર્થે નદી ઊતરવામાં પણ અપ્કાયની હિંસા થાય છે, અને વિહાર કરવામાં પણ વાઉકાયની હિંસા થાય છે. આમ છતાં સંયમની વૃદ્ધિનું કારણ હોવાથી સાધુ નદી પણ ઊતરે છે અને વિહાર પણ કરે છે. તે જ રીતે ભાવવૃદ્ધિનું કારણ હોય તો સાધુ સ્નાન કરીને પૂજા પણ સંપાદન કરે. પરંતુ સાધુ ભગવાનની ઉચ્ચતર ભક્તિ સંપૂર્ણ સંયમના પાલનથી કરી શકે છે અને સંપૂર્ણ

સંયમ સ્નાનાદિના ત્યાગથી થાય છે; કેમ કે બ્રહ્મચારીઓને સ્નાનાદિના વર્જનનો ઉપદેશ છે. અને સાધુ પાસે કોઈ પરિગ્રહ નથી, તેથી સાધુ સ્નાનપૂર્વક દ્રવ્યથી સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરતા નથી, પરંતુ દ્રવ્યસ્તવવિષયક ભાવ કરવા અર્થે દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે અને તેના ફળની ઇચ્છા કરે છે. **॥૧૧૩॥**

ગાથા :-

"एएहिंतो अण्णे धम्माहिगारीहिं जे उ तेसिं तु ।
सक्खं चिय विण्णेओ भावंगतया जओ भणियं" ।।११४।।

ગાથાર્થ :-

આનાથી=મુનિઓથી, અન્ય ધર્માધિકારી જે=શ્રાવકો, તેઓને વળી સાક્ષાત્ જ=સ્વરૂપથી જ, ભાવના અંગપણા વડે દ્રવ્યસ્તવ છે, જે કારણથી (શાસ્ત્રમાં) કહેલ છે. ॥૧૧૪॥

ટીકા :-

एतेभ्यो मुनिभ्योऽन्ये धर्माधिकारिण इह ये श्रावकास्तेषां तु विज्ञेयः साक्षादेव स्वरूपेणैव भावाङ्गतया हेतुभूतया यतो भणितम् ।।११४।।

ટીકાર્થ :-

एतेभ्यो ..... અહીં=જગતમાં આનાથી=મુનિઓથી, અન્ય ધર્માધિકારી જે શ્રાવકો, તેઓને વળી સાક્ષાત્ જ=સ્વરૂપથી જ, ભાવના અંગપણાથી=હેતુભૂતપણાથી અર્થાત્ સર્વવિરતિની પ્રાપ્તિરૂપે ભાવના હેતુપણાથી, દ્રવ્યસ્તવ છે, જે કારણથી (શાસ્ત્રમાં) કહેલ છે. ॥૧૧૪॥

ભાવાર્થ :-

ભાવપ્રધાન એવા મુનિઓથી અન્ય ધર્માધિકારી એવા જે શ્રાવકો છે, તેમને સર્વવિરતિની પ્રાપ્તિના કારણભૂત એવા ભાવોના હેતુરૂપે સાક્ષાત્ દ્રવ્યસ્તવ અભિમત છે.

આશય એ છે કે, મુનિઓ સાક્ષાત્ સર્વવિરતિનું પાલન કરીને મોક્ષને અનુકૂળ યત્ન કરી શકે છે, જ્યારે શ્રાવકો તેવા પ્રકારના ધર્મનું સેવન કરવા માટે અસમર્થ છે. આમ છતાં શ્રાવકો પણ મોક્ષના અર્થી છે, માટે તેઓ ઇચ્છે છે કે, "હું આ ભગવાનની તે રીતે ભક્તિ કરું કે જેથી મારામાં પણ સર્વવિરતિના સ્વીકારનું સામર્થ્ય પ્રગટે." આ પ્રકારના ભાવના અંગરૂપે શ્રાવકો સાક્ષાત્ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે, અને તે દ્રવ્યસ્તવથી પેદા થયેલ ભાવના કારણે પુણ્યાનુબંધીપુણ્યનું ઉપાર્જન કરે છે, અને તેનાથી જન્માંતરમાં સર્વવિરતિને અનુકૂળ શક્તિઓની પ્રાપ્તિ કરે છે. માટે સર્વવિરતિને અનુકૂળ એવા ભાવોના અંગરૂપે શ્રાવકોને સાક્ષાત્ દ્રવ્યસ્તવ ઇષ્ટ છે, અને તેમાં સાક્ષી આપતાં કહે છે કે જે કારણથી શાસ્ત્રમાં=આવશ્યક નિ.ભા. ગાથા-૧૯૪માં કહેવાયેલું છે, અને તે સાક્ષી ગાથા-૧૧૫ રૂપે અહીં આપેલ છે. **॥૧૧૪॥**

જે કહેલ છે તે ગાથા-૧૧૫માં બતાવે છે –

ગાથા :-

"अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणो दव्वत्थए कूवदिट्ठंतो" ।।११५।।

ગાથાર્થ :-

અકૃત્સ્નપ્રવર્તક વિરતાવિરતોને=દેશવિરતોને, સંસારપ્રતનુકરણ=સંસારને અલ્પ કરનાર, આ= દ્રવ્યસ્તવ, યુક્ત છે. તે દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંત છે. ।।૧૧૫।।

ટીકા :-

अकृत्स्नप्रवर्त्तकानां संयममधिकृत्य विरताविरतानां प्राणिनामेष खलु युक्तः स्वरूपेणैव संसारप्रतनुकरणः शुभानुबन्धाद् द्रव्यस्तवः, तस्मिन् द्रव्यस्तवे कूपदृष्टान्तः प्रसिद्धकथानकगम्यः ।।११५।।

ટીકાર્થ :-

अकृत्स्नप्रवर्त्तकानां ..... प्रसिद्धकथानकगम्यः ।। સંયમને આશ્રયીને અકૃત્સ્નપ્રવર્તક એવા વિરતાવિરતોને=દેશવિરત જીવોને, શુભ અનુબંધ હોવાથી સંસારને પ્રતનું=અલ્પ, કરનાર આ દ્રવ્યસ્તવ સ્વરૂપથી જ યુક્ત છે. તે દ્રવ્યસ્તવમાં પ્રસિદ્ધ કથાનકગમ્ય કૂપદૃષ્ટાંત છે. ।।૧૧૫।।

ભાવાર્થ :-

શ્રાવકો સંપૂર્ણ સંયમવાળા નથી અને સંયમને આશ્રયીને કાંઈક વિરતિ અને કાંઈક અવિરતિના પરિણામવાળા છે. તે શ્રાવકો ધનાદિ રાખે છે અને ભગવાનની ભક્તિ માટે સ્નાનાદિ કરે અને પોતાના ધનનો ભગવદ્ભક્તિમાં ઉપયોગ કરે તો તેનાથી તેઓને શુભભાવ થાય છે; કેમ કે ભગવાનની ભક્તિ અર્થે હું સ્નાન કરું છું, તેવી બુદ્ધિ હોય છે; અને પોતે દ્રવ્યના રાગથી જે ધનનો સંચય કર્યો છે, તે ધન ભગવાનની ભક્તિમાં વાપરીને હું મારા આત્મહિતને સાધું, એ પ્રકારના શુભભાવને કારણે દેશવિરત શ્રાવકો દ્વારા સ્વરૂપથી કરાતો દ્રવ્યસ્તવ સંસારને અલ્પ કરવાનું કારણ બને છે, અને તેમાં કૂપદૃષ્ટાંત પ્રસિદ્ધ છે. **॥૧૧૫॥**

અવતરણિકા :-

आक्षिप्य समाधत्ते –

અવતરણિકાર્થ :-

આક્ષેપ કરીને સમાધાન કરે છે –

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવનું વર્ણન ચાલે છે. દ્રવ્યસ્તવના વર્ણનમાં સૌથી આરંભમાં જિનભવનાદિ કઈ રીતે

કરાવવાં તેની વિધિ બતાવી. ત્યાર પછી દ્રવ્યસ્તવથી ભાવસ્તવ કઈ રીતે પ્રગટે તે કહ્યું. ત્યાં આક્ષેપ કરે છે કે, દ્રવ્યસ્તવ એ પુષ્પાદિ પૂજારૂપ હોઈ શકે, પરંતુ જિનભવનકારણાદિ સ્વરૂપ ન હોઈ શકે. આ રીતે આક્ષેપ કરીને તેનું સમાધાન કરે છે –

ગાથા :-

"सो खलु पुप्फाईओ तत्थुत्तो ण जिणभवणमाई वि ।
आइसद्दावुत्तो, तयभावे कस्स पुप्फाइ" ।।११६।।

ગાથાર્થ :-

તે=દ્રવ્યસ્તવ, ખરેખર પુષ્પાદિરૂપ ત્યાં કહેવાયો=શ્લોક-૬૦માં સાક્ષી તરીકે આવશ્યકસૂત્રનો પાઠ છે ત્યાં કહેવાયો, જિનભવનાદિ પણ નહીં.

આ પ્રકારના આક્ષેપમાં સમાધાન કરે છે –

પુષ્પાદિમાં 'આદિ' શબ્દથી જિનભવનાદિ કહેવાયેલ છે. જિનભવનાદિના અભાવમાં કોને પુષ્પાદિ ચડાવવાનાં હોય ? ।।૧૧૬।।

ટીકા :-

स खलु द्रव्यस्तवः पुष्पादिस्तत्रोक्तः 'पुप्फाइ ण इच्छंति'त्ति **प्रतिषेधः प्रत्यासन्नः, न जिनभवनादेरनधिकारात्, तत्राह-आदि शब्दादुक्तो जिनभवनादिरपि, तदभावे=जिनभवनाद्यभावे, कस्य पुष्पादिरिति गाथार्थः ।।११६।।**

ટીકાર્થ :-

स ..... गाथार्थः ।। તે=દ્રવ્યસ્તવ, ખરેખર પુષ્પાદિરૂપ ત્યાં=શ્લોક-૬૦માં સાક્ષી તરીકે આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧માં કહેવાયો, પુપ્ફાઇ ણ ઇચ્છંતિ=કૃત્સ્ન સંયમીઓ પુષ્પાદિ ઇચ્છતા નથી; **એ પ્રકારે પ્રતિષેધ પ્રત્યાસન્ન છે=નજીકમાં છે. પરંતુ જિનભવનાદિ ઇચ્છતા નથી, એમ કહેવાયું નથી; કેમ કે અનધિકાર છે.**

ત્યાં=આ પ્રકારના આક્ષેપમાં, સમાધાન કહે છે –

પુષ્પાદિમાં 'આદિ' શબ્દથી જિનભવનાદિ પણ કહેવાયેલ છે. તેના અભાવમાં=જિનભવનાદિના અભાવમાં, કોને પુષ્પાદિ ચડાવવાનાં હોય ? એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૧૬।।

ભાવાર્થ :-

શ્લોક-૬૦માં આવશ્યકનિર્યુક્તિ ભાષ્યની સાક્ષી આપી, તે ગાથા-૧૯૧માં કહ્યું કે, દ્રવ્યસ્તવ પુષ્પાદિરૂપ છે. ત્યાર પછી ગાથા-૧૯૩માં ત્યાં કહ્યું કે, કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો તત્ત્વથી સાધુઓ છે, તેઓ પુષ્પાદિને ઇચ્છતા નથી; આ પ્રમાણે પ્રતિષેધ કરાયો. તેથી દ્રવ્યસ્તવ પુષ્પાદિરૂપ છે એ કથનની નજીકમાં પુષ્પાદિ

ઇચ્છતા નથી, એ પ્રતિષેધથી પ્રાપ્ત થાય છે, પરંતુ જિનભવનાદિનો નિષેધ પ્રાપ્ત થતો નથી; કેમ કે અનધિકાર છે અર્થાત્ દ્રવ્યસ્તવરૂપે જિનભવનનો, અહીં અધિકાર નથી. તેથી કૃત્સ્નસંયમીઓ=સાધુઓ, જિનભવનાદિને ઇચ્છતા નથી એમ ન કહ્યું, પરંતુ કૃત્સ્નસંયમીઓ=સાધુઓ, પુષ્પાદિને ઇચ્છતા નથી, એમ કહ્યું. આ પ્રકારે પૂર્વપક્ષીનો આક્ષેપ છે.

પૂર્વપક્ષીએ જે આક્ષેપ કર્યો તેનો આશય એ છે કે, દ્રવ્યસ્તવ એ દ્રવ્ય દ્વારા ભગવાનની ભક્તિરૂપ હોઈ શકે, તેથી પુષ્પાદિથી થતી ભક્તિ એ દ્રવ્યસ્તવરૂપ છે, પરંતુ જિનભવનાદિ બનાવવું તે દ્રવ્યસ્તવરૂપ કઈ રીતે થઈ શકે ? આ પ્રકારના આક્ષેપમાં સમાધાન આપતાં કહે છે –

દ્રવ્યસ્તવ પુષ્પાદિરૂપ છે એમ કહ્યું અને કૃત્સ્નસંયમીઓ=સાધુઓ, પુષ્પાદિને ઇચ્છતા નથી, ત્યાં પુષ્પાદિમાં 'આદિ' શબ્દથી જિનભવનાદિ પણ કહેવાયેલ છે; કેમ કે જિનભવનાદિના અભાવમાં પુષ્પાદિ કોને ? અર્થાત્ જો જિનભવન જ ન હોય તો પુષ્પાદિ કોને ચઢાવવાં ? તેથી પુષ્પાદિરૂપ દ્રવ્યસ્તવ છે એમ કહેવાથી પુષ્પાદિ દ્વારા પૂજા કરવા માટે પૂજાના વિષયભૂત જિનભવનાદિની પણ પ્રાપ્તિ થાય છે.

યદ્યપિ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧ના પાઠમાં પુષ્પાદિમાં 'આદિ' શબ્દથી ગંધ-ધૂપાદિનો પરિગ્રહ કરેલ છે, ત્યાં 'ધૂપાદિ'માં 'આદિ' શબ્દથી જિનભવનાદિનું ગ્રહણ કરેલ છે; કેમ કે ભગવાનની ભક્તિ જેમ પુષ્પાદિથી થઈ શકે છે, તેમ જિનભવન કરાવવાથી પણ થઈ શકે છે.

અહીં વિશેષ એ છે કે, સાક્ષાત્ સ્થાપનાજિન પ્રત્યે પુષ્પ, ધૂપ આદિથી ભક્તિ થતી હોય છે, તેથી તે દ્રવ્યસ્તવરૂપે દેખાય છે; કેમ કે તે સ્થાપનાજિનની ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાની ક્રિયારૂપ છે. જ્યારે જિનભવનનનું નિર્માણ તો સ્થાપનાજિનની નિષ્પત્તિની પૂર્વની ક્રિયા છે, તેથી આ સ્થાપનાજિનનું દ્રવ્યથી પૂજન છે, તેવું જણાય નહિ; તોપણ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીએ તો જે શ્રાવકને ભાવજિન્ પ્રત્યે બહુમાન છે, તે શ્રાવકને ભાવજિનની સ્થાપના પ્રત્યે પણ બહુમાન છે. તેથી તે શ્રાવક જેમ સ્થાપનાજિનની પુષ્પાદિથી પૂજા કરે છે, તે જ રીતે સ્થાપનાજિન પ્રત્યેના બહુમાનને કારણે જ સ્થાપનજિનની પ્રતિષ્ઠા કરવા અર્થે જિનભવન પણ કરાવે છે, અને જિનભવનનિર્માણની ક્રિયા ઉત્તમ દ્રવ્યોથી થાય છે, તેથી ઉત્તમ દ્રવ્યો દ્વારા જિનભવનના નિર્માણની ક્રિયા સ્થાપનાજિનની ભક્તિમાં વિશ્રાંત થાય છે. **॥૧૧૬॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૧૬માં સિદ્ધ કર્યું કે, જેમ પુષ્પાદિથી દ્રવ્યસ્તવ થાય છે, તેમ જિનભવન કરાવવાથી પણ દ્રવ્યસ્તવ થાય છે. તેથી દ્રવ્યસ્તવના અધિકારમાં જિનભવન કરાવવાનું કહ્યું તે અદુષ્ટ છે. અને પૂર્વે ગાથા-૧૧૩માં કહ્યું કે, મુનિઓ ભાવપ્રધાન છે, માટે મુનિને ભાવસ્તવ મુખ્યરૂપે છે અને દ્રવ્યસ્તવ ગૌણરૂપે છે, ત્યાં શંકા કરતાં કહે છે –

ગાથા :-

"નણુ તત્થેવ ય મુણિણો પુપ્ફાઇ નિવારણં ફુડં અત્થિ ।
અત્થિ તયં સયકરણં પડુચ્ચ નઽણુમોઅણાઇ વિ" ।।૧૧૭।।

ગાથાર્થ :-

'નનુ'થી શંકા કરે છે કે, અને ત્યાં જ=આવશ્યકનિર્યુક્તિમાં જ્યાં સ્તવનો અધિકાર ચાલે છે ત્યાં જ, આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩માં, મુનિઓને પુષ્પાદિનું નિવારણ સ્ફુટ=પ્રગટ છે.

ગ્રંથકારશ્રી તેનો ઉત્તર આપે છે –

અસ્તિ=પૂર્વપક્ષીની વાત સાચી છે અર્થાત્ મુનિઓને પુષ્પાદિનું નિવારણ ત્યાં કરેલ છે, તે કથન સત્ય છે. પરંતુ સ્વયંકરણને=સ્વયં કરવાને, આશ્રયીને નિવારણ છે, પરંતુ અનુમોદનાદિને પણ આશ્રયીને નિવારણ નથી. ॥૧૧૭॥

❖ અણુમોઅણાઇ વિ - અહીં 'અપિ'થી કારવણનો ઉપદેશ ગ્રહણ કરવાનો છે.

ટીકા :-

'નનુ તત્રૈવ સ્તવાધિકારે મુનેઃ પુષ્પાદિનિવારણં સ્ફુટમસ્તિ 'तो कसिणसंजम' **इत्यादिवचनादेतदाशङ्क्याह-अस्ति तत्सत्यम्, किन्तु स्वयं करणं प्रतीत्य निवारणं नत्वनुमोदनाद्यपि प्रतीत्येति गाथार्थः ॥११७॥**

ટીકાર્થ :-

'નનુ ..... ગાથાર્થઃ ॥ ત્યાં જ=આવશ્યકનિર્યુક્તિમાં સ્તવનો અધિકાર ચાલે છે તે સ્તવના અધિકારમાં, મુનિને પુષ્પાદિનું નિવારણ સ્ફુટ=પ્રગટ છે; કેમ કે તો કસિણસંજમ૦ ઇત્યાદિ વચન છે. એતદ્=આ આશંકા કરીને તેનું સમાધાન કરતાં કહે છે –

તે=મુનિને પુષ્પાદિનું નિવારણ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩માં કરેલ છે તે, સત્ય છે. કિન્તુ સ્વયંકરણને આશ્રયીને પુષ્પાદિનું નિવારણ કરેલ છે, પરંતુ અનુમોદનાદિને પણ આશ્રયીને નિવારણ કરેલ નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૧૭॥

ભાવાર્થ :-

'નનુ'થી શંકા કરનારનો આશય એ છે કે, સ્તવના અધિકારમાં આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩માં કહ્યું કે, તે કારણથી કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો=મુનિઓ, પુષ્પાદિને ઇચ્છતા નથી અર્થાત્ સ્તવઅધિકારમાં મુનિઓને પુષ્પાદિનું નિવારણ સ્પષ્ટ દેખાય છે, તેથી મુનિઓને ગૌણરૂપે દ્રવ્યસ્તવ છે, તેમ કઈ રીતે કહી શકાય ?

આ શંકાનું સમાધાન આપતાં કહે છે કે, મુનિઓને પુષ્પાદિનું નિવારણ સ્પષ્ટ છે તે વાત સાચી છે, પરંતુ સ્વયંકરણને આશ્રયીને નિવારણ છે, પરંતુ અનુમોદનાદિને પણ આશ્રયીને નિવારણ નથી, માટે મુનિઓને અનુમોદનાને આશ્રયીને ગૌણરૂપે દ્રવ્યસ્તવ હોય છે. **॥૧૧૭॥**

અવતરણિકા :-

એતદેવ સમર્થયતિ –

અવતરણિકાર્થ :-

આને જ સમર્થન કરે છે=મુનિઓને પુષ્પાદિનું નિવારણ સ્વયં કરણને આશ્રયીને છે, પરંતુ અનુમોદનાને આશ્રયીને નથી, એને જ સમર્થન કરે છે –

ગાથા :-

"सुव्वइ अ वयररिसिणा कारवणं पि अ अणुट्ठियमिमस्स ।
वायगगंथेसु तहा एयगया देसणा चेव" ।।११८।।

ગાથાર્થ :-

અને સંભળાય છે કે=શાસ્ત્રમાં સંભળાય છે કે, વજઋષિ વડે આનું=દ્રવ્યસ્તવનું, કારવણ પણ અનુષ્ઠિત છે=આચરાયેલું છે, તથા વાચકગ્રંથોમાં=ઉમાસ્વાતિ મહારાજા નિર્મિત ગ્રંથોમાં, આનાગત=દ્રવ્યસ્તવના સંબંધી, દેશના પણ દેખાય છે. ।।૧૧૮।।

ટીકા :-

श्रूयते च वज्रर्षिणा पूर्वधरेण कारणमपि तत्त्वतोऽनुष्ठितमेतस्य=द्रव्यस्तवस्य [१]'माहेसरीउ' **इत्यादिवचनात्, तथा वाचकग्रन्थेष्वेतद्देशनापि दृश्यते,** [२]'यस्तृणमयीमपि' **इत्यादिवचनात् ।।११८।।**

ટીકાર્થ :-

श्रूयते ..... इत्यादिवचनात् ।। અને સંભળાય છે કે=શાસ્ત્રમાં સંભળાય છે કે, પૂર્વધર એવા વજઋષિ વડે આનું=દ્રવ્યસ્તવનું કારવણ પણ તત્ત્વથી અનુષ્ઠિત=આચરાયેલું છે; કેમ કે 'माहेसरीउ' ઈત્યાદિ વચન છે. તથા વાચકગ્રંથોમાં=ઉમાસ્વાતિ મહારાજા નિર્મિત ગ્રંથોમાં, આનાગત=દ્રવ્યસ્તવ સંબંધી, દેશના પણ દેખાય છે; કેમ કે 'यस्तृणमयीमपि'=જે તૃણમયી પણ કુટિર=ઝૂંપડી કરે છે, ઈત્યાદિ વચન છે. ।।૧૧૮।।

ભાવાર્થ :-

વજસ્વામીએ શાસનપ્રભાવના માટે માહેશ્વર ઉદ્યાનમાંથી પુષ્પાદિ લાવીને ભગવાનની જિનપૂજાદિ કરાવ્યાં, એ પ્રમાણે શાસ્ત્રવચનથી સંભળાય છે, તેથી મુનિને દ્રવ્યસ્તવ સ્વયં કરણને આશ્રયીને નિષેધ છે, પરંતુ અપવાદથી જ્યારે શાસનપ્રભાવના માટે પુષ્પાદિ લાવીને કરાવણ પણ કરી શકાય છે, ત્યારે કોઈ ભગવાનની ભક્તિ કરતો હોય તેની અનુમોદના કરવામાં તો ક્યાંય નિષેધ થતો નથી. તથા ઉમાસ્વાતિ

---

૧. माहेसरिए सेसा-पुरियं नीआ हुआसणगिहाओ गयणतलमइवइत्ता वइरेण महाणुभावेण ।। त्ति पूर्णगाथा । -आ. नि. ७७२

૨. यस्तृणमपि कुटीं कुर्याद् दद्यात्तथैकपुष्पमपि भक्त्या परमगुरुभ्यः पुण्योन्मानं कुतस्तस्य? ।। पूजाप्रकरणे

મહારાજા નિર્મિત ગ્રંથોમાં દ્રવ્યસ્તવગત=દ્રવ્યસ્તવવિષયક, દેશના પણ દેખાય છે; કેમ કે 'यस्तृणमयीमपि' ઇત્યાદિ વચન છે. તે વચન આ પ્રમાણે છે – જે તૃણમયી પણ જિનભવનરૂપ કુટિર કરે છે તથા ભક્તિથી એક પુષ્પ પણ પરમગુરુને=તીર્થંકરને, અર્પણ કરે છે, તેના પુણ્યનું માન ક્યાં થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સાધુ દ્રવ્યસ્તવની દેશના આપી શકે છે, તેથી સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય છે તે સિદ્ધ થાય છે. **॥૧૧૮॥**

ગાથા :-

"आहेवं हिंसावि हु धम्माय ण दोसयारिणी त्ति ठियं ।
एवं च वेयविहिया णिच्छिज्जइ सेह वामोहो" ।।११९।।

ગાથાર્થ :-

અહીં કોઈ પૂર્વપક્ષી 'આહ'થી શંકા કરે છે – આ પ્રમાણે=પૂર્વે કહ્યું કે, દ્રવ્યસ્તવ કરવાથી તે તે પ્રકારના પુણ્યાદિની પ્રાપ્તિ દ્વારા ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે, એ પ્રમાણે, ધર્મ માટે હિંસા પણ દોષકારી નથી, એ પ્રમાણે સ્થિત થયું. અને એ પ્રમાણે=જે રીતે દ્રવ્યસ્તવમાં હિંસા પણ દોષકારી નથી, એ પ્રમાણે, વેદવિહિત તે=હિંસા, અહીંયાં=વિચારમાં=ધર્મની વિચારણામાં, ઇચ્છાતી નથી, તે વ્યામોહ છે. ॥૧૧૯॥

ટીકા :-

आहैवं द्रव्यस्तवविधाने हिंसापि धर्माय, न दोषकारिणीति स्थितम्, एवं च वेदविहिता सा= हिंसेह=विचारे नेष्यते स व्यामोहो भवतां, तुल्ययोगक्षेमत्वात् ।।११९।।

ટીકાર્થ :-

आहैवं ..... तुल्ययोगक्षेमत्वात् ।। અહીં કોઈ પૂર્વપક્ષી 'આહ'થી શંકા કરે છે – એવં આ પ્રમાણે પૂર્વે કહ્યું કે દ્રવ્યસ્તવ કરવાથી તે તે પ્રકારના પુણ્યના ઉપાર્જન દ્વારા ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે, દ્રવ્યસ્તવના વિધાનમાં ધર્મ માટે હિંસા પણ દોષકારી નથી એ પ્રમાણે સ્થિત થયું. અને એ પ્રકારે=જે પ્રકારે દ્રવ્યસ્તવમાં હિંસા દોષકારી નથી એ પ્રકારે, વેદવિહિત તે=હિંસા, અહીંયાં=વિચારમાં=ધર્મની વિચારણામાં, ઇચ્છાતી નથી, તે તમારો વ્યામોહ છે; કેમ કે તુલ્ય યોગક્ષેમપણું છે=દ્રવ્યસ્તવ અને વેદવિહિત હિંસાનું સમાન યોગક્ષેમપણું છે. ॥૧૧૯॥

❖ અહીં દ્રવ્યસ્તવ અને વેદવિહિત હિંસામાં સમાન યોગક્ષેમપણું કહ્યું, તે આ રીતે –

જેમ દ્રવ્યસ્તવમાં પરના પ્રાણના નાશરૂપ યોગ છે, તેમ વેદવિહિત હિંસામાં પણ પરના પ્રાણનો નાશ થાય છે, એ રૂપ યોગ છે; અને જેમ દ્રવ્યસ્તવમાં ધર્મનું ક્ષેમ=રક્ષણ, થાય છે તેમ વેદવિહિત હિંસામાં પણ ધર્મનું ક્ષેમ= રક્ષણ, થાય છે. તેથી બંનેમાં તુલ્ય યોગક્ષેમ છે. માટે વેદવિહિત હિંસા દોષકારી નથી એમ ન સ્વીકારવું તે તમારો વ્યામોહ છે અર્થાત્ વેદવિહિત હિંસા દોષકારી છે એમ માનવું એ તમારો વ્યામોહ છે.

ભાવાર્થ :-

'આહ'થી શંકા કરનારનો આશય એ છે કે, દ્રવ્યસ્તવમાં હિંસા હોવા છતાં ભગવાનની ભક્તિનો શુભાશય હોવાથી દોષરૂપ નથી, એમ તમારા કથનથી સ્થાપન થાય છે; આમ છતાં વેદમાં કહેલી હિંસાને તમે ધર્મરૂપે સ્વીકારતા નથી, તે તમારો સ્વદર્શનનો પક્ષપાત છે; કેમ કે શાસ્ત્રવચનથી પ્રવૃત્તિ જેમ દ્રવ્યસ્તવમાં છે, તેમ વેદમાં પણ યજ્ઞનું વિધાન છે, અને તે વેદવચનથી જે લોકો પ્રવૃત્તિ કરે છે, ત્યાં તમે હિંસા કહો છો, એ ખરેખર સ્વદર્શનના પક્ષપાતરૂપ તમારો વ્યામોહમાત્ર છે. **॥૧૧૯॥**

અવતરણિકા :-

'અથ'થી પૂર્વપક્ષી શંકા ઉદ્ભાવન કરીને કહે છે –

ગાથા :-

"पीडाकरी त्ति अह सा तुल्लमिणं हंदि अहिगयाए वि ।
ण य पीडाउ अधम्मो णियमा वेज्जेण वभियारा" ।।१२०।।

ગાથાર્થ :-

તે=વેદવિહિત હિંસા, પીડાકારી છે, એથી કરીને અધિકૃતમાં પણ=જિનભવનાદિ હિંસામાં પણ, આ=બીજા જીવોને પીડા થવી એ, તુલ્ય જ છે.

વળી પૂર્વપક્ષી ઉપપત્ત્યન્તર=અન્ય યુક્તિ, કહે છે –

અને પીડાથી નિયમા=એકાંતથી જ અધર્મ છે એવું નથી; કેમ કે વૈદ્ય સાથે વ્યભિચાર છે. ।।૧૨૦।।

❖ 'हंदि' મૂળગાથામાં છે તે ઉપદર્શન અર્થક છે.

ટીકા :-

'पीडाकारिणीत्यथ सा 'वेदविहिता हिंसा' एतदाशङ्क्याह तुल्यमिदं हंदि ! अधिकृतायामपि जिनभवनादिहिंसायाम्, उपपत्त्यन्तरमाह-न च पीडातोऽधर्मो नियमादेकान्तेनैव वैद्येन व्यभिचारात्, हितकृतस्तस्यौषधात्पीडोत्पत्तावप्यधर्मानुत्पत्तेः ।।१२०।।

ટીકાર્થ :-

पीडाकारिणीत्यथ ..... जिनभवनादिहिंसायाम् । તે=વેદવિહિત હિંસા, પીડાકારી છે, એથી કરીને ધર્મરૂપે માન્ય નથી. આ આશંકા ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષી કહે છે - અધિકૃતમાં પણ=જિનભવનાદિ હિંસામાં પણ, આ=બીજા જીવોને પીડા થવી એ, તુલ્ય=સમાન છે.

❖ 'हंदि' ઉપદર્શન અર્થક છે.

उपपत्त्यन्तरमाह – વેદવિહિત હિંસામાં જે બીજા જીવોને પીડા થાય છે, એટલાથી તે અધર્મરૂપ સિદ્ધ થતી નથી. તેમાં અન્ય ઉપપત્તિ=યુક્તિ કહે છે અર્થાત્ જેમ તમારે જિનભવનાદિ વિધાનમાં

બીજા જીવોને પીડા છતાં અધર્મ નથી, તેમ વેદવિહિત હિંસા પીડાકારી હોવા છતાં અધર્મરૂપ નથી, એ યુક્તિ બતાવ્યા પછી અન્ય યુક્તિ બતાવે છે –

न च ..... अधर्मानुत्पत्तेः ।। પીડાથી નિયમા=એકાંતથી જ અધર્મ થાય છે એવું નથી; કેમ કે વૈદ્યની સાથે વ્યભિચાર છે; કેમ કે હિતકારી એવા તેના=વૈદ્યના, ઔષધથી પીડાની ઉત્પત્તિ થયે છતે પણ વૈદ્યને અધર્મની અનુત્પત્તિ છે. ॥૧૨૦॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૧૯માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે, જેમ દ્રવ્યસ્તવમાં ધર્મ માટે થતી હિંસા દોષરૂપ નથી, તેમ વેદવિહિત હિંસા પણ દોષરૂપ નથી, તેમ તમારે સ્વીકારવું જોઈએ. અને તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે કે, કદાચ કોઈ એમ કહે કે, વેદવિહિત હિંસા બીજા જીવોને પીડાકારી છે, તેથી તેને ધર્મરૂપે કઈ રીતે કહી શકાય ? તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે, જેમ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોને પીડા થાય છે, છતાં દ્રવ્યસ્તવ કરનારને ધર્મ થાય છે, તેમ વેદવિહિત હિંસામાં પણ અન્ય જીવોને પીડા થવા છતાં ધર્મ સ્વીકારવામાં કોઈ બાધ નથી.

આ રીતે વેદવિહિત હિંસાને ધર્મરૂપે સ્થાપન કરીને વિશેષ યુક્તિ બતાવે છે, તે આ રીતે –

બીજાને પીડા થાય એટલામાત્રથી એકાંતે અધર્મ થતો નથી. જેમ વૈદ્ય કોઈને કટુ ઔષધ આપે તો તે રોગીને પીડાની ઉત્પત્તિ થાય છે, આમ છતાં વૈદ્યને અધર્મની ઉત્પત્તિ થતી નથી. તેમ વેદમાં કરાયેલી હિંસાથી અધર્મ છે તેવી વ્યાપ્તિ બાંધી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષી વેદવિહિત હિંસાને ધર્મરૂપે માનતો નથી, પરંતુ તે દ્રવ્યસ્તવમાં થતી હિંસાને જોઈને દ્રવ્યસ્તવ ધર્મરૂપે નથી તેમ સ્થાપન કરવા માટે કહે છે કે, જો તમે દ્રવ્યસ્તવને ધર્મરૂપે માનો તો વેદવિહિત હિંસાને પણ તમારે ધર્મરૂપે માનવી પડશે. આમ સ્થાપન કરીને વસ્તુતઃ દ્રવ્યસ્તવ ધર્મરૂપ નથી, તેમ પૂર્વપક્ષીને સ્થાપન કરવું છે. **॥૧૨૦॥**

અવતરણિકા :-

'अथ'થી પૂર્વપક્ષી ફરી શંકા ઉદ્ભાવન કરીને કહે છે –

ગાથા :-

"अह तेसिं परिणामे सुहं नु तेसिं पि सुव्वइ एवं ।
तज्जणणे वि ण धम्मो भणिओ परदारगाईणं ।।१२१।।"

ગાથાર્થ :-

જિનભવનાદિમાં તેઓને=હિંસ્યમાન જીવોને, પરિણામે સુખ છે (એથી કરીને અદોષ છે એમ કોઈ કહે તો) તેમાં પણ=યાગમાં પણ, एवं=एतद्=આ, સંભળાય છે અર્થાત્ યાગમાં પણ હિંસ્યમાન જીવોને પરિણામે સુખ છે, એ સંભળાય છે. (તેથી યાગ પણ અદોષ સિદ્ધ થશે.)

તેથી દ્રવ્યસ્તવમાં ધર્મ નથી. કદાચ હિંસ્યમાન જીવોને સુખ થાય છે, માટે ધર્મ છે એમ સ્વીકારીએ તોપણ દોષ છે, તે બતાવતાં પૂર્વપક્ષી કહે છે –

તેના=પરદારાઓને સુખના, જનનમાં પણ પારદારિકાદિઓને ધર્મ કહેવાયેલો નથી. ।।૧૨૧।।

ટીકા :-

अथ तेषां जिनभवनादौ हिंस्यमानानां परिणामे सुखमेवेत्यदोषः, एतदाशङ्क्याह-तेषामपि यागे हिंस्यमानानां श्रूयते एतत्, स्वर्गपाठात्, उपपत्त्यन्तरमाह-तज्जननेऽपि=सुखजननेऽपि, न धर्मो भणितः पारदारिकादीनाम्, तस्मादेतदपि व्यभिचारीति गाथार्थः ।।१२१।।

ટીકાર્થ :-

अथ ..... गाथार्थः ।। જિનભવનાદિમાં તેઓને=હિંસ્યમાન જીવોને, પરિણામે સુખ છે એથી કરીને અદોષ છે, આ આશંકા ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષી કહે છે –

યાગમાં તેઓને પણ=હિંસ્યમાન જીવોને પણ, પરિણામે સુખ છે એ સંભળાય છે; કેમ કે સ્વર્ગનો પાઠ છે અર્થાત્ વેદમાં કહેલ છે કે, યાગમાં જે જીવોને હોમવામાં આવે છે તે સ્વર્ગમાં જાય છે.

જેમ યાગમાં ધર્મ નથી, તેમ દ્રવ્યસ્તવમાં ધર્મ નથી. આમ છતાં દ્રવ્યસ્તવમાં જે જીવોની હિંસા થાય છે, તેમને પરિણામે સુખ થાય છે એમ માનીને દ્રવ્યસ્તવમાં ધર્મ માનવામાં આવે તો તે પણ સંગત નથી. તેની અન્ય ઉપપત્તિ= યુક્તિ, પૂર્વપક્ષી બતાવે છે –

તેના જનનમાં પણ=પરદારાઓને સુખજનનમાં પણ, પારદારિકાદિઓને ધર્મ કહેલો નથી. તે કારણથી આ પણ=જિનભવનાદિમાં હિંસ્યમાન જીવોને પરિણામે સુખ છે માટે દ્રવ્યસ્તવમાં ધર્મ છે એ કથન પણ, વ્યભિચારી છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૨૧।।

ભાવાર્થ :-

જિનભવનાદિમાં જે જીવોની હિંસા થાય છે, તે જીવોને જિનભવનરૂપ કાર્યમાં પોતાના પ્રાણનો વિનાશ થયો હોવાથી પુણ્યબંધ થાય છે, અને તેના કારણે પરિણામમાં=ફળમાં, તેમને સુખ પ્રાપ્ત થાય છે, આમ હોવાથી એ હિંસામાં દોષ નથી, માટે જિનભવનાદિ ધર્મરૂપ છે. આ પ્રમાણે જિન મતાનુસારી કહે એમ શંકા ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષી તેનો જવાબ આપે છે કે, યાગમાં હિંસ્યમાન જીવોને પણ પરિણામે સુખ છે; કેમ કે વેદમાં કહેલ છે કે, યાગમાં જે જીવોને હોમવામાં આવે છે, તે સ્વર્ગમાં જાય છે. તેથી વેદમાં આવો પાઠ હોવાથી, પરિણામે સુખ છે એ વાત, દ્રવ્યસ્તવ અને યાગ એ બંનેમાં સમાન છે. આમ કહીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે, જો દ્રવ્યસ્તવથી હિંસ્યમાન જીવોને સુખ થાય છે, માટે દ્રવ્યસ્તવ ધર્મરૂપ છે એમ તમે કહેતા હો, તો યાગીય હિંસાને પણ તમારે ધર્મરૂપ કહેવી જોઈએ; અને જો યાગીય હિંસા તમને ધર્મરૂપ માન્ય નથી, તો તે રીતે દ્રવ્યસ્તવ પણ ધર્મરૂપ નથી.

સ્વકથનની પુષ્ટિ કરવા માટે પૂર્વપક્ષી અન્ય યુક્તિ બતાવે છે કે, હિંસ્યમાન જીવોને પરિણામમાં સુખ

હોય એટલામાત્રથી ધર્મ થતો નથી; કેમ કે પારદારિકોની પ્રવૃત્તિથી પણ પરદારાઓને સુખ થાય છે પણ એટલામાત્રથી પારદારિકોની પ્રવૃત્તિ ધર્મરૂપ કહેવાતી નથી; તે જ રીતે દ્રવ્યસ્તવમાં કરાતી હિંસાથી તે જીવોને પરિણામે સુખ થાય છે એમ સ્વીકારીએ તોપણ દ્રવ્યસ્તવ ધર્મરૂપે માની શકાય નહિ, આ પ્રકારનો દ્રવ્યસ્તવ અને યાગ બંનેને ધર્મરૂપે નહિ માનનાર પૂર્વપક્ષીનો આશય છે.

અહીં વિશેષ એ છે કે, જિનભવનાદિમાં જીવોની જે હિંસા થાય છે, તેમાં તેઓને=હિંસ્યમાન જીવોને, પુણ્યબંધ થાય છે અને ફળથી તેઓને સુખ મળે છે, તેવું કથન સ્વસિદ્ધાંતને સંમત નથી; પરંતુ સ્વસિદ્ધાંતને નહિ સમજેલ કોઈ આપાતથી જોનાર તેવો અર્થ કરે, તે પ્રકારના ભાવને સામે રાખીને પૂર્વપક્ષી તરફથી શંકા ઉદ્ભાવન કરીને દ્રવ્યસ્તવ અને યાગીય હિંસામાં સમાનતા છે, તે બતાવવામાં આવ્યું, અને આથી જ પૂર્વપક્ષીના આ સર્વ કથનના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી સ્વયં આગળ ગાથા-૧૪૮માં કહે છે કે, હિંસ્યમાન જીવોને પરિણામે સુખ છે, એમ અમે માનતા જ નથી. **॥૧૨૧॥**

ગાથા :-

"सिय तत्थ सुहो भावो तं कुणमाणस्स तुल्लमेयं पि ।
इयरस्स वि सुहो च्चिय णेयो इयरं कुणंतस्स" ।।१२२।।

ગાથાર્થ :-

ત્યાં=જિનભવનાદિમાં, તેને=હિંસા કરનારને, શુભભાવ થાય છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે – **આ પણ તુલ્ય છે.**

કેવી રીતે ? એથી કરીને કહે છે –

ઈતરને=વેદવિહિત હિંસાને, કરતા એવા ઈતરને પણ શુભ જ=શુભ જ ભાવ, જાણવો. ॥૧૨૨॥

ટીકા :-

स्यात् तत्र=जिनभवनादौ, शुभो भावः तां=हिंसां, कुर्वत इत्येतदाशंक्याह-तुल्यमेतदपि, कथमित्याह-इतरस्यापि वेदविहितहिंसाकर्तुः शुभ एव ज्ञेयो भाव इतरां-वेदविहितां हिंसां, कुर्वतो यागविधानेन ।।१२२।।

ટીકાર્થ :-

स्यात् ..... यागविधानेन ।। ત્યાં=જિનભવનાદિમાં, તેને=હિંસાને, કરતા એવા પૂજકને, શુભભાવ થાય. इत्येतद्=એ પ્રકારની આની આશંકા કરીને પૂર્વપક્ષી કહે છે –

આ પણ તુલ્ય છે. કેવી રીતે ? એથી કરીને કહે છે – યાગના વિધાનથી=યાગ કરવાનું કહેનાર શાસ્ત્રવચનથી, ઈતરને=વેદવિહિત હિંસાને કરતા એવા ઈતરને પણ=વેદવિહિત હિંસા કરનારને પણ, શુભ જ ભાવ જાણવો. ॥૧૨૨॥

ભાવાર્થ :-

જિનભવનાદિ કરવામાં શાસ્ત્રવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનો શુભ ભાવ છે, માટે યાગની હિંસા કરતાં જિનભવનાદિમાં થતી હિંસા જુદા પ્રકારની છે, તેથી જિનભવનાદિમાં દોષ નથી; આ પ્રમાણે કોઈ કહે તો તેને પૂર્વપક્ષી કહે છે કે, આ કથન વેદવિહિત હિંસામાં પણ સમાન છે; કેમ કે વેદવિહિત હિંસા કરનાર જીવ જે યાગ કરે છે, તેનાથી તેને પણ શાસ્ત્રવચનાનુસાર ક્રિયા કરવાનો શુભ ભાવ વર્તે છે. તેથી જો દ્રવ્યસ્તવથી શુભભાવ થઈ શકે છે, તેમ સ્વીકારીએ, તો વેદવચનાનુસાર યજ્ઞ કરનારને પણ શુભ ભાવ માનવો પડે. માટે જો દ્રવ્યસ્તવ તમને ધર્મરૂપે માન્ય હોય તો તમારે યાગ પણ ધર્મરૂપે માનવો જોઈએ. અને યાગ ધર્મરૂપે પૂર્વપક્ષીને માન્ય નથી, તેમ જૈનોને પણ ધર્મરૂપે માન્ય નથી. તેથી યાગની જેમ દ્રવ્યસ્તવ ધર્મ નથી એમ પૂર્વપક્ષી સિદ્ધાંતકારને કહે છે. **॥૧૨૨॥**

ગાથા :-

"एगिंदियाइ अह ते इयरे थोव त्ति ता किमेएणं ।
धम्मत्थं सव्वं चिय वयणा एसा न दुट्ठ त्ति" ।।१२३।।

ગાથાર્થ :-

હવે તે=જિનભવનમાં થતી હિંસા, એકેન્દ્રિયાદિ (જીવોની) છે. (તો કહે છે –) ઈતરમાં=યાગીય હિંસામાં થોડા છે અર્થાત્ યાગીય હિંસામાં પંચેન્દ્રિય જીવોની હિંસા છે તોપણ એકેન્દ્રિયાદિની અપેક્ષાએ યાગમાં જીવો સંખ્યામાં થોડા છે. તેથી આના વડે=ભેદના અભિનિવેશ વડે, શું ? વચનથી ધર્માર્થ સર્વ જ આ=હિંસા, દુષ્ટ નથી. ।।૧૨૩।।

ટીકા :-

एकेन्द्रियादयो अथ ते जिनभवनादौ हिंस्यन्त इत्याशंक्याह-इतरे स्तोका इति वेदाद् यागे हिंस्यन्ते, तत्किमेतेन भेदाभिनिवेशेन, धर्मार्थं सर्वैव सामान्येन वचनादेषा=हिंसा, न दुष्टेति गाथार्थः ।।१२३।।

ટીકાર્થ :-

एकेन्द्रियादयो ..... गाथार्थः ।। જિનભવનાદિમાં જે હિંસા થાય છે તે એકેન્દ્રિયાદિ જીવો છે, એ પ્રમાણે 'अथ'થી શંકા ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષી કહે છે, ઈતરમાં=યાગીય હિંસામાં, યદ્યપિ પંચેન્દ્રિય જીવોની હિંસા છે, તોપણ એકેન્દ્રિયાદિની અપેક્ષાએ જીવો સંખ્યામાં થોડા છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ઈતરમાં થોડા છે એ પ્રમાણે મૂળમાં કહ્યું તો ક્યાં થોડા છે ? તે ટીકામાં બતાવે છે –

વેદથી યાગમાં હિંસા કરાય છે તે જીવો સંખ્યામાં થોડા છે, તેથી આના વડે શું ?=ભેદના અભિનિવેશ વડે શું ?=દ્રવ્યસ્તવમાં એકેન્દ્રિય જીવોની હિંસા છે અને યાગમાં પંચેન્દ્રિય જીવની

હિંસા છે, એ પ્રકારના એકેન્દ્રિય-પંચેન્દ્રિયના ભેદનો અભિનિવેશ અનુચિત છે અર્થાત્ એ પ્રકારે ભેદ કરીને દ્રવ્યસ્તવમાં ધર્મ છે અને યાગીય હિંસામાં ધર્મ નથી, એમ કહેવું અનુચિત છે; કેમ કે સામાન્યથી વચનથી બધી જ ધર્માર્થ આ=હિંસા, દુષ્ટ નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૨૩॥

ભાવાર્થ :-

જિનભવનાદિમાં જે હિંસા થાય છે, તેમાં એકેન્દ્રિયાદિ જીવોનો વધ થાય છે, અને યાગીય હિંસામાં પંચેન્દ્રિય જીવોનો વધ થાય છે, તેથી યાગીય હિંસા કરતાં જિનભવનાદિથી હિંસા વિલક્ષણરૂપ છે, માટે તે હિંસા ધર્મરૂપ છે; જ્યારે યાગીય હિંસા ધર્મરૂપ નથી. આ પ્રકારની શંકા ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષી કહે છે કે, યાગીય હિંસામાં યદ્યપિ પંચેન્દ્રિય જીવોની હિંસા છે, તોપણ તે પંચેન્દ્રિય જીવો એકેન્દ્રિયાદિની અપેક્ષાએ થોડા છે. તેથી જિનભવનમાં એકેન્દ્રિયાદિ જીવોની હિંસા છે અને યાગમાં પંચેન્દ્રિય જીવોની હિંસા છે, માટે યાગીય હિંસા કરતાં જિનભવનાદિમાં હિંસા જુદા પ્રકારની હોવાથી ધર્માર્થ હિંસા છે, એવો ભેદનો અભિનિવેશ રાખવો જોઈએ નહિ; કેમ કે સામાન્યરૂપે વચનથી=જૈન અને વેદરૂપ સામાન્યરૂપે, શાસ્ત્રવચનથી, બધી જ ધર્માર્થ હિંસા દુષ્ટ નથી, તેથી યાગીય હિંસા પણ દુષ્ટ નથી. એ પ્રકારે સ્થાપન કરીને પૂર્વપક્ષી કહે છે કે, જો તમે દ્રવ્યસ્તવને ધર્મરૂપે સ્વીકારતા હો તો યાગને પણ તમારે ધર્મરૂપે સ્વીકારવો જોઈએ; કેમ કે યાગ અને દ્રવ્યસ્તવ એ બેમાં બધી રીતે સમાનતા છે. આમ કહીને પૂર્વપક્ષીને એ જ સ્થાપન કરવું છે કે, જેમ યાગમાં હિંસા છે માટે ધર્મ નથી, તેમ દ્રવ્યસ્તવમાં પણ હિંસા છે માટે ધર્મ નથી. **॥૧૨૩॥**

અવતરણિકા :-

एवं पूर्वपक्षे प्रवृत्ते सति आह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વે ગાથા-૧૧૯થી ૧૨૩માં કહ્યું એ રીતે, પૂર્વપક્ષ પ્રવૃત્ત થયે છતે ગ્રંથકારશ્રી કહે છે=જિનભવનાદિમાં થતી હિંસાની જેમ યાગીય હિંસા પણ દુષ્ટ નથી તેથી યાગીય હિંસા ઇચ્છાતી નથી તે તમારો વ્યામોહ છે એમ કહીને સામાન્યથી વચનનો આશ્રય કરીને પૂર્વપક્ષીએ જિનભવનાદિમાં થતી હિંસા અને યાગીય હિંસામાં સમાનતા બતાવી એ રીતે, પૂર્વપક્ષ પ્રવૃત્ત થયે છતે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एयं पि न जुत्तिखमं वयणमित्ता ण होइ एवमियं ।
संसारमोअगाण वि धम्मादोसप्पसंगाओ" ।।१२४।।

ગાથાર્થ :-

આ પણ=વચન દ્વારા સામાન્યથી ધર્માર્થ સર્વ જ હિંસા દુષ્ટ નથી એ પ્રમાણે પર વડે જે કહેવાયું એ પણ, યુક્તિક્ષમ નથી. વચનમાત્રથી આ=પૂર્વે ગાથાઓમાં પૂર્વપક્ષીએ કહ્યું કે જિનભવનાદિમાં થતી

હિંસા સદૃશ યાગીય હિંસા છે એ, એમ નથી=યુક્તિક્ષમ થતું નથી; કેમ કે સંસારમોચકોના પણ ધર્મના અદોષનો પ્રસંગ આવશે. ।।૧૨૪।।

ટીકા :-

एतदपि न युक्तिक्षमं यदुक्तं परेण, कुत इत्याह-न वचनमात्रादनुपपत्तिकाद् भवत्येवमेतत्सर्वम्, कुतः ? इत्याह-संसारमोचकानामपि वचनाद्धिंसाकारिणां धर्मस्य 'दुःखिनो हन्तव्या' इत्यस्यादोष-प्रसङ्गाददुष्टत्वापत्तेरित्यर्थः ।।१२४।।

ટીકાર્થ :-

एतदपि ..... पत्तेरित्यर्थः ।। "વચન દ્વારા ધર્માર્થ સર્વ જ હિંસા દુષ્ટ નથી" એ પ્રમાણે જે પર વડે કહેવાયું એ પણ, યુક્તિક્ષમ નથી.

કેમ યુક્તિક્ષમ નથી ? એથી કરીને કહે છે –

અનુપપત્તિક એવા વચનમાત્રથી આ સર્વ=પૂર્વ ગાથાઓમાં પૂર્વપક્ષીએ કહ્યું કે જિનભવનાદિમાં થતી હિંસા સદૃશ યાગીય હિંસા છે એ સર્વ, આમ થતું નથી=યુક્તિક્ષમ થતું નથી.

કેમ યુક્તિક્ષમ થતું નથી ? એથી હેતુ કહે છે –

વચનથી હિંસા કરનારા એવા સંસારમોચકોના પણ "દુઃખીઓને હણવા જોઈએ" – એ પ્રકારના આ ધર્મના અદોષનો પ્રસંગ=અદુષ્ટપણાની આપત્તિ, આવશે, એ પ્રમાણે અર્થ સમજવો. ।।૧૨૪।।

ભાવાર્થ :-

અહીં અનુપપત્તિક એવા વચનમાત્રથી આ સર્વ આમ થતું નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, અનુપપત્તિવાળા એવા વચનથી જો ધર્માર્થ હિંસા અદુષ્ટ સિદ્ધ થાય, તો સંસારમોચકો પણ પોતાના ભોગાદિ સ્વાર્થઅર્થક હિંસા કરનારા નથી, પરંતુ પોતાને અભિમત એવા વચનથી જ હિંસા કરનારા છે; અને તેઓ માને છે કે, "દુઃખીઓને હણવા જોઈએ" તે ધર્મ છે; કેમ કે તેમને હણવાથી તેઓ દુઃખમાંથી મુક્ત થાય છે. તેથી જો અનુપપત્તિક એવા વેદવચનથી હિંસા અદુષ્ટ સિદ્ધ થાય, તો સંસારમોચકોની પણ હિંસામાં અદોષત્વનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે, વેદનું વચન અનુપપત્તિક છે અને દ્રવ્યસ્તવને કહેનારું સર્વજ્ઞનું વચન ઉપપત્તિક છે, એ વાત સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવવાના છે. તેને સામે રાખીને અહીં કહ્યું કે, જે વચન અનુપપત્તિક હોય તેવા વચનથી કરાતી હિંસા ધર્મરૂપ મનાય નહિ.

આનાથી એ ફલિત થયું કે, જે વચનથી જીવ પ્રવૃત્તિ કરે અને ધીરે ધીરે અસંગભાવની પ્રાપ્તિ કરીને મોક્ષમાં પહોંચે, તેવા વચનથી જ થતી પ્રવૃત્તિમાં વસ્તુતઃ હિંસા નથી, અને ત્યાં જે હિંસા દેખાય છે, તે સ્વરૂપમાત્રથી હિંસા છે. અને જે વચનથી પ્રવૃત્તિ કરવામાં આવે અને તે પ્રવૃત્તિથી અસંગભાવની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય તેમ ન હોય, અને તેવા વચનથી પ્રવૃત્તિ કરવામાં આવે, ત્યારે જે સ્વરૂપથી હિંસા

થાય છે, ત્યાં માત્ર હિંસા નથી, પરંતુ બીજા જીવોના હિતની ઉપેક્ષારૂપ મલિન અધ્યવસાય પણ છે, માટે તે ક્રિયા પાપરૂપ છે. આથી જ ગ્રંથકારશ્રી સ્વયં આગળ સ્થાપન કરવાના છે કે, વેદવિહિત હિંસા પાપરૂપ છે. **॥૧૨૪॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૨૪માં કહ્યું કે, સંસારમોચકનું વચન અદોષ માનવું પડશે. તેથી અર્થથી એ પ્રાપ્ત થયું કે, સંસારમોચકનું વચન વેદને માનનાર પૂર્વપક્ષીને પણ અદોષ માન્ય નથી. તેથી ગ્રંથકારશ્રી સંસારમોચકનું વચન અને વેદનું વચન સમાન છે તેમાં યુક્તિ આપે છે, જેથી સંસારમોચક વચનની જેમ વેદવચન પણ પ્રમાણભૂત નથી તે સિદ્ધ થાય.

ગાથા :-

"सिय तं ण सम्मवयणं इयरं सम्मवयणं त्ति किं माणं ।
अह लोगो च्चिय णेयं तहाऽपाठा विगाणा य" ।।१२५।।

ગાથાર્થ :-

તે=સંસારમોચકનું વચન, સમ્યગ્ વચન નથી તેમ વેદને માનનાર પૂર્વપક્ષીના મતે થાય.

ઈતર=વૈદિક વચન, સમ્યગ્ વચન છે, ઇત્યત્ર=એ પ્રકારના સ્વીકારમાં, શું પ્રમાણ છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી, એમ ગ્રંથકારશ્રી કહે છે.

'અથ'થી વેદને માનનાર પૂર્વપક્ષી કહે છે કે, લોક જ પ્રમાણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આ તેમ નથી=લોક પ્રમાણ છે એ કથન તેમ નથી; કેમ કે લોકનો પ્રમાણપણાવડે અપાઠ છે અને વિગાન=વિપરીત માન્યતા છે. ॥૧૨૫॥

ટીકા :-

स्यात् तत्=संसारमोचकवचनं, न सम्यग्वचनमित्याशंक्याह, इतरद्=वैदिकं, सम्यग्वचनमित्यत्र किं मानम् ? अथ लोक एव मानमित्याशंक्याह नैतत्तथा, लोकस्य प्रमाणतयाऽपाठादन्यथा प्रमाणस्य षट्संख्याविरोधात्, तथा विगानाच्च, न हि वेदवचनं प्रमाणमित्येकवाक्यता लोकानामिति ।।१२५।।

ટીકાર્થ :-

स्यात् ..... लोकानामिति ।। તે=સંસારમોચક વચન, સમ્યગ્ વચન નથી એ પ્રમાણે વેદને માનનાર પૂર્વપક્ષીના મતે થાય, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ઈતર=વૈદિકવચન, સમ્યગ્ વચન છે એ સ્વીકારવામાં પ્રમાણ શું છે ?

'અથ'થી લોક જ પ્રમાણ છે, એ પ્રકારની વેદને માનનાર પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

આ તેમ નથી=લોક પ્રમાણ છે, એ કથન તેમ નથી; કેમ કે લોકનું પ્રમાણપણા વડે અપાઠ છે. અન્યથા પ્રમાણની ષટ્સંખ્યાનો વિરોધ છે અર્થાત્ શાસ્ત્રમાં લોકને પ્રમાણ તરીકે કહેલ નથી, અને જો લોકને પ્રમાણ તરીકે સ્વીકારો તો શાસ્ત્રમાં છ પ્રમાણ કહ્યાં છે, તેનો વિરોધ થશે. અને વિગાન=વિપરીત માન્યતા છે=કેટલાક લોકો વૈદિક વચન સમ્યગ્ છે એમ કહે છે અને કેટલાક લોકો વૈદિક વચન સમ્યગ્ નથી એમ કહે છે, તેથી વૈદિક વચનના સમ્યગ્પણાના કથનમાં લોકનું વિપરીત ગાન=માન્યતા છે.

તેની જ પુષ્ટિ કરતાં કહે છે –

જે કારણથી વૈદિક વચન પ્રમાણ છે, એ પ્રમાણે એકવાક્યતા લોકોને નથી.

'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે. ॥૧૨૫॥

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવ સદૃશ વેદવિહિત હિંસા છે, માટે દ્રવ્યસ્તવની હિંસા ધર્મરૂપ તમને માન્ય હોય તો વેદવિહિત હિંસા પણ ધર્મરૂપ માનવી જોઈએ, તેમ સ્થાપન કરનાર પૂર્વપક્ષી=વેદને માનનાર પૂર્વપક્ષી નહીં પણ દ્રવ્યસ્તવને વેદવિહિત હિંસાસદૃશ માનનાર પૂર્વપક્ષી કહે છે કે, સંસારમોચકનું વચન સમ્યગ્ નથી; કેમ કે જે જીવો પીડા પામી રહ્યા છે, તેઓને સંસારમાંથી મુકાવવા માટે તેઓને મારવાનું તેઓ કહે છે, તે વેદથી સિદ્ધ નથી; અને ખરેખર તો વેદવાક્ય જ પ્રમાણભૂત છે, એમ વેદને માનનાર કહે છે, માટે સંસારમોચક જેવું વેદવચન નથી. તેથી દ્રવ્યસ્તવની હિંસા અને વેદવિહિત હિંસા સમાન છે. અન્ય સંસારમોચકનું વચન પ્રમાણભૂત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો સંસારમોચકનું વચન પ્રમાણ ન હોય તો વેદવચન સમ્યગ્વચન છે, એમાં પ્રમાણ શું છે ? અર્થાત્ કોઈ પ્રમાણ નથી.

આશય એ છે કે, ઉપપત્તિક=યુક્તિસહિત, વચન હોય તે જ પ્રમાણ કહેવાય, અને જેમ વેદવચન અનુપપત્તિક=યુક્તિરહિત છે, તેમ સંસારમોચક વચન પણ અનુપપત્તિક છે, માટે તે બંને વચનો અપ્રમાણ છે. અને વેદવચન અનુપપત્તિક કેમ છે, તે ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવવાના છે.

આની સામે વેદને પ્રમાણ માનનાર પૂર્વપક્ષી કહે છે કે, વેદવચન પ્રમાણ છે, તેમાં લોક જ પ્રમાણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પ્રમાણની સંખ્યા માનનારા છ પ્રમાણો માને છે, પરંતુ તે છમાં ક્યાંય લોકપ્રમાણ સ્વીકારવામાં આવેલ નથી, માટે સામાન્ય એવા લોકો જે માને તે પ્રમાણ કહી શકાય નહિ. અને કદાચ વેદને પ્રમાણ માનનારના મત પ્રમાણે લોકને પ્રમાણ સ્વીકારીએ તોપણ બધા લોકોમાં વેદવચન પ્રમાણ છે, એવી એકવાક્યતા નથી. માટે જેમ સંસારમોચકના વચનથી થતી હિંસા પ્રમાણભૂત નથી, તેમ વેદવચનથી થતી હિંસા પણ પ્રમાણભૂત નથી. તેથી એ ફલિત થાય કે, વેદવચનની થતી હિંસા જેવી દ્રવ્યસ્તવની હિંસા નથી. **॥૧૨૫॥**

ગાથા :-

"अह पाठोऽभिमउ च्चिय, विगाणमवि एत्थ थोवगाणं नु ।
एत्थं पि ण प्पमाणं सव्वेसिं च दंसणाओ उ" ।।१२६।।

ગાથાર્થ :-

પાઠ અભિમત જ છે અર્થાત્ લોક પ્રમાણ છે એ પ્રકારનો પાઠ અભિમત જ છે. વિગાન=વિપરીત કથન, પણ અહીં=વેદવચનના પ્રામાણ્યમાં, થોડાઓને જ છે. એ પ્રકારની 'અથ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે કે, આ કલ્પનામાં પણ પ્રમાણ નથી; કેમ કે સર્વ લોકોનું અદર્શન છે. ।।૧૨૬।।

ટીકા :-

अथ पाठोऽभिमत एव लोकस्य प्रमाणमध्ये षण्णामुपलक्षणत्वाद्, विगानमप्यत्र वेदवचनाप्रामाण्ये स्तोकानामेव लोकानामित्येतदाशङ्क्याह-अत्रापि कल्पनायां न प्रमाणं सर्वेषां लोकानामदर्शनादल्पबहुत्व-निश्चयाभावादित्यर्थः ।।१२६।।

ટીકાર્થ :-

अथ पाठो ..... उपलक्षणत्वात्, 'अथ'થી વેદને માનનાર પૂર્વપક્ષી કહે છે કે, લોકનો પાઠ અભિમત જ છે="લોક પ્રમાણ છે" એ પ્રકારનો પાઠ અભિમત જ છે; કેમ કે પ્રમાણમધ્યમાં છ સંખ્યાનું ઉપલક્ષણપણું છે અર્થાત્ શાસ્ત્રમાં છ પ્રમાણ કહ્યાં તે ઉપલક્ષણરૂપ છે, (તેથી ઉપલક્ષણથી લોક પ્રમાણરૂપે ઉપલક્ષિત થાય છે,) તેથી લોકનો પાઠ અભિમત જ છે.

અહીં પ્રશ્ન થાય કે, ઉપલક્ષણથી લોકને પ્રમાણ સ્વીકારીએ તોપણ લોકની એકવાક્યતા નથી, પરંતુ વિગાન=વિપરીત કથન, છે. તેથી લોક જ પ્રમાણ છે, એમ કહી શકાય નહિ. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે –

विगानमप्यत्र ..... इत्यर्थः ।। વિગાન=વિપરીત કથન, પણ અહીં=વેદવચનના અપ્રામાણ્યમાં, થોડા જ લોકોને છે, એ પ્રમાણે આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

આ કલ્પનામાં પણ પ્રમાણ નથી; કેમ કે સર્વ લોકોનું અદર્શન છે અર્થાત્ સર્વ લોકોના અદર્શનના કારણે અલ્પબહુત્વના નિશ્ચયનો અભાવ છે, (એથી એમ ન કહી શકાય કે, વિગાન પણ થોડા જ લોકોને છે) એ પ્રકારે અર્થ જાણવો. ।।૧૨૬।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે, છ પ્રમાણો જેમ કહ્યાં છે, તેમ ઉપલક્ષણથી લોકની પણ પ્રમાણ તરીકે ગણના કરવી જોઈએ, અને આથી જ લોકોમાં બહુલતાએ વ્યાપકરૂપે સ્વીકારેલી વાત હોય છે, તે પ્રમાણભૂત મનાય છે. માટે "લોક પ્રમાણ નથી" તેમ કહી શકાય નહિ, અને લોકો વેદને પ્રમાણરૂપે માને છે.

વળી, વેદવચનમાં વિગાન=વિપરીત કથન, સંભળાય છે, તેનું પણ સમાધાન પૂર્વપક્ષી કરે છે કે, વેદનું

અપ્રામાણ્ય પણ થોડા જીવોને છે, મોટા ભાગના લોકોને વેદ પ્રમાણરૂપે માન્ય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સર્વ લોકોને તમે સાક્ષાત્ જોયા નથી અર્થાત્ આ દુનિયામાં વર્તતા બધા લોકોને મળીને ઘણા લોકો વેદને માને છે અને થોડા માનતા નથી, તેવો નિર્ણય તમે કર્યો નથી. માટે તેવી કલ્પના કરીને લોકને પ્રમાણભૂત કહેવો તે ઉચિત નથી, પરંતુ ઉપપત્તિક=યુક્તિસહિત, વંચનને જ પ્રમાણભૂત માનવું ઉચિત છે. એમ અર્થથી ગ્રંથકારશ્રી કહે છે. **॥१२६॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૨૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, સર્વ લોકોના દર્શનનો અભાવ હોવાને કારણે અલ્પબહુત્વનો નિર્ણય થઈ શકતો નથી. તેની સામે પૂર્વપક્ષી ઘણા લોકો વેદને પ્રમાણ માને છે, તે રીતે નિર્ણય કરવાની યુક્તિ બતાવે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"किं तेसिं दंसणेणं अप्पबहुत्वं जहित्थ तह चेव ।
सव्वत्थ समवसेयं णेवं वभिचारभावओ" ।।१२७।।

ગાથાર્થ :-

તે સર્વ લોકોના દર્શન વડે શું ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. જે પ્રમાણે અહીંયાં=મધ્યદેશાદિમાં, વેદવચનના પ્રામાણ્ય પ્રતિ લોકોનું અલ્પબહુત્વ છે, તે પ્રમાણે જ સર્વત્ર=ક્ષેત્રાંતરોમાં પણ, અલ્પબહુત્વ જાણવું. એ પ્રમાણે પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રમાણે નથી=મધ્યદેશાદિમાં વેદવચનના પ્રામાણ્ય પ્રતિ અલ્પબહુત્વના નિર્ણયના બળથી સર્વક્ષેત્રાંતરમાં તે પ્રમાણે=પૂર્વપક્ષીએ કહ્યું તે પ્રમાણે, નથી. કેમ કે વ્યભિચારનો ભાવ છે. ।।१२७।।

ટીકા :-

किं तेषां सर्वेषां लोकानां दर्शनेन? अल्पबहुत्वं यथेह मध्यदेशादौ वेदवचनप्रमाणं प्रति, तथैव सर्वत्र=क्षेत्रान्तरेष्वपि, समवसेयं लोकत्वादिहेतुभ्य इत्यत्राह-नैवम्, व्यभिचारभावात्कारणात् ।।१२७।।

ટીકાર્થ :-

किं ..... भावात्कारणात् ।। તે સર્વ લોકોના દર્શન વડે શું ? અર્થાત્ પૂર્વે ગાથા-૧૨૬માં કહ્યું કે, સર્વ લોકોના દર્શનનો અભાવ હોવાને કારણે અલ્પબહુત્વનો નિર્ણય થઈ શકતો નથી, તેની સામે પૂર્વપક્ષી કહે છે કે, સર્વ લોકોના દર્શન વડે શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી. જે પ્રમાણે અહીંયાં=મધ્યદેશાદિમાં વેદવચનના પ્રામાણ્ય પ્રતિ (લોકોનું) અલ્પબહુત્વ છે=વેદને ઘણા લોકો

પ્રમાણ માને છે અને થોડા જ લોકો વેદને પ્રમાણ માનતા નથી એ રૂપ અલ્પબહુત્વ છે, તે પ્રમાણે જ લોકત્વાદિ હેતુથી સર્વત્ર=ક્ષેત્રાન્તરમાં પણ, (અલ્પબહુત્વ) જાણવું. આ પ્રમાણે પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રમાણે નથી=મધ્યદેશાદિમાં વેદવચનના પ્રામાણ્ય પ્રતિ અલ્પબહુત્વના નિર્ણયના બળથી સર્વ ક્ષેત્રાંતરમાં તે પ્રમાણે કહેવું શક્ય નથી; કેમ કે વ્યભિચારરૂપ કારણ છે. ॥૧૨૭॥

અવતરણિકા :-

એતદેવાહ –

અવતરણિકાર્થ :-

આને જ કહે છે=પૂર્વે ગાથા-૧૨૭માં કહ્યું કે, મધ્યદેશાદિમાં વેદવચનના પ્રામાણ્ય પ્રતિ અલ્પબહુત્વના નિર્ણયના બળથી સર્વ ક્ષેત્રાન્તરોમાં એ પ્રમાણે કહેવું શક્ય નથી; કેમ કે વ્યભિચાર છે, એ જ વ્યભિચાર બતાવે છે –

ગાથા :-

"अग्गाहारे बहुगा दिसंति दिया तहा ण सुद्द त्ति ।
ण य तद्दंसणओ च्चिय सव्वत्थ इयं हवइ एवं" ।।१२८।।

ગાથાર્થ :-

અગ્રાહારમાં ઘણા બ્રાહ્મણો દેખાય છે, તે પ્રમાણે શૂદ્રો દેખાતા નથી, અને અગ્રાહારમાં તેમના દર્શનથી જ=ઘણા બ્રાહ્મણોના દર્શનથી જ, સર્વત્ર ભિલ્લપલ્લી આદિમાં પણ આ પ્રકારે=જે રીતે અગ્રાહારમાં દ્વિજબહુત્વ દેખાય છે એ પ્રકારે, દ્વિજબહુત્વ થતું નથી. ॥૧૨૮॥

ટીકા :-

अग्राहारे बहवो दृश्यन्ते द्विजाः=ब्राह्मणाः, तथा न शूद्रा इति ब्राह्मणवद् बहवो दृश्यन्ते, न च तद्दर्शनादेवाग्राहारे बहुद्विजदर्शनादेव सर्वत्र भिल्लपल्ल्यादावप्येतद् भवत्येवं द्विजबहुत्वमिति-गाथार्थः ।।१२८।।

ટીકાર્થ :-

अग्राहारे .... गाथार्थः ।। અગ્રાહારમાં અર્થાત્ નગરમાં અગ્ર પુરુષોને કોઈ ભોજન કરાવે તેમાં, ઘણા દ્વિજો=બ્રાહ્મણો, દેખાય છે, તે રીતે શૂદ્રો દેખાતા નથી. તેને જ સ્પષ્ટ કરતાં કહે છે, બ્રાહ્મણની જેમ ઘણા શૂદ્રો દેખાતા નથી.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

અને અગ્રાહારમાં તેના દર્શનથી જ=બહુ બ્રાહ્મણના દર્શનથી જ, સર્વત્ર ભિલ્લપલ્લી આદિમાં પણ, આ=દ્વિજબહુત્વ, એવં=આ રીતે=અગ્રાહારમાં જે રીતે છે એ રીતે, થતું નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૨૮।।

અવતરણિકા :-

ઉપપત્ત્યન્તરમાહ –

અવતરણિકાર્થ :-

અન્ય ઉપપત્તિને=યુક્તિને, કહે છે –

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૨૫માં કહેલ કે, લોક જ પ્રમાણ છે, તેમ કહી ન શકાય અર્થાત્ વૈદિક વચન સમ્યગ્ છે, તેમાં લોક પ્રમાણ છે તેમ કહી ન શકાય; કેમ કે વિગાન=વિપરીત કથન, છે. એના સમાધાનરૂપે પૂર્વપક્ષીએ કહેલ કે, વેદવચનના અપ્રામાણ્યના વિષયમાં થોડા લોકોને જ વિગાન=વિપરીત કથન, છે. તેથી ઘણા લોકોને વૈદિક વચન પ્રમાણ તરીકે માન્ય હોવાથી વેદવચન સમ્યગ્ છે એમ કહી શકાશે. તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨૫/૧૨૮માં કર્યું કે, લોકત્વાદિ હેતુથી વેદ પ્રમાણરૂપે અભિમત છે, એ સિદ્ધ થતું નથી. હવે અન્ય ઉપપત્તિ=યુક્તિ, બતાવે છે –

ગાથા :-

"ણ ય બહુઆણ વિ ઇત્થં અવિગાણં સોહણં તિ ણિયમોઽયં ।
ણ ય ણો થોવાણં પિ હુ મૂઢેયરભાવજોએણ" ।।૧૨૯।।

ગાથાર્થ :-

અને ઘણાઓનું પણ અહીંયાં=લોકમાં, અવિગાન=એકવાક્યતારૂપ કથન, શોભન છે એ પ્રકારે આ નિયમ નથી, અને થોડાઓનું પણ શોભન નથી, એમ નથી : કેમ કે મૂઢ અને ઈતર=અમૂઢ, ભાવનો યોગ છે. ।।૧૨૯।।

ટીકા :-

न च बहूनामप्यत्र लोकेऽविगानमेकवाक्यतारूपं शोभनमिति नियमः, न च स्तोकानामपि न शोभनम्, मूढेतरभावयोगेन मूढानां बहूनामपि न शोभनममूढस्य त्वेकस्यैवेति भावः ।।१२९।।

❖ 'नियमः' પાઠ છે ત્યાં પંચવસ્તુક ગ્રંથમાં 'नियमोऽयम्' પાઠ છે.

ટીકાર્થ :-

न च ..... भावः ।। અને ઘણાઓનું પણ અહીં=લોકમાં, અવિગાન=એકવાક્યતારૂપ કથન, શોભન છે એ પ્રકારે નિયમ નથી, અને થોડાઓનું પણ (અવિગાન) શોભન નથી એમ નથી; કેમ કે

મૂઢ અને ઈતર ભાવનો યોગ છે અર્થાત્ ઘણા પણ મૂઢોનું શોભન નથી, વળી એક પણ અમૂઢનું શોભન છે, એ પ્રમાણે શોભન અને અશોભન નક્કી થાય છે. એ પ્રમાણે ભાવ છે. ॥૧૨૯॥

❖ 'अमूढस्य त्वेकस्यैवेति' - અહીં એવકાર 'अपि' અર્થક છે.

ભાવાર્થ :-

વેદના પ્રામાણ્યને સ્વીકારનાર ઘણા લોકો છે, એથી ઘણાનું અવિગાન=એકવાક્યતારૂપ કથન, છે એટલા માત્રથી એ શોભન છે એમ કહી શકાય નહિ; અને થોડાઓનું અવિગાન=અવિપરીત કથન, છે, માટે તે અવિગાન શોભન નથી એમ પણ કહી શકાય નહિ, પરંતુ શોભન કે અશોભન મૂઢ અને અમૂઢભાવથી નક્કી થાય છે.

વસ્તુના સ્વરૂપને વિચાર્યા વગર, ફક્ત આ આપણું છે તેમ માનીને સાચું છે એમ સ્વીકારનાર, મૂઢ છે અને તેવા ઘણા મૂઢોનું અવિગાન=એકવાક્યતારૂપ કથન હોય તોપણ અશોભન છે; અને ઈતર=અમૂઢ એવા ઘણા હોય કે એક હોય તોપણ તેનું કથન શોભન છે, કેમ કે અમૂઢ જીવ સમ્યગ્ પ્રકારની પરીક્ષા કરવામાં રુચિવાળો હોય છે, માત્ર આ આપણું છે માટે સાચું છે તેવી મતિ ધરાવતો નથી, અને સ્વપ્રજ્ઞા પ્રમાણે તેની પરીક્ષા કરવા યત્ન પણ કરે છે અને જ્યાં પોતાની પ્રજ્ઞા ન પહોંચે ત્યાં શિષ્ટ પુરુષની પરીક્ષા કરીને તેમના વચન પ્રમાણે ચાલવા પ્રયત્ન કરે છે. તેથી તે અમૂઢ જીવ એક હોય કે ઘણા હોય તે જે સ્વીકારે તે શોભન હોય છે.

અહીં વિશેષ એ છે કે, વાસ્તવિક રીતે મોહવાળા જીવો મૂઢ કહેવાય. તેથી સર્વજ્ઞ સિવાયના સર્વ જીવો મોહવાળા હોવાથી મૂઢ કહેવાય અને સર્વથા મોહરહિત વીતરાગ-સર્વજ્ઞ અમૂઢ કહેવાય. પરંતુ જે જીવો સર્વથા મોહ વગરના નહિ હોવા છતાં તત્ત્વની વિચારણામાં રાગાદિને સ્પર્શ્યા વગર યત્ન કરતા હોય, તેથી અતીન્દ્રિય પદાર્થના નિર્ણય માટે સર્વજ્ઞના વચનનો નિર્ણય કરે, તેવા જીવો મોહવાળા હોવા છતાં તત્ત્વની વિચારણામાં અમૂઢ છે, એમ અપેક્ષાએ કહી શકાય. પરંતુ સર્વથા અમૂઢ તો વીતરાગ જ હોઈ શકે અને સર્વજ્ઞ એવા તેઓ જે વચન કહે તે શોભન જ હોય. **॥૧૨૯॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૨૯માં કહ્યું કે, અમૂઢ એવા એકનું પણ વચન શોભન છે અને તે અમૂઢ, સર્વથા વીતરાગ-સર્વજ્ઞ જ હોઈ શકે, અન્ય નહિ; અને અન્યના મતમાં=મીમાંસકના મતમાં, સર્વજ્ઞ નથી, આમ છતાં વેદને અપૌરુષેય માનીને યાગીય હિંસાને ધર્મ કહે છે. તેથી તેમના મત પ્રમાણે સર્વજ્ઞ નહિ હોવાને કારણે વેદવચન પ્રમાણભૂત બને નહીં, એ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ण य रागाइ विरहिओ कोइ वि माया विसेसकारि त्ति ।
जं सव्वे वि य पुरिसा रागाइजुआउ परपक्खे" ।।१३०।।

ગાથાર્થ :-

રાગાદિ વિરહિત કોઈપણ પ્રમાતા વિશેષકારી નથી; જે કારણથી સર્વે પણ પુરુષો પરપક્ષમાં રાગાદિ યુક્ત છે. ॥૧૩૦॥

❖ વિસેસકારિ ત્તિ - અહીં 'ત્તિ' પાદપૂર્તિ માટે છે.

❖ જં=યદ્ - યસ્માદ્ અર્થક છે.

ટીકા :-

न च रागादिविरहितः कोऽपि माता=प्रमाता, विशेषकारी=विशेषकृत्, यत्सर्वेऽपि पुरुषा रागादियुताः परपक्षे, मीमांसकस्य सर्वज्ञाऽनभ्युपगन्तृत्वात् ।।१३०।।

ટીકાર્થ :-

न च .... गन्तृत्वात् ।। રાગાદિ વિરહિત કોઈ પણ પ્રમાતા વિશેષકારી નથી; જે કારણથી સર્વે પણ પુરુષો પરપક્ષમાં=મીમાંસકના મતમાં, રાગાદિયુક્ત છે; કેમ કે મીમાંસકનું સર્વજ્ઞ અનભ્યુપગન્તૃત્વ છે=મીમાંસકના મતે સર્વજ્ઞ તરીકે કોઈનો સ્વીકાર નથી. ॥૧૩૦॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૩૦માં સ્થાપન કર્યું કે, અમૂઢ એવા વીતરાગનું વચન જ શોભન છે, અને વેદને માનનાર મીમાંસક સર્વજ્ઞને માનતો નથી, તેથી તેમના મત પ્રમાણે કોઈ પણ પ્રમાતા રાગાદિરહિત સર્વજ્ઞ નથી; તેથી તેમના મત પ્રમાણે જે કોઈ પણ વચન હોય તે પ્રમાણભૂત બને નહિ. માટે મીમાંસકના મતને સામે રાખીને વિચારીએ તો વેદો પ્રમાણભૂત માની શકાય નહિ, અને તેથી વેદમાં બતાવેલી યાગીય હિંસા પ્રમાણભૂત સ્વીકારી શકાય નહિ.

મીમાંસક રાગાદિરહિત સર્વજ્ઞ માનતા નથી, આમ છતાં વેદને અપૌરુષેય કહીને પ્રમાણ માને છે અને તેમાં બતાવેલી યાગીય હિંસાને ધર્મ કહે છે, પરંતુ અમૂઢ એવા વીતરાગ સર્વજ્ઞના વચન સિવાય અન્ય વચન પ્રમાણ સ્વીકારી શકાય નહિ, માટે યાગીય હિંસા ધર્મ નથી. એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો આશય છે. આમ છતાં વેદવચનના બળથી જ યાગીય હિંસાને ધર્મરૂપે સ્વીકારીએ તો શું દોષ આવે તે આગળની ગાથામાં બતાવશે. **॥૧૩૦॥**

અવતરણિકા :-

दोषान्तरमाह –

અવતરણિકાર્થ :-

દોષાંતરને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૨૪માં કહેલ કે, સંસારમોચકોના ધર્મના અદોષનો પ્રસંગ પ્રાપ્ત થશે અર્થાત્ અનુપપત્તિક=યુક્તિ રહિત એવા વચનથી પણ થતી એવી યાગીય હિંસામાં જો ધર્મ સ્વીકારવામાં આવે, તો સંસારમોચકોનો ધર્મ પણ અદુષ્ટ માનવાનો પ્રસંગ આવે, એ રૂપ દોષ બતાવ્યો. હવે દોષાંતરને કહે છે –

ગાથા :-

"एवं च वयणमित्ता धम्मादोसाइ मिच्छगाणं पि ।
घायंताणं दियवरं पुरओ नणु चंडिगाईण" ।।१३१।।

ગાથાર્થ :-

અને આ રીતે=પૂર્વે ગાથા-૧૩૦માં કહ્યું કે, મીમાંસકના મતે રાગાદિરહિત કોઈ પ્રમાતા વિશેષકારી નથી એ રીતે, વચનમાત્રથી ચંડિકાદિની=દેવતાવિશેષની, આગળ દ્વિજવરને=શ્રેષ્ઠ બ્રાહ્મણને, ઘાત કરતા એવા મ્લેચ્છાદિઓને પણ ધર્મ અને અદોષ પ્રાપ્ત થશે. ।।૧૩૧।।

ટીકા :-

एवं च प्रमाणविशेषापरिज्ञाने सति वचनमात्रात्सकाशाद् धर्मादोषौ प्राप्नुतो म्लेच्छादीनामपि= भिल्लादीनामपि, घातयतां द्विजवरं=ब्राह्मणमुख्यं, पुरतो ननु चण्डिकादीनां=देवताविशेषाणाम् ।।१३१।।

ટીકાર્થ :-

एवं ..... देवताविशेषाणाम् ।। અને આ રીતે=પૂર્વે ગાથા-૧૩૦માં કહ્યું કે, મીમાંસકના મતે રાગાદિરહિત કોઈ પ્રમાતા વિશેષકારી નથી એ રીતે, પ્રમાણવિશેષનું=વેદનું વચન પ્રમાણ છે કે અપ્રમાણ, એ પ્રકારના પ્રમાણભેદનું, અપરિજ્ઞાન હોતે છતે, વચનમાત્રથી ચંડિકાદિની=દેવતાવિશેષની, આગળ દ્વિજવરને=મુખ્ય બ્રાહ્મણને, ઘાત કરતા મ્લેચ્છાદિઓને પણ=ભિલ્લાદિઓને પણ, ધર્મ અને અદોષ પ્રાપ્ત થશે. ।।૧૩૧।।

ભાવાર્થ :-

પરપક્ષમાં રાગાદિરહિત કોઈ પ્રમાતા નથી, એમ પૂર્વે ગાથા-૧૩૦માં કહ્યું. તેથી પરપક્ષમાં=મીમાંસક મતમાં, પ્રમાણવિશેષનું અપરિજ્ઞાન થાય અર્થાત્ વેદ જ પ્રમાણ છે, અન્ય પ્રમાણ નથી એવો નિર્ણય પરપક્ષમાં કોઈ કરી શકે નહિ; કેમ કે અમૂઢ એવા સર્વજ્ઞના વચનરૂપ આ વેદ છે, તેમ તે માનતો નથી. આમ છતાં જો વેદવચનથી યાગાદિમાં થતી હિંસામાં પ્રવૃત્તિ કરવાથી ધર્મ અને અદોષની પ્રાપ્તિ થતી હોય, તો શ્રેષ્ઠ બ્રાહ્મણને મારતા એવા ભિલ્લાદિઓને પણ તેઓને અભિમત એવા વચનમાત્રથી ધર્મ અને અદોષની પ્રાપ્તિ થવી જોઈએ.

અહીં શ્રેષ્ઠ બ્રાહ્મણનો ઘાત કરતા એમ કહ્યું, તે એટલા માટે કે, ચંડિકાદિ દેવતાવિશેષની આગળ ભોગ ધરવા માટે તેઓ માને છે કે, શ્રેષ્ઠ બ્રાહ્મણનો ભોગ આપવાથી ચંડિકાદિ દેવતા પ્રસન્ન થાય છે, તેથી બત્રીસ લક્ષણથી યુક્ત એવા બ્રાહ્મણને ચંડિકાદિ દેવતાવિશેષ આગળ ભોગ ધરવા માટે તેઓ પસંદ કરે છે. **॥૧૩૧॥**

અવતરણિકા :-

અહીં વેદને માનનારા મીમાંસક કહે કે, યાગાદિમાં પ્રવૃત્તિ તો વેદવચનથી થાય છે, જ્યારે મ્લેચ્છ લોકો તો ચંડિકા આગળ બ્રાહ્મણનો ઘાત વચનથી=શાસ્ત્રવચનથી, કરતા નથી, માટે મ્લેચ્છોની પ્રવૃત્તિને ધર્મ કહી શકાય નહિ, જ્યારે વેદવચનથી થતી યાગની હિંસાને ધર્મ કહી શકાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ण य तेसिं पि ण वयणं इत्थ णिमित्तं ति जं न सव्वे उ ।
ते तह घातंति सया अस्सुअतच्चोअणावक्का" ।।१३२।।

ગાથાર્થ :-

તેઓને પણ=મ્લેચ્છોને પણ, અહીં=દ્વિજઘાતમાં=બ્રાહ્મણના વધમાં, વચન નિમિત્ત નથી એમ નહિ, પરંતુ વચન જ નિમિત્ત છે; જે કારણથી અશ્રુતચોદનાવાક્યવાળા=શ્રેષ્ઠ બ્રાહ્મણનો ઘાત કરવાનાં વિધિવચન જેમણે સાંભળ્યાં નથી એવા, તેઓ=સર્વે પણ મ્લેચ્છો, સદા=હંમેશાં, ઘાત કરતા નથી. ॥૧૩૨॥

❖ णिमित्तं ति - અહીં 'ति' પાદપૂર્તિ માટે છે.

❖ अस्सुअतच्चोअणावक्का આ હેતુઅર્થક વિશેષણ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, અશ્રુતચોદનાવાક્યવાળા હોવાથી બધા મ્લેચ્છો બ્રાહ્મણનો ઘાત કરતા નથી. તેથી એ ફલિત થાય છે કે, જેમણે બ્રાહ્મણના ઘાતને કહેનારું ચોદનાવાક્ય સાંભળ્યું છે, તે મ્લેચ્છો જ દ્વિજવરનો ઘાત કરવા પ્રવૃત્ત થાય છે; તેથી વચન જ પ્રવર્તક છે.

ટીકા :-

न च तेषामपि म्लेच्छानां न वचनमत्र निमित्तम्, इह=द्विजघाते, किन्तु वचनमेव, कुतः ? इत्याह-यत्र सर्व एव म्लेच्छास्तं द्विजवरं घातयन्ति, अश्रुतं तच्चोदनावाक्यं द्विजवरघातविधिवचनं यैस्ते तथा ।।१३२।।

ટીકાર્થ :-

न च ..... तथा ।। તેઓને પણ=મ્લેચ્છોને પણ, અહીં=દ્વિજઘાતમાં=બ્રાહ્મણના વધમાં, વચન નિમિત્ત નથી એમ નહિ, પરંતુ વચન જ નિમિત્ત છે.

શાથી ? એથી કરીને કહે છે –

જે કારણથી સર્વે જ મ્લેચ્છો તે દ્વિજવરનો=શ્રેષ્ઠ બ્રાહ્મણનો, ઘાત કરતા નથી.

અને તેને જ સ્પષ્ટ કરતાં કહે છે –

અશ્રુતચોદનાવાક્ય=દ્વિજવરને ઘાત કરવાનાં વિધિવચન જેઓ વડે સંભળાયાં નથી તેવા મ્લેચ્છો, દ્વિજવરનો ઘાત કરતા નથી. ॥૧૩૨॥

ભાવાર્થ :-

મ્લેચ્છ લોકો પણ ચંડિકાદિ દેવતા આગળ જે બ્રાહ્મણનો ઘાત કરે છે, તે કોઈક વચનથી જ કરે છે; કેમ કે જો તેઓ વચનથી પ્રવૃત્તિ કરતા ન હોય તો સર્વ મ્લેચ્છો ચંડિકાદિ દેવતા આગળ બ્રાહ્મણનો વધ કરે, અને સર્વ મ્લેચ્છો ચંડિકાદિ દેવતા આગળ બ્રાહ્મણનો વધ કરતા નથી, એ જ વસ્તુ બતાવે છે કે, જે મ્લેચ્છોને એવું વચન પ્રાપ્ત થયું છે કે, ચંડિકાદિ દેવતા આગળ બ્રાહ્મણનો વધ કરવામાં આવે તો મહાલાભ થાય, તેઓ જ વધમાં પ્રવૃત્તિ કરે છે; અને જે મ્લેચ્છોએ તેવું વચન સાંભળ્યું નથી, તેઓ બ્રાહ્મણવધમાં પ્રવૃત્તિ કરતા નથી. માટે વચનથી કરાતી હિંસાને ધર્મ કહી શકાતો હોય તો મ્લેચ્છોની હિંસાને પણ ધર્મ માનવાનો પ્રસંગ આવે. **॥૧૩૨॥**

ગાથા :-

"अह तं ण एत्थ रूढं, एयं पि ण तत्थ तुल्लमेवेयं ।
अहं तं थोवमणुचियं इमं पि एयारिसं तेसिं "।।૧૩૩।।

ગાથાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે કે, તે=મ્લેચ્છપ્રવર્તક વચન, અહીંયાં=લોકમાં, રૂઢ નથી, તેને ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રકારે આ પણ=વૈદિક વચન પણ, ત્યાં=ભિલ્લમતમાં, રૂઢ નથી, એથી કરીને તુલ્ય છે.

ગ્રંથકારના વચન સામે 'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે, તે=મ્લેચ્છપ્રવર્તક વચન, થોડું અને અનુચિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પણ=વૈદિક વચન પણ, તેઓને એવું જ છે=મ્લેચ્છોને થોડું અને અનુચિત જ છે. ॥૧૩૩॥

ટીકા :-

अथ तन्म्लेच्छप्रवर्तकवचनं नात्र रूढं लोक इत्याशंक्याह-'इय' एतदपि वैदिकं न तत्र भिल्लमते रूढमिति तुल्यमन्यतरारूढत्वम् । अथ तन्मलेच्छप्रवर्त्तकं वचनं स्तोकमनुचितमसंस्कृत-मित्याशंक्याह-इदमप्येतादृशं तेषां(=म्लेच्छादीनाम्, आशयभेदादिति) ।।૧૩૩।।

ટીકાર્થ :-

अथ ..... आशयभेदादिति) ।। તે=મ્લેચ્છપ્રવર્તક વચન અહીંયાં=લોકમાં, રૂઢ નથી, એ પ્રકારની

'અથ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રકારે આ પણ=વૈદિક વચન પણ, ત્યાં=ભિલ્લમતમાં, રૂઢ નથી, એથી કરીને અન્યતરમાં=વૈદિક વચનમાં અને મ્લેચ્છ વચનમાં, અરૂઢપણું તુલ્ય છે.

તે=મ્લેચ્છપ્રવર્તક વચન, થોડું અને અનુચિત=અસંસ્કૃત છે, એ પ્રકારની 'અથ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

આ પણ=વૈદિક વચન પણ, તેઓને=મ્લેચ્છોને, આવા પ્રકારનું છે=થોડું અને અનુચિત=અસંસ્કૃત છે; કેમ કે તેઓનો=મ્લેચ્છોનો, આશયભેદ છે. ॥૧૩૩॥

❖ અહીં ટીકા ત્રુટિત છે. તેથી તેષાં=મ્લેચ્છાદીનામ્, આશયભેદાત્ આ પ્રકારના પાઠની સંભાવના છે, અને તે મુજબ ટીકાર્થ કરેલ છે.

ભાવાર્થ :-

જેમ બ્રાહ્મણોને વૈદિક વચન માન્ય છે તેથી બધા બ્રાહ્મણો તે વચન મુજબ પ્રવૃત્તિ કરે છે, તેથી તે વચન બહુધર્મવાળું લાગે છે અને સંસ્કૃત=અતિ ઉચિત ક્રિયારૂપ લાગે છે, તેમ મ્લેચ્છોને તે વચન મુજબ પ્રવૃત્તિ અમાન્ય હોવાથી સ્તોકધર્મવાળું તે વચન લાગે છે; કેમ કે મ્લેચ્છો વિચારે છે કે, સર્વ મ્લેચ્છો તે વેદવચન મુજબ પ્રવૃત્તિ કરતા નથી, માટે પોતાનાથી ભિન્ન એવા બ્રાહ્મણ માત્ર તે વચન મુજબ પ્રવૃત્તિ કરે છે, તેથી તે સ્તોકાદિ ધર્મક છે; અને પોતાની માન્યતાથી વિપરીત હોવાને કારણે અનુચિતરૂપે લાગે છે; કેમ કે મ્લેચ્છોનો આશય બ્રાહ્મણોના આશય કરતાં જુદો છે અર્થાત્ બ્રાહ્મણોનો આશય વેદના વાક્યને જ પ્રમાણરૂપે જોવાનો છે, જ્યારે મ્લેચ્છોનો આશય તેને અપ્રમાણરૂપે જોવાનો છે. **॥૧૩૩॥**

ગાથા :-

"अह तं ण वेइयं (अह तं वेअंगं) खलु, न तं पि एमेव इत्थ वि ण माणं ।
अह तत्थासवणमिणं हविज्ज उच्छिन्नसाहत्ता (सिए अमुच्छण्णसाहं तु)"।।१३४।।

ગાથાર્થ :-

તે વેદાંગ દ્વિજપ્રવર્તક છે, એ પ્રમાણેની 'અથ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

એ રીતે જ=જે રીતે દ્વિજપ્રવર્તક વેદાંગ છે એ રીતે જ, તે પણ=મ્લેચ્છપ્રવર્તક પણ, નથી=વેદાંગ નથી, એમાં પણ માન નથી=પ્રમાણ નથી.

ત્યાં=વેદમાં, આ અશ્રવણ છે=ચંડિકાદિ દેવતાવિશેષ આગળ વર બ્રાહ્મણનો ભોગ અશ્રવણ છે એ છે=પ્રમાણ છે, એ પ્રમાણેની 'અથ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

આ થાય=ઉત્સન્ન શાખા જ છે, એ પણ સંભાવના કરી શકાય. ॥૧૩૪॥

❖ અહીં મૂળ ગાથામાં 'अह तं ण वेइयं' પાઠ છે, ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૩માં 'अह तं वेअंगं' પાઠ છે અને એ પાઠ મુજબ અર્થ કરેલ છે.

❖ અહીં મૂળ ગાથામાં ચતુર્થ પાદ 'हविज्ज उच्छिन्नसाहत्ता' છે, ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૩માં 'सिए अमुच्छण्णसाहं तु' પાઠ છે અને એ પાઠ મુજબ અમે અર્થ કરેલ છે.

ટીકા :-

(अथ तद्वेदाङ्गं खलु द्विजप्रवर्त्तकमित्याशङ्क्याह - न तदपि म्लेच्छप्रवर्त्तकमेवमेव वेदे इत्यत्रापि न मानं, अथ तत्र वेदेऽश्रवणमिदं मानं, न हि तद्वेदे श्रूयत इत्याशङ्क्याह - स्यादेतद्-उत्सन्नशाखामेवैतदपि सम्भाव्यत इति गाथार्थः) ।।१३४।।

❖ ગાથા-૧૩૪ની ટીકા પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં નથી. તેથી પંચવસ્તુક ગ્રંથમાંથી ૧૨૪૩મી ગાથાની ટીકા અહીં લઈને તે મુજબ અર્થ કરેલ છે.

ટીકાર્થ :-

(अथ ..... गाथार्थः) ।। તે વેદાંગ ખરેખર દ્વિજપ્રવર્ત્તક છે, એ પ્રમાણેની 'अथ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

એ રીતે જ=જે રીતે દ્વિજપ્રવર્તક વેદાંગ છે એ રીતે જ, વેદમાં મ્લેચ્છપ્રવર્તક તે પણ=વેદાંગ પણ, નથી, એમાં પણ માન=પ્રમાણ, નથી.

ત્યાં=વેદમાં, આ=ચંડિકાદિ દેવતાવિશેષ આગળ વર બ્રાહ્મણનો ભોગ અશ્રવણ છે એ, માન છે=પ્રમાણ છે; જે કારણથી વેદમાં તે સંભળાતું નથી, એ પ્રકારની 'अथ'થી પૂર્વપક્ષીની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

સ્યાદેતત્=આ થાય, તેમાં 'एतत्'નું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે –

ઉત્સન્ન શાખા જ છે=મ્લેચ્છપ્રવર્તક વેદાંગ ઉત્સન્ન શાખા જ છે, એ પણ સંભાવના કરી શકાય. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૩૪।।

ભાવાર્થ :-

'अथ'થી પૂર્વપક્ષીનો=યજ્ઞને ધર્મરૂપે માનનાર મીમાંસકનો, કહેવાનો આશય એ છે કે, દ્વિજ જે યાગાદિમાં પ્રવૃત્તિ કરે છે, ત્યાં હિંસા હોવા છતાં તેનું પ્રવર્ત્તક વચન વેદાંગ છે, માટે તે ઉચિત છે. જ્યારે મ્લેચ્છ જે ચંડિકાદિ દેવતાવિશેષની આગળ વર બ્રાહ્મણનો ભોગ આપવાની પ્રવૃત્તિ કરે છે, તે મ્લેચ્છપ્રવર્ત્તક વેદાંગ નથી, માટે તે અનુચિત છે. તેની સામે ગ્રંથકારશ્રી કહે છે કે, જે રીતે તમારું વેદાંગ યજ્ઞપ્રવર્ત્તક છે, તે રીતે મ્લેચ્છપ્રવર્ત્તક પણ વેદમાં વેદાંગ નથી, એમાં કોઈ પ્રમાણ નથી.

ચંડિકાદિ દેવતાવિશેષની આગળ વર બ્રાહ્મણના ભોગનું વેદમાં અશ્રવણ છે, એ જ પ્રમાણ છે; જે કારણથી વેદમાં ચંડિકાદિ દેવતાવિશેષની આગળ વર બ્રાહ્મણનો ભોગ આપવો તે સંભળાતું નથી. એ પ્રકારની મીમાંસકની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે થાય અર્થાત્ વેદમાં મ્લેચ્છપ્રવર્તક વેદાંગ છે, પરંતુ અત્યારે તેની શાખા તૂટી ગઈ છે, એ પ્રમાણે સંભાવના કરી શકાય છે.

આશય એ છે કે, ચંડિકાદિ દેવતાવિશેષની આગળ મ્લેચ્છો જે વર બ્રાહ્મણનો ભોગ ધરે છે, તે વેદમાં હોવા છતાં ઉત્સન્ન શાખા છે=વેદમાં તે શાખા હોવા છતાં અત્યારે છૂટી પડી ગઈ છે, એ પણ સંભાવના કરી શકાય; કેમ કે જેમ મ્લેચ્છોની સ્વાર્થ માટે શ્રેષ્ઠ બ્રાહ્મણનો ભોગ આપવાની ક્રિયા છે, તેના જેવી જ સ્વર્ગાદિ અર્થે યજ્ઞમાં પશુ આદિને હોમવાની ક્રિયા છે. તેથી એ સંભાવના કરી શકાય કે, જેમ બ્રાહ્મણો વેદવચનથી યજ્ઞ-યાગની પ્રવૃત્તિ કરે છે, તે જ રીતે તેવા કોઈક વેદવચનથી મ્લેચ્છો પણ પ્રવર્તતા હોવા જોઈએ; પરંતુ અત્યારે તે મ્લેચ્છપ્રવર્ત્તક વચન વેદમાં મળતું નથી, તેનું કારણ તે વચનને કહેનારી જે વેદની શાખા છે, તે છૂટી પડી ગયેલી છે, અને તે છૂટી પડેલી શાખા જ મ્લેચ્છને ચંડિકાદિ આગળ બ્રાહ્મણનો ભોગ આપવાનું કહે છે અને તે વેદવચનથી જ મ્લેચ્છો પ્રવૃત્તિ કરે છે. **॥१३४॥**

ગાથા :-

"ण य तव्विवज्जणाओ उचिय(तव्वयणाओ च्चिय-पञ्चवस्तुके) तदुभयभावो त्ति तुल्लभणिईओ ।
अण्णावि कप्पणेवं साहम्मविहम्मओ दुट्ठा" ।।१३५।।

ગાથાર્થ :-

તેના વચનથી જ=વેદવચનથી જ, તે ઉભયનો ભાવ છે=ધર્મ અને અદોષનો ભાવ છે, એમ ન કહેવું; કેમ કે તુલ્ય ભણિતી છે અર્થાત્ મ્લેચ્છવચનથી પણ ધર્મ અને અદોષનો ભાવ છે એમ કહેવા માટે શક્યપણું હોવાથી તુલ્ય ભણિતી છે, અને અન્ય પણ કલ્પના=બ્રાહ્મણ પરિગૃહીતત્વાદિરૂપ અન્ય પણ કલ્પના, એ પ્રમાણે=ભિલ્લપરિગૃહીતત્વાદિ પ્રકારથી, સાધર્મ્ય-વૈધર્મ્યને કારણે દુષ્ટ છે. ॥१३५॥

ટીકા :-

(न च तद्वचनादेव=वेदवचनादेव, तदुभयभावो=धर्मादोषभाव इति, कुत इत्याह-तुल्यभणितेः, म्लेच्छवचनादेवैतदुभयमित्यादि वक्तुं शक्यत्वादित्यर्थः, अन्यापि कल्पना ब्राह्मणपरिगृहीतत्वादिरूपा एवम्=उक्तवत् भिल्लपरिगृहीत्वादिना प्रकारेण, साधर्म्यवैधर्म्यतः कारणाद् दुष्टेति गाथार्थः ।।)

❖ ગાથા-૧૩૫ની ટીકા પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં ત્રુટિત છે, તેથી પંચવસ્તુક ગ્રંથમાંથી ૧૨૪૪મી ગાથાની ટીકા અહીં લઈને તે મુજબ અર્થ કરેલ છે.

❖ મ્લેચ્છવચનાદેવ - અહીં 'એવ'કાર 'અપિ' અર્થમાં છે.

ટીકાર્થ :-

(न च ..... गाथार्थः ।।) તેના વચનથી જ=વેદના વચનથી જ, તે ઉભયનો ભાવ=ધર્મ અને અદોષનો ભાવ છે એમ ન કહેવું. શાથી ? એથી કરીને કહે છે – તુલ્ય ભણિતી છે અર્થાત્

મ્લેચ્છવચનથી પણ આ ઉભય છે=ધર્મ અને અદોષનો ભાવ એ ઉભય છે, ઇત્યાદિ કહેવા માટે શક્યપણું છે.

અન્ય પણ કલ્પના આ પ્રમાણે=उक्तवद्=બ્રાહ્મણપરિગૃહીતત્વાદિની જેમ ભિલ્લપરિગૃહીતત્વાદિ પ્રકારથી=ભિલ્લ વડે ગ્રહણ કરાયેલ છે ઇત્યાદિ રૂપ પ્રકારથી, સાધર્મ્ય-વૈધર્મ્યને કારણે દુષ્ટ છે; એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૩૫॥

ભાવાર્થ :-

વેદવચનથી યાગાદિમાં પ્રવૃત્તિ કરાય છે, તેથી તે યાગાદિમાં ધર્મ અને અદોષનો ભાવ છે=હિંસાકૃત દોષનો અભાવ છે, એમ ન કહેવું; કેમ કે સમાન ભણિતી છે અર્થાત્ એમ કહી શકાય છે કે, મ્લેચ્છવચનથી વર બ્રાહ્મણનો ચંડિકાદિ દેવતાવિશેષની આગળ ભોગ ધરવામાં ધર્મ છે, અને હિંસાકૃત અદોષનો ભાવ છે અર્થાત્ હિંસાકૃત દોષ છે તેનો અભાવ છે. માટે વેદવચનથી જ થતી હિંસામાં ધર્મ અને અદોષનો ભાવ છે, એમ કહીએ તો મ્લેચ્છના વચનથી બ્રાહ્મણનો ચંડિકાદિ દેવતાવિશેષ આગળ કરાતા ભોગને પણ ધર્મ અને અદોષરૂપે કહેવાનો પ્રસંગ આવે. અને બ્રાહ્મણપરિગૃહીતત્વાદિરૂપ અન્ય પણ કલ્પના, એ રીતે જ ભિલ્લપરિગૃહીતત્વાદિ પ્રકારથી સાધર્મ્યરૂપ વૈધર્મ્યને કારણે દુષ્ટ છે અર્થાત્ યાગાદિમાં બ્રાહ્મણપરિગૃહીતત્વ અને ચંડિકાદિ દેવતાવિશેષની આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણના ભોગમાં ભિલ્લપરિગૃહીતત્વ છે, એ રૂપ વૈધર્મ્ય છે, તે સાધર્મ્યરૂપ જ છે; કેમ કે ભિલ્લ અને બ્રાહ્મણકૃત ત્યાં ભેદ હોવા છતાં ત્યાં કોઈ વિશેષ ભેદક નથી. તેથી સાધર્મ્યરૂપ વૈધર્મ્ય હોવાને કારણે અન્ય પણ કલ્પના દુષ્ટ છે.

આશય એ છે કે યાગની હિંસા બ્રાહ્મણપરિગૃહીત છે માટે દોષરૂપ નથી, અને ચંડિકાદિ દેવતાવિશેષ આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણના ભોગની હિંસા ભિલ્લપરિગૃહીત છે માટે દોષરૂપ છે, એમ કહી શકાય નહિ. તેથી જ કહ્યું કે, અન્ય પણ કલ્પના દુષ્ટ છે.

અહીં અન્ય પણ કલ્પના સાધર્મ્ય-વૈધર્મ્યને કારણે દુષ્ટ છે, એનાથી એ કહેવું છે કે, જેમ યજ્ઞમાં આલોકના ફળની આશંસામાત્ર પ્રયોજન છે, તેમ ચંડિકાદિ દેવતાવિશેષ આગળ ભોગ ધરવામાં પણ આલોકના ફળની આશંસા છે, તેથી યજ્ઞમાં અને ચંડિકાદિ દેવતાવિશેષ આગળ ભોગ ધરવામાં સાધર્મ્ય છે; તોપણ યાગ બ્રાહ્મણપરિગૃહીત છે અને ચંડિકાદિ દેવતાવિશેષ આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણનો ભોગ ધરવો એ ભિલ્લપરિગૃહીત છે, એટલું વૈધર્મ્ય છે; માટે જો વેદથી કરાતી હિંસાને દુષ્ટ ન કહો તો ભિલ્લથી કરાયેલી હિંસાને પણ દુષ્ટ નથી, એમ માનવાનો પ્રસંગ આવે. **॥૧૩૫॥**

અવતરણિકા :-

यस्मादेवम् –

અવતરણિકાર્થ :-

જે કારણથી આમ છે અર્થાત્ પૂર્વે ગાથા-૧૨૪માં કહ્યું કે, અનુપપત્તિક=યુક્તિરહિત, એવા

વચનમાત્રથી આ સર્વ આમ થતું નથી; કેમ કે હિંસાકારી એવા સંસારમોચકાદિના ધર્મના અદોષનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને ત્યાર પછી ગાથા-૧૩૧માં કહ્યું કે, વચનમાત્રથી જો પ્રવૃત્તિ સ્વીકારવામાં આવે તો મ્લેચ્છાદિની શ્રેષ્ઠ બ્રાહ્મણના ઘાતની પ્રવૃત્તિ પણ ધર્મરૂપ અને અદોષરૂપ માનવી પડે, એમ છે. તે કારણથી શું ? તે ગાથા-૧૩૬માં કહે છે –

ગાથા :-

"तम्हा ण वयणमित्तं सव्वत्थऽविसेसओ बुहजणेण।
एत्थ पवित्तिणिमित्तं एवं दट्ठव्वं होइ"।।१३६।।

ગાથાર્થ :-

તે કારણથી વચનમાત્ર સર્વત્ર=યાગીય હિંસામાં અને ચંડિકાદિ દેવતાવિશેષ આગળ થતી હિંસામાં, અવિશેષ હોવાને કારણે બુધજન વડે અહીંયાં=લોકમાં, પ્રવૃત્તિનિમિત્તક થતું નથી. એથી કરીને હિતાદિમાં આ પ્રમાણે=આ શાસ્ત્રવચન છે એ પ્રમાણે, દ્રષ્ટવ્ય બનતું નથી અર્થાત્ શાસ્ત્રવચન છે એટલામાત્રથી દ્રષ્ટવ્ય બનતું નથી, પરંતુ ઉપપત્તિવાળું=યુક્તિવાળું, શાસ્ત્રવચન દ્રષ્ટવ્ય થાય છે. ।।૧૩૬।।

❖ અહીં મૂળ ગાથામાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૫ની આ ટીકા મુજબ ='अत्र' लोके प्रवृत्तिनिमित्तमिति हितादौ एवं द्रष्टव्यं भवति 'न' इति वर्त्तते - આ પ્રમાણે ટીકાના પાઠ મુજબ લઈને અર્થ કરેલ છે. 'इति हितादौ' અને 'न'ની અનુવૃત્તિ લઈને અર્થ કરેલ છે.

ટીકા :-

तस्मान्न वचनमात्रमुपपत्तिशून्यं सर्वत्राविशेषतः कारणाद् बुधजनेन=विद्वज्जनेन, अत्र=लोके, प्रवृत्तिनिमित्तमेवं (प्रवृत्तिनिमित्तमिति हितादौ एवं) द्रष्टव्यं भवति ।।१३६।।

ટીકાર્થ :-

तस्मान्न ..... भवति ।। તે કારણથી ઉપપત્તિશૂન્ય=યુક્તિશૂન્ય, એવું વચનમાત્ર સર્વત્ર=યાગીય હિંસામાં, ચંડિકાદિ દેવતાવિશેષ આગળ ભોગના કથનમાં અને સંસારમોચકાદિની હિંસામાં, અવિશેષ હોવાને કારણે, બુધજન વડે=વિદ્વાન જન વડે, અહીંયાં=લોકમાં, પ્રવૃત્તિનિમિત્તક થતું નથી. એથી કરીને હિતાદિમાં આ રીતે=આ શાસ્ત્રવચન છે એ રીતે, માનવા યોગ્ય બનતું નથી. ।।૧૩૬।।

❖ અહીં પ્રતિમાશતક પ્રસ્તુત ગાથાની ટીકામાં अत्र लोके प्रवृत्तिनिमित्तमेवं द्रष्टव्यं भवति । પાઠ છે, ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૫ની ટીકામાં अत्र=लोके, प्रवृत्तिनिमित्तमिति हितादौ एवं द्रष्टव्यं भवति 'न' इति वर्तते इति गाथार्थः । આ રીતે પાઠ છે, તે સંગત હોવાથી તે ટીકા મુજબ અત્રે અર્થ કરેલ છે.

❖ हितादौ - અહીં 'आदि' શબ્દથી શ્રેય-કલ્યાણ ઇત્યાદિનું ગ્રહણ કરેલ છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૨૪ અને ૧૩૧માં સ્થાપન કર્યું એ રીતે ઉપપત્તિશૂન્ય=યુક્તિશૂન્ય, વચનમાત્ર લોકમાં

બુદ્ધિમાન લોકોને પ્રવૃત્તિનું નિમિત્ત બનતું નથી; કેમ કે ઉપપત્તિ વગરનું વચન જેમ વેદમાં છે તેમ સંસારમોચકાદિના મતમાં પણ છે, અને મ્લેચ્છોનું ચંડિકાદિ દેવતા આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણના ઘાતનું પણ વચન છે. તેથી વિચારક લોક "આ અમારા શાસ્ત્રનું વચન છે" – તેના બળથી પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ જે વચન યુક્તિથી સંગત હોય તેવા જ વચનથી પ્રવૃત્તિ કરે છે. આવો નિયમ હોવાને કારણે હિતાદિ પ્રવૃત્તિમાં આ શાસ્ત્રવચન છે એ રીતે દ્રષ્ટવ્ય=માનવા યોગ્ય બનતું નથી, પરંતુ આ શાસ્ત્રવચન ઉપપત્તિયુક્ત=યુક્તિયુક્ત, છે તેવો નિર્ણય થાય તો જ પ્રવર્ત્તક બને છે. અને આથી જ સર્વદર્શનવાળાનાં શાસ્ત્રો પરસ્પર જુદા જુદા વક્તવ્યને કહેનારાં છે; આમ છતાં જે વચન પરિપૂર્ણ ઉપપત્તિયુક્ત=યુક્તિયુક્ત, છે, તે જ વચન સર્વજ્ઞકથિત છે, તેવો નિર્ણય કરીને, તે વચનાનુસાર જ વિચારક જીવ પ્રવૃત્તિ કરે છે. **॥૧૩૬॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૩૬માં કહ્યું કે, વચનમાત્ર પ્રવૃત્તિનિમિત્તક ન બને. તેથી કયું વચન પ્રવૃત્તિનિમિત્ત બને તે બતાવવા કહે છે –

ગાથા :-

"किं पुण विसिट्ठगं चिय जं दिट्ठेट्ठाहिं णो खलु विरुद्धं ।
तह संभवं सरूवं वियारिउं सुद्धबुद्धीए" ।।१३७।।

ગાથાર્થ :-

વળી કયું વચન=કયું વચન પ્રવૃત્તિનિમિત્તક બને ? તેનો ઉત્તર કહે છે કે, વિશિષ્ટ જ વચન પ્રવૃત્તિનિમિત્તક બને.

વિશિષ્ટ વચન કેવા પ્રકારનું હોય તે બતાવે છે –

જે દૃષ્ટ અને ઈષ્ટથી વિરુદ્ધ ન હોય તથા શુદ્ધ બુદ્ધિ વડે વિચારીને સંભવત્ સ્વરૂપવાળું=સંભવતા સ્વરૂપવાળું હોય (તે વિશિષ્ટ વચન કહેવાય છે.)

ટીકા :-

किं पुनः? विशिष्टमेव वचनं प्रवृत्तिनिमित्तमिह द्रष्टव्यम्, किं भूतम् ? यद् दृष्टेष्टाभ्यां न खलु विरुद्धं तृतीयस्थानसङ्क्रान्तमित्यर्थः, तथा संभवत्स्वरूपं यत्र पुनरत्यन्तासंभवीति विचार्य शुद्धबुद्ध्या=मध्यस्थयेति गाथार्थः ।।१३७।।

ટીકાર્થ :-

किं ..... गाथार्थः ।। વળી કયું=વળી કયું વચન પ્રવૃત્તિનિમિત્તક બને ? તેથી કહે છે –

વિશિષ્ટ જ વચન અહીં=લોકમાં, પ્રવૃત્તિનિમિત્તક જાણવું. વિશિષ્ટ વચન કેવા પ્રકારનું હોય ? તેથી કહે છે –

જે દૃષ્ટ અને ઈષ્ટ વડે વિરુદ્ધ ન હોય અર્થાત્ તૃતીયસ્થાનસંક્રાંત હોય તથા શુદ્ધબુદ્ધિથી= મધ્યસ્થપણાથી, વિચારીને સંભવત્=સંભવી શકે તેવા સ્વરૂપવાળું જે હોય, પરંતુ અત્યંત અસંભવી ન હોય ઇતિ=એતદ્=એ વચન, પ્રવૃત્તિનિમિત્તક છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૩૭॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૩૬માં સ્થાપન કર્યું કે, શાસ્ત્રવચનમાત્ર પ્રવૃત્તિનિમિત્તક બનતું નથી. ત્યાં શંકા થાય કે, તો કયું શાસ્ત્રવચન પ્રવૃત્તિનિમિત્તક બને છે ? તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

અહીં=લોકમાં, વિશિષ્ટ જ વચન પ્રવૃત્તિનિમિત્તક બને છે અને તે વિશિષ્ટ વચન કયું હોઈ શકે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે વચન દૃષ્ટથી પણ વિરુદ્ધ ન હોય અને ઇષ્ટથી પણ વિરુદ્ધ ન હોય, તે દૃષ્ટ-ઇષ્ટઅવિરુદ્ધરૂપ ત્રીજા સ્થાનમાં જે વચન સંક્રાંત છે, તે વચન વિશિષ્ટ વચન છે.

જેમ ચક્ષુથી દેખાય છે કે, જ્યાં એક મનુષ્ય બેઠેલો હોય ત્યાં બીજો મનુષ્ય બેસી શકતો નથી, આ પ્રકારની યુક્તિને ગ્રહણ કરીને કોઈ કહે કે, જ્યાં એક મનુષ્ય બેઠેલો હોય ત્યાં બીજો મનુષ્ય બેસી શકતો નથી, તેમ જે વસ્તુમાં રૂપ હોય છે, તે વસ્તુમાં તે સ્થાનમાં રસ ન રહી શકે, પરંતુ રૂપ અન્યભાગાવચ્છેદેન હોય છે અને રસ અન્યભાગાવચ્છેદેન હોય છે, આ પ્રકારનું વચન દૃષ્ટવિરુદ્ધ છે, તેથી વિચારક પુરુષ સ્વીકારે નહિ; કેમ કે રૂપ અને રસ એક સ્થાનમાં પ્રત્યક્ષથી દેખાય છે, માટે પૂર્વની યુક્તિ દૃષ્ટવિરુદ્ધ છે.

તે જ રીતે આત્માને જેઓ એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માને છે, તે દૃષ્ટિવિરુદ્ધ છે માટે તેવું શાસ્ત્ર પ્રમાણ કહી શકાય નહિ.

વળી આત્મકલ્યાણ માટે ઇષ્ટ સત્શાસ્ત્રો છે; કેમ કે તે આત્માનું એકાંત હિત સાધનારાં છે, માટે જે શાસ્ત્રનું વચન સત્ શાસ્ત્રના અન્ય વચનથી વિરુદ્ધ હોય તે વચન ઇષ્ટથી વિરુદ્ધ કહેવાય. જેમ કે સત્ શાસ્ત્રો જ જીવને હિંસાથી અટકાવીને મોક્ષ સાધવાનો ઉપદેશ આપે છે, અને તે વચનનો વ્યાઘાત કરે તેવું કોઈ અન્ય વચન તે જ શાસ્ત્રમાં હોય તો તે શાસ્ત્ર ઇષ્ટવિરુદ્ધ છે.

જેમ કે મોક્ષ માટે હિંસાદિ ન કરવાં જોઈએ, એવું વેદવચન છે, જે સર્વ દર્શનોને માન્ય છે. આમ છતાં તે વેદમાં ભૂતિકામના માટે યજ્ઞને કહેનારું વચન, મોક્ષ માટે હિંસાના નિષેધ કરનારા વચનનું વિરોધી વચન છે. તેથી તે વેદનું વચન ઇષ્ટથી વિરોધી વચન છે; કેમ કે જો મોક્ષ માટે હિંસાનો નિષેધ હોય તો સ્વર્ગાદિની કામના માટે હિંસા કરવી તે ઉચિત ગણાય નહિ. તેથી ઈષ્ટથી વિરુદ્ધ એવું તે વેદનું વચન પ્રવૃત્તિનિમિત્તક બને નહિ, પરંતુ જે વચન દૃષ્ટ અને ઇષ્ટ બંનેથી અવિરુદ્ધ હોય તે જ વચન પ્રવૃત્તિનિમિત્તક બને છે.

જેમ સર્વજ્ઞનું વચન 'मा हिंस्यात् सर्वभूतानि' એ પ્રકારનું છે. તેથી મોક્ષના અર્થીએ કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહિ, એ અર્થ પ્રાપ્ત થાય. અને હિંસા શું પદાર્થ છે તે પણ નયસાપેક્ષ બતાવેલ છે. તે આ રીતે –

❖ વ્યવહારનયથી બાહ્યજીવોની હિંસા એ હિંસા પદાર્થ છે.

❖ ઋજુસૂત્રનયથી ષટ્કાયના પાલન માટેનો અયત્નરૂપ પ્રમાદ હિંસા પદાર્થ છે.

❖ શબ્દાદિ નયથી આત્માના ક્ષમાદિ ભાવોનો અન્યથાભાવ હિંસા પદાર્થ છે.

આવી સર્વ પ્રકારની હિંસાનો ભગવાને નિષેધ કર્યો છે અને તે રીતે મોક્ષ પ્રત્યે સાક્ષાત્ કારણ શબ્દાદિ નયથી હિંસાનો ત્યાગ છે અને તેની જ નિષ્પત્તિ માટે ઋજુસૂત્રનયથી હિંસાનો ત્યાગ છે અને તેના ઉપાયરૂપે વ્યવહારનયથી હિંસાનો ત્યાગ છે. તેથી જ મોક્ષને અનુકૂળ ભાવનું કારણ બને તેવી ક્રિયામાં થતી હિંસા પરમાર્થથી હિંસા નથી. તેથી જે પ્રવૃત્તિથી અહિંસાનો ભાવ વધતો હોય, તે પ્રવૃત્તિ ધર્મ કહી શકાય. અને તે રીતે સ્વીકારીએ તો ભગવાનની પૂજામાં સ્થૂલ દૃષ્ટિથી પુષ્પાદિ જીવોને કીલામણા થતી હોવા છતાં, મોક્ષને અનુકૂળ એવા સંયમના પરિણામનું કારણ હોવાથી ફળથી અહિંસારૂપ છે. તેથી ભગવાને જે હિંસાનો નિષેધ કર્યો છે, તે કહેનારા વચન સાથે પૂજાની ક્રિયામાં વિરોધ નથી; કેમ કે ભગવાને જે હિંસાનો નિષેધ કર્યો છે, તે પરમાર્થથી તો શબ્દાદિ નયને માન્ય આત્મભાવરૂપ અહિંસાની પ્રાપ્તિ અર્થે જ છે, અને તેની પ્રાપ્તિ અર્થે જ ઋજુસૂત્રનયથી ષટ્કાયના પાલનનો ઉપદેશ આપ્યો છે, તેમ જ આત્મભાવરૂપ અહિંસાની પ્રાપ્તિ અર્થે જ વ્યવહારનયથી શક્ય એટલી બાહ્યહિંસાનું વર્જન કહેલ છે અને ભગવાનની પૂજા પણ વીતરાગ પ્રત્યે ભક્તિરૂપ હોવાથી સંયમની પ્રાપ્તિનું કારણ છે, માટે તેમાં થતી હિંસાને ફળથી અહિંસારૂપે સ્વીકારેલ છે, અને ભક્તિની વૃદ્ધિનું કારણ નથી તેવી કોઈ હિંસા હોય તેને જ હિંસારૂપે કહેલ છે. તેથી મોક્ષને માટે અહિંસાને કહેનારા ભગવાનના વચન સાથે પૂજાને કહેનારા વચનનો કોઈ વિરોધ નથી, માટે ભગવાનની પૂજાને કહેનારાં વચન ઇષ્ટ અવિરુદ્ધ છે.

વળી, ભગવાનની પૂજાથી ભગવાનના ગુણોનું બહુમાન વધે છે, જે પરંપરાએ પ્રણ મોક્ષનું કારણ છે. તેથી તે ભગવાનની પૂજાનું વચન એ દૃષ્ટથી પણ વિરોધી નથી; કેમ કે વિચારક જીવ ભગવાનના ગુણોના બહુમાનપૂર્વક ભગવાનની પૂજા કરતો હોય તો સ્વાનુભવથી તેને દેખાય છે કે, મને ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વધે છે. માટે આ પૂજા ભગવાનના બહુમાન દ્વારા અવશ્ય મોક્ષનું કારણ બનશે જ. આ રીતે ભગવાનની પૂજાની ક્રિયા દૃષ્ટ અને ઇષ્ટ સાથે અવિરુદ્ધ એવી તૃતીયસ્થાનસંક્રાત છે. જ્યારે વેદમાં કહેલ હિંસાનું વચન મોક્ષ માટે હિંસાના નિષેધ કરનાર વચન સાથે વિરુદ્ધ છે, કેમ કે યજ્ઞ કરવાથી મોક્ષને અનુકૂળ ભાવો થાય છે એવું ત્યાં દૃષ્ટ નથી; પરંતુ પોતાની સ્વર્ગાદિ તુચ્છ કામના માટે બીજા જીવોને પીડા આપવારૂપ ક્લિષ્ટભાવ ત્યાં દૃષ્ટ છે. વળી મોક્ષને માટે હિંસાને કહેનારા વેદવચન સાથે સ્વર્ગ માટે કહેનારા વેદવચનોનો વિરોધ છે, માટે ઇષ્ટનો પણ વિરોધ છે. તેથી વેદમાં કહેલ હિંસાનું વચન દૃષ્ટ-ઇષ્ટઅવિરુદ્ધ વચન નથી, જ્યારે ભગવાનની પૂજામાં પ્રવર્તક એવું શાસ્ત્રવચન દૃષ્ટ-ઇષ્ટ બંનેથી અવિરુદ્ધ વચન છે.

વળી ભગવાનની પૂજાને કહેનારું વચન મધ્યસ્થપણારૂપ શુદ્ધ બુદ્ધિથી વિચારીને સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું છે, પરંતુ અત્યંત અસંભવી નથી; કેમ કે વીતરાગની પૂજાને કહેનાર સર્વજ્ઞ છે, એ પ્રકારે તે વચન પરંપરાથી પ્રાપ્ત છે, માટે અત્યંત અસંભવી નથી=વેદવચનથી જેમ અપૌરુષેય કહેલ હોય તો

અત્યંત અસંભવી બને, પરંતુ તેવું નથી, પણ કોઈનાથી કહેવાયેલ છે, માટે વેદવચનની જેમ અત્યંત અસંભવી નથી. તેથી ભગવાનની પૂજામાં પ્રવર્તક એવું શાસ્ત્રવચન દૃષ્ટ અને ઇષ્ટથી અવિરુદ્ધ અને સંભવત્ સ્વરૂપવાળું=સંભવતા સ્વરૂપવાળું, હોવાથી વિશિષ્ટ વચન છે. માટે તેવું વચન પ્રવૃત્તિનિમિત્તક બને.

જે વચન અત્યંત અસંભવી હોય તે પ્રવૃત્તિનિમિત્તક બને નહિ. તે આ રીતે –

જૈનદર્શન વેદની જેમ આગમને અપૌરુષેય કહેતું નથી, પરંતુ તીર્થંકરો સ્વયં બોધ પામીને કેવલી થયા પછી ઉપદેશ આપે છે, અને તેમના ઉપદેશથી આગમોની રચના થાય છે, તેથી તેનું વચન સંભવત્=સંભવતા, સ્વરૂપવાળું છે, પરંતુ જો વેદની જેમ અપૌરુષેય વચન હોય તો તે સંભવી શકે નહિ. અને તે કેમ સંભવે નહિ તે વાત ગ્રંથકારશ્રી સ્વયં આગળમાં ગાથા-૧૬૯થી બતાવવાના છે, અને ભગવાનનું વચન અત્યંત અસંભવી કેમ નથી તે વાત પણ ગાથા-૧૬૮માં ગ્રંથકારશ્રી સ્વયં બતાવવાના છે. **॥૧૩૭॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૩૭માં દૃષ્ટ-ઇષ્ટથી અવિરુદ્ધ અને સંભવત્=સંભવતા, સ્વરૂપવાળું વિશિષ્ટ વચન જ પ્રવૃત્તિનિમિત્તક બને એમ કહ્યું, એને જ દૃષ્ટાંત દ્વારા પ્રથમ દૃષ્ટથી અવિરુદ્ધ દ્રવ્યસ્તવને કહેનારું વચન છે, તે બતાવે છે –

ગાથા :-

"जहेह दव्वथया भावावयकप्पगुणजुया उ जयणाए ।
पीडुवगारो जिणभवणकारणादिति न विरुद्धं" ।।१३८।।

ગાથાર્થ :-

જે પ્રમાણે અહીં=પ્રવચનમાં, યતના વડે કરાતા ભાવઆપદ્કલ્પગુણયુક્ત=ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ એવા ગુણથી યુક્ત, દ્રવ્યસ્તવથી થતી પીડા વડે ઉપકાર થાય છે; કેમ કે જિનભવન કરાવવાથી (બહુગુણનો ભાવ છે). એથી કરીને દ્રવ્યસ્તવને કહેનારું વચન દૃષ્ટવિરુદ્ધ નથી.

❖ અહીં પ્રસ્તુત મૂળ ગાથા-૧૩૮માં जहेह दव्वथया भावावयवकप्पगुणजुया उ जयणाए આ પ્રમાણે પાઠ છે, ત્યાં પંચવસ્તુક ગાથા-૧૨૪૭માં जहेह दव्वथयाउ भावावयकप्पगुणजुया सेओ પાઠ છે અને અહીં ટીકામાં भावापत्कल्पगुणयुक्ताद् પછી यतनया=यत्नेन પાઠ છે, ત્યાં श्रेयो-ज्यायान् એ પ્રમાણે પંચવસ્તુક ગાથા-૧૨૪૭ની ટીકામાં પાઠ છે. અને તે પાઠ મુજબ આ પ્રમાણે ગાથાનો અર્થ થાય છે –

જે પ્રમાણે અહીં=પ્રવચનમાં, ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ એવા ગુણથી યુક્ત દ્રવ્યસ્તવથી, શ્રેય છે=મહાકલ્યાણ છે, અન્ય જીવોને થતી પીડા વડે કરીને ઉપકાર થાય છે અર્થાત્ જિનભવન કરાવવા આદિરૂપ દ્રવ્યસ્તવથી અન્ય જીવોને જે પીડા થાય છે, તેનાથી સ્વ-પરને ઉપકાર થાય છે. એથી કરીને દ્રવ્યસ્તવને કહેનારું વચન દૃષ્ટવિરુદ્ધ નથી. ।।૧૩૮।।

ટીકા :-

यथेह प्रवचने द्रव्यस्तवाद् भावापत्कल्पगुणयुक्ताद् यतनया=यत्नेन, पीडोपकारः पीडयोपकारो बहुगुणभावाज्जिनभवनकारणादेरिति न विरुद्धम् ।।१३८।।

ટીકાર્થ :-

यथेह ..... विरुद्धम् ।। જે પ્રમાણે અહીં=પ્રવચનમાં, ભાવઆપદ્કલ્પગુણયુક્ત=ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ એવા ગુણથી યુક્ત, યતનાપૂર્વક કરાતા દ્રવ્યસ્તવથી થતી પીડા વડે ઉપકાર થાય છે; કેમ કે, જિનભવન કરાવવા આદિથી બહુગુણનો ભાવ છે, એથી કરીને દ્રવ્યસ્તવને કહેનારું વચન દૃષ્ટવિરુદ્ધ નથી. ।।૧૩૮।।

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવ એ ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ એવા બહુ ગુણથી યુક્ત છે; કેમ કે તીર્થંકરે આ જગતમાં સન્માર્ગને સ્થાપન કરીને આપણા પર જે મહાન ઉપકાર કર્યો છે, તેથી કૃતજ્ઞતાગુણરૂપે પણ તેમની ભક્તિ કરવી જોઈએ, છતાં અત્યારે સાક્ષાત્ તીર્થંકર ભગવંતો આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી, માટે તેમની ભક્તિ થઈ શકે નહિ, એ રૂપ ભાવઆપત્તિ છે. તે ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ એવું દ્રવ્યસ્તવ બહુગુણવાળું છે; કેમ કે દ્રવ્યસ્તવથી ભગવાનની ભક્તિ થાય છે, અને યતનાપૂર્વક કરાતા દ્રવ્યસ્તવથી બીજા જીવને જે પીડા થાય છે, તેનાથી પોતાને સંયમના પરિણામની પ્રાપ્તિરૂપ ઉપકાર થાય છે; અને અન્ય યોગ્ય જીવોને એમ થાય છે કે, આ ભાગ્યશાળી જીવ લોકોત્તમ પુરુષની ઉત્તમ દ્રવ્યોથી કેવી સુંદર ભક્તિ કરે છે ! આ રીતે પ્રશંસાદિ દ્વારા બીજા જીવોને બીજાધાનાદિની પ્રાપ્તિ થવાથી ઉપકાર થાય છે; આ રીતે જિનભવન આદિ કરાવવાથી ઘણા ગુણોનો ભાવ થાય છે અર્થાત્ ઘણા ગુણો પ્રગટે છે. તે આ રીતે –

❖ જિનભવન કરાવવા આદિથી ઘણા જીવોને બીજાધાન, સન્માર્ગ આદિની પ્રાપ્તિ થાય છે.

❖ જિનભવન કરાવવા આદિથી ત્યાં દર્શનાર્થે સાધુ ભગવંતોનું આગમન થાય છે અને તેઓ દેશના વગેરે આપે તેના કારણે પોતાને અને અન્ય જીવોને વિશેષ પ્રકારના ધર્મની પ્રાપ્તિ થાય છે.

આ રીતે જિનભવન કરાવવા આદિમાં ઘણા ગુણોનો સદ્ભાવ હોવાથી, યતનાપૂર્વક કરાતા જિનભવનાદિના નિર્માણમાં જે કાંઈ અન્ય જીવોને પીડા થાય છે, તેનાથી સ્વ-પરને ઉપકાર થાય છે, એથી કરીને દ્રવ્યસ્તવને કહેનારું વચન દૃષ્ટવિરુદ્ધ નથી, તેથી વિવેકી જીવને પ્રવૃત્તિનું નિમિત્ત બને છે.

પ્રસ્તુત મૂળ ગાથા-૧૩૮માં અને પ્રસ્તુત ગાથાની ટીકામાં કહ્યું કે, દ્રવ્યસ્તવથી પીડા વડે ઉપકાર થાય છે. ત્યાં સામાન્યથી વિચારતાં વિરોધ ભાસે કે, જેનાથી બીજા જીવોને પીડા થાય છે, તેનાથી ઉપકાર થાય છે એમ કેમ કહ્યું ? વસ્તુતઃ તો ભગવાનની ભક્તિ શ્રાવક કરે છે તેનાથી ઉપકાર થાય છે એમ કહેવું જોઈએ. આમ છતાં, પૂર્વપક્ષીને ભગવાનની ભક્તિમાં દેખાતી પીડાને સામે રાખીને પ્રશ્ન ઊઠે છે કે, તમે

ભગવાનની ગમે તેટલી સારી ભક્તિ કરો છો, પરંતુ તે ક્રિયાથી બીજા જીવોને પીડા થાય છે તેનું શું ? આવા સ્થાનમાં પ્રત્યુત્તરમાં એમ જ કહેવામાં આવે છે કે, આ પીડાથી વસ્તુતઃ ઉપકાર જ થાય છે.

જેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, (૧) સૂત્રવિધિ સમગ્ર હોય, (૨) યતનાપરાયણ હોય અને (૩) અધ્યવસાયથી વિશુદ્ધ હોય એવા જીવની જે વિરાધના છે, તે નિર્જરાફળવાળી છે. આ સ્થાનમાં પણ વિચારક જીવને એ જ પ્રશ્ન ઊઠે કે, વિરાધના અને નિર્જરાફળવાળી કઈ રીતે હોઈ શકે ?

વસ્તુતઃ તે વિરાધના છે માટે નિર્જરાફળવાળી નથી, પરંતુ ભગવાનની ભક્તિમાં સમ્યગ્ યત્ન કરતાં અશક્યપરિહારરૂપ વિરાધના થાય છે, અને તે વિરાધનાયુક્ત ભક્તિની ક્રિયા છે, પરંતુ તે વિરાધનારૂપ અંશ જીવનાશના અધ્યવસાયથી ઊઠેલો નથી, પરંતુ ભગવાનની ભક્તિના પરિણામથી કરાતી ક્રિયામાં અશક્યપરિહારરૂપે રહેલ છે, તેથી તે વિરાધનાને નિર્જરાફળવાળી કહેલ છે. **॥૧૩૮॥**

અવતરણિકા :-

एतदेव स्पष्टयति –

અવતરણિકાર્થ :-

આને જ સ્પષ્ટ કરે છે અર્થાત્ પૂર્વે ગાથા-૧૩૭માં કહ્યું કે, દૃષ્ટ અને ઈષ્ટથી અવિરુદ્ધ અને સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું વિશિષ્ટ વચન જ પ્રવૃત્તિનિમિત્તક બને છે, અને તેમાં દૃષ્ટાંતરૂપે ગાથા-૧૩૮માં દ્રવ્યસ્તવ દૃષ્ટવિરુદ્ધ નથી તે કહ્યું, અને ત્યાં કહ્યું કે, જિનભવન કરાવવા આદિરૂપ દ્રવ્યસ્તવ ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ ગુણયુક્ત છે, અને જિનભવન કરાવવાથી ઘણા ગુણો થાય છે, માટે તે દૃષ્ટઅવિરુદ્ધ છે. તે સર્વ વાત ગાથા-૧૩૯થી ૧૪૩ સુધી સ્પષ્ટ કરે છે. ત્યાં સૌ પ્રથમ પ્રસ્તુત ગાથા-૧૩૯માં દ્રવ્યસ્તવ ભાવઆપત્તિના નિવારણ માટે કઈ રીતે સમર્થ છે, તે બતાવે છે –

ગાથા :-

"सइ सव्वत्थाभावे जिणाण भावावईइ जीवाणं ।
तेसिं नित्थरणगुणं णियमेण इहं तदायतणं" ।।१३९।।

ગાથાર્થ :-

સદા સર્વત્ર ક્ષેત્રમાં જિનોનો અભાવ હોતે છતે, જીવોની ભાવઆપત્તિમાં તેઓનો=જીવોનો, નિસ્તરણ ગુણ=નિસ્તાર પામવા માટે ગુણ, નિયમથી=નક્કી, અહીં=લોકમાં, તદાયતન=જિનાયતન, છે. ।।૧૩૯।।

ટીકા :-

सदा सर्वत्र क्षेत्रेऽभावे जिनानां भावापदि जीवानाम् तेषां निस्तरणगुणं नियमेनेह लोके तदायतनं=जिनायतनम् ।।१३९।।

ટીકાર્થ :-

સદા .... જિનાયતનમ્ ।। સદા સર્વત્ર ક્ષેત્રમાં જિનોનો અભાવ હોતે છતે જીવોની ભાવઆપત્તિમાં જીવોનો નિસ્તાર પામવાનો ગુણ, અહીં=લોકમાં, તેમનું આયતન=જિનોનું આયતન અર્થાત્ જિનભવન છે. ।।૧૩૯।।

ભાવાર્થ :-

હંમેશાં સર્વ ક્ષેત્રોમાં જિનો હોતા નથી અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રની વીશ વિજયોમાં સદા હોવા છતાં તે તે વિજયોમાં પણ સદા સર્વત્ર જિનો હોતા નથી, એક ગ્રામ-નગરમાં હોય ત્યારે અન્ય ગ્રામ-નગરોમાં ન હોય, અને ભરત-ઐરવત ક્ષેત્રમાં પણ સદા જિનો હોતા નથી. આ રીતે ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતા, તેથી જિનેશ્વરોનાં સદા વિનય-ભક્તિ આદિ કરવાં એ જીવો માટે દુષ્કર છે. તેથી તેમનાં વિનય-ભક્તિ આદિ નહિ કરવા સ્વરૂપ ભાવઆપત્તિ તે જીવોને પ્રાપ્ત થાય છે, અને જીવોનો તે ભાવઆપત્તિથી નિસ્તાર કરવા માટેનો અનુકૂળ ગુણ નક્કી જિનાયતન છે અર્થાત્ જિનાયતનનું નિર્માણ કરવું, તેમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરવી ઇત્યાદિ જીવોને નિસ્તાર પામવાના ગુણરૂપ છે.

આશય એ છે કે, ભગવાને સન્માર્ગ સ્થાપીને લોકો ઉપર મહાન ઉપકાર કર્યો છે, તેથી વિષમ એવા પણ સંસારમાં મુગ્ધ જીવો પણ ભગવાનના બતાવેલા માર્ગથી સંસારસાગરને તરે છે; અને જે જીવને ભગવાનનો માર્ગ પ્રાપ્ત થયો હોય તે જીવ હંમેશાં યાદ કરે છે કે, પરમાત્માનો મારા ઉપર અનન્ય ઉપકાર છે. જો આ માર્ગ પરમાત્માએ સ્થાપ્યો ન હોત તો હું આ સંસારમાં ઘણી વિડંબનાને પામત, પરંતુ આ ભગવાને બતાવેલા માર્ગથી અવશ્ય હું આ સંસારસમુદ્રના પારને પામીશ. તેથી ભગવાનનો ઉપકાર યાદ કરીને તેમના પ્રત્યેની ઊઠેલી ભક્તિને અભિવ્યક્ત કરવાનું સ્થાન સાક્ષાત્ જિનેશ્વર પરમાત્મા વિચરતા હોય તો તે જ છે, પરંતુ જ્યારે સાક્ષાત્ જિનેશ્વર પરમાત્માનો વિરહ પ્રાપ્ત થાય છે, ત્યારે જિનેશ્વરોના આયતનમાં રહેલી ભગવાનની મૂર્તિની ભક્તિ કરીને શ્રાવક પોતાના કૃતજ્ઞતા ગુણને અભિવ્યક્ત કરી શકે છે. એટલું જ નહિ પણ ભગવાનની ભક્તિ દ્વારા ભગવાને બતાવેલા માર્ગ પ્રત્યે અહોભાવ પણ વધારે છે અને આથી જ ભગવાનની પૂજા કરીને શ્રાવક સર્વવિરતિના સામર્થ્યનો સંચય કરે છે, અને જો જિનમૂર્તિ ન હોય તો આ ભાવઆપત્તિનું નિવારણ થઈ શકે નહિ. **॥૧૩૯॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૩૯માં કહ્યું કે, જિનમંદિરનું નિર્માણ એ ભાવઆપત્તિના નિસ્તરણના=નિવારણના ગુણરૂપ છે. તે જિનમંદિર નિર્માણ કરવાથી બીજા કયા ગુણો થાય છે, તે પ્રસ્તુત ગાથા-૧૪૦માં બતાવે છે –

ગાથા :-

"तब्बिंबस्स पइट्ठा साहुणिवासो अ देसणाइ अ ।
इक्किक्कं भावावइनित्थरणगुणं तु भव्वाणं" ।।१४०।।

ગાથાર્થ :-

તદ્બિંબની=જિનબિંબની, પ્રતિષ્ઠા, સાધુનો નિવાસ અને દેશનાદિ એકેક=આ પ્રત્યેક, ભવ્ય જીવોને ભાવઆપત્તિમાંથી નિસ્તરણ=નિવારવાનો, ગુણ જ છે. ॥૧૪૦॥

❖ મૂળ ગાથા-૧૪૦માં 'તુ' શબ્દ છે, તે 'એવ'કારાર્થક છે.

ટીકા :-

तद्बिम्बस्य=जिनबिम्बस्य, प्रतिष्ठा तत्र तथाविधसाधुनिवासश्च विभागतो, देशनादयश्चैकैकं-तद्बिम्बप्रतिष्ठाद्यत्र भावापन्निस्तरणगुणमेव भव्यानां प्राणिनाम् ॥१४०॥

ટીકાર્થ :-

तद्बिम्बस्य ..... प्राणिनाम् ॥ तद्બિંબની=જિનબિંબની, ત્યાં=જિનાયતનમાં, પ્રતિષ્ઠા અને વિભાગથી તથાવિધ સાધુનો નિવાસ અને દેશનાદિ એકેક=આ પ્રત્યેક અર્થાત્ તદ્બિંબની=જિનબિંબની, પ્રતિષ્ઠા આદિ પ્રત્યેક અહીંયાં=લોકમાં, ભવ્ય પ્રાણીઓને ભાવઆપત્તિમાંથી નિસ્તરણ=નિવારવાનો ગુણ જ છે. ॥૧૪૦॥

❖ देशनादयः - અહીં 'आदि' શબ્દથી ધ્યાનાદિનું ગ્રહણ થાય છે.

ભાવાર્થ :-

જિનમંદિરનું નિર્માણ કરવાથી બીજા કયા કયા ગુણો થાય છે, તે બતાવે છે –

❖ જિનમંદિર નિર્માણ કર્યા પછી તેમાં જિનબિંબની પ્રતિષ્ઠા થાય છે, જે લોકોત્તમ પુરુષ એવા ભગવાનના ઉપકારોને યાદ કરીને તેમની ભક્તિસ્વરૂપ છે.

❖ જિનમંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા થયા પછી ભગવાન પ્રત્યે ભક્તિવાળા એવા સાધુઓ ભગવાનના દર્શન માટે આવે છે, અને ત્યાં આવેલા સાધુઓ સંયમની આરાધના કરવા માટે જો ત્યાં શક્યતા હોય તો વિભાગથી નિવાસ કરે છે અર્થાત્ જિનમંદિરના બહારના સ્થાનમાં નિર્દોષ વસતિ મળે તો ત્યાં નિવાસ કરે છે. તેથી આવા ઉત્તમ સાધુઓને વસતિનું દાન આપીને શ્રાવકને સંયમની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. તેથી જિનમંદિર નિર્માણ કરવાથી શ્રાવકને સાધુને વસતિદાનરૂપ ગુણની પ્રાપ્તિ થાય છે.

❖ જિનમંદિર નિર્માણ કરવાથી ભગવાનની ભક્તિ માટે આવેલા ઉત્તમ સાધુઓ અલગ વિભાગથી ત્યાં નિવાસ કરે છે અને દેશનાદિ આપે છે, તેથી પોતાને નવા નવા શાસ્ત્રીય પદાર્થોનો બોધ થાય છે, અને આ રીતે નવા નવા શાસ્ત્રીય પદાર્થોનો બોધ થવાથી વિશેષ પ્રકારની આરાધના પોતે કરી શકે છે.

❖ જિનમંદિરનું નિર્માણ થવાથી ઉત્તમ શ્રાવકો ત્યાં ધ્યાનાદિ કરીને પરમાત્મા સાથે તન્મયભાવ પ્રાપ્ત કરે છે, તેથી પરમાત્માની જેમ પોતે પણ તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ પણ કરી શકે છે. **॥૧૪૦॥**

ગાથા :-

"पीडागरी वि एवं एत्थं पुढवाईहिंसा जुत्ताओ ।
अण्णेसिं गुणसाहणजोगाओ दीसइ इहं तु" ।।१४१।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વે ગાથા-૧૩૯/૧૪૦માં કહ્યું એ રીતે, અહીં=જિનભવનમાં, અન્ય પ્રાણીઓને ગુણના સાધનનો યોગ થતો હોવાથી પીડાકારી પણ પૃથ્વી આદિની હિંસા યુક્ત જ છે=યોગ્ય જ છે, અને આ=ગુણસાધનયોગ, અહીં જ=જિનભવનમાં જ, દેખાય છે. ।।૧૪૧।।

ટીકા :-

पीडाकारिण्यप्येवमत्र=जिनभवने पृथिव्यादिहिंसा युक्तैवान्येषां प्राणिनां गुणसाधनयोगाद् दृश्यते एतच्च गुणसाधनमिहैवेति गाथार्थः ।।१४१।।

ટીકાર્થ :-

पीडाकारिण्यप्येवमत्र ..... गाथार्थः ।। આ રીતે=પૂર્વે ગાથા-૧૩૯/૧૪૦માં કહ્યું એ રીતે, અહીંયાં=જિનભવનમાં, પીડાકારી પણ પૃથ્વી આદિની હિંસા યુક્ત જ છે; કેમ કે અન્ય પ્રાણીઓને ગુણના સાધનનો યોગ થાય છે, અને આ=ગુણસાધનયોગ, અહીં જ દેખાય છે એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૪૧।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૩૯/૧૪૦માં કહ્યું કે, જિનાયતનનું નિર્માણ કરવું અને તે કર્યા પછી જિનબિંબની પ્રતિષ્ઠા આદિ કરવી, એ ભાવઆપત્તિના નિસ્તરણનું=નિવારણનું કારણ છે, એ રીતે પૃથ્વી આદિ જીવોની હિંસા યુક્ત જ છે; કેમ કે પૃથ્વી આદિ જીવોની જે હિંસા થાય છે, તે અન્ય પ્રાણીઓને ગુણનું કારણ બને છે. અને આ ગુણનું સાધન અહીં જ દેખાય છે અર્થાત્ જિનભવનને જોઈને કે ભગવાનની ભક્તિ કરીને ઘણા જીવો બીજાધાનાદિ કરે છે, તે દેખાય જ છે. **॥૧૪૧॥**

ગાથા :-

"आरंभवओ वि इमा आरंभतरनिव्वित्तिदा पायं ।
एवं पि हु अणियाणा इट्ठा एसा वि हु मुक्खफला" ।।१४२।।

ગાથાર્થ :-

અને આરંભવાળાને આ=ભગવાનની પૂજામાં થતી પૃથ્વી આદિ જીવોની હિંસા એ, પ્રાયઃ આરંભાન્તરની=પાપારંભની, નિવૃત્તિ આપનારી છે. એ રીતે પણ=આરંભાન્તરની નિવૃત્તિને આપનાર છે એ રીતે પણ, (વિહિત એવા અનુષ્ઠાનમાં પરને=તત્પરને,) અનિદાન એવી આ પણ=પીડા પણ, મોક્ષફળવાળી ઈષ્ટ છે. ।।૧૪૨।।

❖ 'आरंभवओ वि' મૂળ ગાથામાં છે, ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૧માં 'आरंभवओ य' છે તે સંગત જણાય છે અને તે મુજબ અમે અર્થ કરેલ છે.

ટીકા :-

आरम्भवतश्चेयं विहिताऽऽरम्भान्तरनिवृत्तिदा प्रायः विधिना कारणादेवमपि चानिदाना विहिता परस्येष्टा (विहितपरस्येष्टा) चैषापि पीडा मोक्षफला नाऽभ्युदयायैवेति गाथार्थः ।।१४२।।

ટીકાર્થ :-

आरम्भवतश्चेयं ..... गाथार्थः ।। અને આરંભવાળાને વિહિત એવી આ પ્રાયઃ આરંભાન્તરની=સંસારિક આરંભની નિવૃત્તિ આપનારી છે; કેમ કે વિધિપૂર્વક કારણ છે અર્થાત્ વિધિપૂર્વક કરાય છે. એ રીતે પણ=આરંભાન્તરની નિવૃત્તિને આપનાર છે એ રીતે પણ, વિહિતપરને=વિહિત એવા અનુષ્ઠાનમાં તત્પરને, અનિદાન=આશંસારહિત કરાયેલી એવી આ પણ=પીડા પણ, મોક્ષફલા=મોક્ષફલ માટે, ઈષ્ટ છે, અભ્યુદય માટે જ નહિ અર્થાત્ કેવલ અભ્યુદય માટે જ ઈષ્ટ નથી. ।।૧૪૨।।

❖ અહીં પ્રસ્તુત ગાથા-૧૪૨ની ટીકામાં 'एवमपि चानिदाना विहिता परस्येष्टा' આ પ્રમાણે પાઠ છે ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૪૧માં 'एवमपि चानिदाना विहितपरस्य इष्टा' આ પ્રમાણે પાઠ છે અને તે સંગત લાગે છે. તેથી તે પાઠ લઈને તે મુજબ અત્રે અર્થ કરેલ છે.

ભાવાર્થ :-

જિનભવનાદિમાં થતી પૃથ્વી આદિ જીવોને જે પીડા છે, તે આરંભવાળાને પ્રાયઃ આરંભાન્તરની નિવૃત્તિ આપનારી છે. સંસારમાં રહેનાર ગૃહસ્થે સંયમ ગ્રહણ કરેલું નથી માટે તે આરંભવાળો છે, અને જ્યારે જિનભવનાદિ કરે છે ત્યારે સંસારના આરંભાન્તર=જિનભવનના આરંભથી અન્ય જે સંસારિક આરંભ, તેની નિવૃત્તિ આપનારી છે.

વિવેકસંપન્ન શ્રાવક જ્યારે જિનભવન કરાવતો હોય ત્યારે તે માને છે કે, સંસારના સર્વ આરંભો અત્યંત હેય છે અને સંયમ જ ઉપાદેય છે અને જ્યાં સુધી સંયમની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંયમના ઉપાયભૂત દ્રવ્યસ્તવ જ કરવા જેવો છે. તેથી સંસારના અન્ય આરંભને છોડીને જ્યારે તે દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે વિધિપૂર્વક જ કરે છે, તેથી તે વખતે જેમ સ્વરૂપથી અન્ય આરંભની નિવૃત્તિ છે, તેમ ફળથી પણ અન્ય આરંભની નિવૃત્તિ છે; કેમ કે સંસારના અન્ય આરંભ કરવા જેવા નથી એવી બુદ્ધિ તેને વૃદ્ધિમત્ થાય છે અને ભગવાનની ભક્તિ જ કરવા જેવી છે એવી બુદ્ધિ તેને પુષ્ટ બને છે. તેથી દ્રવ્યસ્તવમાં થતી પૃથ્વી આદિની હિંસા આરંભાન્તરની=સંસારિક આરંભની નિવૃત્તિ આપનારી છે.

ભગવાનની પૂજામાં થતી પૃથ્વી આદિ જીવોને જે પીડા છે, તે પ્રાયઃ આરંભાન્તરની નિવૃત્તિ આપનારી છે એમ કહ્યું. અહીં 'પ્રાયઃ' કહેવાથી એ કહેવું છે કે, જે વિવેકસંપન્ન શ્રાવક જિનમંદિર નિર્માણમાં યત્ન કરતો હોય, ત્યારે શાસ્ત્રમાં વિધિ છે કે, જિનમંદિર નિર્માણની ક્રિયા દરમ્યાન શ્રાવકે સંસારના સર્વ વ્યાપારાદિ બંધ કરીને માત્ર જિનમંદિર નિર્માણમાં પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ. તેથી જિનમંદિર નિર્માણ દરમ્યાન શ્રાવક સંસારના સર્વ વ્યાપાર આદિની પ્રવૃત્તિ બંધ કરીને માત્ર ધર્મમાં જ પ્રવૃત્તિશીલ રહે છે, તેથી

એકાગ્રતાપૂર્વક જિનમંદિર નિર્માણની વિધિમાં સમ્યગ્ યત્ન તે કરી શકે છે. આમ છતાં કોઈ અનિવાર્ય સંયોગથી કે કોઈ પ્રમાદથી ગૃહકાર્યમાં પ્રવૃત્તિ થવાની સંભાવના ગૃહસ્થને રહે છે, તેની વ્યાવૃત્તિ કરવા માટે પ્રાયઃ શબ્દ મૂકેલ છે.

પૂર્વમાં કહ્યું કે, શ્રાવક વિધિપૂર્વક જિનપૂજા કરે છે. તેથી એ રીતે પણ શાસ્ત્રમાં વિહિત એવા દ્રવ્યસ્તવમાં તત્પર એવા શ્રાવકને તે પૂજા અનિદાનરૂપ છે.

આશય એ છે કે, ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકને સંસારના કોઈ ભૌતિક પદાર્થની આશંસા હોતી નથી, પરંતુ આ ભગવાનની ભક્તિ કરીને હું આ સંસારસાગરથી તરું એ જ માત્ર આશંસા છે. તેથી ભૌતિક પદાર્થની આશંસારૂપ નિદાન દ્રવ્યસ્તવમાં નથી; જ્યારે યાગાદિ તો ભૂતિકામનાથી કરાય છે, તેથી યાગીય હિંસા નિદાનરૂપ છે. માટે યાગીય હિંસાથી દ્રવ્યસ્તવ વિલક્ષણ છે, તે વાત 'અનિદાન' શબ્દથી કહેલ છે.

વળી, યાગીય હિંસામાં થતી જીવોની પીડા ભૌતિક કામનાવાળી છે. તેનાથી દ્રવ્યસ્તવ વિલક્ષણ છે, તે બતાવવા માટે કહે છે –

યાગીય હિંસાનું ફળ માત્ર સ્વર્ગની પ્રાપ્તિ છે, જ્યારે દ્રવ્યસ્તવમાં થતી પૃથ્વી આદિ જીવોને પીડા મોક્ષફળવાળી છે, પરંતુ માત્ર અભ્યુદયફળવાળી નથી.

આશય એ છે કે, દ્રવ્યસ્તવ કરનાર શ્રાવક આ જિનમંદિરનું નિર્માણ કરીને હું સંયમને અનુકૂળ શક્તિનો સંચય કરું અને આ સંસારસાગરથી તરું, એ પ્રકારની અભિલાષાવાળો હોય છે. તેથી દ્રવ્યસ્તવમાં થતી પૃથ્વી આદિ જીવોની પીડા સંયમને અનુકૂળ માનસનું સર્જન કરીને મોક્ષફળને પ્રાપ્ત કરાવનાર છે, પરંતુ યાગીય હિંસાની જેમ માત્ર અભ્યુદયને કરનાર નથી.

દ્રવ્યસ્તવ કરનાર શ્રાવક તત્કાળ મોક્ષ ન મેળવી શકે તોપણ તેને જે અભ્યુદયની પ્રાપ્તિ છે, તે આનુષંગિક છે અને તે મોક્ષની પ્રાપ્તિમાં સહાયક થાય તેવી શક્તિના સંચયરૂપ છે. તેથી આ દ્રવ્યસ્તવમાં કરાતી હિંસા માત્ર સ્વર્ગના ફળમાં વિશ્રાંત થતી નથી, જ્યારે યાગમાં કરાતી હિંસા તો વેદવચન પ્રમાણે સ્વર્ગના ફળમાં વિશ્રાંત થાય છે.

યદ્યપિ દ્રવ્યસ્તવથી મુખ્યરૂપે પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે અને તે સ્વર્ગાદિરૂપ અભ્યુદયને પ્રાપ્ત કરાવે છે, પરંતુ ફક્ત અભ્યુદયને માટે જ નથી. દ્રવ્યસ્તવથી આનુષંગિક સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે, તે પણ ઉત્તરોત્તર વિશિષ્ટ-વિશિષ્ટતર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષમાં જ વિશ્રાંત થાય છે. તેથી દ્રવ્યસ્તવમાં પૃથ્વી આદિ જીવોને થતી પીડા મોક્ષફળવાળી કહેલ છે, જ્યારે યાગીય હિંસા વેદવચન પ્રમાણે સ્વર્ગફળમાં જ વિશ્રાંત પામે છે. **॥૧૪૨॥**

અવતરણિકા :-

ગાથા-૧૩૮માં કહેલ કે, ભાવઆપત્કલ્પગુણયુક્ત=ભાવઆપત્તિનિવારણ ગુણયુક્ત એવા દ્રવ્યસ્તવથી અન્ય પૃથ્વી આદિના જીવોને જે પીડા થાય છે, તેનાથી ઉપકાર થાય છે; અને ત્યાર પછી ગાથા-

૧૩૯ની અવતરણિકામાં કહ્યું કે, એને જ સ્પષ્ટ કરે છે, અને તે સ્પષ્ટતા ગાથા-૧૩૯થી ૧૪૨માં કરી. હવે તેનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

"ता एइएँ अहम्मो णो इह जुत्तं पि वेज्जनायमिणं ।
हंदि गुणंतरभावा, इहरा वेज्जस्स वि अहम्मो" ।।१४३।।

ગાથાર્થ :-

તે કારણથી=ગાથા-૧૩૯થી ૧૪૨ સુધીના કથનમાં બતાવ્યું કે, દ્રવ્યસ્તવથી આ બધા ગુણો થાય છે તે કારણથી, આમાં=દ્રવ્યસ્તવથી પૃથ્વી આદિના જીવોને થતી પીડામાં, અધર્મ નથી. અહીંયાં=દ્રવ્યસ્તવમાં, ગુણાંતરભાવ હોવાને કારણે=ભાવઆપદ્‌નિવારણ ગુણથી અન્ય ગુણ હોવાને કારણે, આ=પૂર્વે ગાથા-૧૨૦માં કહેલ વૈદ્યનું દૃષ્ટાંત યુક્ત પણ છે. ઈતરથા=વિધિપૂર્વક દ્રવ્યસ્તવ કરવામાં ગુણાંતરભાવનો અભાવ હોય તો, વૈદ્યને પણ પીડામાં=બીજાને પીડા આપવામાં, અધર્મ થાય. ।।૧૪૩।।

❖ 'जुत्तं पि वेज्जनायमिणं' - અહીં 'अपि'થી એ કહેવું છે કે, દ્રવ્યસ્તવમાં ગુણભાવ હોવાને કારણે અધર્મ નથી એ તો યુક્ત છે, પરંતુ પૂર્વે ગાથા-૧૨૦માં કહેલ વૈદ્યનું દૃષ્ટાંત પણ યુક્ત છે.

ટીકા :-

तत्=तस्माद्, अस्यां पीडायामधर्मो न, गुणभावेनेति, इह युक्तमपि वैद्यज्ञातमिदं प्रागुक्तं हंदि गुणान्तरभावाद्, दर्शितं चैतद्, इतरथा=विधिना गुणान्तराभावे, वैद्यस्याप्यधर्म एव पीडायां स्यादिति ।।१४३।।

ટીકાર્થ :-

तत् ..... स्यादिति ।। તે કારણથી=ગાથા-૧૩૯થી ૧૪૨ સુધીના કથનમાં બતાવ્યું કે, દ્રવ્યસ્તવથી આ બધા ગુણો થાય છે તે કારણથી, આ પીડામાં=દ્રવ્યસ્તવથી થતી પૃથ્વી આદિ જીવોની પીડામાં, અધર્મ નથી; કેમ કે ગુણભાવ છે, એથી કરીને અહીંયાં=દ્રવ્યસ્તવમાં, ગુણાંતરભાવ હોવાને કારણે= ભાવઆપદ્‌નિવારણ ગુણથી અન્ય ગુણ હોવાને કારણે, પૂર્વે ગાથા-૧૨૦માં કહેવાયેલ, આ=વૈદ્યનું દૃષ્ટાંત યુક્ત પણ છે અને આ=વૈદ્યનું દૃષ્ટાંત, (દ્રવ્યસ્તવમાં) દર્શિત=બતાવાયેલ છે.

ઈતરથા=વિધિપૂર્વક દ્રવ્યસ્તવ કરવામાં ગુણાંતરભાવનો અભાવ હોય તો, વૈદ્યને પણ પીડામાં=પીડા આપવામાં, અધર્મ જ થાય.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ।।૧૪૩।।

ભાવાર્થ :-

ગાથા-૧૩૯થી ૧૪૨ સુધીના કથનનું નિગમન કરતાં કહે છે કે, દ્રવ્યસ્તવ કરવાથી આત્મામાં ગુણો

પ્રગટે છે, માટે દ્રવ્યસ્તવથી એકેન્દ્રિયાદિ જીવોને જે પીડા થાય છે તેમાં અધર્મ નથી. આ રીતે પદાર્થનું સ્થાપન કર્યા પછી ગાથા-૧૨૦માં જે કહેલ તે વૈદ્યનું દૃષ્ટાંત પણ ગુણાંતરભાવને કારણે યુક્ત છે, એમ બતાવે છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવ માત્ર ભાવઆપત્તિના નિવારણમાં સમર્થ ગુણવાળું છે એવું નથી, પરંતુ દ્રવ્યસ્તવથી ગુણાંતરભાવ=અન્ય ગુણ, પણ થાય છે અને તેથી જ દ્રવ્યસ્તવમાં વૈદ્યનું દૃષ્ટાંત યુક્ત છે. જો દ્રવ્યસ્તવમાં પોતાની ભાવઆપત્તિનું નિવારણમાત્ર થતું હોય તો, ભગવાનના વિરહકાળમાં હું ભગવાનની ભક્તિ કરી શકું, તેટલું જ કાર્ય થઈ શકે; પરંતુ દ્રવ્યસ્તવ હિંસાત્મક છે, માટે તેનાથી કોઈ ગુણાંતરભાવ= ભાવઆપદ્નિવારણથી અન્ય ગુણ, થતો નથી, તેમ માનવામાં આવે તો, કોઈ ગૃહસ્થ વિધિપૂર્વક પણ દ્રવ્યસ્તવ કરે તોપણ હિંસાત્મક હોવાને કારણે ત્યાં ગુણાંતર થતો નથી તેમ માનવું પડે; કેમ કે ભગવાનની ભક્તિ કરવાનો પોતાનો ભાવ હતો પણ ત્યાં હિંસા છે, છતાં કરે છે માટે ગુણાંતર નથી, તેમ કહીને અધર્મરૂપ દ્રવ્યસ્તવને કહેવામાં આવે તો વૈદ્યને પણ અધર્મ માનવાની આપત્તિ આવે; કેમ કે વૈદ્ય પણ રોગીને ઔષધાદિ આપે છે, તેથી રોગીને પીડા ઉત્પન્ન થાય છે.

આનાથી એ કહેવું છે કે, દ્રવ્યસ્તવમાં ભગવાનના વિરહમાં ભગવાનની ભક્તિ કરવારૂપ જે ભાવઆપત્તિ છે, તેનું નિવારણ કરવારૂપ માત્ર ગુણ નથી, પરંતુ અનેક ગુણાંતરો=અન્ય ગુણો છે, અને આથી જ સંયમાદિની પ્રાપ્તિ કરાવીને દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ બને છે. માટે દ્રવ્યસ્તવથી થતી પીડામાં અધર્મ નથી. જેમ વૈદ્યનો શુભ આશય છે, તેથી રોગીને પીડા થવા છતાં રોગનાશરૂપ ગુણ હોવાના કારણે અધર્મ નથી, તેમ દ્રવ્યસ્તવથી હિંસા થવા છતાં સંયમની પ્રાપ્તિ આદિના કારણભૂત શુભાશયો છે માટે ભાવરોગ નાશ પામે છે તેથી અધર્મ નથી. **॥૧૪૩॥**

અવતરણિકા :-

જિનભવનાદિમાં થતી હિંસા જેવી વેદમાં કહેલ હિંસા નથી, એ બતાવીને જિનભવનાદિમાં થતી હિંસાના બળથી વેદની હિંસાને ધર્મ માનવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ કરતાં કહે છે –

ગાથા :-

"ण य वेअगया चेवं सम्मं आवईगुणन्विया एसा ।
ण य दिट्ठगुणा तज्जुयतदंतरनिवित्तिदा नेव" ।।१४४।।

ગાથાર્થ :-

અને આ રીતે=જિનભવનાદિગત હિંસાની જેમ વેદગત પણ આ=હિંસા, સમ્યગ્ આપદ્ ગુણાન્વિત= જિનભવનની જેમ ભાવઆપદ્ગુણયુક્ત, નથી, દૃષ્ટ ગુણવાળી પણ નથી અને તદ્યુક્ત તદન્તર નિવૃત્તિ આપનારી નથી અર્થાત્ હિંસાયુક્ત ક્રિયાન્તરની નિવૃત્તિને આપનારી નથી. ।।૧૪૪।।

ટીકા :-

न च वेदगताप्येवं जिनभवनादिगतहिंसावत्सम्यगापद्गुणान्विता एषा=हिंसा, तामन्तरेणापि जीवानां भावापदभावात्, न च दृष्टगुणा साधुनिवासादिवत्, तथानुपलब्धेस्तद्युक्ततदन्तरनिवृत्तिदा= हिंसायुक्तक्रियान्तरनिवृत्तिदा, नैव, न हि प्राक् तद्वधप्रवृत्ता याज्ञिकाः ।।१४४।।

❖ 'न हि' - અહીં 'हि' શબ્દ 'यस्माद्' અર્થમાં છે.

ટીકાર્થ :-

न च ..... याज्ञिकाः ।। અને આ રીતે જિનભવનાદિગત હિંસાની જેમ, વેદગત પણ આ=હિંસા, સમ્યગ્ આપદ્ ગુણાન્વિત નથી; કેમ કે તેના વગર પણ=વેદગત હિંસા વગર પણ, જીવોને ભાવઆપત્તિનો અભાવ પ્રાપ્ત થાય છે. અને વેદગત હિંસા સાધુનિવાસાદિની જેમ દૃષ્ટગુણવાળી નથી; કેમ કે તે પ્રકારની અનુપલબ્ધિ છે અર્થાત્ જે પ્રકારે જિનભવન કરાવવાથી સાધુનિવાસને કારણે દૃષ્ટગુણ થાય છે, તે પ્રકારે યાગીય હિંસામાં અનુપલબ્ધિ છે. અને યાગીય હિંસા તદ્યુક્ત તદન્તર નિવૃત્તિને આપનાર નથી અર્થાત્ હિંસાયુક્ત એવી ક્રિયાન્તરની નિવૃત્તિને આપનાર નથી જ; જે કારણથી પૂર્વમાં તદ્વધપ્રવૃત્ત=બકરાદિના વધમાં પ્રવૃત્ત, યાજ્ઞિકો નથી. (જેથી યાગીય હિંસાથી પૂર્વમાં પ્રવૃત્ત હિંસાની નિવૃત્તિ થાય, જ્યારે પૂજા કરનાર ગૃહસ્થ સંસારની પ્રવૃત્તિ કરે છે, ત્યારે હિંસામાં પ્રવૃત્ત છે, તેની નિવૃત્તિ પૂજાકાળમાં થાય છે. તેથી હિંસાયુક્ત એવી પૂજાની ક્રિયા કરતાં ક્રિયાંતર એવી સંસારની ક્રિયાની નિવૃત્તિ થાય છે.) ।।૧૪૪।।

ગાથા :-

"ण य फलुद्देसपवित्तितो इय मोक्खसाहगावि त्ति ।
मोक्खफलं च सुवयणं, सेस अत्थाइवयणसमं" ।।१४५।।

ગાથાર્થ :-

અને ફળના ઉદ્દેશથી પ્રવૃત્તિ હોવાને કારણે આ=હિંસા, મોક્ષસાધિકા પણ નથી. અને મોક્ષફળ સુવચન=સુઆગમ છે, શેષ અર્થાદિ વચન સમાન છે અર્થાત્ શેષ વચન પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી ભૂતિકામનારૂપ ફળ થવા છતાં પણ તે વચન અર્થશાસ્ત્રાદિ તુલ્ય=સમાન, છે. ।।૧૪૫।।

ટીકા :-

न च फलोद्देशप्रवृत्तित इयं=हिंसा, मोक्षसाधिकापि, 'श्वेतवायव्यमजामालभेत भूतिकाम' **इति श्रुतेः मोक्षफलं च सुवचनं=स्वागमः, शेषमर्थादिवचनसमं, फलभावेऽप्यर्थशास्त्रादितुल्यमिति गाथार्थः ।।१४५।।**

ટીકાર્થ :-

ન ચ ..... ગાથાર્થઃ ।। અને ફળના ઉદ્દેશથી પ્રવૃત્તિ હોવાને કારણે આ=હિંસા, મોક્ષસાધિકા પણ નથી; કેમ કે શ્વેત અને વાયવ્ય બકરાને=વાયુદેવ સંબંધી બકરાને, ભૂતિકામનાવાળો હોમે, **એ પ્રકારે શ્રુતિ છે અને મોક્ષફળવાળું સુવચન=સુઆગમ છે, અને શેષ અર્થાદિ વચન સમાન છે અર્થાત્ ફળના ભાવમાં પણ અર્થશાસ્ત્રાદિ તુલ્ય છે અર્થાત્ શેષવચન પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી ભૂતિકામનારૂપ ફળ થવા છતાં પણ તે વચન અર્થશાસ્ત્રાદિ તુલ્ય છે. ।।૧૪૫।।**

ભાવાર્થ :-

(૧) જિનભવનાદિમાં થતી હિંસા જેમ સમ્યગ્ ભાવઆપત્તિનિવારણગુણયુક્ત છે, તેવી વેદગત હિંસા નથી.

આશય એ છે કે, ભગવાનના વિરહકાળમાં ભગવાનની ભક્તિ કરવી અશક્ય બને છે, તેથી ભગવાનની ભક્તિના વિરહની આપત્તિના નિવારણના ગુણવાળું જિનભવનનું નિર્માણ છે; જ્યારે વેદગત હિંસા તેના જેવી નથી; કેમ કે યજ્ઞ-યાગાદિ ન કરે તોપણ ભગવાનની ભક્તિ તેઓ કરી શકે છે, જ્યારે જિનભવન ન કરવામાં આવે તો ભગવાનની ભક્તિ થઈ શકે નહિ.

(૨) વળી, જિનમંદિર કરાવવાથી ભગવાનના દર્શન માટે આવેલા સાધુઓ ત્યાં અલગ વિભાગમાં નિવાસ કરે તેનાથી સાધુનો ઉપદેશ, સાધુની ભક્તિ આદિ દૃષ્ટ ગુણોની પ્રાપ્તિ થાય છે, જ્યારે યજ્ઞ કરવાથી તેવા કોઈ ગુણોની પ્રાપ્તિ થતી નથી.

(૩) વળી, દ્રવ્યસ્તવની ક્રિયા કરતી વખતે ગૃહસ્થોને સંસારની હિંસાયુક્ત ક્રિયાન્તરની=અન્ય હિંસાયુક્ત ક્રિયાની, નિવૃત્તિ થાય છે, અને તે નિવૃત્તિ ફક્ત કાયાથી નથી થતી, પરંતુ ભગવાનની ભક્તિકાળમાં મનથી પણ હિંસાથી વિરુદ્ધ એવા સંયમને અભિમુખ પરિણામથી થાય છે, અને આથી જ ભગવાનની પૂજા ક્રમે કરીને સંયમનું કારણ બને છે. જ્યારે યજ્ઞની ક્રિયા સંસારની હિંસાની ક્રિયાની નિવૃત્તિને આપનાર બનતી નથી; કેમ કે યજ્ઞ કરનારાઓ પૂર્વે પોતાના ભોગાદિ અર્થે બકરાદિના વધમાં પ્રવૃત્ત નથી કે જેથી ભોગાદિ અર્થે બકરાદિના વધની નિવૃત્તિ યજ્ઞથી થાય. જ્યારે દ્રવ્યસ્તવમાં તો ગૃહસ્થો પૂર્વમાં સંસારના આરંભમાં પ્રવૃત્ત છે અને ભગવાનની ભક્તિના કાળમાં તેની નિવૃત્તિ થાય છે.

(૪) વળી, યાગીય હિંસા ભૂતિકામનારૂપ ફળના ઉદ્દેશથી થયેલી હોવાને કારણે મોક્ષને સાધનારી નથી, અને મોક્ષના ફળને કહેનારું વચન સુવચ છે=આત્માના હિતને કરનારું વચન છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાનની ભક્તિ માટે કરાતી હિંસા મોક્ષફળવાળી છે, માટે સુવચ છે=આત્માના હિતને કરનારું વચન છે, અને યાગીય હિંસા ભૂતિકામનારૂપ ફળથી કરાયેલી છે, માટે સુવચ નથી=આત્માના હિતને કરનારું વચન નથી; પરંતુ જેમ અર્થાદિને કહેનારાં શાસ્ત્રોથી કોઈ ગૃહસ્થ અર્થ ઉપાર્જન માટે પ્રયત્ન કરે અને તેનાથી અર્થની પ્રાપ્તિ થાય, તોપણ તેના માટે કરાતી હિંસાનું ફળ તે ગૃહસ્થને મળે છે, પરંતુ તે હિંસાથી મોક્ષરૂપ ફળ મળતું નથી. તેમ ભૂતિકામના માટે યજ્ઞ કરવામાં આવે

અને કદાચ તેનાથી સ્વર્ગરૂપ ફળ મળે, તોપણ તેમાં કરાતી હિંસા મોક્ષનું કારણ બનતી નથી, પરંતુ પાપનું કારણ બને છે.

ફલિતાર્થ :-

દૃષ્ટથી યજ્ઞમાં કરાતી હિંસા ગુણની પ્રાપ્તિનું કારણ બનતી નથી, માટે તે હિંસા છે, અને જિનભવનાદિમાં કરાતી હિંસા દૃષ્ટથી ઘણા ગુણવાળી છે, તેથી જિનભવનાદિમાં થતી પૃથ્વી આદિ જીવોને પીડા એ સ્વરૂપહિંસારૂપ છે. **॥૧૪૪-૧૪૫॥**

અવતરણિકા :-

ઇહૈવાગમવિરોધમાહ –

અવતરણિકાર્થ :-

અહીંયાં જ=વેદગત હિંસામાં જ, આગમના વિરોધને કહે છે –

❖ ગાથા-૧૪૪/૧૪૫માં વેદગત હિંસામાં દૃષ્ટ વિરોધ બતાવ્યો, હવે ઇષ્ટ વિરોધ બતાવે છે.

ગાથા :-

"अग्गी मा एआओ एणाओ मुंचउ त्ति य सुई वि ।
तत्पावफला अंधे तमम्मि इच्चाइ य सई वि" ।।१४६।।
"अत्थि जओ ण य एसा, अण्णत्था तीरई इहं भणिउं ।
अविणिच्छया ण एवं इह सुव्वइ पाववयणं तु" ।।१४७।।

ગાથાર્થ :-

જે કારણથી 'અગ્નિ મને આ પાપથી=હિંસાકૃત પાપથી, મુકાવો.' એ પ્રમાણે શ્રુતિ પણ છે. તે પાપના ફળથી=તેમાં=વેદમાં, કહેલ હિંસાના ફળથી 'तमसि' ઇત્યાદિ સ્મૃતિ પણ છે, અને આ=શ્રુતિ અને સ્મૃતિ, અન્યાર્થ=અવિધિ દોષથી નિષ્પન્ન પાપને બતાવવા માટે છે એમ કહેવા માટે અહીં=લોકમાં, શક્ય નથી; કેમ કે અવિનિશ્ચય છે=પ્રમાણાભાવ છે. અને એ રીતે=જે રીતે વેદવચનમાં વિરોધી શ્રુતિ અને સ્મૃતિ છે એ રીતે, અહીં=જિનભવનાદિમાં=જિનભવનાદિ વિષયક, પાપવચન (પ્રવચનમાં) સંભળાતું નથી. (તે કારણથી હિંસાને કહેનાર વેદવચન ઇષ્ટ વિરોધી છે, એમ અધ્યાહાર છે. ॥૧૪૬-૧૪૭॥

ટીકા :-

'अग्निर्मामेतस्माद्धिंसाकृताद् एनसः=पापान्मुञ्चतु' इति छान्दसत्वान्मोचयत्विति श्रुतिरपि विद्यते-वेदवागित्यर्थः, तत्पापफलात्तदुक्तहिंसाफलात्, तमसीत्यादि च स्मृतिरपि विद्यते 'अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यती'**ति वचनादिति गाथार्थः ।।१४६।।**

ટીકાર્થ :-

'अग्नि ..... गाथार्थः ।। "અગ્નિ મને આ હિંસાકૃત પાપથી મુકાવો" અર્થાત્ અગ્નિદેવતા મને આ હિંસાકૃત પાપથી મુકાવો, એ પ્રકારે શ્રુતિ પણ વિદ્યમાન છે અર્થાત્ એ પ્રકારે વેદવચન છે.

તે પાપના ફળથી=તેમાં અર્થાત્ વેદમાં, કહેવાયેલ હિંસાથી થતા પાપના ફળને આશ્રયીને 'तमसि' ઇત્યાદિ સ્મૃતિ પણ વિદ્યમાન છે. તેમાં હેતુ કહે છે – "જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ તે અમે ગાઢ અંધકારમાં ડૂબી રહ્યા છીએ. હિંસા ધર્મરૂપ થાય એ કદી બન્યું નથી અને બનશે નહિ," **એ પ્રમાણે વચન છે, એ પ્રકારે ગાથાર્થ છે. ॥૧૪૬॥**

❖ अग्निर्मामेतस्माद्धिंसाकृतादेनसः=पापान्मुञ्चतु इति छान्दसत्वान्मोचयत्विति श्रुतिरपि विद्यते - અહીં पापान्मुञ्चतु એ પ્રયોગ છે ત્યાં છંદના કારણે पापान्मोचयतु એ પ્રમાણે પ્રેરક પ્રયોગ સમજવો.

ટીકા :-

अस्ति यतः श्रुतिः स्मृतिश्च न चैषाऽन्यार्था=अविधिदोषनिष्पन्नपापार्था, शक्यते इह वक्तुम्, कुतः ? इत्याह-अविनिश्चयात्=प्रमाणाभावादित्यर्थः न चैवम् इह=जिनभवनादौ, श्रूयते पापवचनं प्रवचन इति गाथार्थः ।।१४७।।

ટીકાર્થ :-

अस्ति ..... गाथार्थः ।। જે કારણથી યાગીય હિંસાની નિંદા કરનાર શ્રુતિ અને સ્મૃતિ છે અને આ=શ્રુતિ અને સ્મૃતિ અહીં=લોકમાં, અન્યાર્થ છે=અવિધિદોષથી નિષ્પન્ન પાપને બતાવવા માટે છે, એમ કહેવા માટે શક્ય નથી; કેમ કે અવિનિશ્ચય=પ્રમાણાભાવ છે, એ પ્રમાણે અર્થ જાણવો. અને એ રીતે=જે રીતે વેદવચનમાં વિરોધી શ્રુતિ અને સ્મૃતિ છે એ રીતે, અહીં=જિનભવનાદિ વિષયક, પાપવચન પ્રવચનમાં સંભળાતું નથી, (તે કારણથી યાગને કહેનાર વેદવાક્યનો વેદ સાથે જ વિરોધ છે અને દ્રવ્યસ્તવને કહેનાર વચનનો આગમ સાથે વિરોધ નથી, એમ અધ્યાહાર છે.) એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૪૭॥

ભાવાર્થ :-

યજ્ઞને કહેનારાં જેમ વેદવચનો છે, તેમ યજ્ઞની નિંદા કરનારાં વેદવચનો છે. એમાં 'अग्निः .....' એ પ્રકારે "યાગીય હિંસામાં થતા પાપથી મને અગ્નિદેવતા બચાવો," આ પ્રકારનું વેદનું શ્રુતિવચન એ બતાવે છે કે, ભૂતિકામનાથી યજ્ઞ કરવામાં આવે તોપણ તેનાથી પાપ થાય છે.

વળી, 'तमसि' ઇત્યાદિ સ્મૃતિવચન પણ યજ્ઞની હિંસાને પાપ બતાવનાર છે અને તે વચન આ પ્રમાણે છે – "જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ તે અમે ગાઢ અંધકારમાં ડૂબેલા છીએ; કેમ કે હિંસાથી ક્યારેય ધર્મ થઈ શકતો નથી." આ વેદનું સ્મૃતિવચન જ બતાવે છે કે, સ્વર્ગની કામનાથી કરાતી યાગીય હિંસા પણ પાપરૂપ છે.

જે કારણથી ગાથા-૧૪૬માં બતાવેલ વેદમાં કહેલ હિંસાની નિંદા કરનાર શ્રુતિ અને સ્મૃતિનાં વચનો છે, તે કારણથી યાગીય હિંસા ધર્મરૂપ નથી.

અહીં પૂર્વપક્ષી સમાધાન કરે કે, વેદની નિંદા કરનાર શ્રુતિ અને સ્મૃતિ વચન અન્યાર્થ છે અર્થાત્ કોઈ અવિધિથી યજ્ઞ કરે તો તે અવિધિથી થયેલા દોષના પાપની નિંદા માટે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે શ્રુતિ અને સ્મૃતિ છે તે અવિધિદોષથી નિષ્પન્ન પાપની નિંદા માટે છે, તેમ કહી શકાય નહિ; કેમ કે તેવો નિર્ણય કરવા માટે કોઈ પ્રમાણ નથી.

આશય એ છે કે, શ્રુતિ અને સ્મૃતિમાં તેવો કોઈ ખુલાસો કર્યો નથી કે અવિધિથી કરાયેલા યાગની નિંદા માટે આ વચનો છે. માટે સ્વમતિકલ્પનામાત્રથી તે કહેવું ઉચિત નથી. અને જેમ વેદમાં યાગીય હિંસાની નિંદાનાં વચનો પ્રાપ્ત થાય છે, એ રીતે જૈનાગમમાં-પ્રવચનમાં જિનભવનાદિ વિષયક નિંદાનાં વચનો સંભળાતાં નથી.

આનાથી એ ફલિત થાય છે કે, યાગને કહેનારાં વેદવચનો સાથે વેદરૂપ જ આગમનો વિરોધ છે, જ્યારે જિનભવનાદિના નિર્માણને કહેનારાં જૈનાગમનાં વચનોમાં ક્યાંય તેની નિંદાને કરનારાં વચનો નહિ હોવાથી વિરોધ નથી. તેથી ગાથા-૧૪૪થી ૧૪૭ સુધીના કથનથી એ પ્રાપ્ત થયું કે, વેદવચન દૃષ્ટથી અને ઇષ્ટથી વિરોધવાળું છે અને જૈનાગમનું વચન દૃષ્ટથી અને ઇષ્ટથી વિરોધવાળું નથી. માટે ગાથા-૧૩૭માં કહ્યા મુજબ જૈનાગમનું વચન દૃષ્ટથી અવિરુદ્ધ પ્રથમ સ્થાન, ઇષ્ટથી અવિરુદ્ધ દ્વિતીય સ્થાન અને દૃષ્ટઇષ્ટથી અવિરુદ્ધરૂપ તૃતીય સ્થાન સંક્રાંત છે અને વેદવચન દૃષ્ટથી અને ઇષ્ટથી વિરુદ્ધ છે. માટે તૃતીય સ્થાન સંક્રાંત નથી. **॥૧૪૬-૧૪૭॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૨૧માં કહ્યું કે તેઓને=જિનભવનાદિમાં હિંસ્યમાન જીવોને, પરિણામે સુખ જ છે, અને ત્યાં ઉપપત્તિ અંતર બતાવતાં કહ્યું કે, પરદારાગમનમાં પરદારાને સુખ થાય છે તેટલામાત્રથી પારદારિકને ધર્મ થતો નથી તેથી વ્યભિચાર પણ છે. એ કથનનું નિરાકરણ કરતાં પ્રસ્તુત ગાથામાં કહે છે –

ગાથા :-

"पारिणामियं सुहं नो तेसिं इच्छिज्ज णय सुहं पि ।
मंदापत्थकयसमं ता तमुवण्णासमित्तं तु" ।।१४८।।

ગાથાર્થ :-

તેઓને=જિનભવનાદિમાં હિંસ્યમાનોને=હિંસા કરાતા જીવોને, પરિણામે સુખ ઇચ્છાતું નથી, અને સુખ પણ મંદ અપથ્યકૃત સુખસદૃશ વિપાકદારુણ ઇચ્છાતું નથી. તેથી તે=ગાથા-૧૨૧માં જે ઉપન્યાસ કર્યો તે, ઉપન્યાસમાત્ર જ છે. ॥૧૪૮॥

ટીકા :-

परिणामसुखं च न तेषां जिनभवनादौ हिंस्यमानानामिष्यते तन्निमित्तं जैनैर्न च सुखमपि मन्दापथ्यकृतसमं विपाकदारुणमिष्यते, यस्मादेवं तस्मात्तदुपन्यासमात्रमेव ।।१४८।।

ટીકાર્થ :-

परिणामसुखं ..... मात्रमेव ।। તેઓને=જિનભવાદિમાં હિંસ્યમાન જીવોને, તન્નિમિત્તક પરિણામે સુખ જૈનો વડે ઇચ્છાતું નથી, અને સુખ પણ મંદ-અપથ્યકૃત સુખસમાન, વિપાકે દારુણ ઇચ્છાતું નથી; જે કારણથી આ પ્રમાણે=હિંસ્યમાન જીવોને પરિણામે સુખ જૈનો વડે ઇચ્છાતું નથી અને વિપાકે દારુણ સુખ પણ ઇચ્છાતું નથી, તે કારણથી, તે=ગાથા-૧૨૧માં જે ઉપન્યાસ કર્યો તે, ઉપન્યાસમાત્ર જ છે=અર્થ વગરનું કથન છે. ।।૧૪૮।।

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ ગાથા-૧૨૧માં ઉપન્યાસ કરેલ કે, જિનભવનાદિમાં હિંસ્યમાન જીવોને પરિણામે સુખ છે, માટે અદોષ છે એમ તમે કહેતા હો તો યાગીય હિંસામાં પણ તેમ જ છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – એ ઉપન્યાસ માત્ર જ છે=અર્થ વગરનું કથન છે; કેમ કે જૈનો વડે હિંસ્યમાન જીવોને તન્નિમિત્તક પરિણામે સુખ મનાયું નથી. વળી ગાથા-૧૨૧માં જ અન્ય ઉપપત્તિ=યુક્તિ, બતાવતાં પૂર્વપક્ષીએ કહ્યું હતું કે, "પરદારાગમનમાં પરદારાને સુખ થાય છે, તેટલામાત્રથી પરદારાગમન કરનારને ધર્મ થતો નથી, તેથી વ્યભિચાર પણ છે." તેના નિરાકરણરૂપે પ્રસ્તુત ગાથા-૧૪૮માં કહ્યું કે, જૈનો વડે મંદ અને અપથ્યકૃત અને વિપાકથી દારુણ સુખ સુખરૂપે ઇચ્છાતું નથી.

આશય એ છે કે, રોગીને અમુક રોગમાં અપથ્ય ખાવાથી કાંઈક રોગની મંદતા થાય છે, તે અપથ્યકૃત સુખ મંદ=તુચ્છ છે અને વિપાકમાં દારુણ હોય છે; કેમ કે અપથ્યને કારણે પાછળથી તે રોગ અતિ પીડા કરનાર બને છે. તેમ પરદારાગમનમાં પરદારાને જે સુખ થાય છે, તે મંદ-અપથ્યકૃત સુખ સમાન છે અને વિપાકથી દારૂણ છે; કેમ કે પરદારાને તેનાથી પાપ બંધાય છે, અને પરદારાગમનથી પરદારાને જેવું સુખ થાય છે, તેવું પણ સુખ જિનભવનાદિમાં હિંસ્યમાન જીવોને થાય છે, તેમ જૈનો વડે સ્વીકારાતું નથી. તેથી પૂર્વપક્ષીએ પોતાની પુષ્ટિ માટે ગાથા-૧૨૧માં જે ઉપન્યાસ કર્યો છે, તે ઉપન્યાસમાત્ર જ છે=નિરર્થક છે. **॥૧૪૮॥**

ગાથા :-

"इय दिट्ठेट्ठविरुद्धं जं वयणं एरिसा पवत्तस्स ।
मिच्छाइभावतुल्लो सुहभावो हंदि विण्णेओ" ।।१४९।।

ગાથાર્થ :-

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, દૃષ્ટ-ઈષ્ટવિરુદ્ધ જે વચન છે, એવા પ્રકારના વચનથી પ્રવૃત્ત થયેલાને મ્લેચ્છાદિ ભાવતુલ્ય શુભભાવ જાણવો. ।।૧૪૯।।

ટીકા :-

एवं दृष्टेष्टविरुद्धं यद्वचनमीदृशात्प्रवृत्तस्य सतः म्लेच्छादिभावतुल्यः शुभभावो हंदि विज्ञेयो मोहादिति गाथार्थः ।।१४९।।

ટીકાર્થ :-

एवं ..... गाथार्थः ।। આ પ્રમાણે દૃષ્ટ-ઈષ્ટવિરુદ્ધ એવું જે વચન છે, એવા પ્રકારના વચનથી પ્રવૃત્ત થયેલાને મ્લેચ્છાદિ ભાવતુલ્ય શુભભાવ જાણવો; કેમ કે મોહ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૪૯।।

❖ મૂળ ગાથામાં અને ટીકામાં 'હંદિ' અવ્યય છે, તે ઉપદર્શનાર્થક છે.

ભાવાર્થ :-

इय=एवं - અહીં एवंથી ગાથા-૧૪૪/૧૪૫માં વેદગતહિંસાવિષયક યાગાદિનું દૃષ્ટવિરુદ્ધ વચન બતાવ્યું અને ગાથા-૧૪૬/૧૪૭માં ઇષ્ટવિરુદ્ધ વચન બતાવ્યું, તેનો પરામર્શ કરવો છે. અને એ રીતે જે દૃષ્ટ અને ઇષ્ટ વિરુદ્ધ વચન છે, એવા દૃષ્ટ-ઈષ્ટ-વિરુદ્ધ પ્રકારના વચનથી બ્રાહ્મણો જે યાગાદિમાં પ્રવૃત્ત થાય છે, તેમને શુભભાવ થાય છે, તેમ ગાથા-૧૨૨માં કહેલ; તેને અહીં કહે છે કે, તે મોહથી મ્લેચ્છાદિ ભાવ તુલ્ય જાણવો અર્થાત્ તે વાસ્તવિક શુભભાવ નથી, પરંતુ મ્લેચ્છાદિ ભાવ તુલ્ય તે અશુભ ભાવ છે, પરંતુ શાસ્ત્રના વિષયમાં તેઓને મોહ હોવાથી શુભ ભાવ લાગે છે. વાસ્તવિક રીતે ચંડિકાદિ દેવતા આગળ શ્રેષ્ઠ બ્રાહ્મણનો ભોગ ધરતા મ્લેચ્છોને જેમ અશુભ ભાવ છે, તેમ યજ્ઞમાં બકરાદિનો ભોગ ધરતા બ્રાહ્મણોને પણ અશુભ ભાવ છે. **॥૧૪૯॥**

અવતરણિકા :-

'एगिंदियाइ अह' इत्यादि यदुक्तं तत्परिहारार्थमाह –

અવતરણિકાર્થ :-

પૂર્વે ગાથા-૧૨૩માં પૂર્વપક્ષીએ 'एगिंदियाइ अह' ઇત્યાદિથી જે કહેલું, તેના પરિહાર માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एगिंदियाइभेओऽवित्थं नणु पावभेयहेउ त्ति ।
इट्ठो तए वि समए, तहसुद्ददियाइभेएणं" ।।१५०।।

ગાથાર્થ :-

એકેંદ્રિયાદિનો ભેદ પણ અહીંયાં=પૂજાના વ્યતિકરમાં=પ્રસંગમાં, પાપભેદનો હેતુ છે, એ પ્રકારે તારા પણ સ્વમતમાં તે પ્રકારે શૂદ્ર-દ્વિજાદિ ભેદ વડે ઈષ્ટ છે. ।।૧૫૦।।

ટીકા :-

एकेन्द्रियादिभेदोऽप्यत्र व्यतिकरे ननु पापभेदहेतुरित्येवमिष्टस्तवापि स्वमते तथा=तेनप्रकारेण शूद्रद्विजादिभेदेनेति गाथार्थः ।।१५०।।

ટીકાર્થ :-

एकेन्द्रियादि..... गाथार्थः ।। આ વ્યતિકરમાં=દ્રવ્યસ્તવના પ્રસંગમાં, એકેન્દ્રિયાદિનો ભેદ પણ=યાગીય હિંસામાં પંચેંદ્રિયના વધ કરતાં ભગવાનની પૂજામાં એકેંદ્રિયાદિની હિંસા છે એ રૂપ ભેદ પણ, પાપભેદનો હેતુ છે, એ પ્રકારે તારા પણ મતમાં તે પ્રકારે શૂદ્ર-દ્વિજાદિભેદ વડે ઈષ્ટ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૫૦।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૨૩માં પૂર્વપક્ષીએ કહેલ કે, જિનભવનાદિમાં એકેંદ્રિયાદિ જીવોની હિંસા છે માટે ત્યાં પાપ નથી, જ્યારે યાગમાં તો પંચેન્દ્રિય જીવનો વધ કરવામાં આવે છે માટે ત્યાં પાપ છે, એમ જો તમે કહેતા હો તો તે પણ ઉચિત નથી; કેમ કે યાગમાં થોડા પંચેન્દ્રિય જીવોનો વધ થાય છે, જ્યારે જિનભવનાદિમાં ઘણા એકેન્દ્રિય જીવોનો વધ છે. માટે એકેંદ્રિય અને પંચેન્દ્રિય જીવના વધમાં ભેદ છે, તેમ સ્વીકારીને દ્રવ્યસ્તવ ઉચિત છે અને યાગીય હિંસા અનુચિત છે, તેમ કહી શકાય નહિ. પરંતુ ધર્મ માટે કરાતી બધી હિંસા સમાન છે, તેમ સ્વીકારવું જોઈએ. એ પ્રકારના પૂર્વપક્ષીના આશયનું નિરાકરણ કરતાં કહે છે –

હિંસાના પ્રસંગમાં એકેંદ્રિય અને પંચેન્દ્રિયનો ભેદ પાપભેદનો હેતુ છે, તે વાત તને=પૂર્વપક્ષીને, પણ ઇષ્ટ છે; કેમ કે, પૂર્વપક્ષી પણ માને છે કે, શૂદ્રની હિંસા કરતાં બ્રાહ્મણની હિંસામાં મહાપાપ લાગે છે, અને જો પૂર્વપક્ષી શૂદ્રની હિંસાથી બ્રાહ્મણની હિંસામાં મહાપાપ સ્વીકારી શકે તો એકેન્દ્રિય જીવોની હિંસા કરતાં પંચેન્દ્રિય જીવની હિંસામાં અધિક પાપ છે તે પણ તેણે સ્વીકારવું જોઈએ.

આનાથી એ કહેવું નથી કે, દ્રવ્યસ્તવમાં એકેંદ્રિય જીવોની હિંસા છે માંટે ઓછું પાપ છે, પરંતુ એ કહેવું છે કે, પંચેન્દ્રિય જીવના વધમાં જેવું પાપ છે, તેવું પાપ એકેંદ્રિય જીવના વધમાં નથી, અને ગૃહસ્થો એકેંદ્રિય જીવના વધમાં પ્રવૃત્ત છે, અને એકેંદ્રિય જીવના વધમાંથી નિવૃત્ત થવાનો ઉપાય દ્રવ્યસ્તવ છે, માટે દ્રવ્યસ્તવ કરનાર શ્રાવક પંચેંદ્રિય જીવનો વધ કરનાર જેવો હિંસક નથી, અને શ્રાવક જ્યારે ભગવાનની ભક્તિ કરે છે, ત્યારે વિવેકપૂર્વકની ભક્તિ હોવાને કારણે તે ભક્તિ સર્વથા અહિંસકભાવની પ્રાપ્તિનું કારણ છે.

પૂર્વપક્ષી ધર્મ માટે કરાતી એકેંદ્રિય જીવોની હિંસાને અને યજ્ઞમાં કરાતી પંચેંદ્રિય જીવની હિંસાને સમાન કહેવા માંગે છે, તેનું તે વચન બરાબર નથી, એ વાત પ્રસ્તુત ગાથા-૧૫૦થી ગ્રંથકારશ્રી સ્થાપન કરે છે. **॥૧૫૦॥**

અવતરણિકા :-

એતદેવાહ –

અવતરણિકાર્થ :-

આને જ કહે છે=શૂદ્ર-દ્વિજાદિ ભેદ વડે પાપભેદ છે એને જ કહે છે –

ગાથા :-

"सुद्दाण सहस्सेण वि ण बंभवज्झेह घाइएणं ति ।
जह तह अप्पबहुत्तं, एत्थ वि गुणदोसचिंताए" ।।१५१।।

ગાથાર્થ :-

ઘાતિત=ઘાત કરાયેલા એવા સહસ્ત્ર શૂદ્રો વડે પણ=હજાર શૂદ્ર વડે પણ, અહીંયાં=લોકમાં, બ્રહ્મહત્યા નથી, એ પ્રમાણે જે રીતે તમને છે, તે રીતે અલ્પબહુત્વ અહીંયાં પણ=એકેંદ્રિય અને પંચેન્દ્રિય જીવના વધમાં પણ, ગુણ-દોષની ચિંતામાં જાણવું. ।।૧૫૧।।

ટીકા :-

शूद्राणां सहस्त्रेणापि न ब्रह्महत्येह घातितेनेति यथा भवतां तथाऽल्पबहुत्वमत्रापि गुणदोषचिन्तायां ज्ञेयमिति गाथार्थः ।।१५१।।

ટીકાર્થ :-

शूद्राणां .... गाथार्थः ।। ઘાતિત=ઘાત કરાયેલા એવા સહસ્ર શૂદ્રો વડે પણ=હજાર શૂદ્ર વડે પણ, અહીંયાં=લોકમાં, બ્રહ્મહત્યા નથી, એ પ્રમાણે જે રીતે તમને છે, તે રીતે અલ્પબહુત્વ અહીંયાં પણ= એકેન્દ્રિય અને પંચેંદ્રિય જીવની હિંસામાં પણ, ગુણદોષની ચિંતામાં જાણવું. ।।૧૫૧।।

ભાવાર્થ :-

વેદને માનનાર પણ કહે છે કે, હજાર શૂદ્રોના નાશથી જે પાપ થાય છે, તેના કરતાં એક બ્રાહ્મણને મારવામાં વધારે પાપ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે,

જે પ્રકારે શૂદ્ર અને બ્રાહ્મણની હત્યામાં તને=પૂર્વપક્ષીને, અલ્પબહુત્વ માન્ય છે, તેમ એકેંદ્રિય જીવના ઘાતમાં અને પંચેંદ્રિય જીવના ઘાતમાં પણ અલ્પબહુત્વ અમને=સ્વસંપ્રદાયને, માન્ય છે. તેથી જ્યારે જે હિંસાથી ગુણની પ્રાપ્તિ થતી હોય અને જે હિંસાથી દોષની પ્રાપ્તિ થતી હોય તેની વિચારણા કરીએ ત્યારે પણ, આ એકેંદ્રિય જીવનો વધ છે કે આ પંચેંદ્રિય જીવનો વધ છે, તેની પણ વિચારણા કરવામાં આવે છે.

જેમ ભગવાનની પૂજામાં થતી હિંસાથી જીવને ગુણ પ્રગટે છે અને સંસારી જીવોને ભોગાદિમાં થતી હિંસાથી દોષ થાય છે, ત્યાં પણ એ વિચારવામાં આવે છે કે, એકેન્દ્રિય જીવના વધથી ભગવાનની પૂજા થાય છે, માટે ત્યાં બાહ્ય હિંસા અલ્પ માત્રામાં છે, અને જ્યારે કોઈક શાસનના કાર્યમાં પંચેંદ્રિય જીવના વધથી

ગુણ થતો હોય ત્યારે ત્યાં બાહ્ય હિંસામાં બહુ માત્રા છે, એવી વિચારણા કરવામાં આવે છે; તેમ સંસારના કાર્યમાં પણ કોઈ જીવ એકેન્દ્રિયના વધથી આરંભ-સમારંભ કરતો હોય ત્યાં અલ્પહિંસા છે, અને પંચેંદ્રિય જીવના વધથી સંસારની પ્રવૃત્તિ થતી હોય ત્યાં ઘણી હિંસા છે, એ પ્રકારનો વ્યવહાર પ્રવર્તે છે. આથી જ ભગવાનની પૂજામાં શ્રાવક વડે એકેંદ્રિય જીવોનો વધ થતો હોવા છતાં ગુણ થતો હોવાને કારણે પ્રતિદિન પ્રવૃત્તિ કરે છે, પરંતુ સંઘના રક્ષણનો વિશેષ પ્રસંગ હોય અને પંચેંદ્રિય જીવના વધ વગર તે અશક્ય હોય, ત્યારે ક્વચિત્ સંઘના રક્ષણ માટે પંચેંદ્રિય જીવનો વધ ઇષ્ટ હોવા છતાં, શક્ય હોય ત્યાં સુધી તેનો વધ ન થાય તે રીતે તેના નિવારણ માટે યત્ન કરે છે; કેમ કે એકેન્દ્રિય જીવના વધમાં અને પંચેંદ્રિય જીવના વધમાં ભેદ છે. **॥૧૫૧॥**

અવતરણિકા :-

હવે જિનભવનાદિમાં યતનાથી પ્રવર્તમાનને અલ્પ હિંસા થાય છે, તે બતાવે છે –

ગાથા :-

"अप्पा च होइ एसा एत्थ जयणाइ वट्टमाणस्स ।
जयणा उ धम्मसारो विन्नेया सव्वकज्जेसु" ।।१५२।।

ગાથાર્થ :-

અને અલ્પ આ=હિંસા, અહીં=જિનભવનાદિમાં યતનાથી પ્રવર્તમાનને થાય છે, અને યતના (ગ્લાનાદિ) સર્વ કાર્યોમાં ધર્મનો સાર જાણવો. ।।૧૫૨।।

ટીકા :-

अल्पा च भवत्येषा हिंसात्र यतनया प्रवर्त्तमानस्य जिनभवनादौ, यतना च धर्मसारो विज्ञेया सर्वकार्येषु ग्लानादिषु, यतनाभावशुद्धिभ्यां हेत्वनुबन्धहिंसाऽभावे स्वरूपतः पर्यवसानमेवाल्पत्वं, न चाल्पोऽपि ततो बन्धो "इट्ठा एसावि हु मोक्खफल" **त्ति प्रागेवोक्तत्वादिति प्रामाणिकाः,** "अणुमित्तो वि न कस्सइ बंधो परवत्थुपच्चया भणिओ"**त्ति सैद्धान्तिकाः ।।१५२।।**

❖ ગાથા-૧૫૨ની ટીકામાં 'धर्मसारो' છે ત્યાં પંચવસ્તુક ગાથા-૧૨૬૧ની ટીકામાં 'धर्म्मसारो हृदयं' આ પ્રમાણે છે.

ટીકાર્થ :-

अल्पा च ..... ग्लानादिषु, અને અલ્પ આ=હિંસા અહીં=જિનભવનાદિમાં, યતનાથી પ્રવર્તમાનને થાય છે, અને યતના ગ્લાનાદિ સર્વ કાર્યોમાં ધર્મનો સાર જાણવો.

અહીં પ્રશ્ન થાય કે, આ રીતે તો યતનાપૂર્વક જિનભવનાદિમાં પ્રવર્તમાનને પણ અલ્પ હિંસા થાય છે, એવું પ્રાપ્ત થાય, અને તેથી જિનભવનાદિના નિર્માણમાં પણ હિંસારૂપ પાપની પ્રાપ્તિ થાય. તેથી કહે છે -

यतनाभावशुद्धिभ्यां ..... प्रामाणिकाः, यतना वडे हेतुहिंसानो अभाव होते छते अने भावशुद्धि द्वारा अनुबंध हिंसानो अभाव होते छते स्वरूपथी पर्यवसान ज अल्पपणुं छे अने 'इट्ठा एसावि मोक्खफल' त्ति=आ पण=पीडा पण, मोक्षफळवाळी ईष्ट छे, એ પ્રમાણે પ્રાગ્ ઉક્તપણું હોવાથી=પૂર્વે ગાથા-૧૪૨ના ઉત્તરાર્ધમાં કહેલ હોવાથી, અલ્પ પણ તેનાથી બંધ નથી, એ પ્રમાણે પ્રામાણિકો કહે છે.

હવે સિદ્ધાંતકારો=કર્મબંધને માનનાર જે સિદ્ધાંત છે તેને આશ્રયીને કહેનારા જે કહે છે, તે બતાવે છે –

अणुमित्तो वि ..... सैद्धान्तिकाः ।। "પરવસ્તુને આશ્રયીને અણુમાત્ર પણ કોઈને બંધ કહેલો નથી." **એ પ્રમાણે સિદ્ધાંતકાર કહે છે. (આ નિશ્ચયનયનો મત છે.) ॥૧૫૨॥**

ભાવાર્થ :-

ગ્લાનાદિની પ્રતિચરણામાં=સેવામાં, કોઈ સાધુ યતનાપૂર્વક પ્રવર્તતા હોય તોપણ, ગ્લાનાદિની શારીરિક સ્થિતિ તેવી હોવાથી તેમને સ્થાનાંતર કરવામાં બધી પૂંજવા-પ્રમાર્જવાની ક્રિયાનું સમ્યગ્ પાલન થઈ શકે નહિ, આમ છતાં શક્યતા પ્રમાણે જે સાધુ યતના કરતા હોય, અને જે કાંઈ દોષો અનન્ય ઉપાયરૂપે સેવાતા હોય, તેમાં જે હિંસા છે તે માત્ર સ્વરૂપહિંસા છે; કેમ કે શક્ય એટલી યતના તે સાધુ કરે છે, તેથી હેતુહિંસા નથી, અને આ ગ્લાનની વૈયાવચ્ચ કરવાથી હું તેમના સંયમની વૃદ્ધિમાં સહાયક થાઉં કે તેમના સંયમના પરિણામના રક્ષણમાં સહાયક થાઉં, તેવો શુભ અધ્યવસાય હોય છે, તેથી સામેની વ્યક્તિના સંયમની વૃદ્ધિનું કારણ બને તે જ રીતે કરાતી વૈયાવચ્ચમાં અલ્પ પણ કર્મબંધ થતો નથી, એટલું જ નહિ પરંતુ વૈયાવચ્ચ સાથે અવિનાભાવિ સ્વરૂપહિંસા પણ અનુબંધથી અહિંસારૂપ હોવાને કારણે મોક્ષફળવાળી છે.

પ્રસ્તુતમાં જિનભવનાદિમાં ભગવાનની ભક્તિ માટે અનિવાર્ય એવી જે પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તે હિંસા ફક્ત સ્વરૂપહિંસા છે, અને જિનભવનાદિના નિર્માણ આદિથી પોતાનો ભગવાનની ભક્તિનો ભાવ વૃદ્ધિમત્ થાય છે, તેથી શ્રાવકને પૂજામાં હિંસાકૃત લેશ પણ કર્મબંધ નથી.

વળી, કર્મબંધના સિદ્ધાંતને માનનારા કહે છે કે, હિંસાની ક્રિયા=પ્રાણવધરૂપ ક્રિયા, હિંસ્યમાન જીવમાં પ્રાપ્ત થાય છે. તેથી જે જીવ હિંસાની ક્રિયામાં નિમિત્તમાત્ર છે, તે જીવને હિંસાકૃત કર્મબંધ થઈ શકે નહિ, પરંતુ હિંસ્યમાન જીવમાં કરાતી હિંસાના કાળમાં સંસારી જીવને તે ક્રિયાનિમિત્તક જે રાગાદિ ભાવો થાય છે, તત્કૃત કર્મબંધ થાય છે; અને ભગવાનની ભક્તિના કાળમાં વિવેકી શ્રાવકનું ચિત્ત ભગવાનના વીતરાગાદિ ભાવો પ્રત્યે આસન્ન બને છે, તેથી પૂજાકાળમાં રાગાદિના ઉચ્છેદમાં જીવનો યત્ન હોય છે, તેથી હિંસ્યમાન જીવમાં થતી હિંસાથી લેશ પણ કર્મબંધ થતો નથી, અને અંતરંગ ભાવોથી ફક્ત નિર્જરાની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે સૈદ્ધાંતિકો કહે છે.

અહીં વિશેષ એ છે કે, યતના ધર્મનો સાર છે, તેમ કહ્યું ત્યાં, 'યતના' શબ્દથી અંતરંગ અને બહિરંગ બંને યતનાનું ગ્રહણ છે. તેમાં બહિરંગ યતના હેતુહિંસાના નિવર્તનનું કારણ બને છે, અને ભાવશુદ્ધિ માટે કરાતો અંતરંગ યત્ન એ અંતરંગ યતનારૂપ છે અને તે અંતરંગ યતના અનુબંધહિંસાના નિવર્તનનું કારણ બને છે. તે આ રીતે –

ભગવાન ક્રોધ-માન-માયા અને લોભના પ્રતિપક્ષ એવા ક્ષમા-માર્દવ-આર્જવ અને નિરીહતા એ ચાર ભાવોના પ્રકર્ષને પામેલા છે, માટે વીતરાગ છે; અને વીતરાગભાવ પ્રત્યેના બહુમાનથી જ્યારે શ્રાવક ભગવાનની પૂજા કરે છે, ત્યારે તેનું ચિત્ત ભગવાનના તે ભાવો તરફ ગમનવાળું થાય છે, જે અંતરંગ ભાવોની યતનાસ્વરૂપ છે. તેને જ અહીં ટીકામાં ભાવશુદ્ધિરૂપે યતનાથી પૃથગ્ ગ્રહણ કરીને ધર્મની પ્રવૃત્તિમાં ભાવશુદ્ધિની પ્રધાનતા બતાવેલ છે.

વળી, શ્રાવક જેમ ભગવાનની ભક્તિ કરે છે, તેમ છકાયના જીવો પ્રત્યે દયાળુ હોય છે. તેથી ભગવાનની ભક્તિના કાળમાં પોતાને ભગવાનની ભક્તિમાં ઉપયોગી ન હોય તેવી લેશ પણ પીડા કોઈ જીવને ન થાય તેવી જે યતના કરે છે, તે બહિરંગ યતના છે, અને આ બહિરંગ યતનાથી હેતુહિંસાનો પરિહાર થાય છે; અને અંતરંગ યતના ભાવિમાં સંયમની પ્રાપ્તિનું કારણ હોવાના કારણે અંતરંગ યતનાથી અનુબંધહિંસાનો પરિહાર થાય છે. તેથી શ્રાવકને ભગવાનની પૂજામાં ફક્ત સ્વરૂપહિંસાની પ્રાપ્તિ છે. **॥૧૫૨॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૫૨માં કહ્યું કે, યતના ધર્મનો સાર છે. તેને જ સ્પષ્ટ કરતાં કહે છે –

ગાથા :-

"जयणेह धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा एगंतसुहावहा जयणा" ।।१५३।।

ગાથાર્થ :-

અહીં=જિનભવનાદિના નિર્માણમાં, યતના ધર્મને પેદા કરનાર છે, યતના ધર્મનું પાલન કરનાર છે અને યતના ધર્મની વૃદ્ધિ કરનાર છે, યતના એકાંતે સુખાવહા=સુખને આપનારી છે. ।।૧૫૩।।

ટીકા :-

यतनेह धर्मजननी ततः प्रसूतेः, यतना धर्मस्य पालनी चैव प्रसूतरक्षणात्, तद्वृद्धिकारिणी यतना, इत्थं तद्वृद्धेः, एकान्तसुखावहा यतना सर्वतोभद्रत्वादिति गाथार्थः ।।१५३।।

ટીકાર્થ :-

यतनेह ..... गाथार्थः ।। અહીં=જિનભવનાદિના નિર્માણમાં, યતના ધર્મને પેદા કરનાર છે; કેમ કે તેનાથી=યતનાથી, ધર્મની પ્રસૂતિ=ધર્મ પેદા થાય છે, અને યતના ધર્મનું પાલન કરનાર છે; કેમ કે પેદા થયેલ ધર્મનું યતનાથી રક્ષણ થાય છે, અને તેની વૃદ્ધિ કરનાર=ધર્મની વૃદ્ધિ કરનાર, યતના છે; કેમ કે આ રીતે=યતનાનું પાલન કરાય છે એ રીતે, ધર્મની વૃદ્ધિ થાય છે. યતના એકાંતે સુખાવહા=સુખને આપનારી છે; કેમ કે યતના સર્વતોભદ્ર છે અર્થાત્ સર્વ કલ્યાણને કરનારી છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૫૩।।

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથા-૧૫૩માં યતના ધર્મને પેદા કરનાર, યતના ધર્મનું પાલન કરનાર અને યતના ધર્મની વૃદ્ધિ કરનાર છે એમ કહ્યું, તે આ રીતે –

(૧) કોઈ પણ ગુણસ્થાનકને ઉચિત પ્રવૃત્તિ કરવા માટે જીવ જ્યારે પ્રારંભ કરે છે, ત્યારે પ્રથમ શ્રુતસંકલ્પરૂપ અભિગ્રહ કરે છે, અને અતિ સાત્ત્વિક જીવ હોય તેને તરત જ તે ગુણસ્થાનક નિષ્પન્ન થાય છે. પરંતુ કેટલાક જીવોને તે ગુણસ્થાનકની નિષ્પત્તિ તરત થતી નથી, આમ છતાં તે ગુણસ્થાનકને અનુરૂપ જે ઉચિત ક્રિયાઓ છે, તે શાસ્ત્રવચનાનુસાર યતનાપૂર્વક કરે તો તેને ક્રમસર તે ગુણસ્થાનકની નિષ્પત્તિ થાય છે. તેથી યતનાને ધર્મની જનની કહેલ છે.

(૨) કોઈ જીવને શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞા કરવાના કાળમાં તે ગુણસ્થાનક નિષ્પન્ન થયું હોય, અને તથાવિધ કર્મના ઉદયે તે ગુણસ્થાનક નિષ્પન્ન થયા પછી કોઈક રીતે પાતને અભિમુખ પરિણામ થાય ત્યારે, અથવા પાતને અભિમુખ પરિણામ ન હોય તોપણ, પ્રતિજ્ઞાથી પ્રગટ થયેલ ધર્મનું રક્ષણ, તે શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાને અનુકૂળ યતનાથી થાય છે; કેમ કે યતનાથી નિષ્પન્ન થયેલો ધર્મ યતનાથી જ રક્ષિત થાય છે.

(૩) વળી, શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાકાળમાં કોઈને તે ગુણસ્થાનકની નિષ્પત્તિ થઈ હોય તો યતનાથી તેની વૃદ્ધિ થાય છે, કેમ કે નિષ્પન્ન થયેલો તે ધર્મ યતનાના ભાવથી પુષ્ટ બને છે, વૃદ્ધિમત્ બને છે.

(૪) વળી, નિષ્પન્ન થયેલો આશય યતનાના ભાવથી વૃદ્ધિમત્ થઈને સર્વ કર્મોનો ક્ષય કરી નિર્વાણની પ્રાપ્તિનું કારણ બને છે. આમ એકાંત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવનાર યતના છે, તેથી યતનાને સર્વતોભદ્ર=સર્વ કલ્યાણનું કારણ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, મોક્ષમાર્ગની સાધના અતિદુષ્કર છે, આમ છતાં જે જીવ સંસારથી ભય પામેલો છે, તે જીવ યતનાપૂર્વક મોક્ષમાર્ગની આરાધના કરવા માંડે તો અવશ્ય તે તે ગુણસ્થાનકની નિષ્પત્તિ થાય છે અને યાવત્ વૃદ્ધિમત્ થઈને યતના મોક્ષફળમાં વિશ્રાંત પામે છે. માટે જ અપ્રમાદભાવરૂપ યતના ધર્મનો સાર છે; કેમ કે ભગવાનનો ઉપદેશ મુખ્યતયા અપ્રમાદભાવરૂપ જ છે.

અહીં 'યતના' શબ્દનો ફરી ફરી પ્રયોગ કરેલ છે, તેના દ્વારા યતનાની અતિપૂજ્યતા બતાવેલ છે. અને આ યતના બાહ્ય રીતે તે તે અનુષ્ઠાનમાં અપેક્ષિત એવી જીવરક્ષાને અનુકૂળ યત્નસ્વરૂપ ગ્રહણ કરવાની છે, અને અંતરંગ રીતે પોતાના આત્મગુણોને વિકસાવવા માટેના અંતરંગ યત્નસ્વરૂપ પણ ગ્રહણ કરવાની છે. અને આવી યતના સર્વગુણસ્થાનકોની પ્રાપ્તિ દ્વારા મોક્ષફળમાં વિશ્રાંત પામે છે, આથી જ આવી યતનાપૂર્વક ભગવાનની પૂજા કરનાર નાગકેતુને પુષ્પપૂજાના કાળમાં પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે. **॥૧૫૩॥**

ગાથા :-

"जयणाए वट्टमाणो जीवो सम्मत्तणाणचरणाणं ।
सद्धाबोहासेवणभावेणाराहगो भणिओ" ।।१५४।।

ગાથાર્થ :-

યતના વડે વર્તમાન જીવ શ્રદ્ધા, બોધ અને આસેવનના ભાવ વડે સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો આરાધક કહેલો છે. ।।૧૫૪।।

ટીકા :-

यतनया वर्त्तमानो जीवः परमार्थेन सम्यक्त्वज्ञानचरणानां त्रयाणामपि श्रद्धाबोधासेवनभावेन हेतुनाऽऽराधको भणितस्तथाप्रवृत्तेरिति गाथार्थः ।।१५४।।

ટીકાર્થ :-

यतनया ..... गाथार्थः ।। યતના વડે વર્તમાન જીવ પરમાર્થથી સમ્યક્ત્વ, જ્ઞાન અને ચરણ=ચારિત્ર, ત્રણેયનો પણ શ્રદ્ધા, બોધ અને આસેવનભાવરૂપ હેતુ વડે આરાધક કહેલો છે.

અહીં પ્રશ્ન થાય કે, યતના એ ઉપયોગપૂર્વકની આચરણાસ્વરૂપ છે. તેથી યતના વડે વર્તમાન જીવ સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેયનો પણ આરાધક કઈ રીતે સંભવે ? તેથી હેતુ કહે છે –

તે પ્રકારની પ્રવૃત્તિ છે અર્થાત્ જીવ જે શાસ્ત્રનાં વચનોથી આરાધના કરે છે, તે શાસ્ત્રનાં વચનો પ્રત્યે તેને શ્રદ્ધા=રુચિ હોય છે, કે આ વચનો જ પરમાર્થરૂપ છે; અને તે વચનોનો બોધ હોય છે અર્થાત્ કઈ રીતે યતના કરવાથી ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને ગુણની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય, તે પ્રકારનો બોધ હોય છે; અને તે બોધપૂર્વક સ્વશક્તિને અનુરૂપ પ્રવૃત્તિ કરતો હોવાથી જીવ રત્નત્રયનો આરાધક બને છે. ।।૧૫૪।।

ભાવાર્થ :-

અપુનર્બંધક જીવ યતનાપૂર્વક જિનભવનાદિ નિર્માણરૂપ દ્રવ્યસ્તવ કરતો હોય કે સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર યતનાપૂર્વક જિનભવનાદિ નિર્માણરૂપ દ્રવ્યસ્તવ કરતો હોય, ત્યારે દેશવિરતિધરને તો દેશચારિત્ર હોવાને કારણે યતનાપૂર્વકની દ્રવ્યસ્તવની પ્રવૃત્તિથી સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર ત્રણેયની પણ આરાધના સંભવે, પરંતુ અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિ જીવને ત્રણેયની આરાધના કઈ રીતે સંભવે ? કેમ કે ત્યાં વિરતિનો અસંભવ છે. તેનું તાત્પર્ય એ છે કે,

અપુનર્બંધક જીવ પણ જ્યારે પોતાના સ્થૂલબોધ પ્રમાણે યતનાપૂર્વક પ્રવર્તતો હોય ત્યારે, સૂક્ષ્મબોધ નહિ હોવાને કારણે પૂર્ણ તત્ત્વરુચિ નહિ હોવા છતાં પૂર્ણ તત્ત્વરુચિને અભિમુખ એવી સ્થૂલથી તત્ત્વરુચિ છે, અને સૂક્ષ્મબોધ નહિ હોવા છતાં સૂક્ષ્મબોધને અનુકૂળ એવો સ્થૂલબોધ છે; તેથી એ બંને હેતુથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સ્વરૂપ છે; કેમ કે સ્વરૂપથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ચોથા ગુણસ્થાનકમાં પ્રગટે છે અને તેની પૂર્વે તે બંને હેતુરૂપે હોય છે. તેથી અપુનર્બંધક અવસ્થામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હેતુરૂપે હોય છે, અને તે વખતે જે યતનાની પ્રવૃત્તિ છે, તે દ્રવ્યચારિત્રરૂપ હોવા છતાં ભાવચારિત્રને અભિમુખ છે. તેથી જ અપુનર્બંધક જીવ યતનાપૂર્વક પ્રવૃત્તિ કરતો હોય ત્યારે સ્થૂલરુચિ, સ્થૂલબોધ અને પ્રધાનદ્રવ્યચારિત્ર

ત્રણેયની સમ્યગ્ આરાધના થાય છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને ભાવથી રત્નત્રયીનું કારણ બને છે. તેથી અપુનર્બંધક જીવ રત્નત્રયીનો આરાધક છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે યતનાપૂર્વક દ્રવ્યસ્તવમાં વર્તતો હોય ત્યારે યતનાના ઉપયોગથી તત્ત્વની રુચિ અને તત્ત્વનો સૂક્ષ્મબોધ બંને અતિસૂક્ષ્મ બને છે, અને અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમથી જે યત્કિંચિત્ ચારિત્રનો ભાવ છે, તેનાથી સંવલિત તે યતનાની આચરણા બનવાથી અતિશય એવા ચારિત્રની નિષ્પત્તિનું કારણ બને છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ પણ ઉપયોગપૂર્વક યતનાની ક્રિયાથી રત્નત્રયીનો આરાધક બને છે. **॥૧૫૪॥**

ગાથા :-

"एसा य होइ णियमा तयहिगदोसणिवारिणी जेण ।
तेण णिवित्तिपहाणा विन्नेया बुद्धिमंतेणं" ।।१५५।।

ગાથાર્થ :-

અને આ=યતના, જે કારણથી નિયમથી=નક્કી, તદ્અધિક દોષનિવારિણી છે, તે કારણથી બુદ્ધિમાન એવા જીવ વડે નિવૃત્તિપ્રધાન જાણવી અર્થાત્ દોષની નિવૃત્તિપ્રધાન જાણવી. ।।૧૫૫।।

ટીકા :-

एषा च भवति नियमाद् यतना तदधिकदोषविनिवारिणी येनानुबन्धेन तेन निवृत्तिप्रधाना तत्त्वतो विज्ञेया बुद्धिमता सत्त्वेन ।।१५५।।

ટીકાર્થ :-

एषा ..... सत्त्वेन ।। અને જે કારણથી આ=યતના, નિયમથી=નક્કી, અનુબંધ વડે, તદ્અધિક દોષનિવારિણી છે=ભગવાનની પૂજાના કાળમાં થતી હિંસાના દોષ કરતાં અધિક દોષનિવારિણી છે, તે કારણથી બુદ્ધિમાન એવા જીવ વડે તત્ત્વથી નિવૃત્તિપ્રધાન જાણવી અર્થાત્ દોષની નિવૃત્તિપ્રધાન જાણવી. ।।૧૫૫।।

ભાવાર્થ :-

જિનભવનાદિ નિર્માણમાં જીવ યતનાપૂર્વક પ્રવર્તે છે ત્યાં યદ્યપિ પૃથ્વી આદિ જીવોની હિંસા થાય છે, તોપણ તેના દ્વારા અનુબંધથી=ફળથી, અધિક દોષનું નિવારણ થાય છે; કેમ કે જો યતનાપૂર્વક પણ જિનભવનાદિનું નિર્માણ જ કરવામાં ન આવે તો તેમાં થતી પૃથ્વી આદિ જીવોની હિંસા ન થાય, પરંતુ ભગવાનનો વિનય ન કરવારૂપ જે ભાવઆપત્તિ છે, તેનું નિવારણ ન થવાથી તે રૂપ અધિક દોષની પ્રાપ્તિ થાય છે. અને યતનાપૂર્વક જિનભવનાદિનું નિર્માણ થવાથી ભગવાનનો વિનય થાય છે, અને ભગવાન પ્રત્યેના વિનયને કારણે ભગવાનના સંયમમાર્ગ પ્રત્યે સામર્થ્ય પ્રગટે છે, તેથી ભાવિમાં સંયમની પ્રાપ્તિ

કરાવીને ભગવાનના મંદિરનું નિર્માણ ઘણા દોષની નિવૃત્તિને કરે છે, માટે જિનભવનાદિના નિર્માણમાં થતી પૃથ્વી આદિ જીવોની હિંસા કરતાં અધિક દોષનું નિવારણ થાય છે. અધિક દોષના નિવારણ અર્થે જ જિનભવનાદિનું નિર્માણ છે અને તે યતનાપૂર્વક કરતાં સંયમનો પરિણામ થાય છે, માટે તત્ત્વથી દોષની નિવૃત્તિપ્રધાનવાળી આ યતના છે, એ પ્રમાણે બુદ્ધિમાનોએ જાણવું, એમ ગ્રંથકારશ્રી કહે છે.

અહીં વિશેષ એ છે કે, જિનભવનાદિના નિર્માણકાળમાં જે કોઈ અલ્પજીવોને પીડા થાય છે, તેના કરતાં જિનમંદિરનું નિર્માણ થવાથી ઘણા જીવોને તત્ત્વની પ્રાપ્તિ થાય છે અને ભગવાનની ભક્તિ કરીને ઘણા જીવો સંયમને પામશે. તેથી જિનમંદિરના નિર્માણમાં જે જીવોની હિંસા થાય છે, તેના કરતાં વિરતિની પ્રાપ્તિથી ઘણી અહિંસાની વૃદ્ધિ થાય છે, અને જે જીવો તત્ત્વને પામ્યા તે જીવોના નિમિત્તને પામીને વળી ઘણા નવા જીવોને પણ તત્ત્વની પ્રાપ્તિ થશે. આ સર્વે અહિંસાના પ્રવાહનું મૂળ કારણ જિનભવનનું નિર્માણ છે. તેથી જિનભવનમાં થતી બાહ્ય હિંસા, અને ભગવાનની ભક્તિની આરાધના કરીને થતી અહિંસા, એ બંનેમાં ખાબોચિયા અને સમુદ્ર જેટલું મહાન અંતર છે; કેમ કે યત્કિંચિત્ જીવોની હિંસાથી ઘણી અહિંસાની પરંપરા છે. **॥૧૫૫॥**

ગાથા :-

"सा इह परिणयजलदलविसुद्धरुवा उ होइ विण्णेया ।
अत्थव्वओ महंतो सव्वो सो धम्महेउ त्ति" ।।१५६।।

ગાથાર્થ :-

અહીંયાં=જિનભવનાદિમાં, તે=યતના, પરિણત=પ્રાસુક જલ અને દલની વિશુદ્ધિરૂપ જ જાણવી. અર્થવ્યય મહાન થાય છે, તોપણ સર્વે તે=અર્થવ્યય, ધર્મનું કારણ છે. ॥૧૫૬॥

❖ 'त्ति' શબ્દ પાદપૂર્તિ માટે છે.

ટીકા :-

सा यतनेह जिनभवनादौ परिणतजलदलविशुद्धिरूपैव भवति प्रासुकग्रहणेनार्थव्ययो यद्यपि महान् भवति, तथापि सर्वोऽसौ धर्महेतुः स्थाननियोगादिति गाथार्थः ।।१५६।।

ટીકાર્થ :-

सा ..... गाथार्थः ।। અહીંયાં=જિનભવનાદિમાં, તે=યતના, પરિણત=પ્રાસુક, જલ અને દલની વિશુદ્ધિરૂપ જ હોય છે. જોકે, પ્રાસુકગ્રહણથી અર્થવ્યય મહાન થાય છે, તોપણ સર્વે આ=અર્થવ્યય, ધર્મનું કારણ છે; કેમ કે સ્થાને નિયોગ છે એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૫૬॥

ભાવાર્થ :-

જિનભવનનું નિર્માણ કરતી વખતે પરિણત=પ્રાસુક જલ અને પરિણત દલ=કાષ્ઠાદિ ગ્રહણ કરવાનાં છે.

જે જલમાં ઘણી જાતના ત્રસ જીવો હોય તે જલ અપરિણત જલ કહેવાય અર્થાત્ અપ્રાસુક જલ કહેવાય, અને જે દલમાં=કાષ્ઠાદિમાં જીવાત-ઉધેઈ વગેરે હોય તે અપરિણત દલ કહેવાય; અને જે જલમાં અને લાકડામાં ત્રસ જીવો ન હોય તે જલ અને દલ પરિણત જલ અને પરિણત દલ કહેવાય. અને આવું પરિણત=પ્રાસુક જલ અને દલ જિનભવનાદિના નિર્માણમાં ગ્રહણ કરવાનું છે.

આ પ્રાસુક જલ અને દલની વિશુદ્ધિરૂપ યતના છે અર્થાત્ ત્રસ જીવો વગરનું પાણી પણ, કોઈ તેમાં સૂક્ષ્મ ત્રસ જીવ હોય તે જીવના રક્ષણ માટે ગાળવામાં આવે છે, જેથી એમાં કોઈ સૂક્ષ્મ જીવ હોય તેનું રક્ષણ થાય, તે પરિણત જલની વિશુદ્ધિ કહેવાય; અને પરિણત એવા કાષ્ઠાદિ દલમાં પણ કોઈ સૂક્ષ્મ જીવાતો-કુંથુવા વગેરે હોય તો તેને પૂંજીને ઉચિત રીતે સુરક્ષિત સ્થાને મૂકવામાં આવે, તો તે દલની વિશુદ્ધિ કહેવાય; અને એ રૂપ યતના જિનભવનાદિમાં કરવાની છે.

આ રીતે પ્રાસુક જલ અને પ્રાસુક દલને જિનભવનાદિના નિર્માણમાં વાપરવાનું છે અને તેમાં પણ જીવરક્ષા માટે શક્ય એટલી ઉચિત યતના કરવાની છે.

આ પ્રકારના પ્રાસુક જલ અને પ્રાસુક દલના ગ્રહણ માટે ઘણો અર્થવ્યય થાય છે; કેમ કે જળ વગેરે ગાળવા માટે માણસ રાખવા પડે, જ્યાં પ્રાસુક જલ-દલાદિ પ્રાપ્ત થતાં હોય ત્યાંથી મંગાવવાં પડે, તેથી અર્થવ્યય ઘણો થાય, પણ તે અર્થવ્યય ધર્મનું કારણ છે; કેમ કે આ રીતે જીવરક્ષા માટે સૂક્ષ્મ યતના કરનાર શ્રાવકને અહિંસા વ્રત પ્રત્યેનો તીવ્ર પક્ષપાત હોય છે. વળી ભગવાન પણ પરિપૂર્ણ અહિંસાને પાળીને મોક્ષમાં ગયા છે માટે તેમની ભક્તિ કરવાની છે. તેથી ભગવાનની ભક્તિ કરતી વખતે શક્ય એટલી હિંસાના નિવારણ માટે યતના કરવી જોઈએ, એવો શુભ અધ્યવસાય જિનભવનાદિમાં યતના કરનારને હોય છે. તેથી આવી યતના કરવામાં જે અર્થવ્યય થાય છે, તે સ્થાને વપરાયેલ છે, માટે તે સર્વ અર્થવ્યય ધર્મનું કારણ છે. **॥૧૫૬॥**

અવતરણિકા :-

પ્રસઙ્ગમાહ –

અવતરણિકાર્થ :-

પ્રસંગને કહે છે અર્થાત્ પૂર્વે ગાથા-૧૫૫માં કહ્યું કે, યતનાપૂર્વક જિનભવનાદિનું નિર્માણ કરવાથી અધિક દોષનું નિવારણ હોવાને કારણે અનુબંધથી=ફળથી, અહિંસા છે, તે કથનને બતાવનાર પ્રસંગને=દૃષ્ટાંતને, કહે છે –

ગાથા :-

"एत्तो च्चिय णिद्दोसं सिप्पाइविहाणमो जिणिंदस्स ।
लेसेण सदोसं पि हु बहुदोसणिवारणत्तेणं" ।।१५७।।

"वरबोहिलाभओ सो सव्वुत्तमपुण्णसंजुओ भयवं ।
एगंतपरहिअरओ, विसुद्धजोगो महासत्तो" ।।१५८।।

"जं बहुगुणं पयाणं तं णाउण तहेव देसेइ ।
ते रक्खंतस्स तओ जहोचियं कह भवे दोसो" ।।१५९।।

"तत्थ पहाणो अंसो बहुदोसनिवारणे हि जगगुरुणो ।
णागाइ रक्खणे जह कड्ढणदोसेवि सुहजोगो" ।।१६०।।

"एवं णिवित्तिपहाणा विण्णेया तत्तओ अहिंसेयं ।
जयणावओ उ विहिणा पूयाइगयावि एमेव" ।।१६१।।

ગાથાર્થ :-

આથી જ=યતનાગુણ હોવાથી જ, લેશથી સદોષ પણ બહુદોષનિવારણપણું હોવાને કારણે, જિનેન્દ્રનું=આદ્ય તીર્થંકરનું, શિલ્પાદિ વિધાન અનુબંધથી=ફળથી, નિર્દોષ છે. ।।૧૫૭।।

વરબોધિલાભથી સર્વોત્તમ પુણ્યસંયુક્ત ભગવાન એકાંતે પરહિતમાં રત, વિશુદ્ધ યોગવાળા, મહાસત્ત્વશાળી તે=જિનેન્દ્ર, જે પ્રજાને=પ્રાણીઓને, બહુગુણવાળું છે તે જાણીને તે પ્રમાણે જ કહે છે, તેના=તે જીવોના, રક્ષણ કરનારને યથોચિત તેનાથી=ઉપદેશથી, કઈ રીતે દોષ થાય ? અર્થાત્ દોષ ન જ થાય. ।।૧૫૮-૧૫૯।।

ત્યાં=શિલ્પાદિના વિધાનમાં, જગદ્ગુરુનો બહુદોષનિવારણમાં પ્રધાન અંશ છે, જે પ્રમાણે નાગાદિના રક્ષણમાં આકર્ષણથી=ખેંચવાથી, દોષમાં પણ શુભયોગ છે. ।।૧૬૦।।

આ રીતે=પૂર્વ ગાથા-૧૬૦માં કહ્યું કે, જગદ્ગુરુને શિલ્પાદિના વિધાનમાં બહુદોષનિવારણમાં પ્રધાન અંશ છે, તેથી શુભ યોગ છે એ રીતે, નિવૃત્તિપ્રધાન આ=જિનભવનાદિ કારણમાં=કરાવવામાં, થતી હિંસા, તત્ત્વથી અહિંસા છે. વળી યતનાવાળાની વિધિ વડે કરાતી પૂજાદિગત પણ (હિંસા) એ પ્રમાણે જ છે અર્થાત્ તત્ત્વથી અહિંસા છે. ।।૧૬૧।।

ટીકા :-

आसां व्याख्या-अत एव=यतनागुणान्निर्दोषं शिल्पादिविधानं जिनेन्द्रस्याद्यस्य लेशेन सदोषमपि सद् बहुदोषनिवारणत्वेनानुबन्धत इति गाथार्थः ।।१५७।।

एतदेवाह-वरबोधिलाभतः सकाशात् स=जिनेन्द्रः, सर्वोत्तमपुण्यसंयुक्तो भगवान् एकान्त-परहितरतस्तत्स्वभावत्वाद् विशुद्धयोगो महासत्त्व इति गाथार्थः ।।१५८।।

यद् बहुगुणं प्रजानां=प्राणिनां तज्ज्ञात्वा तथैव देशयति भगवांस्तावत्ततो (तान् रक्षतः ततो ?) यथोचितमनुबन्धतः कथं भवेद्दोषो नैवेति गाथार्थः ।।१५९।।

एतदेव स्पष्टयति - तत्र शिल्पादिविधाने प्रधानोंऽशो बहुदोषनिवारणे हि जगद्गुरोस्ततश्च नागादिरक्षणे यथा जीवितरक्षणेनाकर्षणादोषेऽपि कण्टकादेः शुभयोगो भवतीति गाथार्थः ।।१६०।।

एवं निवृत्तिप्रधानानुबन्धमधिकृत्य विज्ञेया तत्त्वतोऽहिंसा इयं=जिनभवनादिहिंसा, यतनावतस्तु विधिना क्रियमाणा पूजादिगताप्येवमेव तत्त्वतोऽहिंसेति गाथार्थः ।।१६१।।

टीकार्थ :-

આની વ્યાખ્યા=ગાથા-૧૫૭થી ૧૬૧ની ટીકાની વ્યાખ્યા –

अत एव ..... गाथार्थः ।। આથી જ=યતનાગુણથી જ, લેશથી સદોષ પણ બહુદોષનિવારણપણું હોવાને કારણે, આદ્યજિનેન્દ્રનું શિલ્પાદિ વિધાન અનુબંધથી=ફળથી, નિર્દોષ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૫૭।।

एतदेवाह=આને જ કહે છે=પૂર્વે ગાથા-૧૫૭માં કહ્યું કે, આદ્યજિનેન્દ્રનું શિલ્પાદિ વિધાન નિર્દોષ છે, એને જ કહે છે –

वरबोधि ..... गाथार्थः ।। વરબોધિના લાભથી સર્વોત્તમ પુણ્યથી સંયુક્ત ભગવાન, તત્સ્વભાવપણું હોવાને કારણે એકાંતે પરહિતમાં રત, વિશુદ્ધ યોગવાળા, મહાસત્ત્વશાળી તે=જિનેન્દ્ર, (આનો સંબંધ ગાથા-૧૫૯ સાથે છે) એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૫૮।।

❖ પ્રસ્તુત ગાથામાં સર્વોત્તમ પુણ્યસંયુક્ત ભગવાન એકાંતે પરહિતમાં રત, વિશુદ્ધ યોગવાળા અને મહાસત્ત્વશાળી છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, તેઓ કોઈના અહિત માટે પ્રવૃત્તિ કરે નહિ. તેથી આવા પ્રકારના આદ્યજિનેન્દ્રએ શિલ્પાદિનું જે વિધાન કર્યું છે, તે અવશ્ય પ્રજાના હિત માટે જ કર્યું છે. તેથી લેશથી સદોષ હોવા છતાં પણ આદ્યજિનેન્દ્રનું શિલ્પાદિનું વિધાન નિર્દોષ છે, એમ દ્યોતિત થાય છે.

यद् ..... गाथार्थः ।। પૂર્વે ગાથા-૧૫૮માં કહ્યું એવા પ્રકારના વિશેષણથી યુક્ત એવા જિનેન્દ્ર, પ્રજાને=પ્રાણીઓને, જે બહુગુણવાળું છે તેને જાણીને તે પ્રમાણે જ કહે છે. તે જીવોને રક્ષણ કરનાર એવા ભગવાનને, અનુબંધને આશ્રયીને=ફળને આશ્રયીને, યથોચિત તેનાથી=ઉપદેશથી, કઈ રીતે દોષ થાય ? અર્થાત્ દોષ ન જ થાય. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૫૯।।

एतदेव स्पष्टयति=આને જ સ્પષ્ટ કરે છે=આદ્યજિનેન્દ્રે શિલ્પાદિનું જે વિધાન કર્યું છે, તે અનુબંધથી=ફળથી, દોષરૂપ નથી, એને જ સ્પષ્ટ કરે છે –

तत्र ..... गाथार्थः ત્યાં=શિલ્પાદિના વિધાનમાં, જગદ્ગુરુનો બહુદોષનિવારણમાં જ પ્રધાન અંશ છે, અને તેથી=બહુદોષનિવારણમાં પ્રધાન અંશ છે તેથી, શુભ યોગ હોય છે; જે પ્રમાણે નાગાદિથી રક્ષણમાં=માતા વડે નાગાદિથી પુત્રના રક્ષણમાં, જીવિતનું રક્ષણ હોવાના કારણે આકર્ષણાદિથી=ખેંચવાથી, કંટકઆદિથી=કંટક આદિ લાગવાથી, દોષ હોવા છતાં પણ શુભયોગ હોય છે. ।।૧૬૦।।

एवं ..... गाथार्थः ।। આ રીતે=પૂર્વે ગાથા-૧૬૦માં કહ્યું કે, જગદ્ગુરુને શિલ્પાદિના વિધાનમાં

બહુદોષનિવારણમાં પ્રધાન અંશ છે તેથી શુભયોગ છે એ રીતે, અનુબંધને=ફળને, આશ્રયીને નિવૃત્તિપ્રધાન એવી આ=જિનભવનાદિ કારણમાં=કરાવવામાં, થતી હિંસા, તત્ત્વથી અહિંસા જાણવી. વળી યતનાવાળાની વિધિ વડે કરાતી પૂજાદિગત હિંસા પણ એ પ્રકારે જ=જે પ્રકારે જિનભવનાદિ કારણમાં=કરાવવામાં, થતી હિંસા તત્ત્વથી અહિંસા છે એ પ્રકારે જ, તત્ત્વથી અહિંસા છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૬૧॥

ભાવાર્થ :-

પૂર્વે સ્થાપન કર્યું કે, યતનાપૂર્વક જિનભવનાદિમાં પ્રયત્ન કરવાથી ધર્મની નિષ્પત્તિ થાય છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે, યતનાપૂર્વક જિનભવનાદિમાં યત્ન કરનાર શ્રાવકની દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ નિર્દોષ છે, અને તે નિર્દોષ છે તેને જ દૃઢ કરવા માટે આદ્યતીર્થંકરનો પ્રસંગ દૃષ્ટાંતરૂપે બતાવે છે -

આદ્યતીર્થંકર શ્રીઋષભદેવ ભગવાન જાણતા હતા કે, શિલ્પાદિની પ્રવૃત્તિ સંસારી જીવોને રાગનું કારણ છે, તોપણ જો આ શિલ્પાદિ કળાઓ લોકોને મળશે નહિ તો જીવોનો અધિક વિનાશ થશે.

❖ અહીં 'શિલ્પાદિ' કળામાં 'આદિ' પદથી સુતોને દેશોનું વિભાજન અને રાજનીતિનું ગ્રહણ કરેલ છે.

સામાન્ય રીતે સંસારની કળાઓ રાગાદિની વર્ધક છે, તોપણ જો આ કળાઓ લોકોને આદ્યતીર્થંકર ન આપે અને રાજ્યાદિ વ્યવસ્થા લોકમાં પ્રવૃત્ત ન થાય તો લોકોમાં વર્તતી રાગાદિની પરિણતિ અન્યત્ર વર્તીને અરાજકતા, અનાચાર અને અતિ અનુચિત પ્રવૃત્તિ કરાવીને વિનાશને પ્રાપ્ત કરાવે; જેમ છઠ્ઠો આરો આવશે ત્યારે તેમાં રાજ્યાદિ વ્યવસ્થા ન હોવાથી અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરીને પ્રાયઃ જીવો દુર્ગતિમાં જશે. જોકે આ રીતે શિલ્પાદિ અને રાજનીતિ વગેરેથી તેઓના રાગાદિ ભાવો કાંઈક પોષાશે, તોપણ અધિક અનર્થના નિવારણરૂપ હોવાથી, માત્ર લોકોના ઉપકાર અર્થે ભગવાને શિલ્પાદિ કળાઓ તેમને શીખવાડી છે; પરંતુ પોતે કળામાં નિપુણ છે અને જગતમાં પોતે કાંઈક કળાસંપન્ન છે અથવા લોકોમાં પોતાની પ્રતિષ્ઠાને વધારવાના કોઈ આશયથી ભગવાને લોકોને શિલ્પાદિ કળાઓ આપી નથી; કેમ કે તીર્થંકરો વરબોધિના લાભથી જ સર્વોત્તમ પુણ્યસંયુક્ત હોય છે અને સ્વભાવથી જ એકાંતે પરહિતમાં રત હોય છે અને મહાસાત્ત્વિક હોય છે. તેથી પોતાની શક્તિથી જગતમાં પ્રતિષ્ઠા મેળવવાની લાલસાવાળા તીર્થંકર ભગવાન હોતા નથી. તેથી જગતના જીવોના ઉપકાર માટે શિલ્પાદિ કળાઓ બતાવવી તે જ માત્ર ઉપાય છે, તેમ જાણીને તે જીવોના હિતને માટે ભગવાને તે કળાઓ બતાવી છે.

આનાથી એ ફલિત થાય છે કે, કોઈ જીવ શિલ્પાદિ કળાઓ પોતાની પ્રતિષ્ઠા-અર્થાદિની પ્રાપ્તિ આદિ અર્થે કરે તે દોષરૂપ છે અને કરનારને અવશ્ય કર્મબંધ થાય છે, અને તે શિલ્પાદિ કળાઓ દ્વારા જે જીવો અશુભ આશયથી રાગાદિ ભાવ કરશે, તેમાં પોતાનો નિમિત્ત ભાવ પણ થાય છે. તેથી કળા પ્રગટ કરીને અન્યના રાગની ઉત્પત્તિમાં તે જીવ નિમિત્ત બને છે. જ્યારે ભગવાન તો શુભાશયથી કળાઓને પ્રગટ કરીને પણ સામા જીવના અધિક અનર્થના નિવારણમાં નિમિત્ત બન્યા, તેથી તે શિલ્પાદિ કળાઓથી લોકોને જે

રાગાદિભાવ થાય, તેમાં ભગવાન લેશ પણ નિમિત્ત નથી. જેમ વીર ભગવાને બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું અને તે વસ્ત્રદાનથી બ્રાહ્મણે આજીવિકા કે સંસારની પ્રવૃત્તિ કરી, છતાં વસ્ત્રદાન તો ફક્ત બ્રાહ્મણને બીજાધાનનું કારણ બને એવા શુભાશયથી જ ભગવાને કરેલ. તેથી બ્રાહ્મણને ભાવિમાં સર્વવિરતિના કારણભૂત જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે તેના જ ઉપાયરૂપ ભગવાનની વસ્ત્રદાનની ક્રિયા છે. તે જ રીતે ભાવિના અનર્થના નિવારણનું નિમિત્ત બને તે રીતે જ આદ્યતીર્થંકરનું શિલ્પાદિ વિધાન છે, પરંતુ શિલ્પાદિ દ્વારા જીવો રાગમાં પ્રવૃત્તિ કરે તે આશયથી ભગવાનનું શિલ્પાદિનું વિધાન નથી.

તેની જેમ જિનભવનાદિના નિર્માણમાં થતી હિંસા પણ અધિક દોષની નિવૃત્તિપ્રધાન હોવાથી અનુબંધને= ફળને, આશ્રયીને અહિંસારૂપ છે; કેમ કે યતનાપૂર્વક જિનભવન કરાવવાથી ભગવાનની ભક્તિ અર્થે અશક્યપરિહારરૂપ જેટલી હિંસા છે તેટલી જ હિંસા થાય છે, અને તેનાથી અધિક કઈગણી હિંસાનો પરિહાર થાય છે, અને જિનભવનના નિર્માણથી ઘણા ગુણો પ્રગટે છે, તેથી અનુબંધને આશ્રયીને હિંસાની નિવૃત્તિપ્રધાન એવી જિનભવનના નિર્માણમાં થતી હિંસા છે. તેથી જિનભવનના નિર્માણમાં થતી હિંસા અહિંસારૂપ છે.

તે જ રીતે યતનાપૂર્વક કોઈ જીવ ભગવાનની પૂજા કરતો હોય તો તેમાં થતી જે હિંસા છે, તે પણ ભાવિમાં સંયમની પ્રાપ્તિનું કારણ હોવાથી અહિંસારૂપ છે. **॥૧૫૭થી ૧૬૧॥**

અવતરણિકા :-

પ્રસઙ્ગમાહ –

અવતરણિકાર્થ :-

પ્રસંગને કહે છે=પૂર્વે ગાથા-૧૪૨માં કહ્યું કે, જિનપૂજામાં થતી પૃથિવી આદિ જીવોને જે પીડા છે, તે મોક્ષફળવાળી છે, માત્ર અભ્યુદયને જ માટે નથી. એ કથનમાં પૂજાને મોક્ષફલા કહી ત્યાં દોષની પ્રાપ્તિરૂપ જે પ્રસંગ છે તેને કહે છે –

ગાથા :-

"सिय पूआओवगारो ण होइ को वि पुज्जणिज्जाणं ।
कयकज्जत्तणओ तह जायइ आसायणा चेव" ।।१६२।।

ગાથાર્થ :-

सिय=થાય અર્થાત્ પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય –

પૂજાથી ભગવાન પૂજક ઉપર ખુશ થશે, તેવો કોઈપણ ઉપકાર થતો નથી; કેમ કે પૂજ્યોનું=તીર્થંકરોનું કૃતકૃત્યપણું છે. તથા આ રીતે=પૂજાથી કોઈ ઉપકાર થતો નથી છતાં પૂજા કરવામાં આવે છે એ રીતે, તે પ્રકારે=પૂજા કરીને, ભગવાનની અકૃતકૃત્યત્વના આપાદાનરૂપ, આશાતના થાય છે. ।।૧૬૨।।

टीका :-

स्यात्, पूजयोपकारस्तुष्ट्यादिरूपो न भवति कश्चिदिह, पूज्यानां=तीर्थकृतां, कृतकृत्यत्वादिति युक्तिः, तथा जायते आशातना चैवमकृतकृत्यत्वापादनेनेति गाथार्थः ।।१६२।।

टीकार्थ :-

स्यात्, ... गाथार्थः ।। स्यात्=थाय, अर्थात् पूर्वपक्षीना मते आ प्रमाणे थाय. ते दोषने बतावे छे –

पूजाथी तुष्टि आदिरूप=भगवान पूजक उपर खुश थशे, तेवो कोई उपकार अहीं लोकमां थतो नथी; केम के पूज्योनुं=तीर्थंकरोनुं, कृतकृत्यपणुं छे, ए प्रकारे युक्ति छे. अने आ रीते=पूजाथी कोई उपकार थतो नथी छतां पूजा करवामां आवे छे ए रीते, अकृतकृत्यत्वना आपादनथी, आशातना थाय छे, ए प्रमाणे गाथार्थ छे. ।।१६२।।

❖ तुष्ट्यादिरूपो - अहीं 'आदि'थी पूजकने भगवान न्याल करी दे के इच्छितने पूरी दे वगेरे ग्रहण करवानुं छे.

भावार्थ :-

पूज्य एवा तीर्थंकर भगवंतो कृतकृत्य छे, तेथी तेओने पूजाथी पूजक उपर खुश थवुं वगेरे कृत्य बाकी नथी. माटे पूजा करवाथी पूजक उपर भगवान तुष्ट थईने ते जीवनी इच्छाओ पूरी करशे तेवो संभव नथी. आम छतां पूजक जीव भगवाननी पूजा करे छे, तेथी ए प्राप्त थाय छे के, भगवाननी तुष्टि माटे आपणे पूजा करीए छीए. तेथी भगवानने तुष्ट थवानुं कृत्य बाकी छे, एवो भाव द्योतित थाय छे अने तेथी तेओ कृतकृत्य नथी एम जणाय छे. अने आ रीते कृतकृत्य एवा भगवानने अकृतकृत्यरूपे बताववा ते भगवाननी आशातना करवारूप छे, ए प्रकारनो पूर्वपक्षीनो आशय छे. **॥१६२॥**

गाथा :-

"ता अहिगणिवत्तीए गुणंतरं णत्थि एत्थ नियमेणं ।
इय एयगया हिंसा सदोसमो होइ णायव्वा" ।।१६३।।

गाथार्थ :-

ते कारणथी=भगवान कृतकृत्य होवाथी पूजकने कोई उपकार करता नथी ते कारणथी, अहींयां=पूजामां, अधिक हिंसानी निवृत्ति द्वारा गुणांतर नियमथी नथी. एथी करीने एयगया=पूजागत, हिंसा सदोष ज्ञातव्य=जाणवा योग्य, छे. ।।१६३।।

टीका :-

तदधिकनिवृत्त्या हेतुभूतया गुणान्तरं नास्त्यत्र नियमेन पूजादौ, इयमेतद्गता (इति एतद्गता) हिंसा सदोषैव भवति ज्ञातव्या, कस्यचिदनुपकारादिति गाथार्थः ।।१६३।।

ટીકાર્થ :-

तदधिकनिवृत्त्या ..... ગાથાર્થઃ ।। તે કારણથી=ભગવાન કૃતકૃત્ય હોવાથી પૂજકને કોઈ ઉપકાર કરતા નથી તે કારણથી, હેતુભૂત=સંયમના હેતુભૂત, એવી અધિક હિંસાની નિવૃત્તિ દ્વારા અહીં=પૂજાદિમાં, નિયમથી=નક્કી, ગુણાંતર નથી. એથી કરીને પૂજાગત હિંસા સદોષ જ જ્ઞાતવ્ય=જાણવા યોગ્ય, છે; કેમ કે (પૂજાથી) કોઈને પણ ઉપકાર થતો નથી. ॥૧૬૩॥

❖ 'इयमेतद्गता' પાઠ ટીકામાં છે, ત્યાં 'इति एतद्गता' પાઠની સંભાવના છે.

ભાવાર્થ :-

ભગવાન કૃતકૃત્ય હોવાથી પૂજક ઉપર તુષ્ટ થઈને પૂજકને સંયમાદિની પ્રાપ્તિ કરાવતા નથી કે મોક્ષની પ્રાપ્તિ કરાવતા નથી, તેથી પૂજા કરવાથી ભગવાનને તુષ્ટિ આદિ થવારૂપ કોઈ ઉપકાર પૂજકને થતો નથી, અને પૂજામાં જે જીવોની હિંસા થાય છે તેમને પણ કોઈ ઉપકાર થતો નથી, પરંતુ ભગવાનની પૂજાથી પૃથ્વી આદિ જીવોની હિંસા જ કેવલ પ્રાપ્ત થાય છે; અને ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું કે, પૂજાથી અધિક હિંસાની નિવૃત્તિ દ્વારા ગુણાંતરની પ્રાપ્તિ થાય છે, તેવું પણ કાંઈ થતું નથી; કેમ કે ભગવાન તુષ્ટ થઈને અધિક હિંસાની નિવૃત્તિ કરાવીને ગુણાંતરની પ્રાપ્તિ કરાવતા નથી. એથી કરીને પૂજાદિગત હિંસા સદોષ=કર્મબંધનું કારણ જ છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

અહીં વિશેષ એ છે કે, સામાન્યથી જોનારને એમ લાગે કે, પૂજા કરવાથી પૂજ્ય ખુશ થાય, પૂજ્ય તુષ્ટ થઈને પૂજકનું હિત કરે. પરંતુ ભગવાન કોઈના ઉપર ખુશ થતા નથી, તેથી પૂજાથી તુષ્ટિ આદિરૂપ ઉપકાર થતો નથી, માટે પૂજા વ્યર્થ છે. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૬૩॥**

અવતરણિકા :-

अत्रोत्तरं –

અવતરણિકાર્થ :-

અહીં ઉત્તર કહે છે અર્થાત્ પૂર્વપક્ષીએ ગાથા-૧૬૨/૧૬૩માં જે પ્રસંગ આપ્યો, તેનો ઉત્તર ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"उवगाराभावे वि हु चिंतामणिजलणचंदणाईणं ।
विहिसेवगस्स जायइ तेहिंतो सो पसिद्धमिणं" ।।१६४।।

ગાથાર્થ :-

ચિંતામણિ, અગ્નિ અને ચંદનાદિથી ઉપકારના અભાવમાં પણ વિધિસેવક એવા પુરુષને તેનાથી= ચિંતામણિ, અગ્નિ અને ચંદનાદિથી તે=ઉપકાર, થાય છે. આ=ચિંતામણિ આદિથી ઉપકાર થાય છે એ, લોકમાં પ્રસિદ્ધ છે. ॥૧૬૪॥

टीका :-

उपकाराभावेऽपि चिन्तामणिज्वलनचन्दनादिभ्यः सकाशाद् विधिसेवकस्य पुंसो जायते तेभ्य एव स=उपकारः, प्रसिद्धमेतल्लोक इति ।।१६४।।

टीकार्थ :-

उपकाराभावेऽपि ..... इति ।। चिंतामणि, अग्नि अने चंदनादिथी उपकारना अभावमां पण विधिसेवक एवा पुरुषने तेनाथी ज ते=उपकार, थाय छे. आ=चिंतामणि आदिथी उपकार थाय छे ए, लोकमां प्रसिद्ध छे. ।।१६४।।

भावार्थ :-

भगवान वीतराग छे, तेथी कोईना प्रत्ये उपकार करवो के अनुपकार करवो एवो भाव धरावता नथी. ते ज रीते चिंतामणिरत्न जड छे, तेथी पूजक उपर खुश थईने ते उपकार करतुं नथी अने अग्नि तेनुं सेवन करनार जीव उपर खुश थईने ठंडकमां गरमी वडे हूंफ आपतो नथी के चंदन तेनो लेप करनारने खुश थईने शीतळता आपतुं नथी, तोपण चिंतामणि आदिनुं विधिपूर्वक सेवन करनारने तेनाथी ते ते लाभ थाय ज छे. तेम भगवान खुश थईने कांई करता नथी, तोपण विधिपूर्वक भगवाननी पूजा करनारने भगवाननी पूजाथी निर्जरा अने पुण्यानुबंधीपुण्यनो लाभ थाय छे, अने तेनाथी संयमनी प्राप्ति अने मोक्षनी प्राप्ति पण थाय छे. वळी चिंतामणि आदि खुश थईने उपकार करता नथी, तोपण विधिसेवकने तेनाथी उपकार थाय छे, ए वात लोकमां प्रसिद्ध छे, तेनी जेम ज भगवानथी उपकार थाय छे, तेम मानवामां कोई विरोध नथी. **॥१६४॥**

गाथा :-

"इय कयकिच्चेहिंतो तब्भावे णत्थि कोइ वि विरोहो ।
एत्तोच्चिय ते पुज्जा का खलु आसायणा तीए" ।।१६५।।

गाथार्थ :-

એ रीते=चिंतामणि आदिथी उपकार थाय छे ए रीते, कृतकृत्य एवा भगवानथी तेना=उपकारना, भावमां कोई विरोध नथी. आथी करीने ज=कृतकृत्य गुण होवाथी ज, तेओ=भगवंतो, पूज्य छे. (तेथी) ते पूजा वडे कई आशातना ? अर्थात् कोई आशातना नथी. ।।१६५।।

टीका :-

एवं कृतकृत्येभ्यः पूज्येभ्यः सकाशात्तद्भावे=उपकारभावे, नास्ति कश्चिद् विरोध इति । अत एव कृतकृत्यत्वाद् गुणात्ते भगवन्तः पूज्या एव, का खल्वाशातना तया पूजयेति गाथार्थः ।।१६५।।

ટીકાર્થ :-

एवं ..... गाथार्थः ।। એ રીતે=ચિંતામણિ આદિથી ઉપકાર થાય છે એ રીતે, પૂજ્ય એવા કૃતકૃત્યથી તેના ભાવમાં=ઉપકારના ભાવમાં, કોઈ વિરોધ નથી. આથી કરીને જ=કૃતકૃત્યત્વ ગુણથી જ, તેઓ=ભગવંતો, પૂજ્ય જ છે. (તેથી) તે પૂજા વડે=ભગવાનની પૂજા વડે, કઈ આશાતના ? અર્થાત્ કોઈ આશાતના નથી. ॥૧૬૫॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૬૪માં ચિંતામણિ આદિના દૃષ્ટાંતથી બતાવ્યું કે, ચિંતામણિ આદિ કોઈ ઉપકાર કરતા નથી તોપણ વિધિસેવકને ઉપકાર થાય છે, એ રીતે અહીં બતાવ્યું કે, કૃતકૃત્ય એવા ભગવાનથી ઉપકાર સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

આશય એ છે કે, જડ એવું પણ ચિંતામણિરત્ન ઉપાસના કરનારને વાંછિત ફળ આપવા સમર્થ છે, તેનું કારણ તે પુદ્ગલ દ્રવ્યનો તેવો સ્વભાવ છે. તે જ રીતે કૃતકૃત્ય એવા ભગવાનનું અવલંબન લેવામાં આવે અને વિધિપૂર્વક તેમની ઉપાસના કરવામાં આવે તો ભગવાનને અવલંબીને થતા ભાવોનો તેવો સ્વભાવ છે કે, જીવને પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરા કરાવીને સંયમની પ્રાપ્તિ કરાવે છે. તેથી કૃતકૃત્ય એવા ભગવાનથી ઉપકાર સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

વળી, ભગવાન કૃતકૃત્ય છે, માટે જ પૂજ્ય છે. જો તેઓ કૃતકૃત્ય ન હોય તો અન્ય સંસારી જીવો જેવા જ રાગી-દ્વેષી છે એમ સિદ્ધ થાય, અને તેમની ઉપાસના કરવાથી પુણ્યાનુબંધીપુણ્ય કે નિર્જરાની પ્રાપ્તિ થઈ શકે નહિ. પરંતુ ભગવાન કૃતકૃત્ય છે તેવું જણાવાથી જ ભગવાન પૂજ્ય છે એવું જણાય છે, અને તે રીતે જ ભગવાનને પૂજવાથી ભગવાન દ્વારા પૂજકને ઉપકાર થાય છે. તેથી પૂર્વપક્ષીએ જે કહેલ કે, પૂજાથી ભગવાનની આશાતના થાય છે, તે વાત અર્થ વગરની છે.

વસ્તુતઃ ભગવાનની પૂજા કરવાથી જ ભગવાનના કૃતકૃત્યભાવની ઉપાસના થાય છે, અને તેના બળથી જ પૂજક પણ ભગવાન જેવો કૃતકૃત્ય બને છે. **॥૧૬૫॥**

અવતરણિકા :-

પૂર્વપક્ષીએ પૂર્વે ગાથા-૧૬૩માં કહ્યું કે, ભગવાન કૃતકૃત્ય હોવાને કારણે સંયમના હેતુભૂત એવી અધિક હિંસાની નિવૃત્તિ દ્વારા પૂજામાં ગુણાંતર નથી. તેનો ખુલાસો કરતાં કહે છે –

ગાથા :-

"अहिगणिवित्ति वि इहं भावेणाहिगरणाणिवित्तीओ ।
तद्दंसणसुहजोगा गुणंतरं तीइ परिसुद्धं" ।।१६६।।

ગાથાર્થ :-

અહીં=પૂજાદિમાં, (હિંસાની) અધિક નિવૃત્તિ પણ ભાવ વડે અધિકરણની નિવૃત્તિ થવાના કારણે છે, અને તદ્દર્શનના=ભગવાનના દર્શનના, શુભ યોગથી તેમાં=પૂજામાં ગુણાંતર પરિશુદ્ધ થાય છે. ।।૧૬૬।।

ટીકા :-

अधिकनिवृत्तिरप्यत्र=पूजादौ, भावेनाधिकरणान्निवृत्तेः कारणात्, तद्दर्शनशुभयोगाद् गुणान्तरं, तस्यां पूजायामिति (पूजायां परिशुद्धमिति) गाथार्थः ।।१६६।।

ટીકાર્થ :-

अधिकनिवृत्तिरप्यत्र ..... गाथार्थः ।। અહીં=પૂજાદિમાં, હિંસાની અધિક નિવૃત્તિ પણ ભાવ વડે અધિકરણથી નિવૃત્તિ થવાના કારણે છે. તેમના દર્શનના=ભગવાનના દર્શનના, શુભયોગથી તેમાં=પૂજામાં, ગુણાંતર પરિશુદ્ધ થાય છે. ।।૧૬૬।।

❖ પ્રતિમાશતક મુ. પુસ્તકની પ્રસ્તુત ગાથાની ટીકામાં 'पूजायामिति गाथार्थः' પાઠ છે. ત્યાં 'पूजायां परिशुद्धमिति गाथार्थः' પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૭૫ની ટીકામાં પાઠ છે, અને તે પાઠ સંગત જણાય છે; કેમ કે મૂળ ગાથામાં 'परिसुद्धं' પાઠ છે. તેથી પંચવસ્તુક ગ્રંથની ટીકા મુજબ અહીં અમે તે પાઠ લઈ અર્થ કરેલ છે.

ભાવાર્થ :-

ભગવાનની પૂજા કરતી વખતે પૂજા કરનારને છકાયના જીવો પ્રત્યે દયાનો ભાવ વર્તે છે. આથી જ ભગવાનની ભક્તિમાં ઉપયોગી ન હોય તેવી કોઈ જીવની લેશ પણ હિંસા ન થાય અને ભગવાનની ભક્તિમાં વપરાતા પુષ્પાદિને પણ શક્ય એટલી કિલામણા ન થાય, એ પ્રકારના શુભ અધ્યવસાયથી વિવેકી ગૃહસ્થ પૂજામાં પ્રવૃત્તિ કરે છે.

ભગવાનની પૂજાથી પોતાને ભાવિમાં સંયમની પ્રાપ્તિ થાય તેવા શુભ અધ્યવસાયો પણ વિવેકી ગૃહસ્થને પ્રગટે છે, તેથી પૂજામાં થતી હિંસા અધિકરણરૂપ નથી; કેમ કે જેનાથી આત્મા કર્મબંધનો અધિકારી થાય તેને અધિકરણ કહેવાય, અને વિવેકી જીવમાં રહેલ ભાવના કારણે જ પૂજામાં થતી હિંસામાં અધિકરણની નિવૃત્તિ છે, તેથી ભાવિમાં સંયમની પ્રાપ્તિ દ્વારા પૂજાદિથી અધિક આરંભની નિવૃત્તિ પણ થાય છે.

જેમ કે વીર ભગવાને રંકને વસ્ત્રદાન આપ્યું, તે વસ્ત્રથી રંકે પોતાના જીવનનિર્વાહરૂપ આરંભ-સમારંભ કર્યો, તોપણ તે વસ્ત્રદાનથી રંકને જે બીજાધાન થયું, અને તેના કારણે ભાવિમાં સમ્યક્ત્વ અને સર્વવિરતિની પ્રાપ્તિ તેને થશે, તેથી ભગવાનનું વસ્ત્રદાન જેમ અધિકરણ નથી, તેમ ભગવાનની પૂજામાં થતી પુષ્પાદિ જીવોની હિંસા અધિકરણરૂપ નથી=પાપબંધનું કારણ નથી.

વળી, પૂજા વખતે પરમાત્માના દર્શનમાં પૂજકને શુભયોગ વર્તે છે, તેથી ભગવાનના વીતરાગાદિ ભાવો પ્રત્યે તેનું ખેંચાણ વધતું જાય છે. તેથી પૂજામાં પરિશુદ્ધ એવો ગુણાંતર=અન્ય ગુણ, પ્રગટ થાય છે

અર્થાત્ ભગવાનની ભક્તિના કાળમાં ભગવાનના વીતરાગાદિ ભાવો સાથે જે માનસ તન્મયતા છે, તેના કારણે ભાવિમાં નિરતિચાર સંયમની પ્રાપ્તિનું કારણ બને તેવો ગુણાંતર પૂજાથી થાય છે. ॥૧૬૬॥

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૬૨માં પૂર્વપક્ષીએ જે પ્રસંગ આપ્યો તેનું નિવારણ ગાથા-૧૬૪થી ૧૬૬માં કર્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

"ता एयगया चेवं हिंसा गुणकारिणि त्ति विन्नेया ।
तह भणियणायओ च्चिय एसा अप्पेह जयणाए" ।।१६७।।

ગાથાર્થ :-

તે કારણથી પૂજાગત પણ હિંસા આ રીતે ગુણકારી છે=પૂર્વે ગાથા-૧૬૪માં કહ્યું કે, ચિંતામણિ આદિની જેમ પૂજાથી ઉપકાર થાય છે એ રીતે પૂજાગત હિંસા ગુણકારી છે, એ પ્રમાણે જાણવું. તે પ્રકારે કહેવાયેલ ન્યાયથી જ=પૂર્વે ગાથા-૧૬૦માં કહેવાયેલ ગર્તાકર્ષણન્યાયથી જ, યતના હોવાને કારણે આ=હિંસા, અહીં=પૂજાદિમાં, અલ્પ છે. ॥૧૬૭॥

❖ પ્રસ્તુત ગાથામાં 'चेवं' અહીં 'च'કાર છે, તે 'अपि' અર્થક છે. તેથી 'एतद्गतापि=पूजागतापि एवं' આ પ્રમાણે ટીકામાં ગ્રહણ કરેલ છે. અને અહીં 'अपि'થી સંસારગત હિંસાનો સમુચ્ચય થાય છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, સંસારગત હિંસા આરંભ-સમારંભનું કારણ છે, પરંતુ પૂજાગત પણ હિંસા છે, તે આ રીતે=ગાથા-૧૬૪માં કહ્યું એ રીતે, ગુણને કરનારી છે.

ટીકા :-

तत्=तस्माद्, एतद्गतापि=पूजागतापि, एवं हिंसा गुणकारिणीति विज्ञेया, तथा भणितन्यायत एवाधिकनिवृत्त्या एषा हिंसाऽल्पेह यतनयेति गाथार्थः ।।१६७।।

ટીકાર્થ :-

तत् ..... गाथार्थः ।। તે કારણથી પૂજાગત પણ હિંસા આ રીતે ગુણકારી છે=પૂર્વે ગાથા-૧૬૪માં કહ્યું કે, ચિંતામણિ આદિની જેમ પૂજાથી ઉપકાર થાય છે એ રીતે પૂજાગત હિંસા ગુણકારી છે, એ પ્રમાણે જાણવું. તથા ભણિત ન્યાયથી જ=પૂર્વે ગાથા-૧૬૦માં કહેવાયેલ ગર્તાકર્ષણ દૃષ્ટાંતથી જ, અધિકથી નિવૃત્તિ થવાને કારણે યતના હોવાથી, આ=હિંસા, અહીંયાં=પૂજાદિમાં, અલ્પ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૬૭॥

ભાવાર્થ :-

ગાથા-૧૬૨માં આપેલ પ્રસંગનો ઉત્તર આપીને હવે તે સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તે કારણથી પૂજાગત હિંસા પણ ગુણને કરનારી છે.

આશય એ છે, કે, ભગવાનની ભક્તિમાં થતી હિંસા પૂજકને વીતરાગભાવ પ્રત્યે બહુમાન પેદા કરાવીને સર્વવિરતિરૂપ ગુણને પ્રાપ્ત કરાવનારી છે.

અહીં પ્રશ્ન થાય કે, પૂજાથી ભલે ગુણો પ્રાપ્ત થતા હોય, પરંતુ પૂજામાં હિંસા છે, તેનું શું ? તેથી કહે છે -

પૂર્વે ગાથા-૧૬૦માં કહેલ ગર્તાકર્ષણન્યાયથી યતનાપૂર્વક પૂજા કરનારને જે હિંસા થાય છે, તે અલ્પ માત્રામાં છે, અને જ્યારે સંયમ પ્રાપ્ત થશે ત્યારે ઘણી હિંસાની નિવૃત્તિ થશે, માટે તે દોષરૂપ નથી.

આશય એ છે કે, જેમ ગર્તાકર્ષણમાં બાળકને ખાડામાંથી બહાર ખેંચવાથી જે ઉઝરડાદિ થાય છે, તેના કરતાં તે બાળકના જીવનનું રક્ષણ થાય છે, તે અધિક મહત્ત્વનું હોવાથી, ઉઝરડાદિ થાય છે તે અલ્પ માત્રામાં છે, માટે દોષરૂપ નથી. તે જ રીતે ભગવાનની પૂજામાં જે પુષ્પાદિ જીવોને કિલામણા થાય છે, ત્યાં પણ વિવેકી શ્રાવકનો યતનાનો પરિણામ હોવાથી અહિંસક વૃત્તિ જીવંત હોય છે અને તેથી જ પૂજાની ક્રિયા દ્વારા તેનામાં અહિંસાભાવની વૃદ્ધિ થાય છે, અને પરિણામે સંયમની પ્રાપ્તિ થવાથી ઘણી હિંસાની નિવૃત્તિ થાય છે. માટે અલ્પ એવી હિંસા દોષરૂપ નથી. **॥૧૬૭॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૩૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, દૃષ્ટ-ઈષ્ટથી અવિરુદ્ધ એવા ત્રીજા સ્થાનમાં સંક્રાંત અને સંભવત્ સ્વરૂપવાળું વચન પ્રવૃત્તિનિમિત્તક બને. ત્યાર પછી દ્રવ્યસ્તવ અનુબંધથી અહિંસાની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે અને તે કથન દૃષ્ટ અને ઈષ્ટથી કઈ રીતે અવિરુદ્ધ છે, તે આનુષંગિક શંકાઓના નિવારણ દ્વારા યુક્તિથી અત્યાર સુધી સ્થાપન કર્યું. હવે ગાથા-૧૩૭માં કહેલ સંભવત્ સ્વરૂપવાળું તે વચન કઈ રીતે છે, તે બતાવવા અર્થે 'तथा'થી સમુચ્ચય કરીને કહે છે –

ગાથા :-

"तह संभवंतरूवं सव्वं सव्वण्णुवयणओ एयं ।
तं णिच्छियं कहिआगमपउत्तगुरुसंपदाएहिं" ।।१६८।।

❖ પ્રસ્તુત ગાથા-૧૬૮માં પ્રતિમાશતકની મુદ્રિત પુસ્તકમાં तं णिच्छियं हि आगमपउत्तगुरुसंपदाएहिं પાઠ છે ત્યાં तं णिच्छियं कहिआगमपउत्तगुरुसंपदाएहिं પાઠ સંગત જણાય છે. પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૭૭માં तं णिच्छिअकहिआगम... પાઠ છે, પરંતુ ત્યાં तं णिच्छियं कहिआगम... પાઠ શુદ્ધ-સંગત જણાય છે અને તે મુજબ અમે અહીં અર્થ કરેલ છે.

ગાથાર્થ :-

અને સર્વજ્ઞનું વચન હોવાને કારણે આ સર્વ=પૂર્વે કહ્યું કે, "દ્રવ્યસ્તવ અનુબંધથી અહિંસાવાળું છે તેથી સર્વવિરતિ આદિની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે" એ સર્વ, સંભવત્=સંભવી શકે તેવા સ્વરૂપવાળું છે અર્થાત્ સંભવી શકે એવું છે, અને કહેવાયેલ આગમપ્રયુક્ત ગુરુસંપ્રદાયથી તદ્=તે, નિશ્ચિત છે. ॥૧૬૮॥

ટીકા :-

तथा संभवद्रूपं सर्वं सर्वज्ञवचनत एतद्, यदुक्तं तत् निश्चित्य (निश्चितं) सर्वज्ञावगतकथितागमप्रयुक्तगुरुसंप्रदायेभ्यः (सर्वज्ञावगतकथितागमप्रयुक्तानिवारितगुरुसम्प्रदायेभ्यः सकाशादिति गाथार्थः) ।।१६८।।

❖ પ્રસ્તુત ગાથા-૧૬૮ની ટીકા પાછળની સંગત જણાતી નથી. તેથી પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૭૭ પ્રમાણે ટીકા નીચે મુજબ સંગત જણાય છે.

तथा संभवद्रूपं सर्वं सर्वज्ञवचनत एतद्, यदुक्तं तद् निश्चित्य सर्वज्ञावगतकथितागमप्रयुक्तानिवारितगुरुसम्प्रदायेभ्यः सकाशादिति गाथार्थः ।।१२७७।। પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૭૭ની આ ટીકામાં तद् निश्चित्य પાઠ અશુદ્ધ જણાય છે, ત્યાં तद् निश्चितम् પાઠ પ્રતિમાશતક મુદ્રિત ગ્રંથમાં છે, તે સંગત જણાય છે. બાકી પંચવસ્તુકનો પાઠ સંગત જણાવાથી તે મુજબ અમે પ્રસ્તુત ગાથાની ટીકાનો અર્થ કરેલ છે.

❖ संभवद्रूपं=સંભવી શકે તેવા સ્વરૂપવાળું એ પ્રમાણે દરેક જગ્યાએ સંભવત્ સ્વરૂપનો અર્થ સમજવો.

ટીકાર્થ :-

तथा ..... गाथार्थः) ।। અને સર્વજ્ઞનું વચન હોવાને કારણે આ સર્વ=પૂર્વમાં કહ્યું કે, "દ્રવ્યસ્તવ અનુબંધથી અહિંસાવાળું છે તેથી મોક્ષનું કારણ છે" એ સર્વ, સંભવત્=સંભવી શકે તેવા સ્વરૂપવાળું છે.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ અનુબંધથી અહિંસાવાળું છે ઇત્યાદિ કહેનાર સર્વજ્ઞનું વચન છે કે કોઈ અન્યનું વચન છે, તેનો નિર્ણય કઈ રીતે થાય ? તેથી કહે છે –

જે કહેવાયું અર્થાત્ દ્રવ્યસ્તવ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે ઇત્યાદિ સર્વ સર્વજ્ઞ વડે કહેવાયું છે, એમ જે કહેવાયું, તે (સર્વજ્ઞ પાસેથી જણાયેલા અને કહેવાયેલા આગમથી પ્રયુક્ત, અનિવારિત એવા ગુરુના સંપ્રદાયથી=ગુરુની પરંપરાથી,) નિશ્ચિત છે. ।।૧૬૮।।

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવ કરવાથી શ્રાવકને સંયમની પ્રાપ્તિ વગેરે ગુણો થાય છે અને તેના દ્વારા દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ બને છે, એ કથનને કહેનારું સર્વજ્ઞનું વચન હોવાને કારણે એ સર્વ કથન સંભવત્=સંભવી શકે તેવા સ્વરૂપવાળું છે.

અન્ય દર્શનવાળા વેદને જેમ અપૌરુષેય માને છે, તેમ આગમને અપૌરુષેય સ્વીકારવામાં આવે તો દ્રવ્યસ્તવને કહેનારું વચન સંભવત્=સંભવી શકે તેવા સ્વરૂપવાળું થાય નહિ, તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ કહેવાના છે. પરંતુ દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ છે, એ વસ્તુને કહેનારું સર્વજ્ઞનું વચન છે, તેથી તે સંભવત્ સ્વરૂપવાળું છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ મોક્ષનું કારણ છે તેને કહેનારું વચન સર્વજ્ઞનું છે કે કોઈ અન્ય વ્યક્તિનું છે, તે કઈ રીતે નક્કી થાય ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

સર્વજ્ઞે કેવલજ્ઞાનથી જાણ્યું કે, આ રીતે અધિકારી જીવને દ્રવ્યસ્તવ સંસારના ઉચ્છેદનું કારણ છે, અને તે જાણીને કહેવાયેલાં જે આગમો, તે આગમથી પ્રયુક્ત એવી જે અનિવારિત ગુરુપરંપરા=આગમમાં બતાવેલી વિધિ પ્રમાણે પ્રવૃત્ત એવી જે અસ્ખલિત ગુરુપરંપરા, તે ગુરુપરંપરાથી વર્તમાનનાં આગમો સર્વજ્ઞ વડે કહેવાયેલ છે, તે નિશ્ચિત છે.

આનાથી એ ફલિત થાય છે કે, તે કાળે તે સર્વજ્ઞ એવા તીર્થંકરે કેવલજ્ઞાનથી જગતના પદાર્થો જાણ્યા, અને જાણ્યા પછી તેમણે તે પદાર્થો તે રીતે જ કહ્યા, અને સર્વજ્ઞ એવા તીર્થંકરે કહેલા તે પદાર્થો આગમમાં ગૂંથાયા. એ આગમમાં બતાવેલ વિધિ પ્રમાણે જેઓ સંયમ ગ્રહણ કરીને વર્તે છે, તેવા ગુરુઓની જે અનિવારિત પરંપરા ચાલે છે, તેવા અનિવારિત ગુરુના સંપ્રદાય પાસેથી તે નિર્ણય થાય છે કે, "આ આગમને કહેનારા કોઈ છદ્મસ્થ નથી, પરંતુ સર્વજ્ઞ છે." તેથી તે સંપ્રદાયના વચનના બળથી નક્કી થાય છે કે, આ સર્વજ્ઞનું વચન છે અને તે સર્વજ્ઞનું વચન જ દ્રવ્યસ્તવને મોક્ષનું કારણ કહે છે. માટે "સર્વજ્ઞનું વચન આવું કહે છે" એ કથન, અત્યંત અસંભવી નથી, પરંતુ સંભવી શકે તેવું છે, કેમ કે કોઈકથી કહેવાયેલ છે, પરંતુ અપૌરુષેય હોય તો અત્યંત અસંભવી બને. માટે વિચારકને તે વચન પ્રવૃત્તિનું કારણ બને છે. એ પ્રકારે પ્રસ્તુત ગાથાનો સંબંધ ગાથા-૧૩૭ના કથન સાથે છે.

અહીં વિશેષ એ છે કે, સર્વજ્ઞના વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ, એમ કહેવામાં આવે તો તે વચન સંભવત્ સ્વરૂપવાળું છે; કેમ કે સર્વજ્ઞ એવા કોઈ પુરુષ દ્વારા કહેવાયેલું છે, તેથી સંભવી શકે છે. પરંતુ અપૌરુષેય વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ એમ કહેવામાં આવે તો, કોઈ કહેનાર ન હોવાથી અપૌરુષેય એવું વચન પ્રવૃત્તિનું નિયામક છે એમ કહેવું અત્યંત અસંભવિ લાગે. માટે સંભવત્ સ્વરૂપવાળું સર્વજ્ઞનું વચન છે એમ અહીં કહેલ છે, અને તે સર્વજ્ઞનું વચન છે, એ અનિવારિત ગુરુપરંપરાથી નિર્ણીત થયેલું છે. **॥૧૬૮॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૧૯માં કહ્યું કે, દ્રવ્યસ્તવમાં કરાતી હિંસા જો ધર્મ માટે હોય તો વેદવિહિત હિંસા પણ ધર્મ માટે સ્વીકારવી પડશે. ત્યાર પછી તે પૂર્વપક્ષીનું કથન પુષ્ટ કરવા માટે ગાથા-૧૨૩ સુધી યુક્તિ બતાવી અને તેનું નિરાકરણ ગાથા-૧૨૪થી કર્યું, અને ગાથા-૧૩૭માં સ્થાપન કર્યું કે, વિશિષ્ટ વચન જ પ્રવૃત્તિનિમિત્તક થઈ શકે છે અને તે વિશિષ્ટ વચન દૃષ્ટ-ઈષ્ટ સાથે અવિરોધી અને સંભવત્ સ્વરૂપવાળું હોવું જોઈએ અને યજ્ઞને કહેનારું વચન એવું નથી માટે તે વચન પ્રવૃત્તિનિમિત્તક બની શકે નહિ. ત્યાર પછી દ્રવ્યસ્તવને કહેનારું વચન દૃષ્ટ-ઈષ્ટ સાથે કઈ રીતે અવિરોધી છે, તે બતાવ્યું, અને ગાથા-૧૬૮માં દ્રવ્યસ્તવને કહેનારું વચન સંભવત્ સ્વરૂપવાળું છે તેમ બતાવ્યું અને તેથી કલ્યાણના અર્થી માટે તે વચન પ્રવૃત્તિનિમિત્તક બની શકે તેમ સ્થાપન કર્યું, અને યજ્ઞને કહેનારું વેદવચન દૃષ્ટ-ઈષ્ટ સાથે અવિરોધી નથી, તે વાત પણ ગાથા-૧૩૭થી ૧૪૩ સુધીમાં બતાવી. હવે યજ્ઞને કહેનારું વચન સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું પણ નથી, તે બતાવવા માટે કહે છે –

ગાથા :-

"वेयवचनं तु णेवं अपोरुसेयं तु तयं मयं जेण ।
इणमच्चंतविरुद्धं, वयणं चापोरुसेयं च" ।।१६९।।

ગાથાર્થ :-

વળી વેદવચન આવું નથી=સંભવત્ સ્વરૂપવાળું નથી. જે કારણથી તેમનો મત અપૌરુષેય જ છે, અને "વચન અને અપૌરુષેય" એ અત્યંત વિરુદ્ધ છે. ।।૧૬૯।।

ટીકા :-

वेदवचनं तु नैवं संभवत्स्वरूपं अपौरुषेयमेव तन्मतं येन कारणेन, इदम् अत्यन्तविरुद्धं वर्तते, यदुत वचनं चापौरुषेयं चेति गाथार्थः ।।१६९।।

ટીકાર્થ :-

वेदवचनं ..... गाथार्थः ।। વળી વેદવચન આવું સંભવત્ સ્વરૂપવાળું નથી=ગાથા-૧૬૮માં કહ્યું કે, સર્વજ્ઞનું વચન હોવાને કારણે દ્રવ્યસ્તવને કહેનારું વચન સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું છે એવું યજ્ઞને કહેનારું વેદવચન સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું નથી; જે કારણથી તેમનો મત અપૌરુષેય જ છે; (અને) આ="વચન અને અપૌરુષેય" એ કથન, અત્યંત વિરુદ્ધ છે.

એ કથન 'यदुत'થી બતાવે છે –

"વચન અને અપૌરુષેય" એ પ્રકારનું કથન અત્યંત વિરુદ્ધ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૬૯।।

ભાવાર્થ :-

જે રીતે દ્રવ્યસ્તવને કહેનારું સર્વજ્ઞનું વચન પુરુષથી કહેવાયેલું હોવાથી સંભવત્ સ્વરૂપવાળું છે, એ રીતે વેદવચન સંભવત્ સ્વરૂપવાળું નથી; કેમ કે વેદના માનનારા, વેદ સર્વજ્ઞથી કહેવાયેલ છે એમ માનતા નથી, પરંતુ વેદવચન અપૌરુષેય વચન છે એમ કહે છે, અને અપૌરુષેય વચન કહેવું એ અત્યંત વિરુદ્ધ છે; કેમ કે 'વચન અને અપૌરુષેય' એ શબ્દો પરસ્પર વિરુદ્ધ છે.

જેમ કોઈ કહે કે, 'मे माता वंध्या'=મારી માતા વંધ્યા છે, તો માતા અને વંધ્યા એ વચન વિરોધી છે, તેમ વચન અને અપૌરુષેય એ કથન વિરોધી છે, અને એ સ્વયં જ ગ્રંથકારશ્રી આગળ યુક્તિથી બતાવવાના છે. **॥૧૬૯॥**

અવતરણિકા :-

एतद्भावनायाह –

અવતરણિકાર્થ :-

આના ભાવન માટે=વચન અને અપૌરુષેય અત્યંત વિરુદ્ધ છે એના ભાવન માટે, કહે છે –

ગાથા :-

"जं वुच्चइ त्ति वयणं पुरिसाभावे उ णेवमेयं ति ।
ता तस्सेवाभावो णियमेण अपोरुसेयत्ते" ।।१७०।।

ગાથાર્થ :-

જે કારણથી બોલાય એ વચન છે, પુરુષના અભાવમાં વળી આ=વચન, આવું નથી=અન્વર્થ સંજ્ઞાવાળું નથી, તે કારણથી અપૌરુષેયપણું હોવાથી નક્કી તેનો જ=વચનનો જ, અભાવ પ્રાપ્ત થાય છે. ।।૧૭૦।।

ટીકા :-

यद्=यस्माद्, उच्यत इति वचनमित्यन्वर्थसंज्ञा पुरुषाभावे तु नैवमेतद्, नोच्यत इत्यर्थः, तत् तस्यैव वचनस्याभावो नियमेनापौरुषेयत्वे सत्यापद्यते ।।१७०।।

ટીકાર્થ :-

यद्..... सत्यापद्यते ।। જે કારણથી 'બોલાય એ વચન', એ પ્રમાણે અન્વર્થ સંજ્ઞા છે=વ્યુત્પત્તિ અર્થવાળો વચન શબ્દ છે.

વળી, પુરુષના અભાવમાં આ=વચન, આવું નથી=અન્વર્થસંજ્ઞાવાળું નથી.

તો કેવું છે ? તે કહે છે –

નોચ્યતે=નથી બોલાતું એવું છે, તે કારણથી અપૌરુષેયપણું હોતે છતે નક્કી તેનો જ=વચનનો જ, અભાવ પ્રાપ્ત થાય છે. ।।૧૭૦।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૬૯માં સ્થાપન કર્યું કે, વચન અને અપૌરુષેય એ અત્યંત વિરુદ્ધ છે, એ જ વાત યુક્તિથી બતાવે છે –

'જે બોલાય તે વચન' આવી વચન શબ્દની વ્યુત્પત્તિ છે, અને આથી જ લોકમાં પણ કહેવાય છે કે, અમુક પુરુષનું આ વચન છે. એટલે પુરુષ દ્વારા જે બોલાયેલું છે, તેને જ વચન કહેવાય છે.

કોઈ બોલનાર પુરુષ ન હોય તો તે વચન આવું નથી=વચનની વ્યુત્પત્તિનો જે અર્થ છે તેવા અર્થવાળું નથી, એટલે બોલાતું નથી તેવો અર્થ પ્રાપ્ત થાય અને જે બોલાતું ન હોય તે વચન કહેવાતું નથી; તેથી અપૌરુષેય વચન કહો તો એ જ અર્થ પ્રાપ્ત થાય કે, કોઈ પુરુષથી બોલાતું નથી તેથી તે વચન નથી. અને તેથી તે વચન પ્રમાણે પ્રવૃત્તિ કરવી ઉચિત છે તેમ કહેવું અત્યંત વિરુદ્ધ છે; કેમ કે કોઈ બોલનાર ન હોય તેવું વચન છે તેમ માનવું અનુભવથી વિરુદ્ધ છે. **॥૧૭૦॥**

अवतरणिका :-

પૂર્વે ગાથા-૧૬૯માં કહ્યું કે, વચન અને અપૌરુષેય એ અત્યંત વિરુદ્ધ છે. એ કથનને દૃઢ કરવા માટે કહે છે –

ગાથા :-

"तव्वावारविरहियं ण य कत्थइ सुव्वइ इहं वयणं ।
सवणे वि य णासंका अदिस्सकत्तुब्भवाऽवेइ" ।।१७१।।

ગાથાર્થ :-

તેના=પુરુષના, વ્યાપારથી રહિત ક્યારેય પણ અહીંયાં=લોકમાં, વચન સંભળાતું નથી, અને સંભળાય તોપણ આનો કોઈ અદૃશ્ય કર્તા હોવો જોઈએ, એ રૂપે ઉદ્ભવેલી આશંકા દૂર થતી નથી. ।।૧૭૧।।

ટીકા :-

तद्व्यापारविरहितं न च कदाचित् श्रूयते, इह च (वचनं) लोके, श्रवणेऽपि च नाशङ्काऽदृश्यकर्त्रुद्भवाऽपैति प्रमाणाभावादिति गाथार्थः ।।१७१।।

❖ ટીકામાં 'इह च लोके' છે, ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૮૦ની ટીકામાં 'इह वचनं लोके' પાઠ છે અને મૂળગાથા પ્રમાણે તે પાઠ સંગત જણાય છે.

ટીકાર્થ :-

तद्व्यापारविरहितं ..... गाथार्थः ।। તેના=પુરુષના, વ્યાપારથી રહિત ક્યારેય અહીંયાં=લોકમાં, વચન સંભળાતું નથી, અને સંભળાય તોપણ આનો કોઈ અદૃશ્ય કર્તા હોવો જોઈએ, એ પ્રમાણે ઉદ્ભવેલી આશંકા દૂર થતી નથી; કેમ કે કોઈ બોલનાર ન હોય અને વચન પ્રાપ્ત થાય, એમ માનવામાં કોઈ પ્રમાણ નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૭૧।।

ભાવાર્થ :-

પુરુષના વ્યાપાર વગર ક્યારેય પણ કોઈ વચન સંભળાતું નથી, અને ક્વચિત્ વિદ્યાશક્તિથી કે દૈવી શક્તિથી કોઈ અદૃશ્ય જીવ બોલતો હોય ત્યારે, પુરુષનો વ્યાપાર નહિ દેખાવા છતાં જ્યારે આકાશમાં વચનો સંભળાય છે, ત્યારે સાંભળનારને શંકા થાય છે કે, આ વચન બોલનાર કોઈ અદૃશ્ય જીવ છે; કેમ કે સામાન્ય લોકને પણ જ્ઞાન છે કે, વચન એ પુરુષના પ્રયત્નથી થનાર પદાર્થ છે, એથી જે આ વચન સંભળાઈ રહ્યું છે, તેનો બોલનાર કોઈ અદૃશ્ય જીવ હોવો જોઈએ, અને અદૃશ્યકર્તાની થયેલી શંકા નિવર્તન પામી શકતી નથી; કેમ કે શંકાના નિવર્તનનો કોઈક ઉપાય વિદ્યમાન હોવો જોઈએ કે જેના બળથી તે શંકા નિવર્તન પામે.

જેમ - દૂરવર્તી સ્થાણુને=ઝાડના ઠૂંઠાને જોઈને, આ સ્થાણુ=ઝાડનું ઠૂંઠું છે કે પુરુષ છે, તેવી શંકા થાય

છે, અને જ્યારે નજીકમાં જઈએ છીએ ત્યારે નક્કી થાય છે કે, આ પુરુષ નથી પણ સ્થાણુ છે, તેથી સ્થાણુર્વા પુરુષો વા એ પ્રકારની શંકાના નિવર્તનનો ઉપાય પ્રત્યક્ષ પ્રમાણ વિદ્યમાન છે.

તે રીતે પ્રસ્તુતમાં આ વચન સંભળાય છે અને કોઈ કર્તા દેખાતો નથી, તેથી શંકા થાય છે કે, આ વચનને બોલનાર કોઈ અદૃશ્ય જીવ હોવો જોઈએ. આ રીતે થયેલી શંકાના નિવર્તનનો ઉપાય એ જ છે કે, પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાન પ્રમાણથી નક્કી થાય કે, કર્તા વગર વચન છે. પરંતુ ક્યારેય કર્તા વગરનું વચન છે, એવો નિર્ણય પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાન પ્રમાણથી થતો નથી. તેથી વિચારકને એ જ નિર્ણય થાય છે કે, આનો કર્તા કોઈ અદૃશ્ય હોવો જોઈએ, પરંતુ કર્તા જ ન હોય તે અસંભવિત છે. માટે જેનો કોઈ કર્તા ન હોય તેવા વેદવચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ, એ કથન અત્યંત વિરુદ્ધ છે. તેથી વેદવચન સંભવત્ સ્વરૂપવાળું નથી, પરંતુ સર્વજ્ઞકથિત વચન સંભવત્ સ્વરૂપવાળું છે, એ પ્રકારનું પ્રસ્તુત ગાથાનું તાત્પર્ય છે. **॥૧૭૧॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૭૧માં કહ્યું કે, પુરુષના વ્યાપારથી રહિત ક્યારેય પણ લોકમાં વચન સંભળાતું નથી, અને વચન સંભળાય તોપણ આનો કોઈ અદૃશ્ય કર્તા હોવો જોઈએ, એ પ્રમાણે ઉદ્ભવેલી આશંકા દૂર થતી નથી. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

ગાથા :-

"अद्दिस्सकत्तिगं णो, अण्णं सुव्वइ कहं णु आसंका ।
सुव्वइ पिसाययवयणं कयाइ एयं तु ण सदेव" ।।१७२।।

ગાથાર્થ :-

અન્ય=વેદ સિવાય અન્ય, અદૃશ્યકર્તૃક સંભળાતું નથી, તો આ વેદવચન કોઈક અદૃશ્યકર્તૃક છે કે નહિ ? તેવી આશંકા કઈ રીતે થઈ શકે ?

પૂર્વપક્ષીની આશંકાના નિવારણરૂપે ગાથાના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

ક્યારેક પિશાચનું વચન સંભળાય છે. વળી અપૌરુષેય એવું આ=વૈદિકવચન, સદા જ=હંમેશાં જ, સંભળાતું નથી. ।।૧૭૨।।

ટીકા :-

अदृश्यकर्त्तृकं नो-नैवान्यत् श्रूयते, कथञ्चाशंका, विपक्षादृष्टेरित्यर्थः, अत्राह-श्रूयते पिशाचवचनं कथञ्चन कदाचिल्लौकिकम्, एतत् तु वैदिकमपौरुषेयं न सदैव श्रूयते ।।१७२।।

ટીકાર્થ :-

अदृश्यकर्त्तृकं ..... श्रूयते ।। અન્ય=વેદ સિવાય અન્ય, અદૃશ્યકર્તૃક સંભળાતું નથી જ=લોકમાં અદૃશ્યકર્તુક કહેવાતું નથી જ, તો આ વેદવચન કોઈક અદૃશ્યકર્તૃક છે કે નહિ ? તેવી આશંકા કઈ રીતે

થઈ શકે ? કેમ કે વિપક્ષની અદૃષ્ટિ છે, એ પ્રકારે અર્થ છે.

ગ્રંથકારશ્રી 'अत्राह'થી તેનો ઉત્તર આપે છે –

અહીંયાં=પૂર્વપક્ષીની આશંકામાં, કહે છે –

કોઈક રીતે ક્યારેક લૌકિક પિશાચવચન સંભળાય છે. વળી આ=અપૌરુષેય એવું વૈદિકવચન, સદા=હંમેશાં, જ સંભળાતું નથી. ॥૧૭૨॥

❖ અહીં ટીકામાં કહ્યું કે, લૌકિક એવું પિશાચવચન ક્યારેક અને કોઈક રીતે સંભળાય છે, તેનો આશય એ છે કે, કોઈક જીવ સાથે વૈરભાવ વગેરે થયેલ હોય અને તે જીવ મરીને પિશાચ થયેલો હોય ત્યારે ક્યારેક કોઈક કારણે સામેના જીવને ડરાવવા માટે લૌકિક વચનો પિશાચ અદૃશ્ય રહીને બોલે ત્યારે પિશાચનાં વચનો સંભળાય છે, તે સિવાય સંભળાતાં નથી, અને તે વચનો સાંભળીને લોકોને શંકા થાય કે, આ વચનને બોલનાર પિશાચ અદૃશ્ય છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૭૧માં સ્થાપન કર્યું કે, કોઈ બોલનાર ન હોય એવું વચન જગતમાં સંભળાતું નથી, અને ક્યારેક સંભળાતું હોય તોપણ એ વચનનો બોલનાર કોઈક અદૃશ્ય જીવ છે, એ પ્રકારની થયેલી શંકા દૂર થતી નથી. તેથી એ નક્કી થાય છે કે, જે વચન હોય તેનો બોલનાર કોઈ અવશ્ય હોય જ. ત્યાં વેદને અપૌરુષેય માનનાર કહે છે કે, વેદવચન સિવાય અન્ય કોઈ વચન અદૃશ્યકર્તૃક સંભળાતું નથી. અર્થાત્ જો અન્ય કોઈ વચન અદૃશ્યકર્તૃક છે એમ સંભળાતું હોય=એમ લોકમાં કહેવાતું હોય, તો તેની જેમ વેદનો પણ કર્તા અદૃશ્ય છે કે તેનો કર્તા કોઈ નથી, એ પ્રકારે શંકા થઈ શકે, પરંતુ અન્ય કોઈ વચન અદૃશ્યકર્તૃક પ્રસિદ્ધ નથી, તેથી વેદવચનનો કર્તા કોઈ અદૃશ્ય છે તેવી શંકા ઉત્પન્ન થઈ શકે નહિ; કેમ કે વિપક્ષ દેખાતો નથી.

આશય એ છે કે, જેમ કોઈક પર્વતમાં અગ્નિ દેખાય અને અન્ય કોઈ પર્વતમાં અગ્નિ નથી તેમ પણ દેખાય છે. તેથી કોઈક વ્યક્તિ કોઈક પર્વતને જુએ તો શંકા થાય કે, આ પર્વતમાં અગ્નિ છે કે નહિ ? કેમ કે પર્વતમાં જેમ અગ્નિ પ્રાપ્ત થાય છે, તેમ અગ્નિનો અભાવ પણ પ્રાપ્ત થાય છે. તેથી વિપક્ષ જોવાને કારણે પ્રસ્તુત પર્વતમાં પણ શંકા થઈ શકે કે, તેમાં અગ્નિ છે કે નથી ? પરંતુ અગ્નિ હંમેશાં બાળે છે, તેમ જ દેખાય છે, તેથી કોઈ અગ્નિને જોઈને એવી શંકા થતી નથી કે, આ અગ્નિ બાળશે કે નહિ ? કેમ કે જગતમાં અગ્નિ હોય અને બાળતો ન હોય તેવો કોઈ વિપક્ષ દેખાતો નથી.

પ્રસ્તુતમાં પણ તે જ રીતે વેદ સિવાય સર્વ વચનોનો કર્તા પ્રત્યક્ષથી દેખાય છે.(આ કથન પિશાચના વચનને ધ્યાનમાં લીધા વગરનું પૂર્વપક્ષીનું છે.) તેથી વેદવચનથી અન્ય સંભળાતાં વચનો માટે આ સંભળાતાં વચનોનો કર્તા અદૃશ્ય છે, તેવી શંકા થાય નહિ; કેમ કે જે વચનો સંભળાતાં હોય તેનો બોલનાર નજીક કે દૂર અવશ્ય હોય જ છે. જ્યારે વેદવચનો એવાં છે કે, જેનો કર્તા કોઈ દેખાતો નથી અને જેમ અગ્નિ હંમેશાં બાળે જ છે અને અગ્નિ હોય અને ન બાળે એવો વિપક્ષ મળતો નથી, તેથી અગ્નિને જોઈને શંકા થતી નથી

કે અગ્નિ બાળશે કે નહીં, તેમ વેદવચન સિવાયનાં સર્વ વચનો દૃશ્યકર્તુક જ મળે છે, પરંતુ અદૃશ્યકર્તુક વચનો ક્યારે પણ મળતાં નથી, તેથી અદૃશ્યકર્તુક વચનરૂપ વિપક્ષ કોઈ વચનોમાં મળતો જ ન હોય ત્યારે, વેદવચનનો કોઈ કર્તા ન હોય એટલા માત્રથી અદૃશ્યકર્તુકની શંકા થઈ શકે નહીં. તેથી નક્કી થાય છે કે, વેદવચનનો કોઈ કર્તા નથી. આ પ્રકારનો વેદને અપૌરુષેય માનનારનો આશય છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈક રીતે ક્યારેક લૌકિક એવું પિશાચવચન સંભળાય છે, અને પિશાચ બોલી રહ્યો છે, તેમ લોકમાં કહેવાય પણ છે, છતાં પિશાચ બોલતો દેખાતો ન હોય ત્યારે શંકા થાય છે કે, આ સંભળાતાં વચનોનો કર્તા પિશાચ અદૃશ્ય હશે. એ રીતે જો વેદવચન સંભળાતાં હોય તો ત્યાં પણ શંકા થઈ શકે કે, આ સંભળાતાં વેદવચનોનો કોઈ અદૃશ્ય કર્તા હશે. માટે પૂર્વપક્ષીએ કહેલ કે વિપક્ષની અદૃષ્ટિ છે તે બરાબર નથી; કેમ કે પિશાચના વચનમાં વિપક્ષની પ્રાપ્તિ છે, અને અદૃષ્ટકર્તાવાળું વચન જેમ પિશાચનું છે, તેમ વેદનું પણ અદૃષ્ટકર્તાવાળું વચન હોઈ શકે. આવો વિકલ્પ જો વેદવચન સંભળાતું હોય તો થઈ શકે છે. માટે પૂર્વપક્ષીએ કહેલ કે વેદવચન અદૃશ્યકર્તુક છે કે નહીં એવી આશંકા થાય નહિ, તે બરાબર નથી.

વળી, અપૌરુષેય એવું વૈદિક વચન તો ક્યારેય સંભળાતું નથી, તેથી તેનો અદૃશ્ય કર્તા છે કે નહિ તેવી શંકા કરવાનું રહેતું જ નથી, પરંતુ ક્યારેક પણ વૈદિક વચન સંભળાતું હોય તો જ તેવી શંકા થઈ શકે. અને વૈદિક વચન ક્યારેય સંભળાતું નથી, માટે અપૌરુષેય વૈદિક વચન છે, તેમ સ્વીકારી શકાય નહિ.

આશય એ છે કે, જે વેદવચનો શાસ્ત્રમાં લખાયાં છે, તે લહિયાથી લખાયાં છે અને તે લહિયાને કહેનારા કોઈક ગુરુએ તે વચનો કહ્યાં છે. પરંતુ કોઈ કહેનાર-બોલનાર ન હોય અને પિશાચવચનની જેમ તે વચનો સંભળાતાં હોય તો વિચારકને પ્રશ્ન થાય કે, પિશાચની જેમ આનો કોઈ બોલનાર છે કે નહિ ? પરંતુ વેદવચનો તો કોઈનાથી બોલાયેલાં નથી, અને ક્યારેય સંભળાતાં નથી, આમ છતાં તેવાં વેદવચનો અતીન્દ્રિય અર્થમાં પ્રવર્તક છે, તેમ કેમ કહી શકાય ? કેમ કે નહિ સંભળાતાં એવાં વેદવચનો આકાશકુસુમ જેવાં છે, માટે તે પ્રવર્તક બને નહિ. અને જે કોઈ ઋષિ બોલે છે, તે કોઈક પાસેથી સાંભળીને બોલે છે કે સ્વપ્રજ્ઞાથી બોલે છે, પરંતુ પિશાચના વચનની જેમ સંભળાતાં એવાં વેદવચનથી ઋષિઓ બોલે છે, તેવું માનવામાં કોઈ પ્રમાણ નથી; કેમ કે ઋષિઓ જ્યારે બોલે છે ત્યારે તેઓને અપૌરુષેય વેદવચન સંભળાતાં હોય તો અત્યારે પણ ક્યારેક કોઈકને સંભળાવાં જોઈએ. પરંતુ ક્યારેય સંભળાતાં દેખાતાં નથી, માટે વેદવચનો આકાશકુસુમ જેવાં અસત્ છે. **॥૧૭૨॥**

અવતરણિકા :-

યથાભ્યુપગમદૂષણમાહ –

અવતરણિકાર્થ :-

જે પ્રકારે પૂર્વપક્ષી વેદને અપૌરુષેય કહે છે તે પ્રકારે અભ્યુપગમ કરીને=સ્વીકાર કરીને, ગ્રંથકારશ્રી દૂષણ કહે છે –

ભાવાર્થ :-

પૂર્વપક્ષી વેદને અપૌરુષેય માને છે અને કહે છે કે, પુરુષથી બોલાયેલું વચન પ્રમાણભૂત હોય નહિ, કેમ કે પુરુષ રાગાદિથી ખોટું કરે કે અજ્ઞાનને કારણે પણ ખોટું કરે તેવું જગતમાં દેખાય છે અને અતીન્દ્રિય પદાર્થો દેખાતા નથી અને અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન હોય તેવો કોઈ પુરુષ પણ દેખાતો નથી, માટે અતીન્દ્રિય પદાર્થને કહેવામાં સમર્થ માત્ર અપૌરુષેય વચન છે. તેથી વિચારકે આત્મહિત માટે અપૌરુષેય એવા વેદવચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. આ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતાને સામે રાખીને, જે પ્રકારે પૂર્વપક્ષી વેદને અપૌરુષેય કહે છે, તે પ્રકારે સ્વીકાર કરીને, વેદવચનને આત્મહિતની પ્રવૃત્તિના નિયામકરૂપે સ્વીકારવામાં જે દૂષણ રહેલ છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"वण्णायपोरुसेयं लोइअवयणाणवीह सव्वेसिं ।
वेयंमि क्को विसेसो, जेण तहिं एसऽसग्गाहो" ।।१७३।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, સર્વ લૌકિક વચનોના પણ વર્ણાદિ અપૌરુષેય છે, વેદમાં શું વિશેષ છે ? અર્થાત્ કાંઈ વિશેષ નથી કે જે કારણથી ત્યાં=વેદમાં, આ અસદ્ગ્રહ=અપૌરુષેયપણાનો અસદ્ગ્રહ છે. ।।૧૭૩।।

ટીકા :-

वर्णाद्यपौरुषेयं लौकिकवचनानामपीह सर्वेषां वर्णत्वादिवाचकत्वादेः पुरुषैरकरणाद् वेदे को विशेषो येन तत्रैषोऽसद्ग्रहोऽपौरुषेयत्वासद्ग्रह इति ।।१७३।।

ટીકાર્થ :-

वर्णाद्यपौरुषेयं ..... इति ।। અહીં=જગતમાં, સર્વ લૌકિક વચનોના પણ વર્ણાદિ અપૌરુષેય છે; કેમ કે વર્ણત્વાદિ અને વાચકત્વાદિનું પુરુષો વડે અકરણ છે. વેદમાં શું વિશેષ છે ? અર્થાત્ કાંઈ વિશેષ નથી કે જે કારણથી ત્યાં=વેદમાં, આ અસદ્ગ્રહ=અપૌરુષેયપણાનો અસદ્ગ્રહ છે, એ પ્રમાણે (ગાથાર્થ) છે. ।।૧૭૩।।

ભાવાર્થ :-

જૈનદર્શન સત્-અસત્ કાર્યવાદી છે. અસત્ કાર્યવાદની દૃષ્ટિથી વચન પૌરુષેય છે તેમ સ્વીકારે છે; કેમ કે પુરુષ અસત્ એવા વચનને ઉત્પન્ન કરે છે; તેથી અપૌરુષેય વચન સંભવે નહિ, એમ પૂર્વમાં સ્થાપન કર્યું.

હવે સત્ કાર્યવાદની દૃષ્ટિને સામે રાખીને વેદવચનને અપૌરુષેય સ્વીકારી લે છે, અને બતાવે છે કે, જેમ વેદવચનો અપૌરુષેય છે, તેમ સર્વ પણ લૌકિક વચનોના વર્ણાદિ અપૌરુષેય છે.

આશય એ છે કે, સત્કાર્યવાદની દૃષ્ટિથી સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વ પામે છે; કેમ કે જીવમાં સમ્યક્ત્વ હતું અને જીવના પ્રયત્નથી તે અભિવ્યક્ત થયું. તેથી સત્કાર્યવાદ સ્વીકારે છે કે, જગતમાં કાંઈ નવું પેદા કરાતું નથી, પરંતુ કારણમાં જે વસ્તુ વિદ્યમાન હોય તેને પ્રયત્નથી કાર્ય રૂપે અભિવ્યક્ત કરવામાં આવે છે.

જેમ કે જીવમાં સમ્યક્ત્વ છે, તેને જ પ્રયત્નથી અભિવ્યક્ત કરાય છે અથવા માટીમાં ઘડો છે, તેને જ કુંભાર પ્રયત્નથી અભિવ્યક્ત કરે છે, માટે સત્કાર્યવાદીના મતે જીવનો પ્રયત્ન એ કાર્યનો અભિવ્યંજક છે, પરંતુ કાર્યનો જનક નથી.

તે જ રીતે ભાષાવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરીને પુરુષ જ્યારે કંઠ-તાલુ આદિના અભિઘાત દ્વારા બોલે છે, ત્યારે તે કંઠ-તાલુ આદિના અભિઘાતથી વર્ણો અભિવ્યક્ત થાય છે, પરંતુ તે વર્ણોનાં વર્ણત્વાદિ કે વાચકત્વાદિ પુરુષ કરતો નથી; નહીંતર પાણીમાંથી ઘડો બનાવે અને પાણીનાં પુદ્ગલોમાંથી ભાષા પણ બનાવે. પરંતુ ભાષાવર્ગણાનાં પુદ્ગલોમાંથી કંઠ-તાલુ આદિના અભિઘાતથી વર્ણત્વાદિ અને વાચકત્વાદિ ભાવો અભિવ્યક્ત થાય છે; કેમ કે જગતમાં બોલાતા બધા લૌકિક વચનોના વર્ણત્વાદિ અને તે તે વર્ણોમાં રહેલ વાચકત્વાદિ અપૌરુષેય છે, તેમ વેદવચનો પણ વર્ણત્વાદિરૂપ છે, માટે વેદવચનો અને લૌકિક વચનો એ બેમાં પૌરુષેય અપૌરુષેયરૂપે કોઈ ભેદ નથી.

આમ છતાં પુરુષથી કરાયેલાં વચનો મૃષા પણ હોઈ શકે છે; કેમ કે રાગથી, દ્વેષથી કે અજ્ઞાનથી બોલાયેલાં વચનોમાં મૃષાપણું પ્રત્યક્ષ દેખાય છે. તેથી લૌકિક વચનો પ્રવૃત્તિના નિયામક તરીકે સ્વીકારી શકાય નહિ; કેમ કે પુરુષોના અજ્ઞાનાદિ દોષકૃત દોષ તે વચનોમાં પ્રાપ્ત થાય છે. જ્યારે વેદવચનો તો અપૌરુષેય છે, માટે પુરુષના અજ્ઞાનાદિ દોષકૃત દોષ તેમાં આવવાનો સંભવ નથી. માટે વેદવચનો પ્રવૃત્તિના નિયામક બને છે, એમ પૂર્વપક્ષી કહે છે; કેમ કે પૂર્વપક્ષી વેદને અપૌરુષેય સ્વીકારીને તે વચનોમાં પુરુષકૃત દોષ સંભવે નહિ તેમ બતાવીને, વેદવચનોને પ્રામાણિક વચનોરૂપે સ્થાપન કરે છે, અને તે પ્રામાણિક એવાં વેદવચનોને પ્રવૃત્તિના નિયામક તરીકે સ્વીકારે છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જેમ વેદવચનો અપૌરુષેય છે, તેમ લૌકિક વચનો પણ અપૌરુષેય છે. માટે માત્ર વૈદિક વચનો અપૌરુષેય છે તેથી પુરુષકૃત દોષરહિત છે, એવો અસદ્ગ્રહ રાખીને વેદવચનોને પ્રવૃત્તિનિયામક માનવાનો પૂર્વપક્ષીનો આશય મિથ્યા છે; કેમ કે લૌકિક વચનો અને વેદવચનો બંને સમાન રીતે અપૌરુષેય છે. તેથી જે પુરુષમાં અજ્ઞાન, રાગ કે દ્વેષ હોય તે પુરુષનું વચન આ ત્રણમાંથી કોઈ પણ દોષને કારણે મૃષા થઈ શકે, પરંતુ જે પુરુષમાં લેશ પણ અજ્ઞાન નથી અને લેશ પણ રાગ-દ્વેષ નથી, તે પુરુષનું વચન સંપૂર્ણ દોષથી અનાક્રાંત છે; માટે તે વચન પુરુષથી બોલાયેલું છે અને તે અપેક્ષાએ પૌરુષેય સ્વીકારો, અથવા તો પુરુષના પ્રયત્નથી તે વચનને અભિવ્યંજક સ્વીકારો, તોપણ એ અભિવ્યક્ત થયેલા શબ્દો, વક્તારૂપ પુરુષમાં રાગાદિ દોષ નહિ હોવાથી સંપૂર્ણ દોષરહિત છે. માટે એવાં સર્વજ્ઞનાં વચનો જ પ્રવૃત્તિનાં નિયામક સ્વીકારી શકાય. આ પ્રકારનું પ્રસ્તુત ગાથાનું તાત્પર્ય છે. **॥૧૭૩॥**

પ્રસ્તુત ગાથા-૧૭૩ના કથનથી એ ફલિત થયું કે –

❖ અસત્કાર્યવાદની દૃષ્ટિથી અપૌરુષેય વચન નથી, પરંતુ જે કોઈ વચન હોય તે પૌરુષેય જ હોય છે.

❖ સત્કાર્યવાદની દૃષ્ટિથી વેદવચન પણ અપૌરુષેય છે અને સર્વ લૌકિક વચનો પણ અપૌરુષેય છે.

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૭૩માં સ્થાપન કર્યું કે, વેદને અપૌરુષેય સ્વીકારશો તો તે જ રીતે લૌકિક વચનો પણ અપૌરુષેય છે, માટે અપૌરુષેય એવાં વેદવચન જ પ્રવૃત્તિનાં નિયામક છે, એમ કહી શકાય નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે કે, તમે, પુરુષના પ્રયત્નથી લૌકિક વચનોજન્ય નથી, પણ જગતમાં વિદ્યમાન એવા તે વચનો અભિવ્યક્ત થાય છે માટે પુરુષજન્ય નથી, એમ સ્વીકારીને, લૌકિક વચનોને અપૌરુષેય માનો છો; અને તેમ સ્વીકારવામાં પુરુષથી અભિવ્યક્ત થતા શબ્દમાં પણ પુરુષકૃત દોષની પ્રાપ્તિ થઈ શકે, પરંતુ અમારા મત પ્રમાણે તો વેદવચનોનો કર્તા કોઈ નથી અને તેનો અભિવ્યંજક પણ કોઈ નથી. માટે પુરુષકૃત દોષનો સ્પર્શ વેદવચનમાં નથી, માટે વેદવાક્યથી જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ण य णिच्छओ वि हु तओ जुज्जइ पायं कहिंचि सण्णाया ।
जं तस्सत्थपगासणविसएह अइंदियासत्ती" ।।१७४।।

ગાથાર્થ :-

તેનાથી=વેદવાક્યથી, પ્રાયઃ કરીને કોઈ વસ્તુમાં સન્ન્યાયથી=સદ્યુક્તિથી, નિશ્ચય પણ=વાક્યાર્થનો નિર્ણય પણ, થઈ શકતો નથી; જે કારણથી તેના=વેદવચનના, અર્થપ્રકાશનના વિષયમાં અહીંયાં=પ્રકમમાં= યજ્ઞમાં થતી હિંસાના વિષયમાં, અતીન્દ્રિય શક્તિ છે. ।।૧૭૪।।

ટીકા :-

न च निश्चयोऽपि ततो वेदवाक्याद् युज्यते प्रायः क्वचिद्वस्तुनि सन्न्यायात्, यद्=यस्मात्, तस्य=वेदवचनस्य, अर्थप्रकाशनविषये इह प्रक्रमेऽतीन्द्रिया शक्तिरिति गाथार्थः ।।१७४।।

ટીકાર્થ :-

न च ..... गाथार्थः ।। તેનાથી=વેદવાક્યથી પ્રાયઃ કરીને કોઈ વસ્તુમાં સન્ન્યાયથી=સદ્યુક્તિથી, નિશ્ચય પણ=વાક્યાર્થનો નિર્ણય પણ, થઈ શકતો નથી; જે કારણથી તેના=વેદવચનના, અર્થપ્રકાશનના વિષયમાં અહીંયાં=પ્રકમમાં=યજ્ઞમાં થતી હિંસાના વિષયમાં, અતીન્દ્રિય શક્તિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૭૪।।

❖ મૂળ ગાથામાં 'णिच्छओ वि' અને ટીકામાં 'निश्चयोऽपि' કહ્યું, ત્યાં 'अपि'થી એ કહેવું છે કે, કોઈનાથી

બોલાયાં ન હોય તેવાં વેદવચનોનો સ્વીકાર તો ઘટતો નથી, પરંતુ અપૌરુષેય એવાં વેદવચનો સ્વીકારી લઈએ તોપણ તે વેદવચનોથી નિશ્ચય પણ=વાક્યાર્થનો નિર્ણય પણ, ઘટતો નથી.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, કોઈ પુરુષ અતીન્દ્રિય પદાર્થને જોવાની શક્તિવાળો છે, એમ મીમાંસક સ્વીકારે, તો તેવો પુરુષ વેદમાં રહેલી અતીન્દ્રિય શક્તિને જાણી શકે, તે સિવાય અન્ય કોઈ જાણી શકે નહિ, તે બતાવવા માટે પ્રાયઃ શબ્દ કહેલ છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીના મત પ્રમાણે વેદવાક્ય કોઈનાથી કરાયેલાં નથી અને તેનો કોઈ અભિવ્યંજક પણ નથી, પરંતુ અપૌરુષેય એવાં વેદવચનો શાશ્વત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સદ્યુક્તિથી વિચારીએ તો વેદવાક્યથી કોઈ નિર્ણય પણ પ્રાયઃ થઈ શકે નહિ; કેમ કે વેદવચનની અર્થપ્રકાશનમાં અતીન્દ્રિય શક્તિ છે, માટે જે શબ્દોમાં રહેલી શક્તિનો બોધ ન થાય તે શબ્દોથી શાબ્દબોધ થઈ શકે નહિ.

જેમ કે જે ભાષાનું જેને જ્ઞાન નથી, તે ભાષા તે સાંભળે તો તે ભાષાથી તેને શબ્દમાત્ર સંભળાય છે, પરંતુ અર્થનું જ્ઞાન થતું નથી, તેમ વેદવચનોમાં રહેલી અર્થબોધની શક્તિ અતીન્દ્રિય હોવાથી યુક્તિથી વિચારીએ તો તેનો બોધ પ્રાયઃ કોઈને થઈ શકે નહિ; કેમ કે શબ્દમાં રહેલી શક્તિનો જેને બોધ હોય તેને જ તે શબ્દથી તે અર્થનો બોધ થાય છે, અને વેદવચનોમાં કયા પ્રકારની શક્તિ રહેલી છે તેનો બોધ ઇન્દ્રિયોથી થઈ શકતો નથી, તેથી તે શબ્દો દ્વારા અર્થનો બોધ પણ થઈ શકે નહિ. **॥૧૭૪॥**

અવતરણિકા :-

વેદવચનમાં અર્થપ્રકાશનની અતીન્દ્રિય શક્તિ હોય તોપણ જે પુરુષને અતીન્દ્રિય શક્તિનું જ્ઞાન છે, તે પુરુષ વેદવાક્યથી નિર્ણય કરી શકશે. આ પ્રકારની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"णो पुरिसमित्तगम्मा तदतिसओ वि ण बहुमओ तुम्हं ।
लोइयवयणेहिंतो दिट्ठं च कहंचि वेहम्मं" ।।१७५।।

ગાથાર્થ :-

પુરુષમાત્રથી આ=અતીન્દ્રિય, શક્તિ ગમ્ય નથી. તેનો=અતીન્દ્રિયદર્શી એવા પુરુષનો, અતિશય પણ તમને બહુમત નથી અને લૌકિક વચનોથી વેદવચનોનું કથંચિદ્ વૈધર્મ્ય છે ।।૧૭૫।।

ટીકા :-

न पुरुषमात्रगम्या एषा, तदतिशयोऽपि न बहुमतो युष्माकमतीन्द्रियदर्शी, लौकिकवचनेभ्यः सकाशाद् दृष्टं च कथंचिद्वैधर्म्यं वेदवचनानामिति गाथार्थः ।।१७५।।

ટીકાર્થ :-

न पुरुषमात्रगम्या ..... एषा, પુરુષમાત્રથી=યાવત્ પુરુષથી, આ=અતીન્દ્રિય શક્તિ, ગમ્ય નથી. માટે વેદવચનથી અર્થનો નિર્ણય કોઈને થઈ શકશે નહિ.

કોઈ એવો પુરુષ હોય કે જે અતીન્દ્રિય શક્તિને જાણતો હોય તેવો પુરુષ વેદવાક્યથી અર્થનો નિર્ણય કરી શકશે. એવી શંકાને સામે રાખીને કહે છે -

तदतिशयोऽपि ..... सकाशाद्, લૌકિક વચનથી તેનો=અતીન્દ્રિયદર્શી એવા પુરુષનો, અતિશય પણ તમને=મીમાંસકને, બહુમત નથી.

અહીં મીમાંસક કહે કે, લૌકિક વચનોમાં જે શક્તિ છે તેવી જ વેદવચનમાં શક્તિ છે, પરંતુ અતીન્દ્રિય શક્તિ માનવાની જરૂર નથી. તેથી અપૌરુષેય એવા વેદવચનથી અર્થનો નિર્ણય થઈ શકશે. તેનું નિરાકરણ કરીને લૌકિક વચન સદૃશ અર્થપ્રકાશનની શક્તિ વેદવચનમાં સ્વીકારી શકાય નહિ, એ બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

दृष्टं च ..... गाथार्थः ।। અને લૌકિક વચનોથી વેદવચનોનું કથંચિદ્ વૈધર્મ્ય જોવાયેલું છે. ।।૧૭૫।।

❖ **कथंचिद्वैधर्म्यं** - અહીં 'कथंचिद्'થી એ કહેવું છે કે, લૌકિક વચન અને વેદવચન વચનરૂપે સમાન હોવા છતાં પૌરુષેય અને અપૌરુષેયરૂપ કાંઈક વૈધર્મ્ય છે, જે ગાથા-૧૭૬માં ગ્રંથકારશ્રી સ્વયં બતાવે છે.

ભાવાર્થ :-

મીમાંસક વેદવચનને અપૌરુષેય માને છે, તેથી વેદવચનમાં રહેલી અર્થપ્રકાશનની શક્તિને પણ અતીન્દ્રિય માનવી પડે, અને તે અર્થપ્રકાશનની શક્તિ પુરુષમાત્રથી ગમ્ય નથી અર્થાત્ કોઈ પુરુષ તે વેદવચનોમાં રહેલી અતીન્દ્રિય શક્તિને જાણી શકે તેમ નથી, તેથી અપૌરુષેય એવાં વેદવચનો સ્વીકારી લઈએ તોપણ સદ્યુક્તિથી તે વેદવચનો દ્વારા કોઈ અર્થનો નિર્ણય થાય નહિ.

હવે કદાચ કોઈ એમ કહે કે, કોઈ પુરુષવિશેષ છે કે જે વેદવચનમાં રહેલી અર્થપ્રકાશનની અતીન્દ્રિય શક્તિ જાણી શકે છે. તો તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

અતીન્દ્રિયદર્શી એવા પુરુષનો અતિશય પણ મીમાંસકને સંમત નથી. તે આ રીતે –

મીમાંસક કહે છે કે, લૌકિક વચનોથી જે બોધ થાય છે તે જ બોધ સર્વ પુરુષો કરી શકે છે, પરંતુ અતીન્દ્રિય પદાર્થને જોનાર એવા અતિશયવાળો કોઈ પુરુષ નથી કે જે પરલોક અર્થે પ્રવૃત્તિ બતાવી શકે, માટે પરલોકના અર્થીની પ્રવૃત્તિ તો અપૌરુષેય એવા વેદથી જ થઈ શકે છે. આમ, મીમાંસકના મત પ્રમાણે અતીન્દ્રિયદર્શી કોઈ પુરુષ નથી, માટે તે અતીન્દ્રિય એવા યોગમાર્ગની પ્રવૃત્તિ માટે વેદને પ્રમાણભૂત સ્વીકારે છે, પરંતુ સર્વજ્ઞને માનતા નથી. માટે તેમના મતમાં અતીન્દ્રિયદર્શી પુરુષ માન્ય નથી, તેથી ગ્રંથકારશ્રી કહે છે –

મીમાંસકના મત પ્રમાણે કોઈ અતીન્દ્રિયદર્શી પુરુષ નથી, તેથી વેદવચનમાં રહેલી અર્થપ્રકાશનની

શક્તિને કોઈ જોઈ શકે નહિ, માટે કોઈ પુરુષને વેદવચનથી અર્થનો નિર્ણય થઈ શકશે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, વેદવચન અને લૌકિક વચનોમાં અર્થપ્રકાશનશક્તિ સમાન છે, માટે જેમ લૌકિક વચનોથી અર્થબોધ થાય છે, તેમ વેદવચનોથી પણ અર્થબોધ થઈ શકશે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

લૌકિક વચનોથી વેદવચનોનું કથંચિદ્ વૈધર્મ્ય દેખાયેલું છે, તેથી લૌકિક વચન અને વેદવચનમાં સમાન અર્થપ્રકાશન શક્તિ છે તેમ માની શકાય નહિ. અને લૌકિક વચનોનું અને વેદવચનોનું વૈધર્મ્ય શું છે ? તે ગ્રંથકારશ્રી સ્વયં ગાથા-૧૭૬માં બતાવે છે. **॥૧૭૫॥**

અવતરણિકા :-

વેદવચનોમાં લૌકિક વચન સદૃશ શક્તિ મીમાંસક માની શકે નહિ, તે બતાવવા માટે પૂર્વે ગાથા-૧૭૫ના અંતમાં કહ્યું કે, લૌકિક વચનોથી વેદવચનનું કથંચિદ્ વૈધર્મ્ય દેખાય છે. આ કથન દ્વારા વેદવચનમાં અતીન્દ્રિય શક્તિ કેમ માનવી પડશે તે સ્પષ્ટ કરવા માટે પ્રથમ વેદવચનોનું અને લૌકિક વચનોનું વૈધર્મ્ય ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

"તાણીહ પોરુસેયાણિ અપોરુસેયાણિ વેયવયણાણિ ।
સગ્ગુવ્વસિપમુહાણં દિટ્ઠો તહ અત્થભેઓ વિ" ।।૧૭૬।।

ગાથાર્થ :-

અહીં=લોકમાં, તે=લૌકિક વચનો, પૌરુષેય છે અને વેદવચનો અપૌરુષેય છે, તે પ્રકારે સ્વર્ગ-ઉર્વશી વગેરે શબ્દોનો અર્થભેદ પણ જોવાયેલો છે. ॥૧૭૬॥

ટીકા :-

તાનીહ પૌરુષેયાણિ લૌકિકાનિ અપૌરુષેયાણિ વેદવચનાનિ ઇતિ વૈધર્મ્યં, સ્વર્ગોર્વશીપ્રમુખાનાં શબ્દાનાં દૃષ્ટસ્તથાર્થભેદોઽપિ, એવં ચ ય એવ લૌકિકાસ્ત એવ વૈદિકાઃ સ એવૈષામર્થ ઇતિ યત્કિઞ્ચિદેતત્ ।।૧૭૬।।

ટીકાર્થ :-

તાનીહ ..... અર્થભેદોઽપિ । અહીં=લોકમાં, લૌકિક વચનો પૌરુષેય છે અને વેદવચનો અપૌરુષેય છે, એ પ્રકારે વૈધર્મ્ય છે, તે પ્રકારે સ્વર્ગ-ઉર્વશી વગેરે શબ્દોનો અર્થભેદ પણ જોવાયેલો છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ સિદ્ધ કર્યું કે, પૌરુષેય વચન કરતાં અપૌરુષેય વચનમાં કોઈ અતીન્દ્રિય શક્તિ માનવી પડે, અને અતીન્દ્રિય શક્તિને જાણનાર કોઈ પુરુષ મીમાંસક માનતો નથી, તેથી મીમાંસકના મત પ્રમાણે વેદવચનથી અર્થનો નિર્ણય થઈ શકે નહિ. આ પ્રકારની મીમાંસકને આપેલી આપત્તિના નિવારણ

માટે મીમાંસક કહે છે કે, જે લૌકિક શબ્દો છે તે વૈદિક શબ્દો છે, અને જે લૌકિક શબ્દોનો અર્થ છે તે જ વૈદિક શબ્દોનો અર્થ છે. આમ કહીને વેદવચનોથી અર્થનો બોધ પુરુષને થઈ શકે છે, તેમ મીમાંસક સ્થાપન કરે છે. તે તેમનું વચન સંગત નથી, એ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

एवं च ..... यत्किञ्चिदेतत् ।। અને આ રીતે=લૌકિક વચનોમાં અને વેદવચનોમાં વૈધર્મ્ય છે અને લૌકિક વચન કરતાં અપૌરુષેય એવા વેદવચનનો અર્થભેદ પણ જોવાયો છે એ રીતે, જે લૌકિક છે તે જ વૈદિક છે=જે લૌકિકનો અર્થ છે તે જ વૈદિકનો અર્થ છે, એ પ્રમાણે જે મીમાંસક કહે છે, એ યત્કિંચિત્=અર્થ વગરનું છે. ॥१७६॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૭૫માં સિદ્ધ કર્યું કે, લૌકિક વચનોથી વેદવચનોનું કથંચિદ્ વૈધર્મ્ય જોવાયેલું છે. તે જ પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

લૌકિક વચનો પૌરુષેય છે અને વેદવચનો અપૌરુષેય છે, એ પ્રકારે મીમાંસક માને છે. તેથી પૌરુષેય અને અપૌરુષેયરૂપ વૈધર્મ્ય લૌકિકવચનમાં અને વેદવચનમાં છે.

વળી, સ્વર્ગ-ઉર્વશી વગેરેને કહેનારા શબ્દો લોકમાં પ્રસિદ્ધ નથી, પરંતુ વેદવચનોથી જ સ્વર્ગ-ઉર્વશી વગેરે શબ્દોનો અર્થભેદ પણ જોવાયેલો છે.

આશય એ છે કે, લૌકિક વચનો દૃષ્ટ પદાર્થમાં સંકેત આપીને પ્રવૃત્ત છે. જેમ કે, ઘટ-પટ આદિ દૃષ્ટ પદાર્થોમાં ઘટ-પટાદિના સંકેતથી લૌકિક વચનો પ્રવર્તે છે અને તેથી જ લૌકિક વચનો દ્વારા લોકપ્રસિદ્ધ વ્યવહાર ચાલે છે. અને સ્વર્ગ-ઉર્વશી જગતમાં કાંઈ દેખાતા નથી, પરંતુ વેદવચનો દ્વારા નક્કી થાય છે કે, અતિ સુખમય એવું સ્વર્ગ ક્યાંક છે, અને તે સ્વર્ગમાં ઉર્વશી વગેરે અપ્સરાઓ છે. તેથી વેદવચનોનો અર્થ લૌકિક વચનોના અર્થ કરતાં જુદા પ્રકારનો છે; કેમ કે વેદવચનોનો અર્થ લોકમાં જોવાયેલા પદાર્થો કરતાં જુદા પ્રકારનો છે. લૌકિક વચનોનો અર્થ લોકમાં જોવાયેલા પદાર્થોની જ ઉપસ્થિતિ કરાવે છે, અને સ્વર્ગ-ઉર્વશી વગેરે લોકમાં જોવાયેલા નથી, આમ છતાં લોકમાં જે સ્વર્ગ, ઉર્વશી વગેરેના અર્થો પ્રાપ્ત થાય છે, તે વેદના વચનથી જ પ્રાપ્ત થાય છે, તેથી સ્વર્ગ ઉર્વશી વગેરે વેદવચનો દ્વારા લૌકિક વચનો કરતાં કાંઈક જુદા અર્થને બતાવનારા આ શબ્દો છે, તેવો બોધ થાય છે.

આનાથી નક્કી થાય છે કે, જેમ લૌકિક વચનોમાં અને વેદવચનોમાં પૌરુષેય અને અપૌરુષેયરૂપ વૈધર્મ્ય છે, તેમ લૌકિક વચનો કરતાં અપૌરુષેય એવાં વેદવચનો જુદો અર્થ પણ બતાવે છે, કેમ કે સ્વર્ગ, ઉર્વશી વગેરેના અર્થો વેદ જ બતાવી શકે છે. વેદવચનના આધાર વગર લોક સ્વર્ગ, ઉર્વશી વગેરેના અર્થો બતાવી શકતો નથી. માટે વેદવચનોથી વાચ્ય અર્થ લૌકિક વચનોના વાચ્ય અર્થ કરતાં જુદો છે, તેમ નક્કી થાય છે. જ્યારે મીમાંસક કહે છે કે, જે લૌકિક શબ્દો છે તે જ વૈદિક શબ્દો છે અને જે લૌકિક શબ્દોનો અર્થ છે, તે જ વૈદિક શબ્દોનો અર્થ છે. આમ કહીને વેદવચનોમાં અર્થપ્રકાશનની અતીન્દ્રિય શક્તિ નથી, એમ મીમાંસક સ્થાપન કરે છે, અને કહે છે કે, વેદવચનથી અર્થનો નિર્ણય થઈ શકશે, અને વેદવચનો અપૌરુષેય

હોવાથી પુરુષકૃત દોષ તે વચનમાં નથી, માટે વેદવચનોને પ્રવૃત્તિનાં નિયામક સ્વીકારવાં જોઈએ. પરંતુ આ કથન તેમનું યત્કિંચિત્ છે=અર્થ વગરનું છે; કેમ કે ઉપર સિદ્ધ કર્યું તેમ પૌરુષેય વચનો કરતાં અપૌરુષેય વચનોનો અર્થભેદ તેણે માનવો પડશે, અને અર્થભેદ સ્વીકારે તો વેદવચનો કયા અર્થના વાચક છે, તેવો નિર્ણય પુરુષ કરી શકશે નહિ, માટે વેદવચનથી નિર્ણય થઈ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે, જૈનદર્શન પ્રમાણે શ્રુતના પ્રત્યક્ષ શ્રુત અને પરોક્ષ શ્રુત એમ બે પ્રકાર છે.

પ્રત્યક્ષ શ્રુત :- પ્રત્યક્ષ શ્રુત એ લોકમાં દેખાતા પદાર્થોમાં વાચ્ય-વાચક ભાવના સંબંધના બોધથી થતા જ્ઞાનસ્વરૂપ છે.

પરોક્ષ શ્રુત :- પરોક્ષ શ્રુતનું લક્ષણ 'आप्तवचनादर्थसंवेदनम्' છે. તેથી જે પદાર્થો દેખાતા નથી, તે પદાર્થોનો બોધ આપ્તવચનથી થાય છે, એ પરોક્ષ શ્રુત છે.

જેમ કે સ્વર્ગ અથવા તો દેવલોકમાં રહેલી ઉર્વશી વગેરે અપ્સરાઓનો બોધ આપ્તવચનોથી થઈ શકે છે, પણ લૌકિક વચનોથી થઈ શકે નહિ; કેમ કે લોકમાં સ્વર્ગ કે અપ્સરાઓ દેખાતી નથી. તેથી અતીન્દ્રિય પદાર્થને કહેનાર સર્વજ્ઞ છે, એમ સ્વીકારીએ તો, તેમના વચનથી સ્વર્ગ-ઉર્વશી વગેરેનો નિર્ણય થઈ શકે; કેમ કે અતીન્દ્રિય પદાર્થને જોનારા સર્વજ્ઞ છે અને સર્વજ્ઞે સ્વર્ગ વગેરેને જોઈને તેનું સ્વરૂપ બતાવ્યું છે.

હવે અતીન્દ્રિયદર્શી કોઈ પુરુષ નથી, તેમ મીમાંસકના મત પ્રમાણે સ્વીકારીએ, તો એમ જ કહેવું પડે કે, અપૌરુષેય એવા વેદવચનોથી જ સ્વર્ગ-ઉર્વશી વગેરેનું જ્ઞાન થાય છે, અને લૌકિક એવા પૌરુષેય વચનોથી ઘટ-પટાદિ દેખાતા પદાર્થોનું જ્ઞાન થાય છે. માટે વેદમાં કહેલા શબ્દો કયા અર્થના વાચક છે તેનો નિર્ણય લોકને નથી, માટે લોકો વેદવચનોથી કોઈ અર્થનિર્ણય કરી શકશે નહિ. તેથી વેદવચનો વિચારકની પ્રવૃત્તિના નિયામક બનશે નહિ; કેમ કે જેમ સ્વર્ગ-ઉર્વશી વગેરે શબ્દો લોકમાં દેખાતું નથી તેવા જ કોઈક જુદા અર્થના વાચક છે, તેમ વેદના દરેક શબ્દો કોઈક જુદા જ અર્થના વાચક માનવા પડે, અને તેમ સ્વીકારીએ તો તે શબ્દો કયા અર્થના વાચક છે, તેનો નિર્ણય લોક કરી શકે નહિ.

લૌકિક વચન અને વેદવચનમાં વૈધર્મ્ય છે અને અર્થભેદ પણ છે. તેથી વેદવચનથી અર્થનિર્ણય થઈ શકે નહિ, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેના સમાધાનરૂપે મીમાંસક કહે છે કે - લૌકિક વચનો અને વેદવચનો સમાન જ છે અને લૌકિક વચનોનો અર્થ અને વેદવચનોનો અર્થ સમાન જ છે. પરંતુ તેમનું એ કથન પણ અસંબદ્ધ છે; કેમ કે લૌકિક વચનો લોકમાં દેખાતા પદાર્થોને બતાવી શકે છે, પરંતુ લોકમાં નહિ દેખાતા સ્વર્ગ-ઉર્વશી વગેરે પદાર્થોને લૌકિક વચનો બતાવી શકે નહિ, અને તેથી વેદવચનોથી વાચ્ય અર્થ શું છે ? તે નિર્ણય લોકમાં કોઈને થઈ શકે નહિ. **॥૧૭૬॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૭૫માં કહ્યું કે, પુરુષમાત્રથી ગમ્ય=બધા પુરુષોથી ગમ્ય, અતીન્દ્રિય શક્તિ નથી, માટે વેદવચનથી કોઈ વસ્તુમાં નિર્ણય થઈ શકશે નહિ. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આમ કહે કે, વેદવચન સ્વભાવથી જ પ્રદીપની જેમ સ્વાર્થ-પ્રકાશન-પર છે. તેથી પુરુષમાત્રને જેમ પ્રદીપથી

અર્થનો બોધ થઈ શકે છે, તેમ વેદવચનથી અર્થનો બોધ થઈ જશે. તેથી વેદવચન અપૌરુષેય હોવા છતાં વેદવાક્યથી પદાર્થનો નિર્ણય થઈ શકશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ण य तं सहावओ च्चिय सत्थपगासणपरं पईवो व्व ।
समयविभेया जोगा मिच्छत्तपगासजोगा य" ।।१७७।।

ગાથાર્થ :-

તે=વેદવચન, પ્રદીપની જેમ સ્વભાવથી જ સ્વાર્થ-પ્રકાશન-પર છે, તેમ ન કહેવું; કેમ કે સંકેતભેદનો અભાવ છે અને મિથ્યાપણાના પ્રકાશનો યોગ છે. ।।૧૭૭।।

ટીકા :-

न च तद्वेदवचनं स्वभावत एव स्वार्थप्रकाशनपरं प्रदीपवत्, कुतः ? इत्याह-समयविभेदायोगात्=सङ्केतभेदाभावात्, मिथ्यात्वप्रकाशयोगाच्च क्वचिदेतदापत्तेरिति भावः ।।१७७।।

ટીકાર્થ :-

न च ..... सङ्केतभेदाभावात्, તે=વેદવચન, પ્રદીપની જેમ સ્વભાવથી જ સ્વાર્થ-પ્રકાશન-પર છે તેમ ન કહેવું; કેમ કે સમયવિભેદનો અયોગ=સંકેતભેદનો અભાવ, છે.

❖ (તે તે શબ્દમાં તે તે અર્થનો સંકેત છે, તેથી તે તે શબ્દથી તે તે અર્થનો બોધ થાય છે, તેના કરતાં જુદા પ્રકારનો સંકેત વેદવચનમાં નથી, માટે જેમ તે તે શબ્દના સંકેતના બોધ વગર તે તે શબ્દથી અર્થનો બોધ થતો નથી, તેમ વેદના વચનથી પણ સંકેતના બોધ વગર અર્થનો બોધ થઈ શકતો નથી.)

અહીં પૂર્વપક્ષી કહે કે, લૌકિક વચન કરતાં વેદવચનમાં સંકેતભેદ નહિ હોવા છતાં વેદવચનોનો સ્વભાવ છે કે, પોતાના અર્થનું પ્રકાશન કરી શકે છે. તેથી બીજો હેતુ કહે છે –

मिथ्यात्व ..... इति भावः ।। મિથ્યાપણાના પ્રકાશનના યોગને કારણે કોઈક સ્થાનમાં આની= મિથ્યાજ્ઞાનની, આપત્તિ છે, એ પ્રમાણે ભાવ છે. ।।૧૭૭।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૭૪માં સ્થાપન કર્યું કે, વેદવચનોમાં અતીન્દ્રિય શક્તિ છે, તેથી વેદવચનોથી કોઈને બોધ થઈ શકશે નહિ. તેના સમાધાનરૂપે મીમાંસક કહે કે, જેમ પ્રદીપ પોતાનું પ્રકાશન સ્વભાવથી કરે છે, તેમ વેદવચનો પણ પોતાના અર્થનું પ્રકાશન સ્વભાવથી જ કરે છે, માટે વેદવચનોથી બોધ થઈ શકશે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

વેદવચનો પ્રદીપની જેમ સ્વભાવથી સ્વાર્થ-પ્રકાશન-પર છે, એમ ન કહેવું; કેમ કે તેમ સ્વીકારીએ તો લૌકિક વચનો કરતાં વેદવચનોમાં જુદા પ્રકારનો સંકેત માનવો પડે.

આશય એ છે કે, લૌકિક વચનોના અર્થના સંકેતનો જેને બોધ હોય તેને જ લૌકિક વચનોથી અર્થબોધ થાય છે, પરંતુ સાંભળવામાત્રથી લૌકિક વચનોથી અર્થનો બોધ થતો નથી, જ્યારે વેદવચનોને સાંભળવામાત્રથી અર્થનો બોધ થાય છે. તેમ મીમાંસકની વાત સ્વીકારીએ તો લૌકિક વચનોમાં જે પ્રકારનો અર્થબોધ કરવાને અનુકૂળ સંકેત છે, તેના કરતાં વેદવચનોમાં જુદા પ્રકારનો સંકેત માનવો પડે; કેમ કે વેદવચનોથી બોધ કરવા માટે સંકેતનું જ્ઞાન આવશ્યક નથી, પરંતુ વેદવચનો સ્વાર્થ-પ્રકાશન-પર છે, તેથી સાંભળવામાત્રથી જ વેદવચનો દ્વારા બોધ થાય છે, તેમ પૂર્વપક્ષી કહે છે. માટે વેદવચનોમાં કોઈક જુદા પ્રકારનો સંકેત હોવો જોઈએ, પરંતુ તેવો સંકેતભેદ લૌકિક વચનો કરતાં વેદવચનોમાં દેખાતો નથી, માટે સ્વભાવથી જ વેદવચનો પોતાના અર્થનું પ્રકાશન કરે છે, તેમ કહી શકાય નહિ.

વળી, સંકેતભેદ નહિ હોવા છતાં સ્વભાવથી જ મીમાંસકની વાત સ્વીકારીને વેદવચનોને અર્થપ્રકાશનમાં સમર્થ સ્વીકારી લઈએ તોપણ ચંદ્રના પ્રકાશમાં દીવો અવિદ્યમાન એવા રક્તપણાને પ્રકાશન કરે છે, તેમ વેદવચનનોથી પણ કોઈક સ્થાનમાં મિથ્યાજ્ઞાનની આપત્તિ છે.

આશય એ છે કે, જેમ પ્રદીપ સ્વભાવથી પ્રકાશન કરે છે. આમ છતાં તેનાથી કોઈક ઠેકાણે મિથ્યાજ્ઞાન પણ થાય છે, તેમ વેદવચનો પણ સ્વભાવથી પ્રકાશન કરે છે, તેમ માનીએ તોપણ વેદના વચનથી કોઈક સ્થાનમાં મિથ્યાજ્ઞાન થવાની આપત્તિ આવે. માટે વેદવચન આત્મહિતાર્થી જીવોની પ્રવૃત્તિના નિયામક છે, તેમ સ્વીકારી શકાય નહિ. **॥૧૭૭॥**

અવતરણિકા :-

तदाह –

અવતરણિકાર્થ :-

તેને કહે છે=પ્રદીપ સ્વભાવથી જ અર્થનું પ્રકાશન કરે છે, તેથી કોઈક ઠેકાણે મિથ્યાપ્રકાશન પણ કરે છે, તેની જેમ જો વેદવચનો સ્વભાવથી જ અર્થપ્રકાશન કરતાં હોય તો કોઈક ઠેકાણે મિથ્યાપ્રકાશનની આપત્તિ આવે તેને કહે છે –

ગાથા :-

"इंदीवरम्मि दीवो पगासइ रत्तयं असंतंपि ।
चंदो वि पीयवत्थं धवलंति ण णिच्छओ ततो" ।।१७८।।

ગાથાર્થ :-

ઈંદીવરમાં=કમળમાં, દીપ અવિદ્યમાન પણ રક્તપણાને પ્રકાશન કરે છે અને ચંદ્ર પણ પીતવસ્ત્રને ધોળું છે, એ પ્રમાણે પ્રકાશન કરે છે, (માટે) તેનાથી=વ્યભિચારી વેદવચનથી, નિશ્ચય થઈ શકતો નથી. ॥૧૭૮॥

ટીકા :-

इन्दीवरे दीपः प्रकाशयति रक्तामसतीमपि, चन्द्रोऽपि पीतवस्त्रं धवलमिति प्रकाशयति न निश्चयस्ततो=वेदवचनाद् व्यभिचारिण इति गाथार्थः ।।१७८।।

ટીકાર્થ :-

इन्दीवरे ..... गाथार्थः ।। દીવો કમળમાં અવિદ્યમાન પણ રક્તતાને પ્રકાશન કરે છે, ચંદ્ર પણ પીળા વસ્ત્રને ધોળું છે, એ પ્રમાણે પ્રકાશન કરે છે, (તેથી) તેનાથી=વ્યભિચારી વેદવચનથી, નિશ્ચય થઈ શકતો નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૭૮।।

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૭૪માં યુક્તિથી સ્થાપન કર્યું કે, મીમાંસકના મતે વેદવચન અપૌરુષેય હોવાથી વેદવાક્યથી નિશ્ચય થઈ શકતો નથી, એ આપત્તિ છે. ત્યાર પછી તે જ વાત યુક્તિથી ગાથા-૧૭૫/૧૭૬માં સ્થાપન કરી. તેથી મીમાંસક કહે કે, વેદવચન પ્રદીપની જેમ સ્વભાવથી જ અર્થપ્રકાશન કરે છે. તેનું નિરાકરણ ગાથા-૧૭૭/૧૭૮માં કર્યું. હવે સ્વદર્શન પ્રમાણે સર્વજ્ઞના વચનથી પ્રાપ્ત થયેલ ગુરુસંપ્રદાય દ્વારા જેમ પ્રવૃત્તિના અંગભૂત કષ, છેદ અને તાપશુદ્ધ એવા શ્રુતનો નિર્ણય થઈ શકે છે, તે પ્રમાણે વેદવચનથી થઈ શકતો નથી, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एवं णो कहियागमपओगगुरूसंपयायभावो वि ।
जुज्जइ सुहो इहं खलु नाएण छिन्नमूलत्ता" ।।१७९।।

ગાથાર્થ :-

આ રીતે=વેદવચનો અપૌરુષેય હોવાને કારણે વેદવચનોથી નિશ્ચય=અર્થનિર્ણય, થઈ શકતો નથી, તેથી વેદવચનો હિતાર્થી જીવોની પ્રવૃત્તિના નિયામક બનતા નથી એ રીતે, અહીંયાં=વેદવચનમાં, શુભ એવો, સર્વજ્ઞ વડે કહેવાયેલ આગમના પ્રયોગથી થયેલો ગુરુસંપ્રદાયનો ભાવ પણ અર્થાત્ આગમવચનના સેવનથી થયેલો ગુરુપરંપરાનો સદ્ભાવ પણ, ઘટતો નથી; કેમ કે ન્યાયથી=યુક્તિથી, છિન્નમૂળપણું છે. ।।૧૭૯।।

ટીકા :-

एवं न कथितागमप्रयोगगुरुसंप्रदायभावोऽपि प्रवृत्त्यङ्गभूतो युज्यते, यत(शुभः) इह खलु वेदवचने न्यायेन छिन्नमूलत्वात्, तथाविधवचनासंभवादिति गाथार्थः ।।१७९।।

ટીકાર્થ :-

एवं ..... गाथार्थः ।। આ રીતે=વેદવચનો અપૌરુષેય હોવાને કારણે વેદવચનોથી પદાર્થનો

નિશ્ચય થઈ શકતો નથી, માટે વેદવચનો હિતાર્થી જીવોની પ્રવૃત્તિના નિયામક બનતા નથી એ રીતે, અહીંયાં=વેદવચનમાં, પ્રવૃત્તિના અંગભૂત શુભ એવો, સર્વજ્ઞથી કહેવાયેલ આગમના પ્રયોગથી થયેલો ગુરુસંપ્રદાયનો ભાવ=સદ્ભાવ, પણ ઘટતો નથી; કેમ કે ન્યાયથી છિન્નમૂલપણું હોવાથી તથાવિધ વચનનો અસંભવ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૭૯॥

❖ મુદ્રિત પુસ્તકમાં પ્રસ્તુત ગાથાની ટીકામાં 'यतः' છે, ત્યાં પંચવસ્તુક ટીકા પ્રમાણે અને પ્રસ્તુત મૂળગાથામાં 'सुहो' છે તે મુજબ 'शुभः' હોવું જોઈએ.

ભાવાર્થ :-

જેમ જૈનદર્શનમાં સર્વજ્ઞોએ અર્થનો ઉપદેશ આપ્યો અને તેનાથી ગણધરોએ આગમની રચના કરી, તેથી સર્વજ્ઞથી કહેવાયેલા પદાર્થ દ્વારા આગમોની રચના થઈ, અને એ આગમના પ્રયોગથી ગુરુપરંપરા ઊભી થઈ અર્થાત્ આગમના સેવનથી ગુરુપરંપરા ઊભી થઈ. અને એ ગુરુપરંપરાનો સદ્ભાવ હોવાથી એમ કહી શકાય કે, સર્વજ્ઞ વડે કહેવાયેલાં કષ, છેદ અને તાપથી શુદ્ધ એવાં ગુરુસંપ્રદાયથી પ્રાપ્ત થયેલાં આ વચનો છે, અને તે વચનો આત્મહિતાર્થી જીવોની પ્રવૃત્તિના અંગભૂત છે.

મીમાંસક વેદવચનોને અપૌરુષેય સ્વીકારે છે. તેથી મીમાંસકના મત પ્રમાણે, પ્રવૃત્તિના અંગભૂત એવો સર્વજ્ઞકથિત આગમના પ્રયોગથી થયેલો ગુરુસંપ્રદાયનો ભાવ પણ વેદવચનોમાં ઘટતો નથી; કેમ કે ન્યાયથી=યુક્તિથી, છિન્નમૂળપણું છે. માટે તેમાં તેવા પ્રકારના=સર્વજ્ઞોના વચનોની સાથે એકવાક્યતાથી જોડાયેલા હોય તેવા પ્રકારના, વચનનો અસંભવ છે.

આશય એ છે કે, મીમાંસકના મતે વેદ અપૌરુષેય છે, તેથી ચાલી આવતી મીમાંસકોની ગુરુપરંપરાને મૂળ સાથે કોઈ જોડાણ નથી. તેથી જે જે પુરુષ જ્યારે જ્યારે જે જે વેદવચનો કહે તેનો, અને લખેલાં વેદવચનો પ્રાપ્ત થાય તે વચનોનો, આદ્યકથક સાથે કોઈ સંબંધ નથી. આથી કહી શકાય નહિ કે સંપૂર્ણ રાગાદિ રહિત એવા સર્વજ્ઞ પુરુષ દ્વારા કહેવાયેલાં આ વેદવચનો છે, માટે પ્રવૃત્તિનું અંગ બને છે; કેમ કે મીમાંસકના મત પ્રમાણે વેદવચનો અપૌરુષેય છે. માટે કોઈક આપ્ત પુરુષથી કહેવાયેલા વચનોની પરંપરાપ્રાપ્ત છે તેવા પ્રકારના વેદવચનોનો સંભવ નથી. માટે વેદવચન વિચારકની પ્રવૃત્તિનું અંગ છે, તેમ કહી શકાય નહિ. **॥૧૭૯॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૬૮માં કહ્યું કે, આ સર્વ સર્વજ્ઞના વચનથી સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું છે; અને ત્યાર પછીની ગાથાઓમાં બતાવ્યું કે, વેદવચન અપૌરુષેય હોવાથી સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું નથી; કેમ કે અપૌરુષેય અને વચન તેનો વિરોધ છે.

વળી, તે બતાવ્યા પછી અપેક્ષાવિશેષથી વેદવચનને અપૌરુષેય સ્વીકારીને પણ વેદવચનથી પદાર્થનો નિર્ણય થઈ શકે નહિ, તેમ યુક્તિથી ગાથા-૧૭૪માં સ્થાપન કર્યું.

વળી, જેમ જૈનાગમ સર્વજ્ઞથી કહેવાયેલ ગુરુપરંપરાથી પ્રાપ્ત છે, તેવું વેદવચન નથી, માટે પણ વેદવચન પ્રવૃત્તિનું અંગ બને નહિ, એ વાત ગાથા-૧૭૯માં બતાવી. ત્યાં વેદને માનનાર કહે કે, યદ્યપિ વેદ અપૌરુષેય હોવાને કારણે "કથિત આગમપ્રયોગ" ન સંભવે; કેમ કે અપૌરુષેય હોવાને કારણે વેદ કોઈથી કહેવાયેલ નથી; પરંતુ જે વૈદિક આચાર્યો છે, તેઓ વડે પદાર્થનો નિર્ણય કરીને કહેવાયેલ છે. તેથી વૈદિક આચાર્યો પ્રમાણરૂપ છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ણ કયાઇ ઇઓ કસ્સઇ ઇહ ણિચ્છયમો કહંચિ વત્થુમ્મિ ।
જાઓ ત્તિ કહઇ એવં જં સો તત્તં સો વામોહો" ।।૧૮૦।।

ગાથાર્થ :-

ક્યારેય પણ આનાથી=વેદવચનથી, અહીંયાં=લોકમાં, કોઈને કોઈ વસ્તુમાં નિશ્ચય થયો નથી, એ પ્રમાણે કહે છે=વેદને માનનારા જ કહે છે કે, વેદથી કહેવાયેલા પદાર્થો સાક્ષાત્ દેખાતા નહિ હોવાથી નિર્ણય થતો નથી, પરંતુ વૈદિક આચાર્યો કહે છે કે, વેદના કથનનું આ તાત્પર્ય છે, તેથી વેદના વચનથી નિર્ણય થાય છે એમ વૈદિક કહે છે. આમ હોતે છતે જે આ=વૈદિક, તત્ત્વ છે એ અર્થાત્ વેદને જાણનાર પ્રમાણ છે એમ જે કહે છે એ, વ્યામોહ છે. ।।૧૮૦।।

ટીકા :-

न कदाचिदतो वेदवचनात्कस्यचिदिह निश्चय एव क्वचिद्वस्तुनि जात इति कथयत्येवं सति यदसौ वैदिकस्तत्त्वं स व्यामोहः, स्वतोऽप्यज्ञात्वा कथनात् ।।१८०।।

ટીકાર્થ :-

न ..... कथनात् ।। ક્યારેય પણ આનાથી=વેદવચનથી, અહીંયાં=લોકમાં, કોઈને કોઈ વસ્તુમાં નિશ્ચય જ થયો નથી, એ પ્રમાણે વૈદિક કહે છે. આમ હોતે છતે જે આ વૈદિક તત્ત્વ છે તે અર્થાત્ વેદને જાણનાર પ્રમાણ છે એમ જે કહે છે તે કથન, વ્યામોહ છે; કેમ કે સ્વતઃ પણ જાણ્યા વગર કથન કરે છે=વૈદિક આચાર્ય કથન કરે છે. ।।૧૮૦।।

ભાવાર્થ :-

વૈદિકને પૂછવામાં આવે કે, વેદમાં બતાવેલ યાગીય હિંસાથી સ્વર્ગ થાય છે, એ પ્રકારના કાર્યકારણનો નિશ્ચય તમે કર્યો છે ? ત્યારે તેમણે સ્વીકારવું પડે કે, ક્યારેય પણ કોઈને વેદવચનથી કોઈ વસ્તુમાં તેવો નિર્ણય થયો નથી, એ પ્રમાણે વૈદિક કહે છે. પરંતુ તેઓ કહે છે કે, વેદ અપૌરુષેય હોવાથી પ્રમાણભૂત છે, પણ વેદવચનના કથનનો નિર્ણય કોઈને થઈ શકતો નથી. અને આમ હોતે છતે પણ વેદને પ્રમાણ માનવા માટે તે કહે છે કે –

અમારા વૈદિક આચાર્યો છે તે તત્ત્વ છે, અર્થાત્ પ્રમાણરૂપ છે. તેથી પ્રામાણિક પુરુષ વડે કહેવાયેલું

હોવાથી તેઓ વડે કહેવાયેલ વ્યાખ્યાનરૂપ આગમ છે, અને તે આગમના પ્રયોગરૂપ પ્રસ્તુત વેદવાક્યનો અર્થ છે, માટે વેદવચન હિતાર્થી જીવોની પ્રવૃત્તિનું અંગ બનશે. પરંતુ આ પ્રકારે તેમનું કથન છે, તે વ્યામોહ છે; કેમ કે વૈદિક આચાર્ય પણ સ્વયં જાણ્યા વગર જ કથન કરે છે.

અહીં વિશેષ એ છે કે, કેવલજ્ઞાનથી પદાર્થનો નિર્ણય કરીને સર્વજ્ઞો જે કથન કરે છે, તે પ્રમાણે જૈનાગમો રચાયાં છે. જે આપ્તપુરુષમાં રાગ-દ્વેષ-અજ્ઞાન ન હોય તેવો પુરુષ પદાર્થનો નિર્ણય કરીને જે કથન કરે, તે વચન પ્રમાણભૂત બને. જ્યારે વૈદિક તો વેદવાક્ય અપૌરુષેય છે એમ માને છે. તેથી ત્યાં શંકા થાય કે, વેદવાક્યો કોઈનાથી નિર્ણય કરીને કહેવાયેલાં નથી, માટે કથિત આગમપ્રયોગરૂપ કહી શકાય નહિ.

તેના સમાધાનરૂપે વેદને માનનારા કહે કે, વૈદિક જ તત્ત્વ છે અર્થાત્ વૈદિક આચાર્ય પ્રમાણભૂત છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

વૈદિક આચાર્યોને યાગમાં કરાતી હિંસાથી સ્વર્ગ થાય છે, તેવો નિર્ણય થયેલ નથી, પરંતુ તેઓ એમ જ માને છે કે, વેદવચનો કહે છે માટે પ્રમાણ છે. તેથી વૈદિક આચાર્યો નિર્ણય કર્યા વગર કહે છે, માટે વૈદિક વચન પ્રમાણભૂત થાય નહિ. અને અપૌરુષેય એવું વેદવાક્ય યથાર્થ વક્તાના વચનની જેમ પ્રમાણભૂત છે ? કે ઉન્મત્ત વક્તાના વચનની જેમ અપ્રમાણરૂપ છે ? તે નિર્ણય નહિ થવાથી, વેદવચનથી વિચારકની પ્રવૃત્તિ થઈ શકે નહિ. **॥૧૮૦॥**

અવતરણિકા :-

સર્વજ્ઞના વચનથી કહેવાયેલ એવાં આગમોનાં વચનોના પ્રયોગથી આચરણા કરનારા એવા ગુરુના સંપ્રદાયથી અતીન્દ્રિય પદાર્થમાં ઉચિત પ્રવત્તિ થઈ શકે છે, અને વેદવચન અપૌરુષેય સ્વીકારવાથી તે સંભવે નહિ. ત્યાં મીમાંસક કહે કે –

જેમ તમારા મતે સર્વજ્ઞ પ્રમાણ છે, તેમ અમારે વૈદિક આચાર્યો પ્રમાણ છે. ત્યાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે –

જેમ સર્વજ્ઞ નિર્ણય કરીને કહે છે, તેમ તમારા વૈદિક આચાર્ય, યજ્ઞથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તેવો નિર્ણય કરીને કહેતા નથી; પરંતુ અપૌરુષેય વેદ કહે છે માટે યજ્ઞથી સ્વર્ગ થાય છે, તેમ કહે છે. તેથી વૈદિક આચાર્ય પ્રમાણ નથી.

હવે જો વૈદિક આચાર્ય પ્રમાણ ન હોય તો તેમનું કહેલું વ્યાખ્યારૂપ આગમ અને તેમના વચનાનુસાર કરેલી પ્રવૃત્તિ પ્રમાણરૂપ નથી, તે બતાવે છે –

ગાથા :-

"तत्तो अ आगमो जो विणेयसत्ताण सो वि एमेव ।
तस्स पओगो एवं अणिवारणगं च नियमेण" ।।१८१।।

ગાથાર્થ :-

અને તેનાથી=વૈદિક આચાર્યથી, વિનેયસત્ત્વ સંબંધી=શિષ્ય સંબંધી અર્થાત્ શિષ્યની આગળ, વૈદિક આચાર્ય દ્વારા કરાતું એવું જે વ્યાખ્યારૂપ આગમ છે, તે પણ એમ જ છે=વૈદિક આચાર્ય વ્યામોહ છે એમ વ્યામોહ જ છે. તેનો=આગમાર્થનો, પ્રયોગ પણ એમ જ છે=વ્યામોહ જ છે, અને અનિવારણ નિયમથી=નક્કી, વ્યામોહ છે. ।।૧૮૧।।

ટીકા :-

ततश्च वैदिकादर्थाा(चार्या)दागमो यो व्याख्यारूपो विनेयसत्त्वानां सम्बन्धी सोऽप्येवमेव= व्यामोह एव, तस्यागमार्थस्य प्रयोगोऽप्येवमेव=व्यामोह एव, अनिवारणं च नियमेन व्यामोह एवेति गाथार्थः ।।१८१।।

ટીકાર્થ :-

ततश्च ..... गाथार्थः ।। અને તેનાથી=વૈદિક આચાર્યથી, વિનેયસત્ત્વ સંબંધી=શિષ્ય સંબંધી અર્થાત્ શિષ્યની આગળ, વૈદિક આચાર્ય દ્વારા કરાતું એવું જે વ્યાખ્યારૂપ આગમ છે, તે પણ એમ જ અર્થાત્ વૈદિક આચાર્ય પ્રમાણ છે તે વ્યામોહ છે એમ જ, વૈદિક આચાર્યથી કહેવાયેલ શિષ્ય સંબંધી વ્યાખ્યારૂપ આગમ પણ વ્યામોહ જ છે.

તેનો=આગમાર્થનો, પ્રયોગ પણ અર્થાત્ આગમ મુજબ યજ્ઞાદિ કરાવવા એ પણ, એ પ્રમાણે જ=જે પ્રમાણે વ્યાખ્યારૂપ આગમ વ્યામોહ છે એ પ્રમાણે જ=વ્યામોહ જ છે, અને અનિવારણ નિયમથી=નક્કી, વ્યામોહ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૮૧।।

❖ પ્રસ્તુત ગાથાની ટીકામાં 'वैदिकादर्थादागमो' પાઠ છે, તે અસંગત જણાય છે. ત્યાં પંચવસ્તુક ગ્રંથ ગાથામાં 'वैदिकाचार्यादागमो' પાઠ છે, તે સંગત છે અને તે મુજબ અહીં અમે અર્થ કરેલ છે.

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૮૦માં કહ્યું કે, વૈદિક આચાર્ય પ્રમાણ છે તે વ્યામોહ છે, માટે વૈદિક આચાર્ય પ્રમાણ નથી, તો તેઓ વડે શિષ્ય સંબંધી જે વ્યાખ્યારૂપ આગમ કહેવાયું તે પણ વ્યામોહ જ છે.

આશય એ છે કે, હિતાર્થી એવા શિષ્યોએ આ પ્રકારે કરવું જોઈએ, એ પ્રકારે વેદવાક્યની વ્યાખ્યા વૈદિક આચાર્ય વડે કરાઈ તે પણ વ્યામોહ જ છે.

વળી તે આગમાર્થ પ્રમાણે શિષ્યોની જે પ્રવૃત્તિ છે, તે પણ વ્યામોહ જ છે અર્થાત્ વૈદિક આચાર્યે કરેલા આગમાર્થ પ્રમાણે શિષ્યો જે યજ્ઞાદિમાં પ્રવૃત્તિ કરે છે, તે પણ વ્યામોહ જ છે.

વળી, તે પ્રવૃત્તિનું અનિવારણ છે તે નક્કી વ્યામોહ છે; કેમ કે યજ્ઞાદિમાં પ્રવૃત્તિ કરવાથી બીજા જીવોની હિંસા થાય છે અને તેનાથી પાપકર્મનો બંધ થાય છે અને દુર્ગતિની પ્રાપ્તિ થાય છે, માટે તેવી પ્રવૃત્તિનું નિવારણ ન કરવું તે નક્કી વ્યામોહ છે.

વિચારક જીવ સમજી શકે છે કે, વૈદિક આચાર્ય જાણ્યા વગર કહે છે, તેથી બીજા જીવોની જેમાં હિંસા થાય છે તેવા યજ્ઞ-યાગાદિથી સ્વર્ગની પ્રાપ્તિ સંભવે નહિ, પરંતુ યજ્ઞથી પોતાને સ્વર્ગ મળશે એ પ્રકારના પોતાના સ્વાર્થ ખાતર બીજા જીવોનો પ્રાણનાશ કરવાનો અધ્યવસાય હોવાથી દુર્ગતિની પ્રાપ્તિ થાય. માટે તેનું નિવારણ ન કરે તો તે નક્કી વ્યામોહ છે.

આ રીતે ભગવાનનાં વચનોના પરમાર્થને નહીં જાણનારા ઉપદેશક કહે છે, તે તેઓનો વ્યામોહ છે. તેમના વચન અનુસાર પ્રવૃત્તિ કરનારા જીવોને પણ વ્યામોહ છે અને તેનું નિવારણ ન કરનારાને નક્કી વ્યામોહ જ છે. આથી જ ગીતાર્થો બાહ્યથી સુંદર પણ દેખાતી પ્રવૃત્તિ તત્ત્વને સ્પર્શનારી ન હોય તો તેનું નિવારણ કરે જ છે. **॥૧૮૧॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૮૦/૧૮૧માં સ્થાપન કર્યું કે, વેદના અર્થોને કહેનાર વૈદિક આચાર્ય પ્રમાણ નથી, તેમ તેનાથી વ્યાખ્યાન કરાતું આગમ પણ પ્રમાણ નથી અને તેનાથી કહેવાયેલ આગમાર્થનો પ્રયોગ પણ પ્રમાણ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે –

ભલે તમારા સર્વજ્ઞથી કહેવાયેલા આગમપ્રયોગને તમે પ્રમાણરૂપ માનો અને તેના બળથી ગુરુસંપ્રદાયના સદ્ભાવને તમે પ્રમાણરૂપ સ્થાપો છો, પરંતુ તમારા જૈનાગમને જેમ તમે પ્રમાણ માનો છો, તેમ અમારાં વેદ અપૌરુષેય હોવા છતાં અનાદિની ગુરુપરંપરા વેદના અર્થોનું પ્રકાશન કરે છે, માટે વેદ અપૌરુષેય હોવા છતાં ગુરુસંપ્રદાય દ્વારા વેદનો અર્થ પ્રમાણરૂપ સિદ્ધ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"णेवं परंपराए माणं एत्थ गुरूसंपयाओ वि ।
रूवविसेसट्ठवणे जह जच्चंधाण सव्वेसिं" ।।૧૮૨।।

ગાથાર્થ :-

આ રીતે=વૈદિક આચાર્ય વડે કહેવાયેલ આગમપ્રયોગમાં માન=પ્રમાણ, નથી એ રીતે, અહીંયાં=યાગીય હિંસારૂપ પ્રસ્તુત પ્રસંગમાં, પરંપરાથી ગુરુસંપ્રદાય પણ માન=પ્રમાણ, નથી, જેમ રૂપવિશેષના સ્થાપનમાં સર્વે જાતિ અંધોનું વચન માન=પ્રમાણ, નથી. ॥૧૮૨॥

ટીકા :-

नैवं परम्परायां (परम्परया) मानमत्र च=व्यतिकरे, गुरुसम्प्रदायोऽपि, निदर्शनमाह-सितेतरादि-रूपविशेषस्थापने यथा जात्यन्धानां सर्वेषामनादिमताम् ।।૧૮૨।।

❖ गुरुसम्प्रदायोऽपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે, વૈદિક આચાર્ય તો પ્રમાણ નથી, પણ ગુરુસંપ્રદાય પણ પ્રમાણ નથી.

❖ પ્રસ્તુત ગાથાની ટીકામાં મુદ્રિત પુસ્તકમાં 'परम्परायां' છે ત્યાં પંચવસ્તુક ગાથા-૧૨૯૧ની ટીકામાં 'परम्परया' છે તે સંગત જણાય છે, તેથી તે પાઠ મુજબ અત્રે અર્થ કરેલ છે.

❖ अत्र च व्यतिकरे - અહીં 'च'કાર છે, તે વધારાનો ભાસે છે.

ટીકાર્થ :-

नैवं ..... अनादिमताम् ।। આ રીતે=વૈદિક આચાર્ય વડે કહેવાયેલ આગમપ્રયોગમાં માન=પ્રમાણ, નથી એ રીતે, અહીંયાં=વ્યતિકરમાં=યાગીય હિંસારૂપ પ્રસ્તુત પ્રસંગમાં, પરંપરાથી ગુરુસંપ્રદાય=ગુરુપરંપરા, પણ પ્રમાણ નથી.

દૃષ્ટાંત કહે છે – જે રીતે સિતં=સફેદ અને ઈતર=સફેદ સિવાય, રૂપવિશેષના સ્થાપનમાં સર્વે અનાદિમાન જાતિ અંધોનું વચન પ્રમાણ નથી. ॥૧૮૨॥

ભાવાર્થ :-

મીમાંસક કહે કે, અમારા મતે કોઈ સર્વજ્ઞ નથી, પરંતુ વેદ અપૌરુષેય છે અને વેદનો અર્થ ગુરુપરંપરાથી યથાર્થ જ પ્રાપ્ત થયેલો છે, તેથી તે ગુરુપરંપરા પ્રમાણે અર્થ કરીને વેદવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી ઇષ્ટફળની પ્રાપ્તિ થાય છે, માટે વેદવચન પ્રવૃત્તિના અંગભૂત સિદ્ધ થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે –

વેદવચનાનુસાર યજ્ઞ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થશે, એ પ્રકારના પ્રસંગમાં, પરંપરાથી ગુરુનો સંપ્રદાય પણ પ્રમાણ નથી; કેમ કે જેમ સંસારમાં કોઈ જાતિઅંધોની અનાદિમાન પરંપરા હોય, તો તેઓ, આ રૂપ સફેદ છે અને આ રૂપ ઈતર છે, એ પ્રમાણે સ્થાપન કરી શકે નહિ; તે જ રીતે મીમાંસકના મતમાં જે અનાદિ ગુરુપરંપરા છે, તે સર્વ અતીન્દ્રિય પદાર્થને જોવા માટે જાત્યંધ જેવી છે. તેથી જેમ જાતિઅંધ પુરુષ આ સફેદ છે કે આ લાલ છે તેવો નિર્ણય કરી શકે નહિ, તેમ આ યજ્ઞ કરવાથી સ્વર્ગ મળશે કે નહિ મળે તેવો નિર્ણય તમારી અનાદિ ગુરુપરંપરા કરી શકે નહિ. આમ છતાં સ્વમતિકલ્પનાથી તેઓ "અમારાં વેદવચનો અપૌરુષેય છે માટે પ્રમાણ છે" તેમ કહીને, યજ્ઞાદિમાં પ્રવૃત્તિ કરીને હિતાર્થી જીવોને ઉન્માર્ગમાં પ્રવર્તાવે છે, તે પ્રમાણભૂત બને નહિ. પરંતુ જાત્યંધ પુરુષ પણ જેમ કોઈ દેખતાના વચનથી નિર્ણય કરીને કહી શકે, કે આ વસ્ત્ર સફેદ છે અને આ વસ્ત્ર ઈતર=લાલ વગેરે છે, તેમ જાત્યંધ જેવી અમારી શ્વેતાંબરની ગુરુપરંપરા, સર્વજ્ઞના વચનથી નિર્ણય કરીને કહી શકે, કે આ દ્રવ્યસ્તવ કરવાથી જીવ ક્રમસર સર્વવિરતિ વગેરે પામીને વીતરાગ થાય છે અને મોક્ષમાં જાય છે, અને જો સંસારમાં રહી આરંભાદિ કરે તો દુર્ગતિમાં જાય છે; કેમ કે અમારી ગુરુપરંપરા જાત્યંધ હોવા છતાં તેના મૂળ પ્રવર્તક સર્વજ્ઞ છે. જ્યારે વૈદિક આચાર્યોની પરંપરામાં મૂળ પ્રવર્તક કોઈ દેખતો એવો સર્વજ્ઞ પુરુષ નથી, માટે તે ગુરુપરંપરા પ્રમાણ થશે નહિ. **॥૧૮૨॥**

અવતરણિકા :-

પરાભિપ્રાયમાહ –

અવતરણિકાર્થ :-

પૂર્વે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, વેદવચન અપૌરુષેય છે, માટે સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું નથી, તેથી વેદવચન પ્રવૃત્તિનું અંગ બને નહિ. ત્યાં ગ્રંથકારશ્રી પરના=મીમાંસકના, અભિપ્રાયને કહે છે –

ગાથા :-

"भवतोऽपि य सव्वन्नू सव्वो आगमपुरस्सरो जेणं ।
ता सो अपोरुसेओ इयरो वा णागमा जो उ" ।।१८३।।

ગાથાર્થ :-

જે કારણથી તમારા પણ=જૈનોના પણ, સર્વ સર્વજ્ઞ આગમપુરસ્સર=આગમપૂર્વક છે, તે કારણથી તે=આગમ, અપૌરુષેય હોય, અથવા જે ઈતર=સર્વજ્ઞ, આગમથી જ નથી. ।।૧૮૩।।

ટીકા :-

भवतोऽपि च सर्वज्ञः सर्व आगमपुरस्सरः, येन कारणेन स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्यमित्यागमः, अतः प्रवृत्तेरिति, तदसावपौरुषेयः, इतरः वा=अनादिमत्सर्वज्ञः वा, नागमादेव, कस्यचित् तमन्तरेणापि भावादिति गाथार्थः ।।१८३।।

❖ પ્રસ્તુત ગાથાની ટીકા પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં અશુદ્ધ જણાય છે અને મુદ્રિત પુસ્તકમાં પણ તે મુજબ જ છે. તેથી પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૯૨ પ્રમાણે ટીકા સંગત જણાવાથી તે મુજબ અર્થ અહીં કરેલ છે, અને ત્યાં ટીકા આ મુજબ છે.

भवतोऽपि च सर्वज्ञः सर्व आगमपुरस्सरो, येन कारणेन, स्वर्गकेवलार्थिना तपोध्यानादिकं कर्त्तव्यमित्यागमः, अतः प्रवृत्तेरिति तदसावपौरुषेयः आगमोऽनादिमत्सर्वज्ञसाधनत्वात् । 'इतरो वा' सर्वज्ञो नागमादेव, कस्यचित् तमन्तरेणापि भावादिति गाथार्थः આ પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૨૯૨ની ટીકામાં પણ इतरो છે ત્યાં यः इतरो હોવું જોઈએ; કેમ કે મૂળ ગાથામાં 'जो' છે, તેથી यः इतरो હોવું જોઈએ.

ટીકાર્થ :-

भवतोऽपि ..... गाथार्थः ।। તમારા પણ=જૈનોના પણ, સર્વ સર્વજ્ઞ આગમપુરસ્સર=આગમપૂર્વક છે, તેમાં મીમાંસક યુક્તિ આપે છે –

જે કારણથી સ્વર્ગ અને કેવલના અર્થી વડે તપ અને ધ્યાનાદિ કરવાં જોઈએ, એ પ્રમાણે તમારુ=જૈનોનું, આગમ છે. આનાથી=એ આગમથી, પ્રવૃત્તિ થવાથી (સર્વજ્ઞ થાય છે) એ હેતુથી સર્વ

સર્વજ્ઞ આગમપૂર્વક છે, (અને) સર્વ સર્વજ્ઞ આગમપૂર્વક છે તે કારણથી આ=આગમ, અપૌરુષેય છે; કેમ કે અનાદિમાન એવા સર્વજ્ઞનું સાધનપણું છે. અથવા=જો આગમને અપૌરુષેય ન માનો તો, જે ઈતર=સર્વજ્ઞ, આગમથી જ નથી; કેમ કે કોઈક સર્વજ્ઞનો આગમ વગર પણ ભાવ=સદ્ભાવ છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

❖ अतः प्रवृत्तेरिति - અહીં આનાથી=તમારા આગમથી, પ્રવૃત્તિ હોવાથી સર્વજ્ઞ થાય છે, એ હેતુથી સર્વ સર્વજ્ઞ આગમપૂર્વક છે, એમ 'इति'નું જોડાણ છે.

❖ णागमा जो उ - અહીં મૂળમાં उ=तु શબ્દ છે તે 'एव'કારાર્થક છે. તેથી ટીકામાં 'नागमादेव' કહેલ છે.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે, મીમાંસક વેદવચન અપૌરુષેય સ્વીકારે છે, માટે સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું નથી, અને અમારું આગમ સર્વજ્ઞથી કહેવાયેલ ગુરુપરંપરાથી પ્રાપ્ત છે, માટે સંભવત્=સંભવી શકે તેવા, સ્વરૂપવાળું છે. ત્યાં મીમાંસક કહે કે –

તમારા મત પ્રમાણે પણ=જૈન મત પ્રમાણે પણ, બધા સર્વજ્ઞો આગમવચનના સેવનથી જ થયેલા છે, તેમ માનવું પડશે; કેમ કે તમારા શાસ્ત્રમાં કહેલ છે કે, સ્વર્ગના અર્થીએ તપ કરવો જોઈએ અને મોક્ષના અર્થીએ ધ્યાન કરવું જોઈએ, અને તે વચન પ્રમાણે પ્રવૃત્તિ કરીને ધ્યાનથી સર્વ સર્વજ્ઞો થયા છે. તેથી જે સર્વ સર્વજ્ઞની પરંપરા છે, તેનું કારણ આગમ છે, તેમ માનવું પડે. માટે સર્વજ્ઞની નિષ્પત્તિ પહેલાં આગમનું અસ્તિત્વ માનવું પડે. તેથી આગમને અપૌરુષેય માનવું પડે; કેમ કે અનાદિમાન એવી સર્વજ્ઞની પરંપરાનું સાધન આગમ છે. માટે જો આગમ સર્વ સર્વજ્ઞ પહેલાં હોય તો જ આગમથી સર્વ સર્વજ્ઞ થઈ શકે. તેથી સર્વજ્ઞથી આગમ કહેવાયાં છે તેમ કહી શકાય નહિ, પરંતુ અપૌરુષેય જ આગમ માનવાં પડે.

હવે કદાચ તમે=જૈન દર્શનકાર, બીજો વિકલ્પ કરો કે, આગમ તો સર્વજ્ઞથી જ કહેવાયેલાં છે, અપૌરુષેય આગમ નથી, તો જે ઈતર=સર્વજ્ઞ, આગમથી જ થાય છે એમ તમે ત્યારે જ કહી શકો કે કોઈક સર્વજ્ઞ અનાદિના છે જેમણે આગમ કહ્યાં છે, અને તે આગમવચનથી અન્ય સર્વજ્ઞની પરંપરા થાય છે. તેથી એ પ્રાપ્ત થયું કે, કાં આગમ અનાદિનાં છે માટે અપૌરુષેય છે, કાં કોઈ એક સર્વજ્ઞ અનાદિનો છે, જેમણે આગમ કહ્યાં છે. આ પ્રકારે મીમાંસક જૈનદર્શનને આપત્તિ આપે છે. **॥૧૮૩॥**

અવતરણિકા :-

अत्रोत्तरम् –

અવતરણિકાર્થ :-

અહીંયાં=પૂર્વે ગાથા-૧૮૩માં મીમાંસકે આપત્તિ આપી કે, જૈન દર્શનકારને પણ કાં આગમને અપૌરુષેય માનવું પડશે અથવા તો કોઈ એક અનાદિમાન સર્વજ્ઞ માનવો પડશે એ કથનમાં, ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"णोभयमवि जमणाइं, बीयंकुरजीवकम्मजोगसमं ।
अहवत्थतो उ एवं ण वयणओ वत्तहीणं तं" ।।१८४।।

ગાથાર્થ :-

નથી=પૂર્વપક્ષીએ પૂર્વે ગાથા-૧૮૩માં કહ્યું કે, જૈન દર્શનકારને પણ કાં કોઈ એક સર્વજ્ઞ અનાદિ માનવો પડશે, કાં આગમને અપૌરુષેય માનવાં પડશે, તે નથી; જે કારણથી બીજ-અંકુર અથવા જીવ-કર્મના યોગ સમાન આગમ અને સર્વજ્ઞ ઉભય પણ અનાદિ છે અથવા તો અર્થથી=અર્થને આશ્રયીને જ આ પ્રમાણે છે=બીજ-અંકુર કે જીવ-કર્મના યોગ સમાન ઉભય છે, પરંતુ વચનથી નહિ. તે=આગમાર્થને કહેનારું વચન, વક્તાને આધીન છે અર્થાત્ અપૌરુષેય નથી. ।।૧૮૪।।

ટીકા :-

नो=नैतदेवम्, उभयमपि=आगमः सर्वज्ञश्च, यद्=यस्मात्, अनादि बीजाङ्कुरजीवकर्मयोगसमं न हि अत्र 'इदं पूर्वमिदं न' इति व्यवस्था ततश्च यथोक्तदोषाभावः अथवा अर्थत एवैवं= बीजाङ्कुरादिन्यायः, सर्व एव कथञ्चिदागमार्थमासाद्य सर्वज्ञो जातः, तदर्थश्च तत्साधक इति न वचनतो=न वचनमेवाश्रित्य, मरुदेव्यादीनां प्रकारान्तरेणापि भावात् । तद् वचनं वक्त्रधीनम्, नत्वनाद्यपि वक्तारमन्तरेण वचनप्रवृत्तेरयोगात् तदर्थप्रतिपत्तिस्तु क्षयोपशमादेरविरुद्धा तथादर्शनात्, एतत् सूक्ष्मधिया भावनीयम् ।।१८४।।

ટીકાર્થ :-

नो-नैतदेवम् ..... यथोक्तदोषाभावः, નથી=આ એમ નથી=પૂર્વે ગાથા-૧૮૩માં મીમાંસકે કહ્યું કે, કાં આગમને અપૌરુષેય માનવાં પડશે, કાં કોઈ એક સર્વજ્ઞને અનાદિ માનવો પડશે એ, एवं न=મીમાંસક કહે છે એમ નથી; જે કારણથી બીજ-અંકુર અને જીવ-કર્મના સંયોગ જેવું આગમ અને સર્વજ્ઞ ઉભય પણ અનાદિ છે. તેમાં હેતુ કહે છે — हि=જે કારણથી, અહીંયાં=આગમ અને સર્વજ્ઞમાં 'આ પૂર્વે અને આ પૂર્વે નહિ એ પ્રકારે વ્યવસ્થા નથી. અને તેનાથી=આ પૂર્વે અને આ પૂર્વે નહિ એવી વ્યવસ્થા નથી તેનાથી, યથોક્ત દોષનો અભાવ છે=પૂર્વે ગાથા-૧૮૩માં મીમાંસકે દોષ આપેલ કે, કાં તમારે આગમને અપૌરુષેય માનવા પડશે, કાં કોઈ આગમ વગર અનાદિમાન સર્વજ્ઞ માનવો પડશે, એ રૂપ દોષનો અભાવ છે.

અહીં સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં ગ્રંથકારશ્રીને દેખાય છે કે, સ્વમત પ્રમાણે પણ આગમવચન વગર કેટલાક સર્વજ્ઞ થાય છે, તેથી બીજથી જ અંકુર કે અંકુરથી બીજ, એવી વ્યાપ્તિ આગમ અને સર્વજ્ઞ વચ્ચે નથી, તોપણ આગમનો અર્થ અને સર્વજ્ઞ વચ્ચે બીજાંકુર ન્યાય છે, તે બતાવવા માટે 'અથવા'થી ગ્રંથકારશ્રી કહે છે -

अथवा ..... भावात् । अथवा अर्थथी ज=आगमना अर्थने आश्रयीने ज, आ प्रमाणे छे=बीज-अंकुर न्याय छे. तेमां युक्ति बतावे छे –

सर्व ज=जे कोई सर्वज्ञ थया छे ते सर्व ज, कोईक रीते आगमना अर्थने पामीने सर्वज्ञ थया छे. अने आगमनो अर्थ तेनो=सर्वज्ञनो साधक छे, एथी करीने वचनने आश्रयीने बीज-अंकुर न्याय नथी; केम के प्रकारांतरथी पण=वचन वगर अर्थथी पण, मरुदेवादिनो भाव छे.

आ रीते अर्थथी बीज-अंकुर न्याय स्थापन करवाथी ए प्राप्त थयुं के, आगम पोते सर्वज्ञनुं साधक छे, तेवो नियम न रह्यो, तोपण सर्वज्ञनी प्राप्तिमां कारणीभूत एवो जे अर्थ छे, ते प्रायः वचनथी प्राप्त थाय छे, केम के मरुदेवादि जेवा केटलाक जीवोने छोडीने ते अर्थ वचनथी ज प्राप्त थाय छे. ते वचन अपौरुषेय नथी, ए बतावता माटे कहे छे –

तद् ..... वचनप्रवृत्तेरयोगात्, ते=वचन=सर्वज्ञनी प्राप्तिना कारणीभूत अर्थने कहेनारुं वचन, वक्ताने आधीन छे, परंतु अनादि पण नथी; केम के वक्ता वगर वचनप्रवृत्तिनो अयोग छे.

पूर्वे स्थापन कर्युं के, सर्वज्ञना कारणीभूत अर्थने कहेनारुं वचन वक्ताने आधीन छे, तेथी अपौरुषेय नथी, ए स्थिर थयुं. त्यां प्रश्न थाय के तोपण वचननी प्राप्ति वगर अर्थनी प्राप्ति कई रीते थई शके ? के जेथी अर्थ अने सर्वज्ञ वच्चे बीजांकुर न्याय स्वीकारी शकाय ? तेथी कहे छे –

तदर्थप्रतिपत्तिस्तु ..... तथादर्शनात् । वळी, अर्थनी प्राप्ति क्षयोपशमादिथी अविरुद्ध छे; केम के ते प्रकारे दर्शन छे.

एतत् ..... भावनीयम् आ=वचनना अवलंबन वगर क्षयोपशमादिथी सर्वज्ञना कारणीभूत एवा अर्थनी प्राप्ति थाय छे ए, सूक्ष्मबुद्धिथी भावन करवुं जोईए. ॥१८४॥

❖ क्षयोपशमादेः - अहीं 'आदि'थी निसर्गथी ग्रहण करवुं अर्थात् मरुदेवादि जेवा जीवोने वचनना अवलंबन वगर ज तेवा प्रकारनो मतिविशेषनो क्षयोपशम थयो, के जेथी केवलज्ञानना कारणीभूत एवा अर्थनो बोध थयो.

विवेचन :-

पूर्वे गाथा-१८३मां मीमांसके जैनदर्शनने आपत्ति आपी के, तमे पण आगमपूर्वक सर्वज्ञ थाय छे तेम मानो छो, अने अनादिनी सर्वज्ञनी परंपरा मानो छो. तेथी अनादि सर्वज्ञनी परंपरानुं कारण आगम सर्वज्ञनी पहेलां होवुं जोईए, माटे आगमने अपौरुषेय मानवुं जोईए. अने जो आगमने अपौरुषेय न मानो तो आगमनी निष्पत्ति पहेलां आगम वगर अनादिनो कोई एक सर्वज्ञ छे, एम मानवुं जोईए.

तेनुं निराकरण करतां ग्रंथकारश्री कहे छे –

आगम अने सर्वज्ञ वच्चे बीज-अंकुर न्याय जेवुं छे अथवा जीव-कर्मना संयोग जेवुं छे.

आशय ए छे के, 'बीजथी अंकुर अने अंकुरथी बीज' एवी अनादिनी परंपरा छे. तेथी प्रथम बीज

અને પછી અંકુર એમ કહી શકાય નહિ અને પ્રથમ અંકુર અને પછી બીજ એમ પણ કહી શકાય નહિ; પરંતુ કોઈક બીજ પહેલાં કોઈક અંકુર છે, અને કોઈક અંકુર પહેલાં કોઈક બીજ છે, એમ કહી શકાય; પરંતુ બીજ અને અંકુરમાં બીજ પહેલાં અને અંકુર પછી એવી વ્યવસ્થા નથી, અથવા તો અંકુર પહેલાં અને બીજ પછી એવી વ્યવસ્થા નથી. તેમ આગમ પહેલાં અને સર્વજ્ઞ પછી અથવા સર્વજ્ઞ પહેલાં અને આગમ પછી એવી વ્યવસ્થા નથી.

અથવા તો જીવ અને કર્મનો સંયોગ અનાદિ છે, તેમાં પણ જીવના યત્નથી કર્મ બંધાય છે અને જીવનો કર્મબંધને અનુકૂળ યત્ન પૂર્વ કર્મના ઉદયથી થાય છે. આમ છતાં જીવ અને કર્મના યોગમાં પહેલાં જીવ અને પછી કર્મ એવું નથી, પરંતુ દરેક કર્મ જીવના પ્રયત્નથી બંધાય છે, તેથી કર્મ પછી છે; અને કર્મવાળો જીવ જ તેવો પ્રયત્ન કરીને કર્મ બાંધે છે, તેથી પૂર્વનું કર્મ વર્તમાનમાં કર્મ બાંધતા જીવ કરતાં પહેલાં છે, તોપણ જીવ અને કર્મના સંયોગની અનાદિ પરંપરા છે. એ રીતે આગમ અને સર્વજ્ઞ વચ્ચે અનાદિ પરંપરા છે. તે આ રીતે -

કોઈક આગમને પામીને જીવ સાધના કરે છે અને સર્વજ્ઞ થાય છે, અને સર્વજ્ઞ થયા પછી તે આગમને જગતમાં પ્રકાશિત કરે છે; આમ છતાં પહેલાં આગમ અને પછી સર્વજ્ઞ, કે પહેલાં સર્વજ્ઞ અને પછી આગમ, એવી વ્યવસ્થા નથી, પરંતુ એ બંનેનો પ્રવાહ પરસ્પર કાર્યકારણભાવરૂપે બીજ-અંકુરની જેમ કે જીવ-કર્મની જેમ અનાદિ છે. તેથી મીમાંસકે કહ્યું તે રીતે, કાં આગમને અપૌરુષેય માનવું પડશે, તેમ માનવાની આપત્તિ જૈનદર્શનને નથી, કે કોઈક એક અનાદિનો સર્વજ્ઞ છે જે આગમ વગર છે, તેમ પણ માનવાની જૈનદર્શનને આપત્તિ નથી; પરંતુ સર્વ આગમો સર્વજ્ઞો વડે કહેવાયાં છે, અને સર્વ સર્વજ્ઞો આગમપૂર્વક થયા છે, અને તેઓની અનાદિની પરંપરા છે, માટે કોઈ દોષ નથી.

આ રીતે ગ્રંથકારશ્રીએ આગમ અને સર્વજ્ઞ વચ્ચે બીજ-અંકુર-ન્યાય બતાવીને મીમાંસકે આપેલ દોષનું નિવારણ કર્યું. ત્યાં કોઈક સૂક્ષ્મ પદાર્થ સ્પષ્ટ કરવા માટે 'અથવા'થી બતાવે છે –

આગમ વગર પણ કોઈક સર્વજ્ઞ થાય છે, પરંતુ આગમાર્થને પામ્યા વગર કોઈ સર્વજ્ઞ થતું નથી; કેમ કે સર્વજ્ઞનું આગમ કહે છે કે, "સ્વર્ગના અર્થીએ તપ કરવો જોઈએ અને કેવલના અર્થીએ ધ્યાન કરવું જોઈએ;" અને શુદ્ધ આત્માના ધ્યાન વગર કોઈ સર્વજ્ઞ થયું નથી, પરંતુ મોટા ભાગના જીવો આગમના વચનને અવલંબીને શુદ્ધ આત્માનું ધ્યાન કેમ કરવું ? તેની કળા શીખે છે અને સર્વજ્ઞ થાય છે. તેથી મોટા ભાગના જીવોને આશ્રયીને આગમવચન અને સર્વજ્ઞ વચ્ચે બીજ-અંકુર ન્યાય છે. તોપણ મરુદેવાદિ જેવા કેટલાક જીવોને ક્યારેય પણ આગમવચન પ્રાપ્ત થયું નથી, આમ છતાં આગમાર્થના ક્ષયોપશમાદિને કારણે શુદ્ધ આત્માના ધ્યાનમાં પ્રયત્ન કરીને તેઓ સર્વજ્ઞ થયા. તેથી આગમનો અર્થ અને સર્વજ્ઞ વચ્ચે બીજ-અંકુર-ન્યાયથી નિયત વ્યાપ્તિ છે.

વળી, આગમના અર્થને કહેનાર વચન વક્તાને આધીન છે, અને તે વચન અનાદિકાળથી જે કોઈ સર્વજ્ઞ થયા છે તેઓ જ બોલે છે, પરંતુ અપૌરુષેય નથી; અને સર્વજ્ઞકથિત એવું તે વચન પ્રમાણભૂત હોવાથી

હિતાર્થી જીવોની પ્રવૃત્તિનું અંગ છે.

વળી, કેટલાક જીવો તે વચનને પામ્યા વગર પણ ક્ષયોપશમાદિને કારણે આગમના અર્થને પ્રાપ્ત કરી લે છે. જેમ કે મરુદેવા માતાએ મોક્ષ મેળવવા માટે શુદ્ધ આત્માનું ધ્યાન કરવું જોઈએ, તેવું વચનથી ક્યારેય પણ સાંભળ્યું નથી કે કોઈ સર્વજ્ઞ પાસેથી પ્રાપ્ત કર્યું નથી, તોપણ પોતાના મતિવિશેષના ક્ષયોપશમથી જ તેઓને ભગવાનના સમોવસરણના દર્શનથી અર્થબોધ થાય તેવો ક્ષયોપશમ થયો કે જેથી કેવલજ્ઞાનને પામ્યા. આથી સર્વજ્ઞના વચનથી જે અર્થબોધ થાય છે, તેવો જ અર્થબોધ કોઈકને વચન વગર પણ થઈ જાય તે સંભવે. તેથી વચન અને સર્વજ્ઞ વચ્ચે વ્યાપ્તિ નથી તોપણ જેમને કેવલજ્ઞાન થયું, તેમને અર્થબોધ થાય ત્યાર પછી જ કેવલજ્ઞાન થાય છે. તેથી અર્થબોધ અને કેવલજ્ઞાન વચ્ચે નિયત વ્યાપ્તિ છે, માટે બીજાંકુર ન્યાય છે.

આ વસ્તુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવી જોઈએ, તો નક્કી થાય કે, સર્વજ્ઞ થવાનો ઉપાય તો આગમનો અર્થ જ છે અને આગમનો અર્થ પ્રાપ્ત કરવા માટે સર્વજ્ઞના વચનરૂપ આગમ ઉપાય છે; અને તેથી વિવેકી જીવની પ્રવૃત્તિનું અંગ સર્વજ્ઞનું વચન છે, અને તે વચન અપૌરુષેય નથી,પરંતુ કોઈક પુરુષના પ્રયત્નથી બોલાયેલ છે. **॥૧૮૪॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૮૦થી ૧૮૨માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, મીમાંસક જે કહે છે કે, વૈદિક આચાર્ય તત્ત્વ છે, તે તેમનો વ્યામોહ છે, અને તેથી વૈદિક આચાર્ય વડે કહેવાયેલ વ્યાખ્યારૂપ આગમ અને તે આગમાનુસાર યાગાદિમાં પ્રયોગ એ વ્યામોહ છે, અને ગુરુનો સંપ્રદાય પણ મીમાંસકના મતમાં પ્રમાણસિદ્ધ થતો નથી. તેનાથી શું ફલિત થાય છે, તે હવે ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

"वेदवयणम्मि सव्वं णाएणासंभवंतरूवं जं ।
ता इयरवयणसिद्धं वत्थु कहं सिज्झई तत्तो" ।।१८५।।

ગાથાર્થ :-

જે કારણથી વેદવચનમાં ન્યાયથી, સર્વ=આગમાદિ, અસંભવત્=સંભવી ન શકે તેવા, સ્વરૂપવાળા છે તે કારણથી, ઈતરવચનસિદ્ધ=સદ્રૂપ વચનસિદ્ધ અર્થાત્ સર્વજ્ઞના વચનથી સિદ્ધ, એવી પૂજામાં થતી હિંસામાં અદોષાદિ રૂપ વસ્તુ, તેનાથી=વેદવચનથી, યાગીય હિંસામાં કેવી રીતે સિદ્ધ થાય ? અર્થાત્ ન થાય. ।।૧૮૫।।

ટીકા :-

वेदवचने सर्वमागमादि न्यायेन असम्भवद्रूपं यद्=यस्माद्, तत्=तस्माद्, इतरवचनसिद्धं=सद्रूपवचनसिद्धं, वस्तु=हिंसाऽदोषादि, कथं सिध्यति ततो=वेदवचनादिति गाथार्थः ।।१८५।।

ટીકાર્થ :-

વેદવચને ..... ગાથાર્થઃ ।। જે કારણથી વેદવચનમાં સર્વ=આગમાદિ, ન્યાયથી=યુક્તિથી, અસંભવદ્=સંભવી ન શકે તેવા સ્વરૂપવાળું છે, તે કારણથી, ઈતરવચનસિદ્ધ=સદ્રૂપ વચનસિદ્ધ=સર્વજ્ઞના વચનથી સિદ્ધ, વસ્તુ=પૂજામાં થતી હિંસામાં અદોષાદિરૂપ વસ્તુ, તેનાથી=વેદવચનથી, યાગીય હિંસામાં કેવી રીતે સિદ્ધ થાય ? અર્થાત ન થાય. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧૮૫॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૮૦થી ૧૮૨માં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે, મીંમાંસક વેદને અપૌરુષેય માને છે, માટે તેમના વૈદિક આચાર્ય દ્વારા કરાતું વ્યાખ્યારૂપ આગમ, અને તે વ્યાખ્યા અનુસાર કરાતો યાગીય હિંસારૂપ પ્રયોગ એ બંને વ્યામોહ છે. અને વૈદિક આચાર્ય જાણતા નહિ હોવાને કારણે વેદના અર્થને કહેવામાં પ્રમાણભૂત નથી, અને જાતિઅંધ એવી વૈદિક આચાર્યની ગુરુપરંપરા પણ પ્રમાણભૂત નથી.

આ રીતે યુક્તિથી વિચારીએ તો એ સિદ્ધ થયું કે, વેદવચનમાં આગમાદિ સર્વ અસંભવદ્=સંભવી ન શકે તેવા સ્વરૂપવાળું છે અર્થાત્ અપ્રમાણરૂપ છે. માટે અપ્રમાણભૂત એવા વેદવચનથી કરાતા યજ્ઞમાં થતી હિંસામાં દોષાદિ નથી, તેમ સિદ્ધ થઈ શકે નહિ.

વળી, પૂર્વે ગાથા-૧૧૯માં પૂર્વપક્ષીએ કહેલ કે, જો દ્રવ્યસ્તવની પ્રવૃત્તિમાં થતી હિંસા દોષને કરનારી નથી, તો વેદવિહિત હિંસાને પણ તમારે દોષરૂપ નથી તેમ માનવું પડશે. આ વચન સંગત નથી, તે બતાવવા માટે ગાથાના ઉત્તરાર્દ્ધથી ગ્રંથકારશ્રી કહે છે - દ્રવ્યસ્તવમાં હિંસા થાય છે, તે ભાવસ્તવનું કારણ બનવાથી મોક્ષનું કારણ છે, એ પ્રકારે સર્વજ્ઞવચનથી સિદ્ધ છે. તેને આશ્રયીને પૂર્વપક્ષી કહે કે - જો સર્વજ્ઞના વચન પ્રમાણે દ્રવ્યસ્તવમાં થતી હિંસા દોષરૂપ નથી, તો વેદવચનથી થતી યાગીય હિંસા પણ દોષરૂપ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે - તે વાત સિદ્ધ થઈ શકે નહિ; કેમ કે પૂર્વે ગાથા-૧૩૭માં કહેલ કે, સર્વજ્ઞનું વચન દૃષ્ટ-ઈષ્ટથી અવિરુદ્ધ અને સંભવત્ સ્વરૂપવાળું છે, તેથી તેમના વચન પ્રમાણે દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરવાથી ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ વાત સંગત થાય છે; અને વેદવચનમાં ન્યાયથી=યુક્તિથી, આગમાદિ સર્વ અસંભવત્ સ્વરૂપવાળું છે, માટે વેદના વચનથી યજ્ઞમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો હિંસાકૃત દોષની પ્રાપ્તિ થાય નહિ, તેમ કહી શકાય નહિ. **॥૧૮૫॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૧૯માં પૂર્વપક્ષીએ કહેલ કે, દ્રવ્યસ્તવમાં થતી હિંસા જો દોષ માટે નથી, એમ તમે માનશો, તો યજ્ઞમાં થતી હિંસાને તમારે દોષરૂપ નથી એમ કહેવું પડશે. એનું અત્યાર સુધીં નિરાકરણ કરીને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, સર્વજ્ઞના વચનથી થતી પ્રવૃત્તિમાં દ્રવ્યહિંસા હોવા છતાં મોક્ષનું કારણ છે, માટે દોષ નથી, પરંતુ તેના બળથી અસંભવિત રૂપવાળા એવા વેદવચનથી યજ્ઞની હિંસામાં દોષ નથી, તેમ સિદ્ધ થઈ શકે નહિ. અને તે જ વાત દૃષ્ટાંતથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ण हि रयणगुणा रयणे कदाचिदवि होंति उवलसाहम्मा ।
एवं वयणंतरगुणा ण होंति सामण्णवयणंमि" ।।१८६।।

ગાથાર્થ :-

ઉપલના=પથ્થરના, સામ્યને કારણે રત્નના ગુણો અરત્નમાં ક્યારેય પણ હોતા નથી. એ રીતે વચનાંતરના ગુણો=સામાન્ય વચનથી વચનાંતરરૂપ વિશિષ્ટ વચનના ગુણો, સામાન્ય વચનમાં હોતા નથી. ।।૧૮૬।।

ટીકા :-

न हि रत्नगुणाः शिरःशूलशमनादयोऽरत्ने घर्घरघट्टादौ कदाचिदपि भवन्त्युपलसाधर्म्यात्, एवं वचनान्तरगुणा हिंसादोषादयो न भवन्ति सामान्यवचने ।।१८६।।

ટીકાર્થ :-

न हि ..... सामान्यवचने ।। ઉપલના=પથ્થરના, સામ્યને કારણે शिरःशूलशमनादि=મગજની વેદનાનું શમન કરવું આદિ, રત્નના ગુણો અરત્નમાં=घर्घरघट्टादिमां=પત્થરવિશેષમાં, ક્યારેય પણ હોતા નથી. એ રીતે હિંસામાં અદોષાદિ વચનાંતરના=વેદવચનથી વચનાંતરરૂપ સર્વજ્ઞવચનના, ગુણો સામાન્ય વચનમાં=વેદવચનમાં, હોતા નથી. ।।૧૮૬।।

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવથી થતી હિંસા અદોષરૂપ છે, એ વાત ભગવાનના વચનથી સિદ્ધ થાય છે. તેના બળથી વેદવચનથી થતી હિંસા પણ અદોષરૂપ છે, એમ જે પૂર્વપક્ષી કહેવા માંગે છે તે સંગત નથી; કેમ કે રત્નના ગુણો રત્નમાં જ હોય છે, પરંતુ પથ્થરમાં હોતા નથી. જોકે રત્ન અને પથ્થર ઉપલરૂપે સમાન છે, તોપણ રત્નના ગુણો રત્નમાં જ હોય, પથ્થરમાં ન હોઈ શકે; તે રીતે વેદવચન અને સર્વજ્ઞનું વચન એ બંને વચન, વચનરૂપે સમાન હોવા છતાં વેદવચનો કરતાં સર્વજ્ઞ અને વીતરાગનાં વચનો વચનાંતરરૂપ છે; કેમ કે સર્વજ્ઞ સાક્ષાત્ પદાર્થને જોઈને રાગાદિ રહિત હોવાથી યથાર્થ જ કહેનારા હોય છે. તેથી તેમના વચનાનુસાર પ્રવૃત્તિ કરવામાં ક્વચિત્ બાહ્યથી હિંસા થતી હોય તોપણ અનુબંધથી તે અહિંસાનું કારણ છે. માટે સર્વજ્ઞના વચનાનુસાર કરાતા દ્રવ્યસ્તવથી હિંસાદિ દોષોની પ્રાપ્તિ થતી નથી. પરંતુ તેથી સર્વજ્ઞના વચનથી ઈતર એવાં વેદવચનોથી યજ્ઞમાં કરાતી પ્રવૃત્તિમાં પણ હિંસા હોવા છતાં દોષ નથી તેમ કહી શકાય નહિ, પરંતુ યજ્ઞમાં થતી હિંસામાં દોષ જ છે; કેમ કે અતીન્દ્રિય પદાર્થમાં સર્વજ્ઞથી ઈતર વડે કહેવાયેલા પદાર્થો પ્રમાણભૂત નથી. **।।૧૮૬।।**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૧૯માં પૂર્વપક્ષીએ કહેલ કે, જે રીતે દ્રવ્યસ્તવના વિધાનમાં હિંસા ધર્મ માટે છે, તે રીતે વેદમાં કહેલી યજ્ઞાદિમાં થતી હિંસા પણ ધર્મ માટે છે, અને એ પ્રમાણે તમે જૈનો નથી માનતા તે તમારો વ્યામોહ છે. ત્યાર પછી શ્લોક-૧૨૩ સુધી પૂર્વપક્ષીએ પોતાના કથનની પુષ્ટિ કરી, અને શ્લોક-૧૨૪થી પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, આ તેમનું કથન યુક્તિક્ષમ નથી, અને તેનું સ્થાપન શ્લોક-૧૮૬ સુધી કર્યું. હવે તેનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"ता एवं सण्णाओ (ण) बुहेण अट्ठाणठावणाए उ ।
सया लहुओ कायव्वो चासपञ्चासणाएणं" ।।१८७।।

❖ મૂળ ગાથામાં 'सण्णाओ' પછી 'ण' હોવો જોઈએ.

ગાથાર્થ :-

તે કારણથી=પૂર્વે ગાથા-૧૮૬માં કહ્યું કે, રત્નના ગુણો અરત્નમાં હોતા નથી એ રીતે સર્વજ્ઞવચનના ગુણો વેદવચનમાં હોતા નથી તે કારણથી, આ રીતે=જેમ દ્રવ્યસ્તવમાં થતી હિંસામાં દોષ નથી એમ માનો તો યાગીય હિંસામાં પણ દોષ નથી એમ માનવું પડશે એ પ્રમાણે પૂર્વપક્ષીએ ગાથા-૧૧૯માં કહ્યું એ રીતે, સદ્ન્યાયને=દ્રવ્યસ્તવમાં થતી હિંસામાં અદોષ છે એ સદ્ન્યાય છે અને એ સદ્ન્યાયને, બુધ વડે કરીને અસ્થાનસ્થાપનાદિ વડે ચાસપંચાસ ન્યાય દ્વારા લઘુ કરવો નહિ. ।।૧૮૭।।

ટીકા :-

तदेवं सन्न्यायो न बुधेनास्थानस्थापनया सदा लघुः कर्त्तव्यः(चाशपञ्चाशन्यायेन ?) असंभविनोऽसंभवप्रदर्शनगत्या ।।१८७।।

ટીકાર્થ :-

तदेवं ..... प्रदर्शनगत्या ।। તે કારણથી=પૂર્વે ગાથા-૧૮૬માં કહ્યું કે રત્નના ગુણો અરત્નમાં હોતા નથી એ રીતે સર્વજ્ઞવચનના ગુણો વેદવચનમાં હોતા નથી તે કારણથી, આ રીતે=જેમ દ્રવ્યસ્તવમાં થતી હિંસામાં દોષ નથી એમ માનો તો યાગીય હિંસામાં પણ દોષ નથી એમ માનવું પડશે એ પ્રમાણે પૂર્વપક્ષીએ ગાથા-૧૧૯માં કહ્યું એ રીતે, સદ્ન્યાયને=દ્રવ્યસ્તવમાં થતી હિંસામાં અદોષ છે એ સદ્ન્યાય છે એ સદ્ન્યાયને, બુધ વડે અસ્થાનસ્થાપના વડે ચાસપંચાસ ન્યાય દ્વારા અસંભવિથી અસંભવના પ્રદર્શનની ગતિથી=પદ્ધતિથી, લઘુ કરવો જોઈએ નહિ. ।।૧૮૭।।

ભાવાર્થ :-

દ્રવ્યસ્તવમાં જે હિંસા છે, તે અદોષરૂપ છે અને તે સદ્ન્યાયરૂપ છે, અને એ પ્રમાણે વૈદિક હિંસામાં પણ દોષ નથી, એમ કહેવું તે સદ્ન્યાયને અસ્થાને સ્થાપન કરવા બરાબર છે, અને એ રીતે કરવાથી

સદ્ન્યાયનું લાઘવ થાય છે. તેથી બુદ્ધિમાન પુરુષોએ એ રીતે કરવું જોઈએ નહિ, અને તેમાં યુક્તિ આપે છે કે –

સદ્ન્યાયને ચાસપંચાસ ન્યાયથી લઘુ કરવો નહિ અર્થાત્ અસંભવિથી અસંભવના પ્રદર્શનની ગતિથી લઘુ કરવો નહિ.

આશય એ છે કે, દ્રવ્યસ્તવમાં જે હિંસા થાય છે તેમાં દોષનો અસંભવ છે, અને તે અસંભવિ દોષથી વેદની યાગીય હિંસામાં દોષના અસંભવનું પ્રદર્શન કરવામાં આવે, તો સન્યાય લઘુ બને છે; કેમ કે એ એની અસ્થાને સ્થાપના છે. તે આ રીતે - દ્રવ્યસ્તવમાં સ્વરૂપથી હિંસા છે, જે અનુબંધથી અહિંસાનું કારણ બને છે; જ્યારે વેદવાક્યથી થતી યાગીય હિંસા ભૂતિકામના માટે થાય છે, માટે પોતાના તુચ્છ ભૌતિક આશયથી બીજાને પીડા કરવાનો મલીન આશય છે, તેથી અનુબંધથી અહિંસાનું કારણ નથી. વળી, વેદવચન અસંભવત્ સ્વરૂપવાળું છે, તેથી પ્રમાણભૂત સિદ્ધ થતું નથી. માટે દ્રવ્યસ્તવમાં થતી હિંસાને વેદમાં થતી હિંસા સાથે યોજવામાં આવે તે અસ્થાને સ્થાપના કરવા બરાબર છે, અને તેનાથી દ્રવ્યસ્તવને કહેનારા સર્વજ્ઞના વચનમાં લઘુતાની પ્રાપ્તિ થાય છે.

'ચાસપંચાસ' શબ્દનો અર્થ ધર્મસંગ્રહણીમાં આ પ્રમાણે છે –

किंचन्न युक्तेत्यत आह-'चासप्पंचाससमा' यथा 'पंचास' इति शब्दं श्रुत्वा चासशब्दे चासशब्दसाधर्म्यात् पंचासशब्दार्थकल्पनाऽयुक्ता तद्वदियमपि, शुभाशुभबाह्यालम्बनतयाऽत्यन्तं वैलक्ष्येण अनन्तरोक्तकल्पनया सह अस्याः समानत्वाभावात् ।।८७७।।

જે પ્રમાણે 'પંચાસ' શબ્દ સાંભળીને 'ચાસ' શબ્દમાં 'ચાસ' શબ્દના સાધર્મ્યથી 'પંચાસ' શબ્દના અર્થની કલ્પના કરે તે અયુક્ત છે તેમ શુભ આલંબનવાળું દ્રવ્યસ્તવ છે અને અશુભ આલંબનવાળી વેદની હિંસા છે છતાં તે બન્નેને સમાન કહે તે અત્યંત વિરુદ્ધ છે. **॥૧૮૭॥**

અવતરણિકા :-

तत्र युक्तिमाह –

અવતરણિકાર્થ :-

ત્યાં=યાગીય હિંસામાં અદોષ નથી એ કથનમાં, યુક્તિને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૮૭માં કહ્યું કે, આ રીતે સદ્ન્યાયને અસ્થાન સ્થાપન દ્વારા હંમેશાં બુધ વડે લઘુ કરવો જોઈએ નહિ. એમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસામાં જેમ અદોષ છે, તેમ યાગીય હિંસામાં અદોષ છે, એમ કહેવું એ સદ્ન્યાયની અસ્થાન સ્થાપનારૂપ છે, માટે યાગીય હિંસામાં અદોષ નથી અર્થાત્ દોષ છે. તેમાં ગાથા-૧૮૮થી ૧૯૧ સુધી યુક્તિને કહે છે –

ગાથા :-

"तह वेदे चिय भणियं सामण्णेणं जहा ण हिंसिज्जा।
भूयाणि फलुद्देसा पुणो य हिंसिज्ज तत्थेव"।।१८८।।

ગાથાર્થ :-

તે પ્રકારે=હિંસામાં દોષ છે તે પ્રકારે, વેદમાં જ સામાન્યથી=ઉત્સર્ગથી, કહેવાયેલું છે.

વેદમાં કહેવાયેલું છે તે 'યથા'થી બતાવે છે –

ભૂતોની હિંસા કરવી જોઈએ નહિ, અને વળી ફળના ઉદ્દેશથી ત્યાં જ=વેદમાં જ, હિંસા કરવી એમ કહેલ છે. ।।૧૮૮।।

ટીકા :-

तथा वेद एव भणितं सामान्येनोत्सर्गेण यथा-"न हिंस्याद् भूतानि" फलोद्देशात् पुनश्च हिंस्यात् तत्रैव भणितं "अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः" इतीति गाथार्थः ।।१८८।।

ટીકાર્થ :-

तथा ..... गाथार्थः ।। તે પ્રકારે=હિંસામાં દોષ છે તે પ્રકારે, વેદમાં જ સામાન્યથી=ઉત્સર્ગથી, કહેવાયેલું છે.

વેદમાં શું કહેવાયેલું છે, તે 'યથા'થી બતાવે છે –

"ભૂતોની હિંસા કરવી જોઈએ નહિ," અને વળી "ફળના ઉદ્દેશથી હિંસા કરવી જોઈએ," એ પ્રકારે ત્યાં જ=વેદમાં જ, કહેવાયેલું છે. તે બતાવે છે –

"સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવો જોઈએ."

'इति' શબ્દ વેદના કથનની સમાપ્તિસૂચક છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૮૮।।

ગાથા :-

"ता तस्स पमाणत्ते वि एत्थ णियमेण होइ दोसु त्ति ।
फलसिद्धिए वि सामण्णदोसविणिवारणाभावा" ।।१८९।।

ગાથાર્થ :-

તે કારણથી, તેનું=વેદનું, પ્રમાણપણું હોતે છતે પણ અહીંયાં=ચોદનામાં="વેદના કથનથી યજ્ઞ કરો" એમાં, ફળસિદ્ધિ હોવા છતાં પણ નિયમથી દોષ છે; કેમ કે સામાન્ય દોષના નિવારણનો અભાવ છે. ।।૧૮૯।।

ટીકા :-

तत् तस्य प्रमाणत्वेऽपि वेदस्य, (अत्र) नियमेन चोदनायां भवति दोष इति फलसिद्धावपि सत्यां कुत इत्याह-सामान्यदोषनिवारणाभावादौत्सर्गिकवाक्यार्थदोषप्राप्तेरेवेति गाथार्थः ।।१८९।।

❖ ટીકામાં વેદસ્ય પછી 'अत्र' પંચવસ્તુક ગ્રંથ પ્રમાણે લીધેલ છે.

ટીકાર્થ :-

तत् ..... गाथार्थः ।। तत्=તે કારણથી=વેદમાં ઉત્સર્ગથી હિંસાનો નિષેધ કરેલ છે અને ફળના ઉદ્દેશથી હિંસાની વિધિ છે તે કારણથી, તેનું=વેદનું, પ્રમાણપણું હોતે છતે પણ અહીંયાં=ચોદનામાં="વેદના કથનથી યજ્ઞ કરો" એમાં, ફળસિદ્ધિ હોવા છતાં પણ નિયમથી દોષ છે.

શાથી દોષ છે ? એથી કરીને કહે છે –

સામાન્ય દોષના નિવારણનો અભાવ છે અર્થાત્ ઔત્સર્ગિક વાક્યાર્થના દોષની પ્રાપ્તિ જ છે અર્થાત્ પૂર્વે ગાથા-૧૮૮માં કહ્યું કે, "જીવોની હિંસા કરવી જોઈએ નહિ," એ રૂપ ઔત્સર્ગિક વાક્યાર્થના દોષની પ્રાપ્તિ જ છે. (કેમ કે સામાન્યથી વેદમાં હિંસાનો નિષેધ કર્યો, અને "સ્વર્ગની કામનાવાળો અગ્નિહોત્ર કરે" એ વેદવચનની ચોદનામાં, ઉત્સર્ગથી કહેલ વાક્યાર્થ "न हिंस्याद् सर्वभूतानि" એના દોષની પ્રાપ્તિ જ છે.) એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૮૯।।

અવતરણિકા :-

इहैव निदर्शनमाह –

અવતરણિકાર્થ :-

અહીંયાં જ=સામાન્ય દોષના નિવારણના અભાવમાં જ, નિદર્શનને=દૃષ્ટાંતને, ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

"जह वेज्जगम्मि दाहं ओहेण निसेहिउं पुणो भणियं ।
गंडाइ खयणिमित्तं, करेज्ज विहिणा तयं चेव" ।।१९०।।

ગાથાર્થ :-

જે પ્રમાણે વૈદ્યકમાં ઉત્સર્ગથી દાહનો નિષેધ કરીને વળી ગંડાદિ=ગૂમડા વગેરેમાં ક્ષય નિમિત્તે વિધિ વડે તેને જ=દાહને જ, કરવો એમ કહેવાયેલું છે. ।।૧૯૦।।

ટીકા :-

यथा वैद्यके दाहमग्निविकारमोघेन=उत्सर्गतो, निषिध्य दुःखकरत्वेन, पुनः भणितम् तत्रैव फलोद्देशेन गण्डादिक्षयनिमित्तं व्याध्यपेक्षयेत्यर्थः कुर्याद् विधिना तमेव दाहमिति गाथार्थः ।।१९०।।

ટીકાર્થ :-

यथा ..... गाथार्थः ।। જે પ્રમાણે વૈદકમાં=વૈદક શાસ્ત્રમાં, ઓઘથી=ઉત્સર્ગથી, દુઃખકરપણું હોવાને કારણે દાહનો=અગ્નિવિકારનો, નિષેધ કરીને, વળી ત્યાં જ=વૈદક શાસ્ત્રમાં જ, ફળના ઉદ્દેશથી=ગંડાદિ ક્ષયનિમિત્ત, વ્યાધિની અપેક્ષાએ, વિધિ વડે તેને જ=દાહને જ કરવો, એ પ્રમાણે કહેવાયેલું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૯૦।।

❖ અહીં 'फलोद्देशेन गण्डादिक्षयनिमित्तं व्याध्यपेक्षयेत्यर्थः' કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, ગંડાદિના ક્ષય માટે=ગૂમડાં વગેરેના નાશ માટે દાહનું વિધાન કરેલ છે અર્થાત્ ગંડાદિરૂપ વ્યાધિની અપેક્ષાએ દાહનું વિધાન કરેલ છે, એમ બતાવવું છે.

ગાથા :-

"ततो वि कीरमाणे ओहणिसेहुब्भवो तहिं दोसो ।
जायइ फलसिद्धिए वि एव इत्थं पि विण्णेयं" ।।१९१।।

ગાથાર્થ :-

તેનાથી પણ=તે વચનથી પણ, કરાતા તેમાં=દાહમાં, ફળસિદ્ધિ હોવા છતાં પણ ઓઘ નિષેધથી ઉદ્ભવેલો દોષ થાય છે. એ પ્રકારે અહીં=વેદમાં, જાણવું. ।।૧૯૧।।

ટીકા :-

ततोऽपि वचनात्क्रियमाणेऽपि दाहे ओघनिषेधोद्भव इत्यौत्सर्गिकनिषेधविषयस्तत्र दोषो दुःखकरत्वलक्षणो जायते फलसिद्धावपि गण्डक्षयादिरूपायां सत्यामेवमत्रापि वेदे विज्ञेयं चोदनातोऽपि प्रवृत्तस्य फलभावेऽप्युत्सर्गनिषेधविषयो दोष इति गाथार्थः ।।१९१।।

ટીકાર્થ :-

ततोऽपि ..... गाथार्थः ।। તેનાથી પણ=તે વચનથી કરાતા પણ, દાહમાં, ઓઘનિષેધથી ઉદ્ભવ ઔત્સર્ગિક નિષેધવિષય દુઃખકરપણારૂપ દોષ, ગંડક્ષયાદિરૂપ ફળસિદ્ધિ હોવા છતાં પણ થાય છે. એ રીતે અહીં પણ=વેદમાં પણ, ચોદનાથી પણ=વેદવચનની પ્રેરણાથી પણ, પ્રવૃત્તને, ફળના ભાવમાં પણ=સ્વર્ગની પ્રાપ્તિરૂપ ફળના ભાવમાં પણ, ઉત્સર્ગનિષેધવાળો દોષ જાણવો. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૯૧।।

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૮૭માં સ્થાપન કર્યું કે, સદ્ન્યાયને અસ્થાને સ્થાપન કરવો નહિ. તેનાથી એ પ્રાપ્ત થયું કે, ભગવાનના વચનરૂપ સદ્ન્યાયને અસ્થાને સ્થાપન કરીને તેના બળથી યાગમાં થતી હિંસામાં દોષ નથી, તેમ સ્થાપન કરવું નહિ. તેથી હવે યાગની હિંસામાં દોષ કઈ રીતે છે ? તે યુક્તિથી બતાવે છે –

વેદમાં કહ્યું છે કે, 'હિંસા કરવી જોઈએ નહિ,' અને વળી વેદમાં અન્યત્ર કહ્યું છે કે, 'સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્ર કરવો જોઈએ.' તેથી એ પ્રાપ્ત થાય કે, સામાન્યથી હિંસાનો નિષેધ કરીને સ્વર્ગકામનારૂપ ફળના ઉદ્દેશથી યજ્ઞ કરવાનું કથન વેદ કરે છે.

હવે જો વેદને પ્રમાણરૂપે સ્વીકારીએ અને વેદના વચનની પ્રેરણાથી કોઈ વ્યક્તિ યજ્ઞમાં પ્રવૃત્તિ કરે, અને તે યજ્ઞથી સ્વર્ગરૂપ ફળની સિદ્ધિ થાય છે, તેમ સ્વીકારીએ, તોપણ હિંસાના નિષેધ કરનારા વચન પ્રમાણે હિંસાનું ફળ પણ પ્રાપ્ત થાય. તે જ વાત દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ વૈદ્યક શાસ્ત્રમાં શરીરને દાહ કરવાનો નિષેધ છે; કેમ કે શરીરને ડામ આપવાથી પીડા થાય છે. આમ છતાં કોઈને ગંડાદિ વ્યાધિ થયો હોય તો તેના નાશ માટે વૈદકશાસ્ત્રમાં જ ડામ આપવાની પણ વિધિ છે. તેથી તે વૈદ્યના વચન પ્રમાણે ડામ આપવાની ક્રિયા કરવામાં આવે તો ગંડાદિ વ્યાધિના ક્ષયરૂપ ફળ મળે તોપણ, ડામ આપવાનો નિષેધ કરનાર વચન પ્રમાણે ડામની પીડા પણ થાય છે; કેમ કે ભિન્ન ઉદ્દેશથી ડામ આપવાનો નિષેધ હતો અર્થાત્ ડામની પીડાના પરિહાર માટે ડામ આપવાનો નિષેધ હતો, અને ભિન્ન ઉદ્દેશથી ડામ આપવાનો વિધિ છે અર્થાત્ ગંડક્ષયના ઉદ્દેશથી ડામ આપવાની વિધિ છે. તેથી ગંડક્ષયના ઉદ્દેશથી ડામ આપવામાં આવે તો ગંડક્ષય થવા છતાં ડામની પીડા થાય છે.

તે જ રીતે – મોક્ષના ઉદ્દેશથી વેદમાં હિંસાનો નિષેધ છે અને સ્વર્ગના ઉદ્દેશથી યજ્ઞાર્થક હિંસા કરવાનો વિધિ છે, માટે સ્વર્ગના ઉદ્દેશથી યજ્ઞ કરવામાં આવે અને વેદના વચન પ્રમાણે સ્વર્ગ મળતું હોય તોપણ મોક્ષના ઉદ્દેશથી જે હિંસાનો નિષેધ છે, તે હિંસા કરવાનું અનર્થ રૂપ પણ ફળ યાગની હિંસામાં મળે છે. માટે વેદના વચનને પ્રમાણરૂપે સ્વીકારીએ તોપણ વેદના વચનથી થતી હિંસા દોષરૂપ જ છે.

આનાથી એ બતાવવું છે કે, દ્રવ્યસ્તવમાં થતી હિંસા દોષરૂપ નથી અને વેદને પ્રમાણરૂપે સ્વીકારીએ તોપણ યજ્ઞમાં થતી હિંસા દોષરૂપ જ છે. માટે દ્રવ્યસ્તવને કહેનારા ભગવાનના વચનના બળથી યજ્ઞમાં થતી હિંસામાં દોષ નથી તેમ કહ્યું, તે ભગવાનના વચનને અસ્થાને સ્થાપન કરવા બરાબર છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવમાં પણ હિંસા છે અને વેદવચન પ્રમાણે કરાતા યજ્ઞમાં પણ હિંસા છે, તો દ્રવ્યસ્તવમાં થતી હિંસામાં દોષ નથી, તેનું તાત્પર્ય શું છે ? તેનું સમાધાન આ પ્રમાણે છે –

જે ઉદ્દેશથી ભગવાને હિંસાનો નિષેધ કર્યો છે, તે ઉદ્દેશથી જ ભગવાને દ્રવ્યસ્તવ કરવાનો કહ્યો છે અર્થાત્ વિધિ-નિષેધનો ઉદ્દેશ એક જ છે. અને જે ઉદ્દેશથી વેદમાં હિંસાનો નિષેધ કરેલ છે, તે ઉદ્દેશથી યજ્ઞ કરવાનું વેદમાં કહેલ નથી, પરંતુ અન્ય ઉદ્દેશથી કહેલ છે અર્થાત્ વિધિ-નિષેધના ઉદ્દેશ જુદા છે. તેથી જ જેમ અન્ય ઉદ્દેશથી દાહનો નિષેધ છે અને અન્ય ઉદ્દેશથી દાહની વિધિ છે, માટે દાહ કરવાથી દાહના ઉદ્દેશનું ફળ મળતું હોય તોપણ, જે ઉદ્દેશથી દાહનો નિષેધ છે, છતાં દાહ કરવામાં આવે તો નિષેધના સેવનથી થતી પીડારૂપ ફળ પણ મળે છે. તેમ વેદવચનમાં હિંસાનો નિષેધ છે, આમ છતાં હિંસા સેવવામાં આવે તો હિંસાકૃત અનર્થની પ્રાપ્તિ થાય જ છે.

જ્યારે સર્વજ્ઞના વચન પ્રમાણે હિંસાનો નિષેધ તો રાગાદિના ઉચ્છેદ માટે છે અને જે ગૃહસ્થ સંપૂર્ણ

અહિંસા પાળી શકે તેમ ન હોય તેને રાગાદિના ઉચ્છેદ માટે જ દ્રવ્યસ્તવની વિધિ છે, તેથી જેમ હિંસાનો નિષેધ રાગાદિના ઉચ્છેદનું કાર્ય કરે છે, તેમ દ્રવ્યસ્તવનું સેવન પણ રાગાદિના ઉચ્છેદનું જ કાર્ય કરે છે. માટે દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી પાપબંધરૂપ કોઈ દોષની પ્રાપ્તિ નથી, પરંતુ જે હિંસા થાય છે, તે અશક્ય પરિહારરૂપ હોવાથી માત્ર સ્વરૂપહિંસા છે.

વસ્તુતઃ દ્રવ્યસ્તવની ક્રિયા ભગવાનની ભક્તિ કરીને આત્મગુણોને વિકસાવવા અર્થે છે, માટે હિંસાનો નિષેધ અને દ્રવ્યસ્તવની વિધિ એકાર્થક હોવાથી દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસામાં લેશ પણ દોષ નથી. જ્યારે વેદમાં હિંસાનો નિષેધ અને યાગીય હિંસા ભિન્નાર્થક હોવાથી યાગીય હિંસાથી સ્વર્ગ સ્વીકારીએ તોપણ હિંસાકૃત અનર્થની પ્રાપ્તિ તો થાય જ છે. માટે દ્રવ્યસ્તવના બળથી યાગીય હિંસા નિર્દોષ છે તેમ સ્થાપન કરવું એ દ્રવ્યસ્તવને અસ્થાને સ્થાપન કરવા બરાબર છે. **॥૧૯૧॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૦૦માં કહ્યું કે, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ અન્યોન્ય સમનુવિદ્ધ છે, અને ત્યાર પછી ગાથા-૧૧૮ સુધી યુક્તિથી તેની પુષ્ટિ કરી, અને ગાથા-૧૧૯માં પૂર્વપક્ષીની શંકા ઉદ્‌ભાવન કરી કે, જો દ્રવ્યસ્તવમાં હિંસા હોવા છતાં દોષ નથી, તો વેદમાં બતાવેલી યજ્ઞની હિંસામાં પણ દોષ નથી તેમ માનવું પડશે, અને તે પ્રાસંગિક કથનની ચર્ચા ગાથા-૧૯૧ સુધી કરી. હવે તેનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

"कयमित्थ पसंगेणं जहोचिया चेव दव्वभावत्थया ।
अण्णोण्णसमणुविद्धा णियमेणं होंति णायव्वा" ।।१९२।।

ગાથાર્થ :-

અહીંયાં=સ્તવવિચારમાં, પ્રસંગથી સર્યું અર્થાત્ ગાથા-૧૧૯થી અત્યાર સુધીનું પ્રાસંગિક કથન કર્યું એ પ્રસંગથી સર્યું. યથોચિત જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ નિયમથી=નક્કી, અન્યોન્ય સમનુવિદ્ધ જાણવા યોગ્ય છે=સ્વીકારવા યોગ્ય છે. ॥૧૯૨॥

ટીકા :-

अत्र स्तवविचारे कृतं प्रसङ्गेन, यथोचितावेव द्रव्यभावस्तवौ अन्योन्यसमनुविद्धौ प्रधान-गुणभावेन ।।१९२।।

ટીકાર્થ :-

अत्र ..... गुणभावेन ।। અહીંયાં=સ્તવવિચારમાં, પ્રસંગથી સર્યું અર્થાત્ ગાથા-૧૧૯થી અત્યાર સુધીનું પ્રાસંગિક કથન કર્યું, એ પ્રસંગથી સર્યું.

યથોચિત જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પ્રધાનગૌણભાવથી અન્યોન્ય સમનુવિદ્ધ છે=પરસ્પર જોડાયેલા છે. ॥૧૯૨॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૦૦માં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પરસ્પર સંલગ્ન છે, એમ કહ્યું, અને એ જ વાત ત્યાર પછીની ગાથાઓમાં યુક્તિથી બતાવી, અને ગાથા-૧૧૯થી પ્રાસંગિક કથન શરૂ કર્યું, તે અહીં પૂરું થાય છે. તેથી એ સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

દ્રવ્યસ્તવના વિચારમાં પ્રસંગથી સર્યું. આમ કહીને પ્રાસંગિક કથન પૂરું થાય છે અને તેનાથી શું ફલિત થાય છે, તે બતાવે છે –

પ્રાસંગિક કથન પૂર્વે જે બતાવેલ કે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ અન્યોન્ય સંલગ્ન છે, તે સ્પષ્ટ કરે છે -

પોતાના ઔચિત્ય પ્રમાણે અર્થાત્ શ્રાવકને પોતાના ઔચિત્ય પ્રમાણે અને સાધુને પોતાના ઔચિત્ય પ્રમાણે, જે સ્તવ કરાય છે, તે સ્તવમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પ્રધાનગૌણભાવથી અન્યોન્ય સંલગ્ન છે.

આશય એ છે કે, શ્રાવક દ્રવ્યસ્તવ કરે છે ત્યાં પ્રધાનરૂપે દ્રવ્યસ્તવ હોવા છતાં ગૌણભાવથી ભાવસ્તવ છે જ અને સાધુ પ્રધાનરૂપે ભાવસ્તવ કરે છે તોપણ 'અરિહંત ચેઈઆણં' સૂત્ર દ્વારા દ્રવ્યસ્તવના ફળની આશંસા રાખે છે, તે દ્રવ્યસ્તવરૂપ હોવાથી ગૌણરૂપે દ્રવ્યસ્તવ પણ કરે છે, તે વાત ગ્રંથકારશ્રીએ સ્વયં ગાથા-૧૦૧થી ૧૧૩માં બતાવેલ છે, આથી સાધુને મુખ્યરૂપે ભાવસ્તવ હોવા છતાં ગૌણરૂપે દ્રવ્યસ્તવ પણ છે. **॥૧૯૨॥**

અવતરણિકા :-

પૂર્વે ગાથા-૧૯૨માં કહ્યું કે, યથોચિત જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ અન્યોન્ય સંલગ્ન છે. તેથી પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ કોને ઉચિત છે? અને ભાવસ્તવ કોને ઉચિત છે? તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"अप्पविरियस्स पढमो, सहकारिविसेसभूयमो सेओ ।
इयरस्स बज्झचाया इयरो च्चिय एस परमत्थो" ।।१९३।।

ગાથાર્થ :-

અલ્પવીર્યવાળા પ્રાણીને પ્રથમ=દ્રવ્યસ્તવ, સહકારી વિશેષભૂત છે=ભાવવિશેષની પ્રાપ્તિમાં સહકારી કારણરૂપ છે, (આથી કરીને) શ્રેયઃકારી છે. ઈતરને=બહુવીર્યવાળા સાધુને, બાહ્ય ત્યાગથી ઈતર જ=ભાવસ્તવ જ (શ્રેયઃકારી) છે, આ પરમાર્થ છે. ॥૧૯૩॥

ટીકા :-

अल्पवीर्यस्य प्राणिनः प्रथमो द्रव्यस्तवः सहकारिविशेषभूतोऽतः श्रेयान्, इतरस्य=बहुवीर्यस्य साधोर्बाह्यत्यागात्=बाह्यद्रव्यस्तवत्यागेन, इतरः=भावस्तव, एव श्रेयान् इत्येष परमार्थोऽत्र क्रममाश्रित्य द्रष्टव्यः ।।१९३।।

ટીકાર્થ :-

અલ્પવીર્યસ્ય ..... દ્રષ્ટવ્યઃ ।। અલ્પવીર્યવાળા પ્રાણીને પ્રથમ=દ્રવ્યસ્તવ, સહકારી વિશેષભૂત છે=ભાવવિશેષની પ્રાપ્તિમાં સહકારી કારણરૂપ છે, આથી કરીને શ્રેયઃકારી છે. ઈતરને=બહુવીર્યવાળા સાધુને, બાહ્ય ત્યાગથી=બાહ્ય દ્રવ્યસ્તવના ત્યાગથી, ઈતર=ભાવસ્તવ જ, શ્રેયઃકારી છે. એ પ્રકારે આ પરમાર્થ અહીંયાં=પ્રસ્તુત કથનમાં, ક્રમને આશ્રયીને જાણવો. અર્થાત્ સામાન્ય રીતે પ્રાપ્તિનો ક્રમ પ્રથમ દ્રવ્યસ્તવ પ્રાપ્ત થાય છે પછી ભાવસ્તવ પ્રાપ્ત થાય છે, એ રૂપ ક્રમને આશ્રયીને આ પરમાર્થ જાણવો. જ્યારે કોઈકને દ્રવ્યસ્તવ વગર જ ભાવસ્તવ પ્રાપ્ત થઈ શકે છે. ॥૧૯૩॥

ભાવાર્થ :-

યોગમાર્ગમાં પ્રવર્તે એવું વીર્ય જેમનામાં લેશ પણ નથી, તેઓ ધર્મમાર્ગમાં અધિકારી નથી, અને જેમનામાં યોગમાર્ગમાં પ્રવર્તે એવું વીર્ય અલ્પ છે, તેઓ સહકારી વિશેષરૂપ દ્રવ્યસ્તવના બળથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે તેવા છે. તેવા જીવોને દ્રવ્યસ્તવથી યોગમાર્ગની પ્રવૃત્તિ થઈ શકે છે.

જેમ કે કોઈની પાસે ચક્ષુ જ ન હોય તો ચશ્માંથી પણ તે જોઈ શકે નહિ, પરંતુ જેમની ચક્ષુ કાંઈક નબળી છે, તેઓ ચશ્માંરૂપ સાધનથી જોઈ શકે છે. તે રીતે જેમની પાસે યોગમાર્ગને અનુકૂળ અલ્પ વીર્ય છે, તેઓ દ્રવ્યસ્તવના આલંબનથી મોક્ષને અનુકૂળ ભાવો કરી શકે છે; અને જેઓની ચક્ષુ સક્ષમ છે, તેઓને જેમ વસ્તુ જોવા માટે ચશ્માં વગેરે સાધનની આવશ્યકતા રહેતી નથી, તેમ જેઓ પૂજા આદિની બાહ્ય સામગ્રી વગર શાસ્ત્રાધ્યયન કે શાસ્ત્રવચનના આલંબનથી યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્તિ કરી શકે એવા બહુ વીર્યવાળા છે, તેવા સાધુઓને બાહ્ય આચરણાત્મક દ્રવ્યસ્તવના ત્યાગથી ભગવાનની આજ્ઞાના પાલનરૂપ ભાવસ્તવમાં યત્ન કરવો શ્રેયઃકારી છે. આ પ્રકારનો અહીં ક્રમને આશ્રયીને પરમાર્થ છે.

આશય એ છે કે, જ્યાં સુધી જીવ પોતે અલ્પવીર્યવાળો છે, ત્યાં સુધી દ્રવ્યસ્તવ સેવીને શક્તિસંચય કરે. જ્યારે શક્તિસંપન્ન થઈ જાય ત્યારે દ્રવ્યસ્તવનો ત્યાગ કરીને ભાવસ્તવનો સ્વીકાર કરે. આ પ્રકારનો ક્રમ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના સ્વીકારમાં પરમાર્થરૂપ છે. **॥૧૯૩॥**

અવતરણિકા :-

વિપર્યયે દોષમાહ –

અવતરણિકાર્થ :-

વિપર્યયમાં દોષને કહે છે=અલ્પવીર્યવાળો જીવ દ્રવ્યસ્તવને છોડીને ભાવસ્તવ કરે, એ રૂપ વિપર્યયમાં ભાવસ્તવના અસંભવરૂપ દોષને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"दव्वथयंपि काउं न तरइ जो अप्पवीरियत्तेणं ।
परिसुद्धं भावथयं काही सोऽसंभवो एसो" ।।१९४।।

ગાથાર્થ :-

અલ્પવીર્યપણું હોવાથી દ્રવ્યસ્તવ પણ કરવા માટે જે સમર્થ થતો નથી, તે પરિશુદ્ધ ભાવસ્તવ કરશે, એ અસંભવ છે. ॥૧૯૪॥

ટીકા :-

द्रव्यस्तवमपि कर्तुमौचित्येन न शक्नोति योऽल्पवीर्यत्वादेः (अल्पवीर्यत्वात्) स परिशुद्धं भावस्तवं करिष्यतीत्यसम्भव एव दलाभावात् ।।१९४।।

ટીકાર્થ :-

द्रव्यस्तवमपि .....दलाभावात् ।। અલ્પવીર્યપણું હોવાથી દ્રવ્યસ્તવ પણ ઔચિત્યથી=પોતાની શક્તિના પ્રકર્ષથી, કરવા માટે જે સમર્થ થતો નથી, તે પરિશુદ્ધ ભાવસ્તવ કરશે એ અસંભવ જ છે; કેમ કે દલનો અભાવ છે અર્થાત્ ભાવસ્તવને અનુકૂળ એવા મહાવીર્યરૂપ ઉપાદાનસ્વરૂપ દલનો અભાવ છે. ॥૧૯૪॥

❖ પ્રતિમાશતક મુદ્રિત પ્રતમાં 'अल्पवीर्यत्वादेः' પાઠ છે, ત્યાં 'अल्पवीर्यत्वात्' પાઠ હોવો જોઈએ.

ભાવાર્થ :-

જે જીવો પાસે મોક્ષમાર્ગને અનુકૂળ યોગમાં પ્રવૃત્તિ કરવાનું અલ્પ વીર્ય પણ નથી, તેઓ ધર્મ કરવા સમર્થ નથી. આથી આવા જીવો કદાચ દ્રવ્યસ્તવ કરતા હોય તોપણ ઈહલોકાદિ આશંસાથી કરતા હોય છે, પરંતુ સંયમનું કારણ બને તેવું દ્રવ્યસ્તવ લેશ પણ કરતા નથી. વળી જેઓ પાસે સ્વશક્તિના પ્રકર્ષથી વિધિપૂર્વક દ્રવ્યસ્તવ સેવી શકે તેવું વીર્ય નથી અર્થાત્ જેઓ દ્રવ્યસામગ્રી જેવા બળવાન આલંબનથી પણ યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્તિ કરી શકતા નથી, તેઓ બાહ્ય દ્રવ્યસામગ્રીના આલંબન રહિત પરિશુદ્ધ ભાવસ્તવ કેવી રીતે કરી શકે ? અર્થાત્ અંતરંગ રીતે તેવા પ્રકારની વીર્યશક્તિરૂપ દલનો અભાવ હોવાને કારણે પરિશુદ્ધ ભાવસ્તવ કરી શકે નહિ.

અહીં ભાવસ્તવ કરી ન શકે તેમ ન કહેતાં પરિશુદ્ધ ભાવસ્તવ કરી ન શકે તેમ કહેવાથી એ કહેવું છે કે, તેઓ સંયમ ગ્રહણ કરીને માત્ર સંયમના આચારો પાળે કે ભગવાનના ગુણગાનરૂપ સ્તુતિ આદિ કરે તેવો ભાવસ્તવ કરી શકે, પરંતુ સંયમસ્થાનના કંડકોમાં વર્તી શકે તેવો સાતિચાર કે નિરતિચાર એવો ભાવસ્તવ કરી શકે નહિ; કેમ કે ભાવસ્તવ કરવા માટે સાંસારિક ભાવોથી ચિત્ત વિમુખ થયેલું હોય તો જ સ્વાધ્યાય આદિ દ્વારા મોક્ષને અનુકૂળ સુદૃઢ યત્ન થઈ શકે. અને જેઓ પાસે તેવું સંચિત વીર્ય નથી, તેવા જીવોએ તો પ્રથમ દ્રવ્યસ્તવ કરીને જ શક્તિસંચય કરવો જોઈએ, અને જ્યારે બહુ વીર્ય સંચિત થઈ જાય પછી જ ભાવસ્તવમાં યત્ન કરવો જોઈએ. **॥૧૯૪॥**

અવતરણિકા :-

તદાહ –

અવતરણિકાર્થ :-

તેને કહે છે=દ્રવ્યસ્તવ કરવા અસમર્થ એવો જીવ ભાવસ્તવ કરે એ અસંભવ છે, તેને કહે છે –

ગાથા :-

"जं सो उक्किट्ठपरं अविक्खई वीरियं इहं णियमा ।
ण हि पलसयंपि वोढुं असमत्थो पव्वयं वहई" ।।१९५।।

ગાથાર્થ :-

જે કારણથી અહીં=લોકમાં, આ=ભાવસ્તવ, નિયમથી=નક્કી, ઉત્કૃષ્ટતર વીર્યની અપેક્ષા રાખે છે; પલશત (સો પળ જેટલો ભાર) વહન કરવા અસમર્થ, પર્વતને વહન કરી શકતો નથી જ. ।।૧૯૫।।

ટીકા :-

(यदसौ भावस्तव उत्कृष्टतरमपेक्षते वीर्यं शुभपरिणामरूपमिह नियमादतोऽल्पवीर्यः कथं करोत्येनं नहि पलशतमपि वोढुमसमर्थः पर्वतं वहतीति पञ्चवस्तुके) भावस्तवोचितवीर्यप्राप्त्युपायोऽपि द्रव्यस्तव एव न च प्रतिमापालनवदनियमः, "जुत्तो पुण एस कमो" **इत्यादिना द्रव्यादिविशेषेण नियमनाद् गुणस्थानक्रमाव्यभिचाराच्चेति दिग् । अत्र पलशततुल्यो द्रव्यस्तवः पर्वततुल्यश्च भावस्तव इति रहस्यम् ।।१९५।।**

❖ ટીકામાં કૌંસમાં પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૩૦૪નો પાઠ લીધો છે, તેમાં 'शुभपरिणामरूपमिह' છે ત્યાં 'शुभात्मपरिणामरूपमिह' હોવું જોઈએ.

ટીકાર્થ :-

(यदसौ ..... पञ्चवस्तुके) જે કારણથી અહીં=લોકમાં, આ=ભાવસ્તવ, નિયમથી=નક્કી, શુભાત્મપરિણામરૂપ ઉત્કૃષ્ટતર વીર્યની અપેક્ષા રાખે છે, આથી કરીને અલ્પવીર્યવાળો આને=ભાવસ્તવને, કેવી રીતે વહન કરે ? અર્થાત્ ન કરી શકે; પલશત પણ વહન કરવા અસમર્થ, પર્વતને વહન કરી શકતો નથી જ.

❖ ટીકામાં કૌંસનું લખાણ પંચવસ્તુક ગ્રંથ ગાથા-૧૩૦૪ના પાઠ મુજબ લીધેલ છે. પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં કાઉંસનું લખાણ નથી, પરંતુ ગાથાના અર્થ મુજબ આ લખાણ હોવું જરૂરી છે.

ઉપરના કથનને સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

ટીકાર્થ :-

भावस्तवोचित ..... द्रव्यस्तव एव । ભાવસ્તવને ઉચિત વીર્યપ્રાપ્તિનો ઉપાય પણ દ્રવ્યસ્તવ જ છે.

અહીં શંકા થાય કે, પ્રતિમાપાલનની જેમ દ્રવ્યસ્તવમાં અનિયમ છે અર્થાત્ જેમ શ્રાવકની પ્રતિમાના પાલન વગર પણ કોઈને સંયમની પ્રાપ્તિ થાય છે, તેમ દ્રવ્યસ્તવ વગર પણ ભાવસ્તવની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રતિમાપાલનમાં જેમ નિયમ નથી, તેમ ભાવસ્તવને ઉચિત એવી વીર્યની પ્રાપ્તિનો ઉપાય દ્રવ્યસ્તવ જ છે, એમ કહી શકાશે નહિ. તેથી તેનું સમાધાન આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

न च ..... इति दिग् । પ્રતિમાપાલનની જેમ અનિયમ છે, એમ ન કહેવું; કેમ કે 'जुत्तो पुण एस कमो' ઇત્યાદિ પંચાશકની ગાથા વડે દ્રવ્યાદિવિશેષથી નિયમન કરેલ છે, અને ગુણસ્થાનકક્રમનો અવ્યભિચાર છે, એ પ્રમાણે દિશાસૂચન છે.

अत्र ..... रहस्यम् । અહીં પલશત તુલ્ય દ્રવ્યસ્તવ છે અને પર્વત તુલ્ય ભાવસ્તવ છે, એ પ્રકારનું રહસ્ય છે. ॥૧૯૫॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૯૪માં કહ્યું કે, અલ્પવીર્યવાળો જીવ ભાવસ્તવ કરશે એ અસંભવ છે. તેમાં જ હેતુ આપવા માટે પ્રસ્તુત ગાથામાં 'यत्'થી જે કહેલ છે, એનાથી એ કહેવું છે કે, જે કારણથી આ ભાવસ્તવ ઉત્કૃષ્ટતર શુભ પરિણામરૂપ વીર્યની અપેક્ષા રાખે છે, તે કારણથી અલ્પવીર્યવાળો જીવ પરિશુદ્ધ ભાવસ્તવ કરી શકે નહિ. આ રીતે પ્રસ્તુત ગાથાનું યોજન પૂર્વ ગાથા-૧૯૪ સાથે સમજવું.

પ્રસ્તુત ગાથામાં એ કથનનો આશય બતાવતાં કહે છે કે, જીવ પાસે વીર્ય તો છે, પરંતુ શુભ પરિણામ પ્રવર્તાવી શકે તેવું ઉત્કૃષ્ટ વીર્ય શ્રાવક પાસે છે અને શુભ પરિણામ પ્રવર્તાવી શકે એવું ઉત્કૃષ્ટતર વીર્ય સાધુ પાસે છે. આથી જ શ્રાવક ભોગાદિ પ્રવૃત્તિ કરવા છતાં ભગવાનની ભક્તિ કે સાધુ આદિની ભક્તિ કરતો હોય છે ત્યારે, ભગવાનના ગુણોથી કે સાધુના ગુણોથી આત્માને રંજિત કરી શકે એવા શુભ પરિણામરૂપ ઉત્કૃષ્ટ વીર્યવાળો હોય છે; આમ છતાં તેની પાસે સાધુની જેમ આજીવન તપ-સંયમમાં ઉદ્યમ કરીને નિરવદ્ય જીવન જીવી શકે તેવું ઉત્કૃષ્ટતર વીર્ય નથી, તેથી શ્રાવક ભગવાનની ભક્તિ કરીને કે સાધુ આદિની ભક્તિ કરીને સો પલ જેટલો ભાર વહન કરવા સમર્થ છે. પરંતુ ભગવાનની ભક્તિના કાળમાં પણ જે શ્રાવકને વારંવાર સુદૃઢ યત્નની સ્ખલનાઓ થતી હોય અને તેથી જ ઉત્તમ દ્રવ્યસામગ્રી હોવા છતાં શુભ પરિણામરૂપ વીર્ય સુદૃઢ રીતે પ્રવર્તાવી શકતો નથી, તેવો શ્રાવક સો પળ જેટલો ભાર પણ વહન કરવા સમર્થ નથી. તેમ છતાં ભાવાવેશમાં આવી જઈને આજીવન સર્વવિરતિ ગ્રહણ કરે તો સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવા સ્વરૂપ પર્વત જેટલા ભારને કેવી રીતે વહન કરી શકે ? અર્થાત્ ન કરી શકે. માટે ગ્રંથકારશ્રી કહે છે કે -

ભાવસ્તવને ઉચિત વીર્યની પ્રાપ્તિનો ઉપાય દ્રવ્યસ્તવ છે. માટે તેવા જીવોએ પ્રથમ દ્રવ્યસ્તવ સારી રીતે કરીને ભાવસ્તવને ઉચિત વીર્ય સંચય કરવો જોઈએ; કેમ કે રોજ ભગવાનની ભક્તિ, સુસાધુની ભક્તિ

આદિ કરીને તે ભાવ પ્રત્યેનો બહુમાનભાવ જે શ્રાવક પ્રતિદિન વધારે છે, તેવા શ્રાવકમાં જ્યારે મહાશક્તિનો સંચય થાય છે, ત્યારે સાધુની જેમ જ આજીવન નિરવદ્ય જીવન જીવવા માટે અનુકૂળ શક્તિનો સંચય થાય છે. માટે અલ્પવીર્યવાળા શ્રાવકે પ્રથમ દ્રવ્યસ્તવમાં જ યત્ન કરીને ભાવસ્તવની શક્તિનો સંચય કરવો ઉચિત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, જે કોઈ જીવો સંયમ ગ્રહણ કરે છે, તે બધા પ્રતિમાપાલન કરીને સંયમ ગ્રહણ કરતા નથી. તેથી પ્રતિમાપાલનમાં જેમ અનિયમ છે, તેમ દ્રવ્યસ્તવથી શક્તિનો સંચય કર્યા પછી ભાવસ્તવ કરવો જોઈએ, તેવો નિયમ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે -

પ્રતિમાપાલનની જેમ અનિયમ છે, તેમ કહેવું નહિ; કેમ કે 'जुत्तो पुण एस कम्मो' પંચાશક-૧૦/૪૯ ઇત્યાદિ વચન દ્વારા પ્રતિમાપાલનમાં પણ પ્રાયઃ કરીને આ નિયમ છે.

આશય એ છે કે, ભાવસ્તવ અતિદુષ્કર છે. તેથી દ્રવ્યસ્તવથી સંચિત થયેલું વીર્ય ન હોય તો શીઘ્ર ભાવસ્તવ પ્રાયઃ આવતું નથી, અને તેથી દ્રવ્યસ્તવ સેવીને ઉત્તરોત્તર અધિક અધિક કરીને પ્રતિમાપાલનમાં યત્ન કરવો જોઈએ, અને પ્રતિમાપાલનથી સંચિતવીર્ય થયા પછી ભાવસ્તવ સ્વીકારવો જોઈએ, આ પ્રમાણે સામાન્યથી નિયમ છે, અને વિશેષથી આ કાળમાં આ જ ક્રમથી સંયમમાં જવું જોઈએ.

શ્રાવકે શ્રાવકપણું સારું પાળીને ક્રમસર પ્રતિમા વહન કરીને ત્યાર પછી જ સંયમ ગ્રહણ કરવું જોઈએ, આ નિયમ છે. માટે પ્રતિમાપાલન કરીને સંયમ ગ્રહણ કરવું જોઈએ તેવો નિયમ નથી તેમ કહેવું ઉચિત નથી, અને તેના બળથી દ્રવ્યસ્તવ વગર ભાવસ્તવમાં યત્ન થઈ શકે તેમ કહેવું પણ ઉચિત નથી. આમ છતાં આ ક્રમ મોટા ભાગના જીવોને આશ્રયીને છે. જ્યારે કેટલાક સાત્ત્વિક જીવો ધર્મની પ્રાપ્તિ થતાંની સાથે જ સંચિતવીર્યવાળા હોય છે. તેઓ દ્રવ્યસ્તવ કર્યા વગર કે પ્રતિમા વહન કર્યા વગર પણ સંયમ ગ્રહણ કરે, તો તેવા જીવો માટે આ નિયમ નહિ હોવા છતાં મોટા ભાગના જીવો માટે આ નિયમ છે. અને તેમાં હેતુ આપ્યો કે, દ્રવ્યાદિ વિશેષને કારણે આ નિયમ છે. તેનો આશય એ છે કે -

વર્તમાનકાળના જીવો પ્રાયઃ કરીને અલ્પવીર્યવાળા છે, તેથી અલ્પવીર્યવાળા જીવરૂપ દ્રવ્યાદિ વિશેષને કારણે આ ક્રમનો નિયમ છે.

દ્રવ્યાદિ વિશેષમાં 'આદિ' પદથી દુષમાલક્ષણ કાળ ખરાબ હોવાથી આ ક્રમનો નિયમ છે, માટે દ્રવ્યસ્તવનું સમ્યગ્ પાલન કરી, ક્રમે કરીને પ્રતિમા વહન કરી, સંયમ ગ્રહણ કરવું જોઈએ.

વળી, આ ક્રમ સ્વીકારવામાં બીજો હેતુ આપ્યો કે - ગુણસ્થાનકક્રમમાં અવ્યભિચાર છે. તેનો આશય એ છે કે, જીવને ગુણસ્થાનકની પ્રાપ્તિ કર્મની સ્થિતિની લઘુતાથી થાય છે. તેથી અંતઃકોટાકોટિ કર્મની સ્થિતિમાં કાંઈક સ્થિતિ ઘટ્યા પછી જીવ સમ્યક્ત્વ પામે છે, અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પણ કાંઈક કર્મની સ્થિતિ ઘટ્યા પછી દેશવિરતિની=પાંચમા ગુણસ્થાનકની, પ્રાપ્તિ થાય છે. તેથી ચોથા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનકની સીધી પ્રાપ્તિ થતી નથી, પરંતુ ગુણસ્થાનકના ક્રમથી ચોથા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. માટે જેઓ અતિ વીર્યવાળા છે, તેઓ અત્યંત સુદૃઢ ઉપયોગ દ્વારા અલ્પકાળમાં

જ ચોથા ગુણસ્થાનકથી પાંચમા ગુણસ્થાનકે જઈને છઠ્ઠા ગુણસ્થાનકમાં જાય છે, પરંતુ તેઓને પાંચમા ગુણસ્થાનકના પ્રાપ્તિકાળ જેટલી કર્મની લઘુસ્થિતિ દ્રવ્યસ્તવની આચરણાથી થતી નથી, પરંતુ સંયમને અભિમુખ વધતા જતા શુભભાવથી જ જ્યારે કર્મની સ્થિતિ કાંઈક ઓછી થાય છે ત્યારે પાંચમું ગુણસ્થાનક સ્પર્શે છે, અને ત્યાર પછી જ છઠ્ઠું ગુણસ્થાનક આવે છે. તેથી કોઈક મહાવીર્યવાળો જીવ અલ્પકાળમાં ચોથા ગુણસ્થાનકથી પાંચમા ગુણસ્થાનકને સ્પર્શીને તરત જ છઠ્ઠા ગુણસ્થાનકને સ્પર્શી શકે તેના દૃષ્ટાંતથી, અલ્પવીર્યવાળો જીવ પણ દેશવિરતિનું પાલન કર્યા વગર સર્વવિરતિમાં જવા યત્ન કરે તો, પોતાનું તેવું મહાવીર્ય નહિ હોવાથી સર્વવિરતિ ગ્રહણ કરીને પાંચમા ગુણસ્થાનક જેટલી પણ શક્તિનો સંચય થાય નહિ અને છઠ્ઠું ગુણસ્થાનક પણ પ્રાપ્ત થાય નહિ. તેથી ગુણસ્થાનકની પ્રાપ્તિ માટે ક્રમસર ગુણસ્થાનકનાં પ્રતિબંધક કર્મોનો ક્ષય થાય તેવી ઉચિત આચરણા કરીને જે ગુણસ્થાનકની શક્તિનો સંચય થાય તેમાં યત્ન કરવો જોઈએ. વળી ઉપર ઉપરના ગુણસ્થાનક માટે તો મહાશક્તિની અપેક્ષા છે. તેથી પણ સામાન્ય રીતે જીવે દેશવિરતિનું પાલન કરી પ્રતિમા વહન કરી દેશવિરતિના ઉપર ઉપરના કંડકોને પ્રાપ્ત કરી, સર્વવિરતિની નજીકની ભૂમિકાને પામે ત્યારે તેના માટે યત્ન કરે તો પરિશુદ્ધ ભાવસ્તવ પ્રાપ્ત થઈ શકે. તેથી સંયમના અર્થી જીવે પ્રતિમાપાલનમાં અનિયમ છે તેમ કહીને, સમ્યગ્ દ્રવ્યસ્તવથી શક્તિનો સંચય કર્યા વગર સર્વવિરતિમાં જવું ઉચિત નથી.

આ પ્રકારનો અર્થ વિશેષ જિજ્ઞાસુએ પંચાશક-૧૦/૪૯માં જોવો અને પંચાશકની પૂજ્ય અભયદેવસૂરિ મહારાજની ટીકામાં સ્પષ્ટ લખેલ છે કે, આ કાળમાં વિશેષથી પ્રતિમાપાલનના ક્રમથી સંયમ લેવું ઉચિત છે. **॥૧૯૫॥**

અવતરણિકા :-

उक्तमेव स्पष्टयति –

અવતરણિકાર્થ :-

ઉક્તને જ સ્પષ્ટ કરે છે=જે શ્રાવક પલશત જેટલા ભારને વહન કરવા સમર્થ નથી, તે પર્વત જેટલા સર્વવિરતિના ભારને વહન કરી શકે નહિ, એમ જે પૂર્વે ગાથા-૧૯૫માં કહ્યું, તે ઉક્તને જ= કહેવાયેલાને જ, સ્પષ્ટ કરે છે –

ગાથા :-

"जो बज्झचाएणं णो इत्तरियं पि णिग्गहं कुणइ ।
इह अप्पणो सया से सव्वचाएण कहं कुज्जा" ।।१९६।।

ગાથાર્થ :-

અહીં=સંસારમાં, જે જીવ બાહ્ય ત્યાગ વડે થોડો કાળ પણ નિગ્રહ કરતો નથી, તે જીવ સદા= હંમેશાં, સર્વ ત્યાગ વડે કેવી રીતે આત્માનો=પોતાનો, નિગ્રહ કરી શકે ? અર્થાત્ ન કરી શકે. ॥૧૯૬॥

ટીકા :-

यो बाह्यत्यागेन=बाह्यवित्तव्ययेन, इत्वरमपि निग्रहं न करोति वन्दनादाविहात्मनः क्षुद्रः सदाऽसौ यावज्जीवं सर्वत्यागेन कथं कुर्यादात्मनो निग्रहमिति गाथार्थः ।।१९६।।

ટીકાર્થ :-

यो ..... गाथार्थः ।। અહીં=આ સંસારમાં, જે જીવ બાહ્ય ત્યાગ વડે=બાહ્ય દ્રવ્યના વ્યય વડે, ઈત્વર પણ=થોડો કાળ પણ, વંદનાદિમાં નિગ્રહ કરતો નથી, ક્ષુદ્ર એવો આ=જીવ, યાવજ્જીવ સર્વ ત્યાગ વડે આત્માનો નિગ્રહ કેવી રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૯૬।।

ભાવાર્થ :-

જે જીવ ગૃહસ્થ અવસ્થામાં પણ બાહ્ય ધનના વ્યયથી ભગવાનની ભક્તિ કે સાધુની ભક્તિ કરતો હોય ત્યારે, વંદનાદિ ક્રિયાકાળમાં, ભગવાનના ગુણોથી આત્માને રંજિત કરીને કે સાધુના સંયમજીવનથી આત્માને રંજિત કરીને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી શકતો નથી, પરંતુ ભગવાનની ભક્તિના કાળમાં પણ આજુબાજુનાં નિમિત્તો સાથે મનને જોડે છે, અને પોતાની ભક્તિને જોઈને અન્ય કોઈ પ્રશંસા કરે છે, એ બધા ભાવોથી, ભક્તિના કાળમાં પણ ચિત્તને મલિનભાવથી વાસિત કરે છે, તેવા જીવો બાહ્ય સામગ્રીના વ્યયથી પણ ઉત્તમ ભાવ કરી શકવા સમર્થ બનતા નથી. તે સર્વ જીવો યોગમાર્ગમાં ક્ષુદ્ર પ્રકૃતિવાળા છે, આથી જ અનાદિના અભ્યાસ પ્રમાણે ઉત્તમ સામગ્રી, ઉત્તમ એવા ભગવાનનું અવલંબન વગેરે હોવા છતાં પોતાની તુચ્છ પ્રકૃતિ પ્રમાણે વચ્ચે વચ્ચે તુચ્છ ભાવો કરે છે, અને ભગવાનની ભક્તિથી પણ વિશેષ પ્રકારનું વીર્ય સંચિત કરવા સમર્થ બનતા નથી. અને આવા જીવો જ્યારે સર્વવિરતિ ગ્રહણ કરે ત્યારે સર્વથા બાહ્ય દ્રવ્યસામગ્રીનો અભાવ થવાથી, જે બાહ્ય દ્રવ્યસામગ્રીના બળથી યત્કિંચિત્ શુભભાવ કરી શકતા હતા, તે પણ કરી શકતા નથી; અને સંયમ ગ્રહણ કર્યા પછી નિરવદ્ય સંયમયોગોને અનુકૂળ શક્તિનો સંચય કરેલ નહિ હોવાથી, આત્માનો તે રીતે નિગ્રહ પણ કરી શકતા નથી, તેથી બાહ્ય રીતે સંયમવેશમાં હોવા છતાં અને સ્થૂલથી કદાચ બાહ્ય ક્રિયાઓ કરતા હોવા છતાં, ઇન્દ્રિયોનો અનિગ્રહ હોવાથી વારંવાર વિષયોના ભાવોને કરીને આત્માના હિતને બદલે અહિત સાધે છે. માટે તેવા જીવોએ પ્રથમ દ્રવ્યસ્તવમાં જ સુદૃઢ અભ્યાસ કરીને ઉત્તમ સામગ્રી આદિના બળથી ભગવાનની ભક્તિ કરીને આત્માને સંપન્ન કરવો જોઈએ; કેમ કે મોક્ષની પ્રાપ્તિ ભાવથી થાય છે અને ભાવની નિષ્પત્તિમાં દ્રવ્યક્રિયાઓ સહાયક છે. છતાં જે દ્રવ્યક્રિયાઓ ભાવનિષ્પત્તિનું કારણ ન બને તેવી દ્રવ્યક્રિયાઓ આત્મકલ્યાણનું કારણ બની શકતી નથી. માટે દ્રવ્યસ્તવથી સર્વવિરતિની શક્તિનો સંચય કરીને સર્વવિરતિ ગ્રહણ કરવામાં યત્ન કરવો જોઈએ, એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો ભાવાર્થ છે. **॥૧૯૬॥**

અવતરણિકા :-

અનયોરેવ ગુરુલાઘવવિધિમાહ –

અવતરણિકાર્થ :-

આ બેના જ=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના જ, ગુરુ-લાઘવની વિધિને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"आरंभच्चाएणं नाणाइगुणेसु वड्ढमाणेसु ।
दव्वथयपरिहाणीवि ण होइ दोसाय परिसुद्धा" ।।१९७।।

ગાથાર્થ :-

આરંભના ત્યાગ વડે જ્ઞાનાદિ ગુણ વધતે છતે, પરિશુદ્ધ દ્રવ્યસ્તવની પરિહાનિ પણ દોષ માટે થતી નથી. ।।૧૯૭।।

ટીકા :-

आरंभत्यागेन हेतुना ज्ञानादिगुणेषु वर्द्धमानेषु सत्सु द्रव्यस्तवहानिरपि तत्कर्तुर्दोषाय न भवति परिशुद्धा=सानुबन्धा, इति गाथार्थः ।।१९७।।

ટીકાર્થ :-

आरंभत्यागेन ..... गाथार्थः ।। આરંભત્યાગરૂપ હેતુ વડે કરીને જ્ઞાનાદિ ગુણ વર્ધમાન હોતે છતે, પરિશુદ્ધ=સાનુબંધ દ્રવ્યસ્તવની હાનિ પણ તેના કર્તાને=ભાવસ્તવ કરનારને, દોષ માટે થતી નથી. ।।૧૯૭।।

ભાવાર્થ :-

જે સાત્ત્વિક જીવ સર્વ આરંભનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરે છે, ત્યાર પછી જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણ વધે એ રીતે સુદૃઢ યત્નપૂર્વક સંયમયોગોમાં ઉત્થિત રહે છે, તે જીવનો નિઃસંગ ભાવ હોવાને કારણે જેમ જેમ શાસ્ત્ર ભણે છે તેમ તેમ શાસ્ત્ર સમ્યક્ પરિણમન પામે છે. તેથી શાસ્ત્રાધ્યયનની ક્રિયાથી જ સાધુને રત્નત્રયીની વૃદ્ધિ થાય છે.

આ રીતે જે જીવ સંયમ ગ્રહણ કરે છે તે જીવ, સંયમ ગ્રહણ કરતાં પૂર્વે જે દ્રવ્યસ્તવનું સારી રીતે પાલન કરીને ભગવાનની ભક્તિથી ઉત્તમ ચિત્ત પેદા કરતો હતો, તે દ્રવ્યસ્તવની સંયમ ગ્રહણ કર્યા પછી હાનિ થાય છે, તેથી તે દ્રવ્યસ્તવજન્ય ઉત્તમ ભાવો વર્તમાનમાં થતા દેખાતા નથી. તેથી કોઈને શંકા થાય કે, સંયમ ગ્રહણ કરવાથી દ્રવ્યસ્તવની હાનિ થશે, તે દોષરૂપ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે -

દ્રવ્યસ્તવનું કાર્ય ભાવસ્તવની નિષ્પત્તિ છે અર્થાત્ ભગવાનની ભક્તિ કરીને શ્રાવકે પોતાના આત્માને એ રીતે વાસિત કરવો જોઈએ કે 'જે રીતે ભગવાન પરમ નિઃસ્પૃહી બન્યા તેમ હું પણ પરમ નિઃસ્પૃહી

બનું.' આ રીતે પૂજા દ્વારા નિઃસ્પૃહતાને અભિમુખ ચિત્ત જે શ્રાવક પેદા કરતો હોય છે, તે જ શ્રાવકને જ્યારે સંયમ ગ્રહણ કરે છે ત્યારે, સર્વ સાવદ્યનો ત્યાગ કરવાને કારણે નિઃસ્પૃહી એવા મુનિ જેવું તેનું ચિત્ત પેદા થાય છે, આથી જ નવું નવું અધ્યયન કરીને તે રત્નત્રયીની વૃદ્ધિ કરે છે. તે વખતે તેને દ્રવ્યસ્તવની હાનિ થાય છે, તોપણ તે પરિશુદ્ધ છે, તેથી તે દ્રવ્યસ્તવની હાનિ સાનુબંધ છે=ફળવાળી છે=દ્રવ્યસ્તવનું જે ફળ ભાવસ્તવ છે, તેને નિષ્પન્ન કરીને થયેલી હાનિ છે, માટે દોષનું કારણ નથી.

પ્રસ્તુત ગાથાની અવતરણિકામાં કહ્યું કે, ભાવસ્તવના અને દ્રવ્યસ્તવના ગુરુ-લાઘવની વિધિને કહે છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, જે જીવ સંયમ ગ્રહણ કરીને જ્ઞાનાદિની વૃદ્ધિ કરી શકે છે, તેવા જીવ માટે ભાવસ્તવ ગુરુ છે અને દ્રવ્યસ્તવ લઘુ છે. તેથી લઘુ એવા દ્રવ્યસ્તવને છોડીને ગુરુભૂત એવા ભાવસ્તવનું જે સેવન કરે તે દોષરૂપ નથી, પરંતુ લઘુભૂત એવા દ્રવ્યસ્તવને છોડી દે અને ગુરુભૂત એવા સંયમને ગ્રહણ કરીને જ્ઞાનાદિની વૃદ્ધિ ન કરી શકે, તેને માટે દ્રવ્યસ્તવની હાનિ દોષ માટે છે. **॥૧૯૭॥**

અવતરણિકા :-

इहैव तन्त्रयुक्तिमाह –

અવતરણિકાર્થ :-

અહીંયાં જ=પૂર્વે ગાથા-૧૯૬માં બતાવ્યું કે, દ્રવ્યસ્તવ પણ કરવા જે સમર્થ નથી તે સર્વત્યાગથી ભાવસ્તવ કઈ રીતે કરી શકશે ? તેથી એ ફલિત થયું કે, દ્રવ્યસ્તવ દ્વારા શક્તિ સંચિત કરીને જ સંયમ ગ્રહણ કરવું જોઈએ. એમાં જ તંત્રયુક્તિને=શાસ્ત્રયુક્તિને, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"एत्तो च्चिय णिदिट्ठो धम्मम्मि चउव्विहम्मि वि कमोयं ।
इह दाणसीलतवभावणामए अण्णहाऽजोगा" ।।१९८।।

ગાથાર્થ :-

આથી કરીને જ=દ્રવ્યસ્તવનો પ્રથમ ભાવ છે આથી કરીને જ, અહીંયાં=પ્રવચનમાં દાન, શીલ, તપ અને ભાવનામય ચાર પ્રકારના ધર્મમાં પણ આ ક્રમ નિર્દિષ્ટ=કહેવાયેલો છે. અન્યથા=આ ક્રમને છોડીને (આ ધર્મનો) અયોગ છે. ॥૧૯૮॥

ટીકા :-

अत एव द्रव्यस्तवादिभावान्निर्दिष्टो भगवद्भिः धर्मे चतुर्विधेऽपि क्रमोऽयं वक्ष्यमाणः । इह= प्रवचने, दानशीलतपोभावनामये धर्मे, अन्यथाऽयोगादस्य धर्मस्येति गाथार्थः ।।१९८।।

ટીકાર્થ :-

अत ..... गाथार्थः ।। આથી જ=દ્રવ્યસ્તવનો આદિ ભાવ છે=પ્રથમ ભાવ છે આથી જ, અહીંયાં=

પ્રવચનમાં, દાન-શીલ-તપ અને ભાવનામય ધર્મમાં આ=વક્ષ્યમાણ=આગળમાં કહેવાશે એ, ક્રમ, ભગવાન વડે નિર્દિષ્ટ=કહેવાયેલો છે. અન્યથા=આ ક્રમને છોડીને, આ ધર્મનો=દાનાદિ ચાર પ્રકારના ધર્મનો, અયોગ છે. ॥૧૯૮॥

ભાવાર્થ :-

પૂર્વે ગાથા-૧૯૬માં બતાવ્યા પ્રમાણે પ્રાયઃ દ્રવ્યસ્તવથી જ જીવો ભાવસ્તવની યોગ્યતાને પ્રાપ્ત કરે છે, તેથી દ્રવ્યસ્તવ કારણ છે અને ભાવસ્તવ કાર્ય છે. આ રીતે ભાવસ્તવમાં દ્રવ્યસ્તવનો આદિભાવ છે, તેના કારણે જ ભગવાને દાન-શીલ-તપ અને ભાવમય ચાર પ્રકારના ધર્મનો ક્રમ બતાવ્યો છે; કેમ કે આદિભાવવાળો દ્રવ્યસ્તવરૂપ દાનધર્મ આવે નહિ ત્યાં સુધી ભાવસ્તવરૂપ શીલાદિ ઉપર-ઉપરના ધર્મો આવે નહિ.

ગ્રંથકારશ્રીનો આશય એ છે કે, દ્રવ્યસ્તવ સેવીને જીવ પ્રાયઃ કરીને ભાવસ્તવને યોગ્ય થાય છે, તેથી કરીને ભગવાને ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ દાનધર્મ બતાવેલ છે.

વળી ચાર પ્રકારના ધર્મનો આ ક્રમ છોડીને ધર્મની નિષ્પત્તિ થતી નથી. તેથી કોઈ જીવ દ્રવ્યસ્તવ કરી શકતો ન હોય, આમ છતાં સંયમ ગ્રહણ કરીને ભાવસ્તવમાં યત્ન કરે તો તે જીવમાં ભાવસ્તવ પ્રગટ થાય નહિ. માટે ધર્મની નિષ્પત્તિના અર્થીએ દ્રવ્યસ્તવની શક્તિનો સંચય કરીને સંપન્ન થયેલા વીર્યવાળા થઈને ભાવસ્તવમાં યત્ન કરવો જોઈએ, એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો ધ્વનિ છે. **॥૧૯૮॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ કહે છે=પૂર્વે ગાથા-૧૯૮માં કહ્યું કે, દાન, શીલ, તપ અને ભાવનામય ચાર પ્રકારના ધર્મમાં, આગળ કહેવાશે એ ક્રમ વગર, આ ધર્મનો અયોગ છે. એ જ ક્રમને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"संतंपि बज्झमणिच्चं ठाणे दाणंपि जो न वियरेइ ।
इह खुद्दओ कहं सो सीलं अइदुद्धरं धरइ ।।१९९।।
अस्सीलो ण य जायइ सुद्धस्स तवस्स हंदि विसओवि ।
जहसत्तीएऽतवस्सी भावइ कहं भावणाजालं" ।।२००।।

ગાથાર્થ :-

વિદ્યમાન એવા બાહ્ય અને અનિત્ય એવા પિંડાદિદાનને પણ જે જીવ સ્થાનમાં=પાત્રાદિમાં, આપતો નથી, એ પ્રકારનો ક્ષુદ્ર એવો તે જીવ, કેવી રીતે અતિદુર્ધર એવા શીલને ધારણ કરી શકે ? અર્થાત્ ન કરી શકે. ॥૧૯૯॥

અને અશીલ, શુદ્ધ એવા તપનો વિષય પણ થતો નથી, અને યથાશક્તિ અતપસ્વી=તપ નહિ કરનાર, ભાવના સમુદાયને કેવી રીતે ભાવન કરી શકે ? અર્થાત્ ન કરી શકે. ।।૨૦૦।।

ટીકા :-

सद्=विद्यमानं, बाह्यं=आत्मनो भिन्नम्, अनित्यम्=अशाश्वतं, स्थाने=पात्रादौ, दानमपि पिण्डादि, यो न वितरति=न ददाति, क्षौद्र्यात्, 'इय'=एवं क्षुद्रो=वराकः, कथमसौ शीलं महापुरुषासेवितमतिदुर्द्धरं धारयति ? नैवेति गाथार्थः ।।१९९।।

अशीलश्च न जायते शुद्धस्य तपसो मोक्षाङ्गभूतस्य, हंदि विषयोऽपि, यथाशक्ति वाऽतपस्वी मोहपरतया भावयति कथं भावनाजालम् ? तत्त्वतो नैवेति गाथार्थः ।।२००।।

ટીકાર્થ :-

सद् ..... गाथार्थः ।। सत्=विद्यमान એવા બાહ્ય=આત્માથી ભિન્ન, અનિત્ય=અશાશ્વત એવા પિંડાદિદાનને પણ સ્થાનમાં=પાત્રાદિમાં, જે જીવ ક્ષુદ્રપણાને કારણે આપતો નથી, એવા પ્રકારે ક્ષુદ્ર= વરાક=રાંકડો એવો આ જીવ, મહાપુરુષથી સેવિત અતિદુર્ધર એવા શીલને કેવી રીતે ધારણ કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૯૯।।

अशीलश्च ..... गाथार्थः ।। અને જે અશીલ છે, તે મોક્ષના અંગભૂત એવા શુદ્ધ તપનો વિષય પણ બનતો નથી, અને યથાશક્તિ અતપસ્વી=તપને નહિ કરનાર, મોહમાં તત્પર હોવાને કારણે ભાવના સમુદાયને કેવી રીતે ભાવન કરી શકે ? અર્થાત્ તત્ત્વથી ન જ કરી શકે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨૦૦।।

ભાવાર્થ :-

ધન એ આત્માથી ભિન્ન છે અને અશાશ્વત છે. આમ છતાં જે જીવ પોતાની શક્તિના અતિશયથી સુપાત્રમાં ધનને આપી શકે નહિ કે ભગવાનની ભક્તિમાં વાપરી શકે નહિ, તે તેનો ક્ષુદ્ર ભાવ છે. તેવો જીવ દેશવિરતિરૂપ કે સર્વવિરતિરૂપ શીલ બાહ્યથી પાળતો હોય તોપણ તત્ત્વથી પાળવા સમર્થ થતો નથી; કેમ કે પોતાનાથી ભિન્ન એવા ધનનો પ્રતિબંધ છોડવો જે જીવને દુષ્કર છે, તેવા જીવને પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો છોડવા અતિ દુષ્કર છે. છતાં ક્વચિત્ તથાવિધ બાહ્ય વિષયસામગ્રીના અભાવને કારણે બાહ્ય આચરણારૂપે તે વ્રતોને પાળતો હોય તોપણ તત્ત્વથી વિષયોનો પ્રતિબંધ છોડી શકતો નથી. અને જે જીવ દાન અને શીલ બંને કરી ન શકે અથવા દાન કરી શકતો હોય અને શીલ પાળી ન શકે, તેવો જીવ શુદ્ધ તપને કરી શકે નહિ.

ક્વચિત્ બાહ્યથી તે માસક્ષમણાદિ કરી લે તોપણ શરીર પ્રત્યેના નિર્મમભાવના અનન્ય ઉપાયભૂત એવા શુદ્ધ તપને તે કરી શકે નહિ; કેમ કે પ્રથમ તુચ્છ એવા ધનાદિ પ્રત્યે નિર્મમભાવ કરવો સહેલો હોય

છે, તેના કરતાં ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે નિર્મમભાવ કરવો કાંઈક દુષ્કર હોય છે, અને ધનાદિ પ્રત્યે અને ઇન્દ્રિયો પ્રત્યે નિર્મમભાવ થયા પછી શરીર પ્રત્યેનો નિર્મમભાવ ઉત્થિત થાય તેવો શુદ્ધ તપ સંભવે છે. અને જેઓ શક્તિ પ્રમાણે તપ કરીને શરીર પ્રત્યે નિર્મમભાવ કરી શકતા નથી, તેઓ અનિત્યાદિ બાર પ્રકારની ભાવનાઓ કેવી રીતે ભાવી શકે કે જેથી ભાવધર્મ નિષ્પન્ન થાય ? ક્વચિત્ શબ્દોથી ભાવનાઓને ભાવન કરે, પરંતુ શરીર પ્રત્યેના મમત્વને કારણે તે ભાવો ચિત્તને સ્પર્શતા નથી. તેથી શક્તિને અનુરૂપ તપ કર્યા પછી જ ભાવધર્મ તત્ત્વથી નિષ્પન્ન થઈ શકે છે. **॥૧૯૯-૨૦૦॥**

ગાથા :-

"एत्थ कमे दाणधम्मो दव्वथयरूवमो गहेयव्वो ।
सेसाउ सुपरिसुद्धा णेया भावत्थय सरूवा" ।।२०१।।

ગાથાર્થ :-

આ ક્રમમાં દાનધર્મ દ્રવ્યસ્તવરૂપ જ ગ્રહણ કરવો. વળી સુપરિશુદ્ધ એવા શેષ=શીલધર્માદિ ભાવસ્તવ રૂપ જાણવા. ।।૨૦૧।।

ટીકા :-

अत्र क्रमे दानधर्मो द्रव्यस्तवरूप एव ग्राह्योऽप्रधानत्वात् शेषास्तु सुपरिशुद्धाः शीलधर्मादयो ज्ञेयाः भावस्तवरूपाः प्रधानत्वात् ।।२०१।।

ટીકાર્થ :-

अत्र ..... प्रधानत्वात् ।। આ ક્રમમાં દાનધર્મ દ્રવ્યસ્તવરૂપ જ ગ્રહણ કરવો; કેમ કે અપ્રધાનપણું છે. વળી સુપરિશુદ્ધ એવા શેષ=શીલધર્માદિ, ભાવસ્તવરૂપ જાણવા; કેમ કે પ્રધાનપણું છે. ।।૨૦૧।।

ભાવાર્થ :-

દાન, શીલ, તપ અને ભાવના ક્રમમાં દાનધર્મ દ્રવ્યસ્તવરૂપ ગ્રહણ કરવો; કેમ કે દાનધર્મનું મોક્ષરૂપ કાર્ય પ્રતિ સાક્ષાત્ કારણપણું નથી, પરંતુ ભાવસ્તવ દ્વારા કારણપણું છે એ રૂપ અપ્રધાનપણું છે અને દાન ક્રિયા દ્વારા પણ ગુણવાન પ્રત્યેનો બહુમાનભાવ થાય તો જ ધર્મ બને, પરંતુ તેવો કોઈ ભાવ ન થાય તો અભિનવ શ્રેષ્ઠિની જેમ ધર્મ બને નહિ; અને સુપરિશુદ્ધ એવા શીલધર્માદિ ભાવસ્તવરૂપ જાણવા; કેમ કે મોક્ષરૂપ કાર્ય પ્રતિ સાક્ષાત્ કારણભાવ હોવાથી તેનું પ્રધાનપણું છે અર્થાત્ મોક્ષરૂપ કાર્ય પ્રતિ શીલ, તપ અને ભાવ સાક્ષાત્ કારણ છે; કેમ કે શીલાદિ ત્રણ ધર્મમાં સાક્ષાત્ મોક્ષને અનુકૂળ નિર્લેપ પરિણતિ જ છે અને તે ત્રણેમાં પણ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરમાં અધિક નિર્લેપ પરિણતિ છે.

અહીં વિશેષ એ છે કે, શીલાદિ ધર્મો પણ તરત જ મોક્ષ નિષ્પન્ન કરતા નથી, પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને મોક્ષ પ્રતિ કારણ છે, તોપણ શીલાદિ ધર્મત્વેન શીલાદિ ધર્મ સાક્ષાત્ કારણ છે. જ્યારે દાનધર્મ

બાહ્યક્રિયાત્મક હોવાથી સાક્ષાત્ કારણ નથી, પરંતુ ભાવધર્મની નિષ્પત્તિ દ્વારા કારણ છે. તેથી દાનધર્મ મોક્ષ પ્રતિ અપ્રધાન કારણ છે.

અહીં 'સુપરિશુદ્ધ એવા શીલાદિ' કહ્યા, તેનો અર્થ એ છે કે, પરિપૂર્ણ નિરતિચાર કે પરાકોટિના શીલાદિ ધર્મો માત્ર ગ્રહણ કરવાના નથી, પરંતુ પ્રણિધાનાદિ આશયથી સંવલિત હોવાના કારણે મોક્ષ પ્રતિ કારણ બને તેવા શીલાદિ ધર્મો ગ્રહણ કરવાના છે. અને આથી જે જીવ વિદ્યમાન પણ ધનનો સુપાત્રમાં વ્યય કરી શકતો નથી, તે જીવ બાહ્ય આચરણારૂપ શીલાદિ પાળતો હોય તોપણ તેના શીલાદિ ધર્મો સુપરિશુદ્ધ નથી. **॥૨૦૧॥**

અવતરણિકા :-

ઇહૈવાતિદેશમાહ –

અવતરણિકાર્થ :-

અહીંયાં જ અતિદેશને કહે છે=પૂર્વે ગાથા-૨૦૧માં દાન-શીલ-તપ અને ભાવમય ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ દાનધર્મને દ્રવ્યસ્તવરૂપે અને શીલાદિ ધર્મને ભાવસ્તવ રૂપે બતાવ્યો. એમાં જ અતિદેશને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"इय आगमजुत्तीहि य तं तं सुत्तमहिगिच्च धीरेहिं ।
दव्वथयाइरूवं विवेइयव्वं सुबुद्धीए" ।।२०२।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વે ગાથા-૨૦૧માં ચાર પ્રકારના ધર્મમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો વિભાગ બતાવ્યો એ રીતે, આગમની યુક્તિઓ દ્વારા તે તે સૂત્રને આશ્રયીને ધીર પુરુષો વડે=બુદ્ધિમાન વડે, દ્રવ્યસ્તવાદિના સ્વરૂપનું સ્વબુદ્ધિ વડે વિવેચન કરવું અર્થાત્ આ દ્રવ્યસ્તવરૂપ ધર્મ છે અને આ ભાવસ્તવરૂપ ધર્મ છે, એ પ્રકારે વિભાગ કરવો. ॥૨૦૨॥

ટીકા :-

'इय' एवमागमयुक्तिभिस्तत्तत्सूत्रमधिकृत्य धीरैः=बुद्धिमद्भिः, द्रव्यस्तवादिरूपं सम्यगालोच्य विवेक्तव्यं स्वबुद्ध्या इति गाथार्थः ।।२०२।।

ટીકાર્થ :-

'इय' ..... गाथार्थः ।। આ રીતે=પૂર્વે ગાથા-૨૦૧માં ચાર પ્રકારના ધર્મમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો વિભાગ બતાવ્યો એ રીતે, આગમની યુક્તિઓ દ્વારા તે તે સૂત્રને આશ્રયીને ધીર

પુરુષો વડે=બુદ્ધિમાનો વડે, સ્વબુદ્ધિથી દ્રવ્યસ્તવાદિનું સ્વરૂપ સમ્યગ્ આલોચન કરીને વિવેચન કરવું અર્થાત્ આ દ્રવ્યસ્તવરૂપ ધર્મ છે અને આ ભાવસ્તવરૂપ ધર્મ છે, એ પ્રકારે વિભાગ કરવો. ॥૨૦૨॥

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથામાં અતિદેશથી એ કહેવું છે કે, દાન, શીલ, તપ અને ભાવમય ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મને દ્રવ્યસ્તવરૂપે કહ્યો અને શીલ, તપ અને ભાવધર્મને ભાવસ્તવરૂપે કહ્યો. એ રીતે શાસ્ત્રમાં અનુષ્ઠાનને કહેનારાં જે જે સૂત્રો છે, તેને આશ્રયીને આ અનુષ્ઠાન કે ધર્મ દ્રવ્યસ્તવરૂપ છે અને આ અનુષ્ઠાન કે ધર્મ ભાવસ્તવરૂપ છે, એ પ્રકારનો વિભાગ સ્વબુદ્ધિથી સમ્યગ્ વિચારીને બુદ્ધિમાનોએ કરી લેવો જોઈએ.

આશય એ છે કે, આગમમાં તે તે અનુષ્ઠાનને બતાવનારાં સૂત્રો છે, પરંતુ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં ન આવે તો કયું અનુષ્ઠાન દ્રવ્યસ્તવ રૂપ છે અને કયું અનુષ્ઠાન ભાવસ્તવ રૂપ છે, તેનો ખ્યાલ ન આવે. જેમ ચાર પ્રકારના ધર્મમાં પણ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં ન આવે તો ખ્યાલ ન આવે કે દાનધર્મ દ્રવ્યસ્તવ રૂપ છે અને બાકીના ત્રણ ધર્મો ભાવસ્તવ રૂપ છે. તેથી ગ્રંથકારશ્રીએ અહીં તેનું યોજન કરીને પૂર્વમાં બતાવ્યું. હવે સૂચન કરે છે કે, જેમ અમે પૂર્વમાં ચાર પ્રકારના ધર્મમાં દ્રવ્યસ્તવનું અને ભાવસ્તવનું યોજન કરીને બતાવ્યું, તેમ તે તે શાસ્ત્રમાં બતાવાયેલ સર્વ અનુષ્ઠાનો પણ કોઈક રીતે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવરૂપ છે, તેની વિચારણા સ્વબુદ્ધિથી કરવી, જેથી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવથી સંગૃહીત સંપૂર્ણ ધર્મ વિસ્તારથી અનેક ભેદવાળો છે, તે રીતે બોધ થાય. **॥૨૦૨॥**

અવતરણિકા :-

ઉપસંહારમાહ –

અવતરણિકાર્થ :-

સ્તવપરિજ્ઞાના ઉપસંહારને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"એસેહ થયપરિણ્ણા સમાસઓ વણ્ણિયા મએ તુબ્ભં ।
વિત્થરતો ભાવત્થો ઇમીએ સુત્તાઉ ણાયવ્વો" ।।૨૦૩।।

ગાથાર્થ :-

આ=આગળમાં વર્ણન કરાઈ એ, સ્તવપરિજ્ઞા અહીંયાં=પંચવસ્તુક ગ્રંથમાં મારા વડે તમને સંક્ષેપમાં વર્ણન કરાઈ. વિસ્તારથી આનો=સ્તવપરિજ્ઞાનો, ભાવાર્થ સૂત્રથી જાણવો. ॥૨૦૩॥

ટીકા :-

एषेह स्तवपरिज्ञापद्धतिः समासतो वर्णिता मया युष्माकम् । विस्तरतो भावार्थोऽस्याः स्तवपरिज्ञायाः सूत्रात् ज्ञातव्य इति । शिवम् ।।२०३।।

ટીકાર્થ :-

एषेह ..... शिवम् ।। આ=આગળમાં વર્ણન કરાઈ એ સ્તવપરિજ્ઞા પદ્ધતિ, અહીંયાં=પંચવસ્તુક ગ્રંથમાં, મારા વડે=આચાર્ય હરિભદ્રસૂરિ વડે, તમને સંક્ષેપમાં વર્ણન કરાઈ. વિસ્તારથી આનો= સ્તવપરિજ્ઞાનો, ભાવાર્થ સૂત્રથી જાણવો. 'इति' શબ્દ સ્તવપરિજ્ઞા ગ્રંથની સમાપ્તિસૂચક છે. ।।૨૦૩।।

❖ शिवम्=કલ્યાણ થાઓ.

ભાવાર્થ :-

સ્તવપરિજ્ઞાનો ઉપસંહાર કરતાં આચાર્યભગવંત શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે, આ વર્ણન કરાયેલી સ્તવપરિજ્ઞારૂપ પદ્ધતિ=ગ્રંથ, પોતે સંક્ષેપથી વર્ણન કરેલ છે. આ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાનના સ્તવરૂપ પ્રસ્તુત ગ્રંથ છે અને તે ભગવાનના સ્તવના તાત્પર્યને બતાવનાર સ્તવપરિજ્ઞા છે અને તેનો વિસ્તાર અર્થ તો સંપૂર્ણ યોગમાર્ગ છે; કેમ કે ભગવાનના સમ્યગ્ પ્રકારના સ્તવથી યોગમાર્ગ નિષ્પન્ન થાય છે અને ઉત્તરોત્તર અધિક અધિક થાય છે.

વળી, ઉપરનો યોગમાર્ગ ભાવસ્તવરૂપ છે, જે અંતે વીતરાગતામાં વિશ્રાંત થનાર છે. આવા પ્રકારના ભગવાનના સ્તવનો બોધ કરાવનાર આ ગ્રંથ પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ પોતે અતિસંક્ષેપથી કહેલ છે, અને વિસ્તારની રુચિવાળાએ ભગવાને બતાવેલા યોગમાર્ગને બતાવનારા સૂત્રથી જાણી લેવો જોઈએ, જેથી ખ્યાલ આવે કે, ભગવાનની દ્રવ્યસામગ્રીથી સ્તુતિ શું છે ? અને ભાવથી ભગવાનની સ્તુતિ શું છે ?

❖ સ્તવપરિજ્ઞાના અંતમાં કલ્યાણ થાઓ, એ પ્રકારની ભાવના અર્થે 'शिवं' શબ્દ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ લખેલ છે. તેથી આ ગ્રંથ ભણીને જીવો કલ્યાણને પ્રાપ્ત કરો, તેવી ભાવના ઉપાધ્યાયજી મહારાજાએ અભિવ્યક્ત કરેલ છે. **॥૨૦૩॥**

।। इति स्तवपरिज्ञा ।।

અવતરણિકા :-

સ્તવપરિજ્ઞા પૂર્ણ થયા પછી આ સ્તવપરિજ્ઞા કેવા ગુણોવાળી છે, તે બતાવે છે –

ટીકા :-

जयइ थयपरिण्णा सारनिठ्ठा सुवन्ना,
सुगुरुकयऽणुन्ना दाणवक्खाणगुन्ना ।
नयनिउणपइन्ना हेउदिट्ठंतपुन्ना;
गुणगणपरिकिन्ना सव्वदोसेहिं सुन्ना ।।१।।

इति स्तवपरिज्ञया किमपि तत्त्वमुच्चैस्तरां,
यशोविजयवाचकैर्यदुदभावि भावार्जितम् ।
ततः कुमतवासनाविषविकारवान्तेर्बुधाः;
सुधारसपानतो भवत तृप्तिभाजः सदा ।।२।।
तन्त्रैः किमन्यैर्भग्नैव भ्रान्तिः स्तवपरिज्ञया ।
ध्वस्ता पान्थतृषा नद्याः कूपाः सन्तु सहस्त्रशः ।।३।।६७।।

टीकार्थ :-

जयइ ..... सुत्ता ।। सारथी भरपूर, सुवर्णवाळी, सुगुरु वडे करायेल अनुज्ञावाळी, दान-व्याख्यानगुणवाळी, नयनिपुणोथी प्रतिज्ञा करायेली, हेतु अने दृष्टांतथी पूर्ण, गुणना समुदायथी परिकीर्ण=युक्त, सर्व दोषोथी शून्य एवी आ स्तवपरिज्ञा जय पामे छे. ।।१।।

नयनिउण ..... सदा ।। आ प्रमाणे श्रीयशोविजय वाचक वडे स्तवपरिज्ञा द्वारा भावथी अर्जित एवुं श्रेष्ठ कांईक पण तत्त्व जे उद्भावन करायुं, तेनाथी कुमतरूप वासनाना विषरूप विकारनुं वमन थवाने कारणे बुधजनो सुधारसना पानथी तृप्तिने सदा भजनारा थाओ. ।।२।।

तन्त्रैः ..... सहस्त्रशः ।। स्तवपरिज्ञा वडे भ्रांति=भ्रम, भांगी जाय ज छे तो अन्य तंत्रो वडे= शास्त्रो वडे, शुं ? नदीथी मुसाफरनी तृषा दूर थई जाय तो हजारो कूवाओ वडे शुं ? ।।३।।

भावार्थ :-

आ स्तवपरिज्ञा – (१) सारनिष्ठ छे=आत्माना माटे अत्यंत कल्याणने करनार एवा योगमार्गना सारथी भरपूर छे.

(२) सुंदर वर्णवाळी छे.

(३) सुगुरु वडे करायेल अनुज्ञावाळी छे=परमगुरु एवा भगवानने आ संमत छे, तेथी ज भगवाने आने प्रमाणभूत तरीके मान्य करीने गणधरादिने अनुज्ञा आपेल छे.

(४) दान-व्याख्यानना गुणवाळी छे=दानधर्मनी व्याख्या आमां करेली छे.

(५) नयनिपुणतानी प्रतिज्ञावाळी छे=युक्तियुक्त एवी नयदृष्टिओ द्रव्यस्तव अने भावस्तव कई रीते मोक्षनुं कारण छे, तेने स्पष्ट बतावनार छे.

(६) हेतु-दृष्टांतथी पूर्ण छे अर्थात् द्रव्यस्तव अने भावस्तव आत्माने कई रीते श्रेयःकारी छे, तेने बतावता माटे उचित हेतुओ अने दृष्टांतथी पूर्ण छे.

(७) गुणना समुदायथी परिकीर्ण छे=आखो योगमार्ग आमां वणायेलो होवाथी गुणना समुदायथी युक्त छे.

(૮) સર્વ દોષોથી શૂન્ય છે=સ્તવપરિજ્ઞાના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ લેશ પણ અકલ્યાણનું કારણ બને તેવી નથી, માટે સર્વ દોષોથી રહિત છે.

આ સ્તવપરિજ્ઞા ગ્રંથના લેખનથી થયેલા સુંદર ભાવોથી ઉપાર્જિત એવું કાંઈક પણ તત્ત્વ, શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ ટીકામાં ઉદ્ભાવન કરેલ છે અને તે તત્ત્વ વિચારક જીવને કુમતની વાસનાના વિષવિકારોનું વમન કરવા માટે સમર્થ છે અર્થાત્ સ્થાનકવાસીની વાસનાના વિષના વિકારોનું વમન કરાવી શકે તેવું છે.

પ્રસ્તુત સ્તવપરિજ્ઞા વાંચનાર જીવ, જો મધ્યસ્થ હોય તો ભગવાનની મૂર્તિ કઈ રીતે ભાવસ્તવનું કારણ બને છે, એ પ્રકારનું તત્ત્વ બુધજનોને પ્રસ્તુત વર્ણનથી પ્રાપ્ત થાય છે અને તે રૂપ અમૃતના રસના પાનથી બુધ પુરુષો સદા તૃપ્તિને પામનારા થાઓ, એમ કહીને ગ્રંથકારશ્રીને એ કહેવું છે કે, આ ગ્રંથના અધ્યયનથી બુધજનોને ખરેખર ભગવાનની મૂર્તિ પૂજનીય છે, તેવી બુદ્ધિ થવાથી, ભગવાનની ભક્તિ કરીને અમૃતના રસનો આસ્વાદ લઈને બુધજનો તૃપ્તિને પામો.

વળી, આ સ્તવપરિજ્ઞા ગ્રંથ સર્વ ભ્રાંતિઓને દૂર કરવા સમર્થ છે. તેથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે અન્ય શાસ્ત્રોની આવશ્યકતા રહેતી નથી; કેમ કે અનેક યુક્તિઓથી પ્રસ્તુત ગ્રંથમાં ભગવાનની મૂર્તિ કઈ રીતે કલ્યાણનું કારણ છે, તે ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. જેમ માર્ગમાં તૃષાતુર મુસાફરને નદીથી તૃષા મટી જતી હોય તો હજારો કૂવાની જરૂર પડતી નથી, તેમ સુવિચારક જીવને પ્રસ્તુત ગ્રંથથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે કે નહિ, તેવો તત્ત્વનિર્ણય કરવાની તૃષા, તત્ત્વની પ્રાપ્તિથી શમી જાય છે, તેને અન્ય શાસ્ત્રોના બળથી તત્ત્વનિર્ણય કરવાની આવશ્યકતા રહેતી નથી. આમ બતાવીને ભગવાનની પ્રતિમા પૂજનીય છે, તેવો નિર્ણય કરવા માટે સ્તવપરિજ્ઞા ગ્રંથ પર્યાપ્ત છે, એમ ગ્રંથકારશ્રીને બતાવવું છે. **॥૬૭॥**

અવતરણિકા :-

સર્વલુમ્પકમતમુપસંહરન્નાહ –

અવતરણિકાર્થ :-

સર્વ લુંપકમતના ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી કહે છે=પ્રતિમાશતક ગ્રંથરત્નમાં અત્યાર સુધી પૂર્વપક્ષ તરીકે જે લુંપાકમતનું નિરૂપણ કરી નિરાકરણ કર્યું તેના ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

इत्येवं शुचिसूत्रवृन्दविदिता निर्युक्तिभाष्यादिभिः
सन्न्यायेन समर्थिता च भगवन्मूर्तिः प्रमाणं सताम् ।
युक्तिस्त्वन्धपरम्पराश्रयहता मा जाघटीद्दुर्धिया-
मेतद्दर्शनवञ्चिता दृगपि किं शून्येव न भ्राम्यति ।।६८।।

શ્લોકાર્થ :-

ઇત્યેવં=ઉક્ત રીતિથી=અત્યાર સુધી વર્ણન કરાયેલા પૂર્વ શ્લોકોમાં કહેવાયેલી પદ્ધતિથી, નિર્દોષ એવા સૂત્રવૃંદથી વિદિત અને નિર્યુક્તિભાષ્યાદિ વડે સદ્ન્યાયથી=સદ્યુક્તિઓથી સમર્થિત એવી ભગવાનની મૂર્તિ શિષ્ટ પુરુષોને પ્રમાણ છે. વળી દુષ્ટ બુદ્ધિવાળાઓની અંધપરંપરાના આશ્રયથી હણાયેલી એવી યુક્તિ અત્યંત ઘટો નહિ. ભગવાનની મૂર્તિનાં દર્શન વગર વંચિત એવી દૃષ્ટિ પણ શૂન્યની જેમ ભમતી નથી શું ? અર્થાત્ ભમે છે. ॥૬૮॥

ટીકા :-

'इत्येवं' :- इति उक्तरीत्या, शुचिना=निर्दोषेण, सूत्रवृन्देन विदिता निर्युक्तिभाष्यादिभिः, आदिना चूर्णिवृत्तिसर्वोत्तमप्रकरणपरिग्रहः सद्न्यायेन=सद्युक्त्या, च समर्थिता=निष्कलङ्कनिश्चयविषयीकृता, भगवन्मूर्तिः सतां=शिष्टानां, प्रमाणमाराध्यत्वादिना, युक्तिस्तु दुर्धियां=दुष्टबुद्धीनाम्, अन्धपरंपराश्रयणीयेत्यभ्युपगमरूपा, तया हता सती मा जाघटीत्=मा सुतरां घटिष्ठ, युक्तिनिरासपरंपरायां युक्तिग्रहणस्यानुपपन्नत्वात्, एतद्दर्शनेन=भगवन्मूर्तिदर्शनेन, वञ्चिता दृगपि=दृष्टिरपि, किं शून्येव न भ्राम्यति ? अपि तु भ्राम्यत्येव ।

ટીકાર્થ :-

'इत्येवं' ..... भ्राम्यत्येव । इत्येवं=ઉક્ત રીતિથી=અત્યાર સુધી વર્ણન કરાયેલા પૂર્વ શ્લોકોમાં કહેવાયેલ પદ્ધતિથી, શુચિ=નિર્દોષ એવા સૂત્રવૃંદથી=સૂત્રના સમુદાયથી, વિદિત, અને નિર્યુક્તિભાષ્યાદિ વડે અને 'આદિ' શબ્દથી ચૂર્ણિ-વૃત્તિ સર્વ ઉત્તમ પ્રકરણો વડે સદ્ન્યાયથી=સદ્યુક્તિથી, સમર્થિત=નિષ્કલંક નિશ્ચયના વિષયભૂત કરાયેલી, ભગવાનની મૂર્તિ, શિષ્ટ પુરુષોને આરાધ્યપણારૂપે પ્રમાણ છે. વળી અંધપરંપરા વડે આશ્રયણીય છે એવા સ્વીકારરૂપ દુષ્ટ બુદ્ધિવાળાઓની યુક્તિ, તેના વડે=અંધપરંપરાના આશ્રય વડે, હણાયે છતે જાગૃત ન થાઓ=સુતરાં ન ઘટો; કેમ કે યુક્તિનિરાસની પરંપરામાં યુક્તિગ્રહણનું અનુપપન્નપણું છે=યુક્તિ ગ્રહણ થઈ શકે નહિ. (અને) ભગવાનની મૂર્તિનાં દર્શનથી વંચિત એવી દૃષ્ટિ પણ શું શૂન્યની જેમ ભમતી નથી ? પરંતુ ભમે જ છે.

ભાવાર્થ :-

પ્રતિમાશતક ગ્રંથરત્નના શ્લોક-૧થી માંડીને અત્યાર સુધી સ્થાનકવાસી મતનું ગ્રંથકારશ્રી શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ નિરાકરણ કર્યું. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે –

પૂર્વ શ્લોકોમાં વર્ણન કર્યું એ રીતિથી નિર્દોષ આગમવચનથી પ્રતિમા પૂજનીય છે એ જણાય છે. એટલું જ નહિ પણ આગમ ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે છે, એ બધા વડે પણ સદ્યુક્તિઓથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે, એમ સમર્થન કરાયું છે. તેથી ભગવાનના આગમને પ્રમાણ માનનારા એવા શિષ્ટોને મૂર્તિ આરાધ્યપણારૂપે પ્રમાણ છે.

વળી, સ્થાનકવાસી કહે છે કે, "આગમોના અર્થો આપણી પરંપરામાં જે રીતે કરવામાં આવે છે તે રીતે જ તેને સ્વીકારવા જોઈએ, પરંતુ તેમાં યુક્તિઓ જોડીને મૂર્તિ પૂજનીય છે કે નહિ તેવા વિકલ્પો કરવા જોઈએ નહિ." આ રીતે દુષ્ટ બુદ્ધિવાળા એવા તેઓ, પોતાની પરંપરામાં વર્તતા આગમના અર્થોને જોવામાં અંધ જેવી એવી પોતાના પૂર્વજોની પરંપરાને આશ્રયણીય સ્વીકારવારૂપ યુક્તિ સ્થાપન કરે છે, પરંતુ તેમની યુક્તિઓ તેમના વચનથી જ હણાય છે; કેમ કે "યુક્તિથી શાસ્ત્રના અર્થો વિચારવા નહિ, પરંતુ આપણા પૂર્વજોનાં વચનોને સ્વીકારવાં જોઈએ," એમ કહીને યુક્તિના નિરાસની પરંપરા પોતે સ્થાપન કરે છે. અને તેઓ યુક્તિ આપે છે કે, આગમમાં 'ચૈત્ય' શબ્દ જ્ઞાનાર્થક છે ઇત્યાદિ અર્થો કરીને, આગમવચનના અર્થો મૂર્તિને પૂજનીય સ્વીકારી શકતા નથી, તેમ બતાવવા યત્ન કરે છે. તેથી લુંપાકો યુક્તિથી વિચારવાનો નિષેધ કરતા હોવાથી અને પોતાના પૂર્વજોની અંધપરંપરાને આશ્રયણીય માનતા હોવાથી, તેમની બતાવેલી યુક્તિઓ શિષ્ટ પુરુષોને પ્રમાણભૂત બને નહિ.

વળી, લુંપાકો ભગવાનની મૂર્તિનાં દર્શનથી વંચિત હોવાને કારણે તેમની દૃષ્ટિ પણ શૂન્યની જેમ જ ભમે છે, પરંતુ તેઓ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને જાણી શકતા નથી. તેથી જ ભગવાને બતાવેલાં શાસ્ત્રોના પરમાર્થને જોવા તેઓ સમર્થ નથી.

પૂર્વે કહ્યું કે, ભગવાનની મૂર્તિનાં દર્શનથી વંચિત=ઠગાયેલી, એવી લુંપાકોની દૃષ્ટિ પણ શૂન્યની જેમ ભમે છે. તેની પુષ્ટિ માટે ભગવાનની પૂજા કરનાર જીવો કેવા ભાગ્યશાળી છે અને ભગવાનની પૂજા નહિ કરનાર જીવો કેવા ભાગ્યહીન છે, તે બતાવવા માટે કહે છે –

ટીકા :-

तिलकयुतललाटभ्राजमानाः स्वभाग्याङ्कुरमिव समुदीतं दर्शयन्ते जनानाम् ।
स्फुरदगुरूसुमालीसौरभोद्गारसाराः कृतजिनवरपूजा देवरूपा महेभ्याः ।।१।।

ટીકાર્થ :-

तिलक ..... महेभ्याः ।। તિલકથી યુક્ત લલાટથી શોભતા, સ્ફુરાયમાન થતા એવા અગુરુધૂપ અને સારી માળાઓના સૌરભના ઉદ્ગારોથી શ્રેષ્ઠ એવા, અને કરેલી છે જિનવરની પૂજા જેમણે એવા, દેવ જેવા મોટા શ્રેષ્ઠીઓ લોકોને સમુદિત=સારી રીતે ઉદય પામેલા, પોતાના ભાગ્યના અંકુરને જાણે બતાવે છે. ।।૧।।

ભાવાર્થ :-

પુણ્યશાળી શ્રાવકો જ્યારે ભગવાનની પૂજા કરવા જાય છે, ત્યારે પોતાના લલાટે તિલક કરે છે અને ભગવાનની પૂજા માટે અગુરુ ધૂપ અને પુષ્પોથી ભરેલા થાળાને લઈને જાય છે. ત્યાં જ્યારે ભગવાનની પૂજા કરે છે ત્યારે તેમાંથી ઉત્તમ પ્રકારના સુગંધી ઉદ્ગારો નીકળતા હોય છે. એ રીતે કરાયેલી જિનપૂજાવાળા એવા તેઓને જોઈને બીજા જીવોને એમ લાગે છે કે, આ લોકોના ભાગ્યનો અંકુરો જ જાણે ઊગ્યો નથી !

કેમ કે પૂર્વના પુણ્યથી ઉત્તમ સંપત્તિ તેમને મળી છે, તેનો ભગવાનની ભક્તિમાં સદ્વ્યય કરીને પુણ્યાનુબંધીપુણ્યની પરંપરાનું તેઓ સર્જન કરે છે.

ટીકા :-

आनन्दमान्तरमुदाहरन्ती रोमाञ्चिते वपुषि सस्पृहमुल्लसन्ती ।
पुंसां प्रकाशयति पुण्यरमासमाधिसौभाग्यमर्चनकृतां निभृता दृगेव ।।२।।

ટીકાર્થ :-

आनन्द..... दृगेव ।। અર્ચન=પૂજા, કરનાર એવા પુરુષનું રોમાંચિત શરીર હોતે છતે, અંતરના આનંદને બતાવતી અને સ્પૃહા સહિત ઉલ્લાસ પામતી એવી નિભૃત દૃષ્ટિ જ=ભક્તિથી ભરાયેલી દૃષ્ટિ જ, (પૂજા કરનાર એવા) પુરુષની પુણ્યરમા=પુણ્યરૂપી લક્ષ્મીને, સમાધિને અને સૌભાગ્યને પ્રકાશિત કરે છે. ।।૨।।

ભાવાર્થ :-

જે પુરુષો ભગવાનની પૂજા કરી રહ્યા છે, અને ભગવાન સંસારસાગરથી તારનારા છે તેથી તેમનાં દર્શનમાત્રથી જેઓનું શરીર રોમાંચિત થયું છે, એવા શ્રાવકોની ભક્તિથી ભરાયેલી દૃષ્ટિ તેમના અંતરમાં વર્તતા આનંદને બતાવે છે=પોતાના મનુષ્યજન્મની આ જ સફળતા છે, એવા પ્રકારની બુદ્ધિ હોવાને કારણે તેમના હૈયામાં કષાયોનો ઉપશમ થયો છે, તેનાથી ઉત્પન્ન થયેલા આંતરિક આનંદને બતાવે છે.

વળી તેમની દૃષ્ટિ સસ્પૃહ ઉલ્લાસ પામે છે=ભગવાનની ભક્તિ કરીને સંસારસાગરને તરવાની જે સ્પૃહા છે, તેનાથી સહિત એવી દૃષ્ટિ ઉલ્લાસ પામે છે અને આવી તેઓની દૃષ્ટિ જ પૂજા કરનાર પુરુષની પુણ્યરૂપી લક્ષ્મીને, સમાધિને અને સૌભાગ્યને બતાવે છે અર્થાત્ ભૂતકાળમાં કરેલા પુણ્યને કારણે તેમને આ લક્ષ્મી મળી છે તે બતાવે છે, તેમના ચિત્તમાં કષાયોના ઉપશમને કારણે સમાધિ વર્તી રહી છે તે બતાવે છે, અને ભગવાનની ભક્તિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે બતાવે છે.

ટીકા :-

स्पृशति तिलकशून्यं नैव लक्ष्मीर्ललाटं मृतसुकृतमिव श्रीः शौचसंस्कारहीनम् ।
अकलितभजनानां वल्कलान्येव वस्त्राण्यपि च शिरसि शुक्लं छत्रमप्युग्रभारः ।।३।।

ટીકાર્થ :-

स्पृशति ..... छत्रमप्युग्रभारः ।। જાણે મરી ગયેલું સુકૃત ન હોય એવા તિલકથી રહિત લલાટને લક્ષ્મી સ્પર્શતી જ નથી, અને શૌચસંસ્કારથી રહિત=સ્નાનથી રહિત એવા શરીરને શ્રી=શોભા સ્પર્શતી નથી અને અકલિત ભજનવાળાઓને=ભગવાનનું ભજન નહિ કરનારને, વસ્ત્રો પણ વલ્કલ જ છે અને મસ્તક ઉપર શુક્લ=સફેદ, છત્ર પણ ઉગ્ર ભાર છે. ।।૩।।

ભાવાર્થ :-

જેઓ ભગવાનની મૂર્તિને પૂજનીય માનતા નથી, તેઓ ભગવાનની પૂજા માટે પોતાના લલાટ ઉપર તિલક કરતા નથી, માટે તેઓનું લલાટ તિલકથી શૂન્ય છે. તે જ બતાવે છે કે, જાણે મરેલા સુકૃત જેવું તેઓનું લલાટ છે, નહિતર ભગવાનની પૂજા માટે તિલકથી શૂન્ય લલાટ રહી શકે નહિ. અને જેમનું સુકૃત નાશ પામી ગયું હોય તેમના લલાટને લક્ષ્મી ક્યારેય સ્પર્શતી નથી અર્થાત્ વર્તમાનમાં કદાચ સંપત્તિવાળા હોય તોપણ તેમની લક્ષ્મી તુચ્છ છે; કેમ કે સન્માર્ગમાં ઉપયોગી થાય તેવી નથી, માટે કલ્યાણની પરંપરા કરે તેવી ઉત્તમ લક્ષ્મી તેઓની નથી.

વળી, ભગવાનની પૂજા અર્થે શરીરનો શૌચસંસ્કાર કરવામાં આવે છે. પરંતુ જેઓ મૂર્તિને માનતા નથી તેમનું શરીર સ્નાન નહિ કરેલું હોવાથી શૌચસંસ્કારથી હીન છે, માટે તેઓને શ્રી=શોભા, સ્પર્શતી નથી. તેઓ સ્વચ્છતાના અર્થે શરીરનો જે શૌચસંસ્કાર કરે છે, તે તેમની શોભાને બતાવતું નથી, પરંતુ તેઓની હિંસાદિ આરંભરૂપ પાપપ્રવૃત્તિને બતાવે છે.

વળી, મૂર્તિને નહિ માનનારા જેઓ ભગવાનનું ભજન કરતા નથી, તેમનાં વસ્ત્રો વલ્કલ=ઝાડની છાલ જેવાં છે. તેઓ જે વસ્ત્ર ધારણ કરે છે તે તેમની શોભાની વૃદ્ધિને કરનાર નથી, પરંતુ મનુષ્યભવને પામીને તેની શોભાને હીન કરનારાં છે.

વળી, પુણ્યના ઉદયથી તેમના મસ્તકે શુક્લ છત્ર વર્તતું હોય તોપણ તે ઉગ્ર ભારરૂપ છે; કેમ કે ભગવાનની ભક્તિ વગરના જીવોનું જે પુણ્ય છે, તેનાથી પ્રાપ્ત થયેલું મસ્તક ઉપર શોભતું શુક્લ છત્ર પણ તેમના આત્માને સંસારસમુદ્રમાં ડુબાડવાનું સાધન છે.

ટીકા :-

अकृतार्हत्पूजस्य तस्करस्येव लोचने ।
शौचनेनैव संस्पृष्टे गुप्तपातकशङ्कितते ।।४।।६८।।

ટીકાર્થ :-

अकृता ..... शङ्कितते ।। અરિહંતની પૂજા જેમણે કરી નથી એવા જીવનાં, ગુપ્ત પાતકથી શંકિત એવાં બે લોચનો, ચોરની જેમ શોચન વડે જ=ચિંતા-શોક વડે જ, સ્પર્શાયેલાં છે. ।।૪।।

ભાવાર્થ :-

ચોર ગુપ્ત પાપ કરીને જીવતો હોય છે, તેથી તેનાં ચક્ષુ હંમેશાં શંકાવાળાં હોય છે કે "મને કોઈ જાણી જશે," માટે તેઓની ચક્ષુમાં હંમેશાં પકડાવાની ચિંતા દેખાતી હોય છે. તે રીતે જે જીવો ભગવાનની પૂજા કરતા નથી અને ભગવાનની પ્રતિમાનો અપલાપ કરે છે, તેમના લોચનમાં ભગવાનની પ્રતિમાના અપલાપથી કરાયેલા ગુપ્ત પાપની શંકા દેખાય છે, તેથી તેઓનાં લોચનો શોકથી-ચિંતાથી સ્પર્શાયેલાં હોય છે; કેમ કે પોતે ભગવાનની પ્રતિમાનો અપલાપ કરે છે, પરંતુ શાસ્ત્રની યુક્તિથી વિચારતાં પ્રતિમા સંગત થાય છે,

તેથી પોતે કોઈ યુક્તિવાદી પાસે પકડાઈ જશે, એ પ્રકારની ચિંતાથી તેમનાં લોચન સ્પર્શાયેલાં છે; કેમ કે જેમને અભિનિવેશ છે, તેઓ મૂર્તિને સ્વીકારતા નથી, પરંતુ શાસ્ત્રની પંક્તિ જોતાં તેમને સતત ભય રહ્યા કરે છે, કે પોતે ક્યાંક યુક્તિથી પકડાઈ જશે, માટે ચોરના જેવાં શંકિત તેમનાં બે લોચનો છે. આ કથન સ્વમતમાં અત્યંત નિવિષ્ટ=બદ્ધાગ્રહવાળા અને શાસ્ત્રના પરિચિત સ્થાનકવાસીને સામે રાખીને કરેલ છે. ॥૬૮॥

શ્લોક :-

प्राप्या नूनमुपक्रिया प्रतिमया नो कापि पूजाकृताम् ।
चैतन्येन विहीनया तत इयं व्यर्थेति मिथ्या मतिः ।
पूजाभावात एव देवमणिवत् सा पूजिता शर्मदे-
त्येतत्तन्मतगर्वपर्वतभिदावज्रं बुधानां वचः ।।६९।।

શ્લોકાર્થ :-

"ખરેખર ચૈતન્યથી વિહીન=રહિત, એવી પ્રતિમાથી પૂજા કરનારને કોઈ પણ ઉપક્રિયા=ઉપકાર, પ્રાપ્ય નથી=પ્રાપ્ત થતો નથી. તેથી આ=પ્રતિમા, વ્યર્થ છે," એ પ્રકારની મતિ=બુદ્ધિ, મિથ્યા છે. પૂજાના ભાવથી જ દેવમણિની જેમ=દેવાધિષ્ઠિત ચિંતામણિની જેમ, પૂજાયેલી એવી તે=પ્રતિમા, શર્મને=સુખને, આપનારી છે. આ પ્રકારનું બુધોનું આ વચન તેમના મતના ગર્વરૂપી પર્વતને ભેદવા માટે વજસમાન છે. ॥૬૯॥

❖ પ્રસ્તુત શ્લોકમાં 'इति एतत् वचः' કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, આ પ્રકારનું આ=પ્રત્યક્ષ એવું બુધોનું વચન તેમના મતના ગર્વને ભેદવા માટે વજ જેવું છે.

ટીકા :-

'प्राप्या नूनमुपक्रिया' इत्यादि वृत्तमवगतार्थम् ।

ટીકાર્થ :-

'प्राप्या नूनमुपक्रिया' ..... अवगतार्थम् । એ પ્રસ્તુત શ્લોકનો અર્થ અવગત=જાણી શકાય તેવો છે.

પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે, લુંપાકો પ્રતિમાને વ્યર્થ કહે છે, તે તેમનો મત મિથ્યા છે, અને બુધોનું વચન તેમના મતનું નિરાકરણ કરનાર છે. એ બંને કથનની પુષ્ટિ કરવા માટે 'एवं'થી બે શ્લોકો ગ્રંથકારશ્રી કહે છે –

ટીકા :-

एवं युक्त्या शम्भोर्भक्त्या सूत्रव्यक्त्या लुम्पाकाः,
चित्तोद्रिक्ता मायासिक्ताः क्लृप्ता रिक्ताः किम्पाकाः ।

एतत्पुण्यं शिष्टैर्गुण्यम्, निर्वैगुण्यं सद्बोधैः;
तत्त्वं बोध्यं नीत्या शोध्यं नैवायोध्यं निष्क्रोधैः ।।१।।

ટીકાર્થ :-

एवं ..... निष्क्रोधैः ।। ચિત્તથી ઉદ્રિક્ત=ઉદ્રેક પામેલા, માયાથી સિક્ત=સિંચાયેલા અને ક્લૃપ્ત= પ્રગટ, કિંપાક ફળ જેવા લુંપાકો, આ રીતે=અત્યાર સુધી ગ્રંથમાં બતાવ્યું એ રીતે, યુક્તિથી, શંભુની ભક્તિથી અને સૂત્રની વ્યક્તિથી રિક્ત છે=ખાલી છે. ગુણ્ય=ગુણકારી, નિર્વૈગુણ્ય=દોષ વગરનું એવું પુણ્યરૂપ આ તત્ત્વ, સદ્બોધવાળા, નિષ્ક્રોધી એવા શિષ્ટપુરુષો વડે બોધ્ય છે, નીતિથી શોધ્ય=પરિશુદ્ધ કરવા યોગ્ય છે, પરંતુ આયોધ્ય નથી=વિવાદ કરવા યોગ્ય નથી. ।।૧।।

ભાવાર્થ :-

લુંપાકો ભગવાનની પ્રતિમાને માનતા નથી, તે તેઓની અનુચિત પ્રવૃત્તિ છે, તેમ બતાવે છે –

(૧) લુંપાકો યુક્તિથી રિક્ત છે અર્થાત્ નિમિત્તવાસી જીવને જડ જેવાં ચિત્રો પણ રાગાદિ પેદા કરાવી શકે છે, તેમ પ્રતિમા પણ વિરાગભાવની ઉપસ્થિતિ કરાવીને ચિત્તને પવિત્ર કરી શકે છે, આમ છતાં તેઓ પ્રતિમાનો લોપ કરવા જે યુક્તિઓ આપે છે તે રિક્ત=ખાલી છે, યુક્તિયુક્ત નથી.

(૨) વળી તેઓ શંભુની ભક્તિથી=ભગવાનની ભક્તિથી રિક્ત=ખાલી છે; કેમ કે જો તેમને ભગવાનની ભક્તિ હોય તો ભગવાનની મૂર્તિ પ્રત્યે તેમને પૂજ્યબુદ્ધિ થયા વગર રહે નહિ. વ્યવહારમાં પણ જેને જેના પ્રત્યે ભક્તિ હોય છે, તેને તેના ચિત્રાદિ પ્રત્યે પણ ભક્તિ થાય છે.

(૩) વળી લુંપાકો સૂત્રની વ્યક્તિથી રિક્ત=ખાલી છે; કેમ કે આગમરૂપ સૂત્રની વ્યક્તિથી પ્રતિમાની સિદ્ધિ થાય છે=આગમના સૂત્રથી પ્રતિમાની સિદ્ધિ થાય છે. તેથી લુંપાકોના મતને પુષ્ટ કરે એવી સૂત્રની વ્યક્તિ નથી=એવાં સૂત્રો નથી, તેથી સૂત્રની વ્યક્તિથી તેઓ રિક્ત છે.

(૪) વળી તેઓ ચિત્તથી ઉદ્રિક્ત છે; કેમ કે તેઓ તત્ત્વને જોઈ શકતા નથી, માટે તેમનું ચિત્ત ઉદ્રેકવાળું છે.

(૫) વળી તેઓ માયાથી સિક્ત=સિંચાયેલા છે, તેથી જ શાસ્ત્રના પદાર્થોને જોવામાં તેઓ છલ કરે છે.

(૬) વળી ક્લૃપ્ત=પ્રગટ કિંપાક ફળ જેવા છે; કેમ કે ભગવાનની મૂર્તિનો નિષેધ કરીને કિંપાક ફળની જેમ તેઓ બધાને પ્રગટ અનર્થ કરે છે.

આટલું શ્લોકમાં કહ્યા પછી હવે પ્રતિમા પૂજનીય છે, એ રૂપ તત્ત્વ કેવું છે, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

(૧) પ્રતિમા પૂજનીય છે, એ રૂપ તત્ત્વ છે તે પુણ્યરૂપ છે અર્થાત્ પુણ્યબંધનું કારણ છે.

(૨) ગુણ્ય=ગુણકારી છે.

(૩) નિર્વૈગુણ્ય=દોષ વગરનું છે. હિંસાદિ કોઈ દોષો તેમાં નથી.

(૪) સદ્બોધવાળા એવા શિષ્ટ પુરુષો વડે બોધ્ય=યોગ્ય જીવોને જણાવવા યોગ્ય છે.

(૫) નીતિથી શોધ્ય=શિષ્ટ પુરુષોએ જે આ તત્ત્વનું નિરૂપણ કર્યું છે, તેમાં અનાભોગાદિથી કોઈ સ્ખલના રહી ગઈ હોય તો નીતિથી શોધ્ય છે.

(૬) ક્રોધ વગરના એવા શિષ્ટ પુરુષો વડે આયોધ્ય નથી=તેનો વિવાદ કરવા યોગ્ય નથી.

ટીકા :-

आत्मारामे शुक्लाश्यामे हृद्विश्रामे विश्रान्ताः-
स्त्रुट्यद्बन्धाः श्रेयःसन्धाश्चित्संबन्धादभ्रान्ताः ।
अर्हद्भक्ताः युक्तौ रक्ता विद्यासक्ता येऽधीताः;
निष्ठा तेषामुच्चैरेषा तर्कोल्लेखा निर्णीता ।।२।।।।६९।।
सर्वमपि लुम्पकमतं निराकृतम् ।।

ટીકાર્થ :-

આત્મારામ, શુક્લ અને અશ્યામ એવા હૃદયરૂપ વિશ્રામમાં વિશ્રાંત થયેલા, તૂટતા બંધવાળા=તૂટતા કર્મરૂપી બંધવાળા, શ્રેયઃ=કલ્યાણના, સંધાનવાળા=જોડાણવાળા, ચિતના=ચેતનાના=સમ્યગ્જ્ઞાનના સંબંધથી અભ્રાન્ત=ભ્રાંતિ વગરના, યુક્તિમાં રક્ત, વિદ્યામાં આસક્ત, ભણેલા=શાસ્ત્રોને ભણેલા, નિષ્ઠાવાળા=શાસ્ત્રમાં કહેલાં અનુષ્ઠાન કરવામાં નિષ્ઠાવાળા, એવા જે અરિહંતના ભક્તો છે, તેઓને તર્કથી ઉલ્લેખવાળી આ=જિનપ્રતિમા, અત્યંત નિર્ણીત છે અર્થાત્ પૂજનીયરૂપે અત્યંત નિર્ણીત છે. ।।૨।।

ભાવાર્થ :-

અરિહંતના ભક્તો કેવા છે, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

(૧) અરિહંતના ભક્તો હંમેશાં આત્મભાવમાં રહેનારા છે, માટે આત્મભાવસ્વરૂપ હૃદયરૂપ બગીચામાં વિશ્રાંતિ કરનારા છે; કેમ કે ભગવાનની પૂજા કરીને હંમેશાં આત્મભાવમાં રહે છે.

વળી તે હૃદયરૂપી બગીચો કેવો છે, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

તે હૃદયરૂપી બગીચો શુક્લ છે=શુભ પરિણતિવાળો છે.

તે હૃદયરૂપી બગીચો અશ્યામ છે=મલિનતા રહિત છે.

(૨) વળી તે અરિહંતના ભક્તો ભગવાનની ભક્તિ કરીને હૃદયરૂપી બગીચામાં વિશ્રાંતિ કરનારા હોવાના કારણે, તેમના કર્મબંધ તૂટી રહ્યા છે તેવા છે.

(૩) વળી તે અરિહંતના ભક્તો શ્રેયઃ=મોક્ષ અને પુણ્યાનુબંધીપુણ્ય સાથે સંધાન કરનારા છે.

(૪) વળી તે અરિહંતના ભક્તો સમ્યગ્જ્ઞાનના સંબંધને કારણે તત્ત્વ જોવામાં અભ્રાંત છે.

(૫) વળી તે અરિહંતના ભક્તો સૈદ્ધાંતિક પદાર્થોને જાણવા માટે યત્ન કરે છે ત્યારે યુક્તિમાં રક્ત છે, માટે જિનપ્રતિમાને તેઓ યુક્તિપૂર્વક સ્વીકારે છે.

(૬) વળી તે અરિહંતના ભક્તો વિદ્યામાં આસક્ત છે.

(૭) વળી તે અરિહંતના ભક્તો તત્ત્વમાં રુચિવાળા હોવાને કારણે શાસ્ત્રો ભણેલા છે.

(૮) વળી તે અરિહંતના ભક્તો શાસ્ત્રોમાં કહેલ અનુષ્ઠાનાદિને આચરવામાં નિષ્ઠાવાળા છે.

આવા પ્રકારના અરિહંતના ભક્તોને જિનપ્રતિમા અત્યંત નિર્ણીત છે.

વળી તે જિનપ્રતિમા કેવી છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે -

તે જિનપ્રતિમા તર્કના ઉલ્લેખવાળી=તર્ક દ્વારા જિનપ્રતિમા પૂજનીય છે, એ પ્રકારે જણાય તેવી છે. ॥૬૯॥

સર્વ પણ લુંપકમતનું=પ્રતિમાલોપકના મતનું નિરાકરણ કરાયું.

।। प्रतिमाशतकग्रन्थरत्ने शब्दशः विवेचनस्य तृतीयविभागो समाप्तः ।।

અનુસંધાન : પ્રતિમાશતક ભાગ-૪

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી,
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી.

જિનપ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ,
કવિ જસવિજય કહે તે ગિરુઆ, કીજે તાસ વખાણ.

- શ્રી યશોવિજયજી ઉપા.

જેહને પ્રતિમાશું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ,
જેહને પ્રતિમાશું નહીં પ્રીત, તે તો પામે નહિ સમકિત.

જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર,
જેહને પ્રતિમા નહીં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય.

નામ થાપના દ્રવ્યને ભાવ, પ્રભુને પૂજો સહી પ્રસ્તાવ,
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ.

પૂજા છે મુક્તિનો પંથ, નિત નિત ભાખે ઈમ ભગવંત,
સહિ એક નર કવિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર.

- શ્રી ઉદયરત્નજી ઉપા.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in